શ્રી શત્રુંજય-કલ્પવૃત્તિ

ભાષાંતર ભાગ-૨ અને પૂર્તિ



શ્રી આદીશ્વર દાદાનું દેરાસર (પાલીતાણા)

સૌજન્ય :- સ્વ. ચીલાલ જેઠાલાલ સલોત - મુંબઈ

મારા-પૂજ્ય-સ્વર્ગસ્થ-ગુરુદેવોને-વંદન

પ.પૂ.સ્વ.આ.મ. શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મ. (આગમોદ્ધારક)	પ.પૂ.સ્વ.ગ.આ મ.શ્રી માણિક્ય સાગરસૂરિજી મહારાજ.	પ.પૂ.સ્વ.આ.મ. શ્રી ચંદ્રસાગર-સૂરિજી મહારાજ	પ.પૂ.સ્વ.ગ. આ.મહારાજ શ્રી હેમસાગર સૂરિજી .મ.	પ.પૂ.સ્વ.ગ.આ મહારાજ શ્રી દેવેન્દ્રસાગર સૂરિજી.મ.

શ્રી શુભશીલગણિ રચિત-

શ્રી શત્રુંજય કલ્પ-પ્રતિ-ભાષાંતર

મૂળ પ્રેરક :-
સૂરિસમ્રાટ્ના સમુદાયના પૂ.આ.મ.શ્રી વિજયનેમિ-વિજ્ઞાન-કસ્તૂર-ચંદ્રોદયસૂરિશિષ્ય સ્વ.પૂ.પં.શ્રી પ્રમોદચંદ્ર વિજયજી ગણિવર.

ભાષાંતરકાર:-
સ્વ.ગચ્છા.પ.પૂજ્ય.આ.મ.શ્રી હેમસાગર સૂરિશિષ્ય-મુનિ શ્રી મહાભદ્ર સાગરજી મહારાજ.

સહ સંપાદક:-
શ્રાદ્ધવર્ય શિક્ષક શ્રી કપૂરચંદભાઇ.આર.વારૈયા.

સપૂર્ણસહાયક:-
સ્વ.ગચ્છા.પૂ.આ.મ.શ્રી હેમસાગર સૂરિશિષ્ય પર્યાય-સ્થવિર-પૂ.મુનિશ્રી અમરેન્દ્ર સાગરજી મહારાજશ્રી.

પ્રકાશક: શ્રી શ્રમણ-સ્થવિરાલય-આરાધના-ટ્રસ્ટ.
વીર સંવત: ૨૫૧૭ * વિક્રમ સંવત: ૨૦૪૭.

મૂલ્ય - અમૂલ્ય-પઠન-પાઠન-વ્યાખ્યાન-ને સ્વાધ્યાય



પ્રકાશક પ્રાપ્ત :
શ્રી શ્રમણ સ્થવિરાલય
આરાધના ટ્રસ્ટ
C/o દિનેશભાઈ બાબુભાઈ શાહ
૧/૩૩૬૯, નેમુભાઈની વાડી પાછળ,
ગોપીપુરા - સુરત
પી. નં. - ૩૯૫૦૦૧

પૃચ્છા સ્થલ :
મુનિશ્રી અમરેન્દ્ર સાગરજી
મુનિશ્રી મહાભદ્ર સાગરજી
C/o શ્રી શ્રમણ સ્થવિરાલય
આરાધન ભવન જૈન ઉપાશ્રય
ગિરિરાજ - સોસાયટી
પ્લોટ નં. ૨૫
તલેટી રોડ - પાલીતાણા
પી. નં. - ૩૬૪૨૭૦

પ્રથમાવૃતિ
શ્રી શત્રુંજય કલ્પવૃતિ
ભાષાંતર ભાગ -૧-૨
નકલ - ૨૦૦૦/

મુદ્રક :
શ્રી વિજય શાહ
એ-૧૨૬, સુશીલા એપાર્ટમેન્ટ,
વઝીરાનાકા, એલ. ટી. રોડ,
બોરવલી (વેસ્ટ),
મુંબઈ ૪૦૦ ૦૯૨.
ફોન. (ઘર) : ૬૦૫૨૧૩૮
૪૯૪ ૩૫૬૫

સુકૃતના સહાયકો :
અનેક ગામના સંઘો,
ટ્રસ્ટો અને જ્ઞાન પિપાસુ
ભાવિક પુણ્યાત્મા ભાઈ બહેનો.
ચિત્રકાર : પ્રેમચંદ એ. મેવાડા
૧૮, ઊમિયાનગર સોસાયટી
નગર પંચાયત પાછળ, પંથાપુર
(તા. જિ. ગાંધીનગર - પાટનગર)

શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ ભાષાંતર-પૂર્તિમાં આવતાં વિષયોની નોંધ

ભાગ – બીજો

વિષય નું નામ	પૃષ્ઠ
વિક્રમ રાજાએ કરાવેલા શ્રી શત્રુંજયના ઉદ્ધારનું સ્વરૂપ	૪૭૬
આમ્રભટ મંત્રીની કથા	૪૭૮
બાહડ પટકૂલ બનાવનારાઓને પાટણમાં લાવે છે તે સંબંધ	૪૮૨
સાત વાહન રાજાના ઉદ્ધારની કથા	૪૮૬
શ્રી પાદલિપ્ત સૂરિએ કરાવેલા ઉદ્ધારની કથા	૪૯૦
શ્રી આમ રાજાનો સંબંધ	૪૯૮
શિલાદિત્ય રાજા અને ધનેશ્વરસૂરિનો સંબંધ	૫૩૦
શ્રી કાલિકાચાર્યનો સંબંધ	૫૩૪
જાવડશાનો પ્રબંધ	૫૩૬
શિલાદિત્ય રાજાનો સંબંધ	૫૫૬
લલિતા સરોવર અને અનુપમા સરોવરનો સંબંધ	૫૫૬
શ્રી મરુદેવીભવન અને શાંતિનાથના ભવનનો અધિકાર	૫૬૧
વુચ્છિન્ન ગાથાવાળો પાંચમા આરાના છેડે શત્રુંજયતીર્થ સાત હાથ ઋષભકૂટ રૂપે રહેશે તેનો અધિકાર	૫૬૩
તિર્યંચોના પણ મુક્તિગમનમાં નિષ્પુણ્યકની કથા	૫૬૫
શ્રી શત્રુંજયના વ્યાખ્યાનમાં ભીમરાજાની કથા	૫૬૯
શ્રી શત્રુંજયનું ધ્યાન કરવા ઉપર સોમ રાજાની કથા	૫૭૧
" સાંભળવાથી " એ પદની વ્યાખ્યા કરાય છે.	૫૭૩
શ્રી શત્રુંજયનું સ્મરણ કરવા ઉપર કથા	૫૭૬
પાણીના ઉપસર્ગનું નિવારણ કરવામાં મીનધ્વજરાજાની કથા	૫૭૭
અગ્નિના ઉપદ્રવને શાંત કરવામાં શ્રીપ્રભ વિદ્યાધરની કથા	૫૮૦
સમુદ્રને પાર કરવામાંથી શ્રી સોમશેઠની કથા	૫૮૨
યુદ્ધભૂમિમાં જય કરવા માટે શ્રી મિત્રસેન રાજાની કથા	૫૮૩
સુખપૂર્વક જંગલ ઉલ્લઘંન કરવામાં ધનશેઠની કથા	૫૮૬

	સિંહના વિષયમાં ક્ષમર્ષિની કથા	૫૮૭
	હાથીના વિષયમાં ચાર મિત્રની કથા	૫૮૯
	સર્પના ભયંકર ઝેરમાં દેવસેનની કથા	૫૯૦
	રોગના ઉપશમમાં કોઢ રોગવાલાની કથા	૫૯૧
શ્રી	ભદ્રબાહુસ્વામીએ રચેલા કલ્પનો સંબંધ	૫૯૨
શ્રી	વજ્રસ્વામીનો સંબંધ	૫૯૯
શ્રી	પાદલિપ્ત સૂરિનો સંબંધ	૬૦૫
શ્રી	શત્રુંજયના સ્મરણમાં ધનરાજાની કથા	૬૦૬
શ્રી	શત્રુંજયનું સ્તોત્ર ભણવામાં દંતચક્ર રાજાની કથા	૬૦૮
શ્રી	શત્રુંજયનું માહાત્મ્ય સાંભળવામાં કૃષ્ણ બ્રાહ્મણની કથા	૬૦૯
શ્રી	શત્રુંજયના સ્મરણમાં પૃથ્વીપાલ રાજાની કથા	૬૧૦
શ્રી	શત્રુંજયની યાત્રામાં સાધુગુણરાજનો સંબંધ	૬૧૨
	પ્રશસ્તિ સમાપ્તિનું સર્વમંગલ	૬૧૪
શ્રી	શત્રુંજય સ્તોત્ર (ગુજરાતી – વિવેચન – સહિત	૬૧૬
	તપાગણાધીશ શ્રી ધર્મઘોષ સૂરિવર રચિત શ્રી શત્રુંજય કલ્પ (મૂલાર્થ–સાથે)	૬૧૮
શ્રી	શત્રુંજય – લઘુકલ્પ – સાર્થ	૬૨૫
શ્રી	સિદ્ધિગિરિરાજ સ્તવ (અનુષ્ટુપ છંદ)	૬૩૧
	પાંચમા આરાના ઉદ્ધારો	૬૪૦
શ્રી	ચંદરાજાનું ચરિત્ર ચંદરાજા – કૂકડો બની પાછો ચંદરાજા બને છે.	૬૪૨
	સમરસિંહ (સમરશા) નો ઉદ્ધાર	૬૮૦
	સોળમા ઉદ્ધારનો ઊજળો ઇતિહાસ (કર્માશાએ કરેલો ઉદ્ધાર)	૬૮૪
	નામ વિભાગ	૭૧૨
શ્રી	શત્રુંજય તીર્થનાં –૨૧– નામો પાડવાનાં કારણો શ્રી શત્રુંજય કલ્પના આધારે	૭૨૨
શ્રી	શત્રુંજયનાં –૨૧– નામો – પાડવાનાં કારણો	૭૨૪
શ્રી	શત્રુંજયનાં –૨૧– નામો – પાડવાનાં કારણો	૭૨૬
શ્રી	શત્રુંજયનાં –૨૧– નામો – પાડવાનાં વિવિધ કારણો	૭૨૮
શ્રી	શત્રુંજયના –૨૧– નામો – પાડવાનાં વિવિધ કારણો	૭૩૦
શ્રી	શત્રુંજયગિરિનાં –૨૧– નામના દુહાઓ	૭૩૨
શ્રી	શત્રુંજયગિરિનાં –૨૧– નામના દુહાઓ	૭૩૫
શ્રી	શત્રુંજય ગિરિરાજનાં –૨૧– ખમાસમણ – અર્થ – સાથે	૭૩૭
શ્રી	શત્રુંજયગિરિનાં –૨૧– નામના દુહાઓ	૭૪૬
શ્રી	શત્રુંજયગિરિરાજનાં –૧૦૮– ખમાસમણના –૧૦૮– દુહાઓ અર્થ સાથે	૭૪૯

શ્રી શત્રુંજયમાં બંધાયેલાં વિવિધ નામોવાળાં – મંદિરો ૭૭૧
શ્રી તીર્થમાલા સ્તવન ૭૭૨
શ્રી શત્રુંજય ઉદ્ધાર રાસ શ્રી સિદ્ધાચલજીનો ઉદ્ધાર ૭૯૨
શ્રી આદિનાથપ્રભુને વિનંતિરૂપ શ્રી શત્રુંજય સ્તવન ૮૦૯
કવિઓ કૃત – શ્રી શત્રુંજયની ઉપમાઓ ૮૧૭
શ્રી શત્રુંજય – ગિરિરાજ ઉપર વર્તમાન ચોવીશીમાં મોક્ષે ગયેલા આત્માઓની ટૂંક નોંધ ૮૨૩
શ્રી શત્રુંજય પર મોક્ષે ગયેલાની નોંધ ૮૨૫
શ્રી તીર્થંકર ભગવંતોની હાજરીમાં (શાસનમાં) મોક્ષે ગયેલા જીવોની ટૂંક નોંધ ૮૨૭
શ્રી શત્રુંજય કલ્પમાં આવતી કથાઓમાંથી શ્રી શત્રુંજયમાં મુક્તિએ ગયેલા જીવોની નોંધ ૮૩૦
શ્રી કુમારપાળ રાજાનો સંબંધ ૮૩૫
શ્રી શત્રુંજય સંબંધ – અન્ય – પ્રચલિત વાર્તાઓ – વીર વિક્રમશી ૮૪૦
પુણ્ય પાપની બારી – ધર્મદ્વાર ૮૪૧
સવા – સોમાની ટૂકનો ઈતિહાસ ૮૪૨
પોતાનું સર્વધન દાનમાં દેનાર ભીમા કુંડલિયાની વાર્તા ૮૪૩
કથા સંબંધ ૮૪૬
મંત્રી વસ્તુપાલનો પાંચ શિલા સંબંધ અધિકાર ૮૪૭
હિંગલાજના હડા માટેની દંતકથા આ છે. ૮૪૮
મોતીશા શેઠની ટૂકની વાર્તા ૮૪૯
અંગારશા પીરની વાર્તા ૮૫૦
પાપોથી છુટકારો ૮૫૧
મૂલનાયક શ્રી આદીશ્વર પ્રભુને આપવાની ત્રણ પ્રદક્ષિણાઓ અને તેમાં આવતાં જિનમંદિરો ૮૫૪
ચોવીશ તીર્થંકર ભગવાનના –૧૪૫૨– ગણધરનાં પગલાની સમજ ૮૫૫
શ્રી આદીશ્વરદાદાની બીજી પ્રદક્ષિણા ૮૫૬
શ્રી આદીશ્વરદાદાની ત્રીજી પ્રદક્ષિણા ૮૫૬
પાંચ ચૈત્યવંદનો ૮૫૮
શ્રી ગિરિરાજની ત્રણ પ્રદક્ષિણાઓ ૮૫૯
શ્રી ગિરિરાજની પાગો–રસ્તાઓ ૮૬૨
શ્રી શત્રુંજય ગિરિરાજની નવ્વાણું યાત્રા કરવાની વિધિ ૮૬૪
શ્રી શત્રુંજય તીર્થમાં પ્રાપ્ત થતાં ફળો ૮૬૫
શ્રી સિદ્ધગિરિમાં તપ કરવાથી મળતું ફળ ૮૬૮
શ્રી શત્રુંજયના થયેલા ઉદ્ધારો ૮૬૯
શ્રી શત્રુંજયના ઉદ્ધારો ૮૭૧

શ્રી શત્રુંજયના થયેલા ઉદ્ધારો શ્રી શત્રુંજય ઉદ્ધારો રાસના આધારે ૮૭૨
શ્રી શત્રુંજય તીર્થમાં દરેક વસ્તુનાં નામો પાડવાનાં વિવિધ કારણો ૮૭૫
નવે ટૂકોની ટૂંક નોંધ ૮૮૦
ખરતર વસહીની રચના ૮૮૦
ચૌમુખજીની ટૂક – સવા સોમાની ટૂક ૮૮૧
છીપાવસીની ટૂક ૮૮૨
હેમાવસહીની ટૂક ૮૮૩
સાકરવસહીની ટૂક ૮૮૪
ઊજમ ફઈની ટૂક ૮૮૪
પ્રેમવસહીની ટૂક ૮૮૪
અદબદ દાદા ૮૮૫
બાલાવસહીની ટૂક ૮૮૬
મોતીશાની ટૂક – મોતીવસહી ૮૮૬
દાદાનો દરબાર ૮૮૮
દાદાના દેરાસરની વિશાલતાને અદભુતતા ૮૯૦
આવશ્યક સૂચનાઓ ૮૯૨
આવશ્યક સૂચનાઓ વિવેચન ને સમજૂતી સાથે ૮૯૩
પાલિતાણામાં પધારી આટલું તો જરુર કરજો ૮૯૬
શ્રી શત્રુંજયની ભક્તિનાં અમીરસ ઝરણાં ૮૯૭
શ્રી તીર્થરાજ શત્રુંજયાદિ તીર્થની પ્રાભાતિક સ્તુતિ ૯૦૦
શ્રી શત્રુંજય માટે શ્રી આગમ સૂત્રોના આધારો ૯૦૧
સારાવલી પ્રકીર્ણકં – સારાવલી પયન્નો ૯૦૬
શ્રી શત્રુંજયનાં સ્તવનો, ચૈત્યવંદનો, પૂજાઓ, સ્તુતિઓ અને થોયોની નોંધ ૯૧૫
શ્રી આદીનાથ પ્રભુ શ્રી શત્રુંજયઉપર નવ્વાણું પૂર્વવાર (વખત) સમવસર્યા તેની સમજ ૯૨૨
નાનકડા દેખાતાં ગિરિરાજ એવા શ્રી શત્રુંજયમાં –૨૦–ક્રોડ મુનિઓ કેવી રીતે સમાયા હશે ? ૯૨૪
શ્રી ગિરિરાજપર ચઢતાં વચમાં આવતી દેરીઓ વિસામા – કુંડો ને પરબો ૯૨૬
મોતીશા શેઠનો જલ – જાત્રાનો – વરઘોડો ૯૨૮
પાલિતાણાનાં ધાર્મિક સ્થળો ૯૩૦
સોહામણા શત્રુંજયના અલૌકિક અભિષેકનો ઓછો ઈતિહાસ ૯૩૩
શ્રી શત્રુંજય શાશ્વતો છે તેનાં કારણો ૯૩૯
નવટૂકનો નવાંગી કોઠો અને ધર્મશાળાની નોંધ ૯૪૨

આનંદ સાથે જ્ઞાન અને તીર્થભક્તિ.

卐	શ્રી	સ	હ	સ્ત	ક	મ	લ	ં	卐
અ	ઢં	ક	કો	ડિ	નિ	વા	સ	લૌ	હિ
ષ્ટો	તા	લ	ધ્વ	જ	ક	દં	બ	ક	ત્ય
ત્ત	ર	શ	ત	કૂ	ટ	ન	ગા	ધિ	રા
સ	શ	વિ	મુ	ક્તિ	નિ	લ	ય	ભ	જ
હ	તા	મ	શ	ત્રું	સિ	દ્ધ	સિ	રૂ	ભ
સ્ત	વ	લ	જ	ય	ક્ષે	ત્ર	દ્ધ	હે	ગી
પ	તં	ગિ	પું	ડ	રી	ક	શે	વ	ર
ત્ર	સિ	રિ	સિ	દ્ધ	રા	જ	ખ	ર	થ
卐	દ્ધ	પ	વં	ત	બા	હુ	બ	લી	卐

આ શ્રી શત્રુંજ્ય કલ્પવૃત્તિમાં જે ૨૧-નામની સ્વતંત્ર કથાઓ આવે છે તે શ્રી શત્રુંજયનાં ૨૧-નામો જરાક આડાં અવળાં થઈ ગયાં છે. તેને શોધીને એક કાગળમાં લખવાનાં છે. તે નામોમાં એક વાર આગળ શ્રી અને પાછળ ગિરિ શબ્દ મૂકેલો છે. તેબધે સમજવું. તેથી મૂળ નામો જ મૂક્યાં છે.

કરો શોધવાની શરૂઆત ને પછી
યાદ રાખી તેનું હરહંમેશ સ્મરણ કરો.

સૌજન્ય : સજ્જનમિત્ર જ્ઞાનચંદ ગાંધી સાયમગઢવાલા તરફથી પ.પૂ. સા. શ્રી મુક્તાશ્રીની પ્રેરણાથી.


श्री सङ्घामन्त्रण पत्रिका

क्षायिकसम्यक्त्व धारकं
स्त्रिखंडाधिपतीन् द्वारिकावनि-भामिनीभालतिलकायमानान्
यादवकुल नभोमणीन् श्रीमतः कृष्णवासुदेवान् परिवारान् प्रति
हस्तिनागपुरात् पंचपाण्डवानां भूरयः प्रणतयोऽवधार्याः
अत्राऽऽजन्मब्रह्मचारिणः श्री नेमिनाथप्रभोः प्रसादेनाऽतीव
मंगलं प्रवर्तते, भवतामपि सपरिवाराणां तथैवाऽस्तु ।
एकाविज्ञप्तिः- श्री नेमिनाथसकाशाच्छ्री -
शत्रुंजयतीर्थयात्रायाः महत्फलं समाकर्ण्यास्मद्बृहद् -
भ्रातुः युधिष्ठिरस्य यात्राकरणमनोरथस्संजातः ।
अस्मिन्नवसरे स्वर्गतपितृदेवविहितप्रेरणया
साहाय्येन च तीर्थाधिराज श्री शत्रुंजयस्य "षड्री"
परिपालनतत्परं श्री संघसमेतं यात्राकरण -
निर्णयांगीकृतः धर्मराजेन ।
तस्मादस्यां मंगलकारिणी
संघयात्रायां भवद्भिरपि त्वरिताऽऽ -
गमनपूर्वकं वयं धर्मकर्मणि
प्रोल्लसितव्यास्तथाभवत्पुरनिवासी
श्री चतुर्विधसंघस्यापि अत्राऽऽगमनार्थं
सप्रणतिर्विज्ञप्तिः कार्येत्याशासमहे ॥

पञ्चपाण्डवस्यप्रणतिः
स्वीकार्या

सौजन्य : स्व. मेनाबहेन स्तीलाल लल्लुभाई शाह (ट्रस्ट) ७ - छीन्दुबहेन अरविंदभाई स्तीलाल शाह. खार गोरेगांव - मुंबई

શ્રી સંઘ આમંત્રણ પત્રિકા



ક્ષાયિક સમ્યક્ત્વને ધારણકરનારા, ત્રાગ ખંડના અધિપતિ, દ્વારિકાની પૃથ્વીરૂપી સ્ત્રીના કપાળના તિલક સરખા, યાદવકુળરૂપી આકાશના સૂર્ય સરખા, પરિવાર સહિત શ્રી કૃષ્ણ વાસુદેવને

હસ્તિનાગપુરથી પાંચ પાંડવોના ધાગા નમસ્કાર વાંચશો, અહીંયાં આબાલ બ્રહ્મચારી શ્રીનેમિનાથ પ્રભુની કૃપાથી અત્યંત મંગલ વર્તે છે, ત્યાં તમો પાગ પરિવાર સહિત કુશળ હો.

એક વિનંતિ:- શ્રી નેમિનાથ પ્રભુ પાસેથી શ્રીશત્રુંજય-તીર્થની યાત્રાનું મોટું ફળ સાંભળીને અમારા મોટાભાઈ યુધિષ્ઠિરને યાત્રા કરવાનો મનોરથ થયો. આ અવસરે સ્વર્ગમાં ગયેલા પિતાએવા દેવે કરેલી પ્રેરણા અને સહાય-વડે તીર્થાધિરાજશ્રી શત્રુંજયની "છરી" પાલનકરતા એવા શ્રી સંઘસાથે યાત્રા કરવાનો નિર્ણય ધર્મરાજાએ કર્યો.

તો આ મંગલકારિણી એવી સંઘયાત્રામાં તમારે જલદી આવવાથી અમોને આ ધર્મકાર્યમાં ઉલ્લસિત કરવા. તેમજ આપના નગરમાં રહેલા શ્રી ચતુર્વિધ સંઘને પાગ અહીંયાં પધારવા માટે નમસ્કાર સાથે વિનંતિ કરવી એવી અમે આશા રાખીએ છીએ.

એજલિ . પાંચ પાંડવોના નમસ્કાર.
સ્વીકારવા.

સૌજન્ય : સ્વ. મેનાબહેન સીલાલ લલ્લુભાઈ શાહ (ટ્રસ્ટ) હ: - ઈન્દુબહેન અરવિંદભાઈ સીલાલ શાહ. હાલ ગોરેગાંવ - મુંબઈ

પ્રેરણા : પૂ. સા. શ્રી સુમતિપ્રભાશ્રીજીનાં શિષ્યા સા. શ્રી હર્ષલતાશ્રીની પ્રેરણાથી સ્વ. સમસ્ત
બહેન સાકરચંદ તથા સ્વ. ચંદ્રકાંત સાકરચંદના પુત્રાર્થે હેમંતબહેન તથા ભદ્રાબહેન ચંદ્રકાંત ઝવેરી તરફથી મુંબઈ નં. ૬

શ્રી પુષ્પદંત - શ્રી પદગિરિ - શ્રી ભવ્યગિરિ -
શ્રી જયંતગિરિ - શ્રી હસ્તગિરિ - શ્રી સિદ્ધશેખર -

શ્રી દેવશક્તિ - શ્રી ભદ્રંકર -
શ્રી શાંતપદ - શ્રી મહાયશ -
શ્રી વિજયાનંદ - શ્રી સુરગિરિ -

શ્રી મહાગિરિ -
શ્રી મહાનંદ -

શ્રી કર્મસૂદન - શ્રી આનંદગિરિ -
શ્રી કૈલાસગિરિ - શ્રી શાશ્વતગિરિ -

સૌજન્ય : શ્રી સાગર સમુદાયના પૂ. સા. શ્રી સુમલયાશ્રીજીનાં શિષ્યા સા. શ્રી હર્ષિતાશ્રીની પ્રેરણાથી સ્વ. રમણ
મસ્મસ સ્વાધ્યાયમાં પ્રકાશિત કરવામાં આવેલ છે. પ્રકાશક : શ્રી ગુજરાતી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુંબઈ

તથા ભદ્રાબહેન ચંદ્રકાંત ઝવેરી તરફથી મુંબઈ નં. ૬.

પુન્યાર્થે હેમલતિબહેન ચંદ્રકાંત સાકેરચંદના પુન્યાર્થે સ્વ. ચંદ્રકાંત સાકેરચંદ તથા સ્વ. સમતા બહેન સાકેરચંદ ઝવેરીની સ્મરણાર્થે શ્રી વર્ધમાન જૈન આરાધના ટ્રસ્ટ તરફથી શ્રી સમેતશિખરજી તીર્થમાં નિર્માણ થયેલ શ્રી સુમતિનાથ ભગવાનની ટુંક પર શ્રી સુમતિનાથ ભગવાન આદિ ૨૪ તીર્થંકર ભગવંતોની ૨૪ દેરીઓ પૈકી દેરી નં. ૧૭ : પ્રતિષ્ઠા

શ્રી રાજ - રાજેશ્વર

શ્રી વિભાસ - શ્રી અકલંક - શ્રી હેમગિરિ - શ્રી પર્વતરાજ -
શ્રી વિલાસ - શ્રી અકર્મક - શ્રી અનંતશક્તિ - શ્રી જ્યોતિષ્મ -
શ્રી જગતારણ - શ્રી મહાતીર્થ - શ્રી પુરુષોત્તમ - શ્રી વિલાસકૂટ -

શ્રી મહાયશ -
શ્રી માલ્યવંત -
શ્રી પૃથ્વીપીઠ -

શ્રી દુઃખહર -
શ્રી મુક્તિરાજ -
શ્રી મણિકંત -

શ્રી મેરુમહીધર - શ્રી પુષ્પકેતુ -
શ્રી કંચનગિરિ - શ્રી જ્ઞાનાનંદ -
શ્રી આનંદધર - શ્રી પાતાલમૂલ -

શ્રી સુભદ્રગિરિ - શ્રી અમરકેતુ - શ્રી તમોકેતુ -
શ્રી અજરામર - શ્રી ગુગકેતુ - શ્રી શિવંકર -
શ્રી ભૈમકર - શ્રી સહસ્રપત્ર - શ્રી કર્મહર -

સૌજન્ય : શ્રી સાગર સમુદાયના પૂ. સા. શ્રી સમયપ્રજ્ઞાશ્રીજીનાં શિષ્યા સા. શ્રી હર્ષિતપ્રજ્ઞાશ્રીજી પ્રેરણાથી સ્વ. સમસ્ત બહેન સાકેરચંદ તથા સ્વ. ચંદ્રકાંત સાકેરચંદના પુત્ર્યાર્થે હેમાંનિબહેન તથા ભદ્રાબહેન ચંદ્રકાંત ઝવેરી તરફથી મુંબઈ નં. ૬.

શ્રી ચંદ્રપ્રભુ સ્વામી

શ્રી ઋષભદેવ સ્વામી

શ્રી શાંતિનાથ સ્વામી

શ્રી મહાવીર સ્વામી

શ્રી અજિતનાથ સ્વામી

શ્રી સુવિધિનાથ સ્વામી

શ્રી પદ્મપ્રભુ સ્વામી

શ્રી ધર્મનાથ સ્વામી

શ્રી કુંથુનાથ સ્વામી

શ્રી અરનાથ સ્વામી

શ્રી મલ્લિનાથ સ્વામી

શ્રી મુનિસુવ્રત સ્વામી

શ્રી નમિનાથ સ્વામી

શ્રી નેમિનાથ સ્વામી

શ્રી પાર્શ્વનાથ સ્વામી

શ્રી વર્ધમાન સ્વામી

સૌજન્ય : પન્નાલાલ રાયચંદ તથા સ્વ. ચંદકાંત ચકોરચંદના પુન્યાર્થે હેમાંતિબહેન તથા ભદ્રાબહેન ચંદકાંત ઝવેરી તરફથી મુંબઈ નં. ૬
બહેન ચકોરચંદ તથા સ્વ. ચંદકાંત ચકોરચંદના પુન્યાર્થે હેમાંતિબહેન તથા ભદ્રાબહેન ચંદકાંત ઝવેરી તરફથી મુંબઈ નં. ૬

ચિત્ર પરિચય અને સૌજન્ય દાતા

શ્રી શત્રુંજયકલ્પવૃત્તિ ભાષાંતર ભાગ–૨–જાનું આગળનું મુખપૃષ્ઠ.

" શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ ભાષાંતર ભાગ–૨– અને પૂર્તિ " ના મરોડદાર અક્ષરે લખેલું સુંદર નામ.

અને શ્રી શત્રુંજય તીર્થાધિપતિ શ્રી આદીશ્વરદાદાનું વિશાલકાય મનોહર જિનમંદિર

પાછળનું મુખપૃષ્ઠ – આકાશમાંથી ફુલની માલા લઈને ઉતરતી બે દેવીઓ અને તે માલામાં લખેલી શ્રી સિદ્ધાચલની એક સુંદર સ્તવનની કડી. અને જે સ્થાનથી પૂ. આદીશ્વર દાદા–પૂર્વ નવ્વાણું વાર શ્રી શત્રુંજય ગિરિરાજપર પધાર્યા તે ઘેટીપાગ અને પૂજાના ઉપકરણો.

સૌજન્ય : સ્વ. રતીલાલ જેઠાલાલ સલોતના પુન્યાર્થે હસ્તે તેમની સુપુત્રી સરોજબેન તરફથી.

શ્રી જ્ઞાન સાથે ગમ્મત અને તીર્થભક્તિ

આ પાનામાં શ્રી શત્રુંજયનાં–૨૧–નામો આડાં–અવળાં ગોઠવ્યાં છે. તેને વાંચીને ઉકેલવાનાં છે. આ–૨૧–નામો શ્રી શત્રુંજય કલ્પમાં જે સહુ પ્રથમ –૨૧– નામોની વાર્તાએ આવે છે તે નામો આમાં ગોઠવેલાં છે.

સૌજન્ય : સજ્જનબેન કિશનલાલ ગાંધી સાલમગઢવાલા તરફથી સા. શ્રી મુદિતાશ્રીની શુભ પ્રેરણાથી.

શ્રી સંઘ આમંત્રણ પત્રિકા બે ભાષામાં ને બે ભાગમાં

પાંચ પાંડવોમાં મુખ્ય મોટાભાઇ યુધિષ્ઠિરે (ધર્મરાજાએ) શ્રીનેમિનાથ પ્રભુ પાસે શ્રી શત્રુંજયતીર્થનો મહિમા સાંભળીને શ્રી શત્રુંજયતીર્થની યાત્રાએ જવાનો મનોમન સંકલ્પ કર્યો. અને તે સમયે પિતા એવા પાંડુરૈવે તેમને તીર્થયાત્રામાં સહાયક થવાની ખાત્રી આપી. ત્યાર પછી પાંચ પાંડવોએ દરેક ઠેકાણે સંઘને સંઘયાત્રામાં પધારવા માટે આમંત્રણ મોકલ્યું. અને તેમાં પોતાના વડીલ તરકિ શ્રી કૃષ્ણ મહારાજાને પણ આ સંઘમાં પધારવા માટે સંઘ આમંત્રણ પત્રિકા લખી. આજ વાતને આ પત્રિકામાં સુંદર રીતે સંસ્કૃત અને ગુજરાતી એમ બે ભાષામાં સામે સામે લખીને છાપી છે. (આ વાતનો આધાર પાંડવ ચરિત્રના પાછલા ભાગમાં છે.)

સૌજન્ય : અમદાવાદ–નરોડા નિવાસી અરવિંદભાઇ રતીલાલ શાહ. ધર્મેશ અરવિંદભાઇ શાહ. સત્યેન અરવિંદભાઇ શાહ. ક્રીમાબહેન ધર્મેશભાઇ. અમીષા બહેન સત્યેનભાઇ શાહ. હાલ ગોરેગાંવ – મુંબઇ.

શ્રી શત્રુંજયના પાંચ અક્ષરો " **શ્રી શ ત્રું જ ય** " ના પાંચ અક્ષરો એક એક પાનામાં કલાત્મક રીતે લખીને તે અક્ષરોની વચમાં શ્રી શત્રુંજયનાં ૧૦૮–નામો છૂટાં છૂટાં મૂકીને ગોઠવ્યાં છે. જેનો સંપૂર્ણ ખ્યાલ વાંચવાથી અને ઝીણવટ ભરી દૃષ્ટિથી જોતાં આવશે.

સૌજન્ય : શ્રી સાગર સમુદાયના સ્વ. પૂ. સા. શ્રી સુમલયાશ્રીજીનાં શિષ્યા સા. શ્રી હર્ષલતાશ્રીજીની પ્રેરણાથી સ્વ. સાકેરચંદ ખુશાલચંદ ઝવેરીના સુપુત્રો સ્વ. બાબુભાઇ. સ્વ. શાંતિચંદભાઇ. સ્વ. માણેકલાલભાઇ. રતનચંદભાઇ અને સ્વ. ચંદ્રકાંતભાઇ તથા તેમની સુપુત્રીઓ તારાબહેન, પુષ્પાબહેન, સુશીલાબહેન, હેમંતિબહેન વગેરે કુટુંબીજનો તરફથી હ: હેમંતિબહેન તથા ભદ્રાબહેન ચંદ્રકાંત ઝવેરી તરફથી – મુંબઇ – નં.– ૬.

સહાયકોની શુભ નામાવલી

- સ્વ. રતીલાલ જેઠાલાલ સલોતના પુન્યાર્થે. પૂ. આ. મ. શ્રી વિજય લબ્ધિસૂરિજી મ. ની પ્રેરણાથી હ: ધીરજબહેન રતીલાલ સલોત અને કુટુંબીજનો. જુહુ – મુંબઈ.
- પૂ. આ. મ. શ્રી વિજય યશોભદ્ર સૂરિજી. મ. (ડહેલાવાળા) ની શુભપ્રેરણાથી સં–૨૦૪૫–માં પાલિતાણા શ્રી તખતગઢમંગળ આરાધના ભવનમાં ચોમાસું રહેલા યાત્રિકો અને ચાતુર્માસ આરાધના સમિતિ.
- પૂ. સાધ્વીશ્રી દિનેન્દ્ર શ્રીજીની મંગલ પ્રેરણાથી શ્રી નાનપરા આઠવાગેટ સુરત જૈન સંઘની શ્રાવિકાબહેનો તરફથી
- શ્રી રમણલાલ જીવણલાલ શાહ. પાલડી – અમદાવાદ
- શેઠશ્રી શાંતિલાલ જમનાદાસ મોરારજી હિન્દુ સેનેટોરિયમ ટ્રસ્ટ. હ: રમાલક્ષ્મીબહેન રસિકલાલ દલાલ – ભાનુમતી જયંતિલાલ દલાલ – મુંબઈ.
- પ્રભાવતીબહેન નેમિદાસ શાહ. હ: નવીનચંદ્ર છગનલાલ કંપાણી – મુંબઈ.
- શેઠશ્રી નવીનચંદ્ર છગનલાલ કંપાણી – મુંબઈ
- શ્રી વેજલપુર – વીશાનીમા પંચ જૈનસંઘ – વેજલપુર (પંચમહાલ)
- શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ – સંઘાણી એસ્ટેટ–ઘાટકોપર મુંબઈ
- શ્રી નાનપરા આઠવા ગેટ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – સુરત.
- શ્રી ગોડીજી મહારાજ જૈન ટેમ્પલ એન્ડ ચેરિટીઝ. ૧૨, પાયધુની – મુંબઈ.
- શ્રી શાંતિનાથજી ભગવાન જૈન દેરાસર ટ્રસ્ટ – નવાપુરા – સુરત.
- શ્રી રસિકલાલ જમનાદાસ તથા જયંતિલાલ જમનાદાસ એજયુકેશન ટ્રસ્ટ – મુંબઈ.
- શ્રી જયંતિલાલ છગનલાલ કંપાણી – મુંબઈ.
- શ્રી સંઘાણી પરિવારના ભાવિકો – મુંબઈ.
- શ્રી મોદી પરિવારના સભ્યો. – મુંબઈ.
- શ્રી કોટ તપાગચ્છ મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘ – મુંબઈ.

- સ્વ. જયબાળાબહેન લલિતભાઈ પત્રાવાલાની સ્મૃતિ નિમિત્તે – હ: રીટાબહેન લલિતભાઈ પત્રાવાલા. પાર્લા (વેસ્ટ) – મુંબઈ.
- પૂ. આ. મ. શ્રી વિજયમિત્રાનંદ સૂરીશ્વરજી મ. ની પ્રેરણાથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આરાધના ટ્રસ્ટ – પુખરાજ રાયચંદ આરાધના ભવન – સાબરમતી – અમદાવાદ.
- શેઠશ્રી હેમચંદ અમરચંદ ચેરિટી ટ્રસ્ટ – મુંબઈ.
- શેઠશ્રી કેશવલાલ બુલાખીદાસ ચેરિટી ટ્રસ્ટ – મુંબઈ.
- વિમલાબહેન બાલુભાઈ એમ શાહ. માટુંગા – મુંબઈ. પૂ. મુનિશ્રી અમરેન્દ્ર સાગરજી. મ. ની પ્રેરણાથી.
- શ્રી આઠવા લાઈન્સ (સુરત) ના શ્રાવિકાબહેનો તરફથી. સાધ્વી શ્રી દિનેન્દ્ર શ્રીજીની પવિત્ર પ્રેરણાથી
- સાયન શ્વેતાંબર – મૂર્તિપૂજક જૈન સંઘ તરફથી – સાયન – મુંબઈ – ૨૨.
- સુરત નિવાસી – શાંતિચંદ બાલુભાઈ ઝવેરી – હાલ – પાર્લા– મુંબઈ.
- શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – નવરોજ ક્રોસ લેન – ઘાટકોપર – મુંબઈ.
- શ્રી પદ્માવતી ભગવાનદાસ શાહ. વંદના રશ્મિકાંત શાહ. પ્રીતિબહેન શૈલેષકુમાર શાહ. મનીષા આર. શાહ તરફથી. મુંબઈ
- શ્રી શાંતાક્રુઝ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છસંઘ. એન્ડ્રુઝ રોડ – શાંતાક્રુઝ – મુંબઈ.
- શ્રી નગીનદાસ છગનલાલ કંપાણી. હ: સવિતાબહેન નગીનદાસ કંપાણી – મુંબઈ.
- શ્રી પ્રવીણચંદ છોટાલાલ ઝવેરી તરફથી જ્ઞાનભક્તિ નિમિત્તે શિવ–સાયન – મુંબઈ
- શ્રી –૧૦૮– પાર્શ્વનાથ ભક્તિવિહાર ટ્રસ્ટ શંખેશ્વર તીર્થ (ઉ. ગુ.) પૂ. આ. મ. શ્રી વિજય લબ્ધિસૂરિજી મ. ની પ્રેરણાથી.
- શ્રી વર્ધમાન ભક્તિ વિહાર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ–ઈરાની વાડી – કાંદિવલી વેસ્ટ. મુંબઈ. પૂ. આ. મ. શ્રી વિજયલબ્ધિસૂરિજી. મ. ની શુભપ્રેરણાથી.
- શ્રી વિલે પારલે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરિટીઝ, મહાસુખભુવન – ૧૬– સરોજિની રોડ – વિલે પાર્લે વેસ્ટ – મુંબઈ.
- શ્રી કોબે મહિલા મંડલ – જાપાન.
- શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મઢી. સુરત.
- શ્રી જૈન દેવબાગ લક્ષ્મીઆશ્રમ ઉપાશ્રય સંસ્થા – જામનગર પ. પૂ. આગમોદ્ધારક આ. શ્રી આનંદ સાગર

સૂરીશ્વરજી મ. સા. ના અંતેવાસી શિષ્યરત્ન મુનિરાજશ્રી ગુણસાગરજી મ. ની ભાવના મુજબ વર્તમાન ગચ્છાધિપતિ આચાર્ય દેવશ્રી ચિદાનંદ સાગર સૂરિજી મ. તથા પૂ. મુનિરાજશ્રી અરુણોદયસાગરજી. મ. તથા પૂ. પં. શ્રી લાભસાગરજી મ. ની પ્રેરણાથી.

- મુંબઈ સાયન મોતી બાગની શ્રાવિકા બહેનો તરફથી – સાયન – મુંબઈ.
- શ્રી રાંદેરરોડ જૈન સંઘ સુરત – પૂ. આ. મ. શ્રી વિજય ચંદ્રોદય સૂરીશ્વરજી મ. ની. પુણ્ય પવિત્ર પ્રેરણાથી.
- શ્રી વલ્લભ નગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ. પ. પૂ. આ. દેવશ્રી વિજય યશોભદ્ર સૂરિજીની પ્રેરણાથી–ઈન્દોર. (M.P.)
- શ્રી પાંચપોળ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – શાહપુર દરવાજા બહાર અમદાવાદ પ. પૂ. આ. દેવશ્રી વિજયચંદ્રોદય સૂરિજી મ. ની પ્રેરણાથી
- શ્રી રાવપુરા મામાનીપોળ જૈન સંસ્થા – રાવપુરા – મામાનીપોળ – વડોદરા. પ. પૂ. આચાર્ય મ. શ્રી વિજયચંદ્રોદય સૂરિજી મ. ની પ્રેરણાથી.
- મોહનીબહેન ફૂલચંદજી પરિવાર તરફથી – કુર્લા – મુંબઈ. સા. શ્રી પ્રિયધર્માશ્રીના શ્રેણીતપ તથા યશો ધર્માશ્રીનાં પ૦૦ – આયંબિલની પૂર્ણાહુતિ નિમિત્તે સા. શ્રી. જિત ધર્માશ્રીના સદુપદેશથી.
- શ્રી મરોલી બઝાર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુ મરોલી બઝાર . ડિ. સુરત.
- પૂ. પં. શ્રી અશોક સાગરજી. મ. પૂ. ગણિવર્યશ્રી જિનચંદ્રસાગરજી. મ. તથા પૂ. ગણિવર્યશ્રી હેમચંદ્ર સાગરજી. મ. ની મંગલ પ્રેરણાથી. પૂ. પં. આગમોદ્ધારક આ. મ. શ્રી સાગરાનંદ સૂરિજી. મ. ના જન્મશતાબ્દી વર્ષમાં સુરતથી નીકળેલ ઐતિહાસિક શ્રી સંમેત શિખરજીના સંઘની સ્મૃતિમાં સમિતિ – તરફથી.
- મોતીચંદ મોહનલાલ કાપડિયા તથા લલિતાબહેન મોતીચંદ કાપડિયા પરિવાર તરફથી – વાલેકશ્વર – મુંબઈ.
- ફકીરચંદ મગનલાલ બદામી તથા હીરાગૌરી ફકીરચંદ બદામી. હ. માલતીબહેન બદામી તરફથી – સુરત.
- પૂ. સા. શ્રી નિરંજના શ્રીજી. તથા સા. શ્રી નિત્યાનંદ શ્રીજી. મ. ના ઉપદેશથી સા.શ્રી મહાયશા શ્રીજી વર્ધમાન તપની ઓળીની અનુમોદનાર્થે ભૂતિબાઇ રાજમલ જૈનપૌષધશાળાની બહેનોની ઊપજમાંથી – શાહીબાગ – અમદાવાદ.
- ડો. સુભાષભાઇ મગનલાલ વોરા તથા કુટુંબીજનો તરફથી પાલડી. અમદવાદ.
- સીતાબહેન દીપચંદભાઇ. સાધ્વીશ્રી સુધામયાશ્રીજીની દીક્ષાના પુણ્યપ્રસંગની સ્મૃતિનિમિત્તે. નાગેશ્વર તીર્થ.
- દ્રૌપદાબહેન કાંતિલાલ રતીચંદ ભાણશાલી. (લીમડી–પંચમહાલ) સાધ્વીશ્રી મુક્તિ નિલયાશ્રીજીની મંગલ પ્રેરણાથી.

નીચેના પાંચેય પુણ્યશાળીઓએ. પ. પૂ. આ. મ. શ્રી વિજયચંદ્રોદય સૂરીશ્વરજી. મ. ની શુભ પ્રેરણાથી લાભ લીધેલો છે.

- સ્વ. શા. ચીમનલાલ અમથાલાલના શ્રેયાર્થે હ. ચંપકભાઇ – અમદાવાદ.
- છોટાલાલ ગિરધરલાલ હ: દિનેશભાઇ – સાબરમતી.
- હીરાલાલ હરગોવનદાસ – અમદાવાદ
- પ્રેમચંદભાઇ હિમતલાલ – અમદાવાદ
- નરેન્દ્રકુમાર હીરાલાલ – અમદાવાદ

- ગાંધી ચંપાલાલ મહાસુખલાલ (વિજલપુરવાલા) અલંકાર – ડ્રેસીસ – ગોધરા– પંચમહાલ.
- ગાંધી ચૂનીલાલ છગનલાલ. હ: સુરેખાબહેન દિવ્યકાંત ગાંધી – સોલાપુર
- કરણકુમાર શિરીષકુમાર રાજેન્દ્ર ઝવેરી મોતીબાગ – સાયન – મુંબઇ – ૨૨.
- ગણિ લબ્ધિસાગરજી સ્મારક ફંડ – હ: સમરથમલજી તાંતેડ શિવગઢવાલા. શ્રી સૂર્યોદયસાગરજીના સદુપદેશથી.
- હંસાબહેન પ્રાણલાલ એમ પરીખ – ચંદ્રમિલન – ૨૦, ૨૧ – મહાત્માગાંધી રોડ – વિલે પાર્લા (ઇસ્ટ).
- નવીનચંદ મોતીચંદ ઝવેરી – ગોપીપુરા ઓસવાલ મહોલ્લા – સુરત.
- ભાવિક – શ્રાવિકાબહેન તરફથી સાધ્વીશ્રી નિરુપમાશ્રીજીની પ્રેરણાથી – પાલિતાણા.
- પૂ. મુનિરાજશ્રી મહાયશ વિજયજીની પ્રેરણાથી. હ: ભૂપેન્દ્રભાઇ મોહનલાલ.
- સ્વ. લલિતાબહેન કેશવલાલ જીવરાજ ઝવેરી જામનગરવાલા. હ:– મહેશ કે. ઝવેરી – અને હર્ષદ કે ઝવેરી પરિવાર તરફથી હાલ મદ્રાસ.
- શ્રી દેવીબહેન વસંતલાલ ધીરજલાલ વકીલ. શાંતાક્રુઝ. મુંબઇ – ૫૪.
- શ્રી ઊંઝા જૈન સંઘ – પૂ. પં. શ્રી નિરુપમ સાગરજી. મ. ની પ્રેરણાથી.
- શાંતાબેન બાપુલાલ મણીયાર. હ: વસંતભાઇ પૂ. સા. શ્રી ણિરંજના શ્રી તથા સા. શ્રી જિતેન્દ્રશ્રીની પ્રેરણાથી.
- સુરત મંછુભાઇ દીપચંદભાઇ ઉપાશ્રયના જ્ઞાનખાતા તરફથી સાધ્વી શ્રી મૃગેન્દ્ર શ્રીજી. તથા સા. શ્રી અમિતા શ્રીજીના પ્રેરણાથી.
- શ્રી સંભવનાથ તીર્થકમિટી વસ્તેજ હ: ભરતભાઇ વી. શાહ. પૂ. આ. મ. શ્રી વિજય ચંદ્રોદયસૂરિજીની શુભ પ્રેરણાથી
- શ્રી ચંદ્રાબેન ગુણવંતભાઇ પોપટલાલ શાહ. નિરવભાઇ અને કાનન બહેન તરફથી.
- શ્રી ચંદ્રકાંત ચંપકલાલ તથા સ્વ. ચંપકલાલ ખીમચંદભાઇ શાહના સ્મરણાર્થે હ: મેનાબહેન તથા તેમનો પરિવાર.
- શ્રી સગરામપરા શ્રાવિકા ઉપાશ્રયના બહેનો તરફથી સા. શ્રી જિનધર્માશ્રીજીની પ્રેરણાથી.
- શ્રી ચંદ્રકાંત રતીલાલ તથા નિર્મલાબેન ચંદ્રકાંતની નવ્વાણું યાત્રા નિમિત્તે – મુંબઇ – ૭.

વિક્રમ રાજાએ કરાવેલા શ્રી શત્રુંજયનાઉદ્ધારનું- સ્વરૂપ

શ્રી વિક્રમાદિત્ય રાજાએ શ્રી શત્રુંજયતીર્થઉપર વિસ્તારથી યાત્રા કરીને ચૈત્યનો ઉદ્ધાર કરાવ્યો. તે આ પ્રમાણે:-

ગર્દભિલ્લ રાજાના પુત્ર શ્રેષ્ઠ પરાક્રમવાલા વિક્રમાદિત્યરાજા ન્યાયમાર્ગવડે પૃથ્વીનું પાલન કરતો હતો. તેને કમલા વગેરે ઘણી સુંદર પત્નીઓ હતી. સુકોમલા નામની પત્નીથી ઉત્પન્ન થયેલો વિક્રમચરિત્ર નામે પુત્ર થયો. અનુક્રમે તેને નિર્મલપુણ્યથી બે સુવર્ણપુરુષ થયા, અને તેનું સઘળું રાજ્ય હાથી-ઘોડા વગેરેવડે પ્રગટપણે વૃદ્ધિ પામ્યું, વિક્રમાદિત્યરાજાએ શ્રીસિદ્ધસેનગુરુની પાસે શ્રીજિનેશ્વરે કહેલો ધર્મ સમ્યક્ત્વસહિત સ્વીકાર્યો. (અહીં વિસ્તારથી રાજ્યની પ્રાપ્તિ-પૃથ્વીને દેવા વગરની કરવી આદિનો સર્વસંબંધ મારા કરેલા શ્રી વિક્રમાદિત્યચરિત્રમાંથી જાણવો) એક વખત વિક્રમાદિત્યરાજાએ શ્રી સિદ્ધસેન ગુરુની પાસે આદરપૂર્વક શ્રી સિદ્ધગિરિનું માહાત્મ્ય આ પ્રમાણે સાંભલ્યું.

શ્રી પુંડરીકગિરિ તરફ એક એક પગલું મૂકે છતે કરોડો ભવનાં કરેલાં પાપોથી મુકાય છે. જેણે આદરપૂર્વક સંઘસહિત શ્રી શત્રુંજયગિરિ ઉપર યાત્રા કરી છે. તે થોડા ભવે પણ મોક્ષના સુખને પામે છે.

જ્યાં જગદ્ગુરુ (આદિનાથ પ્રભુ) ઓગણોસિત્તેર કોડા કોડી પંચાશી લાખ કરોડ-ચુમ્માલીશ હજાર ક્રોડ વાર પહેલાં પાદુકાના સ્થાને (રાયણના પગલે) પ્રાપ્ત થયા છે. (પધાર્યા છે.) તે સર્વતીર્થના ફલને આપનારા શ્રી સિદ્ધગિરિને હું વખાણું છું. જ્યાં સુધી આ શત્રુંજયતીર્થ પૂજાયું ન હોય ત્યાં સુધી તેનો ગર્ભવાસ છે. ધર્મ તો દૂર રહેલો છે. જોવાયેલો જે દુર્ગતિને હણે છે. નમસ્કાર કરાયેલો બે દુર્ગતિને હણે છે. અને ધ્યાન કરાયેલો જે ભવ્ય પ્રાણીઓને મોક્ષ આપે છે.

એ પ્રમાણે શ્રી સિદ્ધગિરિનું માહાત્મ્ય સાંભળીને રાજાએ શ્રી શત્રુંજયગિરિઉપર યાત્રા કરવા માટે તે વખતે ઉદ્યમ કર્યો. તે પછી શ્રી વિક્રમાદિત્યે કુમ કુમ પત્રિકાઓ મોકલીને સારા દિવસે પ્રગટપણે શ્રી સંઘને ભેગો કર્યો. સારા દિવસે વિક્રમાદિત્યરાજાએ શ્રી શત્રુંજયઉપર અરિહંતોને નમસ્કાર કરવા માટે હર્ષવડે ઘણું દાન આપતા પ્રસ્થાન કર્યું. તેમના સંઘમાં ચૌદ મુકુટબદ્ધ રાજાઓ હતા. અને ૭૦- લાખ શુદ્ધ શ્રાવકનાં કુટુંબો હતાં અને ઉત્તમ ગુણવાલા ક્રિયાના સમૂહમાં કુશલ-૫૦૦, સિદ્ધસેન આદિ સૂરીશ્વરો જિનેશ્વરને નમસ્કાર કરવા માટે ચાલ્યા.

ઓગણસિત્તેરસો શ્રેષ્ઠ સુવર્ણનાં દેવમંદિરો હતાં. અને લોકોનાં મનને હરણ કરે એવાં રુપાનાં ચાંદીનાં ત્રણસો દેવાલયો હતાં. ને પાંચસો દંતમય (હાથીદાંતનાં) દેવાલયો હતાં અને અઢારસો કાષ્ઠમય દેરાસરો ચાલતાં હતાં.

એક ક્રોડ-બેલાખ ને નવસો રથો હતા. અઢાર લાખ ઘોડાઓ હતા. ને છ હજાર હાથીઓ હતા. વિક્રમાદિત્ય

રાજાના સંઘમાં ખચ્ચર-ઊંટ-બળદ-મનુષ્ય અને સ્ત્રીઓની સંખ્યાની ગણતરી નથી.દેવમંદિરની ધજામાં રહેલી ઘૂઘરીઓના મનોહર એવા અવાજો એકી સાથે જલદી સંઘને બોલાવવા માટે ઉદ્યમવાલા થયા. પુષ્ટસ્કંધવાળા, સુંદર આકારવાલા-હાથીસરખી ગતિવાલા-જુદાં જુદાં આભૂષણોથી ભૂષિત બળદો દેવાલયો ને વહન કરે છે. દિવ્યરૂપને ધારણ કરનારી-સુંદર આભૂષણવાલી-ચામરો હાથમાં છે જેને એવી-ચાર કરોડ સ્ત્રીઓ દેવમંદિરમાં રહેલા જિનેશ્વરોનાં ગીતોને મધુર અવાજ પૂર્વક ગાતી-લીલાવડે મનોહર એવાં ચામરોને વીંઝતી હતી. માર્ગમાં ચાલતો રાજા દરેક ગામે સ્નાત્રપૂજા અને ધ્વજપૂજા આદિવડે પ્રભાવના કરતો શ્રી શત્રુંજયની પાસે ગયો. વિક્રમાદિત્યરાજા ઘણું દાન આપતો શ્રી જિનેશ્વરને નમસ્કાર કરવા માટે શ્રી શત્રુંજયપર્વતઉપર ચઢયો. સ્નાત્રપૂજા-ધ્વજનું આરોપણ ને રથયાત્રાવડે (સંઘપતિનું) સર્વકાર્ય કરીને રાજાએ અરિહંતની સ્તુતિ કરી.

सुरासुरमहीनाथ - मौलिमालानतक्रमम्।
श्रीशत्रुञ्जयकोटीर - मणिं श्रीऋषभं स्तुवे।।
विभो ! त्वत्पदराजीवं, ये सेवन्ते जनाः सदा।
सुरासुर नृपश्रेणी, भजते तान् सुभक्तितः।

સુર, અસુર અને રાજાઓનાં મસ્તકની માલાવડે નમાયાં છે ચરણો જેનાં એવા શ્રી શત્રુંજય તીર્થના મુગટમણિ શ્રી ઋષભદેવ પ્રભુને હું સ્તવું છું. હે પ્રભુ ! જે મનુષ્યો હંમેશાં તમારાં ચરણ કમલને સેવે છે. તેઓને દેવ- અસુર-અને રાજાઓની શ્રેણી ઉત્તમભક્તિથી સેવે છે. તે વખતેજ રાજાએ કોઇક પ્રાસાદને પડી ગયેલો જોઇને રાજાએ શ્રી સિદ્ધસેનસૂરીને કહ્યું કે આ પ્રાસાદ પડી જશે ? સિદ્ધસેન ગુરુએ કહ્યું કે જિનમંદિર કરાવવા કરતાં તેના ઉદ્ધારમાં જિનેશ્વરોએ બમણું પુણ્ય કહ્યું છે.

कारयन्ति मरूद्गेहं - ख्यात्यर्थं केचनात्मनः।
केचित् स्वस्यैव पुण्याय, स्वश्रेयोऽर्थं च केचन।।१।।
प्रासादोद्धारकरणे, भूरि पुण्यं निगद्यते।
उद्धारान्न परं पुण्यं, विद्यते जिनशासने।।

કેટલાક આત્માઓ પોતાની પ્રસિદ્ધિ માટે જિનમંદિર કરાવે છે. કેટલાક પોતાના પુણ્ય માટે કરાવે છે. અને કેટલાક પોતાના કલ્યાણ માટે દેવમંદિર કરાવે છે. (૧) પ્રાસાદનો ઉદ્ધાર કરવામાં ઘણું પુણ્ય કહેલું છે. ઉદ્ધાર કરતાં શ્રેષ્ઠ પુણ્ય જિનશાસનમાં નથી, પહેલાં આ પર્વતઉપર ભરતરાજાએ શ્રી ઋષભદેવ પ્રભુનો મણિ અને રુપામય મોટો પ્રાસાદ કર્યો હતો. આજ મહાતીર્થમાં બીજા સગરચક્રવર્તીએ શ્રી ઋષભદેવપ્રભુનો પ્રાસાદ કરાવ્યો હતો. તે પછી વિક્રમરાજાએ શ્રી શત્રુંજયઉપર શ્રેષ્ઠ કિરકાષ્ઠમય-મોટા પ્રાસાદનો ઉદ્ધાર કરાવ્યો. તે પછી વિક્રમાદિત્યરાજા શ્રી શત્રુંજયપર્વતઉપરથી

ચાલતાં (જતાં) શ્રી રૈવતગિરિને વિષે શ્રી નેમિનાથ પ્રભુને નમસ્કાર કરવા માટે આવ્યો. સ્નાત્રપૂજા-ધ્વજનું આરોપણ-રથયાત્રાનું વહન(રથયાત્રા કાઢવી) આદિ સર્વે રાજાએ કરીને હર્ષવડે સ્તુતિ કરી. બન્ને તીર્થપતિઓની વિસ્તારથી યાત્રા કરીને તે વખતે વિક્રમાદિત્યરાજા અવંતિ નગરીમાં આવ્યો. (આ વગેરે વિક્રમાદિત્યનું ચરિત્ર મારા કરેલા ગ્રંથમાંથી જાણીલેવું)

આ પ્રમાણે વિક્રમાદિત્યરાજાએ કરેલા ઉદ્ધારનું સ્વરૂપ સંપૂર્ણ.

આમ્રભટ મંત્રીની કથા

મારવાડમાં કલાગામમાં શ્રી શ્રીમાલીવંશમાં ઉત્પન્ન થયેલો ઉદાક નામનો શ્રેષ્ઠ વણિક રહેતો હંમેશાં ધર્મ કરતો હતો. એક વખત વર્ષાકાલમાં ઉદાક ઘી વેચવા માટે જતો રાત્રિના મધ્યભાગમાં નગરીની બહાર પાણીથી ભરેલા ક્યારાઓને શ્રેષ્ઠ મનુષ્યોવડે ઉતાવળે ઉતાવળે પાલી(પાળ) કરવાથી પ્રગટપણે બોલતાં જોઈને તેઓના પ્રત્યે તેણે આદરપૂર્વક કહ્યું, તમે કોના સેવકો છો ? તેઓએ તેને કહ્યું કે અમે ધનશેઠની ઇચ્છાપૂરી કરનારા છીએ. ઉતાવળે ચાલવાથી અને તેતે બોલવાથી તેઓને વ્યંતર જાણીને ઉદાકે કહ્યું કે મારા કામુકો((ઇચ્છા પૂરનારા) ક્યાં છે ? તેઓએ કહ્યું કે તમારા ભાગ્ય કર્ણાવતીમાં છે. ઉદાકે વિચાર્યું કે તે નગરીમાં વાસકરીએ, તે પછી કુટુંબ સહિત તે કર્ણાવતી નગરીમાં જઈને વાયતીય જિનમંદિરમાં જિનેશ્વરોને વંદન કર્યું

વિધિપૂર્વક કુટુંબ સહિત જિનેશ્વરોને વંદન કરતા જોઈને છંપિકાએ (નામની શ્રાવિકાએ) કહ્યું કે આપ અહીં કોના અતિથિ છો ? ઉદાકે કહ્યું કે હમણાં અહીં મારો પોતાનો કોઇ નથી, મિત્ર પણ નથી તે પછી શ્રાવિકાએ શ્રેષ્ઠ શ્રાવક જાણીને તે વણિકને ઘેર લઇ ગઇ, તેને ત્યાંજ જમાડીને, તેને ઘણું ધન આપીને, નિવાસ કરવા માટે એક ઘર આપીને તેણીએ તેને ત્યાં રાખ્યો. ધર્મના અવિરોધથી નિરંતર દ્રવ્યને ઉપાર્જન કરતો દયામાં તત્પર એવો તે હંમેશાં જિનેશ્વરની પૂજા કરીને જમે છે. કાંઇક ધન ઉપાર્જન કરીને નવું જિનમંદિર કરાવતાં ઉદાકે સોનાથી ભરેલા નિધાનને પ્રાપ્ત કર્યું. તે પછી ઉદાકે રાજાને તે ધનની પ્રાપ્તિ જણાવી. રાજા ત્યાં આવી, નિધાનને જોઈને બોલ્યો કે આજે આ ભંડાર (નિધાન) પૂર્વે ઉપાર્જન કરેલા પુણ્યથી પ્રાપ્ત કરાયો છે. આથી હે વિદેહી ! તુંજ આને ભોગવ. હું એ લઈશ નહિ. તે વખતે ઉદાકને લક્ષ્મીનો ઉદય નિશ્ચે થયો. આથી રાજાએ તેનું ઉદયન એ પ્રમાણે નામ આપ્યું. કહ્યું છે કે ધર્મ એ ધન ઇચ્છનારાઓને ધન આપનાર છે. કામને ઇચ્છનારાઓને કામ આપનાર છે. અને પરંપરાએ ધર્મ એજ મોક્ષને સાધનારો છે.

कृतप्रयत्नानपिनैतिकाश्चित्, स्वयं शयानानपि सेवते परान्
द्वयेऽपि नास्ति - द्वितीयेऽपि नास्ति, श्रेयः प्रचारो न विचार गोचरः ।।२।।

કેટલાક પ્રયત્ન કરનારાઓને પણ પ્રાપ્ત થતું નથી. અને પોતે સૂતેલા હોય એવા પણ બીજાઓને તે સેવે છે. બન્નેમાં નથી, બીજામાં નથી, કલ્યાણનો પ્રચાર એ વિચારનો વિષય નથી (૨)

તે પછી કર્ણાવતી (પાટણ) નગરીમાં ચોવીસ જિનેશ્વરથી શોભિત મનોહર જિનમંદિર તેણે કરાવ્યું . ઉદયનને ધર્મમાં તત્પર એવા ચાર પુત્રો હતા. પહેલો આમ્રભટ–બીજો બાહડ. ત્રીજો ચાહડ ને ચોથો સોલ્હાક એ સર્વેપુત્રો પંડિત પાસે ઘણાં શાસ્ત્રો ભણ્યા. જયસિંહ રાજાના રાજ્યમાં ઉદયન વણિક ધર્મકાર્યોમાં સમર્થ એવો તે અનુક્રમે મંત્રીપદ પામ્યો, સિદ્ધરાજા દેવલોકમાં ગયેછતે કુમારપાલ રાજાના સર્વમંત્રીઓમાં પુણ્યયોગથી તે મુખ્યમંત્રીપણાને પામ્યો.

એક વખત એક માણસે કુમારપાલ રાજાને નમીને કહ્યું કે કોંકણ દેશમાં સમૃદ્ધ એવો મલ્લિકાર્જુન નામનો રાજા છે. પોતાને વિષે તે "રાજપિતામહ" એ પ્રમાણે બિરુદની શ્રેણીને વહન કરતો તે સર્વરાજાઓને તૃણ સરખો પણ માનતો નથી. તેથી મારે મલ્લિકાર્જુન રાજાનું તે બિરુદ જલદીથી ઉતારી નાખવું. એ પ્રમાણે ચૌલુક્ય રાજાએ (કુમારપાલે) હૃદયમાં વિચાર્યું. બીજે દિવસે રાજાએ પોતાના હાથમાં (પાનનું) બીડું લઈને કહ્યું કે મલ્લિકાર્જુન રાજાનો ગર્વ કોણ ઉતારશે ? કોઈ મનુષ્ય રાજાના હાથમાંથી જ્યારે બીડું ગ્રહણ કરતો નથી ત્યારે અંબડે ઊભા થઈને બીડું લઈને આ પ્રમાણે કહ્યું મારે તેનો મદ ઉતારવાનો છે. આ પ્રમાણે તેણે કહે છતે રાજાએ હાથી ઘોડા આદિથી વિરાજિત સેના આપી. રાજાએ આપેલા સૈન્યને લઈને કલવણી નામની નદી ઊતરીને કોંકણદેશના મધ્યમાં તે આવ્યો.મલ્લિકાર્જુન રાજાની સાથે યુદ્ધ કરતો આંબડમંત્રી ભાગી ગયો. અને પાટણની પાસે આવ્યો. લજ્જા પામતો એવો તે સઘળા સૈન્યમાં મોટી કાળી પટ્ટી કરીને સ્વામીને પોતાનું આગમન કહ્યા સિવાય અંબડ ત્યાં રહ્યો. બીજે દિવસે બહાર આવેલા કુમારપાલે તેના સૈન્યને જોઈને મનુષ્યની પાસે પૂછ્યું કે આ કાળો તંબૂ કેમ છે ? મનુષ્યે કહ્યું કે તમારો જે મંત્રી મલ્લિકાર્જુન રાજાને જીતવા માટે ગયો હતો. તે ભાગી જવાથી પાછો અહીંયાં આવ્યો છે. તે કારણથી તે મંત્રીરાજ મોટો કાળો તંબૂ કરીને લજ્જા પામતો રહ્યો છે. તે પછી રાજાએ હૃદયમાં વિચાર્યું.

यस्य लज्जा भवेत् पुंसः, स कार्यं दुस्करं किल।
चकार भूपतेर्मातुः पितुरन्यनृणां स्फुटम् ।।

જે પુરુષને લજ્જા થાય તે પુરુષે રાજા–માતા–પિતા અને બીજા મનુષ્યોને પ્રગટ એવું દુષ્કર કાર્ય કર્યું છે. એ પ્રમાણે વિચારીને રાજાએ ત્યાં જઈને મંત્રીનું સન્માન કરીને મલ્લિકાર્જુન રાજાને જીતવા માટે ફરીથી મોકલ્યો. કોંકણ દેશમાં જઈને ગુપ્તપણે બે પ્રકારે સૈન્ય કરીને મંત્રીએ શત્રુરાજાને પોતાનું આગમન જણાવ્યું. તે વખતે મલ્લિકાર્જુનરાજા થોડું સૈન્ય જાણીને અલ્પસૈન્યવાલા શત્રુને જીતવા માટે શત્રુના સૈન્યની પાસે ગયો. રાજ પિતામહરાજા (મલ્લિકાર્જુન) તે વખતે મંત્રીશ્વર સાથે યુદ્ધ કરતાં બન્ને સૈન્યની વચ્ચે જલદી લઈ જવાયો. હે રાજન ! તું ઇષ્ટ દેવને યાદ કર એ

પ્રમાણે બોલતાં તે મંત્રીરાજે તે શત્રુનું મસ્તક કમળનાળની પેઠે યુદ્ધમાં કાપી નાખ્યું, તેના સૈન્યને સ્વાધીન કરીને કુમારપાલરાજાની આજ્ઞાને પ્રવર્તાવતા અંબડ મંત્રીરાજે તે નગરીની અંદર પ્રવેશ કર્યો. પ્રથમ શ્રી જિનમંદિરમાં શ્રી ઋષભદેવપ્રભુને નમસ્કાર કરીને રાજ મંદિરમાં જઈને પરિવાર સાથે ભોજન કર્યું. મલ્લિકાર્જુન રાજાનું ઢંકિલું મસ્તક ને તેનો ખજાનો લઈને અંબડમંત્રીશ્વર ગયો. ત્યાં પોતાના સેવકને મૂકીને શત્રુનું મસ્તક લઈને અંબડે પાટણમાં આવી ને રાજાને નમસ્કર કર્યો

ઢંકિલું રાજાનું મસ્તક, શૃંગાર કોટિનામની સાડી, તાપના ક્ષયને કરનારો હાર, ને માણિક્ય નામનો પલેડો. (એકજાતનો ખેસ) વિષાપહાર નામની છીપ, બત્રીસ સોનાના શ્રેષ્ઠ ઘડાઓ, છ મૂઢા મોતી. ચારસો હાથી, એકસોને વીશ (૧૨૦) કાંતિથી યુકત ઉત્તમપાત્રો, આઠ હજાર ઘોડા, ચારસો ખચ્ચર, સોનાના બત્રીસ લાખ ટંક, ને રુપાના સાડા ચૌદ કરોડ ટંક, રાજાની આગળ આ વસ્તુઓ મૂકીને જેટલામાં ઊભો રહયો. તેટલામાં સેવકે શત્રુના જયની કથા કહી. તેને ત્રણ કરોડદ્રવ્ય આપીને "રાજપિતામહ" એવું બિરુદ આપીને હર્ષિત થયેલા રાજાએ ઉત્સવ કર્યો. રાજાએ આપેલા હાથીપર ચઢેલો મંત્રી ઘણું દાન આપતો જિનમંદિરમાં જિનેશ્વરને નમીને પોતાના ઘરે આવ્યો. તે પછી રાજાવડે સત્કાર કરાયેલો અંબડ મંત્રીશ્વર વખતે વખતે સારા આદરપૂર્વક ધર્મકાર્યો કરવા લાગ્યો. કહ્યું છે. કે :–

त्रिवर्गसंसाधनमन्तरेण, पशोरिवायुर्विफलं नरस्य,
तत्रापि धर्म्मं प्रवरं वदन्ति, न तं विना यद्भवतोऽर्थकामौ ।।१।।

ત્રણ વર્ગની સાધના વગર – મનુષ્યનું આયુષ્ય પશુની જેમ નકામું છે. અને તેમાં પણ ધર્મને શ્રેષ્ઠ કહે છે. કારણ કે તે ધર્મ વિના અર્થ ને કામ થતા નથી, અંબડ દેવબુદ્ધિથી શ્રીજિનેશ્વરને વંદન કરે છે. અને ગુરુબુદ્ધિવડે હંમેશાં ગુરુ હેમસૂરિને વખાણે છે. (નમે છે.) સ્વામીની બુદ્ધિવડે આદરથી કુમારપાલ રાજાને અને ભક્તિથી વિશેષ કરીને સવારે માતા અને પિતાનાં ચરણોને વખાણે છે. (નમે છે.)

सर्वज्ञो जितरागादि, दोष स्त्रैलोक्य पूजितः ।
यथास्थितार्थवादी च, देवोऽर्हन् परमेश्वरः ।।१।।

સર્વને જાણનાર, જીત્યા છે રાગ વગેરે દોષ જેણે એવા અને ત્રણ લોકથી પૂજાયેલા યથાસ્થિત અર્થને કહેનાર, અરિહંત પરમેશ્વર દેવ છે. (૧) અંબડ મંત્રીરાજ ત્રિકાલ પ્રભુની પૂજા કરે છે. અને બન્ને વખત (સંધ્યાએ) પ્રતિક્રમણ કરે છે. કોઈ ઠેકાણે સચિત્તને ગ્રહણ કરતો નથી. હંમેશાં યાચકોને પાત્ર પ્રમાણે યથોચિત દાન આપતો અંબડ ક્યારે પણ ખરાબભાવ કરતો નથી, કહ્યું છે કે


पुहवि करंडे बंभंडसंपुटे, भमइ कुण्डलिजंतु ।
तुह अंबडदेव जसो, अलद्धपसरो भुयंगुव्व ।।१।।

પૃથ્વી રૂપી કરંડિયામાં-બ્રહ્માંડરૂપી સંપુટમાં હે અંબડ દેવ ! સર્પની જેમ પામ્યો છે ફેલાવો જેનો એવા તમારો યશ ગોળાકારે ભમે છે. (૧) ક્યારેક કરોડનું દાન આપે છે ક્યારેક લાખનું દાન આપે છે. સાધુને યોગ્ય સામગ્રી હોય ત્યારે દાનીઓમાં મુગટ સરખો એવો અંબડ સાધુઓને શુદ્ધ અન્ન આપીને તે પછી પોતે જમે છે. કહ્યું છે. કે: પહેલા સાધુઓને આપીને પોતાનાંઓને આપીને અને પછી પચ્ચકખાણ પારે. સાધુઓ ન હોય તો (આવવાની) દિશા તરફ જોઈને પછી જમે. કાલને યોગ્ય એવી વસ્તુ જે કોઈ રીતે અપાઈ ન હોય તો યથોક્ત કરનાર એવા ધીર સુશ્રાવકો તે ખાતાં નથી, પોતાને વિષે "રાજપિતામહ" એ પ્રમાણે બિરુદની પંક્તિને વહન કરતો દેવબુદ્ધિવડે જિનેશ્વરને અને ગુરુબુદ્ધિવડે શુદ્ધગુરુને નમન કરતો હતો. અંબડ હંમેશાં યાચકોને દાન આપે છે. તે કર્ણ વિક્રમાદિત્ય આદિ-દાનીની ખ્યાતિને પામ્યો. કુમારપાલ રાજા પરલોક પામે છતે તેની પાટ ઉપર અજયપાલ પોતાની જાતે બેસી ગયો. સર્વમંત્રી આદિ લોક નમે છતે પાપ વગરનો આમ્રભટ જિનેશ્વર વિના રાજાને ધર્મબુદ્ધિથી નમ્યો નહિ.

અજયપાલે કહ્યું હે આમ્રભટ ! જો તું મને નમન નહિ કરે તો મંત્રીમાં નાયક એવા આપને હણીશ. તે પછી અરિહંતના બિંબને પૂજીને અનશન લઈને મજબૂતપણે યુદ્ધ કરવા માટે મંત્રી ગયો. ચિત્તમાં અરિહંતને સ્મરણ કરતો મંત્રી નાયક- અંબડ દેવલોકમાં ગયો. કહ્યું છે. કે :-

ઉદયનો પુત્ર દેવલોકમાં ગયે છતે "કોઈએ શ્રેષ્ઠ સુભટ થવું કોઈ રીતે શ્રેષ્ઠ નથી, અને ધનને માટે યાચક થવું પણ શ્રેષ્ઠ નથી. મહાકૂટમાં નિપુણ એવા વૈશ્યાચાર્ય થવું એ પણ શ્રેષ્ઠ નથી. દૈવથી (ભાગ્યથી) દાનનો સમુદ્ર એવો ઉદયનનો પુત્ર દેવલોકમાં ગયે છતે પૃથ્વીતલમાં કેમ કરીને પણ વિદ્વાન-પંડિત ન થવું ઇત્યાદિ ઘણા પ્રકારે", તીર્થયાત્રાદિ પુણ્ય કરીને અંબડ સ્વર્ગમાં ગયે છતે લોકો પરસ્પર એ પ્રમાણે કહેવા લાગ્યા. આ મંત્રીશ્વર પુણ્યનું ઘર છે. પ્રાણીઓના હિતના આશયવાલો છે. તે ઘણું પુણ્ય કરીને સ્વર્ગઘરમાં ગયો

આ પ્રમાણે આમ્રભટ અંબડ મંત્રીની કથા સંપૂર્ણ.



બાહડ પટકૂલ બનાવનારાઓને પાટણમાં લાવે છે. તે સંબંધ.

વીસલદેવ નામનો રાજા શરૂઆતમાં પોતાને ત્યાં વણેલા પટકૂલને પહેરીને પછી બંબશહેરમાંથી હંમેશાં તે પટકૂલો (વસ્ત્રો) દ્રવ્યના લોભથી બીજા દેશમાં બીજે ઠેકાણે વેચે છે. હવે કુમારપાલરાજા અણહિલપુર પાટણમાં જિનેશ્વરની પૂજા કરતો પટકૂલ પહેરતો હતો. તે દિવ્યવસ્ત્ર દુર્લભ હોવાથી પાટણનો રાજા ધોતી માટે ઘરના ગભારામાં રાખતો હતો. બાહડે બાળકો સાથે નિરંતર ક્રીડા કરતા રાજાનું તે વસ્ત્ર ઘરની બહાર પહેર્યું. સાત દિવસ ગયે છતે અનુક્રમે તે રેશમી વસ્ત્ર મલિન થયેલું જોઈને રાજાએ પૂછ્યું કે આ કોણે મલિન કર્યું ? સેવકોએ કહ્યું કે હે દેવ ! મંત્રીનો પુત્ર બાહડ આ વસ્ત્ર વાપરતો હતો, તેથી આ મલિન થયું છે. બાહડને બોલાવીને એકદમ રાજાએ આ પ્રમાણે કહ્યું કે હે મંત્રીપુત્ર! આ રેશમી વસ્ત્ર જેમ તેમ વાપરવું ન જોઈએ. આવા પ્રકારનું વસ્ત્ર દૂરથી આવેલું દુર્લભ હોય છે.

હવે પછી તારે આ વસ્ત્ર વાપરવું નહિ. રાજાનું આ વચન સાંભળીને દુઃખી થયેલા બાહડે કહ્યું કે– મારાવડે અહીં પાટણમાં પટકૂલો લવાશે. તે પછી રાજાએ કહ્યું કે મંત્રીપુત્ર બાહડ ! હમણાં તું સુકુમાર છે. તેથી તું આ કદાગ્રહ છોડી દે. બંબેર પાટણમાં વીસલદેવરાજા શીશાનો કિલ્લો બનાવવાથી દેવોને દુઃખે કરીને જીતી શકાય એવો છે. કિલ્લાની ચારે તરફ અંગારાથી ભરેલી શ્રેષ્ઠ ખાઈ છે. ત્યાં પટકૂલને કરનારા સાતસો માણસો રહે છે. તેઓ વડે વણાએલાં રેશમી વસ્ત્રો પહેલાં રાજા ધારણ કરે છે. (પહેરે છે.) તે પછી તે બીજા દેશમાં જાય છે. ત્યાંના શ્રેષ્ઠીલોકો પ્રાયઃકરીને તે રેશમી વસ્ત્રો નિરંતર બીજા દેશમાં લઈ જઈને ધનવડે વેચે છે. બાહડે કહ્યું કે હે રાજન ! જ્યાં સુધી તે રેશમી વસ્ત્રો કરનારા મારાવડે અહીં લવાશે નહિ ત્યાં સુધી મારે એક વખત ભોજન જમવાનું. તેની આવા પ્રકારની આકૃતિ જોઈને રાજાએ પોતાની મોટીસેના આપીને બાહડને તે શત્રુને જીતવા માટે રવાના કર્યો. માતા–પિતા–દેવ–રાજા–અને સજ્જનોની પરંપરાને નમસ્કાર કરીને બાહડ ભક્તિવડે શ્રી શત્રુંજયને વિષે ગયો. (ત્યાંથી) બંબેર તરફ જતા મંત્રીપુત્ર બાહડે તે વખતે આ દેશોને જલદી સુખવડે હાથની લીલાવડે સાધ્યા.

જંગદ્દૂર – જડ્ડહાર ડગ– અજ્જપુર – નરાણક – નયન –વાહનાગડો – નરો – નરહણ – ખરજિઠાણ – સજ્જનાડ – મણિવાડ – ભગાઉ – શતંભરિ – વાગેરાં – લડનુર – ગૌકરણ – નૂરજરિ – જંપેરા – પીપલઉ – રથપુર – હક્કર – રાયપુર–મંડલપુર–મેલતૂજરિ–વિસલ–નારિ–લસી–પઇ–ગિતી તે પછી બલીવલી – એ પ્રમાણે દેશોને જીતતો મંત્રીપુત્ર જેટલામાં બંબેર પાસે ગયો તેટલામાં આકાશ રજથી વ્યાપ્ત થયું. આ બાજુ વીસલદેવે એકદમ પોતાની સહચરી (પત્ની) ને કહ્યું. કે ઘોડાના હેષારવ અને આકાશની રજથી મોટું સૈન્ય દેખાય છે. શત્રુના સૈન્યને આવેલું જાણીને રાણીએ રાજાને કહ્યું હે સ્વામી ! તમારા સૈનિકો આળોટે છે. કુમારપાલનો મુખ્યમંત્રી બાહડ મોટા સૈન્યસહિત કેડને વિષે તલવાર કરીને આવી પહોચ્યો. સૈન્ય સહિત બાહડને નગરીની બહાર જલદી આવેલો

સાંભળીને શત્રુ સાથે યુદ્ધ કરવા આવ્યો. તે વખતે યમસરખા બાહડે શત્રુસાથે યુદ્ધ કરતાં વીસલદેવ રાજાને યુદ્ધની ભૂમિમાં હણ્યો. બાહડનેશત્રુનું સમસ્ત સૈન્ય અને તેનો પુત્ર પણ મલ્યો. અને તે પુત્ર ભક્તિવડે તેનાં ચરણકમલની સેવા કરે છે. તે વખતે વીસલદેવ રાજાની પ્રિયાએ પોતાના પુત્રના રાજ્યને માટે બાહડની આગળ જલદી આવીને પ્રગટપણે મોટે સ્વરે કહ્યું.

बाहउ चउ पटमल्ल, सल्ल सयल रिपुहियस्स;
तूं जिसरि ओ जमजओ, सेवय वेरिणो निच्चं ।।१।।

હે ચોપાટમાં મલ્લ. ને સઘળા શત્રુનાં હૃદયને શલ્ય. તું જે બાજુ છે ત્યાં યમથી જિત છે. અને શત્રુઓ હંમેશાં સેવા કરે છે. (૧) હે બાહડ! તુંજ મારા પુત્રને હીન અથવા મોટો કરીશ. હે અંબડ ! તુંજ હવે પછી નિશ્ચે મારા પુત્રનો સ્વામી છે. ઇત્યાદિ બોલવામાં તત્પર શત્રુની સ્ત્રીને જાણીને બાહડે વીસલદેવના પુત્રને હર્ષવડે રાજ્ય આપ્યું. નગરીની અંદર જિનમંદિરોમાં જિનેશ્વરોને નમસ્કાર કરી અને પૂજા કરી. અને પૂજાને માટે ઘણો વૈભવ મૂક્યો. અને પાંચસો પટકૂલ કરનારાઓને બાહડમંત્રીશ્વર વેગથી તે નગરમાંથી લઇ ગયો. પાટણમાં રાજાએ પોતાના છત્રની નીચે પટકૂલ કરનારાઓને પાણીવડે નવડાવીને જલદી પોતાની જાતે શુદ્ધ કર્યા. રાજાએ નગરીની અંદર મોટા આવાસો કરાવીને તે વસ્ત્ર કરનારાઓને સન્માન પૂર્વક આપ્યા. રાજાએ બાહડને ઘણાં ગામ ઘણાં નગર–ને ઘણા ઘોડાઓ સન્માન પૂર્વક આપ્યાં. તે પટકૂલ કરનાઓનાં શ્રેષ્ઠ ઘરોની પરંપરાને જોવા માટે નગરીના લોકો જલદી જલદી આવે છે. તેનાં વણેલાં પટકૂલો વડે શ્રી સંઘની પહેરામણી કરતો રાજા પોતે તે વસ્ત્ર પહેરે છે. અને લોકો પણ પહેરે. છે. રાજાની પાસેથી ઘણી લક્ષ્મીને પામેલા બાહડે તે લક્ષ્મી પિતાને આપીને માતા તથા પિતાને હર્ષવડે નમસ્કાર કર્યો.

શ્રી બાહડે પટકૂલ બનાવનારાઓને પાટણમાં લાવી વસાવ્યા તેનો સંબંધ સમાપ્ત

બાહડના ઉદ્ધારની કથા

સસુર નામના શત્રુને સોરઠ દેશમાં હંમેશાં પ્રજાઓને લૂંટતાં સાંભળીને રાજાએ કહ્યું કે–ક્યો સેવક તેને જીતવા માટે જશે? દુર્જય એવા તે શત્રુને જાણીને કોઇ પણ સેવક બોલતો નથી. ત્યારે ઉદયન મંત્રીએ કહ્યું કે હમણાં મને આદેશ આપો. રાજાએ આપેલા સૈન્યને લઇને મંત્રીપુંગવ ઉદયન શ્રી શત્રુંજયની પાસે જઇને આ પ્રમાણે હૃદયમાં

વિચારવા લાગ્યો. વાલાક્કદેશનો સ્વામી સસુર શત્રુ દુષ્ટચિત્તવાલો છે. તે રાજા બલવડે અને બાહુવડે દુઃખે કરીને જીતી શકાય એવો છે. યુદ્ધ કરતાં પુરુષોને જીવતરને વિષે સંદેહ થાય. તેથી હું શ્રી ઋષભદેવને નમીને તે પછી શત્રુનો વધ કરીશ, તે વખતે ઉદયન શ્રી સિદ્ધગિરિની નીચે સૈન્યને મૂકીને સુંદર પરિવારવાળો પ્રગટપાગે શ્રી સિદ્ધગિરિ ઉપર ચઢયો. વિસ્તારથી પૂજા કરીને યથોચિત દાન આપીને ઉદયમંત્રી પ્રભુની આગળ બેઠો . તે વખતે અકસ્માત ઉંદરને સળગતી એવી દિવેટને લઈને જિનમંદિરના છિદ્રમાં જતાં એવો તેને મંત્રીશ્વરે જોયો. મંત્રીએ વિચાર્યું કે આ જિનમંદિર કાષ્ઠમય છે. રાત્રિમાં જો બળી ગયું હોય તો તીર્થની શું દશા થાત ? જ્યાં સુધી મારાવડે લક્ષ્મીનો વ્યય કરી આ ઋષભદેવ જિનેશ્વરનો પ્રાસાદ પથ્થરમય ન કરાવાય. અને શ્રેષ્ઠ-ભૃગુકચ્છ પુરમાં- (ભરુચમાં) શ્રી મુનિસુવ્રતસ્વામીના તીર્થનો સુંદર ઉદ્ધર ન કરાવાય. ને આશાપલ્લીમાં પોતાના નામવડે પ્રથમ તીર્થંકર એવા પ્રભુનો પ્રાસાદ મારાવડે ઘણા ધનનો વ્યય કરી ન કરાય ત્યાં સુધી મારે એકજ વખત જમવું અને પૃથ્વીપર સૂવું. આ પ્રમાણે અભિગ્રહ મંત્રીએ પ્રભુની દષ્ટિ આગળ લીધો.

ફરીથી સવારે પ્રભુને નમીને સ્તુતિ કરીને સૈન્યની અંદર આવીને શુદ્ધ શ્રાવકો સહિત પારણું કર્યું. મંત્રીરાજે હાથી અને ઘોડાઓને બખ્તર પહેરાવીને ત્યાં જઈને વાળાકના સ્વામી સાથે યુદ્ધ કરવા પ્રવર્ત્યો. તે વખતે ઉદયન મંત્રીશ્વરે શત્રુની સાથે તેવી રીતે યુદ્ધ કર્યું કે જેથી તે સસુર યમમંદિરમા ગયો. શત્રુનું સૈન્ય નાસતે છતે કોઈક તેવી રીતે બાણની શ્રેણી નાંખી કે જેથી તે ઉદયન મંત્રીશ્વર ત્રણ બાણવડે વીંધાયા, મંત્રીશ્વર પૃથ્વીપર પડી ગયે છતે મંત્રીશ્વરના સુભટો યુદ્ધની તપાસ કરતાં મંત્રી પાસે આવ્યા. શ્વાસલેતાં મંત્રીશ્વરે કહ્યું કે હે સેવકો હમણાં કોણ જીત્યું ? સુભટોએ કહ્યું-શત્રુને મારી નાંખવાથી હમણાં તમે જીત્યા છો. મંત્રીએ કહ્યું કે હમણાં મારા પ્રાણો દુઃખથી જશે. સુભટોએ કહ્યું કે હે સ્વામી ! તમને હમણાં શું દુઃખ છે ? મંત્રીએ પોતે જે અભિગ્રહ કર્યો હતો. તે કહીને તેઓએ કહ્યું કે મારો પુત્ર બાહડ મારો અભિગ્રહ જાણે તો સારું. પત્ર આપનારા સેવકે કહ્યું કે જ્યાં સુધી તમારો અભિગ્રહ તમારા પુત્રને ન કહું ત્યાં સુધી તમારો નિયમ મારો થાઓ તે પછી મંત્રીએ કહ્યું કે અહીં જો બે સાધુઓ આવે તો આરાધના કરીને જલદી હું શુભગતિમાં જઈશ તે વખતે ત્યાં જલદીથી સાધુવેશને ધારણ કરનારા બે વંઠોએ આવીને તેને (મંત્રીને) સુખપૂર્વક સારીરીતે આરાધના કરાવી. (અહીં આરાધનામાં પુણ્ય પ્રકાશનુંસ્તવન વગેરેનું પ્રકરણ કહેવું) અહીં ભવરાશિ ખમાવ્યે છતે હૃદયમાં નવકારને યાદ કરતા મંત્રીશ્વર તે વખતે સર્વઆયુષ્યનો ક્ષય થયે છતે સ્વર્ગલોકમાં ગયા. તે દેશમાં પોતાના સેવકને મૂકીને બાકીના સૌએ આવીને રાજાની પાસે શત્રુને જીતવાનું વચન કહ્યું . છડીધર પાસેથી પિતાનો તીર્થના ઉદ્ધારનો અભિગ્રહ સાંભળીને બાહડે તરત જ પિતાનો અભિગ્રહ પોતે લીધો.

બાહડે તે વખતે પથ્થરમય જિનમંદિર કરાવવા માટે ત્યાં આવીને શ્રી સિદ્ધગિરિ ઉપર સૂત્રધારો (કારીગરો) ને મોકલ્યા. બે વર્ષે તેઓએ જિનમંદિર બનાવે છતે એક પુરુષે આવીને તે વખતે બાહડની પાસે કહ્યું કે હે સ્વામી ! તમારા પિતાના ચિત્તમાં વિચારેલ શ્રી સિદ્ધગિરિ ઉપર પ્રથમ અરિહંતના મંદિરની પૂર્ણતા થવાથી પૂર્ણ થયું. તે પછી તેણે સુવર્ણની જીભ અને પાંચ અંગનાં વસ્ત્રો તે (પુરુષને) આપી ઘણું દાન આપતાં મંત્રીએ ઉત્સવ કર્યો. બીજા પ્રહરે શ્રી સિદ્ધગિરિ ઉપરથી કૃષ્ણમુખવાલા બીજાપુરુષે બાહડની પાસે આવી ને આ પ્રમાણે કહ્યું. તમારાવડે શ્રી સિદ્ધગિરિઉપર જે મોટો ઋષભદેવનો પ્રાસાદ કરાયો હતો. તે પંચમીના દિવસે પ્રચંડવાયુવડે પાડી નંખાયો. તેને મંત્રીશ્વરે સોનાની બે જીભ આપી અને મોટું દાન આપી બમણો ઉત્સવ કર્યો તે પછી મંત્રીશ્વરની પાસે પરિવારે આ પ્રમાણે કહ્યું કે આ અશુભ સમાચાર

કહેનારા મનુષ્યને વધારે કેમ અપાયું ? મંત્રીએ કહ્યું કે હું જીવતે છતે પ્રાસાદ પડી ગયો તો હું દ્રવ્યનો વ્યય કરી ઉદ્ધાર કરાવીશ. જો મારા મરણ પછી જિનમંદિર પડી ગયું હોત તો તેવા પ્રકારની લક્ષ્મીના અભાવથી ઉદ્ધાર કરાવનાર કોણ થાત ? તે પછી મંત્રીએ શ્રી શત્રુંજયઉપર જઈને પ્રાસાદ કરનારાઓને બોલાવીને કહ્યું કે જિનમંદિરનો પાત (પડવું) કેમ થયો? સલાટે કહ્યું કે તમારાવડે ભમતી સહિત પ્રાસાદ કરાવાયો હતો. હમણાં તેમાં વાયુપ્રવેશ થવાથી જલદી પડી ગયો. જો ભમતીરહિત જિનમંદિર કરાવાય તો (મંદિર) સ્થિર થાય. પરંતુ તે રીતે કરાવનારને આગળસંતતિ ન થાય. બાહડે કહ્યું કે મારે સંતતિની બુદ્ધિવડે સર્યું. સંતાનવડે ક્યો મનુષ્ય સ્વર્ગ અને મોક્ષમાં જાય છે. ?

સ્વર્ગ અને મોક્ષમાં જવા માટે જિનેશ્વરોએ કહેલો ધર્મજ અર્થમય છે. તેથી મારાવડે જલદી જિનમંદિર કરાવાશે. ક્રૂરી–બકરી અને શુકરીને ઘણાં સંતાન દેખાય છે. ઘણાં સંતાન હોવા છતાં પાપ તેઓનો સ્વર્ગ થતો નથી. ભમતી સહિત જિનમંદિર કરાવનારા હર્ષથી નિશ્ચે ભરતરાજા વગેરેની પંક્તિમાં થાય. હે સલાટ ! તો મારું શુભ શું થાય ? આથી તું ભમતી વગરનું શ્રી આદિ જિનેશ્વરનું મંદિર બનાવ. તે પછી ઘણું ધન આપે છતે તે સલાટો ભમતી વગરના જિનમંદિરને બનાવવા માટે પ્રવર્ત્યા. તે સલાટોએ થોડા દિવસમાંજ ઘણું ધન પ્રાપ્ત કરી ભમતી વગરનું જિનેશ્વરનું મંદિર હર્ષવડે પૂર્ણ કર્યું. શ્રી સિદ્ધગિરિ ઉપર ભમતી વગરનું જિનમંદિર તૈયાર થયે છતે દશ લાખ પ્રમાણ શ્રી સંઘ ત્યાં શ્રી સિદ્ધગિરિ ઉપર ભેગો થયો. શ્રી હેમચંદ્રસૂરિજીએ સારા દિવસે બિંબની પ્રતિષ્ઠા કરી, બાહડ મંત્રીશ્વરે ઘણી લક્ષ્મી વાપરી. શ્રી સિદ્ધગિરિ ઉપર બાહડ મંત્રીશ્વરે ભમતી વગરના જિનમંદિરમાં એક કરોડ અને ૬૭ અધિક સોનામહોરો હર્ષપૂર્વક ખર્ચી કહ્યું છેકે:–જેમાણે ૧–કરોડને સડસઠ અધિક સોનામહોરો વાપરી તેવા વાગભટ્ટ દેવ પંડિતોવડે કેમ વખાણાય નહિ ? વિક્રમાદિત્યથી ૧૨૨૪ વર્ષ ગયે છતે બાહડ મંત્રીશ્વરે શ્રી સિદ્ધગિરિ ઉપર શ્રી ઋષભદેવનું મંદિર કરાવ્યું. બાહડ મંત્રીશ્વરે વિમલગિરિના નીચેના ભાગમાં કિલ્લા સહિત સ્વર્ગ સરખું નગર પોતાના નામે વસાવ્યું. અને ત્યાં પોતે કરાવેલા ત્રિભુવનપાલ–વિહારમાં–મંદિરમાં બાહડે ઘણા ધનનો વ્યય કરી શ્રી પાર્શ્વનાથ પ્રભુનું બિંબ સ્થાપન કર્યું. તીર્થપૂજા માટે પ્રયોજન પ્રમાણે શ્રેષ્ઠવાડી પોતાના વૈભવથી ને તીર્થપ્રત્યેની ભક્તિથી બાહડે કરાવી. અને ઉત્તમ એવા બાહડે ત્યાં તીર્થની રક્ષા કરવા માટે શ્રી શ્રીમાલી જ્ઞાતિમાં ઉત્પન્ન થયેલા શ્રેષ્ઠ વણિકોને ત્યાં નિવાસ કરાવ્યો. અને બાહડે તેઓને આજીવિકા માટે ખેતરો આપ્યાં. તે વખતે બાહડે–૧૩–કરોડ સોનામહોર વાપરી, રૈવતગિરિઉપર પ્રભુને માટે પાગ કરાવી (રસ્તો બનાવ્યો) તેમજ છ કરોડ સોનામહોર વાપરી આમ્રભટે ભરુચમાં શ્રી મુનિસુવ્રતસ્વામીના મંદિરનો ઉદ્ધાર કર્યો.

द्वात्रिंशद् द्रम्मलक्षा भृगुपरवसते: सुव्रतस्यार्हतोऽग्रे;
कुर्वन् मङ्गल्यदीपं, ससुरनरवर श्रेणिभि: स्तूयमान:;
योऽदादर्थिव्रजाय त्रिजगदधिपते: सद्गुणोत्कीर्त्तनायां,
स श्रीमानाम्रदेवो जगति विजयते, दानवीराग्रयायी।।

ભરુચમાં વસતા શ્રી મુનિસુવ્રત સ્વામી અરિહંતની આગળ મંગળદીપક કરતાં, દેવ અને મનુષ્યોની શ્રેણીથી સ્તુતિ કરાતાં એવા જેમાણે ત્રણ જગતના સ્વામીના સદ્ગુણોના વખાણ કરતા યાચકોના સમૂહને બત્રીશ લાખ દ્રમ્મ

આપ્યા, તે દાનવીરોમાં અગ્રેસર શ્રી આમ્રદેવ (આંબડ) જગતમાં વિજયવંત છે.

આશાપલ્લીમાં પિતાના નામે જિનમંદિર કરાવીને બાહડે તેમાં મોટું શ્રી ઋષભદેવપ્રભુનું બિંબ સ્થાપન કર્યું. બાહડ મંત્રીશ્વર શ્રી શત્રુંજય અને ઉજ્જયંત તીર્થની મોટા સંઘ સહિત ઘણા ધનનો વ્યય કરી, યાત્રા કરી, બાહડે હર્ષપૂર્વક આઠ સૂરીશ્વરનાં પગલાં કરાવ્યાં. અને જુદાં જુદાં પચ્ચીશ જિનમંદિરો કરાવ્યાં. પાષાણમય આઠ હજાર મોટાં બિંબો કરાવ્યાં. ને સાત ધાતુમય આઠસો ને છ જિનબિંબો કરાવ્યાં. સુવર્ણ-રુપામય્હીની સાહી વડે સાત જ્ઞાનભંડાર બાહડે લખાવ્યા. તેમજ બીજાં લાખો પ્રમાણ પુસ્તક લખાવ્યાં સાધર્મિકોના સમૂહને એક એક હજાર સોનામહોર આપીને મંત્રીશ્વર બાહડે વૈભવ આપવાથી તેઓને ખુશ કર્યા. દરવર્ષ પ્રત્યે નવને પાંચ (૧૪) (ચૌદ) સાધર્મિક વાત્સલ્ય બાહડ કરતો હતો. ને પાંચ સંઘપૂજન કરતો હતો.

એક વખત કુમારપાલ રાજા પાસે આવીને કોઈકે કહ્યું કે બાહડ હંમેશા લાખો સોનાના ટંકનું દાન આપે છે. સ્વામીથી હંમેશાં યાચકોને અધિક દાન આપતો અહીં વખાણાય છે. આથી હે રાજન ! તેને હમણાં શિક્ષા આપવી જોઈએ. તે પછી રોષ પામેલા રાજાએ પૂછ્યું કે હે બાહડ ! તું મારા કરતાં વધારે દાન આપતો કઈ રીતે થયો ? ત્યારે બાહડે કહ્યું કે તમારા પિતા ત્રિભુવનપાલ બાર ગામના સ્વામી હતા. હમણાં મારા પિતા અઢાર દેશના અધિપતિ છે. પિતા એવા તમારા બલથી મારાવડે યાચકોને આદરપૂર્વક ઘણું દાન અપાય છે. માટે હે સ્વામી ! તમારો રોષ ઇચ્છવા યોગ્ય નથી. તે પછી હર્ષપામેલા કુમારપાલે બાહડને ઘણા સન્માન પૂર્વક ઘણું ધન આપ્યું. આ પ્રમાણે બાહડે ઘણા પ્રકારે જેજે પુણ્ય કાર્યો. કર્યા તેઓની સંખ્યા પંડિતો પણ કરી (જાણી) શકતા નથી

આ પ્રમાણે- બાહડના-ઉદ્ધારની કથા સમાપ્ત



સાત વાહન રાજાના ઉદ્ધારની કથા

દક્ષિણ દિશાના આભૂષણરૂપ પ્રતિષ્ઠાન નામના નગરમાં બે બ્રાહ્મણો બહેન સહિત વિદેશમાંથી આવ્યા. કોઈક કુંભારની શાલામાં બહેન સહિત તે બન્ને બ્રાહ્મણો રહ્યા. અને દાણાના નિર્વાહવડે પોતાનો નિર્વાહ કરતા હતા. એક વખત તે બ્રાહ્મણની બહેન પાણી લાવવા માટે ગોદાવરી નદીએ ગઈ. તેટલામાં ત્યાં શેષનાગ આવ્યો. તેણીના રૂપવડે મૂઢ થયો છે આત્મા જેનો એવા મનુષ્યરૂપને ધારણ કરનારા શેષનાગે એકાંતમા રહી તેણીની સાથે બળાત્કારે ભોગો

ભોગવ્યા. સાતધાતુરહિત તે શેષનાગ હોતે છતે (શુક્ર) વીર્યના પુદ્ગલોનો સંચાર કરી તે બ્રાહ્મણની બહેનને દિવ્ય શક્તિવડે ગર્ભ થયો. તે પછી શેષનાગે આ પ્રમાણે કહ્યું. હું નાગોનો સ્વામી દેવ છું. હમણાં તું મારાવડે ભોગવાઇ છે. દેવોને શુક્રના પુદ્ગલો હોય છે? જેના સંપર્કથી દેવીઓને ગર્ભ થાય ? (તે દિવ્ય પ્રભાવથી જાણવું) ભગવંત કહે છેકઃ– હોય છે. પરંતુ તે વૈક્રિય–શરીરની અંતર્ગત હોય છે. તેથી તે ગર્ભધારણકરવામાં હેતુભૂત થતા નથી, અને તે પુદ્ગલો તે દેવીઓના કાન આદિ ઇન્દ્રિયપણે છે. સ્પર્શ–રુપ–શબ્દ મનથી સેવન કરતી દેવીઓને વિષે પણ જે શુક્ર પુદ્ગલોનું સંક્રમણ થાય છે. તે દિવ્ય પ્રભાવથી જાણવું.

કાયથી સેવન કરનારાઓને તો સ્પષ્ટ જ છે. આ પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્રની ટીકામાં છે. અહીં શુક્ર એતો ઉપલ ક્ષણ છે. પરંતુ વૈક્રિય સંબંધી સાતે ધાતુઓ હોય છે. પરંતુ પરિશેષપણાથી ઔદારિક શરીરમાં તે ગર્ભાધાનમાં કારણ ભૂત થાય છે.

તારે સંકટ આવે છતે નિશ્ચે મને યાદ કરવો. તે પછી તે શેષનાગ પોતાના સ્થાનમાં ગયો. તેણીએ પોતાની જે વિચેષ્ટા અંશમાત્ર પણ બન્ને ભાઇઓની આગળ ન કહી. પરંતુ ગર્ભવૃદ્ધિ પામે છતે બહેનના ગર્ભને જોઇને તે બન્ને ભાઇઓ વિચારવા લાગ્યા કે કોઇ ઠેકાણે અકાર્યનું સેવન કરવાથી આનાવડે શીલખંડન કરાયું છે. એ પ્રમાણે વિચારીને બહેનને જલદી બ્રાહ્મણની પાસે મૂકીને જણાવ્યા સિવાય તે બન્ને કોઇ ઠેકાણે દેશાન્તરમાં ગયા. પારકાના ઘરમાં કામોને કરતી વૃદ્ધિ પામતો છે ગર્ભ જેનો એવી તેણીએ સમય પ્રાપ્ત થયે છતે શ્રેષ્ઠ પુત્રને જન્મ આપ્યો.

સરખી વયવાલા બાલકો સાથે હર્ષવડે હંમેશાં રમતાં તે બાલકે અનુક્રમે રાજા થઈને હાથી–ઘોડા આદિ સેના હર્ષવડે કરી. માટીમય હાથી–ઘોડા આદિવડે અને પોતાના કરેલા સમાન વયવાળા સુભટો સાથે "રાજા" એ પ્રમાણે નામથી તે બાળક રમે છે. માટી મય હાથી–ઘોડા વગેરે બનાવી બનાવીને તે બાળક સમાનવયવાળાઓનો રાજા થઈને નિરંતર આપે છે. ધાતુની અંદર ધન્ ધાતુનો અર્થ દાન હોવાથી તે બાલકનું લોકોએ તે વખતે સાતવાહન નામ આપ્યું. પોતાની માતાવડે ભણાવાતો તે બાલક સાતવાહન ઘણાં શાસ્ત્રના અર્થને જાણેછે અને અત્યંત નિર્મલ બુદ્ધિ પામે છે.

આ બાજુ ઉજ્જયિની નગરીમાં વિક્રમાદિત્યરાજા રાજ્ય કરતે છતે કૃષ્ણ બ્રાહ્મણ ઘણો વૃદ્ધ થયો. ઘડપણમાં ચારે પુત્રોને બોલાવીને બ્રાહ્મણે કહ્યું કે હું મરી ગયે છતે તમારે એક વખત પણ ક્રજિયો ન કરવો. ઘરના ચારે ખૂણામાં ચારકુંભ છે. તે તમારા નામથી નિશ્ચિત છે. તે તમારે ગ્રહણ કરવા. તે વખતે તે પુત્રોએ પિતાનું વાક્ય સ્વીકારે છતે તેજ વખતે પિતા સ્વર્ગમાં ગયો. તેથી તેના પુત્રોએ તેને દાહ આપ્યો. પિતાનું પ્રેતકાર્ય કરીને તે પુત્રો ચારે ઘડાઓને બહાર કાઢીને (તુષ) છોતરાં–ને હાડકાં વગેરે જોઇને ક્રજિયો કરે છે.

તે બ્રાહ્મણ પુત્રો નિરંતર વિવાદ કરતે છતે તે નગરમાં કોઇ માણસે તેઓનો નિર્ણય ન કર્યો તે પછી તે ભાઇઓ શ્રેષ્ઠ પ્રતિષ્ઠાનપુરમાં ગયા. અને તેઓ બોલ્યા કે કોઇ બલવાન માણસ અમારા વિવાદને ભાંગશે ? તે પછી અધિકારીઓ બોલ્યા કે હમણાં તમારો ક્યો વિવાદ છે ? તેઓએ કહ્યું કે મરતાં એવા અમારા પિતાએ અમને ચારેને કહ્યું હતું કે

ચારે કળશોમાં જ દરેકમાં તમારા માટે છે. તે હે મંત્રીશ્વરો ! શ્રેષ્ઠ બુદ્ધિવાળા તમે સાંભળો. પહેલાં કળશમાં સોનુંછે. બીજામાં કાળી માટી છે. ત્રીજામાં છોતરાં છે. અને ચોથા કળશમાં હાડકાં જોવાયાં છે.

કોઇ પુરુષે આ વિવાદ ભાંગ્યો નથી. ત્યારે સાતવાહનેજ તેઓનો વિવાદ ભાંગ્યો. જેના કળશમાં સોનું હતું તે બધું સોનું લે. જેના ઘડામાં માટી હતી તેનાં બધાં ખેતરો. જેના કુંભમાં છોતરાં હતાં તે નિશ્ચે સર્વ ધાન્ય લે, જેના ઘડામાં હાડકાં છે. તે દ્વિપદ ને ચતુષ્પદ પ્રાણીઓ લે.

તેઓના વિવાદ ભાંગવાથી લોકોમાં તેની પ્રસિદ્ધિ થઇ. અનુક્રમે પ્રતિષ્ઠાનપુરમાં માટીમય અશ્વ વગેરે કરી કરીને તે રાજા થયો છે. તેણે પોતાના હાથના પરાક્રમવડે ઘણા દેશોને સાધ્યા. તેને વાત્સલ્ય કરનારા હંસ ને વત્સ નામે બે પુત્રો થયા. તે બન્નેએ આ રાજાનું સર્વવૃત્તાંત જાણ્યું

એક વખત ગોદાવરીના કિનારે જેટલામાં સાતવાહન આવ્યો તેટલામાં પાણીમાંથી માછલાએ નીકળીને ઘણું હાસ્ય કર્યું. રાજાએ કહયું કે હે મત્સ્ય! તારાવડે હાસ્ય કેમ કરાય છે ? માછલાએ કહયું કે રમાનગરીમાં સોમ અને ભીમ સગાભાઇઓ હતા. તેઓ ગરીબ હતા જંગલમાંથી લાકડાં લાવીને વેચીને હંમેશાં પોતાનો નિર્વાહ કરતા હતા.

તે વખતે લાકડાં માટે વનમાં ગયેલા આપવડે સાધુને માસક્ષમણના પારણે ભાવથી સાથવો અપાયો. તે દાનના પુણ્યવડે તું અહીં રાજા થયો છે. તેથી ધન હોય તો પ્રાણીએ આદરથી દાન આપવું જોઇએ. રાજાએ કહયું કે હે મત્સ્ય તને મારી કઇ ચિંતા ? માછલાએ કહયું કે તેં જ્યારે પૂર્વભવમાં દાન આપ્યું હતું તે વખતે તેં સાધુને આપેલા દાનની મેં અનુમોદના કરી હતી. આથી હું દેવ થઇને તને જણાવવા માટે આવ્યો છું.

રાજા કહે છે કે મારી પાસે સોનું અને તેવા પ્રકારની લક્ષ્મી નથી, દેવે કહયું કે નદીના આ સ્થાને દ્રહની પાસે સોનાને કરનારો રસ છે. હે રાજા ! તે તું ગ્રહણ કર. પૂર્વભવના સ્નેહથી મેં અહીં આવી તમને જણાવ્યું છે. તે પછી તે રસમાંથી રાજા ઘણું સોનું બનાવીને યાચકોને ઇચ્છા મુજબ હર્ષપૂર્વક દાન આપે છે.

એક વખત નગરના ઉદ્યાનમાં શ્રી કાલિકાચાર્ય જ્યારે ગયા ત્યારે રાજા વંદન કરવા માટે આવ્યો. ધર્મદેશનાને કરતાં શ્રી કાલિકાચાર્યે રાજાની આગળ આ પ્રમાણે શ્રી શત્રુંજયનું માહાત્મ્ય કહયું. કહયું છે. કે :-

श्री शत्रुञ्जये तीर्थे - यात्रा सङ्घसमन्वितः ।
चकार तस्य गीर्वाण - शिवश्री र्नहि दुर्लभा ।।
वस्त्रान्नजलदानेन, गुरोः शत्रुञ्जये गिरौ ।
तद्भक्त्याऽत्र परत्रेह - जायन्ते सर्वसम्पदः ।।
शत्रुञ्जयाभिधेतीर्थे - प्रासादान् - प्रतिमाश्च ये ।
कारयन्ति हि तत्पुण्यं, ज्ञानिनो यदि जानते ।।

आदिसार्वादि बिम्बानि - मणिरत्नैश्च हेमभि: ।
रुप्यै: काष्ठै दृषद्भिर्वा - मृदा वा भावशुद्धित: ।।
एकाङ्गुष्ठादिसत् सप्तशताङ्गुष्ठावधि प्रभो: ।
य: कारयति बिम्बानि - मुक्तिश्रीस्तस्य वश्यगा ।।
एकाङ्गुलमितं बिम्बं - निर्मापयति योऽर्हताम् ।
एकातपत्रसाम्राज्यं, - लभते स भवान्तरे ।।

શ્રી શત્રુંજય તીર્થને વિષે સંઘસહિત જેણે યાત્રા કરી છે તેને દેવલક્ષ્મી ને મોક્ષલક્ષ્મી દુર્લભ નથી. શ્રી શત્રુંજયગિરિ ઉપર ગુરુને વસ્ત્ર અન્ન અને જલનાં દાનવડે અને તેની ભક્તિવડે આ લોક ને પરલોકમાં સર્વ સંપત્તિ થાય છે. "શ્રી શત્રુંજયનામના તીર્થને વિષે જેઓ પ્રાસાદ અને પ્રતિમાઓ કરાવે છે તે પુણ્ય જે જ્ઞાની હોય તેજ જાણે." જે (જીવ) આદિનાથ આદિ સર્વજ્ઞનાં બિંબો ભાવની શુદ્ધિથી-મણિ-રત્ન-સુવર્ણ-રુપા-કાષ્ઠ ને પથ્થરવડે અથવા તો માટી વડે એક અંગૂઠાથી માંડીને ૭૦૦-અંગૂઠા પ્રમાણ-પ્રભુનાં બિંબો જે કરાવે છે તેમને મુક્તિલક્ષ્મી વશ થાય છે." જે એક આંગળ પ્રમાણ અરિહંતોનું બિંબ કરાવે છે. તે ભવાંતરમાં એક છત્રીય સામ્રાજ્ય પામે છે. આ પ્રમાણે સાંભળી શુભચિત્તવાલો સાતવાહન રાજા ઘણા સંઘજનો સહિત શ્રી સિદ્ધિગિરિઉપર યાત્રા કરવા માટે ચાલ્યો. તે સંઘમાં શ્રેષ્ઠ સુવર્ણમય-૬૦-દેવાલયો હતાં. લાકડાંનાં સો દેવાલયો હતાં. ને લાખ પ્રમાણવાલા શ્રાવક કુટુંબો હતાં, ૯૯- લાખ નિર્મલ શ્રાવકો હતા. અને સો સંખ્યાવાલા આચાર્યો જિનેશ્વરને નમન કરવા માટે ચાલ્યા, શ્રી શત્રુંજયગિરિઉપર જઈને સંઘજન સહિત રાજાએ સ્નાત્રપૂજા વગેરે સમસ્ત અદભુત પુણ્ય કર્યું. સાતવાહન રાજાએ કંઈક પડી ગયેલા પ્રાસાદને જોઈને ઘણી લક્ષ્મીનો વ્યય કરી સારા દિવસે ઉદ્ધાર કર્યો. તે પછી રૈવતતીર્થમાં જઈને સંઘસહિત રાજાએ શ્રી નેમિનાથ જિનેશ્વરનો સ્નાત્ર આદિ ઉત્સવ કર્યો. અનુક્રમે પોતાના નગરમાં આવીને "સાતવાહન" નામનું સુંદર-બોંતેર દેવકુલિકા (દેરી) થી યુક્ત જિનાલય કરાવીને મૂલનાયક તરીકે શ્રીઋષભદેવપ્રભુને સ્થાપન કર્યા. તે પછી રાજાએ દેરીઓમાં(બીજા) જિનેશ્વરોની સ્થાપના કરી. સાતવાહન રાજાએ પોતાના દેશમાં ને પરદેશમાં આકાશને અડે તેવા ઊંચા ૩૦૦, પ્રાસાદો કરાવ્યા.

સાતવાહનરાજાના ઉદ્ધારની કથા સંપૂર્ણ.

શ્રી પાદલિપ્તસૂરિએ કરાવેલા ઉદ્ધારની કથા.

કોશલ નામના નગરમાં ધર્મમાં અગ્રેસર વિજય નામે રાજા હતો. તેને નયવિક્રમસાગર નામે મંત્રી હતો.. ને કુલ્લ નામે બુદ્ધિશાળી ચતુર એવો જૈન શેઠ હતો. ને તેને ''પ્રતિમાણા '' નામે ઉત્તમ શિયલને ભજનારી શ્રેષ્ઠ સ્ત્રી હતી. પુત્ર નહિ હોવાથી પુત્રને માટે ખેદ કરતી એવી તેણી ઘણું ધન આપી ઘણા લોકોને પૂછતી હતી.

એક વખત ''પ્રતિમાણા''એ વૈરુટ્યા દેવીને ભક્તિપૂર્વક તેવી રીતે આરાધી કે તે જલદી પ્રત્યક્ષ થઇ. અને બોલી કે હે પુત્રી ! તેં શા માટે અહીં મને યાદ કરી ? તું પોતાનું કાર્ય મને કહે. પ્રતિમાણાએ કહ્યું કે હમણાં મારે પુત્ર જોઇએ. વૈરુટ્યાએ કહ્યું કે હે પુત્રી ! વિદ્યાધર નામના વંશને વિષે સર્વવિદ્યારૂપી સમુદ્રના પારગામી શ્રી કાલિકાચાર્ય છે. તે વિદ્યાધર ગચ્છમાં બીજા શ્રેષ્ઠ આચારવાલા શ્રી આર્યનાગહસ્તિ આચાર્ય છે તે હમણાં અહીં આવ્યા છે, તે આચાર્યના પગનું પાણી જો તું હમણાં પીવે તો તારું ચિંતવેલું ચિંતવન કરતાં નિશ્ચે અધિક થશે.

તે પછી હર્ષ પામેલી એવી તે જઇને બળાત્કારે શિષ્યના હાથમાં રહેલા પાત્રમાંથી ગુરુનાં ચરણના પાણીને ઉત્તમ ભક્તિથી ભાવિત એવી તેણીએ પીધું . તે પછી ગુરુનાં ચરણોને નમીને શ્રેષ્ઠી પત્નીએ કહ્યું કે વૈરુટ્યાના વચનથી મારાવડે તમારા ચરણનું પાણી પિવાયું છે. ગુરુએ કહ્યું કે મારાથી દશ હાથને આંતરે રહેલી હે ધર્મશાલિની ! તેં અમારા ચરણનું પાણી પીધું છે તેથી તારો પ્રથમ પુત્ર દશ યોજનમાં રહેલો શ્રેષ્ઠ મોટો વિદ્યારૂપી સમુદ્રનો પારંગત થશે. એમાં સંશય નથી. પછી બીજા શ્રેષ્ઠ નવ પુત્રો અનુક્રમે થશે. શ્રેષ્ઠી પત્નીએ કહ્યું કે પહેલો પુત્ર તમને અપાશે. ગુરુએ કહેલું પતિની આગળ તેણીએ કહયે છતે તે વખતે આદરથી હર્ષપામેલા શેઠે કહ્યું કે ગુરુએ કહેલું જલદી સાચું થશે..

કાલ પ્રાપ્ત થયે છતે સારા દિવસે શેઠાણીએ નાગેન્દ્રના સ્વપ્નથી શોભતાં શ્રેષ્ઠ લક્ષણથી લક્ષિત પુત્રને જન્મ આપ્યો. પિતાએ જન્મોત્સવ કરીને પુત્રનું નાગેન્દ્ર નામ આપ્યું. તે પછી તે શરીરના અવયવોવડે અને ગુણોવડે પુષ્ટિ પામ્યો. આઠમા વર્ષે આચાર્યે તે બાલકને દીક્ષા આપી. અને મહાબુદ્ધિશાળી તેને ભણવા માટે સોમમુનિની આગળ મૂક્યો. તે નાના સાધુ બાલકપણામાં પાગ અર્થ ને સૂત્રની સાથે લક્ષણ – છંદ – અલંકાર અને કવિતા આદિ ઘણાં શાસ્ત્રો ભણ્યો. તે પછી તે ક્ષુલ્લક (બાલસાધુ) શ્રી કાલિકાચાર્યની પાસે વિશેષ શાસ્ત્રોને ભણતાં ગુરુના વિનયને કરે છે. એક વખત ફરીને આવીને ગુરુવડે પ્રેરણા કરાયેલો તે બાલસાધુ સુંદર એવી ગાથાવડે પાણીની આલોચના કરતો હતો.

अंबं तंबच्छीए अपुप्फियं पुष्कदंतपंतीए।
नवसालिकंजियं नव वहूइ कुडएण मे दिन्नं ।।१।।

લાલ આંખવાલી – પુષ્પ સરખા દાંતની પંક્તિવાલી એવી નવવધૂએ ખાટી તાજી નવા ચોખાની કાંજી મને કુડવવડે આપી.

બાલકના મુખેથી પ્રગટ ચમત્કાર કરનારી આ ગાથા સાંભળીને કાલિકાચાર્યે આદરથી તેનું ''પલિત્ત'' નામ આપ્યું. હે શિષ્ય ! શ્રૃંગારથી ગર્ભિત વચન બોલવાથી તેમજ સાંભલવાથી તારું નામ હું પ્રદીપ્ત કરું છું. નાગેન્દ્ર સાધુએ કહ્યું કે હે પ્રભુ ! મારા નામમાં મહેરબાની કરીને એક માત્રા વધારો. જેથી હું પાલિત્ત નામે થાઉ, જેથી તમે જાણાવેલા નામનો ભાવાર્થ થાય. આકાશમાં જવાના ઉપાયભૂત – પાદલેપ નામની સુંદર વિદ્યા મને આપો. જેથી હું આકાશ ગમન કરનારો થાઉ. તેજ વખતે તે સાધુને પાદલિપ્તક એ પ્રમાણે નામ આપીને ગુરુ મહારાજે આકાશગમન કરનારી વિદ્યા આપી. બાલક એવા પણ પાદલિપ્ત નિરંતર તપ કરે છે. ને સંયમમાં કોઇ ઠેકાણે પ્રમાદ કરતા નથી. દશવર્ષનો થયેલો તે ક્ષુલ્લક પાદલિપ્ત – સારા ઉત્સવપૂર્વક આચાર્યવડે સૂરિપદમાં સ્થાપન કરાયો. નાના એવા પણ તે આચાર્ય ઉત્તમ શિષ્યોથી યુક્ત હંમેશાં – ઘણા શ્રાવકોને જિનેશ્વરે કહેલા ધર્મને વિષે બોધ પમાડતો હતો. શત્રુંજય – ઉજ્જયંત – અષ્ટાપદ – અર્બુદગિરિ અને સંમેતશિખરને વિષે વિધિપૂર્વક દેવોને વંદન કરીને (આ પંચ તીર્થી છે)

अट्ठावयम्मि उसभो, सिद्धिगओ वासुपुज्ज चंपाए।
पावाए वद्धमाणो, अरिट्ठनेमि य उज्जिंते।।१।।
अवसेसा तित्थयरा, जाइजरामरणबंधणविमुक्का।
सम्मेयसेलसिहरे, वीस परिनिव्वुए वंदे।।२।।

અષ્ટાપદઉપર શ્રી ઋષભદેવ સિદ્ધિ પામ્યા, ચંપાપુરીમાં વાસુપૂજ્ય મોક્ષ પામ્યા. પાવાપુરીમાં વર્ધમાન સ્વામી મોક્ષ પામ્યા. ઉજ્જયંતગિરિઉપર અરિષ્ટનેમિ મોક્ષ પામ્યા. બાકીના – ૨૦ – તીર્થંકરો સમ્મેતશૈલનાશિખર ઉપર જન્મ – જરા ને મરણના બંધનથી મુક્ત થઇ મોક્ષ પામ્યા. તેઓને હું વંદન કરું છું. પોતાના સ્થાનમાં આવીને પાદલિપ્તસૂરીશ્વર પ્રાયઃકરીને રસવગરના આહારને ખાય છે. કહ્યું છે કે : –

यद्दूरं यद्दूरारध्यं, यच्चदूरे व्यवस्थितम्।
तत् सर्वं तपसा साध्यं, तपो हि दुरतिक्रमम्।।

જે દૂર હોય, દુઃખે કરીને આરાધી શકાય એવું હોય, દૂર રહેલું હોય તે સર્વ તપવડે સાધી શકાય છે. ખરેખર તપ દુર્લધ્ય છે.।। તે તપવડે તે આચાર્યને અનેક શ્રેષ્ઠ વિદ્યાઓ થઇ. જેથી તે પૃથ્વીતલ ઉપર સર્વ ઠેકાણે પ્રસિદ્ધ થયા. એક વખત વિહાર કરતાં આચાર્ય પાટલીપત્તનમાં ઉત્તમ સાધુઓ સાથે ભવ્યજનોના સમૂહને બોધ કરવા માટે ગયા. ત્યાં ધર્મના ઉપદેશથી ગુરુએ ઘણા ભવ્ય મનુષ્યોને સમ્યક્ત્વથી શોભતો શ્રાવકધર્મ પમાડ્યો. તે નગરમાં શત્રુના ગર્વને ખંડન કરનાર મુરંડ નામનો રાજા છે.

તે ૬ મહિનાથી નિરંતર તીવ્ર મસ્તકની પીડાવડે વ્યાપ્ત થયો. મંત્ર – તંત્ર – ઔષધિ અને યંત્રવડે તેને જાણનારા ઘણા મનુષ્યોવડે પણ તે રાજાની તે મસ્તકની પીડા દુષ્કર્મના યોગથી અટકી નહિ. વિશેષજ્ઞાની એવા પાદલિપ્તસૂરિને આવેલા સાંભળીને તેમને બોલાવવા માટે રાજાએ મંત્રીને મોકલ્યો. મંત્રીએ ત્યાં જઈને ગુરુને નમીને અંજલિ કરીને કહ્યું કે : –

હે ભગવંત ! રાજાના રાજા મુરંડરાજાની મસ્તકની પીડા. મંત્ર – તંત્રાદિના યોગથી દૂર કરાઓ – યશ એકઠો કરાઓ – તેથી ધર્મ અને મોક્ષલક્ષ્મી થાય. તે પછી સૂરીશ્વરે રાજકુલમાં જઈને ક્ષણવારમાં સજ્જના મસ્તકની પીડાની વેદનાને દૂર કરી. જેમ જેમ પાદલિપ્તસૂરિ પોતાના ઢીંચણ ઉપર પ્રદેશિની આંગળી ઘુમાવે છે તેમ તેમ મુરંડ રાજાની મસ્તકની પીડા નાશ પામે છે. તે પછી પ્રસન્ન થયેલા રાજાએ ઊભા થઈને ગુરુનાં બે ચરણોને નમસ્કાર કરીને કહ્યું કે તમારાં પ્રસન્ન નેત્રથી હું કૃતાર્થ થયો છું. પાદલિપ્તસૂરિના પ્રસાદથી રાજાએ નગરીમાં સ્થાને સ્થાને મહોત્સવ કરાવ્યો. આચાર્ય મ.નો યશ, કીર્તન આદિવડે કરીને ઉત્તમ ભક્તિથી ભાવિત એવો તે ગુરુઓમાં શ્રેષ્ઠ એવા તેમની સ્તુતિ કરવા લાગ્યો.

चेत: शान्ततरं वच:सुमधुरं, द्रष्टि: प्रसन्नोज्ज्वला,
शक्ति:क्षान्तियुता श्रुतं गतमदं, श्रीर्दीनदैन्यापहा;
रूपं शीलश्रितं मति: श्रितनया, स्वामित्वमुत्सेकता,
निर्मुक्त प्रकटान्यहो ! नवसुधाकुण्डान्यमून्युत्तमे ।।१।।

ઉત્તમ એવા આપને વિષે આ નવ અમૃતના કુંડ પ્રગટ છે.

પહેલું અત્યંત શાંત ચિત્ત. બીજું અત્યંત મધુર વચન – ત્રીજું પ્રસન્ન ને ઉજજવલ એવી દ્રષ્ટિ – ચોથું ક્ષમા યુક્ત શક્તિ – પાંચમું મદ વગરનું શ્રુત. છઠ્ઠું દીનજનોની દીનતાને દૂર કરનારી લક્ષ્મી. સાતમું શીલનો આશ્રય કરનારું રૂપ – આઠમો નયનો આશ્રય કરનારી બુદ્ધિ – અને નવમું અભિમાન વગરનું સ્વામીપણું.

તે પછી મુરંડ રાજાએ જલદી મિથ્યાત્વનો ત્યાગ કરી પાદલિપ્તસૂરિની પાસે જૈનધર્મ સ્વીકાર્યો. એક વખત મુરંડ રાજાએ ગુરુની પાસે આ પ્રમાણે કહ્યું, સર્વથી ઉત્તમ વિનય ખરેખર રાજકુલમાં હોય છે. ગુરુએ કહ્યું કે શ્રેષ્ઠવિનય ગુરુકુલમાં હોય છે. તે પછી ગુરુએ કહ્યું કે હે રાજન ! જે તમારો ભક્ત સેવક હોય તેને ગંગાનો પ્રવાહ જોવા માટે મોકલો,

હે મુરંડ રાજા ! ભક્ત એવા સેવકને મોકલીને ગંગા પૂર્વદિશામાં વહેતી છે કે પશ્ચિમ દિશામાં વહે છે તે તું જાણ, આકાશગંગાની ગતિના જ્ઞાન માટે હું શિષ્યને મોકલીશ. આથી અનુક્રમે પોતપોતાના સેવકનું વિનીતપણું જણાશે. ગંગાને જોવા માટે રાજા વડે સેવકો મોકલાયા. જ્યાં ત્યાં ભમીને આવીને તેઓએ રાજાની આગળ કહ્યું. બાલકથી માંડીને ગોવાલિયા સુધી બધા જાણે છે કે ગંગા પૂર્વદિશા તરફ વહન કરનારી છે. એમાં જોવાનું શું હોય ? ગુરુવડે મોકલાયેલા બે સાધુઓ ગંગાની પાસે જઈને ધજા સ્થાપન કરીને વાયુની ગતિને જોવાના વશથી તે વખતે સારી

રીતે નિરીક્ષણ કરી પૂર્વ દિશામાં ગમન કરનારી જાણીને ગુરુ પાસે કહેવા લાગ્યા કે ગંગાનદી પૂર્વદિશા તરફ ગમન કરનારી છે. અમે તત્ત્વ જાણતા નથી, તત્ત્વનો ગુરુ જાણે. ગુરુએ કહેલું દુષ્કર પણ શિષ્યોએ કરવું જ જોઈએ. કહ્યું છે કે :-

मिणगोण संगुलीहिं, गणेह वा दन्तचक्कलाइं से।
इच्छंति भाणिउणं, कज्जं तु तमेव जाणंति।।१।।
कारणविउ कयाइ, सेयं कायं वयंति आयरिया;
तं तह सद्दहियव्वं, भवियव्वं कारणेण तहिं।।२।।

માછલાં અને સર્પને અંગુલીવડે ગણો, અથવા તેના દાંતના સમૂહને ગણો, એમ કહેવાને ઇચ્છે છે, કાર્ય તો તે જ જાણે છે.

કારણને જાણનાર આચાર્ય ક્યારેક કલ્યાણકારક કાર્યને કહે છે. (બોલે છે) તેને તેવી રીતે શ્રદ્ધા કરવી જોઈએ. ત્યાં કોઇ કારણ હોવું જોઈએ. ગુરુના શિષ્ય અને પોતાના સેવકના વિનયનું કારણ જાણીને રાજાએ કહ્યું કે મારાવડે વિનીતપણું ગુરુકુલમાં જોવાયું. કહ્યું છે કે રાજાવડે પુછાયેલા ગંગા ક્યા મુખે વહન કરે છે ? (વહે છે ?) એમ ગુરુવડે કહેવાયેલા શિષ્યે જેમ સંપાદન કર્યું તેવી રીતે સર્વ ઠેકાણે કરવું જોઈએ. રાજાએ ગુરુના શિષ્યોને શિષ્ટ અને વિનીત જાણીને શ્રીગુરુને નમસ્કાર કરતાં વિશેષે કરીને જૈનધર્મ કબૂલ કર્યો. (સ્વીકાર્યો)

એક વખત ગુરુ પાટલીપુત્રમાંથી લાટદેશમાં ગયા અને ત્યાં શ્રાવકોને કરીને સુખ આપનારું દૃઢ વ્યાખ્યાન કર્યું. તે પછી સાધુઓ અનુક્રમે ગોચરચર્યા (ગોચરી)માટે ગયા ત્યારે શાળાની અંદર તે આચાર્ય બાલકો સાથે ક્રીડા કરવા લાગ્યા. એ પછી અકસ્માત શ્રાવકોને આવેલા જોઈને આકારને છુપાવીને જલદી પોતાની જાતે આસન પર બેઠા. શ્રાવકો ગયે છતે બીજા ઓરડામાં જઈને ફરીથી આચાર્ય રમે છે. ત્યાં વાદીઓ આવ્યા. ત્યાં મનુષ્યોને નહિ જોવાથી વાદીઓએ કુડુ – કુડુ શબ્દ કરે છતે આચાર્યે મ્યાઉ શબ્દ કર્યો..

મ્યાઉ એ પ્રમાણે આચાર્યે કરેલા બિલાડાના શબ્દને સાંભળીને એ વખતે તે વાદીઓ આચાર્યનાં ચરણોને નમીને આ પ્રમાણે બોલ્યા.

હાજર જવાબી ! આચાર્ય ! જ્ઞાનીઓમાં મુખ્ય ! હે બાલ સરસ્વતી ! તમારા સરખો કોઇ પૃથ્વીઉપર ભ્રમણ કરતાં અમારાવડે જોવાયો નથી. સ્વામીની સાથે તે વાદીઓએ ગોષ્ઠી કરી ત્યારે એક વાદી ગુરુને નમીને મોટે સ્વરે આ પ્રમાણે પ્રગટપણે બોલ્યો. હે પાદલિપ્ત સૂરિ ! તમે કહો કે પ્રગટપણે સકલપૃથ્વીમંડલ ઉપર ભમનાર વડે કોઇ ઠેકાણે ચંદનરસથી શીતલ એવો અગ્નિ હોય છે ?

તે વખતે ગુરુએ કહ્યું કે – અપયશના અભિયોગથી દુઃખી થયેલા – શુદ્ધ હૃદયવાળા પ્રગટપણે વહન કરતાં પુરુષને ચંદનરસથી શીતળ એવો અગ્નિ હોય છે.

તે આચાર્યના વચનવડે તુષ્ટ થયેલા તેઓએ સ્પષ્ટરીતે શ્રી ગુરુને કહ્યું કે હે આચાર્ય ! **સાક્ષાત્ દેવગુરુ એવા**

તમે પૃથ્વીઉપર અવતર્યા છો. આ બાજુ આર્ય ખપુટવડે જે બ્રાહ્મણ વગેરે કેટલાક તાપ પમાડાયા હતા. તેઓ વિદ્યાના સમુદ્ર એવા આના બલથી દીક્ષા ગ્રહણ કરાવાયા.તે બ્રાહ્મણોમાંના પોતાના પાટલીપુત્રમાં રહેલા બ્રાહ્મણો પૂર્વના વૈરથી જૈન મુનિઓને ઉપદ્રવ કરે છે. આ વૃત્તાંત લોકોના મુખેથી સાંભળીને આકાશમાર્ગે પાટલીપુત્રમાં આવીને આ પ્રમાણે બોલ્યા કે હે જૈનમતનો છેદ કરનારા બ્રાહ્મણો ! નિશ્ચે શત્રુને હણનાર હું હોતે છતે મારી વાણીરૂપી લાત વડે નાશ પામેલા તમે યમના ઘરે જશો. જીર્ણ એવી પાગ લાકડી થાલીના ભાંગવા માટે થાય. છે. તમે ફોગટ જૈન મતને હણવાની ઇચ્છાવાલા છો.

सूरिणा हक्किताः केचि-न्नेमुर्नष्टाश्चकेचन।
मूर्च्छिताः केचिदेव स्युः केचित् कम्पितवक्षसः ।।

આચાર્યવડે હાંક મરાયેલા કેટલાક નમ્યા, કેટલાક નાસી ગયા, કેટલાક મૂર્ચ્છા પામ્યા. ને કેટલાક કંપાયમાન છાતીવાલા થયા.।। શ્રી પાદલિપ્તસૂરિ ત્યાં સર્વજ્ઞના મતનો પ્રકાશ કરીને શ્રી મુનિસુવ્રત અરિહંતવડે પવિત્રિત એવા ભરુચના ઉદ્યાનમાં ગયા.ત્યાં આર્યખપુટના સંપ્રદાય પાસેથી મનોહર કલાઓ તેમણે તેવી રીતે ગ્રહણ કરી કે જેથી આચાર્ય ગુરુ સરખી બુદ્ધિવાલા (બૃહસ્પતિ સરખા) થયા.

આ બાજુ મનોહર એવા શ્રી શત્રુંજયગિરિના ઢંક શિખર ઉપર સ્યાગસિંહ રાજાની ભોપાલા નામની રૂપને લાવણ્યથી ભરેલી પુત્રી હતી. કન્યાને જોતાં નાગોના રાજા વાસુકીને તે જ વખતે અનુરાગ થયો. રૂપથી શોભતી તે કન્યાને વાસુકીવડે સેવન કરાયે છતે રુપલાવણ્યથી શોભાને ધારણ કરનારો નાગાર્જુન નામે પુત્ર થયો. પિતા એવો વાસુકી હંમેશાં પુત્રને સ્નેહથી સર્વ ઔષધિઓનાં ફલ – મૂલ – ને પાંદડાં વગેરે ખવરાવતો હતો. ઔષધિઓના પ્રભાવથી તે '' મહાસિદ્ધિયુક્ત સિદ્ધપુરુષ '' એ પ્રમાણે નામ બધા લોકને વિષે પ્રસિદ્ધિ પામ્યું.

તે વાસુકીનો પુત્ર નાગાર્જુન પૃથ્વીઉપર ફરતો હતો.. અને સાતવાહન રાજાનો કલાગુરુ થયો. નાગાર્જુન આકાશગામી વિદ્યા માટે પાદલિપ્તસૂરિના સ્થાનમાં હંમેશાં આદરપૂર્વક પાદલિપ્ત ગુરુને સેવતો હતો. એક વખત ભોજનના અવસરે આચાર્ય મહારાજ – નાગાર્જુન દેખતે છતે પગના લેપના યોગથી આકાશમાં ઊડીને ગયા. અષ્ટાપદ આદિતીર્થને નમીને આકાશમાંથી પોતાને સ્થાને આવેલા આચાર્યને જાણીને નાગાર્જુન ચમત્કાર પામ્યો.

આ પ્રમાણે દિવસે દિવસે આકાશમાર્ગે જતાં જોઈને નાગાર્જુન ગુરુનાં બે ચરણની ભક્તિ કરવા લાગ્યો. હંમેશાં ગુરુનાં બે ચરણોને પ્રક્ષાલન કરતાં નાગાર્જુને તે વખતે ૧૦૭ – ઔષધિઓનાં નામો જાણ્યાં, તે મનુષ્યે ગુરુના પગના પાણીની ગંધથી ૧૦૭ ઔષધિઓનાં નામ – સ્થાન આદિ ભેદ અનુક્રમે જાણ્યાં. તે ઔષધિઓને લઈને ઘસી ઘસીને પગનો લેપ કરીને આકાશમાં ઊડીને નાગપુત્ર પૃથ્વીપર પડ્યો. ઘણી વખત આકાશમાં ઊડતો ને ફરીથી પૃથ્વીપર પડતો નાગાર્જુન તે વખતે ઘણા વ્રણ (ઘા) થી જર્જરિત થયો. તે વખતે નાગાર્જુન પાસેથી આકાશમાં ઊડવાનું વૃત્તાંત સારી રીતે સાંભળીને ગુરુ ચિત્તમાં અત્યંત ચમત્કાર પામ્યા. તે વખતે વિનયથી તેનાવડે પુછાયેલા ગુરુએ કહ્યું કે સાઠ ચોખાના પાણીવડે બધી ઔષધિઓને પ્રગટપણે વાટીને તે પગનાં તલિયામાં તે વનસ્પિતિઓનો લેપ આપીને હે

નાગાર્જુન ! તું આકાશમાં ગરુડની જેમ ભ્રમણ કરીશ.

ગુરુએ કહેલી વિધિ કરીને જતાં એવા નાગાર્જુને એક વખત ગુરુની પાસે સુવર્ણ સિદ્ધિને કરનારું વચન સાંભલ્યું. ગુરુએ કહેલી શ્રેષ્ઠ વિધિવડે શ્રેષ્ઠ રસસિદ્ધિ કરાયે છતે નાગાર્જુન તેનો (તે રસનો) પિંડ કરવા માટે જરાપણ શક્તિમાન થતો નથી. તે પછી ગુરુનાં ચરણની પાસે રસબંધ સાંભળીને તેણે શ્રેષ્ઠ નગરમાં ઉત્તમ પ્રભાવવડે શ્રી પાર્શ્વનાથ પ્રભુનું બિંબ જોઈએ એમ સાંભળીને હે વાસુકિ ! કાંતિપુરમાં શ્રેષ્ઠ પ્રભાવવાળું પાર્શ્વનાથનું બિંબ છે એ પ્રમાણે પાદલિપ્તસૂરિના મુખેથી નાગાર્જુને સાંભલ્યું. પહેલાં દ્વારિકામાં શ્રેષ્ઠ પ્રભાવને ધારણ કરનાર સાતસો વર્ષ સુધી કૃષ્ણ વડે હર્ષથી પુષ્પોવડે પૂજાયું હતું. તે બિંબ દ્વારિકા બળી ગયે છતે સમુદ્રની અંદર સંપુટના મધ્યમાં રહેલું સેંકડો વર્ષ સુધી રહ્યું હતું.

કાંતિ નગરના રહેવાસી ધનશેઠવડે એક વખત તે બિંબ પ્રાપ્ત કરીને શ્રેષ્ઠ શોભાવાલી કાંતિપુરીમાં લાવ્યા હતા. આ સાંભળી તે વખતે નાગાર્જુને કાંતિપુરમાં યત્નવડે એકાંતમાં રખાતા તે બિંબને ક્ષણવારમાં હરણ કર્યું. સેઢી નદીના કિનારે ગુપ્તપણે તે બિંબને મૂકીને શ્રેષ્ઠ પુષ્પોવડે પૂજીને પ્રભુની આગળ રસસિદ્ધિની શરૂઆત કરી. શ્રી પાર્શ્વપ્રભુની દ્રષ્ટિના વિષયમાં વારંવાર રસને ધમી ધમી નાગાર્જુને મનોહર એવી પૂર્ણ સુવર્ણસિદ્ધિ કરી. સેઢી નામની નદીના કિનારે શ્રી પાર્શ્વપ્રભુની દ્રષ્ટિના વિષયમાં તેણે રસને વિષે સ્તંભન પ્રાપ્ત કર્યું. આથી તે સ્તંભનક પુર થયું. તે સ્તંભનક નામના નગરમાં સ્તંભનક નામનો પ્રાસાદ નાગાર્જુને ઘણા ધનનો વ્યય કરી કરાવ્યો. ત્યાં તે જિનાલયમાં નાગાર્જુને અત્યંત પ્રભાવને ધારણ કરનારા શ્રી પાર્શ્વનાથના તે બિંબને વેગથી સ્થાપન કર્યું. સ્તંભન તીર્થમાં રહેલાં તે પાર્શ્વનાથની પ્રતિમાને હું સ્તવું છું કે પૂર્વના માણસોવડે જુદા જુદા સ્થાનમાં નિવાસ કરનારી પ્રતિમા પ્રસિદ્ધિ પામી હતી.

૧૧ લાખ વર્ષ સુધી વરુણે તેની પૂજા કરી હતી. સાત વર્ષને નવ દિવસ સુધી રામે તેની પૂજા કરી હતી. ૮૦ હજાર વર્ષસુધી તક્ષક નાગવડે તે પૂજાઈ. સૌધર્મેન્દ્રવડે લાંબા કાળ સુધી પૂજાયેલાને નમન કરાયેલા તે જિનોત્તમ આજે પણ વાસુદેવને માટે તે સમુદ્રથી કાંતિનગરમાં બે હજાર વર્ષ સુધી પદ્માવતીથી પૂજાઈ હતી. તે (મૂર્તિ) પાદલિપ્તસૂરિના આદેશથી નાગાર્જુન યોગીવડે સેઢી નદીના કિનારે લવાઈ.

હે સ્વામી ! તે પ્રતિમાની આગળ તેનાવડે રસનો સ્તંભ કરાયો તેથી પૃથ્વીતલમાં તે સ્તંભન નામે તીર્થ થયું. નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિવડે નવ અંગને આપનાર હે નાથ ! તમે ફરીથી પ્રગટ કરાયા. દુષ્ટ એવા મ્લેચ્છ સુભટોવડે ગૂર્જરદેશ વ્યાકુલ કરાયે છતે મંગલરૂપે અગ્નિ – ચંદ્રને મેઘ સ્તંભનતીર્થમાં અવતર્યા (આવ્યા) સવારમાં ઊઠીને જિનેશ્વરની પાસે જે પ્રવીણ પુરુષ આ સ્તોત્રને ભણે છે તે રોગ – સર્પ – શત્રુ – ગ્રહ અને સિંહની શંકાને છોડીને યશરૂપી લક્ષ્મીવાલો તે તિલકરૂપ થાય છે.

તે પછી શત્રુંજયને વિષે જઈને શ્રી પાદલિપ્તસૂરિ સહિત નાગાર્જુને વિસ્તારથી સ્નાત્ર પૂજા વગેરે અત્યંત કર્યું. જિનમંદિરને જીર્ણ થયેલું જોઈને તે વખતે આદરથી નાગાર્જુને ઉદ્ધાર કર્યો. મહોત્સવ કરતાં ગુરુનું નામ આપ્યું. ખરેખર પાદલિપ્ત ગુરુવડે ઉદ્ધાર કરાયો છે. આ પ્રમાણે શ્રી શત્રુંજયને વિષે તે નાગાર્જુન પ્રસિદ્ધિને વિસ્તારતો હતો. તે પછી નાગાર્જુને પાદલિપ્તનામનું નગર ગુરુના નામવડે વસાવીને જિનમંદિર કરાવ્યું અને સારા ઉત્સવપૂર્વક શ્રી પાર્શ્વનાથ જિનેશ્વરનું બિંબ સ્થાપન કરીને નાગાર્જુને મોક્ષ ગમનને યોગ્ય પુણ્ય ઉપાર્જન કર્યું.. શ્રી પાદલિપ્તસૂરીશ્વર ઘણા

મનુષ્યોને પ્રતિબોધ કરતાં સુંદર એવા પ્રતિષ્ઠાનપુરના ઉદ્યાનમાં સમોસર્યા. (પધાર્યા) ત્યાં નજીકના પ્રદેશમાં શ્રેષ્ઠ ગોદાવરી નદી છે. તે નદી સ્ત્રીઓનાં અંગનાં કેશર અને ઘણી કસ્તુરી આદિ પાણીથી ભીંજાયેલી છે. શ્રેષ્ઠ બુદ્ધિવાલો સાતવાહન રાજા તે નગરનું રક્ષણ કરે છે. તે રાજા યોદ્ધાઓમાં અને વિદ્વાનોમાં મુખ્ય છે. દાનના વ્યસનવાલો છે. નીતિવાલો ને ધનવાળો છે. તેની સભામાં કોઇક મનુષ્યે આવીને આ પ્રમાણે કહ્યું કે સર્વવિદ્યાવાલા શ્રી પાદલિપ્તગુરુ અહીં આવ્યા છે. તે પછી સર્વપંડિતોએ એક ઠેકાણે ભેગા થઈને તે જ વખતે પોતાના સેવકના હાથે થીજી ગયેલા ઘીથી ભરેલું કચોલું તે શ્રી ગુરુની સન્મુખ નિશ્ચે તેમની પાસે મોકલ્યું. આચાર્ય મહારાજે તે ઘીની અંદર એક મજબૂત સોય નાખી અને તેવી અવસ્થાવાલું કચોલું તે ઉત્તમ ગુરુએ પાછું રાજાની પાસે મોકલ્યું. તેથી રાજાએ આ કહ્યું.

હે પંડિતો ! થીજી ગયેલા ઘીથી ભરેલા કચોલામાં ઉતમગુરુએ સોય નાંખી તેનોભાવ શું છે ? તે કહો ! પંડિતો બોલ્યા કે તે શ્રેષ્ઠ ગુરુએ તમને હમણાં જણાવ્યું છે કે થીજી ગયેલા ઘીથી ભરેલા પાત્રની જેમ આ નગર પંડિતોવડે ભરેલું છે. જેથી હમણાં થીજી ગયેલા ઘીની અંદર સોય પેઠી તેમ પંડિતોથી ભરેલી તમારી નગરીમાં પ્રવેશ કરું છું તે પછી રાજા પંડિતો સાથે ગુરુજી સન્મુખ ગયો. અને વિશાલવાણીવડે ગુરુનાં ચરણકમલની ફરીથી સ્તુતિ કરી. નગરની અંદર આવેલા ગુરુએ તેવીરીતે ધર્મદેશનાઆપી કે જેથીરાજા ગુરુને વિષે અત્યંત ભક્ત થયો. શ્રી પાદલિપ્તસૂરિએ નિર્વાણકલિકા પ્રશ્નપ્રકાશ વગેરે ચિત્તને ચમત્કાર કરનારાં શાસ્ત્રોની રચના કરી.

અને નવી તરંગલોલા નામના ચંપૂકાવ્યની રચના કરી. ને આચાર્ય મહારાજે રાજાની આગળ પ્રગટપણે કહ્યું. ચંપૂ કાવ્યના અર્થને સાંભળીને રાજા ઘણો તુષ્ટ થયો. જેથી તેણે પાદલિપ્તગુરુને ક્વીન્દ્ર એ પ્રમાણે નામ આપ્યું.

शाणोत्तीर्णमिवो ज्ज्वलद्युतिपदं, बन्धोद्धनारीश्वरः
श्लाघालङ्घन जाङ्घिको दिवि लतोद्भिन्नेव चाथोद्गतिः
ईषच्चूर्णितचन्द्रमण्डलगलत्पीयूषहृद्यो रस
स्तत्किञ्चित् कविकर्म मर्म न पुनर्वाग् डिण्डिमाडम्बरः ।।१।।

સરાણથી તેજસ્વી કરાયો હોય તેમ ઉજજવલકાંતિના સ્થાનરૂપ. અર્ધનારીશ્વર = શંકર જેવો જેનો બંધ (ગૂંથણી) છે. વખાણનું ઉલ્લંઘન કરવામાં મોટી જંઘાવાળો, જાણે કલ્પવેલડી ઊગી હોય એવો જેના અર્થનો ઉદ્‌ગમ છે, કાંઇક ચૂર્ણ કરાયેલા ચંદ્રમંડળમાંથી ઝરતા અમૃત સરખો જેનો મનોહર રસ છે. તે કાંઇક કવિના કર્મનું રહસ્ય છે. પરંતુ તે ફક્ત વાણીના ડિંડિમનો આડંબર નથી.

આ પ્રમાણે બીજા કવિઓ આદરથી સૂરિજનની સ્તુતિ કરતા હતા. પરંતુ એક વિદ્વાન વેશ્યા ક્યારે પણ પોતાની વાણીવડે ગુરુની સ્તુતિ કરતી નથી. તે પછી રાજાવડે કહેવાયું કે આપણે બધા તુષ્ટ થયેલા ગુરુની સ્તુતિ કરીએ છીએ (પણ) આ વેશ્યા ગુણના સમુદ્ર એવા ગુરુની ક્યારે પણ સ્તુતિ કરતી નથી. આ ગણિકા મારી સ્તુતિ કરતી નથી. એમ જાણીને આચાર્ય મહારાજ તેવી રીતે ધ્યાનમાં રહ્યા કે જેથી મૃત્યુ પામેલા થયા. પવનને જીતવાના સામર્થ્યથી મડદાની જેમ રહેલા ગુરુને શિષ્યોએ પાલખીમાં ચઢાવેલા કર્યા. અને પાલખીને ઉપાડીને તીક્ષ્ણ મુખવાલા શિષ્યે કહ્યું કે આપણા ગુરુ હમણાં કર્મયોગથી મરી ગયા. આ સાંભળી ને તે વખતે વેશ્યા ઉત્તમ દાંતવાલી એકદમ મોટે સ્વરે રડતી શ્રી પાદલિપ્તસૂરિની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગી.

सीसं कहवि न फुट्टं, जमस्स पालित्तयं हरंतस्स।
जस्स मुह निज्झराओ, तरंगलोलानई - वूढा ।।१।।

શ્રી પાદલિપ્તસૂરિને હરણ કરતાં યમરાજાનું મસ્તક કેમ ન ફૂટી ગયું ? કે જેના મુખરૂપી ઝરણામાંથી તરંગલોલા રૂપીનદી વહન કરાઇ

આ પ્રમાણે વેશ્યાવડે સ્તુતિ કરાયે છતે જ્યારે ગુરુ ઊભા થયા ત્યારે ગણિકા બોલી, 'મરી ગયેલા એવા પણ તમે હમણાં કેમ જીવ્યા ? ' આચાર્ય બોલ્યા કે કાનના માર્ગે પામેલી અમૃત સરખી તમારી સ્તુતિવડે હે શુભ આશયવાલી ! હે પાપ્યાંગના ! હું હમણાં જીવતો થયો. તે પછી રાજાવગેરેવડે મોટો મહોત્સવ કરાતે છતે શ્રી પાદલિપ્તસૂરિ પોતાની વસતિમાં આવ્યા. તે સાતવાહન રાજા પણ આચાર્યવડે બોલાવાયા. અને ઘણા સંઘસહિત શ્રી શત્રુંજયતીર્થને વિષે યાત્રા કરી. મુરંડરાજા શ્રી પાદલિપ્તસૂરિ ગુરુવડે ઘણા સંઘ સહિત શ્રી શત્રુંજયઉપર અત્યંત વિસ્તારથી યાત્રા કરાવાયો. શ્રી પાદલિપ્તગુરુ મોક્ષને આપનારા શ્રી શત્રુંજયમાં જઈને અનશન ગ્રહણ કરીને (તે) સૂરિપુંગવ તે વખતે ત્યાં રહ્યા. ૩૨ ઉપવાસને અંતે શ્રી પાદલિપ્તસૂરિ ઈશાન દેવલોકમાં ઈન્દ્ર સરખા દેદીપ્યમાન કાંતિવાલા (દેવ) થયા. નાગાર્જુન પણ ગુરુએ કહેલા સર્વજ્ઞના ધર્મને કરીને શત્રુંજયઉપર જઈને દેવલોકમાં ગયો.

એ પ્રમાણે શ્રી પાદલિપ્તસૂરિના ઉદ્ધારની કથા સંપૂર્ણ



આમ રાજાનો સંબંધ

આમ રાજાનો સંબંધ કહેવાય છે તે આ પ્રમાણે :-

ફ કાન્યકુબ્જ નામના દેશમાં ગોપાલગિરિ નામના પર્વતઉપર ગોપાલ નામના નગરમાં યશોવર્મ નામે રાજા હતો. તેની પત્ની યશોદેવીની કુક્ષિમાં ઉત્પન્ન થયેલો આમ નામે પુત્ર થયો. તેના પિતાએ અત્યંત વિસ્તારથી જન્મોત્સવ કર્યો. વૃદ્ધિ પામતો એવો તે હંમેશાં યાચકોને ઘણું દાન આપે છે. તેથી કોપપામેલા પિતાવડે કર્કશપણે આ પ્રમાણે શિક્ષા અપાયો. હે પુત્ર ! આ પ્રમાણે લક્ષ્મીનો વ્યય કરતાં તું ખજાનાને ખાલી કરીશ. પોતાના હિતને ઇચ્છનારાએ યાચકોને માપસર દાન આપવું જોઈએ. આ પ્રમાણે પિતાવડે કહેવાયેલો પુત્ર ગુપ્તપણે નગરમાંથી નીકળીને મોઢેરા નગરના ઉદ્યાનમાં શ્રેષ્ઠ દેવલમાં ગયો.

એક વખત સિદ્ધસેન ગુરુના શિષ્ય બપ્પભટ્ટી નામના સાધુ વિહાર કરતાં તે દેવલમાં આવ્યા. મોટા અર્થવાલો પ્રશસ્તિનો અર્થ સાધુવડે કહેવાયે છતે અત્યંત હર્ષ પામેલા આમે ભક્તિથી સાધુનાં બે ચરણોને નમસ્કાર કર્યા. સાધુએ કહ્યું કે તું અહીં ક્યાંથી આવ્યો ? તારું નામ શું છે ? તે પછી તેણે ખડીવડે લખીને પોતાના નામ આદિ કહ્યાં. કહ્યું છે કે :-

महाजनाचारपरम्परेदृशी, स्वनामनामाऽऽददते न साधवः
असौ पुमानेव ततोऽतिबुद्धिमान्, भविष्यत्यग्रे जगतीमनोहरः ॥१॥

મોટા પુરુષની આવા પ્રકારની આચારની પરંપરા છે કે સજ્જન પુરુષો પોતાનું નામ બોલતા નથી. તેથી આ પુરુષ નિશ્ચે અત્યંત બુદ્ધિવાલો અને જગતમાં આગળ પર મનોહર થશે. (૧) તે સાધુએ વિચાર્યું કે પહેલાં જે માતાની સાથે વનમાં અમારાવડે યશોદેવરાજાનો પાપરહિત પુત્ર જોવાયો હતો. તે જે વૃક્ષને વિષે રહ્યો હતો. (ત્યારે) તેની છાયા નમતી ન હતી. તેથી અમારા ગુરુવડે માતા સહિત આ પુત્ર રાજાની પાસે લઇ જવાયો હતો. આ મહાન થશે એમ કહીને માતાવડે યુક્ત તે બાલક પિતાની પાસે સ્થાપન કરાયો. સંભવ છે કે આ તે જ (બાલક) યશોવર્મ રાજાનો પુત્ર-આકૃતિવડે જણાય છે. ખરેખર આ રાજપુત્ર વિચક્ષણ છે. બપ્પભટ્ટીએ કહ્યું કે શું તું યશોવર્મ રાજાનો આમ નામનો પુત્ર પહેલાં શ્રેષ્ઠવનમાં જોવાયો હતો તે છે ? હે વત્સ ! હમણાં શુદ્ધ છે આત્મા જેનો એવો તું એકલો કેમ નીકલ્યો છે ? તેણે કહ્યું કે પિતા વડે ધિક્કાર કરાયેલો હું દૂર દેશમાં નીકલ્યો છું. બપ્પભટ્ટીએ કહ્યું કે તું અહીં રહે. નિરંતર ભણ. તે પછી અભ્યાસ કરતો આમ સર્વ વિદ્યાઓમાં પંડિત થયો. બપ્પભટ્ટીની પાસે ભાગ્યાં છે શાસ્ત્રો જેણે એવા પુત્રને કોઇકના

ફ આ આમ રાજાનો આખોય સંબંધ વિદ્વાન માણસને યોગ્ય છે. માટે તે રીતે વાંચવાથી સમજ પડશે.

મુખેથી વિચક્ષણ જાણીને તે (રાજા) પોતાની પાસે લઈ ગયો. કેટલોક કાળ ગયે છતે યશોવર્મ રાજા મરણ પામે છતે મંત્રીઓવડે તેના સ્થાને આમ નામનો પુત્ર સ્થાપન કરાયો.

गुणैरूत्तुङ्गतांयाति, नोच्चैरासन संस्थित: ।
प्रासादशिखरस्थोऽपि, काक: किं गरूडायते ? ।।

ગુણોવડે કરીને ઉન્નતપણાને પામે છે, ઊંચા આસન ઉપર રહેલો નહિ, મહેલના શિખર ઉપર રહેલો એવો પણ કાગડો શું ગરુડ થાય છે ?

રાજ્ય ઉપર બેઠે છતે આમરાજા શ્રેષ્ઠ એવા બપ્પબટ્ટીમુનિને ક્ષણવાર પણ છોડતો નથી. જેમ જૈન (માણસો) ચિત્તમાંથી જિનને ન છોડે તેમ, કહ્યું છે કે :

आरम्भगुर्वी क्षयिणीक्रमेण, ह्रस्वा पुरा वृद्धिमती तु पश्चात् ।
दिनस्य पूर्वाद्र्ध पराद्र्ध भिन्ना, छायेव मैत्री खलसज्जनानाम् ।।१ ।।

શરૂઆતમાં મોટી અનુક્રમે ક્ષય પામતી, પહેલાં નાની પછી મોટી થતી દિવસના પૂર્વાર્ધ અને પરાર્ધની ભેદ પામેલી છાયાની જેમ લુચ્ચા અને સજ્જનોની મૈત્રી હોય છે. (૧) બે લાખ ઘોડા– ચૌદસો રથ, એ પ્રમાણે ૧૪૦૦ હાથી, એક કરોડ પાયદલ એવી આમરાજાની સેના બપ્પભટ્ટી મુનિવિના સર્વરાજ્ય આમરાજાને ઘાસના પૂળા જેવું લાગે છે. આમ રાજાએ પંડિત એવા બપ્પબટ્ટી મુનિને બોલાવવા માટે પ્રધાન પુરુષોને મોકલ્યા. ત્યાં ગયેલા તેઓ બોલ્યા હે વિદ્વાન ! બપ્પભટ્ટી મુનિ ! આમ રાજા હંમેશાં તમારા વંદનની ઇચ્છા કરે છે. તેથી તમે ત્યાં આવી તેને આનંદ પમાડો. બપ્પભટ્ટીએ કહ્યું કે શ્રીમાન ગુરુના આદેશવિના મારાવડે ત્યાં આવી શકાય નહિ. કારણ કે મુનિ ગુરુને અધીન હોય છે. તે પછી તેઓએ ગુરુનું કહેલું (બપ્પબટ્ટીનું) આમરાજાની આગળ કહ્યું, તે વખતે ગુરુવડે મોકલાવાયેલા બપ્પબટ્ટી ત્યાં આમ રાજાની આગળ આવ્યા. આમરાજાએ તે મુનિનો નગરીમાં અદ્‌ભુત પ્રવેશ ઉત્સવ કરતાં હર્ષવડે ત્રણ લાખ ધન વાપર્યું. બપ્પભટ્ટી મુનિનાં ચરણોને નમીને રાજાએ કહ્યું કે તમે પ્રસન્ન થઈને અર્ધું રાજ્ય ગ્રહણ કરો. મારી ઉપર અનુગ્રહ કરો.

મુનિએ કહ્યું કે અમારે રાજ્યવડે શું કરાય? કારણ કે નિર્ગ્રંથો હંમેશાં સર્વ સાવદ્યનો ત્યાગ કરનારા હોય છે.

अनेकयोनिसम्पाता – नन्तपापविधायिनी ।
अभिमानफलाचेयं, राज्यश्री: सा विनश्वरी ।।

અનેક યોનિમાં પડવાથી (જવાથી) અનંતપાપને કરનારી અભિમાનરૂપી ફલવાળી રાજ્યલક્ષ્મી નાશ પામનારી

છે. ॥ તે પછી અત્યંત ખુશ થયેલા રાજાએ મુનિને નમીને કહ્યું કે તમે ધન્યવાન છે. તમે પુણ્યવાન છો. કારણ કે તમારી શ્રેષ્ઠ બુદ્ધિ છે. તે પછી રાજા સવારમાં મુનિને નમવા માટે ગયા, અને કહ્યું કે આ મારા આસનઉપર પ્રસન્ન થઈને હમણાં બેસો. મુનિની પડખે રહેલા સાધુઓએ તે વખતે તેને એ પ્રમાણે કહ્યું કે આચાર્યપદ વિના સિંહાસન બેસવું કલ્પે નહિ. તે પછી આમ રાજાએ સેવકોને મોકલીને બપ્પભટ્ટી મુનિના ગુરુને વિવિધ પ્રકારના ઉત્સવપૂર્વક પોતાની નગરીમાં તેડાવ્યા. ગુરુના ઉપદેશને સાંભળીને ચમત્કાર પામેલા રાજાએ કહ્યું કે હે ભગવન્! તમે બપ્પભટ્ટીને જલદી આચાર્યપદ આપો. પદને યોગ્ય શિષ્યને જાણીને ઉત્તમ ગુરુઓએ પોતાના હિતને ઇચ્છતા જલદી સૂરિપદ આપવું જોઈએ. આચાર્ય કહ્યું કે હે રાજન્! જો તમારા હૃદયમાં રુચિ હોય તો તે વખતે બપ્પભટ્ટી મુનિ આચાર્યપદ ઉપર સ્થાપન કરાશે તે પછી ઉદયને કરનારી શકુનની શ્રેણીને જોઈને ગુરુએ તે મુનિને હર્ષવડે આચાર્ય પદ આપ્યું. જે વખતે ગુરુએ બપ્પભટ્ટીને આચાર્યપદ આપ્યું તે વખતે રાજાએ ત્રણ લાખ ધન વાપર્યું. આચાર્યપદના સમયે આચાર્યે શિષ્યના અંગ ઉપર સાક્ષાત લક્ષ્મીદેવીને કન્યાની જેમ જોઈને એકાંતમાં તેના પ્રત્યે આ પ્રમાણે કહ્યું. હે વત્સ! રાજમંદિરમાં તારો મોટો રાજસત્કાર થશે. તારો પોતાનો જય દુઃશક્ય છે. આથી તારે બ્રહ્મચર્ય પાળવું. કહ્યું છે કે :-

विकारहेतौ सति विक्रियन्ते, येषां न चेतांसि त एव धीराः ।
तं ब्रह्मचर्यावनतःप्रतिष्ठां, लभिस्यसेऽमुत्र परत्र शिष्य ! ॥१ ॥

વિકારનાં કારણ હોતે છતે પણ જેઓનાં ચિત્ત વિકાર પામતાં નથી. તેઓ જ ધીર છે. હે શિષ્ય ! તું બ્રહ્મચર્યનું રક્ષણ કરવાથી આલોક અને પરલોકમાં પ્રતિષ્ઠા પામશે.

વિક્રમરાજાથી....વર્ષ ગયે છતે આચાર્યે બપ્પભટ્ટીને ચૈત્ર માસની અષ્ટમીના દિવસે સૂરિપદ આપ્યું. એક વખત વિહાર કરતાં બપ્પભટ્ટી સૂરિરાજ રાજાવડે બોલાવાયેલા ગોપગિરિઉપર ગયા. રાજાવડે નગરીની અંદર મોટો મહોત્સવ કરાતે છતે સાધુઓવડે સેવાયેલા બપ્પભટ્ટી નગરીની અંદર આવ્યા. વંદન કરીને રાજા સભામાં આગળ બેઠો ત્યારે આચાર્યે સંસારસમુદ્રને તારનારી દેશના કરી.

श्रीरियं प्रायशः पुंसा-मुपकारैककारणम् ।
तामुपकुर्वते ये तु - रत्नसूस्तैरसौ रसा ॥

આ લક્ષ્મી પ્રાયઃ કરીને પુરુષોને ઉપકારનું એક કારણ છે. તેને ઉપકાર કરે છે તેઓવડે આ પૃથ્વી રત્ન (રત્નગર્ભા) કહેવાય છે. જિનભવન જિનબિંબ પુસ્તક સંઘસ્વરૂપ-સાતક્ષેત્રમાં વાવેલું ધન અનંતગણું મોક્ષફલને આપનારું થાય છે. ગુરુના વચનને સાંભળીને રાજાએ ઘણું ધન વાપરી એકસો એક હાથ ઊંચું શ્રી વીરજિનેશ્વરનું મંદિર કરાવ્યું. અઢાર ભાર પ્રમાણ સોનાથી બનાવેલું મહાવીર સ્વામીનું અદ્‌ભુત બિંબ સારામાં સારા ઉત્સવપૂર્વક સ્થાપન કર્યું, તે ચૈત્યને વિષે પ્રથમ મંડપને કરાવતા એવા રાજાને સુવર્ણના સવાલાખ ટંક લાગ્યા. કહ્યું છે કે :-

રાજાવડે સાડાત્રણ કરોડ ધનવડે બનાવેલા શ્રેષ્ઠ મંદિરમાં જે ગોપગિરિમાં જિનેશ્વર છે. તે જયવંતા વર્તે છે. સવારે ઊઠીને રાજા હાથી ઉપર ચઢી સેવકો સાથે પોતાના કરાવેલા ચૈત્યમાં શ્રી વીરભગવંતને નમીને ગુરુને વંદન કરે છે. તે વખતે મિથ્યા દ્રષ્ટિઓની દ્રષ્ટિ નિમકવડે પુરાય છે. અને સમ્યક્ દ્રષ્ટિઓની દ્રષ્ટિ ચૈત્યને જોવાથી અમૃતવડે ભરાય છે. સવારે સુવર્ણના આસન ઉપર પોતાના ઉત્તમ ગુરુને બેસાડીને જ્યારે આમરાજા ધર્મ સાંભળતો હતો. ત્યારે બ્રાહ્મણોમાંના કેટલાક બ્રાહ્મણો રાજાના ઘરે આવીને રાજાની આગળ આ પ્રમાણે બોલ્યા કે – આ શ્વેત વસ્ત્રવાળાઓને સુવર્ણનું આસન યોગ્ય નથી. આ સાધુઓ જુગુપ્સા કરવા લાયક ભિક્ષાવડે ભોજન કરનારા ને ક્ષુદ્ર જાતિવાલા છે. તેથી તેને બેસવા માટે હમણાં બીજું આસન અપાય. એ પ્રમાણે બ્રાહ્મણો વડે કહેવાયે છતે આચાર્યને બેસવા માટે રાજાએ નાનું આસન (સિંહાસન) મોકલીને મૂલ આસનને ખજાનામાં રહેલું કર્યું (મૂક્યું) તે સિંહાસન ઉપર દિવસની શરૂઆતમાં બેસીને રાજાની આગળ આચાર્ય મહારાજે એક શ્લોક કહ્યો.

मर्दय मानमतङ्गजदर्पं, विनयशरीरविनाशनसर्पम्।
क्षीणो दर्पाद्दशवदनोऽपि, यस्य न तुल्यो भुवने कोऽपि ।।१ ।।

માનરૂપી હાથીના દર્પનું (અભિમાનનું) તું મર્દન કર. કારણ કે માન વિનયરૂપી શરીરનો વિનાશ કરવામાં સર્પ છે. જેના સરખો ભુવનમાં કોઈ નથી તે રાવણ પણ અભિમાનથી નાશ પામ્યો. એ સાંભળીને ગુરુના ચિત્તમાં રહેલા ભાવને જાણીને લજ્જા પામેલા રાજાએ તરત જ તે મૂલ સિંહાસન તે વખતે ગુરુના માટે મોકલ્યું, આમ રાજાએ ભક્તિથી ગુરુનાં બે ચરણમાં લાગીને મન–વચન–અને કાયાના યોગથી શ્રી ગુરુને ખમાવ્યા. ગુરુએ કહ્યું કે પોતાની જાતિવડે ગર્વિત મનવાલા બ્રાહ્મણો ક્યારે પણ બીજી જાતિઓને તરણાં સમાન માનતા નથી.

બ્રહ્મચર્ય વડે બ્રાહ્મણ થાય. શસ્ત્ર ધારણ કરનારા ક્ષત્રિયો થાય. કૃષિકર્મ (ખેતી કર્મ) કરનારા વૈશ્ય થાય, અને સેવા કરનારા શૂદ્ર થાય.

અંગોપાંગસહિત–લક્ષણો સહિત–ચારે વેદોને ભણીને–શૂદ્ર પાસેથી ગ્રહણ કરીને બ્રાહ્મણ ગધેડો થાય છે. બાર જન્મ સુધી ગધેડો થાય છે. સાઠ (૬૦) જન્મ સુધી ભૂંડ થાય છે. સિત્તેર (૭૦) જન્મ સુધી કૂતરો થાય છે. આ પ્રમાણે મનુએ કહ્યું છે. શૂદ્રના ઘરમાંથી બ્રાહ્મણો હંમેશાં ગ્રહણ કરે છે. વણિક એ શૂદ્ર નથી. પરંતુ હે રાજા! તે વૈશ્ય છે. ત્યારે જે જેવા પ્રકારનું કર્મ કરે છે તે તેવા પ્રકારનો થાય છે. શુભ અથવા અશુભજાતિ કર્મથી થાય છે. હમણાં બ્રાહ્મણો ખરાબ કર્મકરતા દેખાય છે. આથી તેઓ શૂદ્ર કહેવાય છે. બીજા વળી બ્રાહ્મણો છે.

તે વખતે રાજાએ ગુરુને એક કરોડ સોનામહોર આપી. પરંતુ તે (સોનામહોર) ઈચ્છા રહિત હોવાથી ગુરુએ ગ્રહણ કરી નહિ. તે પછી સંઘ સહિત રાજાએ ગુરુના વાક્યથી એક કરોડ સોનામહોર જીર્ણજિનમંદિરના ઉદ્ધારમાં વાપરી. એક વખત અંત:પુરમાં પત્નીને કરમાયેલા મુખવાલી જોઈને રાજા ગુરુની આગળ અર્ધી ગાથા લઈ ગયો.

''अज्जवि सा परितप्पइ, कमलमुही अत्तणो पमाएणं''

આજે પણ તે કમલમુખી સ્ત્રી પોતાના પ્રમાદ વડે સંતાપ પામે છે.

આ સમસ્યા સાંભળીને બપ્પભટ્ટીએ આ કહ્યું :

पढम विबुद्धेण तए, जीसे पच्छाइयं अंगं ।।१ ।।

પહેલાં જાગેલા તારાવડે જેનું અંગ ઢાંકી દેવાયું. (૧) પોતાના ચિત્તમાં રહેલી સમસ્યા એકદમ ગુરુવડે પુરાયેલી જાણીને રાજા ચમત્કાર પામ્યો. (અને) ભક્તિથી ગુરુને વંદન કર્યું. એક વખત માર્ગમાં મંદ મંદ જતી પ્રિયાને જોઇને રાજાએ ગુરુની આગળ આ પ્રમાણે કહ્યું :

''बाला चंकमंती पए गए, कीस कुणइ मुहभंगं''

બાલા ગમન કરતી પગલે પગલે મુખભંગ કેમ કરે છે ? તે પછી સૂરિએ પ્રત્યુત્તર આપ્યો.

नूणं रमणपएसे, मेहलिया छिवइ नहपंती ।।१ ।।

ખરેખર રમણ પ્રદેશને વિષે મેખલાવાળી નખપંક્તિ સ્પર્શ કરે છે. (૧)

આ પ્રમાણે સાંભળી શ્યામ મુખવાલો રાજા પોતે હૃદયમાં વિચારવા લાગ્યો. આ ગુરુ શું મારા અંત:પુરમાં કરેલ છે વિપ્લવ (ઉપદ્રવ) એવા છે ? તે પછી ઈંગિત આકારવડે રાજાના ચિત્તને જાણીને ગુરુએ વિચાર્યું કે આશ્ચર્ય છે કે હમણાં આ મારો વિદ્યાનો ગુણ દોષપણાને પામ્યો છે. કહ્યું છે કે :- યત્ન કરવાથી સમુદ્રના કલ્લોલો અને વાંદરાની ચપલતાને રોકી શકાય છે. પરંતુ રાજાના ચિત્તને રોકી શકાતું નથી. (૧) રાત્રિમાં સંઘને પૂછ્યા સિવાય રાજદ્વારના કમાડમાં ત્રાણ કાવ્યો લખીને ગુરુ જલદી નગરીમાંથી નીકળી ગયા. તે આ પ્રમાણે :

હે રોહણગિરિ! અમે જઇએ છીએ. તમારું કલ્યાણ થાઓ. મારાથી સ્થિતિભ્રષ્ટ કરાયેલા આ કેવીરીતે વર્તશે (રહેશે?) એ પ્રમાણે સ્વપ્નમાં પણ તું ચિંતા કરતો નહિ. શ્રીમાન મણિ જેવા અમે જો તમારાથી પ્રાપ્ત કરી છે પ્રતિષ્ઠા જેણે એવા છીએ, તો તે શૃંગારમાં તત્પર એવા રાજાઓ અમને મસ્તક ઉપર કરશે. (૧)

તું એમ નહિ માનતો કે હું જ (તમારી) સ્થિતિનું સ્થાન છું. મારાથી જ પાણીનો લાભ થાય છે. જો મારી કૃપા હોય તોજ, મારે અધીન પેટ ભરવું છે, તેમ અથવા મારી કૃપા હોય તોજ તેઓ અહીં રહેશે. (એમ તું માનતો નહિ) પરાભવ પામશે તો પણ તે સુવર્ણકમળ પામશે. અનેક પ્રયોજન માટે નિર્મળ સરોવરમાંથી રાજહંસો નીકળી ગયા. (૨)

વિચિત્ર શરીરવાલા, લાંબાકાળથી પીઠઉપર લાગેલા અમોને તું શા માટે છોડી દે છે અથવા ભલે છોડી દે, હે શ્રેષ્ઠ મયૂર ! ખરેખર એ તને જ હાનિ છે. ફરીથી અમારી સ્થિતિ તો રાજાઓનાં મસ્તકોને વિષે થશે (૩)

આચાર્ય પૃથ્વીતલ ઉપર વિહાર કરતાં કેટલાક દિવસે અનુક્રમે લક્ષ્મણાવતી નગરીમાં ઉદ્યાનમાં ગયા તે નગરીમાં ન્યાયી એવો ધર્મરાજા છે, તેની સભામાં રાજાની આગળ કવિરાજે કવિની કાવ્યપંક્તિ કહી. આચાર્ય મહારાજને ત્યાં આવેલા જાણીને કવિસહિત રાજા પ્રવેશઉત્સવપૂર્વક નગરીની અંદર લાવ્યો. રાજાએ આપેલા મોટા ઘરમાં રહેલા આચાર્યને નિરંતર નમીને કવિત્વોને સાંભળીને ધર્મરાજા સુખ પામતો હતો. તે વખતે અનેક કવિઓ આચાર્યવડે રંજિત કરાયા અને જિતાયા, તે તેમનાં ચરણોને સેવે છે અને લાંબા કાળથી ઉત્પન્ન થયેલા સંશયોને કાપે છે.

હે શેષ નાગ ! તું ભુવનના ભારને વિષે જોડાયેલો છે. ડોકને નીચે ન કર. (નમાવીશ નહિ) તું એક દુઃખી હોતે છતે બધા ભુવનો સુખી થાય છે.

તે સુવર્ણગિરિવડે શું ? તે રૂપાના પર્વતવડે પણ શું ? જેનો આશ્રય કરવાથી વૃક્ષો તે વૃક્ષો જ છે. અમે (તો) મલયગિરિને જ માનીએ છીએ કે જેનો આશ્રય કરવાથી કોરંટ–નીંબ અને કુટજ વૃક્ષો પણ ચંદન થાય છે. (૨) કવિઓ વડે અહીં સજ્જનોના હૃદયને નવનીત કહેવાય છે તે બરોબર નથી. કારણ કે સજ્જનોનું હૃદય બીજાના દેહમાં વિલાસ કરતા સંતાપથી દ્રવે છે. પણ માખણ દ્રવતું નથી. (૩) આ બાજુ ગોપગિરિમાં આમરાજા પોતાના ગુરુને નહિ જોવાથી અને નગરના દ્વારમાં ત્રણ કાવ્ય જોઈને રાજા ખિન્ન થયો તે આ પ્રમાણે::– " યામ: સ્વસ્તિ–તવાસ્ત્વિતિ, "

આ આગળ કહી ગયા તે અર્થવાલા ત્રણ શ્લોકો

સંધ્યા સમયે વૃક્ષ ઉપર આવીને પક્ષી રાત્રિ સુધી નિવાસ કરીને ઊડી–ઊડીને પોતાની ઇચ્છિત દિશામાં જાય છે.।। વર્ષાકાળ આવતો જોઈને હે રાજન! રાજહંસો પોતાને ઇષ્ટ એવા માનસ સરોવરમાં જાય છે. કાવ્યનો અર્થ જાણવાથી અને તે વખતે ગુરુના અક્ષર જોઈને રાજા વિચારવા લાગ્યો કે ગુરુ મને છોડીને કયા કારણથી ગયા ?

એક વખત રાજાએ બાહ્ય ઉદ્યાનમાં કાળા સર્પને મુખમાંથી પકડીને ઘરે લઈને વસ્ત્રવડે ઢાંકીને છોડ્યો. (પછી) રાજાએ બે પદ કરીને (બનાવીને) એ કવિઓને આપ્યાં.

શસ્ત્રં શાસ્ત્રં કૃષિ વિદ્યા, અન્યો યો યેન જીવતિ;

"શસ્ત્ર–શાસ્ત્ર–ખેતીને વિદ્યા બીજો જે જેના વડે જીવે છે."

રાજાવડે ચિંતવાયેલી આ સમસ્યા કોઈવડે પણ પુરાઇ નહિ ત્યારે બપ્પભટ્ટીસૂરીશ્વર ગુરુને યાદ કર્યા. તે પછી રાજાએ મંત્રી પાસે પડહ વગડાવ્યો. જે મનુષ્ય મારી આ ટૂંકી (નાની) સમસ્યા પૂરશે તેને લાખ સુવર્ણટંક આદરપૂર્વક હું આપીશ. તે પછી કોઇ જુગારીએ આવીને તે સમસ્યા આ રીતે પૂરી.

सुगृहीतं हि कर्त्तव्यं, कृष्णसर्पमुखं यथा।।

તે સારી રીતે ગ્રહણ કરાયેલું કરવું જોઈએ. જેમ કાળા સર્પનું મુખ, તે સમયે રાજાએ જુગારીને બોલાવીને પૂછ્યું કે હે જુગારી ! સાચું બોલ આ સમસ્યા કોના વડે પુરાઈ છે ? જુગારીએ કહ્યું કે હે સ્વામી ! હું લક્ષણાવતી નગરીમાં ગયો હતો. ગુરુની આગળ સમસ્યાનો અર્થ મેં પૂછ્યો. (ત્યારે) આ સમસ્યા બપ્પભટ્ટી ગુરુવડે પુરાઇ છે. તે પછી હર્ષિત થયેલા રાજાએ તે વખતે તેને પોતાના કહ્યા મુજબ આપ્યું.

રાજાએ સભામાં કહ્યું કે શ્રી બપ્પભટ્ટીસૂરિએ સમસ્યા પૂરી તેથી તેના સમાન કોઇ નથી. એક વખત નગરના ઉદ્યાનમાં વડના ઝાડ નીચે ઊભેલા આમરાજાએ શાખા ઉપર લટકતા મરેલા મુસાફરને જોયો. આંસુના સમૂહને ઝરતાં અર્ધીગાથા લખેલા એક હસ્તપત્રને રાજાએ પથ્થરપર જોયો.

''तइया मह निग्गमणे, पियाइ थोरंसुएहिं जं रूण्णं''

" તે વખતે હું નીકલ્યો ત્યારે મારી પ્રિયાવડે મોટા આંસુવડે જે રુદન કરાયું" તે સમસ્યાનાં બે પદને રાજાએ કવિની પાસે પૂછ્યું. રાજાએ ચિંતવેલી સમસ્યા જ્યારે કોઇવડે પૂરી ન કરાઇ ત્યારે રાજાએ બપ્પભટ્ટીગુરુને યાદ કર્યા. કહ્યું છે કે :– વેશ્યાની જેમ વિદ્યાઓનું મુખ કોના કોનાવડે ચુંબન કરાયું નથી ? (પણ) તેઓના હૃદયને ગ્રહણ કરનારાઓ તો બે ત્રણ હોય છે અથવા હોતા નથી.

प्रतिपत् चन्द्रं सुरभी, नकुलो नकुर्लीं पयश्च कलहंसः।
चित्रकवल्लीं पक्षी, सूक्ष्मं धर्मं सुधीर्वेत्ति।।

સુરભિ–ગાય એકમના ચંદ્રને, નોળિયો નોળિયણને, કલહંસ પાણીને, પક્ષી ચિત્રકવેલને અને સારી બુદ્ધિવાલો સૂક્ષ્મ ધર્મને જાણે છે।। આ પ્રમાણે વિચારીને રાજાવડે તે જુગારી આચાર્ય પાસે મોકલાયો. તે સમસ્યાના અર્થને જાણવા માટે તે ગયો. પોતાને આવવાનું કારણ જુગારીએ કહ્યું ત્યારે બપ્પભટ્ટીએ સમસ્યાનો અર્થ તેની આગળ કહ્યો.

''करवत्तय बिंदु निवाडणमिहेण, तं अज्जं संभरिअ''

"કરપત્રમાં બિંદુ પડવાના બહાનાવડે તે આજે યાદ આવ્યું" જુગારીએ આવીને ગુરુનું સમસ્યાનું પૂરવું જેટલામાં કહ્યું તેટલામાં હર્ષિત થયેલા રાજાએ તે ગુરુને મનવડે નમસ્કાર કર્યો. તે વખતે રાજાવડે બોલવામાં ચતુર એવા શ્રેષ્ઠ મંત્રીઓ ગુરુને બોલાવવા માટે મોકલાયા. તેઓ બપ્પભટ્ટીસૂરિ પાસે ગયા. ગુરુને નમસ્કાર કરીને આમરાજાવડે અમે અહીં મોકલાયા છીએ, એમ બોલતાં તેઓએ વિજ્ઞપ્તિ આપી.

સારી યુવતીના ગાલ ઉપર રહેલું એવું ગંગાનું પાણી ગંગાને યાદ કરતું નથી. સ્તનના સ્પર્શમાં રસિક મુક્તામણિ

છીપને યાદ કરતું નથી.ને કિંમતથી કરોડો ઉપર ચઢેલો મણિનો સમૂહ તેની જનેતાને યાદ કરતો નથી. તેથી હું માનું છું કે આ જગત સ્નેહથી અટકેલું અને પોતાના સુખમાં રક્ત છે. (૧) છાયાને માટે માથાપર ધારણ કરેલાં પાંદડાં પણ પૃથ્વી ઉપર પડી જાય છે. પાંદડાં પડી જવાથી વૃક્ષો શું કરે? (૨) તે પછી મંત્રીશ્વરો વિશેષે કરીને ગુરુનાં બે ચરણોને નમીને બોલ્યા કે શ્રી આમરાજાવડે તમે આ પ્રમાણે વિનંતિ કરાયા છો. હે ઉત્તમ ગુરુ ! મારી ઉપર કૃપા કરી વગર વિલંબે તમારે અહીં આવી મારી પૃથ્વી પવિત્ર કરવી. જે મનુષ્ય અને રાજાઓએ ભગવંતનું વચન સાંભલ્યું છે, તેઓને બીજાના કવિત્વમાં કોઇ ઠેકાણે રુચિ થતી નથી.

कथासु ये लब्धरसाः कवीनां, ते नानुरज्यन्ति कथान्तरेषु।
न ग्रन्थिपर्णप्रणयाश्चरन्ति, कस्तूरिकागन्धमृगास्तृणेषु ।।

કવિઓની કથામાં જેઓએ રસ પ્રાપ્ત કર્યો છે તેઓ બીજાઓની કથામાં આનંદ પામતા નથી. ગાંઠમાં ઊગેલાં પાંદડાંઓના પ્રેમવાલા એવા કસ્તૂરિકા ગંધ મૃગો ઘાસને વિષે ચરતા નથી. આ સાંભળીને આચાર્ય બપ્પભટ્ટીએ તેઓને કહ્યું કે તમારે વિદ્વાનોમાં શ્રેષ્ઠ એવા આમરાજાને જણાવવું કે જો તમારે પ્રયોજન હોય તો ધર્મરાજાની સભામાં પોતે ગુપ્તપણે આવીને જલદી રજા લેવી. મેં ધર્મરાજા સાથે આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી છે કે મને આમરાજા જો અહીં બોલાવવા માટે આવે તો હે રાજા ! મારે તેની સાથે ત્યાં જવાનું છે. ત્યાં પ્રતિજ્ઞાના લોપના ભયથી આવી શકાય તેમ નથી. કહ્યું છે કે : પોતાનું જે પ્રતિજ્ઞાનું કરવું તે સ્થિતિના વૃતાંત સહિત ગુરુના લેખને લઈને મંત્રીઓ ત્યાંથી ચાલ્યા. મંત્રીઓ ગોપગિરિમાં આવીને રાજાની પાસે ગુરુએ લખેલો લેખ આમરાજાને આપ્યો. તેમાં લખ્યું હતું કે :–

विंझेण विणा वि गया, नरिंद भवणेसु हुंति गारविया,
विंझो न होइ अगओ, गएहिं बहुएहिं वि गएहिं ।।१ ।।

વિંધ્યપર્વત વિના પણ હાથીઓ રાજાના ભવનોમાં ગૌરવવાળા થાય છે. ઘણા હાથી જાય તો પણ વિંધ્યપર્વત હાથી વગરનો થતો નથી. (૧) રાજહંસો માનસસરોવર વિના જોકે સુખ પામતા નથી અને તે રાજહંસો વિના તે માનસસરોવરના કિનારા મધ્યભાગ શોભતા નથી. (૨) હંસકુલ વગરનું માનસ સરોવર એ માનસ જ છે. એમાં સંદેહ નથી. તો હંસો પણ બીજે ઠેકાણે જ્યાં ગયા હોય ત્યાં હંસજ કહેવાય છે એ બગલા કહેવાતા નથી. (૩) હંસો જ્યાં ગયા ત્યાં પૃથ્વીનાં મંડન થાય છે. જે હંસવડે છોડી દેવાય છે. તે માનસરોવર છેદ પામે છે. (૪)

મલયગિરિ ચંદન સહિત જ છે. નદીના મુખથી હરણ કરાતો ચંદનવૃક્ષનો સમૂહ તે મલયથી ભ્રષ્ટ થવા છતાં પણ ચંદન મહામૂલ્યવાળું થાય છે. છોડી દીધો છે કમલાકર જેણે એવા પણ ભમરાઓ મકરંદનો સ્વાદ કરે છે શું ? ભમરા વગરનો કમલાકર પણ જોવાયો છે ? અથવા સંભળાયો છે ? " એક કૌસ્તુભ મણિવિના પણ સમુદ્ર એ રત્નાકરજ છે. જેના હૃદય પર કૌસ્તુભમણિ રહ્યો છે, તે પણ મહામૂલ્યવાળો છે." હે વૃક્ષ! તું ભલે પાંદડાંને છોડી દે પરંતુ પાંદડાંઓનું પત્રપણું નાશ પામતું નથી. ને તે પાંદડાંવડે તારી તેવા પ્રકારની છાયા થાય છે. (જાણે) કોઇ સ્વામી પૃથ્વીમંડલમાં

છે. તે શેરડીના દંડ સરખા સરળ હોય છે કે જડ (ગાંઠ)ની અંદર રસસહિત હોય છે. પાંદડાંને વિષે વિરસ દેખાય છે.

હમણાં પ્રભુવડે પણ ખરેખર પૂર્વના સ્વામીનું પ્રભુપણું શું નથી ? તેઓવડે કરાયેલા દોષોને ગુણો ક્યારે પણ તેઓ વડે ગુણ 'ને' દોષ કરાયા નથી. "ખંડ વિના પણ અખંડ મંડલવાળો પૂર્ણિમાનો ચંદ્ર વિજયવંતો વર્તે છે તેવી રીતે તે જ શંકરના મસ્તક ઉપર રહેલ નિર્મલ એવો ચંદ્રનો ખંડ શોભે છે." તે વખતે લેખ વાંચીને ઉત્કંઠાસહિત આમરાજા કેટલાક સેવકોવડે યુક્ત ગુરુને વંદન કરવા માટે ચાલ્યો. ગોદાવરી નદીના કિનારે મનોહર એવા ખંડિત દેવલમાં દેવીને નમીને આમરાજા રાત્રિમાં રહ્યો. રૂપવડે મોહ પામેલી કમલા નામની વ્યંતરદેવી હર્ષિત મનવાલી રાજાની સાથે ભોગોને ભોગવવા લાગી. સવારમાં તે દેવીની રજા લઈને ઊંટ ઉપર ચઢેલો રાજા એકાંતમાં રહેલો ગુરુને નમીને અર્ધી ગાથા બોલ્યો.

अज्ज वि सा सुमरिज्जइ-को नेहो एगराईए।।

આજે પણ તે યાદ આવે છે. એક રાત્રિમાં સ્નેહ કેવો ? "આચાર્યે કહ્યું કે

गोला नइतीरे सुन्न-देउलंमि जंसि वासमिओ।।

ગોલા નદીના કિનારે શૂન્ય દેવલમાં જે નિવાસ કર્યો.

अद्य मे सफलाप्रीति रद्यमे सफला रतिः।
अद्य मे सफलं जन्मं, अद्य मे सफलं कुलम्।।

આજે મારી પ્રીતિ સફલ છે. આજે મારી રતિ સફલ છે. આજે મારો જન્મ સફળ છે. આજે મારું કુલ સફળ છે. મારાવડે મૂઢપણાથી વચન અથવા મનવડે જે અપરાધ કરાયો હોય તે ક્ષમા કરીને તમારે પોતાના આગમનથી મારી નગરીની ભૂમિને શોભાવવી. ગુરુએ તે વખતે પોતાની પ્રતિજ્ઞાનું સ્વરૂપ કહ્યું. આમે કહ્યું કે હું સવારમાં છલથી વંદન કરવા માટે આવીશ. રાજા દેખતાં પરિવાર સહિત હું તમને વંદન કરીશ. ત્યારે મારી સાથે તેવી રીતે કરવું કે જેથી ધર્મરાજા મને ન જાણે, ગુરુની સાથે ગોષ્ઠિ કરીને રાજા દિવસના અંતે સંકેત કરીને જુદાં જુદાં વૃક્ષથી વ્યાપ્ત ઉદ્યાનમાં ગયો. સવારે ધર્મરાજા હર્ષથી ગુરુને પ્રણામ કરીને કેટલાક સેવકોથી સેવાયેલો વ્યાખ્યાન સાંભળવા માટે આવ્યો. આ બાજુ ત્યાં એક પુરુષ આવીને મોટા સ્વરે બોલ્યો. ખરેખર હમણાં અહીં આમરાજાના સેવકો આવ્યા છે. તેઓ આવે છતે ત્યાં ગુરુએ કહ્યું કે અરે ! આમ આવો. તેથી બધા ગુરુને નમીને સન્મુખ બેઠા, ગુરુએ કહ્યું કે હે નરેશ્વર ! આ આમ રાજાના સેવકો છે. ધર્મરાજાએ મંત્રીશ્વરને પૂછ્યું કે આમ રાજા કેવા છે ? મંત્રીએ કહ્યું કે પત્રોને આપતો જેવો મારો છડીધર છે તેવા પ્રકારનો હે રાજા ! આકારથી આમ રાજા છે. છડીધરે નમીને કહ્યું કે જલદી ગોપગિરિમાં આવીને પોતાના આગમનથી રાજા અને શ્રાવકોને વંદન કરાવો. ગુરુએ કહ્યું કે હે છડીધર ! અમારાવડે તારી વાણી કરાશે. તમારે તેને ધર્મલાભ કહેવો. ને જણાવવો. અહીં આગળ ગુરુએ કહ્યું કે હે છડીધર ! તારા હાથમાં હમણાં શું છે ? તેણે કહ્યું કે મારી પાસે બીજોરું છે. અર્ધ ક્ષણ પછી ગુરુવર્યે ઉત્તરમાં તે વખતે આહ્લાદ કરનારું એક મુક્તક ઉતાર્યું (કહ્યું)

तत्ती सीअली मेलावा केह्ा, धणउत्तावलि पियमंदसिणेहा;
विरहिहिं माणुसुजं मरइं, तसु कवणी निहोरा
कन्नि पवित्तडी जणु जाणइ-दोरा ।।१।।

ઇત્યાદિ ગોષ્ઠિ ગુરુના ચરણમાં કરતો આમરાજા ધીમેથી નીકળીને સંકેત સ્થાનમાં ગયો. શ્રેષ્ઠ વાહનિકામાં બેઠેલો આમરાજા ચાલતો (જતો) ઘણા માર્ગને ઓળંગીને જલદી દૂર ગયો. આ બાજુ ગુરુએ બે પહોર સુધી (વ્યાખ્યાનમાં) તેવા પ્રકારનો અપૂર્વ રસ ઉતાર્યો કે જેથી સંઘ ચિત્રમાં ચિતરેલો હોય તેવો થયો. તમારા સ્વામી એક વખત અહીં આવે એવી રીતે હે રાજસેવકો ! તમારે કહેવું. હે રાજન ! તમારે તે અહીં આવ્યા જ છે તેમ જાણવું. એમ કહીને તે આમ રાજાના સેવકો આમની પાછળ ચાલ્યા. બીજે દિવસે સવારે આચાર્ય મહારાજ રજા લેવા માટે રાજાની પાસે જઈને કહ્યું કે હું ગોપગિરિમાં આમ રાજાની પાસે જાઉ છું. તમને અમારો ધર્મલાભ હો. આથી ધર્મરાજાએ કહ્યું આમના બોલાવ્યા સિવાય તમારી પ્રતિજ્ઞાની ગતિ કઇ ? કહ્યું છે કે :– રાજાઓ એક વખત બોલે છે. સાધુઓ એક વખત બોલે છે. કન્યા એક વખત અપાય છે. આ ત્રણ વસ્તુઓ એક એક વખત હોય છે. આચાર્ય બોલ્યા કે હમણાં મારી પ્રતિજ્ઞા પૂરી થઇ ગઇ છે. રાજાએ કહ્યું કે હે ઉત્તમ ગુરુ ! તમારી પ્રતિજ્ઞા કેવી રીતે પૂર્ણ થઇ છે ? આચાર્ય મહારાજે કહ્યું કે ગયા દિવસે સવારે વ્યાખ્યાનના અવસરે આમ અને રાજાના સેવકોએ આવીને મને જ્યારે આદરથી વંદન કર્યું. ત્યારે હે રાજા! આમ રાજા પણ મને નમન કરવા માટે આવ્યો હતો. મારાવડે છલથી કહેવાયું કે આમ ! તું આવ અહીં અને ઊભો રહે તે જ આમરાજા. હે રાજન ! તમારાવડે જાણવો.છડીધરના રૂપને ધારણ કરનારા આમરાજાવડે હું બોલાવાયો હતો. કહેવાયું કે બીજા ઉરા–બેરાજા, આમ છડીધર સરખો છે. ઇત્યાદિ મારા અને તેના મંત્રીનાં વચનો તે વખતે થયાં હતાં.

ઇત્યાદિ ઘણી વાતચીતોવડે તારાવડે આમરાજા જોવાયો. મને અહીં બોલાવવા માટે તે આવ્યો હતો. તે આપ વડે ન જણાયો. રાજા જેટલામાં સંશયમાં પડ્યો ત્યારે એક ગણિકાએ આવીને કહ્યું. આમ રાજા ગુરુવર્યને નમસ્કાર કરવા માટે આવ્યો હતો. હે રાજન ! જતા એવા આ આમવડે ઉતાવળે પાછલથી મારા હાથે એક મનોહર બાજુબંધ તમારી ભક્તિને માટે મોકલાયો છે. જતાં એવા આમવડે બે ત્રણ યાચકોને કંકણ અપાયાં છે. જે તે કોઇકના મોઢેથી રાજાવડે મને જણાવાયું. પોતાના નગરમાંથી ગયેલા આમને જાણીને શોક કરતો ધર્મરાજા બોલ્યો કે ધિક્કાર છે કે અહીં આવેલો મિત્ર મારાવડે ન જણાયો. બપ્પભટ્ટી અને આમની જગતમાં અદ્‌ભુત એવી સુંદર ચતુરાઇને જાણીને ધર્મરાજા ગુરુનાં બે ચરણોને અત્યંત ભક્તિથી નમ્યો. બળાત્કારે ગુરુવર્યે ધર્મરાજાને (આગળ આવતો) રોકીને માર્ગમાં ચાલતાં કોઇક ગામમાં આમરાજાને મલ્યા, એક ભિલ્લ સરોવરની અંદર બોકડાની જેમ પાણી પીતો કોઇ ઠેકાણે રાજાવડે જોવાયો. આમે સૂરીશ્વરની પાસે અર્ધી ગાથા આ પ્રમાણે કહી.

''पसुजिम पुलिंदो पय पिवइ, पंथिय कवण कारणिण'' ।।

પશુની જેમ મુસાફર એવો ભિલ્લ ક્યા કારણથી પાણી પીએ છે ?" તે પછી પાણી પીનારો માણસ રાજાવડે બોલાવીને તે વખતે પુછાયેલો બોલ્યો. ફ્ર રાજાની સમસ્યા ગુરુવડે સાચી પુરાઈ. ઇત્યાદિ ઘણા પ્રશ્નો ને પ્રતિપ્રશ્નો કરતો રાજા ગુરુ સાથે ગોપાલપર્વતપર ગયો. પતાકા-તોરણો માંચા ઊંચા માંચા વગેરે કરવાથી રાજા ગુરુને ઉત્સવપૂર્વક નગરીમાં લઇ ગયો.

ત્યાં બપ્પભટ્ટી ગુરુ રહેતા ત્યારે રાજા અને બીજા બુદ્ધિશાળીઓના ચિત્તને ધર્મકથાવડે રંજન કરતા હતા. આ બાજુ વૃદ્ધ ભાવથી શ્રી સિદ્ધસેનસૂરિ દેહથી અસમર્થ એવા હૃદયમાં અનશન ગ્રહણ કરવાની ઇચ્છાવાલા થયા. બપ્પભટ્ટી શિષ્યને બોલાવવા માટે ગુરુવડે બે સાધુઓ મોકલાયા અને તેઓ ગુરુના લેખ સહિત બપ્પભટ્ટી પાસે આવ્યા.

બપ્પભટ્ટી ગુરુના લેખને નમીને મસ્તક ઉપર કરીને ઉઘાડીને વાંચ્યો અને પોતાની જાતે પોતાના મનમાં વાંચ્યો. હે ગુરુવત્સલ બપ્પભટ્ટી તને ભણાવ્યો છે. પદવી આપી છે પરંતુ તું શું ગુરુવત્સલ નથી ? અનશન રૂપી રથમાં બેસાડીને અમોને શ્રેષ્ઠ એવા દેવલોકમાં મોકલીશ, તે પછી રાજાની રજા લઇને શ્રેષ્ઠ એવા મોઢેરા નગરમાં જઇને બપ્પભટ્ટી મુનિ ગુરુનાં ચરણ કમલને નમ્યો. ગુરુ પણ તે શિષ્યને હર્ષથી ગાઢ આલિંગન આપીને બોલ્યા કે હે વત્સ ! તારા આગમનથી અમારું મન હર્ષ પામ્યું છે. હે વત્સ ! તું અમને આરાધના પતાકા કરાવ. જેથી મારી સ્વર્ગમાં ગતિ થાય ને તું પણ દેવા રહિત થાય. તે પછી આરાધના અને ચતુઃશરણ કરે છતે પુણ્યની અનુમોદનામાં તત્પર શ્રી સિદ્ધસેન ગુરુવર્ય પંચ નમસ્કારને યાદ કરતા, હૃદયમાં તીર્થમાલાને નમતા, આયુષ્યના અંતે અસંખ્ય સુખોને આપનારા સ્વર્ગલોકમાં ગયા.

ગુરુના સ્વર્ગવાસથી ઉત્પન્ન થયેલા શોકને ચિત્તમાંથી ઉતારીને શ્રી બપ્પભટ્ટીસૂરિ વિશેષે કરીને સારાં કાર્યો કરવા લાગ્યા. શ્રી ગોવિંદસૂરિ અને શ્રી નંદસૂરિએ બન્નેને ગચ્છનો ભાર સોંપીને તે આચાર્ય આમરાજા પાસે ગયા. તે વખતે બપ્પભટ્ટીસૂરિ અને આમરાજા શુભાષિત આદિવડે હંમેશાં ગોષ્ઠિ કરતાં તેઓનો દિવસ ક્ષણની જેમ પસાર થાય છે.

એક વખત સભાની અંદર નાચતી નર્તકીને જોઇને પુસ્તકના અક્ષરમાં આપી છે આંખ જેણે એવા તે અર્થને જોતા રહ્યા. અનુક્રમે આચાર્ય નર્તકીના શુકના પીછા સરખા કંચુકને વિષે લોચન આપતાં રાજાએ જોયા ને હૃદયમાં આ પ્રમાણે બોલ્યો. સિદ્ધાંતના તંત્રથી પારંગત યોગથી યુક્ત એવા તે યોગીઓને જે સ્ત્રીઓ જીતે છે તો તેજ પ્રમાણ છે. પુરુષના વેશને ધારિણી નર્તકીને રાત્રિમાં આમરાજાએ આચાર્યની વસતિમાં પરીક્ષા કરવા માટે મોકલી. હાથના સ્પર્શથી વિશ્રામણા (સેવા) કરતી એવી તેણીને આચાર્યે કહ્યું કે હે સ્ત્રી ! તું અહીં કોનાવડે મોકલાઇ છે ? બ્રહ્મવ્રતમાં રહેલા અમારા જેવા સાધુઓને વિષે કોઇ બાલકપણ ચલાયમાન કરી શકે નહિ. જેમ વાયુવડે મેરુ પર્વત ચલાયમાન ન કરી શકાય.તે વખતે બીજાએ આ પ્રમાણે કહ્યું :-

राज्ये सारं वसुधा वसुधायामपि पुरं पुरे सौधम्।
सौधे तल्पं तल्पे वाराङ्गनानङ्गसर्वस्वम्।।

ફ્ર સમસ્યાનો જવાબ મૂલ ગ્રંથમાં મુકાયો જ નથી. અર્થની દ્રષ્ટિએ એમ કલ્પના કરી શકીએ કે પાણી છીછરું હોવાથી અથવા ભીલના બન્ને હાથો કપાઈ જવાથી તે બકરાની જેમ મોઢાથી પાણી પીએ છે.

રાજ્યને વિષે પૃથ્વીસાર છે. પૃથ્વીમાં સાર નગર છે. નગરમાં સાર મહેલ છે. મહેલમાં શય્યા એ સાર છે. ને શય્યામાં કામદેવનું સર્વધન એવી શ્રેષ્ઠ સ્ત્રી છે. વળી ફક્ત પ્રિયનું જ દર્શન થાઓ. બીજાં દર્શન વડે પ્રયોજન શું ? તેથી સરાગી એવા ચિત્ત વડે પણ નિર્વાણ પમાય છે. હમણાં તમારી સેવા કરવા માટે આમરાજાવડે હું મોકલાઇ છું. તેથી સૂરિવર્યે તેને કહ્યું જ્ઞાનદ્રષ્ટિવાલા અમારા વ્યામોહને માટે દેવાંગના સરખી એવી પણ સ્ત્રીઓ ક્યારેય જરા પણ સમર્થ થતી નથી. કહ્યું છે કે :-

मलमूत्रादि पात्रेषु - गात्रेषु मृगचक्षुषाम्।
रतिं करोतु को नाम सुधीर्वर्चोगृहेष्विव ।।१ ।।

સંડાસની જેવા સ્ત્રીઓનાં મલમૂત્ર આદિનાં પાત્ર એવા અવયવોને વિષે ક્યો બુદ્ધિશાળી પ્રીતિ કરે ?

ગુરુને વિકાર વગરના જોઈને ઘણા સંતોષવાલી વેશ્યાએ સવારે રાજાપાસે આવીને રાત્રિ સંબંધી વૃતાંત કહ્યું. કે હે સ્વામી ! તમારા ગુરુ મેરુપર્વતની જેમ વજ્રચિત્તવાલા છે. તે દેવાંગનાઓ વડે પણ ક્ષોભ પમાડી શકાય એવા નથી. અમારાવડે તો કેમ ચલાયમાન કરી શકાય ? હે રાજા ! અમારાવડે જન્મથી માંડીને શિક્ષા પામેલ અપાયવાલી કૂટ આદિની રચના અહીં અમારી નિષ્ફળ થઇ. વેશ્યાની પાસે ગુરુના ધર્મની સ્થિરતા સાંભળીને આશ્ચર્યના ઉદયથી ભરેલો રાજા મનમાં આ પ્રમાણે વિચારવા લાગ્યો

न्युञ्छने यामि वाक्यानां, दृशोर्याम्यवतारणम्
बलिक्रिये तु सौहार्दा - च्छ्रीगुरुणां पदोस्तथो।।

હું વાક્યોની લુંછનાને પામું છે. બે દ્રષ્ટિમાં અવતારણ પામું છે. અને મિત્રતાથી શ્રી ગુરુનાં બે ચરણોમાં પૂજા કરું છું

धन्यास्त एव धवलायतलोचनानां,
तारुण्यदर्पघनपीनपयोधराणाम्।
क्षामोदरोपरि लसत् त्रिवली लतानो,
दृष्टवाऽऽकृतिं विकृतमेति मनो न येषाम् ।।१ ।।

(તે ગુરુઓ ધન્ય છે.) શ્વેત અને લાંબા નેત્રવાલી – યૌવનના અભિમાનથી ઘણાં પુષ્ટ – (મોટાં) સ્તનવાલી – ક્ષામ (નાના) પેટની ઉપર દેદીપ્યમાન ત્રિવલીની લતાવાળી એવી સ્ત્રીઓની આકૃતિ જોઈને જેઓનું મન વિકાર પામતું નથી તે ખરેખર ધન્ય છે.

આ પ્રમાણે વિચારી રાજા આચાર્યને નમીને બોલ્યો કે ખેદની વાત છે કે મારાવડે મૂઢતાથી વેશ્યાનીપાસે આપની

પરીક્ષા કરાવાઈ. તમે મહેરબાની કરીને મારાવડે જે અપરાધ કરાયો તે અપરાધની ક્ષમા આપો. હે સ્વામી ! હું મૂર્ખ છું કે તમારા વિષે મેં પરીક્ષા કરી.

એક વખત આમરાજા માર્ગમાંજતાં એરંડનાં મોટાં પાંદડાં સરખાં સ્તનના વિસ્તારવાલી ખેડૂતની સ્ત્રીને ઘરની પાછળ એરંડાનાં પાંદડાંને વિસ્તારતી જોઈને અર્ધગાથા કહી. આચાર્યની પાસે બોલ્યો.

वइविवर निग्गयदलो एरंडो साहइव्व तरुणाण,

વાડના છિદ્રમાંથી નીકલ્યાં છે પાંદડાં જેનાં એવો એરંડો યુવાનોને કહે છે. ! આ પ્રમાણે સાંભળીને સૂરિરાજ રાજાની આગળ આ પ્રમાણે બોલ્યા.

એ ઘરમાં ખેડૂતની સ્ત્રી એરંડાનાં પાંદડાં સરખી સ્તનવાલી વસે છે ! એ પ્રમાણે સૂરિરાજવડે સમસ્યાને પુરાયેલી જાણીને રાજા સંતોષ પામ્યો. એક વખત ચોમાસામાં જેનો ધણી પરદેશ ગયેલો છે એવી સ્ત્રીને સાંજે દીપક છે હાથમાં જેના એવી જતી વાંકી ડોકવાલી સ્ત્રીને જોઈને રાજા બોલ્યો.

।। दिज्जइ वंकग्गीवाइ दीवउ पहियजायाए ।।

વાંકી ડોકવાલી મુસાફરની સ્ત્રીવડે દીપક અપાય છે. ॥ આચાર્ય બોલ્યા

पियसं भरण लुटटंत अंसुहारा निवाय भीयाए ।।

પ્રિયના સ્મરણથી આલોટતી અશ્રુધારાના પ્રવાહના ભય વડે, આ પ્રમાણે પરસ્પર બપ્પભટ્ટી ને આમરાજા પ્રશ્નોત્તર બોલતાં ઘણો સમય પસાર કરતા હતા.

એક વખત આમરાજા પાસે નમીને એક દૂત બોલ્યો. ધર્મ (રાજા) વડે મોકલાયેલો હું હમણાં તમારી પાસે આવ્યો છું. શા માટે ? એ પ્રમાણે રાજાએ કહે છતે દૂત આદરપૂર્વક બોલ્યો. ધર્મરાજાએ મારા મુખેથી તમને આ પ્રમાણે વિનંતિ કરી છે. તમે અહીં છલવડે આવીને ગુરુવર્ય બપ્પભટ્ટીને ત્યાં લઇ ગયા છો. જ્યારે તે વખતે મારાવડે ભક્તિ કરાઈ નથી. તેથી કરીને તે ઉત્તમ ગુરુવિના મારું ચિત્ત દુઃખી થાય છે.

અહીં એક ગૌડ દેશનો વાદીરાજ વાદ કરવા માટે આવ્યો છે. વિદ્યાના મદવડે તે વાદીવર્ધન કુંજર લક્ષ્મી વડે ત્રણ જગતને તૃણ સરખો પણ માનતો નથી. તેણે એ પ્રમાણે પ્રતિજ્ઞા કરી છે કે હે રાજન ! જો હું હારી જાઉં તો તમને એક કરોડ સોનામહોર આપીશ. અને હે રાજા ! જો હું જીતું તો મને કરોડ સોનામહોર આપવી. આ પ્રમાણે બોલતાં વાદીએ નગરીનું માહાત્મ્ય – ક્ષય પમાડ્યું છે. તેથી હે આમરાજા ! તમારે તેમ કરવું કે જેથી ગુરુવર્ય બપ્પભટ્ટી વાદીને જીતવા માટે આવે, તે લક્ષ્મીપુરમાં અનુક્રમે ધર્મરાજા અને આમરાજા પ્રવાદી ને વાદીથી યુક્ત વાદ કરવા માટે આવ્યા. તે બન્ને

પ્રતિવાદી ને વાદી વાદ કરતે છને છ મહિના ગયા. પરંતુ કોઇ જય પામતું નથી. આમરાજાએ બપ્પભટ્ટી પાસે કહ્યું કે મારા વિના રાજય સિદાય છે. બપ્પભટ્ટી એ કહ્યું કે અહીં પાંચ દિવસ રાહ જુઓ, તે પછી સરસ્વતીની સારી રીતે આરાધના કરીને આચાર્યે કહ્યું કે :– હે ભારતી ! હમણાં મારાવડે વાદી કઇ રીતે જિતાશે ? હવે સરસ્વતીએ કહ્યું કે હે વત્સ ! આ વાદીવડે હું આદરથી આરાધના કરાયેલી છું. તે વખતે મેં તેને એક સારસ્વત મંત્ર આપ્યો છે. મારાવડે વાદીને ગુટિકા આપીને કહેવાયું છે કે ગુટિકા મુખમાં હોતે છને તું કોઇવડે જિતાઇશ નહિ. વાદીવડે દાતણ કરતાં તે શ્રેષ્ઠ ગુટિકા જ્યારે મુખને ઘસીને એકાંતમાં પડખે મુકાઇ ત્યારે ગુરુવર્યે બપ્પભટ્ટીએ પોતાના માણસને મોકલીને તે ગુટિકા એક વખત પોતાની પાસે લીધી.

તે પછી સવારે ગુટિકા વિના બોલતાં વાદીને બપ્પભટ્ટીએ જલદી જીતી લીધો. તે વખતે જયઢક્કા વાગી. રાહુથી ગ્રસ્ત થયેલા ચંદ્રની જેમ ખંડની જેમ અને હિમથી વ્યાપ્ત થયેલો હોય તેમ તે ધર્મ રાજાનો વાદી ગ્લાનિ પામ્યો. તે વખતે તે વાદીને જીતવાથી રાજાવડે અને લોકોવડે બપ્પભટ્ટી ગુરુને વાદીકુંભકેશરી એ પ્રમાણે નામ અપાયું. ત્યાં તે વાદીરાજ કરોડ સોનામહોર હારીને લોકોવડે હસાતો દીન એવો પોતાના નગરમાં ગયો. તે એક કરોડ સોનામહોરને ધર્મરાજા અને આમરાજાએ અરિહંતના જીર્ણ થયેલા મંદિરના ઉદ્ધારમાં હર્ષથી વાપરી. તે વખતે દેશ અને વિદેશમાં પણ બપ્પભટ્ટીનો જયઢક્કાનો અવાજ વાદીનો પરાભવ સાંભળવાથી દરેક દિશામાં થયો. તે વખતે આમરાજાએ ઘણાં હાથી અશ્વ–રથ–પાયદલ વગેરે ધર્મરાજાને આપ્યાં અને ધર્મરાજાએ પણ આમરાજાને હર્ષથી આપ્યાં. તે પછી આમરાજાએ ધર્મરાજાની રજા લઇને ગુરુ સહિત ગોપગિરિમાં આવીને વીરજિનેશ્વરને વંદન કર્યું. તે વખતે સૂરીશ્વરે ઉદાર અર્થમય કાવ્યોવડે સ્તુતિ કરતાં વર્ધમાન જિનેશ્વરની તે વખતે આ પ્રમાણે સ્તુતિ કરી.

।। शान्तो वेष : शमसुखफला : श्रोत्ररम्या गिरस्ते, कान्तं रुपं ।।

શાંતવેષ અને સમતા સુખ છે ફલ જેનું એવી, કાનને મનોહર એવી તમારી વાણી છે. તમારું રૂપ મનોહર છે ઇત્યાદિ કાવ્યમય સ્તોત્ર સાધુઓવડે ભણાય છે. ગુરુવર્યે રાજાપાસે માંસ આદિ ભક્ષણનો ત્યાગ કરાવ્યો. તે પછી ગણના અધિપતિ બપ્પભટ્ટીએ રાજા પાસે સમ્યક્ત્વ સહિત મોક્ષને આપનાર બારવ્રત ગ્રહણ કરાવ્યાં હવે એક વખત વાકપતિએ મહાવિજય નામનું પોતાનું પ્રાકૃત ભાષામાં રચેલું કાવ્ય આમરાજાને બતાવ્યું. તે કાવ્ય જોઇને ચમત્કાર પામેલા ન્યાયવાલા રાજાએ તે યતિને હર્ષવડે એકલાખ સોનામહોર ખજાનામાંથી અપાવી.

કહ્યું છે કે ઉદારતાથી ઉત્તમ મનવાલાઓને પાંચ હજાર કેટલા ? લાખ કેટલાં ? ને કરોડ પણ કેટલા ? ને રત્નવતી પૃથ્વીપણ કેટલી ? એકવાર આમે કહ્યું કે હે બપ્પભટ્ટી! આ પ્રમાણે વિદ્યાવડે આપની સમાન કેટલા ને કોઇ પણ આજે છે ? ગુરુવર્યે રાજાને કહ્યું કે વિદ્યાવડે અને સદ્‌ગુણોથી અધિક ગોવિંદસૂરીશ ને નન્નસૂરિ ગૂર્જરપૃથ્વીમાં શ્રેષ્ઠ મોઢેરા નગરમાં છે, તે પછી થોડા સૈન્યવાલો આમરાજા મોઢેરા નગરમાં જઇને શ્રી નન્નસૂરિને નમીને ધર્મ સાંભળવા માટે બેઠો. તે વખતે વાત્સ્યાયને કરેલા શાસ્ત્રને બોલતા ગુરુને સાંભળીને અવગણના કરીને આમ પાછો આવ્યો. જ્યારે વંદન કરવા માટે આમ આવતો નથી ત્યારે આચાર્યે તેને કહ્યું કે હે રાજા ! હમણાં તારો ધર્મમાં પ્રમાદ કેમ દેખાય છે ? રાજાએ કહ્યું કે જ્યારે હું નન્નસૂરિને વંદન કરવા માટે ગયો ત્યારે તે મારાવડે કામશાસ્ત્ર આદિની વ્યાખ્યામાં જોવાયા. આથી મારાવડે

વિચારાયું કે તમારાવડે જે નન્નસૂરિ વખાણાયા તે જો આવા પ્રકારના હોય તો બીજા બધા આવા પ્રકારના જ હશે? આચાર્યે (બાપભટ્ટીએ) કહ્યું કે તે આચાર્ય પુણ્યશાળી છે. હે પંડિત ! તેનાવડે કોઇ હેતુવડે કામશાસ્ત્રનો અર્થ કહેવાયો છે. પાપરૂપી દ્વારવડે પંડિતોએ કામ આદિ શાસ્ત્રનો અર્થ કહ્યો છે અને તે સ્વર્ગને મોક્ષની પરંપરાને માટે થાય છે. ઇત્યાદિ યુક્તિથી રાજાને ધર્મમાં સ્થિર કરીને બપ્પભટ્ટીગુરુએ નન્નસૂરિ પાસે આવીને આ પ્રમાણે કહ્યું.

આપે આમરાજાની આગળ રાગવાળી કથા કહી. તેથી કરીને તેનું મન ધર્મમાં ચલિત થયું છે. શ્રી નન્નસૂરિએ કહ્યું કે મેં પાપદ્વારમાં રાગવાલી કથા કરી હતી. આથી રાજા શા માટે પુણ્યમાં વિપરીત મનવાલો થયો ? તે પછી તે બન્ને ગુરુઓ નન્નસૂરિ ને ગોવિંદસૂરિ ગુટિકાવડે વર્ણ અને સ્વરનું પરાવર્તન કરીને રહ્યા. તે પછી ગોપગિરિમાં આવીને નટના વેશને ધારણ કરતા તે બન્ને ગુરુએ નાટકવડે શ્રી આદિનાથનું ચરિત્ર બાંધ્યું (બનાવ્યું–નાટકમાં કામ લાગે તેવું) જે કારણથી તે બન્ને સૂરીશ્વરોએ તે વખતે શ્રેષ્ઠ નટોને સારી રીતે શિખામણ આપી, જેથી તેઓ તેના જાણકાર થયા. તે બન્ને આચાર્યે આમરાજા પાસે નૃત્ય કરવાની યાચના કરી. (રજા લીધી) રાજાએ અવસર આપે છતે સમાજના લોકો ભેગા થયા, તે બન્ને ગુરુઓએ કામમાં તત્પર રાજા અને મનુષ્યોની કથાને કરતાં તેઓની ચેષ્ટા–હાવ–ભાવ આદિ લક્ષણ બતાવતાં સંપૂર્ણ સભા અને રાજાને તન્મય કર્યા, જેથી રાજા વગેરે સર્વે ચમત્કાર પામ્યા.

ક્ષણવાર પછી ભરતચક્રવર્તી ને બાહુબલી રાજાનું યુદ્ધનું અવતરણ પૂર્વની જેમ તે બન્નેએ સાક્ષાત્ કર્યું, તે પછી બાહુબલીની દીક્ષાના ગ્રહણનો સંબંધ શરૂઆતથી માંડીને અને પ્રથમ ચક્રવર્તી ભરતને કેવલજ્ઞાનની ઉત્પત્તિનું સ્વરૂપ તે બન્ને સૂરીશ્વરોએ અત્યંત બતાવ્યું, જેથી સઘળી સભા ચિત્રમાં આલેખેલી હોય એવી જલદી થઇ. એ પ્રમાણે નટ એવા તે બન્ને આચાર્યો નવરસોને બતાવીને જેટલામાં રહ્યા, તેટલામાં રાજાએ એક કરોડ સોનામહોર મંગાવી. રાજાએ કહ્યું કે નીતિમાં ઉત્તમ એવા તમે બન્ને આ એક કરોડ સોનામહોર લો. તે બન્નેએ કહ્યું કે હે રાજન ! અમારે બન્નેને લક્ષ્મી વડે શું કરાય ? રાજાએ કહ્યું કે લક્ષ્મીવડે શ્રેષ્ઠ ભોજન ને વસ્ત્ર આદિ વડે જીવ સુખી થાય. રાજાએ કહે છતે તે બન્ને તે જ વખતે પોતાનું રૂપ પ્રગટ કરીને વૈરાગ્યની કથા માટે પ્રવર્ત્યા, નન્નસૂરીશ્વરને જોઇને રાજાએ કહ્યું કે તમે બન્ને કેવી રીતે નટના વેશને ધારણ કરનારા થયા ? ને કેવી રીતે નૃત્ય કર્યું ? નન્નસૂરિએ કહ્યું કે અમો બન્નેને સરસ્વતી પ્રત્યક્ષ છે, તેથી હે રાજન! અમારાવડે નવરસો ઉતારાય છે (વર્ણવી શકાય છે) મોઢેરા નગરમાં મારાવડે ધર્મમાટે પાપદ્વાર વડે કામમયી વ્યાખ્યા કરાઇ હતી, તે વખતે તારો વિયોગ થયો.

વ્યાખ્યાનના સમયે વ્યાખ્યાન કરતા વિદ્વાનોવડે હંમેશાં પ્રાણીઓને પ્રતિબોધ કરવા માટે ખરેખર નવરસ ઉતારાય છે. (વર્ણવાય છે.) આ પ્રમાણે જાણીને તે વખતે આમરાજાએ ગુરુનાં બે ચરણોને નમીને તે બન્ને આચાર્ય ભગવંતને ખમાવ્યા. બન્ને સૂરિવડે તે ક્ષમા અપાયો. બપ્પભટ્ટી ગુરુ સાથે ત્યાં આવીને તે બન્ને સૂરીશ્વરને પ્રણામ કરીને પરસ્પર કુશલ સમાચાર પૂછ્યા. બન્ને આચાર્યની સાથે જે નટો મનોહર નૃત્યો કરતા હતા તેઓને રાજાએ નવલાખ સોનામહોર અપાવી, તે વખતે ગુરુના આદેશથી આમ રાજાએ હર્ષથી સાતે ક્ષેત્રોમાં એક કરોડ સોનામહોર આપી. તે બન્ને આચાર્યોએ બપ્પસૂરિજીની આજ્ઞાવડે વિહાર કર્યો અને બપ્પભટ્ટી ગુરુ રાજાના આગ્રહથી ત્યાં જ રહ્યા.

ચંડાલના પાડાની પાસે રહેલી કિન્નર સરખા સ્વરવાલી બાલિકાને ગાતી જોઇને રાજા ગુરુની પાસે આવીને બોલ્યો.

वक्त्रं पूर्णशशी सुधाऽधरलता, दन्ता मणिश्रेणय:
कान्ति: श्रीर्गमनं गज: परिमलस्ते पारिजातद्रुमा:
वाणी कामदुघा कटाक्षलहरी सा कालकूटच्छटा,
तत्किंचन्द्रमुखि ! त्वदर्थममरैरामन्थि दुग्धोदधि: ।।१ ।।
जन्मस्थानं न खलु विमलं वर्णनीयो न वर्णो,
दूरे शोभा वपुषि निहिता पङ्कसंङ्कांतनोति।
विश्वप्रार्थ्य सकलसुरभिद्रव्यदर्पापहारी,
नो जानीम: परिमलगुण: कस्तु कस्तूरिकाया: ।।

તેનું મોઢું પૂનમનો ચંદ્ર છે, તેની ઓષ્ઠ લતા અમૃત છે, તેના દાંતો મણિની શ્રેણી છે, તેની કાંતિલક્ષ્મી છે,તેની ગતિ હાથી છે. તેની સુગંધ પારિજાતનાં વૃક્ષો છે, તેની વાણી કામધેનુ છે તેના કટાક્ષના તરંગ તે કાલકૂટનાં છાંટણાં છે. હે ચંદ્રમુખી ! તેથી તારા માટે શું દેવોવડે ક્ષીરસમુદ્રમંથન કરાયો ? (૧) તેના જન્મનું સ્થાન નિર્મલ નથી. વર્ણ પણ વખાણવા લાયક નથી. શરીરની શોભા તો દૂર રહો, પણ સ્થાપન કરાયેલી કાદવની શંકાને તે વિસ્તારે છે. વિશ્વમાં પ્રાર્થના કરવા લાયક સઘળાં સુગંધી દ્રવ્યના અભિમાનને હરણ કરનારો કસ્તુરીનો ક્યો સુગંધનો ગુણ છે તે અમે જાણતા નથી (૨) આચાર્યવડે વિચારાયું કે આમરાજા પોતાના ચિત્તમાં વિકાર પામ્યો છે અને બુદ્ધિનો અત્યંત વિપર્યાસ થયો છે કહ્યું છે કે :-

भस्त्रा काचनभूरि रन्ध्र विगलत्तन्मलक्लेशिनी;
सा संस्कारशतै: क्षणाद्र्धमधुरां, बाह्यामुपैति द्युतिम् ।।
अन्तस्तत्त्वरसोर्मि धौतमतयोऽप्येषां तु कान्ता धिया,
श्लिष्यन्ति स्तुवते नमन्ति च पुर: कस्यात्र पूत्कुर्म्महे ।।

કોઇક ઘણાં છિદ્રમાંથી પડતા તે તે મલને ઝરનારી ને સેંકડો સંસ્કારોવડે અર્ધીક્ષણમાટે મધુ એવી બાહ્ય કાંતિને પામે છે. અંદર તત્ત્વરસની ઊર્મિઓવડે ધોવાયેલી છે બુદ્ધિ જેની, ને બુદ્ધિવડે મનોહર એવા આને ભેટે છે. સ્તવે છે, ને નમે છે, અમે અહીં કોની આગળ પોકાર કરીએ ? (૨) માતંગીના સંગના પાપવડે મારો મિત્ર રાજા ઘણાં દુખને આપનારા ભયંકર નરકમાં ન જાઓ. રાજાવડે નગરીની બહાર મનોહર એવું ઘર માતંગીનો ભોગ કરવા માટે કરાવાયું છે તે જાણીને અનુક્રમે તે સૂરિએ નગરીની બહાર રહેલા આવાસના ભાર પટ્ટ ઉપર દિવસના અંતે રાજાને બોધ કરનારાં ચાર કાવ્ય શ્રી ગુરુએ લખ્યા. તે આ પ્રમાણે :-

शैत्यं नाम गुणस्तवैव भवता स्वाभाविकी स्वच्छता,
किं ब्रूम: शुचितां व्रजन्त्य शुचयस्त्वत्सङ्गतोऽन्ये यत: ।
किंचात: परमस्ति ते स्तुतिपदं त्वं जीवितं देहिनां,
त्वं चेन्नीचपथेन गच्छति पय: कस्त्वं निरोद्धुं क्षम: ।।१।।

તારો ગુણ શીતલતા છે તારાવડે (તારી) સ્વાભાવિક સ્વચ્છતા છે. તારા સંગથી બીજા પણ તે શુચિપણાને પામે છે. આથી તારી બીજી સ્તુતિનું સ્થાન શું ? તું પ્રાણીઓનું જીવિત છે. હે પાણી તું જો નીચમાર્ગે જાય છે તો તને અટકાવવાને કોણ સમર્થ છે ? (૧)

सद्वृत्त ! सद्गुण ! महार्ध्य ! महार्हकान्त !
कान्ताघनस्तनतटोचितचारूमूर्ते !
आः पामरीकठिन कण्ठाविलग्नभग्न,
हा हार ! हारितमहो भवतागुणित्वम् ।।२ ।।

સારાગોળ– સારા ગુણવાલા મહાન ! પૂજનીય ! મહામૂલ્યવાળા મનોહર સ્ત્રીનાં કઠિન સ્તનના કિનારાને ઉચિત છે સુંદર મૂર્તિ જેની એવા હે હાર ! ખેદની વાત છે કે પામર સ્ત્રીના કઠિન કંઠે લાગવાથી ભાંગી ગયેલા એવા હે હાર! આપવડે ગુણીપણું હારી જવાયું (૨)

जीयं जलबिंदुसमं - संपत्तीओ तरंगलोलाओ ।
सुमिणयसमं च पिम्मं, जं जाणसि तं करिज्जासि ।।१ ।।
लज्जिज्जइ जेण जणे, मइलिज्जइ नियकुलक्कमो जेण ।
कंठट्ठिए वि जीए तं न कुलिणेहिं कायव्वं ।।२ ।।

(આ) જીવિત પાણીના બિંદુ સરખું છે. સંપત્તિઓ તરંગ સરખી ચપલ છે, પ્રેમ સ્વપ્નના જેવો છે, તું જેમ જાણે તેમ કર. (તું જે જાણે તે કર) (૧) જેનાવડે લોકમાં લજ્જા પ્રાપ્ત કરાય છે જેનાવડે પોતાના કુલનો ક્રમ મલિન કરાય છે, તેવું કામ કુલવાન પુરુષોએ જીવિત કંઠમાં હોય તો પણ ન કરવું જોઈએ. (૨) એ પદ્યો જોઈને વારંવાર વાંચતો આમરાજા વિચારવા લાગ્યો કે આ કાવ્યો ગુરુવડે બનાવાયેલાં છે. મારા ઉપર ગુરુની કૃપા છે. મારાવડે ચંડાલિણીના સંગનું પાપ કરાયું છે. તે પાપવડે હમણાં મારો નરકમાં પાત થશે. હું ક્યાં જાઉ ? શું કરું ? ગુરુને મુખ કેમ બતાવું ? હું પાપને છેદવા માટે તપ કરીશ, અને તીર્થની સેવા કરીશ. ઊંચું મોઢું ગ્રહણ કરીને ચાલ્યો જાઉ ? અથવા કૂવામાં પડું ? અથવા તો શસ્ત્રવડે કે ગળાફાંસા આદિવડે હું આત્માને હણું ? આ પ્રમાણે વિચારતો રાજા નગરની બહાર ચિતા કરાવીને જેટલામાં અગ્નિપ્રવેશ કરે છે તે વખતે ત્યાં આચાર્ય મહારાજ આવ્યા. ચારે વર્ણનાં લોકો ભેગા થયે છતે આચાર્યે રાજાને હાથમાં પકડી કહ્યું કે તું શુદ્ધ છે. તું ખેદ ન કર, તેં સંકલ્પ માત્રથી ચંડાલિણીને રોવી છે. હે રાજા ! તું સંકલ્પવડે અગ્નિમાં પેઠો છે. એથી તું હવે પછી શુદ્ધ છે કહ્યું છે કે :–

मनसा मानसं कर्म्म, वचसा वाचिकं तथा ।
कायेन कायिकं कर्म्म–निस्तरन्ति मनीषिणः ।।१ ।।
काएण काइयस्स, पडिक्कमे वाइयस्स वायाए ।
मणसा माणसियस्स, सव्वस्स वयाइयारस्स ।।२ ।।

ચતુર પુરુષનું મનનું પાપ મનવડે શુદ્ધ થાય છે, ને વાચિકકર્મ વચનવડે શુદ્ધ થાય છે. ને કાયિક કર્મ કાયાવડે શુદ્ધ થાય છે. (૧) કાયા વડે કરેલા પાપનું હું કાયાવડે પ્રતિક્રમણ કરું છું. વચનવડે કરાયેલા પાપનું હું વચન વડે પ્રતિક્રમણ કરું છું, ને મન વડે કરાયેલા પાપનું હું મનવડે પ્રતિક્રમણ કરું છું. (૨) હે રાજા ! આ પ્રમાણે વચન હોવાથી તું શુદ્ધ છે. તું ધર્મ કાર્ય કર. પ્રજાનું ન્યાયથી પાલન કર. હમણાં દાન આપ.

જેટલામાં રાજા ઘરે ગયો તેટલામાં એક મનુષ્યે કહ્યું કે વાગપતિ ત્રણદંડને ધારણ કરનારો શ્રીપદ નામે રાજા થયો છે, તે પછી આમરાજાએ ગુરુ પાસે કહ્યું કે તો હું શ્રાવક કરાયો છું, જો વાગપતિ અરિહંતનાં વ્રતોને લે તો સારું તે પછી ઉત્તમ ગુરુએ વાગપતિને શ્વેતાંબર કરવા માટે રાજાની આગળ આદર કરવાપૂર્વક પ્રતિજ્ઞા કરી. આચાર્યે વાગપતિને મથુરા નગરીમાં રહેલા સાંભળીને તેને પ્રતિબોધ કરવા માટે શ્રેષ્ઠ વરાહ મંદિરમાં ગયા. ત્યાં ધ્યાનમાં રહેલા નાસિકા ઉપર આપ્યો છે નેત્રનો વ્યાપાર જેણે એવા વાગપતિને જોઈને તેની પાછળ ઊભા રહીને આ પ્રમાણે બોલે છે.

सन्ध्यां यत्प्रणिपत्य लोकपुरतो बद्धाञ्जलिर्याचसे, ।
धत्से यत्त्वपरां विलज्ज ! सिरसा तच्चापि सोढं मया ।
श्रीर्जातामृतमन्थने यदि हरेः कस्माद्विषं भक्षितं,
मा स्त्री लम्पट ! मा स्पृशेत्यभिहितो गोर्या हरः पातु वः ।।१।।

સંધ્યા સુધી જેને નમન કરીને અંજલિ બાંધી – તું લોકની આગળ યાચના કરે છે. હે લજ્જા વગરના ! જે તું મસ્તકને ધારણ કરે છે. તે બધું મારાવડે જે સહન કરાયું છે. અમૃતનું મંથન કરતાં વિષ્ણુને લક્ષ્મી થઈ. તો તેં ક્યા કારણથી ઝેર ખાધું ? હે સ્ત્રી લંપટ તું મને સ્પર્શ ના કર. એ પ્રમાણે ગૌરીવડે કહેવાયેલો શંકર તમારું રક્ષણ કરો (૧)

एकं ध्याननिमीलनान्मुकुलितं चक्षुर्द्वितीयं पुनः,
पार्वत्या विपुले नितम्बफलके शृङ्गारभारालसम् ।
अन्यद् दूरविकृष्टचापमदन क्रोधानलोद्दीपितं,
शम्भोर्भिन्नरसं समाधिसमये नेत्रत्रयं पातु वः ।।२ ।।

એક ચક્ષુ ધ્યાનવડે બિડાયેલું હોવાથી બંધ છે, ને બીજું ચક્ષુ શૃંગારના ભારથી આળસુ પાર્વતીના મોટા નિતંબરૂપી ફલકને વિષે ને ત્રીજું દૂર ખેંચાયેલા ધનુષ્યવાલા એવા કામદેવ ઉપર ક્રોધરૂપી અગ્નિવડે પ્રદીપ્ત છે, તે સમાધિ સમયમાં જુદા જુદા રસવાલા શંભુના ત્રણનેત્ર તમારું રક્ષણ કરો (૨)

रामो नाम बभूव हुं तदबला सीतेति हुं तां पितु-
र्वाचा पञ्चवटीवने विचरतस्तस्याऽहरद्रावणः ।
निद्रार्थं जननी कथामिति हरे हुंकारिणः शृण्वतः,
पूर्वस्मर्त्तुरवन्तु कोपकुटिलभ्रूभंङ्गुरा दृष्टयः ।।३ ।।

उत्तिष्ठन्त्या रतान्ते भरमुरगपतौ पाणिनैकेन कृत्वा,
धृत्वाचान्येन वासो विगलित कबरीभारमंसे वहन्त्याः ।
सद्यस्तत्कायकान्ति द्विगुणित सुरत प्रीतिना शौरिणा वः
शय्यामालिङ्ग्य नीतं वपुरलसलसद् बाहुलक्ष्म्याः पुनातु ।।४ ।।

રામ નામે રાજા થયો હું તેની સીતા નામની સ્ત્રી હતી હું પિતાની વાણીવડે પંચવટીમાં ફરતાં તેનું રાવણે હરણ કર્યું. આ પ્રમાણે હોકારો આપતા ને સાંભળતા હરિને નિદ્રામાટે માતા કથા (રામાયણ) કહે છે. આ પ્રમાણે પૂર્વનું સ્મરણ કરનારા કૃષ્ણની કોપથી કુટિલ ભૃકુટિના ભંગવાલી દ્રષ્ટિઓ તમારું રક્ષણ કરો. (૩) ક્રીડાનાઅંતે ઊભી થતી શેષનાગ ઉપર એક હાથવડે ભાર કરીને પડી ગયેલા વસ્ત્રને ધારણ કરીને ખભાઉપર અંબોડાના ભારને વહન કરતી એકદમ તેની કાયાની કાંતિથી બમણી થયેલી સૂરતની પ્રીતિવડે વિષ્ણુવડે શય્યાઉપર આલિંગન આપવાવડે દેદીપ્યમાન છે હાથ જેનો એવું લક્ષ્મીનું શરીર લઇ જવાયું તે તમને પવિત્ર કરે. (૪)

दधिमथनविलोलल्लोल दृग् वेणिदम्भा,
दयमदयमनङ्गो विश्वविश्वैकजेता,
भवपरिभव कोपात्त्यक्तबाणः कृपाणः,
श्रममिव दिवसादौ व्यक्तशक्तिर्व्यनक्तिः।।५।।

દહીંના મથનથી ચપલ છે દ્રષ્ટિ જેની, વેણીનાબહાનાથી આ કામદેવ દયારહિતપણે સમસ્ત વિશ્વને એક જીતનારો શંકરના પરાભવના કોપથી છોડી દીધાં છે બાણ જેણે એવો કામદેવ દિવસની શરૂઆતમાં પ્રગટ શક્તિવાલો જાણે શ્રમને પ્રગટ કરે છે.

हलमगु बलःसैको नड्वान् हरस्य न लाङ्गलं,
क्रमपरिमिता विष्णो र्भूमि र्न गौ र्नच लाङ्गलम् ।
न भवति कृषिस्तेषां गावं द्वितीयमहो ! विना,
जगति सकले नेदृग् दृष्टं दरिद्रकुटुम्बकम् ।।
कृष्णात्प्रार्थय मेदिनीं धनपते ! बीजं बलेर्लाङ्गलं,
प्रेतेशान्महिषं वृषस्य भवतः, फालं त्रिशूलादपि ।
शक्राहं तव भक्षदानकरणे, स्कन्दोऽपि गोरक्षणे,
दग्धाहं तवभिक्षया कुरूषि किं गोर्या वचः पातु वः ।।

બલદેવ હલને પામ્યા. શંકરને એક જ બળદ હતો. હળ ન હતું, વિષ્ણુનીભૂમિ પગવડે મપાયેલી હતી, ને બળ દેવને હળ ન હતું, તેઓને ખેતી ન હતી. તેને બીજા બળદ વિના ખેતી ન હતી. સઘળા જગતમાં આવા પ્રકારનું દરિદ્ર કુટુંબ જોયું નથી. હે કુબેર ! તું કૃષ્ણની પાસેથી પૃથ્વીને માંગ. બલિરાજા પાસેથી બીજ રૂપ એવા હલને માંગ. યમરાજા પાસેથી પાડો માંગ, શંકર પાસેથી બળદ માંગ ત્રિશૂળ પાસેથી ફળું માંગ, તને હું ભોજનનું દાન આપવામાં શક્તિમાન

છું. કાર્તિક્ય કુમાર પણ ગાયનું રક્ષણ કરવામાં સમર્થ છે. હું તારી ભિક્ષાવડે બળી ગઇ, છું, તું શું કરે છે ? એ પ્રમાણેનું ગૌરીનું વચન તમારું રક્ષણ કરો.

બપ્પભટ્ટી ગુરુની વાણી જાણીને ધ્યાનને છોડીને વાકપતિએ સન્મુખ થઈને આચાર્યને કહ્યું "હે બપ્પભટ્ટી! તમે હમણાં અમારી આગળ શૃંગાર ને રૌદ્ર કાવ્યો કેમ ભણો છો ? ગુરુએ કહ્યું કે તમે સાંખ્ય મતવાલા છો. કહ્યું છે કે :- કેટલાક સાંખ્ય નિરીશ્વરવાદી છે, ને કેટલાક ઈશ્વરવાદી છે, તે સર્વેનાં ૨૫ તત્ત્વો હોય છે. આપને સાંખ્ય જાણીને અને શંકરના ભક્ત જાણીને હે વાકપતિ ! તમને ગમે એવાં કાવ્યો હમણાં અહીં મારાવડે બોલાય છે. વાકપતિએ કહ્યું કે મરણ સમયે સર્વેને કલ્યાણ માટે પરમાત્માનું ધ્યાન જ હોવું જોઈએ, (કરવું) બપ્પભટ્ટીએ કહ્યું કે તો શું ? શંકર વગેરે દેવો મોક્ષને આપનારા નથી ? એમ હે વાકપતિ ! તમે માનો છો ? વાકપતિએ કહ્યું કે પંડિતોવડે શિવ બે પ્રકારે કહેવાય છે. એક અહીં સુખ આપનાર ને બીજો પરલોકમાં સુખ આપનાર. વીતરાગનું સ્મરણ કરનાર યોગી વીતરાગપણાને પામે છે. સરાગીનું ધ્યાન કરતાં થકાં (છતે) તેનું સરાગીપણું નિશ્ચિત જ છે.

येन येन हि भावेन, युज्यते यत्र वाहकः ।
तेन तन्मयतां याति, विश्वरूपो मणि र्यथा ।।

વાહક જે જે ભાવવડે જોડાય છે તે તે ભાવવડે તન્મયપણાને પામે છે. જેમ વિશ્વરૂપમણિ, (સ્ફટિક પાછળ ની વસ્તુના રંગવાળો થાય છે તેમ) તે પછી બપ્પભટ્ટીએ કહ્યું કે ખરેખર તમારા મુખથીજ જિનેશ્વર જ મુક્તિ આપનારા થયા, બીજો (દેવ) કોઇ દેવ ન થાય. મદવડે માનવડે કામદેવવડે, ક્રોધવડે, લોભવડે, અને હર્ષવડે બળાત્કારે પરાજિત થયેલા દેવોને સામ્રાજ્યલક્ષ્મી ફોગટ જ કહેવાય છે.

जं दिट्ठि करूणातरंगअपुडी, एयस्स सोम्मं मुहं,
आयारो पसमायारो, परियरो संतो पसन्ना तणू ।
तं मन्ने जरजम्ममच्चुहरणो, देवाहिदेवो इमो
देवाणं अवराण दीसइ जओ नेयं सरूवं जए ।।

જે કારણથી આ જિનેશ્વરની દૃષ્ટિ-દયાના તરંગના પુટવાલી થાય છે, તેમનું મુખ સૌમ્ય છે. તેમનો આચાર સમતા રૂપી બાણ છે. જેમનો પરિકર (પરિવાર)શાંત છે. તેમનું શરીર પ્રસન્ન છે. તેથી હું માનું છું કે જરા જન્મને મૃત્યુને હરણ કરનાર આ દેવાધિદેવ છે. જગતમાં બીજા દેવોનું સ્વરૂપ આ પ્રમાણે દેખાતું નથી. ઇત્યાદિ વચન સાંભળીને વાકપતિએ શ્રી ગુરુને કહ્યું કે જિન ક્યાં વિદ્યમાન છે ? આચાર્યે કહ્યું કે તે મોક્ષમાં છે. કહ્યું છે કે :-

न स्वर्धूनी नफणी न कपालदाम,
नेन्दोः कला न गिरिजा न जटा न भस्म ।

यत्रान्यदेवे नहि किञ्चिदुपास्महे तद्
रूपं पुराणमुनि शीलितमीश्वरेऽस्य ।।१ ।।

જ્યાં ગંગા નથી, સર્પ નથી, હાડકાંની માલા નથી, ચંદ્રની કલા નથી, પાર્વતી નથી, જરા નથી, ભસ્મ નથી. જે બીજા દેવમાં નથી તે કાંઇક પુરાણ મુનિવડે કહેલ રૂપને અમે ઇશ્વરને વિષે સેવીએ છીએ. સ્વરૂપથી જિનેશ્વર મુક્તિમાં છે. મૂર્તિથી જિનમંદિરમાં છે. રાગરહિત એવા બન્નેના ધ્યાનથી સજ્જનોની મુક્તિ થાય છે. વાકપતિએ કહ્યું કે હે પ્રભુ! તો તમે જિનેશ્વરને બતાવો. ગુરુ તેને આમરાજાના મંદિરમાં લઇ જઇને પાર્શ્વનાથ ભગવાનને બતાવતાં સ્ત્રી વગેરે ચિહ્નથી રહિત શાંત-દાંત અને નિરંજન એવા તેમને જોઇને વાકપતિએ કહ્યું કે ખરેખર આ જિનદેવ છે. ઉત્તમ ગુરુ એવા બપ્પભટ્ટીએ તેને જિનધર્મમાં અનુરાગી જાણીને દેવ-ગુરુ અને કલ્યાણ મોક્ષ તત્ત્વનાં સૂકતો ઘણા પ્રકારે કહ્યાં.

ખુશ થયેલ વાકપતિ મિથ્યાત્વનો ત્યાગ કરી જિન શાસનને અંગીકાર કરી શ્વેતાંબર થયો, અને જિનેશ્વરની સ્તુતિ કરી.

मयनाहि सुरहिएण, इमिणा किं किर फलं निडालेन।
इच्छामि अहं जिणवर-पणामकिणकलुसियं काउं ।।१ ।।
दोवि गिहत्था धडहड वच्चइ को किर कस्य य पत्त भणिज्जइ।
सारंभो सारंभं पुज्जइ कद्दमु कद्दमेण किमु सुज्झइ ।।२ ।।

કસ્તૂરીથી સુગંધી એવા આ કપાલવડે શું ફલ છે ? હું તો જિનેશ્વરના પ્રણામથી ઘસાઇ ગયેલા કલૂષિત (કપાલ) કરવાને ઇચ્છું છું. (૧) બે ગૃહસ્થો ધડ ધડ કરતા જાય છે. કોને શું પ્રાપ્ત થયું ? એથી કહેવાય છે કે જે આરંભ સહિત છે તે આરંભને પૂજે છે. કાદવ શું કાદવવડે શુદ્ધ થાય ? (૨)

આયુષ્યના અંતે સમસ્ત જીવરાશિને સારા ભાવથી ખમાવીને પંચ નમસ્કારને યાદ કરતો વાકપતિ સ્વર્ગમાં ગયો. વાકપતિને જૈન ધર્મમાં પ્રતિબોધી અનુક્રમે ગુરુવડે સ્વર્ગને પામેલા જાણીને સેવકોએ રાજાની આગળ નિવેદન કર્યું. સૂરિરાજ જ્યારે વાકપતિને અરિહંતનો ધર્મ અંગીકાર કરાવીને ગોપગિરિમાં ગયા. તે વખતે રાજાએ ઉત્સવ કર્યો, તે વખતે રાજાએ ગુરુવર્યને પ્રણામ કરીને શ્રેષ્ઠવાણીવડે ગંભીર અર્થપૂર્વક સ્તુતિ કરી.

आलोकवन्तः सन्त्येव - भूयांसो भास्करादयः ।
कलावानेव तु ग्राव -द्रावकर्मणि कर्मठः ।।१ ।।

પ્રકાશવાળા ઘણા સૂર્ય વગેરે છે. કલાવાન તો ગુરુ જ છે, જે પથ્થરને પણ ગાળવામાં સમર્થ છે. (૧) એક વખત રાજાવડે પુછાયું કે હે ગુરુ જેનાવડે (જે કર્મવડે) વચ્ચે વચ્ચે તાપસ ધર્મમાં મન કેમ થાય છે ? ગુરુએ આગલના દિવસે રાજાના પૂર્વભવ જાણીને આચાર્યે કહ્યું કે બ્રહ્મચર્યનો પાત કરવાથી કહેલી સ્થિતિવાળો સંસાર થાય છે.

શ્રેષ્ઠ એવા કાલંજલગિરિમાં શાલ નામે તપસ્વી હતો, તેણે એકાંતરે ભોજન કરવાથી અનેક વર્ષ સુધી તપ કર્યું, તે તપસ્વી ત્રણ વખત તપને છોડીને તે ભવમાં ગ્રહણ કરે છે, અને તેણે મનનો ભંગ કર્યો. હે રાજા ! તે પછી તે મરીને તું આમ નામે વિચક્ષણ થયો, અને તે ભવસંબંધી જટા ત્યાં વૃક્ષની નીચે છે. ત્યાં રહેલી તે જટાઓને જોઈને રાજા હર્ષ વડે ગુરુને નમીને મોક્ષને આપનારા જૈન ધર્મને વિશેષથી કરવા લાગ્યો. ગોખની નીચે રહેલા રાજાએ એક વખત ધનદના આવાસમાં કૃશશરીરવાલા દાંત એવા મુનિને ધનદના આવાસમાં પ્રવેશ કરતા જોયા.

તે વખતે તે ઘરના સ્વામીની પત્ની કામથી પીડા પામેલી તેણે આવીને ઉતાવળથી ઘરના દરવાજાને દ્રઢપણે બંધ કર્યો, તેણી મુનિની છાતીને આલિંગન કરીને તેના ભોગને આદરથી ઇચ્છે છે. મુનિ ઇચ્છતા નથી. તેથી તેને બે હાથ વડે તે વખતે દૂર ફેંકી દીધી. તેણી પોતાના બે પગવડે મુનિનાં બે ચરણોને ગ્રહણ કરતી તે સ્ત્રીનું ઝાંઝર સાધુના પગમાં વિધિના વશથી અકસ્માત પેસી ગયું, મુનિ અને સ્ત્રીના ચરિત્રને જોઈને રાજાએ એક સમસ્યા કરીને આચાર્યને આપી.

''कवाड मासज्ज वरांगणाए, अब्भत्थिओ जुव्वणगव्वियाए।।

કમાડને બંધ કરીને યૌવનથી ગર્વિત થયેલી શ્રેષ્ઠ સ્ત્રીવડે પ્રાર્થના કરાયો. આચાર્યે તે વખતે તેની સમસ્યા આ પ્રમાણે પૂરી.

''न मन्निअं तेण जिइंदिएण सनेउरो पव्वइअस्स पाओ''

જિતેન્દ્રિય એવા તે મુનિવડે માન્ય ન કરાયું અને મુનિનો પગ ઝાંઝર સહિત થયો.

પરદેશમાં ગયો છે ધણી જેનો એવી સ્ત્રીના ઘરમાં ભિક્ષુક ભિક્ષાને માટે પેઠે છતે તે સ્ત્રી જ્યારે અન્ન આપવા માટે લઇ ગઇ. તે વખતે કાગડાઓવડે ઉપરથી ખવાયું. મુનિએ સ્ત્રીના નાભિમંડલમાં દૃષ્ટિ આપી. તેણીએ પણ મુનિના મુખકમલ ઉપર દૃષ્ટિ આપી. તે મુનિ અને સ્ત્રીનું વૃત્તાંત જોઈને ખુશ થયેલા આમરાજાએ આચાર્યની પાસે આવીને આ પ્રમાણે સમસ્યા કહી.

''भिक्खायरो पिच्छइ नाभिमंडलं तस्स वि सा पिच्छइ आणणांबुज''

ભિક્ષાચર તેના નાભિમંડલને જુએ છે, અને તે પણ તેના મુખકમલને જુએ છે, તે વખતે આચાર્યે આ પ્રમાણે કહ્યું

''दुण्हंपि मज्झे कवालचडुयट्ठियं अन्नं तु काकेहि विडालियं तया''

કે બન્નેની મધ્યમાં ખોપરીમાં રહેલું અન્ન તે વખતે કાગડાવડે ખવાયું.

આમરાજાએ મથુરામાં ગોપગિરિમાં, મોઢેરામાં ને તારકપુરમાં શ્રેષ્ઠ ચાર જિનમંદિર કરાવ્યાં. આમ રાજાએ

મહોત્સવ કરતે છતે ગુરુત્તમ એવા બપ્પભટ્ટીએ તેમાં (જિનમંદિરમાં) શ્રી વીરપ્રભુનાં બિંબોની પ્રતિષ્ઠા કરી, આમરાજાને શ્રેષ્ઠ લક્ષણવાલો દુન્દુક નામે પુત્ર હતો. અને જગતમાં શ્લાઘ્ય એવા તે તે ગુણોવડે અત્યંત પ્રસિદ્ધ થયો. એક વખત ગુરુએ કહેલા શ્રી સિદ્ધગિરિના માહાત્મ્યને સાંભળીને આમરાજાએ શ્રી ગુરુપાસે અભિગ્રહ લીધો. હે સદ્‌ગુરુ ! સંઘયુક્ત એવા મારે શ્રી શત્રુંજયગિરિઉપર શ્રી યુગાદિ જિનેશ્વરને નમીને જ જમવું. સુંદર આશયવાલો આમરાજા સારા દિવસે જેટલામાં ચાલ્યો તેટલામાં આ પ્રમાણે સંઘ ભેગો થયો. તે વખતે સોનાનાં શ્રેષ્ઠ દેવાલયો સો હતાં. સાત હજાર રથો હતા. આઠ લાખ ઘોડા હતા. ત્રણ કરોડ મનુષ્યો હતા. સાતસો ઊંટો હતાં. અને લાકડાંનાં ત્રણસો દેવાલયો હતાં. સારા દિવસે રાજાએ શ્રી શત્રુંજય તરફ ચાલતાં ગામે ગામે ઉત્સવ કરતાં પુણ્ય ઉપાર્જન કર્યું. માર્ગમાં ચાલતાં રાજાનું શરીર આઠમે દિવસે કરમાઈ ગયું ત્યારે ગુરુ વગેરેએ કહેવા છતાં પણ જ્યારે તે જમતો નથી. ત્યારે રાજાની દ્રઢતા જાણીને કર્પદીયક્ષે ભાલ નામના વિષમ માર્ગમાં કૃત્રિમ શ્રી સિદ્ધપર્વત રચ્યો. તેની ઉપર ચઢીને રાજાએ સંઘપતિનું સઘળું કાર્ય કરીને શ્રી સંઘસહિત પારણું કર્યું. તે પછી જ્યારે કપર્દીએ ક્ષણની પેઠે પર્વતને સંહરી લીધો, તે વખતે આકાશમાં વાણી થઈ કે તારો અભિગ્રહ પૂરો થઈ ગયો છે. તે પછી (તે કૃત્રિમ) શત્રુંજયઉપર સુંદર શ્રી ગિરિરાજના અવતારરૂપ રાજાએ પ્રાસાદ વગેરે કરવાથી કર્યો. ત્યાં રાજાએ પ્રાસાદ કરાવીને શ્રીમાન બપ્પભટ્ટી ગુરુવર્યપાસે પ્રથમ અરિહંતનું બિંબ સ્થાપન કરાવ્યું.

ત્યાં સ્વામીની પાદુકા આદિ સહિત રાયણવૃક્ષ રાજાએ ઘણું ધન વાપરી કરાવ્યું, ભાલ દેશના આભૂષણરૂપ ખિસરંદા નામના ગામમાં પાદુકા સહિત તે પ્રાસાદ અને બિંબ હમણાં છે.

તે પછી મુખ્ય શ્રી શત્રુંજયમાં અતિવિસ્તારથી યાત્રા કરીને રાજા સુંદર ઉત્સવપૂર્વક ગોપગિરિમાં આવ્યો, તે પછી એક વખત ઘણા શ્રી સંઘસહિત આમરાજાએ શ્રી શત્રુંજયઉપર વિસ્તારથી શ્રી ઋષભદેવપ્રભુની પૂજા કરી. ત્યાં પ્રાસાદને જીર્ણ થયેલો જોઈને આમરાજાએ ઘણા કરોડ ધનનો વ્યય કરી ઉદ્ધાર કરાવ્યો, તે પછી આમરાજાએ આખાયે સંઘને હર્ષવડે પહેરામણી કરીને ન્યાય નો સમુદ્ર એવો તે પોતાના નગરમાં આવીને રાજ્ય કરવા લાગ્યો. આમરાજાએ ઘણા શત્રુઓ પાસે પોતાની આજ્ઞા મજબૂતપણે ગ્રહણ કરાવતાં ઘણા દેશોને હાથની લીલાવડે સાધ્યા. એક વખત આચાર્ય ભગવંતે વ્યાખ્યાનના સમયે શ્રીરૈવતગિરિને વર્ણન કરીને શ્રી નેમિનાથના (સ્તુતિરુપ) આશીર્વાદ આ પ્રમાણે કહ્યા.

लावण्यामृतसारसारणि समा सा भोगभूः स्नेहला,
सा लक्ष्मीःस नवोद्यमस्तरूणिमा सा द्वारिका तज्जलम्।
ते गोविन्दशिवासमुद्रविजयाप्राया: प्रिया: प्रेरका;
यो जीवेषु कृपानिधिर्न्यधित नोद्वाह: स नेमि: श्रिये।।१।।

લાવણ્યરૂપી અમૃતના સારની નીક સરખી તે સ્નેહાલ ભોગની ભૂમિ છે, તે લક્ષ્મી છે. તે નવીન ઉદય પામતી યુવાની છે. તે દ્વારિકા છે. તે પાણી છે. તે બલ છે. તે કૃષ્ણ-શિવાદેવી-સમુદ્રવિજય વગેરે પ્રિયપ્રેરકો છે, તો પણ જીવોને વિષે દયાના ભંડાર એવા જેમણે વિવાહ ન કર્યો તે નેમિનાથ લક્ષ્મીને માટે થાવ.

मग्नैः कुटुम्बजम्बाले यैर्मिथ्याकामजर्जरैः ।
नोज्जयन्ते नतो नेमिस्ते जीवन्तो मृताःपुनः ।।

કુટુંબની જાલમાં મગ્ન થયેલાં મિથ્યાત્વ કામથી જર્જરિત થયેલાં જેઓવડે ઉજ્જયંતગિરિઉપર નેમિનાથ પ્રભુ નમસ્કાર કરાયા નથી તેઓ જીવતાં છતાં પણ મરેલાં છે. ઇત્યાદિ રૈવતગિરિનો મહિમા ગુરુના મુખેથી સાંભળીને રાજાએ હર્ષથી ગુરુની આગળ આ પ્રમાણે કહ્યું હે ગુરુ ! શ્રીરૈવતગિરિઉપર શ્રી નેમિનાથ તીર્થંકરને વંદન કર્યા વિના મારે જમવું નહિ. આ પ્રમાણે આમ રાજાએ કહ્યે છતે ગુરુએ કહ્યું કે હમણાં આ અભિગ્રહ દુઃશક્ય છે. આ પ્રમાણે આચાર્યે કહ્યે છતે રાજાએ અભિગ્રહ લીધો, તે પછી સંઘ સહિત આચાર્યની સાથે રૈવતગિરિ તરફ જતો રાજા ખંભાત નગરીમાં આવ્યો. તે વખતે રાજા અત્યંત ભૂખવડે મૂરર્છા પામે છતે સંઘ રાજાના મૃત્યુના ભયથી ભય પામ્યો. તે વખતે આચાર્યવડે કુષ્માંડદેવી (અંબિકા) ધ્યાન કરાઇ શ્રી નેમિનાથની સેવિકા એવી તે દેવીએ આવીને રાજાને સચેતન કર્યો.

તે પછી શ્રી નેમિનાથના બિંબસહિત એક મોટીશિલા રાજાની આગળ મૂકીને ગુરુની સાક્ષીએ આ પ્રમાણે કહ્યું. હું અંબિકાદેવી આકાશમાર્ગમાં જતી અભિગ્રહ સહિત રાજાને જાણીને રૈવતગિરિ ઉપરથી અહીં શિલા લાવી છું. તો હે રાજન્ ! શ્રી નેમિનાથના બિંબને નમસ્કાર કરવાવડે તું અહીં અભિગ્રહ પૂરો કર. આ તારા નિયમનો ભંગ થશે નહિ. તે પછી રાજાએ ત્યાં અરિહંતના સ્નાત્ર આદિ ઉત્સવ કરીને ગુરુવર્યને પડિલાભીને પારણું કર્યું. આજે પણ તેજ પ્રતિમા નગરોમાં ઉત્તમ એવા ખંભાતતીર્થ નગરમાં ઉજ્જયંતાવતાર એ પ્રમાણે કહીને લોકોવડે પૂજાય છે. ત્યાં અંબિકાદેવીએ આવીને રાજાની આગળ આ પ્રમાણે કહ્યું. તું આગળ જા. શ્રી રૈવતગિરિ ઉપર નેમિજિનેશ્વરને નમસ્કાર કર. ત્યાંથી શ્રી શત્રુંજયઉપર જિનેશ્વરને નમીને રૈવતગિરિઉપર જઇને આદરથી પૂજા કરીને રાજા પોતાની નગરીમાં આવ્યો. તે પછીં હંમેશાં આમરાજા હર્ષવડે દાન આપતો પૃથ્વીને નીતિથી પાલન કરતો. હંમેશાં જૈન ધર્મને કરવા લાગ્યો. એક વખત આમરાજા હર્ષવડે ગુરુ પાસે જઇને આદરથી ગુરુએ કહેલા કવિત્વો (શ્લોકો) આ પ્રમાણે સાંભળવા લાગ્યો.

पच्चूसगय वरूण मूलियाइं उट्टीण ससिविहंगाइ धवलाइं
गलंति निसालयाए नक्खताइं कुमुयाइं ।।१ ।।
अउ अ पउमरायमरगय सेवलिया नहयलाउ उवरइ,
पा णहसिरि कंठज्झडव्व, कंठिया कीररिच्छोली ।।२।।
तूणीव मधुमासेऽस्मिन् सहकारद्रुममञ्जरी ।
इयमुद्भिन्नमुकुलै र्भाति न्यस्त शिलीमुखा ।।३ ।।

સવારને પામેલા વરુણનાં મૂલિયાં ઊડીને ચંદ્ર સરખા શ્વેત પક્ષીઓની જેમ નિશારૂપી લતામાં નક્ષત્રરૂપી કુમુદોને ગળી જાય છે (૧) જેવા નભસ્તલમાંથી ઉપર આકાશની શોભાને પામીને જટારૂપી કંઠીવાલી પોપટોની પંક્તિ છે (૨) આ વસંત ઋતુમાં ભાથાની જેવી આમ્રવૃક્ષની મંજરી ઉત્પન્ન થયેલી કળીઓવડે થાપણ કરેલા બાણની જેવી શોભે છે (૩) આમાં કામનો સંબંધ ગુપ્ત છે.

प्राप्त मदो मधुमास:, प्रबलारूग् प्रियतमो विदूरस्थ:
असतीयं सन्निहिता हा हतशीला सखी नियतम् ।।

પ્રાપ્ત કર્યો છે મદ જેણે એવી આ વસંત ઋતુ છે. રોગ પ્રબલ છે. પ્રિયતમ પરદેશમાં રહ્યો છે. અસતી એવી હણાયેલા શીલવાલી સખી નિશ્ચે પાસે રહી છે, એવો આ (મધુ માસ) છે એ પ્રમાણે સંબંધ ગુપ્ત છે.

આ બાજુ ગોમંડલપુરમાં ધાર નામે ધનિક શ્રાવક હતો. તે અનુક્રમે તેર ક્રોડ સોનામહોરનો સ્વામી થયો. તેને સોમ-ભીમ-ધન-આનંદ-પદ્મ-ચંદ્ર અને વન નામના સાત પુત્રો શ્રેષ્ઠ વિનયવાલા શ્રેષ્ઠ સંવરવાલા થયા. એક વખત શ્રી ગુરુપાસે શ્રી શત્રુંજયતીર્થનું માહાત્મ્ય સાંભળીને ધારશેઠે યાત્રા માટે શ્રી સંઘને ભેગો કર્યો. સાત પુત્રો સાથે, સાતસો યોદ્ધાઓ સાથે, ૧૩૦૦ વિશિષ્ટ માન પ્રમાણવાલા તંબુઓ સાથે, ૨૦૦ ઘોડાઓ સાથે, ઘણી પાલખીઓ સાથે, ધર્મઘોષગુરુ સાથે, ધારશ્રાવક તે વખતે ચાલ્યો. વિસ્તારથી સંઘસહિત શ્રી ઋષભદેવને નમસ્કાર કરી પૂજા કરી. ઉત્તમ ધર્મને જાણનારો ધાર ઉજજયંતગિરિની પાસે ગયો. તે વખતે ઉજજયંત પર્વત ૫૦ વર્ષથી બળાત્કારે બૌદ્ધોવડે પોતાનો કરાયો હતો. અને મદનનામે રાજાપણ પોતાનો કરાયો હતો. ત્યાં યશોભદ્રના શિષ્ય બલિભદ્રકે બૌદ્ધોને જીતીને તે ગિરનાર નામના તીર્થને બળાત્કારે પોતાનું કર્યું, ૫૦ વર્ષ સુધી દિગંબર મુનિઓએ શ્રી નેમિજિનેશ્વરની પૂજા કરવાથી ગિરનાર તીર્થ પોતાનું કર્યું હતું. તે વખતે દિગંબરોએ કહ્યું કે જો શ્વેતાંબર એવો ધાર ગિરિઉપર ચઢવા માટે ઇચ્છતો હોય તો અમારા મતનો આશ્રય કરે. ત્યારે (તેણે) જણાવ્યું કે મારા પ્રાણ જતાં હોય તો ભલે જાય. તો પણ હે દિગંબર! અહીં હું તમારા મતનો આશ્રય નહિ કરું. હે દિગંબર ! પ્રાણાન્તે પણ શ્રી નેમિનાથ દેવને નમ્યા વિના પોતાના ગોમંડલ દેશમાં હું ક્યારે પણ જઇશ નહિ. સંઘ ચિંતામાં પડે છતે ધારે આ પ્રમાણે કહ્યું કે તમારે ચિંતા કરવી નહિ. શ્રી નેમિનાથ જિનેશ્વરને નમસ્કાર કરાશે. સાતપુત્રો સાથે યોદ્ધાઓ સાથે જ્યારે ગિરિઉપર ચઢવાની શરુઆત કરી ત્યારે ફરીથી ખંગારે સૈન્ય મોકલ્યું. દિગંબરની ભક્તિને ધારણ કરનારાં સેવકોના બલથી તે વખતે દિગંબરો કાંઇક સૈન્ય પોતાની પાસે લાવ્યા. પહેલાં સંઘપતિના પુત્રો જે વખતે પર્વતઉપર ચઢવા લાગ્યા ત્યારે તે સૈનિકો યુદ્ધ કરવા માટે આવ્યા. ધાર શેઠના પુત્રો તે વખતે તેઓની સાથે યુદ્ધ કરતા હતા ત્યારે કેટલાક સેવકો ભાગી ગયા. કેટલાક મરી ગયા ને કેટલાક દૂર નાસી ગયા. તે પછી સંઘ સહિત ધાર જ્યારે કાંઇ પણ જમતો નથી ત્યારે સંઘને ત્રણ નકકી ઉપવાસ થયા.

તે વખતે અંબિકાએ આવીને કહ્યું જો તારી ઇચ્છા હમણાં શ્રી નેમિનાથને નમન કરવા માટે હોય તો જલદી ગોપાલનગરમાં જા. ત્યાં આમરાજાના શ્રેષ્ઠ ગુરુ બપ્પભટ્ટીસૂરીશ્વર છે, તે રાજા ઘણો બલવાન છે. જો અહીં બપ્પભટ્ટીસૂરિ સાથે આમરાજા આવશે તો સુખપૂર્વક ઉજજયંતગિરિ ઉપર શ્રી નેમિવંદન કરાશે. આ દિગંબરો મંત્ર-તંત્ર ને કપટમાં પરાયણ છે તેથી તેની સાથે વાદ કરવો યોગ્ય નથી. આ પ્રમાણે સાંભળીને ત્યાં તે સંઘને મૂકીને આઠ શ્રાવક સહિત ગોપગિરિમાં જઇને બપ્પભટ્ટસૂરીશ્વરને નમન કર્યું. ધર્મ સાંભળતા આમ રાજાને નમીને તે (ધાર) યોગ્ય સ્થાને બેઠો, અને આચાર્યની પાસે ધર્મોપદેશ સાંભલ્યો. ધાર ગિરનાર તીર્થનું સ્વરૂપ કહીને ગુરુ અને રાજાને કહ્યું કે બળથી તીર્થને પાછું વાળો, (પાછું લાવો) હે રાજન! અંબિકાવડે કહેવાયેલો હું અહીં આવ્યો છું. તેથી ત્યાં આવીને હમણાં જલદી તીર્થને પાછું વાળો. આચાર્ય મહારાજે રૈવતગિરિતીર્થનું વર્ણન કરવાથી રાજાએ અભિગ્રહ લીધો કે શ્રી નેમિજિનને

નમસ્કાર કરીને પછી જ મારે જમવું, તે વખતે રાજાની પત્ની કમલદેવીએ આ પ્રમાણે કહ્યું કે શ્રી નેમિનાથ અને સોમેશ્વરદેવને નમસ્કાર કરીને મારે જમવું, રાજાની પાછળ હજાર શ્રાવકોએ અને ઘણી શ્રાવિકાઓએ હર્ષવડે અભિગ્રહ ગ્રહણ કર્યો. આઠસો દેવાલયો–લાખ પ્રમાણવાલા રથો–એક લાખ પોઠિયા ને સાતસો હાથી–વીસ હજાર ઊંટો–ત્રણ લાખ ઘોડા પાંચ લાખ સેવકો ને આઠ લાખ શ્રાવકો સાથે હતા. રાજાને સતત ત્રીસમો ઉપવાસ થયે છતે સ્તંભન તીર્થનગરમાં રાત્રિએ અંબિકાએ રાજાને કહ્યું હે રાજા ! તારા સત્ત્વવડે સવારમાં શ્રી નેમિનાથપ્રભુ સન્મુખ આવશે. તમારે અભિગ્રહ પૂર્ણ કરવો. પ્રભાતમાં શ્રી નેમિનાથ પ્રભુ સામે આવે છતે આમરાજાનો અભિગ્રહ પૂર્ણ થયો, ને પૂજા કરવાથી શ્રી સંઘવડે અભિગ્રહ પૂરો કરાયો, તે પછી સોમેશ્વરનું લિંગ સન્મુખ આવે છતે સોમેશ્વર દેવની પૂજા કરવાથી રાણીવડે પણ અભિગ્રહ પૂર્ણ કરાયો. ત્યાં પ્રાસાદ કરાવીને રાજાએ મોટી પ્રતિષ્ઠા આદિપૂર્વક શ્રી નેમિજિનેશ્વરને સ્થાપન કર્યા. તે પછી ચાલતો રાજા શ્રી શત્રુંજયતીર્થમાં જિનેશ્વરને નમીને ઘણા સંઘસહિત રૈવતગિરિ પાસે ગયો. તે વખતે ત્યાં દિગંબરના સેવકો આવીને યુદ્ધ કરવા માટે તૈયાર થયા. તે જોઈને રાજાએ વિચાર્યું કે ઘણા જીવોનો નાશ થશે. આ પ્રમાણે પરસ્પર વિચારીને શ્વેતાંબર અને દિગંબર ગુરુએ કહ્યું કે જે જીતે તેનું આ તીર્થ. એમાં સંશય નથી. સભાજનો બેઠે છતે જ્યારે કોઇ હાર્યું નહિ. તે વખતે આમરાજાએ કહ્યું કે ઘણા દિવસો થયા છે. તે પછી શ્વેતાંબર અને દિગંબર આચાર્યને રાજાવડે કહેવાયું કે સ્થાપન કરેલા ઘડામાં બે પત્રિકા મૂકવી. જેનું આ તીર્થ થાય તેનું શાસન ને સંઘપણું છે. અરિહંતના મતના પ્રભાવથી જલદી ગાથા નીકળશે. તે પછી આગલના દિવસે ઘડાના મધ્યમાંથી કન્યાએ પત્રિકા ખેંચી ને સુંદર એવી આ ગાથા નીકળી.

इक्कोवि नमुक्कारो, जिणवर वसहस्स वद्धमाणस्स;
संसार-सागराओ, तारेइ नरं व नारिं वा ।।१ ।।

જિનેશ્વર વર્ધમાનને કરેલો એક પણ નમસ્કાર સંસાર સમુદ્રમાંથી પુરુષ –સ્ત્રી અથવા નપુંસકને તારે છે (૧) ફરી બીજી ગાથા નીકળી.

उज्जिंतसेलसिहरे, दिक्खा नाणं निसीहिया जस्स ।
तं धम्मचक्कवट्टिं अरिट्ठनेमिं नमंसामि ।।१ ।।

ઉજ્જયંત પર્વતના શિખરઉપર જેમનાં દીક્ષા જ્ઞાન અને મોક્ષ થયાં છે તે ધર્મચક્રવર્તી અરિષ્ટનેમિને હું વંદન કરું છું. તે પછી આમરાજાએ ધારસંઘપતિ સહિત તે તીર્થ જલદી પોતાનું કરીને નેમિનાથ પ્રભુનું સ્નાત્ર ને પૂજા કરી.

આમ રાજાએ બપ્પભટ્ટી ગુરુસાથે હંમેશાં ગોષ્ઠી કરતાં ઘણો સમય પસાર કર્યો તે આ પ્રમાણે

न करोतु नाम रोषं न वदतु पौरूषं न हंत्वयं शत्रून् ।
रक्षयति महीमखिलां तथापि वीरस्य धीरस्य ।।१ ।।

જે રોષ ન કરે. જે પુરુષાર્થને ન બોલે (કરેલાંને ન ગાય) શત્રુઓને ન હણે, સઘળી પૃથ્વીનું રક્ષણ કરે તે વીરપુરુષની બુદ્ધિ છે.

शरदिन्दुकुन्दधवलं, नयनिलयरतं मनोरमं दैवम्
यैः सुकृतं कृतमनिशं, तेषामेव प्रसादयति ।।२ ।।

જેઓ વડે નિરંતર સુકૃત કરાયું હોય, શરદ ઋતુના ચંદ્ર જેવું ને મુચકુંદ પુષ્પ સરખું ધવલ નીતિના ઘરમાં રક્ત એવું દેદીપ્યમાન જેનું મન હોય તેની ઉપર ભાગ્ય પ્રસન્ન થાય છે (૨) આ બન્ને શ્લોકોમાં કર્તા ગુપ્ત છે.

એક વખત આમરાજાએ પૂછ્યું કે હે ગુરુ મારું આયુષ્ય કેટલું છે ? તે જોઈને કહો. તે પછી આચાર્યે લગ્ન જોયું. (પ્રશ્નકુંડલી) લગ્નથી ગુરુએ કહ્યું કે હે રાજા તારું આયુષ્ય છ મહિનાનું છે, પછી વિશેષથી જાણવા તેમણે ધ્યાનનો આશ્રય કર્યો. ધ્યાનથી ખેંચાયેલી અંબિકાએ આવીને ગુરુને નમીને કહ્યું આપવડે હું શા માટે ધ્યાન કરાઈ ? ગુરુએ પોતાનું ચિંતવેલું કહ્યું, અંબિકાએ કહ્યું કે હે સત્પુરુષ! રાજાનું આયુષ્ય છ મહિના છે. આથી રાજાએ વિશેષથી ધર્મ કરવો જોઈએ. ગુરુના મુખેથી પોતાનું આયુષ્ય જાણી ચતુર એવો આમરાજા સાત ક્ષેત્રમાં ઘણું ધન વાપરવા લાગ્યો, તે પછી દિવસે દિવસે દેવમંદિરોમાં જિનપૂજા કરતાં એવો તે શ્રેષ્ઠ ધ્યાનઉપર આરુઢ થયેલા પોતાના મનને કરે છે. રાજાએ સઘળા બંદીઓને કેદખાનામાંથી છોડાવીને સ્વજનોનું સન્માન કરીને યાચકોને આદરથી દાન આપ્યું. ઘણા રાજાઓને અને ગુરુઓમાં ઉત્તમ એવા બપ્પભટ્ટીને બોલાવીને પોતાના પુત્ર દુન્દુકને રાજાએ હર્ષવડે રાજ્ય આપ્યું. દેશને દેવા રહિત કરીને સઘળા મનુષ્યોને ખમાવીને રાજાએ દીન-દુઃખી આદિ લોકોને ઘણું દાન આપ્યું. પંચ નમસ્કારને યાદ કરતાં સર્વજ્ઞની સમક્ષ ગ્રહણ કર્યું છે અનશન જેણે એવો તે રાજા અસાર સંસારનું ધ્યાન કરવા લાગ્યો. વિક્રમરાજાથી ૮૯૦ વર્ષ ગયાં ત્યારે ભાદરવા સુદ પંચમીના દિવસે આમરાજાએ દેવલોકને અલંકૃત કર્યો (શોભાવ્યો).

તત્ત્વને જાણનારા ને વિદ્વાન એવા પણ આચાર્ય મહારાજે પોકાર મૂકીને આ પ્રમાણે ઘણું બોલતાં રૂદન કરવા લાગ્યા. હે ચતુર ! દયાના ભંડાર ! શરણાગત વત્સલ, સત્યવચની, ધર્મપુત્ર! તું મને અહીં મૂકીને કેમ ગયો ? પ્રાપ્ત થયેલી કામધેનુ સરસ કુંપલવાળું ચંદનવૃક્ષ ચૂંટી નંખાયું મંદારવૃક્ષ કાપી નંખાયું. ફલફૂલને ધારણ કરનારું કલ્પવૃક્ષ ખંડન કરાયું. કપૂરનો ખંડ બાળી નંખાયો. મેઘરૂપી માણિક્યમાલા ગાઢ પ્રહારથી તોડી નંખાઈ, અમૃતનો કુંભ તોડી નંખાયો કમલ કુવલય વડે આ ક્રીડાનો હોમ કરાયો.

દિવસના પૂર્વ ભાગમાં નીકળી ગયું છે તેજ જેમાંથી એવો પ્રકાશ રહિત કરીને દિવસના મધ્યભાગમાં નદીઓના પાણીને વિસ્તારવાળાં દેદીપ્યમાન કિરણોવડે પીને સાંજે પરાધીન એવો સૂર્ય અસ્ત પામે છે, તેથી શોક કરવા લાયક શું છે ?

આ પ્રમાણે બોલતાં ગુરુ શોકને છોડીને દુંદુકના ચિત્તમાંથી આ પ્રમાણે શોકને પ્રગટપણે ઉતારતા હતા.

धर्म्मशोक भयाहार - निद्राकामकलिक्रुधः ।
यावन्मात्रा विधीयन्ते तावन्मात्रा भवत्यमी।।

ધર્મ, શોક, ભય, આહાર, નિદ્રા, કામ, કજિયો અને ક્રોધ જેટલા પ્રમાણમાં કરાય તેટલા પ્રમાણમાં થાય છે (વધે છે) દુંદુકરાજા ગુરુના વચનને સાંભળવાથી શોકને તજીને દરરોજ જીવદયા છે મૂલ જેનું એવા ધર્મને કરવા લાગ્યો. દુંદુકે ઘણા સંઘ સહિત ઘણી લક્ષ્મીનો વ્યય કરી શ્રી સિદ્ધગિરિઉપર વિસ્તારથી યાત્રા કરી. દુંદુક રાજાએ ધરાપુરીમાં ઘણું ધન વાપરી શ્રી મહાવીર સ્વામીનું મંદિર કરાવ્યું. ત્યાં સારા દિવસે રાજાએ કરેલા ઉત્સવમાં શ્રી વીર જિનેશ્વરનું બિંબ બપ્પભટ્ટીસૂરિએ સ્થાપન કર્યું. બપ્પભટ્ટી ગુરુવર્યે પૃથ્વીને પ્રતિબોધ કરતાં જલદી મોક્ષને યોગ્ય પુણ્ય ઉપાર્જન કર્યું. દુંદુક રાજા એક વખત માર્ગમાં જતાં કંટિકા નામની શ્રેષ્ઠ વેશ્યાને જોઈને રાગાતુર થયો. રાજાવડે તે અંત:પુરમાં લઈ જવાઈ. તેનાવડે વશ કરાયેલો રાજા રાજ્યની જરા પણ ચિંતા કરતો નથી, તેને જ સેવે છે. કહ્યું કે છે :– જન્માંધ જોતો નથી, કામાંધ જોતો નથી, મદોન્મત જોતો નથી. યાચક દોષને જોતો નથી. તે વેશ્યાવડે વશ કરાયેલો રાજા લીલાવતી–કલાવતી ને શ્રીમતી પટ્ટરાણીને જરા પણ માનતો નથી. કલાવતી પ્રિયાથી ઉત્પન્ન થયેલો ભોજનામે પુત્ર રાજાવડે પંડિતની પાસે ધર્મ અને કર્મ આદિશાસ્ત્રો શિખવાડાયો. કહ્યું છે કે : મનુષ્યોને આહાર નિદ્રા ભય ને મૈથુન પશુઓની જેમ સમાન હોય છે. મનુષ્યોને ખરેખર જ્ઞાન વિશેષ હોય છે. જ્ઞાન વગરના મનુષ્યો પશુ છે.

એક વખત એકાંતમાં રાજાની આગળ કલાકર નામનો નૈમિત્તિક બોલ્યો. પુત્ર ભોજ ઘણી વયને પામ્યો છે. આ તારો પુત્ર તને યમઘરમાં લઈ જઈને એકદમ રાજ્ય ગ્રહણ કરશે, તેથી તું એકદમ યથાયોગ્ય કર. આ જાણીને દુંદુક રાજા ક્ષણવાર વજ્રથી હણાયેલો હોય એવો રહીને જ્યોતિષીને ધન આપીને વિસર્જન કર્યો, તે વખતે ભોજની માતાની દાસીએ આ વાત સાંભળી, તે પછી તેણીવડે ભોજની માતાની પાસે કહેવાઈ. કલાવતી રાણી પતિના મરણની બીકવડે અને પુત્રની શંકાવડે ચિંતા સહિત તેજ ક્ષણે હર્ષ ખેદ વડે વ્યાપ્ત થઈ. કંટિકા ગણિકાએ કહ્યું કે હે રાજન ! શ્યામ મુખ કેમ છે ? રાજાએ કહ્યું કે શું કરીએ ? યમરાજા મારી ઉપર કોપ પામ્યો છે. જ્ઞાનીવડે મારું મૃત્યુ ભોજપુત્રની પાસેથી કહેવાયું છે, કંટિકાએ કહ્યું કે દુષ્ટ આશયવાલા ભોજને જલદી મારી નાંખ. રાજ્યનો લોભી (જીવ) પુત્રને માતાને, પિતાને, અને ગુરુને હણે છે. જે પુત્ર તમને હણનારો છે તે પુત્રરૂપે શત્રુ છે. કંટિકાના વચનથી દુંદુક ગુપ્તપણે પુત્રને હણવા માટે ઈચ્છે છે. આ બાજુ ભોજની માતા કલાવતીએ રાજાનું મન જાણ્યું, તે પછી તે ભોજની માતાએ શ્રેષ્ઠ પાટલી નગરમાં પોતાના ભાઈ ચંદ્રને પતિએ ચિંતવેલું લેખવડે જણાવ્યું. આપનો ભાણેજ સ્વાભાવિક રીતે જલદી વિનાશ પામશે. તું હોય ત્યારે પણ હું જલદી પુત્રવગરની થઈશ. તે પછી તે ચંદ્રપુરમાં ઉત્સવના બહાનાથી આવીને ભાણેજ ભોજને તેજ વખતે પાટલીપુરમાં લઈ ગયો. તે પછી ત્યાં રહેલો ભાણેજ હંમેશાં શસ્ત્રોના અભ્યાસને કરતો વિશેષે કરીને મામાની પાસે ધનુષ્ય કલામાં પ્રવીણ થયો. આ બાજુ કંટિકાએ રાજાને કહ્યું કે તમારો શત્રુરૂપ પુત્ર બલવાનમાં શ્રેષ્ઠ મામાના ઘરમાં મોટો થયો, તેથી તે પુત્રને ગુપ્તપણે અહીં લાવીને યમના મંદિરમાં પહોંચાડો. રાજાએ કહ્યું કે તારાવડે સત્ય કહેવાયું કે પુત્ર શત્રુ સરખો છે, તે પછી દુંદુક વડે ભોજને બોલાવાયો. મામાએ મોકલ્યો નહિ. તેથી દુંદુક રાજા ચિંતાવાલો થયો. ચંદ્રે કહ્યું કે અહીં શરણે આવેલા ભાણેજ ભોજને ઘણું કહેવાથી પણ હું ત્યાં મોકલીશ નહિ. ક્ષત્રિયોએ બીજા પણ શરણે આવેલાનું રક્ષણ કરવું જોઈએ, અને ભાણેજને તો જીવિત આપવાથી વિશેષે કરીને રક્ષણ કરવા લાયક છે. હે દુંદુક જો તું હમણાં

બળાત્કાર કરીશ તો યુદ્ધ વિના તને ભોજ આપીશ નહિં. મામાએ પિતાનું દુષ્ટપણું ભોજને જણાવ્યું, તે બોલ્યો સુખ દુઃખ કરવામાં કર્મ પ્રમાણ છે, તે પછી દુંદુકે બપ્પભટ્ટીસૂરિની આગળ ગુપ્તપણે કહ્યું, મને જ્યોતિષીએ પુત્રના હાથે મારું મૃત્યુ કહ્યું છે, તે નગરમાં જઈને ભોજને મનાવીને આ નગરમાં જલદી લાવો,જેથી તે મારું કહ્યું માને.

ગુરુપણ રાજાના વચનથી છલ પામેલા અર્ધ માર્ગમાં પહોંચ્યા ને વિચારવા લાગ્યા કે મારા વચનથી ભોજ નિશ્ચે આવશે ને જો આવેલો ભોજ દુંદુકરાજાવડે હણાય તો મારું નરકમાં ગમન થાય અને અપયશ થાય., આ બાજુ વાઘ છે અને આ બાજુ નદી છે, એ ન્યાય વિચારીને ગુરુવર્ય ત્યાં જ રહ્યા. અનુક્રમે પોતાનું થોડું આયુષ્ય કહ્યું, તે પછી મને મૃત્યુ માટે અનશન હો. આ પ્રમાણે વિચારીને આચાર્યે સાધુની પાસે કહ્યું, હમણાં શ્રી નન્નસૂરિ ને ગોવિંદસૂરિ દૂર છે. આથી તેમને મારા મિચ્છામિ દુક્કડં કહેવા, બીજા સંઘને પણ મારા મિચ્છામિ દુક્કડં આપવા, હું કોઈનો નથી. મને સહુ સાથે પ્રીતિ છે.

न वयं युष्मदीया:स्मो-ऽस्मदीया न हि यूयकम्।
सम्बन्धा: कृत्रिमा: सर्वे क्षणनश्वरवीक्षणात्।।
अर्हत्पादान् जगद्वन्द्यान्-सिद्धान् विध्वस्त बान्धवान्।
साधून् श्री जैनधर्म्मंच, प्रपद्ये शरणं त्रिधा।।
महाव्रतानि पञ्चैव षष्ठं च रात्रिभोजनम्।
विराधितानि यत्तत्र - मिथ्यादुष्कृतमस्तु मे।।

અમે તમારા નથી, તમે અમારા નથી. ક્ષણ વિનશ્વર જોવાથી સર્વે સંબંધો કૃત્રિમ છે. "જગતને વંદનીય એવા પૂજ્ય અરિહંતોને, સિદ્ધોને, જેણે બાંધવોનો ત્યાગ કર્યો છે એવા સાધુઓને અને જૈનધર્મને મન વચન ને કાયાથી હું શરણ તરીકે સ્વીકારું છું. "પાંચમહાવ્રત અને છઠ્ઠું રાત્રિભોજન વિરમણવ્રત તેમાં જે વિરાધના થઈ હોય તે મારું પાપ મિથ્યા થાઓ. " ઇત્યાદિ કહીને સમસ્ત જીવ રાશિને ખમાવીને પોતાના ભાવથી યાદ કર્યા છે પંચ નમસ્કાર જેણે એવા બપ્પભટ્ટી ગુરુ થયા. વિક્રમરાજાથી આઠસોને ચૌદ (૮૧૪) વર્ષ થયે છતે શત્રુ મિત્રને સમ માનનારા એવા તેમનો દેવલોકમાં વાસ થયો. માણસના મુખેથી બપ્પભટ્ટી ગુરુનો સ્વર્ગવાસ સાંભળીને મોઢેરામાં રહેલા નન્નસૂરિ શોક કરવા લાગ્યા. કહ્યું છે કે :-

शास्त्रज्ञा: सुवचोन्विता बहुजनस्याधारतामागता:,
सद्वृत्ता: स्वपरोपकारनिरता दाक्षिण्यरत्नाकरा:।
सर्वस्याभिमता गुणै:परिवृता भूमण्डना: सज्जना:,
धात: ! किं न कृता त्वया गतधिया कल्पान्त दीर्घायुष: ।।१।।

શાસ્ત્રને જાણનારા ઉત્તમ વચનથી યુક્ત ઘણા લોકના આધારને પામેલા સારા આચરણવાલા સ્વ અને પરના ઉપકારમાં રક્ત-દાક્ષિણ્યના સમુદ્ર સર્વને માન્ય એવા ગુણોવડે વીંટળાયેલા ને પૃથ્વીના આભૂષણરુપ સજ્જનો હે વિધાતા! ચાલી ગઇ છે બુદ્ધિ જેની એવા તમારાવડે કલ્પના અંત સુધી દીર્ઘ આયુષ્યવાલા કેમ ન કરાયા ? (૧) તે

વખતે વૃદ્ધ પુરુષો આવીને નન્નસૂરીશ્વરને શોકરૂપી શલ્યને છેદવા માટે આ પ્રમાણે પ્રગટ રીતે નિશ્ચિતપણે ઉપદેશ આપે છે.

हित्वा जीर्णमयं देहं लभतेऽङ्गी पुनर्नवम्।
कृतपुण्यस्य मर्त्यस्य-मृत्यरेव रसायनम्॥

પ્રાણી જીર્ણ દેહને છોડીને નવીન દેહને મેળવે છે. પુણ્યશાળી મનુષ્યને મૃત્યુ એ નિશ્ચે રસાયન છે. ॥ તપ અને નિયમમાં રહેલાને જીવિત અને મરણ કલ્યાણરૂપ છે. જીવતો ગુણો પામે છે ને મરેલો સદ્ગતિમાં જાય છે. આ બાજુ દુંદુક રાજાવડે આચાર્ય મહારાજની સાથે જે સેવકો મોકલાવ્યા હતા તેઓ દુંદુક રાજાની પાસે આવ્યા. તેઓ પાસેથી ગુરુનું મરણ સાંભળીને દુંદુક રાજા વજ્રથી હણાયો હોય તેમ ચિત્તમાં દુઃખી થયો. મંત્રીઓએ દુંદુક રાજાનો શોક દૂર કર્યો, અને તે રાજા બપ્પભટ્ટીગુરુના શ્રેષ્ઠ ગુણોને હંમેશાં યાદ કરવા લાગ્યો. મામાના ઘરમાં રહેલા ભોજવડે પિતાની ચેષ્ટા અને બપ્પભટ્ટીગુરુની મનની ચેષ્ટા જણાઈ. શ્રી બપ્પભટ્ટીગુરુનું મરણ સાંભળીને રાજપુત્ર ભોજ ક્ષણવાર વજ્રથી હણાયો હોય તેવો થઈને દુઃખ કરવા લાગ્યો. બપ્પભટ્ટી ગુરુ સરખા બીજા કોઈ ગુરુ નથી. જે મારા માટે માર્ગમાં દેવલોકમાં ગયા.

એક વખત પૂર્વનો ચાકર માલી પૃથ્વીતલ ઉપર ભ્રમણ કરીને ભોજને નમીને બોલ્યો કે હું ભીમવનમાં ગયો હતો. ત્યાં મારાવડે ગુરુના મુખેથી એક સુંદર વિદ્યા પ્રાપ્ત કરાઈ. તે વિદ્યાવડે રવિવારના દિવસે બીજોરું અભિમંત્રિત કરાય તેનાથી હણાયેલા ઘોડાઓ હાથીઓ અને સૈન્ય સહિત મનુષ્યો જલદી નિર્બલ થાય છે અને શત્રુ જલદી વશ થાય છે. ભોજરાજાએ તેનાવડે અપાયેલું બીજોરું લીધું, અને તેને ઉત્તમ વસ્ત્ર આદિપૂર્વક ઘણું ધન આપ્યું. ભોજરાજાએ ઘણાં બીજોરાંઓને મંત્રીને જ્યારે શત્રુઓને જીત્યા ત્યારે મામાએ કહ્યું કે પિતાના રાજ્યનો આશ્રય કર. મામાવડે ઉત્સાહ પમાડાયેલો ભોજ કેટલાક સૈન્ય સહિત બીજોરાના પ્રયોગવડે શત્રુઓને જીતતો ચાલ્યો. પિતાના દેશ પાસે આવીને તેને જણાવ્યું કે રાજ્ય માટે હું અહીં આવ્યો છું. પુત્રને રાજ્ય આપો. પિતા એવા તમે પૂજ્ય છો. તમારાથી મને રાજ્ય થાય અથવા મરણ થાય, પુત્રના વચનથી તુષ્ટ થયેલા રાજાએ પુત્રને બોલાવ્યો. રાજાને ખરાબ બુદ્ધિ આપનારી કંટિકા ગણિકાને ભોજે બીજોરાવડે યમના ઘરે મોકલી. દુંદુકરાજા પુત્રને બલવાન જાણી તરત રાજ્ય આપી તીર્થયાત્રા કરવા લાગ્યો. અનુક્રમે શ્રી શત્રુંજયતીર્થમાં જઈને તે વખતે ત્યાં અનશન ગ્રહણ કરીને ઉત્તમ ભાવથી દેવલોકને શોભાવ્યો.

પિતાના રાજ્ય પર બેઠેલો ભોજ માતાનાં ચરણ કમલને અને ગુરુનાં બે ચરણોને નીતિથી પૃથ્વીનું પાલન કરતો સેવતો હતો. ભય પામતા એવા શત્રુરાજાઓ સત્વરે આવીને ભોજરાજાનાં બે ચરણોને સેવવા લાગ્યા.

હવે ભોજરાજાએ પોતાના સેવકોને શ્રેષ્ઠ એવા મોઢેરા નગરમાં મોકલીને શ્રી નન્નસૂરિ અને ગોવિંદસૂરિને આ પ્રમાણે વિનંતિ કરી. કે ગોપનગરમાંથી ભોજરાજા મોઢેરા નગરમાં શ્રી નન્નસૂરિ અને ગોવિંદસૂરિને આ પ્રમાણે વિનંતિ કરે છે કે બુદ્ધિરૂપી ગંગાને ઉત્પન્ન કરવામાં હિમગિરિ સરખા, પ્રબોધ પમાડ્યો છે જગતના લોકને જેણે એવા, વાણીવડે જીતી લીધા છે બૃહસ્પતિને એવા, મોટા મનવાલા દેદીપ્યમાન સમાચારી કરવામાં તત્પર એવા શ્રી બપ્પભટ્ટીસૂરીશ્વર લાંબા

કાળ સુધી દીક્ષા આરાધીને સ્વર્ગલોકમાં ગયા છે.

સર્વ શાસ્ત્રરૂપી સમુદ્રના પારંગત તેના સ્થાને હમણાં દીર્ઘ આયુષ્યવાળા તમે ઉત્તમ ગુરુ પૃથ્વીતલમાં વર્તો છો. આ વિજ્ઞપ્તિ જોવા માત્રથી મારા ઉપર કરુણા કરીને જલદી અહીં આવવું, અને અમને વંદન કરાવવું, તે વખતે ભોજરાજાએ મોકલેલા લેખને વાંચીને મોઢેરામાં ગોવિંદસૂરિને મૂકીને શ્રીસંઘની રજા લઈને ઉત્તમ સાધુની શ્રેણીથી યુક્ત નન્નસૂરિ વેગથી ઉતાવળ કરવા પૂર્વક સારા દિવસે ગોપગિરિ તરફ ચાલ્યા. ભોજરાજા નન્નસૂરિને આવેલા સાંભળીને પગે ચાલતો પોતાના નગરમાંથી વેગથી સામે ગયો. ભોજરાજા ગુરુનાં બે ચરણોને નમીને ગુરુરાજને આગળ કરીને યાચકોને દાન આપતો હર્ષથી યુક્ત રાજમાર્ગમાં ચાલ્યો. સ્થાનકે સ્થાનકે ગણિકા પાસે નૃત્ય આદિ કરાવતો શ્રેષ્ઠ મોતીઓવડે સ્વસ્તિક પૂરતો ભોજરાજા ચાલવા લાગ્યો. હૃદય ઉપર રહેલો હાર, હારો સાથે બાહુ, બાહુ સાથે અફળાવતાં લોકો ત્યાં ગુરુ સાથે ચાલવા લાગ્યા

ભોજરાજાએ ગુરુનો નગરમાં પ્રવેશ કરાવતાં લાખ પ્રમાણવાલા ટંકોને પગલે પગલે હર્ષવડે સંઘની ભક્તિ કરતાં વાપર્યા. ઉપાશ્રયે આવીને સુંદર સિંહાસનઉપર ગુરુવર્ય બેઠા ને ધર્મદેશના આપી.

રાજ્ય –ઉત્તમ સંપત્તિ, ભોગો, ઉત્તમ કુલમાં જન્મ, સુરૂપપણું, પંડિતપણું, દીર્ઘ આયુષ્ય અને આરોગ્ય એ ધર્મનું ફલ જાણવું. ।। ધર્મ એ ધનની ઈચ્છાવાલાઓને ધન આપનારો છે. કામની ઈચ્છાવાલાઓને કામ આપનારો છે. પરંપરાએ ધર્મ જ મોક્ષ સાધનારો છે. ભોજે કહ્યું કે મેં પિતાની હિંસા કરવા માટે ઘણું ચિંતવ્યું હતું, તે પાપથી મારો નરકમાં પાત થશે. ગુરુની પાસે આલોચના લઈને ભોજરાજાએ સમ્યક્ત્વ જેના મૂલમાં છે એવો જિનેશ્વરે કહેલો ધર્મ ગ્રહણ કર્યો.

નગરની અંદર દુંદુકના નામે મનોહર જિનમંદિર કરાવીને હર્ષવડે શ્રી આદિનાથપ્રભુનું બિંબ સ્થાપન કર્યું. પૃથ્વીતલમાં અરિહંતોના અનેક શ્રેષ્ઠ વિહારો (મંદિરો) મુક્તિસુખની પરંપરા માટે ભોજરાજાએ કરાવ્યા.

એક વખત નન્નસૂરીશ્વરે ભોજની આગળ કહ્યું કે જે પુંડરીકગિરિ ઉપર દર્શન કરે તે નિશ્ચે મોક્ષગામી થાય છે. કહ્યું છે કે:– શ્રી શત્રુંજયગિરિઉપર જિનેશ્વરનું દર્શન કરવાથી બન્ને દુર્ગતિ ક્ષય પામે છે. અને એક હજાર સાગરોપમ સુધીનાં પાપો ધ્યાન કરવાથી ક્ષય પામે. અને અભિગ્રહ કરવાથી એક લાખ સાગરોપમનું પાપ ક્ષય પામે છે.

नमस्कारसमो मन्त्र : - शत्रुञ्जयसमो गिरि: ।
गजेन्द्रपदजं नीरं - निर्द्वन्द्वं भुवनत्रये ।।

નવકાર સરખો મંત્ર–શત્રુંજય સરખો ગિરિ –ગજેન્દ્રપદ કુંડનું પાણી એ ત્રણે ભુવનમાં અનુપમ છે. (તેના સમાન બીજું નથી)

यो दृष्टो दुर्गतिं हन्ति, प्रणतो दुर्गतिद्वयं ।
सङ्घेशार्हत्यपदकृत् - स जीयाद्विमलाचल: ।।

જોવાયેલો જે વિમલાચલ દુર્ગતિને હણે છે. નમસ્કાર કરાયેલો બે દુર્ગતિને હણે છે. સંઘપતિ થવાથી જે અરિહંતના પદને કરનારો છે તે વિમલાચલ જય પામો.

आरम्भाणां निर्वृत्तिर्द्रविणसफलता सङ्घवात्सल्यमुच्चै
र्निर्मात्यं दर्शनस्य प्रणयिजनहितं जीर्णचैत्यादिकृत्यम्।
तीर्थोन्नत्यं सम्यक् जिनवचनकृति स्तीर्थसत्कर्म्मसत्त्वं,
सिद्धेरासन्नभावः सुरनरपदवी तीर्थयात्राफलानि ॥१॥

<u>તીર્થયાત્રાનાં ફલો</u>–આરંભોની નિવૃત્તિ થાય. દ્રવ્યની સફલતા થાય. સંઘનું મોટું વાત્સલ્ય થાય. સમ્યક્ત્વની નિર્મલતા થાય. પ્રેમી જનોનું હિત થાય. ચૈત્યનો જીર્ણોદ્ધાર આદિકાર્ય થાય. તીર્થની ઉન્નતિ થાય. સારી રીતે જિનવચનનું કરવું થાય. તીર્થનાં સારા કાર્યોમાં સત્વ (પ્રવૃત્તિ) થાય. મોક્ષનો આસન્નભાવ થાય. દેવ અને મનુષ્યની પદવી મળે. આ પ્રમાણે છે (૧) તીર્થનું ધ્યાન કરવાથી એક હજાર પલ્યોપમનું કર્મક્ષય થાય. અભિગ્રહ કરવાથી એક લાખ પલ્યોપમનું કર્મ ક્ષય થાય. ને માર્ગમાં જતાં એક સાગરોપમથી એકઠું કરાયેલું કર્મક્ષય થાય. " ભોજરાજાએ આ પ્રમાણે શ્રીનન્નસૂરિ પાસે સાંભળીને શ્રી શત્રુંજય આદિ તીર્થોમાં વિસ્તારથી યાત્રા કરી. ભોજરાજાએ ધર્મકાર્યો કરતા પૂર્વના રાજર્ષિ રાજાઓના મોટા યશનો ઉદ્ધાર કર્યો ભોજરાજાને ધર્મ કરતા જોઈને બીજા મનુષ્યો હર્ષવડે વિશેષથી ઘણાં ધર્મ કાર્યો કરતા હતા.

આ પ્રમાણે આમરાજા તેનો પુત્ર દુંદુક તેનો પુત્ર ભોજ અને બપ્પભટ્ટીસૂરિનો સંબંધ સંપૂર્ણ



શિલાદિત્ય રાજા અને ધનેશ્વરસૂરિનો સંબંધ

ક્રમ ન હોવા છતાં પણ સંક્ષેપથી શિલાદિત્યરાજા અને ધનેશ્વરસૂરિનો સંબંધ કહેવાય છે તે આ પ્રમાણે :- ચંદ્રગચ્છરૂપી આકાશમાં સૂર્ય સરખા ધનેશ્વર સૂરિ હતા, તે અનેક શાસ્ત્રરૂપી સમુદ્રના પારગામી અને નિર્મલ ચિત્તવાલા હતા. ધનેશ્વરસૂરિએ વલભીનગરના સ્વામી શિલાદિત્યરાજાને સર્વજ્ઞના ધર્મને સમજાવ્યો.

વાદની પ્રતિજ્ઞામાં બૌદ્ધોએ ગ્રહણ કરેલ શ્રી શત્રુંજયતીર્થને દેદીપ્યમાન વાદરૂપી બાણોવડે બૌદ્ધોને જીતીને ગુરુએ પાછું વાળ્યું. શિલાદિત્યરાજાવડે તે વખતે પોતાના દેશમાંથી કાઢી મુકાયેલા બૌદ્ધો વેગપૂર્વક બીજા દેશમાં ગયા.

વિક્રમરાજાથી (૪૭૭) ચારસો સત્યોતેર વર્ષે શિલાદિત્યરાજા શ્રી સિદ્ધગિરિઉપર યાત્રા કરનારા થયા.

વીરભગવંતના નિર્વાણથી ૧૯૧૪ વર્ષ ગયાં ત્યારે મયૂરપુત્ર ચૈત્ર અષ્ટમીના દિવસે વિષ્ટનક્ષત્રમાં પાટલીપુત્રનગરમાં કલ્કી નામે રાજા ચાર મુખવાલો અને ત્રણ નામથી યુક્ત થશે. ભયંકર ચાર મુખવાલો કલ્કી ત્રણનામવડે ચંડાલના ઘરમાં હંમેશાં વૃદ્ધિ પામશે. તેના જન્મને વિષે ગાગલી અને કૃષ્ણનાસ્તૂપો કુહાડાવડે છેદાયેલા વૃક્ષની જેમ વાયુવડે પડશે તે પછી સાત ઈતિઓ ભય દુકાલ ડંમર વગેરે અને પૃથ્વીતલમાં રાજાઓનો વિરોધ થશે. અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ, ઉંદર, તીડ, સૂડા (પક્ષીઓ) સ્વચક્રને પરચક્રનો ભય એ સાત ઈતિઓ કહી છે. વૃદ્ધિ પામતો તે કલ્કી અનુક્રમે પથ્થરમય ઘોડાઉપર ચડશે ત્યારે તે ઘોડો ચાર પગે ચાલશે. આ ઉપદ્રવ છે એ પ્રમાણે મનુષ્યો મોટેથી બોલતે છતે જ્યારે હણવા માટે આવે છે તેટલામાં તે પુરુષ નાસી ગયો. તે દેવતાથી અધિષ્ઠિત શ્રેષ્ઠ ઘોડા ઉપર ચડીને ચાર મુખવાલો કલ્કી ચાલ્યો, અને પૃથ્વી ઉપર ભ્રમણ કરવા લાગ્યો. સોળ વર્ષ સુધી સામાન્ય રાજા થયો. ૩૬ વર્ષને અંતે તે કલ્કી રાજા થશે. પાટલીપુત્ર નગરમાં સેંકડો રાજાઓ હર્ષથી આવીને તેનો રાજ્યાભિષેક કરશે. તે ત્રણ ખંડ પૃથ્વીપીઠને જલદી સાધશે અને નંદરાજાના સુવર્ણમય સ્તૂપોને ખોદી નાંખશે. દ્રવ્યને માટે હંમેશાં નગર ને ગામની પૃથ્વીને ખોદાવતો ઘણા વૈભવને પામશે, ને પૃથ્વીને દ્રવ્ય વગરની કરશે. કોઈક નગર ખોદતે છતે પૃથ્વીની મધ્યમાંથી રોષવડે મુનિઓને હણતી એવી પથ્થરમય લવણ નામની ગાયને કાઢશે. તે નગરમાં ઉપદ્રવ થશે, એમ જાણીને કેટલાક માણસો બીજે ઠેકાણે જશે, કેટલાક ત્યાં રહેશે, તે કલ્કી જૈન મુનિઓ પાસે પણ ધન માંગશે, તે પ્રમાણે ગ્રહણ કરતો કલ્કી બળાત્કારે લોકોવડે નિષેધ કરાશે. સાત દિવસ સુધી મેઘ વરસતાં તે નગરને ભીંજવી નાંખશે. કલ્કી રાજા અને પ્રાતિપદ આચાર્ય અને કેટલાક લોકો ઊંચી ભૂમિ ઉપર રહેશે. કેટલાક પાણીમાં ડૂબી જશે. કેટલાક મનુષ્યો ને સ્ત્રીઓ આત્મહત્યા કરીને મરી જશે, તે વિઘ્ન અટકે છતે નંદરાજાના તે દ્રવ્યવડે કલ્કીરાજા ધનધાન્યથી શોભતી નવી નગરી કરશે.

કલ્કી પૃથ્વીપીઠપર ગયે છતે દ્રવ્યવડે એક દ્રોણ (ધાન્ય) સુભિક્ષ હોવાથી પ્રાપ્ત કરાશે ને થોડું દ્રવ્ય થશે. ધનના લોભી-ભયંકર અનીતિમાં રહેલા રાજાઓ થશે. કુલવાન સ્ત્રીઓ ખરાબ શીલવાલી થશે.ને ગામો સ્મશાન સરખા થશે.

લોકો અનુક્રમે નિર્દય–અસત્યવાદી હીનસત્વવાળા ખરાબમનવાલા ધર્મને નિંદનારા થશે, તે પછી નિરંતર પચાસવર્ષ સુભિક્ષ થશે. લોકો ધાન્ય અને કુટુંબવડે વૃદ્ધિ પામશે, તે રાજાઓ સુભટોવડે વૃદ્ધિ પામશે. મરણ નજીક હોતે છતે વેશધારીના (વિશધારી પાસેથી) દ્રવ્યને લઈને કલ્કી રાજા સાધુઓને વાડામાં રૂંધશે (પૂરશે) પ્રાતિપદસૂરિ આદિવડે સંઘવડે કાર્યોત્સર્ગ કરાયે છતે સંઘના ઉપદ્રવને જાણીને બ્રાહ્મણના રૂપને ધારણ કરનારો ઈન્દ્ર આવશે. ઈન્દ્રે ઉક્તિ ને પ્રયુક્તિવડે વારવા છતાં પણ કલ્કી અન્યાયથી અટકશે નહિ, ત્યારે તે તેને મારશે, તે કલ્કી રાજા ૮૬ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને નરકભૂમિમાં ગયેલો લાંબા કાળસુધી દુઃખી થશે. તેના પુત્ર દત્તને તેના રાજ્ય ઉપર બેસાડીને જૈન ધર્મ સમજાવીને ગુરુને નમીને ઈન્દ્ર સ્વર્ગમાં જશે.

એક વખત દત્તે ગુરુની પાસે જઈને સ્નેહપૂર્વક સાવધાનપણે અંજલિકરવાપૂર્વક શ્રી જિનેશ્વરે કહેલો ધર્મ આ પ્રમાણે સાંભળ્યો.

कर्त्तव्या देवपूजा शुभगुरूवचनं नित्यमाकर्ण्यनीयं,
दानं देयं सुपात्रे प्रतिदिनममलं शीलनीयं च शीलम्।
तप्यं शुद्धं स्वशक्त्या तप इह महती भावना भावनीया
श्राद्धानामेष धर्म्मो जिनपतिगदितः पूत निर्वाणमार्गः ।।१।।

હંમેશાં દેવપૂજા કરવી. શુભ ગુરુનું વચન સાંભળવું હંમેશાં સુપાત્રમાં દાન આપવું. નિર્મલ શિયલ પાળવું. પોતાની શક્તિવડે શુદ્ધ તપ કરવું, મોટી ભાવના ભાવવી, તે શ્રી જિનેશ્વરે કહેલો પવિત્ર મોક્ષના માર્ગરૂપ શ્રાવકોનો ધર્મ છે.

रम्यं येन जिनालयं निजभुजोपात्तेन कारापितं,
मोक्षार्थं, स्वधनेन शुद्धमनसा पुंसा सदाचारिणा।
वेद्यं तेन नरामरेन्द्रमहितं, तीर्थेश्वराणां पदं,
प्राप्तं जन्मफलं कृतं जिनमतं गोत्रं समुद्योतितम् ।।२ ।।

જે શુદ્ધમનવાલા સદાચારી પુરુષે પોતાની ભુજાથી ઉપાર્જન કરેલ દ્રવ્યવડે સુંદર જિનાલય મોક્ષને માટે કરાવ્યું છે, તે મનુષ્ય અને દેવોને પૂજવા લાયક તીર્થંકરોનું પદ ભોગવવા લાયક છે. તેણે મનુષ્યજન્મનું ફલ મેળવ્યું છે. જિનેશ્વરના મતને કર્યો છે. વંશને પ્રકાશિત કર્યો છે (૨) પ્રૌઢ એવો રાજા આ સાંભળીને પૃથ્વીઉપર પ્રાસાદોને કરાવતો શ્રી સિદ્ધગિરિ ઉપર સુવર્ણમય જિનમંદિરનો ઉદ્ધાર કરશે. દરેક ગામે ને દરેક શહેરમાં પ્રાસાદને કરાવતાં રાજાએ એક વખત ગુરુની પાસે આ પ્રમાણે અભિગ્રહ લીધો. દરેક સવારે પ્રાસાદની પૂર્ણતાની વધામણી આદરપૂર્વક આવે ત્યારે હે ગુરુ! મારે જમવું, તે પછી દિવસે દિવસે એક એક પ્રાસાદની પૂર્ણતા આવે છતે કલ્કી રાજાનો પુત્ર દત્ત જમશે. પ્રાતિપદ આચાર્યની પાસે હંમેશાં ધર્મકાર્યો કરતો રાજા ઘણાં જિનમંદિરોને કરાવશે.

એક વખત શ્રી ગુરુ પાસે જીવદયામય ધર્મ સાંભળતો દત્ત શ્રી ગુરુની પાસે આ વાત નિશ્ચે સાંભળશે.

અભયદાન-સુપાત્રદાન-અનુકંપાદાન-ઉચિતદાનને કીર્તિદાન-આ પાંચ પ્રકારનાં દાનોમાંથી બે દાનવડે મોક્ષ કહ્યો છે અને પાછલનાં ત્રણ દાન ભોગ આદિને આપે છે.

सत्पात्रं महती श्रद्धा काले देयं यथोचितम्।
धर्म्मसाधनसामग्री बहुपुण्यैरवाप्यते।।

ઉત્તમપાત્ર-મોટી શ્રદ્ધા-યોગ્ય કાલે યથોચિત આપવું ને ધર્મસાધનસામગ્રી ઘણા પુણ્યવડે પ્રાપ્ત કરાય છે. આ પ્રમાણે સાંભળીને કલ્કીનો પુત્ર ઇચ્છા મુજબ દાન આપતો પોતાની પૃથ્વીને નિશ્ચે દેવારહિત કરશે. એક વખત કલ્કીપુત્ર દત્તરાજા સવારે સભાની અંદર બેઠો હતો ત્યારે એક કવિ આવીને કહે.

तैश्चन्द्रे लिखितं स्वनाम विशदं धात्री पवित्रीकृता,
ते वन्द्याः कृतिनो नराः सुकुतिनो वंशस्य ते भूषणम्।
ते जीवन्ति जयन्ति भूरि विभवास्ते श्रेयसां मन्दिरं।
सर्वाङ्गैरपि कुर्वते विधिपरा ये तीर्थयात्रामिमाम्।।

જેઓ સર્વ અંગવડે વિધિમાં તત્પર આ તીર્થયાત્રા કરે છે. તેઓવડે પોતાનું પવિત્ર નામ ચંદ્રને વિષે લખાવાયું છે, તેઓ પૃથ્વીને પવિત્ર કરે છે. કૃતાર્થ અને સારા કાર્યને કરનારા તે મનુષ્યો વંદનીય છે. તેઓ વંશનાં આભૂષણ છે. ઘણા વૈભવવાળા તેઓ જીવે છે ને જયવંતા વર્તે છે, અને તેઓ કલ્યાણનું ઘર છે. દત્તરાજા તે વિદ્વાનને તરત જ હર્ષથી નિશ્ચે બે લાખ સોનામહોર આપશે.

બીજે દિવસે ફરીથી કોમલ સ્વરવાળો એક કવિ આવીને ચિત્તને વિષે ચમત્કાર કરનારું કાવ્ય બોલ્યો.

वन्दे जन्म मनुष्यसम्भवमहं किं तद्विहीनं गुणै
स्तानेव त्वरितं स्तुमः किमुसमां लक्ष्मीं विना तै र्गुणैः।
तां लक्ष्मीं समुपास्महे किमु तया दानादिभिर्वन्ध्यया,
दानं स्तौमि वृथैव भावरहितां भावोहि भद्रं ततः।।१।।

મનુષ્યમાં (ભવમાં) ઉત્પન્ન થયેલા જન્મને હું વંદન કરું છું. ગુણથી રહિત તે જન્મવડે શું ? તે ગુણોને અમે સ્તવીએ છીએ. લક્ષ્મી વિના તે ગુણોવડે શું ? અમે તે લક્ષ્મીને સેવીએ છીએ. દાન આદિવડે રહિત તે લક્ષ્મીવડે શું ? હું લક્ષ્મીને વખાણું છું. ભાવરહિત દાન ફોગટ છે. તેથી ભાવ કલ્યાણકારક છે. (૧) આ કાવ્ય સાંભળીને ચમત્કાર પામેલો કલ્કીપુત્ર (દત્ત) તે વિદ્વાનને એક લાખ સોનામહોર આપશે. બીજે દિવસે ફરીથી આવીને એક કવિએ ચિત્તને વિષે ચમત્કાર કરનારું એક કાવ્ય કહ્યું.

काचिद्बालकवन्महीतलगता, मूलच्छिदाकारण,
द्रव्योपार्जन पुष्पितापि विफला काचिच्च जातिप्रभा।
काऽपि श्री कदलीव भोगफलदा सत्पुण्यबीजच्युता।
सर्वाङ्गीणशुभा रसाललतिकावत् पुण्यबीजान्विता।।१।।

કોઇક લક્ષ્મી બાળકની પેટે પૃથ્વીતલમાં રહેતી મૂલને છેદવામાં કારણરુપ હોય છે. ને કોઇક લક્ષ્મી જાયફલની પ્રભાની જેમ દ્રવ્ય ઉપાર્જનરૂપ ફૂલવાળી પણ ફળવગરની હોય છે. કોઇક લક્ષ્મી કેળના વૃક્ષની જેમ ઉત્તમ પુણ્યરૂપી બીજથી ભ્રષ્ટ થયેલી કેળની જેમ ભોગફલને આપનારી છે, ને કોઇક લક્ષ્મી આમ્રલતાની પેઠે પુણ્યરૂપી બીજથી યુક્ત સર્વ પ્રકારે શુભ હોય છે. આ કાવ્ય સાંભળીને ચમત્કાર પામેલો દત્તરાજા તે પંડિતવર્યને એક લાખ સોનામહોર આપશે.

પ્રાતિપદસૂરિની પાસે હર્ષવડે ધર્મકાર્યોને કરતો રાજા સર્વજ્ઞના ઘણા પ્રાસાદોને કરાવશે. દત્તરાજા ગુરુને અને ઘણા સંઘને આગળ કરીને શ્રી સિદ્ધાચલ આદિ તીર્થોને વિષે ઘણી યાત્રાઓ કરશે. સંઘવાત્સલ્ય વગેરે અનેક ધર્મકાર્યો દત્તરાજા પોતાની જાતે કરશે, ને બીજાઓ પાસે કરાવશે, તે વખતે સંઘમાં સાધુઓ પોતપોતાના કદાગ્રહને છોડીને એક થઇને સર્વજ્ઞે કહેલા ધર્મને કરશે. દરેક કાલે નિરંતર લોકોવડે ઇચ્છાયેલો મેઘ વરસશે. દત્તરાજા નીતિપૂર્વક પૃથ્વીનું રક્ષણ કરશે ત્યારે દુષ્કાલનાં કારણો પણ નહિ હોય ને દુષ્કાલ પણ થશે નહિ. રાજાઓ ન્યાયનો આશ્રય કરનારા થશે. લોકો રાજાનું હિત કરનારા થશે. ધર્મિષ્ઠ લોકો અત્યંત સમૃદ્ધ થશે એમાં સંશય નથી.

પ્રાતિપદસૂરિની પાસે ધર્મમાં ધુરંધર એવો દત્તરાજા શક્તિ નામના પોતાના પુત્રને રાજ્ય ઉપર સ્થાપન કરીને દેવલોકમાં જશે, તે શક્તિરાજા અનેક પ્રકારે પોતે ધર્મ કાર્યો કરશે અને ભક્તિથી બીજા પાસે કરાવશે, તે શક્તિરાજા નિરંતર ઘણી લક્ષ્મીને વાપરતો ખરેખર અનુક્રમે કર્ણરાજાની ઉપમાને પામશે.

શિલાદિત્ય રાજા અને ધનેશ્વરસૂરિનો સંબંધ સંપૂર્ણ



શ્રી કાલિકાચાર્યનો સંબંધ

जं कालयसूरिपुरो सरइ सुदिट्ठी सया विदेहे वि
इणमिअ सक्केणुत्तं तं सित्तुंजय महातित्थं ।।३०।।

ગાથાર્થ :– જે કાલિકસૂરિની પાસે આવીને ઇન્દ્રવડે જે શત્રુંજય મહાતીર્થ કહેવાયું. મહાવિદેહ ક્ષેત્રમાં પણ સમ્યગ્ દૃષ્ટિજીવો જે ઇચ્છે તે તીર્થ જય પામો.

ટીકાર્થ:– શ્રી કાલિકસૂરિની આગળ આવીને ઇન્દ્રવડે જે શત્રુંજય નામનું તીર્થ. કહેવાયું મહાવિદેહમાં પણ સમ્યગ્દૃષ્ટિ જીવો આ તીર્થમાંના દેવોને નમસ્કાર કરવા ઇચ્છે છે, તે તીર્થ ચિરકાલ જયવંતુ વર્તો.

એક વખત પ્રથમ દેવલોકનો સ્વામી સૌધર્મેન્દ્ર પૂર્વ વિદેહમાં નિર્મલ મનવાલા શ્રી સીમંધર જિનેશ્વરને નમસ્કાર કરવા માટે ગયો.

તે વખતે શ્રી સીમંધર જિનેશ્વરે ધર્મોપદેશ આપતાં શ્રી શત્રુંજયનું માહાત્મ્ય લોકોની આગળ કહ્યું. જ્યાં સુધી ગુરુના મુખેથી શ્રી શત્રુંજય એ પ્રમાણે નામ સંભળાતું નથી ત્યાં સુધી જ સર્વ પ્રકારે આ લોકમાં હત્યા વગેરે પાપો ગર્જના કરે છે. જેનું મન હંમેશાં શ્રી શત્રુંજય નામના તીર્થને વિષે હોય તેને રોગ નથી, સંતાપ નથી. દુઃખ નથી ને વિયોગી પણું નથી.

आसाद्य मानवं जन्म प्राप्य बोधिं गुरोर्मुखात् ।
यै र्न शत्रुञ्जये देवो नतस्तस्याफलं जनुः ।।

જેઓએ મનુષ્યજન્મ પામી, ગુરુના મુખેથી સમ્યક્ત્વ પામી, અને જેઓવડે શ્રી શત્રુજંય ઉપર જિનેશ્વર નમસ્કાર કરાયા નથી તેનો જન્મ નકામો છે. તપ વિના–દાન અને પૂજા વિના ફક્ત શુભભાવથી જ સિદ્ધક્ષેત્રની સ્પર્શના અક્ષયસુખને આપનારી છે.

शत्रुञ्जयसमं तीर्थ-मादिदेवसमः प्रभुः ।
जीवरक्षासमो धर्मो नास्ति विश्वत्रये पर :।।

શ્રી શત્રુંજય સમાન તીર્થ –આદિદેવ સરખા પ્રભુ– જીવરક્ષા સરખો ધર્મ, ત્રણે લોકમાં બીજો નથી ।। ત્રણ ભુવનમાં જે ઇન્દ્ર વગેરે દેવો છે અને દેવીઓ પણ છે, તેઓ સદ્ગતિની ઇચ્છાથી આ તીર્થરાજને હંમેશાં સેવે છે. ।।

ભરતક્ષેત્રમાં દક્ષિણખંડમાં શત્રુંજય નામના તીર્થને જે મનુષ્યો પૂજે છે. તેઓના હાથમાં સઘળી સંપત્તિઓ થાય છે. જગતની અંદર સર્વતીર્થમય ને મુક્તિનાસુખના સમૂહને આપનાર શ્રી શત્રુંજય સરખું તીર્થ નથી. ભરતખંડની અંદર હિતકારી આશયવાલા ને વિચારવાલા શ્રી કાલિકસૂરિ સરખા ગુરુ નથી. આ સાંભળીને ઈન્દ્ર તે વખતે સીમંધર સ્વામીને નમી વૃદ્ધ બ્રાહ્મણના સ્વરૂપે પ્રતિષ્ઠાનપુરમાં ગયો. મધ્યાહ્ન કાલે કાલિકાચાર્યને પ્રણામ કરીને આ પ્રમાણે કહ્યું કે હે સૂરિ ! હું વૃદ્ધ થયો છું. જલદી અનશન ગ્રહણ કરું. જો મારું આયુષ્ય થોડું હોય તો હું અનશન ગ્રહણ કરું. તે પછી આચાર્યે (હાથ) જોઈને બ્રાહ્મણ આગળ કહ્યું. હે દ્વિજ! તમારું આયુષ્ય બે સાગરોપમ પ્રમાણ છે તેથી હે ઉત્તમ બ્રાહ્મણ ! તમે પ્રથમ સ્વર્ગના સ્વામી છો. તે વખતે બ્રાહ્મણવડે પુછાયેલા આચાર્યે નિગોદનો સઘળો વિચાર શ્રી સીમંધર સ્વામીની જેમ આદરપૂર્વક કહ્યો. તે પછી તે ઈન્દ્રે પોતાનું રૂપ પ્રગટ કરીને ગુરુનાં ચરણોમાં નમસ્કાર કરીને કહ્યું કે જેમ શ્રી સીમંધરસ્વામીવડે તમે કહેવાયા હતા તેવી રીતે આપ છો. ફરીથી પ્રભુએ શ્રી શત્રુંજયનું માહાત્મ્ય કહ્યું.

હું મોક્ષને માટે તમારા સાધુઓને વંદન કરવા માટે ઈચ્છું છું. તેથી જ્યાં સુધી સાધુઓ આવે ત્યાં સુધી હું રહું. ગુરુએ કહ્યું કે હે ઈન્દ્ર! હમણાં તમારું રૂપ જોઈને સાધુઓ સ્વર્ગગતિનું નિયાણું બાંધશે.

બીજાઓની રૂપસંપત્તિ વગેરે જોઈને કેટલાંક પ્રાણીઓ બાહ્ય અરઘટ્ટની જેમ પોતાના તપને વેચી નાખે છે.

પહેલાં ચંદ્રપુર નગરમાં ચંદ્ર નામે વણિક અત્યંત દુઃખી હતો. ગુરુપાસે ધર્મ સાંભળીને તેણે તરત જ વ્રત ગ્રહણ કર્યું. ગુરુવડે કહેવાયેલા તીવ્રતપને કરતા તે સાધુ ક્યારેક પોતાના દેહને તૃણસરખો માને છે. કહ્યું છે કે જે પદાર્થ દૂર હોય, દુઃખે કરીને આરાધી શકાય એવો હોય અને જે દૂર રહેલું હોય, તે સર્વ તપવડે સાધી શકાય છે. ખરેખર તપ એ દુર્લધ્ય છે. ધર્મરૂપી ભાથાથી સ્વર્ગ થાય છે. પાપના ફલથી નરક થાય છે. સુખ અને દુઃખને જાણીને જે ઈચ્છા હોય તે આચરો. તીવ્ર તપને કરતા તેમને સાંભળીને રાજા વગેરે લોકો હું પહેલાં હું પહેલાં એ રીતે તેની હંમેશાં સેવા કરે છે. એક વખત ઘણા સેવકો સહિત ને અંતઃપુર સહિત રાજા ભક્તિપૂર્વક તે મુનિરાજને વંદન કરીને જેટલામાં રહ્યો તેટલામાં તેમને ધર્મલાભ આપ્યો. રાજાની ઋદ્ધિ જોઈને અચ્યુત દેવલોકમાં ગમનયોગ્ય ઉપાર્જન કરેલું પોતાનું તપ સાધુએ વેગથી વ્યય કર્યું. જો આ તપનું કોઈ માહાત્મ્ય હોય તો મને આવતા ભવમાં આવા પ્રકારની ઋદ્ધિ જલદી થાઓ, અને તે યતિ મરીને આવતા ભવમાં રાજ્ય મેળવીને તેવી રીતે પાપ કર્યું કે જેથી તે અનુક્રમે નરકમાં ગયો.

તે પછી ઈન્દ્ર મહારાજા ધર્મશાળાનો દરવાજો બીજી બાજુ કરીને ગુરુનાં ચરણ કમલને નમીને સ્વર્ગમાં ગયો. સાધુઓએ આવીને તે દ્વાર નહિ જોવાથી બોલ્યા કે હે ગુરુવર્ય! દરવાજો ક્યાં છે ? તે પછી ગુરુ બોલ્યા કે દરવાજો આ બાજુ છે. ગુરુએ દરવાજો કહ્યો ત્યારે સાધુઓએ આવીને ગુરુને કહ્યું કે હે ગુરુ ! હમણાં આ ધર્મશાળાનું દ્વાર બીજી રીતે કેમ થયું ? તે પછી ગુરુએ ઈન્દ્ર આવવાનો સર્વ વૃત્તાંત કહ્યો ત્યારે સાધુઓ બોલ્યા કે તમે ઈન્દ્રને કેમ અહીં ન રાખ્યા ? ગુરુએ કહ્યું કે દેવતાનું રૂપ જોઈને કોઈક સાધુઓ નિયાણું બાંધે તેથી હે સાધુઓ ! ઈન્દ્ર અહીં ન રહ્યો ગુરુના મુખેથી આ સાંભળીને સાધુઓ હંમેશાં તેવી રીતે તપ કરવા લાગ્યા કે જેથી અનુક્રમે મોક્ષ થાય.

એ પ્રમાણે કાલિકસૂરિનો સંબંધ સંપૂર્ણ

જાવડશાનો પ્રબંધ

जावडि बिंबुद्धारे अणुवमसरमजियचेइअट्ठाणे।
जहिं होहि जयउ तयं सिरि सित्तुंजय महातित्थं ।।३९।।

ગાથાર્થ :– જાવડીના બિંબના ઉદ્ધારમાં તેમજ અજિતનાથ પ્રભુના ચૈત્યના સ્થાને અનુપમ સરોવર જે ગિરિને વિષે થશે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંતુ વર્તો.

ટીકાર્થ :– સૌરાષ્ટ્ર દેશમાં પોરવાડ કુલમાં ઉત્પન્ન થયેલ ભાવડશાના પુત્ર જાવડશાના હાથે બિંબનો ઉદ્ધાર થશે. તેમજ શ્રી અજિતનાથ પ્રભુના ચૈત્યના સ્થાને અનુપમ સરોવર થશે. વસ્તુપાલ અને તેજપાલ બન્ને મંત્રીઓ હતા. તે બન્નેની અનુક્રમે લલિતાદેવી અને અનુપમા નામની પત્નીઓ થઇ. લલિતાદેવી લલિતાસરોવર કરાવશે અને અનુપમાવડે અજિતનાથ પ્રભુના ચૈત્યની પાસે અનુપમ સરોવરનું કરાવવું જે પર્વતને વિષે થશે, તે શ્રી શત્રુંજયતીર્થ જયવંતુ વર્તો, પહેલાં જાવડશાના બિંબનો ઉદ્ધાર કહેવાય છે, તે આ પ્રમાણે :–

પાંચાલદેશમાં પૃથ્વીરૂપી સ્ત્રીના કપાળના આભૂષણ સરખું ને દેવનગર સરખું સ્થાનકુંડલ નામે નગર હતું. પૃથ્વીતલમાં તે નગરના લોકોવડે ચાર યુગવડે અપાયેલાં ચાર નામ પ્રસિદ્ધ થશે. ૧. કુડુ ૨ કુંડોલ ૩. કંપિલ્લિ ૪. સ્થાન કુંડલ તે શ્રેષ્ઠ સ્થાન કુંડલનગર પ્રસિદ્ધ છે.

ત્યાં પરમાર કુલમાં ઉત્પન્ન થયેલો ભીમનામનો રાજા ન્યાયમાર્ગવડે પૃથ્વીનું રક્ષણ કરતો સર્વ ઠેકાણે પ્રસિદ્ધ થયો નેમિદત્ત નામના ધનેશ્વરને નેમિદત્તા નામે સ્ત્રી હતી. અનુક્રમે તે બન્નેને જિનદત્ત નામે શ્રેષ્ઠ પુત્ર થયો. ચોરીમાં તત્પર એવા રાજાએ છલકરીને બળાત્કારે એક લાખ સોનામહોર જિનદત્ત પાસેથી લીધી.

लोकेभ्यः करमादाता - चौरेभ्यस्तैन्यरक्षिता।
तदीयै र्लिप्यतेराजा, पातकैरिति च स्मृतिः ।।१।।
जत्थ राया सयं चोरो - भंडिओ य पुरोहिओ।
दिसं वयह नागराया, जायं सरणओ भयं।।२।।

લોકો પાસેથી કર લેનારો, ચોરો પાસેથી ચોરીનો માલ રાખનારો, એવો રાજા તેના પાપવડે લેપાય છે, એ પ્રમાણે

સ્મૃતિ કહે છે (૧) જ્યાં રાજા પોતે ચોર હોય ને પુરોહિત ભાંડ હોય. હે નગરજનો ! તે દિશાનો ત્યાગ કરો. કારણ કે શરણથી ભય થયો છે, (૨) આ પ્રમાણે વિચારીને તે પછી શેઠે મધુમતી નગરીમાં લક્ષ્મી ઉપાર્જન કરવા માટે અર્ધો વાસ કર્યો.

જિનદત્ત નિરંતર વ્યાપાર કરતો વૈભવ માટે સમુદ્રમાં વહાણો મોકલતો હતો. સઘળો લોક મોટાભાગે પથ્થરોવડે વાહનોવડે–ઘોડાઓવડે–કપાસવડે– બીજાના ઉત્તમ ધનવડે લક્ષ્મી ઉપાર્જન કરતો હોય છે. એક વખત વહાણ મારફત ઐરાવણ હાથી જેવો ને કલ્પવૃક્ષની જેવો શ્રેષ્ઠ શ્વેત હાથી જિનદત્તના ઘરમાં આવ્યો, શેઠે વિચાર્યું કે શ્વેત હાથી રાજમંદિરમાં શોભે. બીજાના ઘરમાં ક્યારે પણ નહિ. ગધેડા, ઘોડા,પાડા અને ઘોડાઓનું સર્વ ઠેકાણે સ્થાન હોય છે. પરંતુ ગજેન્દ્રનું સ્થાન રાજમંદિર અથવા વનવાસ હોય છે. શેઠે તે હાથીવડે વિક્રમાદિત્યરાજાને જેમ મેઘની ગર્જનાવડે મોર હર્ષ પામે તેમ સંતોષ પમાડ્યો.

હર્ષિત થયેલા રાજાએ ચોરાશી ગામ સહિત મધુક નગર (મહુવા) જિનદત્તને આપ્યું. મધુમતીમાં આવીને સર્વ ગામો હર્ષથી પોતાનાં સ્વજનોને વહેંચીને તે હંમેશાં જિનધર્મ કરવા લાગ્યો. જિનદત્તની પ્રિયા જયતલાદેવીએ જેમ લક્ષ્મી કામદેવને જન્મ આપે તેમ સારા દિવસે પુત્રને જન્મ આપ્યો. જન્મોત્સવ કરીને પિતાએ હર્ષથી પુત્રનું ભાવડ નામ આપ્યું અને તે પછી તે હંમેશાં સ્વજનોવડે લાલન કરાય છે. કૂદકા મારતો, પડતો, રીંખતો, હસતો લાળનીશ્રેણીને વમન કરતો એવો બાલક હે દેવ ! કોઈક ધન્ય સ્ત્રીના ખોળાને આક્રમણ કરે છે. અનુક્રમે ભાવડ પુત્ર ત્રણ વર્ષનો થયો ત્યારે જયતલાદેવી યમદેવના મંદિરમાં પહોંચી ગઈ. કહ્યું છે કે : આયુષ્ય, રાજાનું ચિત્ત–ચાડિયો માણસ–ધન–લુચ્ચાનો સ્નેહ અને દેહનો વિકાર પામવાનો કોઈ કાલ (નક્કી) નથી. જ્યોતિષી પાસેથી તે પુત્રનાં સો વર્ષ જાણીને જિનદત્તે ધર્મગુરુની આગળ બ્રહ્મચર્યવ્રત ગ્રહણ કર્યું. કહ્યું છે કે :– ઇન્દ્રિયોમાં રસનેન્દ્રિય, કર્મોમાં મોહનીયકર્મ તેમજ વ્રતોમાં બ્રહ્મચર્યવ્રત અને ગુપ્તિઓમાં મનગુપ્તિ એ ચાર દુઃખવડે જિતાય છે.

અનુક્રમે મોટો થતો ભાવડ પંડિત પાસે વિનયવડે અને ભક્તિથી ધર્મક્રિયાનાં શાસ્ત્રોને ભણ્યો, મધુમતિના નજીકના આસન્ન નામના ગામમાં વજ્રાકર નામના શેઠે લલિતા નામની પુત્રીને જન્મ આપ્યો. અનુક્રમે પુત્રી મોટી થતાં હંમેશાં માતા પિતાના હર્ષને વિસ્તારથી નિર્મલ મનવાલી ઉત્તમ શાસ્ત્રો ભણવા લાગી કહ્યું છે કે :–

तृतीयं लोचनं ज्ञानं - द्वितीयो हि दिवाकरः ।
अचौर्यहरणं वित्तं, विना स्वर्णं विभूषणम् ।।१।।
ज्ञानाद् विदन्ति खलु कृत्यमकृत्य जातं ।
ज्ञानाच्चरित्रममलं च समाचरन्ति ।
ज्ञानाच्च भव्यभविनः शिवमाप्नुवन्ति,
ज्ञानं हि मूलमतुलं सकलश्रियां तत् ।।२ ।।

જ્ઞાન એ ત્રીજું નેત્ર છે. બીજો સૂર્ય છે. ચોરો હરણ ન કરી શકે તેવું ધન છે. અને સોનાવગરનું આભૂષણ છે. (૧) જ્ઞાનથી કરવા લાયક અને નહિ કરવા લાયકને જાણે છે. જ્ઞાનથી નિર્મલ આચારને આચરે છે. જ્ઞાનથી ભવ્ય પ્રાણીઓ

મોક્ષને પામે છે. ખરેખર જ્ઞાન એ સઘળી લક્ષ્મીનું તુલના ન કરી શકાય એવું મૂલ છે. (૨) યૌવનને પામેલી પુત્રીને જોઈને પિતા હૃદયમાં વિચારવા લાગ્યો કે દરેક નગરમાં આ પુત્રીના શ્રેષ્ઠવરની તપાસ કરવી. તેવા પ્રકારના શ્રેષ્ઠવરની પ્રાપ્તિ નહિ થવાથી તે વખતે વજ્રકરશેઠ પુત્રીને જોઈને હૃદયમાં અત્યંત દુઃખ પામે છે. કહ્યું છે કે :-

जम्मंतीए सोगो, वड्ढंतीए वड्ढए चिंता।
परिणीयाइ दंडो, जुवइपिया दुक्खिओनिच्चं ।।१ ।।

પુત્રીનો જન્મ થયે શોક, મોટી થાય ત્યારે ચિંતા વધે છે. પરણાવે છતે દંડ આપવો પડે છે. યુવતીનો પિતા હંમેશાં દુઃખી હોય છે. (૧) વજ્રકરશેઠ મધુમતી નગરીમાં જિનદત્તના ઘરમાં જઈને પુત્રીનાં વિવાહ માટે ગયેલો બોલ્યો. મારે પુત્રી છે. તમારો પુત્ર ભાવડ શ્રેષ્ઠ છે. આથી આપણે તે બન્નેનો વિવાહ કરીએ, જેટલામાં તે બન્નેવડે વિવાહ મેળવાય છે તેટલામાં તે ભાવડે ત્યાં આવીને કહ્યું કે જે સ્ત્રી મને વિવાદવડે જીતે તે દેદીપ્યમાન રૂપવાલી દેદીપ્યમાન કુલમાં ઉત્પન્ન થયેલી તેને હું પરણીશ. અન્યથા નહિ. આ પ્રમાણે મેં પ્રતિજ્ઞા કરી છે, તેથી કાળા મુખવાલો વજ્રકર તેમના ઘરેથી ઊભો થઈને પોતાના ઘરે ગયો, અને તે વાત લલિતા (પુત્રીએ) સાંભળી, તે પછી સરસ્વતી દેવીની સુંદર વિધિપૂર્વક આરાધના કરીને તે કન્યાએ સરસ્વતીદેવી પાસેથી આ પ્રમાણે વરદાન મેળવ્યું. હે પુત્રી ! તું હમણાં ત્યાં જા. તું જે જે વચન પ્રગટપણે બોલીશ તે સર્વવચન ભાવડને જીતનારું થશે.

કહ્યું છે કે:-

अमोघा वासरे विद्यु - दमोघं निशि गर्जितम्।
नारीबालवचोऽमोघ ममोघं देवदर्शनम्।

દિવસે વીજળી નિષ્ફલ ન થાય. રાત્રિમાં ગર્જના નિષ્ફલ ન થાય. સ્ત્રીઓ અને બાળકનું વચન નિષ્ફળ ન થાય અને દેવોનું દર્શન નિષ્ફલ ન થાય, આ પ્રમાણે વિચારીને સરસ્વતીદેવીને નમીને તે કન્યા સુલલિતા ક્ષણ પછી સખીસહિત મધુમતી નગરીમાં વાદ કરવા માટે ગઈ. જિનદત્ત શેઠના ઘરની પાસે તે કન્યા ઘાસનો પૂળો અને પાણીનો ઘડો મૂકીને આ પ્રમાણે મોટેથી બોલી કે જે (કોઈ) સ્ત્રી અને મનુષ્યની સાક્ષીએ અહીં મને વાદવડે જીતશે તેને હું વરીશ. નહિતર અહીં નિશ્ચે મને આ ભવમાં અગ્નિનું શરણ હો. જે મનુષ્ય મને વચનયુક્તિવડે વાદમાં ન જીતે તે ઘાસનો પૂળો ખાય ને પાણી પીએ. તે કન્યાને બોલતી જોઈને ભાવડે આ પ્રમાણે કહ્યું હે મૂર્ખી! તારાવડે લાજ મૂકીને આ પ્રમાણે પ્રગટપણે કેમ બોલાય છે ? હે શ્રેષ્ઠીપુત્રી ! જો સ્ત્રીવડે સતીત્વનું પ્રતિપાદન કરનારી લજજા મુકાય છે. માટે તું વાદને છોડીને પિતાના ઘરે જા. કહ્યું છે કે :-

आवर्त्तः संशयानामविनयभवनं पत्तनं साहसानां,
दोषाणां सन्निधानं कपटशतगृहं क्षेत्रमप्रत्ययानाम्।
आग्राह्यं यन्महद्भिर्नरवरवृषभैः सर्वमायाकरण्डं,
स्त्रीयन्त्रं केन लोके विषममृतमयं धर्म्मनाशायसृष्टम् ।।१।।

સંશયોનું આવર્ત–અવિનયનું ઘર– સાહસોનું શહેર (નગર) દોષોની નજીકનું સ્થાન–સેંકડો કપટનું ઘર–અવિશ્વાસનું ક્ષેત્ર (ખેતર) મોટા શ્રેષ્ઠ પુરુષરૂપી વૃષભવડે ગ્રહણ ન કરી શકાય એવું સર્વમાયાના કરંડિયારૂપ અમૃતમયવિષ એવું સ્ત્રીરૂપી યંત્ર ધર્મના નાશમાટે કોનાવડે સર્જન કરાયું છે ?

अलीकं वचनं माया - लोभं दम्भं कदाग्रहम्।
कुर्वाणा योषितोवञ्चयन्ति स्वीयजनानपि ।।२।।

સ્ત્રીઓ અસત્યવચન–માયા–લોભ–દંભ અને કદાગ્રહને કરતી પોતાના માણસોને પણ ઠગે છે (૨) સ્ત્રીઓ અસત્યવચન અને માયાવાળી હંમેશાં અતિનિર્દય – અપવિત્ર–જડ અને ઘણા લોભવાળી તેઓ દોષના ઘરરૂપ છે. તેથી સત્પુરુષોવડે તે સ્ત્રીઓનો સંગ કેમ કરાય ? સ્ત્રીઓવડે ક્યા લોકો અનર્થમાં પડાયા નથી ? અહીં કપટ અને માયા આદિના વિષયમાં મયૂરિકાની કથા છે.

અસત્ય–સાહસ–માયા–મૂર્ખપણું–અતિલોભીપણું–સ્નેહનો અભાવ અને નિર્દયપણું એ સ્ત્રીઓના સ્વભાવજન્ય દોષો છે. આ વચન સાંભળીને તેણીએ કહ્યું કે આ લોક શ્રુતિ સાચી હતી. પર્વતઉપર બળતું સઘળાં જુએ છે. પગની નીચે બળતું કોઈ જોતું નથી. રાઈ અને સરસવ જેવાં પારકાનાં છિદ્રોને તું જુએ છે (પણ) પોતાના બીલા (ફલ) જેવડા દોષોને જોવા છતાં પણ જોતો નથી. શાસ્ત્રોવડે દોષ આદિથી દૂષિત એવી સ્ત્રીઓ જ કહેવાય છે પરંતુ પુરુષો પણ દોષો વડે સ્ત્રી કરતાં અધિક હોય છે, પુરાણની અંદર રાજાયુધિષ્ઠિર–સત્યવાદી ધર્મપુત્ર–દયાશાલી ને પુરુષ ચૂડામણિ કહેવાય છે, તેણે જ યુદ્ધમાં વૃદ્ધ બ્રાહ્મણોમાં ઉત્તમ એવા ગુરુ દ્રોણને વાણીના પ્રપંચવડે હણ્યા. આ સર્વ લોક જાણે છે. અર્જુનના બાણવડે અશ્વત્થામા હણાયો એમ યુદ્ધિષ્ઠિર બોલ્યો. ક્ષણવાર પછી યુધિષ્ઠિર બોલ્યો કે પુરુષ નહિ હાથી. સ્ત્રીઓ માયાવી હોય છે . ને પુરુષો સરળ આશયવાલા હોય છે, એ પ્રમાણેની ઉક્તિ (વચન) વણિક એવા પુરુષોને વિષે સમગ્રરીતે દૂર કરાય છે.

श्रुत्वा दुर्वाक्यमुच्चैर्हसति मुषति च स्वीयमप्यन्यलोकं,
द्वयदर्धं गृह्णाति पण्यं बहु किमिति वदन्नर्द्धमेव प्रदत्तम्
स्वीयान्यायेऽपि पूर्वं व्रजति नृपगृहं लेखके कूटकारी,
मध्ये सिंहप्रतापी प्रकटमृगठगः स्याद्वणिक् धूर्तराजः ।।

ખરાબ વાક્ય સાંભળીને મોટેથી હસે છે. પોતાના લોકને અને બીજા લોકને ઠગે છે. થોડું ધન છે. બહુ કેમ? એમ બોલતાં અર્ધુ જ આપ્યું છે પોતાના અન્યાયમાં પણ પહેલાં રાજમંદિરમાં જાય છે. લેખામાં ખોટું કરે છે. મધ્યમાં સિંહ સરખા પ્રતાપવાળો પ્રગટ એવા પણ મૃગઠગ ધૂર્તરાજ વણિક હોય છે. ચંડપ્રદ્યોતે લાકડાનો હાથી કરવાથી વનની અંદર ઉદયનને બાંધ્યો હતો. જે ચારે બાજુ શું પ્રસિદ્ધ નથી ? ને બનાવટી પ્રદ્યોતનની રચનાથી રાજમાર્ગમાં અભયકુમાર મંત્રીએ ચંડપ્રદ્યોતનું હરણ કર્યું તે ખરેખર માયાની ચેષ્ટા છે. નિર્દયપણામાં–કંસરાજાએ વસુદેવના સાત બાળકને વસુદેવ રાજા સાથે કપટમાંડીને યમઘર મોકલ્યા. જગતમાં પ્રસિદ્ધ દયામાં તત્પર તપસ્વી વિશ્વામિત્રે વસિષ્ઠને હણ્યા, તેમજ

ક્રોધથી સો પુત્રને હણ્યા. અપવિત્રપણામાં સ્ત્રીઓ કછોટા વિના જિનમંદિર આદિમાં પ્રગટ પણે જાય. સારી રીતે સ્નાન કરેલા એવા પણ પુરુષો જતા નથી. અહીં શું કારણ ? મૂર્ખપણામાં વેદ સંબંધી વેદની પરંપરામાં ક્યા ક્યા મંત્રીઓ સ્થાપન કરાયેલા ફરીથી અધિકારીપણાને લેતાં લોકોવડે ચારે બાજુ દેખાય છે. ?

લોભમાં પોતાના ભાઇ શ્રી ઋષભદેવના પુત્ર બાહુબલીને હણવા માટે હે ભાવડ! ભરતે લોભથી શું ચક્ર ન મૂક્યું? વચનવડે માનેલા ભાઇને અને ચિંતવેલા મનુષ્યને પ્રાયઃ કરીને સ્ત્રીઓ હણતી નથી, પરંતુ પુરુષો હણે છે. જેથી ક્હ્યું છે કે :

सहोदरः सहाध्यायी, मित्रं वा रोगपालकः ।
मार्गे वाक्यसहायस्तु - भ्राता पञ्चविधस्मृतः ।।१ ।।

સહોદર, સાથે અભ્યાસ કરનાર, મિત્ર, રોગમાં પાલન કરનાર ને માર્ગમાં વચનથી સહાય કરનાર એ પાંચ પ્રકારે ભાઇ કહેવાય છે. (૧) લોભથી ધાતકીખંડને સાધવા માટે સમુદ્રમાં જતો ચક્રવર્તી રાજાપણ સૈન્યસહિત શું ન ડૂબી ગયો ? વૈતાઢ્યથી આગળ દેશોને સાધવા માટે જતો કોણિક રાજા લોભથી વૈતાઢ્યપર્વતની ગુફા પાસે મૃત્યુ પામ્યો. દ્વેષમાં ગોશાલા વગેરે લોકો જિનેશ્વર વગેરેને હણતાં લાખો દોષોથી યુક્ત નિશ્ચે સેંકડો મનુષ્યો જોવાય છે. રાગથી–રાવણે સીતા સતીનું શું અપહરણ ન કર્યું ? રોષથી કૃષ્ણ દ્વૈપાયન બ્રાહ્મણે દ્વારિકા નગરીને શું ન બાળી ? મોટે ભાગે પુરુષો જ વ્યસનો સેવે છે. સ્ત્રીઓ નહિ. મોટે ભાગે પુરુષો જ ચોરી કરે છે. નિર્મલ મનવાલી સ્ત્રીઓ નહિ. પુણ્ય શ્લોક નલરાજા જુગારથી રાજ્ય હારી ગયા. સૂતેલી પત્નીને વનમાં ત્યજી દઈને શું દૂર ન ચાલી ગયા ? ભાવડે ક્હ્યું કે સ્ત્રીવડે પ્રદેશી રાજા ઝેર આપીને હણાયો એ લોકમાં શું સંભળાતું નથી ? સુલલિતાએ ક્હ્યું કે દુર્યોધન રાજાએ ઝેર અને અગ્નિ વગેરે આપવાથી પાંડુપુત્રોને હણવા માટે શું ઇચ્છા કરી ન હતી ? કૌરવોએ (દુર્યોધને) શીલથી શોભતી પાંડવોની પત્ની દ્રૌપદીના વસ્ત્રનું અપહરણ કરી શું હેરાન કરી ન હતી ? સ્ત્રીઓની કુક્ષિમાં જિનેશ્વર વગેરે ઉત્તમ પુરુષો ઉત્પન્ન થયા છે. ભરત દેશની સ્ત્રીઓ ચતુર જણાય છે. પુરુષો કેમ ચતુર જણાતા નથી ?

પહેલાં પાઠશાળામાં શાસ્ત્રોને ભણતાં એવા તારાવડે પવિત્ર પૂજા વગેરે દાનથી આદરપૂર્વક બ્રાહ્મી (સરસ્વતી) આરાધના કરાઇ હતી. પુરુષો મદિરાપાન કરનાર, જુગારી ચોર ને બંધન કરનારા દેખાય છે. પરંતુ સ્ત્રીઓ કોઇપણ તેવા પ્રકારની દેખાતી નથી, તેથી સ્ત્રીઓ શ્રેષ્ઠ છે. સ્ત્રીઓ હીન છે, પુરુષો મોટા છે, એ પ્રમાણે દુષ્ટ બુદ્ધિવાલા બોલે છે, તેજ ક્ષણે મરુદેવીમાતા તેનાવડે તિરસ્કાર કરાય છે. સ્ત્રી પતિને દેવની જેમ સેવે છે. પતિ મરણ પામે છતે પત્ની મરણ પામે છે. પત્ની મરણ પામે છતે પતિ કોઇ ઠેકાણે મરતો નથી, પતિ મરણ પામે છતે પત્ની બધા શણગારને નિશ્ચે તજે છે. પુરુષ કોઇ ઠેકાણે શણગાર છોડતો દેખાતો નથી. પત્ની મરી ગયે છતે નવી સ્ત્રીને માટે પુરુષ શ્રેષ્ઠ વસ્ત્રને આભરણના સમૂહને ધારણ કરે છે. પતિ મરી ગયે છતે સ્ત્રી બીજા ધણીને અંગીકાર કરતી નથી, પરંતુ પત્ની મરી ગયે છતે પુરુષ બીજી સ્ત્રીને પરણે છે. બીજી પ્રિયાને પરણનારો પુરુષ શ્રેષ્ઠ ગણાય છે. ને બીજા પુરુષને અંગીકાર કરનારી સ્ત્રી નિંદાય છે. ધારણ કરાયેલી સ્ત્રીને જે ધારણ કરે છે તે પુરુષો શ્રેષ્ઠ થાય છે, અને પોતાના લોકને વિષે હંમેશાં વિશે વિશાને પ્રસિદ્ધ કરે છે, અને ધારણ કરેલી પત્નીથી ઉત્પન્ન થયેલા સર્વ વિશોપક પ્રગટપણે દશ ખરેખર કૌતુક સંભળાય છે, કારણ કે મનુષ્યો કપટમાં તત્પર હોય છે. આ પ્રમાણે પુરુષોનું ચરિત્ર અત્યંત ચમત્કાર કરનારું છે. બીજાવડે કરાયેલો અન્યાય

બીજાના મસ્તક ઉપર પડે છે. ખરેખર પત્નીવડે જ પુરુષો ઘણું કરીને પ્રસિદ્ધ ને સુખી થાય છે. શ્રેષ્ઠ સ્ત્રીવડે ઘર નિરંતર નિશ્ચે શોભે છે, કારણ કે બ્રાહ્મીવડે બ્રહ્મા પ્રસિદ્ધ થયો. પાર્વતીવડે શંકર (હિમાલય) પ્રસિદ્ધ થયો. લક્ષ્મીવડે સમુદ્ર પ્રસિદ્ધ થયો ને રમાવડે કૃષ્ણ પ્રસિદ્ધ થયો. પોતાના ઘરમાંથી બીજાના ઘરમાં જતી સ્ત્રી અસતી થાય છે, અને સેંકડો ઘરોમાં ફરવા છતાં પણ પુરુષ સજ્જન કહેવાય છે. ઘરની ચિંતાનો ભાર દૂર કરવો., બુદ્ધિ આપવી, બધા માણસોનો, સત્કાર કરવો. આ પ્રમાણે ગૃહસ્થની સ્ત્રી ઘરની કલ્પવેલીની પેઠે શું શું ફલ આપતી નથી ? વિદ્વાને કોઇ ઠેકાણે વિદ્યાનો અહંકાર ન કરવો જોઇએ, કારણ કે અહંકારથી આ લોક અથવા પરલોકમાં દુઃખને પામે છે કહ્યું છે કે :–

ज्ञानं मददर्पहरं, माद्यति यस्तेन तस्य को वैद्यः ? ।
अमृतं यस्य विषायति, तस्य चिकित्सा कथं क्रियते ? ।।१।।
विषभारसहस्रेण - वासुकिः नैव गर्जति।
वृश्चिकस्तृणमात्रेणाप्यूर्ध्वं वहति कण्टकम् ।।२ ।।
बलिभ्यो बलिनः सन्ति, वादिभ्यः सन्ति वादिनः ।
धनिभ्यो धनिनः सन्ति, तस्माद्दर्पं त्यजेद् बुधः ।।३।।

જ્ઞાન એ મદના દર્પને (અહંકારને) હરણ કરનારું છે, તે જ્ઞાનવડે જે મદ કરે તેનો વૈદ્ય કોણ થાય ? જેને અમૃત ઝેરરૂપે પરિણમે તેની ચિકિત્સા કેમ કરાય ? (૧) વાસુકિનાગ એક હજાર ભાર ઝેરવડે ગર્જના કરતો નથી, અને વીંછી તણખલા માત્ર ઝેરવડે કાંટાને ઊંચા લઇ જાય છે. (પોતાના ડંખને ઊંચા કરે છે) (૨) બલવાન કરતાં પણ બલવાન હોય છે. વાદીઓ કરતાં પણ વાદીઓ હોય છે, અને ધનવાન કરતાં પણ ધનવાન હોય છે. (૩) તેથી ડાહ્યા માણસે અભિમાન છોડી દેવું જોઇએ, આથી તારે ગુણવાનના દ્વેષને છોડીને પોતાના કદાગ્રહને છોડીને ચિત્તથી સારી રીતે વિચાર કરીને ગુણીના રાગપાગાનો આશ્રય કરવો. સજ્જન પુરુષો પોતાના અસંખ્ય માણસોવડે પણ ખુશ થતો નથી. પરપક્ષમાં રહેલા ઓછા જીવોવડે પણ ખુશ થતો નથી સત્પુરુષો ગુણોવડે ખુશ થાય છે, તેઓનું ચેષ્ટિત આશ્રય કરનારું હોય છે.

यथा यथा परां कोटिं, गुणः समधिरोहति।
सन्तः कोदण्डधर्म्माणो, विनमन्ति तथा तथा ।।

જેમ જેમ ગુણ (ગુણ–દોરી) શ્રેષ્ઠ કોટિ ઉપર ચઢે છે, તેમ તેમ ધનુષ્ય સરખા ધર્મવાલા પુરુષો નમે છે, તેના વચનની યુક્તિવડે પોતાને જિતાઇ ગયેલા માનતા તેણે તરત જ તે સુલલિતા સ્ત્રીને વિષે અનુરાગ ધારણ કર્યો. બન્નેની પ્રીતિ થયે છતે તે બન્નેનાં માતપિતાને તેજ વખતે જેમ ચંદ્રને જોવાથી સમુદ્રને હર્ષ થાય તેમ ચારે બાજુથી અદ્વિતીય હર્ષ થયો, તે પછી ભાવડ સારાલગ્નમાં સર્વ સજ્જનોની સાક્ષીએ અદ્વિતીય મહોત્સવપૂર્વક તે કન્યાને પરણ્યો.

આબાજુ ધર્મધ્યાનમાં પરાયણ શ્રી વિક્રમાદિત્યરાજા દેવલોકમાં ગયે છતે વિક્રમચરિત્ર નામે રાજા થયો, તે રાજાએ નિરંતર ન્યાય માર્ગવડે પૃથ્વીનું પાલન કરતા જિનદત્તશેઠ પાસે શ્વેત હાથીની માંગણી કરી, શ્વેત હાથીના અભાવથી

જિનદત્તે રાજાને બધાં ગામો આપીને પૈસાદાર એવો તે ફરીથી વિહાર કરનારો થયો. (બીજા ગામમાં રહેવા ગયો) પોતાના પુત્ર ભાવડને વિષે ઘરનોભાર આરોપણ કરીને સંસારની અસારતા જાણીને જિનદત્તે વ્રત ગ્રહણ કર્યું.

संज्झरागजलबुब्बुओपमे - जीविए जलबिन्दुचंचले।
जुव्वणे नईवेगसंनिभे - पावजीव किमियं न बुज्झसे ? ।।१।।

સંધ્યાનો રંગ ને પાણીના પરપોટા સરખું જીવિત હોય છે. પાણીના બિંદુ સરખું ચંચલ યૌવન હોતે છતે અને નદીના વેગ સરખું યૌવન હોતે છતે હે પાપી જીવ ! તું કેમ બોધ પામતો નથી ? (૧) જિનદત્ત (મુનિ) ગુરુવચનોને અને હંમેશાં વૈયાવચ્ચ કરતો તપમાં તત્પર અનુક્રમે દેવલોકનું સુખ પામ્યો, ભાવડ વેપારને કરતો ધન ઉપાર્જન કરે છે. સુલલિતાએ દુષ્ટદોહદને સૂચવનારા ગર્ભને ધારણ કર્યો. દુષ્ટ સ્વપ્નોવડે અને દુષ્ટ નિમિત્તોવડે પોતાના પુત્રને દુષ્ટ જાણીને ભાવડ વણિક જન્મ પામેલા માત્ર એવા પુત્રને છોડી દેવાની ઇચ્છાવાળો થયો. પુત્રના જન્મને વિષે મૃત્યુનો યોગ જાણીને તે વણિક માલણ નદીના કિનારે પુત્રને લઈને આવ્યો. અનામક વૃક્ષના સ્કંધને વિષે દાસીની પાસેથી પુત્રને મૂકીને તેનું ચરિત્ર જાણવા માટે તે વખતે તે ગુપ્તપણે ઊભો રહ્યો. તે બાલક એક ક્ષણ રુદન કરીને હસીને બોલ્યો કે મારું લેણું એક લાખ સોનામહોર આપ્યા વિના કેમ મૂકો છો ? તે નહિ આપે છતે ભાવડને મોટો અનર્થ થશે. આ પ્રમાણે જાણીને શેઠ અને દાસી પોતાના ઘરે ગયાં વધામણું કરીને લક્ષ્મીને વાપરતા વણિક ભાવડે છઠ્ઠીના દિવસે ઉત્તમ ભાવથી એક લાખ સોનામહોર વાપરી. તે બાલક પિતાની પાસેથી પોતાનું લેણું લઈને રાત્રિમાં સર્વઆયુષ્ય પૂર્ણ થવાથી ક્ષણવારમાં દેવલોકમાં ગયો.

सीदन्ति सन्तो विलसन्त्यसन्तः, पुत्रा म्रियन्ते जनकश्चिरायुः ।
दाता दरिद्रः कृपणो धनाढ्यः पश्यन्तुलोकाः ! कलिचेष्टितानि ।।

સત્પુરુષો દુઃખ પામે છે. ખરાબ પુરુષો વિલાસ કરે છે, પુત્રો મરે છે. પિતા દીર્ઘ આયુષ્યવાળો હોય છે. દાન આપનારો દરિદ્ર થાય છે. કૃપણ ધનથી યુક્ત (ધનાઢય) થાય છે. હે લોકો કલિયુગની ચેષ્ટાઓ જુઓ! પૂર્વની જેમ ત્રણ લાખ માંગીને પુત્ર રહ્યો. તે વખતે ભાવડે તે પણ ધર્મમાં વાપર્યું. કહ્યું છે કે :-

एकस्य दुःखं न यावदन्तं, गच्छाम्यहं पारमिवार्णस्य ।
तावद् द्वितीय समुपस्थितं मे, छिद्रेष्वनर्था बहुली भवन्ति ।।१ ।।

જ્યાં સુધીમાં હું એક દુઃખરૂપી સમુદ્રના પારને પામતો નથી, તેટલામાં મને બીજું દુઃખ ઉપસ્થિત થયું, છિદ્રોને વિષે ઘણા અનર્થો થાય છે. આ પ્રમાણે બે પુત્રો મૃત્યુ પામ્યા છતાં પણ સ્ત્રી સહિત ભાવડ જરાપણ શોકને ધારણ કરતો નથી. કહ્યું છે કે :-

जे जिण धम्मह बाहिरा - ते जाणो वाचारि।
उगी उगी खयगया, संसारीया संसारी।।१।।

જે જિનધર્મથી બાહ્ય છે તેઓને વાચાલ જાણવા. સંસારમાં સંસારી જીવો ઉત્પન્ન થઈ થઈને ક્ષય પામ્યા છે. (મર્યા છે.) (૧) શરીર અનિત્ય છે. વૈભવ પણ શાશ્વત નથી. હંમેશાં મૃત્યુ પાસે રહેલું છે. માટે ધર્મનો સંગ્રહ કરવો જોઈએ. તે પુત્ર મૃત્યુ પામે છતે છઠ્ઠીના જાગરણમાં લોકો બોલવા લાગ્યા કે આના ઘરમાં અભાગ્યથી પુત્રો રહેતા નથી. ભાવડશેઠના ઘરમાં કોઇ દુષ્ટદેવ છઠ્ઠી જાગરણ સહન કરતો નથી. ઘી વગરનું ઘણું ભોજન, પ્રિયજન સાથે વિયોગ, અપ્રિય સાથે સંયોગ, એ સર્વ પાપની ચેષ્ટા છે. કેટલોક કાળ ગયે છતે સુલલિતાએ સારા સ્વપ્નથી અનુક્રમે ત્રીજા ગર્ભને ધારણ કર્યો. સારા દિવસે સુંદર નિમિત્તવડે સુંદર દોહદ પૂર્ણ થવાવડે ભાવડની પ્રાણપ્રિયાએ સારાં લક્ષણવાલા પુત્રને જન્મ આપ્યો. તે પછી અનામક વૃક્ષની નીચે તે પુત્રને મૂક્યો, તે પુત્ર હસીને બોલ્યો કે મારે ઓગણીશ લાખ સોનામહોર પિતાને આપવાની છે. તેથી હું અહીં આવ્યો છું. આથી માતા પિતા વગેરેએ હંમેશાં હર્ષ કરવો. ભાવડ જ્યારે તેનું છઠ્ઠી જાગરણ કરવા તૈયાર થયો, ત્યારે જિનદત્તની પુત્રવધૂએ આવીને આ પ્રમાણે પ્રગટપણે કહ્યું.

જો આ પુત્રનું છઠ્ઠી જાગરણ કરાશે તો હું હમણાં ઝેર ખાવાથી મૃત્યુને સાધીશ. આ જીવે કે મરે આનું નામ જાવડી થાઓ મિથ્યાત્વ ધર્મને છોડી દેવો અને અહીં મજબૂતપણે જૈન ધર્મ કરાઓ.

मिथ्यात्वं परमोरोगो-मिथ्यात्वं परमं तमः।
मिथ्यात्वं परमः शत्रु-मिथ्यात्वं परमं विषम्।।१।।
जन्मन्येकत्र दुःखाय, रोगो ध्वान्तं विषं रिपुः।
अपि जन्मसहस्रेषु, मिथ्यात्वमचिकित्सितम्।।२।।

મિથ્યાત્વ પરમ રોગ છે. મિથ્યાત્વ એ શ્રેષ્ઠ અંધકાર છે. મિથ્યાત્વ એ પરમ શત્રુ છે. મિથ્યાત્વ એ પરમ વિષ ઝેર છે (૧) રોગ, અંધકાર, ઝેર ને શત્રુ એક જન્મમાં દુઃખને માટે થાય છે. (પણ) ચિકિત્સા નહિ કરાયેલું મિથ્યાત્વ હજારો જન્મમાં દુઃખને માટે થાય છે. ભાવડ છઠ્ઠી જાગરણ મૂકી દઈને અનેક પ્રકારે ધર્મકાર્યો કરાવતો ને કરતો પુત્રને મોટો કરવા લાગ્યો. ભાવડે પુત્રને ભણવા યોગ્ય જાણીને વિનયથી યુક્ત એવા જાવડીને ભણવામાટે પંડિત પાસે મૂક્યો. હંમેશાં ગુરુપાસે શાસ્ત્રોને ભણતો જાવડી સુરાચાર્ય (બૃહસ્પતિ) ની પેઠે નિરંતર પંડિતો સાથે બોલતો હતો. કહ્યું છે કે વિદ્વાનપણું ને રાજાપણું ક્યારે પણ સરખું નથી. રાજા પોતાના દેશમાં પૂજાય છે. વિદ્વાન સર્વ ઠેકાણે પૂજાય છે.

लक्ष्मीः स्वर्णरूपापि पाणिपादेषु योज्यते।
भूषयत्यन्तरात्मानं वर्णरूपापि भारती।।१।।
रूपयौवनसम्पन्ना, विशालकुलसम्भवाः।
विद्याहीना न शोभन्ते निर्गन्धा इव किंशुकाः।।२।।

સોના ને રૂપારૂપલક્ષ્મી હાથ પગમાં જોડાય છે. (દાગીના વડે) પરંતુ અક્ષરરૂપ સરસ્વતી અંતર આત્માને શોભાવે છે. રૂપ અને યૌવનથી યુક્ત વિશાલકુલમાં ઉત્પન્ન થયેલા વિદ્યા વગરના લોકો ગંધ વગરના કેશૂડાની જેમ શોભતા નથી. (૨) યૌવનમાં જાવડી શુભલગ્નને વિષે ધનદશેઠની સીતાનામની શ્રેષ્ઠ પુત્રીને જેમ શંભુ સતી (પાર્વતી) ને પરણે તેમ પરણ્યો. પતિ અને સાસુ સસરાના વિનયને કરતી સીતા મોક્ષસુખને આપનારા જૈન ધર્મને કરે છે.

શીલ એ મનુષ્યોના કુલની ઉન્નતિ કરનારું છે. શીલ એ શ્રેષ્ઠ આભૂષણ છે. શીલ એ પાપરહિત વિનાશ ન પામે તેવું ધન છે. શીલ એ સદ્ગતિને પમાડનારું છે. શીલ એ દુર્ગતિનો નાશ કરનારું છે. શીલ એ અત્યંત વિપુલ પવિત્ર યશ છે. શીલ એ નિશ્ચે મોક્ષનો હેતુ છે. શીલ એ કલ્પવૃક્ષ છે.

જાવડી હંમેશાં ચતુર્દશીના દિવસે શ્રી પુંડરીકગિરિતીર્થમાં જઈને શ્રી યુગાદિદેવની પૂજા કરતો હતો. ત્રણવાર જિનેશ્વર પ્રભુની પૂજા અને હંમેશાં પ્રતિક્રમણ કરતો ગુરુનાં ચરણકમલને વંદન કરતો હતો. જાવડી પાગ પિતાની પેઠે ભાવથી ધર્મ કાર્યોને કરતો ધર્મિષ્ઠ લોકોમાં મુખ્ય રેખાને પામ્યો કહ્યું છે કે :

स्थाने निवासः सकलं कलत्रं-पुत्रः पवित्रः स्वजनानुरागः ।
न्यायात्तवितं स्वहितं च चित्तं, निर्दम्भधर्मस्य सुखानि सप्त ।।१।।

યોગ્યસ્થાનમાં નિવાસ, કલાવાળી સ્ત્રી, પવિત્ર પુત્ર, સ્વજનોનો અનુરાગ ન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય, પોતાનું હિત અને ચિત્ત એ દંભરહિત ધર્મનાં સાત સુખો છે. (૧) એક વખત જાવડી પિતાની સાથે શ્રી સિદ્ધગિરિ ઉપર ગયો. તીર્થનું માહાત્મ્ય સાંભળીને પિતાની આગળ આ પ્રમાણે કહ્યું. મારે મૂર્તિની સ્થાપનાથી મોક્ષનાસુખ માટે આ તીર્થમાં ઓગણીસ લાખ સોનામહોર વાપરવાની છે. તે પછી ભાવડે કહ્યું કે તારાવડે જે પ્રતિજ્ઞા કરાઇ છે. તે લોઢાની અને વજ્રની રેખાની જેમ દૃઢપણે પાળવી જોઇએ. ત્યાં પુત્રસહિત ભાવડ પ્રભુપૂજા કરીને આવીને ઉત્તમ ભાવથી નિરંતર જૈન ધર્મ કરવા લાગ્યો.

એક વખત ભાવડે જ્યોતિષી પાસેથી પોતાનું આયુષ્ય અલ્પ જાણીને આરાધના કરવા માટે ગુરુઓને બોલાવ્યા. સારીરીતે આરાધના કરતા સર્વજીવોની શ્રેણીને ખમાવીને ભાવડે જિનમંદિરોમાં સર્વજ્ઞોની પૂજા કરાવી. કહ્યું છે કે :-

जननं यदि जातमङ्गिनां, मरणं तन्नियतं भविष्यति ।
इति निश्चयतः प्रमोदभाग्, तदिदं पण्डितमरणमाश्रय ।।

જો પ્રાણીઓનો જન્મ થયો તો મરણ નિશ્ચે થશે. આ પ્રમાણે નિશ્ચય કરતાં હર્ષને ભજનારો તું પંડિતમરણનો આશ્રય કર. "વીરમ નામના મિત્રને બોલાવીને યથાયોગ્યપણે ખમાવીને ભાવડે કહ્યું કે મારાવડે આ પુત્ર તારા ખોળામાં મુકાયો છે. સારું એ પ્રમાણે વીરમે કહયે છતે તે વખતે અનશન સ્વીકારીને ભાવડ શ્રી જિનેશ્વરના ચરણમાં

એકાગ્ર મનવાલો થયો. સુલલિતાએ પતિને કહ્યું કે હું હમણાં તમારી સાથે આવીશ. ભાવડે કહ્યું કે આપણા કુલમાં કાષ્ઠ ભક્ષણ નથી. કાષ્ઠભક્ષણ કરવાથી સ્ત્રીઓ અને પુરુષો નિરંતર ઘણાં દુઃખની પરંપરાને આપનાર દુર્ગતિને પામે છે. કહ્યું છે કે :

रज्जुग्गह विसभक्खण, जलजलण प्रवेसतण्ह छुहदुहओ।
गिरिसिर पडणाउ मुआ-सुहभावा हुंति वतंरिया ।।१।।

ગળા ફાંસો ખાવો-ઝેર ખાવું, પાણી અને અગ્નિમાં પ્રવેશ કરવો. તરસને ભૂખના દુઃખથી તેમજ પર્વતના શિખર ઉપરથી પડવાથી મરેલા શુભભાવવાળા વ્યતંર થાય છે. ભાવડ અનુક્રમે ૨૭ દિવસ સુધી અનશન પાળીને સ્વર્ગમાં ગયો. જેટલામાં તેની પત્ની પોતે પતિનું મરણ અકસ્માત્ સાંભળે છતે હુંકારના સમૂહને ઉત્પન્ન કરતી ભાવડની પ્રિયા ઉત્તમ ધ્યાનના મનવાલી સમભાવને કરતી (રહી,) (મરણ પામી) માતા-પિતાનાં પરલોકનાં કાર્યો ધર્મ શિરોમણિ એવા જાવડીએ અનેક સ્થાનમાં કર્યા.

જાવડી સંસારની અસારતાને વિચારતો શોક છોડી દઈને ધર્મકાર્યમાં તત્પર દેવગુરુની સેવા કરનારો થયો. કેટલાક વર્ષ ગયે છતે જાવડીએ કહ્યું કે હે વીરમ ! આજે મારા ઘરમાં થોડી જ લક્ષ્મી દેખાય છે. પિતાની પાસે મેં કહ્યું હતું કે શ્રી સિદ્ધગિરિ ઉપર પુણ્યને માટે ઓગણીસ લાખ સોનામહોર વાપરવી. ઘરની લક્ષ્મી જોઈને જાવડીએ સમુદ્રમાર્ગે જવા માટે અઢાર વહાણ તૈયાર કર્યા, કહ્યું છે કે :-

तावन्माता पिता तावत्, तावत् सर्वेऽपिबान्धवाः।
तावद्भार्या सदाहृष्टा, यावल्लक्ष्मीर्गृहे स्थिरा ।।१।।

જ્યાં સુધી ઘરમાં લક્ષ્મી સ્થિર હોય ત્યાં સુધી માતા, ત્યાં સુધી પિતા, ત્યાં સુધી સર્વે બાંધવો હોય છે, અને ત્યાં સુધી જ હંમેશાં સ્ત્રી હર્ષ પામેલી હોય છે, (૧) જુદા જુદા પ્રકારનાં કરિયાણાંવડે વહાણો ભરીને આવક જાવક કરીને વીરમ સમુદ્રમાર્ગે ચાલ્યો. જાવડી વિહાર કરતાં ધર્મધ્યાનમાં પરાયણ એવો ગુરુની સેવા કરતો હતો, અને દેવપૂજાને કરતો હતો. શરુઆતમાં સિંહલદ્વીપમાં જઈને વ્યવસાય કરતાં વીરમને ચાર પાંચગણો લાભ થયો, તે પછી ઉતાવળ થી સુવર્ણકૂલ તરફ વહાણો જાય છે. તેટલામાં તે વહાણો વાયુવડે તેવી રીતે દૂર લઈ જવાયાં કે જેથી કોઇ માર્ગ જણાતો નથી. ક્રુદ્ધ મનવાલા ગોમુખે તે વખતે જાવડીનાં વહાણો પવનવડે રૂના પુંજની જેમ દૂર નાંખ્યાં. સમુદ્રમાં જતાં વહાણો ઉજજડ કિનારે આવ્યાં, (ગયાં) અનુક્રમે વહાણની અંદર સર્વ ભાતું ખૂટી ગયું.

તે પછી ધાન્યના અભાવથી અત્યંત દુઃખી થયેલા લોકો નિરતંર પાંદડાં વગેરે ખાંડીને પોતપોતાના પેટને ભરતા હતા. કહ્યું છે કે :-

तावन्मनोनिवासान्त र्निवसन्ति गुणसम्पदः ।
बुभुक्षा राक्षसी सेयं यावद् धावति न क्रुधा ।।१।।
पञ्च नश्यन्ति पद्माक्षि। क्षुधार्त्तस्य न संशयः ।
तेजो लज्जा मतिर्ज्ञान; मदनश्चापि पञ्चमः ।।२।।

ત્યાં સુધી જ મનરૂપી ઘરની અંદર ગુણની સંપત્તિઓ નિવાસ કરે છે. (કે) જ્યાં સુધી ભૂખરૂપી રાક્ષસી ક્રોધવડે દોડતી નથી. (૧) હે કમલ સમાન નેત્રવાલી ! (સ્ત્રી) ભૂખ્યા થયેલાનું તેજ, લજજા, બુદ્ધિ જ્ઞાન ને કામ આ પાંચ નાશ પામે છે તેમાં સંશય નથી (૨)

जीवंति खग्गछिन्ना, पव्वयपडिआवि केवि जीवंति
जीवंति उदहि पडिया वड्डु छिन्ना न जीवंति ।।१।।
जीवंति अवहपडिया भयरय पडिया पुणोवि जीवंति।
भूख भमाडी तओ भणिओ सव्वो वाई माइ
मारिया कुटया बाहिरओ माणुस आणइ ठाइ ।।२।।

ફ્ર તલવારથી છેદાયેલો જીવે છે. પર્વત ઉપરથી પડેલા પણ કેટલાક જીવે છે. સમુદ્રમાં પણ પડેલા કેટલાક જીવે છે. પરંતુ ભોજનથી છેદાયેલાં જીવતાં નથી. (૧) કેટલાક કૂવામાં પડેલા જીવે છે. વળી સમુદ્રમાં પડેલા પણ જીવે છે. ભૂખથી ભ્રમણ પામેલા તે પછી સર્વે કહે છે કે હે બાઇ ! માઇ ! અમો મરાયા કુટાયા, બહારથી માણસને સ્થાને લાવે છે. તે વનમાં વૃક્ષોનાં ઝાડ ઉપર ઊગેલાં પાંદડાં ખાતા ને દુઃખિત ચિત્તવાલા એવા લોકોએ ઘણો સમય પસાર કર્યો.

મગ-નિષ્પાવ-નીરખંડિકા-મસુર-રાલ-ગહું- કલથી તુવેર-શ્યામ-રાયણ-પવનાલ-જુવાર ભદ્રટીશણ-સરસવ -તલ પેજગવેધુકા-વગેરે વનમાં ઉત્પન્ન થયેલાં ધાન્યો તેમજ કંગુ કલમ બાજરી આદિ ખાઈને વહાણના મનુષ્યો સુખપૂર્વક રહેતા હતા, તે લોકો ધાન્ય સૂકવીને હર્ષપૂર્વક વહાણો ભરીને ધર્મમાં પરાયણ એવા નિર્વાહ કરતા હતા. ત્યાંથી વનમાં વહાણોને ચલાવતો વીરમ હંમેશાં રત્નદ્વીપમાં જવા માટે ઇચ્છે છે. તે વખતે ગોમુખયક્ષ પવનથી વહાણોને ઉપાડીને સંચળના પર્વતથી શોભતાં સૈન્ધવ દ્વીપમાં લઇ ગયો., જ્યાં સુધી એક દુઃખરૂપી સમુદ્રના પારને હું પામતો નથી તેટલામાં બીજું દુઃખ મને ઉત્પન્ન થયું. છિદ્રોને વિષે ઘણા અનર્થો થાય છે. મોટેથી સિંધવવડે વહાણો ભરીને વીરમ અનુક્રમે બારમે વર્ષે સુવર્ણદ્વીપ પાસે ગયો તે વખતે વીરમના પગમાં (વાગેલો) કાંટો ખેંચતે છતે જ્યારે લોહી વહેતું જરાપણ અટકતું નથી ત્યારે તે માલીમે (ખલાસીએ) કહ્યું કે હે વીરમ તું અહીં કિનારે જલદી જા અને રાખ લઈને જલદી ઘા ઉપર મૂક જેથી લોહી અટકી જાય. વીરમે ત્યાં જઈને પગને વિષે ધૂળ બાંધી ને રહ્યો, તેટલામાં રાખની અંદર સોનાના ટુકડા જોયા, આ ધૂળવડે સોનું થાય છે. તે વખતે તેમ જાણીને વીરમ ચિત્તમાં હર્ષિત થયો ને કોઈની આગળ તે કહ્યું

નહિ. વીરમ વણિકે તે સોનાને રજવડે ઢાંકીને માલીમની પાસે આવીને સુંદર સ્વરપૂર્વક આ પ્રમાણે કહ્યું. મારા પગમાંથી વહેતું લોહી આ રજ (ધૂળ) વડે હમણાં બંધ થઈ ગયું છે. તેથી આ રજવડે વહાણોને મજબૂતપણે ભરો, જ્યારે પોતાના નગરમાં જઈએ ત્યારે આ ઘાતંજિકા બંધાય અને દ્રવ્યસુખપૂર્વક રહે. દ્વારપાલો બોલ્યા કે નિરંતર તમારું વચન કરી કરીને અમે ભાંગી ગયા છીએ તમારી પાસેથી મરણ વિના છુટકારો નહિ થાય. વીરમે કહ્યું કે જો સુખપૂર્વક પોતાના નગરમાં જઈએ તો વહાણો તમારાં ને ધૂળ મારી થાય. તે પછી સાક્ષી કરીને સંચળ વગેરેનો ત્યાગ કરીને (છોડીને) વહાણવટીઓ વહાણમાં ધૂળ નાંખવા લાગ્યા ત્યારે વીરમે તેઓની સાથે પૂર્વે ઢાંકેલું સુવર્ણ –ધન ઉપાડતા વહાણની અંદર બધા સુવર્ણને ગુપ્તપણે નાંખ્યું. તે પછી વહાણો ચાલતે છતે વીરમ વણિકે વિચાર્યું કે સમુદ્રમાર્ગે પોતાના નગરમાં કઈ રીતે જવાય? દિશા જણાતી નથી. આથી પવિત્ર એવા શ્રી જિનેશ્વરનાં બે ચરણો અહીં મને શરણ થાઓ.

धर्म्मो महामङ्गलमङ्गमाजां धर्म्मो जनन्युदलिताखिलार्तिः ।
धर्म्मः पिता पूरितचिन्तितार्थो, धर्म्म सुहृद्वर्धितनित्यहर्ष ।।१।।

ધર્મ એ પ્રાણીઓનું મહામંગલ છે. ધર્મ એ માતા છે. ધર્મ એ બધી પીડાઓને દૂર કરનાર છે. ધર્મ એ સમસ્ત ચિંતવેલો પદાર્થ જેણે પૂર્યો છે એવા પિતા છે, અને જેણે હંમેશાં હર્ષ વધાર્યો છે એવો ધર્મમિત્ર છે.

આ બાજુ મધુમતી નગરીમાં વણકર કપર્દિને આડી અને કુહાડી નામની બે સ્ત્રીઓ મદિરાઆપવાથી સેવે છે. વસ્ત્રને બનાવતો કપર્દી નામનો વણકર બન્ને પત્નીના હાથથી દારુને પીતો અલ્પ આયુષ્યવાલો ગુરુવડે જોવાયો ત્યારે ગુરુવડે કહેવાયું કે તું ગંઠસીનું પચ્ચકખાણ કર, તેથી તને ભવિષ્યમાં નિશ્ચે મોટો લાભ થશે.

पोरिसि चउत्थछट्ठे काउकम्मं खवंति जं मुणिणो।
ततो नारय जीवा वाससय सहस्सलक्खेहिं ।।१।।
जे निच्चमपमत्ता गंठिंबंधंति गंठिसहियम्मि।
सग्गापवग्गसुक्खं तेहिं निबद्धं सगंठिंमि ।।२।।
भणिउण नमुक्कारं निच्चं विम्हरणवज्जिया धन्ना।
पारंति गंठिसहिय गंठिं सह कम्मगंठीहिं ।।३।।

જે કારણથી મુનિઓ, પોરિસી, ઉપવાસ ને છઠ્ઠ કરીને જે કર્મો ખપાવે છે તે કર્મો નારકીના જીવો, સો, હજાર, ને લાખ વર્ષવડે ખપાવે છે.

(૧) જેઓ હંમેશાં પ્રમાદરહિત ગ્રંથિસહિત પચ્ચકખાણમાં ગાંઠ બાંધે છે, તેઓએ પોતાની ગાંઠમાં સ્વર્ગ અને મોક્ષનાં સુખ બાંધ્યાં છે (૨) જે ધન્યપુરુષો હંમેશાં ભૂલ્યા વગર, નવકાર ભણીને ગંથિસહિત (ગંઠસી) પચ્ચકખાણને પારે છે. તે કર્મની ગાંઠો સાથે ગાંઠને છોડે છે. (૩) ગુરુવડે પ્રત્યાખ્યાન કહેવાયે છતે ને તે કપર્દિ વણકરે અંગીકાર કરે છતે ગુરુ ગામની અંદર આવ્યા. સમડીના મુખવડે ગ્રહણ કરાયેલા સર્પના મુખમાંથી ઝેર મદિરાની અંદર પડ્યું તેણે

પણ તે મદિરાને મૂઢપણાથી પીધી ને ક્ષણવારમાં મૃત્યુ પામ્યો, તે વણકર ક્ષણવારમાં મરીને પાતાલભવનમાં યક્ષોની અંદર દેદીપ્યમાન શરીરવાલો કપર્દી નામે યક્ષ થયો. પતિને મરી ગયેલો જોઈને બન્ને પત્નીઓએ નગરની અંદર જઈને ગુરુને આળ આપીને રાજા મારફત ગુરુને કેદખાનામાં નંખાવ્યા કહ્યું છે કે :-

पापी रूपविवर्जितः पिशुनवाग् यो नारको नाऽभवत्।
तिर्यग्योनिसमागतश्च कपटी-नित्यं बुभुक्षातुरः ।।
मानीज्ञानविवेकबुद्धिकलितो यो मर्त्य लोकागतो।
यस्तु स्वर्गपरिच्युतःस सुभगः, प्राज्ञः कविः श्रीयुतः ।।१।।

જે મનુષ્ય પાપી, રૂપરહિત ને ચાડિયો હોય તે નારક થાય, તિર્યંચ યોનિમાંથી આવેલો કપટી અને હંમેશાં ભૂખવાલો હોય. અને જે મનુષ્ય લોકમાંથી આવેલો હોય તે માનવાલો જ્ઞાન અને વિવેક બુદ્ધિથી વ્યાપ્ત હોય, જે સ્વર્ગમાંથી આવેલો હોય તે સૌભાગ્યવાળો ચતુર-કવિ અને લક્ષ્મીથી સહિત હોય છે.

પાતાલમાં રહેલા કપર્દીયક્ષ પોતાના ગુરુને કેદખાનામાં રહેલા જાણીને ગામની ઉપર પથ્થર ધારણ કર્યો. બલિદાન વડે પ્રસન્ન થયેલા યક્ષે કહ્યું કે હે રાજા! નિરપરાધી એવા મારાગુરુ હમણાં તારાવડે કેદખાનામાં કેમ નંખાયા છે ? રાજા વડે કહેવાયું છે કે મારાવડે તમારા ક્યા ગુરુ કેદખાનામાં નંખાયા છે ? તે પછી દેવે પોતાના ગુરુનો સર્વ સંબંધ કહ્યો. દેવવડે પોતાના ગુરુનો સંબંધ શરૂઆતથી કહેવાયે છતે રાજાએ ગુરુને કેદખાનામાંથી બહાર કાઢયા, અને તેની સેવા કરવા લાગ્યો. શિલાને ખસેડી લઈને (સંહરી લઈને) ગુરુને નમસ્કાર કરીને યક્ષે ગુરુને કહ્યું કે હે ગુરુ ! તમારા વડે મનોહર એવા સ્વર્ગલોકને વિષે હું લઇ જવાયો કહ્યું છે કે :-

मंसासी मज्जरउ इक्केण, चेव गंठिसहिएणं।
सोहं तु तंतुवाओ, सुसाहुवाओ सुरोजाओ ।।१।।

માંસને ખાનારો, મદિરામાં રક્ત, વણકર, એવો હું ગંઠિસહિત પચ્ચકખાણવડે ઉત્તમ વખાણવા લાયક દેવ થયો, (૧) અવિરતિ એવા મેં પહેલાં ઘણું પાપ કર્યું હતું. હે ગુરુ ! તે પાપથી હું નિષ્પાપ કેવી રીતે થાઉ ? તે કહો. ગુરુએ કહ્યું કે પ્રાણીઓને ખરેખર પાપો લાગે છે, તે પાપ તીર્થની સેવાવડે પુણ્યકૃત્યથી છૂટે છે.

वरमेकदिनं सिद्धि-क्षेत्रे सर्वज्ञसेवनम्।
न पुनस्तीर्थलक्षेषु - भ्रमणं शमभाजनम् ।।१।।

સિદ્ધિક્ષેત્રને વિષે એક દિવસ પણ સર્વજ્ઞની સેવા કરવી શ્રેષ્ઠ છે. પરંતુ લાખો તીર્થમાં ભ્રમણ કરવું (એ) સુખનું ભાજન નથી (૧) શ્રી પુંડરીકગિરિ તરફ એક એક પગલું આપે છતે કરોડો ભવનાં કરેલાં પાપોથી મુક્ત થવાય છે. (૨)

શ્રી શત્રુંજયને સ્પર્શ કરનારા મનુષ્યોને રોગો નથી, સંતાપ નથી, દુઃખ નથી, વિયોગીપાણું નથી.દુર્ગતિ નથી અને શોક નથી (૩) શ્રી શત્રુંજય મહાતીર્થમાં શ્રી ઋષભદેવ જિનેશ્વરનાં બે ચરણોની સેવા કર, અને જેથી સંઘ વિઘ્નરહિત માર્ગે વડે આવે (૪) તે પછી યક્ષ ગુરુને નમીને જ્યારે પૂર્વનાં પાપનો નાશ કરવા માટે શ્રી ઋષભદેવ તીર્થંકરનો આશ્રય કરવા માટે શ્રી સિદ્ધગિરિ ઉપર ગયો તે વખતે શ્રી આદિદેવનાં ચરણ કમલની સેવા કરનારો ગોમુખદેવ ત્યાં તે કપર્દીયક્ષને રહેવા દેતો નથી, તે પછી કપર્દી વિચારવા લાગ્યો કે ગોમુખયક્ષને વેગવડે દૂર કરીને મારે આ શ્રી શત્રુંજય નામના તીર્થની સેવા કરવી, તે પછી જાવડીએ પિતાના ધર્મના વ્યયને ચિંતવેલું જાણીને સમુદ્રમાં વહાણોને લેવા માટે મધુમતી નગરીમાં ગયો. આકાશમાં રહેલા દેવે કહ્યું કે વણિક શ્રેષ્ઠ વીરમ ! તું મારી પાછળ તેવી રીતે આવ. કે જેથી હું તને પોતાના નગરમાં લઈ જાઉ. તે વખતે યક્ષનું વચન સાંભળીને વીરમ ધર્મમાં તત્પર થયો છતાં તે દેવના શબ્દના અનુસારે વહાણો વાળ્યાં.

આ બાજુ જાવડી અત્યંત દુઃખવડે પીડાયેલો દુઃખથી દિવસના અંતે પોતાના પેટને ભરતો હતો. મેલથી વ્યાપ્ત શરીરવાલા જીર્ણ વસ્ત્રવાલા જાવડીને જોઈને સર્વેલોકો હાંસી કરે છે, કહ્યું છે કે :-

यस्याऽस्ति वित्तं स नरः कुलीनः, स पण्डितः स श्रुतवान् गुणज्ञः ।
स एव वक्ता स च माननीयः, सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते ।।१ ।।

જેની પાસે ધન હોય તે મનુષ્ય કુલવાન છે તે પંડિત છે, તે જ્ઞાની છે, તે ગુણને જાણનાર છે, તેજ વક્તા છે, ને તે માન કરવા લાયક છે, સર્વે ગુણો સોનાનો આશ્રય કરે છે.

निर्दयत्वमहङ्कार - स्तृष्णाकर्कशभाषणम् ।
नीचपात्रप्रियत्वं च-पञ्चश्रीसहचारिणः ।।२।।
भक्ते द्वेषो जडे प्रीति-रूचिर्गुरूलङ्घनम् ।
मुखे कटुकता नित्यं, धनिनां, ज्वरिणामिव ।।३।।
केऽपि सहस्रम्भरयो-लक्षम्भरयश्च केऽपि केऽपि नराः ।
नात्मम्भरयः केचन-फलमेतत् सुकृतदुःकृतयोः ।।४।।

નિર્દયપણું-અહંકાર, તૃષ્ણા કર્કશ વચન બોલવું-નીચપાત્રમાં પ્રિયપણું એ પાંચ લક્ષ્મી સાથે ફરનારાં છે (૨) ભક્તને વિષે દ્વેષ, જડ ને વિષે પ્રીતિ, અરુચિ, વડીલનું ઉલ્લંઘન, મુખમાં કડવાશ તે રોગીની જેમ તાવવાળાની જેમ ધનવાનોને હંમેશાં હોય છે. (૩) કેટલાક મનુષ્યો હજારોનું પેટ ભરનારા હોય છે. કેટલાક મનુષ્યો લાખોનું પેટ ભરનારા હોય છે. કેટલાક મનુષ્યો પોતાનું પેટ પણ ભરનારા હોતા નથી. આ પુણ્યપાપનું ફલ છે (૪) મારાવડે પહેલાં પિતાનું મન ઇચ્છિત (ચિંતવાયું) કરાયું, તે લક્ષ્મીના અભાવથી કેવીરીતે પૂર્ણ કરાશે ? તેથી જાવડી વિચારવા લાગ્યો, તે પછી એક વખત રાત્રિમાં જાવડી સૂતો હતો ત્યારે કપર્દી આવીને બોલ્યો હે જાવડી ! તું જા. તારે લક્ષ્મીના અભાવથી મનમાં ખેદ ન કરવો. તારાં વહાણો કુશલતાપૂર્વક આવશે, એમાં સંશય નથી, હે જાવડી તું વેગથી ઊભો થા. પિતાનું મનનું ઇચ્છેલું

તું દ્રઢપણે પૂર્ણ કર. તારાં વહાણો દૂરથી કાલે આવશે તે પછી જલદી ઊભો થઈને કપર્દીનું વચન હૃદયમાં સ્થિર કરીને જાવડી ઘણો આનંદ પામ્યો. પંચનમસ્કારને યાદ કરતો જાવડી સવારે પોતાના ઘરેથી માંડવિકા (જકાતનાકા) પાસે જઈને હર્ષથી યુક્ત બોલ્યો. આજે મારાં વહાણો કુશળતાપૂર્વક આવશે તો આવેલ વસ્તુની અર્ધી જકાત તમને આપીશ. જકાતના અધિકારીઓ હાસ્યથી બોલ્યા આ શ્રેષ્ઠિરાજ જાવડી રાત્રિમાં આકાશમાં સૂઈ ગયો છે, ને ગરીબ થવાથી ગાંડો થયો છે કહ્યું છે કે :-

निर्द्रव्यो ह्रियमेति, ह्रीपरिगतः प्रभ्रश्यते तेजसा,
निस्तेजाः परिभूयते, परिभवान्निर्वेदमागच्छति।
निर्विण्णः शुचमेति, शोकसहितो, बुद्धेः परिभ्रश्यते।
निबुर्द्धिः क्षयमेत्यहो ! निधनता सर्वापदामास्पदम् ।।१।।

દ્રવ્યવગરનો લજ્જા પામે છે. લજ્જાપામેલો તેજથી ભ્રષ્ટ થાય છે. તેજ વગરનો પરાભવ પામે છે. પરાભવથી નિર્વેદ પામે છે. નિર્વેદ પામેલો શોક પામે છે. શોકસહિત હોય તો બુદ્ધિથી ભ્રષ્ટ થાય છે. બુદ્ધિ વગરનો ક્ષય પામે છે આશ્ચર્ય છે કે નિર્ધનપણું સર્વદુઃખનું સ્થાન છે.

તેઓનું હાસ્ય વચન સાંભળીને જાવડીએ કહ્યું કે ભરેલું ખાલી થાય છે. ખાલી થયેલું ફરીથી ભરાયેલું થાય છે. હે જગાતના અધિકારીઓ! રેંટને વિષે ઘડીઓ અનુક્રમે ખાલી અને ભરાયેલી શું તમારાવડે જોવાઇ નથી ? પોતાના હિતને ઇચ્છનારા સત્પુરુષોએ અભિમાન ન કરવું જોઇએ, હું પહેલાં પૂર્વે ઉપાર્જન કરેલાં પાપના ઉદયથી નિર્ધન હતો. લક્ષ્મી હોવા છતાં પણ મોટેભાગે ઘણા મનુષ્યો દુઃખી હોય છે. પોતાના ઇચ્છિતના અભાવની સિદ્ધિ દરેક ગામમાં અને દરેક શહેરમાં દેખાય છે કહ્યું છે કે :-

निर्द्रव्यो धनचिन्तया धनपतिस्तद्रक्षणे चाकुलो,
निः श्रीकस्तदुपायसङ्गतमतिः, श्रीमानपत्येच्छया,
प्राप्तापत्यपरिग्रहोऽपि सततं रोगैरभिद्रूयते,
जीवः कोऽपि कथंचनापि नियतं प्रायः सदा दुःखिनः ।।१।।

ધન વગરનો ધનની ચિંતાવડે ધનનો સ્વામી તેના રક્ષણમાં વ્યાકુલ હોય, લક્ષ્મી વગરનો તે લક્ષ્મી મેળવવાના ઉપાયથી વ્યાપ્ત બુદ્ધિવાળો હોય. પૈસાવાલો પુત્રની ઇચ્છાવડે દુઃખી હોય છે. પ્રાપ્ત થયેલા પુત્ર ને સ્ત્રીવાલો પણ જીવ રોગોવડે નિરંતર પરાભવ પામે છે. પ્રાયઃકેમે કરીને જીવ હંમેશાં દુઃખી હોય છે (૧) તો પણ તમે જલદી જગાત અર્ધી કરો, તે પછી હાસ્યમાં તત્પર જગાતના અધિકારીઓએ આ પ્રમાણે કહ્યું કે હે જાવડી ! તું જા તારું કહેલું અમે દ્રઢપણે માન્યું. જાવડીએ કહ્યું કે હમણાં અહીં સાક્ષી કોણ છે તે કહો. તે પછી હાસ્યમાં તત્પર જગાત લેનારાઓએ પ્રગટપણે કહ્યું કે પ્રગટ ઉદયવાળો સમુદ્ર સાક્ષી થાઓ, તે પછી સમુદ્ર કિનારે જઇને ઉચ્ચસ્થાનમાં ઊભા રહીને તે જાવડી વહાણોને વારેવારે જુએ છે, તે વખતે લોકો જાવડીની હાંસી કરવા લાગ્યા કે હર્ષિત મનવાલો તું પૃથ્વીઉપર આકાશમાં સૂતો છે અથવા ગાંડો થઇ ગયો છે ?

બે વર્ષ ગયાં ત્યારે જેની જરાપણ કોઇ શોધ ખબર સાંભળી નથી તે વહાણો હે જાવડી ! કેમ આવે ? કોઇનું ચિંતવેલું ધર્મ વિના જલદી સફલ થતું નથી, હે વણિક ! પુણ્યવડે ચિન્તમાં વિચારેલું જલદી સફળ થાય છે. આ પ્રમાણે લોક બોલતા હતા ત્યારે સમુદ્રની અંદર અત્યંત દૂર વહાણો પ્રગટ થયાં, ને દ્રષ્ટિની આગળ આવ્યાં, ત્યાં રહેલા જાવડિના વહાણમાંથી ઊતરીને જ્યારે વીરમ મલ્યો. ત્યારે જાવડીએ વીરમનાં બે ચરણોને નમસ્કાર કર્યો. આ ધૂળવડે ભાવસુવર્ણ (સાચું સોનું) થાય એ પ્રમાણે વૃત્તાંત તે વીરમે જાવડીની આગળ કહ્યો. ત્યારે તે જાવડી હર્ષિત થયો. વહાણમાંથી બધી ધૂળ ઉતરાવી ને તે વખતે વહાણમાંથી ગુપ્તપણે સોનાને વીરમ ઘરે લઇ ગયો. સમસ્ત વહાણો વહાણવટીઓને આપીને તે વીરમે અન્ન અને વસ્ત્ર આપી નાવિકોને ખુશ કર્યા, તે વખતે લોકો બોલ્યા કે અભાગ્યથી જાવડીના ઘરમાં ધૂળ આવી અને બીજાના ઘરે બધાં વહાણો આવ્યાં, તે પછી વીરમ સહિત જાવડીએ ધૂળને તપાવી તપાવીને જ્યારે સોનું કર્યું ત્યારે તે જગાતના અધિકારીઓએ કહ્યું, લોભથી તે જગાતના અધિકારીઓએ જાવડી પાસેથી બળાત્કારે પૂર્ણ જગાત લીધી, તે વખતે જાવડી દુઃખી થયો કહ્યું છે કે :-

तृष्णाखानिरगाधेयं, दुःपूराकेन पूर्यते ?
या महद्भिरपि क्षिप्तैः पूरणैरेव खन्यते ।।१।।
मुखं वलिभिराक्रान्तं - पलितैरङ्कितं शिरः ।
गात्राणि शिथिलायन्ते - तृष्णैका तरलायते ।।

આ તૃષ્ણારૂપી ખાઇ ઘણી ઊંડી છે દુઃખે કરીને પૂરી શકાય એવી તે કોનાવડે પૂરી શકાય ? (ભરાય?) જે ખાઇ મોટાં પૂરણો નાંખવા છતાં પણ ખોદાતી જ જાય છે (૧) મોઢું વળી વડે (કરચલીઓ વડે) આક્રાંત થયું હોય. મસ્તક સફેદવાળવડે વ્યાપ્ત થયું હોય અને અવયવો શિથિલ (ઢીલા) થયા હોય તો પણ એક તૃષ્ણા તેને ચપલ કરે છે, તે પછી ચિન્તમાં અત્યંત ખેદ પામેલો સમુદ્રની પાસે જઇને તેવા પ્રકારનાં વચનોવડે આ પ્રમાણે સમુદ્રને ઉપાલંભ આપવા લાગ્યો હે સમુદ્રદેવ એવા તમે બલવાન સાક્ષી હોવા છતાં પણ જગાતના અધિકારીઓવડે પૂર્ણ જકાત લેવાથી હું ઠગાયો, તે પછી સમુદ્રદેવે પ્રગટ થઈને આ પ્રમાણે કહ્યું, તું આ નગરમાંથી બહારના ભાગમાં નિવાસ કર, તે વખતે જાવડીએ નગરની બહાર બીજે ઘર કર્યું ત્યારે તે વખતે લોકો કહેવા લાગ્યા કે શું શેઠ લક્ષ્મીવડે ગાંડા થઇ ગયા છે ? કહ્યું છે કેઃ ધનથી અંધ થયેલા આંધળા જેવા થાય છે. એ પ્રમાણે સત્ય છે. તો પણ તેઓ બીજાના કહેવાથી બીજાના હાથનો ટેકો લેનારા માર્ગે જાય છે. મદિરાના મદથી મત્તથયેલો શું સાંભળે છે ? ને શું જુએ છે ? લક્ષ્મીના મદથી મત્તથયેલો સાંભળતો પણ નથી ને જોતો પણ નથી. મોટા તરંગના બહાનાથી રુષ્ટમનવાલા સમુદ્રદેવે લોકોને અને જગાતના અધિકારીઓને ક્ષણવારમાં પોતાની અંદર ફેંકી દીધા, તે પછી મધુમતિના લોક જાવડીના ઘરની ચારે તરફ નિવાસ કરવા લાગ્યા, અને તે મધુમતી નગર અંદર વસ્યું એ પ્રસિદ્ધિ છે, તે પછી ભાવડનો પુત્ર જાવડીશેઠ પોતાની લક્ષ્મીનો વિલાસ કરતો પિતાનાં ધર્મકાર્યોને ભૂલી ગયો કહ્યું છે કેઃ-

प्रायः स्मरति धर्म्मं तु, दारिद्रये समुपागते।
पुण्यं विस्मरति प्राप्ते, धने पुंसां न संशयः ।।१।।

निर्दयत्वमहङ्कार - स्तृष्णाकर्कशभाषणम्।
नीचपात्रप्रियत्वं च, पञ्चश्री सहचारिणः ।।
लक्ष्मीर्लक्षणहीनस्य, जातिहीनस्य भारती,
कुपात्रे रमते नारी, गिरौ, वर्षन्ति माधवाः ।।

મોટે ભાગે દારિદ્ર આવે છતે ધર્મને યાદ કરે છે. ધન પ્રાપ્ત થયે છતે પુરુષો પુણ્યને ભૂલી જાય છે. એમાં સંશય નથી (૧) નિર્દયપણું–અહંકાર તૃષ્ણા કર્કશ બોલવું, નીચ પાત્રનું પ્રિયપણું આ પાંચ લક્ષ્મીનાં સહચારી છે. લક્ષણ વગરનાને લક્ષ્મી, હીનજાતિવાલાને સરસ્વતી, કુપાત્રમાં સ્ત્રી રમે છે, અને મેઘ પર્વતઉપર વર્ષે છે. આ તરફ કપર્દીએ આવીને જાવડીને કહ્યું કે તારાવડે પિતાનું ઈચ્છિત ધન હમણાં ભૂલી જવાયું છે. ઉત્તમ પુરુષો બોલેલું હોય તે તે વખતે જ મજબૂતપણે પાળે છે. આથી તું મનમાં ઈચ્છેલી લક્ષ્મીને શ્રી સિદ્ધગિરિઉપર વાપર. રાજાઓ એક વખત બોલે છે, સજ્જનો એક વખત બોલે છે, કન્યા એક વખત અપાય છે, આ ત્રણે વસ્તુ એક એક વખત હોય છે. જાવડીએ કહ્યું કે હું વૈભવ ક્યાં વાપરું ? તે તું કહે ! કપર્દીએ કહ્યું કે પિતાએ કહેલું ધન તું સિદ્ધગિરિઉપર વાપર, શ્રી શત્રુંજય વગેરે ધર્મસ્થાનકમાં વાપરેલી લક્ષ્મી અનંતી થાય છે. અને અનુક્રમે મુક્તિસુખ આપે છે. કહ્યું છે કે

दायादा स्पृहयन्ति तस्करगणा मुष्णन्ति भूमीभुजो,
गृह्णन्ति छलमाकलय्य दहनो भस्मीकरोति क्षणात्।
अम्भः प्लावयते क्षितौ विनिहितं यक्षा हरन्ते हठाद्,
दुर्वृत्तास्तनया नयन्ति निधन धिग् वह्वाधीनं धनम्।।१ ।।

ભાયાતો (ભાગીદારો) ઝંખે છે, ચોરના સમૂહો ચોરે છે. રાજાઓ છળ કરીને ગ્રહણ કરે છે. અગ્નિ ક્ષણવારમાં ભસ્મ કરે છે પાણી ભીંજવી નાંખે છે. જમીનમાં નાંખેલું ધન યક્ષો હરણ કરે છે. ખરાબ આચરણવાલા પુત્રો બળાત્કારે મરણ પમાડે છે, ઘણાને અધીન એવા ધનને ધિક્કાર છે

क्लेशाय विस्तराः सर्वे, संक्षेपास्तु सुखावहाः,
परार्थं विस्तराः सर्वे, त्यागमात्महितं विदुः ।।
गोशतादपि गोक्षीरं, मानं मूढशतादपि।
मन्दिर मञ्चकस्थानं, शेषाः परपरिग्रहाः ।।

સર્વે વિસ્તારો ક્લેશને માટે થાય છે. સર્વ વસ્તુઓનો સંક્ષેપ (પ્રમાણ) સુખને પમાડનારો થાય છે, સર્વે વિસ્તારો પારકા માટે થાય છે, અને ત્યાગ એ આત્માને હિતકારી જાણવો (૨) સો ગાયમાંથી પણ દૂધ મળે છે. સો મૂઢામાંથી (અનાજમાંથી) માણું મળે છે. ઘરમાં માંચાનું (ખાટલાનું) સ્થાન હોય છે. બાકીનો બધો પરિગ્રહ છે, "જાવડીએ કહ્યું કે તો હું સિદ્ધગિરિ ઉપર આજે શું પુણ્ય કરું ? કપર્દીએ જાવડીને કહ્યું કે તક્ષશિલાનગરીમાં સુથારના ઘરની અંદર ભરતે

કરાવેલું શ્રી આદિનાથ જિનેશ્વરનું બિંબ છે. હે વણિક જાવડી ! તે અહીં સિદ્ધગિરિ ઉપર લાવીને ધનનો વ્યયકરી મૂળ નાયકના સ્થાને સ્થાપ. આવતીકાલે અહીં પાંચવર્ણવાળા પાંચસો ઘોડાઓ આવશે. તે અશ્વો તારે ઘણા મૂલ્યથી ગ્રહણ કરવા. વળી રોગથી પીડાયેલા બીજા આઠસો ઘોડાઓ આવશે તે પણ તમારે જલદી લઇ લેવા. વીરમે લાવેલી ધૂળ વડે પાણીથી સિંચાયેલા તેઓ રોગથી મુક્તપણાને પામશે, તે પછી તે ઘોડાઓને તું જલદીથી તક્ષશિલામાં લઇ જજે તે નગરમાં સવારે રાજાને જુદા જુદા અશ્વોની ભેટ કરતાં તારા ઉપર રાજા ખુશ થશે, તે પછી રાજા ત્યાં તને બિંબ આપશે, હે વણિક શ્રેષ્ઠ! તે બિંબ તારે અહીં લાવીને નિર્વિઘ્નપણે સ્થાપવું, યક્ષે કહેલા પાંચવર્ણના ઘોડાઓને ધન આપીને લઇને તે નગરમાં જઇને જુદા જુદા ઘોડાઓને ભેટ કરી રાજાને અનુકૂલ કરી જાવડી સુથારના ઘરે ગયો, અને સુથારે તેને તે બિંબ આપ્યું. સુથારે પોતાના ઘરના નવ લાખ સોનામહોર માંગે છતે વણિકે સાટામાં પોતાની વીંટી આપી. તે વખતે ગોમુખયક્ષે આવીને સુથારની પાસે કહ્યું કે તારું ઘર હમણાં કરોડ સોનામહોરવડે પણ ન મળે કારણ કે તારા ઘરની અંદર ભોંયરું છે, અને તેમાં પહેલા તીર્થંકરની પ્રતિમા ઘણા કરોડવડે મેળવી શકાય એવી છે. તારે જાવડીને કરોડ સોનામહોરવડે પણ પોતાનું ઘર આપવું નહિ. તું ક્રોડાક્રોડ માંગજે હું તને ઘર આપીશ નહિ. એમ સુથારે કહે છતે બન્નેને એક વર્ષ સુધી રાજાની આગળ વિવાદ થયો, એક વખત સુથારના મોંઢામાં વેગથી અવતરીને કપર્દીએ કહ્યું કે તું નવ લાખ સોનામહોર આપ.

તે પછી રાજાને સાક્ષી કરી જાવડી વણિક જેટલામાં નવલાખ આપે છે તેટલામાં ગોમુખ આવ્યો. હે સુથાર! તેં પોતાનું ઘર સસ્તું કેમ આપ્યું? સુથારે કહ્યું કે મારાવડે અપાયેલું ઘર ફોગટ કરું પરંતુ અહીં રાજા સાક્ષી કરાયો છે ને મારાવડે ધન ગ્રહણ કરાયું છે, આથી હમણાં બીજું બોલવું જરા પણ શક્ય નથી. તે પછી સારા દિવસે રથના સમૂહમાં તે બિંબને યત્નપૂર્વક ચઢાવીને જાવડી હર્ષથી શ્રી શત્રુંજય તરફ ચાલ્યો. તે પછી ભાવડનો પુત્ર જાવડી જતાં રાત્રિમાં જ્યાં રહે છે ત્યાં તે પ્રતિમાને તે સ્થાનમાંથી ગોમુખ પાછી લઇ જતો હતો, આ પ્રમાણે હઠથી બે મહિના સુધી ગોમુખ કરતે છતે જ્યારે જાવડી ખેદ પામ્યો. ત્યારે કપર્દીએ કહ્યું કે શ્રી શત્રુંજય તીર્થમાં શ્રી ઋષભદેવનો સેવક યક્ષરાજ ગોમુખ બિંબને જરાપણ સહન કરી શક્તો નથી, તેથી હે વણિકવર! ત્યાં આવ્યો છે. તું પ્રિયાસહિત રથના સમૂહની નીચે પાછળ રહે, જેથી હે ભદ્ર! તે રથનો સમૂહ જલદી સિદ્ધગિરિ ઉપર જશે. તારી પત્ની સતી છે તું ઉત્તમ શીલવાળો છે. આથી ગોમુખ ત્યાં કોઇ વિઘ્ન કરી શકશે નહિ. કહ્યું છે કે :-

देव दाणवगंधव्वा जक्खरक्खसकिन्नरा।
बंभयारिं नमंसंति-दुक्करं जे करंति तं ।।१।।

જે દુષ્કર એવા બ્રહ્મચર્યને કરે છે, તે બ્રહ્મચારીને દેવો, દાનવો, ગંધર્વો, યક્ષો, રાક્ષસો ને કિન્નરો નમસ્કાર કરે છે. તે પછી કપર્દીયક્ષે કહેલી વિધિપ્રમાણે ભાવડનો પુત્ર જાવડી પ્રયત્નપૂર્વક તે પ્રતિમાને શ્રી સિદ્ધગિરિઉપર લઇ ગયો. તે વખતે તે યક્ષ (ગોમુખ) જાવડીને વિષે વિઘ્નો કરવાને અસમર્થ થયો, અને ખેદ પામેલો પ્રભુ પાસે ઊભો રહ્યો.

સાત આઠ કરોડ શ્રેષ્ઠ મનુષ્યોને ભેગા કરીને ઘણા દ્રવ્યનો વ્યય કરતો જાવડી શ્રી સિદ્ધગિરિઉપર આવ્યો. ઋષભદેવ

અરિહંતના બિંબનું સ્નાત્ર કરીને પૂર્વની પ્રતિમાને સંઘસહિત જ્યારે ઉત્થાપન કરવા લાગ્યો, ત્યારે તે સ્થાનકથી ઉઠાવાતું શ્રી આદિનાથ પ્રભુનું બિંબ ગોમુખવડે અધિષ્ઠિત પોતાના પ્રભાવને ધારણ કરતું ઊઠ્યું નહિ. તે વખતે સંઘ સહિત જાવડીએ આ પ્રમાણે નિવેદન કર્યું. પ્રથમ મૂલનાયકની પૂજા કરવી, તે પછી બીજા અરિહંતોની પૂજા કરવી. કહ્યું છે કે :-

आदौ नतिः स्नात्रपूजा-ध्वजाऽऽरात्रिकमंगले।
विधाय मुख्यनाथेऽस्मिन् ततोऽस्मिंश्च करिष्यति ।।१।।

શરૂઆતના મૂળનાયકને વિષે નમસ્કાર સ્નાત્રપૂજા ધ્વજારોપણ આરતી મંગલદીવો કરીને તે પછી બીજા તીર્થંકરોને વિષે કરાશે. તે પછી સંઘ સહિત જાવડીવડે અને કપર્દીવડે મુખ્ય પ્રભુ ઉત્થાપન કરાયા, તે વખતે મોટો અવાજ થયો જેથી સિદ્ધગિરિનું મુખ્ય શિખર બે ભાગવાળું થયું. તે પછી જાવડીએ ત્યાં હર્ષથી પોતાનું બિંબ સ્થાપન કર્યું. શુભ ઉદયવાળી મોક્ષના સુખને આપનારી આ દિવ્ય પ્રતિમાની આચાર્ય શ્રી વજ્રસ્વામીએ સારા દિવસે પ્રતિષ્ઠા કરી. પાઠાન્તર :- વિક્રમરાજાથી ૧૦૮ વર્ષ વ્યતીત થયે છતે જાવડીએ શ્રી સિદ્ધગિરિ ઉપર નવું બિંબ સ્થાપન કર્યું, તે વખતે દેવોએ પોતાના સ્થાનથી આવીને જગતના મનુષ્યોને આશ્ચર્ય કરનારો મહોત્સવ કર્યો.

હવે ધ્વજનું આરોપણ કરીને શિખરઉપર ચઢેલો (જાવડી) પત્ની સહિત જેટલામાં નૃત્ય કરવા માટે પ્રવર્ત્યો કહ્યું છે કે :-

सयं पमज्जणे पुण्णं-सहस्सं च विलेवणे।
सय साहस्सिआमाला, अणंतं गीयवाईए।।१।।

જિનમંદિરનું પ્રમાર્જન કરવામાં સો ગણું પુણ્ય થાય. વિલેપન કરવામાં હજારગણું પુણ્ય થાય. માલામાં (ચઢાવવામાં) લાખગણું પુણ્ય થાય. ને ગીતવાજિંત્રમાં અનંતું પુણ્ય થાય. તે વખતે ગોમુખયક્ષવડે ઉપાડીને પ્રિયાસહિત જંગલમાં મુકાયો, તે હૃદયમાં શ્રી સિદ્ધગિરિનું ધ્યાન કરવા લાગ્યો, ત્યાં પણ પ્રિયાસહિત જાવડીનું શ્રેષ્ઠ ધર્મધ્યાન કરતાં ચોથા દેવલોકમાં વેગથી ગમન થયું જેથી કહ્યું છે કે :-

एकाग्रचित्तस्य दृढव्रतस्य, पञ्चेन्द्रियप्रीतिनिवर्त्तकस्य।
अध्यात्मयोगे गतमानसस्य-मोक्षो ध्रुवं नित्यसुखं न कस्य? ।।१।।

એકાગ્ર ચિત્તવાલા દૃઢવ્રતવાલા- પંચેન્દ્રિયની પ્રીતિ કરનારા (જીવદયાવાલા) અધ્યાત્મયોગમાં ગયું છે મન જેનું એવા કોનો નિત્ય સુખવાલો મોક્ષ નિશ્ચે ન થાય ? (૧) કેટલાક એમ કહે છે. હર્ષની સંપત્તિના બાહુલ્યપણાથી અને આયુષ્યનો ક્ષય થવાથી તે બન્નેનો હૃદયસ્ફોટ થવાથી (ફાટી જવાથી) ચોથા દેવલોકમાં શ્રેષ્ઠદેવ થયા, (૧) કેટલાક વળી આ પ્રમાણે કહે છે ધ્વજઆરોપણ કર્યા પછી સ્ત્રી સહિત જાવડી ગોમુખ યક્ષવડે ઉપાડીને વૈતાઢ્યપર્વતની ઉત્તર

શ્રેણીમાં મુકાયો, શ્રી વજ્રસ્વામી પાસેથી જાવડીનું સ્વર્ગગમન જાણીને તેના પુત્ર જાજનાગે જલદી શોકનો ત્યાગ કર્યો, તે પછી જાજનાગ આદરપૂર્વક તે સંઘને આગળ કરીને નિષ્પાપ મનવાલા તેણે શ્રી રૈવતગિરિ ઉપર શ્રી નેમિનાથ તીર્થંકરને નમસ્કાર કર્યો. સ્નાત્રપૂજા-ધ્વજનું આરોપણ અને અમારિ આદિ કરી જાજનાગે હર્ષવડે પોતાનો જન્મ સફલ કર્યો.

કહ્યું છે કે :-

पापं लुम्पति दुर्गतिं दलयति व्यापादयत्यापदं,
पुण्यं सञ्चिनुते श्रियं वितनुते पुष्णाति नीरोगताम्।
वैराग्यं विदधाति पल्लवयति प्रीतिं प्रसूते यश: ।
स्वर्गं यच्छति निर्वृत्तिं च रचयत्यर्चार्हतां निर्मिता।।१।।

અરિહંતોની કરેલી પૂજા પાપનો નાશ કરે છે. દુર્ગતિનો નાશ કરે છે (દલી નાંખે છે) આપત્તિને દૂર કરે છે. પુણ્યને એકઠું કરે છે. લક્ષ્મીને વિસ્તારે છે. નીરોગીપણાનું પોષણ કરે છે. વૈરાગ્યને ઉત્પન્ન કરે છે. પ્રીતિને પલ્લવિત કરે છે. (સર્વ જીવો પ્રત્યે મૈત્રી) યશને જન્મ આપે છે, સ્વર્ગને આપે છે, અને મોક્ષની રચના કરે છે. જાજનાગે પોતાના નગરમાં આવી સારા ઉત્સવપૂર્વક સર્વ સંઘને પહેરામણી કરી અન્નદાન આપી વિસર્જન કર્યો. જાજનાગે લક્ષ્મીનો વ્યયકરી જિનમંદિરો કરાવી ભાવથી મુક્તિલક્ષ્મીને આપનારા પુણ્યને ઉપાર્જન કર્યું.

શ્રી સુવ્રતગુરુ પાસે સુંદરરીતે નંદી (નાણ) મંડાવીને લક્ષ્મીને (મોક્ષલક્ષ્મીને) આપનારું સમ્યક્ત્વ જાવડીએ જાવડીના પુત્રે) હર્ષથી ઉચ્ચર્યું, તે વખતે હજાર શ્રાવક અને પાંચસો શ્રાવિકાઓએ મુક્તિનાસુખની પરંપરાને આપનાર સમ્યક્ત્વ ગ્રહણ કર્યું. ધર્મ કરતો જાજનાગ દર વર્ષે આદરથી ત્રણ વખત ઉત્તમ એવું સાધર્મિક વાત્સલ્ય કરતો. હતો. જાજનાગ કુટુંબસહિત વિસ્તારથી સંઘપૂજન ને ત્રણ વખત ગુરુપૂજા હર્ષથી સારીરીતે કરતો હતો, અને શ્રી શત્રુંજયઉપર ને ગિરનાર પર્વતઉપર પણ જાજનાગ ઘણા સંઘસહિત સારા ઉત્સવપૂર્વક યાત્રા કરતો હતો.

જાવડી પ્રબંધ સંપૂર્ણ



શિલાદિત્ય રાજાનો સંબંધ

બૌદ્ધોવડે પુંડરીક નામનું શ્રેષ્ઠતીર્થ અંગીકાર કરાયેલું જાણીને શ્રી ધનેશ્વર આચાર્ય વલ્લભી નગરમાં ગયા, ત્યાં શિલાદિત્યરાજાને સારા ઉપદેશથી પ્રતિબોધ પમાડી બૌદ્ધોને જીતી શ્રી સિદ્ધગિરિતીર્થ જલદી પાછું વાળ્યું. વિક્રમાદિત્ય રાજાથી ૪૭૭ વર્ષે જૈનધર્મને કરનારો શ્રેષ્ઠ શિલાદિત્ય રાજા થયો.

શિલાદિત્ય રાજાનો સંબંધ સંપૂર્ણ.

લલિતા સરોવર અને અનુપમા સરોવરનો સંબંધ

શ્રી અજિતનાથના સ્થાને (સ્થાનની નજીક) અનુપમા સરોવરનો સંબંધ સંક્ષેપથી કહેવાય છે.

☐ એક વખત વસ્તુપાલની સ્ત્રી લલિતાદેવીએ વિચાર્યું કે મારા પતિએ શ્રી સિદ્ધગિરિ ઉપર દેદીપ્યમાન ચૈત્ય કરાવ્યું.

શ્રી સિદ્ધિગિરિઉપર મારા પતિએ ભાવથી અઢાર કરોડને ૯૬ લાખ દ્રવ્ય વાપર્યું છે.

☐ મારા પતિએ ઉત્તમ ભાવથી અઢાર કરોડ અને ૮૩ લાખ દ્રવ્ય ગિરનાર પર્વતઉપર વાપર્યું

☐ મારા પતિએ બાર કરોડ અને ૫૩ લાખ દ્રવ્ય આબુ પર્વતઉપર ધર્મ માટે વાપર્યું

☐ તેર હજાર ને તેર નૂતન જિનમંદિરો મારા પતિએ કરાવ્યાં, ત્રેવીશસો જીર્ણ જિનમંદિરોનો ઉદ્ધાર કરી મારા

પતિએ હર્ષથી જન્મ સફળ કર્યો.

☐ મારા પતિએ ધર્મને માટે ૯૮૪ ધર્મશાળાઓ હર્ષવડે કરાવી.

☐ મારા પતિએ પાંચસો હાથીદાંતનાં સિંહાસન ગુરુને બેસવા માટે ઉત્તમ ભાવથી કરાવ્યાં,

☐ મારા પતિએ હાથીદાંત ને રેશમી વસ્ત્રવાલાં પાંચસો ઉત્તમ સમવસરણો કરાવ્યાં,

☐ મારા પતિએ સ્તંભન તીર્થ (ખંભાત)માં, દેવપુરીમાં ને ભરુચમાં અઢાર કરોડ દ્રવ્ય ભાવથી વાપર્યું.

☐ મારા પતિએ અસંખ્ય કરોડ ઉત્તમ શાસ્ત્રના શ્લોકો ઘણું દ્રવ્ય આપીને લખાવ્યા

☐ મારાપતિએ જૈન ધર્મને કરતા એકવીશ આચાર્યનાં પગલાં ઘણા દ્રવ્યનો વ્યય કરી કરાવ્યાં.

☐ દર વર્ષે ચાર સંઘવાત્સલ્ય અને ગુરુપૂજન કરતા મારા પતિ ત્રણે સંધ્યાએ જિનેશ્વરની પૂજા કરે છે.

☐ હંમેશાં બે વાર પ્રતિક્રમણ ને ગુરુ વિષે સંવિભાગને કરતા યાચકોને આદરથી યથોચિત દાન આપે છે.

☐ રાજાના ચિત્તને પ્રસન્ન કરવા માટે બે હજાર (૨૦૦૦) શંકરનાં મંદિરો મારા પતિએ કરાવ્યાં,

☐ શંકરનાં ઘણાં લિંગો ઘણી બ્રહ્મશાળાઓ અને તપસ્વીઓના સાતસો મઠો કરાવ્યાં,

☐ મારા પતિએ સાતસો દાન શાળાઓ અને શ્રેષ્ઠ ૪૪ વાવો કરાવી,

☐ મારા પતિએ પથ્થરથી બાંધેલા ૮૪ અદભુત સરોવરો, નવસો કૂવાઓ અને પરબો કરાવ્યા.

☐ બ્રાહ્મણો અને ભિખારીઓને હંમેશાં દાન આપે છે, અને ઉત્તમ સાધુઓને શુદ્ધ અન્ન પડિલાભે (વહોરાવે) છે

☐ મારા પતિએ પ્રૌઢ પથ્થરના મોટા ૩૨ કિલ્લાઓ કરાવ્યા, ને ચોસઠ સુંદર મસીદો કરાવી છે.

☐ ત્રણ લાખ સોનામહોરવડે શ્રી સિદ્ધગિરિમાં શ્રેષ્ઠ તોરણ કરાવ્યું ને મક્કામાં કોરણીસહિત તોરણ કરાવ્યું.

☐ ત્રણ લાખ સોનામહોરવડે સ્તંભન તીર્થમાં ઊંચું સમવસરણ કરાવ્યું ને છત્રીસ યુદ્ધોમાં મારાપતિને સિદ્ધિ થઇ છે, પૃથ્વી તેમને પગલે પગલે સારા પુણ્યથી નિધાનો આપે છે.

□ મારા પતિને સાડાતેર હજાર ચાકરો છે, ને પાંચસો સુંદર સલાટો છે,

□ મારા પતિને સાડાત્રણસો દીપિકાઓના દીપને ધારણ કરનારા છે, ને (તેમને) ચોવીસ બિરુદો શોભે છે.

□ (શ્રી શત્રુંજયની) મનોહર એવી પહેલી યાત્રામાં હાથીદાંતનાં ૨૪ પ્રમાણ દેવાલયો રથમાં રહેલાં ચાલતાં હતાં અને એકસોવીસ કાષ્ટમય દેરાસરો ચાલતાં હતાં અને સાડાચાર હજાર રથો શોભતા હતા. ચાર હજાર શય્યાપાલકો શોભતા હતા અને એકસો બેંશી પિત્તલની પાલખીઓ ચાલતી હતી. નવસો સુખાસનો શોભતાં હતાં. ઉત્તમ લાકડાં ને વસ્ત્રથી બનેલી પાંચસો પાલખીઓ હતી.

□ શ્વેત વસ્ત્ર અને સારી ક્રિયાવાલા સાતસો આચાર્યો, અને તપ કરવામાં તત્પર એવા આઠ હજાર મુનિઓ, અગિયાર દિગંબર આચાર્યો, પોતપોતાની ક્રિયામાં તત્પર યાત્રા માટે ચાલતા હતા.

□ ત્રણ હજાર ઘોડા–બસો ઊંટ–સાત લાખ મનુષ્ય–સાતસો પાડા ત્રણ હજાર શ્રેષ્ઠ હાથીઓ અને ચામરો,. ચાર હજાર મનોહર જૈન ગાયકો, સાડા ત્રણ હજાર શ્રેષ્ઠ મંગલ પાઠકો, મારાપતિના બિરુદને મનોહર સ્વરે ગાતા હતા. આવા પ્રકારના સંઘ સાથે પહેલાં મારાપતિએ શ્રી શત્રુંજય અને ગિરનાર તીર્થમાં હર્ષવડે યાત્રા કરી.

આ પ્રમાણે વિચારીને લલિતાદેવી શ્રી સંઘની ભક્તિમાટે પાલિતાણા નગરમાં સરોવર કરાવવાને ઇચ્છે છે, તે પછી ઘણા જાણકાર સલાટોને બોલાવીને લલિતાદેવીએ કહ્યું કે તમે સરોવર કરો, તે વખતે જ પથ્થરથી બાંધેલું શ્રેષ્ઠ સરોવર બનાવવા માટે લલિતાદેવીએ ખાણમાંથી ઘણા પથ્થરો મંગાવ્યા. તે પછી તે નગરની પાસે જાણકાર કુંભારો પાસે મોટું સરોવર ખોદાયું ત્યારે લલિતાદેવી ઘણો હર્ષ પામી. તે પછી સલાટોએ મોટા પથ્થર ઘડીને ચાર દરવાજાથી યુક્ત તે આખું સરોવર બાંધ્યું, અને તે સરોવરની પાળ ઉપર મોટું શ્રી પાર્શ્વનાથપ્રભુ મંદિર કરાવીને તેમાં તેમનું બિંબ સ્થાપન કર્યું. તે પછી તે લલિતાદેવીએ મોટા સંઘને ભેગો કરીને સરોવરની પાળમાં મોટો ઉત્સવ કર્યો.

શ્રેષ્ઠ આહારવડે શ્રાવક અને શ્રાવિકાઓને જમાડીને અને ગુરુઓને પડિલાભીને તે વખતે લલિતાદેવી આનંદ પામી ત્યાં ગુરુઓને આદરપૂર્વક ઉત્તમ વસ્ત્રોવડે પહેરામણી કરી(વહોરાવી) ને લલિતાદેવીએ શ્રાવક અને શ્રાવિકાઓને પણ પહેરામણી કરી, તે વખતે અનુપમા દેવીએ પોતાના મનમાં વિચાર્યું કે જેઠાણી લલિતાદેવીએ લલિતા સરોવર કરાવ્યું તો હું પણ સંઘ ભક્તિ વડે શ્રેષ્ઠ સરોવર કરાવું. તો મને પણ આ સિદ્ધગિરિ તીર્થમાં પુણ્ય થાય, તે પછી તેજપાલની પત્ની અનુપમાદેવીએ પોતાના ભાઇ દેવપાલને પ્રગટપણે પૂછ્યું કે આ તીર્થમાં જ મોટું સરોવર કરાવવા માટે ઇચ્છું છું. હે ભાઇ! તું મને શ્રેષ્ઠ સ્થાનક કહે. ભાઇએ કહ્યું કે આ પર્વતઉપર જાવડી વણિકને પહેલા તીર્થંકરની નવી પ્રતિમા ભક્તિવડે સ્થાપન કરતાં ગોમુખયક્ષના કઠોર અવાજથી મૂળશિખર બે ભાગમાં થયું, ત્યાં શરુઆતમાં પહેલું શિખર પ્રથમ અરિહંતથી યુક્ત છે. બીજું શિખર મરુદેવી નામનું. લોકમાં પ્રસિદ્ધ થયું, તે બન્ને શિખરની વચ્ચે જ્યાં શ્રી અજિતનાથનું મંદિર હતું, તે વખતે તે દેવમંદિર પડી ગયું, તે પૃથ્વી શૂન્ય છે ત્યાં તે શ્રેષ્ઠ સરોવર કરાવાય તો સંઘ સુખી થાય.

તે પછી અનુપમા દેવીએ ઘણા ધનનો વ્યય કરી શ્રી અજિતનાથના મંદિરના સ્થાનકે શ્રેષ્ઠ સરોવર કરાવ્યું, તે સરોવરની પાસે દેવી અનુપમાએ ઘણા ધનનો વ્યય કરી મોટું જિનેશ્વરનું મંદિર કરાવ્યું, કહ્યું છે કે :–

प्रासाद - प्रतिमा - यात्रा - प्रतिष्ठा च प्रभावना
अमार्युद्घोषणादीनि - महापुण्यानि भाग्यत: ।।१।।
रत्नानामिव रोहण: क्षितिधर: खं तारकाणामिव,
स्वर्गं कल्पमहीरूहामिव सर: पङ्केरूहाणामिव।
पाथोधि: पयसामिवेन्दुमहसां स्थानं गुणानामसा -
वित्यालोच्य विरच्यतां भगवत: सङ्घस्य पूजाविधि: ।।१ ।।

જો ભાગ્ય હોય તો પ્રાસાદ પ્રતિમા યાત્રા પ્રતિષ્ઠા પ્રભાવના અને અમારિની ઉદ્ઘોષણા વગેરે મહાપુણ્યો થાય છે, જેમ રત્નોને માટે રોહણગિરિપર્વત – તારાઓને માટે આકાશ–કલ્પવૃક્ષોને માટે સ્વર્ગ –કમલોને માટે જેમ સરોવર –ચંદ્ર સરખા તેજવાલા પાણીનું સ્થાન જેમ સમુદ્ર– તેમ પૂજ્ય એવા સંઘની પૂજા ગુણોનું સ્થાન છે, એમ વિચારીને સંઘની પૂજાવિધિ કરો. એક વખત ઉત્સવ થયે છતે સજજનોએ પૂછ્યું કે હે લલિતાદેવી! તેં દ્રવ્ય કોનું વાપર્યું ? તે વખતે લલિતાદેવીએ કહ્યું કે હમણાં આ સરોવરમાં મારાવડે હર્ષથી પતિસંબંધી ઘણું ધન વપરાયું છે.

તારાવડે આ સરોવરમાં કોનું દ્રવ્ય વપરાયું છે તે તું કહે ! આ પ્રમાણે સજજનોવડે કહેવાયે છતે તે વખતે અનુપમા દેવીએ કહ્યું મારાવડે સરોવરમાં પિતાના ઘરનું દ્રવ્ય વપરાયું છે તેમ હે સજજનો ! તમે હમણાં નિશ્ચે જાણો. લલિતાદેવીએ સજજનો આગળ સત્ય કહે છતે તેજ વખતે લલિતા સરોવર પાણીથી ભરાઇ ગયું.

અનુપમાદેવીએ સજજનો પાસે અસત્ય કહે છતે તે વખતે જ અનુપમા સરોવર પાણીવડે ખાલી થઇ ગયું, તે પછી અનુપમાદેવીએ આખુંય સરોવર ઘણા દ્રવ્યનો વ્યય કરી તાંબાની પટ્ટીથી જડાવેલું કરાવ્યું, તો પણ તે સરોવર વરસાદના પાણીવડે પ્રગટરીતે ભરાયું નહિ. પાણીવડે તે તરત જ ખાલી થઇ જાય છે. આથી હિતને ઇચ્છનારા કોઇએ જૂઠું બોલવું નહિ. જૂઠું બોલવાથી પ્રાણીઓને આલોક ને પરલોકમાં દુ:ખ થાય છે. સત્ય બોલવાથી લોકો હંમેશાં પ્રત્યક્ષ રીતે સુખી થાય છે પરલોકમાં સ્વર્ગનાંસુખ અને મોક્ષનાંસુખ આશ્રય કરે છે, માટે કહ્યું છે કે :–

विश्वासायतनं विपत्तिदलनं देवै: कृताराधनं,
मुक्ते: पथ्यदनं जलाग्निशमनं व्याघ्रोरगस्तम्भनम्।
श्रेय: संवननं समृद्धिजननं, सौजन्यसंजीवनं।
कीर्ते: केलिवनं प्रभावभवनं, सत्यं वच: पावनम्।।१ ।।

પવિત્ર એવું સત્ય વચન વિશ્વાસનું ઘર છે. વિપત્તિઓનો નાશ કરનાર છે. દેવોવડે આરાધન કરાયેલું છે. મોક્ષનું ભાથું છે, પાણી અને અગ્નિને શાંત કરનારું છે. વાઘ અને સર્પને સ્તંભન કરનારું છે. કલ્યાણની ઉત્પત્તિ કરનારું છે.

સમૃદ્ધિને પેદા કરનારું છે. સુજનપણાને સંજીવન કરનાર છે. કીર્તિનું ક્રીડાઘર છે ને પ્રભાવનું ઘર છે, તે પછી બધો સંઘ શ્રી શત્રુંજયને વિષે યાત્રા માટે આવ્યો, ને હંમેશાં લલિતાસરોવરની પાસે ઊતરે છે. કમલના સમૂહોવડે શોભતું શ્રી પુંડરીક ગિરિવરની નજીકમાં લલિતાદેવીએ કરાવેલ લલિતા નામનું મનોહર સરોવર જ્યાં શોભે છે. કવિઓ તેની સ્તુતિ કરે છે કે જેની પાળના વૃક્ષઉપર ને શાખાઉપર રહેલાં પક્ષીઓ હંમેશાં આવેલા સંઘને જોઈને હર્ષ પામે છે, અને અવાજ કરે છે. જે પક્ષીઓ લલિતાસરોવરને વિષે રહેલાં છે તે વખાણવા લાયક છે.

વસ્તુપાલે (તેજપાલ) ભાઈ સાથે વસ્તુપાલ અને સ્વર્ગારોહણ નામનાં બે જિનમંદિરો કરાવીને અઢાર કરોડ અને ૯૬ લાખ દ્રવ્યવડે પ્રથમ અરિહંતની બે પ્રતિમા આ તીર્થમાં હર્ષવડે સ્થાપન કરી.

શ્રી લલિતાસરોવર અને અનુપમા સરોવરનો સંબંધ પૂરો થયો.



શ્રી મરુદેવીભવન અને શાંતિનાથના ભવનનો અધિકાર

मरूदेविसंतिभवणं, उद्धरिही जत्थ मेहघोसनिवो।
कक्किपपुत्तो तं इह - सिरिसित्तुंजय महातित्थं।।३२।।
पच्छिमउद्धारकरो - जत्थविमलवाहणो निवोहोइ।
दुप्पसहगुरूवएसा - तं सिरिसित्तुंजयमहातित्थं।।३३।।

ગાથાર્થ : જ્યાં કલ્કીનો પ્રપુત્ર મેઘઘોષરાજા મરુદેવી અને શ્રી શાંતિનાથના ભવનનો ઉદ્ધાર કરશે . તે શત્રુંજયતીર્થ અહી લાંબાકાળ સુધી જય પામો (૩૨) જ્યાં છેલ્લો ઉદ્ધાર કરનાર શ્રી વિમલવાહનરાજા શ્રી દુપ્પસહ ગુરુના ઉપદેશથી થશે, તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંતુવર્તો (૩૩)

ટીકાર્થ:– જે તીર્થમાં શ્રી ઋષભદેવની માતા મરુદેવીના ભવનને અને સોલમા શ્રી શાંતિનાથ તીર્થંકરનો પ્રાસાદ જે પહેલાં હતાં તે બન્નેનો ઉદ્ધાર કલ્કીનો પુત્ર જે શક્રિ અને તેનો પુત્ર મેઘઘોષ – જે કલ્કીનો પ્રપુત્ર–ઉદ્ધાર કરશે તે તીર્થ લાંબા કાળ સુધી જયવંતુ વર્તો. (૩૨) અને છેલ્લો ઉદ્ધાર કરનાર વિમલવાહન રાજા દુપ્પસહ ગુરુના ઉપદેશથી જે તીર્થમાં થશે, તે શત્રુંજય નામનું તીર્થ ચિરકાલ જયવંતુ વર્તો (૩૩)

કલ્કી રાજાનો પુત્ર શક્રિ નામે રાજા ન્યાયમાર્ગવડે પૃથ્વીનું પાલન કરતો જિનેશ્વરના ધર્મનેજ કરશે. પ્રીતિનું પાત્ર પ્રીતિમતી નામની પત્ની છે. વિનયવડે રાજાના હૃદયને હંમેશાં ખુશ કરશે. તે બન્નેને મેઘઘોષ નામનો શ્રેષ્ઠપુત્ર થશે. તે રૂપલાવણ્યની શોભાવડે કામદેવની શોભાને જીતનારો થશે. હવે પંડિતની પાસે સર્વે ધર્મ ને કર્મની કલાઓને ભણાવાયેલો બુધાચાર્યની જેમ તે રાજપુત્ર ચતુર થશે. શક્રિરાજા શ્રી શત્રુંજયનું માહાત્મ્ય સાંભળીને સમાધિવાળો સંઘસહિત શ્રી સિદ્ધિગિરિ ઉપર આવશે. ત્યાં શક્રિરાજા સંઘપતિનાં કાર્યો કરીને સંઘ સહિત ગુરુનું વસ્ત્રોથી ગૌરવ કરશે.

મારા ઘરના આંગણાની ભૂમિઓ શ્રી સંઘના ચરણની રજથી ઉત્પન્ન થયેલ રજની શ્રેણીથી પવિત્ર કરાયેલી ક્યારે થશે ? જેનાવડે સર્વસંઘ અને ગુરુ ભક્રિથી અન્ન આદિના દાનથી સત્કાર કરાયા છે તે નિશ્ચે સ્વર્ગ અને મોક્ષના સુખની પરંપરાને પામે છે. ત્યાં શક્રિવિહાર નામે શ્રી સંભવનાથ તીર્થંકરનો પ્રાસાદ શક્રિરાજા લક્ષ્મીનો વ્યય કરવાથી કરાવશે, તે પછી શક્રિરાજા શ્રી ગિરનાર પર્વત ઉપર જઇને વિસ્તારથી આદરપૂર્વક શ્રી નેમિનાથ તીર્થંકરની પૂજા કરશે.

તે પછી માર્ગમાં સઘળા સંઘને અન્નપાન આદિ આપી ગૌરવ કરીને શક્તિસિંહ રાજા પોતાના નગરમાં આવશે. અનુક્રમે શક્તિસિંહ રાજા સાતે ક્ષેત્રોમાં લક્ષ્મીનો વ્યય કરતો પોતાના નગરમાં મોટું જિનમંદિર કરાવશે. શક્તિરાજા પોતાના સુંદર પુત્ર મેઘઘોષને રાજ્ય આપીને હર્ષવડે આરાધના કરતો આયુષ્યના ક્ષયે દેવલોકમાં જશે, તે પછી મેઘઘોષ રાજા ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરતાં (લોકોને) રામરાજાની પ્રજા જેવા કરશે.

ઘણા સંઘને ભેગા કરીને ગામે ગામે અને નગરે નગરે સ્નાત્રોત્સવ કરતો મેઘઘોષ રાજા ચાલશે. શ્રી શત્રુંજયગિરિ ઉપર જઈને શ્રી ઋષભદેવ પ્રભુના મંદિરમાં રાજા પ્રથમ ઋષભદેવ પ્રભુને પુષ્પોવડે પૂજશે. સર્વ જિનમંદિરોમાં જિનેશ્વરની પૂજા કરતો રાજા મોક્ષગમનને યોગ્ય ધર્મ ઉપાર્જન કરશે. ત્યાં મરુદેવા માતાના અને શ્રી શાંતિનાથ જિનેશ્વરના શ્રેષ્ઠ મંદિરમાં ઘણા ધનનો વ્યય કરી મેઘઘોષ રાજા મહોત્સવ કરાવશે. તે પછી શ્રી રૈવતગિરિઉપર જઈને સંઘસહિત મેઘઘોષરાજા શ્રી નેમિનાથ જિનેશ્વરની પૂજા કરશે. પોતાના નગર પાસે આવીને મહોત્સવ કરતો રાજા શ્રી સંઘને શ્રેષ્ઠ વસ્ત્રોવડે સન્માન કરશે. તે પછી મેઘ ઘોષરાજા સમસ્ત સંઘને વિસર્જન કરીને નગરપ્રવેશ કરતો પોતાના આવાસમાં આવશે. મેઘસેન નામના પુત્રને સારા ઉત્સવપૂર્વક પોતાના પદે સ્થાપન કરીને મેઘઘોષ રાજા અનુક્રમે ગુરુપાસે ચારિત્ર લેશે. મેઘઘોષ મુનિ નિરંતર તીવ્ર તપ કરતાં શ્રી શત્રુજંયગિરિઉપર જઈને અનુક્રમે સ્વર્ગમાં જશે.

મેઘસેન રાજા નીતિથી પૃથ્વીનું પાલન કરતાં હાથની લીલાવડે સઘળા શત્રુઓને સાધશે. અનુક્રમે રાજા શ્રી શત્રુંજયને વિષે વિસ્તારથી યાત્રા કરીને ધનનો વ્યય કરી પ્રથમ જિનેશ્વરના પ્રાસાદને કરાવશે. ચંદ્રસેન નામના પુત્રને સારા ઉત્સવપૂર્વક પોતાના પદે સ્થાપીને મેઘસેન રાજા અનુક્રમે સ્વર્ગમાં જશે. ચંદ્રસેન રાજા પણ નીતિપૂર્વક પૃથ્વીનું પાલન કરતાં હાથની લીલાવડે બધા શત્રુ સમુદાયને સાધશે. ગુરુપાસે શ્રી શત્રુંજયનું માહાત્મ્ય સાંભળીને ચંદ્રસેન રાજા શ્રી શત્રુંજયગિરિઉપર જિનેશ્વરને નમસ્કાર કરવા માટે ગયો. ત્યાં સારા ઉત્સવપૂર્વક સ્નાત્રપૂજા આદિ કાર્યો કરીને રાજાએ પોતાનો જન્મ સફળ કર્યો. ત્યાં તે વખતે શ્રી ઋષભદેવ જિનેશ્વરનો શ્રેષ્ઠ પ્રાસાદ કરાવીને તે રાજા પ્રભુના બિંબને સ્થાપન કરશે. પોતાની પાટે મલ્લસેન રાજાને સારા ઉત્સવપૂર્વક સ્થાપન કરીને ચંદ્રસેન રાજા શ્રી ચંદ્રાચાર્યની પાસે વ્રત લેશે. મલ્લસેન રાજા ઘણા સંઘને ભેગા કરીને સારા દિવસે જિનેશ્વરને નમસ્કાર કરવા માટે શ્રી શત્રુંજય ઉપર જશે, ત્યાં રાજા આકાશમાં ગમન કરે તેવા (અડકે તેવા) કુંથુનાથ ભગવાનના પ્રાસાદને મોક્ષસુખ માટે કરાવશે.

તે પછી જૈન ધર્મમાં આસક્ત –રાગી બીજા પણ રાજાઓ શ્રી સિદ્ધગિરિ ઉપર આકાશમાર્ગગામી ઘણા પ્રાસાદો કરાવશે. પાંચમા આરાના છેડા સુધી અનેક રાજાઓ અરિહંતના ધર્મને કરીને મોટેભાગે દેવલોકમાં જશે. પાંચમા આરાના છેડે રાજાઓ અને ચપલ એવા મનુષ્યો સ્વલ્પ આયુષ્યવાલા ને રોગથી વ્યાપ્ત શરીરવાલા થશે. તે સમયે શ્રી સિદ્ધગિરિઉપર વિમલવાહનરાજા પ્રતિમાથી યુક્ત શ્રી ઋષભદેવપ્રભુનો પ્રાસાદ કરાવશે. તે રાજા દુષ્પ્રસહ ગુરુના ઉપદેશથી શ્રી પુંડરીકગિરિ ઉપર સંઘ સહિત યાત્રા કરશે.

દુષ્પ્રસહ (દુપ્પસહ) નામના આચાર્ય, ફલ્ગુશ્રી નામનાં સાધ્વી, નાગિલ નામે શ્રાવક, સત્યશ્રી નામની શ્રાવિકા, વિમલવાહન નામે રાજા, સુમુખ નામનો મંત્રીશ્વર, આટલો સંઘ પાંચમા આરાના છેડે થશે. વિમલવાહન રાજા શ્રી સિદ્ધગિરિ ઉપર સંઘ સહિત જઈને શ્રી ઋષભદેવજિનેશ્વરના મંદિરનો ઉદ્ધાર કરાવશે. તે વખતે ઘણા શ્રાવકો ઘણા

વિસ્તારથી યાત્રા કરીને અનુક્રમે સર્વજ્ઞના શ્રેષ્ઠ પ્રાસાદો કરાવશે. તે રાજાઓની વચ્ચે જે રાજાઓ હર્ષવડે ઉદ્ધાર કરાવશે. તેઓની સંખ્યા જાણી શકાતી નથી.

આ પ્રમાણે મરુદેવી માતા અને શ્રી શાંતિનાથ જિનેશ્વર સંબંધી ગાથાનો સંબંધ સમાપ્ત થયો.

વુચ્છિન્ન ગાથાવાળો પાંચમા આરાના છેડે શત્રુંજયતીર્થ સાત હાથ – ઋષભકૂટ રૂપે રહેશે તેનો અધિકાર

वुच्छिन्ने विय तित्थे, जं होही पूयजुयमुसहकूडं।
जा पउमनाहतित्थं, तं सिरि-सित्तुंजय महतित्थं।।३४।।

ગાથાર્થ: તીર્થનો વિચ્છેદ થાય ત્યારે પૂજા સહિત જે ઋષભકૂટ પદ્મનાભના તીર્થ સુધી હશે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંતુ છે (૩૪)

ટીકાર્થ : સાધુ–સાધ્વી–શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ વિચ્છેદ પામે છતે સાત હાથ પ્રમાણ એવો જે ઋષભકૂટ તે પદ્મનાભ તીર્થંકરના તીર્થ સુધી = આવતી ચોવીશીના પ્રથમ જિનેશ્વરના શ્રી સંઘની ઉત્પત્તિરૂપ તીર્થ સુધી હશે. તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંતુ વર્તો, અહીં કથા કહે છે.

પદ્મનાભ જિનેશ્વરની પાસે જિતારિરાજાવડે પુછાશે કે હે ભગવંત ! શું શ્રેષ્ઠ તીર્થ વિદ્યમાન છે ? તેની આગળ પદ્મનાભ જિનેશ્વર આ પ્રમાણે કહે છે કે સુરાષ્ટ્ર (સૌરાષ્ટ્ર) દેશ ધનધાન્યથી ભરેલો શ્રેષ્ઠ છે. ત્યાં હમણાં શ્રી શત્રુંજયગિરિ સાત હાથ પ્રમાણવાલો છે. તે પહેલાં એંશી યોજનવાલો કહેવાય છે.

તે ગિરિઉપર પહેલાં સંખ્યાતીત મનુષ્યો મોક્ષમાં ગયા છે. પછી પણ જશે અને હમણાં પણ તીર્થના માહાત્મ્યથી

જાય છે. હમણાં શ્રીપુરનગરનો અધિપતિ ચંદ્રચૂડરાજા રાજ્ય છોડી દીક્ષા લઇ શ્રી સિદ્ધગિરિ ઉપર ગયો. ત્યાં નિરંતર અત્યંત તીવ્રતપ કરતાં ઘણા સાધુવડે શોભતા તેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. મદનનામના નગરમાં નીતિમાર્ગવડે રાજ્યને કરતો ભીમસેનરાજા શિવંકર આચાર્યની પાસે આદરપૂર્વક સાંભળશે કે :-

न्यग्रोधे दुर्लभं पुष्पं - दुर्लभं स्वातिजं पयः ।
दुर्लभं मानुषं जन्म-दुर्लभं देवदर्शनम् ।।

વડને વિષે પુષ્પ દુર્લભ છે. સ્વાતિ નક્ષત્રનું પાણી દુર્લભ છે. મનુષ્ય જન્મદુર્લભ છે ને દેવનું દર્શન દુર્લભ છે, વૈભવ વડે સુખપૂર્વક અમૂલ્ય રત્નો મેળવાય છે. મનુષ્ય આયુષ્યની એક ક્ષણ પણ કરોડો રત્નોવડે પણ દુર્લભ છે. દિવસ અને રાત્રિરૂપી ઘડીમાલા રૂપ આયુષ્યરૂપી પાણીને ગ્રહણ કરીને ચંદ્ર ને સૂર્યરૂપી બળદો કાળરૂપી રેંટને ભમાવે (ફેરવે) છે. આ પ્રમાણે શ્રી ગુરુપાસે સાંભળીને ભીમસેન રાજા રાજ્યને છોડીને પુત્રને વિષે રાજ્યનો ભાર આરોપણ કરશે. સારા દિવસે સાતસો રાજાઓ સાથે અને સાત હજાર સુંદર સેવકો સાથે દીક્ષા ગ્રહણ કરશે.. તે પછી આચાર્યપદ પામીને લાખ સાધુ સહિત કર્મનો ક્ષય કરી શ્રી સિદ્ધક્ષેત્રની ભૂમિમાં મોક્ષમાં જશે.

આ પર્વત વૃદ્ધિ પામતો એંશીયોજન પ્રમાણ થશે ને સમસ્ત દેવોને સેવા કરવા લાયક થશે. અમારા ગણધર ધર્મઘોષ નામે શ્રી સિદ્ધગિરિપર્વત ઉપર ઘણા સાધુઓ સાથે જશે. આ સિદ્ધગિરિ ઉપર ઘણા રાજાઓ ધનનો વ્યય કરી પ્રાસાદો અને અરિહંતોની પ્રતિમાઓ કરાવશે.

આ સિદ્ધગિરિના સ્પર્શથી, દર્શનથી અને સ્તવનથી અનેક ભવ્ય પ્રાણીઓ મોક્ષમાં ગયાં છે, જશે, અને જાય છે. આ પર્વતઉપર મયૂર સર્પ સિંહ વગેરે હિંસક પ્રાણીઓ પણ શ્રી જિનેશ્વરના દર્શનથી સિદ્ધ થયાં છે, સિદ્ધ થાય છે ને સિદ્ધ થશે. જેઓ સિદ્ધક્ષેત્રપર્વત ઉપર જાય છે. તેઓનો જન્મ, ચિત્ત ને જીવિત સાર્થક છે બીજાઓનાં ફોગટ છે. આ સાંભળીને ઘણા ભવ્યજીવો શ્રી સિદ્ધગિરિઉપર યાત્રા કરશે. અને પોતાની મોક્ષલક્ષ્મીને ઉપાર્જન કરશે.

વ્યુચ્છિન્ન ગાથાની કથા સમાપ્ત



તિર્યંચોના પણ મુક્તિગમનમાં નિષ્પુણ્યકની કથા

पायं पावविमुक्का, जत्थ निवासीअ जंति तिरियावि।
सुगईए जयउ तयं, सिरिसरित्तुंजय महातित्थं।।३५।।

ગાથાર્થ : પ્રાયઃ કરીને જ્યાં નિવાસ કરનારાં તિર્યંચો પણ પાપમુક્ત બની સદ્‌ગતિમાં જાય છે. તે શત્રુંજય મહાતીર્થ જય પામો

ટીકાર્થ : પ્રાયઃ કરીને સામાન્યપણે જે તીર્થમાં નિવાસ કરનારાં તિર્યંચો પણ પાપમુક્ત બની ઉત્તમ ગતિમાં જાય છે. તે શ્રી શત્રુંજય મહાતીર્થ જય પામો, અહીં કથા કહે છે.

શ્રીપુર નામના નગરમાં ઘણા ધનવાલો શ્રેષ્ઠ ધનદેવ નામે શેઠ હતો. તેણે એક વખત શ્રી ગુરુપાસે આ પ્રમાણે જિનવચન સાંભળ્યું.

रम्यं येन जिनालयं निजभुजोपात्तश्रिया कारितं,
मोक्षार्थं, स्वधनेन शुद्धमनसा पुंसा सदाचारिणा।
वेद्यं तेन नरामरेन्द्रमहितं तीर्थेश्वराणां पदं,
प्राप्तं जन्मफलं कृतं जिनगतं गोत्रं समुद्योतितम्।।१।।

જેણે પોતાના હાથથી ઉપાર્જન કરેલ લક્ષ્મીવડે સુંદર જિનમંદિર કરાવ્યું છે. મોક્ષનેમાટે પોતાના દાનવડે શુદ્ધ મનવાલા સદાચારી પુરુષે જિનમંદિર કરાવ્યું છે. તેનાવડે રાજા અને દેવેન્દ્રોથી પૂજાયેલું તીર્થંકરોનું પદ પ્રાપ્ત કરાયું છે. જન્મનું ફલ પ્રાપ્ત કરાયું છે. અને તીર્થંકર ગોત્ર પ્રકાશિત કરાયું છે. જે શ્રી ઋષભદેવથી માંડીને વીર ભગવાન સુધીના જિનેશ્વરોનું અંગૂઠા પ્રમાણ પણ જિનબિંબને કરે છે તે સ્વર્ગ વગેરે ઘણાં ઋદ્ધિનાં સુખો ભોગવીને પછી તે ધીર મોક્ષગતિને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે સાંભળી જિનમંદિર કરાવવાની ઇચ્છાવાલા ધનદેવે ભીમશ્રાવકની આગળ કહ્યું હમણાં મારી જિનમંદિર કરાવવાની ઇચ્છા છે. તેથી મારી પાસેથી ધન લઇને જિનમંદિર કરાવ. સલાટ વગેરે ચૈત્યકર્મ કરનારા મનુષ્યોને મારું આપેલું દ્રવ્ય આપે હંમેશાં આપવું. તેણે કહ્યું કે હે શ્રેષ્ઠિપુંગવ! તમારું કહેલું હું કરીશ. મોક્ષસુખની પ્રાપ્તિ માટે દેદીપ્યમાન જિનમંદિર કરાવો, તે પણ લોભથી વ્યાપ્ત થયેલો સલાટ વગેરેને રોકડું દ્રવ્ય આપતો નથી. પણ ઘી અને

ગોળ વગેરે આપે છે. સોંઘાં કરિયાણાં લઈને મોંઘાં છે એમ બોલી હંમેશાં તેઓને આપતો ભીમશ્રાવક કંઈક લાભ ગ્રહણ કરે છે. દેવદ્રવ્યની ખરીદીમાંથી ભીમવણિકે વચ્ચે વચ્ચે એક હજાર કાકિણીનો લાભ લીધો. દેવદ્રવ્યથી તે ભીમવણિકે ધન ઉપાર્જન કરતાં ભયંકર કર્મ ભેગું કર્યું, અને ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત લીધું નહિ. જેથી કહ્યું છે કે :-

जिणपवयण वुड्ढिकरं पभावगं नाणदंसण गुणाणं।
भक्खंतो जिणदव्वं, अणंतसंसारिओ होइ ।।१।।

જિન પ્રવચનની વૃદ્ધિ કરનારાં જ્ઞાન ને દર્શનના ગુણોની પ્રભાવના કરનારા એવા (પણ) દેવદ્રવ્યનું ભક્ષણ કરનાર જીવ અનંત સંસારી થાય છે. જિનદ્રવ્યની વૃદ્ધિ કરનાર જીવ તીર્થંકરપણાને પામે છે. તે પછી ભીમ મરણ પામી જલ મનુષ્ય થયો. ત્યાંથી ઘણા દુઃખને આપનાર ત્રીજી નરકમાં ગયો. વેદાંતમાં પણ કહ્યું છે કે :-

देवद्रव्येण या वृद्धि - र्गुरूद्रव्येण यद्धनम्।
तद्धनं कुलनाशाय, मृतोऽपि नरकं व्रजेत्।।१।।

દેવદ્રવ્યવડે અને ગુરુદ્રવ્યવડે જે ધનની વૃદ્ધિ થાય છે. તે ધનકુલના નાશ માટે થાય છે અને મરી ગયેલો તે નરકમાં જાય છે. નરકમાંથી નીકળીને ભીમનો જીવ મત્સ્ય થયો. તે પછી તે ચોથી નરકમાં નારકી થયો. ત્યાંથી મગર થયો અને પછી વચ્ચે વચ્ચે મત્સ્યના ભવ પામી પાંચમી છઠ્ઠી ને સાતમી નરકમાં ગયો. આ પ્રમાણે ભીમ નિરંતર દુઃખી થયો. હે ગૌતમ ! દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી અને પરસ્ત્રીનું ગમન કરવાથી જીવ સાતવાર સાતમી નારકીમાં જાય છે, પછી તે ખાડાનો ભૂંડ થયો. ઘણી વખત રોષવાલો તે એડક, હરણિયો, સર્પ, સસલું, બિલાડો, ઉંદર, શિયાલ, ભિલ્લ વિષ્ટાનો કીડો, કીડી, રીછ,-વીછી, સિંહ, ચિત્તો, કૂતરો, ગરોળી, કાગડો, કૂતરી, પૃથ્વીકાય, અપકાય, અગ્નિ, વનસ્પતિમાં ઘણીવાર ઉત્પન્ન થઈને (પછી) છીપ-જલો-કીડી અને ગધેડો થયો. ગધેડો ખચ્ચર, શંખ, બળદ, પાડો, હાથી, ઘોડો, ભેંસ, વાઘ, નોળિયો ને નોળિયણ થયો. આ પ્રમાણે ઘણા ભવોમાં દુઃખની પરંપરાને સહન કરીને ભીમનો જીવ અનુક્રમે શ્રી શત્રુંજયગિરિઉપર હરણ થયો.

ત્યાં પ્રભુના મુખને જોતાં જોતાં તે હરણ મરીને સ્વર્ગમાં ઘણા દેવોથી સેવાયેલો દેવ થયો ત્યાંથી ચ્યવીને સુવર્ણપુરમાં સોમરાજાનો શ્રેષ્ઠ રૂપવાલો, શ્રેષ્ઠ પરાક્રમવાલો ધનનામે પુત્ર થયો. ત્યાં જીવવધમાં આસક્ત મરીને કનકપત્તનમાં સારા દિવસે વસુદત્ત શેઠનો કનક નામે પુત્ર થયો.

એક માસ પછી તેની માતા પરલોકમાં ગઇ. સ્તનપાનના અભાવે કનક ઘણો દુઃખી થયો. પાંચમે મહિને તેનો પિતા મરણ પામ્યો. તેના પાપના ઉદયથી તે પછી કરોડો પ્રમાણ સોનામહોર જલદી અદ્રશ્યપણાને પામી, કોઈક સ્ત્રીએ દયાવડે દૂધ પિવરાવી તેને મોટો કર્યો. તે વખતે બધા લોકોએ તેને નિષ્પુણ્યક એવું નામ આપ્યું.

ઘરે ઘરે ભિક્ષાવૃત્તિવડે ભીખ માગતો તે દીન આત્મા મોટો થાય છે. ને નિરંતર તિરસ્કાર કરાય છે. એક વખત માંગીને ખાતો તે મામાવડે પોતાના ઘરે લઇ જવાયો. ત્યારે રાત્રિમાં તેનું ઘર ચોરોએ લૂંટ્યું. તે પછી મામાવડે તે કાઢી મુકાયો. તે જે ઘરમાં રહે છે. તે બળી જાય છે. અથવા ચોરાય છે. જ્યારે કોઇ કોઇ ઠેકાણે પોતાના ઘરમાં ઊભા રહેવા દેતું નથી ત્યારે તે નિષ્પુણ્યક મનમાં ઘણો દુઃખી થયો. તે પછી ઉદ્વિગ્ન ચિત્તવાળો તે નિષ્પુણ્યક દૂર દેશમાં તામ્રલિપ્તિ નગરીમાં ગયો. ને પૈસાદાર શેઠના ઘરમાં રહ્યો, તે દિવસે તેનું ઘર બળી જવાથી ઘરના સ્વામીએ કાઢી મૂક્યો. હડકાયા કૂતરાની પેઠે કોઇના ઘરે રહેવા પામતો નથી. તેથી અતિ દુઃખિત અને દીનમનવાળો નિષ્પુણ્યક પોતાનાં પૂર્વે કરેલાં અત્યંત કર્મને દીનવાણીવાલો તે વારંવાર નિંદવા લાગ્યો.

कम्मं कुणंति सवसा, तस्सुदयम्मि अ परव्वसा हुंति।
रूक्खं चडइ सवसो, निवडइ परव्वसो तत्तो ।।१।।
गन्तव्यं नगरशतं, विज्ञानानीक्षितव्यानि।
नरपतिशतं च सेव्यं, स्थानान्तरितानि भाग्यानि।।

જીવો પોતાને અધીન એવા કર્મને કરે છે. અને તેના ઉદયમાં પરાધીન થાય છે, પોતાને અધીન એવો વૃક્ષ ઉપર ચઢે છે, અને તેની ઉપરથી પરાધીન એવો પડે છે, સેંકડો નગરમાં જવું જોઇએ. વિજ્ઞાનો જોવાં જોઇએ. સેંકડો રાજાની સેવા કરવી જોઇએ. ભાગ્ય બીજા સ્થાનોમાં હોય છે, (માટે) આ પ્રમાણે વિચારીને સમુદ્રમાં વહાણમાં ચઢીને તે નિષ્પુણ્યક વહાણના સ્વામીના સેવકભાવને પામ્યો. કુશળતાપૂર્વક સારા દિવસે વહાણ કનકદ્વીપમાં પહોંચે છતે નિષ્પુણ્યક વિચારવા લાગ્યો કે આજે નિશ્ચે મારું ભાગ્ય ઊઘડ્યું છે. હું સમુદ્રમાં ચઢે છતે વહાણ ભાંગ્યું નહિ. તેથી ખરેખર હમણાં મારું ભાગ્ય છે. અથવા તો હું હમણાં વિધાતાથી ભૂલી જવાયો છું. ચાલવાના વખતે કુશળતા પૂર્વક જવાય તો સારું, વહાણનો માલિક કરિયાણાં વેચીને ત્યાં ઉપાર્જન કરેલું ધન લઇને સમુદ્રમાં પોતાના નગર તરફ ચાલ્યો. વહાણ ચાલતે છતે પ્રચંડ પવનથી અથડાયેલું તે વહાણ પાપડના સમૂહની જેમ પર્વતને વિષે અફળાઇને જલદી ભાંગી ગયું. ભાગ્યયોગે પાટિયું મલવાથી નિષ્પુણ્યક સમુદ્રના કિનારે જઇને ચંદ્રપુરના સ્વામી ભીમનાં ચરણોની સેવા કરે છે. તે વખતે ત્યાં ધાડ આવી (પડી) તે નગરને લૂંટતી ભીમઠાકરુને મારી નાંખ્યો.અને નિષ્પુણ્યકને પકડ્યો. ધાડનો સ્વામી જેટલામાં પોતાના ગામ ગયો તેટલામાં ઘણી લક્ષ્મીસહિત તેનું ઘર બળી ગયું, બીજે દિવસે ગાયો ચાલી ગયે છતે તે પલ્લીપતિ શત્રુની પાછળ જતો શત્રુ સાથે યુદ્ધ કરતો યમમંદિરમાં લઇ જવાયો. તેથી આ પુણ્ય વગરનો છે એમ કરીને પલ્લીના મનુષ્યોવડે કાઢી મુકાયો. દુઃખી ચિત્તવાલો બીજા દેશમાં ગયો. ત્યાં એક દેવમંદિરમાં નિરંતર ઉપવાસ કરતો દેવમંદિરને સાફ કરતો તે યક્ષ પાસે લક્ષ્મીની યાચના કરે છે. એકવીસ ઉપવાસવડે તુષ્ટ થયેલા યક્ષે કહ્યું કે સવારે સોનાનો મોર પ્રગટપણે મારી આગળ નાચે છે તે નૃત્યને અંતે સવારે એક સોનાનું પીછું મૂકે છે. હે નિષ્પુણ્યક ! તે પીછું તારે હંમેશાં લઇ લેવું. તે પછી હંમેશાં સવારે મોરમાંથી પડેલા સુવર્ણમય પીંછાને ગ્રહણ કરતા તેણે એકસો પીંછાં લીધાં.

એક વખત નિષ્પુણ્યકે વિચાર્યું કે અહીં હંમેશાં કોણ આવે ? એક મુઠ્ઠીવડે સોનાનાં બધાં પીંછાં લઇ લઉં. આ પ્રમાણે વિચારીને તે પીંછાં લેવા માટે જેટલામાં તે ઊભો થયો તેટલામાં મોર કાગડો થઇ ગયો ને ઊડીને કોઇ ઠેકાણે

ગયો. ઉતાવળો પોતાના ઘરે જઇને જેટલામાં તે પીછાઓને જુએ છે તેટલામાં કાગડાઓના પીછાંઓ જોઇને તે ખિન્ન થયો કહ્યું છે કે :-

दैवमुल्लङ्घ्य यत्कार्यं-क्रियतेफलवन्नतत्।
सरोम्भश्चातकेनाऽत्तं-गलरन्ध्रेण गच्छति ।।१।।

ભાગ્યને ઓળંગીને જે કાર્ય કરાય છે તે ફલવાળું થતું નથી. ચાતકવડે ગ્રહણ કરાયેલું સરોવરનું પાણી ગળાના છિદ્રવડે નીકળી જાય છે. હું ભાગ્ય વગરનો છું. એમ વિચારતાં ત્યાંથી જતા નિષ્પુણ્યકે એક જ્ઞાની સાધુને જોઈને નમસ્કાર કરી બે હાથ જોડી પૂછ્યું મેં પૂર્વભવમાં કયું કર્મ કર્યું ? જેથી હું ઘણો દુઃખી થયો ? તે પછી મુનિએ કહ્યું કે તેં જિનના દ્રવ્યમાંથી એક હજાર કાકિણી ક્રયવિક્રય કરી લીધી હતી. અને તે વખતે આલોચના ન કરી, હવે પોતે નિરંતર દેવમંદિરમાં કામ કરતાં જો તું એક કરોડ સોનામહોર આપે તો તારો દેવદ્રવ્યથી જલદી છુટકારો થાય.

આ પ્રમાણે સાંભળીને તે જિનમંદિરમાં તેવી રીતે આદરપૂર્વક કામ કરવા લાગ્યો કે જેથી તેને દેવદ્રવ્યના દેવાનો અભાવ થયો. તે પછી નિષ્પુણ્યક નીતિપૂર્વક વ્યવસાય કરવા લાગ્યો.. જેથી તેના ઘરમાં ત્રણ લાખ સોનામહોર ભેગી થઇ તે પછી તે વિશેષે દેવદ્રવ્યનું રક્ષણ કરવા લાગ્યો. ને બે લાખ સોનામહોરવડે એક મોટું જિનમંદિર ત્યાં કરાવ્યું. અને શ્રી શાંતિનાથ પ્રભુના બિંબને સ્થાપન કર્યું. તે પછી તેના ઘરમાં દિવસે દિવસે લક્ષ્મી વધવા લાગી. અને પુણ્યયોગે આઠ કરોડ સોનામહોર થઇ. જિનમંદિરોની સાર સંભાળ કરતો, અનુમોદના કરતો, દેવદ્રવ્યનું રક્ષણ કરવાથી દેવદ્રવ્યની વૃદ્ધિ કરવા લાગ્યો . ત્રણે સંધ્યાએ શ્રેષ્ઠ પુષ્પોવડે જિનેશ્વરની પૂજા કરતા નિષ્પુણ્યકે મોક્ષને આપનારું ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું.

એક વખત નિષ્પુણ્યક વણિક શ્રી ગુરુપાસે ગયો. અને આ પ્રમાણે આદરપૂર્વક શ્રી શત્રુંજયનું માહાત્મ્ય સાંભલ્યું. જે પર્વતઉપર ચઢેલાં પ્રાણીઓ લોકના અગ્રભાગઉપર ચઢે છે. (જાય છે) તે શ્રી શત્રુંજય મહાગિરિ પ્રાણીઓવડે ભાગ્યથી પ્રાપ્ત કરાય છે. અહીં તીર્થંકરો અને અનંતા મુનિઓ કર્મનો ક્ષય કરી સિદ્ધ થાય છે. શ્રી શત્રુંજયગિરિઉપર જે પશુ પક્ષીઓ સેવા કરે છે, તેઓ ખરેખર થોડા ભવોમાં મોક્ષ પામે છે. સર્વજ્ઞ મોક્ષમાં ગયે છતે અને કેવલજ્ઞાન નષ્ટ થયે છતે પૃથ્વીતલ ઉપર આ ગિરિરાજ લોકોને સાંભળવાથી અને કીર્તન કરવાથી તારનારો છે. આ દુષમ સમયમાં કેવલજ્ઞાન ચાલી ગયે છતે અને ધર્મ વિસંસ્થૂલ (અવ્યવસ્થિત) થયે છતે આ તીર્થ જગતને હિતકારી છે. અરિહંતોની પૂજા-ગુરુની ભક્તિ, શ્રી શત્રુંજયની સેવા ને ચતુર્વિધસંઘનો સમાગમ (મિલન) પુણ્યોદયે થાય. આ પ્રમાણે ગુરુના મુખેથી સાંભળીને સુધર્મને જાણનાર નિષ્પુણ્યકે શ્રી શત્રુંજયને વિષે યાત્રા કરવા માટે ઘણા સંઘને ભેગો કર્યો.

સારા મુહૂર્તે નગરમાં ને ગામમાં સર્વજિન મંદિરોમાં પૂજાનોઉત્સવ કરતો તે શ્રી શત્રુંજય પાસે ગયો. ત્યાં સ્નાત્રોત્સવ કરતો ઘણું દાન આપતો સંઘસહિત તે શ્રી સિદ્ધગિરિઉપર ચઢયો. ત્યાં શરુઆતમાં અત્યંત વિસ્તારથી ઋષભદેવપ્રભુની પૂજા કરીને તેણે પ્રભુની પાદુકાની પૂજા રાયણના વૃક્ષની નીચે કરી. તે પછી બીજાં જિનમંદિરોમાં જિનેશ્વરોની પૂજા કરી, તે પછી સમજુ એવા તેણે જિનેશ્વરની પૂજા કરીને માલાનું પરિધાન કર્યું, તે પછી ઘણા ધનનો

વ્યય કરી આરતી કરી, પછી મંગલ દીવો કર્યો. તે પછી ભાવપૂજા કરી. તે પછી રૈવતગિરિઉપર અત્યંત વિસ્તારથી શ્રી નેમિનાથપ્રભુને નમસ્કાર કરીને નિષ્પુણ્યક વણિક્વર પોતાના ગામમાં ગયો. પોતાના પુત્રને ઘરનો ભાર સોંપીને હર્ષવડે દીક્ષા લઈને ત્યાંથી નિષ્પુણ્યક યતિ શત્રુંજયમાં આવ્યા. ત્યાં સંપૂર્ણકર્મ ખપાવીને લાખ સાધુની સાથે સારા દિવસે મુક્તિ નગરીમાં ગયા. જ્યારે તે નિષ્પુણ્યક યતિ મુક્તિપુરીમાં ગયા ત્યારે લોકો કહેવા લાગ્યા કે હમણાં આ સારા પુણ્યવાલા થયા છે.

તિર્યંચોના પણ મુક્તિગમનમાં નિષ્પુણ્યકની કથા સમાપ્ત

શ્રી શત્રુંજયના વ્યાખ્યાનમાં ભીમરાજાની કથા

जस्स सयाऽऽईकप्पे, वक्खाए झाइए सुए सरिए।
होई सिवं तइयभवे, तं सित्तुंजय महातित्थं ।।३६।।

ગાથાર્થ : જે શત્રુંજયના સર્વકલ્પમાં મુખ્ય એવા કલ્પનું શુદ્ધ મનવડે ધ્યાન કરવાથી સાંભળવાથી ને સ્મરણ કરવાથી ત્રીજે ભવે મોક્ષ થાય, તે શત્રુંજય મહાતીર્થ જય પામો.

ટીકાર્થ : જે શત્રુંજયના પ્રથમ કલ્પનું હંમેશાં વિસ્તારથી શુદ્ધ મનવડે વ્યાખ્યાન કરવાથી– ધ્યાન કરવાથી બે કાન વડે સાંભળવાથી અને ઉપયોગ આદિવડે સ્મરણ કરવાથી પુરુષ અથવા સ્ત્રીને ત્રીજાભવે મુક્તિ થાય. તે શત્રુંજય નામનું મહાતીર્થ ચિરકાલ જયવંતુ વર્તો.

પદ્માકર નામના નગરમાં મનોહરા નામની ચતુર એવી ચૈત્ર (શેઠ)ની પુત્રીએ એક દરિદ્ર મનુષ્યને જોઈને આ પ્રમાણે કહ્યું હે વણિક ! તારા ઘરમાં એક કાકિણી પણ નથી ? દરિદ્રીએ કહ્યું કે પેટ ભરવા માટે એક કાકિણીવડે શું થાય? જેની પાસે ધન છે તે મનુષ્ય કુલવાન છે. તે પંડિત છે. તે જ્ઞાનવાળો છે. તે ગુણને જાણનારો છે. તેજ વક્તા છે. તેજ દર્શન કરવા લાયક છે. સર્વે ગુણો સોનાનો આશ્રય કરે છે. ત્યાં સુધી નાતા છે. ત્યાં સુધી પિતા છે. ત્યાંસુધી સર્વે બાંધવો

છે. ત્યાં સુધી સ્ત્રીઓ પણ હંમેશાં હર્ષપામેલી હોય છે જ્યાં સુધી ઘરમાં લક્ષ્મી સ્થિર હોય.

મનોહરાએ કહ્યું કે જો ઘરમાં એક કાકિણી હોય તો મનુષ્ય અથવા સ્ત્રીને દારિદ્ર કેમ થાય ? દરિદ્રીએ કહ્યું કે પ્રાયઃ કરીને ધનવાન મનુષ્ય અને રાજા દારિદ્રયથી ઉત્પન્ન થયેલી બીજાની વેદનાને જાણતા નથી. કહ્યું છે કે :-

लक्ष्मीवन्तो न जानन्ते, प्रायेण परवेदनाम् ।।
शेषेधराभराक्रान्ते, शेते लक्ष्मीपतिः स्वयम् ।।१।।
भक्ते द्वेषो जडे प्रीति-रूचिर्गुरूलङ्घनम् ।
मुखे कटुकताऽत्यन्तं, धनिनां ज्वरिणामिव ।।२ ।।

ઘણું કરીને પૈસાદારો બીજાની વેદનાને જાણતા નથી. શેષનાગઉપર પૃથ્વીનો ભાર આરોપણ કરી વિષ્ણુ પોતે સૂઈ જાય છે. ભોજનઉપર દ્વેષ, જડઉપર પ્રીતિ, અરુચિ, ગુરુનું, વડીલોનું ઉલ્લંઘન-મુખમાં અત્યંત કડવાશ – તાવવાળાની જેમ પૈસાદારોને હોય છે. ગુપ્તપણે ભીમરાજા આ સાંભળી બીજે દિવસે મનોરમાને પરણીને પરીક્ષા કરવા માટે પોતાના આવાસમાં લઈ ગયો. એક દિવસ રાત્રિમાં રાજા-પત્નીના વસ્ત્રના છેડામાં એક કાકિણી બાંધીને બીજા સ્થાને ગયો. નિદ્રારહિત થયેલી તેણીએ વસ્ત્રના છેડામાં બાંધેલી એક કાકિણીને જોઈને મનોરમા વિચારવા લાગી કે દરિદ્રીની આગળ પહેલાં જે કાકિણીના ઉપાર્જનનો વૃત્તાંત કહેવાયેલો તે કોઈ ઠેકાણે રાજાવડે સંભળાયો છે. તેથી હું દ્રવ્ય ઉપાર્જન કરી પોતાનું કહેલું સફળ કરું. તે કાકિણીને લઈને ગુપ્તપણે નગરમાંથી નીકળીને મનોરમા લક્ષ્મીપુરમાં માલીના મંદિરે ગઈ. કાકિણીવડે પાંચ ફૂલ લઈને માલીના આકારવાલી તેણીએ જઈને રાણીને આપ્યાં.

હર્ષિત થયેલી રાણીએ તેને આઠ ટંક આપ્યા, તે ટંકવડે ફૂલો લઈને ગૂંથીને એનું ચરણ કરીને ફરીથી રાણીને આપ્યાં. તે વખતે રાણીએ તેને સો ટંક આપ્યા. તે પછી તેણે સો ટંકવડે ફૂલો લઈને મનુષ્યના (પુરુષના) રૂપને ધારણ કરી રાજાઓ અને શેઠિયાઓના આવાસોવડે સુંદર એવી નગરની સૃષ્ટિ -રચના કરી, અને નગરની સૃષ્ટિ તેણે રાજાને ભેટ કરી. હર્ષિત થયેલા રાજાએ તેને સુંદર એવાં દશ ગામ આપ્યાં. તે મનુષ્ય દશગામ લઈને ત્યાં સમાધિવડે (શાંતિપૂર્વક) રહ્યો. આ બાજુ ત્યાં રાજા આવ્યો અને તે વખતે તેણીવડે તે જોવાયો. મનોહર રાજાવડે તે રાજા આમંત્રણ અપાયો, અને સુંદર અન્ન આપી આદરપૂર્વક જમાડાયો. એક કાકિણી, સોપારી, નાગરવેલ સહિત બીજું સ્ત્રીરૂપને ધારણ કરનારી તેણીએ રાજાને આપ્યું. પોતાની કાકિણી જોઈને રાજા પોતાની પત્નીને ઓળખીને જેટલામાં બોલે છે તેટલામાં હર્ષ વડે તે તેના બે પગમાં પડી, તે પછી રાજાવડે ગ્રામઉપાર્જન કરવાનું કારણ પુછાયું. મૂલથી માંડીને શિખા સુધી પત્નીએ રાજાની આગળ કહ્યું, તે પછી રાજા તે પોતાની સ્ત્રીને પોતાના ઘરે લઈ જઈને ઘણાં વસ્ત્ર આભૂષણ આપી પટ્ટરાણી કરી. મનોરમાએ સારા દિવસે પુત્રને જન્મ આપ્યો. તેનો જન્મોત્સવ કરી રાજાએ તેનું નામ સોમ એવું આપ્યું.

અનુક્રમે સોમને પોતાની પાટપર સ્થાપન કરી ભીમરાજા ધનાચાર્યની પાસે દીક્ષા લઈ જિનાગમ ભણ્યા. આચાર્યપદ પ્રાપ્ત કરીને પૃથ્વીતલઉપર વિહાર કરી શ્રી શત્રુંજયઉપર શ્રી ઋષભદેવ આદિ જિનેશ્વરોને નમન કર્યું, તે પછી ગામ,નગર અટવી, પર્વતના શિખરઉપર તેમણે શ્રી શત્રુંજયતીર્થના માહાત્મ્યને કહ્યું. જે શત્રુંજયતીર્થમાં

જિનેશ્વરોની પૂજા કરે છે. સ્તુતિ કરે છે. આદરથી નમસ્કાર કરે છે. તે મનુષ્ય જલદી મોક્ષમાં જાય છે, જે પ્રાણી પાણી વગરના (ચોવિહારા) છઠ્ઠભક્તવડે શ્રી શત્રુંજયગિરિઉપર સાત જાત્રા કરે છે તે ત્રીજા ભવમાં મોક્ષને પામે છે.

श्रीतीर्थपान्थरजसा विरजीभवन्ति, तीर्थेषुबम्भ्रमणतो न भवे भ्रमन्ति।
द्रव्यव्ययादिह नराः स्थिरसम्पदः स्यु र्पूज्याभवन्ति जगदीशमथार्चयन्तः ।।
नवि तं सुवण्णभूमी; भूसणदाणेण अन्नतित्थेसु।
जं पावइ पुण्णफलं, पूजा ण्हवणेण सित्तुंजे ।।१ ।।

તીર્થના માર્ગની રજવડે આત્મા કર્મરૂપી રજથી રહિત થાય છે. તીર્થોમાં ભ્રમણ કરવાથી સંસારમાં ભ્રમણ કરતો નથી. તીર્થને વિષે દ્રવ્યનો વ્યય કરવાથી મનુષ્યો સ્થિર સંપત્તિવાલા થાય છે. ને પરમાત્માની પૂજા કરનારા પૂજ્ય થાય છે. તેવી કોઇ સુવર્ણભૂમિ (પુણ્યભૂમિ) નથી. અન્ય તીર્થોમાં આભૂષણ આપવાથી જે પુણ્યફલ થાય છે. તે શ્રી શત્રુંજય ઉપર સ્નાત્રપૂજાવડે થાય. ઇત્યાદિ શ્રી સિદ્ધગિરિનું માહાત્મ્ય હંમેશાં વર્ણન કરતાં ભીમસૂરિ મરણ પામ્યા ને પહેલા દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવેલા ઉમાનગરીમાં રામ નામે રાજા થયા. અનુક્રમે દાક્ષગુરુ પાસે દીક્ષા લઈને ગુરુ થયા. તે પછી ભવ્ય જીવોને સર્વજ્ઞના ધર્મને વિષે પ્રતિબોધ કરતાં શ્રી શત્રુંજયગિરિઉપર રામસૂરિ સર્વકર્મનો ક્ષય કરી ઘણા સાધુના સમુદાયથી યુક્ત રામસૂરીશ્વર મોક્ષનગરીમાં ગયા.

શ્રી શત્રુંજયના વ્યાખ્યાનમાં ભીમરાજાની કથા સંપૂર્ણ.

શ્રી શત્રુંજયનું ધ્યાન કરવાઉપર સોમ રાજાની કથા.

શ્રીપુર નામના નગરમાં શ્રવણશેઠનો કમલ નામે સેવક હતો. તે શેઠ સેવક સાથે સમુદ્રમાં ચાલ્યા. ઘણું દ્રવ્યઉપાર્જન કરી ચાલતા તેમનું વહાણ સમુદ્રમાં ભાંગી ગયું. તે બન્નેને હાથમાં પાટિયું આવ્યું. દૈવયોગથી ત્રણ દિવસે તે બન્ને સમુદ્રના કિનારે પહોંચ્યા. શેઠને મૂર્ચ્છા પામેલા જોઈને કમલે તેમની પાસેથી લક્ષ્મી લઇ લીધી. જતો એવો તે કમલ લક્ષ્મીપુરમાં પુત્ર વગરનો રાજા મરી ગયો ત્યારે પંચદિવ્યના પ્રયોગથી મોટું રાજ્ય પામ્યો. આ બાજુ સચેતન

થયેલો શેઠ લક્ષ્મીપુરમાં ભ્રમણ કરતો બુદ્ધિની દુકાનમાં ત્રણ સોનામહોર આપી ત્રણ બુદ્ધિ લીધી. **"નીચ એવો પણ નાનો અવસરે માન્ય કરવો." "જોયેલું ન જોયેલું કરવું – શુભ ને અશુભકાર્ય તમારે કરવું."** અને **"જમાણ માટે પ્રાર્થના કરાયે છતે અવસરે નિશ્ચેમાન્ય કરવું"** તે પછી શેઠ ચાલતો લક્ષ્મીપુર પાસે આવ્યો. તેવા પ્રકારની અવસ્થામાં પડેલા શેઠને આવતા જોઈને રાજાએ ઘોડા પરથી ઊતરીને પિતાની જેમ નમન કર્યું. હે શેઠ ! તમે મારા પિતાના સ્થાને છો. એમ બોલતાં રાજાએ લઈ જઈને ભોજન આપી તેનું ગૌરવ (સન્માન) કર્યું. શેઠ પણ રાજાનો આશ્રય કરે છે. રાજા પણ તેનું માન કરે છે.

નિર્મલ મનવાલા શેઠે શ્લાઘા સહિત પહેલી બુદ્ધિને વખાણી. રાજા કોઈ ઠેકાણે ગયા ત્યારે રાજપત્નીને પુરોહિત સાથે ભોગસુખમાં આસક્ત સ્પષ્ટ રીતે જોઈ. તે બન્નેએ તે વખતે શેઠને જતો જોયો, જોયેલાને ન જોયેલું કરીને બુદ્ધિને યાદ કરતો ઘેર ગયો, ચકિત થયેલી રાજાની પત્ની શેઠને શૂલની જેમ જુએ છે. નિર્વિકાર એવો શેઠ કુમાર્ગમાં જતો નથી.

એક વખત રાજા આવ્યા ત્યારે રાજપત્ની બોલી. આ શેઠ તમારે પિતાના સ્થાને હંમેશાં વલ્લભ છે. તે શેઠ ભોગને માટે મારા શરીરમાં દૃઢપણે વળગ્યો હતો. હે પતિ ! મારાવડે અત્યંત તિરસ્કાર કરાયેલો તે વખતે તે દૂર થયો. હે પતિ ! તમારે તે દુષ્ટ શેઠને ગુપ્તપણે મારી નાખવો. તે પછી રાજાએ પોતાના હાથે લેખ લખ્યો કે મંત્રી ! વગર વિચારે આને જલદી મારવો. કારણ કે આ પાપિષ્ઠ – દુષ્ટમનવાલો છે. એ લખીને બંધ કરીને તે વખતે શેઠને આપીને રાજાએ કહ્યું કે તું આ લેખને કલ્યાણ ગામમાં મારા મંત્રીને આપ. લેખ લઈને જતા એવા તેને જોઈને પુરોહિતે વિચાર્યું કે આને જમાડવામાં આવે તો મારું કરેલું કોઈ ઠેકાણે બોલે નહિ, તે પછી શેઠને બોલાવીને પુરોહિતે આ પ્રમાણે કહ્યું કે હે સ્વચ્છ! આજે અહીં જમીને તું જા, તે વખતે શેઠે આ પ્રમાણે કહ્યું. રાજાએ આપેલો આ લેખ જલદી મંત્રીને આપવો જોઈએ. તેથી જમીને ઊભું રહેવું શક્ય નથી. તે પછી પુરોહિતે કહ્યું કે તું અહીં હમણાં જમ. હે વણિક ! મુદ્રિત એવો લેખ જલદી હું સુમતિને આપીશ. તે આ ત્રીજી બુદ્ધિને યાદ કરીને શેઠ જમવા માટે રહ્યો. લેખ લઈને પુરોહિત સુમતિ પાસે ગયો. લેખ આપીને જેટલામાં તે ઊભો રહ્યો., સુમતિ મંત્રીવડે તે વંચાયો. એકાંતમાં લઈ જઈને મંત્રીએ તેનું મસ્તક કાપી નાંખ્યું. શેઠ જમીને રાજા પાસે આવ્યો. રાજાવડે તે કહેવાયો કે તું કલ્યાણ ગામમાં સુમતિ પાસે ગયો નથી ? શેઠે કહ્યું કે હું બળાત્કારે જમવા માટે પુરોહિતવડે પોતાના ઘરમાં સ્થાપન કરાયો અને ત્યાં લેખ સહિત પુરોહિત ગયો. રાજા વિચારવા લાગ્યો કે ખરેખર મંત્રીવડે પુરોહિત હણાયો. તે વખતે અકસ્માત હમણાં પુરોહિત મરાયો. તે પછી રાજાવડે કહેવાયું કે મારાવડે મોકલાયેલો તું રહ્યો. શેઠે ત્રણ બુદ્ધિ ગ્રહણ કરવાનું ફલ એકી સાથે કહ્યું.

તે પછી રાજાવડે તે પ્રિયા પોતાના દેશમાંથી કાઢી મુકાઇ ને સારાઉત્સવપૂર્વક શેઠને મંત્રીઓમાં મુખ્ય કર્યો. અનુક્રમે તે રાજાને પાંચસો હાથી – આઠ લાખ ઘોડાઓ ને કરોડો સેવકો થયા. એક વખત જ્ઞાનમાણિક્યસૂરિપાસે આ પ્રમાણે શ્રી સિદ્ધગિરિનું માહાત્મ્ય સાંભલ્યું. હજારો પાપો કરીને, સેંકડો પ્રાણીઓને હણીને આ શ્રી શત્રુંજ્યને પામીને તિર્યંચો પણ સ્વર્ગમાં ગયાં છે. મોક્ષને આપનાર એવા શત્રુંજ્યનું હૃદયમાં ધ્યાન કરનાર લોકો સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મીને જલદી મેળવે છે. જે વિમલગિરિ દર્શન કરવાથી પાપને હણે છે, પ્રણામ કરવાથી બે દુર્ગતિને હણે છે, અને જે સંઘપતિ ને અરિહંતપદને કરનારો છે તે જય પામો. ધ્યાન કરવાથી એક હજાર પલ્યોપમ – અભિગ્રહ કરવાથી લાખ પલ્યોપમ ને માર્ગમાં (તેની સન્મુખ) જતાં એક સાગરોપમનાં એકઠાં કરાયેલાં દુષ્કર્મ ક્ષય થાય છે.

આ પ્રમાણે સાંભળી શ્રી શત્રુંજયગિરિઉપર જવાની ઇચ્છાવાળો રાજા ત્યાં જવાની ઇચ્છાવડે હંમેશાં તીર્થનું ધ્યાન કરે છે. અનુક્રમે શ્રી શત્રુંજયઉપર જવા માટે અશકત એવો રાજા તીર્થના ધ્યાનથી મરેલો., પહેલા દેવલોકમાં ઇન્દ્ર થયો. ત્યાંથી ચ્યવેલો કલાપુરી નગરીમાં ચંદ્રરાજાનો સોમચંદ્ર નામે રૂપ અને લાવણ્યવડે સુંદર પુત્ર થયો. અનુક્રમે વૃદ્ધિપામતો સોમચંદ્ર શ્રી શત્રુંજયના નમસ્કારના ફલરૂપ શ્રી સિદ્ધગિરિઉપર સંઘસહિત ગયો. ત્યાં તે શ્રી ઋષભદેવની દ્રવ્યપૂજા કરતાં ઘણાં કર્મના સમૂહ ક્ષણવારમાં ક્ષય પામ્યા. તે પછી શ્રી ઋષભદેવપ્રભુની આગળ ભાવપૂજા કરતાં સોમચંદ્રને તરતજ કેવલજ્ઞાન થયું. તે વખતે આયુષ્યનો ક્ષય થવાથી શ્રેષ્ઠ કેવલજ્ઞાની એવા સોમચંદ્રે સિદ્ધોવડે શોભતી મોક્ષનગરીને અલંકૃત કરી.

શ્રી શત્રુંજયનું ધ્યાન કરવા ઉપર સોમરાજાની કથા સંપૂર્ણ



"સાંભળવાથી" એ પદની વ્યાખ્યા કરાય છે.

વર્ધમાન નગરમાં ન્યાયના ઘરરૂપ ચંદ્ર નામે રાજા હતો. તેણે મોટું સ્વર્ગના વિમાન સરખું શ્રેષ્ઠ ઘર કરાવ્યું. તેની આગળ ચિત્તને આશ્ચર્યકરનારી ચિત્રશાલા કરાવી. અને રાજાએ ચિત્રકારોને ચિત્ર ચીતરવામાટે ચિત્રશાલા આપી. તે ચિત્રકારો ચિત્રશાલામાં ચિત્રો ચીતરતા હતા. તેમાં એક વૃદ્ધ ચિત્રકાર ચિત્રને ચીતરે છે. ચિત્રકારની પુત્રી જ્યારે ભોજન આપવા માટે જાય છે ત્યારે તેનો પિતા બહારની ભૂમિમાં જાય છે, તેથી તે વિચારવા લાગી કે આ મારો પિતા મૂર્ખ છે. જે સમયને ઓળખતો નથી. કારણકે મારો પિતા જમવાના સમયે બહારની ભૂમિમાં જાય છે. આ પ્રમાણે વિચારીને ઘણો સમય ઊભીરહીને પોતે પિતાને જમાડે છે. મારો પિતા મૂર્ખશિરોમણિમાં સ્થાન પામેલો છે. પાંચ નક્કી મૂર્ખ શિરોમણિ છે. બીજે દિવસે જતી એવી તે રાજમાર્ગમાં ગઇ. તે વખતે રાજા માર્ગમાં ઘોડાને ખેલાવતો હતો. તેવી રીતે પોતાની ઇચ્છાપ્રમાણે ઘોડાને ખેલાવતા રાજાને જોઇને ચિત્રકારની પુત્રી વિચારવા લાગી કે આ રાજા પણ મૂર્ખ છે. ઘોડાના ઘાતથી જ્યારે મનુષ્ય પાડી નંખાશે ત્યારે (મનુષ્ય) પાણીપણ માંગશે નહિ અને બોલી પણ નહિ શકે. કહ્યું છે કે :-

शकटं पञ्चहस्तेभ्यो, दशहस्तेन वाजिनम्।
हस्तिनं शतहस्तेन, देश त्यागेन दुर्जनम्॥१॥

ગાડાને પાંચ હાથ દૂરથી ત્યાગવું – ઘોડાને દશ હાથ દૂરથી છોડવો. હાથીને સો હાથ દૂરથી છોડવો. અને દુર્જનને દેશ છોડી ત્યાગવો. (૧) આઠ ચિત્રકારો જેટલી ભૂમિઉપર ચિત્ર કરે છે. તેટલી જ પોતાના પિતાની ભૂમિ જોઈને તે વિચારવા લાગી. આ પ્રમાણે ચિતારાઓને ચીતરવા માટે ભૂમિ આપતો રાજા ખરેખર મૂર્ખ છે. કાંઈપણ જાણતો નથી. એક વખત ચિત્રકારની પુત્રીએ ગુપ્તપણે પિતાની ચિત્રભૂમિમાં સુંદર પીછાં – મુખ – પગ આદિથી સુંદર મોરને ચીતર્યો. તે ચિત્ર જોવામાટે ત્યાં રાજા આવ્યો. પીછાંને લેવા માટે હાથને નાંખતો પોતાના હાથમાં પીંછાંને પામ્યો નહિ ફરીથી નખવડે પૃથ્વીને ખોદતાં રાજાના નખો પડી ગયા. તેથી રાજા અત્યંત વિલખો થયો. તે વખતે હસતી ચિતારાની પુત્રીએ રાજાને કહ્યું. હમણાં હે સુંદર ! તું ખાટલાનો ચોથો પાયો થયો છું. તે પછી રાજાએ કહ્યું કે તારાવડે ખાટલાના કયા પગો કહેવાયા છે ? ચિતારાની પુત્રીએ કહ્યું કે એક તો મારો પિતા થયો. જે જમવાના સમયે વડીનીતિ કરવા માટે જાય છે. રાજામાર્ગમાં ઘોડાને ખેલાવતો બીજો પાયો થયો. આઠ ચિતારાઓને અને મારા પિતાને સરખી ચિત્રમંદિરની જગ્યા આપતો હે રાજા ! તું ખરેખર ત્રીજો પાયો થયો છે. ને ચીતરેલા મોરનાં પીંછાંને લેવામાટે પોતાનો હાથ નાંખતો ચોથો પાયો થયો. આથી હે રાજા !હમણાં તે ખાટલાના ચારે પાયા શ્રેષ્ઠ જણાય છે. ચિત્રકારની પુત્રીને ચતુર જાણીને રાજાએ પરણીને તેને રહેવા માટે શ્રેષ્ઠ ઘર આપ્યું. રાણીએ રાજાને રંજન કરવા માટે પોતાની સખીને શિખવાડીને રાજા આવે છતે ચતુરપણે બોલાવતી હતી. સખીએ કહ્યું કે એક હાથ પ્રમાણ દેવમંદિરમાં ચાર હાથ પ્રમાણદેવ કેવી રીતે સમાય? તેનો ઉત્તર આપો. સખીને કહ્યું કે કાલે આનો ઉત્તર આપીશ. તેથી રાજા ચકિત થયો. તે સ્ત્રી પાસેથી ઉત્તર સાંભળવા માટે રાજા બીજે દિવસે ત્યાં આવે છતે સખીએ ફરીથી કહ્યું કે સાત હાથનો દેવ – ત્રણ હાથ પ્રમાણ ઘરમાં કેમ માય ? ચાર હાથવાળો દેવત્રણ હાથવાલા ઘરમાં કેમ માય ? આ પ્રમાણે દિવસે દિવસે સખીવડે કહેવાયે છતે રાણી એ પ્રમાણે કહેતી હતી કે હે સખિ ! હું તને કાલે ઉત્તર આપીશ. એમાં સંશય નથી. આ પ્રમાણે બોલે છતે એક વર્ષ સુધી રાજા નિરંતર તે પત્નીના ઘરમાં ભક્તિપૂર્વક પ્રિયાની પાસે આવ્યો.

તે વખતે રાજાની બીજી પત્નીઓ ચિત્રકારની પુત્રીના પરિગ્રહમાં (ગ્રહણમાં) ઈર્ષ્યાને કરતી રાજાને પ્રગટપણે આ પ્રમાણે કહેવા લાગી કે આ ચિત્રકારની પુત્રી હંમેશાં કામણને કરે છે. તેથી તું ત્યાં રહે છે. તારી પત્ની ખરેખર નીચ છે. (રાજા) તે પત્નીના ચરિત્રને જોવામાટે જ્યારે ગયો ત્યારે તે પતિસંબંધી આભૂષણને જુએ છે. પિતા સંબંધી આભૂષણોને આગળ તે બોલતી હતી. આ આભૂષણો પતિસંબંધી છે અને આ પોતાના પિતાનાં આપેલ છે. તું પતિની પાસેથી આવા પ્રકારની પ્રતિષ્ઠા પામીછે. તારો પિતા નીચ હતો. તારી પાસે લક્ષ્મી ન હતી. આ પ્રમાણે પત્નીને મનોહર જાણીને રાજાએ સર્વપત્નીઓમાં મુખ્યપણે કરી અને તેને આભૂષણોનો સમૂહ આપ્યો.

હે પ્રિયા! એક હાથના મંદિરમાં ચાર હાથવાલો દેવ કેવી રીતે નિશ્ચે સમાઇ શકે ? ઇત્યાદિ વચનની યુક્તિનો પ્રત્યુત્તર કહે. પત્નીએ કહ્યું કે ચાર હાથવાલો દેવ વિષ્ણુ કહેવાય છે. વીરજિન સાત હાથ પ્રમાણ કહેવાય છે પાર્શ્વનાથ વળી નવહાથ પ્રમાણ છે. ઇત્યાદિ મનોહર પ્રત્યુત્તર આપે છતે રાજા હર્ષિત થયો. ને વિશેષે કરીને તે પત્નીનું સન્માન કરતો હતો. એક વખત શ્રી માણિક્યસૂરીશ્વર ત્યાં આવ્યા. તે વખતે રાજા પોતાની પત્ની આદિથી યુક્ત તેઓને વંદન કરવા માટે ગયો. ગુરુએ કહ્યું કે જેઓ હર્ષપૂર્વક શ્રી જિનેશ્વરે કહેલો ધર્મ કરે છે તે પ્રાણીઓને સુખો દુર્લભ નથી.

चत्तारि परमंगाणि, दुल्लहाणिह जंतुणो।
माणुसत्तं सुई सद्धा, संजमंमिय वीरियं।।१।।

ધર્મનાં ચાર શ્રેષ્ઠ અંગો છે. મનુષ્યપણું, શાસ્ત્રશ્રવણ, શ્રદ્ધા ને સંયમમાં પરાક્રમ, તે અહી પ્રાણીઓને દુર્લભ છે (૧) શ્રી શત્રુંજયતીર્થનો સ્પર્શ કરીને રૈવતગિરિને નમસ્કાર કરીને ગજપદ કુંડમાં સ્નાન કરીને પુનર્જન્મ હોતો નથી.

एयं जम्मं सफलं सारं, विहवस्स इत्तियं चेव।
जं इच्छिज्जए गंतुं सित्तुंजे, रिसहजिण नमिउं।।१।।
निष्कलङ्कं कुलं तस्य, जननी तस्य भाग्यभूः।
करस्था तस्य लक्ष्मीःस्यात्-सङ्घोऽभ्येति यदङ्गणम्।।२।।

મનુષ્ય જન્મનું ફલ એ છે, વૈભવનો સાર એટલો છે, કે જે શ્રી શત્રુંજયમાં જઈને શ્રી ઋષભદેવ જિનેશ્વરને નમસ્કાર કરવા માટે ઈચ્છા કરાય (૧) તેમનું તપ કલંક રહિત છે તેની માતા ભાગ્યની ભૂમિ છે. તેને લક્ષ્મી હાથમાં રહેલી છે જેના આંગણામાં શ્રી સંઘ આવે છે. (૨) તે વખતે રાજાએ કહ્યું કે શ્રી શત્રુંજયતીર્થ દૂર છે તેથી હે ગુરુ ! શ્રી શત્રુંજયમાં જવા માટે અમારાવડે શક્ય નથી. તેથી શ્રી શત્રુંજયના કલ્પને સાંભળવાની મારી ઈચ્છા છે. તેથી ગુરુ રાજાની આગળ શ્રી શત્રુંજય કલ્પની વ્યાખ્યા કરે છે. રાજાએ સતત ચાર મહિનામાં શ્રી શત્રુંજયકલ્પ મોટા પરિવાર સાથે પ્રગટપણે સાંભળ્યો. અનુક્રમે રાજા મરણ પામી પદ્મપુરમાં પદ્મરાજાનો પદ્મસેન નામે નિર્મલ મનવાલો પુત્ર થયો. ત્યાં નિરંતર શ્રી શત્રુંજય કલ્પને જ સાંભળતા રાજપુત્રે મોક્ષગમનને યોગ્ય પુણ્ય ઉપાર્જન કર્યું. પદ્મસેન મરીને દેદીપ્યમાન કાંતિવાલો ચંદ્રપુરીમાં ભીમરાજાનો જિનચંદ્રધ્વજ નામે પુત્ર થયો. ત્યાં અનુક્રમે પિતાના સર્વ રાજ્યને પામીને શ્રી સિદ્ધગિરિઉપર જઈને શ્રી સંઘ સહિત શ્રી ઋષભદેવ વગેરે અરિહંતોને નમસ્કાર કર્યો. તે પછી હંમેશાં તે ગિરિરાજ શત્રુંજયના માહાત્મ્યને સાંભળતા રાજાને પછી ક્ષણવારમાં મોક્ષની પ્રાપ્તિ થઈ.

"સુએ" એ પદની કથા સંપૂર્ણ.

શ્રી શત્રુંજયનું સ્મરણ કરવા ઉપર કથા.

હરિપુરી નગરીમાં ધનરાજાને પાંચ પુત્રો થયા. ચંદ્ર-સૂર હરિ, શ્રીદ ને બલિંદમ આદિ શ્રેષ્ઠ હતા. અનુક્રમે રાજા ચાર પુત્રોને રાજ્યની સંપત્તિ આપવાની ઇચ્છાવાલો થયો. પાંચમા (પુત્ર)ને કાંઇ પણ નહિ. તે વખતે પાંચમા પુત્રે પિતાની આગળ કહ્યું કે મને રાજ્ય કેમ આપતા નથી ? મારાવડે તમારું શું વિનાશ કરાયું છે ? રાજાએ કહ્યું કે તો લાંબાકાળ સુધી રાજ્ય અપાશે. બલિંદમે કહ્યું કે મારાવડે બિલ્વફળ બળાત્કારે આકાશમાં નંખાશે. જ્યાં સુધી તે બિલ્વફળ પૃથ્વીતલમાં ન આવે ત્યાં સુધી પિતાનું રાજ્ય જલદી મને આપો. સારું એ પ્રમાણે પિતાએ કહે છતે રાજપુત્રે મંત્રનાયોગથી તે બિલ્વફળ નાંખ્યું અને તે અત્યંત મજબૂતપણે સ્થાપન કર્યું.

પ્રતિજ્ઞા સ્વીકારેલ હોવાથી રાજા તેની કલાથી ખુશ થયો અને બલિંદમને વિવિધ ઉત્સવપૂર્વક રાજ્ય આપ્યું.

कुलं विश्वश्लाघ्यं वपुरपगदं जातिरमला,
सुरूपं सौभाग्यं ललितललना भोग्यकमला, ।
चिरायुः तारुण्यं बलमविकलं स्थानमतुलं,
यदन्यच्चश्रेयो भवति भविनां धर्म्मत इदम् ।।१।।

વિશ્વમાં વખાણ કરવા લાયક કુલ, રોગ રહિત શરીર, નિર્મલ જાતિ, ઉત્તમરૂપ, સૌભાગ્ય, સુંદર સ્ત્રી, ભોગવી શકાય એવી લક્ષ્મી, દીર્ઘ આયુષ્ય, યૌવન, વિકલતા રહિતબલ, તુલના ન કરી શકાય એવું સ્થાન, અને બીજું પ્રાણીઓને જે કલ્યાણકારક હોય છે તે ધર્મથી છે.

તે વખતે પિતા પાસેથી પ્રાપ્ત કર્યું છે રાજ્ય જેણે એવા બલિંદમે પોતાના ભાઇઓને ઘણી પૃથ્વી આપી. બલિંદમ હંમેશાં આદરપૂર્વક શ્રી ગુરુ પાસે ગુરુનાં ચરણ કમલને નમીને શ્રી સિદ્ધગિરિનું માહાત્મ્ય સાંભળતો હતો. શ્રી શત્રુંજયને વિષે છત્ર, ધ્વજ, પતાકા, ચામર, કળશ, સ્નાત્રકળશ ને પૂજાનો થાલ આપનાર વિદ્યાધર થાય છે (૧) જે શ્રી શત્રુંજયગિરિ ઉપર બન્ને (પક્ષની) પખવાડિયાની આઠમી ચૌદમી ને પંદરમી તિથિએ ચઢે છે તે (તેના) ફલસ્વરૂપે પરિમિત સંસારી બને છે (૨) જે પુંડરીક ગિરિનું સ્મરણ કરતો. નવકારશી પોરિસી, પરિમુડ્ઢ એકાસણ અને આયંબિલ કરે છે. ને જે ફલની ઇચ્છાવાળો સંસારની તૃષ્ણાને જીતે છે (તે) છઠ્ઠ, અઠમ, દશમ, દુવાલસ, પાસખમણ ને માસખમણના ફલને શત્રુંજયનું સ્મરણ કરતાં ત્રિકરણ શુદ્ધિવાલો પામે છે.

ઇત્યાદિ શ્રી સિદ્ધગિરિરાજનું સ્મરણ કરતો બલિંદમરાજા પચ્ચક્ખાણ આદિ તપ કરે છે. કાલે કરીને મરણ પામી તે રાજા શ્રેષ્ઠ સિંહ નામના નગરમાં સિંહસેન રાજાનો વૈરિસિંહ નામે પુત્ર થયો. અનુક્રમે વૈરિસિંહ પિતાનું રાજ્ય પામીને

હંમેશાં શ્રી ગુરુ પાસે આ પ્રમાણે શ્રી શત્રુંજયનું માહાત્મ્ય સાંભળતો હતો. ધ્યાન કરવાથી એક હજાર પલ્યોપમ, અભિગ્રહથી લાખ પલ્યોપમ, ને માર્ગમાં જતા એક સાગરોપમ સુધીનાં એકઠાં કરેલાં દુષ્કર્મ ક્ષય પામે છે. શ્રી શત્રુંજયતીર્થનું સ્મરણ કરવાથી, જોવાથી ને સાંભળવાથી પુરુષોના ઘણા સાગરોપમનાં સેવાયેલાં દુષ્કર્મ ક્ષય પામે છે.

આ પ્રમાણે સાંભળી શ્રી સિદ્ધગિરિઉપર જઇ જિનેશ્વરોને નમન કરી વૈરિસિંહ રાજાએ ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું. એક વખત વૈરિસિંહ મરણ પામી શ્રીપુરનગરમાં ચંદ્રસરખી રૂપલક્ષ્મીવાલો વૈક્રિતુ નામનો ચંદ્રરાજાનો પુત્ર થયો. ચંદ્રરાજા પોતાના પુત્રને કોઇક વખત રાજ્ય આપીને દીક્ષા લઇને શ્રી સિદ્ધગિરિઉપર હંમેશાં આ પ્રમાણે ધ્યાન કરવા લાગ્યો. કહ્યું છે કે :–

कालो न यातो वयमेवयाता, भोगा न भुक्ता वयमेव भुक्ता: ।
तृष्णा न जीर्णा वयमेव जीर्णास्तपो न तप्तं वयमेव तप्ता : ।।१।।

કાલ ગયો નથી અમે જ ગયા છીએ. ભોગો ભોગવ્યા નથી અમે જ ભોગવાયા છીએ. તૃષ્ણા જીર્ણ થઇ નથી અમે જ જીર્ણ થયા છીએ . તપ તપ્યા નથી અમે તપ્યા છીએ. આ પ્રમાણે સારા ભાવથી ધ્યાન કરતાં એવા તેને કેવલજ્ઞાન થયું, તે પછી મુક્તિ થઇ. વૈક્રિતુ રાજા ઘણા શત્રુઓને સાધીને હૃદયમાં શ્રી શત્રુંજયનું સ્મરણ કરવા લાગ્યો. પોતાના સ્થાનમાં રહ્યા છતાં પણ શ્રી સિદ્ધગિરિનું સ્મરણ કરતાં વૈક્રિતુ રાજાને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.. વૈક્રિતુમુનિ ઘણાં પ્રાણીઓને પ્રતિબોધ કરીને આયુષ્યના ક્ષયે શ્રી સિદ્ધગિરિઉપર મુક્તિનગરીમાં ગયા.

આ પ્રમાણે શ્રી શત્રુંજયના સ્મરણની કથા સંપૂર્ણ.



પાણીના ઉપસર્ગનું નિવારણ કરવામાં મીનધ્વજરાજાની કથા.

जल-जलण-जलहि-रण-वनहरिकरि-विस विसहराइ दुट्ठभयं ।
नासइ जं नाम सुई तं सित्तुंजय महातित्थं ।।३७।।

જેનું નામ સાંભળવાથી પાણી, અગ્નિ, સમુદ્ર, યુદ્ધ, વન–સિંહ, હાથી, ઝેર, સર્પ, આદિ દુષ્ટભય નાશ પામે છે. તે શત્રુંજય મહાતીર્થ જય પામો. (૩૭)

કાંતિનગરીમાં ધનરાજાને ઘણા પુત્રોમાં મીનધ્વજપુત્ર અનુક્રમે યુદ્ધકલામાં હોંશિયાર થયો. એક વખત રાજાએ વસંતસમયે પુત્રોને ક્રીડાકરવા માટે ને લોકોના અનુગ્રહ માટે સૂર્યોદય વખતે ઉદ્યાનમાં મોકલ્યા., રાજાએ કહ્યું કે સર્વે કુમારોએ એક વર્ષમાં એક કરોડ સોનામહોર જુદી જુદી વાપરવી. વધારે નહિ. તે વખતે પિતાએ કહેલું સર્વપુત્રોએ કર્યું ત્યારે રાજા હર્ષ પામ્યો. સર્વેને જુદું જુદું માન આપ્યું. એક વખત નાના પુત્રે ચાર કરોડ સોનામહોર યાચકોને આપી. કોઈકે રાજાની આગળ કહ્યું. તેથી ક્રોધ પામેલો રાજા પુત્રને ઠપકો આપતો બોલ્યો કે તેં મારા કહ્યા વિના ઘણું ધન કેમ આપ્યું ? તારે મારી દ્રષ્ટિમાં આવવું નહિ. કારણ કે તેં મારું કહ્યું કર્યું નથી. તે પછી મીનધ્વજ રાત્રિમાં એકલો નગરમાંથી નીકળી ગયો. તે વખતે ગધેડો જમણો થયો. ને પશ્ચિમદિશામાં ઘુવડ જમણો થયો. દક્ષિણ દિશામાં ભયંકર શિયાલણીનો અને દુર્ગાપક્ષીનો શબ્દ થયો. આ મને અપશુકન થયા છે એથી ત્યાં ઊભો રહ્યો.

માર્ગમાં જનારાઓને નિર્મલ શુકનવડે શ્રેષ્ઠફળ થાય છે. બે ઘડીની અંદર નદીના કિનારે વાંસની ચાર શાખાની મધ્યમાં શિયાલણીના શ્રેષ્ઠ શબ્દને સાંભળીને તે હર્ષિત થયો. અને વાંસની નીચે રહેલાં ચાર કરોડના મૂલ્યવાળાં મનોહર ચાર રત્નોને રાજપુત્રે લીધાં કહ્યું છે કેઃ-(શુકનવાણી)

राजा यतिः सुहृद्वेश्या, कुमारी वरवर्णिनी।
दधिचन्दन दूर्वे च, गजाश्वसुरभी वृषाः ।।१।।
मद्यं मांसं मधुछत्रे, चामराक्षतदर्प्पणाः ।
गोरोचना लतापुष्पं, वस्त्रालङ्करणानि च ।।२।।
रुप्यताम्रमणिस्वर्ण, प्रतिमा गोमयं ध्वजः ।
मृत्तिका शस्त्र शाकानि, घृतमीनप्रदीपकाः ।।३।।
फलं वर्द्धापनं वीणा, पङ्कजानि नृपासनम् ।
दृष्ट्वैतानि नरः कुर्याद्, दक्षिणेन प्रमोदितः ।।४।।
चीयरी दक्षिणे कांगा, दक्षिणे वृद्धतित्तिरः ।
लघुविनायको वामो, मृगःप्रातःप्रदक्षिणा ।।५।।
एकांगकौशिको वामः, श्रृगालीनिनदस्तथा ।
हनुमान् दक्षिणैकांगे, विचार्य परिगृह्यते ।।६।।

રાજા, મુનિ, મિત્ર, વેશ્યા, શ્રેષ્ઠવર્ણવાળીકુમારી, દહી, ચંદન, દુર્વા (ઘાસ) હાથી ઘોડા ગાય ને બળદ (૧) મદિરા, માંસ, મધ, છત્ર, ચામર અક્ષત, દર્પણ, ગોરોચના, વેલડીનું પુષ્પ, વસ્ત્ર, અલંકાર, રૂપું, તાંબુ, મણિ, સોનું પ્રતિમા, છાણ ધ્વજ, માટી, શસ્ત્ર, શાક, ઘી, માછલું, દીપક, ફલ, વધામણું, વીણા, કમલ ને રાજાનું આસન ને દક્ષિણ દિશામાં જોઈને મનુષ્ય હર્ષિત થાય. (૨-૩-૪) ચીબરી જમણી દિશામાં અને જમણી દિશામાં કાંગા ને વૃદ્ધતેતર સારાં, લઘુવિનાયક (ગરુડ) ડાબું સારું. ને સવારે મૃગપ્રદક્ષિણા આપે તો સારું, અને ડાબી બાજુએ એકાંગી એવો ઘુવડ ને શિયાળણીનો શબ્દ સારો અને હનુમાન (વાનર) જમણી બાજુ એકાંગી વિચાર કરીને ગ્રહણ કરાય છે (૫-૬) તે પછી જિનમંદિરમાં

આવતાં દેવનો શબ્દ સાંભળીને આવીને જિનેશ્વરને નમીને જેટલામાં તે હર્ષવડે બેઠો તેટલામાં બે દેવને સ્વર્ગમાંથી આવીને અરિહંતની આગળ નૃત્ય કરતાં જોઈને રાજપુત્રે મુનિને કહ્યું.

એક દેવ શ્રેષ્ઠ રૂપવાલો કેમ છે ? ને બીજો દેવહીન સત્ત્વવાલો ને અલ્પઋદ્ધિવાલો કેમ દેખાય છે ? એનું કારણ શું? આ દેવવડે પહેલાં સુપાત્રને દાન અપાયું છે આથી તેનું સુંદર રૂપ ને શ્રેષ્ઠ સમૃદ્ધિ થઇ છે. બીજા (દેવે)એ કુપાત્રને દાન આપ્યું હતું. આથી બીજાનું અધમ રૂપ ને અલ્પ ઋદ્ધિ થઇ છે. કુમારે કહ્યું કે મારે મોટે ભાગે શક્તિપ્રમાણે સુપાત્રને દાન આપવું. કુપાત્રને ક્યારે પણ નહિ, કહ્યું છે કે: અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચિતદાન ને કીર્તિદાન એ પાંચદાનમાં પહેલાં બે દાનવડે મોક્ષ કહ્યો છે. પછીનાં ત્રણ દાન ભોગ આદિ આપે છે. સવારે ઘેર જતાં બાકીના બંધુઓ વડે હાંસી કરાયો. કુમારે મનમાં રોષ ન કર્યો. ને હર્ષ ન કર્યો. આ બાજુ કોઇક કાર્પટિક (સાધુ) રાજદ્વારને વિષે આવ્યો, ને બોલ્યો કે હું ગામમાં રહેવા છતાં લૂંટાયો છું. તે પછી રાજાએ કહ્યું કે તારું શું ગયું છે ? તે બોલ્યો કે હું સમુદ્રમાં બાર વખત ગયો હતો, મને દેદીપ્યમાન કાંતિવાલાં ચાર રત્ન થયાં છે. તે ચારરત્ન ચાર કરોડરત્નવડે પણ કોઇવડે મેળ વી શકાતાં નથી. તે આજે રાત્રિએ વંશજાલની અંદર મારાવડે મુકાયાં હતાં. તે ચારરત્ન કોઇક મનુષ્ય રાત્રિમાં લઇને ચાલી ગયો છે. હે રાજા ! તેથી તે રત્નોને જલદી વાળી આપો. (અપાવો) તે પછી રાજાવડે નગરમાં આ પ્રમાણે પડહ વગડાવાયો., કે જેનાવડે આ ચારરત્નો ગ્રહણ કરાયાં છે તેને ચોરદંડ થાઓ, તે પછી મીનધ્વજે તે ચારરત્નો રાજાને આપી કહ્યું કે હે પિતા! આનાં આ ચારરત્નો છે તે પછી રોષ પામેલા રાજાવડે કુમાર જલદી વધ માટે ચલાવાયો, (લઇ જવાયો) કુમાર પિતાને નમીને હર્ષિત થયેલો ચાલ્યો. અને ત્યારે દેવે પ્રગટ થઇને રાજાને કહ્યું કે હે રાજન ! તારો આ પુત્ર પુણ્યવાન છે તું ધન્ય છે. સત્ય બોલનાર મનુષ્યોમાં રત્નસમાન અત્યંત પિતૃભક્ત આ તારો પુત્ર દેવતાઓને પણ વખાણવા લાયક છે. વાંસની શ્રેણીની અંદર ચારરત્નો મૂકીને મારાવડે મનુષ્યરૂપે હમણાં તારો પુત્ર પરીક્ષા કરાયો છે. હું પહેલા દેવલોકમાંથી તારા પુત્રની પરીક્ષા કરવા માટે અહીં આવ્યો છું. હે રાજા! તારે મીનધ્વજને રાજ્ય આપવું તે પછી રાજા મીનધ્વજકુમારને રાજ્ય આપી દીક્ષા લઇ ચોથા દેવલોકમાં ગયો.

તે નગરમાં એક દિવસે ચારે તરફથી મોટા નદીના પૂરવડે નગર વીંટાયે (ઘેરાયે) છતે લોકો જીવવાની આશાના સંદેહમાં પડયા. તે વખતે રાજા અને નગરલોક હૃદયમાં સિદ્ધગિરિ નામ જપતો એકાગ્રચિત્તવાળો થયો. તે પછી પ્રાણીનો પ્રવાહ જલદી વંશસ્થલીમાં ગયો. ને નગરમાં ચારે તરફ જય જય શબ્દ થયો. તે પછી મીનધ્વજરાજાએ ઘણા સંઘ લોક સહિત શ્રી શત્રુંજયતીર્થને વિષે યાત્રા અને જિનેશ્વરોને નમસ્કાર કર્યા. અનુક્રમે શ્રી શત્રુંજયના ધ્યાનથી જલદી કર્મનો ક્ષય કરી મીનધ્વજરાજા તેજ ભવમાં મુક્તિમાં ગયો.

આ પ્રમાણે પાણીનો ઉપસર્ગ નિવારણ કરવામાં મીનધ્વજ રાજાની કથા સંપૂર્ણ.

અગ્નિના ઉપદ્રવને શાંત કરવામાં શ્રીપ્રભ વિદ્યાધરની કથા

ઉજ્જયિની નગરીમાં કંદર્પરાજાને પ્રભાવતી નામે પ્રિયા છે. અને રૂપથી દેવીઓને જીતનારી શ્રીમતી નામે પુત્રી હતી. એક વખત સભામાં બેઠેલા રાજાએ સેવકોને કહ્યું કે ખરેખર તમને સંપત્તિઓ કોના પ્રભાવથી થાય છે ? તેઓએ કહ્યું કે તમારા પ્રભાવથી અમારા ઘરમાં લક્ષ્મી છે. શ્રીમતીએ કહ્યું કે હે પિતા! આ તમારા સેવકો માયાવી છે, કારણ કે સર્વ પ્રાણીઓને પૂર્વે કરેલાં કર્મના સમૂહથી શુભ અથવા અશુભ થાય છે. પિતા વગેરે બીજું કોઇ કોઇ ઠેકાણે થતું નથી.

सुखदुःखानां कर्त्ता हर्त्ता च नकोऽपि कस्यचिज्जन्तोः ।
इति चिन्तय सद्बुद्ध्या - पुराकृतं भुज्यते कर्म ।।

કોઇ પ્રાણી કોઇ પ્રાણીનાં સુખ અને દુઃખનો કર્તા નથી, તેમજ તેનો હર્તા (હરણ કરનાર) નથી. આ પ્રમાણે સારી બુદ્ધિવડે વિચારો, પૂર્વે કરેલું કર્મ ભોગવાય છે. ધર્મ એ ધનની ઇચ્છાવાલાઓને ધન આપનાર છે. કામની ઇચ્છાવાલાઓને કામ આપનારો છે અને પરંપરાએ ધર્મ નિશ્ચે મોક્ષમાર્ગને આપનારો છે. તે પછી રોષ પામેલા રાજાએ ત્યાં આવેલા કોઢિયા પુરુષને જલદી જોઇને જીર્ણ વસ્ત્ર આદિથી વિભૂષિત પુત્રી તેને આપી. તે પુરુષે નગરીની બહાર ઘાસની ઝૂંપડીમાં કન્યાને લઇ જઇને કહ્યું કે હે ભદ્રા ! તું પોતાના પિતાના ઘરે જા. હું તો પૂર્વે કરેલા દુષ્કર્મને ભોગવતો હમણાં અહીં છું. હે ભદ્રા ! તું શા માટે મારી પાછળ લાગી છે ? હું કોઢિયો છું. તું સુંદર રૂપને ધારણ કરનારી રાજપુત્રી છે. આથી તું જા. હું તો હમણાં પોતાનું કરેલું કર્મ ભોગવીશ. કન્યાએ બન્ને કાન ઢાંકી દઇને કહ્યું કે હે સ્વામી ! આ વચન ન્યાય વગરનું છે, તે ન બોલો, હું તો જીવતરના નાશમાં પણ તમને છોડીશ નહિ. આ પ્રમાણે કહીને જેટલામાં શ્રીમતી સૂતી અને ફરીથી જાગી ત્યારે સુવર્ણમય દેદીપ્યમાન શ્રેષ્ઠ મંદિર (ઘર) જોયું, તે માણિક્યમય પલંગમાં રહેલા નીરોગી પતિને જોઇને તે બોલી કે આ ઉત્તમ ઘર આદિ શું જોવાય છે ? તે પછી તે મનુષ્યે કહ્યું કે તારું આવા પ્રકારનું સાહસ છે. જે તારાવડે ધર્મમાર્ગ કહેવાયો તે નિશ્ચલ છે.

વૈતાઢ્યપર્વતપર વ્યોમવલ્લભનગરમાં શ્રીપ્રભ નામના વિદ્યાધરે રાત્રિમાં ગુપ્તપણે ભ્રમણ કરતાં કોઇના મુખેથી આ પ્રમાણે સાંભળ્યું કે :-

सर्वत्रा वायसाःकृष्णाः, सर्वत्र हारिताः शुकाः।
सर्वत्र सुखिनां सौख्यं, दुःखं सर्वत्र दुःखिनाम् ।।

સર્વ ઠેકાણે કાગડાઓ કાળા છે, સર્વ ઠેકાણે પોપટો લીલા હોય છે, સર્વ ઠેકાણે સુખીઓને સુખ હોય છે. ને સર્વ ઠેકાણે દુઃખીઓને દુઃખ હોય છે. આ સાંભળીને શ્લોકનું જ્ઞાન મેળવવા માટે હમણાં હું મંત્રીઓને વિષે રાજ્યને સ્થાપન કરીને નગરમાંથી ભ્રમણ કરવા નીકળ્યો છું. કોઢિયાનું રૂપ કરીને અનુક્રમે પૃથ્વીપર ભ્રમણ કરતાં તારા પિતાની નગરીમાં આવ્યો. તારા પિતાવડે તું મને અપાઇ.

સવારે રાજા વગેરે લોકોએ નગરની બહાર આવીને કામદેવ સરખા જમાઇને જોઇને પરસ્પર કહેવા લાગ્યા. ધર્મ નિશ્ચે સુખ આપે છે. પાપનિશ્ચે દુઃખ આપે છે. કારણકે શ્રીમતી ધર્મ બોલવાથી શ્રેષ્ઠ વરને પામી. જીવો ધર્મથી નિશ્ચે ચારે તરફથી સુખને પામે છે. એ પ્રમાણે બોલતાં રાજાએ પુત્રી સહિત જમાઇને હાથીપર બેસાડીને પંચશબ્દપૂર્વક (પાંચ વાજિંત્રોના શબ્દ સાથે) સુપાત્રને દાન આપતાં પોતાના મહેલમાં લાવીને ઉત્તમ ભોજન કરાવીને સત્કાર કર્યો. રાજાએ પુત્રીના મુખેથી જમાઇનું ચરિત્ર સાંભળીને તે વખતે ભક્તિપૂર્વક હાથી ઘોડા વગેરે આપી જમાઇનું ગૌરવ કર્યું. તે પછી વિદ્યાધર પત્ની સહિત પોતાના ઘરે આવીને શ્રી જિનેશ્વરે કરેલા ધર્મને કરવા લાગ્યો કહ્યું છે કે :-

परीक्ष्य सुकुलं विद्या, शीलं शौर्यं सुरुपताम्।
विधि र्ददाति निपुणं, कन्या-राज्यं दरिद्रताम्।।१।।

વિધાતા-ઉત્તમકુલ -વિદ્યા, શીલ,પરાક્રમ ને સુરૂપપણાની પરીક્ષા કરીને નિપુણ પુરુષને કન્યા, રાજ્ય ને દરિદ્રપણું આપે છે (૧)

એક વખત અગ્નિ લાગે છતે શ્રીપ્રભ વિદ્યાધરે ઘણા લોક સહિત શ્રી શત્રુંજ્યનું ધ્યાન કર્યું. તે વખતે તીર્થનું સ્મરણ કરવાથી અગ્નિ શાંત થઇ ગયો. તેથી નગરીની અંદર સર્વ ઠેકાણે જય જય શબ્દ થયો. તે પછી શ્રીપ્રભ વિદ્યાધરે વિમાનમાં બેસી શ્રી શત્રુંજયગિરિ ઉપર જઇને શ્રી યુગાદીશ પ્રભુની હર્ષવડે પૂજા કરી અને અનુક્રમે તે વિદ્યાધરે આદરપૂર્વક સંયમ સ્વીકારી તપકરતાં કર્મોનો ક્ષય કરી મુક્તિ નગરીમાં ગયો.

આ પ્રમાણે અગ્નિને શાંત કરવામાં શ્રીપ્રભ વિદ્યાધરની કથા સંપૂર્ણ.



સમુદ્રને પાર કરવામાં શ્રી સોમશેઠની કથા.

એક વખત તામલિપ્તી નગરીમાં મિત્ર સહિત સોમે કહ્યું કે શ્રેષ્ઠરૂપવાલો પુરુષ પણ લક્ષ્મીવિના શોભતો નથી. કહ્યું છે કે : જેની પાસે ધન છે તે પુરુષ કુલવાન છે. તે પંડિત છે. તે જ્ઞાનવાળો છે. તે ગુણને જાણનારો છે, તેજ વક્તા છે, તે દર્શન કરવા લાયક છે, બધા ગુણો સોનાનો આશ્રય કરે છે, જાતિ, રૂપ અને વિદ્યા ત્રણે મોટા ખાડામાં પડો એક ધન જ વૃદ્ધિ પામો, જેનાથી બધા ગુણો પ્રગટ થાય છે. આ પ્રમાણે વિચારીને તે પછી સોમ મિત્ર સહિત સમુદ્રમાર્ગે લક્ષ્મી ઉપાર્જન કરવા માટે મનોહરદ્વીપમાં ગયો. સાઠ લાખ પ્રમાણ સુવર્ણ ઉપાર્જન કરીને સમુદ્રમાર્ગે ચાલતાં સમુદ્ર અત્યંત ઊંચા તરંગ (મોજાં)વાલો થયો. તે વખતે વહાણ ભાંગે ત્યારે (તેવું તોફાન થયે છતે) લોકો સહિત સોમશેઠ એકાગ્રચિત્તે શ્રી શત્રુંજયનું ધ્યાન કરવા લાગ્યો. તે વખતે અકસ્માત્ સમુદ્રમાં સુંદર પવન આવવાથી વહાણ સરળમાર્ગે સમુદ્રના કિનારે ચાલતું આવ્યું. કહ્યું છે કે :-

यत्नः कामार्थयशसां, कृतोऽपि निष्फलो भवेत्।
धर्म्म कर्म समारम्भ - सङ्कल्पोऽपि न निष्फलः ।।१।।

કામ – અર્થ અને યશ માટે કરાયેલો પ્રયત્ન પણ નિષ્ફળ થાય છે. પરંતુ ધર્મના કાર્ય માટે કરેલો મનનો સંકલ્પ પણ નિષ્ફળ થતો નથી.

यावच्चित्तं च वित्तं-यावदुत्सहते मनः।
तावदात्महितं कार्यं - धर्म्मस्य त्वरिता गतिः ।।
प्रासाद-प्रतिमा यात्रा-प्रतिष्ठा च प्रभावना।
अमार्युद् घोषणादीनि, महापुण्यानि देहिनाम्।।

જ્યાં સુધી ચિત્ત, વિત્ત અને મન ઉત્સાહ કરે છે. ત્યાં સુધીમાં આત્માનું હિત કરવું જોઈએ. કારણ કે ધર્મની ગતિ ઉતાવળી છે. પ્રાસાદ, પ્રતિમા યાત્રા પ્રતિષ્ઠા, પ્રભાવના અને અમારિની ઉદ્ઘોષણા વગેરે (કાર્યો) પ્રાણીઓનાં મહાપુણ્યકાર્યો છે. તે પછી સોમે મોટું જિનમંદિર કરાવવા માટે યાચના કરીને રાજાની પાસેથી નગરના ઉદ્યાનમાં જમીન લીધી. સારા મુહૂર્ત જિનમંદિર કરાવવા માટે શ્રેષ્ઠ પથ્થરો, સલાટો અને પંડિતો મંગાવ્યા. અર્ધફોડેલી સ્ફટિકની શિલાને ખીલાની પાસે ઊંચી કરીને ટેકો આપીને સલાટો જમવા માટે ગયા.

આ બાજુ ભમતું વાંદરાનું ટોળું આવ્યું, તે જુદા જુદા સર્વ પથ્થરોને વિષે ક્રીડા કરે છે. ત્યાં એક વાંદરો બાળક ભાવથી બળાત્કારે ખીલાને ખેંચતો વૃદ્ધ વાનરવડે અટકાવવા છતાં પણ તે અટક્યો નહિ. અકસ્માત્ ખીલો ચલાયમાન થવાથી નીચે રહેલો વાનર પડતી શીલાવડે ફેંકાયેલો યમમંદિરમાં ગયો. તે વખતે આવેલા એક વાનરવડે આ પ્રમાણે કહેવાયું કે જ્યાં વ્યાપાર કરવાનો ન હોય ત્યાં વ્યાપાર કરનારો મરણ પામે કહ્યું છે કે : જ્યાં વ્યાપાર કરવાનો ન હોય ત્યાં જે માણસ વ્યાપાર કરવાને ઇચ્છે છે તે નિશ્ચે ખીલાને ઉપાડનાર વાનરની જેમ મરણ પામે છે તે વખતે શ્રેષ્ઠીરાજે મંદિરને સંપૂર્ણ કરાવ્યું અને ત્યાં હર્ષવડે શ્રી આદિનાથ પ્રભુનું બિંબ સ્થાપન કરાવ્યું. શ્રી શત્રુંજયગિરિના ધ્યાનથી બાર વખત સમુદ્રમાં જઈને ઘણું ધન ઉપાર્જન કરીને શેઠ પોતાના ઘરે આવ્યો. નિરંતર સાતે ક્ષેત્રોમાં ઘણી લક્ષ્મીને વાપરતો શ્રેષ્ઠીવર્ય સર્વ કર્મોનો ક્ષય કરી અનુક્રમે મોક્ષમાં ગયો.

સમુદ્રને પાર કરવામાં શ્રી સોમશેઠની કથા સંપૂર્ણ.

યુદ્ધભૂમિમાં જય કરવા માટે શ્રી મિત્રસેન રાજાની કથા.

તામલિપ્તી નગરીમાં નીતિવાળો મિત્રસેન નામે રાજા હતો અને તેને સુંદર બુદ્ધિના ઘરરૂપ સુમિત્ર નામે મંત્રી હતો. એક વખત ત્યાં ઉદ્યાનમાં શ્રી ધર્મસેનસૂરીશ્વરનાં ચરણ કમલને નમસ્કાર કરવા માટે રાજા ગયો. અને આદરપૂર્વક આ પ્રમાણે ધર્મ સાંભળ્યો.

आर्य-देश-कुल-रुप-बलायु र्बुद्धि बन्धुर मवाप्य नरत्वम्।
धर्म्मकर्म्म न करोति जडो यः, पोतमुज्झति पयोधिगतःसः ।।
मिथ्यात्वं सर्वथा हेयं, धर्म्मं वर्द्धयता सता, ।
विरोधो हि तयो र्बाढं - मृत्युजीवितयोरिव।।
भावेन क्रियते धर्म्मो, येन स्वहितमिच्छुना।
स एव लभते स्वर्गापवर्ग सम्पदःक्रमात्।।
भावेन दान पुण्यादि-क्रियमाणं शरीरिभिः।
राज्य स्वर्गादिशातानि, ददते नाऽत्र संशयः ।।

આર્યદેશ, ઉત્તમકુલ, ઉત્તમરૂપ, બલ, આયુષ્ય, મનોહર બુદ્ધિ અને મનુષ્યપણું પામીને જે મૂર્ખ મનુષ્ય ધર્મ કરતો નથી તે સમુદ્રમાં ગયેલો વહાણને છોડી દે છે. ધર્મને વૃદ્ધિ પમાડતા મનુષ્યે મિથ્યાત્વને સર્વથા છોડી દેવું જોઈએ. મૃત્યુ અને જીવિતની જેમ તે બન્નેને (ધર્મ અને મિથ્યાત્વને) ગાઢ વિરોધ છે. જે કારણથી પોતાના હિતને ઇચ્છનારાએ ભાવથી ધર્મ કરવો જોઈએ, અનુક્રમે તે નિશ્ચે સ્વર્ગ અને મોક્ષની સંપત્તિઓ પામે છે."

શરીરધારી પ્રાણીઓ ભાવપૂર્વક દાન પુણ્ય આદિ ક્રિયા કરતાં રાજ્ય અને સ્વર્ગનાં સુખોને પામે છે. તેમાં સંશય નથી."

રાજાએ કહ્યું કે ભાવ અને અભાવનું આંતરું કઈ રીતે થાય ? ગુરુએ કહ્યું કે દેવનગર સરખા કાન્યકુબ્જ દેશમાં નિધિદેવ અને ભોગદેવ નામના બે વણિકો છે. સદ્‌ભાવ અને અભાવને વિષે તું તે બન્નેનું સ્વરૂપ જાણ.

कौशेयं कृमिजं सुवर्णमुपलाद् दूर्वापि गोलोमतः,
पङ्कात्तामरसं शशाङ्क उदधेरिन्दीवरं गोमयात्।
काष्ठादग्निरहेः फणादपि मणि र्गोपित्ततो रोचना;
प्राकाश्यं स्वगुणोदयेन गुणिनो गच्छन्ति किं जन्मना।।

કીડાઓમાંથી રેશમ થાય. પથ્થરમાંથી સોનું, ગાયની રૂંવાટીમાંથી ધરો–કાદવમાંથી કમલ–સમુદ્રમાંથી ચંદ્ર, છાણમાંથી લક્ષ્મી, કાષ્ઠમાંથી અગ્નિ, સર્પની ફણામાંથી મણિ–ગાયના પિત્તમાંથી ગોરોચન, ગુણવાન પુરુષો પોતાના ગુણના ઉદયને પ્રગટ કરે છે. ફક્ત જન્મવડે શું ? તે પછી રાજાએ સુમિત્ર મંત્રીને તે બન્નેના સ્વરૂપને જાણવા માટે કાન્યકુબ્જ નગરમાં મોકલ્યો.

તે વખતે ધનપતિ નિધિદેવ વીશ ક્રોડ સુવર્ણનો સ્વામી થયો .અને ભોગદેવ પણ વીશ ક્રોડ સુવર્ણનો સ્વામી થયો. નિધિદેવના ઘરના દરવાજાને વિષે જીર્ણશીર્ણ શ્રેષ્ઠ માણસને જોઈને મંત્રીશ્વરે પૂછ્યું કે નિધિદેવ ક્યાં છે ? નિધિદેવે કહ્યું કે અહીં છે, તમે શા માટે આવ્યા છો તે કહો. મંત્રીએ કહ્યું કે હું તેનો હમણાં મહેમાન છું. નિધિદેવે કહ્યું કે અહીં મહેમાનો વડે જ હું ભક્ષણ કરાયો છું. તું પણ આવ. મારા ઘરમાં તને જમણ આપીશ. મેલથી વ્યાપ્ત છે શરીર જેનું એવો વણિક મહેમાન સહિત જઈને પગ ધોયા વિના પૃથ્વીતલ ઉપર જમવા માટે બેઠો. પહેલાં કાંગ–વાલ– વગેરે થોડું તેલ સહિત તેની સાથે જમતાં તેણે દૂધ માંગ્યું પગ અથડાવાથી દૂધનું પાત્ર વંઠે (ચાકરે) ભાંગી નાંખ્યું. તે વખતે ચાકરની ઉપર શેઠ નિર્દયપણે ઘણો રોષ પામ્યો. તેણે વિચાર્યું કે આ મરાય તોપણ દોષ ન થાય, તેથી આચમન લઈને શેઠ તેની સાથે ઊભો, થયો, પછી તેની સાથે શેઠ ઉઘરાણી વડે નગરમાં ભમતાં સાંજે પાછો આવ્યો. અને તેથી ઘી વિનાની રાબ પીધી. રાત્રિમાં તૂટેલી શય્યામાં જીર્ણ પથારી ઉપર સુવડાવેલો મંત્રીરાજ વિચારવા લાગ્યો કે અહો! આનું ગૌરવ આશ્ચર્યકારક છે. શેઠાણીએ કહ્યું કે હે ક્રિયામાં કંઠ એવા વંઠ! તારા વડે દૂધનું પાત્ર ભાંગી નંખાયું તે મારાવડે સહન કરાયું. હવે પછી તારાવડે આવું ન થવું જોઈએ.

સવારે ઊઠીને મંત્રીશ્વર ભોગદેવના ઘરના દરવાજે આવીને શ્રેષ્ઠઘર જોઈને ચિત્તમાં ચમત્કાર પામ્યો. સાત ભૂમિવાલા (સાત માલવાળા) તે ઘરમાં અત્યંત રૂપવાલા, મનોહર વસ્ત્રવાલા લોકોને આવતાં જતાં જોઈને મંત્રીશ્વરે દ્વારપાલને કહ્યું ભોગદેવ શેઠ ક્યાં છે ? હું તેનો મહેમાન છું. શ્રેષ્ઠ વસ્ત્રવાળા દ્વારપાલે કહ્યું કે ક્ષણવાર આસન પર બેસો. આ તરફ સુંદર વેશને ધારણ કરનારો સારા પરિવારથી યુક્ત ઘોડાઉપર ચઢેલો ભોગદેવ આવ્યો. તે વખતે તે તેને મળ્યો. ત્યાં તે મંત્રી ભોગદેવવડે સ્નેહસહિત બોલાવાયો. અને તેને લઈ જઈને ઉત્તમ અન્નપાન આપી અત્યંત ગૌરવ કરાવાયો. તે તેને દિવસે દિવસે અન્નપાનઆદિ દાન તેવી રીતે આપતો હતો કે જેથી મંત્રી અત્યંત હર્ષિત થયો કહ્યું છે કે :-

मिथ्यादृष्टि सहस्रेभ्यो - वरमेको ह्यणुव्रती;
अणुव्रती सहस्रेभ्यो वरमेको महाव्रती।।
महाव्रती सहस्रेभ्यो-वरमेको जिनाधिप: ।
जिनाधिप समंपात्रं न भूतं न भविष्यति।।

હજારો મિથ્યાદ્રષ્ટિઓ કરતાં એક આણુવ્રતી શ્રેષ્ઠ છે. હજાર આણુવ્રતી કરતાં એક મહાવ્રતી શ્રેષ્ઠ છે અને હજાર મહાવ્રતી કરતાં એક જિનેશ્વર શ્રેષ્ઠ છે. શ્રી જિનેશ્વર સરખું પાત્ર થયું નથી અને થશે નહિ. જમ્યા પછી શેઠ આદરસહિત સંધ્યામાં તેને ઉત્તમ પથારીની અંદર કપૂરથી મિશ્રિત પાન આપે છે. અને તે આવેલા યાચકને ઘણું દાન આપે છે. અને સાધુઓને ઉત્તમ ભક્તિથી વિશેષપ્રકારે પ્રાસુક (દોષરહિત) અન્ન આપે છે.

આ જોઈને મંત્રીશ્વરે આવીને રાજાની પાસે ભોગદેવ અને નિધિદેવનું સઘળું સ્વરૂપ કહ્યું. તે પછી મંત્રીસહિત રાજાએ ગુરુની પાસે આવીને ભોગદેવ અને નિધિદેવનું સ્વરૂપ વાતચીતમાં ગુરુની પાસે કહ્યું ગુરુએ કહ્યું કે રમાપુરીમાં ઘણી લક્ષ્મીના સ્વામી શ્રેષ્ઠ રૂપને ધારણ કરનારા ચંદ્ર અને સોમ નામના બે શ્રેષ્ઠ વણિકો હતા. પ્રથમ જિનેશ્વરની પૂજા કરી સાધુઓને ઉત્તમભાવથી દાન આપીને હંમેશાં સાત-આઠ-ઉત્તમ શ્રાવકો સાથે જમે છે.

પહેલાં પોતે સાધુઓને દાન આપી પ્રણામ કરી પારણું કરે છે. ને સુવિહિત સાધુઓ ન હોય તો દિશાઓમાં તપાસ કરીને પછી જમે છે. સાધુઓને કલ્પી શકે એવું કોઇ ઠેકાણે કાંઇ ન અપાયું હોય તો ધીર અને યથોક્ત કરનારા ઉત્તમ શ્રાવકો તે ભોગવતા (ખાતા) નથી.

सैवभूमिस्तदेवाम्भ:, पश्यपात्रविशेषत: ।
आम्रे मधुरतामेति, कटुत्वं निम्बपादपे।।

તેજ ભૂમિ છે. અને તે જ પાણી છે. પણ પાત્ર વિશેષથી આંબાને વિષે મધુરતા પામે છે. અને લીબડાના ઝાડમાં કટુપણાને પામે છે. તે તમે જુઓ. બીજો સોમ ભાવ વિના બીજાનું અનુકરણ કરી ક્યારેક પ્રાસુક અન્નપાન આપતો હતો. આથી તેને ધન થયું. પણ ક્યારેય ભોગ (ભોગવટો) ન થયો. આ સાંભળીને મંત્રીશ્વરે આવીને રાજાની આગળ

કહ્યું. આથી મંત્રીશ્વર સહિત રાજા નિરંતર ભાવથી ધર્મ કરતો બીજા પાસે કરાવે છે, અને અનુમોદના કરે છે.

એક વખત ત્યાં શત્રુઓનો સમૂહ આવે છતે તે સઘળા મનુષ્યો અત્યંત વ્યાકુલ થયા. અને જીવિતને વિષે ચાલી ગઇ છે આશા જેની એવા થયા. તે વખતે સન્મુખ આવીને શત્રુ સાથે યુદ્ધ કરતો મિત્રસેન રાજા ક્ષણવારમાં ભાગી ગયેલા સૈન્યવાલો થયો. અનુક્રમે શત્રુઓવડે સમગ્ર દેશવ્યાપ્ત થયે છતે રાજા શ્રી શત્રુંજયનું સ્મરણ કરતો યુદ્ધ કરવા માટે યુદ્ધભૂમિમાં આવ્યો. શ્રી સિદ્ધિગિરિના ધ્યાનથી ક્ષણવારમાં સર્વ શત્રુઓને જીતી મિત્રસેન રાજાએ પ્રજાને સુખી કરી, તે પછી ઘણા સંઘ સહિત મોક્ષસુખને આપનારા શ્રી શત્રુંજયગિરિઉપર જઇને મોક્ષલક્ષ્મી માટે શ્રી ઋષભદેવ પ્રભુનું સ્નાત્ર, પૂજા આદિ ધર્મ કાર્યો કર્યા. મિત્રસેન રાજાએ પોતાની પાટઉપર પોતાના પુત્રનો અભિષેક કરી ગુરુપાસે વ્રત લઇને ઘણું તીવ્ર તપ કર્યું. એક વખત ઉત્તમ સાધુ સહિત મિત્રસેન (મુનિ) શ્રી શત્રુંજયઉપર ગયા. ત્યાં કર્મનો ક્ષય કરી જલદી મોક્ષનગરીમાં ગયા.

યુદ્ધમાં જય કરવાને વિષે મિત્રસેન રાજાની કથા સંપૂર્ણ

સુખપૂર્વક જંગલ ઉલ્લંઘન કરવામાં ધનશેઠની કથા.

સુરપુરમાં હરરાજા ઉત્તમ નીતિપૂર્વક રાજ્ય કરતો હતો ત્યારે ત્યાં દુઃખે કરીને દમન કરી શકાય એવું શત્રુનું સૈન્ય આવ્યું. તે વખતે શત્રુઓવડે લોકો અને ધન લૂંટાતે છતે દુષ્ટ ચિત્તવાળા ભીમ નામના ભટવડે ધનશ્રેષ્ઠી ગ્રહણ કરાયો. તે પછી બીજા માર્ગે ચાલતે છતે ધનશેઠ જ્યારે ઓળખાયો ત્યારે શત્રુએ બે કરોડ ધનની માંગણી કરી, તે વખતે ધને કહ્યું કે બધા લોકોનું હરણ કરેલું સઘળું ધન છોડી દો, (તો) હે ઉત્તમ શત્રુ ! હું તમને કરોડ પ્રમાણ ધન આપીશ. હું પોતાને છોડાવવામાં એક કરોડ ધન તમને આપું. તે વખતે શત્રુ માનતો નથી તેને નિર્દયપણે તાડન કરે છે તે વખતે તાડન કરાતા ધને આદરપૂર્વક શ્રી શત્રુંજયના ધ્યાનથી વેગપૂર્વક સાત દિવસ પસાર કર્યા. ઘણા શૂરવીરો દેખતે છતે શ્રી શત્રુંજયનું ધ્યાન કરતો ધન નીકળતો કોઇ વીરપુરુષવડે જોવાયો નહિ.

મહાઅટવીમાં જતો ધન જ્યાં સુધી પાર પામતો નથી તે વખતે તેને પ્રાણનો ત્યાગ કરનારી ગાઢ તરસ લાગી. તે વખતે શ્રી સિદ્ધગિરિના ધ્યાનમાં એક મનવાલો ધન હોતે છતે તુષ્ટ થયેલી વનદેવીએ આવીને કહ્યું કે તું વરદાન માંગ. ધને કહ્યું કે જો તું તુષ્ટ થઇ છે તો આ જંગલનો પાર પમાડ. અને જલદી તું સરોવર બતાવ. તે પછી ધન હર્ષથી વનદેવીવડે

પોતાના નગરમાં વેગથી લઇ જવાયો. પાણી પીને નિરંતર સ્વસ્થ ચિત્તવાલો થયો, તે પછી શ્રી શત્રુંજયમાં જઇને શ્રી ઋષભદેવ પ્રભુને નમસ્કાર કરીને મુક્તિગમનને યોગ્ય શુભકર્મ ઉપાર્જન કર્યું.

આ પ્રમાણે વન ઉલ્લંઘન કરવામાં ધન શેઠની કથા સંપૂર્ણ



સિંહના વિષયમાં ક્ષમર્ષિની કથા

સાંડેરા નગરમાં ઉત્તમ એવા શ્રી યશોભદ્રગુરુ વિહાર કરતાં ભવ્ય પ્રાણીઓને બોધ કરવા માટે અનુક્રમે આવ્યા. ત્યાં ભીમ નામના શેઠે જિનાલય કરાવીને બિંબની પ્રતિષ્ઠાના અવસરે ઘણા સંઘને બોલાવ્યો. લાખો પ્રમાણ લોકો ભેગા થયા ત્યારે જ્યારે ઘી ખલાસ થઇ ગયું, ત્યારે ભીમે ગુરુને આ પ્રમાણે કહ્યું કે.

હે ગુરુ! ઘી અહીંયાં જ ખલાસ થઇ ગયું છે. શું કરવું તે કહો ? ગુરુએ કહ્યું કે તું હમણાં ખાલી થયેલા (ઘીના) ઘડાઓને ગોઠવ. તે પછી પાલી નગરમાંથી વીરશેઠના ઘરેથી ઘી લઇને તે સર્વે ઘડાઓને ગુરુવર્ય શ્રી યશોભદ્ર ગુરુએ ભરી દીધા, તે વખતે ભીમવડે તે સર્વ શ્રાવકો અત્યંત ગૌરવ કરાયા. તે પછી ઘી વડે ઘણાં કુટકો –ઘડાઓ ભરીને પાલીપુરમાં જઇને વીરશેઠની આગળ તેણે કહ્યું કે આ ઘી તમે ગ્રહણ કરો. મારે તમને તે ઘી આપવાનું છે. શેઠે કહ્યું કે મારા ઘરમાંથી તમે ક્યારે ઘી લીધું છે ? તે વખતે ભીમે ઘી લાવવાનો સમગ્ર વૃત્તાંત કહ્યો. તે પછી બળાત્કારે તેને સવાયું ઘી આપીને ભીમ પોતાના ઘરે આવીને જૈનધર્મ કરે છે. ત્યાં ગુરુવડે કરાયેલા ઉપકારને યાદ કરતો શ્રેષ્ઠીરાજ ક્યારે પણ કોઇ ઠેકાણે ગુરુને ચિત્તમાંથી ભૂલતો નથી. કહ્યું છે કે :–

प्रथमवयसि पीतं तोयमल्पं स्मरन्तः,
शिरसि निहित भारा नालिकेरा नराणाम्।
उदकममृततुल्यं दधुराजीवितान्तं,
न हि कृतमुपकारं साधवो विस्मरन्ति ।।१।।

પ્રથમવયમાં પીધેલા થોડા પાણીને યાદ કરતાં મસ્તકમાં સ્થાપન કર્યો છે ભાર જેણે એવાં નાળિયેરો મનુષ્યોને જીવનપર્યંત અમૃતતુલ્ય પાણી આપે છે. સજ્જન પુરુષો કરાયેલા ઉપકારને ભૂલતા નથી. યાત્રા કરવા માટે ઉનાળામાં સંઘપતિ સાથે સઘળો લોક ગયો ત્યારે તરસથી પીડા પામેલો પ્રાણોના સંશયમાં પડ્યો. શ્રી સિદ્ધગિરિનું ધ્યાન કરવાથી અકાળે મેઘની વૃષ્ટિ ઉત્તમ ગુરુએ દેવની પાસે કરાવી. તેથી હૃદયમાં સુખ થયું. એક વખત માર્ગમાં ગુરુમહારાજ કાળા સર્પવડે ડંખ મરાયા. શ્રી સિદ્ધગિરિના ધ્યાનથી તે વખતે ગુરુવડે (તે) ઝેર દૂર કરાયું.

તેમના ક્ષમકૃષ્ટિ નામના શિષ્યે એક વખત ગુરુ પાસે ઉત્તમ ભક્તિથી ચોવીસ અભિગ્રહો આ પ્રમાણે લીધા. ક્રોઇની દુકાનમાં એકવીશ પ્રમાણ માલપૂડા રાજપુત્રવડે ભાલાના અગ્રભાગથી ગોળ સહિત હર્ષથી જો અપાય તો નિશ્ચે મારે પારણું કરવું. ત્રણ માસ ગયે છતે તેનો તે અભિગ્રહ ત્યાં પૂર્ણ થયો. સિદ્ધલક્ષ્મીપતિનો કમલ નામનો મનુષ્ય હાથીની સૂંઢવડે રાજમાર્ગમાં જો મને પાંચ લાડુ આપે તો મારો અભિગ્રહ પૂર્ણ થાય. અન્યથા નહિ. તેનો તે અભિગ્રહ પાંચ મહિને પૂરો થયો. બ્રાહ્મણની પત્ની રાજમાર્ગમાં જતી પોતાના મસ્તક ઉપરથી સૂંડલો (ટોપલો) ઉતારીને મધ્યાહન સમયે બાર માંડા (પૂડલા) ઘી સહિત જો આપે તો મારો અભિગ્રહ પૂર્ણ થાય. તેનો તે અભિગ્રહ ત્રણ માસ ને આઠ દિવસે પૂર્ણ થયો. અડદ સહિત ખાંડ અને ઘી યુક્ત સાત માંડા (પૂડલા) નવમીના દિવસે રાજપુત્રી જો મને આપે તો મારે પારણું કરવું. અન્યથા નહિ. તેનો તે અભિગ્રહ પાંચ માસ અને ત્રણ દિવસે પૂરો થયો.

श्वेतखण्डकृष्ण केसरना किइं, -त्राडइ पुच्छडि बाडंउ चंड;
सिंगकेरी गुल भेलओ देइ तो, खमरिसि पारणउ करेइ ।।१।।
नवप्रसूत वाघिणी विकरालि, नयर बाहिरि बीहावइ बाल,
वडां वीसइ जइ प्रणमी देइ; तओ खमरिसि पारणं करेइ ।।२।।
काली कम्बलि कानउं संड नाकिइं सरडउं पूंछडी छंड;
सींग करेइ गुलभेलउ देइ, तो खमरिसि पारणं करेइ ।।३।।

(૧) જેને જંગલમાં પ્રસવ થયો છે. અને જે નગરની બહાર બાલકોને ભય પમાડે છે. તેવી વાઘણ પ્રણામ કરીને જો વીસ વડા આપે તો ખમરિસી પારણું કરે. (૨) ગળાથી કાળો – શરીરે ધોળો – કાન કપાયેલો – નાક વીંધાયેલો અને પૂંછડાથી બાંડો એવો સાંઢ સીંગડાવડે જો ગોળની ભેલી આપે તો ખમરિસી પારણું કરે. (૩)

ઇત્યાદિ ઘણા અભિગ્રહો તે વખતે પૂર્ણ કરાયા, પુણ્યના પ્રભાવથી પ્રાણીઓને શું શું ન થાય ? શ્રી સિદ્ધગિરિના ધ્યાનથી ખરેખર સન્મુખ આવતો સિંહ શાંત ચિત્તવાલા મુનિની આગળ શિયાળ જેવો થઇ ગયો.

આ પ્રમાણે સિંહના વિષયમાં ક્ષમર્ષિની કથા સંપૂર્ણ

હાથીના વિષયમાં ચાર મિત્રની કથા

ભૂમંડન નામના નગરમાં ચંદ્ર, વીર, સૂર અને અમર નામના ચાર મિત્રો મૈત્રીથી યુક્ત શ્રેષ્ઠ ચિત્તવાલા રહેતા હતા. ચારેય (મિત્રો) ગુરુ પાસે શાસ્ત્રસમૂહને ભણતાં દયાથી વ્યાપ્ત ચિત્તવાલા ઘણા પંડિત થયા. એક વખત સર્વ મિત્રો લક્ષ્મીને માટે પોતાના નગરમાંથી નીકળ્યા. પોતાના કર્મથી કેટલીક લક્ષ્મી ઉપાર્જન કરી, કહ્યું છે કે :– જાતિ–રૂપ અને વિદ્યા આ ત્રણે મોટા ખાડામાં પડે ધન જ વૃદ્ધિ પામે. કારણ કે જેનાવડે બધા ગુણો પ્રગટ થાય છે. તેઓ માર્ગમાં જતા હતા ત્યારે ખભા ઉપર રહેલો છે બકરો જેને એવો આવતો બ્રાહ્મણ અકસ્માત્ તેઓને સામો મલ્યો. તેઓએ જાણ્યું કે બ્રાહ્મણવડે હમણાં આ બોકડો યજ્ઞને માટે લઈ જવાય છે. આપણે પુણ્યને માટે કેવી રીતે બચાવવો ? તેમાંથી એક રૂપ પરિવર્તન કરીને સન્મુખ આવીને બોલ્યો કે હે વિપ્ર ! તું હમણાં કૂતરાને ખભા ઉપર શા માટે વહન કરે છે ? બે ઘડી પછી બીજો સન્મુખ આવીને બોલ્યો કે હે બ્રાહ્મણ! હમણાં તારાવડે મૃગ ખભા ઉપર કેમ કરાયો છે ? બે ઘડી પછી ત્રીજો સન્મુખ આવીને બોલ્યો કે હે વિપ્ર ! હમણાં તારાવડે આ કૂતરો ખભા ઉપર કેમ કરાય છે ? બે ઘડી પછી ચોથો સન્મુખ આવેલો બોલ્યો કે હે બ્રાહ્મણ ! તારાવડે વરુ ખભા ઉપર કેમ કરાય છે ? બ્રાહ્મણ વિચારવા લાગ્યો કે મને યજમાને દુષ્ટ આશયવાળો રાક્ષસ આપ્યો છે ? તે મને જલદી મારી નાંખશે. આ પ્રમાણે વિચારીને બે આંખ મીંચી દઈને ભય પામતા બ્રાહ્મણે ખભા ઉપરથી ઉતારીને જીવિત માટે તેને દૂર ફેંકી દીધો. બ્રાહ્મણ પાસેથી બકરાને છોડાવીને ચાર મિત્રો ધન ઉપાર્જન કરવા માટે હર્ષવડે આગળ ચાલ્યા, તે પછી ઘણી બુદ્ધિથી યુક્ત સારીરીતે જાણેલા બલવડે ઉત્કટ, દુષ્ટ એવા તેઓ બ્રાહ્મણ પાસેથી બોકડાની જેમ ઠગવા માટે શક્તિશાળી આગળ જતાં તેઓને મદોન્મત્ત એવો હાથી હણવાની ઈચ્છાવાળો સામો મળ્યો.

તે વખતે તે સર્વ મિત્રો શ્રી શત્રુંજયતીર્થને હૃદયમાં કરીને ત્યાંજ પર્વતના શિખરની જેમ દૃઢપણે ઊભા રહ્યા. હાથી તેઓને જોઈને હણવા માટે અશક્ત વિચારવા લાગ્યો કે શું આ સર્વે મનુષ્યો નિશ્ચે મારાવડે જોવાયા છે ? આ પ્રમાણે વિચારતો તે હાથી તે વખતે જાતિસ્મરણ પામીને તેઓનાં ચરણોને નમીને તેઓની આગળ શાંત ચિત્તવાળો ઊભો રહ્યો, તે સર્વમિત્રો વિચારવા લાગ્યા કે આ હાથી આપણાં ચરણોને વારંવાર નમતો કેમ ઊભો રહે છે ? બીજે કોઇ ઠેકાણે જતો નથી.

આ બાજુ ઓચિંતા જ્ઞાનીમુનિ તે વનમાં જલદી આવ્યા. તેઓવડે હાથીનું સ્વરૂપ પુછાયું. તે મુનિએ તેઓને આ પ્રમાણે કહ્યું કે ભૂમંડનપુરમાં ચંદ્ર,વીર,સૂર અને અમર નામના ચાર મિત્રો હતા. અને પાંચમો ધરણ હતો. ચાર જિનધર્મને જાણનારા અરિહંતના ધર્મને કરતા હતા. આ પાંચમાને કહેતા હતા કે અરે તું ! જૈનધર્મને કર. તે પાંચમો ધર્મ કરીને મરણ પામી આ હાથી થયો. મિત્ર એવા તમે ભાગ્યયોગે આ વનમાં આવ્યા. આ હાથી હમણાં પૂર્વભવને

સ્મરણ કરીને આગળ સદ્ગતિ માટે વારંવાર અનશન માંગે છે. હાથી અનશન લઈને જીવિત પર્યંત પાલન કરીને શ્રી સિદ્ધિગિરિને યાદ કરતાં પહેલા દેવલોકમાં ગયો. તે વખતે તે મિત્રો જિનેશ્વરના ધર્મને સવિશેષપણે સ્વીકારીને કદલીપુરીમાં લક્ષ્મી માટે આવ્યા. અનુક્રમે ચારે મિત્રો ઘણું ધન ઉપાર્જન કરી પોતાના નગરમાં આવી સર્વજ્ઞે કહેલા ધર્મને કરે છે. તે પછી ચારેય મિત્રોએ હર્ષવડે શ્રી શત્રુંજય તીર્થમાં જઈને શ્રી જિનેશ્વરોને નમસ્કાર કરી નિશ્ચે ઘણી લક્ષ્મી વાપરી.

સાત છઠ્ઠ અને એક અઠ્ઠમ કરીને મોક્ષગમનને યોગ્ય એવું કર્મ તેઓએ જલદી ઉપાર્જન કર્યું. કહ્યું છે કે:-

छट्ठेण भत्तेणं अपाणएणं, तु सत्त जत्ताओ।
जो कुणइ सित्तुंजे, स तइयभवे लहइ सिवसोक्खं ।।१।।

પાણી વિનાના (ચોવિહારા) છઠ્ઠભક્તવડે જે શત્રુંજયને વિષે સાત યાત્રા કરે છે તે ત્રીજાભવે મોક્ષસુખ પામે છે (૧) તે ચારેય મિત્રો અંતે મરણ પામી પહેલા દેવલોકમાં મિત્રદેવની પાસે ઉત્પન્ન થયા. પાંચેય મિત્રો ત્યાંથી ચ્યવીને અનુક્રમે ભોગપુર નગરમાં જિનદત્તશેઠના વિનયથી યુક્ત એવા પુત્રો થયા. અનુક્રમે વ્રત સ્વીકારીને શ્રી શત્રુંજય તીર્થમાં જઈને નિર્મલતપ કરીને બધાં કર્મોને છેદીને તે શ્રેષ્ઠીપુત્રો મોક્ષમાં ગયા.

હાથીના વિષયમાં ચાર મિત્રની કથા સંપૂર્ણ.

સર્પના ભયંકર ઝેરમાં દેવસેનની કથા.

ઇન્દ્ર નામના નગરમાં કાંતસેન નામે રાજા પૃથ્વીનું રક્ષણ કરતો હતો, ત્યારે દેવસેન નામે વેપારી રાજાને અતિવલ્લભ હતો. ધનશેઠની ઊંટડીના ઘરમાંથી નીકળીને એક ઊંટડી દેવસેનના આંગણામાં સુખને માટે હંમેશાં આવીને ઊભી રહેતી હતી. ઊંટસવાર જ્યારે તેને મારીને પોતાના ઘરે લાવે છે. તે વખતે તે ઊંટડી છલ્લ કરીને દેવસેનના ઘરે આંગણામાં જાય છે તે પછી તે ઊંટડી શેઠવડે મૂલ્યથી ખરીદ કરીને પોતાના ઘરે લવાઇ, બહાર ચારો ચરીને તે સંધ્યા સમયે પોતાની જાતે (ઘેર) આવે છે.

એક વખત ત્યાં બહારના વનમાં આવેલા જિનસૂરીશ્વરને શેઠે પૂછ્યું કે આ ઊંટડી મારા ઘરમાં કેમ આવે છે ? આચાર્ય મહારાજે કહ્યું કે એ તારી પૂર્વભવની પ્રિય પત્ની છે. શ્રી જિનેશ્વરની આગળ દીપક કરીને પછી તે દીપકથી

પોતાનો ઘીનો દીવો કરીને જિનાલયમાં ઘરનાં સર્વે કામ હંમેશાં કરતી હતી. તે સ્ત્રીવડે ધૂપના અંગારાવડે ચૂલો સળગાવાયો તેની આલોચના લીધા વિના મરણ પામી. હમણાં તિર્યંચના ભવમાં આ ઊંટડી થઇ, જાતિ સ્મરણવડે પૂર્વભવ જાણીને તારા ઘરમાં આ ઊંટડી ઊભી રહે છે તે હંમેશાં પોતાના કાર્યની નિંદા કરતી હતી. તે પછી તે પોતાની ભાષાવડે પૂર્વ ભવમાં સેવેલા પાપની આલોચના કરીને અનશનથી મરણ પામી. તે સ્વર્ગલોક પામી તે પછી તે ઊંટડીનો જીવ સ્વર્ગમાંથી ચ્યવીને રમાપુરમાં મનુષ્યજન્મ પામી શ્રી શત્રુંજયમાં મોક્ષ પામશે.

ધનપતિ એવા દેવસેને શ્રી શત્રુંજયનું માહાત્મ્ય સાંભળીને શ્રી સિદ્ધગિરિઉપર શ્રી ઋષભદેવ આદિ જિનેશ્વરોને નમસ્કાર કર્યો. એક વખત સર્પવડે દેવસેન અત્યંત દુઃખ મરાયો. વારંવાર ઉત્તમભાવથી ચિત્તમાં શ્રી સિદ્ધગિરિનું સ્મરણ કરવા લાગ્યો. ત્યારે તેના શરીરમાંથી સર્પનું ઝેર ક્ષણવારમાં ઊતરી ગયું. તેથી તે દેવસેન લાંબાકાળ સુધી સુખી થયો. તે પછી હંમેશાં શ્રી શત્રુંજયનું ધ્યાન કરતો દેવસેન શેઠ ગૃહસ્થપણામાં કેવલજ્ઞાન પામ્યો. તે પછી ભવ્ય જીવોને પ્રતિબોધ કરતાં સાધુઓવડે સેવાયેલા મોક્ષના સુખને આપનારા શ્રી શત્રુંજયપર્વતપર ગયા. દેવસેને ત્યાં ઉપદેશ આપતાં સંખ્યાત મનુષ્યોને અક્ષય એવું કેવલજ્ઞાન પ્રાપ્ત થયું.

સર્પના ભયંકર ઝેરમાં દેવસેનની કથા સંપૂર્ણ

રોગના ઉપશમમાં કોઢરોગવાલાની કથા.

૩૭ મી ગાથામાં આવતા આદિશબ્દથી બીજી કથાઓ પણ જાણવી.

તે આ પ્રમાણે :– વિશ્વપુરી નગરીમાં ન્યાયવાળો ક્ષેમંકર નામે શ્રેષ્ઠ રાજા હતો. તેને સુંદર યુગંધર નામે પુત્ર થયો. એક વખત યુગંધર (પુત્ર) સાધુનો દેવોવડે કરાતો કેવલજ્ઞાનની ઉત્પત્તિનો ઉત્સવ જોઈને પ્રગટપણે જાતિસ્મરણજ્ઞાનને પામ્યો. પૂર્વભવને યાદ કરીને યુગંધરે જાતે દીક્ષા લઈને શુદ્ધવ્રતપાલન કરવા માટે જ્ઞાની પાસે ગયો. તે વખતે રાજા વગેરે લોકો તેઓને વંદન કરવા માટે આવ્યા. તે વખતે કોઢરોગથી પીડાયેલો એક ગરીબ દુઃખી આવ્યો. તે વખતે એ કોઢિયાનો પૂર્વભવ રાજાએ પૂછ્યો. તે વખતે જ્ઞાનીએ રાજાની આગળ આ પ્રમાણે કહ્યું :

કુસુમપુરમાં નંદ અને નાગદેવ નામના બે ભાઈઓ પરસ્પર પ્રીતિવાળા હંમેશાં પ્રગટપણે રહેતા હતા. શ્રેષ્ઠ

આશયવાલો નંદ શુદ્ધ વ્યવસાય કરે છે તેથી તે સર્વ લોકોમાં વિસ્તારવાલી પ્રશંસાને પામ્યો. (નાગદેવ) કાંઇક લોભમાં તત્પર હંમેશાં વ્યાપારને કરતો ક્ષીણ થયું છે ધન જેનું એવો કર્મયોગે દેવદ્રવ્યનું થોડું ભક્ષણ કરતો હતો. નંદે નિષેધ કરવા છતાં પણ અધમ મનવાલો નાગદેવ ભાઇ અશુદ્ધ વ્યવસાય કરતો હતો. તે પછી નંદ ચિત્તમાં વિચારવા લાગ્યો કે હમણાં મારે શું કરવું ? પાપ વ્યાપારથી ભાઇને પણ મેં ન બચાવ્યો. નંદ હંમેશાં શુદ્ધ ધર્મને કરતો અનુક્રમે સ્વર્ગમાં ગયો. ત્યાંથી ચ્યવીને જિનસાગર નામે રાજાનો પુત્ર થયો. ત્યાં પણ ધર્મ કરીને બીજા દેવલોકમાં ગયો. ત્યાંથી ચ્યવીને રમાપુરમાં ચંદ્રસેન રાજા થયો. ત્યાં શુદ્ધશ્રાવક ધર્મને કરીને અચ્યુત દેવલોકમાં ગયો. ત્યાં સ્વર્ગનાં સુખોને ભોગવતો ઘણા કાલ સુધી સુખી થયો. ત્યાંથી ચ્યવેલો આ યુગંધર નામે પુત્ર થયો. જાતિસ્મરણવડે પૂર્વભવોને જોઇને દીક્ષા લીધી.

દેવદ્રવ્યનો વિનાશ કરવાથી નાગદેવ વચ્ચે વચ્ચે સારા ને ખરાબ ભવો પામીને તે રોગીષ્ઠ થયો. આનો આ રોગ કઇ રીતે નાશ પામશે ? જ્ઞાનીએ કહ્યું કે :–

શ્રી સિદ્ધગિરઉપર જઇને જો આ રોગી છઠ્ઠ છઠ્ઠને એકાસણાથી પારણું કરે તો આના શરીરમાંથી સઘળો કોઢ રોગ અનુક્રમે ક્ષય પામશે. આ સાંભળી તે રોગીએ જ્ઞાનીએ કહેલું સઘળું કર્યું. કોઢિયાનો રોગ પૂર્વે કરેલાં કર્મની સાથે ચાલી ગયો. અને સર્વ જગતને પ્રકાશ કરનારું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. રાજા પણ અરિહંતના ધર્મને કરીને શ્રી શત્રુંજયગિરિ ઉપર જઇને નિર્મલમનવાલા તેણે યુગાદીશ પ્રભુને નમસ્કાર કર્યો. યુગંધરમુનિએ ઘણાં ભવ્યજીવોને ધર્મને વિષે પ્રતિબોધ કરીને શ્રી શત્રુંજયઉપર સઘળાં કર્મોનો ક્ષયકરી મુક્તિ પામ્યા.

રોગના નાશમાં કોઠિયાની કથા સંપૂર્ણ.

શ્રી ભદ્રબાહુસ્વામીએ રચેલા કલ્પનો સંબંધ

इय भद्दबाहुरइया-कप्पा सित्तुंजतित्थमाहप्पं।
सिरिवियर पहुद्धरियं-जं पायलित्तेण संखिवियं ।।३८।।

ગાથાર્થ : આ પ્રમાણે – ભદ્રબાહુએ રચેલા કલ્પમાંથી શ્રી શત્રુંજયતીર્થનું માહાત્મ્ય શ્રી વજ્રસ્વામીએ ઉદ્ધર્યું. તેને પાદલિપ્તસૂરિએ સંક્ષેપ કર્યું.

ટીકાર્થ: આ પ્રમાણે – ભદ્રબાહુવડે શ્રી શત્રુંજયતીર્થના માહાત્મ્યથી યુક્ત કલ્પ રચાયો ને શ્રી વજ્રસ્વામીએ તેને ઉદ્ધર્યો. તે પછી પાદલિપ્તસૂરિએ સંક્ષેપ્યો (નાનો કર્યો) પહેલાં ભદ્રબાહુસ્વામીએ રચ્યો તેનો સંબંધ કહેવાય છે.

દક્ષિણાપથમાં શ્રેષ્ઠ પ્રતિષ્ઠાન નામના નગરમાં જનાર્દન નામે બ્રાહ્મણ હતો. તેને સાવિત્રી નામે પત્ની હતી. અનુક્રમે તે બન્નેને સારા દિવસે ભદ્રબાહુ અને વરાહ નામે શ્રેષ્ઠ લક્ષણોથી લક્ષિત બે પુત્રો થયા. માતા પિતા મરણ પામે છે અને બધું ધન ચાલી ગયું ત્યારે નિર્ધન એવા તે બન્ને એક વખત શ્રી યશોભદ્રસૂરિ પાસે ગયા. ત્યાં સંસારની અસારતા ને ધર્મનું શ્રેષ્ઠપણું (સારપણું) ગુરુપાસે ભદ્રબાહુ ને વરાહે સાંભળ્યું.

भोगा भङ्गुरवृत्तयो बहुविधास्तैरेवचायं भव-
स्तत्वस्येह कृते परिभ्रमत रे लोका: सृतं चेष्टितै: ।
आशापाशशतोपशान्तिविशदं चेत: समाधीयतां ।
क्वाप्यात्यन्तिकसोख्य धामनि यदि श्रद्धेय मस्मद्दच: ।।१।।

ઘણા પ્રકારના ભોગો ભાગી જવાની વૃત્તિવાલા છે. અને તે ભોગોવડે આ સંસાર છે. હે લોકો ! તેના માટે તમે અહીં પરિભ્રમણ કરો છો. આવી ચેષ્ટાવડે સર્યું. સેંકડો આશારૂપી પાશમાંથી ઉપશાંતિવડે નિર્મલ એવા ચિત્તની સમાધિ કરો. કોઈ ઠેકાણે આત્યંતિક સુખના ઘરમાં જવાની ઈચ્છા હોય તો અમારા વચનની શ્રદ્ધા કરો (૧) સંધ્યાનાં વાદળાંનો રંગ ને પાણીના પરપોટા સરખા જીવિત હોય ત્યારે ને જલબિંદુ સરખું ચંચલ ને નદીના વેગ સરખું યૌવન હોય ત્યારે હે જીવ! તું કેમ બોધ પામતો નથી ? (૨) આ પ્રમાણે સાંભળીને પ્રતિબોધ પામેલા તે બન્ને ભાઇ ઘરે ગયા. પરસ્પર મંત્રણા કરવા લાગ્યા કે જન્મ કઇ રીતે પસાર કરવો ? કહ્યું છે કે :-

अग्रे गीतं सरसकवय: पार्श्वतो दाक्षिणात्या:,
पृष्ठे लीलावलयरणितं चामरग्राहिणीनाम् ।
यद्यस्त्येवं कुरु भवरसास्वादने लम्पटत्वं,
नो चेच्चेत:! प्रविश सहसा निर्विकल्पे समाधौ ।।

આગળ ગીત છે ને પડખે દક્ષિણદિશાના સરસ કવિઓ છે ને પાછળ ચામરધારીઓનો ક્રીડાવડે થતો અવાજ છે. જો આ પ્રમાણે છે તો સંસારની રચનાના આસ્વાદને વિષે લંપટપણું કર. હે ચિત્ત! જો એ પ્રમાણે ન હોય તો અત્યંત નિર્વિકલ્પ સમાધિમાં પ્રવેશ કર !

આ પ્રમાણે વિચારીને બન્ને ભાઈઓએ શ્રી ગુરુપાસે સંસારના દુ:ખને છેદવા માટે દીક્ષા લીધી. ચૌદ પૂર્વધારી આચાર્યના ગુણથી યુક્ત ભદ્રબાહુ (સ્વામી) દશવૈકાલિક વગેરે ગ્રંથોના કરનારા થયા, તે આ પ્રમાણે :-

आवस्सयस्स दसकालियस्स-तह उत्तरज्झमायारे
सूअगडे निज्जुत्तिं, वुच्छामि तहा दसाणंच ।।१।।

कप्पस्सय निज्जुत्तिं ववहारस्सेव परमनिउणस्स।
सूरिय पन्नत्तीए, वुच्छं इसिभासियाणंच।।२।।

આવશ્યક દશવૈકાલિક ઉત્તરાધ્યયન આચારાંગ, સૂયગડાંગ અને દશાકલ્પની નિર્યુક્તિ હું કહીશ (૧) કલ્પસૂત્રનું અને પરમ નિપુણ વ્યવહારસૂત્રની સૂર્ય પ્રજ્ઞપ્તિની ને ઋષિભાષિતની નિર્યુક્તિ હું કહીશ (૨) આ ગ્રંથોની નિર્યુક્તિ ભદ્રબાહુએ કરી છે. કહ્યું છે કે :- પ્રાપ્ત કર્યું છે આચાર્યપદ જેણે એવા ભદ્રબાહુસૂરીશ્વર આ ગ્રંથોના કર્તા થયા છે. ભદ્રબાહુસ્વામીએ ભદ્રબાહુ સંહિતા કરી, તે વખતે યશોભદ્રસૂરિનું સ્વર્ગગમન થયું.

આર્ય સંભૂતસૂરિ મહારાજ ચૌદપૂર્વના ધારક પ્રસિદ્ધ ને ભવ્ય જીવોને પ્રતિબોધ કરનારા થયા. સૂત્ર અને અર્થથી ચૌદપૂર્વને ભણીને વરાહ બીજા લોકોને હંમેશાં શાસ્ત્રો ભણાવતો રહ્યો. પોતાના ભાઇ ભદ્રબાહુસૂરિ પાસે વિદ્યાના અભિમાનવાળો વરાહ આચાર્યપદ માંગે છે. ભદ્રબાહુએ કહ્યું કે હે વત્સ! તું હંમેશાં ઘણા ગર્વવાળો છે, તેથી હે પંડિત! આ આચાર્યપદ માટે યોગ્ય નથી. કહ્યું છે કે :-

वूढो गणहरसद्दो, गोयममाइहिं वीरपुरिसेहिं।
जो तं ठवेइ अप्पत्ते, जाणंतो सो महापावो।।१।।

ગૌતમ આદિ વીર પુરુષોવડે વહન કરાયેલો ગણધર શબ્દ જાણવા છતાં પણ જે અપાત્રમાં સ્થાપન કરે છે. તે મહાપાપી છે. (૧) તેથી રોષ પામેલો વરાહ વ્રત છોડી દઈને બ્રાહ્મણવેશને ધારણ કરનારો હું સર્વશાસ્ત્રરૂપી સમુદ્રમાં પારંગત છું. એ પ્રમાણે બોલે છે. વરાહમિહિરે "વરાહ સંહિતા" વગેરે ઘણાં શાસ્ત્રો બનાવ્યાં અને તે બીજા જ્ઞાનીઓને ભણાવ્યાં. સમસ્ત પૂર્વને ભણેલો ગ્રહની સ્થિતિને જાણતો વરાહ સર્વ ભૂત, ભાવિ ને વર્તમાનને બોલતો હતો, લોકોએ કહ્યું કે હે બ્રાહ્મણ ! તું ભાવિ અને ભૂત વગેરે કેવી રીતે જાણે છે ? આ પ્રમાણે લોકોવડે પુછાયો ત્યારે મનુષ્યોની આગળ વરાહ કહેવા લાગ્યો, કે હું બાલકપણામાં ગુરુની આગળ અત્યંત લગ્ન શાસ્ત્રોને ભણતો હતો. એક વખત મારાવડે જંગલમાં સુંદર લગ્ન મંડાયું. તે ભૂલી જઈને બીજે ઠેકાણે જઈને મને "તે લગ્ન સાફ કરાયું નથી" એ યાદ આવ્યું. તે લગ્નને સાફ કરવા માટે હું જંગલમાં આવ્યો. તેટલામાં ત્યાં લગ્નની ભક્તિથી રહેલા સિંહને જોઈને મેં સિંહની નીચે લગ્ન ભૂંસી નાંખવા માટે ભયરહિત હાથ નાંખ્યો. તેટલામાં સિંહ સૂર્યથઈને સાક્ષાત્ આ પ્રમાણે બોલ્યો. હું સૂર્ય છું. તારી લગ્નની ભક્તિવડે હું હમણાં તુષ્ટ થયો છું. હે વરાહ! તારા ચિત્તમાં જે ગમે તે તું વરદાન માંગ. દેવોનું દર્શન કોઈ ઠેકાણે નિષ્ફળ થતું નથી. તે પછી મેં કહ્યું કે હે સ્વામી ! તમે જો મારા ઉપર પ્રસન્ન થયા છો તો પોતાના વિમાનમાં મને રાખીને પ્રયત્નપૂર્વક ગગનતલમાં ભમતું સમસ્ત જ્યોતિષચક્ર પોતાના વિમાનમાં રહેલા મને બતાવો. સૂર્યે તે સુખપૂર્વક કર્યું. તે વખતે સૂર્યે દેવશક્તિથી મને વિમાનમાં રહેલો કરીને સઘળો સૂર્ય-ચંદ્ર અને નક્ષત્ર વગેરેનો ચાર (ફરવું) બતાવ્યો. પોતાના વિમાનમાંથી ઉતારીને સૂર્યે તે લગ્નસ્થાનમાં મૂકીને જ્યોતિષના શાસ્ત્રોને કરનારી ઘણી વિદ્યાઓ આપી. સૂર્યની રજા લઈને જગતના ઉપકાર માટે હંમેશાં પૃથ્વીઉપર ભ્રમણ કરતાં મેં ઘણાં જ્યોતિષ શાસ્ત્રો કર્યા. પોતાને વિષે "વરાહમિહિર" એ પ્રમાણે નામ પ્રસિદ્ધ કરતાં જ્યોતિષ શાસ્ત્રોનાં તત્ત્વો મનુષ્યોની આગળ કહેવા લાગ્યો. તે પછી

વરાહમિહિર હંમેશાં શ્રેષ્ઠપૂજાને પામતો સ્વર્ગસરખા પ્રતિષ્ઠાન પુરમાં ગયો. પોતાની કલાનું કુશલપણું દેખાડવાથી સૂચિત વચનથી વરાહે જિતશત્રુરાજાને રંજિત કર્યો. ખુશ થયેલા જિતશત્રુ રાજાવડે સર્વ સેવકોની સાક્ષીએ (વરાહ) પુરોહિત કરાયો. કહ્યું છે કે :-

गौरवाय गुणाएव-नतुज्ञातेयडम्बरः ।
वानेयं गृह्यते पुष्प-मङ्गजस्त्यज्यते मलः ।।१।।

ગુણો જ ગૌરવને માટે થાય છે. જ્ઞાતિપણાનો આડંબર નહિ. વનમાં ઉત્પન્ન થયેલું ફૂલ ગ્રહણ કરાય છે. અંગમાં ઉત્પન્ન થયેલો મેલ ત્યજાય છે (૧) તે વખતે વરાહમિહિરના અદ્વિતીય કલાકુશલપણાને જોઈને લોકો કહેવા લાગ્યા કે આજ વિદ્વાન છે બીજા નહિ.

આ શ્વેતાંબરો કાગડાની જેમ કેમ બોલે છે ? માખીની જેમ બણ બણ કરતા બોલે છે. શ્વેતાંબરો કેદીની જેમ ખરાબ વસ્ત્રવાલા મલથી વ્યાપ્ત શરીરવાલા કાલ પસાર કરે છે. શ્વેતાંબરોની નિંદા સાંભળતાં શ્રાવકોનાં ચિત્તમાં માથાનું શૂલ ઉત્પન્ન થયું. અને દુઃખ થયું. એક સ્થાને શ્રાવકોએ ભેગા થઈ વેગપૂર્વક વિચાર કરી તરત જ ગુરુઓમાં શ્રેષ્ઠ ભદ્રબાહુને બોલાવ્યા. ત્યારે ત્યાં સારા ઉત્સવપૂર્વક ભદ્રબાહુ ગુરુ આવ્યા. તે વખતે શ્રાવકો ઉત્તમ ભાવથી ધર્મ સાંભળવા માટે આવ્યા. કહ્યું છે કે :

धर्मोऽयं धनवल्लभेषुधनदः, कामार्थिनांकामदः ।
सौभाग्यार्थिषु तत्प्रदःकिमपरं, पुत्रार्थिनां पुत्रदः ।
राज्यार्थिष्वपि राज्यदः किमथवा, नानाविकल्पैनृणां,
तत्किं यन्न करोति किंच कुरूते स्वर्गापवर्गावपि ।।१।।

આ ધર્મ ધન પ્રિય હોય તેને ધન આપનાર છે. કામના અર્થીને કામ આપનાર છે. સૌભાગ્યના અર્થીઓને સૌભાગ્ય આપનાર છે. બીજું શું ? પુત્રના અર્થીઓને પુત્ર આપનાર છે. રાજ્યના અર્થીઓને રાજ્ય આપનાર છે. અથવા તો મનુષ્યોને જુદા જુદા વિકલ્પોવડે શું ? તેવી કોઇ વસ્તુ નથી કે જે ધર્મ ન કરે. સ્વર્ગ અને મોક્ષને પણ કરે છે (૧) નિરંતર થતા ગુરુઓના મહિમાને જોઈને વરાહમિહિર પોતાના મનમાં ઘણો ખેદ કરવા લાગ્યો. વરાહમિહિર ગુરુને વિષે અપકાર કરવા શક્તિમાન ન હતો. તેથી સર્વ ઠેકાણે ગુરુની પ્રસિદ્ધિ થઇ.

એક વખતે અનુક્રમે વરાહને પુત્ર થયો ત્યારે તેના જન્મમહોત્સવના અવસરે ઘણું ધન વાપર્યું. લોકો તેના ઘરે આવીને વધામણું કરે છે. વરાહ મિહિરે પુત્રજન્મને વિષે જન્મપત્રિકા બનાવી. આ પુત્રનું આયુષ્ય ૧૦૦ વર્ષ પાંચ મહિના ૨૪ દિવસ અને ૧૫ ઘડી થશે. આ પ્રમાણે તે વરાહવડે રાજા વગેરે મનુષ્યોની આગળ પોતાના પુત્રના આયુષ્યની જાહેરાત કરાઇ. તેથી તેની પ્રસિદ્ધિ થઇ. એક વખત વરાહે રાજાની સભામાં રહ્યે છતે કહ્યું કે સગાભાઇ હંમેશાં બહારના છે, ક્યારે

પણ પોતાના નથી. આ સાંભળી શ્રાવકોએ ગુરુ પાસે આવીને ગુરુ પાસે પ્રગટપણે કહ્યું. ગુરુએ તેને કહ્યું કે તેની પાસે બે વખત જવું કલેશ કરનાર થશે. સાતમે દિવસે રાત્રિમાં બિલાડીના મુખેથી તે નિશ્ચે મરી જશે. ત્યારે ત્યાં અમારાવડે જવાશે. આ વાત અનુક્રમે જ્યારે આગળ થઇ ત્યારે રાજાએ કહ્યું કે કોનું સાચું અને કોનું જૂઠ થશે ? વરાહે કહ્યું કે શ્વેતાંબર જૂઠ બોલનાર છે. મારાવડે કહેવાયેલું મારા પુત્રનું આયુષ્ય થશે. સાતમો દિવસ આવે છતે સાત માલમાંથી સર્વ બિલાડીઓ પોતપોતાના ઘર સુધી કાઢી મુકાઇ. બાલકને દૂધ પિવરાવવા માટે જ્યારે ધાવમાતા બેઠી. તેટલામાં પુત્રના મસ્તક ઉપર દરવાજાનો આગળિયો દ્રઢપણે પડ્યો. તે વખતે પુત્ર મરી ગયે છતે મિત્રઆદિવડે મોટાસ્વરે દુઃખથી ભરેલા વરાહના ઘરમાં રુદન થાય છે. વરાહના ઘરમાં શોક દૂર કરવા માટે મનુષ્યો આદિ જતે છતે ભદ્રબાહુએ ત્યાં જઈને આ પ્રમાણે કહ્યું.

जातस्य हि ध्रुवं मृत्यु-ध्रुवं जन्म मृतस्य च।
तस्मादपरिहारार्थे - का तत्र परिवेदना ।।१।।
संयोगाः स्युर्वियोगान्ता, विपत् सीमाश्च सम्पदः ।
स्यादानन्दो विषादान्तो, जन्मापि मरणान्तिकम् ।।२।।
मातापिता भैषजमिष्टदेवो, विद्या प्रिया नन्दनबान्धवाश्च ।
गजाश्वभृत्या बलपद्मवासे, नेशा जना रक्षितुमन्तकाले ।।३।।

જન્મેલાનું મૃત્યુ નિશ્ચે છે. મરેલાનો જન્મ નિશ્ચે છે તેથી જેને દૂર ન કરી શકાય તેવા પદાર્થમાં ખેદ શા માટે? સંયોગો એ વિયોગના અંતવાલા છે. સંપત્તિઓ એ વિપત્તિની સીમાવાલી છે, આનંદ એ વિષાદના અંતવાલો છે અને જન્મ એ મરણના અંતવાલો છે. માતા પિતા, ઔષધ, ઇષ્ટદેવ, વિદ્યા, પ્રિયા, પુત્ર, બાંધવ, હાથી, ઘોડા, સેવકો કમલના વાસ સરખા (રામ જેના અંતમાં છે તેવા)! અંતકાલે મનુષ્યો રક્ષણ કરવા સમર્થ નથી. તે પછી રાજા વગેરે લોકો ચારે તરફથી વરાહનું કહેલું સઘળું ખોટું થયું એમ બોલતે છતે એ પ્રમાણે સાંભળીને ખેદ પામેલો વરાહ સઘળાં પુસ્તકોને જેટલામાં પાણીમાં નાંખતો હતો. તેટલામાં ભાઈવડે તેનો હાથ હાથમાં પકડાયો અને કહ્યું કે પોતાના પ્રમાદથી શ્રી ગુરુની પાસે તારાવડે ભક્તિવિના શાસ્ત્ર ભણાયું છે. તેથી તારું વચન અસત્ય થયું છે. કહ્યું છે કે:-

अमन्त्रमक्षरंनास्ति, नास्ति मूलमनौषधम् ।
अनाथाः पृथिवीनास्ति, आम्नायाः खलु दुर्लभाः ।।१।।
प्रतिपच्चन्द्रं सुरभी, नकुला नकुर्ली पयश्च कलहंसः ।
चित्रकवल्लीं पक्षी, सूक्ष्मं धर्मं सुधीर्वेत्ति ।।२।।
प्रभुप्रसाद तारुण्यं, विभवो रुपमन्वयः ।
शौर्यंपाण्डित्यमित्येत, - दमद्यं मदकारणम् ।।३।।

મંત્ર વગરનો કોઇ અક્ષર નથી. ઔષધવગરનું કોઇ મૂળિયું નથી. પૃથ્વી નાથ વગરની નથી. તેના આમ્નાય ખરેખર દુર્લભ છે. પડવાના ચંદ્રને ગાય, નોળિયો નોળિયણને, કલહંસો દૂધને, ચિત્રકવેલને પક્ષી અને સારી બુદ્ધિવાલો સૂક્ષ્મ

ધર્મને જાણે છે. સ્વામીની મહેરબાની, યૌવન, વૈભવ, રુપ વંશ , પરાક્રમ ને પંડિતાઇ તે મદ વગરનાં હોવા છતાં મદનું કારણ છે. પુસ્તકો સત્ય છે. બુદ્ધિ સાચી છે. આથી તારે હમણાં પુસ્તક પાણીમાં નાંખવું નહિ. ભાઇવડે નિષેધ કરાયેલો વરાહમિહિર તે વખતે જેટલામાં ગળાઉપર હાથ મૂકીને દીન મનવાળો ઊભો રહ્યો. તે વખતે વરાહવડે પહેલાં નિંદા કરાયેલા શ્રાવકે અન્યોક્તિ ગર્ભિત કાવ્ય વરાહની આગળ કહ્યું. તમારા જેવા કૃપાણોરૂપી કીડા જેમાં શોભતા હતા તે અંધકારમય રાત્રિ ચાલી થઇ છે. સૂર્યનાં કિરણથી દેદીપ્યમાન કરી છે દશદિશા જેણે એવો દિવસ હમણાં આ શોભે છે. ચંદ્ર નહિ તો કીટમણિ તું શું ? (શોભે ?) હું કીડાના મણિસરખો છું એમ આણે હમણાં કીધું છે. આથી આને મારે જલદી રાજા પાસે શિક્ષા અપાવવી. (એટલામાં) અહીં આગળ રાજા આવ્યો. પંડિતને કહ્યું કે સત્પુરુષોએ શોક ન કરવો. કારણ કે જગત અશાશ્વત છે. અહીં આગળ શ્રાવકો આવ્યા અને પ્રગટપણે કહ્યું કે અલ્પ આયુષ્યવાલા કર્મના યોગથી આ બાલક મૃત્યુ પામ્યો છે. આ સાંભળી રાજાએ કહ્યું કે હે શ્રાવકો ! ઉત્તમ ગુરુએ અહીં હમણાં બાલકનું અલ્પઆયુષ્ય કહ્યું હતું તે સાચું થયું, તે વખતે વરાહે કહ્યું કે ગુરુવર્યે બિલાડીના મુખથી બાલકનું મૃત્યુ કહ્યું હતું તે મલ્યું નહિ. આ સાંભળી ગુરુએ ત્યાં આવી પ્રગટપણે કહ્યું કે આગળિયાના મુખમાં બિલાડીનું રૂપ મજબૂતપણે છે. તેવા પ્રકારનો આગળિયો જોઈને રાજાએ ઉત્તમગુરુની સ્તુતિ કરી. હમણાં આવા પ્રકારનું સાચું જ્ઞાન કોઇ ઠેકાણે નથી. તે પછી રાજાએ શ્રીમાન ગુરુનું સન્માન કર્યું. જ્યારે તેઓ સ્વસ્થાને ગયા ત્યારે વરાહ દુઃખી થયો, ફરીથી વરાહ વિચારવા લાગ્યો કે હું રાજાની આગળ શુદ્ધ બોલવાથી જલદી આ ગુરુને ખોટા કરીશ. એક વખત પોતાનું માહાત્મ્ય રાજાની આગળ પ્રસિદ્ધ કરવા માટે વરાહે કહ્યું કે આજે દિવસના પાછલા પહોરે અકસ્માત્ વરસાદ આવે છતે નગરના પૂર્વ દરવાજાના વિષે લીંબડાની પૂર્વ શાખાની અંદર મત્સ્ય પડશે. અને તે મત્સ્ય બાવન પલ પ્રમાણ ગૌરવર્ણવાલો, ચાર મુખવાલો નિશ્ચે તોલાયેલો થશે. આ મારું વચન સત્ય છે.

આ પ્રમાણે સાંભળીને ગુરુએ શ્રાવકના મુખેથી રાજા ને જણાવાયું કે દક્ષિણ દિશામાં શ્યામવર્ણવાલો શ્વેતમુખની કાંતિવાલો એક નેત્રવાલો, બે મુખવાલો, પચાસ પલ પ્રમાણવાલો લીંબડાનીદક્ષિણ શાખામાં કિનારાની બહાર મત્સ્ય પડશે. બન્નેનું સાચું વચન જાણવા માટે તે દિવસે રાજા ત્યાં આવ્યો. ગુરુએ કહેલા પડેલા મત્સ્યને જોયો. અને તેથી હર્ષિત થયો. તે પછી સર્વ લોકોવડે હાંસી કરાયેલો, ખેદ પામ્યું છે મન જેનું એવો વરાહ પોતાના ઘરે જઈને રહ્યો. કોઈને પણ મુખ બતાવતો નથી. તેથી કહ્યું છે કે :–

माणे पणट्ठइ जइवि, न तणु तो देसगचइज्ज।
मा दुज्जणकरपल्लवहिं, दंसिज्जतु भमिज्ज।।१।।

જો માન નાશ પામે અને શરીર નાશ ન પામે તો દેશનો ત્યાગ કરવો. પરંતુ દુર્જનોના હસ્તતલવડે બતાવાતાં ભ્રમણ ન કરવું. ત્યાં સુધી લક્ષ્મી આશ્રય કરે છે. ત્યાં સુધી યશ સ્થિર રહે છે. જ્યાં સુધી તે પુરુષ માનથી હાનિ પામતો નથી. ત્યાં રાજાએ જૈનધર્મ નિશ્ચે સ્વીકારે છતે કલુષિત ચિત્તવાલા વરાહે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.

જિન ધર્મનો દ્વેષી વરાહ મૃત્યુ પામ્યો. અને સાધુઓને વિષે વિશેષ દ્વેષથી તે વ્યંતર થયો. તપશ્ચર્યા કરતા

સાધુઓને વિઘ્ન કરવા માટે અશક્ત એવા દુષ્ટમનવાલા વ્યંતરે શ્રાવકોને વિષે મરકી કરી. તે પછી શ્રાવકોએ ભદ્રબાહુ ગુરુપાસે આવીને કહ્યું કે કોઈ દેવ અથવા દૈત્ય વિઘ્ન કરે છે. હે ઉત્તમ ગુરુ! આપણા જેવા ગુરુ હોતે છતે દુષ્ટ એવા વ્યંતર આદિ દેવોવડે અહીં પીડા કેમ કરાય છે ? હાથીના સ્કંધ ઉપર ચઢેલો પુરુષ કૂતરાઓવડે કેમ ભક્ષણ કરાય ? પાણીની મધ્યમાં રહેલો મનુષ્ય સિંહવડે કેમ ભક્ષણ કરાય ? વૃક્ષની શાખા ઉપર રહેલો મનુષ્ય કે સ્ત્રી સિંહવડે કેમ ભક્ષણ કરાય? જીવતા સર્પના માથા ઉપર રહેલા રત્નને (મણિને) મનુષ્યોવડે કેમ ગ્રહણ કરાય ? ગુરુએ કહ્યું કે તે વરાહ મરીને હમણાં વ્યંતર થયો છે. તે હમણાં તમને વિઘ્ન કરે છે. તમે ભય ન પામો. તે મારાવડે નિષેધ કરાશે (રોકાશે) પાપી પોતે પોતાના પાપવડે ખરેખર મૃત્યુલોકને પામે છે. ગુરુએ શ્રી પાર્શ્વનાથ પ્રભુના ગુણથી ગૂંથાયેલા ઉપસર્ગહર સ્તોત્ર કરીને શ્રી સંઘને આપીને આદરપૂર્વક કહ્યું. આ પાર્શ્વનાથ પ્રભુના સ્તવનને જે મનુષ્ય હંમેશાં જપશે તે મનુષ્યને તે દેવ ઉપદ્રવ કરવા માટે કોઇ ઠેકાણે શક્તિમાન થશે નહિ. તે આ સ્તોત્ર છે.

उवसग्गहरंपासं, पासं वंदामि कम्मघणमुक्कं।
विसहरविसनिन्नासं, मंगल-कल्लाण-आवासं।।१।।
विसहर फुल्लिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ।
तस्स गहरोगमारि-दुट्ठ जरा जंति उवसामं।।२।।
चिट्ठउदूरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होइ।
नरतिरिएसु वि जीवा, पावंति न दुक्खदोगच्चं।।३।।
तुह सम्मत्ते लद्धे, चिंतामणीकप्पपायवब्भहिए।
पावंति अविग्घेणं, जीवा अयारामरं ठाणं।।४।
इय संथुओ महायस! भत्तिब्भर निब्भरेण हियएण।
ता देव ! दिज्ज बोहिं, भवे भवे पास जिणचंद ! ।।५।।

ઉપસર્ગને હરણ કરનાર પાર્શ્વનામે યક્ષ છે જેને એવા અને કર્મરૂપી મેઘથી મુક્ત, સર્પના ઝેરને નાશ કરનારા, મંગલ અને કલ્યાણના નિવાસ સ્થાન (ઘરરૂપ) જેવા એવા પાર્શ્વનાથને હું વંદન કરું છું. જે મનુષ્ય હંમેશાં વિષધર ફુલ્લિંગ મંત્રને કંઠમાં ધારણ કરે છે (ગણે છે) તેના ગ્રહ, રોગ, મરકી અને દુષ્ટ જવરો (તાવો) ઉપશાંતિને પામે છે. તે મંત્ર તો દૂર રહો પણ તમને કરેલા પ્રણામ પણ ઘણાં ફલવાલા છે, જેઓ –મનુષ્યો અને તિર્યંચો દુઃખ અને દૌર્ભાગ્યને પામતાં નથી. ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી અધિક તમારું સમ્યક્ત્વ પામે છતે જીવો વિઘ્નરહિત અજરામર સ્થાનને પામે છે. હે મહાયશ ! આ પ્રમાણે ભક્તિના સમૂહથી ભરેલા હૃદયવડે સ્તુતિ કરાયા. તેથી હે પાર્શ્વજિનચંદ્ર દેવ! ભવોભવને વિષે મને બોધિ આપજો.

આ પ્રમાણે સ્તોત્રને ભણનારા શ્રાવકોને હંમેશાં દુષ્ટચિત્તવાલો તે વ્યંતર ઉપદ્રવ કરવા માટે શક્તિમાન ન થયો. તે પછી શ્રાવકોને વિષે શાંતિ થઇ. ક્લેશો દરેક દિશામાં નાશ પામ્યા. (નાસી ગયા) આજે પણ લોકો હંમેશાં શ્રી પાર્શ્વનાથનું તે સ્તોત્ર ભણે છે.

એક વખત સોમચંદ્ર રાજાએ ગુરુપાસે જઈને શ્રી શત્રુંજયનું માહાત્મ્ય સાંભળતાં આ પ્રમાણે કહ્યું "આ શ્રી શત્રુંજય માહાત્મ્ય ગ્રંથ મહાન છે મોટો છે." તેથી હે ઉત્તમ ગુરુ! હમણાં મારાવડે સાંભળી શકાય તેમ નથી. આથી હે સ્વામી ! સિદ્ધાન્તમાંથી સિદ્ધગિરિનો કલ્પ સંક્ષેપ કરીને મોક્ષસુખની પરંપરા માટે સંભળાવો. તેથી એક કરોડ શ્લોકવડે સુંદર શ્રી સિદ્ધગિરિનો મોટો કલ્પ ભદ્રબાહુ ગુરુવડે કરાયો. તે કલ્પને સાંભળતાં રાજાએ મોક્ષસુખ માટે શ્રી સિદ્ધગિરિ ઉપર વિસ્તારથી યાત્રા કરી. એક વખત ભદ્રબાહુસૂરીશ્વરે સુંદર ત્રણલાખ શ્લોક પ્રમાણવાલો બીજો નાનો કલ્પ ફરીથી કર્યો.

આ પ્રમાણે શ્રી ભદ્રબાહુસ્વામીએ રચેલા કલ્પનો સંબંધ પૂર્ણ થયો.

શ્રી વજ્રસ્વામીનો સંબંધ

હવે વજ્રસ્વામીનો સંબંધ કહેવાય છે તે આ પ્રમાણે :–

શ્રેષ્ઠ તુંબવનમાં પૃથ્વીના વિભૂષણ જેવા સન્નિવેશમાં ધર્મકાર્યમાં સમર્થ એવો ધનગિરિ શેઠ હતો. અનુક્રમે તેની પત્ની સુનંદાના ગર્ભમાં સારા દિવસે જૃંભક દેવોમાંથી દેવ ચ્યવીને અવતર્યો. આ તરફ સંસારને અસાર જાણી શ્રી સિંહગુરુ પાસે દીક્ષા લઇ ધનગિરિમુનિ ભણતાં તપ કરતા હતા. તે મુનિ શુદ્ધ આહારને ગ્રહણ કરતા, ગુરુનો વિનય કરતા, ધર્મધ્યાનમાં તત્પર, હંમેશાં તપમાં લીન હતા.

આ બાજુ સંપૂર્ણ માસે સુનંદાએ પુત્રને જન્મ આપ્યો. માતાએ પોતાની શક્તિ પ્રમાણે તે પુત્રનો જન્મોત્સવ કર્યો. તે વખતે માતાએ કહ્યું કે હે પુત્ર! જો તારા પિતાએ દીક્ષા લીધી ન હોત તો તારો જન્મોત્સવ કરાવતે. વ્રતની ઇચ્છાવાલા તારા પિતાવડે હું એકલી ઘરમાં મુકાઇ છું. આથી હે પુત્ર! તું મારી પાસે સુખપૂર્વક રહે. ગ્રહણ કર્યો છે સંયમ જોગે એવા પિતાને જાણીને ઉત્પન્ન થયું છે જાતિસ્મરણ જેને એવો આ બાલક હૃદયમાં આ પ્રમાણે વિચારવા લાગ્યો. અહો! પૂર્વભવમાં દીક્ષા ગ્રહણ કરવાને ઇચ્છતા મારાવડે તે દીક્ષા ગ્રહણ કરી શકાઇ નહિ. તેથી અહીં નિશ્ચે હું સંયમને ગ્રહણ કરીશ. જો મારા પિતાએ અહીં સંયમ ગ્રહણ કર્યો છે. તો મારે પણ સુખને આપનારી દીક્ષા ગ્રહણ કરવા લાયક છે. કહ્યું છે કે :–

भणाइं (नेणीइ) बेटा ते संसारि, जाइं जे बाप तणइ अणुसरि।
निच्छइ लेइ संयमभारो, इमचिंतइ सो बाल कुंआरो।।१।।

સંસારમાં જે બાપને અનુસરે છે તે પુત્ર કહેવાય છે, નિશ્ચે મારે સંયમભાર ગ્રહણ કરવો એમ તે બાલકુમાર વિચારે છે. રુદનવિના માતા પાસેથી મારો છુટકારો થશે નહિ. આથી બાલક એવા મારું રુદન જલદી કલ્યાણકારક થશે.

अबलानां तु बालानां, रोदनं जायते श्रिये।
अनाथानां नृणां राजा, शरणं गीयते बुधैः।।
हवमज्झ किमु मोकलिसे, माए रोइ करी मेल्हावउ काए।
मरु अनेरुं नथि विना, ण रोवउ बालपणि प्राण।।१।।

સ્ત્રીઓ અને બાલકનું રુદન નિશ્ચે લક્ષ્મી માટે થાય છે. અનાથ મનુષ્યોનું શરણ પંડિતોવડે રાજા કહેવાય છે. કહ્યું છે કે :- હવે મને મા કેમ મોકલશે ? માટે રુદન કરીને હું મુક્ત થાઉ. માટે રોવા સિવાય બાલપણમાં કોઇ ઉપાય નથી. તે પછી તે દિવસ ને રાત્રિ અત્યંત રુદન કરતો બાલક માતાને દયાનું સ્થાન કરતો હતો. અને પડખે રહેલા મનુષ્યોને રડાવતો હતો.

क्षणमङ्के क्षणं, स्कन्धे, क्षणं शीर्षे क्षणं कटौ।
क्षणं पालनकेडोल्यां, क्षणं लातिप्रसूस्तदा।।

માતા ક્ષણવાર ખોળામાં, ક્ષણવાર ખભા ઉપર, ક્ષણવાર મસ્તક ઉપર, ક્ષણવાર કેડમાં, ક્ષણવાર પારણામાં ક્ષણવાર ઝોળીમાં લેતી હતી. હે વત્સ ! તું લાંબા કાળ સુધી જીવ. તુ નિશ્ચે મારો સ્વામી છે. તું રુદનથી અટકી જા. મુખ દેખાડવાથી મારી ઇચ્છા પૂર્ણ કર. કહ્યું છે કે :-

उपाध्यायं दशाचार्या - आचार्याणां शतं पिता।
सहस्रं तु पितु र्माता, गौरवेणातिरिच्यते।।१।।
आस्तन्यपानाज्जननी, पशुनामादारलाभावधिचाधमानाम्।
आगेहिकर्म्मावधि मध्यमाना, - मा जीवितं तीर्थमिवोत्तमानाम्।।

દશ ઉપાધ્યાયો કરતાં એક આચાર્ય ચઢે છે. સો આચાર્યો કરતાં એક પિતા ચઢે. છે. અને હજાર પિતા કરતાં એક માતા ગૌરવવડે ચઢિયાતી છે. પશુઓને માતા સ્તનપાન સુધી હોય છે. અધમ મનુષ્યોને માતા સ્ત્રીની પ્રાપ્તિ સુધી

હોય છે. મધ્યમ મનુષ્યોને માતા ઘરનું કામ કરે ત્યાં સુધી હોય છે. અને ઉત્તમ પુરુષોને માતા જીવે ત્યાં સુધી તીર્થની જેમ હોય છે. આ પ્રમાણે તે બાળકને રુદન કરતાં છ મહિના ગયે છતે દુઃખ પામીને (માતા) મરવાની ઇચ્છાવાલી બોલી. જો આ બાલકનો પિતા આવે તો આ બાલકને આપીને હું સુખી થાઉં. કારણ કે આ બાલક મને દુઃખ આપનારો છે. આ બાલક મારું વૈર વાળવા માટે આવ્યો છે. કારણ કે તે રોયા વિના એક ક્ષણ પણ રહ્યો નથી. એ પ્રમાણે તે (માતા) બોલતે છતે તે વખતે ત્યાં સિંહગિરિગુરુ ભવ્યજીવોને પ્રતિબોધ કરવા માટે ઓચિંતા આવ્યા.

ભિક્ષાને માટે નગરની અંદર જતાં ધનગિરિ (પોતાના) ગુરુવડે કહેવાયા કે તને જે મળે તે તારે અહીં લાવવું. ભ્રમણ કરતાં ધનગિરિ જ્યારે પોતાના ઘરે આવ્યા ત્યારે સુનંદાએ કહ્યું કે તમે પોતાના પુત્રને ગ્રહણ કરો. કરુણસ્વરે રુદન કરતાં આ પુત્રવડે હું વિલખી કરાઇ છું. તેથી આ પુત્રને તમે લઇ જાવ. જે સોનાવડે બે કાન જલદી તૂટી જાય તે સોનાવડે પોતાનું હિત ઇચ્છનારા સજજનો વડે શું કરાય ? ધનગિરિએ કહ્યું કે તું મને બળાત્કારે પુત્ર આપે છે. પછી જો તું માંગીશ તો તને તે પુત્ર આપીશ નહિ. તે પછી ધનગિરિએ સાક્ષીઓ કરીને શ્રી ગુરુનું વચન યાદ કરી સુંદર આકૃતિવાલા પુત્રને ઝોળીમાં નાખ્યો. હર્ષવડે ધનગિરિએ જ્યારે તે ગુરુને તે આપ્યો ત્યારે વજની જેમ ઘણો ભાર ગુરુને જણાયો અને કહ્યું કે ઘણો ભાર હોવાથી આ બાલકનું નામ વજ થાઓ. તે વખતે તે બાલક રડવાથી અટક્યો ને હર્ષિત થયો.

શ્રાવિકાની પૌષધશાલામાં પારણામાં તેને સુવરાવ્યો અને શ્રાવિકાઓએ સ્તનપાન કરાવવાવડે મોટો કર્યો. કોઇક સ્ત્રી ભક્તિવડે બાળકને સ્તનપાન કરાવતી હતી. કોઇક સ્ત્રી નેત્રમાં અંજન કરતી હતી. તે વખતે નિરંતર સાધ્વીઓ અંગને ભણતી હતી ત્યારે વજકુમારે અગિયાર અંગ અનુક્રમે સૂત્રથી અને અર્થથી જાણ્યાં. પાણીમાં તેલ, લુચ્ચાને વિષે ગુપ્તવાત, પાત્રને વિષે થોડું પણ દાન ને બુદ્ધિશાળીને શાસ્ત્ર.વસ્તુની શક્તિથી પોતાની જાતે (આ વસ્તુઓ) વિસ્તાર પામે છે.

સુનંદા આવીને સુંદર વાણીવડે પોતાના પુત્રને રમાડે છે અને પાછો લઇ જવાને ઇચ્છે છે. અને બોલી કે હે પુત્ર! તું ઘરે આવ. તે પછી દિવસે દિવસે ગુરુ અને સંઘપાસે સુનંદા પુત્રની માંગણી કરે છે. સંઘ અને ગુરુ તે બાળકને આપતા નથી. તે પછી સુનંદા રાજાની પાસે પુત્રની માંગણી કરે છે. રાજાએ સંઘને બોલાવીને કહ્યું કે આને જલદી પુત્ર આપો. સંઘે કહ્યું કે રુદન કરીને આ બાળક ગુરુની પાસે આવ્યો છે. તેથી હે રાજન ! તે માતાની પાસે કેવી રીતે જાય? હે રાજન ! જો આ બાળક માતાવડે બોલાવાયેલો માતાની પાસે જાય તો સુનંદાપુત્રને ગ્રહણ કરે અન્યથા નહિ. તે પછી મોદક, ખજૂર, ખારેક અને સુખડીવડે થાલ ભરીને ધનગિરિની પત્ની રાજાની પાસે ગઇ. સંઘસહિત ગુરુ ઓઘો મુહપત્તી લઇને રાજાની પાસે આવ્યા. હર્ષવડે બાળક વજ પણ આવ્યો. હૃદયને હરણ કરનારા મોદક વગેરે શ્રેષ્ઠ પદાર્થો માતાએ મૂકે છતે ગુરુએ જલદી સાધુવેશ મૂક્યો. સાધુનો વેશ મસ્તકને વિષે કરીને તે બાળક જ્યારે ગુરુ પાસે ગયો ત્યારે માતા પોતાના મનમાં ખેદ પામી. તે પછી સુનંદાએ વિચાર્યું કે હે ઉત્તમ પુત્ર ! મારે હવે પતિ અને પુત્ર વિના કાલ કેમ પસાર કરવો? કહ્યું છે કે જે સ્ત્રી કોઇક ઠેકાણે પતિ મરી ગયે છતે પણ વૈધવ્યને પાળે છે. તે ફરીથી ધણીને મેળવીને સ્વર્ગના ભોગોને ભોગવે છે. ખરેખર સ્ત્રીને પતિ અથવા પુત્ર શરણ થાય છે. આથી હું સંયમ સાથે નિશ્ચે વસ્ત્ર (સાધુનાં) ગ્રહણ કરીશ. તે પછી માતાની સાથે વજકુમારે ગુરુપાસે દીક્ષા લીધી. જે જે તે સાંભળે છે તે તે તેને નિશ્ચે આવડે છે. (યાદ

રહી જાય છે.) કહ્યું છે કે :-

राखइ छव्विह जीवनिकाय, जस दरिसण नासइ बहुपाप।
जं जं श्रवणे सुणइ स बाल, तं तं आवइ सम विचार।।१।।

તે બાળક છ પ્રકારે જીવનિકાયનું રક્ષણ કરે છે. જેનાં દર્શનથી ઘણાં પાપ નાશ પામે છે.

તે બાળક કાનમાં જે જે સાંભળે છે તે તે તેને વિચારની સાથે આવડે છે.

એક વખત ગુરુ અંગચિંતા માટે (બહાર) ગયા ત્યારે વજ્રકુમાર વસતિમાં એકલો રહ્યો. અને ઉપધિઓને શ્રેષ્ઠ સાધુ તરીકે કરી અને મોટેથી જ્યારે આદરપૂર્વક અગિયાર અંગ ભણાવતો હતો ત્યારે ગુરુ બારણાના પ્રદેશમાં આવ્યા. મોટેથી ઉપધિરૂપ સાધુઓને વિદ્યા ભણાવતા તે બાળક મુનિને જોઈને ગુરુચિત્તમાં ઘણો ચમત્કાર પામ્યા. પોતાના ગુરુને આવેલા જાણીને વજ્રકુમાર તે ઉપધિઓને જુદે જુદે સ્થાને મૂકીને સ્વસ્થાને આવીને આદરથી ભણવા લાગ્યો. તે નાના સાધુ વજ્રને અગિયાર અંગના જાણકાર જાણીને એક વખત અન્યસ્થાને જતાં ગુરુએ શિષ્યોની આગળ આ પ્રમાણે કહ્યું હે મુનિઓ ! આ વજ્ર તમને અંગની વાંચના આપશે, તે પછી ગુરુવડે કહેવાયેલું મનગમતું (વચન) હર્ષથી અંગીકાર કરાયું. તે પછી વજ્રે તેવી રીતે તે મુનિઓને ભણાવ્યા કે જેથી તેઓ માનવા લાગ્યા કે અમારા પાઠક આ વજ્ર શ્રેષ્ઠ છે.

એક વખત જંગલમાં જતાં ગુરુને મધ્યદિવસ થયો ત્યારે એક દેવતાએ મોટો સાર્થ બનાવીને, આવીને કહ્યું કે હે ભગવન અમારી પાસે પ્રાસુક એવી ભિક્ષા છે. તેથી હે ઉત્તમ ગુરુ ! સાધુઓને ગોચરી માટે મોકલો. ગુરુવડે મોકલાયેલો વજ્ર ત્યાં જઈને પૃથ્વીઉપર નથી લાગ્યા પગ જેનાં એવાં મનુષ્યો અને સ્ત્રીઓને જોઈને તેઓને આ પ્રમાણે કહ્યું, 'તમે આવા પ્રકારની દેવતાઈ માયા કરી છે. આથી આવા પ્રકારની ભિક્ષા કોઈ ઠેકાણે નિશ્ચે કલ્પે નહિ'. તે પછી તે દેવતાઓને જલદી પોતાનું રૂપ કરીને ગુરુની આગળ કહી વજ્રની સ્તુતિ કરીને પોતાના સ્થાને ગયા.

અનુક્રમે વજ્રને આચાર્યપદવી માટે યોગ્ય જાણીને સિંહગિરિસૂરિએ હર્ષવડે આચાર્યપદવી આપી. વજ્રસ્વામી સેંકડોની સંખ્યાવાલા મુનિઓને હંમેશાં અગિયાર અંગ ભણાવતાં ઉત્તમ વિદ્યાવડે દેવગુરુ સરખા કર્યા. પૃથ્વીપીઠઉપર ઘણા ભવ્ય જીવોને પ્રતિબોધ કરતાં વજ્રસ્વામીએ ઘણાં શ્રાવક અને શ્રાવિકાઓને દીક્ષા આપી. એક વખત શ્રાવિકાઓની આગળ વજ્રસ્વામીગુરુના સુંદરરૂપનું વર્ણન કરતાં કન્યા તે મુનિને વરવાને ઇચ્છે છે. તે પછી તે કન્યાએ પિતાની પાસે કહ્યું કે હમણાં મને વજ્રસ્વામી સાથે પરણાવો. નહિતર મારું શરણ અગ્નિ છે. તે ધનિક ઘણાં કરોડ સુવર્ણથી યુક્ત પોતાની પુત્રીને લઈને પોતાના ઘરેથી વજ્રસૂરિ (સ્વામી)ને આપવા માટે ચાલ્યો. કદાગ્રહથી ત્યાં આવેલી કામુક કન્યાને જાણીને વજ્રે શીલનું રક્ષણ કરવા માટે પોતાને કુરૂપ કર્યા. તે પછી ત્યાં આવેલી કન્યાએ આચાર્યના દેહમાં રહેલા કુત્સિત (ખરાબ) રૂપને જોઈને મુખ મરડીને પાછી પોતાના ઘરે આવી કહ્યું છે કે :-

कोटि सहिएहिं धणसंचयस्स, गुणस्स भरियाइ कन्नाइं।
नवि लुद्धो वयररिसी, अलोभया एस साहूणं।।१।।

કરોડો ધનના સમૂહ સહિત ગુણથી ભરેલી કન્યા ઉપર વજ્રઋષિ લોભાયા નહિ. સાધુઓની આ નિર્લોભતા છે. દશ પૂર્વભણી ભવ્યમનુષ્યોને પ્રતિબોધ કરતાં વજ્રસૂરીશ્વર નિરંતર શાસનને વિષે પ્રભાવના કરવા લાગ્યા. કહ્યું છે કે : સિંહગિરિ ગુરુની પાસે ધર્મસાંભળી વૈરાગ્યવાળા ધનગિરિ તેની પત્ની ને તેના પુત્રે પણ દીક્ષા ગ્રહણ કરી

तुंबवणसन्निवेसाउ निग्गयं पिउस्सगास समल्लीणं।
छम्मासियं छसुजअं माउइ समन्नियं वंदे।।२।।
यः पालनस्थः श्रुतमध्यगीष्ट, षण्मासिके यश्चरिताभिलाषी।
त्रिवार्षिकः सङ्घममानयद्यो, योऽध्यापयत् साधुगणं प्रकामम्।।

તુંબવન સન્નિવેશથી નીકળેલા પિતાની પાસે રહેલા છ મહિનાના વજ્ર–છ જીવનિકાયમાં પ્રયત્નવાલા, માતાથી યુક્ત એવા વજ્રર્ષિને હું વંદન કરું છું. જે પારણામાં રહેલા, છ મહિનાના શ્રુતને ભણ્યા. અને ચારિત્રના અભિલાષી ત્રણ વર્ષની ઉમરવાલા જેણે સંઘને માન્ય કર્યો. જેણે સાધુ સમુદાયને અત્યંત ભણાવ્યો. જે બાલક દેવતાઓ વડે વર્ષાઋતુની અંદર ભોજન માટે નિમંત્રણ કરાયેલા ઇચ્છતા નથી.

તે વિનીત વિનયવાળા છે. તે વજ્રઋષિને હું નમસ્કાર કરુ છું. જેને મહાપરીજ્ઞામાંથી આકાશગામિનીવિદ્યા ઉદ્ધરી, જે શ્રુતધરોમાં છેલ્લા છે. તે આર્યવજ્રને હું વંદન કરું છું. અત્યંત દુકાલ પડે છતે સંઘને ઉત્તમપટઉપર સ્થાપન કરી શ્રી વજ્રસૂરીશ્વર અનુક્રમે માહેશ્વરી નગરીમાં લઇ ગયા. હુતાશન નામે યક્ષના વનમાંથી પુષ્પો માહેશ્વરી નગરીમાં લઇ ગયા. અને ત્યાં બૌદ્ધને પ્રતિબોધ કરવા માટે જેણે મોટી પ્રભાવના કરી. આ પ્રમાણે શ્રેષ્ઠ વિદ્યાના સમુદ્ર અને નિરંતર પ્રભાવનામાં તત્પર શ્રી વજ્રગુરુના ઘણા દિવસો પસાર થયા. આ પ્રમાણે વજ્રસ્વામી ગુરુનીવાણી સાંભળીને ક્યો માણસ જલદી મિથ્યાત્વને છોડીને જૈનધર્મને ન પામે ? આ પ્રમાણે (તિઓનાં) બીજાં પણ ઘણાં વૃત્તાંતો છે. વિદ્વાનોએ સ્વલ્પ જાણવા માટે કહેવાં, એક વખત વજ્રસ્વામી સોપારક નામના નગરમાં જ્યારે ગયા ત્યારે અનેક ભવ્યજીવો વંદન કરવા માટે આવ્યા. તે વખતે વજ્રસ્વામીએ કહ્યું કે મુક્તિના સુખની પ્રાપ્તિ માટે હંમેશાં ધન આદિ પુણ્ય વેગથી વિધિપૂર્વક કરવું જોઈએ. કહ્યું છે કે :– જે જીવ ગામ સ્ત્રી ને પૃથ્વીનું દાન અને સુવર્ણનું દાન કરે તે પાપકર્મથી ભારે થયેલા સંસારરૂપી અટવીમાં ભ્રમણ કરે છે. બંધન, તાડન અને દમન વગેરે ભયંકર દુઃખ બળદોને થાય છે. હળ જોડવાથી પૃથ્વી ચિરાય છે. અને પ્રાણીના સમૂહ ચિરાય છે. જે કુમારીને આપે છે તે રાગ કરે છે. અને આસક્તિ કરે આથી મોહ થાય છે. ને મોહથી દુર્ગતિમાં ગમન થાય છે. સોનું ભયને પમાડનારું છે આરંભ અને પરિગ્રહનું મૂલ છે. તેથી મુનિ આ ચાર દાન છોડી દે. તેથી શ્રાવકોને મોક્ષની પ્રાપ્તિ બોધિને આપનારાં ક્યાં દાનો કહેવાય છે. ? આથી વજ્રસ્વામીએ ભવ્ય પ્રાણીઓની આગળ કહ્યું.

नाणं अभयपयाणं, फासुयदाणं च भेसजं चेव।
एते हवंति दाणाओ, उवइट्ठं वीयरागेण ।। ।।६।।
ज्ञानवान् ज्ञानदानेन, निर्भयोऽभयदानतः।
अन्नदानात् सुखी नित्यं, निर्व्याधिर्भेषजाद् भवेत्।।७।।
नाणेण दिव्वनाणी, दीहाउ होइ अभयदाणेण।
आहारेण य भोगं पावइ, दाया न संदेहो।।१।।

જ્ઞાનદાન,અભયદાન, પ્રાસુકદાન અને ઔષધદાન આ દાનો છે. તે વીતરાગવડે બતાવાયા છે. જ્ઞાનદાનથી જ્ઞાનવાળો, અભયદાનથી નિર્ભય, અન્નદાનથી હંમેશાં સુખી અને ઔષધદાનથી વ્યાધિવગરનો થાય છે. કહ્યું છે કે :- જ્ઞાનવડે દિવ્યજ્ઞાની થાય છે અભયદાનથી દીર્ઘઆયુષ્યવાલો થાય છે ને આહારનો દાતા ભોગ પામે છે તેમાં સંદેહ નથી. સાધુઓને ઔષધ આપનાર દિવ્યશરીર પામે છે. અને અખંડ અંગોપાંગવાલો ઉત્તમ ભોગને અનુભવે છે. જેમ વડનું બીજ પૃથ્વીતલમાં વધે છે. અને વૃક્ષ થાય છે. તેમ મુનિવરોને આપેલું વિપુલદાન (પોતે) ઘણા પુણ્યરૂપે થાય છે.

જેમ સારીરીતે ખેડેલા ખેતરમાં વાવેલું બીજ અદભુત અને ઘણું થાય છે. તેવી રીતે સાધુઓને આપેલું દાન મોટા પુણ્યને પમાડનારું થાય છે. જેમ ઊખરભૂમિમાં નાંખેલું બીજ વૃદ્ધિ પામતું નથી તેવી રીતે મિથ્યાત્વપાત્રમાં આપેલું દાન નિષ્ફલ થાય છે. જે આપવાથી શ્રદ્ધા, ભક્તિ, શક્તિ અને વિજ્ઞાન થાય તે વિધિપૂર્વક આપેલું દાન છે. અને તે દાન પુણ્યરૂપી ફલવાળું જાણવું.

વિવિધ હથિયારો જેણે હાથમાં ગ્રહણ કર્યા છે. અને જે દેવો કષાયથી યુક્ત છે. જે કામરતિ અને રાગને વશ છે. અને જે હંમેશાં ભાંડન (ગાળ) કરે છે. અને જે પોતાનું પોષણ કરનારા છે. ઇત્યાદિ જે દેવો છે તે દાનને યોગ્ય જાણવા નહિ. જે પોતે જ તર્યા નથી તે બીજાને કંઇ રીતે તારે ? ઇત્યાદિ ધર્મ સાંભળતાં તે વખતે ઘણાં પ્રાણીઓ જિનેશ્વરે કહેલા ધર્મને ભાવથી મોક્ષસુખ માટે શરૂ કર્યો. શ્રી વજસૂરીશ્વરે શ્રી શત્રુંજયમાહાત્મ્ય મોટું જાણીને પ્રાણીઓએ ઉપર અનુગ્રહ કરવા માટે સારા દિવસે તેનો સંક્ષેપ કર્યો. કહ્યું છે કે : શ્રી શત્રુંજયતીર્થમાં જઈને બોધિને આપનારા જિનેશ્વરોની જે સ્તુતિ કરે છે. અને પૂજે છે. તેના હાથમાં જલદી સ્વર્ગ અને મોક્ષ વગેરે સુખ આવે છે. જે શ્રી સિદ્ધગિરિઉપર યાત્રા માટે એક પગલું મૂકે છે તે જલદી મોક્ષલક્ષ્મીને પામે છે .ને મુક્તિનગરીમાં જાય છે.

શ્રી શત્રુંજયકલ્પને સંક્ષેપ (નાનો) કરવામાં શ્રી વજસ્વામીનો સંબંધ સંપૂર્ણ.

શ્રી પાદલિપ્ત સૂરિનો સંબંધ

શ્રી પાદલિપ્તસૂરિનો સંબંધ કહેવાય છે તે આ પ્રમાણે :– એક વખત શ્રી પાદલિપ્તસૂરિ શ્રી સિદ્ધગિરિઉપર અનંત સુખને માટે શ્રી યુગાદિ જિનેશ્વરને નમસ્કાર કરવા માટે ગયા. તે વખતે ઘણા સંઘ સહિત મુરંડરાજા શ્રી શત્રુંજય ઉપર તીર્થને નમસ્કાર કરવા માટે ને પૂજનકરવા માટે આવ્યો. તે વખતે પ્રભુની પૂજા કરી પુષ્પોવડે સ્વામીની પાદુકાની પૂજા કરી. અને રાજાએભક્તિવડે રાયણવૃક્ષની પ્રદક્ષિણા કરી. તે પછી ઉત્તમભાવથી બીજા તીર્થંકરોની પૂજા કરી. અને પ્રણામ કરી રાજાએ પોતાના જન્મને સફલ કર્યો. પ્રથમ તીર્થંકરના પ્રસાદઉપર ધજા ચઢાવી રાજાએ સંઘસહિત આરતી અને મંગલદીવો કર્યો, તે પછી પાદલિપ્તસૂરિ પાસે રાજા ઉપદેશ સાંભળવા ગયો ત્યારે આચાર્ય મહારાજે તીર્થનું મહાત્મ્ય કહ્યું. તે પછી રાજાએ કહ્યું કે આ અદભુત એવા શ્રી શત્રુંજયનું માહાત્મ્ય મોટું છે. તેથી હે ! આચાર્ય (મ) હમણાં ખરેખર સંક્ષેપ (નાનું) કરો. ઘણા વ્યાપારની સામગ્રી હોવાથી મોક્ષના અર્થી એવા ભવ્યજીવો અત્યંત વિસ્તાર હોવાથી હમણાં સંપૂર્ણ સાંભળી શકે નહિ. તેથી આચાર્ય ભગવંતે ભવ્ય જીવોના અનુગ્રહ માટે મોક્ષની પ્રાપ્તિ માટે શ્રી સિદ્ધગિરિનું માહાત્મ્ય સંક્ષેપ કરીને નાનું કર્યું. પહેલાં સંપઇ વિક્કમ – આ ગાથામાં કહ્યું છે તે વિસ્તારથી જાણી લેવું.

આ પ્રમાણે શ્રી પાદલિપ્ત સૂરિનો સંબંધ સંપૂર્ણ



ततोधनेश्वरःसूरि र्माहात्म्यं सिद्धभूभृतः ।
चकार भव्यसत्वानां, लघु मुक्तिसुखाप्तये ।।१।।

તે પછી ધનેશ્વરસૂરિએ શ્રી સિદ્ધગિરિનું માહાત્મ્ય ભવ્ય પ્રાણીઓના મોક્ષસુખની પ્રાપ્તિ માટે નાનું કર્યું.

तं जह सुयं थुयं मे पढंतनिसुणंतसंभरंताणं ।
सित्तुंजकप्पसुत्तं, देउ लहुं सत्तुंजय सिद्धिं ।।३९।।

ગાથાર્થ : તે જેવી રીતે મેં સાંભળ્યું અને સ્તવ્યું તે રીતે ભણનાર સાંભળનાર અને સ્મરણ કરનારને શ્રી શત્રુંજય કલ્પસૂત્ર જલદી શત્રુના જયની સિદ્ધિને આપો .

ટીકાર્થ:– તે પ્રસિદ્ધ શત્રુંજય નામનું તીર્થ જેવી રીતે પૂર્વશાસ્ત્રમાં બહુશ્રુત પાસેથી સાંભળ્યું અને સ્તવ્યું તેવી રીતે ભણનાર સાંભળનાર અને સ્મરણ કરનારને તે શત્રુંજયસ્તોત્ર જલદી શાશ્વત સુખ આપો. શત્રુંજયતીર્થ ભવ્યજીવોને શાશ્વતસુખ આપો. અહીં કથા કહે છે.

શ્રી શત્રુંજયના સ્મરણમાં ધનરાજાની કથા

શ્રીપુર નગરમાં ધનરાજા પુત્રના અભાવથી ધનશ્રી ઉપર બીજી રમા નામની સ્ત્રીને પરણ્યો. તેથી પહેલી પ્રિયા બીજી સ્ત્રીને સંકટમાં પાડવા માટે હંમેશાં કપટમાં તત્પર એવી તે કરોડો કૂટની શ્રેણી કરતી હતી. કહ્યું છે કે :–

आवर्त्तः संशयानामविनयभवनं पत्तनं साहसानां,
दोषाणां सन्निधानं कपटशतगृहं क्षेत्रमप्रत्ययानाम्।
आग्राह्यं यन्महद्दिभर्नरवरवृषभैः सर्वमायाकरंड-
स्त्रीयन्त्रं केन लोके, विषममृतमयं धर्म्मनाशाय सृष्टम् ? ।।१।।

જે સંશયોનું આવર્ત છે. અવિનયનું ઘર છે. સાહસોનું શહેર છે. દોષોનું સન્નિધાન છે. કરોડો કપટનું ઘર છે. અવિશ્વાસનું ખેતર છે. જે મોટા શ્રેષ્ઠ પુરુષોવડે ગ્રહણ ન કરી શકાય એવું સર્વ માયાના કરંડિયારૂપ સ્ત્રીરૂપી યંત્ર આ લોકમાં અમૃતમય વિષરૂપ ધર્મના નાશ માટે કોનાવડે સર્જન કરાયું – બનાવાયું?


રાજા લાકડાના મોરપર બેસી પૃથ્વીઉપર ભ્રમણ કરતાં નગરે નગરે ઘણાં આશ્ચર્યો જુએ છે. બીજી સ્ત્રી લાકડાના મોરઉપર ચઢીને મૂર્ખતાથી જેટલામાં ખીલીને ખેંચી તેટલામાં તે મોર આકાશમાં ગયો. સ્ત્રી સહિત મોર ગયે છતે રાજાએ પ્રિયાને કહ્યું કે પત્નીને જોવા માટે હું સવારે જઈશ. કુટિલ એવી તે પ્રિયાએ કહ્યું કે તમે જાવ ને પ્રિયાને જલદી લાવો. માર્ગમાં જતાં સુખને માટે ભાતું ગ્રહણ કરો. લાડવા વગેરેનું ભાતું સાત ગાંઠમાં બાંધીને પત્નીએ આપ્યું. હર્ષિત થયેલો રાજા તે લઈને પ્રિયા માટે ચાલ્યો. ખાવાનો અવસર થયે છતે પહેલી ગાંઠનું ભાતું ખાધું ત્યારે રાજા ત્રાણ ફેણવાલો ને કાજલસરખી કાંતિવાલો સર્પ થયો. બીજી ગાંઠનું ભાતું ખાધે છતે તે સર્પ તેજ વખતે રાજાના રૂપને ધારણ કરનારો થયો. ત્રીજી ગાંઠનું ભાતું ખાધે છતે રાજા તેવા પ્રકારના ઔષધના યોગથી જલદી બિલાડો થયો. ચોથી ગાંઠનું ભાતું ખાવાથી રાજા થયો. પાંચમી ગાંઠનું ભાતું ખાવાથી સિંહ થયો. છઠ્ઠી ગાંઠનું ભાતું ખાવાથી સ્વાભાવિક રૂપવાલો થયો અને સાતમી ગાંઠનું ભાતું ખાવાથી મૃગ થઈને કરી છે ઉતાવળ જેણે એવો તે (મૃગ) ગામ તરફ ચાલ્યો. માર્ગમાં તે

શિકારીઓવડે બાણવડે વીંધાયેલો માર્ગથી ભ્રષ્ટ થયો. તે પછી તે મૃગ નજીકના વનમાં રહ્યો. તે પછી લાકડાનો મોર પથ્થરને વિષે અફળાઈને ભાગી ગયે છતે તે રાજાની સ્ત્રી પૃથ્વીઉપર પડી અને અચેતન થઇ. ક્ષણવાર પછી પવનથી સચેત થઇ અને અત્યંત દુઃખી એવી તે રુદન કરતી પોતાની જાતે શ્રી ઋષભદેવપ્રભુના પ્રાસાદમાં આવી. ત્યાં શ્રી ઋષભદેવ પ્રભુને જોઈને શ્રેષ્ઠપુષ્પોવડે પૂજા કરીને તે રાણીએ ઘણો સમય પસાર કર્યો. રાજાની પ્રિયા ત્યાં આવેલા મૃગને જોઈને હર્ષિત થઇ અને બાણને ખેંચી કાઢ્યું. અને તે મૃગ શલ્યરહિત થયો. મૃગ અને સ્ત્રી પરસ્પર પ્રીતિને ભજનારાં તે જિનમંદિરમાં શ્રી ઋષભદેવપ્રભુને નમસ્કાર કરે છે. અને ફરીથી વનમાં રહે છે.

એક વખત તે વનમાં આવી શ્રી ઋષભદેવપ્રભુને નમસ્કાર કરી કોઈક જ્ઞાની ધર્મોપદેશ આપવા માટે બેઠા. તે વખતે વિદ્યાધરો જ્ઞાનીપાસે ધર્મ સાંભળતાં મૃગ અને સ્ત્રીને જોઈને જ્ઞાનીને આ પ્રમાણે પ્રગટપણે પૂછ્યું કે હે ભગવન! આ સ્ત્રી અને મૃગ જિનાલયમાં રહ્યાં છે ? તે પછી જ્ઞાનીએ તે બન્નેનો બધો વૃત્તાંત પ્રગટપણે કહ્યો. વિદ્યાધરોએ કહ્યું કે તે પ્રથમપત્નીવડે તેવા પ્રકારનુ ભાતું આને કેમ અપાયું ? તે પછી જ્ઞાનીએ આ પ્રમાણે કહ્યું કે તે પત્નીએ શિક્ષા કરવા માટે તેવા પ્રકારનું ભાતું આપ્યું. આ પત્ની સતી અને પતિના હિતને ઇચ્છનારી છે. તે પછી તે વિદ્યાધરોવડે તો મૃગ રાજા રૂપે કરાયો. તે પછી તે બન્ને વારંવાર સર્વજ્ઞને નમતા હતા. તે વખતે જ્ઞાનીએ તે બન્નેની આગળ અદ્‌ભુત એવું શ્રી શત્રુંજયનું માહાત્મ્ય કહ્યું. તે બન્નેવડે હૃદયની અંદર શ્રદ્ધા કરાઇ.

તે પછી તે રાજા પત્ની સહિત જલદી પોતાના નગરમાં આવીને તે પ્રિયાનો ત્યાગ કરીને ધર્મનાં કાર્યો કરનારો થયો. તે પછી રાજા ને રાણી પોતાના નગરમાં રહી સતત શ્રી શત્રુંજયનું માહાત્મ્ય આ પ્રમાણે સાંભળે છે. પુંડરીક ગિરિની યાત્રા માટે જતાં પગલે પગલે કરોડ ભવમાં કરેલાં લોકોનાં પાપો નાશ પામે છે. શ્રી શત્રુંજયનો સ્પર્શ કરનાર પુરુષોને રોગ, સંતાપ, દુઃખ વિયોગીપણું, દુર્ગતિને શોક થતાં નથી. શ્રી સિદ્ધગિરિના મહિમાને સાંભળતાં તે બન્નેને શુભ કર્મયોગે ત્રીજું અવધિજ્ઞાન જ્ઞાન જલદી થયું. તે પછી રાજા ને રાણી પોતાના પુત્રને રાજ્ય આપી સંયમલક્ષ્મી ગ્રહણ કરી, ત્યાં રહેલાં તેઓને તીવ્રતપ કરતાં લોકાલોકને પ્રકાશ કરનારું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.

શ્રી શત્રુંજયના સ્મરણમાં ધનરાજાની કથા સંપૂર્ણ



શ્રી શત્રુંજયનું સ્તોત્ર ભણવામાં દંતચક્ર રાજાની કથા

દંતનામના નગરમાં દંતચક્રરાજાની પ્રીતિમતી પત્ની શુદ્ધશીલરૂપી માણિક્યનું ઘર હતી. રાજા ન્યાયમાર્ગવડે હંમેશાં પૃથ્વીનું તેવી રીતે પાલન કરતો હતો કે જેથી જનતા હંમેશાં સુખી હતી. કહ્યું છે કે :- જો રાજા ધર્મી હોય તો પ્રજા ધર્મિષ્ઠ થાય. રાજા પાપી હોય તો પ્રજા પાપિષ્ઠ થાય. પ્રજા રાજાને અનુસરે છે. જેવો રાજા હોય તેવી પ્રજા થાય. એક વખત પ્રીતિમતી પ્રિયાને હાથીના દાંતવડે ઋષભદેવ પ્રભુનો પ્રસાદ કરવાનો દોહદ થયો. રાજાવડે હાથીના દાંત લાવવા માટે ભિલ્લો આદેશ કરાયા. તેઓ દ્રવ્ય લઈને વનમાં આવ્યા. બીજા કોઈ મનુષ્યો વગેરેએ દાંત લેવા નહીં. જે વચ્ચે લેશે તેને દંડ કરાશે.

આ બાજુ તે નગરમાં સોમમિત્રને કમલા અને રમા નામની સ્ત્રીઓ લક્ષ્મીવડે રતિ ને પ્રીતિ સરખી હતી. એક વખત રમાએ કહ્યું કે તું રૂપથી ગર્વિષ્ઠ કેમ થઇ છે ? જેમ પ્રીતિમતીનું ઘર હાથીદાંતવડે કરાય છે. તેવી રીતે તારું ઘર હાથી દાંત વડે કરાશે ? કમલાએ કહ્યું કે તારી વાણી સાચી કરાશે. પત્નીને કૃશ જોઈને તે બોલ્યો કે હે કમલા ! તું કૃશ કેમ થઇ ? કમલાએ પોતાનું ચિંતવેલું સર્વ પતિ આગળ કહ્યું. ચંદ્રમિત્ર નામના મિત્રવડે દુઃખનું કારણ પુછાયેલા સોમમિત્રે પોતાની પત્નીનો સર્વ દોહદ કહ્યો. ચંદ્રમિત્ર ભિલ્લને યોગ્ય મણિકા (મણકા), અલતા આદિ લઈને દાંત લાવવા માટે જંગલમાં ગયો. ઘાસના પૂળાની અંદર હાથીના દાંતો ગુપ્તપણે નાંખીને રથમાં રહેલો ચંદ્રમિત્ર જ્યારે નગરના દરવાજામાં આવ્યો ત્યારે ગાયે ખેંચેલા ઘાસના પૂળામાંથી નીકળેલા હાથીના દાંતોને જોઈને રાજાના સેવકો તે વખતે તેને રાજાની પાસે લઈ ગયા. રાજાએ ચંદ્રમિત્રને અન્યાયી જાણીને તે વખતે રોષથી કહ્યું કે હમણાં આને ચોરદંડ કરાઓ, તે વખતે રાજાની પાસે આવીને ભક્તિવડે રાજાનાં બે ચરણો નમીને કહ્યું કે હે સ્વામી ! મારાવડે અન્યાય કરાયો છે. મારી ઉપર ક્ષમા કરો. તે વખતે ત્યાં સોમમિત્રે પ્રિયાનું હૃદયમાં ચિંતવેલું જ્યારે રાજાની આગળ કહ્યું ત્યારે રાજાએ તેને દાંત આપ્યા. તે વખતે નમન કરેલા એવા તેને જાણીને ફરીથી સોમચંદ્રે કહ્યું હવે પછી તારે રાજાની વિરુદ્ધ ન કરવું ચંદ્રમિત્ર રાજાએ કહેલું સ્વીકાર કરીને તે વખતે જલદી રાજાથી સન્માન કરાયેલો સોમમિત્રની પાસે ગયો. તે વખતે હાથીના દાંતવડે દાંતનું ઘર કરવાથી મિત્રવડે સોમમિત્રની પત્નીનો મનોરથ પૂર્ણ કરાયો. રાજાએ હાથીના દાંતવડે શ્રી ઋષભદેવ અરિહંતનું મંદિર કરવાથી તે ક્ષણે તે વખતે પત્નીનો દોહદ પૂર્ણ કર્યો.

તે વખતે ત્યાં પૃથ્વીતલઉપર વિહાર કરતાં ભવ્ય જીવોને અરિહંતના મતમાં પ્રબોધ કરવા માટે કલાચાર્ય આવ્યા. તે વખતે સોમમિત્ર પોતાના મિત્રની સાથે અને બન્ને પત્ની સહિત શ્રી ગુરુપાસે ધર્મ સાંભળવા માટે ગયો.

ગુરુએ કહ્યું કે હંમેશાં થોડો પણ કરાયેલો ધર્મ અનુક્રમે ભવ્ય પ્રાણીઓને સ્વર્ગ અને મોક્ષ આદિરૂપે થાય છે. જે જીવ ભક્તિથી શ્રી શત્રુંજયતીર્થનું સ્તવન-સ્તોત્ર ભણે છે તેને થોડા ભવોવડે નિશ્ચે મોક્ષનું સુખ થાય છે. આ પ્રમાણે

શ્રી ગુરુપાસે સાંભળીને મિત્ર સહિત ને બે પત્ની સહિત સોમમિત્ર હર્ષવડે શ્રી સિદ્ધગિરિનું સ્તવન સ્તોત્ર ભણતો હતો. ત્રણે સંધ્યાએ હર્ષવડે શ્રી સિદ્ધગિરિનું સ્તવન ભણતાં એવાં તેઓને પ્રથમ દેવલોકનું સુખ જીવિતના અંતે (મર્યા પછી) થયું. ત્યાંથી ચ્યવીને તે સર્વ દેવો મહાનંદ નામના નગરમાં પદ્મશેઠના પુત્રો કુંદ ચંદ્ર, ધન અને અમર નામે થયા. ત્યાં પણ શ્રી ગુરુનીપાસે શ્રી સિદ્ધગિરિનું માહાત્મ્ય સાંભળ્યું. અને ત્યાં જઈને ભક્તિથી ભરેલા એવા તેઓએ યુગાદીશ પ્રભુને નમસ્કાર કર્યા. ત્યાંજ ધ્યાન કરતાં હર્ષથી સ્તવન ભણતાં તેઓને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. અનુક્રમે સિદ્ધિ (મોક્ષ) ગતિ થઈ.

શ્રી શત્રુંજયનું સ્તોત્ર ભણવામાં દંતચક્ર રાજાની કથા સમાપ્ત

શ્રી શત્રુંજયનું માહાત્મ્ય સાંભળવામાં કૃષ્ણ બ્રાહ્મણની કથા

કનકપુરમાં કૃષ્ણ બ્રાહ્મણને કમલા નામની પત્ની અને અનુક્રમે મદન અને ચંદન નામના મનોહર પુત્રો થયા. મદનપુત્ર સરળ છે અને ચંદનપુત્ર કપટી છે. કૃષ્ણ બે પુત્ર ને પત્ની સહિત ધર્મ કરે છે. એક વખત પ્રિયા સહિત કૃષ્ણ મદન અને ચંદન શ્રી ગુરુપાસે શ્રી સિદ્ધગિરિનું માહાત્મ્ય સાંભળે છે. જ્યાં સુધી ગુરુના મુખેથી શત્રુંજય એવું નામ ન સંભળાય ત્યાં સુધી જ આ લોકમાં હત્યા વગેરે પાપો ચારે તરફથી ગર્જના કરે છે.

न भेतव्यं न भेतव्यं, पातकेभ्यः प्रमादिभिः ।
श्रूयतामेकवेलं श्री - सिद्धक्षेत्रगिरिकथा ।।

પ્રમાદી પુરુષોએ પાપોથી ભય ન પામવો, ભય ન પામવો. એક વખત શ્રી સિદ્ધગિરિક્ષેત્રની કથા સાંભળવી. એક દિવસ સિદ્ધક્ષેત્રઉપર સર્વજ્ઞની સેવા કરવી શ્રેષ્ઠ છે. પરંતુ લાખો તીર્થમાં ક્લેશના ભાજનરૂપી ભ્રમણ શ્રેષ્ઠ નથી. શ્રી સિદ્ધગિરિની યાત્રા તરફ પ્રયાણ કરતાં કરોડો ભવથી ઉત્પન્ન થયેલાં પાપો પગલે પગલે વિનાશ પામે છે. શ્રી પુંડરીક ગિરિ તરફ એક એક પગલું મૂકે છતે કરોડો ભવથી કરાયેલાં પાપોથી તે મુકાય છે. શ્રી શત્રુંજયનો સ્પર્શ કરનારાઓને રોગો નથી, સંતાપ નથી, દુઃખ નથી, વિયોગીપણું નથી, દુર્ગતિ નથી ને શોક નથી. બીજા તીર્થોમાં સેંકડો યાત્રાવડે મનુષ્યોને

જે પુણ્ય થાય છે તે પુણ્ય શ્રી શત્રુંજયગિરિઉપર એક યાત્રાવડે થાય છે. હંમેશાં જે સારી ભાવનાવાળો પુંડરીકગિરિનું ધ્યાન કરે છે તે સંસારરૂપી વૃક્ષને ઉખેડી નાંખીને મોક્ષપદ પામે છે.

આ પ્રમાણે બે પુત્ર ને પ્રિયા સહિત તીર્થનું માહાત્મ્ય સાંભળતો કૃષ્ણ બ્રાહ્મણ અંતે મરીને પહેલા દેવલોકમાં ગયો. ત્યાંથી ચ્યવેલો કૃષ્ણ બ્રાહ્મણનો જીવ ધનરાજાનો બલિન્દમ નામે પુત્ર થયો. ને તે તેજવડે કામદેવ સરખો થયો. કમલાનો જીવ ચંદ્રરાજાનો પુત્ર થયો. ચંદન પદ્મપુરમાં કલરાજાનો પુત્ર થયો. મદનનો જીવ ઉમાપુરીમાં ધરાપાલરાજાનો કુલસાર નામે શ્રેષ્ઠ લક્ષણોથી લક્ષિત પુત્ર થયો અનુક્રમે ચારેય રાજ્ય પામીને શ્રી શત્રુંજયગિરિઉપર યાત્રા કરી વ્રત લઈને શ્રેષ્ઠ તપ તપ્યા. સર્વે રાજપુત્રો અનુક્રમે સર્વકર્મનો ક્ષય કરી શુભચિત્તવાલા એવા તેઓએ મોક્ષનગરીને શોભાવી.

શ્રી શત્રુંજયનું માહાત્મ્ય સાંભળવામાં કૃષ્ણ બ્રાહ્મણની કથા સંપૂર્ણ

શ્રી શત્રુંજયના સ્મરણમાં પૃથ્વીપાલ રાજાની કથા

કોંકણ નગરમાં પૃથ્વીપાલરાજા ન્યાયથી પ્રજાઓનું પાલન કરતો હંમેશાં ધર્મકાર્યો કરતો હતો. શત્રુઓને જીતીને પોતાના નગરમાં આવીને તે રાજા વિચારવા લાગ્યો કે જો સુંદર આવાસ કરાય તો સારું થાય. એ પ્રમાણે વિચારી રાજાએ ઘણા ધનનો વ્યય કરી સ્વર્ગના વિમાન સરખું ઘર કરાવ્યું. તે વખતે ત્યાં આવેલો કોઈક પરદેશી પુછાયો કે મારા ઘર સરખું ઘર કોઈ ઠેકાણે શું છે ? તે કહે. પરદેશીએ કહ્યું કે હેમપુર નગરમાં મદન રાજાનો મહેલ શ્રેષ્ઠ ચિત્રશાલા વડે મનોહર છે. હે રાજા ! જો અહીં તમારાવડે સુંદર ચિત્રશાલા કરાવાય તો આ ઘર સ્વર્ગના જેવું થાય. તે પછી રાજાએ ઘરના આંગણામાં મોટી ચિત્રશાળા કરાવી. બે શ્રેષ્ઠ કુશળ ચિત્રકારોને બોલાવીને ઘણું ધન આપીને તે બન્નેને ચિત્રશાલા ચીતરવા માટે સરખી ભૂમિ હર્ષવડે આપી. વચ્ચે શ્રેષ્ઠ પડદો બાંધીને બન્ને ચિત્રકારો પોતાની કલાના બલથી શ્રેષ્ઠ ચિત્રશાલા ચીતરવા લાગ્યા. એક ચિત્રકારે છ મહિનામાં ચિત્રશાલામાં ચિત્ર કર્યું. બીજા ચિત્રકારે ઘૂંટવાની ક્રિયાથી શ્રેષ્ઠ ભૂમિ કરી. એક વખત રાજા ત્યાં આવ્યો. એક ચિત્રકારે ચીતરેલી ચિત્રશાલા જોઈને બીજા ચિત્રકારને કહ્યું. છ મહિના ગયા. શા માટે ચિત્રશાલા ન ચીતરી ? બીજા ચિત્રકારે કહ્યું કે ચિત્રઘરમાં ચિત્ર કર્યું છે તે પછી રાજાએ જ્યારે પડદો પાછો કરાવ્યો (ખસેડાવ્યો) ત્યારે રાજાએ બીજી ચિત્રશાલા પણ ચીતરેલી જોઈ. રાજાએ કહ્યું કે હમણાં આ ચિત્રકાર શ્રેષ્ઠ છે. તેને સન્માન આપવાપૂર્વક ઘણું ધન આપ્યું. એક વખત બહારના ઉદ્યાનમાં ઉત્તમગુરુ ધર્મસૂરિને નમસ્કાર કરીને

રાજા સ્થિતિ (રોકાણ) કરવા માટે ચિત્રશાલામાં લઇ ગયો ત્યાં ગુરુપાસે અરિહંતના ધર્મને સાંભળતાં રાજાએ આદરપૂર્વક આ પ્રમાણે શ્રી શત્રુંજયનું માહાત્મ્ય સાંભળ્યું. જે ગિરિ દર્શન કરવાથી દુર્ગતિને હણે છે નમસ્કાર કરવાથી બે દુર્ગતિને હણે છે. અને જે સંઘપતિપદ અને અરિહંતપદને કરનારો છે, તે વિમલાચલ જય પામો. સિંહ વાઘ સર્પ હરણ અને બીજાં પણ પાપી પક્ષીઓ શ્રી શત્રુજંયઉપર શ્રી અરિહંતનાં દર્શન કરી સ્વર્ગગામી થાય છે.

જ્યાં જગદ્‌ગુરુ ઓગણસિત્તેર કોડાકોડી અને પંચાશી લાખ કોડી, ચુમ્માલીશ હજાર કોડી વખત પાદુકાના સ્થાને (રાયણ પગલે) આવ્યા. તે તીર્થના ફલને આપનારા શ્રી સિદ્ધાચલની હું સ્તુતિ કરું છું. આ પ્રમાણે આદરથી રાજા શ્રી શત્રુંજયનું માહાત્મ્ય સાંભળીને નિરંતર તીર્થના સ્તોત્રને યાદ કરવા લાગ્યો. શ્રી શત્રુંજયતીર્થનું સ્મરણ કરતો પોતાના સ્થાનમાં રહેલો રાજા સર્વકર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પામ્યો. (પછી સંયમ લીધો) પૃથ્વીપાલમુનિ જિનધર્મને વિષે પૃથ્વીને (પૃથ્વીના જીવોને) પ્રતિબોધ કરતાં ઘણા સાધુ સહિત આયુષ્યના ક્ષયે મુક્તિનગરીમાં ગયા.

આ પ્રમાણે શત્રુંજયના સ્મરણમાં પૃથ્વીપાલ રાજાની કથા સંપૂર્ણ.



અહીં નહિ કહ્યા છતાં પણ કેટલોક સંબંધ મારાવડે સંક્ષેપથી લખાયો છે.

પ્રથમ ચક્રવર્તી ભરતરાજાએ શ્રી સિદ્ધગિરિઉપર પ્રથમ યાત્રા કરી પ્રથમ તીર્થંકરનું મોટું ભવન (મંદિર) કરાવ્યું. તે પ્રાસાદમાં પ્રથમ પ્રભુનું મણિમય બિંબ તે વખતે મોટા મહોત્સવપૂર્વક ચક્રવર્તીએ સ્થાપન કર્યું. ભરતરાજા સંઘપતિ હોતે છતે એકાણું લાખ અડતાલીશ હજાર છત્રધારી રાજાઓ હતા. પ્રથમ અને બીજા ચક્રવર્તીના આંતરામાં અસંખ્ય છત્રધારી રાજાઓ કાળે કરીને સંઘપતિ થયા. તે સંઘપતિની સંખ્યાઓ વિદ્યમાન નથી.

શ્રી શત્રુંજય તીર્થને વિષે જિનમંદિરોના જે ઉદ્ધારો થયા તેની સંખ્યા મંદબુદ્ધિવાળા મારાવડે જણાતી નથી. ચક્રવર્તીસગરવડે તે વખતે જિનમંદિરનો ઉદ્ધાર શીશાવડે કરાયો. અને મણિમય બિંબનું સ્થાપન કર્યું. સગર ચક્રવર્તીના વારામાં પચાસ કરોડ, ૯૫ લાખ, ૭૫ હજાર, છત્રધારી રાજાઓ સંઘપતિ થઇ શ્રી સિદ્ધગિરિઉપર પોતપોતાના નગરમાંથી શ્રી ઋષભદેવ પ્રભુને નમન કરવા માટે આવ્યા. સગર રાજાથી માંડીને પાંચ પાંડવો સુધી જે શ્રેષ્ઠ ઉદ્ધારો થયા તેની સંખ્યા વિચક્ષણ પુરુષોવડે પણ જણાતી નથી. પાંડવોએ શ્રી ઋષભદેવપ્રભુના મંદિરનો કિરકાષ્ઠમય (અગરતગરનાં લાકડાંવડે) ઉદ્ધાર કરાવ્યો અને પ્રભુની લોપ્યમય પ્રતિમા કરાવી. પાંડવોના વારામાં (સમયમાં) ૨૫ કરોડ, ૯૫ લાખ, ૭૫ હજાર, જીવોએ સંઘ સહિત શ્રી સિદ્ધગિરિઉપર જઇ જિનેશ્વરને નમી પોતાના વિષે આદરથી સંઘપતિપણું સ્થાપન કર્યું.

વિક્રમભાનુ અને પાંડવ રાજાઓની વચ્ચે અનુક્રમે ૪૮ હજાર સંઘપતિ થયા. વિક્રમરાજાથી ૧૦૮ વર્ષ ગયે છતે

જાવડી નામે શ્રેષ્ઠ વણિકે બિંબનો ઉદ્ધાર કર્યો. સંપ્રતિરાજા–વિક્રમાદિત્યરાજા, સાતવાહનરાજા, આમરાજા અને પાદલિપ્તસૂરિએ શ્રી શત્રુંજયગિરિઉપર ઉદ્ધાર કરાવ્યો. બાહડ નામે શ્રીમાલીએ વિક્રમરાજાથી ૧૨૨૨ વર્ષ ગયે છતે પ્રાસાદનો ઉદ્ધાર કરાવ્યો અને ત્યાં ત્રિભુવનથી પૂજાયેલું શ્રી ઋષભદેવપ્રભુનું બિંબ બાહડે વિવિધ ઉત્સવપૂર્વક સ્થાપન કર્યું. ઉકેશવંશમાં (ઓસવાલ વંશમાં) વંશના મુકુટસમાન સાધુ (સજ્જન) શિરોમણિ "સમરશા"એ મહોત્સવપૂર્વક શ્રી સિદ્ધગિરિઉપર પ્રતિમા સ્થાપન કરી. જાવડશેઠ અને સજ્જન એવા સમરસિંહની વચ્ચે ત્રણ લાખ પાંસઠ હજાર ભાવથી શ્રેષ્ઠ સંઘના અધિપતિ એવા સંઘપતિઓ થયા. તીર્થને વંદન કરવાથી સિત્તેર હજાર ભાવથી શ્રેષ્ઠ એવા ભાવસાર સંઘપતિઓ થયા. સોલ ક્ષત્રિય સંઘપતિ થયા. પંદર હજાર જૈન બ્રાહ્મણ સંઘપતિ થયા. અને બાર હજાર અમૂલ્ય ક્રણબી સંઘપતિ થયા. નવ હજાર લેઉઆ(ક્રણબી) સંઘપતિ થયા. પાંચ હજારને પિસ્તાલીસ કંસારા સંઘપતિ જિનેશ્વરને શ્રી શત્રુંજયપર નમ્યા. અને સાત હજાર અન્ત્યજ (હરિજન) સંઘપતિઓ શ્રી શત્રુંજયની તળેટીમાં અરિહંતોને નમસ્કાર કરવા માટે આવ્યા.

બીજા પણ જે સંઘપતિ થઇ શ્રી સિદ્ધગિરિ ઉપર જિનેશ્વરને નમસ્કાર કરવા માટે ગયા તેઓની સંખ્યા હમણાં કોણ જાણે ?

શ્રી શત્રુંજયની યાત્રામાં સાધુગુણરાજનો સંબંધ

આશાપલ્લીમાં દેદીપ્યમાન લક્ષ્મીવાલા શેઠથી શોભતો પૃથ્વીઉપર અહમદ સુલતાન પૃથ્વીને નીતિથી પાલતો હતો. (ઉકેશ વંશમા) ઓસવાલ વંશમાં શિરોમણિ સાધુ (સજ્જન) શિરોમણિ શ્રાવક હતો. તેને શ્રેષ્ઠ ગુણરાજ નામે પુત્ર હતો, તે જિનેશ્વરે કહેલા ધર્મમાં પરાયણ હતો. વિક્રમરાજાથી ૧૪૬૮ વર્ષે ગુણરાજ ગુરુને નમસ્કાર કરવા માટે આવ્યો.

તપગચ્છના અધિપતિ દેવસુંદરસૂરિએ ધર્મના ઉપદેશની અંદર તે વખતે દાનધર્મ કહ્યો તે આ પ્રમાણે:–

पात्रे धर्म्मनिबन्धनं, तदितरे, प्रोद्यद्दयाख्यापकं,
मित्रे प्रीतिविवर्द्धकं रिपुजने, वैरापहारक्षमम्।
भृत्ये भक्ति भरावहं नरपतौ, सन्मानपूजाप्रदं,
भट्टादौच यशस्करं वितरणं, न क्वाप्यहो ! निष्फलम्।।१।।

પાત્રમાં દાન ધર્મનું કારણ છે. તેનાથી ઇતર સ્થાનમાં આપવામાં દેદીપ્યમાન દયાને જણાવનારું છે. મિત્રમાં પ્રીતિને વધારનારું છે. વૈરીને વિષે વૈર દૂર કરવામાં સમર્થ છે. ચાકર નોકરને વિષે ભક્તિના સમૂહને પમાડનારું છે. રાજાને

વિષે સન્માન ને પૂજા આપનારું છે. ભટ્ટ આદિને વિષે યશ કરનારું છે. દાન કોઇ ઠેકાણે નિષ્ફલ નથી.

આ સાંભળી સાધુ શિરોમણિ ગુણના સ્થાન જેવો ગુણરાજ ભૂખ્યા લોકોને વિષે જલદી અત્યંત અન્ન આપવા માટે પ્રવર્ત્યો. તે દિવસે દિવસે બે મૂઢા અન્ન આપતો હતો.અને અન્નથી પોતાની જ્ઞાતિ અને પરજ્ઞાતિને જિવાડતો હતો. વિસ્તારથી સોપારક નગરમાં એક એક યાત્રા કરતો તે સાઠ હજાર ટંક વાપરતો હતો. મુનિસુંદરસૂરિને ઉપાધ્યાય પદ કરાવતાં તેણે ૨૦ હજાર ટંક વાપર્યા, તેનો ભોગી એવો નાનો ભાઇ અંબક દિવસે દિવસે પાંચસો દ્રમ્મ વાપરતો હતો. તેણે કોઇક વખત પ્રતિસ્ફાર્શ્વા નામનો દેશ કર્યો. તે દેશ ભાંગી ગયે છતે તે હઠથી ભાર્યા સાથે વૈરાગ્યવાસિત હૃદયવાળો થયો, દીક્ષા લેવાની ઇચ્છાવાળો થયો.. પ્રિયાના ભાઇ સજ્જનોવડે નહિ માને છતે છોડી દીધો છે વૈભવ જેણે એવો અમ્બાક વ્રત લઇને પોતે બે વર્ષ (ગૃહસ્થપણામાં) રહ્યો.. કુટુંબે માને છતે હર્ષથી બહુલક્ષ્મીને વાપરતાં ગુણરાજે ગુરુના હાથે ભાઇને દીક્ષા અપાવી. દેવસુંદરસૂરીશ્વરની પાસે અનુક્રમે શુદ્ધવ્રતને પાલતાં તે મોટેભાગે આયંબિલ વગેરે તપ કરતો હતો.

તે વખતે શ્રી સોમસુંદરસૂરીશ્વરની પાસે યાત્રાનું ફલ સાંભળી શ્રી શત્રુંજયને વિષે યાત્રા કરવાની ઇચ્છાવાલો થયો. શ્રી સોમસુંદરસૂરીશ્વરના ઉપદેશથી વિક્રમાદિત્યરાજાથી ૧૪૭૭ વર્ષ ગયે છતે ગુણરાજ ઘણા સંઘને બોલાવીને શ્રી શત્રુંજયગિરિઉપર ભાવથી જિનેશ્વરોને નમસ્કાર કરવા માટે ઉત્સુક થયો.

અહમદ સુલતાન પાસેથી ફરમાન મેળવીને ગુણરાજે રથમાં રહેલું મોટું દેવમંદિર કર્યું. સુવર્ણપત્રથી વ્યાપ્ત શિખરથી શ્વેત બે અક્ષથી (પૈડાંથી) પ્રચંડ દેદીપ્યમાન ધ્વજવાળો રથ સર્વને અત્યંત આનંદ આપતો હતો. આ પ્રમાણે બીજા, ચિત્તને હર્ષ આપનારા શ્રેષ્ઠ નવરથોને બીજા સંઘપતિઓ લાવ્યા. તે જિનેશ્વરથી યુક્ત ત્યાં શોભતા હતા. છત્રીસસો મનોહર શય્યાપાલકો આવ્યા. અને નહિ ઊભા રહે તેવા સાતસો રથો શોભતા હતા. ને ચારસો પિત્તલના ઘડાઓ વહન કરનારા હતા. પાંચસો ઘોડા, આઠસો ઊંટો, પાંચસો પાડા, સોથી વધારે ભેંસો, સેંકડો પાલખીઓ શ્રેષ્ઠીઓની સ્ત્રીથી શોભિત હતી. લક્ષ્મીથી મનોહર બે લાખ મનુષ્યો હતા. ગાયકોની અને કૌતુક કરનારાઓની સંખ્યા વિદ્યમાન નથી.

શ્રી સોમસુંદરસૂરિ, શ્રી મુનિસુંદરસૂરિ, શ્રી જયચંદ્રઆચાર્ય શ્રી જિનસુંદરસૂરિ બીજા પણ ગચ્છને આશ્રિત સો આચાર્યો ચાલ્યા.

પંડિતોવડે સાધુ સાધ્વીઓની સંખ્યા મેળવાતી નથી. ગામે ગામે અને નગરે નગરે પ્રગટપણે સ્નાત્રપૂજાના ઉત્સવ કરતાં સંઘપતિએ બન્ને તીર્થને વિષે હર્ષવડે યાત્રા કરી. શ્રી જિનસુંદરસૂરીશ્વરના પદે (તેમની નિશ્રામાં) જે ઉત્સવ થયો તેનું વર્ણન કરવા પંડિતો અને દેવો પણ શક્ય નથી. તે સંઘપતિ ગુણરાજે ઉત્તમ ધર્મકાર્યમાં ત્રણલાખ ટંક અનુક્રમે વાપર્યા.

આ પ્રમાણે શ્રી શત્રુંજયયાત્રામાં સાધુ ગુણરાજનો સંબંધ સંપૂર્ણ

પ્રશસ્તિ

વૃદ્ધ (વડ) તપાગચ્છમાં ૧૨૮૮ વર્ષે પ્રથમ જગતચંદ્રસૂરિ થયા. તે પછી દેવેન્દ્રસૂરિ થયા. તેમના પછી લક્ષ્મીથી આશ્રય કરાયેલા ધર્મઘોષસૂરિ થયા. તે પછી સોમપ્રભસૂરિરાજ થયા. તે પછી સોમતિલકસૂરિ થયા. તે પછી દેવસુંદરસૂરિ થયા, તે તપાગચ્છમાં વૃદ્ધિ પામતી સાધુઓની પરંપરામાં સુંદર આચારવાલા સોમસુંદરસૂરિ થયા. તેમના શિષ્ય સુંદર આચારવાલા મુનિસુંદરસૂરિ થયા. તે પછી નિર્મલ ચિત્તવાલા જયચંદ્રસૂરિ થયા. તેની પાટને ઉલ્લાસ કરનારા ભટ્ટારક શિરોમણિ શ્રેષ્ઠ રત્નશેખરસૂરિ થયા. હમણાં તેમના શિષ્ય જયથીયુક્ત શ્રી લક્ષ્મીસાગરસૂરિ ને સોમદેવસૂરિ જયવંતા વર્તે છે. ગચ્છાધિપતિ શ્રી લક્ષ્મીસાગરસૂરિના પ્રસાદથી વિક્રમાદિત્યરાજાથી ૧૫૧૮ વર્ષ ગયે છતે શ્રી શત્રુંજયનાકલ્પના માહાત્મ્યમાં બોધમાટે શુભશીલ નામના શિષ્યે કહેલી કથાઓ કરી (કરાઇ).

આ પ્રમાણે શ્રી શત્રુંજયની કલ્પવૃત્તિ (ટીકા) સમાપ્ત થઈ


સમાપ્તિનું સર્વમંગલ

સાગર સમુદાયના દ્વિ. ગચ્છાધિપતિ. પ.પૂ. સ્વ. આ. મ. શ્રી હેમસાગરસૂરિજીના શિષ્ય મુનિશ્રી મહાભદ્ર સાગરે વયસ્થવિર વડીલ ગુરુભ્રાતા પૂ. મુનિશ્રી અમરેન્દ્ર સાગરજીની શુભ-નિશ્રામાં શ્રાદ્ધવર્ય પંડિત શ્રીમાન્ કપૂરચંદભાઇ આર. વારૈયા પાસે અભ્યાસ કરતાં ને ભાષાંતર લખતાં આ ભાષાંતર પોતાના સ્વાધ્યાય માટે અને પરના કલ્યાણ માટે – વર્તમાન ગચ્છાધિપતિ પૂ. આ. મ. શ્રી ચિદાનંદ સાગર સૂરિજીની હયાતીમાં તેમની શુભાશિષ સાથે વિ. –સંવત ૨૦૪૪ શ્રાવણ – વદ – ૧૧ – મંગળવાર તા. ૬– ૯– ૮૮ ના દિવસે પાલિતાણામાં – " શ્રી શ્રમણસ્થવિરાલય આરાધના ભવન " નામના જૈન ઉપાશ્રયમાં પૂર્ણ કર્યું.

આ ભાષાંતર કરતાં છદ્મસ્થપણાના – દોષથી અથવા ગમે તે કારણે જે જે ક્ષતિઓ ભૂલો રહી ગઇ હોય તેનો શ્રી ચતુર્વિધ સંઘ પાસે ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં ને સર્વ મંગલ

– લે.. મહાભદ્ર સાગર

શ્રી શત્રુંજય-કલ્પપૂર્તિ ભાષાંતર પૂર્તિ



લે:સંપાદક:મુનિ શ્રી મહાભદ્રસાગર, પ્રેરક:મુનિ શ્રી અમરેન્દ્ર સાગર.

શ્રી શત્રુંજય સ્તોત્ર
(ગુજરાતી - વિવેચન - સહિત)

शत्रुञ्जयो नाम नगाधिराजः, सौराष्ट्र देशे प्रथितप्रशस्तिः ।
तीर्थाधिराजो भुविपुण्य भूमि-स्तत्रादिनाथं शिरसा नमामि ।।१।।

સૌરાષ્ટ્ર દેશમાં પ્રસિદ્ધ છે પ્રશસ્તિ જેની એવો, પૃથ્વીમાં પવિત્ર ભૂમિરૂપ તીર્થાધિરાજ શત્રુંજય નામે ગિરિરાજ છે. ત્યાં આદિનાથ પ્રભુને હું મસ્તક વડે વંદન કરું છું. (૧)

अनंत तीर्थाधिपसाधुवृन्दै-र्या सेविता शांति तपोऽभिवृध्यै ।
सा पुण्यभूमिर्वितनोतु सौख्यं, जिनादिनाथं शिरसा नमामि ।।२।।

અનંત તીર્થંકરો અને સાધુઓના સમૂહવડે જે ભૂમિ શાંતિ ને તપની વૃદ્ધિ માટે સેવાયેલી છે. તે પવિત્રભૂમિ સુખને વિસ્તારો અને ત્યાં આદિનાથ જિનેશ્વરને હું મસ્તક વડે વંદન કરું છું. (૨)

अनेक राज्याधिपमन्त्रिमुख्यै - र्विनिर्मिता सुंदर चैत्यपंक्तिः ।
स्वर्भूमितुल्या भुविसुप्रसिद्धा, तत्रादिनाथं शिरसा नमामि ।।३।।

જે ભૂમિઉપર અનેક રાજ્યના અધિપતિ અને મંત્રીઓએ સુંદર ચૈત્યોની પંક્તિ કરાવેલી છે. અને જે પૃથ્વી સ્વર્ગભૂમિ સરખી અત્યંત પ્રસિધ્ધ છે. ત્યાં આદિનાથ તીર્થંકરને હું મસ્તક વડે નમસ્કાર કરું છું. (૩)

विश्राम धामो मुनिसाधकानां, संसारतापाहतसाधकानाम् ।
यो यानतुल्यो भववार्द्धिमार्गे, जिनादिनाथं शिरसा नमामि ।।४।।

જે ગિરિરાજ સંસારરૂપી તાપથી હણાયેલા સાધક એવા મુનિરાજોને વિસામાના સ્થાન રૂપ છે.અને જે ગિરિરાજ સંસારરૂપી સમુદ્રના માર્ગમાં વહાણ સમાન છે. ત્યાં આદિનાથ જિનેશ્વરને હું મસ્તકવડે નમસ્કાર કરું છું (૪)

या पादपद्मैः पुनितासुभूमि, - रनंतयोगिमुनिभिर्नितान्तम्।
आकर्षणं चुम्बकरत्नतुल्यं, तत्रादिनाथं शिरसा नमामि।।५।।

જે ભૂમિ અનંતયોગી મુનીશ્વરો વડે, ચરણ કમલવડે અત્યંત પવિત્ર થઈ છે. અને ચુંબકરત્નસમાન જે આકર્ષણરૂપ છે. તે ગિરિરાજ ઉપર આદિજિનેશ્વરને હું મસ્તક વડે નમસ્કાર કરું છું. (૫)

निसर्गरम्योदितनाकतुल्या, गिरीन्द्र सौगन्धित वृक्षराजिः।
विचित्रवर्णैः सुमनोहरा च, तत्रादिनाथं शिरसा नमामि।।६।।

જે ગિરિરાજ ઉપર ફુરતી રમણીય ઉદય પામેલ સ્વર્ગ સમાન, વિચિત્રવર્ણો વડે અત્યંત મનોહર અને ગિરિરાજની સુગંધી એવી વૃક્ષોની શ્રેણી છે. ત્યાં આદિનાથ પ્રભુને હું મસ્તક વડે વંદન કરું છું. (૬)

शचीन्द्रदेवैः परिवेष्टिताश्च, नृत्यन्ति शृंगारभृताः सुभक्त्या।
कुर्वन्ति वृष्टिं मधुगन्धपुष्पै-स्तत्रादिनाथं शिरसा नमामि।।७।।

જ્યાં ઇન્દ્રાણી અને ઇન્દ્ર દેવોવડે વીંટાળાયેલા શૃંગારને ધારણ કરનારાં, દેવદેવીઓ ઉત્તમ ભક્તિવડે નૃત્ય કરે છે અને મધુગંધ પુષ્પોવડે વૃષ્ટિ કરે છે. ત્યાં આદિનાથ પ્રભુને હું મસ્તક વડે નમસ્કાર કરું છું. (૭)

स्वजीवितं पावनतामुपैति, ये पूजयंति प्रभुपादयुग्मम्।
श्रीनाभिपुत्रं प्रथमं जिनेन्द्रं, युगादिनाथं शिरसा नमामि।।८।।

જેઓ પ્રભુનાં ચરણ યુગલને પૂજે છે, તેઓ પોતાનું જીવિત પવિત્રપણાને પમાડે છે. યુગના આદિનાથ પ્રથમ જિનેશ્વર નાભિરાજાના પુત્રને હું મસ્તકવડે નમસ્કાર કરું છું. (૮)

તપાગણાધીશ શ્રી ધર્મઘોષ સૂરિવર રચિત
શ્રી શત્રુંજય કલ્પ (મૂલાર્થ -સાથે)

सुयधम्मकित्तिअं तं तित्थं देविंद (विंद) वंदिअं थुणिमो।
पाहुडए, विज्जाणं, देसिअ मिगवीसनामं जं ।।१।।

શ્રુત ધર્મમાં કહેલ જે અને દેવેન્દ્રો વડે વંદન કરાયેલ તે તીર્થ અને વિદ્યાના પ્રાભૃતમાં જે એકવીશ નામ બતાવ્યાં છે. તેને અમે સ્તવીએ છીએ.. -૧-

विमलगिरि-मुत्तिनिलय-सित्तुंजो-सिद्धखित्त पुंडरिओ।
सिरिसिद्धसेहरो-सिद्धपव्वओ-सिद्धराओअ ।।२।।

વિમલગિરિ – મુક્તિ નિલયગિરિ – શત્રુંજયગિરિ – સિદ્ધક્ષેત્ર – પુંડરીકગિરિ – શ્રી સિદ્ધશેખર – સિદ્ધપર્વત – સિદ્ધરાજ – ૨

बाहुबली-मरुदेवो-भगीरहो-सहसपत्त-सयवत्तो।
कूडय-अट्ठुत्तरओ-नगाहिराओ-सहसकमलो ।।३।।

બાહુબલી – મરુદેવગિરિ – ભગીરથ – સહસ્રપત્ર – શતાવર્તગિરિ – અષ્ટોત્તર શતકૂટ – નગાધિરાજ – સહસ્રકમલ. – ૩ –

ढंको कोडिनिवासो- लोहिच्चो-तालज्झओ कयंबुत्ति।
सुरनरमुणि कयनामो-सो विमलगिरी जयउतित्थं।।४।।

ઢંકગિરિ – કોડિ નિવાસ – લૌહિત્યગિરિ – તાલધ્વજગિરિ – કદંબગિરિ એ પ્રમાણે દેવ-મનુષ્ય અને મુનિઓવડે કરાયાં છે નામ જેનાં એવું તે વિમલગિરિ તીર્થ જયવંતુ વર્તો. – ૪ –

रयणायर विवरोसहि-रसकूव जुआ सदेवया जत्थ।
ढंकाइ-पंचकूडा-सो विमलगिरी जयउ तित्थं।।५।।

રત્નાકર – વિવર – ઔષધિ – રસકૂપિકાથી યુક્ત દેવતા સહિત જ્યાં ઢંક આદિ પાંચ શિખરો છે તે વિમલગિરિ તીર્થ જય પામો.

जो अरय छग (च्छक्क) म्मि, असी सत्तरि सट्ठीपन्नबार जोयणए।
सगरयणी वित्थिन्नो, सो विमलगिरी जयउ तित्थं।।६।।

જે છ આરામાં અનુક્રમે – ૮૦ –૭૦ – ૬૦ – ૫૦ – ને ૧૨ યોજન અને સાત હાથના વિસ્તારવાલો તે વિમલગિરિ તીર્થ જયવંતુ વર્તો .

जो अट्ठजोअणुच्चो-पन्ना-दस जोअणं च मूलुवरिं।
वित्थिन्नो रिसहजिणे सो विमलगिरी जयउ तित्थं।।७।।

જે આઠ યોજન ઊંચો છે. મૂલમાં પચાસ યોજન ને ઉપર દશ યોજન વિસ્તારવાલો છે. જેના સ્વામી શ્રી ઋષભદેવ જિનેશ્વર છે. તે વિમલગિરિ તીર્થ જયવંતુ વર્તો.

जहिं रिसहसेणपमुहा असंख तित्थंकरा समोसरिआ।
सिद्धाय सिद्धसेले-सो विमलगिरी जयउ तित्थं।।८।।

જ્યાં ઋષભસેન વગેરે અસંખ્ય તીર્થંકરો સમવસર્યા છે. અને સિદ્ધશૈલ પર મોક્ષ પામ્યા છે. તે વિમલગિરિ તીર્થ જયવંતુ વર્તો.

तह पउमनाहपमुहा समोसरिस्संति जत्थ भाविजिणा।
तं सिद्धखित्तनामं सो विमलगिरी जयउ तित्थं।।९।।

તેમજ પદ્મનાભ વગેરે ભાવિ જિનેશ્વરો જ્યાં સમવસરશે. તે સિદ્ધક્ષેત્ર નામે વિમલગિરિ તીર્થ જયવંતુ વર્તો.

सिरिनेमिनाहवज्जा जत्थ जिणा रिसहपमुहवीरंता।
तेवीस समोसरिआ सो विमलगिरी जयउ तित्थं।।१०।।

શ્રી નેમિનાથ પ્રભુને વજીને (છોડીને) શ્રી ઋષભદેવથી માંડીને વીર પ્રભુ સુધીના તેવીસ તીર્થંકરો જ્યાં સમવસર્યા છે. તે વિમલગિરિ તીર્થ જયવંતુ વર્તો.

मणिरुप्पकणयपडिमं जत्थ रिसहचेइअं भरह विहिअं।
सदुवीसजिणाययणं, सो विमलगिरी जयउ तित्थं।।११।।

મણિ – રૂપુંને સુવર્ણની પ્રતિમાવાલું ભરતરાજાએ કરાવેલું શ્રી ઋષભદેવ પ્રભુનું ચૈત્ય બાવીશ જિનેશ્વરના મંદિર સહિત છે. તે વિમલગિરિ તીર્થ જય પામો.

ओसप्पिणीइ पढमं, सिद्धो इह पढमचक्कि-पढमसुओ।
पढमजिणस्सय पढमो गणहारी जत्थ पुंडरीओ।।१२।।
चित्तस्स पुण्णिमाए, समणाणं पंचकोडिपरिवरिओ।
णिम्मलजस पुंडरीअं, जयउ तं पुंडरीयतित्थं।।१३।।

અવસર્પિણીમાં પ્રથમ ચક્રવર્તીના પ્રથમ પુત્ર – પ્રથમ જિનેશ્વરના પ્રથમ ગણધર પુંડરીક જ્યાં ચૈત્ર માસની પૂર્ણિમાને વિષે પાંચ ક્રોડ મુનિથી પરિવરેલા મોક્ષમાં ગયા. તે નિર્મલયશના કમલ સરખું પુંડરીક તીર્થ જયવંતુ વર્તો. – ૧૨ – ૧૩ –

बाहुबलिणाउ रम्मं, सिरिमरुदेवाइ कारिअं भवणं।
जत्थ समोसरणजुअं, सो विमलगिरी जयउतित्थं।।१४।।

જ્યાં બાહુબલીએ શ્રી મરુદેવા માતાનું સમવસરણ યુક્ત ભવન કરાવ્યું તે વિમલગિરિ તીર્થ જયવંતુ વર્તો. –૧૪

णमि-विणमी खयरिंदा, सह-मुणि-कोडीहिं दोहिं संजाया।
जहिं सिद्धसेहरा सइ-जयउ तयं पुण्डरी तित्थं।।१५।।

બે કરોડ મુનિઓ સાથે નમિ અને વિનમિ નામના ખેચરેન્દ્રો જ્યાં સિદ્ધોમાં શિરોમણિ થયા, તે પુંડરીક તીર્થ જય પામો, ૧૫ –

सव्वट्ठसिद्धपत्थड-अंतरीया पण्णकोडि लक्खुदही।
सेढीहिं असंखाहिं-चउदस लक्खाहिं संखाहिं।।१६।।
जत्थाइच्च जसाई सगरंता रिसहवंसजनरिंदा;
सिद्धिंगया असंख्या, जयउ तयं पुंडरीतित्थं।।१७।।

સર્વાર્થ સિદ્ધ નામના વિમાનના પાથડામાં (પાટડામાં) અને વચ્ચે વચ્ચે સાગરોપમ સુધી તેઓની અસંખ્યાતી શ્રેણીવડે – ચૌદ લાખ સંખ્યા વડે જ્યાંઆદિત્યયશાથી માંડીને સગર ચક્રવર્તી સુધી શ્રી ઋષભદેવ પ્રભુવંશમાં ઉત્પન્ન થયેલા અસંખ્ય રાજાઓ મોક્ષ પામ્યા તે પુંડરીક તીર્થ જયવંતુ વર્તો. ૧૬ – ૧૭–

जं उसहकेवलाओ - अन्तमुहुत्तेण सिवगमो भणिओ,
जा पुरिसजुगं असंखा, तत्थ इमा सिद्ध दंडीओ।।१।।

જે શ્રી ઋષભદેવ પ્રભુના કેવલજ્ઞાન પછી અન્તર્મુહૂર્તકાલે મોક્ષ ગમન કર્યું છે. અને તે બે પુરુષ યુગ સુધીની અસંખ્યાતી આ સિદ્ધ દંડિકાઓ છે.

वासासु चउमासं जत्थ ठिया अजियसंतिजिणनाहा।
बियसोल धम्मचक्की, जयउ तयं पुंडरी तित्थं।।१८।।

જ્યાં બીજા ને સોલમા ધર્મ ચક્રવર્તી શ્રી અજિતનાથ સ્વામી અને શ્રી શાંતિનાથ પ્રભુ વર્ષાકાલમાં ચોમાસું રહ્યા, તે પુંડરીક તીર્થ જય પામો. – ૧૮ –

दसकोडिसाहुसहिआ-जत्थ दविडवालिखिल्लपमुहनिवा।
सिद्धा नगाहिराए-जयउ तयं पुंडरी तित्थं।।१९।।

જે ગિરિરાજ ઉપર દ્રવિડ અને વારિખિલ્લ વગેરે રાજાઓ દશ ક્રોડ સાધુઓ સહિત સિદ્ધ થયા, તે પુંડરીક તીર્થ જયવંતુ વર્તો. – ૧૯ –

जहिं रामाइ तिकोडी-इगनवई अ नारयाइ मुणिलक्खा।
जायाउ सिद्धिराया, जयउ तयं पुंडरी तित्थं।।२०।।

જ્યાં રામની સાથે ત્રણ કરોડ અને નારદની સાથે એકાણું લાખ મુનિઓ સિદ્ધિના રાજા થયા. તે પુંડરીક તીર્થ જયવંતુ વર્તો – ૨૦ –

नेमिवयणेण जत्ता गएण-जहिं नंदिसेण जइवइणा।
विहिओऽजियसंतिथओ, जयउ तयं पुंडरी तित्थं।।२१।।

શ્રી નેમિનાથના વચનવડે યાત્રા (માટે) ગયેલા નંદિષેણ સૂરિએ જ્યાં અજિતશાંતિ સ્તવ રચ્યું તે પુંડરીક તીર્થ જય પામો – ૨૧ –

पज्जुन्न-संबपमुहा-कुमरवरा सड्ढ-अट्ठकोडिजुआ।
जत्थ सिवं संपत्ता-जयउ तयं पुंडरी तित्थं।।२२।।

પ્રદ્યુમ્ન અને શાંબ વગેરે કુમારો સાડાઆઠ કરોડ સહિત જ્યાં મોક્ષ પામ્યા, તે પુંડરીક તીર્થ જયવંતુ વર્તો .– ૨૨–

अन्नेवि भरह-सेलक-थावच्चासुयसुयाइ असंखा।
जहिं कोडि कोडि सिद्धा-जयउ तयं पुंडरी तित्थं।।२३।।

બીજા પણ ભરત – શૈલક – થાવચ્ચાપુત્ર – તેના પુત્ર આદિ અસંખ્યાત કોટિ કોટિ સિદ્ધ થયા તે પુંડરીક તીર્થ સદા જયવંતુ વર્તો. ૨૩ –

अस्संखा उद्धारा-असंख पडिमाउ चेइआसंखा।
जहिं जाया जयउ तयं सिरिसत्तुंजयमहातित्थं।।२४।।

જ્યાં અસંખ્ય ઉદ્ધારો થયા, જ્યાં અસંખ્ય પ્રતિમાઓ થઈ, અને અસંખ્ય ચૈત્યો થયાં, તે શત્રુંજય મહાતીર્થ જય પામો. – ૨૪ –

कयजिणपडिमुद्धारा-पांडवा जत्थ वीसकोडिजुआ।
मुत्तिनिलयं पत्ता तं सित्तुंजयमहातित्थं।।२५।।

કર્યો છે જિનપ્રતિમાનો ઉદ્ધાર જેણે એવા પાંડવો જ્યાં વીસ કોડી સહિત મુક્તિરૂપી ઘરને પામ્યા. તે શત્રુંજય મહાતીર્થ છે. – ૨૫ –

भरहकराविअ बिंबे-चिल्लतलाई गुहाठिअ नमंतो।
जहि होइ इगवयारी-तं सित्तुंजय महातित्थं।।२६।।

ચિલ્લાણ સરોવરની ગુફામાં રહેલા ભરત રાજાએ કરાવેલાં બિંબોને નમસ્કાર કરતાં જ્યાં એકાવતારી થાય છે. તે શત્રુંજય મહાતીર્થ જય પામો. – ૨૬ –

दहिफलफलय समीवे-अलक्ख देउलिय परिसर पएसे।
सिवदारं पिव दारं-जीइ गुहाए विहाडेउं।।२७।।
अट्ठम तवेण तुट्ठो-कवडिजक्खोजहिं भरहपडिमं।
वंदावइ जयउ तयं, सिरिसित्तुंजय महातित्थं।।२८।।

બહેડાંના ઝાડની પાસે અલક્ષ નામના દેવલના (મંદિરના) ભાગોળમાં – પ્રદેશમાં મોક્ષના દ્વાર જેવું ગુફાનું દ્વાર ઉઘાડીને અઠ્ઠમ તપ વડે તુષ્ટ થયેલો કપર્દીયક્ષ જ્યાં ભરત રાજાએ કરાવેલ પ્રતિમાને વંદન કરાવે છે. તે શ્રી શત્રુંજય મહાતીર્થ જય પામો. – ૨૭ – ૨૮ –

संपइ-विक्कम-बाहड-हालपलित्तामदत्तरायाइं।
जं उद्धरिहंति, जयउ तं सित्तुजय-महातित्थं।।२९।।

સંપ્રતિ રાજા – વિક્રમરાજા – બાહડમંત્રી – શાતવાહન રાજા – પાદલિપ્તસૂરિ આમરાજા – દત્તરાજા – વગેરે ઘણા રાજાઓ જેનો ઉદ્ધાર કરશે તે શત્રુંજય તીર્થ જય પામો. ૨૯ –

जं कालयसूरिपुरो - सरइ सुदिट्ठी सया विदेहेवि।
इणमिअ सक्केणुत्तं, तं सित्तुंजय महातित्थं।।३०।।

જે કાલિક સૂરિની પાસે આવીને ઇન્દ્રવડે જે શત્રુંજય મહાતીર્થ કહેવાયું. મહાવિદેહ ક્ષેત્રમાં પણ સમ્યગ દ્રષ્ટિ તે ઇચ્છે છે. તે તીર્થ જય પામો. – ૩૦ –

जावडि बिंबुद्धारे अणुवमसरमजियचेइअट्ठाणे।
जहिं होहि जयउ तयं, सिरि सित्तुंजय महातित्थं।।३१।।

જાવડીના બિંબના ઉદ્ધારમાં તેમજ અજિતનાથ પ્રભુના ચૈત્યના સ્થાને અનુપમ સરોવર જે ગિરિને વિષે થશે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંતુ વર્તો. – ૩૧ –

मरुदेविसंतिभवणं-उद्धरिही जत्थ मेहघोसनिवो।
कक्किपपुत्तो तं इह-सिरि सित्तुंजय महातित्थं।।३२।।

જ્યાં કલ્કીનો પ્રપુત્ર – મેઘઘોષ રાજા મરુદેવી અને શ્રી શાંતિનાથ (પ્રભુના) ભવનનો ઉદ્ધાર કરશે. તે શત્રુંજય તીર્થ અહીં લાંબાકાળ સુધી જય પામો. – ૩૨ –

पच्छिम उद्धारकरो - जत्थ विमलवाहणो निवो होइ।
दुप्पसह गुरुवएसा-तं सिरि सित्तुंजय महातित्थं।।३३।।

જ્યાં છેલ્લો ઉદ્ધાર કરનાર શ્રી વિમલવાહન રાજા શ્રી દુપ્પસહ –ગુરુના ઉપદેશથી થશે, તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંતુ વર્તો – ૩૩ –

वुच्छिन्ने वियतित्थे-जं होही पूयजुयमुसहकूडं।
जा पउमनाहतित्थं तं सिरि सित्तुंजय महतित्थं।।३४।।

તીર્થનો વિચ્છેદ થયે છતે પૂજા સહિત જે ઋષભકૂટ પદ્મનાભના તીર્થ સુધી હશે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંતુ છે. – ૩૪ –

पायं पावविमुक्का-जत्थ निवासी अ जंति तिरियावि।
सुगईए जयउ तयं, सिरि सित्तुंजय महातित्थं।।३५।।

પ્રાય : જ્યાં નિવાસ કરનારાં તિર્યંચો પણ પાપ મુક્ત બની સદ્ગતિમાં જાય છે. તે શત્રુંજય મહાતીર્થ જય પામો. –૩૫ –

जस्स सयाऽऽईकप्पे - वक्खाए झाइए सुए सरिए।
होइ-सिवं तइयभवे-तं सित्तुंजय महतित्थं।।३६।।

જે (શ્રી) શત્રુંજયના સર્વકલ્પમાં મુખ્ય એવા કલ્પનું શુદ્ધ મન વડે ધ્યાન કરવાથી – સાંભળવાથી અને સ્મરણ કરવાથી ત્રીજે ભવે મોક્ષ થાય. તે શત્રુંજય મહાતીર્થ જયપામો. ૩૬ –

जल जलणजलहिरणवनहरिकरिविसविसहराइ दुट्ठभयं।
नासइ जं नाम सुई तं सित्तुंजय महातित्थं।।३७।।

જેનું નામ સાંભળવાથી પાણી – અગ્નિ – સમુદ્ર – યુદ્ધ – વન – સિંહ – હાથી – ઝેર – સર્પ – આદિ દુષ્ટ ભય નાશ પામે છે. તે શત્રુંજય મહાતીર્થ જય પામો. – ૩૭ –

इय भद्दबाहुरइया कप्पा सित्तुंजतित्थ माहप्पं;
सिरिवियर पहुद्धरियं, जं पायलित्तेण संखवियं।।३८।।

આ પ્રમાણે શ્રી ભદ્રબાહુએ રચેલા કલ્પમાંથી શ્રી શત્રુંજય તીર્થનું માહાત્મ્ય શ્રી વજ્રસ્વામીએ ઉદ્ધર્યું. તેને પાદલિપ્ત સૂરિએ સંક્ષેપ કર્યું. (૩૮)

तं जह सुयं थुयं मे - पढंत सुणंत संभरंताणं;
सित्तुंजकप्पसुत्तं, देउ लहुं सत्तुजय सिद्धिं।।३९।।

તે જેવી રીતે મેં સાંભલ્યું અને સ્તવ્યું તે રીતે ભણનાર, સાંભળનાર અને સ્મરણ કરનારને શ્રી શત્રુંજયકલ્પ સૂત્ર જલદી શત્રુના જયરૂપ સિદ્ધિને આપો; (૩૯)

શ્રી શત્રુંજય - લઘુકલ્પ - સાર્થ

(મોટી ઉંમરના ભાઈઓ અને બહેનો આ સ્તોત્રને પ્રાતઃકાલમાં ભક્તામર સ્તોત્રની જેમ પાઠ કરે છે માટે ગાથાઓ ગુજરાતી લિપિમાં મૂકી છે.)

अईमुत्तय केवलिणा, कहिअं - सत्तुंज - तित्थ - माहप्पं ;

नारय - रिसिस्स - पुरओ , तं-निसुणह - भावओ - भविआ - १ -

અર્થ : - શ્રી અતિમુક્તક કેવલી ભગવંતે શ્રી શત્રુંજય તીર્થનું માહાત્મ્ય નારદ ઋષિની પાસે કહ્યું. તે માહાત્મ્ય ને હે ભવ્યજીવો ! ભાવપૂર્વક સાંભળો - ૧ -

सेत्तुंजे - पुंडरीओ , सिद्धो मुणिकोडि - पंच - संजुत्तो ;

चित्तस्स पुणिमाए , सो भाणुगइ तेण पुंडरीओ - २ -

અર્થ :– ચૈત્ર માસની પૂર્ણિમાને દિવસે શ્રી શત્રુંજય પર શ્રી પુંડરીક સ્વામી (આદીશ્વર પ્રભુના પ્રથમ ગણધર) પાંચ ક્રોડ મુનિઓ સહિત સિદ્ધિપદને પામ્યા. તેથી તે પુંડરીક ગિરિ કહેવાય છે. (૨)

નમિ – વિનમિ – રાયાણો, સિદ્ધા – કોડિહિં – દોહિં – સાહૂણં

તહ – દ્રાવિડ – વાલિખિલ્લા, નિવ્વુઆ દસ ય કોડિઓ – ૩ –

અર્થ :– નમિ અને વિનમિ નામના બે વિદ્યાધર રાજાઓ બે ક્રોડ સાધુઓ સહિત સિદ્ધ થયા. તથા દ્રાવિડ અને વારિખિલ્લ નામના મુનિ દશ ક્રોડ સાધુ સહિત મોક્ષ પદ પામ્યા. (૩)

પજ્જુન્ન – સંબ – પમુહા, અધ્ધુટ્ઠાઓ કુમાર કોડીઓ; (૧)

તહ પાંડવા વિ પંચ ય, સિધ્ધિ ગયા નારયરિસીય. – ૪ –

(૧) અર્થ :– પ્રદ્યુમ્ન અને શાંબ કુમાર પ્રમુખ (અધ્યુઠ્ઠા – અધ્યુષ્ટા) સાડાત્રણ ક્રોડ કુમાર તથા પાંચ પાંડવો તેમજ નારદ ઋષિ (આ તીર્થને વિષે જ) સિધ્ધિ પદને પામ્યા. (૪)

થાવચ્ચાસુય સેલગાય, મુણિગણો વિ તહ રામમુણી;

ભરહો દસરહપુત્તો, સિદ્ધા વંદામિ સેત્તુંજે – ૫ –

અર્થ :– થાવચ્ચા પુત્ર – સેલગમુનિ –તથા દશરથના પુત્ર રામચંદ્ર અને ભરત પણ શ્રી શત્રુંજય તીર્થને વિષે સિદ્ધ થયા, તે સર્વને હું વંદન કરું છું. – ૫ –

અન્નેવિ ખવિય મોહા, ઉસભાઇ – વિસાલ – વંસ –સંભૂઆ ;

જે સિદ્ધા સેત્તુંજે, તે નમહ મુણી અચંખિજજા. – ૬ –

અર્થ :– શ્રી ઋષભાદિકના ઉચ્ચકુળમાં ઉત્પન્ન થયેલા બીજા પણ અસંખ્ય મુનિઓ કે જેઓ મોહનો ક્ષય – નાશ કરીને શ્રી શત્રુંજય તીર્થને વિષે સિદ્ધ થયા. તે સર્વને વંદન કરો. – ૬ –

પન્નાસ જોયણાઈં, આસી સેત્તુંજ વિત્થરો મૂલે ;

દસ જોયણ સિહરતલે, ઉચ્ચત્તં જોયણા અટઠ – ૭ –

---

(૧) શ્રી શત્રુંજય લઘુકલ્પના કથન મુજબ પ્રદ્યુમ્ન અને શાંબ – ૩॥ ક્રોડ મુનિઓ સાથે મોક્ષ ગયા છે. અધ્યુઠ્ઠાનો અર્થ – ૩ ॥ થાય. જ્યારે શત્રુંજય મહાકલ્પ ગાથા – ૨૨ – માં ૮ ॥ ક્રોડ સાથે પ્રદ્યુમ્ન અને શાંબ કુમાર મોક્ષે ગયા છે. તેમ લખ્યું છે.

અર્થ :- શ્રી શત્રુંજયગિરિ (શ્રી ઋષભદેવ સ્વામીના વખતમાં) મૂલમાં પચાસ યોજન વિસ્તારવાલો, શિખર ઉપર દશ યોજન વિસ્તારવાળો અને ઊંચો આઠ યોજન હતો. - ૭ -

જં લહઇ અન્નતિત્થે, ઉગ્ગેણ - તવેણ - બંભ ચેરેણ ;

તં લહઇ પયત્નેણ, સત્તુંજગિરિમ્મિ નિવસંતે - ૮ -

અર્થ :- અન્ય તીર્થમાં ઉગ્ર તપસ્યા વડે તથા બ્રહમચર્ય વડે જે ફલ પ્રાપ્ત થાય છે. તે ફલ શ્રી શત્રુંજયગિરિ પર પ્રયત્ન પૂર્વક વસવા માત્રથી જ પ્રાપ્ત થાય છે. - ૮ -

જં કોડિએ પુણ્ણં, કામિય - આહાર - ભોઇઆ જેઉ ;

તં લહઇ તત્થ પુણ્ણં, એગોવવાસેણ સેત્તુંજે - ૯ -

અર્થ :- એક ક્રોડ મનુષ્યને ઇચ્છિત આહારનું ભોજન આપવાથી જે પુણ્ય થાય છે તેટલું પુણ્ય એક ઉપવાસ કરીને જ શત્રુંજય તીર્થમાં પ્રાપ્ત થાય છે. - ૯ -

જં કિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ ;

તં સવ્વમેવ દિટ્ઠં, પુંડરીએ વંદિએ સંતે -૧૦ -

અર્થ :- સ્વર્ગમાં -પાતાલમાં અને મનુષ્ય લોકમાં જે કોઇ નામ માત્રથી પણ તીર્થ છે. તે સર્વે તીર્થોને માત્ર પુંડરીક ગિરિને વંદન કરવાથી જ જોયાં સમજવાં અર્થાત્ શત્રુંજય તીર્થને વંદન કરવાથી સર્વ તીર્થોને વંદન કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે. -૧૦ -

પડિલાભંતે સંઘં, દિટ્ઠ મદિટ્ઠેય સાહૂ સેત્તું જે ;

કોડિગુણં ચ અદિટ્ઠે, દિટ્ઠેય અણંતયં હોઇ - ૧૧ -

અર્થ :- શ્રી શત્રુંજયના માર્ગમાં જતાં જે પુરુષ શ્રી શત્રુંજયને જોયે અથવા ન જોયે સાધુ સંઘને પડિલાભે તો તેમાં શત્રુંજય અણદીઠે કોટી ગણું ફળ થાય છે અને દીઠે અનંતગણું ફળ થાય છે. (૧૧)

કેવલનાણુપ્પત્તિ, નિવ્વાણં આસિ જત્થ સાહૂણં ;

પુંડરીએ વંદિત્તા, સવ્વે તે વંદિયા તત્થ -૧૨ -

અર્થ:– જે જે સ્થાને સાધુઓને કેવલજ્ઞાનની ઉત્પત્તિ થઇ છે. અને જયાં જયાં નિર્વાણ પામ્યા છે. ત્યાં રહેલા તે સર્વે સ્થાન શ્રી પુંડરીકગિરિને વંદન કરવાથી વાંદ્યાં એમ સમજવું. (૧૨)

અટ્ઠાવય – સમ્મેએ, પાવા –ચંપાઇ ઉજ્જિંત નગેઅ;

વંદિત્તા પુણ્ણુ ફલં, સયગુણું તંપિ પુંડરીએ – ૧૩ –

અર્થ:– અષ્ટાપદ – સંમેતશિખર – પાવાપુરી – ચંપાપુરી અને ઉજ્જયંતગિરિ (ગિરનાર) આ સર્વ તીર્થોને વાંદવાથી જે પુણ્ય થાય તે કરતાં સો ગણું પુણ્ય એક પુંડરીકગિરિને વંદન કરવાથી થાય છે. (૧૩)

પૂઆ કરણે પુણ્ણું, એગગુણું – સયગુણંચ પડિમાએ ;

જિણભવણેણ સહસ્સં, ણંતગુણું – પાલણે – હોઇ – ૧૪ –

અર્થ:– આ તીર્થરાજને વિષે પૂજા કરવાથી એક ગણું પુણ્ય થાય છે. પ્રતિમાનું સ્થાપન કરવાથી સો ગણું પુણ્ય થાય છે. જિનભવન કરવાથી હજાર ગણું પુણ્ય થાય છે. રક્ષણ કરવાથી અનંત ગણું પુણ્ય થાય છે. (૧૪)

પડિમં ચેઇહરં વા, સિત્તુંજગિરિસ્સ – મત્થએ કુણઇ;

ભુત્તેણ ભરહવાસં, વસઇ સગ્ગે – નિરુવસગ્ગે. – ૧૫ –

અર્થ:– જે મનુષ્ય શ્રી શત્રુંજયગિરિના–શિખર ઉપર જિનેશ્વરની પ્રતિમા બેસાડે અથવા ચૈત્ય કરાવે તે ભરતક્ષેત્રને ભોગવીને એટલે ચક્રવર્તી થઈને પછી સ્વર્ગ તથા મોક્ષને વિષે વાસ કરે છે અર્થાત્ સ્વર્ગ અને મોક્ષનાં સુખ પામે છે. (૧૫)

નવકાર પોરિસીએ, પુરિમડ્ઢે ગાસણંચ આયામં ;

પુંડરીયં ચ સરંતો, ફલકંખી – કુણઇ – અભત્તટ્ઠં – ૧૬ –

છટ્ઠટ્ઠમ – દસમ – દુવાલસાણું, માસદ્ધ માસખમણાણું ;

તિગરણસુદ્ધો – લહઇ, સિત્તુંજં સંભરંતો અ – ૧૭ –

અર્થ:– ઉત્તમ ફળની આકાંક્ષાવાળો જે મનુષ્ય શ્રી પુંડરીકગિરિનું સ્મરણ કરતો થકો (છતો) નવકારશી – પોરિસી – પુરિમઢ્ઢ – એકાસણું – આયંબિલ – અને ઉપવાસ કરે છે. તે ત્રિકરણ શુદ્ધે શ્રી શત્રુંજયનું ધ્યાન કરવાથી અનુક્રમે છઠ્ઠ – અઠમ દશમ – (ચાર ઉપવાસ) દ્વાદશ (પાંચ ઉપવાસ) અર્ધમાસ (પંદર ઉપવાસ) અને માસ ખમણનું ફલ

પામે છે. – ૧૬ – ૧૭ –

છટ્ઠેણં ભત્તેણં, અપાણેણં તુ સત્ત જત્તાઈં ;

જો કુણઈ – સેત્તુંજે, તઈયભવે લહઈ સો મુકખં – ૧૮ –

અર્થ:– જે મનુષ્ય શ્રી શત્રુંજય તીર્થ ઉપર પાણીરહિત (ચોવિહાર) છઠ્ઠભક્તે (બે ઉપવાસ) કરીને સાત યાત્રાઓ કરે તે ત્રીજે ભવે મોક્ષપદને પામે છે. (૧૮)

અજજવિ દીસઇ લોએ, ભત્તં ચઈઊણ પુંડરીયનગે;

સગ્ગે સુહેણ વચ્ચઇ, સીલવિહૂણો વિ હોઊણં – ૧૯ –

અર્થ:– આજે પણ લોકમાં પ્રસિદ્ધિ છે કે શીલરહિત મનુષ્ય પણ આ પુંડરીક ગિરિરાજ પર ભક્તનો (ભોજનપાણીનો) ત્યાગ કરીને રહેવાથી સુખે સ્વર્ગમાં જાય છે. (૧૯)

છત્તં – ધયં – પડાગં, ચામર – ભિંગાર – થાલ – દાણેણં ;

વિજ્જાહરો અ હવઈ, તહ ચક્કી હોઇ રહદાણા – ૨૦ –

અર્થ:– આ તીર્થપર – છત્ર – ધજા – પતાકા – ચામર – કળશ – અને થાલનું દાન કરવાથી એટલે તેટલી વસ્તુઓ મૂકવાથી મનુષ્ય વિદ્યાધર થાય છે. તથા રથનું દાન કરવાથી (રથ મૂકવાથી) ચક્રવર્તી થાય છે. (૨૦)

દસ વીસ – તીસ – ચત્તાલ – પન્નાસ – પુપ્ફ દામ દાણેણ ;

લહઈ – ચઉત્થ – છટ્ઠ – ટ્ઠમ – દશમ – દુવાલસ ફલાઈં – ૨૧ –

અર્થ:– આ તીર્થમાં દશ – વીશ – ત્રીશ – ચાલીશ અને પચાસ પુષ્પોની માળાનું દાન કરવાથી મનુષ્ય અનુક્રમે એક –બે – ત્રણ – ચાર અને પાંચ ઉપવાસનું ફળ મેળવે છે. (૨૧)

ધૂવે પકખુવવાસો, માસકખમણં ચ કપૂર ધૂવંમિ ;

કિન્નિય માસકૂખમણું, સાહૂ પડિલાભિએ લહઈ – ૨૨ –

અર્થ :– આ તીર્થમાં કૃષ્ણાગરુ વગેરેનો ધૂપ કરવાથી પંદર ઉપવાસનું, કપૂરનો ધૂપ કરવાથી મહિનાના ઉપવાસનું અને સાધુને વહોરાવવાથી કેટલાક મહિનાના ઉપવાસનું ફળ પામે છે. (૨૩)

નવિ તં સુવાગ્રુગભૂમિ – ભૂસાગ્ર – દાગ્રેગ્ર – અન્નતિત્થેસુ ;

જં પાવઇ પુગ્રુગફલં, પૂઆ ન્હવાગ્રેગ્ર સિત્તુંજે –૨૩ –

અર્થ :– બીજાં તીર્થોમાં સુવર્ણ –ભૂમિ અને ભૂષણનું દાન દેવાથી પણ જે પુણ્યફલ મલી શકતું નથી તે પુણ્યફલ શ્રી શત્રુંજયતીર્થમાં પૂજા અને ન્હવણ માત્ર કરવાથી થાય છે. (૨૩)

કંતાર –ચોર સાવય – સમુદ્દ – દારિદ્દ – રોગ – રિઉ – રુદ્દા ;


મુચ્ચંતિ અવિગ્ઘેણં, જે સેત્તુંજં ધરંતિ મણે – ૨૪ –

અર્થ :– જેઓ શ્રી શત્રુંજયતીર્થનું મનમાં ધ્યાન ધરે છે. તેઓ અરણ્ય – ચોર –સિંહ – સમુદ્ર – દરિદ્રતા – રોગ – શત્રુ – અને અગ્નિ વગેરે આકરા ભયોથી નિર્વિઘ્ને મુકાય છે. અર્થાત તે તે ભયો તેને હાનિ કરી શકતા નથી.(૨૪)

સારાવલી – પયન્નગ – ગાહાઓ – સુઅહરેણ – ભણિઆઓ ;

જો પઢઇ – ગુણઇ – નિસુણઇ, સો લહઇ સિત્તુંજ – જત્તફલં – ૨૫ –

અર્થ :– શ્રુતધરે કહેલી અને સારાવલી પયન્નામાં રહેલી આ ગાથાઓને જે મનુષ્ય ભણે – ગણે કે સાંભળે તે શ્રી શત્રુંજય તીર્થની યાત્રાનું ફલ પામે છે. (૨૫)



શ્રી સિદ્ધગિરિરાજ સ્તવ (અનુષ્ટુપ છંદ)

प्रणम्य परया भक्त्या, श्री नाभेयजिनेश्वरम् ।
स्तवं सिद्धगिरेः कुर्वे, पूर्वग्रन्थानुसारतः ।।१।।

શ્રી ઋષભદેવ જિનેશ્વરને પરમ ભક્તિપૂર્વક નમસ્કાર કરીને પૂર્વના ગ્રંથો અનુસારે શ્રી સિદ્ધગિરિરાજનું સ્તવન કરું છું. (૧)

अनंता यत्र संसिद्धा, भूमिसंस्पर्शयोगतः ।
भाविकालेऽपिसेत्स्यन्ति, तत्तीर्थं भावतः स्तुवे ।।२।।

જે ગિરિરાજની ભૂમિના સ્પર્શના યોગથી ભૂતકાળમાં અનંત આત્માઓ નિર્વાણપદ પામ્યા છે. ભાવિકાલમાં પણ સિદ્ધિપદ પામશે તે તીર્થની હું ભાવપૂર્વક સ્તુતિ કરું છું. (૨)

यस्य संस्पर्शयोगेन, त्वनन्ताः परिनिर्वृताः ।
स्मरणपथमायान्ति, प्रभावात् क्षेत्रजात्सदा ।।३।।

જે ગિરિરાજની સ્પર્શનાના યોગે સિદ્ધિપદને પામેલા અનંત આત્માઓ (યાત્રા કરનારાઓને) આ ક્ષેત્રના પ્રભાવથી હંમેશાં સ્મૃતિપથમાં આવે છે. (૩)

भव्या एव हि पश्यन्ति, त्वभव्यैर्नहि दृश्यते ।
विलक्षणं परात्तीर्था-ल्लक्षणं यस्य युज्यते ।।४।।

આ ગિરિરાજને મુક્તિગમનની યોગ્યતાવાળા ભવ્ય આત્માઓ જ જોઇ શકે છે. પણ અભવ્ય જીવો આ ગિરિરાજનાં દર્શનને પામી શકતા નથી. અન્ય તીર્થ કરતાં વિલક્ષણ (જુદા) એવા આ ગિરિરાજનું આ લક્ષણ યોગ્ય જ છે. (૪)

सिद्धास्तथा च सेत्स्यन्ति, यत्रानन्तमुनीश्वरा :।
ततीर्थं भावतो वन्दे, श्री सिद्धाचल नामकम्।।५।।

જે ગિરિરાજ પર ભૂતકાળમાં અનંત મુનિવરો સિદ્ધિપદ પામ્યા છે. ભાવિકાળે અનેક મહાત્માઓ સિદ્ધિપદ પામશે. તે શ્રી સિદ્ધાચલને હું ભાવથી વંદન કરું છું. (૫)

(આ ગિરિરાજ પર કોણ, ક્યારે, કેટલા સાથે મોક્ષ પામ્યા ?)

कार्तिक शुक्लराकायां, दशकोटिभिरायुतौ।
द्राविड-वारिखिल्लौहि, यत्रनिर्वाणमापतु: ।।६।।

દ્રાવિડ અને વારિખિલ્લ મુનિ દશ ક્રોડ મુનિઓ સાથે આ ગિરિરાજ ઉપર કાર્તિક સુદિ પૂર્ણિમાના દિવસે નિર્વાણપદ પામ્યા છે. (૬)

फाल्गुने च सिताष्टम्यां, प्राप्त: श्री प्रथमो जिन: ।
नवनवतिपूर्वं हि, वन्द्यस्तस्मादयं गिरि: ।।७।।

જે ગિરિરાજ પર પ્રથમ જિનેશ્વર શ્રી ઋષભદેવપ્રભુ ફાગણ સુદિ – આઠમના દિવસે નવ્વાણું પૂર્વ વાર પધાર્યા છે. તેથી આ ગિરિરાજ વંદનીય છે. (૭)

नमिश्च विनमिश्चैव, सिद्धौ द्विकोटिसंयुतौ।
फाल्गुनस्य सिते घस्रे, दशमे विमलाचले।।८।।

આ શ્રી સિદ્ધાચલ તીર્થ ઉપર નમિ અને વિનમિ વિદ્યાધર મુનિઓ બે ક્રોડ મુનિઓ સાથે ફાગણ સુદિ દશમના દિવસે સિદ્ધિપદને પામ્યા છે. (૮)

सिद्धौ प्रद्युम्न शाम्बौहि-सार्द्धत्रिकोटिसंयुतौ।
फाल्गुनस्य सिते घस्रे-त्रयोदशे गिरीश्वरे।।९।।

આ ગિરિરાજના સદ્ભદ્ર નામના શિખર ઉપર કૃષ્ણ વાસુદેવના પુત્રો શાંબ અને પ્રદ્યુમ્ન કુમાર ફાગણ સુદિ – ૧૩ – ના દિવસે સાડાત્રણ ક્રોડ મુનિઓ સાથે સિદ્ધિપદને પામ્યા છે. (૯)

चैत्रकृष्णचतुर्दश्यां, चर्चाद्या नमिपुत्रिका: ।
चतु:षष्टि:शिवं प्राप्ता, नम: श्री सिद्ध भूमृते ।।१०।।

ચૈત્ર વદ – ૧૪ – (ગુજરાતી ફાગણ વદ – ૧૪) ના દિવસે નમિ વિદ્યાધરની ચર્ચા વગેરે – ૬૪ – પુત્રીઓ આ ગિરિરાજ પર મોક્ષપદ પામી છે. તે શ્રી સિદ્ધગિરિરાજને નમસ્કાર થાઓ. (૧૦)

पुण्डरीकगणाधीशा:, पंचकोटिभिरावृता: ।
राकायां चैत्रमासस्य, सिद्धास्तीर्थ प्रभावत: ।।११।।

શ્રી ઋષભદેવ પ્રભુના ગણધર શ્રીપુંડરીક સ્વામી પાંચ ક્રોડ મુનિઓના પરિવાર સાથે આ ગિરિરાજના પ્રભાવથી ચૈત્ર સુદિ પૂર્ણિમાના દિવસે સિદ્ધિ પદપામ્યા. (૧૧)

चैत्रमासस्य राकाया-मजितजिनसाधव: ।
दशसहस्रसंख्याका, निर्वाणं यत्र लेभिरे ।।१२।।

શ્રી અજિતનાથ જિનેશ્વરના દશ હજાર સાધુઓ ચૈત્ર સુદિ પૂર્ણિમાના દિવસે આ ગિરિરાજ પર નિર્વાણપદ પામ્યા છે. (૧૨)

आश्विनमासराकायां-कोटिविंशतिसंयुता: ।
पाण्डवा: पञ्च सम्प्राप्ता-यत्रनिर्वाणसम्पदम् ।।१३।।

આસો સુદિ પૂનમના દિવસે પાંચ પાંડવો વીશ ક્રોડ મુનિઓ સાથે આ ગિરિરાજ ઉપર મોક્ષસંપત્તિ ને પામ્યા છે. (૧૩)

भरतचक्रिण: पट्टे - संख्यातीता नृपा:खलु ।
यत्रसिद्धिं समापन्ना-स्तत्तीर्थं प्रणमाम्यहम् ।।१४।।

શ્રી ભરત ચક્રવર્તીની પાટે અસંખ્ય રાજાઓ આ ગિરિરાજ પર સિદ્ધિપદને પામ્યા છે. તે તારક તીર્થને હું પ્રણામ કરું છું. (૧૪)

एकनवतिलक्षैश्च, युक्ता नारदयोगिनः ।
निर्वाणं यत्र सम्प्राप्ता, वन्दे तीर्थाधिपं च तम् ।।१५।।

જે ગિરિરાજ પર એકાણું લાખ મુનિવરો સાથે નારદ મુનિવરો નિર્વાણ પામ્યા, તે તીર્થાધિરાજને હું વંદન કરું છું. (૧૫)

श्रीराम-भरतौ मुख्यौ, त्रिकोटिमुनिसंयुतौ ।
यत्रमुक्तिरमां प्राप्तौ, वन्दे सिद्धाचलं मुदा ।।१६।।

જે ગિરિરાજ પર ત્રણ ક્રોડ મુનિવરો સાથે (દશરથ રાજાના પુત્રો) રામ અને ભરતમુનિ મોક્ષ લક્ષ્મીને પામ્યા. તે સિદ્ધાચલગિરિને હું હર્ષપૂર્વક વંદન કરું છું. (૧૬)

एकसहस्रयुक्तोहि-भरतो यत्र भावतः ।
मुक्तिकन्नीं समापन्न-स्तं मुक्तिनिलयं स्तुवे ।।१७।।

- જે ગિરિરાજ પર એક હજાર મુનિઓના પરિવાર સાથે ભરતે મુક્તિરૂપી કન્યાને મેળવી તે મુક્તિ નિલયગિરિની હું સ્તવના કરું છું. (૧૭)

कोटित्रयोदशायुक्तः, सोमयशाः सुभावतः ।
गिरौ यत्र-शिवं प्राप्तो, वन्दे तं विमलाचलम् ।।१८।।

જે ગિરિરાજ પર તેર ક્રોડના પરિવાર સાથે બાહુબલીના પુત્ર સોમયશા ઉત્તમ ભાવનાના યોગે મોક્ષપદ પામ્યા તે વિમલગિરિને હું વંદન કરું છું. (૧૮)

एक कोटि द्विपञ्चाश-लक्षयुतास्तथापरे ।
सार्द्धपञ्चायुतैर्युक्ताः, सप्तशतयुतास्तथा ।।१९।।
सप्तसप्ततियुक्ताश्च, मुनयोऽवाप्तकेवलाः ।
शान्तिजिनचतुर्मास्यां, निर्वाणं यत्र लेभिरे ।।२०।।

શ્રી શાંતિનાથ ભગવાને આ ગિરિરાજ પર ચાતુર્માસ કર્યું ત્યારે એક ક્રોડ બાવન લાખ – પંચાવન હજાર – સાતસો – સત્યોતેર (૧,૫૨,૫૫,૭,૭૭) મુનિઓ કેવલજ્ઞાન પામી નિર્વાણપદ પામ્યા છે. (૧૯ – ૨૦)

कोट्येकपरिवारेण, यत्र श्री सागरो मुनिः ।
सिद्धिवधूं समापन्नो, वन्दे तं सिद्धिदायकम् ।।२१।।

જે ગિરિરાજપર એક ક્રોડ મુનિઓના પરિવાર સાથે શ્રી સાગર મુનિએ સિદ્ધિવધૂને પ્રાપ્ત કરી તે સિદ્ધિદાયક ગિરિરાજને હું વંદન કરું છું. (૨૧)

एककोटिमुनिश्रेष्ठैः, श्री सारश्चमहामुनिः ।
यत्रमुक्तिरमां प्राप्तो, मुक्तिगिरिं नमामि तम् ।।२२।।

એક ક્રોડ મુનિઓ સાથે શ્રીસાર મહામુનિ જે ગિરિપર મુક્તિ લક્ષ્મીને પામ્યા તે મુક્તિગિરિને હું નમસ્કાર કરું છું. (૨૨)

पञ्चकोटिमुनि प्रष्ठै-र्भरतो नाम साधकः ।
निर्वाणं यत्र सम्प्राप्त-स्तं निर्वाणगिरिं भजे ।।२३।।

જે ગિરિરાજપર પાંચ ક્રોડ મુનિઓ સાથે શ્રી ભરત મુનિ નિર્વાણ પામ્યા તે નિર્વાણગિરિની હું સેવા કરું છું. (૨૩)

कोटिसप्तदशायुक्तो, यत्र चाजितसेनकः ।
कर्माणि क्षपयित्वा हि, लेभे मुक्तिरमां वराम् ।।२४।।

શ્રી આદિનાથ પ્રભુના ઉપદેશથી શ્રી અજિતસેન મુનિ સત્તર ક્રોડ મુનિઓ સાથે જે ગિરિરાજ પર કર્મોને ખપાવીને શ્રેષ્ઠ એવી મુક્તિલક્ષ્મીને પામ્યા છે. (૨૪)

शान्त्यर्हत्परिवारस्था, दशसहस्रसाधवः ।
कर्ममलक्षयंकृत्वा, यत्रसिद्धिगतिं गताः ।।२५।।

શ્રી શાંતિનાથ ભગવાનના પરિવારના દશ હજાર મુનિઓ જે ગિરિરાજપર કર્મમળનો ક્ષય કરીને સિદ્ધિગતિને પામ્યા છે. (૨૫)

वसुदेवसधर्मिण्यः, पञ्चत्रिंशत्सहस्रकैः ।
सिद्धिं यत्र समापन्नाः, सिद्धगिरिं नमामि तम् ।।२६।।

જે ગિરિરાજપર વસુદેવની સ્ત્રીઓ પાંત્રીશ હજાર સાથે સિદ્ધિપદને પામી છે. તે સિદ્ધગિરિને હું નમસ્કાર કરું છું. (૨૬)

चतुःशताधिकैश्चत्वा-रिंशच्छतैस्तुनिर्वृता।
वैदर्भी सिद्धशैले तं, नमाम्यहं सुभावतः ।।२७।।

જે ગિરિરાજપર પ્રદ્યુમ્નની સ્ત્રી વૈદર્ભી ચુમ્માલીશસો (૪૪૦૦) સાથે નિર્વાણ પામી તે શ્રી સિદ્ધ ગિરિરાજને હું ઉત્તમ ભાવથી નમસ્કાર કરું છું. (૨૭)

एकलक्षमुनि प्रष्ठै-र्यशसादित्यको मुनिः ।
सिद्धिगतिं वरांप्राप्त-स्तत्तीर्थं च नमाम्यहम् ।।२८।।

શ્રી ભરત ચક્રવર્તીના પુત્ર શ્રી આદિત્યયશા મુનિ એક લાખ મુનિઓના પરિવાર સાથે જે તીર્થપર શ્રેષ્ઠ સિદ્ધિ ગતિને પામ્યા છે. તે તીર્થને હું નમસ્કાર કરું છું. (૨૮)

अष्टाधिकसहस्रेण मुनिभिर्यत्रनिर्वृताः ।
श्री बाहुबलिनः पुत्राः, सिद्धशैलं नमामि तम् ।।२९।।

જે ગિરિરાજપર એક હજાર ને આઠ (૧૦૦૮)મુનિઓ બાહુબલીના પુત્રો સિદ્ધિપદ પામ્યા તે સિદ્ધગિરિને હું નમસ્કાર કરું છું. (૨૯)

चतुर्दश सहस्रैश्च, दमितारिर्महामुनिः ।
शैलेशीकरणं प्राप्य, यत्र निर्वाणमाप्तवान् ।।३०।।

જે ગિરિરાજપર ચૌદ હજાર મુનિઓ સાથે દમિતારિ મહામુનિ શૈલેષીકરણ કરીને નિર્વાણ પદ પામ્યા છે.(૩૦)

श्री स्थापत्यो गणाधीशः, सहस्रमुनिसंयुतः ।
निर्वाणपदवीं प्राप्तो - गिरौ सिद्धाचले वरे ।।३१।।

અતીત ચોવીશીના – ૨૪ – મા તીર્થંકર શ્રી સંપ્રતિ જિનેશ્વરના ગણધર શ્રી થાવચ્ચા એક હજાર મુનિઓના પરિવાર સાથે ઉત્તમ એવા શ્રી સિદ્ધાચલ ગિરિરાજપર નિર્વાણ પદ પામ્યા છે. (૩૧)

परिव्राजक धर्मा हि शुक:सहस्रसंयुक्त: ।
जन्म-मृति-विनिर्मुक्तं, लेभे सिद्धिपदं वरम् ।।३२।।

આ ગિરિરાજ પર એક હજાર મુનિઓ સાથે શુક પરિવ્રાજક જન્મ-મરણથી મુકત એવા સિદ્ધિપદને પામ્યા છે. (૩૨)

सहस्रमुनिभिर्युक्त:, स्थापत्यापुत्रकोमुनि: ।
यत्र सिद्धिरमां लेभे, तस्मै सिद्धाद्रये नम: ।।३३।।

જે ગિરિરાજ પર થાવચ્ચા નામની સાર્થવાહીના પુત્ર થાવચ્ચાપુત્ર એક હજાર મુનિઓ સાથે શ્રી સિદ્ધિરૂપી લક્ષ્મીને પામ્યા, તે સિદ્ધગિરિને નમસ્કાર થાઓ. (૩૩)

भूमि प्रभावतो यत्र, सहस्रमुनिसंयुत: ।
कालिको मोक्षमापत्र, -स्तं तीर्थाधीश्वरं स्तुवे ।।३४।।

જે ગિરિરાજ પર ભૂમિના પ્રભાવથી એક હજાર મુનિઓ સાથે કાલિક મોક્ષ પામ્યા. તે તીર્થાધિરાજને હું સ્તવું છું. (૩૪)

कोटि मुनि समायुक्तो, गणप: श्री कदम्बक: ।
निर्वाणं यत्र सम्प्राप्त:, कदम्बाद्रिं नमामि तम् ।।३५।।

ગઇ ચોવીશીના નિર્વાણી નામના બીજા તીર્થંકરના કદંબ નામના ગણધર એક ક્રોડ મુનિઓ સાથે અનશન કરી જ્યાં નિર્વાણ પામ્યા તે કદંબગિરિને નમસ્કાર કરું છું.(૩૫)

सप्तशतमुनिश्रेष्ठै-र्मुनीशा: श्रीसुभद्रका: ।
पञ्चशतमुनिप्रष्ठै:, श्री शैलकमुनीश्वरा: ।।३६।।
शाश्वतपदवीं प्राप्ता, यत्रभूम्यनुभावत: ।
तं शाश्वतगिरिं वन्दे, समेषां सिद्धिकारणम् ।।३७।।

જે ગિરિરાજ પર ભૂમિના પ્રભાવથી શ્રી સુભદ્ર મુનિ સાતસો મુનિઓ સાથે, અને શ્રી શૈલક મુનિ પાંચસો મુનિઓ સાથે શાશ્વત પદવી પામ્યા તે સર્વની સિદ્ધિના કારણરૂપ- શ્રી શાશ્વત ગિરિને હું વંદન કરું છું. (૩૬-૩૭)

ब्रह्मर्षिभारतश्चैव-नृपः श्री शान्तनुस्तथा।
चन्द्रशेखरभूभृच्च, जिनश्चर्षभसेनकः ।।३८।।
षट्पुत्रा देवकी राज्ञ्याः, परां सिद्धिगतिं गताः
जालिश्चैव मयालिश्चो - वयालिश्च शिवं गताः ।।३९।।

ભરતના પુત્ર બ્રહ્મર્ષિ, ચાર પુત્રો સાથે શ્રી શાંતનુ રાજા– ચંદ્રશેખર રાજા–શ્રી ઋષભસેનજિન, દેવકીના છ પુત્રો –જયાં ઉત્તમ સિદ્ધગતિને પામ્યાછે. તેમજ –જાલિ–મયાલિ અને ઉવયાલિ જે ગિરિરાજ પર મોક્ષ પામ્યા છે. (૩૮–૩૯)

श्रेष्ठी श्री सुव्रतश्चैव, मुनिः श्रीमण्डकस्तथा।
ऋषिश्चानन्दनामा हि, नारदाः सप्तसंख्यकाः ।।४०।।
धारण्यन्धकवृष्णिश्च, तदष्टादशपुत्रकाः ।
पुण्यात्मानः परेऽनन्ताः, यत्र सिद्धिगतिं गताः ।।४१।।
तं तीर्थाधीश्वरं वन्दे, श्री सिद्धाचलनामकम्।
सिद्धिगति समापत्त्यै, श्रेयस्कामयुतः खलु ।।४२।।

શ્રી સુવ્રતશેઠ –શ્રી મંડક મુનિ –શ્રી આનંદ ઋષિ– સાત નારદ –ધારણી – અંધક વૃષ્ણિ – અને તેના અઢારકુમાર, તેમજ બીજા અનંત પવિત્ર આત્માઓ જે ગિરિરાજ પર સિદ્ધિ ગતિને પામ્યા છે. તે તીર્થોના અધિપતિ શ્રી સિદ્ધાચલ ગિરિરાજને સિદ્ધિગતિની પ્રાપ્તિ માટે કલ્યાણની કામનાવાળો હું વંદન કરું છું (૪૦–૪૧–૪૨)

शुकराजो निजं राज्यं, प्राप्तो यत्तीर्थयोगतः ।
शत्रुञ्जयगिरिं वन्दे, शत्रुञ्जयकरं सदा ।।४३।।

જે તીર્થનું સેવન કરવાથી શત્રુએ કબજે કરેલા પોતાના રાજ્યને શુકરાજાએ મેળવ્યું. તે બાહ્ય–અભ્યંતર શત્રુઓનો જય કરાવનાર શ્રી શત્રુંજયગિરિને વંદના કરું છું.(૪૩)

अस्मिंस्तीर्थवरे भूताः, श्री तीर्थोद्धारकारकाः ।
एतस्यामवसर्पिण्यां, पूर्वो भरतचक्र्यभूत् ।।४४।।

આ અવસર્પિણીના કાલમાં આ તીર્થના મોટા ઉદ્ધાર સત્તર થયા અને બીજા થશે .તેમાં પ્રથમ ઉદ્ધાર કરનાર ભરત ચક્રવર્તી છે. (૪૪)

द्वितीयो भारते वंशे, दण्डवीर्यो नृपो यत: ।
ईशानेन्द्रस्तृतीयो हि, माहेन्द्रश्च चतुर्थक: ।।४५।।

આ તીર્થનો બીજો ઉદ્ધાર કરનાર ભરત ચક્રવર્તીના વંશમાં થયેલા દંડવીર્ય રાજા છે. તેમણે ભરત મહારાજાના મોક્ષગમન પછી છ ક્રોડ વર્ષે ઉદ્ધાર કરાવ્યો. ત્રીજો ઉદ્ધાર દંડવીર્ય રાજા પછી સો સાગરોપમ ગયા પછી બીજા દેવલોકના ઇન્દ્ર ઈશાનેન્દ્રે કરાવ્યો. ચોથો ઉદ્ધાર ઈશાનેન્દ્ર પછી એક ક્રોડ સાગરોપમ ગયા પછી સુહસ્તિની દેવીને વશ કરી ચોથા દેવલોકના ઇન્દ્ર માહેન્દ્રે કરાવ્યો. (૪૫)

पञ्चमो ब्रह्मकल्पेन्द्रश्चमरेन्द्रस्तु षष्ठक: ।
अजितजिनकाले हि - सगरराट् च सप्तम: ।।४६।।

માહેન્દ્રના ઉદ્ધાર પછી દશ કોટિ સાગરોપમે પાંચમા દેવલોકના ઇન્દ્ર બ્રહ્મેન્દ્રે પાંચમો ઉદ્ધાર કરાવ્યો.. બ્રહ્મેન્દ્રના ઉદ્ધાર પછી લાખ કોટી સાગરોપમે ભવનપતિના ઇન્દ્ર ચમરેન્દ્રે છઠ્ઠો ઉદ્ધાર કરાવ્યો. સાતમો ઉદ્ધાર શ્રી અજિતનાથ પ્રભુના સમયમાં સગરચક્રવર્તીએ કરાવ્યો. (૪૬)

अष्टमो व्यन्तरेन्द्रो हि - तीर्थोद्धारक: खलु ।
चन्द्रप्रभप्रभोस्तीर्थे चन्द्रयशानृपस्तथा ।।४७।।

આ તીર્થનો આઠમો ઉદ્ધાર વ્યન્તરેન્દ્રે કરાવ્યો ,અને નવમો ઉદ્ધાર શ્રી ચંદ્રપ્રભપ્રભુના શાસનમાં શ્રી ચંદ્રયશા રાજાએ કરાવ્યો, તે વખતે શ્રી ચંદ્રપ્રભાસ (પ્રભાસ પાટણ) તીર્થમાં શ્રી ચંદ્રપ્રભ સ્વામીનો પ્રાસાદ પણ તેમણે કરાવ્યો. (૪૭)

श्री शान्तिनाथ तीर्थे हि, चक्रायुधश्च राड्वर: ।
उद्धर्ता तीर्थनाथस्य, सदुपदेशयोगत: ।।४८।।

શ્રી શાંતિનાથ ભગવાનના શાસનમાં તેમના પુત્ર શ્રી ચક્રાયુધરાજાએ શ્રી શાંતિનાથ પ્રભુના ઉપદેશથી આ તીર્થરાજનો દશમો ઉદ્ધાર કરાવ્યો. (૪૮)

एकादशो बलो रामस्तीर्थे श्री सुव्रतस्य हि ।
पाण्डवा द्वादशोद्धार - कारका नेमितीर्थके ।।४९।।

શ્રી મુનિસુવ્રતસ્વામીના શાસનમાં બળદેવ શ્રી રામચંદ્રજીએ આ તીર્થનો અગિયારમો ઉદ્ધાર કરાવ્યો અને શ્રી નેમિનાથ ભગવાનના શાસનમાં પાંડવોએ આ ગિરિરાજનો બારમો ઉદ્ધાર કરાવ્યો. (૪૯)

પાંચમા આરાના ઉદ્ધારો

वर्द्धमान विभोस्तीर्थे - जावडस्तु त्रयोदशः ।
वाग्भटो वा शिलादित्य - श्चतुर्दशस्तु श्रूयते ।।५०।।

શ્રી વર્ધમાન સ્વામીના શાસનમાં વિ.સં. ૧૦૮માં મહુવાના શેઠ જાવડ શાહે આ ગિરિરાજનો તેરમો ઉદ્ધાર કરાવ્યો. તે વખતે તેઓ તક્ષશિલા નગરીમાંથી શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિમા લાવ્યા હતા. પ્રતિમાજી લાવવામાં નવ લાખ સોનામહોર ખર્ચ કર્યો હતો. શ્રી વજ્રસ્વામીના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. પ્રતિષ્ઠા મહોત્સવમાં દશ લાખ સોનામહોર વાપરી હતી.

આ તીર્થનો ચૌદમો ઉદ્ધાર શ્રી શત્રુંજય માહાત્મ્યમાં લખ્યા મુજબ શ્રી ધનેશ્વરસૂરિના ઉપદેશથી શિલાદિત્ય રાજાએ કરાવ્યો હતો , જ્યારે કુમારપાલ ચરિત મહાકાવ્ય તથા નવ્વાણું પ્રકારી પૂજા આદિના કથન મુજબ ઉદયન મંત્રીના પુત્ર બાહડમંત્રીએ વિ.સં. ૧૨૧૩માં ચૌદમો ઉદ્ધાર કરાવ્યો. તેમાં ૨ ક્રોડ ને ૯૭ લાખ દ્રવ્ય વાપર્યું હતું. પ્રતિષ્ઠા પૂ. આચાર્યશ્રી હેમચંદ્રસૂરિના હાથે કર ી હતી. (૫૦)

समरश्रौ ावंशीयो - मान्य पञ्चदशस्तु हि ।
षोडशः कर्मसिंहस्तु - साम्प्रतोद्धारकारकः ।।५१।।

આ તીર્થનો પંદરમો ઉદ્ધા વિ.સં. ૧૩૭૧ના મહાસુદિ ૧૪ ના સોમવારે શ્રી સિદ્ધસેનસૂરિના ઉપદેશથી સમરાશા ઓસવાલે કરાવ્યો. તીર્થોદ્ધારમાં ૨૭ લાખ ને ૭૦ હજાર દ્રવ્ય વાપર્યું હતું.

આ તીર્થનો સોળમો ઉદ્ધાર જે હાલ ચાલુ છે તે શ્રી કરમાશાહે વિ.સં. ૧૫૮૭ વૈશાખ વદિ ૬ રવિવારે કરાવેલ છે. (અને અત્યારે જે મૂળ દેરાસર છે તે તો બાહડમંત્રીએ કરાવેલા ચૌદમા ઉદ્ધારના વખતનું છે.) (૫૧)

दुष्प्रसहमुनीशस्य, काले विमलवाहनः ।
उद्धरिष्यत्यदस्तीर्थं, चरमोद्धारकारकः ।।५२।।

આ તીર્થનો છેલ્લો ઉદ્ધાર પાંચમા આરાના અંતભાગમાં થનાર શ્રી દુપ્પસહસૂરિના ઉપદેશથી વિમલવાહનરાજા કરાવશે. (નાના ઉદ્ધારો તો અસંખ્ય થયા છે.) (૫૨)

संघाधिपाश्च सञ्जाता. बहुविविधवर्णका: ।
एतस्यामवसर्पिण्यां, तीर्थयात्राविधायका: ।।५३।।

આ ગિરિરાજનો સંઘ લઈને આવનાર જુદી જુદી જ્ઞાતિના અનેક સંઘપતિઓ તીર્થયાત્રા કરનારા થયા છે. (૫૩)

अष्टात्रिंशत्तमेवर्षे - द्विसहस्रेच वैक्रमे ।
आद्याश्विने सिते घस्रे, ह्यष्टम्यां शनिवासरे ।।५४।।
पादलिप्ते पुरे रम्ये, गिरिराज समाश्रिते
दृब्ध: कर्पूरचन्द्रेण, गिरिराजस्तवो मुदा ।।५५।।

વિક્રમ સંવત ૨૦૩૮ પ્રથમ આસો સુદિ આઠમે શનિવારના દિવસે ગિરિરાજથી યુક્ત સુંદર એવા પાલિતાણા નગરમાં આ ગિરિરાજનું સ્તવન ત્રાપજ નિવાસી કપૂરચંદ રણછોડદાસ વારૈયાએ ચિત્તની પ્રસન્નતાપૂર્વક બનાવ્યું. (૫૪-૫૫)

અંતિમ યાચના

यन्मयोपार्जितं पुण्य मेतत्स्तवविधानत: ।
तेन पुण्येन भूयांसं, शीघ्रं मुक्तेरुपासक: ।

આ ગિરિરાજનું સ્તવન રચવાથી શુભ મિશ્રિત શુદ્ધ ભાવનાયોગે મેં જે પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કર્યું હોય તે પુણ્યના યોગે શીઘ્ર અલ્પકાલમાં મુક્તિ સિદ્ધિગતિનો ઉપાસક - સેવનાર થાઉ, એવી હાર્દિક ભાવના.

શ્રી ચંદરાજાનું ચરિત્ર
ચંદરાજા - કૂકડો બની પાછો ચંદરાજા બને છે.

આભા એટલે કાંતિ-જાણે તેજની નગરી ન હોય તેવી આભાપુરી નામની નગરી હતી. આ નગરીનો પરાક્રમી સહૃદયી-વૈભવી ને સત્ત્વશાળી વીરસેન નામનો રાજા હતો. એને રૂપવતી-બુદ્ધિશાળી ને તેજસ્વી વીરમતિ નામે રાણી હતી. રાજા રાણી બન્ને સુખશાંતિપૂર્વક રહેતાં હતાં.

એક વખત આભાપુરીમાં એક ઘોડાઓને વેચનારો એક સોદાગર આવ્યો. તેણે સભામાં આવી રાજા પાસે પોતાના વેગીલા ને તેજીલા ઘોડાઓનું વર્ણન કર્યું. રાજાઓ હંમેશાં શિકારના શોખીન હોય છે. સાથેજ તેઓ ઘોડાઓના પણ શોખીન હોય છે. તેથી વીરસેન રાજાએ નગરની બહાર આવીને બધા ઘોડાઓ જોયા. આ બધાજ ઘોડાઓ સુંદર હોવાથી રાજાને ગમ્યા, અને મોં માંગ્યું મૂલ્ય આપી બધાજ ઘોડાઓ ખરીદી લીધા. વેપારીને આનંદ પમાડી તેને તેના ગામે વિદાય કર્યો. રાજાને આ બધા ઘોડામાંથી એક ઘોડો ખૂબ જ ગમ્યો. તેને પોતાના માટે જ અનામત રાખ્યો.

એક દિવસ રાજા થોડાક પરિવાર સાથે ઘોડાપર બેસી શિકાર કરવા નીકલ્યો. એક સુંદર હરણ જોઈ રાજા તેનો શિકાર કરવા તેની પાછળ પડ્યો. હરણ આગળ ને રાજા પાછળ. વધુ દૂર જતાં રાજાએ ઘોડાને ઊભો રાખવા લગામ ખેંચી ત્યારે ઘોડો ડબલ જોરથી દોડવા માંડ્યો. રાજાએ વિચાર્યું કે હરણ દેખાતું નથી. પરિવાર દૂર થઇ ગયો છે અને જંગલ અજાણ્યું છે. આમ ક્યાં સુધી આગળ જઈશ. છેવટે રાજાએ કંટાળીને વડની ડાળ પકડવા માટે રાજાએ બેય હાથે પકડેલી લગામ છોડી દીધી. એટલે ઘોડો તરત જ ઊભો રહ્યો. એટલે રાજા સમજી ગયો કે આ ઘોડો વક્રગતિવાળો છે. રાજાએ ઘોડા પરથી નીચે ઊતરી ઘોડાને એક ઝાડ સાથે બાંધી આમતેમ ફરવા લાગ્યો.

વીરસેને ઝાડની પાસે એક વાવ દેખી. રાજા થાક્યો હતો અને ધૂળથી ખરડાયો હતો. તેથી કપડાં કાઢી વાવમાં નહાવા પડ્યો. સ્નાન કરી કપડાં પહેરીને વાવમાંથી પાછા નીકળતાં તેણે એક જાળી જોઈ. રાજાએ આ જાળી ઉઘાડી અંદર ગયો. ત્યાં સુંદર બગીચો દેખ્યો તેથી તલવાર લઇને આગળ વધ્યો. તેટલામાં એક ઝાડ નીચે કોઇ જટાધારી યોગી ૐ સ્વાહા ૐ સ્વાહા ફટ ફટ વગેરે મંત્રો બોલતો હતો. અને બાકળા ઉછાળતો હતો. તેની નજીકમાં જ બાંધેલી સોળ વર્ષની એક છોકરી "હે આભાપુરીના નરેશ ! શું હું તમને મલ્યા વિના જ મરી જઈશ ? હે નાથ! મારી મદદે આવો." રાજા આ અક્ષરો સાંભળી ચમક્યો અને યોગી પાસે જઈ બોલ્યો, "હે ઢોંગી આ શું માંડ્યું છે ? આ છોકરીને કેમ બાંધી છે ? ઊભો થા અને આને છોડી દે." આ શબ્દ સાંભળી યોગી ધ્રૂજવા લાગ્યો. ફટ ફટ શબ્દ બંધ થયો. તેનું શરીર કંપવા લાગ્યું. રાજા તેને યમરાજા જેવો લાગ્યો. આ મને હમણાં જ મારી નાંખશે એટલે યોગી બધું પડતું મૂકીને નાઠો. રાજા તેની પાછળ દોડ્યો. થોડુંક દોડ્યા પછી રાજાને વિચાર આવ્યો કે મારે હવે યોગીને મારીને શું કામ છે ? કન્યાને બચાવવાની હતી તે બચી ગઇ. માટે પાછો આવ્યો અને કન્યાને કહ્યું કે હે સુંદરી ! તું કોણ છે અને આ યોગી તને

કેવી રીતે લાવ્યો?

રાજાને જોતાં કન્યાની આંખ ઠરી અને તે તરત જ સમજી ગઈ કે આ બીજું કોઈ નથી પણ આભાપુરીના રાજા વીરસેન જ છે. તેથી તે શરમાઈને નીચું મોઢું રાખી બોલી, હે નાથ! હું પદ્મપુરીના રાજા પદ્મશેખર અને રાણી રતિરૂપાની ચંદ્રાવતી નામે પુત્રી છું. મારી ઉમર વધતાં પિતાને વર માટે ચિંતા થઈ ને નિમિત્તિયાને પૂછ્યું કે મારી પુત્રીનો વર કોણ થશે ? તેણે કહ્યું કે આભાનગરીનો રાજા વીરસેન થશે. મારા પિતા મને વીરસેનને આપવા ઇચ્છતા હતા ને હું સખીઓ સાથે ગામની બહાર રમતી હતી. તેમાંથી યોગીએ મારું અપહરણ કર્યું. મેં બચાવવા ઘણી બૂમો પાડી પણ યોગી મને ઝાડીમાં લઈ જઈ અહીં લાવ્યો . અને કહ્યું કે હે બાલા! હું કહું તેમ કર તેથી હું સમજી કે આ મને અગ્નિમાં હોમી દેશે. મેં મારા પિતાના નામની બૂમો પાડી. પછી મેં છેવટે તમારા નામની બૂમો પાડી. છેવટે તમે આવ્યા. આ દુઃખના વખતે મારું અંગ ફરકતું હતું. તેથી માનું છું કે તમેજ મારા નાથ આભાપુરી નગરીના રાજા વીરસેન છો!

પછી રાજા બોલ્યો હે દેવી ! તારું અનુમાન સાચું છે. હું વીરસેન રાજા છું. રાજાએ અને ચંદ્રાવતીએ ત્યાં ગાંધર્વ વિવાહ કરવાની ઇચ્છા કરી પણ રાજાને લાગ્યું કે મારે શા માટે ઉતાવળ કરવી જોઇએ ? ચંદ્રાવતી ને વીરસેન રાજા જાળી દ્વારા વાવમાં અને ત્યાંથી બહાર આવ્યાં, ઘોડાને છોડી તેના પર ચંદ્રાવતીને બેસાડી નગર તરફ ચાલ્યો, તેટલામાં પોતાનો પરિવાર મલ્યો અને બધી વાત કહી. બધાની સાથે રાજા આભાપુરીમાં આવ્યો.

નગરીમાં આવતાં જ તેણે પદ્મપુરીના રાજા પદ્મશેખરને ખબર આપી કે તમારી પુત્રી ચંદ્રાવતીને મેં યોગી પાસેથી છોડાવી છે. તે હાલ આભાપુરીમાં છે. પદ્મશેખરે પત્ની સહિત આવીને ચંદ્રાવતીનાં લગ્ન વીરસેન રાજા સાથે ધામધૂમથી કર્યા.

વીરસેન રાજાને પહેલાંની રાણી વીરમતિ હતી. અને આ બીજી ચંદ્રાવતી થઇ. વીરમતિ બુદ્ધિશાળી હતી પણ ઇર્ષ્યાલુ હતી. તેથી ચંદ્રાવતી સાથે ઝઘડાનાં કારણો શોધે છે. છતાં પણ ચંદ્રાવતી સહન કરી લેતી હતી.

રાજા વીરસેન ચંદ્રાવતી સાથે સુખ ભોગવવા લાગ્યો. ત્યાં એક દિવસ મધ્યરાત્રિએ ચંદ્રાવતીએ સ્વપ્નમાં ચંદ્રને જોયો અને તેજ દિવસે ચંદ્રાવતી ગર્ભવતી થઇ. પૂર્ણ માસે પુત્ર જન્મ્યો. રાજાએ પુત્રજન્મ નિમિત્તે આખા નગરમાં ઉત્સવ કરાવ્યો.

સારા દિવસે રાજાએ પુત્રનું નામ ચંદ્રકુમાર પાડયું. ચંદ્રકુમાર પાંચ ધાવમાતાઓથી લાલનપાલન કરાતો વૃદ્ધિ પામવા લાગ્યો. ચંદ્રાવતીનું માન તો હતું જ તેમાં પુત્ર થતાં ડબલ થયું. અપરમાતા વીરમતિ ચંદ્રકુમાર ઉપર બહારથી સ્નેહ પ્રેમ બધુંય બતાવે પણ અંદરથી તો તેને ચંદ્રાવતી કે ચંદ્રકુમાર એકેય ગમતાં નથી. બન્નેને મારવાનો વિચાર કરે પણ તે બન્ને પુણ્યવાન હોવાથી કશું થઇ શકતું નથી

વસંત ઋતુમાં આભાપુરીના ઉદ્યાનમાં બધા પ્રજાજનો ઇચ્છા પ્રમાણે આનંદ કલ્લોલ કરતા હતા. એક વીરમતિ જ પુત્ર ન હોવાથી મનમાં સહુના પરિવારને જોઇ દુઃખી થતી હતી. મેં પૂર્વ ભવમાં શું પાપ કર્યું હશે કે જેથી મને એક

પણ પુત્ર ન થયો. ?

આજ વખતે ઝાડપર બેઠેલો એક પોપટ મનુષ્ય ભાષામાં બોલ્યો કે આખું નગર આનંદમાં છે ને તું કેમ શોકમાં છે ? તારે શું દુઃખ છે ? મારાથી બનશે તો હું તારું દુઃખ દૂર કરીશ. વીરમતિ બોલી કે હે પોપટ ! હું તને મારું દુઃખ કહીને શું કરું? તું પક્ષી હોવાથી કેવી રીતે મારું દુઃખ ભાંગશે ? જે દુઃખ ભાંગી ન શકે તેની પાસે કહેવાથી પણ શું ફાયદો?

હે રાણી ! તું મને સામાન્ય પક્ષી ન માનતી. હું વિદ્યાધર પાસે રહેલો છું. તેથી દુઃખ ન ભાંગું તો ઉપાય તો જરૂર બતાવીશ. પછી આશ્વાસન પામેલી વીરમતિ બોલી હે ભાઇ ! પોપટ ! તું વનોવન ફરે છે. વિદ્યાધરો પાસે રહે તેથી મને તેવો કોઇ મંત્ર – તંત્ર કે જડીબુટ્ટી બતાવ કે જેથી મને પુત્ર થાય. પુત્ર વિનાની હું દુઃખી ને એકલી અટૂલી થઇ ગઇ છું. પુત્ર થાય તોજ માણસમાં મારી ગણતરી થાય. તું મારું આટલું કામ કરશે તો હું તો જન્મોજન્મ તારી ઓશિયાળી રહીશ. તને સોનાના દાગીના આપીશ. નિત નવલાં ભોજન કરાવીશ.

ત્યારે પોપટ બોલ્યો કે હે રાણી! આના માટે હું બીજું કાંઇ કરી શકતો નથી પણ તને આના માટે એક ઉપાય બતાવું છું. આજ વનની ઉત્તર દિશામાં શ્રી ઋષભદેવ સ્વામીનું મંદિર છે. ત્યાં ચૈત્રી પૂનમની રાતે અપ્સરાઓ આવે છે. તેમાં મુખ્ય અપ્સરા લીલા રંગનાં કપડાં પહેરે છે. આ લીલાં વસ્ત્રનો પ્રભાવ છે કે તેનાથી ધાર્યું કામ થાય. મેં તને આ અનુભવ સિદ્ધ વાત કહી છે. આટલું બોલતાંજ પોપટ ઊડી ગયો.

ચૈત્રી પૂનમની રાતે વીરમતિ રાણી એક પહોર રાત વીત્યા પછી નગરીની બહાર નીકળી ઉત્તર તરફ ચાલી. નગરની હદ વટાવી ગાઢ ઝાડીમાં શ્રી ઋષભદેવના મંદિરમાં આવી એક ખૂણામાં છુપાઇ ગઇ. મંદિરમાં અપ્સરાઓ આવી ગીતગાન–નૃત્યને વાજિંત્રથી પ્રભુની અલૌકિક ભક્તિ કરી, પછી અપ્સરાઓ નજીકમાં રહેલ વાવડીમાં નહાવા ગઇ તે વખતે વીરમતિ રાણીએ લાગ જોઇને ત્યાં આવીને કપડાંના ઢગલામાંથી મુખ્ય અપ્સરાનાં લીલા રંગનાં કપડાં લઇ લીધાં, ને કપડાં લઇ મંદિરમાં જઇ દરવાજો બંધ કરી બેસી ગઇ. સ્નાન કરીને પાછા આવતાં મુખ્ય અપ્સરાનાં કપડાં ન મલે તપાસ કરતાં મંદિરનું બારણું બંધ દેખાયું એટલે તેઓએ એમ માન્યું કે કોઇ સ્ત્રી અથવા પુરુષ કપડાં લઇ મંદિરમાં સંતાઇ ગયો છે, એટલે બધાંએ ત્યાં જઇ કહ્યું કે અમારાં કપડાં આપો. અમારે મોડું થાય છે અમારું જે કામ હોય તે કહો. આ સાંભળીને વીરમતિએ તુરત જ દરવાજો ખોલીને તેમનાં વસ્ત્રો સોંપી તેમને પગે લાગી ને બોલી કે હે દેવીઓ! મારો અવિનય અપરાધ ક્ષમા કરો. હું વીરસેન રાજાની વીરમતિ રાણી છું મને પુત્ર નથી તેથી મારું તે દુઃખ દૂર કરો મને એક લબ્ધિવંત પોપટે તમારી પાસે આવવાનું કહ્યું તેથી હું તમારી પાસે આવી છું. તેથી જ મેં તમારાં વસ્ત્રો સંતાડયાં હતાં. હવે મને પુત્રપ્રાપ્તિનું વરદાન આપો.

મુખ્યદેવીએ અવધિજ્ઞાનથી જોઇને કહ્યું કે હે વીરમતિ એ બધું સાચું પણ તારા નસીબમાં પુત્ર જ નથી પછી દેવતા ક્યાંથી આપી શકે ? તું ખોટી રીતે દુઃખી થાય છે. શોક્યના પુત્ર ચંદ્રકુમારને તું તારો પુત્ર માન. તે ભાગ્યશાળીને વિનયી છે. આમ છતાં અમારું દર્શન નિષ્ફળ નથી હોતું માટે તને હું આકાશગામિની સર્વબળહરણી વિવિધકાર્યકરણી અને જલતરણી વગેરે વિદ્યાઓ આપું છું. પુત્રનું વરદાન ન મળતાં નિરાશ થયેલી વિદ્યાઓને લઇ

વીરમતિ પોતાના રાજમહેલમાં આવી. વીરમતિ અર્ધરાત્રિએ ગઇ અને આવી. આ વાત રાજા વગેરે કોઇને કાંઇ પણ ખબર ન પડી.

આ બાજુ ચંદ્રકુમાર સર્વકળામાં કુશળ થયો, એટલે વીરસેન રાજાએ ગુણશેખર રાજાની પુત્રી ગુણાવલી સાથે તેને પરણાવ્યો, તે ગુણાવલી એટલે સાક્ષાત ગુણોની પંક્તિજ હતી. તેની અપર માતા વીરમતિ તેને રાજ્યનો વરસદાર સમજી તેના પર પ્રેમ રાખવા લાગી, અને ચંદ્રકુમાર પણ તેને માતાની જેમ જ સાચવતો હતો, અને સહુનો સમય પસાર થતો હતો.

એક્વાર વીરસેન રાજાના વાળ ચંદ્રાવતી ઓળતી હતી ત્યાં એક્દમ બોલી "રાજા દૂત આવ્યો" રાજાએ આમતેમ જોયું અને બોલ્યો કે હે દેવી ! એવો ક્યો દૂત છે કે જે પૂછ્યા વિના અંત:પુરમાં દાખલ થાય ?

તે વખતે ચંદ્રાવતીએ ચાંદીના તાર જેવો એક સફેદવાળ રાજાના હાથમાં મૂક્યો ને બોલી કે આ દૂતને કોઇ રોકી શકતું નથી. તે માથાનો પલિ. (સફેદવાળ) આ શબ્દ સાંભળતાં જ વીરસેન રાજા અત્યંત ઊંડા વિચારમાં ડૂબી ગયો કે મારા પૂર્વજો કેવા શાણા ને વિરક્ત હતા કે સુંદર રાજપાટ ભોગવ્યાં અને પછી બધાંને છોડીને જીવનને તપ ત્યાગથી અજવાળ્યું, હું કેવો મૂર્ખ છું કે ધોળા આવ્યા છતાં સ્ત્રીમાં લુબ્ધ થઇ સંસારમાં પડ્યો છું. જો હું સંસારને સમજીને નહી છોડું તો પછી યમરાજા પરાણે છોડાવશે. શા માટે મારે સ્વયં રાજ્ય વૈભવનો ત્યાગ ન કરવો જોઇએ. તેથી રાજા બોલ્યો હે દેવી ! હું સંયમ લઇશ. સંયમ યોગ્ય મારી વય થઇ એમ આ સફેદ વાળ સૂચવે છે.

વીરમતિ અને ચંદ્રાવતીએ ઘણું સમજાવ્યો પણ ન માન્યો, એટલે વીરસેન રાજા ચંદ્રાવતી સાથે દીક્ષા લેવા તૈયાર થયો. રાજાએ દીક્ષા લેતાં પહેલાં ચંદ્રકુમારને રાજ્યપર બેસાડ્યો. ને ચંદ્રને શિખામણ આપતાં ક્હ્યું કે હે પુત્ર વીરમતિને તારાં માતા માનજે. તેના કહેવા પ્રમાણે કરજે ને ન્યાયથી પ્રજાનું પાલન કરજે. વીરમતિને ક્હ્યું કે હે દેવી! તમે અનુભવી છો ને ડાહ્યાં છો તેથી પુત્રને સાચવજો ને કુલની કીર્તિ વધારજો.

વીરસેન રાજા અને ચંદ્રાવતીએ સંયમ લીધો. શુદ્ધ રીતે પાળ્યો ને શ્રી મુનિસુવ્રતસ્વામીના સમયમાં કેવળજ્ઞાન પામી સિદ્ધિપદને પામ્યાં. આમ આ બાજુ વીરમતિ રાણી રાજરાણી મટી રાજમાતા બન્યાં.

ચંદ્રકુમાર રાજા ભલે થયો પણ ઉમરમાં નાનો હોવાથી રાજ્ય ખટપટ ને દુનિયાદારીની કપટકળાથી અજાણ હતો. રાજા ભલે ચંદ્રકુમાર હોય પણ રાજ્યની તમામ સત્તા વીરમતિના હાથમાં જ હતી.

એક વખતે તેણે પુત્રને ખાનગીમાં ક્હ્યું. તું રાજ્ય વૈભવ સુખેથી ભોગવ. રાજ્યની ખટપટ હું કરીશ. તું મારી શક્તિને સામાન્ય ન સમજતો હું ધારું તો ઇન્દ્રાસન ડોલાવી શકું તેમ છું. સૂર્યના ઘોડાઓને તારા પગમાં હાજર કરું તેમ છું. તું મને અનુકૂળ રહેજે. મારી ખાનગી વાતમાં તું આવતો નહિ. હું વિરોધીને સહન કરી શક્તી નથી.

ચંદ્રકુમાર બોલ્યો "માતા એ શું બોલ્યાં ? હું તો માત્ર શેર ધાન્યનો ધણી. આ રાજ્ય વૈભવ બધો તમારો.

અને હું પણ તમારો, તમારી આજ્ઞા મને શિરસાવંદ્ય છે.

ચંદ્રકુમારનું વચન સાંભળી વીરમતિ રાજી થઇ ગઇ.એક વખત ગુણાવલી બપોરના સમયે ભોજન કરી મહેલના ગોખમાં બેઠી હતી.ત્રણ ચાર દાસીઓ સેવા કરતી હતી. તેટલામાં તેમનાં સાસુ એવાં વીરમતિ ત્યાં મલવા આવે છે. ત્યારે તે ઊભી થઇ સાસુને પગે લાગી આજ્ઞા પૂછે છે, પછી વીરમતિ ગુણાવલીને કહે છે કે આમ એકજ ઠેકાણે બેસી રહેવામાં જીવનનો આનંદ નથી. આનંદ તો બહાર ફરવામાં, વિવિધ દેશો જોવામાં છે. પણ મારા નસીબમાં એ ક્યાંથી હોય ? વીરમતિ કહે છે કે હે ગુણાવલી ! તું સ્ત્રી શક્તિને નથી જાણતી. સ્ત્રી તો ધારે તે કરી શકે છે. સ્ત્રી પ્રસન્ન થાય તો કલ્પ વેલડી છે. અને વિફરે તો વિષલતા જેવી થાય. જો તારી ઇચ્છા હોય તો મારી પાસે આકાશગામિની વિદ્યા છે. તેથી તને દુનિયાનાં જુદાં જુદાં તીર્થો ને આશ્ચર્યો બતાવું.

ગુણાવલી બોલી આ બધું જોવાની ઇચ્છા તો ઘણી થાય. પણ પતિની રજા સિવાય મારાથી કંઇ થોડુંજ બહાર જવાય છે. ? અને તે રજા પણ કેમ આપે ? વીરમતિ બોલી, તું ભોલી છે. ગભરાઇશ નહિ. હું એવી યુક્તિ રચીશ કે તારે ચંદ્રકુમારની રજા જ ન લેવી પડે. આપણે જ્યાં જવું હોય ત્યાં જઇને જ આવીએ પછીજ ચંદ્રકુમાર જાગે ત્યાં સુધી ઘસઘસાટ ઊઘે. પછી તારે શું પંચાત ?

ગુણાવલી બોલી કે તેવું થતું હોય તો વાંધો નહિ. હું તૈયાર જ છું. તમો કહો ત્યારે આપણે ફરવા જઇએ ગુણાવલી ભોળી હતી. ચંદ્રકુમાર પર પ્રીતિવાલી હતી. તેનામાં કોઇ દુર્ગુણ ન હતો. છતાં પણ વીરમતિની સોબતથી ચંદ્રકુમારને ઊંઘતો મૂકીને કૌતુક જોવા તૈયાર થઇ.

વીરમતિએ ગુણાવલીને કહ્યું કે આજે આપણે વિમળાપુરી જોવા જઇશું. તે નગરી અહીંથી ૧૮૦૦ યોજન દૂર છે. તેનો રાજા મકરધ્વજ છે. તેને રતિના અવતાર સમાન પ્રેમલા લચ્છી નામની પુત્રી છે. આ પુત્રીનાં લગ્ન સિંહલપુરના રાજા સિંહરથના પુત્ર કનકધ્વજ સાથે થવાનાં છે. આની જોડી કેવી સરસ છે ! તે તો ત્યાં જઇને જોઇએ ત્યારે જ સમજાશે. તે તને આજે રાત્રે બતાવું.

ગુણાવલીએ કહ્યું કે બહુ સારું પણ આપણે જઇએ છીએ તે કોઇએ જાણવું ન જોઇએ હે સાસુજી ! વિમળાપુરી ૧૮૦૦ યોજન દૂર છે. રાજા રાજ્ય સભામાંથી રાત્રે એક પ્રહર પછી આવે અને તેમની સાથે ગોષ્ઠિ કરતાં બીજો પહોર વીતી જાય. પછી સૂએ અને પછી ત્રીજા પહોરે જાગે. આટલામાં આપણે શી રીતે જઇશું ? અને શી રીતે આવીશું ?

તું તેની ફિકર ન કર, આજે ચંદ્રકુમાર વહેલો આવશે. ને વહેલો સૂઇ જશે, ચંદ્રકુમાર રાતના વહેલો આવ્યો. ગુણાવલી એ કહ્યું કે હે નાથ ! આ અકાળે કેમ વરસાદ પડે છે. ? ઋતુ તો ઉનાળાની છે. પવનના સુસવાટા ચોમાસાને યાદ કરાવે તેવા છે. રાજા બોલ્યો કે અકાળે વર્ષા, અકાળે ગરમી અને અકાળે ઠંડી અવનવું થવાનું હોય તો જ થાય છે. રાજા શય્યામાં પોઢ્યો. ને આઠ વાગતાં જ નસકોરાં બોલવા લાગ્યાં. પણ ગુણાવલીને ઊંઘ આવતી નથી. અવાર નવાર ગુણાવલી ચંદ્રકુમાર પાસે આવી ઊઘે છે કે નહિ તેની ખાત્રી કરી. તેથી રાજાને વધુ શંકા ગઇ ને પછી તેણે બનાવટી

ઊંઘ શરુ કરી. પછી તેને ઘણું ઢંઢોળ્યો પણ જાગ્યો નહિ. આથી તેને ઊંઘતો માની તૈયાર થઈ. વીરમતિના મહેલમાં ગઈ.

રાજા પણ તુરત જ તેની પછવાડે હાથમાં ખુલ્લી તલવાર લઈને ચાલ્યો. અને વીરમતિના બારણા પાછળ સંતાઈ ગયો.વીરમતિએ ગુણાવલીને કહ્યું આવ ડાહી વહુ આવ. હવે આપણે હમણાંજ જઈએ પણ તે પહેલાં તું પાસેના બગીચામાંથી કરણના ઝાડ પરથી એક સોટી લઈ આવ. તેના કહેવા પ્રમાણે સોટી લઈ આવી. પછી કહ્યું કે હું તને આ સોટી મંત્રીને આપું છું. તેને તું ચંદ્રકુમાર જ્યાં શય્યામાં સૂતો છે તેની આસપાસ ત્રણ વાર ફેરવી ને ઠપકારજે. તેથી તે આપણે પાછાં ન આવીએ ત્યાં સુધી નહિ જાગે.

ગુણાવલી હવે વીરમતિની શ્રદ્ધાળુ શિષ્યા બની ગઈ. તેની કરામતોને મનથી પ્રશંસવા લાગી. સોટી લઈને ગુણાવલી ઘેર આવી તે પહેલાં ચંદ્રકુમારે પોતાની જગ્યાએ લૂગડાંની પુરુષની આકૃતિ બનાવી. પથારીમાં સુવડાવી રજાઈ ઓઢાડી દીધી હતી. તેથી ગુણાવલીને કૌતુક જોવાની હોંશમાં શય્યામાં ખરેખર ચંદ્રકુમાર સૂતો છે કે નહિ તે જોવાની દરકાર ન કરી. પલંગની આજુબાજુ સોટી ફેરવીને ત્રણવાર ઠપકારી અને પછી આનંદ પામતી વીરમતિ પાસે આવી . ચંદ્રકુમાર લપાતો છુપાતો વીરમતિના મહેલમાં આવી બારણા પાછળ સંતાયો.

વીરમતિ બોલી કેમ ચંદ્રકુમાર બરોબર સૂતો છે ને ? હા આપણે જઈને આવીએ ત્યાં સુધી જાગશે જ નહિ. પણ આ નગરના લોકો આપણને જતાં જોશે તો શું ? તે બધા હમણાંજ સૂઈ જશે .પછી બાર માણની નોબતવાગે તો પણ નહિ જાગે.

વીરમતિની કરામતથી થોડીક વારે એક ગધેડું ભૂંકયું ને ટપોટપ આખું ગામ ઊંઘી ગયું. જાગવામાં વીરમતિ ગુણાવલી ને ચંદ્રકુમાર, હવે વીરમતિ બોલી કે આપણે તુરંતજ ચંદનવાડીમાં જે પહેલો આંબો છે. તે આંબા પર ચઢી વિમળાપુરી જઈએ . આંખ મીંચીને ઉઘાડીએ તેટલામાં વિમળાપુરી આવી જશે . તું મારી કરામત તો જો આ સાંભળી ચંદ્રકુમાર તુરંતજ ત્યાંથી નાઠો અને આવીને ચંદનવાડીમાં પેલા આંબાની બખોલમાં સંતાઈ ગયો. થોડીજ વારે સાસુ અને વહુ ચંદનવાડીમાં પેલા આંબાપર ચઢી કંબાનો પ્રહાર કરીને બોલ્યાં કે અમને વિમળાપુરીમાં લઈ જા. આકાશમાં વિમાન ઊડે તેમ આ આંબો આકાશમાં ઊડ્યો.

વીરમતિ બોલી. ગુણાવલી જો આ ગંગા – અષ્ટાપદ – સંમેતશિખર વૈભાર – અર્બુદાચળ સિદ્ધાચળ ને ગિરનાર હવે આપણે વિમળાપુરી આવી ગયાં. એટલામાં એક સરસ વનમાં તે આંબો ઊતર્યો. સાસુ ને વહુ આંબા પરથી નીચે ઊતરી આનંદમાં મશગૂલ બની વિમળાપુરી નગર તરફ ચાલ્યાં, તે બન્ને થોડેક દૂર ગયાં એટલે ચંદ્રકુમાર બખોલમાંથી બહાર નીકળી નગર તરફ ચાલ્યો.

રાજા જ્યાં થોડુંક ચાલ્યો તેટલામાં તે રાજ્યના સેવકો સામા મલ્યા અને બોલ્યા, પધારો આભાપુરીના રાજા ચંદ્રકુમાર અમે તમારું સ્વાગત કરીએ છીએ. ચંદ્રકુમાર આ સાંભળીને ચમક્યો. અહીં આટલે દૂર મને ઓળખનાર કોણ છે. ? તેથી તે બોલ્યો અરે ! ભલા માણસ હું ચંદ્ર ક્યાં છું ? ચંદ્રતો જો આકાશમાં ઊગ્યો. ત્યારે દ્વારપાલ બોલ્યો

કે હે ભાગ્યવંત શું કામ તમે તમારી જાતને છુપાવો છો ? કારણ કે સૂરજ છાબડે ઢંકાતો નથી. તમે ગભરાશો નહિ. સિંહલરાજા ચાતક જેમ મેઘની રાહ જુએ તેમ તમારી રાહ જુએ છે.

ચંદ્ર વિચાર કરવા લાગ્યો કે આ શું ? હું સિંહલ રાજાને ઓળખતો નથી. અને અહીં બધા મને ઓળખે છે. ? કાંઇ સમજાતું નથી. માતા વીરમતિ આગળ ચાલ્યાં જશે. હું છૂટો પડી જઈશ. બહુ રકઝક કરીશ તો વધારે જાહેરાત થશે. લાભને બદલે હાનિ થશે.

રાજા વિચાર કરે છે તેટલામાં બીજા બે પ્રતિહારીઓ આવ્યા. અને રાજાને નમીને બોલ્યા કે પધારો રાજન ચંદ્રકુમાર ! તમારી રાહ અમારા રાજા આખી રાતથી જોયા કરે છે. આજે ઊંઘ પણ નથી લીધી.

પ્રતિહારી અને દ્વારપાળ બોલ્યા હે ચંદ્રરાજા અમે વધુ કાંઇ પણ જાણતા નથી. સિંહલ રાજાના અમે અંગત માણસો છીએ. તેમણે અમને સાંજે બોલાવીને કહ્યું કે આજે અર્ધરાત્રિ વીત્યા બાદ નગરના દરવાજામાં પહેલાં સ્ત્રીઓ આવશે. અને પછી જે પુરુષ આવે તેને તમારે ખૂબજ આદર સત્કાર સાથે મારી પાસે લાવવો. તે પુરુષ કોઇ સમાન્ય નહિ હોય પણ આભાનગરીનો રાજા ચંદ્રરાજા હશે. હમણાં જ બે સ્ત્રીઓ ગઇ અને તેની પાછળ તમે પધાર્યા. એટલે અમારા રાજાના કહેવા પ્રમાણે તમને અમે ચંદ્રરાજા કહીને બોલાવ્યા. વધુ અમે કાંઇ જાણતા નથી.માટે આપ અમારા સિંહલ રાજા પાસે પધારો, એટલે આ વાતનો ખુલાસો થઇ જશે. ચંદ્રકુમારે વિચાર કર્યો કે માણસો સાથે માથાકૂટ કરવાનો અર્થ નથી, માટે તેમની સાથે ચાલતાં સિંહલ રાજાના મહેલમાં આવ્યો.

ચંદ્રકુમારને દૂરથી આવતાં દેખીને સિંહલ રાજાએ ઊભા થઈને પાસે આવતા ચંદ્ર રાજાને ભેટીને બોલ્યા, "પધારો વીરસેન રાજાના પુત્ર ચંદ્રરાજા ! અમે ચકોર જેમ ચંદ્રની રાહ જુએ તેમ તમારી રાહ જોતા હતા." સિંહલ રાજાએ પોતાના આસન પર ચંદ્રરાજાને બેસાડ્યા અને પોતે સામે આસન પર બેઠા.

ચંદ્રરાજા બોલ્યો હે રાજન ! હું ચંદ્ર રાજા નથી. હું તો એક પરદેશી સામાન્ય માણસ છું. મારું નામ ચંદ્ર ખરું પણ ચંદ્રરાજા નથી, મારે અને તમારે કોઇ ઓળખાણ નથી. તમે કોઇકને બદલે કોઇકને ભૂલમાં પકડી લો છો. દુનિયામાં આકૃતિ ને નામથી સરખા માણસો ઘણા હોય છે પણ બન્નેના ગુણો જુદા હોયછે જેમ મીઠું ને કપૂર. તમે જે ચંદ્રને શોધો છો તે ભાગ્યશાળી ચંદ્ર બીજો કોઇ હશે, હું તે નથી.

સિંહલ રાજા બોલ્યો હે સજજન ! તમે તમારી જાતને છુપાવો નહિ. સામાન્ય અને ઉત્તમ માણસો પરખાયા વિના રહેતા નથી. હવે તમારી જાતને છુપાવવાનું રહેવા દો. અને કબૂલ કરો કે હું આભાપુરીનો રાજા ચંદ્ર છું. અમે અમારી ઝંખના પ્રમાણેનું કાર્ય કહીએ. એટલામાં રાજાનો મંત્રી હિસક, કુમાર કનકધ્વજ –રાણી કનકાવતી ને વિશ્વાસુ ધાવમાતા કપિલા જાણે સંકેત કર્યો ન હોય તેમ વારાફરતી બધાંજ આવી પહોંચ્યાં. આવતાં વેંત બધાં જ ચંદ્ર રાજાને હર્ષથી નમ્યાં અને પોતાનાં સ્થાને બેઠાં.

હિસક મંત્રી બોલ્યો, હે ચંદ્રરાજા ! અમે તમને અંધારામાં (ભૂલમાં) ચંદ્રરાજા કહેતા નથી પણ અમે દેવીના

વરદાનથી ચંદ્રરાજા તરીકે ઓળખીએ છીએ. જુઓ રાત છે થોડી અને વેશ છે ઝાઝા, રાત તો જવા માંડી છે. આગ્રહ છોડીને કહો કે હું ચંદ્રરાજા છું. એટલે અમે અમારું કામ કહીએ. ચંદ્રકુમારે આગ્રહ છોડીને કહ્યું કે તમારું કામ કહો. હું આભા નગરીનો ચંદ્રરાજા છું. પણ તમે મને ઓળખ્યો શી રીતે તે કહો.

હિસક મંત્રી સિંહલ રાજા ભણી નજર કરીને બોલ્યો કે હે રાજન ! આપણું કામ કહો. દાયણ આગળ પેટ સંતાડવાનો કોઇ અર્થ નથી. આ ચંદ્રરાજા ખૂબજ પરોપકારી છે. તેમના સિવાય આપણું કામ કોણ કરે ? સિંહલ રાજાએ મંત્રીને વાત કરવાની છૂટ આપી. એટલે હિસક મંત્રીએ વાત આગળ ચલાવી.

અમારે તમારી પાસેથી કાંઇ જોઈતું નથી. પણ જે અમારી મુશ્કેલી છે તે દૂર કરો.જુઓ સામે બેઠો તે રાજાનો પુત્ર કનકધ્વજ કુમાર છે. તે પ્રેમલા લચ્છીને પરણવા આવ્યો છે. અમે બધાં તેની જાન લઇ સિંહલપુરથી આવ્યા છીએ. અમારું નગર બહુ દૂર છે. તેથી તમે થોડીકવાર માટે કનકધ્વજ બનીને પ્રેમલા લચ્છીને પરણીને તે કન્યા તેને સોંપીને ચાલ્યા જાઓ આટલું જ માત્ર તમારું કામ છે

ચંદ્રરાજાને આ વાતમાં કાંઇ સમજણ ન પડી એટલે તેણે હિસક મંત્રીને એકાંતમાં લઇ જઈને પૂછ્યું. કપટ વિના તમે મને બધું સ્પષ્ટ કહો. એટલે મંત્રીએ વાત કહી ત્યારે ચંદ્રકુમારે કહ્યું કે એમ કોઈનાં ભાડે લગ્ન થયાં તેવું સાંભલ્યું છે કે જાણ્યું છે ? હું પરણું કન્યાને અને સંસાર ચાલે કનકધ્વજ સાથે. કનકધ્વજ કુમાર દેખાવે તો રુપાળો છે પછી વરઘોડે કેમ ચઢાવતા નથી ?

એટલે પછી હિસક મંત્રીએ મૂળથી વાત કહેવાની શરુઆત કરી. સિધુ દેશમાં સિંહલપુરી નામની નગરી કનકરથરાજા ને કનકાવતી રાણી. બન્નેનો સંસાર સુખથી ચાલે છે. પણ રાણીને પુત્ર વગર મનમાં ઓછું આવે છે. તેથી રાજાને ગોત્ર દેવીનું આરાધન કરવાનું કહ્યું. રાજાએ અક્ષમ તપની આરાધના કરી. ગોત્ર દેવી પ્રસન્ન થયાં ને તેની પાસે પુત્રનું વરદાન માંગ્યું. ગોત્ર દેવીએ કહ્યું કે પુત્ર થશે પણ કોઢિયો થશે . રાજા કહે છે કે કોઢિયો પુત્ર શું કામનો ? દેવી કહે છે કે દેવ – દેવી ભાગ્ય પ્રમાણેજ આપે. રાજા કોઇ વધુ વિચાર કરે તે પહેલાં દેવી અદ્રશ્ય થઇ ગયાં.બીજે દિવસે રાજાએ મંત્રીને કહ્યું, મંત્રીએ વિચાર કર્યો આગળ સહુ સારાં વાનાં થશે. થોડો સમય થયો ને રાણી ગર્ભવતી થઇ. પૂરા દિવસે પુત્રનો જન્મ થયો. રાજાએ છૂટે હાથે દાન દીધું. રાજાએ પુત્રનું નામ કનકધ્વજ પાડ્યું.

થોડાજ દિવસમાં રાજાને ખબર પડી કે પુત્ર જન્મ્યો તો ખરો પણ દેવીના વરદાન પ્રમાણે કોઢિયો. તેથી તેને ભોંયરામાં રાખ્યો બધાં લોકો સુંદર આભૂષણો લઇને રમાડવા આવ્યાં. ત્યારે રાજાએ લોકોને કહ્યું કે કુમાર અત્યંત રૂપવાલો છે તેથી તેને કોઇની પણ નજર ન લાગે માટે ભોંયરામાં રાખ્યો છે. તેને બહાર કાઢવાનો નથી.

તેથી લોકો રાજાના ભાગ્યની અને કુમારના રૂપની પ્રશંસા કરવા લાગ્યા. ભોંયરામાં મોટો થતાં ને અભ્યાસ કરતાં રાજકુમારની ઉમર સોળ વર્ષની થઇ.

અમારા દેશના કેટલાક વેપારીઓ વિમળાપુરી ગયા હતા. અને તેઓએ ત્યાંના રાજા મકરધ્વજને ઉત્તમ ભેટણું

કર્યું. રાજાએ વેપારીઓને પૂછ્યું તમે ક્યાંથી આવ્યા છે ? વેપારીઓ બોલ્યા અમે સિંહલપુરીથી આવ્યા છીએ. ત્યાંની ઋદ્ધિ અને અહીંની ઋદ્ધિ સરખી છે. પણ અમારા રાજાને કનકધ્વજ નામનો એક સુંદર રુપવાલો રાજપુત્ર છે કે જેને રાજા ભોંયરામાં જ રાખે છે. બહાર કાઢયો જ નથી.

મકરધ્વજ રાજાને આ વેપારીઓનીવાતમાં રસ પડયો. તેથી તેણે સિંહલ દેશની બધી વાત પૂછી. કારણ કે પોતાની પુત્રી પ્રેમલા લચ્છી યુવાન થઇ હતી. તેને પરણાવવા માટે યોગ્ય વરની શોધ કરતો જ હતો. વ્યાપારીઓ ગયા એટલે મંત્રીઓને પૂછ્યું કે પ્રેમલા લચ્છીનો વિવાહ સિંહલ દેશના રાજકુમાર સાથે કર્યો હોય તો કેવું ? ડાહ્યા મંત્રીઓ બોલ્યા હે રાજન આ તો પરદેશી માણસો તેમની વાત પર ઝટ વિશ્વાસ કેમ મુકાય ?

ત્યાર પછી મકરધ્વજ રાજા શિકારે ગયો. ત્યાં કેટલાક સોદાગરો મલ્યા. આ સોદાગરો પણ અમારા જ નગરના હતા. તેમને પૂછ્યું કે તમારે ત્યાં ખાસ શું જાણવા જેવું છે ? તેઓ બોલ્યા કે બીજું બધું તો ઠીક છે. પણ અમારા રાજકુમાર જેવો બીજો કોઇ રૂપાળો રાજકુમાર નથી. મકરધ્વજે મનથી પ્રેમલા લચ્છીનો વિવાહ કનકધ્વજ સાથે નક્કી કરી લીધો. અને મહેલે આવી પોતાના ચાર વિશ્વાસુ મંત્રીઓને સિંહલદેશ પેલા વેપારીઓ સાથે પ્રેમલા લચ્છીનો વિવાહ નક્કી કરવા માટે મોકલ્યા.

એક દિવસ રાજયસભા ભરાઇ હતી ત્યાં વિમળાપુરીના મંત્રીઓ આવ્યા. રાજાને નમીને બોલ્યા કે અમે વિમળાપુરીના રાજા મકરધ્વજના મંત્રીઓ છીએ. રાજાની પુત્રી પ્રેમલા લચ્છી યુવાન થઇ છે. તેનો વિવાહ તમારા રાજપુત્ર કનકધ્વજ સાથે કરવા માટે કુમારની રુબરુ તપાસ કરવા માટે અમોને મોકલ્યા છે એટલે અમે આવ્યા છીએ. તેથી અમારું માગું કબૂલ કરો.

રાજા બોલ્યો તમે સ્વસ્થ થાઓ. થોડા દિવસ અહીં રહો. હજુ કનકધ્વજ નાનો છે. ભોંયરામાં છે. અમે પૂરો રમાડયો પણ નથી. પછી વેવિશાળની ઉતાવળ કેવી ? વિચાર કરીને જવાબ આપીશું. વિમળાપુરીથી આવેલા મંત્રીઓ ઉતારે ગયા. સભા વિખરાઇ. રાજાએ મને એકાંતમાં બોલાવ્યો ને પૂછ્યું કે હવે શું કરીશું ? આવી રૂપવાન કન્યાસાથે કોઢિયા પુત્રને કેમ પરણાવાય ? મારું મન તો આ પાપ કરવા માટે ના પાડે છે. મેં કહયું રાજન આગળની વાત આગળ પણ અત્યારે તો હા પાડી દો. પછી લગ્નવખતે કુળદેવીની આરાધના કરી કોઢ મટાડશું.

મીઠા – જૂઠા સંસારમાં – જૂઠ છે સંપત્તિમૂળ. જૂઠુંજ મીઠું લાગે. જૂઠું જ સંપત્તિનું મૂળ છે. પુત્ર જન્મ્યો ત્યારથી જૂઠું આરંભ્યું છે. હવે તો પૂરું કરે જ છૂટકો. આજ સુધી દેવકુમાર કીધો ને હવે શું કોઢિયો કહેવો ?

રાજા બોલ્યા ત્યારે તને ઠીક લાગે તેમ કર. થોડીકવારમાં જ વિમળાપુરીથી આવેલા મંત્રીઓ આવ્યા અને બોલ્યા કે હે રાજન ! આમાં વિચાર કરવા જેવું શું છે ? અમારું માગું કબૂલ કરો.

રાજા કાંઇ ન બોલ્યા એટલે મેં કહયું. આ લોકો કુમારના ગુણો સાંભળીને દૂરથી આવ્યા છે. આ સંબંધ બાંધવાથી આપણો અને તેઓનો સંબંધ વધુ ગાઢ થશે. રાજાએ મારા આગ્રહથી શ્રીફળ ગ્રહણ કર્યું. અને કુમાર સાથે પ્રેમલા

– લચ્છીનું વેવિશાળ નક્કી થયું. એક દિવસે વિમળાપુરીના મંત્રીઓ મારી પાસે આવ્યા અને બોલ્યા હે મંત્રીશ્વર! હવે અમારે વિમળાપુરી જવું છે. અમને કુમારનાં દર્શન કરાવો જેથી અમે અમારા રાજવીને સંતોષ પમાડી બધો વૃતાંત કહીએ. હું બોલ્યો કે હે મંત્રીઓ ! કુંવર એના મોસાળે ગયેલ છે. તેનું મોસાળ દોઢસો યોજન દૂર છે. અને ત્યાં પણ ભોંયરામાં જ રહે છે. હજુ પણ તેણે સૂર્ય જોયો નથી. પછી તમે કઈ રીતે જોવાના ?

મંત્રીઓએ કુમારને જોવાની જીદ લીધી એટલે મેં તેઓને ધમકાવતાં કહ્યું જીદ ન કરો આખો દેશ જાણે છે કે કનકધ્વજ જેવું કોઇ રૂપાળું નથી. તમે તમારે ઘેરથી કોઇ સારા શુકને નીકલ્યા હશો ? જેથી તમારું માગું કબૂલ થયું. બાકી ઘણાય રાજાનાં માગાં પાછાં ગયાં છે.

આ પછી મેં એક એક ક્રોડ સોનૈયા તે ચારેય મંત્રીઓને ભેટ ધર્યા. તેથી તેઓ એકદમ ટાઢા થઇ ગયા. અને બોલ્યા કે અમારે કાંઇ હવે કુમારને જોવાની જરૂર નથી. લગ્ન જોવરાવો. લગ્નનો દિવસ છ મહિના પછીનો જોષીઓ પાસે જોવરાવ્યો. અને કબૂલ કરી પોતાના દેશમાં ગયા. ને ત્યાં જઇને મકરધ્વજ રાજા આગળ વેપારીઓએ જે વર્ણન કર્યું હતું તેનાથી પણ ચઢિયાતું કુમારના રૂપનું વર્ણન કર્યું.

આ બાજુ મેં જાનની તૈયારી કરવા માંડી. ત્યાં રાજાએ મને કહ્યું મંત્રી ! આ પોલ ક્યાં સુધી ચાલશે ? ચોરીમાં તો કુમાર થોડો જ છાનો રહેવાનો છે ? તે વખતે આપણી પૂરેપૂરી ફજેતી થશે.

મે કહ્યું હે રાજન ! કુળદેવીનું આરાધન કરો. અને કહો કે પુત્ર આપ્યો તો હવે કોઢ મટાડો. રાજાએ મારું વચન કબૂલ કર્યું અને તેણે ફરી કુળદેવીની આરાધના કરી. દેવી પ્રગટ થયાં ને પ્રસન્ન થયાં. એટલે રાજાએ કહ્યું. હે માતા ! પુત્ર તો દીધો. મોટો પણ થયો પરંતુ પ્રધાને વેવિશાળ નક્કી કરી મને ઉપાધિમાં મૂક્યો છે માટે આમાંથી કાંઇ માર્ગ કાઢો.

કુળદેવી બોલ્યા હે રાજન કોઢ તો તેના લલાટે લખેલો છે. તેનો નહિ મટે. પણ લગ્નની રાત્રિએ પોતાની સાવકીમાતા અને સ્ત્રીની પાછળ મધ્યરાત્રિ પછી આભા નગરીનો ચંદરાજા વિમળાપુરી આવશે તે પ્રેમલા લચ્છીને પરણશે. આ રીતે પરણવાની મુશ્કેલી ટળશે.

રાજા વધુ કાંઇ વિચારે તે પહેલાં કુળદેવી અંતર્ધ્યાન થયાં. સારા દિવસે મુહૂર્ત જોઇ જાન ઊપડી. સાજન – માજન – હાથી ઘોડા – પાયદળ અને પડદામાં કનકધ્વજને રાખીને અમે અહીં આવ્યાં છીએ. આજે લગ્નની રાત છે. અમે તમારી રાહ જોતાં બેઠા છીએ ત્યાં તમો પેલી બે સ્ત્રીઓની પાછળ આવ્યા. આમ કુળદેવીના વચનથી અમે તમને ચંદ્રરાજા તરીકે જાણ્યા છે.

હે આભા નગરીના ચંદ્રરાજા ! આખાયે જગતને સહુને પોતાનું કામ વહાલું હોય છે. માટે હવે તમે આ પ્રેમલા લચ્છીને અમારા કુમાર માટે પરણી આપો. અમારી લાજ, અરે ! અમારું જીવન તમારા હાથમાં છે. રાત થોડી છે. વિચારવાનો બહુવખત નથી " ભાડે પરણવું " આ કામ કાંઇ પહેલ વહેલું તમે નથી કરતા. પહેલાં પણ આવાં ઘણાં

લગ્ન થયાં છે.

ચંદ્રરાજા બોલ્યો તમે મને મુશ્કેલીમાં મૂક્યો. ભાડે લગ્ન કરું તેમાં કાંઇ ક્ષત્રિયવટ થોડી છે ? માણસાઇ પણ ન કહેવાય. તમે તો આજ સુધી ખોટે ખોટું ચલાવ્યું. અને હવે આજે તેમાં મને ભેળવો છો એ મારાથી કેમ બને ? સિંહલરાજા અને મંત્રીની અનેક વિનવણીઓ પછી મનમાં અનેક વિચાર કરી કહ્યું કે સારું હું પરણીશ. એમ કહ્યું એટલે વરઘોડાની તૈયારી થઇ. ચંદ્રરાજા વરરાજા બનીને વરઘોડે ચઢયો. રાજા અને મંત્રી વગેરે સાજન માજન બનીને ચાલ્યા.

રાત્રિનો સમય હતો પણ વિમળાપુરીમાં દિવસ જેવાં અજવાળાં હતાં. ઠેર ઠેર દીવાઓ ઝગમગતા હતા. નગરના તમામ લોકો સિંહલદેશના રાજકુમાર કનકધ્વજનો વરઘોડો જોવા એકઠા થયા હતા આ જોનારાઓમાં વીરમતિ અને ગુણાવલી પણ હતાં. તે લોકો વિમલાપુરીથી આવ્યાં. થોડું ફર્યાને અને એક જગ્યાએ ઊભા રહી વરઘોડો જોવા લાગ્યાં.

ચંદ્રરાજાને જોઇને વિમળાપુરી નગરીના લોકો બોલતા હતા કે વાહ વાહ પ્રેમલા લચ્છીનું શું ભાગ્ય છે ? દેવને ભુલાવે તેવો સુંદર વર મલ્યો. સાજન – માજનમાં આવેલા સિંહલપુરના લોકો બોલવા લાગ્યા કે કનકધ્વજ નજર લાગે તેવો છે. તેથી જ તેને ભોંયરામાં રાખતા હતા. આજે જ્યારે જોઇએ છીએ ત્યારે વાત સાચી લાગે છે. વાજિંત્રો વાગતાં હતાં. રાજા ને મંત્રી આનંદ પામતા હતા.

કનકધ્વજનો ચંદ્રનો – વરઘોડો તોરણે આવ્યો. જમાઇરાજાનીબધી વિધિ પતાવવામાં આવી. થોડીવાર પછી પ્રેમલા લચ્છીને રેશમી કપડામાં લપેટીને મંડપમાં બેસાડી તેને જોવા આવેલા લોકો બોલવા લાગ્યા કે આ કનકધ્વજ અને પ્રેમલાનાં લગ્ન નથી પણ સાક્ષાત કામદેવ અને રતિનાં લગ્ન છે. સૌની નજર આ બન્ને પર હતી તે વખતે ગુણાવલી પોતાની સાસુ વીરમતિને કહેવા લાગી

બાઇ વર બીજો નહિ, એ મુજ પ્રીતમ કોક.

થઇ ખરી એ પ્રેમલા, સાચી સુંદર શોક્ય.

સાસુજી આ સામે જે વરને જોઇએ છીએ તે મારા નાથ વર બનીને પરણે છે.આ લગ્નથી પ્રેમલા મારી સાચેસાચ શોક્ય બની છે.

વીરમતિ બોલી ગાંડી કચપચ ન કર. લગ્ન જોવા દે. તને તો બધે ચંદ્રજ દેખાયા કરે છે. ચંદ્ર તો આભાપુરીમાં ગારુડી મંત્રથી નાગ બંધાઇને રહે તેમ મારા મંત્રથી બંધાઇને ઊભે છે. આ તો કનકધ્વજ રાજકુમાર છે મેં તને નહોતું કહ્યું તું ચંદ્ર ચંદ્ર શું કરે છે ? જગતમાં ચંદ્ર કરતાં સવાયા રૂપવાલા માણસો હોય છે. તે તને પ્રત્યક્ષ થયું ને ?

ગુણાવલીને સાસુના વચનપર જરાપણ શ્રદ્ધા ન આવી પણ તેની આગળ વધુ દલીલ ન કરી શકી એથી મૌન રહી. મકરધ્વજ રાજાને આનંદનો પાર ન હતો. જેવી મારી પુત્રી તેથી મને સવાયો વર મલ્યો, પ્રેમલા પણ ઘૂંઘટમાંથી

ઝીણી આંખે વરને જોઈને મલકાતી હતી. વિધાતાનો આભાર માનવા લાગી તેટલામાં પ્રેમલાનું જમણું અંગ ફરકવા લાગ્યું. પ્રેમલા વિચારમાં પડી. અનિષ્ટ સૂચક જમણું અંગ કેમ ફરકે છે ? થોડીવાર પછી લગ્નની વિધિ પૂરી થઇ. વરને કન્યા પાસા રમવા બેઠાં, ચંદ્રરાજાએ પાસા હાથમાં લીધા પાસા ફેંકતા ફેંકતા એક સમસ્યા બોલ્યા.

आभा पुरम्मि निवसइ, विमलपुरे ससिहरो समुग्गमिओ;
अप्पत्थिअस्स पिम्मस्स, विविहत्थे हवइ निव्वाहो

આભાપુરીમાં વસનારો ચંદ્ર વિમલાપુરીમાં આવી ઊગ્યો છે. તેને નહિ માગ્યો પ્રેમ મલ્યો છે. પણ હવે તેનો નિર્વાહ કેમ થાય તે તો વિધિના હાથમાં છે.

પ્રેમલા ચતુર હતી. પણ આનો અર્થ કાંઇ ન સમજી. બીજીવાર – ત્રીજીવાર ચંદ્રરાજાએ પાસા ફેંક્યા અને એજ શ્લોક ફરી ફરી બોલ્યા એટલે પ્રેમલા બોલી

वसिओ ससि आगासे, विमलपुरे उग्गमीओ जहासुखं;
जेणाभिभूओ जोगो, स करिस्सइ तस्स निव्वाहे।

આકાશ વસનારો ચંદ્ર અત્યારે તો સુખપૂર્વક વિમલાપુરીમાં ઊગ્યો છે. જેણે વિમલાપુરીમાં યોગ કરાવ્યો છે. તે તેનો નિર્વાહ કરશે. ચિંતા કરવાથી શું ?

ચંદ્રરાજા પ્રેમલાલચ્છીની આ સમસ્યાથી એમ સમજ્યા કે પ્રેમલા મારી વાત બરોબર સમજી નથી તેથી ધીરેથી પ્રેમલાને આ કહ્યું.

પૂરવદિશે એક આભા નગરી, ચંદનૃપતિ તિહાં રાજા,

છે તસ મંદિર રમવા જેવા, સારી પાસા તાજા.

આ સાંભળી પ્રેમલા વિચારમાં પડી કનકધ્વજ તો સિંહલ દેશનો છે.અને તે સિંહલ નહિ સંભારતાં આભા નગરીના ચંદ્રરાજા અને નવા પાસા રમવા જેવા છે એમ કેમ બોલે છે. ? લગ્ન પ્રેમથી કર્યા છે.પણ અત્યારે આકુળ વ્યાકુળ કેમ છે. ? શું આ સિંહલના કનકધ્વજને બદલે આભાપુરીના ચંદ્રરાજા તો નહિ હોય ?

સારી પાસાની રમત પૂરી કરી વરવહુ કંસાર જમવા બેઠાં જમતાં જમતાં ચંદ્રે પાણી માંગ્યું. પ્રેમલાએ પાણી આપ્યું. ત્યારે ચંદ્રરાજા બોલ્યા.

જો સુરસરિતા જળ હુવે – તો આવે આનંદ.

જો ગંગાનું પાણી હોય તોજ મીઠું લાગે. આ શબ્દ સાંભળતાં પ્રેમલાની શંકા વધુ દ્રઢ થઈ. આભા નગરી ગંગાના કાંઠે છે. સિંધુના કાંઠે સિંહલ છે. નક્કી આ ચંદ્રરાજા હોવા જોઈએ. તેથી તેનું હૃદય શંકાના હિંડોળે હીચકવા લાગ્યું.

સિંહલરાજે ચંદ્રને ગુપ્ત રીતે કહ્યું. રાત થોડી છે. કામ ઝાઝું છે. માટે જલદી પતાવો. પછી હાથી ઘોડા વગેરે સુંદર પહેરામણી લઈ, લગ્ન વિધિ પૂર્ણ કરી, ગાજતે વાજતે વર–વહુ સિંહલ રાજાના ઉતારે આવ્યા. વર–વહુ એકાંત માં બેઠાં ઘડીકમાં ચંદ્રરાજા ઊભો થાય. ને ઘડીકમાં બેસે. પ્રેમલા સમજી ગઈ કે આમાં કંઈક ભેદ છે.તેથી ચંદ્રરાજાને આધા પાછા થવા ન દીધા. તેટલામાં હિસક મંત્રી ચંદ્રરાજા સામું જોઈ કર સંજ્ઞાથી કીધું કે હવે પ્રેમલાનો મોહ છોડી વિદાય થાવ. ચંદ્રરાજાએ વડી શંકાનું બહાનું કાઢયું પણ પ્રેમલા સાથે આવી એટલે નાસી ન શક્યો.

હિસક મંત્રી ખૂબ અકળાયો. કર સંજ્ઞાથી કહ્યું અને અન્યોક્તિથી પણ કહ્યું. **'વહેલો થા નિશિભૂપહો દિનકર જો તુજ દેખશે થશે પ્રગટ સવિરૂપ હો '**

જેમ જેમ હિસક ઉતાવળ કરવા માંડયો તેમ તેમ પ્રેમલા પતિને વધુ વધુ લાડ લડાવવા માંડી. અને બોલે હે નાથ ! હું સમજી ગઈ છું. તમે આભાપુરીના ચંદ્ર રાજા છો હું અંધારામાં હોત તો ગમે તે બહાનું કાઢી છટકી શકત. પણ હવે જાણ્યા પછી તમે છટકી નહિ શકો. આ શું માણસની રીત છે કે પરણ્યા પછી પરણેતરને તરછોડવી ? હું તમને મુદ્દલ છટકવા નહિ દઉ છેતરીને જશો તો હું આભાપુરીએ આવીશ.

ચંદ્ર બોલ્યો, દેવિ ! આગ્રહ ન કર. હું વચનથી બંધાયેલ છું, તને અત્યારે મારી બધી કથની કહી શકું તેમ નથી. આમ કહી ચંદ્ર જેવો ઊભો થયો કે તુરત જ પ્રેમલાએ ચંદ્રનો છેડો પકડયો. અને બોલી હે નાથ ! નહિ જવા દઉ ? એટલે હિસક મંત્રી તુરતજ તેની પાસે આવ્યો. અને પ્રેમલાએ મંત્રી વડીલ હોવાથી લાજ કાઢીને છેડો છોડી દીધો. એટલે હિસક મંત્રી ચંદ્રને તુરત જ બહાર ખેંચી ગયો.

પ્રેમલાને મૂર્છા આવી ગઈ. હિસક મંત્રી ચંદ્રને સિંહલ રાજાપાસે લઈ ગયો ચંદ્રરાજા સિંહલ રાજાથી છૂટો પડયો, પણ રાતનું વૃત્તાંત નજરથી જરાપણ ખસ્યું નહિ. તે સીધો ત્યાંથી નીકળી વિમલાનગરીના સીમાડે આવ્યો અને તેજ આંબાની બખોલમાં ભરાયો.

થોડી જ વારમાં સાસુ–વહુ બન્ને આવ્યાં. અને સડસડાટ આંબા પર ચઢયાં. ને વીરમતિ બોલી રાત્રિ અર્ધો પ્રહરજ બાકી છે કંબાની સોટી આંબાપર લગાડતાં બોલી આંબા ! લઈ જા અમને આભાપુરી, આંબો આકાશમાર્ગે ઊડયો. સાથે તેનાપર બેઠેલાં સાસુ–વહુ અને બખોલમાં ભરાયેલ ચંદ્રરાજા પણ ઊડયો.

વીરમતિ બોલી, ગુણાવલી ! કૌતુક જોયું ને ? જો ઘેર રહી હોત તો પ્રેમલા લચ્છી અને કનકધ્વજનાં લગ્ન જોવાં મલત ખરાં ?

ગુણાવલીએ કહ્યું કે બાઇ ! તમારી શકિત અપાર છે. પણ તમે જેને કનકધ્વજ માનો છો તે મારા માન્યામાં આવતું નથી કહો ન કહો પણ તે તમારા પુત્ર જ હતા. વીરમતિ બોલી તું બહુ વરઘેલી ન થા, તને તો બધે રુપાળા પુરુષ ચંદ્ર જ લાગે છે. અહીં સુધી તે શી રીતે આવી શકે ? સરખી આકૃતિના ઘણા માણસો શું નથી હોતા?

ચંદ્રરાજા આ બધુ સાંભળે છે. અને વિચારે છે કે ગુણાવલી કેવી ભોળી સ્ત્રી હતી. વીરમતિના કુસંગને લીધે હવે ક્યાં પહોંચશે ? એટલામાં આભાપુરી આવી. આંબાનું ઝાડ ઉપવનમાં નીચે ઊતરી ગયું. સાસુને વહુ નીચે ઊતરી પાસેની વાવમાં હાથ પગ ધોવા ગયાં એટલે ચંદ્રરાજા લાગ જોઈને ઝટપટ ઊતરીને સીધો રાજમહેલે જઈ રોજનાં કપડાં પહેરી ઘસઘસાટ ઊંઘવાનો ડોળ કરીને સૂઈ ગયો.

વીરમતિ ને ગુણાવલી હસતાં હસતાં મહેલે આવ્યાં. પછી વીરમતિએ નગર ઉપરથી નિદ્રા સંહરીલીધી. એટલે આખું નગર જાગવા માંડયું, ગુણાવલીને કંબા આપીને કહ્યું કે પતિ ઉપર ફેરવવાથી જાગશે. તે પોતાના મહેલે આવી ને કંબા–લાકડી ફેરવ્યા બાદ પતિને જગાડતાં બોલી, નાથ ! હવે તો જાગો ! જુઓ કૂકડો બોલે છે. મને આખી રાત ઊંઘ નથી, અને તમે તો ઢંઢોળતા છતાં પણ જાગતા નથી.

રાજા સફાળો બેઠો થયો . ને બોલ્યો અહાહા ! ખૂબ મોડું થયું. રાતે માવઠું થયું તેથી ઠંડીથી ખૂબજ ઊંઘ આવી ગઇ. રાણી તમને ઉજાગરો કેમ થયો ? ઊંઘ કેમ ન આવી ? કાંઇ બહાર તો નથી ગયાંને ? આ ઊંઘ ન આવવાનો ઉજાગરો નથી. તમારી વાણી જ કહે છે કે તમે મને સૂતો મૂકીને ક્યાંક રંગ રાગ કરી આવ્યાં લાગો છો ? ગુણાવલી બોલી નાથ ! આવું અછતું આળ ન આપો . સવારમાં આમ ન પજવો.

રાજા કહે રાણી ! મને રમાડતાં નહિ તમે કપડાં બદલીને બહાર ગયાં છો એ ચોકકસ. શું કરી આવ્યાં તે કહો સાચે સાચું કહો. રાણીએ બનાવટી વાત કહેવા માંડી, તમે બહુ ચકોર છો. હું આજે બહાર ગઇ હતી. પણ તેનો બધો વૃત્તાંત સાંભળશો તો તમને આનંદ થશે. પછી રાણી એ કહેવા માંડયું, વૈતાઢયમાં વિશાલ નગરી છે. તેનો રાજા મણિ પ્રભ વિદ્યાધર છે. તેને ચંદ્ર લેખા નામની સ્ત્રી છે આ રાજા ને રાણી નવા વિમાનમાં બેસી યાત્રા કરી પાછાં ફરતાં હતાં ત્યાં વચમાં તેમને આભાનગરી આવી. વિમાન વરસાદ અને ઠંડા પવનના કારણે આગળ ચાલ્યું નહિં. અટક્યું એટલે વિદ્યાધરીએ પૂછ્યું નાથ ! અહીં અકાળે કેમ વરસાદ પડે છે ?

વિદ્યાધર બોલ્યો આ નગર પર કોઇ દેવ કોપ્યો છે. તેથી આ બધું થયું છે. બાકી નગરનો રાજા તો બહુ પુણ્ય શાળી છે. વિદ્યાધરી બોલી તો તેને બચાવવાનો માર્ગ ખરો ? ઉપાય તો છે. પણ તે રાજાની અપરમાતાના હાથમાં છે. તે માતા, રાજા અને તું એમ ત્રણે જણાં શ્રી શાંતિનાથ ભગવાનનીઆગળ આખી રાત ગુણ કીર્તન કરો તો દેવનું વિઘ્ન ટળે.

વિદ્યાધરીએ કહ્યું કે આપણે તેની વિમાતાને જગાડી અને સમજાવીએ. આ પછી વિદ્યાધરે વિમાતાને જગાડયાં ને સમજાવ્યાં. પછી તેમણે મને બોલાવી. આથી અમે ત્રણે આખી રાત ભગવાનનાં ગુણ કીર્તન કર્યા. હું હમણાં જ અહીં આવી. વિદ્યાધર – વિદ્યાધરી પોતાના સ્થાને ગયાં. પછી મેં તમને જગાડયા. મને આખી રાત ઊંઘ નથી આવી.

આંખ રાતી છે. તેનું ખરું કારણ હવે જાણ્યું ને ?

રાજા બોલ્યો રાણી ! તમે મારી ચિંતા ન કરો તો કોણ કરે ? પતિના દુઃખમાં સતીને ઊંઘ કેમ આવે ? પણ મને તમારી વાત માનવામાં આવતી નથી, કેમ કે આજે રાતે મને જે સ્વપ્નું આવ્યું છે. એમાં તમારી વાત ને મારી વાત કંઈક જુદી પડે છે. મેં તો સ્વપ્નમાં એવું જોયું કે તમે અને માતા વિમલાપુરીમાં ગયાં. ત્યાં કોઈકનાં લગ્ન જોઈ આવ્યાં અને પાછા અહીં આવ્યાં. પણ મારું તો સ્વપ્નું હતું. સ્વપ્ન કાંઈ થોડાંજ સાચાં હોય છે ? તમે રાતે પ્રત્યક્ષ ગીતગાન ગાયાં તે જ સાચું .

ગુણાવલી રાજાને સ્વપ્નની વાતમાં શ્રદ્ધા ન બેસે માટે બોલી સ્વપ્ન કાંઇ થોડાં જ સાચાં પડતાં હશે ?

સ્વપ્નાની સુખલડી ભૂખ ભાંગે નહિં રે.

તમે આ વાત જાણી નથી ? એક પૂજારીને સ્વપ્નું આવ્યું કે આખું મંદિર સુખડીથી ભરાઇ ગયું, સવારે તપાસ કર્યા વગર તેણે તેની આખી નાતને જમવાનું નોતરું આપ્યું પણ તેણે મંદિરમાં સુખલડી દેખી નહિં. પૂજારી મંદિરનાં બારણાં બંધ કરી ઊંઘવા માંડ્યો. નાત એકઠી થઇ. લાવો ખાવાનું કહી બૂમો પાડી એટલે પૂજારી જાગ્યો અને બોલ્યો કે ઊભા રહો. હમણાં મને સ્વપ્નું આવે છે. એટલે તેમાંથી લાવીને સુખડી પીરસું છું પણ સ્વપ્નું આવ્યું નહિં. તેથી નાતવાળા માણસો બોલ્યા કે ભલા માણસ ! સ્વપ્નની સુખડી કાંઇ ભૂખ ભાંગતી હશે ? નાત ખિજાઇને પૂજારીનો તિરસ્કાર કરી ચેર ગઇ. તેમ તમને પણ ખોટું સ્વપ્નું આવ્યું લાગે છે.

રાજા બોલ્યો- રાણી ! તમે કહો છો તેમ સ્વપ્નાં સાચાં નથી હોતાં. પણ આ સ્વપ્નું તો મને સાવ સાચું લાગે છે. હું તમને ઠપકો નથી આપતો. તમને ફાવે તેમ કરી શકો છો. હું તમારી આડે આવવા માંગતો નથી પણ મને બનાવો નહિં.

રાણી બોલી નાથ ! તમે આમ મશ્કરીમાં બોલીને મારું હૃદય ન વીંધો. તમને મારા કોઇ દુશ્મને ખોટી રીતે ભંભેર્યા લાગે છે. નહિંતર તમે મારા પર આવી રીતે ખેદ ન કરો. રાજાએ કહ્યું, તમે મને આડું અવળું ન સમજાવો. મારું તો તમને એમ કહેવું છે કે તમે કૌતુક જોવા જાવ તો કોઇકવાર મને પણ બતાવજો. ગુણાવલી મનમાં સમજી ગઇ કે કહો કે ન કહો પણ જરુર ગમે તે રીતે મારા નાથ વિમલાપુરી આવ્યા છે. અને તેજ પ્રેમલા ને પરણ્યા છે. આંખે આંજેલી મેંસ, ગાલે કરેલાં ટપકાં ને પીઠીથી ચોપડેલું શરીર તેમનું તેમજ છે. મેં સાસુની સંગતે ચઢી મારા સંસારમાં પૂળો મૂક્યો. બહુ ખોટું કર્યું.

પછી રાજા નિત્યકર્મથી પરવારી રાજ્ય સભામાં ગયો. તેને રાણી ઉપર ઘણોજ ક્રોધ ચઢયો હતો. પણ તે સારી રીતે જાણતો હતો કે ગુણાવલી આવી નથી, પણ વિમાતાની સંગતથી કૌતુક જોવાવાળી બની. આ સંગત છોડાવવા મારજૂડ કે શિક્ષા કરવી યોગ્ય નથી. ધીમે ધીમે સમજાવીને છોડાવીશ. હમણાં શિક્ષા કરીશ તો વિમાતા મારા ઉપર કોપ કરશે.

પછી ગુણાવલીએ સાસુ એવી વીરમતિ પાસે જઈને કહ્યું કે હે સાસુજી ! હું તમને નહોતી કહેતી કે પ્રેમલાલચ્છીને પરણે છે તે મારા પતિ છે. તમારી સાથે એક રાતનું જોવાયેલું કૌતુક મને બહુ ભારે પડયું, મારો નાથ રિસાયો છે. મારે તો હવે આખી જિંદગીનું શલ્ય થઇ ગયું, ગમે તેવી હોંશિયાર સ્ત્રી હોય પણ પુરુષને નજ પહોંચી શકે ? તમારી જેમ તેની પાસે પણ આકાશગામિની વિદ્યા હોવી જોઇએ . તેણે તો મને સ્પષ્ટ કીધું કે રાતનાં લગ્ન જોઇ આવ્યાં ને ? મેં તેમની બનાવટ કરી પણ તે નજ માન્યા. પણ જેણે નજરે જોયું હોય પછી શી રીતે માને ?મારા મીઠા સંસારમાં કડવાશ થઇ ગઇ હવે. કાયમ માટે મારા તરફ શંકાની દ્રષ્ટિએ જ જોશે.

વીરમતિ બોલી, ગુણાવલી ! તું ગભરાઇશ નહિ હું બધું ઠીક કરી દઇશ, પછી ઘરે ગઇ પણ તેને તેના મનમાં શાંતિ નથી. સાસુજી આના માટે કંઇક રસ્તો કાઢશે. સૂર્ય અસ્ત પામવાની તૈયારીમાં હતો તેથી આકાશ ચારે બાજુ લાલ હતું, આ લાલાશથી પણ ચઢે તેવી લાલાશ આંખમાં ને ચહેરા પર ધારણ કરતી વીરમતિ હાથમાં ખુલ્લી તલવારે અવાજ કરતી મહેલની એકબાજુની નિસરણીથી ચઢતી ઉપરના માળે આવી અને ગોખે બેઠેલા ચંદ્રરાજાને એકદમ જમીન ઉપર પછાડીને તેની છાતી પર ચઢી બેઠી. અને ક્રૂર અવાજે બોલી એ ચંદ્ર ! મેં તને નહોતું કહ્યું કે તું મારી પૂંઠ જોઇશ નહિ, છતાં પણ તું મારી પૂંઠ જુવે છે. તું મારી શોકનો પુત્ર છે. છતાં પણ મેં તને ''ારા પુત્ર તરીકે માન્યો. મોટા રાજ્યનો રાજા બનાવ્યો. એટલે હવે તું મને વૃદ્ધપણામાં રંજાડવા માંગે છે ?

અરે દુષ્ટ –પાપિષ્ઠ, શી કહી વહુ ને વાત? બોલ તેં વહુને શું વાત કહી હતી ? ચંદ્રરાજા ક્ષત્રિય હતો. ભડવીર બુદ્ધિશાળી હતો.. પણ આ વખતે દૈવ વિપરીત હતું. રણમાં ભલભલા શત્રુને એકજ આંચકે ફેંકી દેનારો . તે વીરમતિને ફેંકી શક્યો નહિ. ડઘાઇ ગયો. એક અક્ષર પણ બોલી ન શક્યો. ગુણાવલી આ ધમાલને સાંભળીને એકદમ દોડી આવી, વિકરાળ વીરમતિને પગે લાગી કહેવા લાગી. બાઇ ! હું ભૂલી, મેં આપને વાત કરી મારા સૌભાગ્યમાં પૂળો મૂક્યો એમની ખાતર નહિ પણ મારી ખાતર તેમને અભયદાન આપો . હું ખોળો પાથરી આપની પાસે સૌભાગ્યની માંગણી કરું છું. છેવટું કહેવરું થાય, પણ માવતર કમાવતર ન થાય, મારી ઉપર તમને સ્નેહ છે. તે મારા પ્રાણ ખાતર તેમને છોડી દો . તેમના વિના મારું જીવન શા કામનું છે. ?

વીરમતિ બોલી વચમાંથી તું આધી ખસ. મેં એને બાપડો બીચારો માન્યો હતો. પણ તે તો મારા માથે ચઢી બેઠો. મારે હવે એની કાંઇ જરૂર નથી.

વીરમતિ તલવાર લઇ ગળા પર મારવા જાયછે ત્યારે ગુણાવલી પોંકે પોંકે રડતી વીરમતિને વળગીને બોલી બાઇ એમના લાખ ગુના છે. પણ મારી પર દયા લાવી તેમને ક્ષમા આપો

તે વખતે વીરમતિએ તલવાર મ્યાન કરી પણ કોઇ ન જાણે તેમ ચંદ્રકુમારના ગળે તેણે મંત્રેલો દોરો બાંધી દીધો તેના પ્રભાવથી ચંદ્રરાજા તુરંતજ કૂકડો બની ગયો. વીરમતિ ક્રોધે ધમધમતી બોલી. ગુણાવલી ! તારા કરગરવાથી ચંદ્રને જીવતો છોડયો છે. પણ છિદ્ર જોવાના ફળમાં તેને કૂકડો બનાવી દીધો છે.

ગુણાવલી ધ્રૂસકે ધ્રૂસકે રોતાં બોલી બાઇ ! જે માણસ કળ વિકળ ન સમજે તે પંખીજ છે ને ? આમ પંખી

બનાવવાથી શું ? રાજા પંખી થશે તેથી હું જ દુનિયામા વગોવાઈશ. રાજાને એવી નાલાયક રાણી મલી કે જેથી તેને પંખી થવું પડયું. તેના કરતાં તમે મને મારી નાખો .અથવા મારા ઉપર દયા લાવી તેમને અસલ રૂપ પમાડો.

વીરમતિ ક્રોધે ધમધમતી બોલી હવે તારું બોલવું બંધ કર, વધુ બોલશે તો આ કૂકડાને પણ મારી નાખીશ અને તને પણ કૂકડી બનાવી દઈશ. વીરમતિ અવાજ કરતી પગથિયાં ઊતરી પોતાને મહેલે ગઈ અને ગુણાવલી પછડાટ ખાઇ જમીન પર પડી.

કૂકડાને ખોળામાં લઇ અને રમાડતી ગુણાવલી બોલે છે. હે નાથ ! આ બધા અનર્થને પમાડનારી એવી હું પાપી નારી છું. એકવાર હું કૂકડાના અવાજ ને આકરો ગણતી હતી. તેથી જ મેં આપને કૂકડા બનાવ્યા જે થવાનું હતું તે થયું. ગુણાવલી ઘડીક કૂકડાને છાતી સરસો ચાંપે ને ઘડીક નિસાસા નાખી રડે. દાસીઓ બોલી રાણીજી ! અકળાઓ નહિ. કૂકડાને રાજા માની ઉપાસના કરો. રાજમાતા વીરમતિને બરાબર પ્રસન્ન રાખો. હમણાં તો ખિજાયાં છે. પણ જ્યારે શાંત થશે. ત્યારે તેમને પ્રસન્ન કરી રાજાનું કૂકડાપણું છોડાવીશું. રાણીએ કૂકડા માટે સોનાનું પાંજરું ને પાણી માટે સોનાનું કચોલું બનાવ્યું. તેને ખવરાવ્યા પછી જ રાણી ગુણાવલી ખાતી હતી.

એક વખત ગોચરીએ નીકળેલા કોઇ મુનિરાજ ગુણાવલીને ત્યાં ધર્મલાભ દઇ વહોરવા પધાર્યા. મુનિએ વહોર્યું પણ સોનાના પાંજરામાં રહેલા કૂકડા પ્રત્યે રાણીની ખૂબ મમતા જોઇને મુનિ બોલ્યા. હે ભદ્રે તમે કૂકડાને ભલે સોનાના પાંજરામાં રાખ્યો છે. પણ તેને મન તો બંધન જ છે. શ્રાવકોને પશુ પક્ષી પાળવાં એ એક કર્માદાન છે. માટે તેનો ત્યાગ કરવો જોઇએ.

મુનિનું વચન સાંભળતાં રાણીની આંખમાં આંસુ આવ્યાં. તેણે પોતાની બધીજ કથની કહી. તે મુનિએ સાંભળી. પણ જતાં જતાં બોલ્યા કે મનમાં ધીરજ રાખો. ધર્મકરણીમાં વધુ દૃઢ બનો.જે કર્મથી દુઃખ થાય છે તે કર્મ વિખરાઇ જતાં આપોઆપ સુખ મળશે. મુનિના આ કથન પછી ગુણાવલી ધર્મમાં વધુ દૃઢ બની. પક્ષી – કૂકડા બનેલા રાજાને પણ ધર્મ સંભલાવી પક્ષીપણાનું દુઃખ મનમાં ન લાવવા જણાવે છે.

એક વખત રાજમહેલની પાસેથી પસાર થતાં કેટલાક પુરુષોમાંથી એક બોલ્યા. હમણાં રાજા ઘણા વખતથી દેખાતા નથી. શું શિકારે ગયા છે ? બીજો બોલ્યો. વીરમતિ રાજ્ય ચલાવે એટલે ચંદ્રરાજાની ખોટ ન લાગે.ત્રીજો બોલ્યો મેં સાંભલ્યું છે કે વીરમતિએ ચંદરાજાને કૂકડા બનાવ્યા છે.ચોથો બોલ્યો વીરમતિ મહાદેવતાઇ છે તે ધારે તે કરી શકે તેમ છે. ત્યારે કૂકડાએ કૂકડે કૂક કર્યું.પેલાએ ઉપર જોયું. તે કૂકડો ગુણાવલીના ખોળામાં હતો. વાતો કરનારા સમજ્યા કે આજ ચંદ્રરાજા છે. તેથી તેને નમ્યા. અને કોઇ ન જાણે માટે વાતો કરતાં બંધ થયા ને સહુ સહુને ઘેર ગયા.

વાત વાયરે જાય તેમ તે વાત આખા ગામમાં પ્રસરી ગઇ કે ચંદ્રરાજા કૂકડો બન્યા છે. વીરમતિએ આ વાત સાંભળી અને ધસમસતી ગુણાવલી પાસે આવી કહેવા લાગી મારે તો ચંદ્રને મારીજ નાંખવો હતો પણ તારી આજીજીથી જીવતો છોડયો છે. શું થયું ને શું ન થયું તે આપણે બેજ જાણીએ. તારે કૂકડાને લઇને ગોખે બેસવું નહિ. લોકોને શંકા પડે તેવી મમતા દેખાડવી નહિ. તું થોડામાં સમજી જાય તો સારું છે. નહિતર હું કૂકડાને મારી નાંખીશ. ગુણાવલી આ

વાત સાંભળી કંપી ઊઠી. અને બોલી સાસુજી ! મારી ભૂલ થઇ. હવે હું કોઇ દિવસ તેવું નહિ કરું ને ગોખે નહિ બેસું.

લોકો ગુણાવલીને ગોખે બેસતી તેમજ કૂકડાને જોતા મટ્યા, પણ રાજાને ન જોતાં પ્રજા અકળાણી. પણ વીરમતિની બીકથી કોઇ કાંઇ પણ બોલી શકતું નથી. ગુણાવલી પોતાના પાપનું પ્રાયશ્ચિત કરતી હોય તેમ કૂકડાને ચંદ્રરાજા માની અનેક લાડ લડાવતી સેવા કરે છે. ગુણાવલી વીરમતિને હૃદયથી તિરસ્કારતી પણ કોઇ પળે તેમને ખુશ કરી મારા નાથને પાછો રાજા બનાવીશ તે આશાએ તેનું કહ્યું બધુંજ કરતી અને તેની સાથે કૌતુક જોવા પણ જતી હતી. પણ બધે કૂકડાને પાંજરામાં સાથે ને સાથે રાખતી.

આ બાજુ જેવો ચંદ્રરાજા ગયો કે તુરતજ તેનાં તે કપડાં પહેરીને કોઢિયો કનકધ્વજ રાજકુમાર પ્રેમલાલચ્છી પાસે આવી પહોંચ્યો. તમે કોણ છો ? અહીં કેમ આવ્યા છો ? આ તમારું મકાન નથી. તમે અહીં ભૂલા પડ્યા છો. માટે ચાલ્યા જાવ. આમ કહીને પ્રેમલાલચ્છીએ તેનો તિરસ્કાર કર્યો.

ચંદ્રકુમારના ગયા પછી તેની ઘણી રાહ જોઇ પણ તે પાછા ન આવ્યા. એટલે પ્રેમલા સમજી ગઇ કે જરુર આમાં કાંઇક કપટ નાટક છે. મારા પતિને આ લોકોએ જ ખસેડ્યા લાગે છે.

કનકધ્વજે ચંદ્રકુમારનાં કપડાં ભલે પહેર્યા પણ આ ચંદ્રકુમાર નથી જ તેમ તેને ઓળખતાં વાર ન લાગી. એટલે તેનો તિરસ્કાર કર્યો. કનકધ્વજ બોલ્યો પ્રિયે ! તું આવું કેમ બોલે છે ? શું લગ્નના ઉન્માદમાં પરણેલા પતિને પણ ભૂલી ગઇ ? આમ બોલી કનકધ્વજ સીધો તેના પલંગ પર બેસવા ગયો. એટલે પ્રેમલા એકદમ ખસી ગઇ. ને દૂર ઊભી રહી. કનકધ્વજ ઊભો થઇ પ્રેમલાનો હાથ પકડવા ગયો. ત્યારે રાજકુમારી બોલી છેટા ઊભા રહો. તારામાં એવું શું રૂપ છે કે તને ભોંયરામાં રાખ્યો હશે ? તારા આખા શરીરે તો કોઢ છે મને પરણનાર તું મારો પતિ નથી. તેટલામાં તો તેની ધાવમાતા કપિલા આવી. તે બોલી વહુ તમે આમ શરમાઇને કેમ દૂર ઊભા છો ? તમને ભ્રમ તો નથી થયોને ? આ તમારો વર નહીં તો શું બીજાનો વર છે ? આ તો રાજાનો પડાવ છે. અહીં બીજો કોણ પ્રવેશી શકે ? પ્રેમલા બોલી ડોશી વિચારીને બોલો, આમ તમે લાકડે માંકડું વળગાડવાનો ધંધો લઇ બેઠાં છો ? એમ વળગી પડે દહાડો નહિ વળે ?

સવાર પડ્યું સૂર્ય ઊગ્યો. ત્યાં એકાએક કપિલા રાજભવન માંથી બહાર આવીને બોલી ઘેડે ઘેડે કનકધ્વજકુમારનું શરીર રોગી થઇ ગયું છે. આખા શરીરે કોઢ થઇ ગયો છે.

આ શબ્દ સાંભળતાં કનકધ્વજ રાજા – હિંસકમંત્રી – કનકાવલી વગેરે બધાં દોડી આવ્યાં. રોકકળ કરવા લાગ્યાં અને બોલ્યાં કે શું અમારા ભોગ લાગ્યા કે આ કન્યાની સાથે અમારા કુંવરને પરણાવ્યો. અરે કન્યા કેવી રૂપાળી લાગતી હતી ? પણ આતો વિષ કન્યા નીકળી. હે પુત્ર ! તને આ એકાએક શું થયું ? દેવકુમાર જેવો તું એકદમ કોઢિયો થઇ ગયો ? આ વાત કર્ણોપકર્ણ મકરધ્વજ રાજાને કાને પહોંચી. ને મકરધ્વજ રાજા પોતે આવ્યો. તેની આગળ સિંહલરાજા–રાણી – હિંસક મંત્રી – કપિલા દાસી વગેરે બધાં રડવા લાગ્યાં, રાજા મકરધ્વજે પ્રેમલાને કાંઇ પૂછ્યા વિના મંત્રીઓને પૂછ્યા વિના સીધા ચંડાલોને હુકમ આપ્યો કે પ્રેમલાને ગરદનથી મારો, મારે આવી પુત્રી ન જોઇએ

વિમળાપુરીના શાણા મંત્રીએ રાજાને ઘણું સમજાવ્યો કે હે રાજન ! આ ઉતાવળ થાય છે અમને આ કોઢ તરતનો લાગતો નથી. કપટ નાટક છે. પણ પ્રેમલાનું દૈવ વિપરીત હોવાથી તેમના માન્યામાં કાંઇ ન આવ્યું. રાજરાણીને પણ પ્રેમલા દોષિત લાગી.

મહાજનો – અગ્રેસરો ભેગા થયા. તેઓ પણ રાજાની આગળ આવી કહેવા લાગ્યા. હે રાજન ! પુત્રી જેવી પુત્રીને આમ વગર વિચારે ગરદનથી ન મરાય. દોષ કર્મનો છે. એમાં એ બિચારી શું કરે ? રાજાને તો કન્યા કરતાં પોતાની આબરુ દેશ – પરદેશ ખોટી ફેલાય તેનો ભય વધુ હતો. તેથી તે કન્યાનું મોઢું જોવા માંગતો ન હતો. અને તેને સાંભળવા પણ માંગતો ન હતો. તેથી મારાઓને કહ્યું પ્રેમલાને ગરદનથી મારો. મારી આ આજ્ઞાનો તુરતજ અમલ કરો. ચંડાલો પ્રેમલાને લઈને સ્મશાને ગયા ને બોલ્યા હે રાજપુત્રી ! તારા ઈષ્ટદેવ ને સંભાર. અમારે આવી ફૂલની કળી જેવી બાળાને હણવી પડશે. અમારી જાતને ધિક્કાર હો.

ત્યારે પ્રેમલા ખડાખડાટ ખૂબજ હસી અને બોલી ગભરાઓ નહિ તમે તમારી ફરજ બજાવો. મા–બાપ જેવાં મા– બાપ જો ન બચાવે તો પછી તમારો શો દોષ છે ? જિંદગી સુધી કોઢિયાને જોઈને બળું તેના કરતાં તેમાંથી છોડાવનાર તમને હું શત્રુ કેમ માનું ? તમે તો મારા ઉપકારી છો. મને જલદી મારી નાંખો. મને મરવાનું દુઃખ નથી. પણ ફક્ત દુઃખ એટલું જ છે કે રાજા મારો વધ કરવાનો કહે છે પણ મને પૂછ્યાં પણ નથી કે હે પુત્રી ! આમ કેમ થયું ?

આ વાત સાંભળીને ચંડાળો અટક્યા રાજકુમારીને ન મારતાં મંત્રીઓને જઈને મલ્યા અને કહ્યું કે મંત્રીવર ! રાજબાળા નિર્દોષ લાગે છે. તે રાજાને ખુલાસો કરવા માંગે છે. મંત્રીએ કહ્યું કે હું પણ માનું છુ કે રાજબાળા નિર્દોષ છે. પણ રાજા કપટ નાટકથી છેતરાયા છે તેથી શું થાય ? છતાં પણ – મંત્રીવર રાજા પાસે ગયો. અને તેણે રાજાને બધી વાત કહી ગળે ઉતારી. અને રાજા પાસે પ્રેમલાને હાજર કરી.

હે પિતાજી ! હું મારી આપવીતી આપની આગળ શું કહું ? આપની આગળ કહેતાં શરમ આવે છે. પણ કહ્યા વગર છૂટકો નથી તેથી કહું છું.

નગરીમાં લોકો સમક્ષ લગ્નની ચોરીમાં મને જે પતિ પરણાવ્યો તે મારો પતિ આભાનગરીનો ચંદ્રરાજા હતો. તેણે મને લગ્ન પછી પાસા રમતાં ને કંસાર ખાતાં ખાતાં પોતાનું સ્થાન મને ગુપ્ત રીતે જણાવ્યું હતું હિંસક મંત્રીએ આવીને મારા નાથને સંજ્ઞા કરીને ઉઠાડીને લઇ ગયો. મેં ઘણું રોકયા પણ ન રોકાયા. સસરાનું ઘર હતું. હું અજાણી હતી. એટલે શરમાઈને ન બોલી શકી. ને તે મારા પતિ ગયા પછી ત્યાં આ કોઢિયો વર તુરત જ આવ્યો હું તેની ચાલ ઉપરથી ઓળખી ગઇ. કે આ મારો મૂલ પતિ નથી બનાવટી છે. તેથી હું દૂર જઇ ઊભી રહી.પછી તેની ધાવમાતા આવી અને પછી આ બધી ધમાલ ને કોલાહલ કરી મૂક્યો. બધાને બોલાવી રડાકૂટ કરીને મને વિષકન્યા ઠરાવી.

પિતાજી ! હું આ બધું અક્ષરે અક્ષરે સાચું કહું છું. મેં સિંહલ રાજનો કોઇ અપરાધ કર્યો નથી. તેમાં મારા નસીબનોજ વાંક ગણું છું. પિતાજી ! પુત્રને પુત્રીમાં ફેર હોય છે. પુત્રને બાપની વાત ન ગમે તો ગમે ત્યાં ચાલ્યો જાય. પણ પુત્રીથી કાંઇ પણ થઇ શકતું નથી. હવે જિવાડો તો પણ આપ છો અને ન જિવાડે તો પણ આપ છો.

મકરધ્વજ રાજા બોલે તે પહેલાં મંત્રી બોલ્યો. હે રાજન ! મને તો પ્રેમલાનીવાત સાચી લાગે છે. સિંહલરાજનું આ બધું કપટ નાટક છે. છતાં પણ આ બાબતમાં ખરા– ખોટાનો નિર્ણય કરતાં શું વાર છે ? આપણે પેલા ચાર પ્રધાનોને સગપણ કરવા મોકલ્યા હતા તેમને બોલાવીએ ને પૂછીએ કે તમે જે વરને જોયો હતો. તે આજ છે કે બીજો ? બીજી બાજુ આભાનગરીમાં માણસ મોકલીને તપાસ કરાવીએ કે ત્યાં ચંદ્રરાજા નામનો રાજા છે ? અને તે અહી પરણવા આવ્યો હતો ?

રાજાને હવે કાંઇ બોલવા જેવું ન રહ્યું. તેને તો લાગ્યું કે જે થયું તે સારું થયું. ચંડાળોએ ઉતાવળ કરી હોત તો હું પુત્રી ઘાતક અને અવિચારી કહેવાત. તેથી તે બોલ્યો હે મંત્રીવર ! તમે કહો તે બરાબર છે. પુત્રીને મહેલે મોકલો અને પેલા ચાર પ્રધાનોને હમણાંજ બોલાવો. પછી પ્રેમલા પિતાને નમીને પોતાના મહેલમાં ગઇ.

પેલા ચાર પ્રધાનોને તુરતજ બોલાવ્યા. તેઓ આવ્યા એટલે રાજાએ પૂછ્યું કે મેં તમોને ચારે જણાને વર – જોઇ તપાસી – ખાત્રી કરી પ્રેમલાનો વિવાહ કરવા માટે સિંહલપુરી મોકલ્યા હતા. કારણ કે આપણા માટે તે પરદેશ છે. માટે જાત તપાસ કરવીજ જોઇએ. બોલો તમે જાતે જમાઇને જોયો હતો ? તે વખતે તે રાજપુત્ર કોઢિયો હતો કે સારો ? તે લોકો કહે છે કે પ્રેમલા લચ્છી વિષકન્યા છે તેના સ્પર્શથી અમારો પુત્ર કોઢિયો થઇ ગયો. બીજી બાજુ પ્રેમલાનું સ્પષ્ટ કહેવું છે કે મારી સાથે ચોરીમાં જેનાં લગ્ન થયાં તે વર આ નથી. પણ આભાનગરીના રાજા ચંદ્રરાજા જ છે. હવે આ બાબતમાં તમેજ ખરા સાક્ષી છો

પહેલો મંત્રી ઊભો થયો. અને બોલ્યો મહારાજ ! હું મારી વાત કહું. અમે રાજાના આવાસે વેવિશાળ કરવા ગયા. ત્યારે હું ઉતારે મારી વીંટી ભૂલી ગયો હતો. હું પાછો આવું ત્યાં ત્રણેએ વેવિશાળ કરી દીધું. ત્રણને ગમ્યું તે ખરું. ત્યારે તમે તો કનકધ્વજને જોયો નથી ને ? ના મેં જોયો નથી. ચોરીમાં પરણતો હતો અને લોકોએ તેને કનકધ્વજ કહ્યો. તેથી મેં પણ કનકધ્વજ માન્યો. બીજો મંત્રી ઊભો થયો ને બોલ્યો મહારાજ આ વાત સાવ ખોટી છે. કારણ કે વેવિશાળ કરતી વખતે ત્રણને છોડીને જંગલે ગયો હતો. આવ્યો તે પહેલાં વેવિશાળ થઇ ગયું. મેં તો મુદ્દલ રાજકુમારને જોયોજ નથી કુમાર ગોરો છે કે કાળો ? ત્રીજો મંત્રી ઊભો થયો એકદમ બોલ્યો. મહારાજ ! આ ત્રણેય ગપ હાંકે છે. બાકી ખરી વાત એ છે કે વેવિશાળ વખતે સિંહલરાજાનો ભાણેજ રિસાઇ ગયો હતો તેથી તેને મનાવવામાં રહ્યો અને આ ત્રણેએ વેવિશાળ કરી નાખ્યું.

હવે ચોથા મંત્રીનો વારો આવ્યો એટલે તેણે વિચાર્યું કે પોલ પકડાઇ તો ગયું જ છે. માટે હવે સાચી વાત પ્રગટ કરવામાં વાંધો નથી. કારણ કે વાત તો પકડાઇ ગઇ છે ને ? પાછળથી રાજા જાણે તો ગરદને મારશે. માલ મિલકત અને જીવ બન્ને ખોઇ બેસશું

હે રાજન ! સાચી વાત એમ બની છે કે અમે ચારે જણા હાજર હતા. ત્યારેજ વેવિશાળ થયું. વેવિશાળ પછી અમે જ્યારે કુંવરને જોવાનો આગ્રહ કર્યો ત્યારે હિંસક મંત્રીએ કહ્યું કે કુંવર તો મોસાળે ગયો છે. હમણાં દેખાડવાનું બને તેમ નથી. આમ કહી અમને ચારેયને ક્રોડ ક્રોડ સોનૈયા આપી ફોડી નાંખ્યા. અમે સેવકધર્મ ચૂક્યા છીએ. હે

રાજન ! અમેજ આ પ્રેમલાને વિપત્તિમાં નાખનારા પાપી મંત્રીઓ છીએ, ધન લેતાં તો લીધું પણ જ્યારે જાણ્યું કે કનકધ્વજતો કોઢિયો છે. ત્યારે ખૂબજ પશ્ચાત્તાપ થયો. હે મહારાજ ! હવે અમને જે શિક્ષા કરવી હોય તે કરી શકો છો. આ સાંભળીને ત્રણે મંત્રીઓ ઠરી ગયા.

રાજા થોડાક સમય પહેલાં ઉતાવળો હતો. પણ હવે સ્થિર થયો હતો, તેથી તેણે ચારે મંત્રીઓને ઠપકો આપી ને પછી મકરધ્વજ રાજાએ સિંહલરાજા – તેનો પુત્ર કનકધ્વજ – હિસકમંત્રી, કનકાવતી રાણી ને કપિલાદાસી આટલાંને જ્યાં સુધી તપાસ પૂરી ન થાય ત્યાં સુધી પોતાની નગરી વિમળાપુરીમાં રોકી રાખ્યાં, બાકીના પરિવારને વિદાય કર્યો.

મકરધ્વજ રાજાએ એક મોટી દાનશાળા ખોલાવી. તેની મુખ્ય અધિકારિણી પ્રેમલાને બનાવી. પ્રેમલા સૌને દાન આપે ને ચંદ્રરાજાની તપાસ કરે. આ ઉપરાંત રાજાએ આભાપુરીમાં તપાસ કરવા માણસો મોકલ્યા. થોડા દિવસ બાદ કોઇ ગુરુ વિમલાપુરીમાં પધાર્યા. સાધુ ભગવંતની દેશના સાંભળી પ્રેમલા ધર્મમાં સ્થિર થઈને વિશેષ ધર્મ કરણી સાથે નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગી. એક રાત્રિએ પ્રેમલાને કોઇ દેવીએ સ્વપ્નમાં આવીને કહ્યું કે હે પ્રેમલા ! તું મૂંઝાઇશ નહિ. તારો નાથ ચંદ્ર તને સોળ વર્ષે મળશે. તું સુખી થશે ને તારુ કલંક ઊતરશે. સ્વપ્નની બધી વાત તેણે પિતાને કહી. પિતા રાજી થયા.પ્રેમલા દાનશાળામાં દાન આપતી યાચકોને આભાપુરી અને ચંદ્રરાજાના સમાચાર પૂછે છે.

એક વખત વિમળાપુરીમાં કોઇ યોગિની આવી હતી. તેના હાથમાં વીણા હતી. વીણાના સૂરમાં તે ચંદ્રરાજાના ગુણ ગાતી હતી. આભાપુરીને ચંદ્રરાજાનું નામ સાંભળી પ્રેમલા તેની પાસે એકદમ દોડી ગઇ. અમૃતરસની માફક તેનું ગાયન સાંભળ્યું ને પૂછ્યું હે યોગિની ! તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો ? જેનું તમે ગીત ગાયું તે નગરી અને ચંદ્રરાજાને જોયો છે ?

યોગિની બોલી હે પુત્રી ! હું આભાપુરીથી આવું છું. ચંદ્રરાજા જેવો ઉદાર અને ગુણવાન રાજવી મેં મારી જિંદગીમાં જોયો નથી. પણ આવા મોટા માણસને પણ મોટું સંકટ આવ્યું છે. તેને તેની ઓરમાનમાતા વીરમતિએ કૂકડો બનાવી દીધો. પ્રેમલાએ આભાપુરી ને ચંદ્રરાજાની બધી વાત યોગિની દ્વારા રાજાને જણાવી. રાજા બોલ્યા હે પુત્રી ! તું જરુર સાચી છે. તારા મનોરથ ફળશે ને તારાપર આવેલી આપત્તિ જરુર ટળશે.

આ બાજુ આભાનગરીના લોકો રાજ્યસભામાં આવ્યા, અને હે મંત્રીવર ! આજે અમે એક મહિનાથી રાજાના દર્શન કર્યા નથી. ગામમાં જુદા જુદા પ્રકારની વાતો ચાલે છે. માટે અમોને રાજાનાં દર્શન કરાવો. રાજ્યનો મુખ્યમંત્રી સુમતિ બોલ્યો. મેં પણ એક મહિનાથી રાજાને જોયા નથી. હું આજે જ રાજમહેલમાં જઇ તપાસ કરાવીને ખબર આપું. મંત્રી રાજમાતા વીરમતિ પાસે આવી પગેલાગીને બોલ્યો. રાજમાતા ! સમગ્ર પ્રજાજન રાજાનાં દર્શન વિના અકળાય છે. અને તેમાં લોકો તમારો વાંક કાઢે છે. જે સત્ય હોય તે કહો જેથી બધાને શાંતિ વળે. વીરમતિ ધૂરકી ને બોલી મારો વાંક ? હા પ્રજા તમારો વાંક બોલે છે કે વીરમતિએ રાજાનું માઠું કર્યું. મંત્રી ! સંભાળીને બોલો હું કહું છું કે રાજાની હત્યા તમે જ કરી છે. પ્રજા ભલે મારો વાંક કાઢે. હું તમારો વાંક કાઢું છું. વીરમતિ લાલ આંખ કરીને બોલી.

મંત્રી બોલ્યો શું હું રાજભક્ત થઇ રાજવીની હત્યા કરું ? તેનો પુરાવો ખરો ? રાણીએ કહ્યું. તમે મને જેવું કહ્યું તેવું મેં તમને કહ્યું આડે લાકડે આડો વહેર. તે સિવાય મેળ મળતો નથી. માટે તમે ચૂપ રહો. વાતમાં ઊંડા ન ઊતરો. લોકોને કહી દો કે રાજા હાલ વિદ્યાની સાધના કરે છે. માટે હાલ દર્શન નહિ દે. અને તમે જાહેર કરી દો કે રાજાનું તમામ કૃત્ય વીરમતિ રાણી સંભાળશે. તેનો હુકમ રાજાનો હુકમ ગણાશે. રાજા નથી તેવી બૂમો પાડવાની કોઇ જરુર નથી. હું રાજા અને તું મંત્રી પછી શું કામ અટકવાનું છે ?

વીરમતિની ઉગ્રતા જોઇ મંત્રી સમજી ગયો. અને હાજી હા કરવા મંડ્યો. કારણ કે આ સ્ત્રી કાંઇક સ્ત્રી ચરિત્ર અજમાવે તો ? માટે હમણાં અનુકૂળ થવામાંજ ફાયદો છે. મંત્રી નગરમાં આજેજ પડહો વગડાવવાનું કહીને નીકળી ગયો. પછી આભાનગરીમાં ઘોષણા થઇ કે રાજાના તમામ અધિકાર રાજમાતા વીરમતિજ સંભાળશે. તેની અવગણના કરનાર શિક્ષા પાત્ર થશે, લોકો તેને રાજા સમજ્યા. ને આભાનગરીમાં ત્રિયા રાજ્ય થયું. વીરમતિએ કડક રીતે રાજ્યનું સુકાન સંભાલ્યું.સુમતિ પ્રધાન પણ રાજમાતાનો અનન્ય ઉપાસક થયો. ને રાણીના રાજ્યનાં વખાણ કર્યા. વીરમતિ ને થયું કે હવે આપણું કોઇ નામ લે તેવું નથી.

એક મંત્રી વીરમતિના મહેલે ગયો. તે વખતે વીરમતિ પાસે એક સોનાનું પિંજર પડ્યું હતું. અને તેમાં કૂકડો આમ તેમ ફૂદતો હતો. મંત્રી બોલ્યો માતા ! તમને કૂકડો પાળવાનો શોખ ક્યારથી થયો ? રાજમાતા બોલ્યા. મને શોખ નથી પણ વહુ ને આનંદ કરાવવા ખાતર ખરીદ્યો છે. ભલે બિચારો ખાય, પીએ ને આનંદ કરે. સુમતિ મંત્રી બોલ્યો ખરીદ્યો હોય તો રાજ્યમાં તેનો ખર્ચ પડવો જોઇએ ને ?તે તો પડયો નથી માટે તમને કોઇએ ભેટ આપ્યો હશે મંત્રી તમને ફરી એકવાર કહી દઉ છું કે મને હું કાંઇ પણ કહું તેમાં શંકા, તર્ક – દલીલ નથી ગમતી, શું રાજ્યમાંથી પૈસા લીધા વગર ન ખરીદાય ? કેટલોક ખર્ચ અમારે ન નાંખવો હોય, ન લખાવીએ. આમ કડક અવાજે કહ્યું.

માતા ! હું ભૂલી ગયો. મને તો રોજના નિયમ પ્રમાણે હિસાબમાં ચીકાશ કરવાની ટેવ પડેલી એટલે બોલ્યો. તેમાં તમે ખોટું ન લગાડો. આ વાત વખતે ગુણાવલી બાજુના જ ખંડમાં હતી. વીરમતિ ઊભી થઇ અને મંત્રી પણ ઊભો થયો. જતાં જતાં તેણે રડવાથી લાલ આંખ વાલી ગુણાવલીને જોઇ. તે વખતે ગુણાવલીએ હાથની સંજ્ઞાથી સમજાવ્યું કે ચંદ્રરાજા તેજ આ કૂકડો છે. ને તેને વિમાતાએ બનાવ્યો છે. મંત્રીમાં જાણવા છતાં તેનો પ્રતિકાર કરવાની તાકાત નહોતી માટે દુઃખ સાથે ઘેર ગયો.

આભાનગરીમાં વીરમતિની ધાક હતી. પણ બીજે તો એવી વાત ઊડી કે કુટુંબમાં ક્લેશ છે, વિમાતાએ રાજાને કૂકડો બનાવી પોતે રાજા બની બેઠી છે. સ્ત્રી ગમે તેવી હોય પણ બુદ્ધિ તો પગની પાનીએ ને ? તેથી તેની પાસેથી રાજ્ય ખૂંચવી લેવું જોઇએ. એટલે પાડોશના હેમરથ રાજાને રાજ્ય લેવાનું મન થયું. અને તેણે એક દૂતને વીરમતિ પાસે આભાનગરીમાં મોકલ્યો. દૂત સંદેશો લઇને આવ્યો. રાજાના સિંહાસન ઉપર વીરમતિ બેઠી હતી. સામે બધા મંત્રીઓ અને રાજ્ય કર્મચારીઓ બેઠા હતા, ત્યાં તે બોલ્યો કે મારા રાજા કહેવડાવે છે કે શું રાંડ રાજ્ય કરી શકતી હશે ? રાજ્ય પાલન તો મરદનું કામ છે. વીરમતિ ! રાજ્ય અમને સોંપી દે અને તું રાણીવાસમાં પેસી જા. સીધી રીતે તું માનશે તો સારી વાત છે. નહિતર હેમરથ રાજા તારો ચોટલો ખેંચી બળાત્કારે તને બહાર કાઢશે.

દૂત હજુ પૂરું બોલે તે પહેલાં તો વીરમતિ ક્રોધથી સળગી ઊઠી અને બોલી એ ચૂપ કર. તારો રાજા કોઇ ક્ષત્રિયાણીનો છોકરો નથી લાગતો . કોઇ રાંડી રાંડનો પાછળથી જન્મેલો લાગે છે. બોલે શું વળે ? ક્ષત્રિયપુત્ર હોય તો વહેલો લડવા આવે. પાછલા દિવસોનો પરાભવ મને લાગે છે કે તે ભૂલી ગયો છે આભાનું તેજ ને પરાક્રમ તો હજુ તેનું તેજ છે. કીડીને પાંખ આવે તે મરવા માટે જ આવે તેમ તારા રાજાનો તરખાટ નાશ માટે લાગે છે આ પછી વીરમતિએ દૂતને ગળું પકડી બહાર ધકેલ્યો.

તે દૂત હેમરથ રાજા પાસે જઈને સ્પષ્ટ રીતે બોલ્યો કે રાજન ! વીરમતિ સ્ત્રી છે તેથી તેનું રાજ્ય જલદી ખૂંચવી લેવાશે તેમ માનવું ભૂલ ભરેલું છે. તે સાક્ષાત ચંડિકા જેવી છે. તેનું તેજ ને કડકાઇ ભલભલા રાજામાં ન હોય તેવાં છે.

અભિમાનની પરાકાષ્ઠાએ પહોંચેલા હેમરથે આ વાતને ન માની. ને યુદ્ધની નોબત વગાડી. લશ્કર લઈને આભાના સીમાડે આવ્યો. ત્યારે ખબર પડી કે સ્ત્રીનું રાજ્ય છે છતાં પણ રાજ્ય વ્યવસ્થિત ચાલે છે. આભાનગરીના લોકો પોતાના રાજ્ય માટે ગૌરવવાળા હતા.

વીરમતિએ સુમતિ મંત્રીને બોલાવ્યો.અને કહ્યું પ્રધાન ! તમે લશ્કર લઈને જાઓ. હેમરથનો પરાભવ કરો. હું લશ્કરની આગેવાની લેવા તૈયાર છું. પણ આ નામર્દ સામે લડતાં મને શરમ આવે છે. મારી તાકાત તો તેના સૈન્યમાંથી તેને એકલો ઉપાડી લાવવાની છે. પણ તેમ કરવું નથી. પણ તમે જઈને લડીને તેનો પરાભવ કરો. ચોકકસ આપણો જય છે.તલવારો ખખડી સુમતિની આગેવાની હેઠળ સૈન્ય લડયું. ચારે બાજુથી હેમરથના સૈન્યનો કચ્ચરઘાણ વાળ્યો. ચારે બાજુથી હેમરથને ઘેરીને જીવતો પકડી પાંજરામાં નાંખ્યો. ને મૂંછાળા ગણાતા હેમરથને વીરમતિ પાસે હાજર કરવામાં આવ્યો. વીરમતિ બોલી કેમ મૂંછાળા નરેશ ! હું તો રંડા એટલે રડિલી નારી છું પણ તું તો રાંડી રાંડ નો પુત્ર– પુરુષાતન ગુમાવી બેઠેલ પંઢ છે ને ? ઊચું જો. અને જવાબ આપ. અબળા હું છું કે તું ? કેટલીયવાર આભાએ તારો પરાભવ કર્યો છતાં પણ તને લડવાનું ગાંડપણ કેમ થઈ આવે છે. ?

હેમરથ બોલ્યો માતા હું ભૂલ્યો. મને તમારી શકિતનું ભાન ન રહ્યું મેં આજે જાણ્યું કે આપ સ્ત્રી નથી પણ દેવી છો . હવે પછી ક્યારેય તમારી આજ્ઞા નહિ લોપું, મને જીવિતદાન આપો. મંત્રી અને રાણીએ વિચાર કરીને જીવિતદાન આપ્યું, ને હેમરથ આભાનો ખંડિયો રાજા થયો.

આભાનગરીમાં એકવાર પાંચસો સાથીદાર સાથેની શિવકુમારની નાટક મંડળી આવી. અને કહ્યું કે હે રાજમાતા! મારું નામ શિવકુમાર છે.મારી સાથે મારા ૫૦૦ ,સાથીદાર છે. પાંચસોમાં મારી પુત્રી શિવમાળા શ્રેષ્ઠ નૃત્યકળા કરનાર છે. અમે ગામો ગામ નાટક કરતાં લોકોને રીઝવી દાન લઇ અમે અમારો જીવન નિર્વાહ કરીએ છીએ. અમે આભાનગરીનો વૈભવ અને કીર્તિ સાંભળીને અહી આવ્યા છીએ. તો આ મારું નાટક જુઓ તેમ રાજમાતાને વિનંતિ કરી. વીરમતિ રાણી એવું ઇચ્છતી હતી કે હેમરથ રાજાની જીત પછી નગરીમાં એક આનંદ ઉત્સવ ઊજવાય અને પ્રજાજનો ખુશ થાય, તેથી તેણે નાટક મંડળીને નાટક કરવા રજા આપી.

આભાનગરીના ચોકમાં શિવકુંવરે મોટો વાંસ રોપ્યો. તેની ચારે બાજુ ઘેરડાં બાંધી મજબૂત કર્યો. ને પછી વાંસ ઉપર એક ખીલો ઠોક્યો. નગર લોક ચોગાનમાં એકઠું થયું. રાજમાતા વીરમતિ સિંહાસન પર બેઠાં. ગુણાવલી સોનાનું પાંજરું લઇ જોવા માટે ગોખે બેઠી. નાટક્યિાઓએ રંગીન કપડાં પહેર્યા ઢોલ–મૃદંગ ને કાંસીજોડાં વાગવાં માંડ્યાં. અહો ભલા, અહો ભલાની બૂમો પડવા લાગી.

પગે ઘૂઘરાઓ બાંધી ઘમકાર કરતી શિવમાળા આવી. શરણાઇ અને મૃદંગના અવાજ વચ્ચે વાંસ પર ચઢી પોતાની ડૂંટીને વાંસ ઉપર રાખી. ચક્કરની જેમ પોતાના શરીરને ફેરવ્યું. આવી રીતે શરીરનાં બધાં અંગો રાખી કળા કરી બતાવી. પછી શિવકુંવરે નીચે ઊતરી, બધાં નાટક્યિાંએ ભેગાં થઇ થૈ થૈ કરતાં ચંદ્રરાજા ને આભાના ગુણ ગાયા વીરમતિને નાટક ગમ્યું પણ ચંદ્રરાજાનો યશ ન ગમ્યો.નટડીએ વીરમતિ પાસે હાથ ધર્યો પણ કાંઇ ન મલ્યું. એમ બીજીવાર ને ત્રીજીવાર નાટક કરી ફરી ફરી ચંદ્રરાજા ને આભાના ગુણો ગાયા. લોકો બધા દાન આપવા તૈયાર થયા પણ રાજમાતાના આપ્યા વગર આપી ન શકે. પાંજરામાં રહેલ કૂકડા બનેલ ચંદ્રરાજાને પાંજરામાં રહે રહે આ સાંભળીને ચેન ન પડયું તેથી નાટક્યિાંએ નાટક કરી ચંદ્રરાજાના નામની ઘોષણા કરી ત્યારે પાંખો ફફડાવીને સોનાનું કચોળું નીચે ફેંકી દીધું.

દૂર ઊભેલા શિવકુંવરે જોયું અને તેણે ઝડપ કરીને લઇ લીધું. ચંદ્રરાજા ભલા ભલા એમ બોલતો સુવર્ણ કચોલું લઇને નાચવા માંડ્યો. પછી તો નગરજનો તરફથી ભેટોનો વરસાદ થયો. નટો રાજી થયા. લોકો છૂટા પડ્યા. વીરમતિ પોતાના મહેલમાં ગઇ પણ તેને મુદ્દલે ખબર ન હતી કે આ કચોલું ફેંકનાર કૂકડો હતો. તેથી તેણે મંત્રીને બોલાવીને પૂછ્યું કે ગામમાં એવો ક્યો માણસ છે કે જેણે મારા પહેલાં દાન આપ્યું ? અહીં રહેનાર તો નહિ જ હોય. કદાચ મોસાળે મોટો થનાર હશે ? તેણે ધનના ઉન્માદથી આમ કર્યું હશે ? જો તેની ખબર હોત તો ખબર લઇ લેત. મંત્રી બોલ્યો માતા ! રોષ ન કરો. ગમે તેણે દાન આપ્યું હોય પણ પ્રજા તમારી હોવાથી યશ તો આપણો જ વધ્યો છે ને? વીરમતિ બોલી પ્રજા એટલે શું ? તેણે વિવેક ન રાખવો જોઈએ ? મંત્રી ચૂપ રહ્યો. તેને આખી રાત ઊંઘ ન આવી. ચંદ્રરાજાનાં પ્રજામાં વખાણ થાય. તે તેને ન ગમ્યું. તેણે ફરીવાર નાટક્યિાંઓને નાટક કરાવવાનું ઇચ્છ્યું અને ચંદ્રનો પ્રશંસક કોણ તે શોધવાનું મન થયું.

બીજે દિવસે નાંટક્યિાઓને નાટક કરવાનું ફરમાન કર્યું. નાટક્યિાંઓએ આગલા દિવસ કરતાં ભરત વગેરેનાં સવાયાં નાટકો રજૂ કર્યાં, નાટક બાદ નટો ચંદ્રરાજાની જય બોલતાં વીરમતિ પાસે આવીને ઊભા. વીરમતિએ કાંઇ પણ ન આપ્યું એટલે કૂકડાએ પાંખો ફફડાવી સોનાનું બીજું કચોળું પાડીને ભેટ કર્યું. આ ભેટ થતાં જ પ્રજાએ દાન દેવા માંડ્યું. આ કૂકડાએ આપેલ ભેટ જોઇને વીરમતિનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. પણ મનમાં સમાવ્યો. પછી લોકોના વેરાયા બાદ સીધી તલવાર લઇ ગુણાવલીના મહેલે પહોંચી અને પાંજરું હાથમાં લઇ ક્રોધથી કૂકડાને કહેવા લાગી દુષ્ટ ! તને હજુ પણ સાન નથી આવતી ? જીવતો રાખ્યો છે એટલે આ બધા ચાળા કરે છે. તું ચંદ્ર છે તે હજુપણ જણાવવા માંગે છે ? હું તને આજે જીવતો જ નહિ છોડું ? કૂકડો તરફડવા લાગ્યો તેને લાગ્યું કે હવે હું નહિ બચું.

ગુણાવલી વચ્ચે પડી વિનવણી કરી કહેવા લાગી. માતા એને બિચારાને દાનની થોડી જ ખબર પડે છે ? પાણી

પીતાં પીતાં કચોળું પડી ગયું લાગે છે પણ પૈસાના અર્થી નાટકિયાંઓએ માન્યું કે અમને દાન આપ્યું. એને દાનની શું ગમ પડે ? ગુણાવલીએ માંડ માંડ કૂકડાને મરતો વીરમતિ પાસેથી બચાવ્યો. ફરી આવું કરશે તો મરશે એમ કહ્યું.

ત્રીજા દિવસે નાટકિયાંએ નાટક કરવા માંડયું.આ વખતે કૂકડાએ શિવમાલાને કહ્યું હે બાલા ! તું પક્ષીની ભાષા જાણે છે. તેથી હું તને કહું છું કે હું પોતેજ ચંદ્રરાજા છું. વીરમતિએ મને કૂકડો બનાવ્યો છે.આ નાટકમાં વીરમતિ ને ખુશ કરીને તું મને ભેટમાં માંગી લેજે. પૈસાનો લોભ ન કરતી. હું પછી મારી આપવીતી કહીશ. શિવમાળાએ આ વાત પોતાના પિતા શિવકુમારને કહી, નાટક પૂરું થતાં શિવકુમાર વીરમતિની પ્રશંસા કરવા લાગ્યો.વીરમતિ પોતાનું નામ સાંભળી ખુશ થઇ અને બોલી માંગ માંગ તમે માંગો તે આપું, શિવ કુમારે કહ્યું કે જો એમજ છે તો મારી પુત્રીને રમવા માટે પાંજરામાં રહેલો આ કૂકડોજ આપો. મારે પૈસા ટકાની કાંઇ જરુર નથી. વીરમતિ બોલી એમાં તે શું માંગ્યું ? તું હાથી–ઘોડા – હીરા–સોનું વગેરે બીજું ગમે તે માંગ. આ કૂકડો તો વહુને રમવા માટે છે. તે તને આપું તો તે દુભાશે નટ બોલ્યો કૂકડો આપતાં અચકાઓ છો તો બીજું શું આપવાના ?

નટ એકનો બે ન થયો. એટલે વીરમતિએ પ્રધાનને કૂકડો લેવા માટે ગુણાવલી પાસે મોકલ્યો. પ્રધાને મંત્રી પાસે જઇ નટને કૂકડો ભેટ કરવાનો છે તે વાત કહી. સાથે સાથે એમ કહ્યું આમાં બહુ વિચાર ન કરો. કૂકડો જીવતો હશે તો કોઇ દિવસ ચંદ્રરાજા થશે. અહીં રહેતાં કોઇક વાર વીરમતિના હાથે મૃત્યુ થશે. માટે ભવિષ્યનો વિચાર કરીને મોહ છોડો.

કરે કષ્ટમાં પાડવા, દુર્જન ક્રોડ ઉપાય,

પુણ્યવંતને તે સવિ, સુખના કારણ થાય,

વીરમતિ એમ માને છે કે નટને કૂકડો આપવાથી તે ગામોગામ નાચશે અને દુઃખી થશે. પણ તે કૂકડો પુણ્યશાળી હોવાથી ઠેરઠેર માન જ મળશે ને સુખી થશે. ગુણાવલીને મંત્રીની આ વાત ગળે ઊતરી. કૂકડાને આપતાં જીવ ન ચાલ્યો. તેણે નાટકિયાને ફરી સમજાવ્યું. કૂકડાની જીદ છોડવા વિનંતી કરી. પણ મંત્રીએ તે ન માન્યું એટલે તેના હાથમાં કૂકડાનું પાજરું આપતાં કૂકડાને કહ્યું કે હે નાથ ! મને ન ભૂલશો . હું તમને છૂટા પાડવા માંગતી નથી.પણ ભવિષ્યમાં હિત છે. એમ માની છૂટા પાડું છું. હે નાથ ! મારા અપરાધોની ક્ષમા આપશો અને મને હૃદયથી જરા પણ વીસરશો નહિ, કૂકડાએ પગ વતી અક્ષર લખી કહ્યું.

પણ મનહરણી મ કરીશ, ફિકર લગાર જો.

ન મિલે તુજ મેળો જાત, ગયા પછી રે લોલ.

હે પ્રિયે ! ફિકર ન કરીશ. હું જીવતો હોઈશ તો તને મળ્યા વિના નહિ રહું. અહીંથી છૂટો કરવામાં જ મારા પ્રાણો અખંડ રહેશે.

કૂકડો ને ગુણાવલી આંસુ સાથે છૂટાં પડ્યાં. પ્રધાને પાંજરું લાવી વીરમતિને આપ્યું. ને વીરમતિએ તે પાંજરું શિવકુંવરને આપ્યું, નાટક્યિાએ વીરમતિનાં અનહદ વખાણ કર્યા. શિવકુંવર ને શિવમાળા કૂકડો મળતાં ખૂબજ આનંદ પામ્યાં. પાંજરાને પોતાનાં ઉતારે લાવી શય્યા પર મૂકી.તેની સામે બેહાથ જોડી બોલ્યાં. અમે તમારાં સેવકો છીએ . તમે મનમાં કાંઇ પણ ઓછું ન લાવશો. આ પછી શિવમાલા રોજ કૂકડાની અપૂર્વ ભક્તિ કરતી હતી.તેની આગળ મૂકીને જ ખાતી હતી.

ગુણાવલી પાંજરું જતાં, પોતાનો સ્વામી જતાં સાવ હતાશ ને નિરાશ થઇ. મહેલ ઉજજડ લાગ્યો ને જીવન આકરું લાગ્યું. શું આ નટ લોકો મારા નાથને સાચવશે ? કે પછી હજારોનું દાન આપનારને ભીખ મંગાવશે ? તેથી ગુણાવલીએ ચંદ્રરાજાના ભક્ત સામંત રાજાઓને ચંદ્રરાજા કૂકડો થયા છે. અને નાટક્યિાંઓને સોંપાયા છે. તેની સાચવણી રાખવા માટે ખાનગી સૂચના આપી રવાના કર્યા. આ સામંત રાજાઓ નાટક્યિાંને મલ્યા. અને કુકકુટ રાજાની રક્ષા કરવા સૈનિકો બન્યા. અને તેમના સાથમાં જોડાયા.

વહેલી પહોરે નાટક્યિાંનો મુકામ ઊપડ્યો.વાજિત્રો વાગ્યાં. ગુણાવલી અદ્ધર શ્વાસે મહેલની અગાસી પર ચઢીને નજર પહોંચે ત્યાં સુધી શિવમાલાના મસ્તકે રહેલા કૂકડાને જોયો. તે દેખાતો બંધ થતાં આંખે અંધારાં આવ્યાં. ને એકદમ જમીન પર પટકાઇ પડી. ઘણી વાર પછી શુદ્ધિ આવતાં સખીઓએ સમજાવી શાંત કરી. તેટલામાં રાજમાતા વીરમતિ આવી કહેવા લાગી ગુણાવલી મારા અને તારા વચ્ચે ડખલ હતી તે ટળી ગઇ. ચંદ્ર ને મારે દૂર કરવો હતો. અને નાટક્યિાંએ માંગ્યો એટલે મેં તેને આપી દીધો. એટલે હવે જોવોય નહિ ને દાઝવું નહિ. ગુણાવલીને સાસુનું આ વચન ઘણું આકરું લાગ્યું પણ હાજી હા કર્યા વિના છૂટકો નહોતો તેથી મન વિના પણ હાજી હાજી કરવામાંડી. વીરમતિ એ માન્યું કે વહુ ખરેખર આજ્ઞાધારી ને ભોળી છે. હું કહું તે બધું કબૂલ કરેછે. વીરમતિ પોતાના મહેલે ગઇ અને ગુણાવલી ચંદ્રના વિરહમાં બળવા લાગી. પછી તેણે ધિરેધિરે પોતાનું જીવન તપ ને ધ્યાનમાં પરોવ્યું ખરેખર ધર્મજ દુખનું ઔષધ છે. શિવકુંવર નટનો કાફલો એક રાજાના કાફલા જેવો બન્યો. કારણ કે કૂકડાનું પાંજરું રહેતું તેની આસપાસ ચામરો વીઝાતાને ઘણી ખમ્માના પોકારો થતા. નટો ગામોગામ નાટકો કરતા જે જે ભેટો મળતી હતી, તે બધી પ્રથમ તેઓ કુકકુટ રાજાને ધરતા અને પછી જ તેઓ તેનો ઉપયોગ કરતા.

આ પ્રમાણે સતત પ્રયાણ કરતાં નાટક્યિાંનો કાફલો પૃથ્વી ભૂષણનગરમાં આવ્યો. નગરના રાજા અરિમર્દને જાણ્યું કે કૂકડો એ ચંદ્રરાજા છે. એમ જાણી તેની ભક્તિ કરી. ખૂબ ભેટો આપી ખુદ રાજા તેઓને વળાવવા ઘણે દૂર સુધી ચાલીને ગયો.

આ પછી નાટક્યિાંઓ સિંહલદ્વીપ આવ્યાં. અહીના રાજાની રાણીએ નાટક્યિાં પાસે કૂકડાની માંગણી કરી. નાટકિયાંઓએ કૂકડો આપવાની સાફ ના જણાવી. આના પરિણામે રાજા અને નાટક્યિાંઓ વચ્ચે યુદ્ધ થયું. પરંતુ ચંદ્રરાજાના પ્રતાપે નાટક્યિાં જીત્યાં. તેમને સિહલમાં રાજ્ય કરવું જ નહોતું. એટલે દંડ લઇને તેઓને રાજ્ય સોંપી આગળ ચાલતાં પોતનપુર નામના નગરમાં આવ્યાં.

પોતનપુર નગરમાં જયસિંહ નામે રાજા હતો. તેને સુબુદ્ધિ નામે મંત્રી હતો . તે મંત્રીને રૂપરૂપના અંબાર જેવી લીલાવતી નામે પુત્રી હતી. લીલાવતીનાં લગ્ન કામદેવ જેવા નગરના શ્રેષ્ઠી પુત્ર લીલાધર સાથે થયાં હતાં. લીલાધર-લીલાવતી સુખપૂર્વક જીવન જીવતાં હતાં, એક વખત એક ભિખારીએ લીલાધર પાસે ભીખ માંગી. લીલાધરે તેનો તિરસ્કાર કર્યો ત્યારે તે ભિખારી બોલ્યો.

કુમાર ! બહુ જોર ન રાખો આ બધી સંપત્તિ અને યૌવન વીજળીના ચમકારા જેવું છે. તમે આટલો બધો ગર્વ શેના ઉપર કરો છો ? આ લક્ષ્મી કાંઇ તમારી પોતાની કમાણી નથી લીલાધરને ચાનક લાગી. તેણે પરદેશ જવાનું નક્કી કર્યું. લીલાવતીએ ઘણું સમજાવ્યો પણ તે ન સમજ્યો.આખરે તેને સમજાવવા મંત્રી લીલાધરને ઘેર આવ્યા. અને બોલ્યા શેઠ પરદેશ જવું હોય તો ભલે જાવ પણ સારું મુહૂર્ત જોવરાવો.

લીલાધરે મુહૂર્તની વાત કબૂલી. જોશીઓ આવ્યા. તેઓએ પંચાંગને આમ તેમ ફેરવ્યું ને બોલ્યા છ મહિનામાં તો પ્રયાણનો કોઇ જ સારો યોગ નથી. પણ જ્યારે સવારે વહેલો કૂકડો બોલે ત્યારે પ્રયાણ કરવામાં આવે તો અખૂટ ધન મળે. લીલાધરે આ મુહૂર્ત કબૂલ રાખ્યું. તેથી તે રોજ સવારમાં કૂકડાના શબ્દની ઝંખના કરે. પણ મંત્રીએ તો આ નગરમાં એક પણ કૂકડો રહેવા દીધો ન હતો. કારણ કે તે બોલે તો લીલાધર જાય ને ?

આ વાતને બરાબર છ મહિના થયા હશે ત્યારે શિવકુંવર નાટકિયાનું મંડલ પોતનપુરમાં આવ્યું. આગલી રાતે નટરાજે કુક્કુટરાજને કહ્યું હતું કે કાલે સવારે તમો અવાજ ન કરશો કેમ કે મંત્રી કૂકડાનો દુશ્મન છે. કૂકડાએ આ વાત સ્વીકારી ટેવને લીધે સવાર થતાં જ કૂકડે કૂક કર્યું.લીલાધર આ શબ્દ સાંભળતાં ઘોડી તૈયાર કરીને પરદેશ ગયો.લીલાવતીએ આ વાત પોતાના પિતા મંત્રીને કહી અને રોતાં રોતાં બોલી છેવટે મારો દુશ્મન કૂકડો થયો. તે મને શોધીને આપો.

મંત્રીએ તપાસ કરી. કૂકડો નટ મંડળ પાસે છે એમ જાણ્યું, પણ તેની પાસેથી લેવો અઘરો લાગ્યો. કારણ કે તેઓ સામંત રાજાઓ અને સૈન્યવાલા હતા તથા પરદેશી હતા તેથી તેણે નટલોકો પાસે માંગણી કરી કે તમારો કૂકડો થોડીકવાર માટે મારી પુત્રીને રમવા માટે આપો. તમને મારો ભરોસો ન પડે તેથી તેના બદલામાં મારો પુત્ર તમારે ત્યાં થાપણ મૂકું. કૂકડો પાછો આપું ત્યારે મારો છોકરો આપજો. પછી શિવકુંવરે પુત્રની બદલીમાં પાંજરા સહિત કૂકડો આપ્યો. મંત્રીએ કૂકડો લઇ પુત્રીને આપ્યો ને કહ્યું કે હે પુત્રી ! કૂકડાને ઠપકો આપવો હોય તો આપજે. બીજું કશું ન કરતી. આની સામે મેં પુત્ર થાપણમાં મૂક્યો છે. માટે આને થાપણ સમજજે. લીલાવતીને પાંજરું લેતાં દ્વેષ હતો પણ જોતાં જ દૂર થયો. હે કુક્કુટરાજ તમે બહારથી સુંદર દેખાવ છો તેમ અંદરથી સુંદર હોત તો ફોગટ વેર ન બાંધત.તમે બોલ્યાને મારો પતિ પરદેશ ગયો.. ને હું વિરહિણી બની. હે પક્ષીરાજા ! વિરહિણીના દુઃખની તમને શી ખબર પડે ? કોઇને વિરહ પાડેલો માટે પક્ષી થવું પડ્યું છે. હવે શા માટે વિરહ પાડો છો ?

લીલાવતી વધુ બોલે તે પહેલાં કૂકડો વિહવળ બની મૂર્ચ્છા પામ્યો, લીલાવતી ચમકી ને બોલી આ શું થયું ? શું તમે મારા કરતાં વધુ વિરહી છો ? પછી પક્ષીએ નખથી પોતાની આત્મકથા લખીને જણાવી. તારો પરદેશ ગયેલો

પતિ કાલે પાછો ફરશે. મારી ગુણાવલી મને ક્યારે મલશે. ? એ કાંઇ થોડું નક્કી છે ? મારા પર અત્યંત પ્રેમી નારને મારે છોડવી પડી છે

લીલાવતી કૂકડાની આ વાત સાંભળી ધીરજ પામી અને બોલી ભાઇ ! તું ધીરજ ધર. કાલે સૌ સારાં વાનાં થશે. તારું પક્ષીપણું ટળે ત્યારે જરુર મને યાદ કરજે આજથી હું તારી બહેન ને તું મારો ભાઇ છે. કૂકડાએ આ વાત કબૂલી. લીલાવતીએ મંત્રીને કૂકડો પાછો સોંપ્યો, મંત્રીએ પાંજરું નાટક્યિાંઓને સોંપ્યું.

આ પછી નાટક્યિાંઓ અનેક ભેટો લઇ પોતનપુરથી ફરતાં ફરતાં આભાપુરી છોડ્યા પછી બરાબર નવ વર્ષે વિમળાપુરી આવ્યાં.

એક દિવસ પ્રેમલાલચ્છી કહે છે કે સખીઓ ! મારું ડાબું અંગ ફરકે છે. શરીરના રૂંવે રૂંવાં ખડાં થયા છે દેવીનું વચન સોળ વર્ષનું હતું. તેથી મને લાગે કે મને મારો નાથ આજકાલમાં મળવો જોઇએ બીજી બાજુ શંકા થાય છે કે ૧૮૦૦ યોજન દૂર રહેલ આભાપુરીથી કેવી રીતે અચાનક આવે ? વળી તેણે સોળ વર્ષમાં મારી ખબર પણ પુછાવી નથી. પત્ર પણ લખ્યો નથી. સખીઓ બોલી એનું તો કંઇ ન કહેવાય ? જેમ પરણવા આવ્યા હતા તેમ મલવા પણ આવી જાય, દેવવચન મિથ્યા ન થાય. સ્ત્રીને તો સાસરું જ સારું લાગે.

આ વાતો ચાલતી હતી ત્યાં એક સેવક આવ્યો અને બોલ્યો કે બહેન ! આપને રાજા રાજસભામાં બોલાવે છે. આભાપુરીથી એક નટમંડળ આવ્યું છે. તે અવનવા ખેલ કરે છે. તે જોવા પધારો. સંભવ છે કે તેની પાસેથી આભાનગરીના રાજાની કેટલીક વિગતો મળશે. આ સાંભળી પ્રેમલા અતિ ખુશ થઇ અને સખી સાથે રાજ સભામાં ગઇ.

આ બાજુ કૂકડાએ વિમલાપુરીમાં પેસતાં જ જ્યાં આવીને પેલો આંબો ઊભો રહ્યો હતો તે જગ્યા ઓળખી. જ્યાં પ્રેમલાની સાથે હસ્તમેલાપ થયો હતો. તે કનકરથ રાજાનો ઉતારો જોયો. તે પક્ષીપણાનું દુઃખ ભૂલી આનંદથી નાચી ઊઠ્યો ને મનમાં બોલ્યો. હે વિમાતા વીરમતિ ! તારું કલ્યાણ થજો તેં મને કૂકડો ન બનાવ્યો હોત અને નટોને ન સોંપ્યો હોત તો હું આ નગરને જોવા માટે શી રીતે પામત ?

નટમંડળ ફરતું ફરતું રાજય સભામાં આવ્યું અને રાજાને નમી આજ્ઞા લઇ નાટક કરવા માટે ચોકમાં વચ્ચે વાંસ રોપ્યો. શિવમાલા સુંદર વસ્ત્રો પહેરી વાંસ નીચે ઊભી રહી સૌ પ્રથમ ફૂલના ઢગલા ઉપર પાંજરામાં રહેલા કુકકુટરાજને નમીને સડસડાટ વાંસપર ચઢી. તેણે લોકોને અનેક કળાઓ બતાવી લોકોને ખુશ કર્યા. લોકોનું ચિત્ત વાંસ ઉપર થતી કલાઓમાં હતું.પણ પ્રેમલાનું ચિત્ત તો પાંજરાના કૂકડા ઉપર જ હતું. કૂકડો પણ પ્રેમલાને જોતાં તુરંતજ ઓળખી ગયો. ને કૂદાકૂદ કરવા લાગ્યો. ખેલ પૂરો થતાં શિવમાલાને લોકોએ અનેક ભેટો આપી. શિવમાલાએ બધી ભેટો કૂકડા સમક્ષ ધરી ને તેને પગે લાગી. એટલે મકરધ્વજ રાજાએ આ કૂકડો કોણ છે ? અને તમે કેમ આટલું બધું તેનું સન્માન કરો છો ? તેમ પૂછ્યું.

શિવમાલા બોલી હે રાજન ! આ અમારો રાજા છે. અમે આભાપુરીમાં ગયા હતાં ત્યારે ત્યાંના રાજમાતા વીરમતિ તરફથી અમને ભેટમાં મલ્યો છે. એના આવ્યા પછી અમને ઘણી જ રિદ્ધિ સિદ્ધિ અને ઠેર ઠેર સન્માન મલે છે. તે અમારો નાથ છે. અમે બધાં જ તેના સેવકો છીએ. મકરધ્વજે પાંજરામાંથી કૂકડાને હાથમાં લીધો. કૂકડો ને રાજા હર્ષિત થયા. આ પછી રાજાએ કૂકડાને પ્રેમલાના હાથમાં આપ્યો. પ્રેમલાના હાથમાં તે પુલકિત બનીને ખૂબજ નાચ્યો. જાણે તેના હૃદયમાં પેસવા મથતો ન હોય તેમ કરવા લાગ્યો. પ્રેમલા પણ આનંદિત થઈને ભેટી. તેને સોળ વર્ષે પતિ મળતો હોય તેમ લાગ્યું.

રાજાએ થોડીવાર પછી પાંજરું નટને આપ્યું. અને કહ્યું નટરાજ ! અહીં વધુ દિવસ રહો તો સારું, તમારું નાટક અમને બહુ ગમ્યું છે. માટે અહીંથી જવાની ઉતાવળ ન કરશો. નટરાજ બોલ્યો હે રાજન ! જો તમે રજા આપો તો અમારી ઇચ્છા ચાર માસ રહેવાની છે. કારણ કે ચોમાસું બેઠું છે અને તમારો અમારા ઉપર ભાવ છે. માટે બીજે જવાની શી જરૂર છે ?

મકરધ્વજ રાજાએ કહ્યું કે સુખેથી ચાર માસ રહો. એથી અમને આનંદ થશે. પણ સાથે મારી એક વિનંતિ સ્વીકારશો ? આ કૂકડો મારી પુત્રી પ્રેમલાના ઘરનો છે. પતિને ઝંખતાં તેણે સોલ વર્ષ કાઢ્યાં છે. તેને આ પક્ષી ચાર માસ માટે આપો તો તે રમાડીને સંતોષ પામશે. નટરાજે કહ્યું, આનો જવાબ કાલે હું વિચારીને આપીશ. નટરાજ પાસેથી આ વાત સાંભળી કૂકડો ખૂબજ આનંદ પામ્યો. તેને તો ભાવતું હતું ને વૈદ્યે કીધું તેના જેવું થયું. શિવમાલા સમજી ગઈ કે આ કૂકડો હવે અહીં રહેવા માંગતો નથી. તેથી તેની ભાષામાં બોલી નાથ ! અમે આપને ઘણું સાચવ્યા. તમારા માટે ઘણાની સાથે યુદ્ધ કર્યાં. છતાં પણ તમને અચાનક છૂટા થવાનું મન કેમ થાય છે ? ત્યારે કૂકડાએ શિવમાલાને કહ્યું કે હે ભોલી બાળા ! તું મનમાં દુઃખ ન લાવ. હું તારો જીવનભર ઓશિયાળો છું. તેં તો મને જીવિતદાન આપ્યું છે. પણ આ પ્રેમલા મારી સોલ વર્ષ પહેલાંની પરણેતર સ્ત્રી છે.તેના કારણે જ મારા પર વિમાતા વીરમતિએ ખિજાઈને મને પક્ષી બનાવ્યો છે. એનો અને મારો સંયોગ તમે મલ્યાં ન હોત તો બનત જ નહિ. આથી હવે હું તેની પાસે જવા ઇચ્છું છું. તમે મારા પર પરમ ઉપકારી છો. બાકી હું તમારા ઉપકારને કેમ ભૂલું ?

પછી શિવમાલા બોલી હે કુક્કુટરાજ તમારી ઇચ્છા છે તો ચાર માસ માટે તમને પ્રેમલા પાસે સોંપું છું, મને પણ આજે આનંદ થાય છે કે અમારી કરેલી ચાકરી આજે સફળ થઈ છે. શિવકુંવરે કૂકડાનું પાંજરું રાજાને સોંપ્યું. અને કહ્યું હે રાજન ! આ પક્ષીને સામાન્ય ન સમજશો . તે અમારો રાજા છે. તમારે ત્યાં તેનું અને તમારું કલ્યાણ થાઓ.

રાજાએ તે કૂકડો પ્રેમલાને સોંપ્યો

હે કુક્કુટ ! સાંભળ તું આભાના રાજકુટુંબમાં રહ્યો છે. મારો પતિ ચંદ્રરાજા છે. તારો રાજા રુપાળો – કળાવાળો છે. છતાં પણ શું એવો નિર્દય છે કે મને પરણે સોળ વર્ષ થવા છતાં યાદ નથી કરતો. બધા વચ્ચે મને પરણ્યો છે છતાંય કાયર થઈને મને છોડીને નીકલ્યો. મારું મન આભા જવા માટે ઘણું તલસે છે. પણ હું ત્યાં કેવી રીતે જાઉ ? હે કુક્કુટ તેં રાજકુલમાં વસતા રાજા પાસેથી મારી કથા સાંભળી છે ખરી ? હે પક્ષીરાજ ! તું મને ગાંડીઘેલી ન સમજતો.

હું તને મારા માનીને કહું છું. તને દેખીને મારા પતિ મને સાક્ષાત મલ્યા હોય તેવો ભાવ થાય છે. અને શરીર રોમાંચિત થાય છે. કૂકડો કાંઇ પણ ન બોલતાં પ્રેમલા કૂકડા સાથે રોજ આનંદ કરતાં સમય પસાર કરે છે. શિવમાલા પણ રોજ ત્યાં આવે છે ને વાતોમાં બન્ને સમય કાઢે છે.

આમ કરતાં કરતાં બરાબર ચાર મહિના વીત્યા. વિમલાપુરી નગરી શ્રી સિદ્ધાચલની તળેટીમાં હતી. તેથી પ્રેમલા સાથે પાંજરું લઇ ચાતુર્માસ વીતે સિદ્ધાચલની યાત્રા કરવા ગઇ. પગલે પગલે અનેક જીવો કલ્યાણ પામેલાં તે તીર્થભૂમિને જોઇ કુક્કુટરાજની ભાવવૃદ્ધિ થઇ. પ્રેમલાની સાથે તેણે પણ શ્રી ઋષભદેવ ભગવાનને જુહાર્યા – રાયણની આસપાસ પ્રદક્ષિણા દઇ તેના ફલને (રાયણને) મોઢામાં નાખી પોતાના જીવનને ધન્ય બનાવ્યું. પ્રેમલા ભગવંતનાં દર્શન કરી કૂકડાને લઇને સૂરજકુંડ પાસે આવી. કુંડના કઠે બેસી ખોળામાં કૂકડાને લઇ ગિરિરાજના દ્રશ્યો બતાવતી હતી. તે વખતે અચાનક કૂકડાને વૈરાગ્ય જાગ્યો.

પ્રમદા કને પંખી થઇ, નિશિ વાસર કિમ જાય.

દેખી ફોગટ ઝૂરવું, ચિંત્યું કિમપિ ન થાય.

મને તિર્યંચ બને સોલ વર્ષ થયાં. છતાં હું તિર્યંચ મટી માનવ ન થયો. હું આમ ક્યાં સુધી દેખીને દાઝ્યા કરીશ. પ્રેમલા મલી પણ પક્ષીપણામાં રહું તેથી મારું અને તેનું શું સાર્થક થાય ? ખરેખર એક બીજાને પરસ્પર પ્રેમ ગમે તેટલો હોય પણ દુઃખ તો માણસને એકલાને જ ભોગવવું પડે છે. તેથી જીવન જીવવાથી શું લાભ ? આ પછી કૂકડાએ આત્મઘાત કરવાનો વિચાર કર્યો, અને તુરતજ પ્રેમલાના હાથમાંથી છટકી કુંડમાં પડ્યો.

પ્રેમલા ગભરાઇ ગઇ બચાવો –બચાવોની બૂમો પાડી અને તે પણ કૂકડાની પાછળ કુંડમાં પડી. અને પક્ષીને પકડવા જતાં વીરમતિએ તેના ગળામાં બાંધેલો દોરો જ તેના હાથમાં આવી ગયો. અને તે દોરો જીર્ણ થયેલો હોવાથી ખેંચતા તૂટ્યો કે તુરતજ કૂકડો કૂકડો મટી ચંદ્રરાજા થયો. સખીઓ પણ બધી એક પછી એક પ્રેમલાની પાછળ કુંડમાં પડી હતી. પણ જ્યારે તેઓએ કુંડમાં ચંદ્રરાજાને જોયા ત્યારે શરમાઇ અને બોલી કે આ તો ચંદ્રરાજા છે.

ગિરિરાજના અધિષ્ઠાયક દેવોએ ચંદ્રરાજા ઉપર પુષ્પની વૃષ્ટિ કરી. કારણ કે ચંદ્રરાજાથી તીર્થનો મહિમા વધ્યો. સૂરજ કુંડનું પાણી પાપને દૂર કરનારું અને મહિમાવંત છે એમ જાહેર થયું. આ પછી સૂરજકુંડમાં પ્રેમલા અને ચંદ્રરાજાએ સ્નાન કરી શ્રી ઋષભદેવ ભગવંતની અત્યંત ભક્તિ ભાવથી સ્તુતિ વગેરે કર્યા અને ચંદ્રરાજા આ તીર્થને જીવિતદાન આપનાર માની તેની ભક્તિમાં હંમેશાં તત્પર બન્યો. પ્રેમલા અને ચંદ્રકુમાર આનંદ પામતાં ગિરિરાજથી નીચે ઊતર્યા. તે પહેલાં તો વિમલાપુરીમાં ઠેર ઠેર આ વાત પ્રસરી ગઇ કે તીર્થના પ્રભાવથી કૂકડો કૂકડો મટી ચંદ્રરાજા થયેલ છે. જ્યારે પ્રેમલા અને ચંદ્રકુમાર તળેટીએ આવ્યાં ત્યારે રાજા– નગરના લોકો – નટો – સામંતો વાજિંત્રો સાથે તેમનું સ્વાગત કરવા હાજર થયા હતા. ચંદ્રકુમારનું ભવ્ય સામૈયું થયું. મકરધ્વજ રાજાએ આનંદથી તેમનો નગર પ્રવેશ કરાવ્યો. રાજાએ અને ચંદ્રકુમારે યાચકોને છૂટે હાથે દાન આપ્યું ને ઠેર ઠેર વિમલાપુરીમાં આનંદ મંગલ ઊજવાયાં.

શિવકુંવર નટ – શિવમાલા – અને કૂકડાની સેવામાં રોકાયેલા સામંતોનો હર્ષ ન માયો. તેમણે કરેલો પ્રયત્ન સફળ લાગ્યો. મકરધ્વજ રાજાએ અને પ્રેમલાએ દેવની પેઠે નટ તથા સામંતોને મહા ઉપકારી માન્યા.

કૂકડાનું મનુષ્યપણું થવાથી વિમલાપુરીમાં લોકોને તીર્થ ઉપર અનહદ ભક્તિ વધી અને સૂરજકુંડનો પણ મહિમા જગતમાં ખૂબ વિસ્તર્યો. પ્રેમલા સાચી ઠરી. તેનું કલંક ઊતર્યું મકરધ્વજ – રાજાને પોતાના અવિચારી પણા માટે શરમ ઊપજી. તેઓએ પ્રેમલાની ક્ષમા માંગી. આ પછી ચંદ્રકુમાર અને પ્રેમલાની જોડી દુનિયામાં અજોડ પ્રીતિ પાત્ર મનાઇ. પ્રેમલા અને ચંદ્રકુમારે જેવું દુઃખ ભોગવ્યું હતું તેવું જ સુખ મેળવ્યું.

આનંદ પૂર શમ્યાં એટલે મકરધ્વજ રાજાએ ચંદ્રરાજાને કહ્યું કે હે રાજન ! અમે સોળ વર્ષે પણ તમારી નગરીનો પત્તો ન મેળવી શક્યા. તો તમે એક રાતમાં અહીં કેવી રીતે પરણ્યા ? કઇ રીતે પાછા ગયા ? અને કઇ રીતે કૂકડા થયા ? તે વાત અમે લોકોના મોંઢે જુદી જુદી રીતે સાંભળી છે. પણ આપજ આપના મોંઢે કહો ! ચંદ્રકુમાર બોલ્યો હે રાજન ! દુઃખની કથાને સાંભળવાથી દુઃખ તાજું થાય છે. છતાં પણ તમારી ઇચ્છા છે તો ટૂંકાણમાં સંભળાવું

" મારી ઓરમાન માતા વીરમતિ વિદ્યાવંત છે. તે અને મારી પ્રથમ પત્ની ગુણાવલી બન્ને જણાં આંબાપર બેસી અહીં આવવા તૈયાર થયાં. હું આ વાત છૂપી રીતે સાંભળી તે આંબામાં ભરાયો આંબો ઊડયો અને ચાર ઘડીમાં અહીં આવ્યો. તે બે સાસુ–વહુ આંબા પરથી નીચે ઊતરી આગળ ચાલ્યાં એટલે હું પણ નીકળી તેમની પાછળ ચાલ્યો. ત્યાં હિંસક મંત્રીના માણસોએ મને પકડયો. અને પ્રેમલા સાથે ભાડે પરણવાનું કબૂલ કરાવ્યું. પરણતાં પરણતાં મેં સમસ્યા દ્વારા મારી ઓળખાણ આપી. હું પ્રેમલા પાસેથી બહાનું કાઢી છટક્યો. અને તેજ આંબામાં ફરી ભરાઇને આભાપુરી પહોંચ્યો, રાજન ! આ વાત પ્રગટ થઇ એટલે વિમાતાનો મારા ઉપર ક્રોધ ઊતર્યો તેણે મને કૂકડો બનાવ્યો. આ પછી આ નટો એક વખત આભાપુરી આવ્યા અને તેમણે મને વિમાતા પાસેથી માંગી લીધો. અને તેઓ ફરતાં ફરતાં મને અહીં લાવ્યા. હું અહીં વિમલગિરિના પ્રભાવથી મનુષ્યપણું પામ્યો. આ છે મારી સંક્ષેપ આત્મકથા"

મકરધ્વજ રાજાએ કહ્યું કુમાર ! જીવતો નર ભદ્રા પામશે. એ કહેવત કેવી સાચી ઠરી ? કૂકડા થયેલ તમે સોલ વર્ષે પાછા માનવ થયા. તમારા ગયા પછી સિંહલ રાજે કપટ નાટક કરી પ્રેમલાને વિષ કન્યા ઠરાવી, અલ્પ બુદ્ધિવાલા એવા મેં પ્રેમલાને દોષિત માની મારવા હુકમ આપ્યો. પણ મંત્રીએ તે થતું અટકાવ્યું. જો આ બની ગયું હોત તો હું નિર્દોષ પુત્રી ઘાતક થાત અને વધુમાં મૂર્ખો ગણાત.

રાજાને કનકધ્વજ તથા તેના સાગરીતો યાદ આવ્યા. તેઓને સેવકો દ્વારા રાજ્ય સભામાં બોલાવ્યા. અને કહ્યું કે તમે બધાએ મારી પુત્રીને વિષ કન્યા ઠરાવી હતી. પણ જુઓ હવે તેનો આજે ભેદ ખૂલે છે. પુત્રીને પરણનાર ભાગ્યશાળી આ ચંદ્રરાજા તમારી સામેજ બેઠા છે. અરે ! તમે ક્ષત્રિય પુત્ર થઇને આવું કપટ નાટક કર્યું. કોઢિયા પુત્ર સાથે કપટથી આવી અનુપમ બાળાને પરણાવી. તમે એમાં શું સાર કાઢવાના હતા ? આ બાળાએ તમારું શું બગાડયું હતું ? તમે બધા ફાંસીની શિક્ષાને યોગ્ય છો માટે તમને બધાને ફાંસી આપું છું.

સિંહલરાજ કે હિસક મંત્રી કાંઇ પણ ઉત્તર ન આપી શક્યા. આથીચંદ્રકુમાર બોલ્યો હે રાજન ! અવગુણ કરવો એ દુનિયાની રીત ભાત છે.પણ અવગુણ કરનારનો પણ ગુણ કરવો એમાંજ વડાઇ છે. કોઢિયા પુત્રથી દુઃખી સિંહલરાજ મરેલા જેવાજ છે. તેને શું મારવા ? તેને મારવાથી શું લાભ થશે. ? સહુ સહુનાં કરેલાં ભોગવે છે. એ તો નિમિત્ત–માત્ર છે.

આ બધું ચાલતું હતું. ત્યાં પ્રેમલા રાજ સભામાં આવી. અને તે પણ બોલી હે પિતા ! તેઓનો વધ ન કરો. અપકારીને પણ આપણે ઉપકારથી જીતવા જોઇએ. જો તેમણે આ ન કર્યું હોત તો હું જગતમાં આવી કેમ બનત ? પછી પ્રેમલાએ સર્વની સમક્ષ ચંદ્રકુમારના પગ ધોયા. અને તે પાણી કનકધ્વજ ઉપર છાંટયું. તેથી કનકધ્વજનો કોઢ તત્કાળ ગયો. અને આકાશમાં દેવવાણી થઈ. ચંદ્રકુમારની તીર્થ ભક્તિથી અમે પ્રસન્ન છીએ. તેનું પગલે પગલે કલ્યાણ છે. હવે તેનું કોઇ પણ નુકસાન નહિ કરી શકે. સિંહલરાજ વગેરેએ મકરધ્વજ રાજા તથા ચંદ્રકુમારને પગે પડી માફી માંગી.

મકરધ્વજ રાજાએ સૌને જીવિતદાન આપ્યું. કનકરથ – હિસક વગેરે સૌએ ચંદ્રકુમારને મહાઉપકારી માન્યા અને તેને નમી પોતાના દેશમાં ગયા. હવે ચંદ્રરાજા વિમલાપુરીમાં પ્રેમલાના પ્રેમમાં તલ્લીન થઈ દિવસો વિતાવવા લાગ્યા. સમય સુખપૂર્વક જવા લાગ્યો.

એક મધ્યરાત્રિએ ચંદ્ર રાજાની ઊંઘ ઊડી ગઇ. ને તેને ગુણાવલીનો સ્નેહ યાદ આવ્યો. તે ભલે વિમાતાના સંગથી ઉન્માર્ગે ચઢી પણ મારા પ્રત્યે તેને સ્નેહ જરાપણ ઓછો ન હતો. તેણે પોતાનો પશ્ચાત્તાપ આંસુની ધાર વહાવી મારી આગળ કર્યો હતો. મારી ભક્તિમાં જરાપણ કમીના નહોતી રાખી. મેં તેનાથી છૂટા પડતાં તેને વચન આપ્યું હતું કે હું મનુષ્ય થઈશ તો તને મલ્યા વિના નહિ રહું.

તેણે એક કાગળ લીધો અને લખ્યું કે " વિમલગિરિના પ્રભાવથી મને મનુષ્યપણું મલ્યું છે. તમે ખૂબજ યાદ આવો છો. હું થોડાજ વખતમાં ત્યાં આવીશ. માટે ધીરજ ધરજો. હવે મને આભાપુરીનું રાજ્ય લેવામાં અને ભોગવવામાં કાંઇ અંતરાય નહિ થાય. વીરમતિની સોબતનું ફલ ચાખ્યું. તો હવે ચેતીને ચાલજો રાણી ! "

હું જ્યારે વીરમતિની સોબતના તમારા અવગુણ સંભારું છું . ત્યારે મનમાં તમારા પ્રત્યે ખૂબજ ક્રોધ ચઢે પણ છેલ્લે છેલ્લે તમે મારા પ્રત્યે જે પ્રેમ બતાવેલો તે સંભારું ત્યારે તે બધું ભૂલી જાઉ છું.ને તમારા પર અધિક સ્નેહ ઊપજે છે. અહીં અમને આનંદ છે છતાં પણ તમને મળવાની ખૂબ હોંશ છે. રાણી ! તમને મળશું ત્યારે અમે અમારી આત્મકથા કહીશું.

ચંદ્રરાજાએ એક વિશ્વાસુ કાસદને તૈયાર કર્યો. અને તેને કોઇ ન જાણે તેમ એક કાગલ મંત્રીને અને એક કાગળ ગુણાવલીને આપવાનું કહી આભાનગરીમાં મોકલ્યો. કાસદ આભાપુરી ગયો. ને સૌ પ્રથમ મંત્રીને મલ્યો, ત્યાર બાદ ગુપ્તરીતે ગુણાવલીને મલ્યો. આ કાગલ વાંચતાં ગુણાવલીના આનંદનો પાર ન રહ્યો. ગાંડી ઘેલી થઇ ગઇ. પોતાના પતિ સાક્ષાત મલ્યા હોય તેવો આનંદ થયો. કાસદનો ખૂબજ સત્કાર કર્યો. અને તેને કહ્યું ભાઇ ! રાજાની વિમાતા વીરમતિ ભયંકર છે. માટે તમે અહીં કોઇને કહેશો નહિ કે ચંદ્રરાજા કૂકડો મટી મનુષ્ય થયા છે. કાસદે કહ્યું કે હું આ બધું જાણું

છું. કોઇને નહિ કહું. એમ કહી ગુણાવલીથી સત્કાર પામી ગુપ્તરીતે પાછો વિદાય થયો.

વાત વાયરે જાય તેમ આ વાત ગમે તે રીતે આભાનગરીમાં ઠેર ઠેર પ્રસરી ગઇ કે ચંદ્રરાજા કૂકડો મટી મનુષ્ય થયા છે. અહીં થોડા જ દિવસમાં આવવાના છે. આ વાત સાંભળી વીરમતિ બોલી ખોટી વાત છે કૂકડો થયેલ ચંદ્રને મનુષ્ય બનાવનાર કોણ છે. ? મેં કૂકડાને જીવતો રાખ્યો તે જ ભૂલ કરી છે તેને મારી નાંખ્યો હોત તો આ સાંભળવું ન પડત.

વીરમતિ સીધી ગુણાવલીના મહેલે આવી. અને બોલી હે ગુણાવલી ! ચંદ્ર કૂકડો મટી મનુષ્ય થયો છે. અને અહીં આવવા માંગે છે. આ વાતમાં શું તથ્ય છે. ? યાદ રાખ કે હવે હું તેને જીવતો નહિ છોડું તારી વિનવણીથી જીવતો છોડયો તો જ આ પંચાત છે ને ?

ગુણાવલી બોલી સાસુજી ! લોકોને ક્યાં ધંધો છે. ? એતો ગમે તેવા ગામ ગપાટા ઊભા કરે. કૂકડો થયેલો થોડો જ મનુષ્ય થઇ શકે છે.?જેણે તમારું આવું પરાક્રમ દેખ્યું હોય તે તો આભાની સામે નજર જ ન નાંખે. હું તો આ વાત સાચી માનતી નથી.

વીરમતિ ને ગુણાવલીનાં વચનોથી સંતોષ ન થયો પોતાના આવાસે આવી મંત્રો ભણી પોતાના દેવતાઓને પ્રત્યક્ષ કર્યા. અને પૂછ્યું કે ચંદ્ર મનુષ્ય થયો છે તે ફેલાયેલી વાતછે તે સાચી છે. ? અને જો સાચી હોય તો તેને મારી પાસે જીવતો લાવો. એટલે હું તેને મારી નાખું, દેવો બોલ્યા વીરમતિ હવે આ જીદ છોડો, પુણ્યશાળી ચંદ્રનું કોઇ વિરૂપ કરી શકે તેમ નથી. કેમકે અમારાથી પણ બલવાન દેવો તેની રક્ષા કરે છે. તે વિમલગિરિના પ્રભાવથી કૂકડો મટી માનવ થયો છે.અને વિમલગિરિના અધિષ્ટાયક દેવ તેના રક્ષક છે. તેથી તેની આગળ અમારું કાંઇ પણ ચાલે તેમ નથી.

ક્રોધે ધમધમતી હાથમાં દાંતી (તલવાર) લઇ તે દેવોને સાથે લઇ વિમલાપુરી તરફ ઊડી. એક દેવે અગાઉથીચંદ્રને ખબર આપી કે વિમાતા તમને મારવા માટે આવે છે માટે સાવધ રહેજો , ચંદ્રકુમાર તલવાર લઇ માતાનું સ્વાગત કરવાસામે આવ્યો. આકાશમાં ક્રોધથી ધમધમતી સગડી સરખી જોસ ભેર આવતી વીરમતિ ચંદ્રને સામો આવતી જોઇ નીચે ઊતરી અને બોલી દુષ્ટ ! શું તું હજી જીવે છે. ? ચંદ્ર બોલ્યો માતા ! હું તો તમારાથી નાનો છું. એટલે આપનાં મર્યા પહેલાં કઇ રીતે મરું ? ક્રોધથી ધમધમતી વીરમતિએ દિવ્ય તલવારનો ઘા ચંદ્ર ઉપર કર્યો .પણ પુણ્યશાળી ચંદ્રના બખ્તર પર તે તલવાર અથડાઇને વીરમતિની છાતીમાં ભોંકાઇ .

ચંદ્રે– દુષ્ટને શિક્ષા કરવી જ જોઇએ. તેમ માની તેનો ચોટલો પકડી તેને શિલા ઉપર અફાળી પૂરી કરી. વીરમતિ ક્રોધથી ધમધમતી મૃત્યુ પામી છટ્ઠી નરકે ગઇ. વિમલાપુરીમાં ચારે બાજુ વાત પ્રસરી કે મારવા આવેલી વીરમતિ ચંદ્રકુમારના હાથે મૃત્યુ પામી છે.

સારા લોકોનાં મૃત્યુથી લોક આંસુ સારે છે. અને દુર્જનના મૃત્યુથી લોક આનંદ પામે છે. તેમ વીરમતિના મૃત્યુથી વિમલાપુરીમાં આનંદ ફેલાયો. ચંદ્રરાજાનું ફરીથી વિમલાપુરીએ સ્વાગત કર્યું. ને દાન અપાયું. વીરમતિના મૃત્યુની વાત

આભાપુરીમાં પહોંચી. વીરમતિ ચંદ્રને મારવા માટે ગઇ હતી ત્યારથી બધા લોકો ઉદાસ હતા પણ વીરમતિના મૃત્યુથી આનંદ પામ્યા.વીરમતિના મૃત્યુને આભાનગરીએ શોકથી નહિ પણ આનંદથી ઊજવ્યું. સુમતિ મંત્રી અને ગુણાવલીને હર્ષ થયો. સુમતિ મંત્રીએ પ્રજાના આગેવાનોની સહી સાથે એક વિનંતી પત્ર તૈયાર કર્યો. ને મુખ્ય માણસ સાથે વિમલાપુરી મોકલ્યો.પતિનું માનવ થવું અને વીરમતિનું મૃત્યુ થવું આ બેથી ગુણાવલીને સુખ થયું પરંતુ મિલન વગર બધું નકામું લાગે છે ને આંસુ સારે છે. તેને રડતી જોઇ પોપટ રડવાનું કારણ પૂછે છે. રાણી ગુણાવલી કહે છે કે પતિ પરદેશ ગયો છે. તેની પાસે જઇ શકતી નથી.અને મારો કોઇ વિશ્વાસુ માણસ નથી કે મારા પતિને સંદેશો પહોંચાડે. પોપટ બોલ્યો મને સંદેશો લખી આપો . હું પહોંચાડીશ.

ગુણાવલી કાગલ લખતાં લખતાં રડતી હતી. તેથી કાગલમાં આંસુઓ પડતાં હતાં, તેવો કાગલ લઇને પોપટ ગયો. રાજાને કાગલ આપ્યો. રાજાએ અક્ષર ન ઊકલતાં ગુણાવલીના ભાવો વાંચ્યા. આ કાગલ વાંચી ચંદ્રરાજાએ આભાપુરી જવાનો નિર્ણય કર્યો. એક વખત ચંદ્રરાજાને ગમગીન જોઇ પ્રેમલાએ પૂછ્યું, ‘ હેનાથ ! તમે કેમ ઉદાસ ને વિચારમગ્ન છો. ? ચંદ્ર બોલ્યો મને મારી ગુણાવલી અને આભાનગરી યાદ આવે છે. તે સૂની પડી છે. તેથી હું ત્યાં જવા માંગું છું. પ્રેમલાને શ્વસુર ભૂમિ જોવાના કોડ હતા તેથી તેણે પણ સંમતિ આપી.

ચંદ્રરાજાએ મકરધ્વજને કહ્યું કે હે રાજન ! હું આભાનગરીએ જવા માગું છું. મારી પ્રજા રાહ જુએ છે તેથી ત્યાં જવા માટે મને રજા આપો. મકરધ્વજે ન જવા દેવા ઘણો આગ્રહ કર્યો પણ ચંદ્ર ન રોકાયો એટલે સંમતિ આપી. ચંદ્રરાજા આભા જવા તૈયાર થયા એટલે પ્રેમલા પણ જવા તૈયાર થઇ. મકરધ્વજ રાજાએ ચંદ્ર રાજાને ખૂબ જ દાયજો આપ્યો. નોકર – પરિવાર અને સોના–મોતી હીરાના ઢગ આપ્યા. પ્રેમલાને સહુએ વિદાય આપી. આ પછી ચંદ્રરાજા અનુક્રમે પ્રયાણ કરતાં પોતનપુર આવ્યા. પોતનપુર તેજ કે જ્યાં કૂકડાપણામાં રહેલા ચંદ્રરાજાને અને લીલાવતીને સંવાદ થયો હતો. લીલાવતીનો પતિ પરદેશથી આવી ગયો હતો. તેથી તેનું કુંટુંબ આનંદમાં હતું.લીલાવતીએ પતિની આજ્ઞા લઇ ચંદ્રરાજાને પોતાના ઘેર આમત્રંણ આપ્યું. બહેન ભાઇને ભોજન આપે તે રીતે તેને જમાડયો અને ચંદ્રે પણ લીલાવતીને નાની બહેન માની ખૂબજ દાયજો આપ્યો.

ત્યાં રાત્રિમાં ગામની બહાર તંબૂમાં દેવે સ્ત્રીનું રૂપ લઇ તેના શિયલની પરીક્ષા કરી. પછી દેવ પ્રશંસા કરી દેવ લોકમાં ગયો .

ચંદ્રરાજાએ પોતનપુરથી પ્રયાણ કર્યું. ગામે ગામ પોતાના પ્રભાવ જમાવી માર્ગના રાજાઓને વશ કરી તેની ભેટો સ્વીકારતાં ૭૦૦ / સ્ત્રીઓને પરણ્યા. અને અનુક્રમે આભા નગરી આવ્યા. આભાનગરીમાં ચંદ્રરાજાનો પ્રવેશ ઉત્સવ ઊજવાયો. ઘેર ઘેર ધજાઓ ને મોતીના સાથિયા પુરાયા. સૌનાં હૈયાં હર્ષિત બન્યાં. સુમતિ પ્રધાન અને ગુણાવલીનો હર્ષ હૃદયમાં પણ ન માયો. ચંદ્રરાજાએ રાજ્યની લગામ હાથમાં લીધી. પ્રજાને ખૂબજ સુખી બનાવી. ગુણાવલીને સાતસો સ્ત્રીઓની પટરાણી બનાવી. સાતસો સ્ત્રીઓ સગી બહેનની જેમ પ્રેમથી સાથે રહેવા લાગી. તેમાંય પ્રેમલા ને ગુણાવલી સગી બહેનોની માફક વિશેષ પ્રકારે પરસ્પર હેત રાખવા લાગી. ચંદ્રરાજા સાથે સંસાર સુખ ભોગવતાં તે બન્નેને એક એક પુત્ર રત્નનો જન્મ થયો. રાજાએ ગુણાવલીના પુત્રનું ગુણશેખર નામ પાડયું અને પ્રેમલાના પુત્રનું

નામ મણિશેખર પાડયું. આ બન્ને પુત્રો સગાભાઈની જેમ સ્નેહથી વધવા લાગ્યા.

ચંદ્રરાજા આમ સર્વ રીતે સુખી થયા, તેની આજ્ઞા ત્રણે ખંડમાં પ્રવર્તી, ને ચંદ્રરાજા રાજરાજેશ્વર થયો. છતાંય પણ ઘડીભર વિમલાચલને હૃદયથી વીસરતો નથી. તેણે વિમલાચલ પર અનેક બિંબો ભરાવી ઘણી પ્રતિષ્ઠાઓ કરાવી. અને તીર્થની અનુપમ પ્રભાવના કરી.

એક વખતે વનપાલકે આવી ચંદ્રરાજાને વધામણી આપી કે હે રાજન ! ઉદ્યાનમાં ભગવંત શ્રી મુનિસુવ્રત સ્વામી પધાર્યા છે. ચંદ્રરાજા આ સાંભળી ખૂબ હર્ષિત થયો. અને તેણે વનપાલકને સાત પેઢી સુધી ચાલે તેટલું ઈનામ આપ્યું. અને રાજાએ ચતુરંગી સેના તૈયાર કરી સર્વ પરિવાર અને પ્રજા સાથે નગરની બહાર આવ્યો. ભગવાનનું સમવસરણ જોતાં પુલકિત થયો, અને જેમ માણસ જીવનમાં ગુણોનાં પગથિયાં ચઢે તેમ સમવસરણનાં પગથિયાં ચઢી ભગવાનને પ્રદક્ષિણા દઈ પર્ષદામાં બેઠો અને પ્રજાજનો પણ યોગ્ય સ્થાને બેઠા.

સૌ શાંત બની ભગવાનની સામે સ્થિર દૃષ્ટિવાલા થયા. એટલે પ્રભુએ મેઘના જેવી ગંભીર વાણીવડે દેશના શરુ કરી. 'હે ભવ્યો ! આ જીવ પોતાનાં – જ્ઞાન – દર્શન અને ચારિત્રના સ્વભાવને ભૂલી જઈ જડ વસ્તુના સ્વભાવમાં રાચે – માચે છે. અને તેથી જ અનર્થની પરંપરા ઉત્પન્ન કરે છે. જીવને દેહ મારો લાગે છે. ધન મારું લાગે છે. પુત્ર મારો લાગે છે. સ્ત્રી મારી લાગે છે. અને દુનિયામાં જે બધી વસ્તુઓ મૂકીને જવાની છે તેને તેજ વસ્તુઓ મારી લાગે છે. પણ જે જ્ઞાન – દર્શન – ચારિત્રરૂપી ધર્મ જે સદાય સાથે રહેવાનો છે તે પારકો લાગે છે. આ દ્રષ્ટિનો ભ્રમ જ્યાં સુધી ન ટળે ત્યાં સુધી તેનું કલ્યાણ કઈ રીતે થાય ?

જીવ અવ્યવહાર રાશિમાંથી આમ કોઈ કોઈવાર ઊંચો આવે, પણ આવા વિભ્રમને કારણે પાછો પટકાય છે. માટે સ્વભાવ દશાને સમજી વિભાવ દશાનો ત્યાગ કરવો જરુરી છે.' દેશના પૂર્ણ થઈ એટલે ચંદ્રરાજા વિચારે ચઢયો. વીરમતિ સાથે વૈરની પરંપરા – પ્રેમલા – ગુણાવલી – શિવમાલા – મકરધ્વજ વગેરે સાથેનો સ્નેહ સંબંધ એ શું વિભાવ દશા છે. ? આ વિભાવદશા આપણા આત્મામાં કર્મોના થર (પડલ) જમાવતી જાય તેમાં પણ પૂર્વભવનાં કર્મો કારણ રૂપ હોય છે. આ પૂર્વભવનું સ્વરૂપ કેવળજ્ઞાની સિવાય બીજો કોણ બતાવે ? તેથી તેણે ફરીવાર ભગવંતને નમીને પૂછ્યું કે ' હે ભગવંત ! પૂર્વભવે મેં એવું ક્યું કર્મ કર્યું હતું કે જેને લઈને મને મારી વિમાતાએ કૂકડો બનાવ્યો ? ક્યા કર્મથી મારે નટો સાથે ભમવું પડયું ? આ પ્રેમલાને ક્યા કર્મથી વિષકન્યાનું આળ આવ્યું ? અને કનકધ્વજ શાથી કોઢિયો થયો ? '

ભગવાને કહ્યું કે રાજન ! આ જગતમાં પ્રેમ – દ્વેષ – સુખ – દુઃખ એ બધાં પૂર્વભવનાં કારણોથી થાય છે. તે તમારો પૂર્વભવ કહું તે સાંભળો એટલે તેનાં બધાં કારણો આપોઆપ સમજાઈ જશે.

વૈદર્ભ દેશમાં તિલકાપુરી નગરીમાં મદનભ્રમ રાજા અને કનકમાળા નામે રાણી હતી. તે રાજાને એકજ પુત્રી તિલકમંજરી હતી.

આ તિલકમંજરી રૂપાળી ને બુદ્ધિશાળી હતી. તેને જૈન ધર્મ ઉપર દ્વેષ હતો છતાં પણ જૈન ધર્મની રાગવાલી સુબુદ્ધિ મંત્રીની પુત્રી રૂપમતી સાથે તેને સખીપાણું હતું. બન્નેએ બાળપણામાં એવો નિશ્ચય કરેલો કે આપણે એકજ વરને પરણવું. જુદા જુદા વરને પરણીએ તો જુદું ઘર માંડવું પડે અને જુદાં પણ થવું પડે માટે. પ્રધાન પુત્રી રૂપમતી સુશીલ – ધીર – ગંભીર – સદ્‌ગુણી અને સાધુ – સાધ્વીના પરિચયવાલી હતી. આથી એકવાર રૂપમતીને ત્યાં કોઇ સાધ્વીજી વહોરવા આવ્યાં. રૂપમતી તે વખતે મોતીની જાળી પરોવતી હતી. તે એકદમ ઊભી થઇ વહોરાવવા ગઇ. આ વખતે તિલકમંજરી ત્યાં બેઠી હતી. તેને સાધ્વીજી ઉપર દ્વેષ પણ હતો. તેથી તેમનો આદર સત્કાર ન કરતાં સાધ્વીનો સમાગમ છોડાવવા તેણે તેની મોતીની ગૂંથેલી જાળી સાધ્વી ન જાણે તેમ તેમના કપડે બાંધી દીધી. સાધ્વીજી વહોરીને ઉપાશ્રયે ગયાં પછી રૂપમતીએ તે શોધવા છતાં ન મળી ત્યારે તિલકમંજરીને કહ્યું, સખિ ! મારી જાળી લીધી હોય તો આપ. તિલકમંજરી બોલી મેં તારી જાળી લીધી નથી. તો પછી કોણ લે ? અહીં તારા સિવાય બીજું કોઇ ન હતું. તેમ મંત્રી પુત્રી બોલી. તિલક મંજરીએ કહ્યું બીજું કોણ લે ? તું જેનાં ભારોભાર વખાણ કરે છે તે સાધ્વીજીએ તારી જાળી લીધી છે. તું વહોરાવવા માટે ઘી લેવા ગઇ તે વખતે તેમણે જાળી ઉઠાવી લીધી. ત્યારે રૂપમતી બોલી હે સખિ ! પૂજય ત્યાગી મહાત્માઓ ઉપર ખોટું આળ ન ચઢાવીએ. તે જાળીને તો શું રત્નોને પણ ન અડે તેવાં ત્યાગી છે. તિલક મંજરી બોલી જોયા એમના ત્યાગ એ તો ઢોંગી ને દંભી છે. તેમને મફતનું ખાવું છે ને તાગડ ધિન્ના કરવા છે.રૂપમતી બોલી નાહક નિંદા કરી કર્મ ન બાંધ. તું મારી જાળી આપી દે. જાળી મેં લીધી નથી. તારી સાધ્વી લઇ ગયાં છે. ચાલ તને પ્રત્યક્ષ કરાવું. એમ કહી તિલકમંજરી રૂપમતીને સાથે લઇ ઉપાશ્રયે આવી વાપરવા બેસતાં સાધ્વીને કહ્યું. મહારાજ ! મારી સખીની મોતીની જાળી આપો. તમે વહોરવા સાથે ચોરી પણ કરો છો ?

સાધ્વી બોલ્યાં, જુઓ રહ્યાં પાતરાં અને કપડાં મેં તમારી જાળી લીધી નથી. અમારે શા માટે લેવી જોઇએ? તુરતજ તિલક મંજરીએ સાધ્વીનાં કપડાંમાં છાની રીતે જાળી બાંધી હતી તે છેડે છેડી જાળી કાઢી બતાવી. સાધ્વીજી એકદમ ભોંઠાં પડયાં રૂપમતી બોલી તિલકમંજરી ! આ બધાં તારાં જ કામો છે. તેં સાધ્વી ઉપર ખોટો આરોપ મૂક્યો છે. તિલકમંજરી બોલી, શું તારો સાધ્વી પ્રત્યેનો અંધરાગ ? ચોરેલી જાળી પ્રત્યક્ષ બતાવી તો પણ તું તેમનો બચાવ કરે છે. રૂપમતી બોલી મારા માન્યામાં કોઇ રીતે આવતું નથી. તને તેમના પ્રત્યે દ્વેષ હતો તેથી તેમને વગોવવા આ કામ કર્યું હોય ? પણ સખિ ! હસતાં બાંધેલાં આવાં કર્મો બહુ દુઃખ આપનારાં થાય છે.

રૂપમતીને તિલકમંજરી ઘેર ગયાં પણ સાધ્વીજીને આ આળ સહન ન થવાથી તેમણે ગળે ફાંસો ખાવા માંડયો. આ વસ્તુ પાડોશમાં રહેલ સુરસુંદરી નામની સ્ત્રી જોઇ ગઇ. તેથી તેણે તેમને આપઘાત કરતાં રોક્યાં. પછી સાધ્વીજીને પણ પસ્તાવો થયો. સમય જતાં આ વાત વિસરાઇ ગઇ. બન્નેનાં બહેનપણાંમાં એકવાર કંઇક વાંધો પડયો. પણ પાછળ થી સખીપાણું તેવું જ રહ્યું.

એક વખત વિરાટરાજ સુરસેન તરફથી તિલકમંજરીનું માગું આવ્યું. રાજાએ જવાબ આપ્યો કે તિલકમંજરીને પરણાવવામાં મને વાંધો નથી, પણ પ્રધાન પુત્રી ને મારી પુત્રી બન્ને એકજ વરને ઇચ્છે છે તેથી રૂપમતીની ઇચ્છા જાણ્યા પછીજ નિશ્ચય થશે. પછી રાજાએ રૂપમતીની ઇચ્છા જાણીને બન્નેનાં લગ્ન સૂરસેન સાથે કર્યા તિલકમંજરી

અને રૂપમતીનું સખીપણું જન્મથી હતું. પણ પરણતાં શોક્યો થતાં એક બીજાનાં કાયમ માટે છિદ્રો જોઇ લડવા લાગી.

એક વખત તિલકપુરીના રાજાને કોઇએ સુંદર કાબર ભેટ કરી. આ કાબર રાજાએ તિલકમંજરીને મોકલી. તિલકમંજરી રોજ રોજ તેને રમાડતી હતી અને મીઠા સ્વરે વાતો કરતી હતી. તિલકમંજરી આ કાબર સાથે રૂપમતીને વાત પણ કરવા દેતી નહોતી. આથી રૂપમતીએ પોતાના પિતા પાસે તેના જેવી કાબર મંગાવી. તેણે જેવી મંગાવી તેવી ન મલી એટલે તેના પિતાએ કોશી નામનું એક પક્ષી મોકલ્યું. તિલકમંજરી કાબરને અને રૂપમતી કોશીને રમાડતી હતી. આ બન્ને પક્ષીઓને પાળનારા માણસો પણ જુદા જુદા રાખ્યા હતા.

એક વખત આ બન્ને રાણીઓ વાદવિવાદમાં ચઢી. તિલકમંજરી કહે મારી કાબર સારી. રૂપમતી કહે મારી કોશી સારી. બન્નેએ પોતાના પક્ષી માટે મીઠું બોલવાની શરત લગાવી. કાબરે ખૂબ ખૂબ મીઠા શબ્દો કર્યા. પણ કોશી એક શબ્દ પણ બોલી શકી નહિ. તિલકમંજરીએ રૂપમતીને ચીડવી. તારી કોશી મારી કાબરના હજારમા ભાગે આવે તેવી છે ખરી ?

રૂપમતી – ડાહી – શાણી ને ધર્મી હોવા છતાં ભાન ભૂલીને કોશીને ખૂબ મારી ને તેનાં પીંછાં તોડી નાખ્યાં. કોશીના રક્ષકે તેને રોકી તો પણ તે ન માની. પરિણામે કોશી તરફડીને મૃત્યુ પામી પણ મૃત્યુ પામતાં તેની દાસીએ તેને નવકાર મંત્ર સંભળાવ્યો. ને રૂપમતીને આવા કામ બદલ ખૂબજ ઠપકો આપ્યો.આ પછી રૂપમતીને વારંવાર પસ્તાવો થયો . મેં પક્ષીનો જીવ લીધો તે ઠીક ન કર્યું. પછી તિલકમંજરીએ રૂપમતીના આ કાર્યને લોકોમાં જાહેર કરી તેની અને જૈન ધર્મની ખૂબ જ નિંદા કરી.

આ પછી રૂપમતીએ તિલકમંજરી સાથે શરત કરવાનું છોડી દીધું. ને ધીર સ્વભાવ કેળવી ઘણું સુકૃત ઉપાર્જન કર્યું.

હે રાજન ! આ કોશી તે વીરમતિ રાણી થઇ. કોશી પક્ષી ત્યાંથી મરી ગગનવલ્લભરાજાની પુત્રી વીરમતિ થઇ. અને વીરસેન રાજાને પરણી. અને હે રાજન ! રૂપમતી હતી તે તું પોતે ચંદ્ર થયો. તિલકમંજરી હતી તે પ્રેમલા લચ્છી બની. (આળ આપનાર) સાધ્વીજીને ગળે ફાંસો ખાતાં અટકાવનાર સુરસુંદરી તે ગુણાવલી. ગળે ફાંસો ખાવા તૈયાર થયેલ સાધ્વી તે કનકધ્વજ. કોશી પક્ષીનો રક્ષક તે સુમતિ મંત્રી. કાબરનો રક્ષક તે હિંસક મંત્રી. તિલક મંજરી અને રૂપમતીનો વર સૂરસેન તે શિવકુમાર નટ. રૂપમતીની દાસી તે શિવમાલા. અને કાબરનો જીવ તે કપિલા ધાવમાતા.

હે રાજન ! તેં આગલા ભવમાં કોશીની પાંખો ઉખેડી નાંખી હતી તેથી વીરમતિએ આ ભવમાં તને પંખી બનાવી વેર લીધું. તિલકમંજરી એ પૂર્વ ભવે સાધ્વીને ખોટું આળ આપ્યું હતું. તેથી આ ભવે સાધ્વીનો જીવ – કનકધ્વજ રાજપુત્ર કોઢિયા રૂપે થઇ પ્રેમલા લચ્છી બનેલ તેને વિષ કન્યાનું આળ આવ્યું.

પૂર્વભવમાં કોશીના રક્ષકનું રૂપમતી આગળ ન ચાલ્યું તેમ આ ભવમાં ગુણાવલીનું વીરમતિ આગળ કાંઇ ન ચાલ્યું. મરતી કોશીને રૂપમતીની દાસીએ નિજામણા (આરાધના) કરાવી હતી. તેથી કોશીમાંથી બનેલ વીરમતિએ

દાસીમાંથી બનેલ શિવમાલાને કૂકડો ભેટ આપ્યો. આ રીતે હે ચંદ્રરાજા ! તમારા પૂર્વભવનો અધિકાર છે. તેથી આ ભવના પ્રેમ કે વૈર સંબંધો આશ્ચર્યજનક નથી.

આ પૂર્વભવનો સંબંધ સાંભળી ચંદ્રરાજાને વૈરાગ્ય જાગ્યો તેણે ગુણશેખરને આભાનો રાજા બનાવ્યો. અને મણિશેખર વગેરે બીજા કુમારોને બીજાં રાજ્યો આપ્યાં. ચંદ્રરાજાની સાથે ગુણાવલી પ્રેમલા લચ્છી – સુમતિમંત્રી – શિવકુમાર – શિવમાલા અને સાતસો રાણીઓ દીક્ષા લેવા તૈયાર થયાં. ગુણશેખર પુત્રે દીક્ષા મહોત્સવ ખૂબજ શાનદાર કર્યો. તે બધાએ મુનિ સુવ્રતસ્વામી પાસે દીક્ષા લીધી. ચંદ્રરાજર્ષિએ સંયમ લઇ સ્થવિરો પાસે જ્ઞાન ભણી તીવ્ર તપ કરતાં કર્મ ખપાવીને કેવલ જ્ઞાન મેળવ્યું. ગુણાવલી વગેરે સાધ્વીઓએ નિર્મલ સંયમ પાળી પોતાનું જીવન અજવાળ્યું. કેવળી ભગવંત ચંદ્રમુનિ અંતકાળનજીક જાણી પોતાના પરમ ઉપકારી એવા સિદ્ધાચલમાં આવી એક માસની સંલેખના કરી મોક્ષ પામ્યા. સુમતિ અને શિવ સાધુ તથા ગુણાવલી ને પ્રેમલા કેવલજ્ઞાન પામી મોક્ષે ગયાં. શિવમાળા વગેરે સાધ્વીઓ અનુત્તર દેવલોકમાં ગયાં. ત્યાંથી મહાવિદેહમાં જઇ મુક્તિને વરશે.

આમ પૂર્વભવની લીલા સમેટી જગતને લીલા સમેટવાનો ઉપદેશ આપતું તેઓનું જીવન આજે પણ અનેકને પ્રેરણા આપે છે

શ્રી ચંદ્રરાજાનું આ ચરિત્ર તેમના રાસ ઉપરથી ટૂંકું કરીને અત્રે આપ્યું છે. આપણા જૈન ધર્મમાં એક વખત આવા રાસોનો ખૂબ જ મોટા પ્રમાણમાં પ્રચાર હતો.આનો રાસ ને કથા અવશ્ય વાંચવી જોઈએ.આ રાસના કર્તા નૈસર્ગિક કવિ મોહનવિજયજી હતા. તેઓએ આ રાસ ૧૯૮૩ માં પોષ સુદિ – ૫ – ને શનિવારે અમદાવાદમાં પૂર્ણ કર્યો હતો. તેઓએ પ્રભુ ભક્તિમાં " બાળપણે આપણ સસનેહી " આવાં સ્તવનો બનાવ્યાં હતાં. આ ચરિત્ર મુખ્યતાએ શિયલ અને શત્રુંજ્યના મહિમાનું ઉદબોધક છે. આ ચરિત્ર અત્યંત રસિક પણ છે. શ્રીપાલના રાસની જેમ વર્ષમાં એકાદવાર વાંચવું જોઈએ. જેથી તેવા ભાવો પ્રગટ થાય ને સતત પ્રેરણા મલ્યા કરે.

સમરસિંહ - (સમરશા) નો ઉદ્ધાર.

સંવત તેર ઇક્કોત્તરેરે; સમરોશા ઓસવાલ; ન્યાય દ્રવ્યવિધિ શુદ્ધતારે, પન્નરમો ઉદ્ધાર હો જિનજી.

ભક્તિ હૃદયમાં ધારજોરે, અંતરવૈરી વારજોરે, તારજો દીન દીયાળ.-૩-વીરવિજયજીકૃત-નવ્વાણું. ૫ પૂજા.

જે સમયે પાટણનામના નગરમાં અલાઉદ્દીન નામના બાદશાહનું રાજય હતું. તે વખતે પાટણમાં સુલતાનનો માનીતો અલપખાન નામે સૂબો હતો. તે સૂબો નગરના સર્વ લોકોનો નાયક હતો. શ્રેષ્ઠ દેશલનો પુત્ર સમરસિંહ આ સુબાની હંમેશાં સેવા કરતો હતો. અલપખાન પણ તેના ગુણોથી પ્રસન્ન થઇ પોતાના ભાઇની પેઠે તેના પર પ્રીતિ રાખતો હતો.. કારણ કે ગુણો જ મનુષ્યોના ગૌરવનું કારણ બને છે.

હવે એક દિવસ એવું બન્યું કે દુષમકાળના પ્રભાવથી અથવા પૃથ્વીપરના સર્વ પદાર્થો અસ્થિર હોવાથી કે કલ્યાણકનાં ક્ષેત્રો હંમેશાં વિઘ્નોથી ભરપૂર હોય છે તેથી, શ્રી શત્રુંજય તીર્થના નાયક શ્રી આદિનાથ ભગવાનની પ્રતિમાનો દૈવયોગે મ્લેચ્છો (મુસલમાનો) ના સૈન્યોએ નાશ કર્યો. કાનમાં શૂળ ભોંક્યા જેવી આ વાત સાંભળી ત્યારે સર્વ સમકિત ધારીઓનાં મન એકદમ પરાધીન થયાં. જેથી તેઓને પોતાના સ્વરૂપનું ભાન ન રહ્યું. કેટલાક મનમાં દુઃખી થયા. કેટલાકે અનશન કર્યા. કેટલાક અશ્રુઓ ઊભરાતી આંખો વડે રડવા લાગ્યા. આ પછી સમરસિંહનો પિતા દેશલ પોતાના ગુરુ શ્રી સિદ્ધસૂરિ પાસે ગયો. અને ત્યાં તીર્થમાં મ્લેચ્છ લોકોએ કરેલ કાર્ય (ભંગનું) કહી સંભળાવ્યું. તે સાંભળી શાસ્ત્રજ્ઞાનના સમુદ્ર એવા શ્રી સિદ્ધસૂરિએ કહ્યું કે " હે શ્રેષ્ઠ તું ખેદ ન કર. સંસારની સ્થિતિ આવી જ હોય છે. આ સંસાર છે. સંસારની સર્વ વસ્તુઓ ક્ષણમાં નાશ પામનારી છે. આ સમયે મનમાં એવો વિચાર કરવો કે જે પુરુષ આદિનાથ ભગવાનના તીર્થનો ઉદ્ધાર કરાવશે તેજ ખરો ધનવાન હોવા છતાં ધન્યવાદને પાત્ર ગણાશે. કારણ કે આ તીર્થ સદા શાશ્વત છે. સમુદ્રનાં જેટલાં જલબિંદુઓ હોય તેટલા આ તીર્થના ઉદ્ધારો થયા છે માટે હવે તો તીર્થના ઉદ્ધાર કરનારને જ શોધી કાઢવો જોઇએ.

ગુરુના આ વચનને સાંભલીને દેશલ બે હાથ જોડી બોલ્યો કે આ પર્વત આવું મહાન તીર્થ છે. એમ મેં હમણાં જ જાણ્યું. માટે હે પ્રભુ ! હું પોતેજ આ તીર્થનો ઉદ્ધાર કરાવીશ. કેમ કે હમણાં મારીપાસે બધી જ સામગ્રી છે. ભુજા બળ- ધનબળ-પુત્રબળ -મિત્રબળ-રાજબળ અને ઉત્તમદાન-શક્તિ છે.તો પણ આપનું કૃપા બળ જો મને સહાય કર્તા થાય તો હું આ તીર્થનો ઉદ્ધાર કરાવું. તે વખતે શ્રી સિદ્ધસૂરિએ કહ્યું કે ધર્મ કાર્યમાં ગુરુની કૃપા સદાય સહાય કરનારી હોય છે. માટે હે દેશલ ! તું આ તીર્થનો સત્વર ઉદ્ધાર કરાવ. કેમકે આ કહેવત જગત પ્રસિદ્ધ છે. કે ધર્મની ગતિ ઉતાવળી હોય છે. તેથી ધર્મનાં કાર્યો તરત જ કરવાં જોઇએ.પછી દેશલ ગુરુની કૃપા મેળવી ઘેર ગયો. અને પોતાની મનો કામના પુત્ર - સમરસિંહ આગળ નિવેદન કરી.સમરસિંહ પણ કાનને અમૃત જેવું પિતાનું વચન સાંભળી અત્યંત

ખુશ થયો.અને તેણે પિતાને વિનંતી કરી કે 'હે પિતા ! તમે મને આજ્ઞા આપો. એટલે હું સાવધાન થઈને તીર્થોદ્ધારના કૃત્યને સિદ્ધ કરું.' તે પછી દેશલે સિંહસમાન પરાક્રમી તે સમરસિંહ પુત્રને ભાગ્યવાન જાણી તે કાર્યમાં તેને જોડ્યો. એટલે સમરસિંહ પણ પિતાની આજ્ઞા મેળવીને ગુરુ એવા શ્રી સિદ્ધસૂરિ પાસે ગયો. તેમને નમન કરી આ પ્રમાણે કહ્યું.

હે પ્રભુ ! જેના વડે મારી કાર્ય સિદ્ધિ તત્કાળ થાય તેવો કોઇ ઉપાય મારા પર કૃપા કરીને બતાવો. ત્યારે ગુરુએ કહ્યું કે જ્યાં સુધી આકાર્ય તારાથી પૂર્ણ ન થાય ત્યાં સુધી તારે અમુક અભિગ્રહો રૂપ બંધનથીબંધાયેલા રહેવું પડશે.તે સાંભળી સમરસિંહે ગુરુ આગળ આવા અભિગ્રહો ગ્રહણ કર્યા.

"જ્યાં સુધી શ્રી શત્રુંજયનો ઉદ્ધાર પૂર્ણ નથાય ત્યાં સુધી હું બ્રહમચર્ય વ્રત પાળીશ" " દિવસમાં એક વખત ભોજન કરીશ." "ખેળ– તેલ અને જળ આ ત્રણે ભેગાં કરી સ્નાન કરીશ નહિ." "રોજ એક જ વિગઇ ગ્રહણ કરીશ". અને પૃથ્વી પર શયન કરીશ. " પછી પિતા પાસે આવ્યો ત્યાં તેમને પ્રણામ કરીને એ પ્રમાણે કહ્યું કે ' હે પિતા ! શ્રીમાન સૂબા અલપખાનને પ્રસન્ન કરીને હું તીર્થનો ઉદ્ધાર કરવા માટે તેમની પાસેથી આજ્ઞા પત્ર મેળવી લઉ. તેમ તમો આજ્ઞા આપો. એટલે હું શ્રેષ્ઠ ભેટણાં મૂકી તેમને પ્રસન્ન કરું. કારણ કે દરેક કાર્યમાં રાજાની કૃપા એ મુખ્ય કારણ છે ' પિતા એ કહ્યું કે હે પુત્ર ! પરિણામે શુભ થાય તેવું કોઇ પણ કાર્ય કરવાની છૂટ છે. તને રુચે તે તું કર, સર્વ કાર્યો માં તને જ પ્રમાણ કર્યો છે. પછી સમરસિંહે મણિ– મોતી–સુવર્ણ અલંકાર આદિ અનેક બીજી ભેટો લઈને ગૂર્જર ભૂમિના અધિપતિ અલપખાનની શુભ દિવસે મુલાકાત લીધી. રાજા અલપખાન સમરસિંહને પોતાની પાસે આવેલો જોઈને અત્યંત આનંદ પામ્યો. તેથી તેણે હર્ષથી હાથ ઊંચો કરીને મોટે સ્વરે કહ્યું કે આવ ભાઇ ! આવ. તું સત્વર અહીં મારી પાસે આવ. પોતાના સ્વામીનો તેવા પ્રકારનો હર્ષ જોઈને સાધુ સમરસિંહે પોતાની કાર્ય સિદ્ધિનાં શકુન માન્યાં. અને તુરતજ પોતે લાવેલી બધી ભેટો તેને નિવેદન કરી. આગળ ધરી . તે ભેટો જોઈને અલપખાન અત્યંત પ્રસન્ન થયો. ખરેખર તેં આજે મને ઘણી ભેટો ધરી છે. તું મારી આજ્ઞા પાળનારો હોવાથી મને ઘણો પ્રિય છે. આજથી તને અહી આવવામાં ક્યારે પણ મનાઇ કરવામાં આવશે નહીં. તો હે મિત્ર ! તારે આ સમયે અહીં આવવાનું કારણ શું ? તે મને કહે.

પછી સમરસિંહે પ્રણામ કરીને કહ્યું કે પ્રભુ ! જો તમે પ્રસન્ન હો તો, મારું માંગેલું જો તમે આપો તો, મારું મનવાંછિત કંઇક માંગવું છે. ત્યારે સૂબો બોલ્યો 'હે સમર ! તારા કરતાં મારો પુત્ર પણ મને પ્રિય નથી. માટે તારી ઇચ્છા હોય તે તું માંગી લે. તેમાં કાંઇ વિચાર કરીશ નહીં.' પછી સમરસિંહે વિનંતી કરી કે હે સ્વામી ! હાલમાં શ્રી શત્રુંજય પર્વત ઉપરના મંદિરોનો તમારાં સૈન્યોએ નાશ કર્યો છે. આ તીર્થ જો હયાતીમાં હોયતો સમગ્ર હિન્દુઓ ત્યાંની યાત્રા કરે અને પોતાના ધનનો ઉપયોગ કરે. વળી તમારી હિન્દુ પ્રજા ત્યાં જઇને બીચારા– ગરીબ મનુષ્યોને ભોજન આપીને તેમજ બીજી પણ ઇચ્છાઓ પૂર્ણ કરે. માટે તમે જો આજ્ઞા આપો તો હું તે તીર્થનો ઉદ્ધાર કરાવું .

આ તીર્થનો નાશ કરીને તેમજ પાછી તેની પ્રવૃત્તિ કરીને તમે તેના વિધાતા બનો. આ સાંભળી અલપખાન સમરસિંહ ઉપર પ્રસન્ન થયો. ને કહ્યું કે હું તારા પર પ્રસન્ન થયો છું. ભલે તારી ઇચ્છામાં આવે તેમ તું કર. તે પછી

સમરસિંહે કહ્યું કે હે સ્વામી ! તમે જો પ્રસન્ન થયા હો તો તેને માટે એક પ્રમાણપત્ર (પરવાનો) આપો જેથી મારું આ કાર્ય સિદ્ધ થાય. આ સાંભળી ગુજરાતના અધિપતિ સૂબા અલપખાને પોતાના મુખ્ય પ્રધાન બહિરામખાનને સમરસિંહ માટે પરવાનો લખી આપવા આજ્ઞા કરી. બહિરામખાનને પણ સાધુ સમરસિંહ અધિક પ્રિય હતો. તેથી તેણે પોતાની ઓફિસમાં જઇને રાજાની આજ્ઞા પ્રમાણે તુરતજ અત્યંત માનપૂર્વક સમરસિંહને પરવાનો આપ્યો. અને તે પરવાનો સાથે લઇ સમરસિંહ સહિત બહિરામખાન અલપખાનની પાસે આવ્યો. અલપખાને તે પરવાનો હાથમાં લઈને વાંચી જોયો. અને પછી તેણે બહિરામખાનને કહ્યું કે મસ્તકના ટોપ સહિત એકસુવર્ણની તસરીફ જે મણિ અને મોતીઓથી ભરેલી હોય તેને સત્વર આપના ખજાનામાંથી લાવીને આપો. બહિરામખાને તુરત લાવી આપી. તેણે પોતેજ પાનનું બીડું અને પરવાનો સમરસિંહના હાથમાં સોંપ્યાં ને તસરીફ અર્પણ કરી. ને કહ્યું કે હે સાધુ ! નિર્ભય થઇને તારું મનવાંછિત સિધ્ધ કર. પછી બુદ્ધિશાળી સમરસિંહે તસરીફ લઇ લીધી અને આનંદપૂર્વક મસ્તકના ટોપને પહેરી લીધો. પછી પરવાનાને મસ્તક પર મૂકીને કહ્યું કે હવે પ્રમાણપત્ર રૂપી સિંહ મારી પાસે છે તેથી મને દુષ્ટ લોકો અને સમર્થ લોકો તરફથી ભય નથી. ત્યાર પછી એક ઉત્તમ ઘોડો મંગાવીને શ્રી અલપખાને સાધુ – સજ્જન એવા સમરસિંહને અર્પણ કર્યો. એટલે બહિરામખાને અલપખાનની આજ્ઞાથી સમરસિહને ઘેર જવા માટે ઘોડા પર ચઢાવી દીધો. અને પોતે ઘર સુધી સાથે આવ્યો. ત્યારે સમરસિંહે પોતાના ઘરે પધારેલા પ્રધાન બહિરામખાનને જાત જાતની ભેટો આપી પ્રસન્ન કર્યો. અને પછી તેમને વિનય પૂર્વક રજા આપી.

પછી સમરસિંહ પોતે શ્રી સિદ્ધસૂરિને વંદન કરવાની ઇચ્છાથી નગરના લોકો સાથે પૌષધશાલામાં ગયો. ત્યાં ગુરુમહારાજનાં ચરણમાં વંદન કરીને પ્રથમ આશીર્વચન મેળવ્યું. અને તીર્થના ઉદ્ધાર માટે જે પરવાનો મલ્યો હતો. તેનું નિવેદન ગુરુને કર્યું.ત્યારે ગુરુએ કહ્યું કે તારું ભાગ્ય ઉત્તમ પ્રકારે જાગતું છે કારણ કે દેવોના દ્વેષી એવા અલપખાને આ કાર્યમાં તને સંમતિ આપી. માટે હે સાધુ સમરસિંહ ! તીર્થનો ઉદ્ધાર કરવામાં તું સત્વરે ઉદ્યમ કર. તને ધર્મલાભ આપીએ છીએ. તેના પ્રભાવથી તારી કાર્યસિદ્ધિ વિના વિલંબે થાય.

તે પછી સમરસિંહે ગુરુને કહ્યું કે શ્રી વસ્તુપાલ મંત્રીએ મંમાણ પર્વતની એક શિલા પહેલાં આણેલી છે. અને તે શિલાને અખંડપણે ભોંયરામાં મૂકી રાખી છે. જે હજુ અખંડપણે હયાત છે. તો હે પ્રભુ તેમાંથી જ એક નવી પ્રતિમા તૈયાર કરવામાં આવે તો કેમ ? તે પછી ગુરુએ પુણ્યશાલી એવા દેશલને તથા પુત્ર સમરસિંહને કહ્યું. પૂર્વે મંત્રી વસ્તુ પાલ જે મંમાણ પર્વતની શિલા લાવ્યા હતા તે હાલ સંઘના તાબામાં છે. માટે ચારે પ્રકારના સંઘની અનુમતિ લઈને તેમાંથી એક પ્રતિમા બનાવીને તેની શ્રી શત્રુંજયપર મૂળનાયક તરીકે પ્રતિષ્ઠા કરી શકાય.

વળી એવો નિયમ પણ છે કે સર્વ પ્રકારનાં ધર્મકાર્ય હંમેશાં સંઘની સંમતિથી જ કરવાં.ગુરુની આ વાણી સાંભળી ભવિષ્યના કાર્યનો વિચાર કરવામાં ઉત્કંઠિત થઈને પ્રસન્નચિત્તે પોતાના ઘેર ગયા.

હવે એક દિવસે સમરસિંહે મોટા મોટા આચાર્યોને તથા સંઘના મુખ્ય મુખ્ય શ્રાવકોને એક સ્થલે ભેગા કર્યા. અને પછી શ્રી નેમિનાથ ભગવાનના મંદિરમાં સહુ સંઘને યોગ્ય રીતે બેસાડયો. પછી તેઓ સર્વેને પ્રણામ કરી બે હાથ જોડી સમરસિંહે કહ્યું કે આ સમગ્ર સંઘને મારી એક વિનંતિ છે. તેઓ મારી આ વિનંતિ ધ્યાનમાં લેશે એમ હું ઇચ્છું છું.

તમે જાણો છો કે કલિકાળની પ્રબલતાને કારણે મ્લેચ્છોએ તીર્થનાયક શ્રી શત્રુંજયનો હાલમાં નાશ કર્યો છે. કારણ કે કલિકાલ એ ધર્મનો સદા વૈરીજ છે. તીર્થનાયકનો ઉચ્છેદ થતાં શ્રાવકોના સર્વ ધર્મો પણ પૃથ્વી પર જાણે અસ્ત થયા હોય તેમ જણાય છે.હવે તમેજ વિચાર કરો કે આવા તીર્થનો જો વિચ્છેદ થાય તો દ્રવ્યસ્તવના અધિકારી ભાવયુક્ત શ્રાવકો દ્રવ્યસ્તવનું આરાધન કેવી રીતે કરશે ?

શાસ્ત્ર કહે છે કે ધર્મના ચાર પ્રકારમાં ભાવનાનું મુખ્ય સ્થાન છે. અને તેના કરતાં પણ મોક્ષ રૂપ વૃક્ષને વૃદ્ધિ પમાડવામાં જલસમાન પ્રભાવના શ્રેષ્ઠ છે. આ પ્રભાવના યાત્રામાં થઈ શકે છે. અને તે યાત્રા તીર્થનાયક હોય તો જ સંભવે છે. માટે સંઘ મને અનુજ્ઞા આપે તો હું આ તીર્થ ઉપર તીર્થનાયકની પ્રતિષ્ઠા કરાવું. મંત્રી શ્રી વસ્તુપાલે મંમાણ પર્વતની ખાણમાંથી જે એક શિલા આણેલી છે તે હાલ એક ભોંયરામાં અખંડ પણે પડેલી છે. અને તે શિલાને મંત્રીએ શ્રી સંઘના રક્ષણ હેઠળ મૂકી છે. માટે જો સંઘની આજ્ઞા હોય તો તે શિલામાંથી મૂલનાયકની એક પ્રતિમા ઘડાવું અથવા બીજી હલહી (મોટું જાડું પાટિયું) મંગાવી ઘડાવું.

સમરસિંહના વચન પર આચાર્ય ભગવંતો અને સંઘપતિ શ્રાવકોએ માંહોમાંહે વિચાર કરીને કહ્યું કે સાધુ સમરસિંહ તું અત્યારે કલિકાલ માં અમૃતના તલાવ જેવો શોભે છે. ઉદ્ધારની જરૂર પણ છે. તેમજ મંમાણ પર્વતની શિલાપણ વર્તે છે. પણ તે શિલા વાપરવા જેવો ભયંકર કલિકાલ નથી. માટે તે શિલા જેમ રાખવામાં આવી છે તેમ હમણાં ભલે રહી તું આરસ પહાણની નવી શિલા મંગાવીને નવી પ્રતિમા તૈયાર કરાવ. સંઘની આ આજ્ઞા સાંભળીને મસ્તક પર અંજલિ કરી તે આજ્ઞા માની. પછી તે સંઘનો આદેશ લઈને પોતાના ઘરે ગયો. ને પિતા દેશલને સર્વ વૃત્તાંત જણાવ્યો. દેશલે પણ સંઘની આજ્ઞા સ્વીકારી. પછી સમરસિંહે આરસની ખાણમાંથી શિલા લાવવા માટે પોતાના ખાસ માણસો મોકલ્યા. માણસો આરસની ખાણના સ્વામી ઉપર યોગ્ય વિનંતિ પત્ર અને પુષ્કળ ભેટો લઈને ચાલી નીકલ્યા. તેઓ ઉત્સાહથી થોડાજ સમયમાં તે દેશના રાજાથી શોભતાં ત્રિસંગપુર નામના નગરમાં પહોંચી ગયા. ત્યાં મહીપાલદેવ નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાએ જન્મથી જ મદિરા– માંસ ને ભાંગનું ભક્ષણ કર્યું નહોતું તેમજ પોતાના દેશની પ્રજામાં પણ તેનો પ્રચાર અટકાવ્યો હતો. તે રાજા કોઈ દિવસ ત્રસ જીવનો વધ કરતો ન હતો. તેના રાજ્યમાં પણ – હિંસા અટકાવી હતી. જુગાર રમનારાઓ પણ હું મારું તેમ બોલી શકતા ન હતા. રાજાશૈવ ધર્મી હતો છતાં પણ તેની બુદ્ધિ જૈન ધર્મના પાલનમાં મક્કમ મનવાલી હતી. તેથી જગતમાં આ નવો કુમારપાલ છે તેવી તેની ખ્યાતિ થઈ હતી.તે રાજાને પાતાક નામે મુખ્ય મંત્રી હતો. આ સમરસિંહના માણસો વિનંતિ પત્ર લઈને મહીપાલદેવ રાજાને મલવા ગયા ને રાજાને વિનંતિ પત્ર આપ્યો. તુરતજ રાજાની આજ્ઞાથી તે વિનંતિ પત્ર પાતાક મંત્રીએ ઉચ્ચસ્વરે વાંચીને સંભળાવ્યો.

આ પત્રનો અર્થ જાણીને પોતાને ઈન્દ્રની લક્ષ્મી પ્રાપ્ત થઈ હોય તેમ મનમાં હર્ષ પામી આ પ્રમાણે કહ્યું, 'ખરેખર આ સમરસિંહને ધન્યછે. તેનો જન્મ પણ સફલ છે. કારણકે આવા કલિકાલમાં પણ તેની બુદ્ધિ સત્યયુગને અનુસરનારી છે. મને પોતાને પણ ધન્ય છે કે મારા તાબામાં તે આરસ પહાણ છે. જો મારા તાબામાં આરસ પહાણની ખાણ ન હોત તો મને કોણ યાદ કરતે ? માટે હે પાતાક મંત્રી ! સાધુ સમરસિંહ તરફથી આવેલી તેની ભેટો પાછી આપી દો.આવા સુંદર અને ઉત્તમોત્તમ ધર્મ કાર્યમાં આપણાથી ધન કેમ લેવાય.?'

હવે આપણી ખાણમાંથી પ્રતિમા માટે પાટો ગ્રહણ કરનાર પાસે જે કર લેવાય છે. તેનો પણ હું આજથી ત્યાગ કરું છું. અને આ કાર્યમાં જે કંઇ જોઈએ તે સર્વમાં હું પોતે જ સહાય કરીશ. એમ કહી તે રાજા સમરસિંહના માણસો ને તથા પાતાક મંત્રીને સાથે લઇ આરસ પહાણની ખાણ ઉપર ગયો.ત્યાં જઇ આરસની પાટો કાઢનાર માણસોને પોતાની પાસે બોલાવી ભેગા કર્યા, અને સન્માન પૂર્વક પ્રતિમા માટેની શિલા કાઢવાના મૂલ્યની આંકણી કરાવી. તે સમયે કારીગરોએ પોતાની ઇચ્છાનુસાર જે દ્રવ્યની માંગણી કરી તેના કરતાં અધિક દ્રવ્ય આપવાની મહીપાલ રાજાએ ખુશી બતાવી. તેપછી શુભવારે– શુભ મુહૂર્ત ને શુભ નક્ષત્રે મહીપાલ રાજાએ વખાણની પૂજા કરી. અને બિંબ માટેની શિલા કાઢવાનો આરંભ કર્યો . તે વખતે સમરસિંહના માણસોએ ભોજન, સુવર્ણ અલંકારો, વસ્ત્ર– તાંબૂલ વગેરે આપીને કારીગરોને પ્રસન્ન કર્યા. બીજી તરફ મહોત્સવ ચાલુ કરીને યાચકોને ઇચ્છિત દાન આપ્યાં. યોગીઓ – ભિક્ષુકો – અનાથ માણસો માટે ચિંતામણિ સમાન સાર્વજનિક સત્રાલયો (અન્નક્ષેત્રો) તેઓએ ખુલ્લાં મૂક્યાં. પછી મહીપાલ રાજા પોતાના મંત્રીને ત્યાં રાખીને પોતાનું નગર ત્રિસગંમપુર છે ત્યાં પાછો આવ્યો. મહીપાલરાજા અને સમરસિંહ હંમેશાં મોકલેલા માણસોના જવા આવવાથી ત્યાંની ખબર મેળવતા હતા.

બીજી તરફ કારીગરોએ અત્યંત ઉત્સાહ પૂર્વક ખાણ ખોદતાં થોડાજ દિવસમાં એક શિલાપાટ બહાર કાઢી. પાણીથી ભીની કરીને જોતાં તેના મધ્યભાગમાં એક સીધી ફાટ જોવામાં આવી. આ સમાચાર સમરસિંહને મલતાં માણસો દ્વારા સમાચાર કહેવડાવ્યા કે બીજી નવી શિલા કઢાવો. ફરીથી કારીગરોએ એકદમ ઝડપથી શિલા કાઢવા જતાં બીજી શિલા પણ બે કટકાના રૂપમાં જ બહાર આવી. તે જોઈને રાજાનો મંત્રી અને સમરસિંહના માણસો ખિન્ન થયા. અઠમ તપ કરવાનો નિશ્ચય કરી દર્ભના આસન ઉપર સંથારો કર્યો. તે પછી ત્રીજી રાત્રે શાસનદેવતા તથા કપર્દીયક્ષ પ્રગટ થઇને મંત્રીને કહેવા લાગ્યા. હે મંત્રીશ્વર તું સર્વ શ્રાવકોમાં શિરોમણિ છે. અને જૈનધર્મનો જાણકાર છે. છતાં તેં આવું અજ્ઞાનીના જેવું આચરણ કેમ કર્યું ? અમે બન્ને તારા સાધર્મિક છીએ છતાં તેં અમારું સ્મરણ પણ કર્યું નહિ. અને આ કાર્યનો પ્રારંભ કર્યો . શું આમ કરવું તને યોગ્ય હતું. ? જો કે આ કાર્ય સિદ્ધિમાં તો સમરસિંહનું ભાગ્ય સતત અવિચ્છિન્ન ને જાગૃત છે. તો પણ હવે તમે આ પ્રદેશમાંથી બિંબશિલાને બહાર કાઢો.આમ કહીને તે સ્થાન બતાવીને ક્ષણવારમાં તે બે દેવો અંતર્ધ્યાન થયા. બીજે દિવસે સવારે મંત્રીએ તથા સમરસિંહના સેવકોએ અઠમ તપનું પારણું કર્યું.

તેઓએ બતાવેલા સ્થાને કારીગરોએ આનંદપૂર્વક ખોદવા માંડયું. એટલે તે સ્થલે તુરતજ દેવતાના પ્રભાવથી કારીગરોના હાથોનો સ્પર્શ થતાંજ એકશિલા બહાર આવી. એ શિલા ચંદ્રનાં કિરણો જેવી સ્વચ્છ અને સ્ફટિક મણિના જેવી ઉજજવળ હતી સમરસિંહનું પ્રત્યક્ષ પુણ્ય હોય તેવી દેખાતી હતી. કારીગરોએ તે શિલાને પાણીમાં પલાળીને જોઇ અને નિર્દોષ હોવાનો નિશ્ચય કર્યો. તેમાંથી તેઓએ બિંબને યોગ્ય એવી એક પાટ ઘડી કાઢી. તે સમયે મંત્રીશ્વરે આ સમાચાર માણસો દ્વારા સમરસિંહ તરફ મોકલી આપ્યા. તે માણસે પાટણ જઇને દેશલને તથા તેના પુત્રને શિલાપાટની સિદ્ધિ વિષે વધામણી આપી. તે સાંભળી દેશલે પણ વધામણી લાવનારા માણસને બે રેશમી વસ્ત્ર–સુવર્ણના દાંત અને સુવર્ણની જીભ ભેટ આપી. અને પછી ચતુર્વિધસંઘના મોટા મોટા માણસોને ભેગા કર્યા અને મહોત્સવનો આરંભ કર્યો ને સહુને પહેરામણી કરી સ્વાગત કર્યું. સ્તુતિપાઠકો અને યાચકોને દાન આપીને સંતોષ્યા. આ પ્રમાણે વધામણું કરી દેશલે સંઘની સમક્ષ બે હાથ જોડી વિનંતિ કરી. સંઘના આદેશની કૃપાથી મૂળનાયકની મૂર્તિ માટે એક

નિર્દોષ શિલાપાટ તૈયાર થઇ છે. માટે હવે તેમાંથી હું પ્રતિમા કરાવું કે વસ્તુપાલ મંત્રીએ આણેલી શિલામાંથી કરાવું ? આ વિષે સંઘ ફરીથી મારા પર કૃપા કરી આજ્ઞા આપે, તે સાંભળી સંઘે પ્રથમ જે પ્રમાણે કહ્યું હતું. તે જ પ્રમાણે કહ્યું, કારણ કે સજ્જનોનું વચન પથ્થરની ઉપર દોરેલી રેખાની જેમ ફેરફાર થતું નથી.

તે વખતે સંઘના આગેવાન પુરુષોએ સમરસિંહને કહ્યું કે હે સાધુ સમરસિંહ ! શ્રી શત્રુંજય ઉપરનાં સર્વ દેવ મંદિરોનો ઉદ્ધાર કરાવવો જોઈએ કારણ કે મ્લેચ્છ લોકોએ મુખ્ય દેરાસર સાથે તેની આસપાસ રહેલી સર્વ દેરીઓનો પણ નાશ કર્યો છે, માટે આપણે બધાય આ પુણ્યકર્મની વહેંચણી કરી લઈએ. સમસ્ત સંઘ તે કાર્ય કરવા માટે સર્વને સૂચના આપે. આ સાંભળી તેમાંનો કોઇ એક પુણ્યવાન પુરુષ બોલી ઊઠ્યો કે શ્રી શંત્રુજય ઉપરના મુખ્ય દેરાસરનો હું ઉદ્ધાર કરાવીશ. સંઘ તે માટે મને અનુમતિ આપે. ત્યારે સંઘ બોલ્યો કે :

"જે પુરુષ પ્રતિમા કરાવનારો છે. તેજ મુખ્ય દેરાસરનો ઉદ્ધાર પણ ભલે કરાવે. કેમકે જેનું ભોજન હોય તેનું જ પાન બીડું યોગ્ય ગણાય" આ વાતનો એ પ્રમાણે નિર્ણય થયો તે પછી સંઘે તે તે ધર્મકૃત્યની મુખ્ય પુરુષોને વહેંચણી કરી આપી અને પછી સર્વેએ સંઘને તથા સંઘના વચનને પ્રમાણ કરીને પોત પોતાને સોંપવામાં આવેલા કાર્યમાં ઉત્સાહ બતાવ્યો ને સૌ સૌને ઘેર ગયા. સાધુ દેશલ પણ પ્રભુના આદેશની પેઠે સંઘના આદેશને પામી આનંદિત બન્યો. તેણે ફરીથી પણ પાતાક મંત્રી પાસે કેટલુંક ધન ને માણસો રવાના કર્યા કારણ કે આવાં શુભ કાર્યોમાં ક્યો પુરુષ ધનના ખર્ચની ગણતરી કરે ?

બીજી તરફ પાતાક મંત્રીએ જ્યારે નિર્દોષ શિલા ખાણમાંથી નીકળી ત્યારે કારીગરોને સુવર્ણનાં કંકણ–વસ્ત્ર વગેરેનું દાન આપી સંતોષ્યા. મહીપાલ રાજા પણ તે બિંબ શિલાને નીકળેલી સાંભળીને તેને વધાવવા માટે આનંદપૂર્વક પોતાના નગરમાંથી ખાણ ઉપર આવ્યો. તેણે તો પ્રત્યક્ષ ભગવાન નીકલ્યા હોય તેમ કસ્તુરી–કપૂર ને પુષ્પો વડે શિલાપાટનું પૂજન કર્યું. મોટાં મોટાં દાનો આપ્યાં. નૃત્યને સંગીતનો આરંભ કરાવ્યો.. એકઠા થયેલા લોકોને પાનબીડાં અર્પણ કર્યા, ને પછી રાજાએ તે શિલાપાટને કારીગરો દ્વારા ખાણ ઉપરથી નીચે ઉતરાવી ને મહોત્સવ કરાવ્યો. આજુબાજુના ભાવિક લોકો ત્યાં આવી આવીને શિલાપાટની કપૂર ચંદન ને પુષ્પો વડે પૂજા કરવા લાગ્યા. બીજા શ્રાવકોએ પણ ગીત– ગાન અને વાજિંત્રો વડે સર્વ પ્રદેશને શબ્દમય કરી મૂક્યો, પછી રાજા પાતાક મંત્રીને સર્વ ભલામણ કરી પોતાના નગરમાં ગયો અને પાતાકમંત્રીએ એક મોટા રથ ઉપર તે શિલાને ચઢાવીને પર્વત પરથી નીચે ઉતરાવી, તે વખતે તેની આગળ પાછળ અનેક પુરુષો વળગેલા હતા અને બળવાન ધોળા બળદો તેને ખેંચતા હતા. માર્ગમાં પગલે પગલે કોદાળીવાળા માણસો ખાડા ટેકરાવાળી જમીનને ખોદી રહ્યા હતા અને રથનાં બન્ને પૈડાંઓની ધરીઓ ઉપર સતત તેલની ધારાઓ થયા કરતી હતી, આ રીતે મોટા આરંભથી તે શિલાપાટને મંત્રીએ નીચે ઉતરાવી.

એ મહાન રથ કુમાર સેના નામના ગામના ઉપવનની સપાટ પર જ્યારે આવ્યો ત્યારે ત્યાંથી લગાર પણ આગળ ચાલ્યો નહિ. ત્યાં લોકો આવીને ઉત્સવ કરવા લાગ્યા. બીજી તરફ મંત્રીએ પાટણ નગર તરફ એક માણસને મોકલીને સાધુ સમરસિંહને ખબર કહેવડાવી કે પ્રતિમા માટેની શિલાપાટ કુમારસેના ગામ સુધી આવી ગઇ છે. આ સાંભળીને સમરસિંહ પણ મેઘનો ધ્વનિ સાંભળીને જેમ મોર આનંદ પામે તેમ પ્રસન્ન થયો.

પછી તેણે ઉત્તમ બળદો લાવવા માટે દરેક ગામમાં પોતાના માણસો મોકલ્યા. તે માણસોએ સર્વ ઠેકાણે બળદની તપાસ કરવા માંડી તેથી જેની પાસે બળવાન બળદો હતા તેઓ પોતાના બળદો લઈને સમરસિંહ પાસે આવવા લાગ્યા. તેમાં કેટલાક-ખેડૂતો, બ્રાહ્મણો, રજપૂતો ને શ્રાવકો પણ હતા. સાધુ સમરસિંહ તે બળદોની ઘણી મોટી કીમત આપતો હતો પછી તેણે એક ગાડું, કેટલાક બળદો તથા રસ્તામાં સમારકામ કરનારા પુરુષો કુમારસેના ગામ તરફ રવાના કર્યા. પાતાકમંત્રી લોખંડથી જડેલા મજબૂત ને વિશાલ એવા તે ગાડાને જોઈને જાણે મોટો એક રથ ન હોય તેમ માની આનંદ પામ્યો. પછી તે ગાડામાં તેઓએ તે શિલાપાટને જેવી ચઢાવી કે તુરત જ તે ગાડું જીર્ણ હોય તેમ ભાંગીને ભુક્કો થઈ ગયું, તે જોઈ મંત્રી ખેદ પામ્યો. તેણે ફરીથી બીજું મજબૂત ગાડું સમરસિંહ પાસે મંગાવ્યું અને તે ગાડું આવેથી જેવી શિલા ચઢાવી કે તુરત જ ગાડું ભાંગી ગયું, કારણ કે દેવનો ભાર ઉપાડવા માટે કોણ સમર્થ થાય ? આ ગાડું ભાંગી જવાના સમાચાર મંત્રીએ ચિંતાતુર થઈ સમરસિંહને મોકલ્યા. ભાંગી ન જાય તેવું ગાડું ક્યાંથી મેળવવું ? આ શિલા-રથ-ગાડું કે માણસોની ખાંધ પર આવતી નથી તો મારા પિતાના મનોરથ કેમ સફળ થશે ? ચિંતા કરતાં કરતાં સમરસિંહની ઊંઘ પણ ચાલી ગઈ અને ચિત્ત અત્યંત વ્યાકુલ બની ગયું, ત્યારે શાસનદેવીએ પ્રત્યક્ષ એ સ્વરૂપમાં આવીને કહ્યું કે તું ખેદ ન કર.

ઝંઝા નામના ગામમાં જે એક દેવી છે. તેની યાત્રા માટે એક ગાડું બનાવવામાં આવ્યું છે. તે દેવતાથી અધિષ્ઠિત ને મજબૂત છે. એટલું જ નહિ પણ યાત્રા વખતે તેના પર પચાસ માણસો ચઢે તો પણ તે ગાડું બે કોસ જેટલી ભૂમિ -માત્ર બે બળદો વડે ચાલ્યું જાય છે. આ ગાડું પોતાના ભક્તને ઉપદેશ કરીને દેવી પોતે તને આપશે. તેથી તારા મનોરથ સિદ્ધ થશે.

શાસનદેવીનું આ વચન સાંભળીને સમરસિંહ પોતાના આત્માને જગતમાં સર્વથી મોટો માનવા લાગ્યો. અથવા માર્ગમાં ભૂલો પડેલો મનુષ્ય માર્ગ જડતાં કેમ આનંદ ન પામે ? તેમ તેણે પ્રાતઃકાળમાં પોતાના પિતા પાસે જઈને દેવીનો આ સર્વવૃત્તાંત કહ્યો. એટલે તેના પિતા દેશલ શાસનદેવીનાં દર્શનથી પોતાના પુત્રને ભાગ્યશાળી માનવા લાગ્યા, અને પછી સમરસિંહે તે ગાડું લાવવા માટે તૈયારી કરી તેજ સમયે દેવીએ મોકલેલો એક પૂજારી તેની પાસે આવ્યો અને બોલ્યો.

" દેવીએ મને આજ્ઞા કરી છે કે સમરસિંહ પાસે જઈને તું કહે કે મારા ગાડાવડે સુખપૂર્વક હું તે શિલા તારા ઈષ્ટ સ્થાને પહોંચાડીશ " માટે હે સાધુ સમરસિંહ ! દેવીએ આપેલા આ ગાડાને તું ભાડા વિના જ લઈ લે. દેવીની કૃપાથી તારા સર્વ મનોરથો સિદ્ધ થશે. સાધુ સમરસિંહે દેવીના ભક્ત તે પૂજારીને વસ્ત્ર-અલંકારો વગેરે આપીને સુંદર રીતે સંતોષ્યો, અને પછી ગાડા માટે તેની સાથે પોતાના માણસોને રવાના કર્યા. તેઓ દેવતાથી અધિષ્ઠિત એવું ગાડું લઈ કુમારસેના ગામમાં મંત્રીની પાસે પહોંચ્યા અને તેને તે ગાડું સુપરત કર્યું. પછી મંત્રી વગેરે સર્વ પુરુષોએ તે ગાડાને શિલાપાટના આગલા ભાગમાં સજજ કર્યું. અને એ શિલાપાટ જેવી ચઢાવવા માંડી કે તુરત જ પોતાની મેળે ઊંચી થઈ ગઈ અને બહુ જ થોડા પ્રયત્ને શિલાપાટને કારીગરોએ ગાડા પર ચઢાવી દીધી.

પછી મંત્રીશ્વર પાતાકે શુભ મુહૂર્તે તે ગાડામાં વીશ બળદો જોડી દીધા અને સો માણસો તેને વળગાડીને ત્યાંથી

ચાલતું કર્યું. તેમજ તે પોતે પોતાના દેશના સીમાડા સુધી સાથે રહ્યો, ને પછી પાછો ફર્યો. માર્ગમાં કોદાળીવાળા માણસો ખાડા ટેકરાને પૂરીને માર્ગને સપાટ કરતા હતા, ને તે ગાડું દેવથી પ્રેરાયું હોય તેમ વેગથી આગળ ચાલવા લાગ્યું. માર્ગમાં જતાં ઠેકાણે ઠેકાણે અને પગલે પગલે તે શિલાપાટનું લોકો વંદન ને પૂજન કરતા હતા. એમ કરતાં અનુક્રમે તે શિલાપાટ ખેરાલું નામના નગરની પાસે આવી પહોંચી, ત્યાં નગરના સંઘે તેનું પૂજન કરી પ્રવેશ મહોત્સવ કર્યો, અને બીજે દિવસે આગળ ચાલી. ત્યારબાદ કેટલાક દિવસે ભાંડુ ગામની સમીપે આવી પહોંચી. દેશલે પોતાની શિલાપાટને ત્યાં સુધી આવેલી જાણીને પોતે તથા પુત્ર એમ બન્ને જણા તેનાં દર્શન માટે ઉત્કંઠિત બન્યા અને પછી તે સમયે શ્રી સિદ્ધસૂરિ તથા પાટણના લોકો સહિત દેશલ ભાંડુ ગામ તરફ ગયો. ત્યાં જઈને અત્યંત નિર્મલ અને શુદ્ધશિલાને જોતાં દેશલની આંખમાંથી હર્ષનાં આંસુઓ ઊભરાયાં, પછી તેણે કુંકુમ–કપૂર–ચંદન વગેરે વડે તે શિલા પાટની પૂજા કરી તે વખતે હજારો ગવૈયાઓ ને સ્તુતિપાઠકો ત્યાં એકઠા મલ્યા. જેથી સમરસિંહે પિતાની આજ્ઞા લઇ તેઓને વસ્ત્ર વગેરે આપી સન્માન કર્યું. બીજા લોકોએ પણ ચંપો – આસોપાલવ – કેવડો વગેરે પુષ્પોથી શિલાપાટની પૂજા કરી.

ભવિષ્યકાળની વસ્તુમાં ભૂતવદ ઉપચાર થઈ શકે છે આવા વ્યાકરણ શાસ્ત્રના વચનને તેઓએ સત્ય કરી બતાવ્યું, તે શિલાપાટને ભવિષ્યમાં થનારા જિન માનીને માણસો પૂજવા લાગ્યા અને વાજિંત્રોના શબ્દોથી ગાજી રહેલી દિશાઓ જાણે દેશલના ગુણગાન કરતી હોય તેમ લાગતું હતું. વળી તે સમયે પાટણ નગરમાં તેવો કોઇ બાળક યુવાન કે વૃદ્ધ મનુષ્ય ન હતો જેણે આ શિલાપાટનાં દર્શન કર્યા ન હોય.

સર્વ મનુષ્યો પણ એકી સાથે આનંદ પામીને દેશલ તથા તેના પુત્રને ધર્મઉદ્ધારક તરીકે સ્તુતિપાઠકોની જેમ સ્તુતિ કરતા હતા. પછી દેશલે સર્વને સમાન ભોજન આપ્યું. સાધર્મિકોનું વાત્સલ્ય કર્યું. તેમજ સર્વ કારીગરો ને બીજા સર્વ માણસોને સોનાના અલંકારથી સંતોષ્યા, ત્યાંથી શિલાપાટને આગળ ચલાવી. માર્ગમાં દરેક ગામ ને લોકો સ્પર્ધાપૂર્વક પૂજા કરવા લાગ્યાં. શિલાપાટ જેમ જેમ આગળ ચાલવા માંડી તેમ તેમ કળિયુગનો નાશ થતો આવ્યો.

આ રીતે માર્ગને કાપતી ને લોકોવડે હંમેશાં પૂજાતી તે શિલા શત્રુંજય પર્વતની તળેટીમાં જઇ પહોંચી, તે વખતે પાલિતાણાના સંઘે તેનો પ્રવેશ મહોત્સવ કર્યો. અને સાધુ દેશલના પરિવારે અવિચ્છિન્ન વધામણું કર્યું. વધામણું કરનારે પાટણ જઈને દેશલને ખબર આપી કે શિલાપાટ શત્રુંજય પર્વતની સમીપ પહોંચી ગઇ છે. આ વાત સાંભળીને સાધુ દેશલે તે જ સમયે માણસોને પાછા મોકલી ને સંદેશો કહેવડાવ્યો કે શિલાપાટને પર્વતની ઉપરના ભાગમાં ચઢાવી દો તેમજ સર્વ કળાજ્ઞાનમાં કુશળતા ધરાવનારા સોળ કારીગરોને પ્રતિમા ઘડવા માટે પાટણમાંથી રવાના કર્યા. વળી જેઓને નવસોરઠ દેશના અધિપતિ માંડલિક રા "કાકા" કહેતા હતા તે બાલચંદ્ર નામના મુનિને જૂનાગઢથી દેશલે માણસો મોકલીને જલદી શ્રી શત્રુંજય ઉપર તેડાવ્યા, ને બાલચંદ્ર મુનિ ત્યાં જઇ પહોંચ્યા. તેમણે કારીગરો દ્વારા શિલાપાટને ગાડા ઉપરથી નીચે ઉતરાવી અને તેને કંઇક હલકી કરાવી ને પર્વત ઉપર ચઢાવવાને યોગ્ય કરી.

તે પછી ખાંધે ભાર ઉપાડનારા ચોર્યાશી પુરુષોને દાન વગેરેથી પ્રસન્ન કરીને એકઠા કર્યા, એટલે તેઓએ લાકડીઓ, દોરડાંઓ બાંધી શિલાપાટને ખાંધે ઉપાડનારા સર્વ પુરુષોના ખભા ઉપર મૂકી, તે પછી તેઓ ઘણી જ ઝડપથી પર્વત ઉપર ચઢતા શિલાપાટને ચઢાવવા લાગ્યા. જાણે કે સાધુ દેશલની કીર્તિ ઉપર લઇ જતાં હોય તેવું દેખાવા લાગ્યું.

જ્યારે ભોજન કરવાના સમયે તેઓ જ્યાં વિશ્રાંતિ લેતા હતા. ત્યાં સમરસિંહના માણસો તેઓને યથેષ્ઠ ભોજન આપતા હતા. એ પ્રમાણે પગલે પગલે પૂજાતી તે મહાન શિલા છ દિવસે ઉપર ચઢી રહો. પૂર્વે જાવડીને જ્યાં આદિનાથ પ્રભુની પ્રતિમા ચઢાવતાં છ માસ લાગ્યા હતા ત્યાં સાધુ દેશલની શિલા દેવની કૃપાથી માત્ર છ જ દિવસમાં ઉપર પહોંચી ગઇ.

તે પછી ઉત્તમ કારીગરોએ મંદિરના તોરણદ્વારના આગળના ભાગમાં તે શિલાપાટને ઘડવી શરુ કરી. બાળચંદ્ર મુનિ જે સર્વકલામાં કુશલ હતા તેઓ હંમેશાં એકાંતરે આહાર કરીને કારીગરોને શિખામણ આપ્યા કરતા હતા. પછી પ્રતિમા જ્યારે ઘડાઈને તૈયાર થઇ અને તેને ઘસીને લીસી કરવામાં આવી ત્યારે તે તેજસ્વી ને આશ્ચર્યકારી લાગવા માંડી

પછી બાલચંદ્ર મુનિએ ભગવાનની પ્રતિમાને મૂળસ્થાને મૂકીને શ્રી પાટણનગરમાં સાધુ દેશલને ખબર મોકલી. એટલે દેશલે આનંદ પામીને પોતાના પુત્ર સમરને કહ્યું કે હે પુત્ર ! પ્રભુનું બિંબ તૈયાર થઇ ગયું છે ને પોતાના સ્થાને હાલ મૂક્યું છે. જેથી હવે આપણી ઇચ્છા સિદ્ધ થઇ છે. માટે હવે આપણે ચારે પ્રકારના સંઘ સાથે ત્યાં યાત્રાએ જઇને જો આપણે પ્રતિષ્ઠા કરીએ તો ખરેખર કૃતકૃત્ય થઇએ. આટલી વાત થયા પછી તે બન્ને પિતા-પુત્ર પૌષધશાળામાં શ્રી સિદ્ધસૂરિ ગુરુને વંદન કરવા ગયા. ત્યાં જઇને તેઓને પ્રણામપૂર્વક કહ્યું કે આપ પૂજ્યના ઉપદેશરૂપ જળસિંચનથી અમારું આશારૂપી વૃક્ષ અંકુરિત થયું હતું તે નિરંતર આપના ઉપદેશ રૂપ અમૃતથી સિંચાઇને હાલમાં બિંબના મૂલસ્થાને સ્થાપનથી ફળીભૂત થયું છે. તો હે પ્રભુ ! હવે તેની પ્રતિષ્ઠા કરવાના અમારા ઉત્તમ ઉ્હેલાને તમે તુરતજ સફળ કરો. તેમજ હે ભગવંત ! છેક્યકથી માંડીને કળશ પર્યંત મુખ્ય દેરાસરના શિખરનો ઉદ્ધાર પરિપૂર્ણ કરાવ્યો છે.

અને દેવની જમણી બાજુ ચોવીશ ભગવાનોથી યુક્ત અષ્ટાપદના સમાન દેખાવનું એક નવું દેરાસર પણ કરાવ્યું છે. વળી બલાનક મંડપનો ત્રિભુવનસિંહે પોતાના પૂર્વજોનો ઉદ્ધાર કરવા માટે ઉદ્ધાર કરાવ્યો છે, અને તેજ સત્પુરુષે ચાલુ સમયમાં પણ પૃથ્વી પર વિચરી રહેલા (વિહરમાન) અરિહંતોનું પણ એક નવું દેરાસર મૂળનાયકજી ભગવાનના પાછલા ભાગમાં બંધાવ્યું છે. તેમજ નિર્દોષ બુદ્ધિવાલા સ્થિર દેવના પુત્ર સાધુ લંઢુકે નાની નાની ચાર દેરીઓ બંધાવી. જૈત્ર તથા કૃષ્ણ નામના બે સંઘપતિઓએ જિનબિંબથી યુક્ત આઠ દેરીઓ કરાવી. વળી સાધુ પૃથ્વીભટની જાણે કીર્તિ ન હોય તેવા સિદ્ધ કોટાકોટિના ચૈત્યને મ્લેચ્છ લોકોએ પાડી નાખ્યું હતું. તેનો પણ હરિશ્ચંદ્રના પુત્ર કેશવે ઉદ્ધાર કરાવ્યો. તેમજ બીજી જે જે દેરીઓનો ચૂનો વગેરે નીકળી ગયો હતો તે સર્વેને કોઇ કોઇ પુણ્યશાળી પુરુષે કરાવ્યો છે. એ રીતે શ્રી શત્રુંજય ઉપરનાં સર્વ સ્થાનકો પૂર્વની જેમ મૂળ સ્થિતિમાં આવી ગયાં છે, તેથી હવે આ તીર્થનો ભંગ થયો હતો તેવું જરાપણ દેખાતું નથી.

તે સાંભળી ગુરુ બોલ્યા, હે સાધુ ! પ્રતિષ્ઠા માટેનું મુહૂર્ત જ્યારે ઉત્તમ હોય ત્યારે તે કરવી જોઇએ જેથી તે સ્થિર થાય, પછી ખૂબ જ ગુણવાલા આચાર્ય ભગવંતો અને જ્યોતિષના જાણકાર બ્રાહ્મણોને ભેગા કરવામાં આવ્યા. જેથી મુહૂર્તની શુદ્ધિ બરાબર જોવામાં આવે. પછી સર્વને ઉચ્ચ આસને બેસાડવામાં આવ્યા. પછી દેશલે ઊભા થઇ બે હાથ જોડી જ્યોતિર્વેત્તાઓમાં શ્રેષ્ઠ આચાર્ય મહારાજને પ્રાર્થના કરી કે હે પ્રભો ! કોઇ શુભ મુહૂર્ત શોધી આપો. આ સાંભળીને તે સર્વે જ્યોતિષશાસ્ત્રવેત્તાઓ વારંવાર માંહોમાંહે વિચાર કરવા લાગ્યા, અને આખરે તેઓએ એક નિર્દોષ

મુહૂર્તનો નિર્ણય કરી જાહેર કર્યું. એ સર્વને સંમત થયું એટલે એક મુખ્ય જ્યોતિષી પાસે તુરતજ લગ્નપત્રિકા લખાવી, અને લગ્નપત્રિકા કંકુનાં છાંટણાંથી છંટકાયેલી અત્યંત શોભતી હતી. તે પત્રિકા તેઓએ દેશલના હાથમાં અર્પણ કરી, પછી સાધુ સમરસિંહે આચાર્ય મહારાજોનાં ચરણ ઉપર ચંદનનું તિલક કરી તેમનાં મસ્તકનું કપૂરથી પૂજન કર્યું, ને વંદન કર્યું. જ્યોતિષવેત્તાઓનાં લલાટમાં કાલાગરુનાં તિલક કરી ઉત્તમ દ્રવ્ય–વસ્ત્ર ને પાનબીડાં આપી સન્માન કર્યું. શ્રાવકોને ચંદનનાં તિલક ને ફૂલમાલા પહેરાવી, કપૂર સાથેનાં પાનબીડાં આપી સંતોષ પમાડ્યા, ને દેશલે શ્રી સંઘને બહુમાનપૂર્વક વિદાયગીરી આપી.

પછી પ્રતિષ્ઠાનો સમય નજીક આવ્યો એટલે દેશલે સર્વ દેશોમાંથી સંઘને બોલાવવા માટે કોઇ ઠેકાણે કુટુંબીઓને કોઇ ઠેકાણે પૌત્રોને કોઇ ઠેકાણે પોતાના સલાહકારોને કોઇ ઠેકાણે બીજા પુરુષોને વિનંતિપત્ર લઇને રવાના કર્યા, અને પોતે યાત્રાને માટે પ્રત્યક્ષ રથના જેવું એક દેવાલય તૈયાર કરાવ્યું. એ દેવાલયને પૌષધશાલામાં લઇ જઇ શ્રી સિદ્ધસૂરિ ગુરુ પાસે વાસક્ષેપ નંખાવ્યો.. પછી દેશલે શુભવારે ને શુભ નક્ષત્રે દેવાલયના પ્રસ્થાનનો વિચાર મનમાં નક્કી કર્યો. તે દિવસ જ્યારે નજીક આવ્યો ત્યારે દેશલે પૌષધશાલામાં જઈને સર્વ સંઘને એકઠો કર્યો. સહુને યોગ્યતા પ્રમાણે ઊંચા આસને બેસાડ્યા. પછી સાધુ સમરસિંહ પણ પોતાના સ્થાને બેઠા, પછી સાધુ દેશલ પૃથ્વી પર ઢીંચણ મૂકીને શ્રી સિદ્ધસૂરિ આગળ પોતાના મસ્તક પર વાસક્ષેપ નંખાવવા માટે બેઠો. ગુરુએ તેના લલાટમાં તિલક કરીને વાસક્ષેપ નાંખ્યો. પછી સદગુરુ એવા સિદ્ધસૂરિએ સમરસિંહના મસ્તક પર વાસક્ષેપ નાંખ્યો. અને તેને આશીર્વાદ આપ્યો કે સર્વ સંઘપતિઓમાં તું મુખ્ય થા. પછી દેશલે ગુરુએ કહેલા સમયે પોતાના ઘર દેરાસરમાં જે આદિનાથ પ્રભુની પ્રતિમા હતી તેને હર્ષપૂર્વક સંઘમાં સાથે રહેનારા દેવાલયમાં મંગલપૂર્વક પધરાવી, તે સમયે પાંચ પ્રકારના હર્ષથી સર્વ દિશાઓ ગાજી ઊઠી, તે દિવસે પોષ મહિનાની અજવાળી સાતમ હતી અને તેથી પોષ માસ જે પહેલાં સાંસારિક કાર્યોમાં વર્જ્ય ગણાતો તેજ ધર્મનો પોષક બની કલ્યાણનો આશ્રય બન્યો.

તે સમયે કપર્દીયક્ષે–શ્રી સત્યાદેવીએ તથા શાસનદેવીએ સમરસિંહના શરીરમાં સ્થિતિ કરી. બીજી તરફ પેલા દેવાલયમાં બે બળવાન બળદોને જોડવામાં આવ્યા. તે બળદનાં શીંગડાં કસુંબી રંગથી રંગવામાં આવ્યાં હતાં ને તેજ રંગનાં કપડાં તેને ઓઢાડ્યાં હતાં. તેના પર કંકુના થાપા માર્યા હતા. તેઓની આસપાસ ઘૂઘરીઓના ઝણકાર થતા હતા. તેથી સાંભળનારાઓને આનંદ થતો હતો.

તે સમયે સુહાસિની સ્ત્રી ચોખાથી ભરેલો થાલ જેમાં નાળિયેર હતું તેવો થાળ લઇ સન્મુખ આવી અને તેણે દેશલ તથા સમરસિંહના મસ્તક પર અક્ષયનિધિની પેઠે અક્ષત નાંખ્યા, તેમજ એક નાળિયેર તેમના હાથમાં આપી શ્રીખંડનું તિલક કરી પુષ્પની માળા પહેરાવીને તે સ્ત્રીએ આશીર્વાદ આપ્યા. સામન્તે વાજિંત્રના શબ્દપૂર્વક દેવાલયને આગળ ચલાવ્યું, તે વખતે હાથી–બળદ–પલાણેલો ઘોડો વગેરેનાં શુકન થયાં.

તે સમયે મોટા મોટા આચાર્ય ભગવંતો આગળ ચાલતા હતા. સાથે ઘણા મુનીશ્વરો પણ હતા. કેટલાક શ્રાવકો પણ રાજાઓની પેઠે રત્નોના અલંકારોથી શોભિત થઇ ઘોડે સવાર તરીકે દેવાલયની આગળ ચાલતા હતા. તે વખતે વાજિંત્રોના શબ્દોથી એકઠા થયેલા માણસો શેરીઓમાં સમાતા નહોતા.

જેઓ સર્વ સિદ્ધાંતરૂપ અગાધ મહાસાગરમાં નૌકાસમાન હતા તે વિનયચંદ્ર નામના આચાર્ય જેઓ બૃહદ ગચ્છરૂપી આકાશમાં ચંદ્રસમાન હતા તેવા રત્નાકર સૂરિ. દેવસૂરિ ગચ્છના પદ્મચંદસૂરિ. શ્રી ખંડિરક ગચ્છના શ્રી સુમતિસૂરિ, ભાવડારક ગચ્છના વીરસૂરિ. શ્રીસ્થારાપદ્ર ગચ્છના સર્વદેવસૂરિ, શ્રી બ્રાહ્મણ ગચ્છના શ્રી જગતસૂરિ, નિવૃત્તિ ગચ્છના શ્રીમાન આમ્રદેવસૂરિ, શ્રી નાણક ગચ્છના સિદ્ધસેનસૂરિ, બૃહદગચ્છવાલા ધર્મઘોષસૂરિ, શ્રીમાન નાગેન્દ્રગચ્છના શ્રી પ્રભાનંદસૂરિ અને શ્રી હેમચંદ્રાચાર્યની પરંપરાને પાવન કરનારા શ્રી વજ્રસેનસૂરિ. આ સિવાયના બીજા ઘણા ગચ્છોના આચાર્ય ભગવંતો હતા. તેમજ ચિત્રકૂટ-વાલાક-મારવાડ-માળવા વગેરે પ્રદેશોમાં જે પદસ્થ મુનિઓ વિચરતા હતા તેઓ સર્વે પણ તે સંઘમાં આવી મલ્યા.

તે વખતે ગૂજરાતની ભૂમિ ઉપરના જે જે શ્રાવકો હતા તેઓમાંનો કોઈ પણ શ્રાવક સમરસિંહ ઉપરના પ્રેમને લીધે સંઘમાં આવવા માટે પાછો પડ્યો ન હતો. એ પ્રમાણે સમગ્ર દેશોના સંઘો આ સંઘને ભેગા થતા હતા.

બીજી તરફ સમરસિંહે રાજમહેલમાં જઈ અલપખાનની સંમતિ લેવા માટે મોટી ભેટ રજૂ કરી એટલે ખાનસાહેબે પ્રસન્ન થઈ ઘોડાની સાથે એક તસરીફ અર્પણ કરી, તે પછી સમરસિંહે પોતાના સ્વામી ખાનસાહેબ પાસે દુષ્ટોને શિક્ષા કરવામાં સમર્થ કેટલાક જમાદારોની માંગણી કરી, એટલે ખાનસાહેબે સંઘની રક્ષા કરવા માટે મોટા અમીરવંશના ધીર અને વીર એવા દશ જમાદારો આપ્યા. તેઓને સાથે લઈ સાધુ સમરસિંહ દેશલને મલ્યો. સાધુ સહજપાલનો પુત્ર સોમસિંહ સંઘની પાછળ રક્ષણ કરવા માટે રહેવા લાગ્યો. ભરત ચક્રવર્તીની પેઠે જેના હાથમાં ચક્રનું લાંછન શોભી રહ્યું હતું. એવો સમરસિંહ સર્વેને ભોજન આચ્છાદન વગેરેની સગવડ કરતો સાથે રહેતો હતો. તેની આગળ પાછળ ઘોડે સવારો દોડતા હતા અને આગળના ભાગમાં ધનુર્ધારીઓની મોટી ટોળી આગળ ધસ્યે જતી હતી. સંઘમાં વસ્તી અને વાહનો ખૂબ જ હોવાથી ચાલતો માણસ જ્યારે છૂટો પડી જતો હતો ત્યારે સ્થાન પર પહોંચતા સુધીમાં ભેગો થઈ શકતો ન હતો.

આ રીતે આવો વિશાલ ચતુર્વિધ સંઘ ગામોગામ અને નાનાં-મોટાં તીર્થોનાં દર્શન-વંદન પૂજન કરતો પીપરાળી નામના ગામમાં આવ્યો. ત્યાં પ્રાણીઓના પુણ્યસત્રસમાન શ્રી શત્રુંજય પર્વતને જોઈને અમૃતમાં મગ્ન થયો હોય તેવો થયો. અને દર્શનના આનંદમાં સંઘ જમણ માટે લાપશી કરીને સંઘને જમાડ્યો, અને તે ગિરિરાજનાં દર્શનથી દેશલ ને સમરસિંહે અગણિત યાચકોને મોટું દાન આપ્યું. પછી બીજે દિવસે તીર્થનાં દર્શનની ઉત્કંઠાથી ત્યાંથી વેગપૂર્વક પ્રયાણ કરીને શ્રી શત્રુંજયની તળેટીમાં જઈ પહોંચ્યા. ત્યાં પર્વતની નજીકમાં જ લલિતાદેવીએ બંધાવેલા સરોવરને કાંઠે સમરસિંહે સંઘના પડાવ માટે અનેક પ્રકારના તંબુઓ બંધાવી દીધા.

જેટલામાં દેશલ હજુ વિમલાચલ ચઢયો ન હતો તેટલામાં વધામણી આપનારા એક માણસે આવી સમાચાર આપ્યા કે દેવગિરિથી સહજપાલ અને સ્તંભન તીર્થથી સાહણ સંઘની સાથે અહીં આવે છે એટલે સંઘનાયક સમરસિંહ સંઘની ભક્તિ અને ભાઈના સ્નેહને લીધે સામે ગયો અને મલતાં બન્ને ભાઈઓને ભેટી પડ્યો. બીજી તરફ સમરસિંહના બન્ને ભાઈઓએ તેને આલિંગન આપીને આશીર્વાદ આપ્યો કે હે ભાઈ તું ! દીર્ઘકાળ પર્યંત સંઘપતિપણાનું પાલન કર. સ્તંભન તીર્થના સંઘમાં જે આચાર્ય ભગવંતો છે તેઓને સમરસિંહે વંદન કર્યું, પછી ભાઈઓ સાથે તે સંઘમાં ગયો.

ત્યાં બન્ને ભાઇઓ પિતા દેશલનાં ચરણોમાં નમ્યા. પછી દેશલ ભગવાનની પ્રતિષ્ઠા કરવા માટે સામગ્રીઓ તૈયાર કરાવી ઉપર ચઢવાની ઇચ્છાવાળો થયો.

अथ प्रभाते पुरपादलिप्त, निवासिनं पार्श्वजिनं प्रणम्य ;
वीरं च तीरे सरसोऽर्चयित्वा, शैलस्य मूलं स ययौ ससंघ : ।।

તે પછી સવારમાં પાલિતાણા (પાદલિપ્ત) નગરમાં રહેલ શ્રી પાર્શ્વનાથ પ્રભુને પ્રણામ કરીને તેમજ સરોવરના કાંઠે રહેલા શ્રી વીરપરમાત્માનું પૂજન કરીને સંઘપતિ દેશલ સંઘ સાથે પર્વતની તળેટીમાં ગયો. ત્યાં પણ નેમિનાથ પ્રભુનું પૂજન કરી પોતાના પુત્રો સાથે ઊંચા એવા ગિરિરાજ પર ચઢવાને તૈયાર થયો.

પછી તેણે શ્રી સિદ્ધસૂરિ પ્રભુના હાથને ટેકો આપીને ઉપર ચઢવાનો પ્રારંભ કર્યો. અને ત્રણ પુત્રો સાથે ઉપર ચઢી ગયો. ઉપર ચઢતાં પ્રથમ પોતે ઉદ્ધરેલી મરુદેવી માતાનું વિધિપૂર્વક પૂજન કર્યું અને પછી સંઘની સાથે કપર્દીયક્ષનાં દર્શન કરવા માટે ગયો. જેની મૂર્તિનો પોતે જ ઉદ્ધાર કર્યો હતો, ત્યાં જઈને ફરકતી ધજાવાળા દેરાસરને જોઈને તેણે માન્યું કે સંસાર સમુદ્રને સામે પાર જવા માટે આ એક નૌકાપાત્ર જ (વહાણ) તૈયાર કરવામાં ન આવ્યું હોય તેવું સુંદર દેખાતું હતું.

પછી તેણે પ્રતિષ્ઠા વિધિની તૈયારી કરવા માટે પોતાના પુત્ર સમરસિંહને આજ્ઞા કરી. તેણે પ્રતિષ્ઠા માટેનાં ઉત્તમ દ્રવ્યો એકઠાં કર્યાં. પ્રતિષ્ઠાની વિધિ જોવા માટે સૌરાષ્ટ્ર–તથા ગૂજરાતના બધાય પ્રદેશોમાંથી બધાજ પ્રકારના ભાવિકો આવ્યા હતા તેઓ સર્વે ગિરિરાજ ઉપર ચઢયા. પછી માઘ મહિનાની સુદિ તેરસને ગુરુવારના દિવસે પૂ. આચાર્ય ભગવંતો સાથે સાધુ દેશલ પોતાના પુત્ર સમરસિંહ સાથે કુંડમાંથી જલ લાવવા માટે નીકલ્યો. તે પાણીના ઘડાઓ સુહાસિની સ્ત્રીઓનાં મસ્તકપર મુકાવીને સમરસિંહ સંઘની સાથે ઉત્સવપૂર્વક શ્રી ઋષભદેવ પ્રભુના ચૈત્યમાં આવ્યો. પછી પ્રતિષ્ઠા વિધિમાં વપરાતાં દ્રવ્યોનાં મૂળિયાંઓને પિસાવવાનોપ્રારંભ કર્યો . તેને વાટવામાં જેનાં માતા – પિતા– સસરો – સાસુ તથા પતિ આ પાંચ જણાં જીવતાં હોય તેવી સુહાસિની સ્ત્રીઓજ યોગ્ય ગણાય, તો તેવા પ્રકારની ચારસો સ્ત્રીઓ તે વખતે મલી. તે વાત પણ ઘણા આનંદને ઉપજાવનારી હતી. તે સર્વ સ્ત્રીઓને સમરસિંહે મૂળોને વાટવા માટે જલદી બેસાડી. શ્રી સિદ્ધસૂરિ પ્રભુએ તે સર્વેનાં મસ્તકપર વાસક્ષેપ નાંખ્યો, તેથી તેઓ સર્વે અધિક ઉત્સાહમાં આવીને સ્પર્ધાપૂર્વક મૂળોને વાટવા લાગી. તે સ્ત્રીઓ મંગલગીતોને ગાતી ચૂર્ણોને તૈયાર કરતી હતી. જાણે મોક્ષ લક્ષ્મીને વશ કરવા ચૂર્ણ તૈયાર ન થતું હોય તેવું દેખાતું હતું.

તે વખતે સમરસિંહ–અનેક પ્રકારનાં શ્રેષ્ઠ પટ્ટસૂત્રો ને વસ્ત્રો સ્ત્રીઓને આપવા લાગ્યો અને પોતાના પુણ્યની રજ સમાન તે મૂલનાં ચૂર્ણોને કોડિયામાં લેવા લાગ્યો. તે પછી જિનમંદિરની ચારે દિશામાં નવ નવ પ્રકારની અંગ વેદિકાઓ સ્થાપવામાં આવી. જે વેદિકાઓ સમરસિંહના પુણ્યથી ચારગણાં પ્રાપ્ત થઈને નવનિધિઓની પેઠે શોભી રહી છે. તેની આજુબાજુ લીલા જવના અંકુરાઓ શોભતા હતા. તે પછી સમરસિંહે દેવના આગલના ભાગમાં રંગ મંડપમાં વચ્ચે ચાર ખૂણાવાલી એક વેદિકા તૈયાર કરાવી. (શાંતિસ્નાત્રની પીઠિકા)એ મંડપમાં શ્રી ઋષભદેવપ્રભુના મુખ્ય દેરાસરનો

એક ધજાદંડ મૂકેલો હતો. તેના પર મહાન ધજા ફરકી રહી હતી. આ દંડને પ્રતિષ્ઠા કરવા માટે કારીગરો પાસે બરાબર તૈયાર કરી સ્થાપવામાં આવ્યો હતો. ભગવાનના દેરાસરના મુખ્ય દ્વારપર એક તોરણ બાંધવામાં આવેલ હતું.

તે પછી ઘટીકાર (ઘટીયંત્ર) ઘડીઓ જળથી ભરેલા પાત્રમાં પાણીથી પૂરી ભરાઇ જવાથી નીચે બેસવા લાગી ત્યારે પ્રતિષ્ઠાનો સમય પાસે આવેલો જાણીને અત્યંત શુદ્ધ બુદ્ધિવાળા શ્રી સિદ્ધસૂરિ જલદી જિનમંદિરમાં ગયા. તે વખતે બીજા આચાર્યો પણ તેમની પાછળ જઇ જિનમંદિરમાં પોતપોતાના આસને બિરાજ્યા અને પ્રતિષ્ઠા વિધિમાં સાવધાન થયા. તે સમયે સંઘપતિ દેશલ પણ પોતાના પુત્ર સાથે સ્નાનથી પવિત્ર થઇ પૂજાનાં સુંદર વસ્ત્રો ધારણ કરીને કપાળ માં ચંદનનું તિલક કરીને જિનમંદિરમાં આવ્યા.

કેટલાક શ્રાવકો પણ પોતપોતાનાં બિંબોને ગ્રહણ કરીને ત્યાં આવ્યા. અને કેટલાક શ્રાવકો વિધિ જોવા માટે ત્યાં આવ્યા. પ્રતિષ્ઠાને યોગ્ય સામગ્રી ગણાય તે ત્યાં મૂકવામાં આવી હતી. પ્રતિષ્ઠાની સામગ્રી તૈયાર થઇ એટલે શ્રી સિદ્ધસૂરિ પ્રભુએ સ્નાત્ર કરનારાઓ દ્વારા મંત્રોચ્ચારપૂર્વક આરંભ કરાવ્યો. તે પછી જ્યારે મુહૂર્તની ઘડી પ્રાપ્ત થઇ ત્યારે શ્રી સિદ્ધસૂરિ પ્રભુએ એકચિત્ત થઇને સારા નિમિત્તિયાઓવડે અપાયેલા ઉત્તમ મુહૂર્તને સાધી આપ્યું. તે પ્રતિષ્ઠાનું મુહૂર્ત જ્યારે એકદમ નજીક આવ્યું ત્યારે શ્રી સિદ્ધસૂરિપ્રભુ રૂપાની એક વાટકી ને બીજા હાથમાં સોનાની સળી લઇને તૈયાર થયા, અને જિનેશ્વર પ્રભુના બિંબ ઉપર જે વસ્ત્ર હતું તે ખસેડી લીધું અને તેમના બન્ને નેત્રમાં સૂરમાવાળું અને કપૂરવાળું અંજન કરીને બન્ને નેત્રોને વિકસ્વર કર્યા. એ રીતે વિક્રમસંવત ૧૩૭૧ ના માઘ સુદિ ચૌદસને સોમવારના પવિત્ર દિવસે પુષ્ય નક્ષત્ર અને બળવાન મીન લગ્ન હતું ત્યારે શ્રી સિદ્ધસૂરિ ગુરુએ શ્રી શત્રુંજય પર્વત ઉપર નાભિનંદન-ઋષભદેવ પ્રભુની અચળ પ્રતિષ્ઠા કરી.

શ્રી સિદ્ધસૂરિની પૂર્વે જાવડશાના ઉદ્ધારમાં શ્રી વજસ્વામીએ શ્રી શત્રુંજય ઉપર પ્રતિષ્ઠા કરી હતી. પૂર્વે જાવડીએ પોતાની સ્ત્રી સાથે જ્યાં નૃત્ય કર્યું હતું અને તે વખતે તેને વાયુ જેમ રૂને ઉડાડી નાંખે તેમ વિધાતાએ તેને ક્યાંક ફેંકી દીધો હતો. તે હજુ સુધી પણ કોઇ જાણી શક્યું નથી. તેજ સ્થળે ભાગ્યશાળી દેશલે સમગ્ર સંઘની સાથે નૃત્ય કરવાનો પ્રારંભ કર્યો, તે સમયે દેશલે નૃત્ય કરતાં કરતાં યાચકોને કલ્પવૃક્ષની પેઠે અનેક પ્રકારનાં દાન આપ્યાં હતાં. તેમજ તેમના પુત્રો સહજપાલ-સાહણ-સમરસિંહ-સામંત-સાંગણ એ પાંચે પુત્રોએ ધનની વૃષ્ટિ કરી. તે લોકો જ્યારે યાચકોને દાન આપતા હતા ત્યારે લોકોએ પરસ્પર સ્નેહવાળા શું આ પાંચ પાંડવો છે? અથવા તો શ્રી શત્રુંજયનો ઉદ્ધાર કરવા માટે પાંડવોજ ફરીથી આવ્યા છે ? (જન્મ્યા છે ?) આવું વિચારતા હતા.

પછી સંઘ નાયક દેશલે સર્વ દોષોથી રહિત એવા ભગવાન જિનેશ્વરની આગળ અણીશુદ્ધ ચોખાઓથી – મગથી સોપારીઓથી તથા અલંકારોથી મેરુ પર્વત પૂર્યો. જિનેશ્વર ભગવાનના જન્મ સમયના જેવો સ્નાત્રમહોત્સવ તેણે અહીં આદિનાથ પ્રભુનો કર્યો.. દેશલે દીન-અનાથ ને દરિદ્રીઓ માટે એક અન્નશાળા ખુલ્લી મૂકી. એ રીતે દેશલે ધર્મમાં પરાયણ થઇ હંમેશાં દાન આપતાં બરાબર દશ દિવસ સુધીનો મહોત્સવ કર્યો. તે પછી દેશલ યુગાદિદેવની આજ્ઞા માંગી કપર્દીયક્ષના મંદિરમાં ગયો, અને પ્રસન્નતાપૂર્વક લાડુ અને નાળિયેર વગેરેથી તે યક્ષની પૂજા કરી. તેમજ યક્ષના મંદિરમાં રેશમી વસ્ત્રની અપૂર્વ ધજા બંધાવી અને યક્ષને પ્રાર્થના કરી કે હે યક્ષેશ ! તમે મને ધર્મકાર્યમાં સહાયક થજો

ને અમારા વિઘ્નોનો નાશ કરજો.

તે શ્રીમાન સાધુ દેશલ વીસ દિવસ સુધી પોતાના પુત્રો સાથે એ તીર્થ ઉપર રહ્યો હતો. અને એકવીસમા દિવસની સવારે સર્વ અરિહંતોની પ્રતિમાને વંદન કરી પર્વત પરથી નીચે ઊતર્યો, તે વખતે તે પાંચ પાંડવોની સાથે રહેલા કૃષ્ણની જેમ પાંચ પુત્રોથી શોભતો હતો. તે પછી દેશલે વાજિંત્રોના ગડગડાટપૂર્વક મોટા ઉત્સવપૂર્વક સંઘની સાથે તળેટીમાં રહેલા સંઘના પડાવમાં આવ્યો. અને સર્વે મહામુનિઓને વિવિધ પ્રકારનાં અન્નવડે પ્રતિલાભ્યા. ઉપરાંત ચારણોને ગવૈયાઓને, બારોટ તથા બધા યાચકોને યથેષ્ટ રસોઈવડે દેશલે જમાડ્યા, સહજપાલ મહારાષ્ટ્ર અને તિલંગ દેશમાંથી જે બારીક અને સુંદર વસ્ત્રો લાવ્યો હતો. તે પદસ્થ અને પાંચસો મુનિઓને ભક્તિપૂર્વક વહોરાવ્યા બીજાં અનેક પ્રકારનાં વસ્ત્રો બે હજાર સાધુઓને વહોરાવ્યાં.

બીજી તરફ દાન મંડપમાં બેસીને સમરસિંહે સાતસો ચારણોને, ત્રણ હજાર ભટોને તથા લગભગ –હજાર ઉપર ગવૈયાઓને ઘોડા–સુવર્ણ વસ્ત્ર – વગેરે મનવાંછિત દાન આપી તેઓનું સન્માન કર્યું.

ઉપરાંત શ્રી શત્રુંજય પર્વતની આસપાસ કેટલીક વાડીઓમાં રેંટ ભાંગી ગયા હતા. કેટલાકમાં હતા જ નહિ. તેથી વૃક્ષો લગભગ સુકાઇ ગયાં હતાં. કેટલીક વાડીઓને વાડ ન હતી. તે સર્વ વાડીઓને સમરસિંહે ભગવાનની પૂજા માટે માળીઓને પુષ્કળ ધન આપી ખરીદી લીધી. તેમજ પ્રભુની સેવામાં સદા માટે રહેનારા–પૂજારી–ગવૈયા–કારીગરો ને ભાટ વગેરે લોકોને સમરસિંહે વાગ્ભટ્ટ મંત્રીની પેઠે ઇચ્છિત પગાર આપીને ત્યાં રાખી લીધા.

એ પ્રમાણે શ્રી શત્રુંજય તીર્થ ઉપર પોતાના પુણ્યવૃક્ષને સ્થાપીને દેશલે શ્રી ગિરનાર તીર્થને વંદન કરવા માટે જવાની તૈયારી કરી. સારા મુહૂર્તવાલા દિવસે દેવાલય સૌની આગળ ચાલ્યું અને તેની પાછળ સર્વ સંઘલોકની સાથે દેશલ ચાલતો થયો. માર્ગમાં આવતાં અમરાવતી (અમરેલી) વગેરે શહેરો તથા ગામડાંઓમાં અદભુત ધર્મકૃત્યને કરતો જિનશાસનને દીપાવતો ગિરનાર તરફ જતો હતો.

જૂનાગઢનો રાજા મહીપાલદેવ તે વખતે દેશલ તથા સમરસિંહના ગુણોથી મનવડે આકર્ષાયો ન હોય તેમ સંઘપતિ દેશલને સંઘની સાથે ત્યાં આવેલો સાંભળી તેની સામે આવ્યો. તે વખતે બન્ને જણા પરસ્પર પ્રેમપૂર્વક ભેટીને એક આસનપર બેસીને સ્નેહથી કુશળ પૃચ્છા આદિ વાર્તા કરવા લાગ્યા. સાધુ સમરસિંહે જાતજાતનાં ભેટણાંથી રાજાને ખુશ કર્યો. રાજાએ પણ બમણી ભેટ આપી સમરસિંહને ખુશ કર્યો. મહીપાલે સમરસિંહની સાથે આવીને સંઘપતિ દેશલનો પ્રવેશ ઉત્સવ કર્યો.

તે પછી ગિરનારના મસ્તક પર રહેલા મુકુટસમાન શ્રી નેમિજિનને વંદન કરવા માટે પોતાના ગુરુ તથા સમસ્ત સંઘ સાથે ચઢ્યો, સંઘપતિ દેશલે યાત્રા કરી. મોટી ધજા ચઢાવી. સાર્વજનિક અન્નક્ષેત્રો ખુલ્લાં મૂક્યાં. પૂજાઓ કરી ને દાન વગેરે સર્વે શત્રુંજયની પેઠે કર્યા. તે પછી દેશલે ભવ્ય લોકોના દોષોને દૂર કરનાર શ્રી ગજેન્દ્રપદ કુંડમાં સ્નાન કર્યું. અને તેના પ્રભાવથી પાપને જલાંજલિ આપી. ને પાપથી મુક્ત થયો. એ પ્રમાણે દશદિવસ એ તીર્થમાં રહી સંઘપતિ દેશલ પ્રભુની આજ્ઞા લઇ ગિરનાર ઉપરથી નીચે ઊતર્યો.

ત્યાર પછી દેવપત્તન (પ્રભાસ પાટણ)ના રાજા મુગ્ધરાજ સાધુ સમરસિંહને મળવા ઉત્કંઠિત થયો. પોતાના પ્રધાનો દ્વારા એક વિનંતીપત્ર મોકલ્યો. તે વાંચી તેને મળવા જવા તૈયાર થયો. સમરસિંહને ત્યાં જવાની ઈચ્છા તો હતી. તેમાં તેનું આમંત્રણ આવ્યું. એટલે ત્યાં જવાનો ઉત્સાહ ડબલ થયો. તે પછી શ્રી દેશલ સમગ્રસંઘની સાથે દેવપત્તન નગર તરફ ચાલ્યો. માર્ગમાં લક્ષ્મીના સ્થાનરૂપ એવી વામનપુરી (વણથળી) વગેરે સ્થાનોમાં ચૈત્યપરિપાટીના મહોત્સવને કરતો ઉજ્જવળ કીર્તિવાળો દેવપત્તનમાં પહોંચ્યો, તે વખતે સમરસિંહને પાસે આવેલો સાંભળી મુગ્ધરાજ તુરત જ તેને મળવા રોમાંચિત થયો. છત્ર-ચામર-આદિથી યુક્ત પરિવાર સહિત મુગ્ધરાજા સામે ગયો. બન્ને જણા પરસ્પર મલીને આનંદમગ્ન થયા. એક બીજાને ભેટણાં અર્પણ કર્યા. પછી સંઘ સહિત સમરસિંહનો દેવપત્તન નગરમાં પ્રવેશ કરાવ્યો.

ત્યારપછી ત્યાં થોડોક સમય સ્થિરતા કરી રસ્તામાં આવતાં તીર્થોની યાત્રા કરતાં કરતાં સંઘપતિ દેશલે શુભમુહૂર્તે પાટણ નગરમાં પ્રવેશ કરવાની તૈયારી કરી. અત્યંત ધામધૂમથી અનુપમ રીતે લોકો દ્વારા પોતાના નગરમાં ને પોતાના ઘરમાં પ્રવેશ કર્યો..

નોંધ : આ સમરસિંહનો ઉદ્ધાર *શ્રી નાભિનન્દનજિનોદ્ધારપ્રબંધ* નામના ગ્રંથના ભાષાન્તરમાંથી વાંચીને ટૂંકાવીને અત્રે સંગ્રહ કર્યો છે. (આપેલ છે.) વિસ્તારથી જાણવાની ઈચ્છાવાળા ભાવિકે તે મૂલ ગ્રંથનું ભાષાન્તર વાંચવું જરુરી છે.

સોળમા ઉદ્ધારનો ઊજળો ઈતિહાસ
(કર્માશાએ કરેલો ઉદ્ધાર)

હે ગુરુદેવ ! મહેરબાની કરીને મને એટલું કહોને કે મારા મનમાં જે વાત રમે છે, તે કાર્ય મારા હાથે પૂર્ણ થશે કે નહિ ?

ના....તોલાશા ! તારા હાથે નહિ થાય પણ તારા આ નાનકડા પુત્ર કર્માશાના હાથે તે કાર્ય પૂર્ણ થશે.

બાલ કર્માશાએ આ શબ્દોને જ શુકન માનીને તરત જ પોતાના ખેસના છેડે શુકનની ગાંઠ વાળી લીધી. કોક અજ્ઞાત શુભ કાર્ય પોતાના હાથે પૂર્ણ થશે એવી આગાહીથી કર્માશાનું અંતર નાચી ઊઠ્યું.

એક દિવસની વાત છે. શ્રીમાન શેઠશ્રી ધનરાજજીએ આચાર્ય પ્રવર ધર્મરત્નસૂરિજીની નિશ્રામાં સંઘ કાઢ્યો. રળિયામણાં અને સોહામણાં ગણાતાં અચલ–આબૂ વગેરે તીર્થો ને જુહારીને સંઘ એક્દા વીરભૂમિ મેવાડમાં ચિતોડના આંગણે આવીને ઊભો રહ્યો.

ત્યારે ત્રણ લાખ અશ્વના સ્વામી ગણાતા રાણા સંગ્રામસિંહનો સૂર્ય ચિતોડના તખ્ત પર તપી રહ્યો હતો.

મહારાજા આમના સંતાનીય ગણાતા કાપડના ધીંગા વેપારી શ્રીમાન શેઠ તોલાશા પણ ત્યાં જ વસતા હતા. તેમને લીલાવંતી (લીલુ) નામની ધર્મપત્ની હતી અને છ પુત્રો હતા. જેમનાં નામ હતાં રત્નાશા, પોમાશા, ગણાશા, દશરથ, ભોજ અને કર્માશા.

કર્માશા સહુથી નાનકડા હતા પણ ગુણના સહુથી વડેરા હતા. બુદ્ધિના બેતાજ બાદશાહ હતા. દાન દેવામાં અભિનવ કર્ણ યા માઘ ગણાતા હતા. પરમાત્મ ભક્તિ તો રૂંવાડે રૂંવાડે વ્યાપી હતી. પ્રભુની સાથે તેમની પ્રીતલડી બાલ્યવયથી જ બંધાણી હતી. આ નાનકડા બાલુડાને આંગળીએ ઝાલીને તોલાશા ઉપાશ્રયે પહોંચ્યા અને પૂજ્યપાદ આચાર્ય પ્રવરશ્રીને પૂછી રહ્યા છે કે "મારા મનમાં જે છે તે કાર્ય પૂર્ણ થશે કે નહિ ?" તોલાશાએ ગુરુદેવને જેવું મોઘમમાં પૂછ્યું એવું જ ગુરુદેવશ્રીએ પણ મોઘમમાં જણાવ્યું. તારાથી નહિ પણ તારા પુત્ર કર્માશાથી પૂર્ણ થશે.

વાત એમ હતી કે ગિરિરાજ પર સમરશાએ પધરાવેલ ઋષભ બિંબને યવનોએ ખંડિત કરી નાંખેલું. ચારેકોર હાહાકાર મચી ગયેલો. મોગલોથી હિંદુઓ થરથર ધ્રૂજતા હતા. સત્તાના જોરે એમણે પ્રતિમા ખંડન કરવાનાં અને મારીને મુસલમાન બનાવી દેવાનાં ગોઝારાં પાપો આરંભી દીધાં હતાં.

તેમના ખતરનાક પંજા ગિરિરાજ પર પણ ફરી વળ્યા. હથોડાના ઘા મારી મારીને મૂળનાયકના બિંબના ટુકડે ટુકડા કરી નાંખ્યા, સેંકડો ટુકડાઓ વચ્ચે એક માત્ર દાદાનું મસ્તક પડેલું જે ભાવિકોએ છાને માને પાછળથી ઉપર જઈને તોડફોડનો બધો કચરો દૂર કરીને પબાસન પર માત્ર દાદાનું પેલું ટૂટેલું મસ્તક પધરાવી દીધું હતું.

કોક રડ્યા ખડ્યા યાત્રિકો આવતા તો ઉપર જઈને દાદાના મસ્તકનાં દર્શન કરતા. કેશર, ચંદન, પુષ્પ ચડાવીને રડતી આંખે પાછા ફરતા. આ પરિસ્થિતિ અંદાજે સોએક વર્ષ સુધી ચાલુ રહેલી. સહુ કોઇ તીર્થોધ્ધારકની ચાતક ડોળે રાહ જોતા'તા. કોક માઈનો લાલ પાકે અને મુસ્લિમ રાજાઓને પટાવીને જીર્ણોદ્ધાર કરાવે !

ગામોગામ જૈન સંઘોમાં દાદાની પુન : પ્રતિષ્ઠા માટે લોકો ચિંતાતુર હતા. ચિતોડના આંગણે વસતા તોલાશાની ચિંતાનો તો પાર ન હતો. ન જાણે મનના માંડવે તો કેટકેટલીયવાર જીર્ણોદ્ધાર કરાવ્યા અને કેટલીય પ્રતિષ્ઠાઓના મહોત્સવો ઊજવ્યા ! મનમાં મનમાં ઊગતા અને આથમી જતા આવા મનોરથોને વાગોળતાં વાગોળતાં તો તોલાશાની સંધ્યા ઢળવા આવી હતી.આકાશમાં આથમતી સંધ્યાઓને જોઈને તોલાશા દિન પ્રતિદિન ઊના ઊના નિસાસા નાખી રહ્યા હતા.

મનમાં કીડો સળવળ્યા કરતો હતો કે સાંભળવા મુજબ મંત્રીશ્વરશ્રી વસ્તુપાળે મંગાવેલી શિલાઓ હજી પણ ભોંયરામાં સલામત પડી છે. જો ક્યાંક મેળ બેસે અને મારું પુણ્ય જોર કરે તો હું એ શિલાઓને બહાર કઢાવી મૂર્તિ ઘડાવી, તીર્થોદ્ધાર કરાવી દાદાની પ્રતિષ્ઠા કરાવું. આ મૂંઝવણનો ઉકેલ લાવવા એમણે ગુરુદેવશ્રીને પ્રશ્ન પૂછેલો, તેનો જવાબ મળ્યો કે આ તીર્થોધ્ધારનું કાર્ય તારાથી નહિ પણ તારા પુત્રોથી પાર પડશે. પૂર્વે જ્યારે સમરાશાએ ઉદ્ધાર કરાવ્યો ત્યારે અમારા પૂર્વજ ગુરુ ભગવંતોના વરદ હસ્તે પ્રતિષ્ઠા થયેલી. પુનઃ જ્યારે જીર્ણોદ્ધાર થશે ત્યારે તારા પુત્રો અને મારા શિષ્યો એ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજર થશે.

અગમનાં એંધાણ સાંભળીને તોલાશાના હૃદયમાં ટાઢક વળી. વ્યથા અને વેદના હવે વિસરાવા લાગી. સાથોસાથ પોતે જીર્ણોદ્ધાર નહિ કરાવી શકે એ વાતનો ઝાટકો પણ અંતરને લાગી ગયો.

ચિતોડગઢમાં આવેલા ચિત્રકૂટ પર્વત પર અનેક જિનમંદિરો અને ઉપાશ્રયો આવેલાં હતાં. આચાર્ય પ્રવરે ત્યાં બધે દર્શનાદિ કરીને યાત્રા સંઘ સાથે વિદાય લીધી. તોલાશાએ વધુ સ્થિરતા માટે ઘણો આગ્રહ કર્યો પણ સંઘ સાથે યાત્રા કરી લેવાની ભાવના હોવાથી સૂરીશ્વરે ના પાડી.

તોલાશાનું અંતર ફરી પાછું એકવાર જોરદાર ઝાટકો ખાઇ ગયું અને તેમનું મુખ ચિંતાઓનાં વાદળથી ઘેરાઇ ગયું.

તીર્થોધ્ધારની વેદનાથી નીતરતા આ શ્રાવકની ઉપર કરુણા કરીને સૂરીશ્વરે ઉપાધ્યાય શ્રી વિનયમંડનને આજ્ઞા કરી કે તમે અહીં ચિત્તોડમાં જ સ્થિરતા કરો અને અત્યારથી ભાવિના તીર્થોધ્ધારક બાલશ્રી કર્માશાના જીવનનું સંસ્કરણ અને અધ્યાપન આદિ કરાવો.

ગુરુવરની આજ્ઞા શિરોધાર્ય કરીને ઉપાધ્યાયજી આદિ કેટલાક મુનિવરો ચિત્તોડમાં રોકાયા.

વયોવૃદ્ધ તોલાશા પોતાના છએ પુત્રોને સાથે રાખીને પૂજ્ય ગુરુદેવ પાસે સામાયિક, પ્રતિક્રમણ, પ્રવચન, પ્રશ્નોત્તરી અને ઉપધાન તપ આદિ કરવા લાગ્યા. સમય વીતતો ગયો તેમ તેમ બાલ કર્માશા વધુને વધુ ધર્મપ્રિય બનતા ગયા. એક દિવસ તેમની યોગ્યતા જોઈને ગુરુદેવે ઈષ્ટાર્થ-સાધક 'ચિંતામણિ મહામંત્ર' કર્માશાને વિધિપૂર્વક આપ્યો તેમજ તેની સાધના વિધિ પણ સમજાવી. ત્યારબાદ કેટલાક મહિનાઓ સુધી ચિત્રકૂટમાં રહીને ઉપાધ્યાયજી અન્યત્ર વિહાર કરી ગયા.

ત્યારબાદ તોલાશા પુણ્યક્ષેત્રમાં ધનનો સદવ્યય કરતાં કરતાં ઉપકારી ગુરુદેવશ્રી ધર્મરત્નસૂરીશ્વરજીનું સ્મરણ કરતાં કરતાં સઘળાં પાપકર્મોના પચ્ચકખાણને કરીને અનશન સ્વીકારીને સ્વર્ગવાસ પામ્યા.

પોતાની પાછળ છ પુત્રો અને એક પુત્રીને છોડતા ગયા. જેમનાં નામ હતાં (૧) રત્નાશા (૨) પોમાશા (૩)ગણાશા (૪) દશરથ (૫) ભોજાશા (૬) કર્માશા અને પુત્રી સુહવિંદેવી.

વેપાર ધંધાની જવાબદારી માથે આવતાં કર્માશાએ ન્યાય નીતિપૂર્વક પિતાશ્રીની કાપડની દુકાન સંભાળી લીધી. થોડાક જ સમયમાં તેમણે સ્વબુદ્ધિ અને ન્યાયનીતિના પ્રભાવે વિપુલ ધન ઉપાર્જન કર્યું. અનેક શ્રાવક પુત્રોને સહાય કરીને આજીવિકા માટે યોગ્ય વેપાર–ધંધા શરૂ કરાવી આપ્યા.

ધંધાની સાથોસાથ ધર્મ આરાધનામાં પણ કર્માશા વધુ ને વધુ ઉદ્યત બન્યા. બે ટાઈમ પ્રતિક્રમણ, ત્રિકાળ જિનપૂજા, પર્વ દિવસે પૌષધ તથા શ્રી ચિંતામણિ મહામંત્રનો જાપ દિવસ–રાત કરવા લાગ્યા.

કર્પૂરદેવી અને કમલાદેવી નામની બે સ્વરૂપવતી પત્નીઓ તથા અનેક બાળકો સાથે કર્માશા દેવોની વચ્ચે ઇન્દ્રની જેમ શોભતા હતા. દુઃખીઓનાં દુઃખ દૂર કરતા હતા. યાચકોને યથેચ્છ દાન દેતા હતા. સજ્જનોમાં અગ્રેસર ગણાતા હતા. બાલ્યવયે પોતાના હાથે થનારા ઉદ્ધારની વાતને વારંવાર યાદ કરતા કોક શુભ ઘડી પળ આવે તેની રાહ જોતા હતા.

વિક્રમની આઠમી સદીના પૂર્વાર્ધમાં પંચાસરનો રાજા જયશિખરી ચાવડો હતો. કનોજના રાજા ભૂવડના હાથે યુદ્ધમાં તે મૃત્યુ પામ્યો. રાણી રૂપસુંદરી પોતાના ભાઇ સુરપાળ સાથે જંગલમાં નાસી છૂટી. ત્યાં તેણે વિ. સં. ૭૫૨ ની વૈશાખી પૂર્ણિમાએ એક પુત્રને જન્મ આપ્યો જેનું નામ 'વનરાજ' પાડવામાં આવ્યું. વનરાજ મામા સુરપાળ અને આચાર્ય શ્રી શીલગુણસૂરિજી તથા દેવચન્દ્રસૂરિજીની દેખરેખ નીચે મોટો થયો. સર્વ કલામાં નિપુણ બન્યો, અને એક વિરાટ સંપત્તિ, સૈન્ય આદિ જમા કરીને વિ.સં. ૮૦૨ ના વૈ. સુ. ૨ના દિવસે અણહિલપુર પાટણની સ્થાપના કરી.

પંચાસર ગામથી લાવેલા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવી અને સુંદર રીતે રાજ્ય સંચાલન કરવા માટે જૈન મંત્રીઓને નિયુક્ત કર્યા.

ન્યાય અને નીતિમાં માનનારા વનરાજ ચાવડાના પુત્રોએ એક વાર પિતાજી ના પાડવા છતાંય પરદેશી વહાણો લૂંટી લીધાં. તેના પ્રાયશ્ચિત્ત રૂપે વનરાજ ચાવડાએ અન્નજલનો ત્યાગ કર્યો અને ૧૦૯ વર્ષનું આયુષ્ય ભોગવીને વિ.સં. ૮૬૨માં વનરાજ સ્વર્ગવાસ પામ્યા.

ત્યાર બાદ કુલ છ પેઢી સુધી ગુજરાતમાં ચાવડા વંશનું રાજ્ય રહ્યું. છેલ્લા સામંતસિંહ ચાવડાને મારી નાખીને તેમનો સગો ભાણેજ મૂલરાજ સોલંકી ગાદી પર આવ્યો. ત્યારબાદ તેની પાટ પરંપરાએ કુલ દશ સોલંકી સમ્રાટોએ ગુજરાતની સત્તા ભોગવી, જેમાં સિદ્ધરાજ જયસિંહ, કુમારપાળ આદિ મહાન સમ્રાટોએ ગુજરાતનું ગૌરવ વિશ્વવ્યાપી બનાવ્યું. છેલ્લા સોલંકી સમ્રાટ શ્રી ભીમરાજ થયા.

ત્યાર બાદ વાઘેલા વંશ ગાદી પર આવ્યો. આદ્ય વીરધવલ વાઘેલાએ ધોળકાને પોતાની રાજધાની બનાવી ખંભાત સુધીનો પ્રદેશ જીતી લીધો. માંડલના વતની વસ્તુપાલ–તેજપાલને મહામાત્ય નીમ્યા. વીરધવલ પછી વીસલદેવ વાઘેલા, અર્જુનદેવ વાઘેલા, સારંગદેવ વાઘેલા અને છેલ્લે કરણદેવ વાઘેલા વગેરે ગાદી પર આવ્યા જેણે પુનઃપાટણમાં રાજધાની સ્થાપી.

વિ.સં. ૧૩૫૬ થી ૧૩૬૦ની આસપાસમાં દિલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીને ભાઈ અલકખાન તથા વજીર નસરતખાનને સાથે લઈને ગુજરાત પર ચડાઈ કરી, હિંદુ રાજ્યનું કાસળ કાઢી નાખ્યું. રાણી કમલાદેવીને પોતાની બીબી બનાવી. પાટણથી છેક લાહોર સુધીનો પ્રદેશ જીતી લીધો.

સમ્રાટ સિધ્ધરાજ અને કુમારપાળના યશસ્વી રાજ્યકાળ પસાર થયા બાદ રાજા અજયપાળના સમયથી જ ગુજરાતની દશા બેસી ચૂકી હતી (પડતીનો પ્રારંભ તો, અજયપાળે મંદિરો તોડવાં શરૂ કર્યા ત્યારથી જ થઇ ચૂક્યો હતો) ત્રણ વર્ષની રાજ્ય સત્તામાં તેણે કુમારપાળનાં બંધાવેલ પાટણ, મોઢેરા, ગાંભુ, સારસ્વતમંડળ વગેરે ગામોનાં મંદિરો તોડાવી નાખ્યાં. અને તારંગાનું વિશ્વ વિખ્યાત મંદિર તોડવા પણ તે તૈયાર થયેલો, કિન્તુ શિલણ નામના ભડિ નાટક ભજવીને તે અપકૃત્ય કરતાં અટકાવ્યો હતો.

અજયપાળે મહામંત્રી કપર્દીને તેલની કડાઈમાં તળી નાખવાનો ઓર્ડર કર્યો હતો. મંત્રી અંબડને સૈનિકો દ્વારા જીવતો પકડાવીને મારી નંખાવ્યો. આચાર્ય શ્રી રામચંદ્રસૂરિજીને તપાવેલા તાંબાની પ્લેટ પર સુવાડીને જીવતા શેકી નાખ્યા. જ્ઞાનભંડારોને બળાવી નાખ્યા. આવાં ઘોર પાપોને આચરીને અંતે પોતાના જ બોડીગાર્ડ ગણાતા ગાંગા અને વૈજલીના હાથે તલવારના ઝાટકે અકાળે મૃત્યુ પામ્યો હતો.

વનરાજ ચાવડાએ સ્થાપેલા ગુજરાતના સ્વતંત્ર રાષ્ટ્ર પર ચાવડાઓ, સોલંકીઓ તથા વાઘેલાઓએ શાસન કર્યું. તેમાં સોલંકીઓનો યુગ તે સુવર્ણયુગ કહેવાતો હતો. તે સમયે સાહિત્યક્ષેત્રે કાવ્યો, ગ્રંથો, વ્યાકરણો, પ્રબંધો, કોષો વગેરે ખૂબ જ મોટી સંખ્યામાં રચાયાં હતાં. તીર્થો, મંદિરો અને ધર્મસ્થાનકો પણ હજારોની સંખ્યામાં નિર્મિત થયાં હતાં. ગુજરાતની સત્તા છેક સિંધ, પંજાબ ઉજ્જૈન મહારાષ્ટ્રથી લઈને છેક અરબી સમુદ્ર સુધી વિસ્તરી હતી. ગુજરાત, ગુજરાત ન રહેતાં મહાગુજરાત બની ચૂક્યું હતું. આવા સર્વાંગીણ વિકાસમાં જૈન મંત્રીઓનો ફાળો મહત્ત્વનો હતો.

ઐતિહાસિક વાણી એવી સંભળાય છે કે,

गोजरात्रमिदं राज्यं वनराजात् प्रभुत्यभूत
स्थापितं जैन मन्त्राद्यैः, तदद्वैषी नैव नन्दति।।

પ્રબંધ ચિંતામણિ વનરાજ પ્રબંધ :

ગુજરાતનું રાજ્ય વનરાજ ચાવડાથી શરૂ થયું જે જૈન મંત્રીઓએ સ્થાપન કર્યું છે. જૈનોની ઈર્ષ્યા કરનાર ક્યારેય સુખી થતો નથી.

રાજા અજયપાળથી પ્રારંભાયેલ ગુજરાતની પડતીનો છેલ્લો પડઘમ કરણરાજઘેલો આવ્યો ત્યારે એવા જોરશોરથી બજ્યો કે ગુજરાતમાંથી હિન્દુરાજ્ય નાશ પામ્યું અને મોગલ સામ્રાજ્ય ચારેકોર છવાઇ ગયું.

અલ્લાઉદ્દિન પછી ક્રમશ : કુતુબુદ્દિન, શહાબુદ્દિન, ખસરબુદ્દિન, ગ્યાસુદ્દિન અને મહમુદ સુધીના દિલ્હીના બાદશાહોએ ગુજરાત પર પોતાનો અધિકાર ભોગવ્યો.

ફિરોજશાહના વખતમાં દિલ્હીના કબજામાંથી છૂટીને ગુજરાતની સ્વતંત્ર બાદશાહી શરૂ થઈ, જેનો પ્રથમ બાદશાહ મુઝફર હાકેમ બન્યો. તેના મૃત્યુ બાદ વિ..સં. ૧૪૫૪માં અહમદશાહ ગાદી પર બેઠો. તેણે અહમદ નામધારી ચાર બાદશાહોને ભેગા કરીને સાબરમતી નદીના કિનારે પાયો નાંખીને અહમદાવાદ શહેર વસાવ્યું. નગર સ્થાપના વિ.સં. ૧૪૬૮ના વૈશાખ સુદ ૫ ના રોજ થયાનો સંભવ છે.

અહમદશાહ પછી મહમ્મદશાહ બાદશાહ બન્યો. કોઈકે ઝેર આપીને તેને મારી નાખ્યો હતો.

ત્યારબાદ કુતુબુદ્દિન બાદશાહ બન્યો. જેણે અમદાવાદના કાંકરિયા તળાવને ફરીવાર બંધાવ્યું હતું.

ત્યારબાદ મહમ્મદ બેગડો બાદશાહ બન્યો હતો, જેણે વિ..સં . ૧૫૧૬ થી ૧૫૭૦ પર્યંત રાજ્ય કર્યું હતું. પાવાગઢ અને જૂનાગઢ નામના બે ગઢ તેણે જીતી લીધા હતા. માટે બેગડો કહેવાતો હતો. તેણે પોતાના નામથી મહેમદાવાદ વસાવ્યું હતું. બેગડાએ શાહજાદા અહમ્મદને મોકલીને સોમનાથ, પાટણ, દ્વારિકા, ગિરનાર અને શત્રુંજયના મંદિરોમાં તોડફોડ કરાવી નાંખી હતી.

બેગડાના રાજ્યકાળમાં વિ.સં. ૧૫૩૯–૪૦માં ગુજરાત અને માળવામાં ભારે દુકાળ પડેલો જેમાં હડાલાના ખેમા દેદરાણીએ અઢળક ધન ખર્ચીને દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં દાનશાળાઓ તથા પાણીની પરબો બેસાડી હતી. જેથી મહમ્મદ બેગડાએ પ્રસન્ન થઈને જૈનોનું 'શાહ' બિરુદ કાયમ રાખ્યું હતું. મહમ્મદ બેગડો અમદાવાદમાં મરણ પામ્યો હતો, સરખેજમાં શેખ અહમદના ખાટુની દરગાહ પાસેના રોજામાં તેની કબર છે.

ત્યારબાદ મુઝફર (બીજો) ગાદીએ બેઠો. વિ. સં. ૧૫૬૭ થી ૧૫૮૭ દરમ્યાન તેણે રાજ્ય કર્યું. તપાગચ્છીય આચાર્ય હેમવિમલસૂરિના શાસનપ્રભાવક સામૈયાની વાતો સાંભળીને ઈર્ષ્યાથી જલી રહેલા મુઝફરે તેમને કેદ કરવાનો ઓર્ડર છોડયો હતો. ત્યારે આચાર્યશ્રી ચુણેલથી રાતોરાત વિહાર કરીને ખંભાત પહોંચી ગયા હતા.સૈનિકોએ ખંભાતમાંથી તેમને પકડીને કેદ કર્યા હતા. ખંભાતના સંઘે ૧૨૦૦૦ ટકાનો દંડ ચૂકવીને આચાર્યશ્રીને છોડાવ્યા હતા. મુજફર લક્ષણશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર અને સંગીતકલાનો જાણકાર તથા ભારે શોખીન હતો.

ત્યારબાદ વિ.સં.૧૫૮૨માં અહમદ ઉર્ફે સિકંદર ગાદીએ બેઠો, તે બહુ સારો નીતિવાન હતો પણ દુર્જનોએ તેને જીવતો મારી નાંખ્યો, ત્યારબાદ તેનો નાનો ભાઇ બહાદુરશાહ ગાદીએ બેઠો, જેણે વિ.સં. ૧૫૮૩ થી ૧૫૯૩ સુધી ગુજરાતનું સુકાન સંભાળ્યું હતું.

પિતા મુજફર અને બહારદુરશાહના સ્વભાવ વચ્ચે આસમાન જમીનનું અંતર હતું. બહાદુરશાહ સાહસિક અને શૂરવીર હતો. પ્રાચીન ઈતિહાસનો ભારે શોખીન હતો.

'ગુજરાતનો અર્વાચીન ઈતિહાસ' નામના પુસ્તકમાં જણાવ્યા મુજબ 'બાપે આપેલી જાગીર ઓછી પડવાથી રિસાઈને ગુજરાત છોડીને હિન્દુસ્તાનમાં ચાલ્યો ગયો હતો '

કેટલાક નોકરોને પણ તે સાથે લઈ ગયો હતો. દેશાટન કરતાં કરતાં એક દિવસ તે ચિત્તોડ પહોંચ્યો.

જોગાનુજોગ તે સમયે તેની પાસે વાટખર્ચી ખૂટી ગઈ હતી. પૈસાની જરૂર હતી. તેથી મોટા વેપારીની શોધ કરતાં દેશી કર્માશાનું નામ સાંભળીને તેની દુકાને પહોંચ્યો. ત્યાં કરોડો રૂપિયાનું કાપડ આવતું જતું હતું. બહાદુરશાહે ત્યાંથી કાપડની ખરીદી કરી અને વાટ ખર્ચી માટે પૈસાની માંગણી કરી. કર્માશાએ સ્વપ્નમાં ગોત્રદેવીના સૂચવ્યા મુજબ પોતાની ઈષ્ટાર્થ સિદ્ધિ આનાથી થવાની છે એમ સમજીને ભારે ઉદારતાપૂર્વક બહાદુરશાહને એક લાખ રૂપિયા આપ્યા તથા પોતાના ઘરે રાખીને ખૂબ જ સારી રીતે મહેમાનગતિ કરી. પ્રસન્ન થઈ બહાદુરશાહે કહ્યું કે દોસ્ત કર્માશા !

મૈં જીવનભર તેરા એહસાન નહિ ભૂલ સકૂંગા ! કર્માશાએ કહ્યું કે **નહિ નહિ હમ તો આપકે સેવક હૈં ! ઔર કુછ નહિ હૈં । લેકિન કભી કભી આપ હમ જૈસે સેવકકા સ્મરણ કરેં ઔર આપ જબ બાદશાહ બનેં તબ મુઝે શત્રુંજય તીર્થકા ઉદ્ધાર કરનેકી ઈજાજત દેં !**

બહાદુરશાહે શત્રુંજયનો ઉદ્ધાર કરવા માટેનું વચન આપ્યું અને ત્યાંથી અન્યત્ર સ્થળે પ્રયાણ કર્યું.

રસ્તામાં તેને અહમદ સિકંદરના મૃત્યુના સમાચાર મળ્યા. પળનોય વિલંબ કર્યા વિના એ સીધો ગુજરાત દોડી આવ્યો . વિ.સં. ૧૫૮૩ના શ્રાવણ સુદિ ૧૪ના દિવસે ચાંપાનેરની ગાદીએ બેઠો. તેણે ૧૦ વર્ષ અને ૮ માસ રાજ્ય કર્યું. જેટલા સ્વામીદ્રોહી, દુર્જન અને ઉદ્ધત મનુષ્યો હતા, તેમને કડક સજા ફટકારી. કેટલાકને ફાંસી આપી તો કેટલાકનો દેશનિકાલ કરાવી દીધો. બહાદુરશાહના દોર દમામથી ગભરાઈને અનેક રાજાઓએ તેને ભેટણાં ધરીને પ્રેમ સંબંધ પ્રદર્શીત કર્યો.

બહાદુરશાહ ઉપર પૂર્વાવસ્થામાં જેણે જેણે ઉપકાર કર્યો હતો તે સહુને બોલાવીને સારું સન્માન કર્યું.

ચિત્રકૂટમાં કર્માશા ચિંતામણિ મહામંત્રની આરાધના કરી રહ્યા હતા અને શત્રુંજયના ઉદ્ધારની રાહ જોઈ રહ્યા હતા. એવામાં એકવાર આંગણે ગુજરાતથી તેડું આવ્યું. તેણે જણાવ્યું કે બાદશાહ બહાદુરશાહ આપને યાદ કરે છે. આપે કરેલા ઉપકાર બદલ આપનું સન્માન કરવાની ઈચ્છા રાખે છે.

કર્માશા પળનોય વિલંબ કર્યા વિના હીરા, મોતી, માણેક, રેશમી કાપડ આદિ મૂલ્યવંતી ચીજોનું ભેટણું લઈને ચાંપાનેર (પાવાગઢ) પહોંચ્યા. કર્માશાને રાજદરબારમાં દાખલ થતાં જોઈને બાદશાહ બહાદુરશાહ ઊઠીને સામે દોડ્યા તથા બે હાથથી કર્માશાને આલિંગન કર્યું. કર્માશાને ઉચિત આસને બેસાડીને રાજ્યસભા સમક્ષ બાદશાહે જણાવ્યું કે : **" યહ મેરા દોસ્ત હૈ ! દુર્ભાગ્યને જબ મુઝકો બુરી તરહ સે મજબૂર કિયા થા તબ ઈસી દયાલુ આદમીને મેરા છુટકારા કરવાયા થા.**

બાદશાહ આગળ બોલે તે પહેલાં કર્માશાએ જણાવ્યું કે

ક્ષમા કીજિયે । ઇતના ભારી બોજ મેરે સિર પર મત ડાલો મૈં છોટાસા આદમી ઇતના બોઝ નહિ ઉઠા સકૂંગા મૈને કુછ ભી નહિ કિયા હમ તો આપકે સેવક હૈં.

ત્યારબાદ કર્માશાએ વિવિધ ભેટણાં રાજાને પ્રદાન કર્યા. રાજાએ પણ કર્માશાનું વસ્ત્ર, અલંકાર અને તાંબૂલ દ્વારા ભારે બહુમાન કર્યું અને થોડાક દિવસ રોકાવા માટે આગ્રહ કર્યો.

બાદશાહનો આગ્રહ જોઈને કર્માશા ત્યાં ચાંપાનેરમાં જ રોકાયા તેમને માટે બાદશાહે સુંદર આવાસ નિવાસ, ભોજન અને દાસચાકરોની વ્યવસ્થા ગોઠવી દીધી.

કર્માશા રોજ જિનમંદિરે ત્રિકાળ જિનપૂજા કરતા. ઉપાશ્રયે જઈને ત્યાં બિરાજમાન ગણિવર્ય શ્રી સોમધીર પાસે જઈને ધર્મોપદેશ સાંભળતા, યાચકોને ધન,વસ્ત્ર, અને મિષ્ટાન્ન આદિનું દાન કરતા.

થોડાક દિવસો બાદ કર્માશાએ એક પત્ર લખીને તીર્થોદ્ધાર માટે સદા ચિંતિત રહેતા એવા પોતાના ગુરુદેવ શ્રી વિદ્યામંડનસૂરીશ્વરજી મહારાજાને તથા ઉપાધ્યાય શ્રી વિનયમંડન ગણિને બાદશાહ સાથેની મુલાકાતનો સઘળો રિપોર્ટ લખી મોકલ્યો.

એકવાર બાદશાાહ કર્માશા પાસેથી પૂર્વે ગ્રહણ કરેલી રકમ પાછી આપવા લાગ્યો ત્યારે કર્માશાએ ઘણી ના પાડી, અને જણાવ્યું કે મારું જે કંઇ છે તે બધું આપનું જ છે. આ રકમ પાછી આપવાની હોય નહિ. આપની હતી અને આપને આપી હતી. ઘણી ના પાડવા છતાં બાદશાહ માન્યા નહિ અને પરાણે તે રકમ કર્માશાને આપી દીધી. ઉદારદિલ કર્માશાએ તે રકમ ધર્મકાર્યમાં વાપરી લેવાનો સંકલ્પ કર્યો.

કર્માશાને જોઈને વારંવાર પ્રમુદિત થઇ જતા બાદશાહે એકવાર કર્માશાને જણાવ્યું કે મારા દિલની ખુશી માટે તું મારી પાસેથી કંઇકને કંઇક માંગ અથવા તને એક સમૃદ્ધ દેશ ભેટ આપું તો તું તેનો સ્વીકાર કર !

કર્માશાએ કહ્યું કે આપની કૃપાથી મારે બધું જ છે કશી ખોટ નથી. માત્ર એક જ વાતની મારા મનમાં ઇચ્છા છે, જે મેં પૂર્વે આપ જ્યારે ચિત્તોડગઢ પધારેલા ત્યારે જણાવેલી અને આપે મને તે કાર્ય માટે વચન આપેલું.

મારે સિદ્ધાચલ તીર્થાધિરાજનો ઉદ્ધાર કરવો છે તથા ત્યાં મારી ગોત્રદેવી ચક્રેશ્વરીની વિશાળ પ્રતિમા સ્થાપન કરવી છે. આ કાર્ય માટે મેં ઘણા તીવ્ર કઠોર અભિગ્રહો ધારણ કરેલા છે. માટે આપ ફરમાન પત્ર લખી આપો.

કર્માશાની અંતરની અને અભિગ્રહોની વાત જાણીને તરત જ બાદશાહે ફરમાન લખી આપ્યું. મહોર મારી આપી અને કર્માશાને જણાવ્યું કે તારે તારી ઇચ્છા પ્રમાણે જે કામ કરાવવું હોય તે તું કરાવી લે. તને ક્યાંય કશો પ્રતિબંધ નડશે નહિ. મુસ્લિમ બાદશાહના હાથે શત્રુંજય તીર્થના ઉદ્ધારનું ફરમાન લખી લેવું એટલે ખરેખર ફણીધરના માથેથી

મણિ ગ્રહણ કરવા જેવી કપરી કસોટી હતી, પણ કર્માશાની ભારે ચતુરાઇના કારણે આ કાર્ય શક્ય બન્યું.

ફરમાન ગ્રહણ કર્યા બાદ કર્માશાએ શીઘ્રતયા ખંભાત પ્રતિ પ્રયાણ કર્યું. ત્યારે આકાશ વાજિંત્રોના નાદથી ગાજવા લાગ્યું. સુવાસિની સ્ત્રીઓ મંગલ ગીતો ગાવા લાગી. અક્ષતથી વધામણાં કરવા લાગી. રસ્તામાં બંદીજનો કર્માશાના સૌભાગ્યની પ્રશંસા કરવા લાગ્યા. આમ ચારેકોરથી સારાં શકુનો થવાથી કર્માશાનો ઉત્સાહ વધી ગયો.

અનેક પૌરજનો પણ હાથી ઘોડા રથ પર આરૂઢ થઈને કર્માશાની સાથે ચાલવા લાગ્યા. કર્માશા રસ્તામાં બંદીજનો અને યાચકો પ્રતિ ધનની વૃષ્ટિ કરતાં શત્રુંજય પ્રતિ આગળ વધવા લાગ્યા. રસ્તામાં જેટલાં પણ જિનાલયો આવ્યાં તે બધામાં સ્નાત્ર મહોત્સવ તથા ધ્વજારોહણ કર્યું. જ્યાં જ્યાં સાધુ મુનિવરો મળ્યા ત્યાં ત્યાં વંદના-સુખ-શાતા-પૃચ્છા કરી વસ્ત્રપાત્રાદિનું દાન કર્યું. રસ્તામાં જે જે ગામોમાં ચીડીમાર અને માછીમારો વસતા હતા તે બધાને તે પાપકર્મથી મુક્ત કરાવી ધન આપી સારે રસ્તે લગાડ્યા.

શાસન પ્રભાવના કરતાં કરતાં એક દિવસ કર્માશા ખંભાત બંદરે આવી પહોંચ્યા. શત્રુંજયના ઉદ્ધારનું ફરમાન લઈને પધારેલા આ યુવા શ્રાવકનું ખંભાતના શ્રી સંઘે ભવ્ય સ્વાગત કર્યું. કર્માશાએ સંઘ સહિત શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવંતનાં પાવન દર્શન કર્યાં. ત્યારબાદ વિહરમાન જિનેશ્વર શ્રી સીમંધર સ્વામીનાં જિનાલયે દર્શન કર્યાં. ત્યાર બાદ ઉપાશ્રયે પહોંચ્યા, જ્યાં ઉપાધ્યાય શ્રી વિનયમંડન ગણિ બિરાજમાન હતા તે પૂજ્યવરને જોતાંજ કર્માશાને રોમાંચ ખડા થયા. હૃદય હર્ષથી ભરાઇ ગયું, વંદનાદિ કરીને સુખશાતા પૂછી તે પછી કર્માશાનું અંતર ભાવોલ્લાસથી ઊભરાઇ ગયું અને હૃદયોદગાર સરી પડ્યા.

હે ગુરુદેવ ! આજ મારો દિવસ ખરેખર સફળ થયો છે. આપનાં પવિત્ર દર્શન મને મળ્યાં. હે સકલ શાસ્ત્રના જ્ઞાતા ! હે ક્રિયાયોગમાં સાવધાન ! હે પૂજ્ય ! આપે મને જે કાર્ય માટે પ્રેરણા કરેલી તે કાર્ય માટે આપ આજ્ઞા પ્રદાન કરો.

લોકમાં એમ કહેવાય છે કે પ્રાચીન વસ્તુનો ઉદ્ધાર કરવાથી પુણ્ય બંધાય છે તો પછી શાશ્વત શ્રી શત્રુંજય ગિરિરાજના અને જિનબિંબના ઉદ્ધારની તો વાત જ શી કરવી ? ખરેખર તે તો મહાન પુણ્યના ઉદયની વાત છે.

હે ગુરુદેવ ! આ તો આપે કહેલી જ ઉપદેશ વાતોને હું વાચાળ અને ધૃષ્ટ બનીને આપની સામે આલાપી રહ્યો છું.

કર્માશાની વાત સાંભળીને ઉપાધ્યાય શ્રી વિનયમંડન ગણિનું મુખારવિંદ સહેજ મલકી ઊઠ્યું. પણ જબાનથી તેમણે કશો ઉત્તર આપ્યો નહિ.

તે પછી આવેલા સંઘ સમક્ષ ઉપાધ્યાયશ્રીએ સુંદર પ્રવચન કર્યું અને કર્માશાને સંબોધીને જણાવ્યું કે તમે વિધિવિજ્ઞ છો. ભાગ્યને સમજનારા છો, માટે હવે ધર્મકૃત્યને વિશે પ્રમાદ ન કરતાં તુરતજ પ્રયત્નશીલ બનવું જોઈએ.વળી અમે

પણ અવસરને સમજીએ છીએ. શુભકાર્યમાં કોણ ઉપેક્ષા કરે ?

ઉપાધ્યાય ભગવંતની માર્મિક વાણીમાં ઘણું બધું રહસ્ય છુપાયેલું હતું. બુદ્ધિ કૌશલના ભંડાર સમા કર્માશાને જે સમજતાં વાર ન લાગી. પૂજ્યશ્રીએ ટકોર કરી હતી કે ધર્મકાર્યમાં તુરતજ પ્રયત્નશીલ બનવું, જોઈએ કેમ કે ભાગ્યનો કોઈ ભરોસો નથી. કહેવાય છે કે 'શ્રેયાંસિ બહુ વિઘ્નાનિ.' એમાંય વળી મોગલ સામ્રાજ્યોની વચ્ચે આ કાર્ય પાર પાડવાનું હતું. તેથી વિલંબ કરવામાં મુશ્કેલી ઊભી થાય.

ઉપાધ્યાયજીએ કહ્યું કે અમે પણ અવસરને સમજીએ છીએ, શુભ કાર્યમાં કોણ ઉપેક્ષા કરે ? તેથી પણ કર્માશા ગુરુદેવના અંતરની વાત જાણી ગયા કે પૂજ્યશ્રી પણ આ ઉદ્ધારના કાર્ય માટે સમય આવે શત્રુંજય પહોંચ્યા વિના રહેશે નહિ.

ખંભાતમાં વધુ ન રોકાતાં કર્માશા ગુરુ ભગવંતને પ્રણામ કરીને સિધ્ધાચલ ભણી પ્રયાણ આરંભ્યું. રાત દિવસ જોયા વિના ઝડપભેર માત્ર પાંચ જ દિવસમાં હૃદયાનંદકારી ગિરિવરની ગોદમાં પહોંચી ગયા.

" સિધ્ધાચલ તીર્થ કી જય " "દાદા યુગાદિ દેવકી જય " ના નારાઓથી તીર્થ ગાજી ઊઠ્યું..

મેઘને જોઈને જેમ મયૂર નાચવા લાગે, ચન્દ્રને જોઈને જેમ ચકોર ડોલવા લાગે તેવી જ રીતે કર્માશા પણ ગિરિરાજને જોઈને નાચવા લાગ્યા. રત્નો તથા સોના–રૂપાનાં ફૂલડે ગિરિરાજને જોઈને વધાવવા લાગ્યા અને ભક્તિભર્યા હૃદયે ગિરિરાજની સ્તવના કરતાં બોલવા લાગ્યા કે :

હે શૈલેન્દ્ર ! ઘણા સમય પછી આપનાં દર્શન થયાં. હે ગિરિવર ! આપ કલ્પવૃક્ષની જેમ ઈચ્છિતને પૂર્ણ કરનારા છો ! ના, ના હું ભૂલ્યો. હે ગિરિવર ! આપ તો કલ્પવૃક્ષથી પણ ચડિયાતા છો. કલ્પવૃક્ષ તો માત્ર આલોકનાં જ સુખ આપે છે ત્યારે આપ તો આલોક અને પરલોક–ઉભયલોકમાં સુખ દેનારા છો. હે વિમલગિરીન્દ્ર ! આપનાં દર્શનં અને સ્પર્શના બન્ને ભવ્ય જીવોનાં પાપને હરનારાં છે.

હે પુંડરીક ગિરિ ! આપ સ્વર્ગસુખની સોપાન શ્રેણી છો તથા નરકના દ્વારે લોખંડની અર્ગલા છો. ખરેખર આપ પુણ્યમંદિર છો. જેના માટે લોકો યોગસાધના કરીને દીર્ઘકાલ સુધી તપ તપીને કલેશ પામે છે, એવી ચિંતામણિરત્ન વગેરે ચીજો પણ આપનો સાથ છોડતી નથી. હે સિદ્ધિગિરિવર ! આપના એકેકા પ્રદેશે અનંતા આત્માઓ સિદ્ધિપદને વર્યા છે. તેથી તારાથી ચડિયાતું પુણ્યક્ષેત્ર સકલ લોકમાં બીજું એકેય નથી.

હે મુક્તિનિલયગિરિ ! તારા શૃંગ પર જિનબિંબ બિરાજમાન હોય યા ન હોય તો પણ તારાં દર્શન સ્પર્શન–માત્રથી તું ભવ્ય જીવોનાં પાપોનો નાશ કરનારો છે.

હે પુણ્યનિધાનગિરિ ! મહાવિદેહ ક્ષેત્રની ભોમકા પર વિચરતા ભગવાન સીમંધરસ્વામી પર્ષદા સમક્ષ આ

ભરતવર્ષનાં નર-નારીઓની પ્રશંસા કરે છે તેનું કારણ માત્ર તું જ છે ! તારા પુણ્યપ્રભાવે ભારતીઓ પણ પ્રશંસનીય બન્યા છે.

આ પ્રમાણે ગિરિવરની ભાવભરી સ્તુતિ કરીને વારંવાર ગિરિરાજને નમસ્કાર કરીને કર્માશા આગળ ચાલ્યા અને આદિપુર (આદપુર)ની તળેટીમાં જઈને વાસ કર્યો. મોટામોટા મંડપો તથા રાવટીઓ બંધાણી. વિશાળ ભોજનાલય તૈયાર કર્યું. પાણીની વ્યસ્થા કરી. સૂત્રધારો (શિલ્પીઓ), કારીગરો વગેરે માટે પણ સુંદર વ્યવસ્થા કરી. તે લોકો જલદીથી સુખપૂર્વક ગિરિરાજ પર આવ-જા કરી શકે માટે જ તળેટીમાં નિવાસ કર્યો હતો. (પછી જ્યારે પ્રતિષ્ઠા મહોત્સવ નજીકમાં આવ્યો ત્યારે ચારેકોરથી માણસોનું આગમન વધી જવાથી ત્યાં પાણીની ખેંચ પડવા લાગી તેથી પ્રતિષ્ઠા સમયે ત્યાંથી ખસીને પાદલિપ્તમાં વાસ કર્યો.)

બાદશાહ બહાદુરશાહ તરફથી ઉદ્ધારનું ફરમાન મેળવ્યા બાદ કર્માશાએ સર્વત્ર સમાચાર પહોંચતા કરી દીધા હતા.જ્યાં જ્યાં સમાચાર પહોંચ્યા ત્યાં ત્યાં સર્વત્ર આનંદ પ્રસર્યો અને લોકો પ્રતિષ્ઠા મહોત્સવમાં જવાની તૈયારીઓ કરવા લાગ્યા. દેશ-દેશાન્તરોમાંથી મુનિવરોએ પોતાના વિહારની દિશા સિદ્ધાચલ ભણી નક્કી કરી.ચિત્તોડગઢથી પણ કર્માશાના બંધુઓ વિપુલ ધનના ચરુઓ ગ્રહણ કરીને શત્રુંજય ગિરિએ આવી પહોંચ્યા. દેશ-દેશાવરોથી જાણકાર શિલ્પજ્ઞ સૂત્રકારો પણ આવી પહોંચ્યા. " અમે પણ અવસરના જાણકાર છીએ " એવું આશ્વાસન આપનારા ઉપાધ્યાય શ્રી વિનયમંડન ગણિવર્ય પણ યાત્રાર્થે સાધુ-સાધ્વીના વિશાળ પરિવાર સાથે ત્યાં આવી પહોંચ્યા ગુરુવર્યનું આગમન થવાથી કર્માશાનો ઉત્સાહ દ્વિગુણિત થયો.

બાદશાહ બહાદુરખાનનો સૂબો મયાદખાન પાલિતાણામાં રહેતો હતો. મ્લેચ્છ સ્વભાવના કારણે તેને આ જીર્ણોદ્ધારનું કાર્ય થાય તે પસંદ ન હતું બિચારો અંદરથી જલતો હતો. પણ પોતાના માલિકનું ફરમાન હોવાથી કશું બોલી શકતો ન હતો.

મયાદખાનની સાથે કામ કરનારા ગુર્જરવંશીય રવિરાજ અને નૃસિંહે ★ કર્માશાના કાર્યમાં ખૂબ સારો સહયોગ પાઠવ્યો.

સારા - શુભ દિવસે સૂત્રધારો તથા ઉપાધ્યાયજી મહારાજ સાથે કર્માશા ગિરિરાજ પર ગયા. મોગલોએ કરેલી વેરણછેરણ સ્થિતિ જોઈને તેમનું દિલ દ્રવી ઊઠ્યું. દાદાના દરબારમાં પ્રવેશ કર્યો તો ત્યાં માત્ર દાદાનું ખંડિત મસ્તક દેખાયું. પબાસન પર માત્ર મસ્તક પૂજાતું હતું. પથ્થરોના ટુકડા ચારે બાજુ વેરાયેલા પડ્યા હતા. મંદિર સાવ અવાવરું બની ગયું હતું. શિખરોના ઘણા ભાગો ધ્વસ્ત થઈ ચૂક્યા હતા. આ બધું જોઈને કર્માશાનું હૃદય ભરાઈ આવ્યું અને આંખેથી અશ્રુનો જલસ્રોત વહેવા લાગ્યો

★ લાવણ્ય સમયની પ્રશસ્તિ આ બન્નેને મયાદખાનના મંત્રી તરીકે જણાવે છે. ડો. બુલ્હરના કથન અનુસાર આ બન્ને જૈન હતા.

ગુરુવર્યે આશ્વાસન આપતાં જણાવ્યું કે હવે હતાશ કે નિરાશ થવાથી કામ નહિ ચાલે. આપણે હવે નવું સર્જન કરવાનું છે , તે કાર્યમાં લાગી જઈએ.

સૌ પ્રથમ જિનબિંબ ભરાવવા માટે મંત્રીશ્વર શ્રી વસ્તુપાળ દ્વારા લવાયેલ શિલાઓને ભોંયરામાંથી બહાર કઢાવવી અને બિંબ ભરાવવાનું કાર્ય શરૂ કરાવવું. શ્રી સંઘની સંમતિ મેળવીને શિલાઓની તપાસ કરી. આ શિલાઓ ક્યાં ભંડારેલી છે તે વાત માત્ર એક સમરા નામનો પૂજારી જ જાણતો હતો. તેને બોલાવીને ખાનગીમાં પૂછવામાં આવ્યું કે ભાઇ ! શિલાઓ ક્યાં ભંડારેલ છે ? સંઘની સંમતિ હોવાથી સમરા પૂજારીએ ગુપ્ત ભોંયરું બતાવ્યું અને તેમાંથી વર્ષો પૂર્વે વસ્તુપાળ મંત્રીએ પધરાવેલી શિલાઓને બહાર કાઢવામાં આવી. ગુરુદેવના ઉપદેશથી પૂજારીઓને તેમની ઇચ્છાથી અધિક ધન આપીને ખુશ કર્યા.મુખ્ય બે શિલાઓ તથા બીજી પણ નાની મોટી શીલાઓ ત્યાંથી ગ્રહણ કરી શેત્રુંજી નદીના શુદ્ધજલથી તે પાષાણખંડોનો અભિષેક કર્યો. અષ્ટ દ્રવ્યથી તેનું પૂજન કર્યું સૂત્રધારોના હાથે મીઢળ મરડાસીગ, અને નાડાછડી બાંધવામાં આવી. કંકુ તિલક કરીને પુરસ્કાર આપવામાં આવ્યો, બિંબ ઘડવા માટે ઉપયોગમાં લેવાતાં ઓજારોનો પ્રક્ષાલ કરી તેની પર ગ્રીવાસૂત્ર બાંધી પૂજા કરી. મંદિરોમાં ઘંટનાદ થવા લાગ્યા.ઉપાધ્યાયશ્રીએ મંત્ર ભણીને શિલા ઉપર વાસક્ષેપ કર્યો અને શિલ્પીઓએ ટાંકણું ઉપાડી બિંબ ઘડવાની શરૂઆત કરી.

જય આદિનાથ ! જય આદિનાથ ! જય આદિનાથ ! ના નારાઓથી વાતાવરણ સંવેદનામય બની ગયું.

પાષાણમાંથી એવા પ્રભુ પ્રગટ કરવાના છે કે જેને જોઈને આખી દુનિયા ગાંડીતૂર બની જાય. શિલ્પશાસ્ત્રમાં વર્ણવેલા જિનબિંબનાં તમામ લક્ષણોથી યુક્ત એવા બિંબનું નિર્માણ કાર્ય માત્ર શિલ્પીઓના ભરોસે ન છોડી દેતાં ઉપાધ્યાયશ્રીએ શિલ્પશાસ્ત્ર તથા વાસ્તુશાસ્ત્ર વિશારદ એવા પોતાના બે વિનીત શિષ્યો મુનિશ્રી વિવેકમંડન તથા મુનિશ્રી વિવેકધીરને જિનબિંબના નિર્માણમાં શિલ્પીઓને યોગ્ય સલાહ સૂચન માટે નિયુક્ત કર્યા. આ મુનિઓ માટે આહાર –પાણી વહોરી લાવવાનું કાર્ય મુનિશ્રી ક્ષમાધીર આદિને સોંપવામાં આવ્યું. મુનિવર શ્રી રત્નસાગરજી અને મુનિવર શ્રી જયમંડનજીએ જૈનશાસન અને સંઘના શ્રેય માટે છ માસિક તપની આરાધના શરૂ કરી. બીજા કેટલાક મુનિવરોએ છઠ્ઠ–અઠ્ઠમ આદિ તપશ્ચર્યાનો પ્રારંભ કર્યો. દુષ્ટ વ્યંતરોના ઉપદ્રવોને ટાળવા માટે ઉપાધ્યાય શ્રી વિવેકમંડન ગણિએ ભગવાનશ્રી સિદ્ધચક્રજીનું ધ્યાન ધરવું શરૂ કર્યું. તપ, જપ, ક્રિયા, ધ્યાન, અધ્યયન આદિ ક્રિયાના સમૂહથી ઘણા લાભને મેળવતા એવા ઉપાધ્યાયજી ધર્મસાર્થવાહ સમા શોભવા લાગ્યા. કર્માશાએ સૂત્રધારોને કામ કરવા માટે સુખરૂપ બેસી શકે એવી સુખાસિકાની વ્યવસ્થા કરી તેમને જમવા માટે સુંદર ભોજન તથા ગરમ ગરમ મસાલેદાર દૂધ વગેરેની સગવડ કરી. વધુ શું કહીએ ? અરે સેંકડો સૂત્રધારો જે ચીજ જ્યારે માગે ત્યારે તરત હાજર કરવામાં આવતી હતી. કર્માશાની આ ઉદારતાથી આવર્જિત થયેલા સૂત્રધારોએ જે કાર્ય મહિનાઓથી પણ પાર ન પડે તેવું કાર્ય માત્ર દશ જ દિવસમાં પાર પાડી બતાવ્યું.

વાસ્તુશાસ્ત્રમાં દર્શાવ્યા મુજબ સમચતુરસ્ર વિભાગ કરીને પ્રતિમાજીના અવયવો ઘડવામાં આવ્યા અપરાજિત નામના શાસ્ત્રમાં ★ જણાવ્યા મુજબનાં લક્ષણોથી જિનબિંબ લક્ષિત કરવામાં આવ્યું.

★ શિલ્પશાસ્ત્રનો આ પ્રાચીન ગ્રંથ છે જે હાલ પૂર્ણરૂપે મળતો નથી. તેનો અપૂર્ણ ભાગ પાટણના ભંડારમાં વિદ્યમાન છે.

જેમ જેમ દિવસો વ્યતીત થતા ગયા તેમ તેમ પ્રતિમાજીનો આકાર દેખાવા લાગ્યો. પૂર્ણિમાના ચાંદ જેવું મુખારવિંદ, અષ્ટમીના ચન્દ્ર જેવું ભાલ, શંખના આકાર જેવો કંઠ ભાગ, લાંબી ભુજા કેશરીસિંહ જેવી પાતળી કેડ, કમળ ની પાંખડી જેવાં રૂપાળાં રસાળાં નયનો ! કલશાકાર શિરોભાગ ! વિશાળ કર્ણપુટો ! અણિયાળી સુંદર નાસિકા ! કમલની પાંખડીના પુટ જેવા અધરોષ્ટ ! સુંદર મજાની હડપચી ! ભરાવદાર કપોલ ! દીર્ઘ બાહુયુગલ ! વિશાલ વક્ષ:સ્થલ ! કદલીસ્થંભસમા સાથળ ! સુકોમલ હસ્ત અને ચરણ ! સર્વાંગસુંદર બિંબ તૈયાર થયું.

બિંબની સાથોસાથ વિશાળકાય પ્રાસાદને પણ સમરાવવામાં આવ્યો. મૂલગભારામાં પણ પુનઃ રિપેરિંગ આદિ કાર્ય કરાવી લેવામાં આવ્યું.

જિનબિંબ તૈયાર થઇ ગયા બાદ પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત જોવડાવવા માટે કર્માશાએ જે જે દેશોમાં જ્યોતિષ આદિ શાસ્ત્રના જાણકાર પંડિતો હતા તે બધાને આમંત્રણ આપીને બહુમાનપૂર્વક તેડાવ્યા. ગામેગામથી અનેક જ્યોતિષીઓ, નિમિત્તજ્ઞો, ગણિતજ્ઞો, જ્ઞાનીઓ, વિજ્ઞાનીઓ અને પંડિતો ભેગા મળ્યા. શુભ દિવસે બધાની મિટિંગ રાખવામાં આવી જેમાં સૂરીશ્વરો, ઉપાધ્યાયો, પંન્યાસો, ગણિવર્યો, વાચનાચાર્યો, મુનિવરો તથા જેમને દેવોનું સાંનિધ્ય છે એવા મુનિવરો આદિ પણ બધા સાથે બેઠા. પરસ્પર શાસ્ત્રાર્થ કર્યા. ચર્ચા-વિચારણા કરી. તિથિ, વાર, નક્ષત્રયોગ અને કરણ આદિ જ્યોતિષનાં પાંચે અંગો ઉપર લાંબો વાર્તાલાપ કર્યો. વિવિધ લગ્ન કુંડલીઓ બનાવી. શુભાશુભનો દીર્ઘ વિચાર કર્યો. શ્રી સંઘના ઉદયને કરનારું અને સહુને સંગત, સંમત અને પસંદ એવું મુહૂર્ત નિશ્ચિત કરવામાં આવ્યું. જેમાં વિ.સં. ૧૫૮૭ની સાલ હતી. વૈશાખ માસ હતો. વદ પક્ષ હતો અને છઠ્ઠનો દિવસ હતો અને રવિ નામનો વાર હતો. શ્રવણ નામનું નક્ષત્ર હતું અને ધન નામનો શુદ્ધ નવમાંશ હતો. જ્યોતિષીઓએ જાહેર કર્યું કે આ મુહૂર્ત તમારા સહુના ઉદયને કરનારું થાઓ ! વાક્ય પૂર્ણ થતાંની સાથે જ આદીશ્વરદાદાની જય બોલાવીને યથોચિત પૂજન, સત્કાર અને સન્માન કરવામાં આવ્યું.

કંકુ છાંટી કંકોતરી મોકલો :

મુહૂર્તનો શુભ નિર્ણય થઇ ગયા પછી કુમકુમ પત્રિકાઓ લખવામાં આવી. તેની ઉપર કંકુનાં છાંટણાં કરવામાં આવ્યાં. તે પછી દશે દિશામાં કુમકુમ પત્રિકાઓ રવાના કરવામાં આવી. જેમાં ખાસ કરીને (૧) અંગદેશમાં (૨) બંગદેશમાં (૩) કલિંગદેશમાં (૪) કાશ્મીરમાં (૫) જાલંધરમાં (૬) માલવમાં (૭) વણિક દેશમાં (૮) વાલ્હિક દેશમાં (૯) તુર્કસ્તાનમાં (૧૦) કામરુપ દેશમાં (૧૧) તુરુંડક દેશમાં (૧૨) વૈદ્ય દેશમાં (૧૩) સાલ્વ દેશમાં (૧૪) તાપિક દેશમાં (૧૫) સૌવીર દેશમાં (૧૬) પ્રત્યગ્રથ (૧૭) કેરલ દેશમાં (૧૮) કામરુપ દેશમાં (૧૯) ભોટ દેશમાં (૨૦) કુંતલ દેશમાં (૨૧) લાટ દેશમાં (વાપીથી ભરૂચ સુધીનો પટ્ટો) (૨૨) સૌરાષ્ટ્ર દેશમાં (૨૩) ગુજરાત દેશમાં (૨૪) મારવાડ દેશમાં (૨૫) મગધ દેશમાં.

ઉપરોક્ત સર્વ દેશોમાં આમંત્રણ પત્રિકા પહોંચ્યા પછી લોકોએ ગિરિરાજ પર પ્રતિષ્ઠા મહોત્સવમાં પહોંચવા માટે તરત જ પ્રસ્થાન કર્યું.

પૂજ્યો વહેલા પધારજો !

ધર્મદાતા પરમોપકારી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ વિજય વિદ્યામંડન સૂરીશ્વરજી મહારાજને તેડાવવા માટે કર્માશાએ પોતાના સહુથી મોટાભાઈ સ્નાશાને મોકલ્યા અને ખાસ ભલામણ કરી કે તમે જાતે સાથે રહીને ગુરુદેવને લઈને આવશો. તેમણે ગુરુદેવ પાસે રૂબરૂ જઈને તીર્થોદ્ધારની તમામ વાતો રજૂ કરી. અને પૂજ્યશ્રીને પ્રસન્ન કર્યા. તથા પ્રતિષ્ઠા મહોત્સવમાં સકલ શ્રી સંઘ સાથે પધારવા માટે ખૂબ ખૂબ વિનંતિ કરી.

પૂજ્યશ્રીએ કહ્યું કે હે મહાભાગ ! પૂર્વે તમે ચિત્રકૂટ પર્વત પર સુપાર્શ્વનાથ તથા પાર્શ્વનાથ ભગવાનના સુંદર પ્રાસાદોનું નિર્માણ કરાવ્યું ત્યારે તમે મને તેડાવ્યા છતાં અમે કારણસર ન આવી શક્યા, અને તે પ્રતિષ્ઠા અમારા શિષ્યશ્રી વિવેકમંડને કરી. પરંતુ આ પ્રતિષ્ઠામાં તો હું અવશ્ય ઉપસ્થિત રહીશ. આમ પણ કેટલાય સમયથી મારા ચિત્તમાં ગિરિરાજની યાત્રાનું સ્મરણ થયા કરે છે. પરંતુ તારી વાતો પછી હવે તો મારી પણ ઉત્કંઠા વધી ગઇ છે. માટે અમે સહુ શત્રુંજય પ્રતિ પ્રયાણ કરવાની ભાવના રાખીએ છીએ. પૂજ્યશ્રીનો પ્રત્યુત્તર સાંભળતાની સાથે જ સ્નાશાએ સકળ શ્રી સંઘ વચ્ચે આદિનાથ ભગવાનની જય બોલાવી.

એકેકું ડગલું ભરે !

શુભ સમય જોઈને પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ વિજય વિદ્યામંડન સૂરીશ્વરજી મહારાજાએ પોતાના શિષ્યરત્ન સોભાગ્યરત્નસૂરિ આદિ મુનિમંડલ સાથે શત્રુંજય ભણી ડગલું ભર્યું. તે સમયે અન્ય ગચ્છોના પણ સો સો આચાર્યદેવો, અનેક ઉપાધ્યાય ભગવંતો, અનેક પંન્યાસ પ્રવરો આદિ કુલ મળીને એક હજાર સાધુ પરિવાર તેમની પાછળ ચાલવા લાગ્યો. અનેક સાધ્વીજી મહારાજો તથા શ્રાવક – શ્રાવિકાગણ પણ પૂજ્યશ્રીની સાથે જોડાયો. સકલ શ્રીસંઘ સાથે પરિવરેલા આચાર્યદેવ ગ્રામાનુગ્રામ વિહાર કરતા કરતા શાસનપ્રભાવનાને વિસ્તારતા વિસ્તારતા ગિરિરાજની નજીકમાં પહોંચ્યા.

પૂજ્યશ્રીના આગમનની જાણ થતાં કર્માશાએ ભવ્ય પ્રવેશ મહોત્સવ કર્યો. તેજ દિવસોમાં દેશદેશથી માનવ મહેરામણ ઊભરાવા લાગ્યો. આવી રહેલા માનવ પ્રવાહમાં કેટલાક ગજાધિરુઢ હતા, કેટલાક અશ્વાધિરુઢ હતા, કેટલાક રથાધિરુઢ હતા, કેટલાક વૃષભાધિરુઢહતા, કેટલાક સુખાસનાધિરુઢ હતા, તો કેટલાક ઊંટ ઉપર બેઠેલા હતા. હૈયે હૈયું દબાઇ એવી ભીડ હતી.

લાખો મનુષ્યથી આદપુરની તળેટીનો વિશાળ ભૂભાગ પણ નાનો પડવા લાગ્યો. જ્યાં જુઓ ત્યાં માણસા માણસ ! આવા વિશાળ જન સમુદાયને જોઈને કર્માશાનું હૃદય પણ વિશાલ બન્યું. ભારે ઉદારતા પૂર્વક એમણે સાધર્મિક ભક્તિ શરૂ કરી. આવાસ, નિવાસ ભોજન આદિની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી. તેમ છતાં પણ તળેટીએ પાણીની ભારે ખેંચ પડવાથી સકલ શ્રીસંઘને સ્થાનાંતર કરાવીને પાદ લિપ્તમાં નવેસરથી બધી વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી. જ્યારે જ્યારે ઉપાધ્યાયશ્રીએ જ્યાં જ્યાં જે જે દાનાદિ કર્તવ્યનું સૂચન કર્યું, તે તે કાર્ય કર્માશાએ અત્યંત હોંશપૂર્વક પાર પાડ્યું. જ્યાં સો રૂપિયાની જરૂર હતી ત્યાં હજાર રૂપિયા અને હજારની જરૂરહોય ત્યાં લાખ ખર્ચી નાખવા જેવી

કર્માશાની ઉદારતા હતી. આખા સમારંભમાં કોઇ પણ એવો માણસ ન હતો કે કર્માશાથી નારાજ હોય.યાચકવર્ગે કર્માશા પાસેથી જેટલા પ્રમાણમાં દ્રવ્ય માગવાનો નિર્ધાર કર્યો તેના કરતાં કર્માશાનું પ્રસન્નમુખ જોઇને થોડુંક વધુ માંગી લેતો. પણ કર્માશા તેને માંગ્યાથી પણ અધિક દાન દઇ દેતા. માટે જ કર્માશાનું દાન 'વચોતિગ' કહેવાયું હતું. અર્થાત તેમના દાનને જીભથી વર્ણવી શકાય તેમ ન હતું. આવી ભારે ઉદારતા ક્યારેક જ ક્વચિત જ જોવા મળતી હોય છે.

પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન ઠેર ઠેર સુંદર પટમંડપો ઊભા કરવામાં આવ્યા હતા. જેમાં વપરાયેલ કાપડમાં વિવિધ જાતના રંગો અને ડિઝાઇનો હતી. વિવિધ જવનિકા (જાળી)ઓ શોભતી હતી. મંડપના ચંદરવામાં મણિ મોતી–માણેકનાં રચેલાં ઝુમ્મરો લટકતાં હતાં. ઊંચા ઊંચા માંડવાની ધારે ધારે નાની નાની ધજાઓ પવનથી એક સરખી પંક્તિમાં ફરકી રહી હતી.

સમગ્ર વિશ્વમાં જાણે મહોત્સવ ઊજવાઇ રહ્યો હોય એવો આભાસ થતો હતો, સૂરજકુંડનું જલ ગ્રહણ કરવા માટે અનેક વાજિંત્રો, વાહનો, વાદ્યો, નવવધૂઓ અને જલકળશો સાથે ભવ્ય જલયાત્રાનો વરઘોડો કાઢવામાં આવ્યો જેને જોઇને લોકો શાસ્ત્રમાં વર્ણવાયેલા ચક્રવર્તી સમ્રાટ ભરત મહારાજાના મહોત્સવને યાદ કરતા હતા.

સકળ શ્રીસંઘે ભેગા મળીને પ્રતિષ્ઠા મહોત્સવની સઘળી કાર્યવાહીની જવાબદારી કાર્યકુશળ ઉપાધ્યાય શ્રી વિનયમંડન પાઠકને સોંપી.

અન્ય અન્ય મનુષ્યોને જે જે કાર્ય સોંપવામાં આવ્યાં હતાં તે બધા સ્ફૂર્તિથી તે તે કાર્યમાં લાગી ગયા.પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપયોગમાં લેવાતી ઔષધિઓ માટે સ્પેશ્યલ માણસોને જંગલોમાં મોકલ્યા.વૈદ્યો, વનવાસી તથા વૃદ્ધો પાસેથી વનસ્પતિઓની ઓળખ કરાવીને અગણિત દ્રવ્ય વ્યય કરી બધી જ જાતની ઔષધિઓ હાજર કરવામાં આવી.

કર્માશા ગુરુદેવની આજ્ઞાને શિરોધાર્ય કરીને કુલ ગુરુઓને યથા યોગ્ય દાન આપીને લોકોને પ્રણામ કરીને સહુની અનુમતિ મેળવીને પ્રતિષ્ઠા વિધિ મહોત્સવમાં પ્રવૃત્ત થયા.

ॐ પુણ્યાહં પુણ્યાહં

વૈશાખ વદિ ૬નો દિવસ ઊગ્યો ! સર્વત્ર અજવાળાં પથરાયાં. પંખીઓએ મંગલ ગાન શરૂ કર્યાં. જાઇ,જૂઇ, મોગરો, બટમોગરો, ચંપો, નાગચંપો અને બોરસલીનાં કુસુમો મહેકી ઊઠ્યાં. વાતાવરણ હળું હળું ભીનું ભીનું ભાસવા લાગ્યું. ગિરિરાજ માનવ મહેરામણથી ગાજવા લાગ્યો. તળેટીથી લગાવીને ટોચ સુધી નદીના પ્રવાહની જેમ જાણે માનવ પ્રવાહ રેલાવા લાગ્યો. હૈયે હૈયું દબાઇ જાય એવી ભારે ભીડ વચ્ચેપણ સહુના મુખ પર આજે કંઇક અનેરો આનંદ અને ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. કેમ કે આજે દાદા ગાદીએ બેસવાના છે.

પુરુષોનાં અંગે શોભતાં રંગ બેરંગી રેશમી જરિયન વસ્ત્રો ! મસ્તકે સોનેરી કિનારથી શોભતી મેવાડ દેશની પાઘડીઓ ! કાને લટકતી સોનેરી વાળીઓ ! હાથનાં કાંડે શોભતાં વીર વલયો ! કંઠમાં શોભતાં મોતીના કંઠાઓ !

અને આંગળીઓમાં શોભતી સુવર્ણ મુદ્રાઓના કારણે જાણે દેવલોકથી ઇન્દ્ર મહારાજાઓનો સંઘ નીકળ્યો હોય એવો ભાસ થતો હતો.

દેશ– દેશાવરની સ્ત્રીઓનાં નાજુક નમણાં અંગ પર પાનેતર શોભી રહ્યાં હતાં. કેટલીક સ્ત્રીઓએ લાલ ઘરચોળાં પહેર્યાં હતાં, તો કેટલીક સ્ત્રીઓએ પાટણનાં પટોળાં ઓઢ્યાં હતાં. જરી કામ અને ભરત કામ વચ્ચે ફીટ કરેલાં આભલાં ટમટમતા તારલિયા જેવાં ભાસતાં હતાં. નથણીમાં રહેલો હીરો જાણે આકાશમાંથી ખરેલો તારો એકલો અટૂલો અહીં આવી બેસી ગયો હોય તેવો ભાસ કરાવતો હતો. કાનમાં કુંડલ અને હાથમાં સોનાના પતરે જડેલા હાથી દાંતના ચૂડલા ! પગમાં ઝાંઝરના ઝણકાર! અને હથેળીમાં માળવાની મેંદીનો શણગાર ! અને મુખ ઉપર જુઓ તો આનંદનો ઊછળતો અપાર સાગર ! કેમકે આજે દાદા ગાદીએ બેસવાના છે.

ધવલ વસ્ત્રોમાં શોભતું સાધુ–સાધ્વીઓનું વિશાળ વૃંદ ! સહુનાં મુખ કમલ આજે શતપત્રકમલની જેમ ખીલી ઊઠ્યાં. ! વહેલી પરોઢે પંચપરમેષ્ઠી ભગવંતોનું દત્ત ચિત્તે ધ્યાન કર્યું છે. વિવિધ મંત્રોનો જાપ અને સ્તોત્રોનો પાઠ કર્યો. છે. ! સકલ શ્રીસંઘના અભ્યુદયની અને વિશ્વમાત્રના જીવોનાં કલ્યાણની કામના જેમના અંતરમાં ઊલસી રહીછે. એવો શ્રમણ– શ્રમણી પરિવાર આજે ગિરિવરિયાની ટોચ પર પહોંચી ચૂક્યો છે.

બાદશાહોંકા ભી બાદશાહ

વિવિધ ગચ્છોના તમામ સૂરીવરોએ જેમના વરદ હસ્તે આ પ્રતિષ્ઠા કરવાની શુભ અનુમતિ આપી છે તેવા પ્રતિષ્ઠાચાર્ય આચાર્ય ભગવંત શ્રીમદ વિજય વિધામંડન સૂરીશ્વરજી મહારાજ પણ દાદાના દરબારમાં ઉપસ્થિત થઇ ચૂક્યા છે. વયોવૃધ્ધ ઉમરે પણ મોં પરની લાલી અને ખુમારી કોઇક અજબ ક્ષાની ભાસી રહી છે. ઓઢેલી ઊજળી ચાદર પર એવું તેજ ઝિલાઇ રહ્યું છે કે જાણે બાદશાહોં કા ભી બાદશાહ !

દેવાધિદેવ ઋષભદેવ, રાયણ પાદુકા, ગણધર શ્રી પુંડરીક સ્વામી યક્ષરાજશ્રી કપર્દી, અધિષ્ઠાયિકા શ્રીચક્રેશ્વરી આદિનો અભિષેક કરવામાં આવ્યો. દેવાધિદેવનું સ્નાત્ર તથા પૂજન કરવામાં આવ્યું.

સાવધાન સકલશ્રીસંઘ સાવધાન !

લગ્ન સમય નજીકમાં આવવા લાગ્યો. વાર્જિત્રોના નાદ ગાજવા લાગ્યા. મંગળ ધ્વનિ થવા લાગ્યો. શંખનાદ ગુંજવા લાગ્યો. બંદીજનો બિરદાવલી ગાવા લાગ્યા. ચારેકોર જય જય શબ્દ થવા લાગ્યો. સ્ત્રીઓ મંગલગીત ગાવા લાગી. ભવ્ય જીવો દાદાના દરબારમાં મન મૂકીને નાચવા લાગ્યા અને મોટા સ્વરે ગાવા લાગ્યા. શેલારસ, કપૂર અને કંદ્રૂપના ધૂપની ધૂમ્રસેરો પ્રસરવા લાગી. વિકસેલાં વિવિધ પુષ્પોના પરિમલથી દશે દિશાઓમાંથી સુગંધ રેલાવા લાગી. કંકુ અને કપૂરની ધારાઓ વરસવા લાગી, ભક્તિથી ઊભરાઇ રહ્યાં છે દિલ જેમનાં એવો શ્રાવક ગણ વારંવાર ઊક્યિાં કરીને દાદાનું મુખ કમળ જોવા લાગ્યો.જ્યારે સર્વજનો પ્રસન્ન ચિત્ત હતા, નિંદા, વિકથા આદિથી પર હતા, જ્યારે વૈશાખ માસે કૃષ્ણ પક્ષે ષષ્ઠી દિને રવિવારે શ્રવણ નક્ષત્રે શુદ્ધ ધનનવમાંશે જ્યારે લગ્ન સમય પસાર થવા લાગ્યો ત્યારે દાદાનીપ્રતિમાજીમાં દિવ્યતેજ વિલાસ પામતું દેખાયું. અર્થાત તે સમયેદાદાની મૂર્તિએ સાતવાર શ્વાસોશ્વાસ લીધા.

દેવોએ દેવાધિદેવ પ્રત્યેના પૂજ્ય ભાવથી બિંબમાં સંક્રાંત થઇ આ પ્રક્રિયાનો ચમત્કાર દર્શાવીને પ્રભુમાં પ્રભુત્વ પ્રગટ્યાની પ્રતીતિ કરાવી. આવી પ્રતીતિની તે શુભ ઘડીએ કર્માશાની પ્રાર્થનાથી વિશ્વના તમામ જીવોનાં કલ્યાણ માટે રાગદ્વેષથી મુક્ત બનીને પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ વિજય વિદ્યામંડન સૂરીશ્વરજી મહારાજાએ દેવાધિદેવ શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિષ્ઠા કરી. સાથે પુંડરીક સ્વામી, રાયણ પાદુકા આદિની પ્રતિષ્ઠા અન્ય શિષ્ય પ્રવર મુનિવરોએ પણ કર્માશાના કુટુંબીજનોનાં નામથી ભરાયેલ અન્ય બિંબોની પ્રતિષ્ઠા કરી.

સુવર્ણના કળશની પ્રતિષ્ઠા કરી તથા સુવર્ણનાં મણિ, રત્નોથી મઢેલા એવા ધ્વજદંડની પણ પ્રતિષ્ઠા કરી તથા જૈન શાસનની ધ્વજા પતાકા લહેરાવી.

મણિમાણેક અને મુક્તાફલથી દાદાનાં વધામણાં આવ્યાં. સધવા સ્ત્રીઓએ દાદાનાં ઓવારણાં લઈને પોખણાં કર્યાં. ચારે કોર ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રિયંતામ્ પ્રિયંતામ્ ના નાદ ગાજવા લાગ્યા.સર્વ અવયવો પર સુંદર અલંકારોને ધારણ કરીને કર્માશાએ તથા સકલ શ્રી સંઘે પરમાત્માને લૂછણું કર્યું ત્યારે કર્માશા સહિત સકલ સંઘને રોમાંચ પેદા થયા. ત્યારબાદ સુવર્ણ, પુષ્પ, અને અક્ષત વડે પરમાત્માને અને ગુરુ મહારાજને વધાવવામાં આવ્યા. પ્રતિષ્ઠા વિધાનને લગતી તમામ ક્રિયાઓ વિધિ પુરસ્સર પરિપૂર્ણ કરવામાં આવી.

નોંધપાત્ર ઘટના એ હતી કે જેઓશ્રીના પાવન હસ્તે આ પ્રતિષ્ઠા કરવામાં આવી એ નિસ્પૃહ શિરોમણિ આચાર્યદેવે શિલાલેખમાં ક્યાંક પોતાનું નામ ન લખવા દીધું. સ્વરચિત સ્તવનોમાં પણ ક્યાંય પોતાનો નામોલ્લેખ કર્યો નથી. શિલાલેખમાં માત્ર **" श्री सूरिभिः प्रतिष्ठितम् "** (આચાર્યોએ પ્રતિષ્ઠા કરી) એટલું જ લખવા દીધું. આજે પણ દાદાની પલાંઠીમાં આ લેખ મોજૂદ છે. જેનો તરજૂમો તે પુસ્તકના પરિશિષ્ઠમાં આપેલ છે.

જિનાલયમાં ઉપયોગી આરતી, મંગળ દીવો છત્ર, ચામર, રથ ,ચંદરવા, આસનો, કળશો આદિ ઉપકરણો કર્માશાએ મંદિરમાં મૂક્યાં. તથા જિનપૂજા માટે ગામો, બગીચાઓ અને ઉદ્યાનો મંદિરને ભેટ કર્યા.

સમગ્ર પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન કોઈને સહેજ માથું દુ:ખવા જેવો લેશ પણ દુ:ખનો અનુભવ ન થયો. કૃતકૃત્ય બનેલા કર્માશાના આનંદની તો શી વાત કરવી ? અરે ! પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારેલા પ્રત્યેક માનવનું અંતર આનંદથી હિલોળા લેતું હતું.

લોકો જ કર્માશાને ધન્ય કહેતા હતા એટલું જ નહિ પણ કર્માશા સ્વયં પોતાને ધન્ય માનતા હતા. ખરેખર એવું કશું શુભ કાર્ય બાકી રહ્યું ન હતું કે જે કર્માશાએ ન આરાધ્યું હોય.

ત્યારબાદ કર્માશાનું સંઘ દ્વારા વધામણું કરવામાં આવ્યું. પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ વિજય વિદ્યામંડન સૂરીશ્વરજી મહારાજાએ કર્માશાના લલાટમાં ઉદયને કરનારું વિજયને સૂચવનારું એવું સંઘપતિ તિલક કર્યું, તથા ઈન્દ્રમાળ પહેરાવી.

મહોત્સવ દરમ્યાન સવારથી સાંજ સુધી કર્માશાનું ભોજનગૃહ સતત ઉઘાડું રહેતું હતું જેમાં જૈન–અજૈન સર્વને

સારી રીતે જમાડવામાં આવતા હતા. જે જે યાચકો આવતાં તેમને પાછું વાળીને જોયા વિના કર્માશાએ લાખો નહિ પણ કરોડોના હિસાબમાં દાન આપ્યું હતું. સેંકડો હાથી–ઘોડા વગેરે પણ અલંકારોથી સજાવીને યાચકોને ભેટ કર્યા હતા. ગર્જના કરતાં મેઘની જેમ કર્માશાએ એટલી બધી ધનવૃષ્ટિ કરી કે યાચકરૂપી ચાતકો સદા માટે તૃપ્ત થઈ ગયા.

કેટલાક લોભી યાચકોને મનમાં થતું કે જો બહુરૂપી વિદ્યા હોત તો ઘણાં રૂપ કરીને કર્માશા પાસેથી વધુ ધન મેળવત પણ અફસોસ ! એકરૂપથી કેટલું મેળવી શકાય ?

ક્ષુદ્ર માણસ ક્યારેક પોતાના કુલાચાર મૂકી દે તે બને, અર્થી માણસ યાચક વ્રતને પણ ક્યારેક મૂકી દે તે બને, પણ મહાત્મા જેમ પોતાનું વ્રત મૂકતા નથી તેમ કર્માશા દાન દેતાં દેતાં ક્યારે ય અટક્યા નથી.

સૂત્રધારોનું સન્માન :

જેમણે દિવસ – રાત જોયા વિના પોતાનાં ટાંકણાં ચલાવીને સુંદર બિંબોનું સર્જન કર્યું છે એવા સૂત્રધારો જેમનાં નામ છે જોઈતાભાઈ, પત્ની ચંપા, પુત્ર નાથા અને ભાઈ કોતા ! અમદાવાદના સૂત્રધારો હતા કોલા, પુત્ર વીરુ, ભીમા, વેલા અને વછા ! ચિત્રકૂટથી આવેલા સૂત્રધારો હતા ટીલા–પુત્ર ખોના, ગાંગા, ગૌરા, કાલા,દેવા, નાકર, નાઈયા, ગોવિંદ, વિનાયક, ટીલા, વાછા, ભાણા, કાળા, દેવદાસ, ટીકા, ઠાકર, કાળા, વિનાય, છામ, હીરા, દામોદર, હરરાજ અને થાન આ બધાનું સોનાની જનોઈ, સોનાની મુદ્રિકા, કુંડલ, કંકણ આદિ આભરણો તથા રેશમી વસ્ત્રોથી બહુમાન કરવામાં આવ્યું.

ધન, વસ્ત્ર, અશન, ભૂષણ, વાહન અને પ્રિય વચનથી ભક્તિ અને બહુમાનપૂર્વક પધારેલાં સાધર્મિકોનું કર્માશાએ બહુમાન કર્યું.


નિરંતર અન્ન પાણી, વસ્ત્ર, ઉપકરણ, ઔષધ અને પુસ્તકાદિ વડે સન્માન કરી પૂજનીય સાધુ–સાધ્વી ભગવંતની નિરંતર ભક્તિ કરવામાં આવતી.

બાળકથી માંડીને ગોપાલ સુધી આબાલગોપાલ સર્વજનો કર્માશાનાં અન્ન અને વસ્ત્રાદિની ભક્તિથી એવા ભાવિત બન્યા હતા કે કર્માશાનું નામ ક્યાં ગવાતું ન હતું તે સવાલ છે !

વિ. સં. ૧૫૮૭ના વૈશાખ વદ ૭ને સોમવારે શુભ દિવસે (એટલે પ્રતિષ્ઠાના બીજા જ દિવસે) આ પ્રબંધ રચાયો છે જેનો પ્રથમાદર્શ (પહેલી કોપી) ઉપાધ્યાય શ્રી વિનયમંડન ગણિની આજ્ઞાથી મુનિ સૌભાગ્યમંડને ૧૫૮૭ના વૈશાખ વદ ૧૦ અને ગુરુવારના દિવસે લખ્યો છે. તેજ પ્રબંધના આધારે આ ગુર્જર અનુવાદ આલેખ્યો છે.

આ આખોય ઉદ્ધાર મહામના પૂ. મુનિશ્રી હેમરત્ન વિજયજી. મ. લેખિત – " સિદ્ધાચલ શિખરે દીવો " આ પુસ્તકમાંથી જ ગ્રહણ કરેલ છે.

કર્માશાએ કરાવેલો સોલમો ઉદ્ધાર સંપૂર્ણ :-



मुक्तेषु तीर्थनाथेषु - गते ज्ञाने महीतले ।
लोकानां तारकः सोऽयं, श्रवणात् कीर्त्तनादपि ॥१॥

ફ અહીં આ પુસ્તકમાં " શ્રી શત્રુંજય " આ શબ્દના અક્ષરોમાં શ્રી સિદ્ધાચલ તીર્થનાં –૧૦૮– નામો સુંદર રીતે ગોઠવીને કલા અને ભક્તિવડે લખ્યાં છે. તે નામો વાંચો – યાદ રાખો – આરાધના કરો. અને તે તે નામની નવકારવાલી ગણો.

ફ શ્રી શત્રુંજય તીર્થનાં – ૨૧–નામો અને –૧૦૮–નામો જુદી જુદી રીતે મલે છે. જે આત્માઓને જે નામો ગમતાં હોય તે નામથી તેની નવકારવાલી – ખમાસમણ વગેરે કરીને આરાધના કરી શકે છે. ફ શ્રી શત્રુંજય તીર્થનાં નામોમાં –૧૦૮– થી આગળ વધીને જૂના લખાણ પ્રમાણે એમ ચોક્કસ કહી શકાય કે એક સમયે આ પરમ પવિત્ર પાવન તીર્થનાં –૧૦૦૮– નામો જિનશાસનમાં પ્રચલિત હશે. પણ પછી કાલક્રમે ભુલાઈ ગયાં. અત્યારે પણ બધાં નામો ભેગાં કરતાં –૧૨૫– નામો તો થઈજ જાય છે. જેથી એક સમયે આ તીર્થનાં ૧૦૦૮– નામો હશે તે સાબિત થાય છે. અને –૧૦૮– નામોમાં તેનું એક નામ "સહસ્રાખ્ય" પણ છે. તેજ તેની વધુ સાબિતી છે. ફ આ શ્રી શત્રુંજયના –૨૧–૧૦૮–ને–૧૦૦૮– નામો જુદા જુદા કારણે પાડવામાં આવેલાં છે. તેમાંનાં કેટલાંક નામોનાં કારણો જાણવા મલે છે.અને કેટલાંકનાં ખ્યાલ આવતાં નથી. જેનાં જેનાં કારણો ચૈત્યવંદન – સ્તવન –સ્તુતિ – પૂજાને દુહાદ્વારા જાણવાં મલ્યાં છે. તેનો આમાં સંગ્રહ કર્યો છે.

ફ જુદા જુદા સંગ્રહકાર દ્વારા સંગ્રહ કરાયેલાં –૨૧–ને – ૧૦૮– નામોનો યથાશક્ય સંગ્રહ કર્યો છે. એ સિવાય મલતાં નવાં નામોનો પણ સંગ્રહ કર્યો છે.

શ્રી શત્રુંજય વિધિગ્રંથના ભાષાંતરમાં શુકરાજાની કથામાંથી પ્રાપ્ત થતાં -૧૦૮ - નામનો સંગ્રહ.

૧.	શ્રી વિમલાચલ	૩૧	શ્રી કર્મસૂદન	૬૧	શ્રી નગાધિરાજ
૨.	શ્રી સૂરશૈલ.	૩૨	શ્રી અકલંક	૬૨	શ્રી અચલ
૩	શ્રી સિદ્ધક્ષેત્ર	૩૩	શ્રી સૌંદર્ય	૬૩	શ્રી અભિનંદન
૪	શ્રી મહાચળ	૩૪	શ્રી વિભાસન	૬૪	શ્રી સુવર્ણ
૫	શ્રી શત્રુંજય	૩૫	શ્રી અમરકેતુ	૬૫	શ્રી પરમ બ્રહ્મ
૬	શ્રી પુંડરીક	૩૬	શ્રી મહાકર્મસૂદન	૬૬	શ્રી મહેન્દ્ર ધ્વજ
૭	શ્રી પુણ્યરાશિ	૩૭	શ્રી મહોદય	૬૭	શ્રી વિશ્વાધીશ
૮	શ્રી શ્રીપદ	૩૮	શ્રી રાજરાજેશ્વર	૬૮	શ્રી કદંબક
૯	શ્રી સુભદ્ર	૩૯	શ્રી ઢંક	૬૯	શ્રી મહીધર
૧૦	શ્રી પર્વતેન્દ્ર	૪૦	શ્રી માલવતોય	૭૦	શ્રી હસ્તગિરિ
૧૧	શ્રી દૃઢ શક્તિ	૪૧	શ્રી સુરગિરિ	૭૧	શ્રી પ્રિયંકર
૧૨	શ્રી અકર્મક	૪૨	શ્રી આનંદ મંદિર	૭૨	શ્રી દુઃખહર
૧૩	શ્રી મહાપદ્મ	૪૩	શ્રી મહાયશ	૭૩	શ્રી જયાનંદ
૧૪	શ્રી પુષ્પદંત	૪૪	શ્રી વિજયભદ્ર	૭૪	શ્રી આનંદ ઘર
૧૫	શ્રી શાશ્વત	૪૫	શ્રીઅનંત શક્તિ	૭૫	શ્રી યશોધર
૧૬	શ્રી સર્વકામદ	૪૬	શ્રી વિજયાનંદ	૭૬	શ્રી સહસ્રકમલ
૧૭	શ્રી મુક્તિગેહ	૪૭	શ્રી મહાશૈલ	૭૭	શ્રી વિશ્વપ્રભાવક
૧૮	શ્રી મહાતીર્થ	૪૮	શ્રી ભદ્રંકર	૭૮	શ્રી તમોભેદ
૧૯	શ્રી પૃથ્વીપીઠ	૪૯	શ્રી અજરામર	૭૯	શ્રી વિશાલગિરિ
૨૦	શ્રી પ્રભુપદ	૫૦	શ્રી મહાપીઠ	૮૦	શ્રી હરિપ્રિય
૨૧	શ્રી પાતાલમૂલ	૫૧	શ્રી સુદર્શન	૮૧	શ્રી સુરકાંત
૨૨	શ્રી કૈલાસ	૫૨	શ્રી ચર્ચગિરિ	૮૨	શ્રી પુણ્યકેશ
૨૩	શ્રી ક્ષિતિમંડન	૫૩	શ્રી તાલ ધ્વજ	૮૩	શ્રી વિજય
૨૪	શ્રી રૈવતગિરિ	૫૪	શ્રી ક્ષેમંકર	૮૪	શ્રી ત્રિભુવનપતિ
૨૫	શ્રી મહાગિરિ	૫૫	શ્રી અનંત ગુણાકર	૮૫	શ્રી વૈજયંત
૨૬	શ્રી શ્રીપદગિરિ	૫૬	શ્રી શિવંકર	૮૬	શ્રી જયંત
૨૭	શ્રી ઇન્દ્ર પ્રકાશ	૫૭	શ્રી કેવલ દાયક	૮૭	શ્રી સર્વાર્થસિદ્ધ
૨૮	શ્રી મહાપર્વ	૫૮	શ્રી કર્મક્ષય	૮૮	શ્રી ભવતારણ
૨૯	શ્રી મુક્તિનિલય	૫૯	શ્રી જ્યોતિ સ્વરૂપ	૮૯	શ્રી પ્રિયંકર
૩૦	શ્રી મહાનંદ	૬૦	શ્રી હિમગિરિ	૯૦	શ્રી પુરુષોત્તમ

૯૧	શ્રી કયંબૂ	૯૭	શ્રી ગજચંદ્ર	૧૦૩	શ્રી અભય
૯૨	શ્રી લોહિતાક્ષ	૯૮	શ્રી જગતરણી	૧૦૪	શ્રી ભવ્યગિરિ
૯૩	શ્રી મણિકાંત	૯૯	શ્રી અનંત ગુણાકર	૧૦૫	શ્રી સિદ્ધશેખર
૯૪	શ્રી પ્રત્યક્ષ	૧૦૦	શ્રી નગશ્રેષ્ઠ	૧૦૬	શ્રી અનંતર લેશ
૯૫	શ્રી અસિવિહાર	૧૦૧	શ્રી સહજાનંદ	૧૦૭	શ્રી શ્રેષ્ઠ ગિરિ
૯૬	શ્રી ગુણકંદ	૧૦૨	શ્રી સુમતિ	૧૦૮	શ્રી સિદ્ધાચળ.

પંડિત શ્રી વીર વિજયજી કૃત નવ્વાણું પ્રકારી પૂજામાં આપેલા શ્રી શત્રુંજયનાં - ૧૦૮ નામો.

૧	શ્રી શત્રુંજયગિરિ	૧૮	શ્રી તાલધ્વજ	૩૫	શ્રી હસ્તગિરિ
૨	શ્રી બાહુબલી	૧૯	શ્રી પુણ્યરાશિ	૩૬.	શ્રી શાશ્વતગિરિ
૩	શ્રી મરુદેવી	૨૦	શ્રી મહાબલગિરિ	૩૭	શ્રી ભવ્યગિરિ
૪	શ્રી પુંડરીકગિરિ	૨૧	શ્રી દઢ શક્તિ	૩૮	શ્રી સિદ્ધશેખર
૫	શ્રી રૈવતગિરિ	૨૨	શ્રી શતપત્ર	૩૯	શ્રી મહાજસ
૬	શ્રી વિમલાચળ	૨૩	શ્રી વિજયાનંદ	૪૦	શ્રી માલ્યવંત
૭	શ્રી સિદ્ધરાજ	૨૪	શ્રી ભદ્રંકર	૪૧	શ્રી પૃથ્વી પીઠ
૮	શ્રી ભગીરથ	૨૫	શ્રી મહાપીઠ	૪૨	શ્રી દુઃખહર
૯	શ્રી સિદ્ધક્ષેત્ર	૨૬	શ્રી સુરગિરિ	૪૩	શ્રી મુક્તિરાજ
૧૦	શ્રી સહસ્રકમલ	૨૭	શ્રી મહાગિરિ	૪૪	શ્રી મણિકંત
૧૧	શ્રી મુક્તિનિલયગિરિ	૨૮	શ્રી મહાનંદ	૪૫	શ્રી મેરુ મહીધર
૧૨	શ્રી સિદ્ધાચળ	૨૯	શ્રી કર્મસૂદન	૪૬	શ્રી કંચનગિરિ
૧૩	શ્રી શતકૂટ	૩૦	શ્રી કૈલાસ	૪૭	શ્રી આનંદ ઘર
૧૪	શ્રી ઢંકગિરિ	૩૧	શ્રી પુષ્પદંત	૪૮	શ્રી પુણ્યકંદ
૧૫	શ્રી કદંબગિરિ	૩૨	શ્રી જયંત	૪૯	શ્રી જયાનંદ
૧૬	શ્રી કોડિનિવાસ	૩૩	શ્રી આનંદ	૫૦	શ્રી પાતાલમૂલ
૧૭	શ્રી લૌહિત્ય	૩૪	શ્રી શ્રીપદ	૫૧	શ્રી વિભાસ

૫૨	શ્રી વિશાલ	૭૧	શ્રી તમોકંદ	૯૦	શ્રી ચર્યાગિરિ
૫૩	શ્રી જગતારણ	૭૨	શ્રી રાજરાજેશ્વર	૯૧	શ્રી અષ્ટોત્તર શતકૂટ
૫૪	શ્રી અકલંક	૭૩	શ્રી ભવતારણ	૯૨	શ્રી સૌંદર્ય
૫૫	શ્રી અકર્મક	૭૪	શ્રી ગજચંદ્ર	૯૩	શ્રી યશોધર
૫૬	શ્રી મહાતીરથ	૭૫	શ્રી મહોદય	૯૪	શ્રી પ્રીતિમંડન
૫૭	શ્રી હેમગિરિ	૭૬	શ્રી સુરકાંત	૯૫	શ્રી કામુક કામ
૫૮	શ્રી અનંત શક્તિ	૭૭	શ્રી અચલ	૯૬	શ્રી સહજાનંદ
૫૯	શ્રી પુરુષોત્તમ	૭૮	શ્રી અભિનંદ	૯૭	શ્રી મહેન્દ્રધ્વજ
૬૦	શ્રી પર્વતરાજા	૭૯	શ્રી સુમતિ	૯૮	શ્રી સર્વાર્થ સિદ્ધ
૬૧	શ્રી જયોતિ સ્વરૂપ	૮૦	શ્રી શ્રેષ્ઠ	૯૯	શ્રી પ્રિયંકર
૬૨	શ્રી વિલાસ ભદ્ર	૮૧	શ્રી અભયકંદ	૧૦૦	શ્રી બ્રહ્મગિરિ
૬૩	શ્રી સુભદ્ર	૮૨	શ્રી ઉજજલવગિરિ	૧૦૧	શ્રી નાન્દિગિરિ
૬૪	શ્રી અજરામર	૮૩	શ્રી મહાપદ્મ	૧૦૨	શ્રી શ્રેય : પદ
૬૫	શ્રી ક્ષેમંકરું	૮૪	શ્રી વિશ્વાનંદ	૧૦૩	શ્રી પ્રભોપદ
૬૬	શ્રી અમરકેતુ	૮૫	શ્રી વિજયભદ્ર	૧૦૪	શ્રી સર્વકામદ
૬૭	શ્રી ગુણકંદ	૮૬	શ્રી ઈન્દ્ર પ્રકાશ	૧૦૫	શ્રી ક્ષિતિ મંડલ મંડન
૬૮	શ્રી સહસ્રપત્ર	૮૭	શ્રી કપર્દીવાસ	૧૦૬	શ્રી સહસ્રાખ્ય
૬૯	શ્રી શિવંકરું	૮૮	શ્રી મુક્તિ નિકેતન	૧૦૭	શ્રી તાપસગિરિ
૭૦	શ્રી કર્મક્ષય	૮૯	શ્રી કેવલ દાયક	૧૦૮	શ્રી સ્વાર્ણ ગિરિ.



પૂજાના કર્તા શ્રી વીર વિજયજીએ પોતાની પૂજામાં ૯૯ – જ –નામ આપ્યાં છે. એટલે બીજાં નામો આપણે અન્ય ઠેકાણે વાંચીને શોધી લેવાં. શ્રી શત્રુંજયના ગુણોના આધારે ગમે તે નામ પાડી શકાય છે. એક સમયે પૂર્વના ગ્રંથોમાં શ્રી શત્રુંજયનાં – ૧૦૦૮ નામો હતાં. તેમ વાંચવા મલે છે. માટે જ ૧૦૮ નામોમાં તેનું સહસ્રાખ્યનામ પણ વાંચવા મલે છે.


સંગ્રહના એક પુસ્તકમાંથી પ્રાપ્ત થયેલાં શ્રી સિદ્ધાચલજીનાં ૧૦૮-નામ સાથેના ગરણાં-ગણણાં.

૧	શ્રી શત્રુંજય પર્વતાય નમો નમ:	૨૩	શ્રી માલવ તોયાય નમો નમ:
૨	શ્રી પુંડરીક ગિરિવરાય નમો નમ:	૨૪	શ્રી ધર્મકીર્ત્યે નમો નમ:
૩	શ્રી સુરગિરિવરાય નમો નમ:	૨૫	શ્રી આનંદ મંદિરાય નમો નમ:
૪	શ્રી વિમલગિરિવરાય નમો નમ:	૨૬	શ્રી મહાજસાય નમો નમ:
૫	શ્રી મહાગિરિવરાય નમો નમ:	૨૭	શ્રી વિજયભદ્રાય નમો નમ:
૬	શ્રી પુણ્ય રાશયે નમો નમ:	૨૮	શ્રી ઢંક ગિરિવરાય નમો નમ:
૭	શ્રી શ્રીપદ ગિરિવરાય નમો નમ:	૨૯	શ્રી અનંતશક્તયે નમો નમ:
૮	શ્રી ઈન્દ્ર પ્રકાશ ગિરિવરાય નમો નમ:	૩૦	શ્રી વિજયાનંદાય નમો નમ:
૯	શ્રી મહાતીર્થાય નમો નમ:	૩૧	શ્રી મહંતતીર્થાય નમો નમ:
૧૦	શ્રી શાશ્વત ગિરિવરાય નમો નમ:	૩૨	શ્રી શાશ્વતતીર્થાય નમો નમ:
૧૧	શ્રી દૃઢ શક્તયે નમો નમ:	૩૩	શ્રી મહાશૈલાય નમો નમ:
૧૨	શ્રી સિદ્ધક્ષેત્રાય નમો નમ:	૩૪	શ્રી ભદ્રંકરાય નમો નમ:
૧૩	શ્રી મહાનંદાય નમો નમ:	૩૫	શ્રી મહાપર્વતાય નમો નમ:
૧૪	શ્રી કર્મશોધનાય નમો નમ:	૩૬	શ્રી અજરામરાય નમો નમ:
૧૫	શ્રી અકલંકાય નમો નમ:	૩૭	શ્રી મહાપીઠાય નમો નમ:
૧૬	શ્રી સૌંદર્યાય નમો નમ:	૩૮	શ્રી સુદર્શનાય નમો નમ:
૧૭	શ્રી વિભાસનાય નમો નમ:	૩૯	શ્રી ચર્ચીગિરયે નમો નમ:
૧૮	શ્રી અમર કેતવે નમો નમ:	૪૦	શ્રી ક્ષેમંકર ગિરયે નમો નમ:
૧૯	શ્રી મહાકર્મ સૂદનાય નમો નમ:	૪૧	શ્રી તાલધ્વજ ગિરયે નમો નમ:
૨૦	શ્રી મહોદયાય નમો નમ:	૪૨	શ્રી અનંતતીર્થ ગિરયે નમો નમ:
૨૧	શ્રી રાજરાજેશ્વરાય નમો નમ:	૪૩	શ્રી શિવંકર ગિરયે નમો નમ:
૨૨	શ્રી ઢંક ગિરિવરાય નમો નમ:	૪૪	શ્રી કેવલદાયક ગિરયે નમો નમ:


૪૫	શ્રી કર્મક્ષય ગિરિવરાય નમો નમ:	૭૭	શ્રી લોહિતાક્ષગિરયે નમો નમ:
૪૬	શ્રી જ્યોતિ સ્વરૂપ ગિરયે નમો નમ:	૭૮	શ્રી મણિકાંત ગિરયે નમો નમ:
૪૭	શ્રી હિમગિરિવરાય નમો નમ:	૭૯	શ્રી સિદ્ધાચલ ગિરયે નમો નમ:
૪૮	શ્રી નગાધિરાજાય નમો નમ:	૮૦	શ્રી મહિમા ગિરયે નમો નમ:
૪૯	શ્રી અચલગિરયે નમો નમ:	૮૧	શ્રી પ્રત્યક્ષ ગિરયે નમો નમ:
૫૦	શ્રી અભિનંદન ગિરિ પર્વતાય નમો નમ:	૮૨	શ્રી અસિ વિહાર ગિરયે નમો નમ:
૫૧	શ્રી પરમ બ્રહ્મગિરયે નમો નમ:	૮૩	શ્રી પસિવિહાર ગિરયે નમો નમ:
૫૨	શ્રી સર્વગિરિ ગિરયે નમો નમ:	૮૪	શ્રી પર્વતેન્દ્ર વિહાર ગિરયે નમો નમ:
૫૩	શ્રી વિશ્વાધીશ ગિરયે નમો નમ:	૮૫	શ્રી ગુણકંદ ગિરયે નમો નમ:
૫૪	શ્રી મહેન્દ્રધ્વજ ગિરયે નમો નમ:	૮૬	શ્રી ગજચંદ્ર ગિરયે નમો નમ:
૫૫	શ્રી મહીધર ગિરયે નમો નમ:	૮૭	શ્રી જગત તારણ ગિરયે નમો નમ:
૫૬	શ્રી હસ્તગિરિ પર્વતાય નમો નમ:	૮૮	શ્રી અનંત ગુણકર ગિરયે નમો નમ:
૫૭	શ્રી પ્રિયંકર ગિરિવરાય નમો નમ:	૮૯	શ્રી મુક્તિનિલય ગિરયે નમોનમ:
૫૮	શ્રી દુ:ખહર ગિરયે નમો નમ:	૯૦	શ્રી નગશ્રેષ્ઠ ગિરયે નમોનમ:
૫૯	શ્રી જયાનંદ ગિરયે નમો નમ:	૯૧	શ્રી સહજાનંદ ગિરયે નમો નમ:
૬૦	શ્રી આનંદ ઘર ગિરયે નમો નમ:	૯૨	શ્રી સુમતિ ગિરયે નમો નમ:
૬૧	શ્રી યશોધર ગિરયે નમો નમ:	૯૩	શ્રી અભય ગિરયે નમો નમ:
૬૨	શ્રી સહસ્ર કમલ ગિરયે નમો નમ:	૯૪	શ્રી પૂજ્ય ગિરયે નમો નમ:
૬૩	શ્રી વિશ્વ પ્રભાકર ગિરયે નમો નમ:	૯૫	શ્રી મહાપદ્મ ગિરયે નમો નમ:
૬૪	શ્રી તમો નિકંદન ગિરયે નમો નમ:	૯૬	શ્રી કદંબ ગિરયે નમો નમ:
૬૫	શ્રી વિશાલ ગિરયે નમો નમ:	૯૭	શ્રી સુરભવ્ય ગિરયે નમો નમ:
૬૬	શ્રી હરિ પ્રિય ગિરયે નમો નમ:	૯૮	શ્રી સિદ્ધ શેખર ગિરયે નમો નમ:
૬૭	શ્રી પુણ્યકોશ ગિરયે નમો નમ:	૯૯	શ્રી અંતર શ્લેષ ગિરયે નમો નમ:
૬૮	શ્રી વિજય ગિરયે નમો નમ:	૧૦૦	શ્રી શ્રેષ્ઠ ગિરયે નમો નમ:
૬૯	શ્રી ત્રિભુવનપતયે નમો નમ:	૧૦૧	શ્રી સુભદ્રગિરિ પર્વતાય નમો નમ:
૭૦	શ્રી વૈજયંત ગિરયે નમો નમ:	૧૦૨	શ્રી દૃઢવૃત્ત ગિરયે નમો નમ:
૭૧	શ્રી જયંત ગિરયે નમો નમ:	૧૦૩	શ્રી મહાવીર્ય ગિરયે નમો નમ:
૭૨	શ્રી સર્વાર્થ સિદ્ધ ગિરયે નમો નમ:	૧૦૪	શ્રી અકર્મકાંત ગિરયે નમો નમ:
૭૩	શ્રી ભવતારણ ગિરયે નમો નમ:	૧૦૫	શ્રી પાતાલમૂલ ગિરયે નમો નમ:
૭૪	શ્રી કર્મગિરયે નમો નમ:	૧૦૬	શ્રી સર્વકામ દાયક ગિરયે નમો નમ:
૭૫	શ્રી પુરુષોત્તમ ગિરયે નમો નમ:	૧૦૭	શ્રી ભદ્રપીઠ ગિરયે નમો નમ:
૭૬	શ્રી ક યંબુ તીર્થ ગિરયે નમો નમ:	૧૦૮	શ્રી પુણ્યમહોદય ગિરયે નમો નમ:

શ્રી શત્રુંજય કલ્પમાં આવતી -૨૧- નામની કથાઓના આધારે શ્રી શત્રુંજયનાં - ૨૧ - નામો		શ્રી શત્રુંજયનાં - ૨૧ - નામ ગર્ભિત એકવીસ ખમાસમણના દુહામાં રહેલાં - ૨૧ - નામો.	
૧	શ્રી વિમલાચલગિરિ	૧	શ્રી શત્રુંજય.
૨	શ્રી મુક્તિનિલય ગિરિ.	૨	શ્રી પુંડરીક ગિરિ.
૩	શ્રી શત્રુંજયગિરિ.	૩	શ્રી સિદ્ધક્ષેત્ર.
૪	શ્રી સિદ્ધક્ષેત્ર	૪	શ્રી વિમલાચલ.
૫	શ્રી પુંડરીક ગિરિ.	૫	શ્રી સુરગિરિ.
૬	શ્રી સિદ્ધશેખર..	૬	શ્રી મહાગિરિ.
૭	શ્રી સિદ્ધપર્વત.	૭	શ્રી પુણ્યરાશિ.
૮	શ્રી સિદ્ધરાજ	૮	શ્રી શ્રીપદ્મગિરિ.
૯	શ્રી બાહુબલી.	૯	શ્રી ઈન્દ્ર પ્રકાશ.
૧૦	શ્રી મરુદેવ.	૧૦	શ્રી મહાતીરથ.
૧૧	શ્રી ભગીરથ.	૧૧	શ્રી શાશ્વત ગિરિ.
૧૨	શ્રી સહસ્રપત્ર.	૧૨	શ્રી દૃઢ શક્તિ.
૧૩	શ્રી શતાવર્ત.	૧૩	શ્રી મુક્તિનિલય ગિરિ..
૧૪	શ્રી કૂટશત અષ્ટોત્તર.	૧૪	શ્રી પુષ્પદંત ગિરિ.
૧૫	શ્રી નગાધિરાજ.	૧૫	શ્રી મહાપદ્મગિરિ.
૧૬	શ્રી સહસ્રકમલ.	૧૬	શ્રી પૃથ્વી પીઠ
૧૭	શ્રી ઢંક ગિરિ.	૧૭	શ્રી સુભદ્રગિરિ.
૧૮	શ્રી કોડિ નિવાસ.	૧૮	શ્રી કૈલાસ ગિરિ.
૧૯	શ્રી લૌહિત્યગિરિ.	૧૯	શ્રી કદંબગિરિ.
૨૦	શ્રી તાલધ્વજ ગિરિ.	૨૦	શ્રી ઉજ્જવલગિરિ.
૨૧	શ્રી કદંબગિરિ.	૨૧	શ્રી સર્વકામ દાયક.

શ્રી શત્રુંજયના – ૧૦૮ – દુહામાં આવતાં – ૨૧ – નામો		શ્રી શત્રુંજયના બીજા એકવીશ દુહામાંથી પ્રાપ્ત – ૨૧ – નામો.	
૧	શ્રી શત્રુંજય.	૧	શ્રી શત્રુંજય.
૨	શ્રી પુંડરીક ગિરિ.	૨	શ્રી બાહુબલી.
૩	શ્રી સિદ્ધક્ષેત્ર.	૩	શ્રી મરુદેવ.
૪	શ્રી વિમલાચલ.	૪	શ્રી ભાગીરથ.
૫	શ્રી સુરગિરિ.	૫	શ્રી રૈવતગિરિ.
૬	શ્રી મહાગિરિ.	૬	શ્રી તીર્થરાજ.
૭	શ્રી પુણ્યરાશિ.	૭	શ્રી સિદ્ધક્ષેત્ર
૮	શ્રી પદ્મગિરિ.	૮	શ્રી કામુક ગિરિ.
૯	શ્રી પર્વતેન્દ્રગિરિ.	૯	શ્રી ઢંકગિરિ.
૧૦	શ્રી મહાતીરથ ગિરિ.	૧૦	શ્રી કપર્દી નિવાસ.
૧૧	શ્રી શાશ્વત ગિરિ..	૧૧	શ્રી લોહિત ગિરિ.
૧૨	શ્રી સુભદ્ર ગિરિ.	૧૨	શ્રી તાલધ્વજ ગિરિ.
૧૩	શ્રી દૃઢ શક્તિ.	૧૩	શ્રી કદંબ ગિરિ.
૧૪	શ્રી મુક્તિ નિલયગિરિ.	૧૪	શ્રી સહસ્રાબ્જ.
૧૫	શ્રી પુષ્પ દંતગિરિ.	૧૫	શ્રી નગાધીશ.
૧૬	શ્રી મહાપદ્મગિરિ.	૧૬	શ્રી સિદ્ધરાજ.
૧૭	શ્રી પૃથ્વી પીઠ	૧૭	શ્રી શતપત્ર.
૧૮	શ્રી ભદ્ર પીઠ.	૧૮	શ્રી પુણ્ય રાશિ..
૧૯	શ્રી પાતાલમૂલ.	૧૯	શ્રી શતકૂટ.
૨૦	શ્રી અકર્મક	૨૦	શ્રી સુર પ્રિય.
૨૧	શ્રી સર્વકામદ.	૨૧	શ્રી સહસ્રપત્ર.




પંડિત શ્રી પદ્મવિજયજીએ બનાવેલી નવ્વાણું અભિષેકની પૂજામાંથી પ્રાપ્ત થતાં શત્રુંજયનાં -૨૧- નામો.		શ્રી શ્રાદ્ધવિધિ ગ્રંથમાં જે- ૧૦૮-નામો આપ્યાં છે. તેની પહેલાં જે શ્રી શત્રુંજયનાં-૨૧-નામો આપ્યાં છે. તે	
૧	શ્રી શત્રુંજય	૧	શ્રી સિદ્ધ ક્ષેત્ર
૨	શ્રી બાહુબલી	૨	શ્રી તીર્થરાજ
૩	શ્રી મરુદેવ	૩	શ્રી મરુદેવ
૪	શ્રી ભાગીરથ	૪	શ્રી ભગીરથ
૫	શ્રી રૈવતગિરિ	૫	શ્રી વિમલાચલ
૬	શ્રી તીર્થરાજ	૬	શ્રી બાહુબલી
૭	શ્રી સિદ્ધક્ષેત્ર	૭	શ્રી સહસ્રકમલ
૮	શ્રી કામુકગિરિ	૮	શ્રી તાલ ધ્વજ
૯	શ્રી ઢંકગિરિ	૯	શ્રી કદંબ ગિરિ
૧૦	શ્રી કપર્દી	૧૦	શ્રી શતપત્ર
૧૧	શ્રી લોહિત	૧૧	શ્રી નગાધિરાજ
૧૨	શ્રી તાલધ્વજ	૧૨	શ્રી અષ્ટોત્તર શતકૂટ
૧૩	શ્રી કદંબગિરિ	૧૩	શ્રી સહસ્ર પત્ર
૧૪	શ્રી સહસ્રાબ્જ	૧૪	શ્રી ઢંકગિરિ
૧૫	શ્રી નગાધીશ	૧૫	શ્રી લોહિત્ય
૧૬	શ્રી સિદ્ધરાજ	૧૬	શ્રી કપર્દી નિવાસ
૧૭	શ્રી શતપત્ર	૧૭	શ્રી સિદ્ધ શેખર
૧૮	શ્રી શતકૂટ	૧૮	શ્રી પુંડરીક
૧૯	શ્રી પુણ્યરાશિ	૧૯	શ્રી મુક્તિ નિલય
૨૦	શ્રી સુર પ્રિય	૨૦	શ્રી સિદ્ધ પર્વત
૨૧	શ્રી સહસ્ર પત્ર	૨૧	શ્રી શત્રુંજય



શ્રી શત્રુંજયના ૨૩-ને - ૨૧- નામો શ્રી શત્રુંજય માહાત્મ્યમાંથી પ્રાપ્ત થયેલાં

૧	શ્રી શત્રુંજય
૨	શ્રી પુંડરીક
૩	શ્રી સિદ્ધક્ષેત્ર
૪	શ્રી મહાબળ
૫	શ્રી સુરશૈલ
૬	શ્રી વિમલાદ્રિ
૭	શ્રી પુણ્યરાશિ
૮	શ્રી શ્રેયઃ પદ
૯	શ્રી પર્વતેન્દ્ર
૧૦	શ્રી સુભદ્ર
૧૧	શ્રી દૃઢ શક્તિ
૧૨	શ્રી અકર્મક
૧૩	શ્રી મુક્તિગેહ
૧૪	શ્રી મહાતીર્થ
૧૫	શ્રી શાશ્વત
૧૬	શ્રી સર્વકામદ
૧૭	શ્રી પુષ્પ દંત
૧૮	શ્રી મહાપદ્મ
૧૯	શ્રી પૃથ્વી પીઠ
૨૦	શ્રી પ્રભુપદ
૨૧	શ્રી પાતાલમૂલ
૨૨	શ્રી કૈલાસ
૨૩	શ્રી ક્ષિતિમંડલમંડન

૧	શ્રી શત્રુંજય
૨	શ્રી રૈવતગિરિ
૩	શ્રી સિદ્ધક્ષેત્ર
૪	શ્રી સુતીર્થરાજ
૫	શ્રી ઢંક
૬	શ્રી કપર્દી
૭	શ્રી લૌહિત્ય
૮	શ્રી તાલધ્વજ
૯	શ્રી કદંબગિરિ
૧૦	શ્રી બાહુબલિ
૧૧	શ્રી મરુદેવ
૧૨	શ્રી સહસ્રાખ્ય
૧૩	શ્રી ભગીરથ
૧૪	શ્રી અષ્ટોત્તર શતકૂટ
૧૫	શ્રી નગેશ
૧૬	શ્રી શપ્ત પત્રક
૧૭	શ્રી સિદ્ધરાજ
૧૮	શ્રી સહસ્રપત્ર
૧૯	શ્રી પુણ્યરાશિ
૨૦	શ્રી સુરપ્રિય
૨૧	શ્રી કામદાયી
૨૧	**શિખરોનાં નામો આ રીતે છે.**



શ્રી શત્રુંજય તીર્થનાં-૨૧-નામો પાડવાનાં કારણો શ્રી શત્રુંજય કલ્પના આધારે

સિદ્ધક્ષેત્ર સઘળેય છે, પણ એ ક્ષેત્ર પ્રભાવે રે ;
થાયે ચિત્ત વિશુદ્ધતા, દિન દિન વધતે ભાવે રે ; શ્રી - સિ.

૧ - વિમલગિરિ :- પોતાનો દેહ નિર્મલ-વિમલ-રોગરહિત થવાથી અસંખ્ય રાજાઓથી પરિવરેલા શૂર રાજાએ શ્રી શત્રુંજય પર્વતનું વિમલાદ્રિ-વિમલગિરિ એવું નામ પાડ્યું.

૨ - મુક્તિ નિલય :- જ્યાં ઘણા સાધુઓને એક સાથે મુક્તિ પામેલા જોઈને વીર રાજાએ આ પર્વતનું મુક્તિનિલય એવું નામ પાડ્યું.

૩ - શત્રુંજય :- આ તીર્થના પ્રભાવથી શત્રુરાજાપર મારો વિજય થયો. માટે આ તીર્થનું નામ શ્રી શત્રુંજય થાય. આમ શુકરાજા ઘણા રાજાઓની સન્મુખ બોલ્યો.

૪ - સિદ્ધક્ષેત્ર :- એક સાથે ઘણા મનુષ્યોના સમુદાયોને સિદ્ધિપદને પામતા જોઈને દંડવીર્ય રાજાએ આ પર્વતનું નામ સિદ્ધક્ષેત્ર એવું પાડ્યું.

૫ - પુંડરીક :- આદીશ્વર ભગવાનના પ્રથમ ગણધર શ્રી પુંડરીક સ્વામી આ તીર્થપર ચૈત્ર સુદ -૧૫- ના દિવસે પાંચ ક્રોડ મુનિ સાથે મોક્ષપદ પામ્યા. માટે દેવતાઓએ આ તીર્થનું પુંડરીકગિરિ એવું નામ પાડ્યું.

૬ - સિદ્ધશેખર :- જ્યાં ઘણા જીવોને સિદ્ધિપદ પામતા જોઈને પદ્મશેખર રાજાએ આ તીર્થનું "સિદ્ધશેખર" એવું નામ પાડ્યું.

૭ - સિદ્ધપર્વત :- કેવલી ભગવાન પાસે જ્યાં પોતાની મુક્તિ છે એમ જાણીને બે દેવતાઓએ આ પર્વતનું "સિદ્ધપર્વત" એવું નામ પાડ્યું.

૮ - સિદ્ધરાજ :- આ તીર્થને વિષે તપ-ધ્યાન-મૌન અને અરિહંત ભગવાનની પૂજા વગેરે કાર્યોથી અનેક ભવ્યજીવો સિદ્ધથાય છે. (સિદ્ધના રાજા થાય છે.) માટે આ તીર્થનું લોકોએ શ્રેષ્ઠ એવું " સિદ્ધરાજ " નામ પાડ્યું.

૯ – બાહુબલી:– કેલિપ્રિય રાજાના પુત્ર શ્રી બાહુબલીને શ્રી શત્રુંજયઉપર શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા કરીને ધ્યાન ધરતાં કેવલજ્ઞાન થયું. ને દેવતાઓએ તેમના કેવલજ્ઞાનનો મહોત્સવ કરીને આ પર્વતનું બાહુબલી એવું નામ પાડયું.

૧૦ – મરુદેવ :– ચંદન નામના રાજાએ પોતાના પિતા મરુદેવ રાજાનું મુક્તિગમનનું સ્થાન આ શ્રી શત્રુંજય બન્યું માટે તેનું "મરુદેવ" એવું નામ પાડયું.

૧૧ – ભગીરથ :– બીજા ચક્રવર્તી સગરરાજાના પુત્ર શ્રી ભગીરથે શ્રી શત્રુંજયઉપર "ભગીરથ" નામનું મંદિર બનાવરાવ્યું અને તેમને આ તીર્થ પર મુક્તિ મલી છે. માટે દેવતાઓએ આ પર્વતનું ભગીરથ એવું નામ પાડયું.

૧૨ – સહસ્રપત્ર :– શ્રી સહસ્રપત્રસૂરિ આ પર્વતપર મોક્ષે ગયા હતા, માટે ઈન્દ્ર મહારાજાએ આ પર્વતનું સહસ્રપત્ર એવું નામ પાડયું.

૧૩ – શતાવર્ત :– સોમદેવ રાજાને "શાતવર્ત" નામનું આયુધ પ્રાપ્ત થયું હતું, તેથી અથવા સો આવર્તવાળી ગુફાઓને જોઈને રાજાએ આ પર્વતનું નામ "શતાવર્ત" એવું પાડયું.

૧૪ – અષ્ટોત્તરશતકૂટ :– તાલધ્વજ વગેરે ૧૦૮ – કૂટ – શિખરો પર ઘણા સાધુઓને મુક્તિ પામતા જોઈને વીરરાજાએ આ પર્વતનું "અષ્ટોત્તરશતકૂટ" એવું નામ પાડયું.

૧૫ – નગાધિરાજ :– સ્વયંપ્રભ નામનો દેવ તીર્થનો પ્રભાવ ને મહિમા જોવા આવ્યો. ત્યાં તેણે અસંખ્ય સ્ત્રી પુરુષોને મુક્તિ પામતાં જોઈને સુકૃતના ઘર જેવો આ પર્વત "નગાધિરાજ" છે એમ રાજાઓ અને મનુષ્યોને કહ્યું.

૧૬ – સહસ્રકમલ :– રણવીર રાજાએ ગુરુ મહારાજનો ઉપદેશ સાંભળીને એક હજાર સ્તંભ (થાંભલા) વાળું જિનમંદિર બંધાવ્યું. ને તે વખતે એક હજાર સાધુઓને કેવલજ્ઞાન થયું. તે વખતે ઈન્દ્ર મહારાજાએ દરેક કેવલીને બેસવા માટે સુવર્ણનાં જુદાં જુદાં કમલો બનાવ્યાં. તે વખતે રાજાએ જ્ઞાનીનો ઉત્સવ કરીને આ પર્વતનું સહસ્રકમલ એવું નામ પાડયું.

૧૭ – ઢંક :– હર નામના રાજાએ પોતાના પિતા શ્રી ઢંકની મુક્તિ આ શિખરપર થઇ છે. માટે આ પર્વતનું ઢંકગિરિ એવું નામ પાડયું.

૧૮ – કોટિનિવાસ :– ધર્મનંદન નામના રાજાએ શ્રી શત્રુંજયઉપર એક કરોડ જિનબિંબો ભરાવીને સ્થાપ્યાં. માટે ધર્મધન નામના આચાર્ય ભગવંતે કહ્યું કે આ પર્વતને લોકોએ કોટિનિવાસ એમ કહેવું.

૧૯ – લૌહિત્ય :– લૌહિત્ય નામના રાજાએ દીક્ષા લીધી. પછી તેમને બીજા યતિઓ સાથે મોક્ષે ગયેલા જોઈને ઈન્દ્ર મહારાજાએ આ પર્વતનું લૌહિત્ય એવું નામ પાડયું.

૨૦ – તાલધ્વજ :– ધરાપાલ રાજાએ એક લાખ સાધુઓ સાથે તાલધ્વજસૂરિને આ પર્વતપર મોક્ષે ગયેલા જોઈને આ પર્વતનું તાલધ્વજ એવું નામ પાડયું.

૨૧ – કદંબક :–કદંબ નામના ગણધર ભગવંતને કેવલજ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિ થઇ તેનો ઉત્સવ કરી ઇન્દ્ર મહારાજાએ આ પર્વતનું કદંબક (કદંબગિરિ) એવું નામ પાડયું.

શ્રી શત્રુંજયનાં-૨૧-નામો-પાડવાનાં-કારણો

૧ – વિમલગિરિ :– જેને વંદન કરવાથી – સ્પર્શના કરવાથી, પૂજન કરવાથી, તથા તેના ગુણની સ્તુતિ કરવાથી, જીવ–કર્મમલ રહિત થાય, વિમલ થાય, તેથી એ તીર્થનું નામ વિમલગિરિ થયું.

૨ – મુક્તિનિલય :– શ્રી ભરત ચક્રવર્તીથી આઠ પાટ સુધી આરીસા ભુવનમાં કેવલજ્ઞાન પામી મોક્ષપદ પામ્યા. માટે આ ગિરિનું "મુક્તિનિલય" એવું નામ થયું.

૩ – શત્રુંજય :– જિતારિ રાજાએ એ તીર્થને સેવી છ માસ સુધી આયંબિલનો તપ કરી શત્રુને જીત્યા માટે આ તીર્થનું નામ "શ્રી શત્રુંજય" જાણવું.

૪ – સિદ્ધક્ષેત્ર :– આ તીર્થની ઉપર કાંકરે કાંકરે અનંતા જીવો સિદ્ધિપદને વર્યા છે. માટે આ તીર્થનું "સિદ્ધક્ષેત્ર" નામ જાણવું.

૫ – પુંડરીકગિરિ :– પુંડરીક ગણધર ચૈત્ર સુદિ પૂનમના દિવસે પાંચ ક્રોડ મુનિઓ સહિત સિદ્ધિપદને પામશે. અથવા તો સર્વ તીર્થરૂપ કમલમાં પુંડરીક કમલ સમાન સર્વોત્તમ એ તીર્થ છે. માટે એ તીર્થનું નામ "પુંડરીકગિરિ" જાણવું.

૬ – સિદ્ધશેખર :– બીજાં સર્વતીર્થ તથા અઢીદ્વીપને વિષે જેટલા જીવો સિદ્ધિ પામ્યા છે. તેનાથી પણ વધારે (ઘણા) જીવો આ તીર્થને વિષે સિદ્ધિ પામ્યા છે. માટે તેનું નામ "સિદ્ધશેખર" જાણવું.

૭ – સિદ્ધપર્વત :– સર્વ તીર્થો થકી–સર્વ પર્વતો થકી આ પર્વત મોક્ષ દાતા તરીકે વધારે પ્રસિદ્ધ છે. માટે તેનું નામ "સિદ્ધપર્વત" જાણવું.

૮ – સિદ્ધરાજ :– ઘણા રાજાઓ કેવલજ્ઞાન પામી આ તીર્થને વિષે સિદ્ધિ પામ્યા છે. સિદ્ધિના રાજા બન્યા છે. માટે તેનું નામ "સિદ્ધરાજ " જાણવું.

૯ – બાહુબલી :– બાહુબલી નામના ઋષિએ અહીં કાઉસ્સગ્ગ કર્યો હતો. માટે તેનું નામ "બાહુબલી" જાણવું.

૧૦ – મરુદેવ :– શ્રી ઋષભદેવ પ્રભુજીની માતાની ટૂક આ તીર્થઉપર છે. માટે તેનું નામ "મરુદેવ" જાણવું.

૧૧ – ભગીરથ :– આ તીર્થની રક્ષા કરવા માટે અષ્ટાપદતીર્થની જેમ સગરચક્રવર્તીના પુત્રો ભગીરથ આદિ ખાઇ લાવ્યા પણ ઇન્દ્રના કહેવાથી રોકી હતી. માટે તેનું નામ "ભગીરથ" થયું.

૧૨ – સહસ્રપત્ર :– આ પર્વતની પાછળ સહસ્ર ટૂક છે. માટે તેનું નામ "સહસ્રપત્ર" જાણવું.

૧૩ – શતાવર્ત :– આ પર્વતની પાછળ સેવંત્રાની ટૂક છે માટે તેનું નામ "શતાવર્ત" જાણવું.

૧૪ – અષ્ટોત્તરશતકૂટ :– આ પર્વતની પાછળ એકસોઆઠ કૂટો અથવા શિખરો છે. માટે આનું નામ "અષ્ટોત્તરશતકૂટ" જાણવું.

૧૫ – નગાધિરાજ :– નગ એટલે પર્વત. બીજા સર્વ પર્વતોમાં આ પર્વત રાજા સમાન છે. માટે તેનું નામ "નગાધિરાજ" જાણવું.

૧૬ – સહસ્રકમલ :– આ પર્વતની પાછળ કમલની જેમ સહસ્રટૂક છે. માટે તેનું નામ "સહસ્રકમલ" જાણવું.
૧૭ – ઢંક :– ઢંક નામે ટૂક છે. માટે તેનું નામ "ઢંકગિરિ" જાણવું..

૧૮ – કોડિનિવાસ :– અહીં કવડ નામના યક્ષનું મંદિર છે માટે તેનું નામ "કોડિનિવાસ" પડ્યું છે.

૧૯ – લોહિત્યગિરિ :– આ તીર્થની પાસે લોહિતધ્વજ નામે પર્વત છે માટે તેનું નામ "લોહિત્યગિરિ" જાણવું.

૨૦ – તાલધ્વજ :– આ તીર્થની પાસે તાલધ્વજ નામે પર્વત છે. માટે તેનું નામ "તાલધ્વજ " જાણવું.

૨૧ – કદંબગિરિ :– અતીત ચોવીશીમાં નિર્વાણી નામના તીર્થંકરના કદંબ નામના ગણધર કોડીમુનિ સાથે આ તીર્થની ટૂક ઉપર સિદ્ધિપદને પામ્યા. માટે તેનું નામ "કદંબગિરિ" જાણવું.

આવી રીતે શ્રી શત્રુંજયનાં – ૨૧–૧૦૮– ને ૧૦૦૮ – નામો દેવતા–મનુષ્યો અને મુનિઓએ કરેલાં છે. આ તીર્થ ઋષભકૂટાદિકની જેમ શાશ્વતો છે. તે ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલે વધ–ઘટ થાય છે. પરંતુ સર્વથા નાશ પામતો નથી માટે સદાકાલ શાશ્વત એવો આ વિમલગિરિપર્વત જયવંતો વર્તો.

શ્રી શત્રુંજયનાં - ૨૧ - નામો - પાડવાનાં કારણો.

૧ – શ્રી શત્રુંજય :– જે સ્થાનમાં રહી આરાધના કરતાં જે તીર્થના પ્રભાવે બાહ્ય અને અભ્યંતર શત્રુનો જય થાય માટે આ પર્વતનું નામ "શત્રુંજય" થયું.

૨ – બાહુબલી :– બાહુબલી નામના મુનિ ૧૦૦૮ ની સાથે આ પર્વતપર સિદ્ધિપદને પામ્યા હતા. માટે આ ગિરિનું નામ "બાહુબલી" થયું.

૩ – મરુદેવ :– મારવાડની ભૂમિમાં વરસાદ સરખો. જેમ વરસાદ તૃષ્ણા ને ઘામ ભાંગે છે તેમ જેના સેવનથી વિષય પિપાસા મટી જાય તેનું ત્રીજું નામ "મરુદેવ" છે.

૪ – ભાગીરથ :– જેના પ્રભાવવડે કરીને તોફાની એવો અવિરતિરૂપી રથ ભાંગી જાય છે. માટે શત્રુંજયનું ચોથું નામ "ભાગીરથ" છે.

૫ – રૈવતગિરિ :– શ્રી શત્રુંજયની પાંચમી ટૂક રૈવતગિરિ છે માટે તેનું પાંચમું નામ "રૈવતગિરિ" છે. જે પંચમગતિ–મોક્ષને આપે છે.

૬ – તીર્થરાજ :– રાજા જેમ સર્વ મનુષ્યોમાં મોટો અને મનોહર હોય છે. તેમ આ ગિરિ પણ સર્વ તીર્થોમાં રાજા સમાન છે. માટે તેનું છઠ્ઠું નામ "તીર્થરાજ" છે.

૭ – સિદ્ધક્ષેત્ર :– અહીં આ પુણ્યભૂમિમાં કાંકરે–કાંકરે અનંતાજીવો સિદ્ધ થયા છે. માટે તેનું સાતમું નામ "સિદ્ધક્ષેત્ર" છે.

૮ – કામુક :– જે ગિરિરાજને કરેલો પ્રણામ જે ઇચ્છિત વસ્તુઓને આપે છે. અને જેને સેવતાં સુખ ઊપજે માટે આઠમું નામ "કામુક" છે.

૯ – ઢંક :– સૂર્યયશા રાજાના પુત્ર આદિત્યકાંત એક લાખ જીવો સાથે પોતાના મૂળભૂત આત્મગુણને પામ્યા. તેથી તેનું નામ "ઢંક" થયું.

૧૦ – કપર્દી :– કપર્દીયક્ષ સાવધાન થઈને રોજ જેની સેવા કરે છે. રોજ જેના ગુણગાન ગાય છે. માટે શ્રી શત્રુંજયનું દશમું નામ "કપર્દી" છે.

૧૧ – લોહિત્યગિરિ :– શ્રી શત્રુંજયની લોહિત નામની ટૂક છે. માટે તેનું અગિયારમું નામ "લોહિત્યગિરિ" છે. તેથી તેને પ્રણામ કરો.

૧૨ – તાલધ્વજ :– સંસારી જીવ જેને નમન કરીને પોતાના જન્મને પ્રમાણ – સફલ કરે છે. તેથી બારમું નામ "તાલધ્વજ" છે.

૧૩ – કદંબ :– શ્રી શત્રુંજયની કદંબગિરિનામે એક ટૂક છે. તેથી તેનું તેરમું નામ "કદંબ" છે. જેમ મારવાડમાં આંબો દુર્લભ છે તેમ આ મનુષ્ય લોકમાં આ ગિરિ મળવો દુર્લભ છે.

૧૪ – સહસ્રાબ્જ :– જેની એક ટૂકનું નામ સહસ્રાબ્જ છે. માટે તેનું ચૌદમું નામ "સહસ્રાબ્જ" છે. જ્યાં કાલિક મુનિ એક હજાર સાથે મુક્તિપદને પામ્યા છે.

૧૫ – નગાધીશ :– જે ગિરિરાજ સર્વપર્વતોનો રાજા છે. તેથી તેના પંદરમા "નગાધીશ"નામને પ્રેમથી નમું છું. જેનાથી લક્ષ્મી મળે છે.

૧૬ – સિદ્ધરાટ :– સિદ્ધિપદને આપનાર સ્થાનકોમાં આ સ્થાન રાજા સમાન છે. તેથી તેનું સોલમું નામ "સિદ્ધરાટ" છે. જે ગિરિરાજ પૂજક ભવ્યજીવોને શિવપદનું દાન કરે છે.

૧૭ – શતપત્ર :– આ શ્રી શત્રુંજયનું સત્તરમું નામ "શતપત્ર" છે. તે નામને તમે નિત્ય પ્રણામ કરો. તેના નામથી નવનિધિ પ્રાપ્ત થાય છે. અને એ ચોક્કસ મોક્ષપદ આપનાર છે.

૧૮ – શતકૂટ :– આ શ્રી શત્રુંજયનું અઢારમું નામ "શતકૂટ" છે. તે નામ ગુણથી પાડવામાં આવ્યું છે કારણ કે આ ગિરિરાજ એકસોને આઠ શિખરો (ટેકરી)થી શોભે છે. માટે હે ભવ્ય પ્રાણીઓ ! તમે તે ગિરિને ભાવથી નમસ્કાર કરો.

૧૯ –પુણ્યરાશિ :– આ ગિરિરાજની સેવા કરવાથી પુણ્યની રાશિ –(ઢગલો –સમૂહ) બંધાય છે. તેથી તેનું ઓગણીશમું અદભુત નામ "પુણ્યરાશિ" જાહેર કરવામાં આવ્યું.

૨૦ – સુરપ્રિય :– ભવનપતિ –વ્યંતર – જ્યોતિષી અને વૈમાનિક દેવોના સમૂહને આ તીર્થ અત્યંતપ્રિય છે. અને સુખના કંદ જેવું છે. માટે તેનું વીશમું નામ "સુરપ્રિય" પડયું છે.

૨૧ – સહસ્રપત્ર :– શ્રી શત્રુંજયનું ઉદાર એવું એકવીશમું નામ "સહસ્રપત્ર" છે. તે નામ સાંભળતાં હૈયામાં હર્ષનું પૂર ઊભરાય છે.



શ્રી શત્રુંજયનાં -૨૧-નામો-પાડવાનાં- વિવિધ-કારણો

૧ – પુંડરીકગિરિ :– શ્રી આદીશ્વર ભગવાનના પ્રથમ ગણધર શ્રી પુંડરીકસ્વામી પાંચક્રોડ મુનિઓ સાથે મોક્ષે ગયા માટે આ ગિરિનું "પુંડરીકગિરિ" નામ થયું.

૨ – સિદ્ધક્ષેત્ર :– આત્માને શ્રી શત્રુંજય તીર્થમાં જવાથી અને આરાધના કરવાથી સિદ્ધિ મળે છે. એમ શાસ્ત્રો પ્રગટપણે કહે છે. તેથી તેનું "સિદ્ધક્ષેત્ર" નામ પ્રખ્યાત થયું.

૩ – વિમલાચલ :– જે તીર્થમાં યાત્રાની ભાવનાથી આવેલા જીવો નિર્મલ–વિમલ–પાપરહિત થાય. અને તેઓમાં પાપનો અંશ પણ રહેતો નથી માટે તે ગિરિવરનું "વિમલાચલ" નામ પ્રસિદ્ધ થયું.

૪ – સુરગિરિ :– દેવતાઓ – ઇન્દ્રો અને અપ્સરાઓ જે તીર્થની નિત્યભક્તિ કરે છે. ને દેવતાઓનો જ્યાં વાસ છે. માટે તેનું નામ "સુરગિરિ" થયું.

૫ – મહાગિરિ :– આ તીર્થમાં કંઇ કેટલાય મહામુનિઓ શ્રેષ્ઠ એવી મુક્તિનો વાસ પામ્યા છે. તેથી તેનું નામ "મહાગિરિ" પડ્યું છે.

૬ – પુણ્યરાશિ :– જે શ્રી શત્રુંજય તીર્થમાં જઇને દર્શન–વંદન–પૂજન અને આરાધના કરવાથી પુણ્યની રાશિ વધે છે. પાપી પણ પુણ્યવંત બને છે. તેથી તે તીર્થને સંતો – મહંતો ને સજ્જનપુરુષો "પુણ્યરાશિ" કહે છે.

૭ – શ્રીપદ :– આ શ્રી શત્રુંજય તીર્થમાં કંઇ અનંતા સાધુઓએ મોક્ષરૂપી લક્ષ્મીને મેળવી છે માટે જગતમાં માન્ય અને મોટું એવું તેનું "શ્રીપદ" નામ પાડવામાં આવ્યું છે.

૮ – ઇન્દ્રપ્રકાશ :– આ તીર્થમાં ઇન્દ્ર મહારાજા પ્રગટપણે ભાવપૂર્વક ભક્તિ ને નૃત્ય કરે છે. તેથી આ ગિરિનું "ઇન્દ્રપ્રકાશ" નામ પ્રસિદ્ધ થયું.

૯ – મહાતીર્થ :– જે શ્રી શત્રુંજયતીર્થ મુનિઓના સમૂહને અને પાપીઓના સમૂહને પાપથી તારે છે. માટે તે તીર્થનું નામ "મહાતીર્થ" કહેવાય છે. હે ભવ્ય પ્રાણીઓ ! મનમાં સ્નેહ ધરીને ભાવથી પ્રણામ કરો.

૧૦ – શાશ્વતગિરિ :– આ શ્રી શત્રુંજયગિરિ ત્રણે કાલમાં શાશ્વત છે. બોધિબીજ અને મોક્ષનું રાજ્ય આપનાર છે. તેથી તે "શાશ્વતગિરિ" નામથી પૂજાવા લાગ્યો.

૧૧ – દૃઢશક્તિ :– આ શ્રી શત્રુંજયગિરિની સેવા કરતા આત્માની શક્તિ દૃઢ અને અમાપ બને છે. તેથી તેને "દૃઢશક્તિ "કહેવાય છે. આ ગિરિ સમાન જગતમાં બીજું કોઇ નથી.

૧૨ – મુક્તિનિલય :– આ જગતના મનુષ્યોને આ ગિરિરાજની સેવા વગર બીજો કોઇ મુક્તિમાર્ગ નથી. તેથી મુક્તિના ધામ જેવા આ ગિરિરાજનું "મુક્તિનિલય" નામ પાડવામાં આવ્યું.

૧૩ – પુષ્પદંત :– આ ગિરિરાજમાં સહુજીવને સદબુદ્ધિ પ્રાપ્ત થાય છે માટે દેવતા – મનુષ્યો અને રાજા તેનું "પુષ્પદંત" નામ બોલે છે.

૧૪ – પૃથ્વીપીઠ :– આ ગિરિરાજ સમગ્ર પૃથ્વીનો આધાર છે. અને અત્યંત સુંદર પણ છે. તેની રજેરજ અત્યંત પવિત્ર છે. માટે હે ભવ્યો ! તમે તેને "પૃથ્વીપીઠ" નામથી વધાવો.

૧૫ – સુભદ્રગિરિ :– આ ગિરિરાજ બધાય જીવોનું ભલું – કલ્યાણ કરનારો છે. વળી આ ગિરિરાજ દેખાવથી પણ અત્યંત સુંદર છે. અને તે શાંતિ તથા સુખને કરનારો છે. માટે "સુભદ્રગિરિ" નામ થયું.

૧૬ –કૈલાસગિરિ :– આ ગિરિરાજ સમગ્ર પૃથ્વીને વિષે ઘણાં જ નામોથી પ્રખ્યાત છે. જે સાક્ષાત મુક્તિનગરી જેવો છે. માટે તેનું "કૈલાસગિરિ" નામ પાડવામાં આવ્યું

૧૭ – કદંબગિરિ :– આ ગિરિરાજઉપર સુગંધના ગુણોથી ભરપૂર એવાં ઘણાં વૃક્ષોની વનરાજી છે. અને જે ગિરિમાં કદંબવૃક્ષના અંકુરા (વૃક્ષો) જોવા મલે છે. માટે તેનું નામ "કદંબગિરિ" થયું છે.

૧૮ – ઉજ્જવલગિરિ :– પ્રભુ ઉજ્જવલ છે. પ્રભુજીના ગુણો ઉજ્જવલ છે. આ ગિરિનાં શિખરો પણ ઉજ્જવલ છે. ભવ્યજીવ રૂપી ભમરાઓ જેની આસપાસ ફરે છે. તેથી તેનું નામ "ઉજ્જવલગિરિ" થયું છે.

૧૯ – વિમલાચલ :– જે ગિરિરાજમાં જવાથી આત્માના નિર્મલ ગુણો પ્રગટ થાય છે. માટે આ ગિરિને સહુ "વિમલાચલ" કહે છે. તેથી પૂજ્ય એવા મહંતો પણ તેની સેવા કરે છે..

૨૦ – સર્વકામદાયકગિરિ :– આ ગિરિરાજના સ્થાન ઉપર સર્વજીવોની સહુ આકાંક્ષાઓ – ઇચ્છાઓ પૂર્ણ થાય છે. માટે આ ગિરિ "સર્વકામદાયકગિરિ" આ નામથી જગતમાં પ્રસિદ્ધ થયો છે.

નોંધ :– **આના કર્તા બાલેન્દુએ ૨૦ – નામના જ દુહા બનાવ્યા છે. અને તેમાં પણ ૧૯ – તથા – ૩ નંબરના નામનો દુહો એક અર્થનો છે.**

શ્રી શત્રુંજયનાં - ૨૧ - નામો - પાડવાનાં - વિવિધ - કારણો.

૧ – શ્રી શત્રુંજય :– શુકરાજાએ પોતાના પિતા એવા સાધુભગવંતના વચનવડે જે ગિરિરાજનું છ મહિના સુધી સતત ધ્યાન ધરવાથી પોતાના બાહ્ય શત્રુઓ પર વિજય કર્યો અને પછી અભ્યંતર શત્રુપર વિજય કર્યો તેથી આ ગિરિનું નામ "શ્રી શત્રુંજય" જાહેર થયું.

૨ – પુંડરીકગિરિ :– શ્રી પુંડરીક સ્વામી ગણધરે પોતાનું મુક્તિસ્થાન એવા શ્રી શત્રુંજયમાં પધારી દેવ અને મનુષ્યોની સભામાં શ્રી શત્રુંજયનું માહાત્મ્ય કહ્યું. ને ત્યાં ચૈત્ર મહિમાની પૂનમને દિવસે પાંચક્રોડ મુનિઓ સાથે એક માસનું અનશન કરી મુક્તિએ પહોંચ્યા. તેથી તેનું નામ "પુંડરીકગિરિ" જાહેર થયું.

૩ – સિદ્ધક્ષેત્ર :– વીસ ક્રોડ પાંડવો આ સ્થાનમાં મોક્ષ પામ્યા છે. અને અનંતા જીવો પણ મોક્ષ પામ્યા છે માટે આ ગિરિનું "સિદ્ધક્ષેત્ર" થયું.

૪ – વિમલાચલ :– ચંદ્રશેખર વગેરે અનેક રાજાઓ અનાદિકાળનાં કર્મના કચરાને દૂર કરીને આ શ્રી સિદ્ધાચલમાં નિર્મલ – વિમલ થયા. માટે તેનું નામ "વિમલાચલ" એવું નામ પાડવામાં આવ્યું.

૫ – સુરગિરિ :– પર્વતોમાં સુરગિરિ એટલે મેરુપર્વત મોટો છે. તેથીજ તેના ઉપર દરેક તીર્થંકર ભગવંતોનો જન્માભિષેક થાય છે. પરંતુ ત્યાં કોઇ મોક્ષે જતું નથી. ત્યારે આ ગિરિરાજ અનંતાજીવોને મોક્ષ જવામાં સહાયભૂત બને. માટે તે મોટો છે. તેથી એનું નામ "સુરગિરિ" પડ્યું.

૬– મહાગિરિ :– આ ગિરિરાજ એંસી યોજન પહોળો છે. અને ૨૬ યોજનની ઊંચાઈવાળો છે. વળી આ ગિરિરાજ બીજા પર્વતો કરતાં મહિમા વડે મોટો છે. માટે તેનું નામ "મહાગિરિ" પડ્યું.

૭ – પુણ્યરાશિ :– શાસ્ત્રમાં શ્રાવકને દાન દેવાવડે મેઘની (વરસાદ)ની ઉપમા આપેલ છે. અને તે શ્રાવક આ ગિરિરાજમાં આવીને દ્રવ્ય આપવા વડે પુણ્યનાં કામો કરે છે. તેથી તેની પુણ્યની રાશિ – (સમૂહ) વધે છે. માટે આ ગિરિનું "પુણ્યરાશિ" નામ થયું.

૮ – શ્રીપદ્મગિરિ :– જે નારદો બ્રહ્મચારી હોવા છતાં જગતના જીવોને લડાવી મારનારા છે. આવા નારદો પણ આ ગિરિરાજની આરાધનાના પ્રતાપે શ્રી – પદ – મોક્ષલક્ષ્મીનું પદ મેળવે છે માટે આ ગિરિરાજનું નામ "શ્રીપદ્મગિરિ" થયું.

૯ – ઈન્દ્રપ્રકાશ :– ઈન્દ્ર મહારાજાની આગળ – સન્મુખ શ્રી સીમંધરસ્વામીએ શ્રી શત્રુંજયનો મહિમા વર્ણવ્યો અને તે મહિમા જગતમાં પ્રસિદ્ધિ પામ્યો. માટે આ ગિરિનું નામ "ઈન્દ્રપ્રકાશ" થયું.

૧૦ – મહાતીર્થ :– અણુવ્રતને ધારણ કરનારા – દશ – ક્રોડ શ્રાવકને જમાડતાં જે ફલ પ્રાપ્ત થાય તેના કરતાં જૈન ધર્મનાં તીર્થોની યાત્રા કરવામાં ઘણો લાભ રહેલો છે. અને તેનાથી પણ શ્રી સિદ્ધાચલની ભૂમિમાં એક મુનિને દાન આપતાં ઘણોજ લાભ થાય છે. માટે આ ગિરિનું નામ "મહાતીર્થ" પડ્યું.

૧૧ – શાશ્વતગિરિ :– આ શ્રી શત્રુંજયગિરિરાજ અનંતકાળ સુધી રહેશે. વળી તે ગિરિ ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં વધ–ઘટ થશે. પણ સર્વથા નાશ પામવાનો નથી. માટે તેને પ્રાયે શાશ્વતો કહ્યો છે. આ વાતને શ્રી શત્રુંજયના માહાત્મ્યમાં સાંભળી છે તેથી આ ગિરિનું નામ "શાશ્વતગિરિ" થયું.

૧૨ – દૃઢ શક્તિ :– ગાય–સ્ત્રી–બાલક ને મુનિની હત્યા કરનારા – પરસ્ત્રી ગમન કરનારા–ચોરી કરનારા, દેવ દ્રવ્યને ગુરુ દ્રવ્યનું ભક્ષણ કરનારા આ ગિરિરાજમાં આવીને પોતાનાં દૃઢ–ગાઢ પાપોને ભાવથી જાત્રા કરતાં ગાળી નાંખે છે. માટે તેનું નામ "દૃઢશક્તિ" થયું.

૧૩ – મુક્તિનિલયગિરિ :– કૃષ્ણ મહારાજાની થાવચ્ચા રાણીના પુત્ર થાવચ્ચા પુત્રે ગુરુ પાસે ધર્મોપદેશ સાંભળી સંસારની ભયાનકતા જાણી સંસારનો ત્યાગ કરી દીક્ષા લઇ એક હજાર મુનિઓ સાથે શ્રી શત્રુંજય પર આવીને તપ કરીને અનશન કરતાં મુક્તિના સ્થાનને પામ્યા. માટે આ ગિરિરાજનું "મુક્તિનિલયગિરિ" નામ થયું.

૧૪ – પુષ્પદંતગિરિ :– ચંદ્ર અને સૂર્ય આકાશમાં ઊભા રહીને આ ગિરિરાજનાં દર્શન કરીને અત્યંત આનંદ પામે છે. અને તેને પુષ્પોથી વધાવે છે. તેથી આ ગિરિરાજનું નામ પુષ્પદંત પડ્યું.

૧૫ – મહાપદ્મગિરિ :– જે પ્રાણીઓ આ તીર્થની અંતરના ભાવથી આરાધના કરે છે. તે પ્રાણીઓ કર્મના કાદવરૂપ સમુદ્રને તરીને મોક્ષનિરંજનીને પામે છે. માટે આ ગિરિનું નામ "મહાપદ્મગિરિ" થયું.

૧૬ – પૃથ્વીપીઠ :– આત્માને લાગેલાં કર્મોને દૂર કરીને મોક્ષરૂપી લક્ષ્મીને પરણવી હોય તો લગ્ન મંડપ અને વરરાજાને બેસવાની બેઠક બનાવવી પડે. તો ત્યાં બેસીને મોક્ષે જનાર વરરાજા મોક્ષરૂપી સ્ત્રીને પરણે. તે શિવરૂપી સ્ત્રીના વિવાહમાં મુનિવરો માટે ગિરિરાજ મંડપ અને બેઠક બને છે. તેથી આ ગિરિરાજને "પૃથ્વીપીઠ" નામથી વર્ણવવામાં આવ્યો.

૧૭ – સુભદ્રગિરિ :– આ પરમ પવિત્ર ગિરિરાજ સહુને પવિત્ર કરનાર છે. તેની રજ અને ઝાડ પણ પવિત્ર છે. ને તે પોતેજ મંગલરૂપ છે. તે ગિરિ ભદ્ર એટલે કલ્યાણ કરનારો છે. તેથી લોકો તેની રજને મસ્તકે ચઢાવે છે. તેથી આ ગિરિવરનું નામ "સુભદ્રગિરિ" પડ્યું.

૧૮ – કૈલાસગિરિ :– આ ગિરિરાજના પરમ પવિત્ર સ્પર્શથી શેત્રુંજી નદીનું પાણી પણ પવિત્ર અને પાપને ધોઇ નાંખનારું છે. આથી વિદ્યાધરો, દેવતાઓ – અપ્સરાઓ વગેરે પાપને નાશ કરવાની ઇચ્છાએ અહીં આ ગિરિરાજમાં –નદીમાં આવીને વિલાસ–આનંદ પ્રમોદ કરેછે. માટે આ ગિરિરાજને "કૈલાસ" એવા સુંદર નામથી ઓળખવામાં આવ્યો.

૧૯ – કદંબગિરિ :– ગઇ ચોવીશીના બીજા તીર્થંકર ભગવાન શ્રી નિર્વાણીપ્રભુના કદંબ નામના ગણધરે પોતાની મુક્તિ માટે પૂછ્યું ત્યારે પ્રભુએ આ ગિરિરાજનું પુણ્ય સ્થાન બતાવ્યું હતું. તેથી તેમના નામ ઉપરથી આ ગિરિવરનું "શ્રી કદંબગિરિ" એવું નામ પ્રસિદ્ધ થયું.

૨૦ – ઉજજવલગિરિ :– આ ગિરિરાજનું મૂળ પાતાલમાં છે. મન–વચન અને કાયાના ઉજજવલ–શુભયોગથી તેને વંદન કરવામાં આવે તો તેમનો સંસાર અલ્પ થઇ જાય છે. માટે આ ગિરિનું "ઉજજવલગિરિ" એવું નામ પડયું.

૨૧ – સર્વકામદાયકગિરિ :– આ ગિરિરાજની આરાધનાના પ્રતાપે શરીરસુખ –મનની શાંતિ –પુત્રની પ્રાપ્તિ – પત્નીની ઇચ્છા–સ્વર્ગ અને બીજાં પણ સુખોની પ્રાપ્તિ વગેરે જે જે ઇચ્છા હોય તે તે મલે છે. આ ગિરિવરના પ્રતાપે મોક્ષ લક્ષ્મી પણ મલે છે. શ્રી વિમલાચલગિરિનું સતત–સળંગ છ માસ સુધી ધ્યાન ધરવામાં આવે તો અપૂર્વ તેજની પ્રાપ્તિ થાય. અને સર્વ આશાઓ પરિપૂર્ણ થાય. માટે આનું નામ "સર્વકામદાયકગિરિ" થયું.

શ્રી શત્રુંજયગિરિનાં –૨૧ – નામના દુહાઓ.

૧ – શત્રુંજય :– બાહ્ય અભ્યંતર શત્રુનો, જય થાયે જિણ ઠામ રે,

સિદ્ધિપરે સુખ શાશ્વતાં, તિણે શત્રુંજય નામ રે.,

૨ – બાહુબલી:– બાહુબલી મુનિ સહસશું, આઠ ઉપર વળી તામરે;

સિદ્ધિવર્યા શુભ રીતિશું, તિણે બાહુબલી નામરે,

૩ – મરુદેવ :– મરુધરતિ માંહે ઘન સમો, તૃણા ભાંજે ઘામરે;

વિષય પિપાસા સહુમિટે, ત્રીજું મરુદેવ નામરે;

૪ – ભાગીરથ :– ભાંગે જિહાં સંસારનો, અવિરતિ રથ ઉદ્દામરે;
ચોથું શત્રુંજય તણું, ભાગીરથ એણે નામરે;

૫ –રૈવત ગિરિ :– પંચમ ટૂક રૈવતગિરિ, તેણે રૈવત એહ નામરે;
પંચમ એહ સોહામણું, પંચમ ગતિને કામરે;

૬– તીરથરાજ :– સહુ તીરથમાં એ વડું, રાજા સમ અભિરામરે;
તીરથરાજ એ ગિરિતણું, તિણે છઠ્ઠુંવર નામરે;

૭ –સિદ્ધક્ષેત્ર :– કાંકરે કાંકરે સિદ્ધ થયા, કોડિ અનંત નિકામ રે;
સિદ્ધક્ષેત્ર તિણે સાતમું, જાણો એહનું નામરે;

૮ – કામુક :– કામિત આપે જે ગિરિ, કરતાં જાસ પ્રણામ રે;
સેવંતા સુખ ઊપજે, તિણે "કામુક" આઠમું નામરે;

૯ – ઢંક :– આદિત્યકાંત એક લાખથી, સૂર્યયશા સુત જેહરે;
વસ્યા જેહ નિજ તત્ત્વને, "ઢંક" નામ ગુહ ગેહરે;

૧૦ – કપર્દી:– કવડ જક્ષ સેવા કરે, નિત નિત થઈ સાવધાન રે,
દશમું "કપર્દી" નામરે, કરે તસ ગુણગાન રે;

૧૧ – લોહિત :– લોહિત ટૂક છે એહની, તિણે લોહિત પણ નામરે;
એકાદશમું અતિ ભલું, કીજે તાસ પ્રણામ રે;

૧૨ – તાલધ્વજ :– તાલધ્વજ વળી બારમું, શેત્રુંજાનું અભિધાન રે;
સંસારી તેહને નમી, કીજે જન્મ પ્રમાણ રે;

૧૩ – કદંબગિરિ :– કદંબગિરિ પણ ટૂક છે, તેરમું નામ કદંબરે;
મનુષ્ય લોકમાં દોહિલો, જિમ મરુથળમાં અંબરે;

૧૪ – સહસ્રાબ્જ:– સહસ્રાબ્જ ગિરિવર નમો, ચૌદમું એ અભિધાનરે;
શ્રી કાલિક મુનિ સહસથી, પામ્યા શિવપુર ઠામરે;

૧૫ – નગાધીશ :– પર્વત સર્વ શિરોમણિ, નગાધીશ તિણે નામ રે;
પંદરમું પ્રેમે નમો, જેહથી દોલત દામરે;

૧૬ – સિદ્ધરાટ :– સિદ્ધ સ્થાનકમાં એ વડું, જાણો રાજ સમાનરે;
સિદ્ધરાટ્ તે સોલમું, શિવપદનું કરે દાનરે;

૧૭ – શતપત્ર :– સત્તરમું શતપત્ર એ, નામ નમો નિશ દિશરે;
નામે નવ નિધિ સંપજે, શિવપદ વિશ્વાવીશરે;

૧૮ – શતકૂટ :– શતકૂટ નામ અઢારમું, ગુણ નિષ્પન્ન કહાયરે,
સોહે શત અડ કૂટશું, પ્રણમો ભવિ સમુદાયરે;

૧૯ – પુણ્ય રાશિ:– એ ગિરિની સેવાથકી, બંધાય પુણ્યની રાશિરે;
પુણ્ય રાશિ, ઓગણીશમું, અદભુત નામ પ્રકાશરે;

૨૦ –સુર પ્રિય :– ભવનપતિ –વાણ જ્યોતિષી, વૈમાનિકનાં વૃંદરે;
તે સુરને અતિ પ્રિય ઘણું, તેણે સુર પ્રિય સુખકંદરે;

૨૧ – સહસપત્ર :– સહસપત્ર એકવીશમું, શેત્રુંજ નામ ઉદારરે,
શેત્રુંજ નામ સુણંતડાં, હઈડે હરખ અપારરે;

શ્રી શત્રુંજયગિરિનાં-૨૧ - નામના- દુહાઓ .

૧ – પુંડરીકગિરિ :- શ્રી શત્રુંજય તીર્થમાં, આદીશ્વર ભગવાન,
નમતાં પુણ્ય વધે ઘણું, તેને મુજ ક્રોડ પ્રણામ;
પુંડરીક મુગતે ગયા, પાંચ ક્રોડ મુનિ સાથ;
પુંડરીકગિરિને નમું, સ્વર્ગ ભુવન સાક્ષાત

૨ –સિદ્ધક્ષેત્ર :- સિદ્ધિમળે આત્મા તણે, શાસ્ત્ર વદે સાક્ષાત
સિદ્ધક્ષેત્ર તેથી થયું, નામ જગત પ્રખ્યાત.

૩ –વિમલાચલ :- વિમલ–શુદ્ધ સહુ થાય જ્યાં, પાપ તણો નહિ લેશ,
વિમલાચલ પ્રખ્યાત છે, નામ પ્રસિદ્ધ વિશેષ,

૪ –સુરગિરિ :- સુરવર ઇન્દ્રને અપ્સરા, પ્રભુ ભક્તિ કરે નિત્ય
સુરગિરિ જાણો એહ છે, સુરવાસો છે સત્ય,

૫ –મહાગિરિ :- મહામુનિ કેઇ પામિયા, પરમ મુક્તિનો વાસ,
મહાગિરિ તેથી થયું, નામ અપૂર્વ નિવાસ.

૬ –પુણ્યરાશિ :- પુણ્યનો રાશિ વધે જિહાં, પાપી હોય પુણ્યવંત;
પુણ્યરાશિ તેથી કહે, સજજન–સંત- મહંત,

૭ –શ્રીપદ :- મોક્ષ શ્રી ઇહાં મેળવે, કેઇક સાધુ અનંત,
શ્રીપદ તેહથી નામ છે, જગમાં માન્ય મહંત ;

૮ – ઈન્દ્રપ્રકાશ :– ઈન્દ્ર પ્રગટ કરે ભક્તિને, નૃત્ય કરે બહુ ભાવ,
ઈન્દ્ર પ્રકાશ છે તેહથી, નામ પ્રસિદ્ધ પ્રભાવ;

૯ – મહાતીર્થ :– તારે મુનિજનવૃંદને, પાપીને પણ જેહ,
મહાતીર્થ તેથી કહે, પ્રણમો મનધરી નેહ;

૧૦ – શાશ્વતગિરિ :– શાશ્વત છે ત્રણ કાલમાં, તારક એ ગિરિરાજ,
શાશ્વતગિરિ તેથી કે, બોધિબીજ શિવરાજ;

૧૧ – દૃઢશક્તિ :– એહગિરિને સેવતાં, શક્તિ અમીત દૃઢ હોય,
દૃઢશક્તિ તેથી કહે, તુલ્ય ન આવે કોય;

૧૨ – મુક્તિનિલય :– મુક્તિમાર્ગ બીજો નહિ, ગિરિ સેવા વિણ જેહ,
મુક્તિનિલય તેથી કહે, ધામ મુક્તિનું તેહ;

૧૩ – પુષ્પદંત :– સુમતિ મળે સહુજીવને, એ ગિરિવરમાં અમાપ,
પુષ્પદંત એ નામથી, જાણે સુરનર ભૂપ;

૧૪ – પૃથ્વીપીઠ :– પૃથ્વીમાં સુંદર ઘણો , રજ રજ પુનિત જેહ,
પૃથ્વીપીઠ જાણે સહુ, અવધારો ગુણગેહ;

૧૫ – સુભદ્ર :– ભદ્ર સહુનું એ કરે , ગિરિવર સુંદર વાન,
સુભદ્ર તેહથી જાણવો, શાંતિ સુહંકર ભાણ;

૧૬ – કૈલાસ :– ગિરિવર બહુ અવની વિષે, વિવિધ નામ પ્રખ્યાત,
એ પર્વત કૈલાસગિરિ, મુક્તિ નગરી સાક્ષાત ;

૧૭ - ક્દંબગિરિ :- વિવિધ વૃક્ષ રાજી ઇહાં, ગંધ ગુણે ભરપૂર,

ક્દંબગિરિ કહે જેહને, ક્દંબ તરુ અંકુર;

૧૮ - ઉજ્જવલગિરિ :- ઉજ્જવલ પ્રભુ ઉજ્જવલ ગુણો, ઉજ્જવલ ગિરિના શૃંગ,

ઉજ્જવલ ગિરિ કહે તેહથી, સેવે ભવિજન ભૃંગ;

૧૯ - વિમલાચલ :- વિમલગુણો પ્રગટે જિહાં, વિમલ સાધુ-મુનિસંત,

વિમલાચલ કહે તેહથી, પૂજે પૂજ્ય મહંત;

૨૦ - સર્વકામદાયક :- ઇહાંપર આકાંક્ષા સહુ, પૂર્ણ થાયે ઇણ ઠામ,

સર્વકામદાયકગિરિ, જગ પ્રખ્યાત એ નામ;

આના કર્ત્તા બાલેન્દુએ એક નામના અર્થનો દુહો બનાવ્યો નથી. અને -૧૯ તથા - ૪ - નંબરનો દુહો એક જ નામનો બનાવ્યો છે.

શ્રી શત્રુંજય ગિરિરાજનાં-૨૧-ખમાસમણ-અર્થ-સાથે

સિદ્ધાચલ સમરું સદા, સોરઠ દેશ મોઝાર,

મનુષ્ય જન્મ પામી કરી, વંદું વાર હજાર; (૧)

અંગ-વસન-મન-ભૂમિકા, પૂજો પગરણ-સાર,

ન્યાય દ્રવ્ય-વિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર; (૨)

કાર્તિક સુદિ પૂનમ દિને, દશ-કોટી પરિવાર,

દ્રાવિડને વારિખિલ્લજી, સિદ્ધ થયા નિરધાર; (૩)

તિણ કારણ કાર્તિક દિને, સંઘ-સકલ-પરિવાર,

આદિદેવ સન્મુખ રહી,ખમાસમણ બહુ વાર; (૪)

એકવીશ નામે વર્ણવ્યો, તિહાં પહેલું અભિધાન,

"શત્રુંજય" શુકરાજથી, જનક-વચન -બહુમાન; (૫)

સિદ્ધાચલ સમરું સદા - (૧)

સોરઠ દેશની અંદર આવેલા શ્રી સિદ્ધાચલને હું યાદ કરું છું. ચોરાશીલાખ જીવાયોનિમાં કિમતી એવા મનુષ્ય ભવને પામીને ચૌદક્ષેત્રમાં અત્યંત કિમતી એવા શ્રી શત્રુંજયને હજારોવાર વંદન કરું છું. (૧)

જેમ જિનમંદિરમાં પ્રભુ પૂજામાટે સાત શુદ્ધિઓ જોઈએ તેમ અહીં પણ શ્રી શત્રુંજયની પૂજા ને આરાધનામાં આ સાત શુદ્ધિઓ જોઈશે.સહુથી પ્રથમ-શરીરની શુદ્ધિ- પછી વસ્ત્રની શુદ્ધિ-પછી મનની પવિત્રતા પછી ભૂમિની પવિત્રતા ને સ્વચ્છતા - પછી પૂજાનાં ઉપકરણો સારાં ને સ્વચ્છ જોઈએ અહીં વાપરવા માટેનું દ્રવ્ય - ન્યાયથી ઉપાર્જન કરેલું જોઈએ. અને છેલ્લે વિધિની શુદ્ધતા એટલે વિધિપૂર્વક પૂજા વગેરે કરવાનાં છે. (૨)

કાર્તિકસુદિ પૂનમના દિવસે દશક્રોડ સાધુના પરિવાર સાથે દ્રાવિડ અને વારિખિલ્લ આ તીર્થમાં સિદ્ધ થયા છે. (૩)

તે કારણથી કાર્તિકસુદિ પૂનમના દિવસે સકલસંઘ-પરિવાર સાથે આદિદેવ જિનેશ્વરની સન્મુખ રહી -૨૧-૧૦૮-ખમાસણ આપે છે. (૪)

(કાર્તિક સુદિ પૂનમના શ્રી શત્રુંજયની યાત્રા ખુલ્લી થાય એટલે તે દિવસે ગામમાં રહેલો ચતુર્વિધ સંઘ ગિરિરાજની સન્મુખ ગામ બહાર જઇ પટ બાંધી ગિરિરાજનું ચૈત્યવંદન-ખમાસમણ વગેરે કરી તીર્થયાત્રાની ભાવનાને સાક્ષાત કરે છે.)

આ ગિરિરાજના મોટાં મુખ્ય ને પ્રચલિત ૨૧ - નામો છે. તેમાં પહેલું "શત્રુંજય" નામ લીધું છે. શુકરાજાનું રાજ્ય જ્યારે જતું રહ્યું હતું ત્યારે પિતા એવા સાધુ મહારાજને શુકરાજાએ પૂછેલ ત્યારે તેઓએ કહ્યું હતું કે તું છ મહિના સુધી શ્રી શત્રુંજયનું ધ્યાન કર, તે પ્રમાણે છ મહિના સુધી ધ્યાન કરતાં પહેલાં તેનો દ્રવ્યશત્રુ નાસી જાય છે. અને પછી પોતાના ભાવ શત્રુઓ-કર્મો નાશ પામે છે. માટે આ ગિરિરાજનું "શ્રી શત્રુંજય" એવું નામ પાડવામાં આવ્યું.

(ખમાસમણ - ૧)

સમોસર્યા સિદ્ધાચલે, પુંડરીક -ગણધાર ;

લાખ સવા માહાતમ કહ્યું. સુર - નર - સભા મોઝાર - ૬ -

ચૈત્રી પૂનમને દિને - કરી અનશન એક માસ;

પાંચ કોડી મુનિ સાથશું, મુક્તિ નિલયમાં વાસ - ૭ -

તેણે કારણ પુંડરીકગિરિ, નામ થયું વિખ્યાત;

મન-વચ-કાયે વંદીએ, ઊઠી નિત્ય પ્રભાત - ૮ -

એક વખત શ્રી આદીશ્વર ભગવાન શ્રી સિદ્ધાચલ પર સમવસર્યા, તે વખતે શ્રી પુંડરીક સ્વામી ગણધરને દેવતા અને મનુષ્યોની સભામાં બધાં તીર્થો કરતાં આ તીર્થનો મહિમા સવા લાખ ગણો મોટો છે. તેમ કહ્યું (૬) ચૈત્રી પૂનમના દિવસે પાંચ ક્રોડ મુનિઓ સાથે એક મહિનાનું અનશન કરી પુંડરીક સ્વામી મુક્તિનિલયમાં - મોક્ષમાં જાય છે. માટે આ ગિરિનું બીજું નામ શ્રી પુંડરીક ગિરિ પ્રસિદ્ધ થયું.તેથી તે ગિરિને રોજ સવારે ઊઠીને મન-વચન-અને કાયાથી વંદન કરવું. -(૭ -૮ -)

(ખમાસમણ - ૨)

વીશ કોડીશું પાંડવા, મોક્ષે ગયા ઇણેઠામ;

એમ અનંત મુક્તે ગયા, સિદ્ધક્ષેત્ર તેણે નામ - ૯ - સિ. ૩.

પાંચ પાંડવો વીશ ક્રોડ મુનિઓ આ સ્થાનમાં મોક્ષે ગયા હતા. એજ રીતે અનંતા જીવો પણ અહીં મુક્તિએ ગયા છે. માટે તેનું ત્રીજું નામ સિદ્ધક્ષેત્ર થયું. (૯)

અડસઠ તીરથ નહાવતાં, અંતરંગ-ઘડી - એક;

તુંબીજલ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક (૧૦)

ચંદ્ર શેખર રાજા પ્રમુખ, કર્મકઠિન મલધામ,

અચલપદે વિમલ થયા, તેણે વિમલાચલનામ(૧૧)

(ખમાસમણ - ૪)

ચંદ્રશેખર વગેરે ઘણા રાજાઓ આત્મ શુદ્ધિ-માટે દુનિયામાં કહેવાતાં અડસઠ તીર્થમાં ફર્યા ને નહાયા છતાં શુદ્ધિ ન થઇ. તેથી આ તીર્થે આવીને તુંબડી જેટલાજલથી સ્નાન કરતાં આત્મામાં વિવેક જાગ્યો અને એક ઘડી એવી આવી ગઇ કે અચલ એવા કર્મના મલને ચલાયમાન કર્યો, ધોઇ નાંખ્યો. અને અચલએવા આ પર્વતપર નિર્મલતા પ્રાપ્ત કરી મોક્ષે ગયા માટે આ તીર્થનું ચોથું નામ વિમલાચલ થયું.

પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય;

સિદ્ધ હુઆ સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય. (૧૨) ખ. - ૫ -

જગતના બધાય પર્વતોમાં લાખ જોજનના પ્રમાણવાલો મેરુ પર્વત ઊંચો છે. જેના ઉપર ચારે નિકાયના દેવતાઓ તીર્થકર પરમાત્માનો જન્માભિષેક કરે છે. પરંતુ ત્યાં કોઇ મોક્ષે જતું નથી ત્યારે આ ગિરિ સર્વ કર્મનો નાશ કરનાર બનેછે. માટે તેનું પાંચમું નામ - સુરગિરિ પડયું.

એંસી યોજન પૃથુલ છે. ઉચ્ચપણે છવ્વીશ.

મહિમાએ મોટો ગિરિ, મહાગિરિ નામ નમીશ. ॥ ૧૪ (ખ - ૬)

આ ગિરિને પ્રાયે શાશ્વતો કહ્યોછે. કારણ કે તે આ અવસર્પિણીના ૬ આરામાં અનુક્રમે -૮૦-૭૦-૬૦-૫૦- ને ૧૨ જોજન તથા સાત હાથનો રહેશે. તેજ રીતે ઉત્સર્પિણીમાં વધીને તેટલો જ થશે. તેથી પ્રાયઃ શબ્દ વાપર્યો છે. તેનો સર્વથા નાશ થતો નથી. આવો જે ગિરિ એંશી યોજનના વિસ્તારવાળો અને ઊંચાઇમાં ૨૬- યોજન વાળો છે. વળી આ ગિરિ મહિમા- પ્રભાવ વડે મોટો છે. તેથી તેનું છઠ્ઠું નામ મહાગિરિ પડયું. તેથી હું તે નામથી નમીશ.

ગણધર-ગુણવંતા મુનિ-વિશ્વમાંહે વંદનિક ।

જેહવો તેહવો સંયમી, વિમલાચલ-પૂજનિક -એ તીર્થે પૂજનિક. - ૧૫ -

વિપ્રલોક- વિષધર-સમા, દુઃખિયા ભૂતલ જાણ;

દ્રવ્યલિંગ - ક્રુણક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન - ૧૬ -

શ્રાવક - મેઘ સમા કહ્યા, કરતા પુણ્યનું કામ;

પુણ્યની રાશિ વધે ઘણી, તીણે પુણ્ય રાશિ નામ. - ૧૭ -

મુનિવરો તો વંદનિક છે જ . તેમાંય ગણધર ભગવંતો તો આખાય જગતનેવંદનિક – પૂજનિક છે. આ વિમલાચલની ભૂમિમાં ઓછુંવત્તું ચારિત્ર પાળનારો હોય તો પણ તે મુનિ પૂજનીય–વંદનીય–નમનીય છે. – ૧૫ –

વિપ્રલોક જગતમાં ઘણા છે.પણ કોઈ કોઈ પુણ્યના યોગ વગરના હોય તે. જગતમાં દુઃખિયા દેખાય છે. સાધુ પણાના દ્રવ્યલિંગને – વેશને ધારણ કરનારા– ખેતરમાં નાંખેલા ધાન્ય જેવા છે. પણ સંયમ પાળનાર સાધુઓતો છીપ જેવા છે. (છીપમાં જેમ મોતી પાકે તેમ તેની ભક્તિ ફળ આપે.) આ રીતે સંયમીની મુખ્યતા વર્ણવી.(૧૬) જ્યારે શ્રાવકો તો દાન દેનારા મેઘ જેવા છે. એટલે તેઓ જેવા પાત્રમાં આપે તેવું ફલ મલે. દાનાદિના ફળમાં પુણ્ય મળે, વધે. આથી અહીં પુણ્યની રાશિ એકઠી થાય છે. માટે ગિરિરાજનું સાતમું નામ પુણ્યરાશિ પડ્યું.

સંયમધર મુનિવર ઘણા, તપ તપતાં એક ધ્યાન;

કર્મ વિયોગે પામિયા, કેવલ લક્ષ્મી નિધાન. – ૧૮ –

લાખ એકાણું શિવવર્યા, નારદશું અણગાર;

નામ નમો તે આઠમું, શ્રી પદ્મગિરિ નિરધાર; – ૧૯ – (ખ.– ૮)

આ ગિરિરાજને પામીને સંયમ ધારણ કરનારા ઘણા મુનિવરો ગિરિરાજ પર ગિરિરાજનું એકાગ્રતાપૂર્વક ધ્યાન લગાવીને સારીરીતે તપ તપે છે. અને તે ધ્યાન તથા તપના પ્રભાવે સર્વ કર્મોનો ક્ષય કરી.કેવલજ્ઞાનરૂપી લક્ષ્મીને મેળ વનાર બને છે. –૧૮ –વળી જેઓ જગતમાં લોકોને લડાવવા માટે ખૂબજ પ્રસિદ્ધિ પામ્યા છે. તેવા નારદો અંતે ગિરિની આરાધના કરતા ને બીજાઓને આરાધનામાં જોડતા નારદમુનિ એકાણું લાખ મુનિઓ સાથે આ ગિરિપર નિર્વાણપદને પામ્યા હતા. તેથી આ ગિરિનું આઠમું નામ શ્રીપદ્મગિરિ પડ્યું.

શ્રી સીમંધર સ્વામીએ, એ ગિરિ મહિમા વિલાસ;

ઈન્દ્રની આગે વર્ણવ્યો. તેણે એ ઈન્દ્ર પ્રકાસ. –૨૦ (ખ –૯)

મહાવિદેહમાં વર્તતા ૨૦ –તીર્થંકરોમાં નજીકમાં રહેલા એવા શ્રી સીમંધર સ્વામીએ આ ગિરિરાજનો અપાર મહિમા ઈન્દ્રની આગળ વર્ણવ્યો.અને તે જગતમાં પ્રસિદ્ધિ પામ્યો. તે કારણથી આ ગિરિરાજનું નવમું નામ ઈન્દ્રપ્રકાશ –થયું.

દશ કોટી આણુવ્રત ધરા, ભક્તે જમાડે સાર;

જૈન તીર્થ યાત્રા કરે, લાભ તણો નહિ પાર. –૨૧ –

તેહ થકી સિદ્ધાચલે, એક મુનિને દાન;

દેતાં લાભ ઘણો હુવે, મહાતીર્થ અભિધાન. -૨૨ - (ખ - ૧૦)

કોઇ આત્મા શ્રાવકનાં વ્રતોને ધારણ કરનારા એવા દશકરોડ શ્રાવકોને જમાડે તેનાં કરતાં જૈનધર્મ તીર્થોની યાત્રા કરે તો તેના લાભનો પાર નથી. અને તેના કરતાં શ્રી સિદ્ધાચલની ભૂમિમાં એક મુનિને દાન દેતાં ઘણો લાભ થાય છે. માટે આ તીર્થનું દશમું નામ મહાતીર્થ થયું

પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાળ અનંત;

શત્રુંજય મહાતમ સુણી, નમો શાશ્વત ગિરિસંત; - ૨૩ - (ખ .૧૧)

શ્રી શત્રુંજય માહાત્મ્ય નામના ગંથમાં કહ્યું છે કે આ ગિરિ પ્રાયે શાશ્વત છે. અને અનંતાકાલ સુધી રહેવાનો છે. માટે તેનું અગિયારમું નામ શાશ્વતગિરિ છે.

ગૌ -નારી - બાલક - મુનિ, ચઉ હત્યા કરનાર;

યાત્રા કરતાં કાર્તિકી, ન રહે પાપ લગાર; -૨૪ -

જે પરદારા લંપટી, ચોરીના કરનાર,

દેવદ્રવ્ય -ગુરુદ્રવ્યના, જે વળી ચોરણહાર; -૨૫ -

ચૈત્રી - કાર્તિકી - પૂનમે, કરે યાત્રા ઇણે ઠામ;

તપ તપતાં પાતિક ગળે, તેણે દેઢશક્તિ નામ. -૨૬-(ખ -૧૨)

આ ગિરિરાજના પ્રભાવે ગાય -સ્ત્રી - બાળક અને મુનિ આ ચારની હત્યા કરનારો પાપી પણ કાર્તિકી પૂનમની યાત્રા કરીને પોતાનાં પાપોનો નાશ કરે છે. (૨૪) દુનિયામાં કહેવાતાં મોટાં પાપો . પરસ્ત્રી ગમન કરવું,ચોરી કરવી દેવના દ્રવ્યની અને ગુરુના દ્રવ્યની ચોરી કરવી. આવાં પાપોને કરનાર આત્મા ચૈત્રી તથા કાર્તિકી પૂર્ણિમાની યાત્રા ભાવપૂર્વક તપવડે કરે તો તેનાં પાપો નાશ પામે છે. પાપને ગાળવાની આવી દેઢ શક્તિ ગિરિરાજની છે. માટે તેનું બારમું નામ દેઢ શક્તિ થયું. (૨૫ -૨૬)

ભવ -ભય પામી નીકલ્યા,થાવચ્ચાસુત જેહ

સહસ મુનિશું શિવ વર્યા, મુક્તિનિલયગિરિ તેહ -૨૭ -(ખ. ૧૩)

થાવચ્ચા રાણીના પુત્ર ભવના ભયથી ભય પામી.સસારમાંથી નીકલી દીક્ષા લઇ ગુરુ મહારાજના કહેવાથી હજાર મુનિઓ સાથે આ ગિરિરાજ પર આવીને અનશન કરીને ગિરિના પ્રભાવથી મોક્ષને પામ્યા. માટે આ ગિરિનું તેરમું નામ મુક્તિનિલયગિરિ થયું.

ચંદા -સૂરજ બિહુ જણાં, ઊભા ઇણે ગિરિશૃંગ

વર્ણન કરી વધાવીઓ, પુષ્પદંત ગિરિરંગ. -૨૮ - (ખ. ૧૪)

ચંદ્ર અને સૂર્ય સાક્ષાત્ આ ગિરિનાં દર્શને આવે છે. અને ત્યાં આકાશમાં રહી ઊભા ઊભા વર્ણન કરે છે. અને પુષ્પોવડે વધાવે છે. માટે આ ગિરિનું ચૌદમું નામ પુષ્પદંત થયું (પુષ્પદંત એ સૂર્ય ચંદ્રનું એક નામ છે.)

કર્મકઠિન ભવજલ તજી, ઇહાં પામ્યા શિવસદ્મ ,

પ્રાણી પદ્મનિરંજની, વંદો ગિરિ મહાપદ્મ -૨૯ - (ખ - ૧૫)

જે પ્રાણી આ તીર્થની ત્રિકરણ શુધ્ધે આરાધના કરે છે. તે પ્રાણી સંસારમાં કર્મરૂપી કાદવને તરીને પદ્મ - નિરંજની મોક્ષને પામે છે. માટે તમે આ ગિરિને મહાપદ્મગિરિ તરીકે ઓળખો.આ તેનું પંદરમું નામ છે.

શિવવહુ વિવાહ ઉત્સવે, મંડપ રચિયો સાર;

મુનિવર વર બેઠક ભણી, પૃથ્વીપીઠ મનોહાર; - ૩૦ - (ખ. ૧૬)

કવિની એક સુંદર કલ્પના છે કે આત્માને લાગેલાં કર્મોનો નાશ કરી મોક્ષરૂપી સ્ત્રીને પરણવી હોય તો મંડપ-બેઠક વગેરે બધુંજ જોઈએ. તો જ ત્યાં બેસીને મોક્ષે જનાર વરરાજા મોક્ષરૂપી સ્ત્રીને પરણે છે. આથી જ કહે છે કે શિવ-વહુના વિવાહના મહોત્સવમાં આ ગિરિરાજરૂપી મંડપમાં વરરાજારૂપી મુનિવર ધ્યાનમાં બેઠા છે ને મોક્ષે ગયા છે. તેથી આ ગિરિરાજનું સોલમું પૃથ્વીપીઠ એવું નામ થયું.

શ્રી સુભદ્રગિરિ નમો, ભદ્ર તે મંગલરૂપ;

જલ-તરુ - રજ ગિરિવર તણી, શીશ ચઢાવે ભૂપ. - ૩૧ (ખ. ૧૭)

આ ગિરિરાજ પવિત્ર છે અરે તેનું પાણી - તેનાં ઝાડ - તેની રજકણ વગેરે બધું જ પવિત્ર છે તેથી તે ભદ્ર અને મંગલ (કલ્યાણ) રૂપ છે તેથી જ તેની રજને રાજાઓ મસ્તક લગાવે છે. તેથી તેનું સત્તરમું નામ **શ્રી સુભદ્રગિરિ** પડ્યું.

વિદ્યાધર સુર અપ્સરા, નદી શેત્રુંજી વિલાસ;

કરતાં હરતાં પાપને, ભજીએ ભવિ કૈલાસ. – ૩૨ – (ખ – ૧૮)

આ ગિરિરાજને સ્પર્શ કરીને વહેતી શ્રી શત્રુંજય નદી પણ પ્રાણીઓનાં પાપને દૂર કરવાના પ્રભાવવાળી છે. તેથી તેમાં વિદ્યાધરો., દેવતાઓ અને અપ્સરાઓ અહીં આ નદીમાં આવીને પાપનો નાશ કરવા માટે વિલાસ કરે છે. આનંદ–પ્રમોદ કરે છે. તેમ કરતાં તેઓ પોતાનાં પાપને હરણ (દૂર) કરે છે. તેથી આ ગિરિનું અઢારમું નામ કૈલાસ ગિરિ પાડવામાં આવ્યું છે.

બીજા નિરવાણી પ્રભુ, ગઇ ચોવીશી મોઝાર;

તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ આણગાર – ૩૩ –

પ્રભુવચને અનશન કરી, મુક્તિપુરીમાં વાસ;

નામે કદંબગિરિ નમો, તો હોય લીલવિલાસ. – ૩૪ – (ખ–૧૯)

દરેક ચોવીશીમાં ચોવીશ તીર્થંકરો હોય છે. તેમ ભૂતકાળમાં ગઇ ચોવીશીમાં નિર્વાણી નામના બીજા તીર્થંકરના કદંબ નામે ગણધર હતા. તે ગણધરે પ્રભુને પોતાનું મુક્તિ સ્થાન પૂછ્યું. ત્યારે તેમને શ્રી શત્રુંજયનું સ્થાન બતાવ્યું, તેથી તેઓએ આ ટૂક –ટેકરી પર આવીને અનશન કરી સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ મેળવ્યો, તેથી તેનું ઓગણીશમું નામ કદંબગિરિ થયું.જો આ રીતે આરાધના કરવામાં આવે તો બાહ્ય અને અભ્યંતર એમ બન્ને રીતે લીલ–વિલાસ –આનંદ મંગલ થાય.

પાતાલે જસ મૂલ છે, ઉજ્જવલ ગિરિનું સાર;

ત્રિકરણયોગે વંદતાં, અલ્પ હોય સંસાર – ૩૫ – (ખ. – ૨૦)

આ ગિરિરાજનું – પર્વતનું – મૂળ પાતાલમાં ઘણું ઊંડું છે. આ ગિરિને ત્રિકરણયોગે – એટલે – મન – વચન – અને કાયાના સુંદર યોગોથી વંદન કરવામાં આવે તો પ્રાણીઓનો સંસાર અલ્પ થઇ જાય. અને તેનો આત્મા ઉજ્જવલ બને માટે આ ગિરિનું વીશમું નામ ઉજ્જવલગિરિ પડ્યું છે.

તન – મન –ધન – સુત – વલ્લભા, સ્વર્ગાદિક સુખ ભોગ;

જે વંછે તે સંપજે, શિવરમણી સંયોગ –૩૬ –

વિમલાચલ પરમેષ્ઠીનું – ધ્યાન ધરે ષાણ્માસ;

તેજ અપૂર્વ વિસ્તરે, પૂગે સઘળી આસ; –૩૭ –


ત્રીજેભવે સિદ્ધિલહે, એ પાણ પ્રાયિકવાચ;

ઉત્કૃષ્ટા પરિણામથી, અંતર મુહૂર્ત સાચ; –૩૮ –

સર્વકામદાયક નમો, નામ કરી ઓળખાણ;

શ્રી શુભવીરવિજય પ્રભુ, નમતાં ક્રોડકલ્યાણ, – ૩૯ – (ખ – ૨૧)

૨૧ – નામના છેલ્લા એકવીશમા ખમાસમણમાં વીરવિજયજી મ.ગિરિરાજના મહિમાનું વર્ણન કરતાં જણાવે છે કે હે ભવ્ય પ્રાણીઓ ! તમને શરીરના સુખની ઇચ્છા હોય, મનના સુખની ઇચ્છા હોય, ધનની ઇચ્છા હોય, પુત્રની ઇચ્છા હોય, પત્નીની ઇચ્છા હોય, સ્વર્ગના સુખની ઇચ્છા હોય કે પછી સાંસારિક ભોગોની ઇચ્છા હોય અથવા બીજી કોઇ પણ ઇચ્છા પ્રમાણે જોઇતું હોયતો આ ગિરિરાજના સેવનથી મળેછે. અરે ! આ ગિરિના પ્રતાપે મોક્ષ લક્ષ્મીનો સંયોગ પણ થઇ જાયછે. –૩૬ – પરમઇષ્ટ એવા વિમલાચલગિરિનું જો કોઇ આત્મા સતત – (સળંગ) છ મહિના સુધી ધ્યાન ધરે તો તે આત્મામાં અપૂર્વ તેજ વિસ્તરે છે.અને તે બધી આશાઓ પૂર્ણ થાયછે. –૩૭ – શાસ્ત્રમાં એવું વચન છે કે આ ગિરિરાજની આરાધના કરતાં પ્રાયે ત્રીજે ભવે મોક્ષ મલે છે. પણ ક્દાચ કોઇ આત્મા અપૂર્વ ઉલ્લાસથી ઉત્કૃષ્ટ પરિણામમાં આવી જાય તો બે ઘડીમાં પણ તેને મોક્ષ મલે . અને વચન સાચું પડે –૩૮ – આ ગિરિને સર્વકામદાયક એ એકવીશમા નામથી ઓળખાણ કરાવી. માટે તેને નમો. અને તે ગિરિને નમતાં આપણાં કરોડો કલ્યાણો થાય એમ વીરપ્રભુ જણાવે છે. (વીર વિજયજી) મહારાજ પણ એમ જણાવે છે. તેઓ પોતાના નામની આગળ શુભ શબ્દ લગાડે છે.



શ્રી શત્રુંજયગિરિનાં -૨૧ -નામના દુહાઓ

તારક સિદ્ધગિરિ સ્મરું, અનંત મોક્ષદાતાર;

પામી માનવજન્મને, નમું અનંતીવાર

(ઉપરની આ ગાથા એકવીશે દુહામાં બોલી ખમાસમણ દેવાં.)

અંતરંગશત્રુવિજય, કરે જ્યાં જીવઅનંત,

શત્રુંજય નામ તિણે, મહાતીર્થનિ ખંત -૧ -

ચૈત્રીપૂનમે પાંચક્રોડ - મુનિસહ લહે શિવવાસ,

પુંડરીક ગણધર તિણે નમો, **પુંડરીક** નામે ખાસ -૨-

વીશક્રોડી સહ પાંડવો, તથા અનંત મુનિરાય,

સિદ્ધ થયા તિણે **સિદ્ધક્ષેત્ર**, ભાવે નમો શિવ થાય, -૩-

ચંદ્રશેખર ભૂપાદિ બહુ, વિમલ થયા ઈણે ઠામ,

વિમલાચલ નામે નમો, તીર્થ મળે એ શિવધામ; -૪-

ચૌદક્ષેત્રે એવું તીર્થ નહિ, જ્યાં અનેક સુરવાસ.

સુરગિરિ નામ થયું તિણે, પ્રણમો થાય દેવદાસ. -૫-

યોજન એંસી વિસ્તારમાં, ઊંચો છવ્વીશ જાણ;

સર્વ તીર્થવર્ય તિણે નમો, **મહાગિરિ** લ્યો નિર્માણ -૬-

અન્ય તીર્થથી અતિ ઘણું, ધર્મકાર્ય પુણ્ય જ્યાંય

તિણે **પુણ્યરાશિ** નામ જસ, પ્રણમો પાતક જાય; –૭–

નારદાદિ મુનિવર અનંત, તપ – સંયમે રમી પાય;

કેવલ શ્રી શિવશ્રી તિણે, નમો **શ્રીપદ** ગિરિરાય, –૮–

શ્રી સીમંધર જિન કહે, ઈન્દ્રને મહિમા જાસ,

ઈન્દ્રપ્રકાશ તિણે થયો., નમતાં કર્મનો નાશ ; –૯–

ક્રોડોની ભક્તિથી વર્ય, લાભ જ્યાં એક મુનિદાન;

શાશ્વતતીર્થ નામે નમો, શીઘ્ર આપે શિવસ્થાન; –૧૦–

પ્રાય : શાશ્વતતીર્થ એ, અનંતકાળ રહેનાર;

શાશ્વતતીર્થ નામે નમો , શાશ્વતસુખ દેનાર; –૧૧–

ચાર હત્યા કર ચોરી કર, પરસ્ત્રી – દેવદ્રવ્ય હાર;

ચૈત્રીકાર્તિક પૂનમે નમો, **દંઢશક્તિ** કરે પાર; –૧૨–

થાવચ્ચાપુત્રાદિ બહુ, સપરિવાર લે મુક્તિ,

મુક્તિ–નિલય નામે નમો, મુક્તિ દે જિન ઉક્તિ, –૧૩–

ઈન્દ્ર સુર આવી જિહાં, વર્ણવી વધાવી જેહ;

(૧) **સદંત** નામે નમો, તીર્થ એ લાવી સ્નેહ; –૧૪–

પ્રભાવે વિકસિત, લે ભવિપદ્મ શિવસદ્મ;

પદ્મશિવપદ તીરથ નમો, જે નામે **મહાપદ્મ,** –૧૫–

મુક્તિસ્ત્રી વરવા મહા–મંડપે મહાપીઠ જેહ;

પૃથ્વીપીઠ નામે નમો, શીઘ્ર મુક્તિપદ તેહ; –૧૬–

અનંતભદ્ર પામે જિહાં, અનંતજીવ તપકાર;

સુભદ્રગિરિ નામે નમો, મોક્ષ સુભદ્ર દેનાર; –૧૭–

તીર્થ આરાધક જીવને, આપે મુક્તિવિલાસ;

નદી શેત્રુંજી સ્પર્શીને, સેવો ભાવે **કૈલાસ**; –૧૮–

ગઇ ચોવીશી નિર્વાણી જિન, તાસ કદંબ ગણધાર;

મોક્ષે ગયા તસ નામથી, **કદંબ** નમો ગિરિસાર; –૧૯–

જ્યાં કર્મમળ દૂરે કરી, ઉજજવલ થયા અનંત;

તે **ઉજજવલગિરિને** નમો, ઉજજવલ કરે સવિસંત; –૨૦–

સર્વઇચ્છા પૂરે સદા, નર–સુર– સમૃદ્ધિકાર;

તિણે **સર્વકામદાયક** નમો, અંતે મોક્ષદાતાર; –૨૧–

– કળશ –

શ્રી સિદ્ધિગિરિ એકવીશ નામે, નમી મુંબઇપુરી સંસ્તવ્યો;

નમો તીર્થ ભવ્ય અનંતતારક, વાસુપૂજ્ય પદ શિર ધર્યો;

બે હજાર સાડત્રીશ કાર્તિકસુદિ, અગિયારસે મુલુંડ રહી;

કહે અચલગચ્છાધિપતિ આર્ય કલ્યાણ, ગૌતમ નીતિગુણસૂરિસહી.

(૧) ૧૪ નંબરના દુહામાં સદંતનો અર્થ શું કરવો તે વિચારવું.

શ્રી શત્રુંજય ગિરિરાજનાં-૧૦૮-ખમાસમણના-૧૦૮-દુહાઓ અર્થ સાથે.

આદીશ્વર-અજર-અમર, અવ્યાબાધ અહનીશ;

પરમાતમ-પરમેસરૂ, પ્રણમું પરમ મુનીશ. -ખ-૧-

જ્યાં ઘડપણ નથી-જ્યાં મરણ પણ નથી, જ્યાં હંમેશાં ઓછું ન થાય એવું સુખ છે. જ્યાં શ્રેષ્ઠ આત્મિકતા અને પરમ ઐશ્વર્ય છે. આવું જે પ્રભુની આરાધનાથી મળે છે.તેવા મુનિના ઈશ શ્રી આદીશ્વર ભગવાનને નમસ્કાર કરું છું.

જય જય જગતપતિ જ્ઞાન ભાણ, ભાસિત લોકાલોક;

શુદ્ધ સ્વરૂપ સમાધિમય, નમિત સુરાસુર થોક. -ખ-૨-

જ્ઞાનમાં સૂર્ય જેવા, લોક અને પરલોકને દેખાડનાર, શુદ્ધ સ્વરૂપવાલા, આત્મસમાધિમય, વળી જેઓને દેવ અને દાનવોનો સમૂહ નમ્યો છે જેને એવા જગતના પિતા (આદીશ્વર) તમે જય પામો.

શ્રી સિદ્ધાચલ મંડણો, નાભિ નરેસર નંદ;

મિથ્યામતિ મત ભંજણો, ભવિ કુમુદાકર ચંદ. -ખ-૩-

નાભિરાજાના નંદન - મિથ્યાત્વીના મતનું ખંડન કરનાર - ભવ્યજીવરૂપી કુમુદના સમૂહને વિકસાવવામાં ચંદ્ર જેવા, શ્રી સિદ્ધાચલની શોભારૂપ- શ્રી ઋષભદેવ ભગવાનને નમસ્કાર થાઓ.

પૂર્વ નવ્વાણું જશ સિરે, સમવસર્યા જગનાથ;

તે સિદ્ધાચલ પ્રણમિયે, ભક્તે જોડી હાથ. -ખ-૪-

જે શ્રી સિદ્ધાચલ ગિરિરાજના શિખર ઉપર શ્રી આદીશ્વર ભગવાન પૂર્વ નવ્વાણુંવાર સમવસર્યા છે. તે સિદ્ધાચલ ગિરિરાજને ભક્તિથી હાથ જોડીને નમસ્કાર કરીએ.

અનંતજીવ ઇણ ગિરિવરે, પામ્યા ભવનો પાર;

તે સિદ્ધાચલ પ્રણમિયે, લહીએ મંગળમાળ -ખ-૫-

જે ગિરિરાજના પ્રભાવ વડે તેની ઉપર અનંતા જીવો ભવનો પાર-સંસારનો પાર પામ્યા છે. તેથી તે શ્રી સિદ્ધાચલને ભાવથી પ્રણામ કરીએ તો મંગલ માલને પામીએ.

જશ શિર મુકુટ મનોહરું, મરુદેવીનો નંદ;

તે સિદ્ધાચલ પ્રણમિયે, ઋદ્ધિ સદાસુખવૃંદ. -ખ-૬-

જે ગિરિરાજના શિખર ઉપર મુગટ સમાન - મરુદેવી માતાના નંદ શ્રી ઋષભદેવ શોભી રહ્યા છે. તે સિદ્ધાચલને પ્રણામ કરીએ.. કે જે ગિરિરાજના પવિત્ર પ્રભાવે હંમેશાં રિદ્ધિ અને સુખનો સમુદાય મલે છે.

મહિમા જેહનો દાખવા, સુર - ગુરુ પણ મતિમંદ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પ્રગટે સહજાનંદ. -ખ-૭-

જે દેવતાઓના પણ ગુરુ કહેવાય છે. તે સુરગુરુ - બૃહસ્પતિ પણ જેનો (જે ગિરિનો) મહિમા કહેવાને માટે મંદબુદ્ધિવાલો થાય છે. તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ કે જેના પ્રતાપે આત્મામાં સ્વાભાવિક આનંદ પ્રગટે.

સત્તા ધર્મ સમારવા, કારણ જેહ પડૂર;

તે તીર્થેશ્વર પ્રણમિયે, નાસે અઘ-સવિદૂર. -ખ-૮-

જે ગિરિરાજ આત્મામાં રહેલા સાહજિક ધર્મો મૂલ ગુણો જ્ઞાન - દર્શન - ચારિત્ર વગેરેને પ્રગટ કરવામાં મોટું કારણ છે. તે તીર્થરાજ શ્રી સિદ્ધગિરિરાજને પ્રણામ કરીએ જેથી સઘળાં પાપ દૂર થાય છે.

કર્મકાટ સવિ ટાળવા, જેહનું ધ્યાન હુતાશ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પામી જે સુખવાસ. -ખ.-૯-

આત્માની અંદર અનાદિકાળથી લાગી ગયેલા કર્મના કાટને કાઢવા માટે જે ગિરિરાજનું ધ્યાન અગ્નિ સમાન છે. તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ. અને જેનાથી બાહ્ય અને અભ્યંતર આ બન્ને પ્રકારનાં સુખો મલે.

પરમાનંદ દશા લહે, જસ ધ્યાને મુનિરાય;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પાતિક દૂર પલાય. -ખ.-૧૦-

જે ગિરિરાજના ધ્યાનમાં લીન થનાર મુનિરાજ શ્રેષ્ઠ એવી આનંદમય દશાને પામે છે. ને તેમનાં પાપો દૂર થાય છે. તે તીર્થરાજને પ્રણામ કરો.

શ્રદ્ધા ભાસન રમણતા, રત્નત્રયીનો હેતુ ।

તે તીર્થેશ્વર પ્રણમિયે, ભવ મકરાકર સેતુ. -ખ.-૧૧-

હૃદયમાં જે ગિરિરાજ માટેની શ્રદ્ધા, ગિરિરાજ માટેનું બોલાતું વચન અને અંતરમાં થતું ગિરિરાજ સ્મરણ આ જ્ઞાન – દર્શન – ચારિત્રના હેતુરૂપ છે. એટલું જ નહિ પણ તે સંસાર –ભવરૂપી સમુદ્રને પાર પમાડવા માટે પુલ સમાન છે. તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

મહાપાપી પણ નિસ્તર્યા, જેહનું ધ્યાન સુહાય ,

તે તીર્થેશ્વર પ્રણમિયે, સુર–નર – જશ ગુણગાય. -ખ.-૧૨-

મહા ભયંકર (મોટા) પાપને કરનારા પાપીઓ પણ જે તીર્થના ધ્યાનથી પાપ રહિત થાય છે. દેવતાઓ અને મનુષ્યો જેના ગુણો ગાય છે તે તીર્થેશ્વર ગિરિરાજને હે ભવ્ય પ્રાણીઓ ! તમે પ્રણામ કરો.

પુંડરીક ગણધર પ્રમુખ – સીધ્યા સાધુ અનેક;

તે તીર્થેશ્વર પ્રણમિયે, આણી હૃદય વિવેક. -ખ.-૧૩-

શ્રી આદીશ્વર ભગવાનના ગણધર શ્રી પુંડરીક સ્વામી વગેરે અનેક સાધુઓ આ તીર્થના પ્રભાવે સિદ્ધિપદને પામ્યા છે. તેથી હે ભવ્યો ! તમે પણ હૃદયમાં વિવેક લાવીને તે તીર્થરાજને પ્રણામ કરો.

ચંદ્રશેખર સ્વસાપતિ, જેહને સંગે સિદ્ધ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પામી જે નિજ ઋદ્ધ. -ખ.-૧૪-

કોઇક પૂર્વભવના પાપ કર્મના ઉદય વડે પોતાની બહેનની સાથે સંભોગ કરનાર ચંદ્રશેખર રાજા આ ગિરિના સંગવડે પાપોને દૂર કરીને મોક્ષમાં ગયો. એવા ગિરિરાજને આપણે પ્રણામ કરીએ કે જેનાથી આપણને આપણી આત્મઋદ્ધિ મલે.

જલચર-ખેચર-તિરિય-સવે, પામ્યા આતમ ભાવ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, ભવજલ તારણ નાવ. -ખ.-૧૫-

જલમાં રહેનારા જીવો – આકાશમાં ઊડનારા જીવો. અને ભૂમિ પર ચાલનારા તિર્યંચ જીવો (પશુઓ) આ તીર્થને સેવતાં પોતાના આત્મભાવને મેળવે છે. કારણ કે આ તીર્થ સંસારસમુદ્રને તરવા માટે નૌકા સમાન છે. માટે તે તીર્થેશ્વર ને પ્રણામ કરો.

સંઘયાત્રા જેણે કરી, કીધા જેણે ઉદ્ધાર ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, છેદીજે ગતિચાર . -ખ.-૧૬-

જેણે આ તીર્થની સંઘ સાથે યાત્રા કરી છે. અને જેણે આ તીર્થ ઉપર જીર્ણ મંદિરોનો ઉદ્ધાર કર્યો છે. તેણે પોતાને માટે ચાર ગતિનો છેદ કર્યો છે. એટલે ચારગતિમાં ભ્રમણ કરવા રૂપ સંસારનો નાશ કર્યો છે. તે તીર્થેશ્વરને પ્રણામ કરો.

પુષ્ટિ – શુદ્ધ સંવેગ રસ, જેહને ધ્યાને થાય;

તે તીર્થેશ્વર પ્રણમિયે, મિથ્યામતિ સવિ જાય. -ખ.-૧૭-

જે ગિરિરાજના ધ્યાનથી આત્મામાં રહેલો એવો વૈરાગ્યનો રંગ (પ્રગટ) પુષ્ટ થાય.અને જેના ધ્યાનથી આત્માની મિથ્યામતિ – અવળી બુદ્ધિ ચાલી જાય. તે તીર્થેશ્વરને ભાવથી નમસ્કાર કરીએ.

સુરતરુ – સુરમણિ – સુરગવી, સુરઘટ-સમજસ ધ્યાન;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પ્રગટે શુદ્ધ સ્વભાવ. -ખ.-૧૮-

જે ગિરિરાજનું ધ્યાન – કલ્પવૃક્ષ – ચિંતામણિરત્ન – કામધેનુ ગાય અને કામકુંભથી પણ અધિક વસ્તુઓ મેળ વી આપે છે. અને જેના ધ્યાનથી આત્માનો શુદ્ધ સ્વભાવ પ્રગટે છે તે તીર્થેશ્વરને પ્રણામ કરો.

સુરલોકે – સુરસુંદરી, મળી મળી થોકે થોક;

તે તીર્થેશ્વર પ્રણમિયે, ગાવે જેહના શ્લોક -ખ.-૧૯-

દેવલોકમાં ઘણી દેવાંગનાઓના ઘણા સમૂહો ભેગા થઈને જે ગિરિરાજના ગુણગાનના શ્લોકો ગાય છે તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરો.

યોગીસર – જસ દર્શને, ધ્યાને સમાધિ લીન;

તે તીર્થેશ્વર પ્રણમિયે, હુઆ અનુભવ રસલીન. –ખ.–૨૦–

પરમ–પવિત્ર ગિરિરાજનાં દર્શન થવા માત્રથી યોગીઓ સમાધિમાં લીન થઇ જાય છે અને આત્માના અનુભવ રસમાં મસ્ત થઇ જાય છે. તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરો.

માનુ ગગને સૂર્ય – શશી – દીયે પ્રદક્ષિણા નિત;

તે તીર્થેશ્વર પ્રણમિયે, મહિમા દેખણ ચિત્ત. –ખ.–૨૧–

કવિ કલ્પના કરે છે કે આ સૂર્ય ચંદ્ર જે આકાશમાં હંમેશાં ભ્રમણ કરે છે. તે પ્રકાશ આપવા માટે નથી ફરતા પણ આ ગિરિરાજના મહિમાને જોવા માટે ફરે છે. તેવા તીર્થેશ્વરને હે ભાગ્યશાળીઓ ! તમે પ્રણામ કરો.

સુર–અસુર નર–કિન્નરા, રહે છે જેહની પાસ;

તે તીર્થેશ્વર પ્રણમિયે – પામે લીલવિલાસ. –ખ.–૨૨–

દેવતાઓ – દાનવો – મનુષ્યો અને કિન્નરો કાયમ માટે આ તીર્થની સાન્નિધ્યમાં રહે છે. કારણ કે તેઓ એમ માને છે કે આ ગિરિરાજની નિશ્રામાં રહેવાથી આપણને લીલવિલાસ મળશે. તે તીર્થેશ્વરને પ્રણામ કરો.

મંગલકારી જેહની, મૃત્તિકા હારી ભેટ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, કુમતિ કદાગ્રહ મેટ; –ખ.–૨૩–

જે તીર્થની મૃત્તિકા – માટી પરમપવિત્ર અને મંગલને કરનારી છે આથી દેવને પણ તે ભેટ ધરાય છે. કારણ કે જેના પ્રભાવથી ખરાબ બુદ્ધિ અને કદાગ્રહનો નાશ થાય છે. તે તીર્થરાજને હે ભાગ્યશાળી ! નમસ્કાર કરો.

કુમતિ કૌશિક જેહને – દેખી ઝાંખા થાય;

તે તીર્થેશ્વર પ્રણમિયે, સવિ તસ મહિમા ગાય. –ખ.–૨૪–

જે તીર્થને દેખીને ખોટી બુદ્ધિવાલા જેઓ ઘુવડના જેવા છે. તેઓ પણ ઝાંખા પડી જાય છે. અને પછી તે તીર્થના મહિમાને ગાય છે. આવા તીર્થરાજને હે પુણ્યવાનો ! તમે નમસ્કાર કરો.

સૂરજકુંડના નીરથી, આધિ – વ્યાધિ પલાય;

તે તીર્થેશ્વર પ્રણમિયે, જસ મહિમા ન કહાય; –ખ.–૨૫–

આ ગિરિરાજ પર આવેલા સૂરજકુંડના પાણીથી આધિ ને વ્યાધિ નાશ પામેછે. આવો જેનો અવર્ણનીય પ્રભાવ છે. તેવા તીર્થરાજને હે ભવ્યો ! તમે અંતરના ભાવથી પ્રણામ કરો.

સુંદર ટૂક સોહામણી, મેરુ સમ પ્રાસાદ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, દૂર ટલે વિખવાદ –ખ.–૨૬–

આ ગિરિરાજ પર મનોહર ટૂકો શોભે છે. અને ઊંચા ઊંચા શિખરોવાળાં મેરુનાં જેવાં મંદિરો શોભે છે. વલી આ ગિરિરાજના ધ્યાનથી ક્લેશ કંકાસ પણ દૂર થઇ જાય છે. તે તીર્થેશ્વરને હે ભવ્યો ! તમે નમન કરો.

દ્રવ્ય ભાવ વૈરી ઘણા, જિહાં આવ્યે હોય શાંત;

તે તીર્થેશ્વર પ્રણમિયે, જાયે ભવની ભ્રાંત. –ખ.–૨૭–

મનુષ્યોના બાહ્ય કે અભ્યંતર વૈરીઓ –શત્રુઓ હોય તેઓ પણ અહી આવવાથી આ તીર્થમાં શાંત થાય છે. અને ભવ ભ્રમણની અશાંતિ ટળે છે. માટે હે ભવ્યો ! તમે તીર્થેશ્વરને પ્રણામ કરો.

જગ હિતકારી જિનવરા, આવ્યા એણે ઠામ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, જસ મહિમા ઉદ્દામ. –ખ.–૨૮–

જગતના જીવોનું હિત કરનારા જિનેશ્વરો આ તીર્થભૂમિની પવિત્રતાથી તેના ઉપર પધાર્યા હતા. વળી જેનો શ્રેષ્ઠ મહિમા છે. તે તીર્થેશ્વરને ભાવે પ્રણામ કરો.

નદી શેત્રુંજી સ્નાનથી, મિથ્યામળ ધોવાય;

તે તીર્થેશ્વર પ્રણમિયે, સવિજનને સુખદાય. –ખ.–૨૯–

જે શ્રી શત્રુંજયને અડકીને વહેતી એવી શેત્રુંજી નદીનું પાણી એવું પવિત્ર છે કે જેના જલથી સ્નાન કરતાં ભવ્યોના મિથ્યાત્વરૂપી મેલ ધોવાઇ જાય છે અને જેનું પાણી બધા જીવોને સુખ આપનારું છે. તે તીર્થેશ્વરને હે ભવ્યો ! તમે ભાવથી પ્રણામ કરો.

આઠ કર્મ જે ગિરિવરે, (સિદ્ધગિરે), ન દિયે તીવ્ર વિપાક;

તે તીર્થેશ્વર પ્રણમિયે, જિહાં નવિ આવે કાક. -ખ.-૩૦-

જ્ઞાનાવરણીય કર્મ- દર્શનાવરણીયકર્મ -વેદનીય કર્મ - મોહનીય કર્મ - આયુષ્યકર્મ - નામકર્મ - ગોત્રકર્મ અને અંતરાયકર્મ આ આઠ કર્મો જે ગિરિરાજ ઉપર તીવ્ર વિપાકના ફળને દેતાં નથી તેવો આ ગિરિરાજનો પ્રભાવ છે. વળી આ ગિરિપર કાગડાઓ આવતા નથી તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરો..

સિદ્ધ શિલા તપનીયમય, રત્ન સ્ફટિકની ખાણ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પામ્યા કેવલનાણ. -ખ.-૩૧-

જે ગિરિરાજ પર સુવર્ણમય સિદ્ધશિલા છે, જ્યાં સ્ફટિક રત્નની ખાણ છે. જ્યાં ઘણા આત્માઓ કેવલજ્ઞાન પામ્યા છે. તે તીર્થરાજને પ્રણામ કરીએ.

સોવન રૂપા રત્નની, ઔષધિ જાંત અનેક;

તે તીર્થેશ્વર પ્રણમિયે, ન રહે પાતક એક. -ખ.-૩૨-

આ ગિરિરાજની ભૂમિમાં સુવર્ણ સિદ્ધિ, રૂપાની સિદ્ધિ અને રત્નની સિદ્ધિને કરનારી તથા બીજી પણ અનેક ઔષધિઓ છે. વળી આ ગિરિરાજની આરાધના કરવાથી એક પણ પાપ રહેતું નથી. તે તીર્થેશ્વરને પ્રણામ કરો.

સંયમધારી સંયમે, પાવન હોય જિણક્ષેત્ર;

તે તીર્થેશ્વર પ્રણમિયે, દેવા નિર્મળ નેત્ર, -ખ.-૩૩-

સંયમનું પાલન કરનાર સંયમી આત્મા આ ક્ષેત્રમાં પવિત્ર થાય છે ! પાપથી રહિત થાય છે. વળી આ તીર્થ નિર્મલ એવા નેત્રને (કેવલજ્ઞાન રૂપ નેત્રને) દેનાર છે. તેથી આ તીર્થાધિરાજને હે ભવ્યો ! તમે ભાવથી નમન કરો.

શ્રાવક જિહાં શુભદ્રવ્યથી, ઓચ્છવ પૂજા - સ્નાત્ર;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પોષે પાત્ર - સુપાત્ર. -ખ.-૩૪-

શ્રદ્ધાલુ ભક્તિવંત શ્રાવકો આ ગિરિરાજ પર ન્યાય સંપન્ન એવા દ્રવ્યવડે ઓચ્છવ - **સ્નાત્ર - પૂજા વગેરે કાર્યો** કરે છે. અને વળી તેઓ સુપાત્ર તથા પાત્રને પોતાના દ્રવ્યથી પોષે છે. તેથી તેના આત્માને લાભ થાય ને **લક્ષ્મી સફલ** થાય. તે તીર્થેશ્વરને હે ભવ્યજીવો ! તમે ભાવથી પ્રણામ કરો.

સ્વામિવાત્સલ્ય પુણ્ય જિહાં, અનંતગુણ કહેવાય;

તે તીર્થેશ્વર પ્રણમિયે, સોવનફૂલ વધાય; –ખ.–૩૫–

જે ગિરિરાજની તીર્થ ભૂમિમાં સાધર્મિક ભક્તિ કરવાથી અનંત ગણું પુણ્ય મેળવાય છે. તેવા આ ગિરિરાજને હૈયાના આનંદથી સોનાનાં ફૂલોથી વધાવવો જોઈએ તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરો.

સુંદર યાત્રા જેહની, દેખી હરખે ચિત્ત;

તે તીર્થેશ્વર પ્રણમિયે, ત્રિભુવન માંહિ વિદિત્ત. –ખ.–૩૬–

ત્રણેય ભુવનમાં જે તીર્થ અત્યંત પ્રસિદ્ધ છે. તેથી તેની યાત્રા અતિ સુંદર છે. તે તીર્થને જોઈને આત્માને અત્યંત હર્ષ ઉત્પન્ન થાય છે. તે તીર્થેશ્વરને હે ભાગ્ય શાળીઓ ! તમે ભાવથી પ્રણામ કરો.

પાલિતાણા પુર ભલું, સરોવર સુંદર પાળ,

તે તીર્થેશ્વર પ્રણમિયે; જાયે સકલ જંજાળ. –ખ.–૩૭–

આ ગિરિરાજની નજીકમાં પૂર્વ તરફ સુંદર બાંધેલું સરોવર હતું. (જે વર્તમાન કાલે નષ્ટ થયું છે.) તે સરોવરની પાળ નજીક વસેલું પાલિતાણા નગર છે. આવા ગિરિરાજના સેવનથી બધી સાંસારિક જંજાલો નષ્ટ થાય છે. તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ.

મન મોહન પાગે ચઢે, પગ પગ કર્મ ખપાય;

તે તીર્થેશ્વર પ્રણમિયે, ગુણ–ગુણી ભાવ લખાય; –ખ.–૩૮–

પર્વત ઉપર ચઢવાના રસ્તાને પાગ–પાયગા કહેવાય છે. રોહિશાળા પાગ, ઘેટી પાગ– ઘનઘોળ પાગ ને મનમોહન પાગ. આ પાગો છે. આ ગિરિરાજ પર મનમોહન પાગથી ઉપર ચઢનાર આત્મા પોતાનાં કર્મોને પરિણામની ધારાવડે ખપાવે છે. આથી ગુણ અને ગુણીનું એકપાણું થાય છે. તે તીર્થેશ્વરને ભાવે પ્રણામ કરીએ.

(ગામનું નામ પાલિતાણા, તીર્થનું નામ શત્રુંજય ગિરિ, રસ્તાનું નામ તલાટી રોડ, ચૈત્યવંદન કરીએ છીએ તે જયતલાટી, અને પગથિયાં ચઢીએ છીએ તે મનમોહન પાગ છે.)

જોગે ગિરિ રૂખ સોહામણાં, કુડે નિર્મળ – નીર;

તે તીર્થેશ્વર પ્રણમિયે, ઉતારે ભવ તીર; –ખ.–૩૯–

જે ગિરિરાજ ઉપર સુંદર – મનોહર વૃક્ષો આવેલાં છે. તેમજ જગો જગો પર કુંડમાં નિર્મળ પાણી ભરેલાં છે. તે ગિરિરાજ તીર્થને ભાવથી પ્રણામ કરો. જે ભવપાર ઉતારે છે. ભવસિંધુને તારે છે.

મુક્તિમંદિર સોપાન સમ, સુંદર ગિરિવર પાજ (પાગ)

તે તીર્થેશ્વર પ્રણમિયે, લહિયે શિવપુર રાજ. –ખ.–૪૦–

(કવિ પગથિયાં માટે કેવી સુંદર કલ્પના કરે છે.) મોક્ષ રૂપી મહેલમાં ચઢવા માટેનો આ પગથિયાંનો સુંદર રસ્તો (પાગ) છે. જેના ઉપર ચઢતાં મોક્ષરૂપી રાજ્ય મલે છે. તે તીર્થેશ્વરને ભાવે પ્રણામ કરો.

કર્મ કોટિ અઘ વિકટ ભટ, દેખી ધ્રૂજે અંગ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, દિન દિન ચઢતે રંગ –ખ. –૪૧–

જે આ ગિરિને જોઈને કરોડો કર્મરૂપી ભયંકર પાપનાં સેવકોનાં અંગો ધ્રૂજી ઉઠે છે. (તેનાં પાપો નાશ પામે છે.) આથી પછી તે જીવ દિવસે દિવસે ભાવમાં વૃદ્ધિ પામતો જાય છે. તે તીર્થેશ્વરને ભાવે પ્રણામ કરીએ.

ગૌરી ગિરિવર ઉપરે, ગાવે જિનવર ગીત;

તે તીર્થેશ્વર પ્રણમિયે, સુખે શાસન રીત; – ખ – ૪૨ –

સુંદર સ્ત્રીઓ આ ગિરિવરની ઉપર શ્રી જિનેશ્વર ભગવંતનાં સુંદર ગીતો ગાય છે. જૈન શાસનની આ સુંદર રીત (પ્રણાલિકા) છે. આવા આ ગિરિરાજને ભાવથી નમન કરીએ.

કવડ જક્ષ–રખવાલ–જસ, અહોનિશ રહે હજૂર;

તે તીર્થેશ્વર પ્રણમિયે, અસુરા રાખે દૂર; – ખ – ૪૩ –

કવડયક્ષ આ ગિરિરાજની હંમેશાં રક્ષા કરે છે. ને વળી તે હાજરાહજૂર રહે છે. અને યાત્રિકો – આરાધકોની આપદાઓને તીર્થના પ્રભાવે દૂર કરે છે. તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરો.

ચિન્ત ચાતુરી – ચક્કેસરી, વિઘ્ન વિનાસણ હાર;

તે તીર્થેશ્વર પ્રણમિયે, સંઘતણી કરે સાર; – ખ – ૪૪ –

ચિન્તથી ચતુર એવા ચક્કેસરી દેવી. ગિરિરાજની સેવા કરનારાઓનાં વિઘ્નોનો નાશ કરે છે. અને જે સંઘની સાર

કરે છે. (ખબર અંતર રાખે છે.) આવા તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ.

સુરવરમાં મઘવા યથા, ગ્રહ ગણમાં જિમ ચંદ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, તિમ સવિ તીરથ ઈંદ; – ખ – ૪૫ –

દેવતાઓમાં જેમ ઇન્દ્ર શ્રેષ્ઠ છે. ગ્રહોમાં જેમ ચંદ્રમાં શ્રેષ્ઠ છે. તેમ જુદાં જુદાં તીર્થોમાં આ તીર્થ (સર્વ શ્રેષ્ઠ) ઇન્દ્ર જેવું છે. તેથી આ તીર્થને નમસ્કાર કરો.

દીઠે દુર્ગતિ વારણો, સમર્યો સારે કાજ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, સવિ તીરથ શિરતાજ; – ખ – ૪૬ –

આ ગિરિરાજ દર્શન કરતાં દુર્ગતિનું નિવારણ કરે છે. સ્મરણ કરવામાં આવે તો ઇચ્છિત કાર્યોને પરિપૂર્ણ કરે છે. વળી આ તીર્થ સર્વતીર્થોનો શિરતાજ – મુગટ સમાન છે તેથી તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

પુંડરીક પંચ કોડીશું, પામ્યા કેવલ જ્ઞાન;

તે તીર્થેશ્વર પ્રણમિયે, કર્મતણી હોય હાણ. – ખ – ૪૭ –

શ્રી આદિનાથ પ્રભુના પ્રથમ ગણધર શ્રી પુંડરીક સ્વામી પાંચ કોટી સાધુ સાથે આ ગિરિમાં કેવલજ્ઞાન પામીને મોક્ષે ગયા. આ ગિરિરાજ કર્મની હાણ – નાશ કરનારો છે. તેથી આ તીર્થેશ્વરને નમન કરીએ.

મુનિવર કોડી દસ સહિત, દ્રાવિડ ને વારિખિલ્લ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, ચઢિયા શિવનિશ્રેણ; – ખ – ૪૮ –

દ્રાવિડ અને વારિખિલ્લ રાજ્ય માટે લડ્યા. પણ (તાપસના ઉપદેશથી ઠંડા પડીને તાપસ થયા. પછી યાત્રાએ જતા મુનિના મુખથી) ગિરિરાજના મહિમાને સાંભળી દશ ક્રોડ મુનિઓ સાથે આ ગિરિરાજ આવ્યા. અનશન કરી. ધ્યાનમાં લીન થઇ મોક્ષે ગયા.આવા તીર્થેશ્વરને પ્રણામ કરો.

નમિ વિનમિ વિદ્યાધરા, દોય કોડી મુનિ સાથ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પામ્યા શિવપુર આથ; – ખ – ૪૯ –

નમિ અને વિનમિ નામના બે વિદ્યાધરો આ ગિરિરાજ પર આવીને બે કોડી સાથે શિવપુર સ્થાન પામ્યા આવા

પ્રભાવક તીર્થરાજને પ્રણામ કરો.

ઋષભવંશીય નરપતિ ઘણા, ઈણ ગિરિ પહોંતા મોક્ષ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, ટાલ્યા ઘાતિક દોષ; – ખ –૫૦ –

શ્રી ઋષભદેવ પ્રભુના વંશના ઘણા રાજાઓ આ ગિરિપર આરાધના કરીને ઘાતી કર્મનો દોષ દૂર કરીને મોક્ષે ગયા છે. તે તીર્થેશ્વરને ભાવથી નમન કરો.

રામ–ભરત બિહુ બાંધવા, ત્રણ કોડિ મુનિ યુત;

તે તીર્થેશ્વર પ્રણમિયે, ઈણગિરિ શિવસંપત્ત; – ખ – ૫૧ –

રામ અને ભરત બન્ને ભાઈઓએ ત્રણ કોડીના પરિવાર સાથે સંયમ અંગીકાર કરી પાપના નાશ માટે આ ગિરિપર અનશન કરી, સર્વ કર્મનો ક્ષય કરી શિવસંપત્તિ (મોક્ષ) પામ્યા. તે તીર્થેશ્વરને તમે પ્રેમથી નમસ્કાર કરો.

નારદ મુનિવર નિર્મળો, સાધુ એકાણું લાખ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પ્રવચન પ્રગટ એ ભાખ. – ખ – ૫૨ –

નારદ મુનિનો સ્વભાવ ઝઘડો કરાવવાનો હોય છે. પણ બ્રહ્મચર્યમાં દૃઢ હોય છે. છેલ્લે આરાધના માટે આત્માને જાગૃત કરી એકાણું લાખ મુનિવરોની સાથે મોક્ષે ગયા. શાસ્ત્રોમાં એ વાત સ્પષ્ટ રીતે લખી છે. તે તીર્થેશ્વરને ભાવે પ્રણામ કરો.

શાંબ – પ્રદ્યુમ્ન ઋષિ કહ્યા, સાડી આઠ કોડી;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પૂરવ કર્મ વિછોડી; – ખ – ૫૩ –

શ્રી કૃષ્ણ રાજાના પુત્રો શાંબ અને પ્રદ્યુમ્નકુમાર આ ગિરિરાજ પર સાડા આઠ ક્રોડ મુનિવરો સાથે પૂર્વનાં કર્મોનો ક્ષય કરી મોક્ષે ગયા હતા. તે તીર્થેશ્વરને ભાવે પ્રણામ કરીએ. (આ બન્નેની દેરી હાલમાં ભાડવાના ડુંગર પર છે.)

થાવચ્ચાસુત સહસશું, અનશન રંગે કીધ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, વેગે શિવપદ લીધ; – ખ – ૫૪ –

જે ગિરિવર ઉપર થાવચ્ચા રાણીના પુત્ર હજાર મુનિવરોની સાથે આનંદથી અનશન અંગીકાર કરી જલદી મોક્ષે

ગયા. તે તીર્થેશ્વરો તમે હંમેશાં નમન કરો.

શુક પરિવ્રાજક વળી, એક સહસ આણગાર;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પામ્યા શિવપુર દ્વાર; – ખ – ૫૫ –

શુક નામના પરિવ્રાજક સાધુ આ તીર્થમાં પધાર્યા અને એક હજાર સાધુઓ સાથે ભાવનાની વૃદ્ધિ થવાના કારણે શિવપુર દ્વાર – મોક્ષનગરને પામ્યા. તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ.

સેલગસૂરિ મુનિ પાંચસૈ, સહિત હુઆ શિવનાહ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, અંગે ધરી ઉત્સાહ; – ખ – ૫૬ –

સેલગસૂરિ તબિયતના કારણે શિથિલતા પામી ગયા હતા પણ પંથક નામના શિષ્યના ચોમાસી ખામણાંથી આત્મા જાગૃત થતાં શ્રી સિદ્ધાચલ પર આવી પાંચસો સાધુઓ સાથે આત્મામાં અપૂર્વ વીર્યોલ્લાસ ફોરવી શિવનાથ – મોક્ષના સ્વામી બન્યા. તે તીર્થેશ્વરને ઉત્સાહપૂર્વક પ્રણામ કરો.

ઇમ બહુ સીધ્યા ઇણગિરિ; કહેતાં નાવે પાર;

તે તીર્થેશ્વર પ્રણમિયે, શાસ્ત્રમાંહે અધિકાર; – ખ – ૫૭ –

આવી રીતે ઘણાય આત્માઓ આ ગિરિપર મોક્ષે ગયા છે. તે બધાનો અધિકાર શાસ્ત્ર માંહે કહેલો છે. તે બધો જ કહેવા બેસીએ તો પાર આવે એવો નથી.તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ.

બીજ ઇહાં સમકિત તણું – રોપે આતમ ભોમ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, ટાલે પાતક સ્તોમ; – ખ – ૫૮ –

આ ગિરિરાજમાં રહીને આરાધના કરનારો ભવ્ય પ્રાણી પોતાના આત્માની અંદર સમ્યક્ત્વરૂપી બીજ રોપે છે. અને પાપરૂપી અંધકારને દૂર કરે છે. તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ.

બ્રહ્મ – સ્ત્રી – ભ્રૂણ – ગો હત્યા, પાપે ભારિત જેહ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પહોંતા શિવપુર ગેહ; – ખ – ૫૯ –

બ્રાહ્મણ – સ્ત્રી – બાલક અને ગાયની હત્યાના પાપથી જેઓ ભારે થયા છે. તેઓ પણ આ તીર્થની આરાધના

કરીને શિવપુરમાં પહોંચ્યા છે. તેથી તે તીર્થેશ્વરને પ્રણામ કરો.

જગ જોતાં તીરથ સવે, એ સમ અવર ન દીઠ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, તીર્થમાંહે ઉકિકૃષ્ટ. – ખ – ૬૦ –

જગતના સર્વે તીર્થોને જોતાં આના સમાન બીજું એકેય તીર્થ નથી. તેથી આ તીર્થ સર્વ તીર્થોમાં ઉત્કૃષ્ટ ચઢિયાતું છે. તે તીર્થેશ્વરને પ્રણામ કરો.

ધન્ય ધન્ય સોરઠ દેશ જિહાં, તીરથ માંહે સાર;

તે તીર્થેશ્વર પ્રણમિયે, જનપદમાં શિરદાર; – ખ – ૬૧ –

જગતનાં બધા દેશોમાં આ સોરઠ (સૌરાષ્ટ્ર) ને ધન્યવાદ છે. કારણ કે સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ એવું શત્રુંજય તીર્થ જેમાં આવેલું છે. આ તીર્થનો મહિમા જગતના દેશોમાં શિરદાર– મુખ્ય છે. આવા તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

અહોનિશ આવત ઢૂંકડા, તે પણ જેહને સંગ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પામ્યા શિવવધુ રંગ. – ખ – ૬૨ –

આ તીર્થના ઉત્તમપણાને લીધે પ્રાણીઓ જેની નજીક આવે છે. અને એની સાન્નિધ્યતામાં રહીને આરાધના કરીને શિવવધૂના રંગ – આનંદની પ્રાપ્તિ કરે છે તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ.

વિરાધક જિન આણના, તે પણ હુવા વિશુદ્ધ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પામ્યા નિર્મલ બુદ્ધ.. – ખ – ૬૩ –

જે પ્રાણીઓએ તીર્થંકર પરમાત્માની આજ્ઞાનો ભંગ કર્યો હો ય તેવા વિરાધક આત્માઓ પણ આ તીર્થના પ્રભાવે વિશુદ્ધ થઈને નિર્મલ બુદ્ધિ પામ્યા છે. તે તીર્થેશ્વરને હે ભવિ જીવો ! તમે પ્રણામ કરો.

મહામ્લેચ્છ શાસનરિપુ, તે પણ હુવા ઉપશાંત;

તે તીર્થેશ્વર પ્રણમિયે, મહિમા દેખી અનંત; – ખ – ૬૪ –

જેઓ મહામ્લેચ્છ અને શાસનના શત્રુ હતા તેઓ પણ આ ગિરિરાજનો અનંત પ્રભાવ જોઈને શાંત સ્વભાવ વાળા થઈ ગયા છે. એવા પરમપ્રભાવક તીર્થેશ્વરને પ્રણામ કરો.

મંત્ર-યોગ અંજન સવે (સર્વે), સિદ્ધ હુએ જિણઠામ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પાતકહારી નામ. - ખ - ૬૫ -

આ ગિરિરાજના પ્રભાવથી - મંત્રો - યોગો - અંજનો એવી બધી વસ્તુઓ અહીં સિદ્ધ થાય છે. આથી આ ગિરિરાજનું પાતકહારી એવું નામ થયું છે. આવા આ તીર્થરાજને પ્રણામ કરીએ.

સુમતિ સુધારસ વરસતે, કર્મ દાવાનલ શાંત;

તે તીર્થેશ્વર પ્રણમિયે, ઉપશમ રસ ઉલસંત; - ખ - ૬૬ -

આ તીર્થની સાન્નિધ્યતામાં સદ્બુદ્ધિરૂપ અમૃતરસનો વરસાદ વરસતાં આપણા આત્મામાં રહેલો કર્મરૂપી દાવાનલ શાંત થાય છે. અને તેનો આત્મા અંદરથી પ્રશાંત થાય છે. તે તીર્થેશ્વરને પ્રણામ કરો.

શ્રુતધર - નિત નિત ઉપદિશે, તત્ત્વાતત્ત્વ વિચાર;

તે તીર્થેશ્વર પ્રણમિયે, ગ્રહે ગુણયુત શ્રોતાર, - ખ - ૬૭ -

શાસ્ત્રના અર્થોને પામેલા એવા ગીતાર્થ ગુરુદેવો તીર્થના ગુણોને સમજનારા એવા શ્રોતાઓને તત્ત્વ અને અતત્ત્વનો વિષય સમજાવે છે. તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ.

પ્રિય મેલક ગુણ ગણતણું, કીરતિ કમલા સિંધુ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, કલિકાલે જગબંધુ; - ખ - ૬૮ -

આ શ્રી શત્રુંજય તીર્થ ગુણોના સમૂહને મેળવી આપનાર પ્રિય મેલકતીર્થ છે. વળી કીર્તિરૂપી લક્ષ્મી માટે સમુદ્ર જેવું છે. અને કલિકાલમાં બધીરીતે સહાય કરનાર બંધુ - ભાઈ સરખું છે તે તીર્થેશ્વરને હે ભવ્યો ! તમે નમસ્કાર કરો.

શ્રી શાંતિ તારણ તરણ - જેહની ભક્તિ વિશાલ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, દિન દિન મંગલમાલ; - ખ - ૬૯ -

જે તીર્થની વિશાળ ભક્તિ લક્ષ્મીને શાંતિ કરનાર છે. અને સંસાર સમુદ્રથી તારનારી છે. તેથી દિવસે દિવસે મંગળની માળારૂપ તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

શ્વેત ધજા જસ લહકતી; ભાખે ભવિને એમ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, ભ્રમણ કરો છો કેમ ? – ખ – ૭૦ –

આ ગિરિરાજનાં મંદિરો પર ફરકતી શ્વેત ધજાઓ ભવ્ય પ્રાણીઓને એમ કહે છે– પૂછે છે કે તમે અહીં તહીં કેમ ભમો છો ? તમારે શું જોઈએ. છે ? તમારે જે જોઈતું હશે તે અહીથી મલી જશે. આવા તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

સાધક સિદ્ધ દશા ભણી; આરાધે એકચિત્ત;

તે તીર્થેશ્વર પ્રણમિયે, સાધન પરમ પવિત્ર; – ખ – ૭૧ –

જે આત્માને ઉચ્ચકોટીની સાધના કરવી છે. તે આત્માને માટે આ ગિરિરાજ એક પરમ પવિત્ર કોટીનું સાધનાનું સ્થાન છે. સાધક જો એકાગ્રતાથી એકચિત્તે આ ગિરિરાજ પર સાધના કરે તો તે પોતાના સાધ્યને અચૂક મેળવે છે. તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

સંઘપતિ થઇ એહની, જે કરે ભાવે યાત્ર;

તે તીર્થેશ્વર પ્રણમિયે, તસ હોય નિર્મલગાત્ર; – ખ – ૭૨ –

જે આત્મા " છ " રી પાલન કરતો સંઘ કાઢી – તેના સંઘપતિ થઇ ચતુર્વિધસંઘને આ તીર્થમાં ભાવપૂર્વક લાવી જે યાત્રા કરે તેનો આત્મા – તેનું શરીર નિર્મલ થાય છે. આવા તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

શુદ્ધાતમ ગુણ રમણતા, પ્રગટે જેહને સંગ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, જેહનો જશ અભંગ; – ખ – ૭૩ –

જે ગિરિરાજના સંસર્ગથી આત્મિક ગુણોની રમણતા પ્રગટ થાય છે. અને જે ગિરિરાજનો યશ અભંગ છે. તે તીર્થેશ્વરને ભાવથી નમન કરીએ.

રાયણ રૂખ સોહામણો, જિહાં જિનેશ્વર પાય;

તે તીર્થેશ્વર પ્રણમિયે, સેવે સુર – નર – રાય. – ખ – ૭૪ –

આ ગિરિરાજ પર સુંદર એવું રાયણવૃક્ષ છે. અને એ રાયણ વૃક્ષ નીચે શ્રી ઋષભદેવ પ્રભુનાં પગલાં છે. તે પગલાંને દેવેન્દ્રો અને રાજાઓ સેવે છે. આવા ગિરિરાજને હે ભવ્યો ! તમે ભક્તિભાવપૂર્વક પ્રણામ કરો.

પગલાં પૂજે ઋષભનાં, ઉપશમ જેહને અંગ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, સમતા પાવન અંગ; – ખ – ૭૫ –

જે તીર્થમાં શ્રી ઋષભદેવ ભગવાનનાં પગલાં પૂજતાં અંગમાં ઉપશમ અને પવિત્ર એવી સમતા આવે છે તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

વિદ્યાધર –જક્ષ મિલે બહુ, વિચરે ગિરિવર શૃંગ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, ચઢતે નવરસ રંગ; – ખ – ૭૬ –

વિદ્યાધરો અને યક્ષો ટોળે મળીને વધતા નવરસના રંગ સાથે આ ગિરિવરનાં શિખરો ઉપર ફરી રહ્યા છે. તેવા તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

માલતી – મોગર – કેતકી; પરિમલ – મોહે ભૃંગ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પૂજે ભવિ જિનઅંગ – ખ – ૭૭ –

જેની સુગંધથી ખેંચાઈને જેમાં ભમરાઓ આવે છે તેવી માલતી – મોગર ને કેતકીનાં ફૂલોવડે ભવ્ય પ્રાણીઓ શ્રી ઋષભદેવજિનની અંગ પૂજા કરે છે.તેવા તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

અજિત જિનેશ્વર જિહાં રહ્યા, ચોમાસું ગુણ ગેહ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, આણી અવિહડ નેહ; – ખ – ૭૮ –

આ અવસર્પિણીના બીજા તીર્થંકર ભગવાન શ્રી અજિતનાથ પ્રભુ ગુણના સ્થાનભૂત એવા આ ગિરિરાજ પર ચોમાસું રહ્યા તેથી અંતરમાં અવિહડ સ્નેહ લાવીને આ ગિરિરાજને નમસ્કાર કરો.

શાંતિ જિનેસર સોલમા, સોળ કષાય કરી અંત;

તે તીર્થેશ્વર પ્રણમિયે, ચાતુર્માસ રહંત –ખ –૭૯ –

આ અવસર્પિણીના સોલમા તીર્થંકર ભગવાન –અનંતાનુબંધી વગેરે ચાર કષાયના સોલે ભેદનો અંત કરીને કેવલ જ્ઞાન પામેલા તેઓ આ ગિરિરાજ પર ચોમાસું રહ્યા. તે તીર્થેશ્વરને ભાવથી નમન કરીએ.

નેમિ વિના જિનવર સવે, આવ્યા છે.જિણ ઠામ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, શુદ્ધ કરે પરિણામ; –ખ –૮૦ –

આ અવસર્પિણીના ચોવીશ તીર્થંકરોમાંથી નેમિનાથ સિવાયના ત્રેવીશે તીર્થંકરો આ ગિરિરાજની પુણ્યભૂમિમાં પધાર્યા છે.આ તીર્થ આત્માનાં પરિણામોને શુદ્ધ કરનાર છે. તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

નમિ નેમિ જિનઅંતરે, **અજિતશાંતિસ્તવ** કીધ;

તે તીર્થેશ્વર પ્રણમિયે., નંદિષેણ પ્રસિદ્ધ; –ખ – ૮૧ –

જે ગિરિરાજ પર નમિનાથ અને નેમિનાથ ભગવાનના વચલા સમયમાં શ્રી નંદિષેણ મુનિએ શ્રી અજિતશાંતિનું સ્તવન બનાવ્યું . તે વાર્તા પ્રસિદ્ધ જ છે. (આ દેરી હાલ નવટૂકમાં છે.) તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ.

ગણધર –મુનિ ઉવજઝાય તિમ, લાભ લહ્યા કેઇ લાખ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, જ્ઞાનઅમૃતરસ ચાખ; –ખ –૮૨ –

આ તીર્થરાજની ભૂમિમાં ગણધરો –મુનિઓ – ઉપાધ્યાયો વગેરે કેટલાય લાખો જીવોએ લાભ લીધો છે. અને અમૃતરસને ચાખ્યો છે. તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

નિત્ય ઘંટા – ટંકારવે, રણઝણે ઝલ્લરી નાદ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, દુંદુભિ માદલ વાદ –ખ– ૮૩ –

જે તીર્થ ઉપર હંમેશાં જિનમંદિરોમાં ઘંટારવ ઝલ્લરીનાદ – દુંદુભિનાદ – માદલનાદ વગેરે થાય છે. તે તીર્થેશ્વરને ભાવપૂર્વક પ્રણામ કરીએ.

જેણે ગિરિ ભરત નરેસરે; કીધો પ્રથમ ઉદ્ધાર;

તે તીર્થેશ્વર પ્રણમિયે, મણિમય મૂરતિ – સાર; –ખ ૮૪ –

જે ગિરિરાજ ઉપર જે ગિરિરાજનો પ્રથમ ઉદ્ધાર ભરત ચક્રવર્તીએ કરાવ્યો. અને આદીશ્વર ભગવાનની મણિમય મૂર્તિઓ ભરાવીને સ્થાપન કરી તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ.

ચૌમુખ – ચઉગતિ દુઃખ હરે; સોવનમય સુવિહાર;

તે તીર્થેશ્વર પ્રણમિયે, અક્ષય સુખદાતાર; –ખ –૮૫ –

શ્રી ભરત ચક્રવર્તીએ આ શ્રી શત્રુંજયના ઉદ્ધારોમાં એક વખત સુવર્ણમય – ચૌમુખ જિન મંદિર બનાવ્યું હતું.

તે ચૌમુખ પ્રતિમા ચારગતિના દુઃખને દૂર કરીને અક્ષય સુખને આપે છે. તેવા તીર્થેશ્વરને ભાવે પ્રણામ કરીએ.

ઇણ તીરથ મોટા થયા, સોલ ઉદ્ધાર સાકાર;

તે તીર્થેશ્વર પ્રણમિયે, લઘુ અંસખ્ય વિચાર; –ખ –૬ –

જગતના દરેક પદાર્થ સડણ – પડણના સ્વભાવ વાળા છે. તેથી મંદિરો વગેરે જીર્ણ બને. ત્યારે તેનો ઉદ્ધાર કરવો આવશ્યક બની જાયછે. આ ગિરિરાજ ઉપર મોટા મોટા સોલ ઉદ્ધારો થયા છે. વચમાં નાના ઉદ્ધારો તો અસંખ્ય થયા છે. આવા તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ.

દ્રવ્ય ભાવ વૈરી તણો, જેહથી થાયે અંત;

તે તીર્થેશ્વર પ્રણમિયે, શત્રુંજય સમરંત; –ખ – ૮૭ –

જે ગિરિરાજનું સ્મરણ કરતાં તેના સ્મરણના પ્રતાપે ભવ્ય જીવોના દ્રવ્ય અને ભાવ શત્રુઓનો નાશ થાય છે. આ કારણે જેનું શ્રીશત્રુંજય નામ પડયું છે. આવા તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

પુંડરીક ગણધર હુવા, પ્રથમ સિદ્ધ ઇણે ઠામ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પુંડરીક ગિરિનામ; –ખ – ૮૮ –

આ ગિરિરાજ પર આદીશ્વર ભગવાનના પ્રથમ ગણધર શ્રી પુંડરીક સ્વામીજી આ તીર્થમાં પ્રથમ સિદ્ધિપદને પામ્યા માટે આ ગિરિ **પુંડરીક ગિરિ** એવા નામથી ઓળખાય છે. તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ.

કાંકરે કાંકરે ઇણગિરિ; સિદ્ધ હુવા સુપવિત્ત;

તે તીર્થેશ્વર પ્રણમિયે, સિદ્ધ ક્ષેત્ર સમચિત્ત –ખ –૮૯ –

આ ગિરિરાજના કાંકરે કાંકરે કેટલાય પવિત્ર આત્માઓ સિદ્ધ થયા છે. આથી આનું નામ **સિદ્ધક્ષેત્ર** થયું .આવા તીર્થેશ્વરને સમતાયુક્ત ચિત્તથી નમન કરીએ.

મલ દ્રવ્ય ભાવ વિશેષથી,જેહથી જાયે દૂર;

તે તીર્થેશ્વર પ્રણમિયે, વિમલાચલ સુખપૂર; –ખ – ૯૦ –

જે તીર્થની સેવાથી આત્માને લાગેલા દ્રવ્યમળ અને ભાવમલ (રાગ-દ્વેષ આદિ) દૂર થાય છે. તેથી સુખના સમૂહરૂપ વિમલાચલ તીર્થરાજને પ્રણામ કરીએ.

સુરવરા બહુ જે ગિરે, નિવસે નિરમલ ઠાણ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, સુરગિરિ નામ પ્રમાણ; – ખ – ૯૧ –

જે ગિરિરાજને નિર્મલ-પવિત્ર એવું સ્થાન જાણીને ઘણા ઈન્દ્રો આવીને જ્યાં નિવાસ કરે છે. તે ગિરિનું **સુરગિરિ** એવું નામ પડ્યું તે બરોબર છે. આવા તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

પર્વત સહુમાંહે વડો, મહાગિરિ તેણે કહંત;

તે તીર્થેશ્વર પ્રણમિયે; દરિશન લહે પુણ્યવંત; – ખ – ૯૨ –

જે ગિરિરાજ બધા પર્વતોમાં મહિમા ને પવિત્રતાની દ્રષ્ટિએ મોટો છે, વળી જેનાં દર્શન પુણ્યશાળી માણસ જ પામી શકે છે. તે ગિરિને **મહાગિરિ** નામે ઓળખીએ. આવા તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

પુણ્ય અનર્ગલ જેહથી, થાયે પાપ વિનાશ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, નામ ભલું પુણ્યરાશ, – ખ – ૯૩ –

જે ગિરિરાજના પ્રભાવથી અને તેના સંસર્ગથી અનર્ગલ (ઢગલાબંધ) પુણ્ય થાય છે અને પાપનો નાશ થાય છે. માટે આ ગિરિનું **પુણ્યરાશ** (શી) નામ પડ્યું. તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ.

લક્ષ્મી-દેવીએ કર્યો, કુંડે કમલ નિવાસ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પદ્મનામ સુવાસ, – ખ – ૯૪–

આ ગિરિરાજના કમલ નામના કુંડમાં લક્ષ્મી દેવીએ વાસ કર્યો હતો. તેથી આ ગિરિનું **પદ્મનામ** આવું નામ થયું. તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

સવિગિરિમાં સુરપતિ સમો , પાતક પંક વિલાત ;

તે તીર્થેશ્વર પ્રણમિયે , પર્વતઈન્દ્ર વિખ્યાત – ખ – ૯૫ –

બધા પર્વતોમાં આ ગિરિ સુરપતિ – ઈન્દ્ર સરખો છે. આ ગિરિના સેવનથી પાપરૂપી કાદવ નાશ પામે છે. માટે

આ ગિરિ – **પર્વતેન્દ્ર** તરીકે પ્રસિદ્ધ થયો, આવા ગિરિરાજને ભાવથી પ્રણામ કરીએ.

ત્રિભુવનમાં તીરથ સવે, તેમાં મોટો એહ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, મહાતીરથ જસલેહ (રેહ) –ખ – ૯૬ –

જે ગિરિ ત્રણ ભુવનમાં સઘળાં તીર્થોમાં તીર્થ તરીકે સર્વશ્રેષ્ઠ છે અને જેને મોટા તીર્થ તરીકે રેખા–નામના મલી છે માટે તેનું **મહાતીરથ** નામ થયું. તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ.

આદિઅંત નહિ જેહનો, કોઇ કાલે ન વિલાય;

તે તીર્થેશ્વર પ્રણમિયે, શાશ્વતગિરિ કહેવાય; – ખ – ૯૭ –

આ ગિરિરાજ તીર્થની કોઇ કાલે આદિ શરુઆત નહોતી થઇ. અને જેનો કોઇ કાલે સર્વનાશ પણ થવાનો નથી. એથી આ ગિરિને **શાશ્વતગિરિ** એવું નામ આપ્યું તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

ભદ્ર ભલા જે ગિરિવરે; આવ્યા હોય અપાર;

તે તીર્થેશ્વર પ્રણમિયે, નામ સુભદ્ર સંભાર, – ખ – ૯૮ –

ભદ્રપરિણામી જીવો આ ગિરિરાજ પર અપાર – આવે છે. તેથી આ ગિરિવરનું **સુભદ્ર** નામ પડ્યું. તે તીર્થેશ્વરને હંમેશાં નમન કરીએ.

વીર્યવધે શુભ સાધુને, પામી તીરથભક્તિ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, નામે જે દૃઢશક્તિ; – ખ – ૯૯–

આ ગિરિરાજના ક્ષેત્રમાં રહીને ભક્તિભાવનાથી આરાધના કરતા મુનિરાજની આત્મશક્તિ– આત્મશ્રદ્ધા દૃઢ થાય છે તેથી આ ગિરિનું આપણે દૃઢશક્તિ નામ પાડ્યું. તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

શિવગતિ સાધે જે ગિરે, તે માટે અભિધાન;

તે તીર્થેશ્વર પ્રણમિયે, મુક્તિનિલય ગુણખાણ; – ખ – ૧૦૦ –

આ ગિરિરાજ ઉપર મુનિવરો – સાધકો વગેરે જીવો શિવગતિ – મોક્ષ ગતિ સાધે છે.માટે ગુણોના ખાણસમાન આ ગિરિનું નામ મુક્તિનિલય પડ્યું. તે તીર્થેશ્વર ને પ્રણામ કરીએ.

ચંદ્ર સૂરજ સમકિત ધરા, સેવ કરે શુભચિત્ત;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પુષ્પદંત વિદિત્ત, – ખ – ૧૦૧ –

સમ્યક્ત્વને ધારણ કરનારા ચંદ્ર અને સૂરજ દેવતાઓ શુભ ચિત્ત વડે આ ગિરિરાજની સેવા કરે છે. તેથી આ ગિરિનું પુષ્પદંત એવું નામ પ્રસિદ્ધ થયું તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

ભિન્ન રહે ભવજલ થકી, જે ગિરિ લહે નિવાસ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, મહાપદ્મ સુવિલાસ –ખ– ૧૦૨ –

કમલ કાદવમાંથી જન્મે છે. અને પાણીથી વૃદ્ધિ પામેછે.અને પછી બન્નેથી અલગ થઈને રહે છે. તે જ રીતે આ ગિરિરાજના સેવનથી ભવ્ય જીવો ભવજલને (સંસારને) તરી જાય છે. તેથી આ ગિરિરાજનું શોભતું એવું **મહાપદ્મ** નામ આપ્યું. તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ.

ભૂમિધરી જે ગિરિવરે, ઉદધિ ન લોપે લીહ;

તે તીર્થેશ્વર પ્રણમિયે; પૃથ્વીપીઠ અનીહ. –ખ – ૧૦૩ –

પર્વતો અને સમુદ્રો પોતાની મર્યાદાને નથી ઓળંગતા. તેનું કારણ આ ગિરિવરનો પ્રતાપ છે. આથી જ આ ગિરિવરનું નામ **પૃથ્વીપીઠ** પડ્યું છે. તે તીર્થેશ્વરને ભાવથી પ્રણામ કરીએ.

મંગલ સવિ મલવાતણું, પીઠ એહ અભિરામ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, ભદ્રપીઠ જશ નામ –ખ –૧૦૪ –

સર્વ વસ્તુને મેળવવા માટે એક સ્થાન જોઈએ. આવા સ્થાન રૂપ પીઠ એટલે આ ગિરિવર છે. અને તે મોક્ષ સુધીની બધી વસ્તુ મેળવી આપે છે.તેથી આ ગિરિનું નામ **ભદ્રપીઠ** થયું, તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

મૂળ જસ પાતાલમાં, રત્નમય મનોહાર;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પાતાલમૂળ વિચાર –ખ – ૧૦૫ –

આ ગિરિરાજનું મૂળિયું પાતાલમાં છે. વળી આ ગિરિ રત્નમય ને મનોહર છે. તેથી આ ગિરિરાજને પાતાલમૂળ નામથી બોલાય છે. તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

કર્મક્ષય હોયે જિહાં, હોય સિદ્ધસુખ કેલ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, અકર્મક મનમેલ. –ખ – ૧૦૬ –

આ ગિરિરાજ ઉપર તેની સેવાના પ્રભાવે પ્રાણીનાં કર્મોનો ક્ષય થાય છે. અને સુખની ક્રીડારૂપ સિદ્ધ થાય છે. અને ચિત્ત (આત્મા) કર્મ રહિત બને છે. તેથી તે અકર્મક તીર્થરાજને પ્રણામ કરીએ .

કામિત સવિ પૂરણ હોયે, જેહનું દરિશન પામ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, સર્વકામ મનઠામ. -ખ- ૧૦૭ -

આ તીર્થનાં દરિશનથી પ્રાણીઓની બધી ઇચ્છાઓ પૂર્ણ થાય છે. તેથી આ તીર્થનું **સર્વકામદાયક** નામ થયું તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

ઇત્યાદિક એકવીશ ભલાં , નિરૂપમ નામ ઉદાર ;

જે સમર્યા પાતક હરે , આતમ શક્તિ અનુસાર ; - ખ - ૧૦૮ -

આ બધાં સુંદર ગુણ નિષ્પન્ન એકવીશ નામોવડે અને ૧૦૮ -સ્તુતિઓ વડે શક્તિથી ગુણગાન કરવાથી તથા આ ગિરિરાજ સ્મરણ કરવાથી પાપોને હરણ કરે છે. આવા પ્રભાવવાળા ગિરિરાજને હંમેશાં નમન કરીએ.

કળશ

- ૧ - ઇમતીર્થનાયક સ્તવન લાયક, સંથુણ્યો શ્રી સિદ્ધગિરિ;

અષ્ટોત્તર સયગાહ સ્તવને, પ્રેમભક્તે મનધરી;

શ્રી કલ્યાણસાગરસૂરિ શિષ્યે, શુભ જગીશે સુખકરી;

પુણ્ય મહોદય સકલમંગલ, વેલી સુજશે જયસિરિ; -૧ -

આવી રીતે તીર્થોમાં નાયક -અગ્રેસર - સ્તવન કરવાને લાયક એવા શ્રી સિદ્ધગિરિરાજની -૧૦૮ - ગાથાના સ્તવન વડે હૃદયમાં પ્રેમ અને ભક્તિ લાવીને આ રચના કરી છે. જગતમાં સુખકારી એવા શ્રી કલ્યાણસાગરસૂરિજીના શિષ્ય જય શ્રી (લંછનવાળા) ઉપમાવાલા એવા મેં સુજશ વિજયે પુણ્યનો મોટો ઉદય થાય તે માટે અને સકલ જીવોનું મંગલ થાય તે માટે આ મનોહર કડીબદ્ધ રચના કરી છે. આથી મારું અને આરાધના કરનાર ભવ્ય જીવોનું કલ્યાણ થાય.

(- ૨૧ - નામનાં ખમાસમણ - અને આ - ૧૦૮ - ખમાસમણ સાર્થ પૂ. આ. મ. શ્રી કંચનસાગરસૂરિજીએ બનાવેલ " શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન " નામના પુસ્તકમાંથી કંઇક સુધારા સાથે અહીં મૂકેલ છે. તે ખાસ જાણવું.)

શ્રી શત્રુંજયમાં બંધાયેલાં વિવિધ નામોવાળાં –મંદિરો

	નામ પાડનાર ને બંધાવનાર ને	મંદિરનું નામ
૧	પ્રથમ ચક્રવર્તી ભરત	પુંડરીક મંદિર.
૨	ભગીરથ – સગર પુત્ર	કોટા કોટિ જિન મંદિર.
૩	ભગીરથ પુત્ર	ભગીરથ જિનમંદિર.
૪	ભીમશ્રેષ્ઠી	રત્નખણી નામનું મંદિર.
૫	ભરત ચક્રવર્તી	ચિલ્લણ વિહાર.
૬	ભરત ચક્રવર્તી	તાપસ વિહાર.
૭	ભરત ચક્રવર્તી (ગિરનારમાં)	કલ્યાણકત્રિકવિહાર સુરસુંદરવિહાર
૮	ભરત ચક્રવર્તી (અષ્ટાપદપર)	" સિંહનિષદ્યા વિહાર (બેઠેલા સિંહના આકાર વાલું)
૯	શ્રેયાંસ રાજાના પુત્ર કમલે	શ્રેયાંસ વિહાર
૧૦	બાહુબલી રાજા	મરુદેવી ભવન (મંદિર)
૧૧	ભરત રાજા	બાહુબલી ભવન.
૧૨	લોકોવડે પ્રસિદ્ધ થયું.	વજ્રશ્રી જિનમંદિર .
૧૩	સગર ચક્રવર્તી	સુવ્રતાચાર્ય પ્રાસાદ.
૧૪	શ્રી શાંતિનાથપ્રભુ પુત્ર–ચક્રધરરાજા	તાપસ જિનમંદિર
૧૫	રાવણ રાજા	તાપસ વિહાર
૧૬	વસ્તુપાલ મંત્રી	વસ્તુપાલ ભવન
૧૭	વસ્તુપાલ મંત્રી	સ્વર્ગારોહણ ભવન
૧૮	શકિત રાજા બનાવશે	શકિત વિહાર

શ્રી તીર્થમાલા સ્તવન

(પાંચ ઢાળના સ્તવનના કર્તા અઢારમા સૈકામાં સં-૧૮૪૦ માં થયેલા યતિ અમૃતવિજયજી છે. આ સ્તવનમાં ખાસ કંઇ વિશેષતા નથી. પણ ક્યા દેરાસરમાં કેટલીપ્રતિમા હતી. તેની નોંધ હોવાથી અને પાછલથી કેટલા ફેરફારો થયા તેનો પણ ખ્યાલ આવી શકે. માટે અહીં તે સ્તવનને આપવામાં આવેલ છે.) (દેશી- ગરબાનીતમે સ્યાને રોકો છો રાનમાંએ દેશી)

ઢાળ - પહેલી

વિમલાચલ વાલા વારૂ રે, ભલે ભવિયણ ભેટો ભાવમાં;

તુમે સેવો એ તીરથ તારૂ રે, જિમ ન પડે ભવના દાવમાં;

જગ સઘળા તીરથનો નાયક, તુમે સેવો શિવસુખદાયકરે ભવિ -૧-

એ ગિરિરાજને નયણે નિહાળી, તુમે સેવો અવિધિ દોષ ટાળીરિ. ભ-૨-

મુક્તા સોવન કુલે વધાવી, નમિ પૂજો ભાવના ભાવીરિ. ભ- ૩-

કાંકરે કાંકરે સિદ્ધ અનંતા, સંભારો પાગે ચઢ્ઢનારે. ભ- ૪-

આદિ-અજિત-શાંતિ-ગૌતમ કેરાં, પહેલાં પગલાં પૂજો ભલેરાં રે. ભ-૫-

આગે ધોળીપરવ (બ) ટૂંકે ચઢીયે, હરિ તિહાં ભરતચક્રીપદ નમીયે રે. ભ-૬-

નીલિપરવ (બ) અંતરાળે આવે, નેમિ - વરદત્ત - પગલાં સોહાવે રે. ભ-૭-

આદિથુંભ નમિકુંડ કુમારા, હિંગલાજ હડે ચઢો પ્યારા રે, ભવિ - ૮ -

તિહાં કલિકુંડ નમિ શ્રીપાસ, ચઢો માન મોડિઉલ્લાસ રે ભવિ – ૯ –

ગુણવંતગિરિના ગુણગાઇ, છાલા કુંડે વિસામો ભાઇ રે. ભવિ – ૧૦ –

તિહાંથી મકાગાલી પંથે ધસીએ, પ્રભુ ગઢ દેખી ઉલ્લસીએ રે. ભવિ –૧૧

નમિએ નારદ અઇ મુન્નાની મૂરતિ,વળી દ્રાવડ –વારિખિલ્લ સુરતી રે ભવિ – ૧૨ –

તીરથભૂમિ દેખી સુખ જાગે, નિરખો હેમકુંડની આગે રે. ભવિ – ૧૩ –

રામ –ભરત–શુક–સેલગ–સ્વામી, થાવચ્ચા નમું શિરનામી રે.. ભવિ – ૧૪ –

ભૂખણ કુંડ વાડી જોઇ વંદો, સુકોશળ મુનિપદ સુખ કંદો રે ભવિ – ૧૫ –

આગળ હનુમંત વીર કહાવે, તિહાંથી બે વાટે જવાયે રે . ભવિ – ૧૬ –

ડાબી દિશા રામપોળ હું રંજી, સ્હામી દીસે નદી શેત્રુંજી રે. ભવિ – ૧૭ –

જાતાં જમણીદિશા વંદો ભાલી, મુનિ – જાલી –મયાલી–ઉવયાલી રે. ભવિ –૧૮–

તિહાંથી ડાબીદિશા સ્હામા સોહાવે, નમો દેવકી ષટ્સુત ભાવે રે. ભવિ – ૧૯ –

ઇમ શુભ ભાવથકી ઉત્કૃષ્ટે, રામપોળમાં પેસો હરખે રે. ભવિ – ૨૦ –

કુંતાસરે પાળે નવ ઘણું ભાળો, જેહ કીધી સાહસુગાલો રે. ભવિ – ૨૧ –

ધાઇ સોપાનચઢી અતિ હરખો, જઇ વાઘણ પોળે નિરખો રે. ભવિ – ૨૨ –

થિરતાએ શુભ જોગ જગાવો, કહે અમૃત ભાવના ભાવો રે. ભવિ – ૨૩ –

ઢાળ -બીજી

(સીતા-હરખીજી હરખિજી એ દેશી)

નિરખીજી નિરખીજી, હૂંતો હરખું રે નિરખીજી,

હરખીજી હરખીજી, હૂં તો પ્રાણમુરે નિરખીજી (એઆંકણી)

અતિ હરખેં સંચરતાં જોતાં, જીનઘર ઓલાંઓલેં જી.

જીવ જગાડી શીશ નમાડી, આવી હાથી પાળે, હું તો પ્રાણમું રે હરખીજી.-૧ -

આગળ પુંડરીકપોળે ચઢતાં, પ્રાણમું બે કર જોડીજી.

તીરથપતિનું ભવન નિહાળી, કરમજંજીર મેં તોડી - હું તો. - ૨

મૂળ ગભારે જાતાં માનું, સુકૃત સઘળે તેડીજી

તતખિણ દુષ્કૃત દૂરે પલાયાં, નાખી કુગતી ઉખેડી. - હું તો. - ૩

દીઠો લાડણ મરુદેવીનો, બેઠો તીર્થથાપીજી.

પૂર્વ નવ્વાણું વાર આવ્યાથી, જગમાં કિરતીવ્યાપી. -હું તો. - ૪

શ્રી આદીશ્વર વિધિશું વાંદી, બીજા સર્વ જુહારુંજી,

નમિ-વિનમી-કાઉસ્સગ્ગીઆ પાસે, જોઇ જોઇ આતમ તારૂં - હું તો. -૫

સ્હામા ગજવર ખંધે બેઠાં, ભરતચક્રીની માડીજી.

તિમ સુનંદા - સુમંગલા પાસે, પ્રાણમું તે ધન લાડી. -હું તો. - ૬

મૂલ ગભારામાં જિનમુદ્રા, એકેઉણા (૪૯) પંચાસજી.

રંગ મંડપમાં પડિમા એસી, વંદી ભાવ ઉલ્લાસે; -હું તો . - ૭

ચૈત્ય ઉપર ચૌમુખ થાપ્યા છે, ફરતી પ્રતિમા બાણુંજી.

વળી ગૌતમ ગણધરની ઠવણા, શી તારીફ વખાણું. –હું તો.– ૮

દેહરા બાહિર ફરતી દેહરી, ચોપન (૫૪) રૂડી દીસેજી.

તેહમાં પ્રતિમા (૧૯૩) એકસોત્રાણું, દેખી હીયડું હીસે. –હું તો. – ૯

નીલડી રાયણ તરૂવર હેઠે, પીલુડા પ્રભુજીના પાયજી.

પૂજી પ્રણમી ભાવના ભાવી, ઉલ્લટ અંગ ન માય. –હું તો. –૧૦

તસપદ હેઠળ નાગ–મોરની, મુરત બેહું સોહાવેજી.

તસસુર પદવી સિદ્ધાચલના, માહાત્મ્ય માંહે કહાવે. –હું તો. – ૧૧

સાહમા પુંડરીક સ્વામી બિરાજે, પ્રતિમા (૨૬) છવ્વીસ સંગેજી.

તેમાં બૌદ્ધની એકજ પ્રતિમા, ટાળી નમિયે રંગે. –હું તો. – ૧૨

તિહાંથી બાહિર ઉત્તર પાસે, પ્રતિમા તેર દેદારૂ જી,

એક રૂપાની અવર ધાતુની, પંચતીર્થી છે વારૂ. –હું તો. – ૧૩

ઉત્તર સન્મુખ ગણધર પગલાં, ચઉદસેં (૧૪૫૨)બાવન્ન જી.

તેહમાં શાંતિ જિણંદ જુંહારૂં, પુરૂં તે મનના કોડ, –હું તો.. –૧૪

દક્ષિણ પાસે સહસ્રકુટને, દેખી પાપ પલાયજી..

એક સહસ ચોવીશ (૧૦૨૪) જીણેસર, સંખ્યાયે કહેવાય. –હું તો. – ૧૫

દશક્ષેત્ર મલી ત્રીસ ચોવીશી, વલી વિહરમાન વિદેહેજી,

એકસો સાઠ ઉત્કૃષ્ટ કાળે, સંપ્રતિ વીસ સનેહે. –હું તો. – ૧૬

ચોવીસ જિનાનાં પંચ કલ્યાણક, એકસોવીસ સંભારીજી.

શાશ્વતા ચારપ્રભુ સરવાળે, સહસકુટ નિરધારી. –હું તો. – ૧૭

ગોમુખ યક્ષ ચક્રે સરી–દેવી, તીરથની રખવાલીજી.

તે પ્રભુના પદપંકજને સેવો, કહે અમૃત નિહાળી –હું તો. – ૧૮

ઢાળ - ત્રીજી

(મુનિ સુવ્રતજિન અરજ હમારી એ દેશી)

એક દિશાથી જિનઘર સંખ્યા, જિનવરની સંભળાવું રે;

આતમથી ઓળખાણ કરીને; તે અહિઠાણ બતાવું રે.

ત્રિભુવન તારણ તીરથ વંદો. - ૧ -

રાયણની દક્ષિણની પાસે, દેહરી એક ભલેરી રે;

તેમાં ચઉમુખ - (૨) દોય જુહારૂં, ટાળું ભવની ફેરી રે -૨ -

ચોમુખ સર્વ મલીને છુટાં, વીસ (૨૦) સંખ્યાએ જાણો રે,

છુટી પ્રતિમા આઠ જુહારી, કરીને જન્મ પ્રમાણો રે. - ૩ -

સંઘવી મોતીચંદ પટ્ટણીનું, સુંદર જિન ઘર સોહેરે

તિહાં પ્રતિમા ઓગણીસ (૧૯)જુહારી, હિયડું હરખિત હોય રે -૪ -

શ્રી સમ્મેત શિખરની રચના, કીધી છે ભલીભાંતે રે;

વીસ જિનેશ્વરના પગલાં વંદું, બાવીસ જિન સંઘાતેરે - ૫ -

કુશળબાઈના ચોમુખ માંહિ, સિત્તર જિન સોહાવેરે,

અંચલગચ્છના દેહરા માંહે, બત્રીશ જિનજી દેખાવે રે, - ૬ -

શા મુલાના મંડપ માંહે, છેઆલીશ જિણંદારે,

ચોવીશવટો તિહાં એક છે, પ્રણમું પરમાણંદો રે, - ૭ -

અષ્ટાપદ મંદિરમાં જઈને, અવિધિદ્વેષ તજીસરે;

ચાર – આઠ – દસ – દ્વેય મલીને, બીજા જિન ચાલીશ રે –૮–

શેઠજી સુરચંદની દેહરીમાં, નવ જિનપડિમા છાજેરે;

ધીયા કુંવરજીની દેહરીમાં, પ્રતિમા ત્રણ બિરાજેરે; –૯–

વસ્તુપાલના દેહરા માંહિ, થાપ્યા શ્રી ઋષભ જિણંદારે

કાઉસ્સગીયા છે એકત્રીસ જિનવર, સંઘવી તારાચંદ રે; –૧૦–

મેરૂ શિખરની ઠવણા મધ્યે, પ્રતિમા બાર ભલેરીરે;

ભાણા લીબંડીયાની દેહરીમાં, દશ પ્રતિમા જુઓ હેરી રે; –૧૧–

સંઘવી તારાચંદ દેવલ પાસે, દેહરી ત્રણ છે અનેરીરે;

તેહમાં દશ જિનપ્રતિમા નિરખી, થિર પરણિત થઇ મેરીરે; –૧૨–

પંચભાઇનાં દેહરામાંહિ, પ્રતિમાં પાંચ છે મોટી રે;

બીજી તેત્રીસ જિન પ્રતિમા છે, એહ વાત નવી ખોટી રે; –૧૩–

અમદવાદીનું દેહરું કહીએ, તેહમાં પ્રતિમા તેર રે;

તે પછવાડે દેહરી માંહે, પ્રણમું આઠ સવેરીરે; –૧૪–

શેઠ જગનાથજીએ કરાવ્યું, જિન મદિર ભલેં ભાવેરે;

તેહમાં નવજિન પડિમા વંદી, કવિ અમૃત ગુણગાવે રે; –૧૫–

ઢાળ - ચોથી

(તુમે પીલાં પીતાંબર પેહર્યાજી, મુખને મરકલડે - એ - દેશી)

રાયણથી ઉત્તમ પાસેંજી, તીરથના રસિયા;

જિનવર જિનધર ઉલ્લાસે જી, મુઝ હિયડે વસિયા.

રૂડું ભાખું જોઇ શિરનામીજી તી, મુજમનનો અંતરજામીજી. મુજ - ૧

જિનમુદ્રાએ ઋષભ જિણંદોજી તી. તીમ ભરત બાહુબલી વંદોજી.

નમિ-વિનમી કાઉસ્સગ સીમાજી તી. બ્રાહ્મી સુંદરી એક દેહરી માહે મુજ - ૨

પક્ષ કૃષ્ણશુકલ બ્રહ્મચારીજી તી. શેઠ વિજયને વિજયાનારીજી.

એવા કોઇ ન હુઆ અવતારીજી તી. જાઉ તેહની હું બલિહારીજી. મુજ - ૩

ગચ્છઅંચલ ચૈત્ય કહાવેજી તી.વીસ પડિમા વંદું ભાવેજી.

તસ મંડપ થંભા માહિજી તી. ચઉદ પ્રતિમા વંદુ ત્યાંહિજી મુજ - ૪

ક્ર ભુષણ દાસના દેહરા માહિજી તી. તેર પ્રતિમા થાપી ઉછાહિજી.

વાછરડા મંગલ ખંભાતીજી તી. તસ ચૈત્યમાં ત્રણ્ય સોહાતીજી. મુજ - ૫

ક્ર વલીભૂષણ કુંડ કરાવ્યો. ભુષણ - શાહે ઉચ્છાહેરે. ઈતિ વિજય સૌભાગ્ય- સૂરિકૃત સ્તવને.

સાકરબાઈની દેહરીમાહે વંદોજી તી. સાત પ્રતિમા નિરખી આણંદોજી. મુ

તિહાંથી વલી આગળ ચાલોજી તી. મેતા વિસોતનું દેહરૂં ભાલોજી. મુ. - ૬

પિણ તે વસ્તુપાલે કરાવ્યુંજી તી. આઠ પ્રતિમાએ સોહાવ્યુંજી. મુ.

તે ઉપર ચોમુખ રાજેજી તી. ચ્યાર શાશ્વતા જિન વિરાજેજી. મું. – ૭

ઉગમણી બે છે દેહરી જી તી. જિન પ્રતિમા ઈગ્યાર ભલેરીજી. મુ.

સા હેમચંદની દક્ષણાતિજીતી. દેહરી માં જોડી સોહાતિજી. મુ. – ૮

સા રામજી ગંધારીએ કીધોજી તી. પ્રાસાદ ઉત્તંગ પ્રસિદ્ધોજી. મુ.

તિહાં ચોમુખ દેખી આણંદુંજી તી. સાત પ્રતિમા શોખે વંદુંજી મુ. – ૯

ખટદેહરી છે તસ સંગેજી તી. જિન નમિએ બેંતાલીસ રંગેજી. મુ.

તિહાં ચોવીશ જિનની માડીજી તી. જિનસંગે લેઈને ઠાહાડિજી. મુ. –૧૦

મૂલ કોટની ભમતિમાંહિજી તી. ફરતી છે ચ્યાર દિશાએજી. મુ.

પાંચસેં સડસઠ સુખકંદોજી. તી. ફિરતા જિન સઘલે વંદોજી. મુ. –૧૧

મૂલ કોટના ચૈત્ય નિહાલેજી. તી. એકસો પાંસઠ સરવાલેજી. મુ.

તિહાં પ્રભુ સગવીસસેં વંદોજી તી. કહે અમૃતચિર નંદોજી. મુ. –૧૨

ઢાળ – પાંચમી

(વાત કરો વેગલા રહી. વિસરામીરિ એ દેશી)

હવે હાથી પોળની બાહિરે વિસરામી રે, બે ગોખે છે જિનરાજ. નમુ શિરનામી રે.

તેહથી દક્ષિણ શ્રેણીએ વિસરામી રે, કહુ જિનઘર જિનનો સાજ નમું શિરનામી રે ૧

કુમર નરિંદે કરાવીયો વિસરામી રે, ધન ખરચી સાર વિહાર નમું શિરનામીરિ

બાવન શિખરે વંદિયે, વિસરામી રે, ત્રિહુંલોર (૭૩) જિન પરિવાર. નમું શિરનામી રે ૨

વલી ધનરાજને દેહરે, વિસરામી રે, પ્રતિમા વંદુ સાત. નમું શિરનામી રે,

વર્ધમાન શેઠને દેહરે, વિસરામી રે, પ્રતિમા સાત વિખ્યાત નમુંશિરનામી રે, ૩

શા. રવજી રાધનપુરી, વિસરામી રે, તેહનું જિન ઘર જોય. નમું શિરનામી રે,

તિહાં પન્નર જિન દીપતાં, વિસરામી રે, પ્રણમી પાતક ધોય નમું શિરનામી રે, ૪

તેહને પાસે રાજતાં વિસરામી રે, મંદિરમાં જિનવર ચાંર નમું શિરનામી રે,

તિહાંથી આગળ જોઈયે, વિસરામી રે, અદભૂત રચના સાર નમું શિરનામી રે, ૫

જગત શેઠજીએ કીધો, વિસરામી રે, ત્રિણ્ય શિખરો પ્રાસાદ નમું શિરનામી રે,

તિહાં પંદર જિન પેખતાં, વિસરામી રે, મુજ પરિણતિ હુઇ આલ્હાદ નમું શિરનામી રે ૬

પાસે ભવન જિનરાજનું , વિસરામી રે, તિહાં ષટ્પ્રતિમા ધાર નમું શિરનામી રે,

મૂર્ચ્છા ઉતારી ક્યિું, વિસરામી રે, તે હીર બાઇએ સાર નમું શિરનામી રે, ૭

કુઅરજી લાધાતણું વિસરામી રે, દીપે દેવલ ખાસ. નમું શિરનામી રે,

તેત્રીસ જિનસું થાપિયા વિસરામી રે, સહસ્ર ફણાશ્રી પાસ નમું શિરનામી રે, ૮

વિમળ વસહી ચૈત્ય છે. વિસરામી રે, જુઓ ભુલામણીમાં ચાર નમું શિરનામી રે,

વલી ભમતી ચોમુખી બેમલી વિસરામી રે, તિહાં એકાશી જિન નિરધાર નમું શિરનામી રે, ૯

નેમીસર ચૌરી જીહાં, વિસરામી રે, તિહાં એકસોસિત્તેર દેવ. નમું શિરનામી રે,

મૂલનાયક શું વંદિયે, વિસરામી રે, લોક નાલ તતખેવ.નમું શિરનામી રે, ૧૦

વિમલ વસહી પાસે અછે. વસરામી રે, દેહરાં દોય નિહાલ.નમું શિરનામી રે,

પ્રતિમા આઠ જુહારીએ વિસરામી રે, આતમ કરી ઉજમાલ નમું શિરનામી રે, શિરનામી રે, ૧૧

પુણ્ય પાપનું પારખું. વિસરામી રે, કરવાને ગુણવંત. નમું શિરનામી રે,

મોક્ષ બારી નામેં અછે. વિસરામી રે, તિહાં પેસી નિકસો સંત નમું શિરનામી રે, ૧૨

તીરથની ચોકી કરે, વિસરામી રે, વળી સંઘ તણી રખવાલ નમું શિરનામી રે,

કરમાશાહે થાપીઆ (સં–૧૫૮૭) વિસરામી રે, સહુ વિઘન કરે વિસરાલ નમું શિરનામી રે, ૧૩

સઘલે અંગે શોભતાં વિસરામી રે, ભૂષણ ઝાક ઝમાલ નમું શિરનામી રે,

ચરણાં ચોલી પહેરણે, વિસરામી રે, સોહે ઘાટડી લાલ ગુલાલ નમું શિરનામી રે., ૧૪

ચતુરભુજ ચક્રેશ્વરી, વિસરામી રે, તેહના પ્રણમી પ્રાય નમું શિરનામી રે,

ક્ર સકલ સંઘ ઓળગ કરે., વિસરામી રે, બુધ અમૃત ભર ગુણગાય નમું શિરનામી રે, ૧૫

ઢાળ – છટ્ઠી

(ભવિ તુમે વંદોરે, શંખેશ્વર જિનરાય – એ દેશી)

ભવિ તુમે સેવો રે, એ જિનવર ઉપગારી;

કો નહિ એહવોરે, તીરથમાં અધિકારી. (એ આંકણી)

હાથી પોલથી ઉત્તર શ્રેણિ, જિનઘર જિનજી છાજે;

સમોસરણ સુંદર છે તેહમાં, પ્રતિમા ચ્યાર વિરાજે, ભવિ – ૧

સમોસરણ પછવાડે દેહરી, આઠે અનોપમ સોહે;

વીસ જિનેસર તેહમાં બેઠા, ભવિયણનાં મન મોહે. ભવિ – ૨

રતનસીંઘ ભંડારી જોગે, કીધું દેવલ ખાસ;

તિહાં જિનચ્યાર સંઘાતે થાપ્યાં, વિજય ચિંતામણ પાસ; ભવિ – ૩

તેહીની પાસે ચ્યાર છે દેહરી, તિહાં જિન પડિમા વીસ;

પ્રેમજી વેલજી સાહનેં દેહરે, પ્રણમું પાંચ જગીસ, ભવિ – ૪

નથમલ આણંદજીએ કીધું, જિનમંદિર સુવિલાસ;

તિહાં જઇ પાંચ જિણેસર ભેટેં, ભેટિ ભવજંજાલ, ભવિ – ૫

વધુસા પટણીને દેહરે, અષ્ટાદશ જિનરાય;

પાસે દેહરી ચિનાઇ બિંબની, દેશ બંગલા કહીયા, ભવિ– ૬

ફ આ તીર્થમાલામાં જ્યાં આપણે બીજું શાંતિનાથ પ્રભુનું ચૈત્યવંદન કરીયે છીયે તે મંદિર દમણવાલા હિરાચંદ રાયકરણે કરેલું છે. તેનું વર્ણન આમાં નથી. આ સ્તવન – ૧૮૪૦– માં બનેલ છે. જ્યારે આ મંદિર – ૧૮૬૦– માં બનેલ છે. માટે

અતિ અદભુત જિનમંદિર રૂડું, લાધા વોહરા કેરું,

તિહાં સત્તર જિનપડિમા વંદે, તેહનું ભાગ્ય ભલેરું ભવિ – ૭

સા મીઠાચંદ લાધા જાણું, પાટણ શહેરના વાસી;

જિનમંદિર સુંદર કરી પડિમા, પાંચ ઠવી છે ખાસી, ભવિ – ૮

મુણોત જયમલજીને દેહરે, ચોમુખ જઇને જુહારૂં;

પ્રતિમા ઘેય દિગંબર ભવને, નિરખી ભાખ્યું સારૂં, ભવિ – ૯

રીખભ મોદીએ પ્રાસાદ કરાવ્યો, તિહાં દશ પડિમા વંદી;

રાજસી સાહના દેહરામાંહી,ભેટ્યા સાત જિણંદિ; ભવિ –૧૦

તીરથ સંઘતણો રખવાલો, યક્ષ કપરદી કહીએ;

બીજી માત ચક્કેસરીવંદી, સુખ સંપત્તિ સહુ લહીએ. ભવિ – ૧૧

નાહનાં મોહટાં ભવન મલીને, બેહતાલીસ અવધારો;

સંખ્યાએ જિનજીની પડિમા, પાંચસેં સોલ જુહારો, ભવિ – ૧૨

ઈણિપરે સઘલાં ચૈત્ય નમીને, નાહી સુરજ કુંડ;

જયણાએ શુચિ અંગ કરીને, પહેરો વસ્ત્ર અખંડ, ભવિ –૧૩

વિધિ પૂર્વક સામગ્રી મેલી, બહુ ઉપચાર સંઘાતે;

નાભિનંદન પૂજી સહુ પૂજો, જિનગુણ અમૃત ગાવેં. ભવિ – ૧૪

(ઈતિ પ્રથમ ટુંકની પ્રતિમાની સંખ્યા કહી)

ઢાળ – સાતમી.

(ભરત નૃપ ભાવસ્યુંએ– એ દેશી)

બીજી ટુંક જુહારીએ, પાવડીએં ચઢી જોઈ; નમો ગિરિરાજનેં એ (આકણી)

પહેલાં તે અદબુદ દેખીનેરે, મુજમન અચરિજ હોય. નમો – ૧

તિહાંથી આગલ ચાલતાંએ, દેહરી એક નિહાલ; નમો

તેહ ઠામેજઈ વંદીએંએ, જિનજી દોય નિહાલ. નમો – ૨

સંઘવી પ્રેમચંદે કર્યોએ, જિનમંદિર સુખકાર નમો.

સર્વતોભદ્ર પ્રાસાદમાંએ, બિંબ નવાણું સાર નમો – ૩

હેમચંદ લવજીએં કર્યોએ, દેહરો તિહાં શુભભાવ. નમો.

બિંબ પચવીસ વંદીએ એ, ભવોદધિ તારણ નાવ. નમો – ૪

આગળ પાંડવ વંદીએએ, પાંચ રહ્યા કાઉસ્સગ્ગ. નમો.

કુંતામાતા દ્રૌપદીએ, ગુણમણિનાં તે વગ્ગ. નમો – ૫

ખરતર વસહીની બારીએં એ, પહિલું શાંતિ ભવન્ન. નમો.

સિત્તર જિનને વંદીએંએ, ચોવીસ વટટા ત્રણ્ય. નમો – ૬

પાસેં પાસ જિણેસરૂએ, બેઠા ભવન મઝાર ; નમો.

ચોવીસવટો એક તેહમાં એ, સાધુ મુદ્રા ધ્યેય ધાર, નમો – ૭

તેહમાં નંદીસર થાપનાએ, બાવન જિન પરિવાર; નમો.

અવિધિ આશાતના ટાલીનેએ, બિંબ ઉગણ્યાસી જુહાર નમો– ૮

એક જિનઘરમાં થાપીયાએ, સીમંધર જિનરાય ; નમો.

પ્રતિમા ચ્યારસું વંદીએં એ, પરિણતિ શુદ્ધ ઠરાય. નમો – ૯

ત્રિણ જિનરાજસ્યું ભવનમાંએ, બેઠાં શ્રી અજિતજિણંદ; નમો.

પાસે માત ચક્રેસરી એ, અષ્ટભુજા તે અમંદ. નમો–૧૦

છુટા ચોમુખ તેહની એ, પ્રતિમા વંદે બાર; નમો.

રાયણતલેં ચઉ પાદુકાએ, તિહાં એક પડિમાસાર; નમો – ૧૧

ગણધર–પાદુકા વંદિએં એ, ચઉદશયાં બાવન્ન; નમો.

પાસે બે દેહરી દીપતીએ, કીધી ધન તે જન્ન, નમો – ૧૨

સા હેમચંદ શિખર તણોએ, ભવનમાં ત્રિણ્ય જિનરાજ, નમો..

પ્રણમીએ પાસ જિનેસરૂ એ, એક દેહરે સિરતાજ. નમો – ૧૩

આંમણ સાહમાં છે દેહરાએ, શ્રી શાંતિનાથનાં ધ્યેય. નમો.

એકમાં સાહિબ ત્રણ્યનમુંએ, બીજેં પંચાસ તું જોય નમો – ૧૪

મૂલ કોટમાંહિ દક્ષિણ દિસેએ, દેહરી ત્રણ્ય છે જોડ; નમો.

તિહાં ખટ પ્રતિમા વંદિએ એ, કહે અમૃત મદમોડ, નમો – ૧૫

ઢાળ – આઠમી

(એ તો ગેહલો છે ગિરધારીજી, એહને સ્યુંક લિએં – એ દેશી)

ઉત્તર પુરવ વિચલેં ભાગેં, દેહરિ ત્રણ સોહાવે રે,

હરખીને તે થાનક ફરસેં, વરસિ સમતા ભાવે

એહને સેવોને હરિ તુમ્હે સેવો સહુ નર નાર એ.

એતો મેવો ઇણેં સંસારએ, એતો ભવજલ તારણહાર એ. – ૧ –

તેહમાં થાવચ્ચાસુત સેલગ – સૂરિ પ્રમુખ સુખદાયરિ

ઇણગિરિ સિદ્ધા તેહનાં પગલાં, વંદૂ સહસ અઢાઇ એ. – ૨

પાસે વિહાર ઉત્તંગ વિરાજે, રંગ મંડપ દિસી ચ્યારરે;

શેઠ સવા–સોમજીએ કરાવ્યો, ખરચી વિત્ત ઉદાર. એ. – ૩

અનંત અતુષ્ટય ગુણ નિપજયાથી, સરિખા ચ્યારે રૂપેરે;

પરમેશ્વર શુભ સમે થાપ્યા, ચ્યારે દિશાએ અનુપ. એ. – ૪

તે મૂલનાયક રીખભ જિનેશ્વર, બીજા જિન ત્રેતાલ રે;

શુદ્ધ નિમિત્ત કારણ લહી એહવા, હું પ્રણમું ત્રિણ્યકાલ એ. – ૫

ઉપર ચોમુખ છવીસ જિનસ્યું, દેખી દુરિત નિકંદું રે;

ચોવીસ વટ્ટો એક મલિને, ચોપન પ્રતિમા વંદું રે. એ.– ૬

સાહમાપુંડરીક સ્વામી બેઠાં, પુંડરીક વરણા રાજે રે;

તસપદ વંદી બાહર દેહરી, તેહમાં શુભ વિરાજે રે; એ. – ૭

રીખલ પ્રભુનેં પુત્ર નવ્વાણું, આઠ ભરત સુત સંગે રે;

એકસો આઠ સમય એક સિદ્ધા, પ્રણમું તસપદરંગે. એ. – ૮

ફરતી ભમતિમાંહિ પ્રતિમા, એકસોને છત્રીશરે.

તેહમાં ચોવીશ વટ્ટા સાથે, એકસોસાઠ જગીશ રે. એ. – ૯

પોલ બાહિર મરુદેવી ટુંકે, ચોમુખ એક પ્રસિદ્ધો રે;

ધનવેલ બાઈએ નિજધન ખરચી, નરભવ સફલો કીધો, એ. –૧૦

પશ્ચિમને મુખ સાહમા સોહે, દેવલમાં મનોહારીરે;

ગજવર ખંધે બેઠાં આઇ, તીરથના અધિકારી. એ. – ૧૧

સંપ્રતિરાયે ભવન કરાવ્યું, ઉત્તર સન્મુખ સોહેરે;

તેહમાં અચિરાનંદન નિરખી, કહે અમૃત મન મોહે રે. એ. – ૧૨

ઢાળ – નવમી

(આઠ કૂઆ નવ વાવડી – એ દેશી)

હવે છિપાવસહીમાં વાહલા, તુમે ચાલો ચેતન લાલારાજ; આજ સફલ દિન એ રૂડે. (આંકણી)

જિનમંદિર જિન મુરત ભેટો,ભવભવનાં પાતિક મેટો રાજ. આ – ૧ –

તિહાં પાંચ ગભારે જઇ અટકલિયા, માનુ પાંચ પરમેષ્ઠી મલિયા.

રાયણતલે પગલાં સુખદાઇ, તિહાં રીખભ પ્રભુનેં ગાઇ રાજ આ– ૨ –

નેમિ જિણેસર સીસ પ્રવીણ, નંદિખેણ નવિના રાજ આ.

શ્રી શત્રુંજય ભેટણ આવ્યા, તિહાં અજિત શાંતિ ગુણ ગાયા રાજ. આ. – ૩ –

તેહ તવન (સ્તવન) મહિમાથી જોડે, બીહું જિનવર વંદ્યા કોડે. રાજ. આ.

તેહ મંદિર બે જોડે નિરખી, મેં ભેટયા બેહું જિન હરખી રાજ. આ.– ૪ –

નયર ડબોહી તણો જે વાસી, મનુપારખ ધર્મ અભ્યાસી. રાજ. આ.

તિણે જિન મંદિર કીધું સારું, તિહાં ત્રણ્ય પ્રતિમાને જુહારું રાજ. આ – ૫ –

એક ભવનમાં ત્રિણ્ય જિનરાજે , બીજામાં નેમ વિરાજે. રાજ. આ.

દેવલ એક દેખી દૂરિત નિકંદું, તિહાં પાસ પ્રભુને વંદું. રાજ. આ. – ૬ –

બાવન દેહરી પાછલ ફરતી, જિનમંદિર શોભા કરતી. રાજ. આ.

તેહમાં અજિત જિણેસર રાયા, મેં પ્રણમીનેં ગુણ ગાયા રાજ. આ – ૭ –

નાનાં મોટાં ભવન નિહાલી , સગતીસ ગણ્યાં સંભાલી. રાજ. આ.

સંખ્યાએ જિનપ્રતિમા ભણિએં, પાંચસ્યેં નવ્યાસી ગણિએ. રાજ. આ. – ૮

એ તીરથમાલા સુવિચ્યારી, તુમેં જાત્રા કરો હિતકારી. રાજ. આ.

દર્શન પૂજા સફલિ થાએં ,શુભ અમૃત ભાવે ગાયેં રાજ આ. – ૯ –

ઢાળ – દશમી

(મુને સંભવ જિનશું પ્રીત – અવિહડ લાગીરિ. એ દેશી)

તુમે સિદ્ધ ગિરિનાં બેહું ટુક જોઇ જુહારો રે,

તુમે ભૂલ અનાદિની મુક્યએ ભવે વારો રે;

તુમે ધરમી જીવસંઘાત, પરિણતિ રંગે રે,

તુમે કરજો જાત્રા સનાથ, સુવિહિત સંગે રે, – ૧ –

વાવર જ્યો એકવાર, સચિત્ત સહુ ટાલો રે,

કરી પડિક્કમણાં દોયવાર, પાપ પખાલોરે,

તુમે ધરજ્યો સિલસિંગાર, ભૂમિ સંથારો રે,

અલુઆણે પાય સંચાર, છ હરી પાલો રે, – ૨ –

ઇમ સુણી આગમરીત, હિયડેં ધરજ્યો રે,

કરી સદ્દહણા પરતિત, તીરથ કરજ્યો રે,

આ દુ:સમ કાલેં જોય, વિઘન ઘણેરાં રે, કીધું તે સીધું સોય , સ્યું છે સવેરા રે; – ૩ –

એ હિતશિક્ષા જાણ, સુગુણા હરખો રે,

વલી તીરથના અહિઠાણ, આગે નિરખો રે.

દેવકીના ખટનંદ, નમી અનુસરિએરે;

આતમ શક્તે અમંદ, પ્રદક્ષાણા ફરિએરે, – ૪ –

પહેલી ઉલખાઝોલ , ભરિ તે જલસું રે,

કેશરના ઝબકોલ, નમાણનાં રસસ્યું રે,

પૂજે ઈન્દ્ર અમૂલ, રયણ પડિમાને રે,

તે જલ આંખ્ય કપોલ, ઠવો સિર ઠામરે. – ૫ –

આગલ દેહરી દોય, સમીપે જાઉ રે,

તિહાં પ્રતિમા પગલાં દોય, નમી ગુણ ગાઉ રે

વલી ચિલ્લાણ તલાવડી દેખી, મનમાં ધારૂં રે,

તિહાં સિદ્ધસિલા સંખેપ , ગુણી સંભારૂં રે, –૬–

ભાડવે ભવિયાણ વૃંદ, આપણ જાસ્યું રે,

જે થાનક અજિતજિણંદ, રહ્યા ચોમાસું રે,

સંબ મુનિ પરજુન્ન, થયા અવિનાશી રે.

તે ધન્ય કૃતારથ પૂન્ય, થુણે ગુણ રાશી રે. – ૭ –

હું તો સિદ્ધવડ પગલાં સાધ, નમું હિત કાજે રે,

ઈહાં સિવ સુખ કીધું હાથ, બહુ મુનિરાજે રે,

ઈમ ચઢતાં ચ્યારે પાજ, ચઉગતિ વારે રે;

એ તીરથ જગત-જીહાજ, ભવજલ તારે રે. – ૮ –

જે જગતીરથ સંત, તે સહૂ કરિએ રે,

પણ એ ગિરિ ભેટે અનંત, ગુણફલ વરિએ રે,

પુંડરાદિકનાં નામ, એકવીસ લીજે રે,

જિમ મન વંછિત કામ, સઘલાં સીજે રે. – ૯ –

કરીયે પંચ સનાત્ર, રાયણ આદે રે,

તિમ રૂડી રથયાત્રા, પ્રભુ પ્રસાદે રે,

વલી નવાણું વાર, પ્રદક્ષિણા કરિએ રે,

સ્વસ્તિક દીપક સાર, તે જે કરિએ રે. – ૧૦–

પૂજા વિવિધ પ્રકાર, નૃત્ય બનાવો રે,

ઈમ સફલ કરી અવતાર, ગુણી ગુણગાવો રે;

નિજ અનુસારે શક્તિ, તીરથ સંગેરે,

તુમે સાધુ સાહમ્મી ભક્તિ , કરજ્યો રંગે રે. – ૧૧ –

પાલીતાણું ધન્ય, ધન્ય તે પ્રાણી રે,

જિહાં તીરથ વાસિજન્ન, પુન્ય કમાણી રે,

પ્રહ ઉગમતે સુર, રીખભજી ભેટો રે,

કરી દસ ત્રિક આણાપુર, પાપ સમેટો રે. – ૧૨ –

જિહાં લલિતાસર પાલ, નમી પ્રભુ પગલાં રે,

ડુંગર ભણી ઉજમાલ, ભરિએ ડગલાં રે,

વિચમાં ભૂખણ વાવ્ય, જોઈને ચાલો રે,

તુમ્હે ગુણગાતાં શુભ ભાવ, સાથે મહાલો રે, – ૧૩ –

તુમ્હે ધૂપધટી કરમાંહિ, ઝુલા દેતારે,

વડની છાયા માંહિ, તાલિ લેતારે,

આવી તલેટી ઠાણ, તનુ સુચિ કરીએ રે,

પુરવ રીત પ્રમાણ, પછે પરિવરીએ રે, – ૧૪ –

ઇણિ પરિ તીરથમાલ, ભાવે ભણસ્યે રે,

જિણે દીઠું નયન નીહાલ, વિશેષે સુણસ્યે રે

લહસે મંગલમાલ, કઠે જે ધરસ્યે રે,

વલિ સુખ સંપત્તિ સુવિશાલ, મહોદય વરસ્યેરે. – ૧૫ –

તપગચ્છ ગયણ દિણંદ, રૂપે છાજેરે,

શ્રી વિજય દેવ સૂરીંદ, અધિક દીવાજે રે,

રત્ન વિજય તસ સીષ, પંડિત રાયા રે,

ગુરુરાજ વિવેક જગીસ, તાસ પસાયા રે, – ૧૬ –

કીધો એહ અભ્યાસ, અઢાર ચ્યાલીસે રે,

ઉજલ ફાગણમાસ, તેરસ દિવસે રે,

શ્રી વિમલાચલ ચિત્ત, ધરી ગુણ ગાયારે,

કહે અમૃત ભવિયણ નીત, નમો ગિરિરાયા રે. – ૧૭ –

કલશ

ઈમ તીરથમાલા ગુણહ વિશાલા, વિમલ ગિરિવર રાજની,

કહી સ્વપરહેતેં પુણ્યસકેતેં, એહ જિનધર સાજની,

તપગચ્છ ગયણ દિણંદ ગણધર, વિજય જિણંદ સૂરીશ્વરો.

રચી તાસરાજે પુણ્યસાજે, અમૃતરંગ સુહંકરૂં . – ૧૮ –

(આ તીર્થમાલા સ્તવન–વિ. સં–૧૮૪૦– માં રચેલું છે. આજથી ૨૦૪ વર્ષ પહેલાં એટલે તે પછી બનેલી ધનવસી ટૂંક, પ્રેમચંદ મોદીની ટૂંક, હેમાવસહી, મોતીશાહ શેઠની ટૂંક , શાંતિનાથ ભવગવાનનું દેરાસર, બાલાભાઈની ટૂંક, કેશવજી નાયકની ટૂંક વગેરે જે નવા દેરાસર બન્યા હતાં. તેની આમાં નોંધ નથી. ૨૦૪– વર્ષ પહેલાં જે જે દેરાસરો હતા તે બધાનું પ્રતિમાજી સહિતનું વર્ણન આ તીર્થમાલામાં આપવામાં આવ્યું છે.)

શ્રી શત્રુંજય ઉદ્ધાર રાસ શ્રી સિદ્ધાચલજીનો ઉદ્ધાર

(શ્રી – નય – સુંદરજી – કૃત)

વિમલ ગિરિવર વિમલ ગિરિવર મંડણો જિનરાય,

શ્રી રિસહેસર પાય નમીને ધરીયે ધ્યાન શારદા દેવીય,

શ્રી સિદ્ધાચલ ગાયશુંએ, હૈડે ભાવ નિર્મળ ધરેવિય,

શ્રી શત્રુંજયગિરિ તીરથ વડો, સિદ્ધ અનંતી કોડી,

જીહાં મુનિવર મુક્તે ગયા, વંદુ બે કર જોડી,

ઢાલ – પહેલી

બે કર જોડીને જીનપાય લાગુ, સરસ્વતી પાસે વચનરસ માંગું

શ્રી શત્રુંજય –ગિરિ તીરથ સાર, થુણવા ઉલટ થયો રે અપાર,

તીરથ નહિ કોઇ શત્રુંજય તોલે, અનંત તીર્થંકર એણીપરે બોલે,

ગુરૂમુખ શાાસ્ત્રનો લહિય વિચાર, વર્ણવું શેત્રુંજા તીરથ ઉદ્ધાર,

સુરવર માંહિ વડો જિમ ઇન્દ્ર, ગ્રહગણ માંહિ વડો જિમ ચંદ્ર,

મંત્ર માંહિ જેમ શ્રી નવકાર, જલદાયક જીમ જલધાર,

ધર્મમાંહિ દયાધર્મ વખાણું, વ્રતમાંહિ જેમ બ્રહ્મવ્રત હોઇ,

પર્વતમાંહિ વડો મેરૂ હોઇ, તેમ શત્રુંજય સમ તીર્થ ન કોઇ.

ઢાલ – બીજી

આગે એ આદિ જિનેસર, નાભિ – નરિંદ મલ્હાર,

શત્રુંજય શિખર સમોસર્યા, પૂર્વ નવ્વાણું એ વાર – ૧ –

કેવળજ્ઞાન દિવાકર સ્વામી, શ્રી ઋષભ જિણંદ,

સાથે ચોરાશી ગણધર, સહસ ચોરાશી મુણિંદ – ૨ –

બહુ પરિવારે પરવર્યા, શ્રી શત્રુંજય એકવાર,

ઋષભ જિણંદ સમોસર્યા, મહિમાનો ન લહુ પાર – ૩ –

સુરનર કોડી મલ્યા તિહાં, ધર્મ દેશના જિન ભાષે,

પુંડરીક ગણધર આગલે, શત્રુંજય મહિમા પ્રકાશે, – ૪ –

સાંભળો પુંડરીક ગણધર, કાલ અનાદિ અનંત,

એ તીરથ છે શાશ્વતુ – આગે અસંખ્ય અરિહંત. – ૫ –

ગણધર મુનિવર કેવલ, પામ્યા અનંતી કોડી,

મુક્તે ગયા ઇણ તીરથવળી, જાશે કર્મ વિછોડી, – ૬ –

ક્રૂર જે જગ જીવડા, તિર્યંચ પંખી કહીજે,

એ તીરથ સેવ્યા થકી, તે સીઝે ભવ ત્રીજે, – ૭ –

દીઠે દુર્ગતિ વારે એ, સારે વાંછિત કાજ,

સેવ્યો એ શત્રુંજયગિરિ, આપે અવિચલરાજ, – ૮ –

ઢાલ - ત્રીજી

(રાગ-ધના શ્રી)

ઉત્સર્પિણી અવસર્પિણી આરા, બિહું મલીને બારજી,

વીશ કોડા કોડી સાગર તેહનું, માન કહ્યું નિરધારજી. – ૧ –

પહેલો આરો સુસમ સુસમા, સાગર કોડી કોડી ચારજી,

ત્યારે એ શત્રુંજય ગિરિવર, એંશી જોયણ અવધારજી – ૨ –

ત્રણ ક્રોડા ક્રોડી સાગર આરો, બીજો સુસમ નામજી,

તદાકાલે શ્રી સિદ્ધાચલ, સીત્તેર જોયણ અભિરામ જી, – ૩ –

ત્રીજો સુસમ દુષમ આરો, સાગર ક્રોડા ક્રોડી દોયજી,

સાઠ જોયણનું માન શત્રુંજય, તદા કાલે તું જોયજી. – ૪ –

ચોથો દુષમ સુષમ જાણો, પાંચમો દુષમ આરોજી,

છઠ્ઠો દુષમ દુષમ કહીજે, એ ત્રણે થઈને વિચારો જી, – ૫ –

એક ક્રોડા ક્રોડી સાગર કેરૂં, એહનું કહીએ માનજી,

ચારે આરે શ્રી શત્રુંજયગિરિ, પચાસ જોયણ પ્રધાન જી, – ૬ –

પાંચમે છઠ્ઠે એકવીશ–એકવીશ – સહસ્ર વરસ વખાણોજી.

બાર જોયણને સાત હાથનો, તદા વિમલગિરિ જાણો જી – ૭ –

તેહ ભણી સદાકાલ એ તીરથ, શાશ્વતુ જિનવર બોલેજી,

ઋષભદેવ કહે પુંડરીક નિસુણો, નહિ કોઇ શત્રુંજય તોલેજી – ૮ –

જ્ઞાન અને નિર્વાણ મહાજશ, લેશો તુમ ઇણ ઠામેજી

એહ તીરથ મહિમા ઇણ જગે, પ્રગટ હોશે તુમ નામજી – ૯ –

ઢાળ – ચોથી

(જિનવરશું મેરો મનલીનોએ – એ દેશી)

સાંભળી જિનવર મુખથી સાચુ, પુંડરીક ગણધાર રે;

પંચકોડી મુનિવરશું ઈણગિરિ, અણસણ કીધ ઉદાર રે – ૧ –

નમોરે નમો શ્રી શત્રુંજય ગિરિવર, સકલ તીર્થમાંહે સાર રે,

દીઠે દુર્ગતિ દૂર નિવારે, ઉતારે ભવ પાર રે, નમો રે. – ૨ –

કેવલ લહી ચૈત્રી પૂનમ દીન , પામ્યા મુક્તિ સુઠામરે,

તદાકાલથી પૃથ્વીમાં પ્રગટયું, પુંડરીકગિરિ નામરે – નમો રે – ૩ –

નયરી અયોધ્યાથી વિચરતાં પહોતા, તાતજી ઋષભ જિણંદરે,

સાઠ સહસ્સ વર્ષે ષટ્‌ખંડ સાધી, આવ્યા ભરત નરિંદ્રરે–નમો રે – ૪ –

ઘરે જઇ માઈને પાય લાગ્યા, જનની દીયે આશીષ રે,

વિમલાચલ સંઘાધિપ કેરી, પહોંચજો પુત્ર જગીશરે – નમો રે – ૫ –

ભરત વિમાસે સાઠ સહસ્સવર્ષ, સાધ્યા દેશ અનેક રે,

હવે હું તાત પ્રત્યે જઇ પૂછું, સંઘપતિ તિલક વિવેક રે – ૬ –

સમવસરણે પહોતા ભરતેશ્વર, વંદી પ્રભુના પાયરે,

ઈન્દ્રાદિક સુરનર બહુમલિયાં, દેશના દે જિનરાય રે –નમો રે – ૭ –

શત્રુંજય સંઘાધિપ યાત્રાફળ, ભાખે શ્રી ભગવંત રે,

તવ ભરતેશ્વર કરે રે સજાઇ, જાણી લાભ અનંત રે, નમો રે – ૮ –

ઢાળ – પાંચમી

(રાગ – ધના શ્રી – કનક કમલ પગલાં ઠવે એ)

નયરી અયોધ્યાથી સંચર્યા એ,

લેઇ લેઇ રિદ્ધિ અશેષ, ભરતનૃપ ભાવશું એ

શત્રુંજય યાત્રા રંગ ભરેએ, આવે આવે ઉલટ અંગ – ભરત –૧ –

આવે આવે ઋષભનો પુત્ર – વિમગિરિ યાત્રાએ એ,

લાવે લાવે ચક્રવર્તીની ઋદ્ધિ ભરત,

મંડલિક મુકુટબદ્ધ ઘણાંએ, બત્રીસ સહસ નરેશ. – ભરત –૨ –

ઠમ ઠમ વાજે છંદશુંએ, લાખ ચોરાશી નિશાન,

લાખ ચોરાશી ગજતુરી એ, રત્ને જડીતં પલાણ, – ભરત –૩ –

લાખ ચોરાશી રથ ભલાએ, વૃક્ષભ ધોરી સુકુમાલ,

ચરણે ઝાંઝર સોના તણાએ, કોટે સોવન ઘુઘરમાળ – ભરત –૪ –

(મોહનરૂપ દિશે ભલાએ, સવાકોટી પુત્ર જમાવ, ભરત –)

બત્રીસ સહસ નાટક સહીએ, ત્રણ લાખ મંત્રી દક્ષ,

દીવીધરા પંચ લાખ ક્ષા એ, સોલ સહસ સેવા કરે યક્ષ, ભરત –૫ –

દશ કોટી અલંબ ધજાધરાએ, પાયક છન્નું કોડી,

ચોસઠ સહસ અંતે ઉરીએ, રૂપે સરખી જોડી –ભરત –૬ –

એક લાખ સહસ અઠ્ઠાવીશ એ, વારાંગના રૂપની આલી,

શેષ તુરંગમ સવી મલી એ, કોડી અઢાર નિહાલિ. ભરત –૭–

ત્રણ કોડી સાથે વ્યાપારીયાએ, બત્રીસ ક્રોડી સુઆર (સુથાર)

શેટ સાથૂવાહ સામટાએ, રાય રાણાનો નહીં પાર, –ભરત –૮–

નવનિધિ ચૌદ રણશુંએ લીધો લીધો સવિ પરિવાર,

સંઘપતિ તિલક સોહામણું એ, ભાલે ધરાવ્યું સાર, ભરત –૯–

પગ પગ કર્મ નિકંદતાએ, આવ્યા આવ્યા આસન્ન જામ,

ગિરિ દેખી લોચન ઠર્યા એ, ધન ધન શત્રુંજય નામ. ભરત –૧૦–

સોવનકુલ મુક્તાફળે એ, વધાવ્યો ગિરિરાજ

દીએ પ્રદક્ષિણા પાગથીએ, સિધ્યાં સઘળા કાજ – ભરત –૧૧–

ઢાળ છઠ્ઠી

(પ્રભુ પાસનું મુખડું જોવા - એ દેશી)

કાજ સિધ્યાં સકળ હવે સાર, ગિરિ દીઠે હર્ષ અપાર;

એ ગિરિવર દરિસણ જેહ, યાત્રા પણ કહી તેહ. – ૧ –

સૂરજકુંડ નદી શેત્રુંજી, તીરથ જલે નાહ્યા રંજી;

રાયણતળે ઋષભ જિણંદ, પહેલાં પગલાં પૂજે નરિંદ – ૨ –

વળી ઇન્દ્રવચન મન આણી, શ્રી ઋષભનું તીર્થ જાણી;

તવ ચક્રી ભરત નરેશ, વાર્ધકીને દીયે આદેશ; – ૩ –

તેણે શેત્રુંજા ઉપર ચંગ, સોવન પ્રાસાદ ઉત્તુંગ;

નીપાયો અતિ મનોહાર, એક ક્રોશ ઉંચો ચઉબાર – ૪ –

ગાઉ દોઢ વિસ્તારે કહીએ, સહસ્સ ધનુષ પહોળો લઇએ;

એકે કે બારણે જોઇ, મંડપ એકવીશ હોઇ; – ૫ –

એમ ચિહું દિશે ચોરાશી, મંડપ રચિયા સુપ્રકાશી,

તિહાં રત્નમય તોરણમાલ, દીસે અતિ ઝાકળમાળ –૬ –

વિચે ચિહું દિશે મૂલ ગંભારે, સ્થાપી જિન પ્રતિમા ચારે,

મણિમય મૂર્તિ સુખકંદ, સ્થાપી શ્રી આદિ જિણંદ –૭ –

ગણધર વર પુંડરીકેરી, બિહું પાસે મૂર્તિ ભલેરી,

આદિજિન મૂર્તિ કાસ્સગ્ગીયા, નમી વિનમી બે પાસે ઠવીયા – ૮ –

માણી – સોવન –રૂપ – પ્રાકાર, રચી સમવસરણ સુવિચાર,

ચઉદિશે ચઉધર્મ કહંત, સ્થાપી મૂર્તિ શ્રી ભગવંત – ૯ –

ભરતેસર જોડી હાથ – મૂર્તિ આગળ જગનાથ,

રાયણ તળે જમણે પાસે, પ્રભુ પગલાં સ્થાપ્યા ઉલ્લાસે – ૧૦ –

શ્રી નાભી અને મરૂ દેવી, પ્રાસાદ શું મૂર્તિ કરેવી,

ગજવર ખંધે લઇ મુક્તિ, કીધી આઇની મૂર્તિ ભક્તે , –૧૧ –

સુનંદા- સુમંગલા માતા, બ્રાહ્મી સુંદરી બહેન વિખ્યાતા,

વળી ભાઇ નવ્વાણું પ્રસિદ્ધ, સવિ મૂર્તિ મણીમય કીધ – ૧૨ –

નીપાઇ તીરથ માલ, સુપ્રતિષ્ઠા કરાવી વિશાળ,

યક્ષ ગૌમુખ ચક્રેશ્વરી દેવી, તીરથ રખવાળ ઠવેવી, – ૧૩ –

ઇમ પ્રથમ ઉદ્ધારજ કીધો, ભરતે ત્રીભુવન જસ લીધો,

ઇન્દ્રાદિક કીર્તિ બોલે, નહિ કોઇ ભરત નૃપ તોલે, – ૧૪ –

શત્રુંજય માહત્મ્ય માંહી, અધિકાર જો જો ઉત્સાહી,

જિન પ્રતિમા જિનવર સરખી, સદ્‌હો સૂત્ર ઉવવાઇ નિરખી –૧૫ –

વસ્તુછંદ : – ભરતે કીધો ભરતે કીધો પ્રથમ ઉદ્ધાર,

ત્રિભુવન કીર્તિ વિસ્તરી, ચંદ સૂરજ લગે નામ રાખ્યું

તેણે સમય સંઘ પતિ કેટલા હુઆ, સો ઇમ શાસ્ત્રે ભાખ્યું –૧૬ –

કોડી નવ્વાણું નરવરા, હુવા નેવાશી લાખ,

ભરત સમયે સંઘપતિવળી, સહસ ચોર્યાશી ભાખ, – ૧૭ –

ઢાલ – સાતમી

(ચોપાઇની દેશી)

ભરતપાટે હુવા આદિત્યયશા, તસ સુત મહાયશા,

અતિબલભદ્ર અને બલવીર્ય, કીર્તિવીર્ય અને જલવીર્ય.

એ સાતે હુવા સરખી જોડી, ભરત થકી ગયા પૂર્વ છ કોડી

દંડવીર્ય આઠમે પાટે હુવો, તેણે ઉદ્ધાર કરાવ્યો નવો,

ઇંદ્ર સોઇ પ્રશંસ્યો ઘણું – નામ અજવાવ્યું પૂર્વજ તણું

ભરત– તણી પેરે સંઘવી થયો, બીજો ઉદ્ધાર તે એહનો કહ્યો.

ભરતપાટે એ આઠે વળી, ભવન આરિસામાં કેવલી

ઇણે આઠે સવિ રાખી હિત, એક ન લોપી પૂર્વજ રીત,

એકસો સાગર ગયા જિસે, ઇશાનેંદ્ર વિદેહમાં તિસે,

જિનમુખ સિદ્ધગિરિ સુણી વિચાર, તેણે કીધો ત્રીજો ઉદ્ધાર

એક કોડી સાગર વળી ગયા, દીઠા ચૈત્ય વિસિથિલ થયા,

માહિન્દ્ર ચોથો સુરલોકેન્દ્ર, કીધો ચોથો ઉદ્ધાર ગિરિન્દ્ર,

સાગર કોડી ગયા દશવળી, શ્રી બ્રહ્મેન્દ્ર ઘણું મનરૂલી,

શ્રી શત્રુંજયતીર્થ મનોહાર, કીધો તેણે પાંચમો ઉદ્ધાર,

એક કોડી લાખ સાગર અંતરે, ચમરેંદ્રાદીક ભવન ઉદ્ધરે,

છઠ્ઠો ઇંદ્ર ભવનપતિ તણો, એ ઉદ્ધાર વિમલગિરિ ભણે,

પચાસ કોડી લાખ સાગર તણું – આદિ – અજિત વિચે અંતર ભણું

તેહ વિચે સૂક્ષ્મ હુવા ઉદ્ધાર, તે કહેતા નવી લહિએ પાર,

હવે અજિત બીજા જિનદેવ, શત્રુંજય સેવા મિષ હેવ,

સિદ્ધક્ષેત્રે દેખી ગહગહ્યા, અજિતનાથ ચોમાસુ રહ્યાં,

ભાઇ પીતરાઇ અજિત જિનતણો, સગરનામે બીજો ચક્રીભણો,

પુત્ર મરણે પામ્યો વૈરાગ, ઈન્દ્રે પ્રીછવીયો મહાભાગ,

ઈન્દ્રવચન હૈડામહિ ધરી પુત્રમરણ ચિંતા પરિહરી,

ભરત તણી પેરે સંઘવી થયો, શત્રુંજયગિરિ યાત્રાએ ગયો,

ભરતે મણિમય બિંબ વિશાળ, કર્યા કનક પ્રાસાદ ઝમાલ,

તે દેખી મન હરખ્યો ઘણું, નામ સંભાર્યું પૂર્વજ તણું

જાણી પડતો કાળ વિશેષ, રખે વિનાશ ઉપજે રેખ,

સોવનગુફા પશ્ચિમ દિસી જિહાં, રયણ બિંબ ભંડાર્યા તિહાં,

કરી પ્રાસાદ સયલ રૂપાના, સોવન બિંબ કરી સ્થાપના,

કર્યો અજિત પ્રાસાદ ઉદાર, એહ સગર સપ્તમ ઉદ્ધાર,

પચાસ કોડી પંચાણું લાખ, ઉપર સહસ પંચોતેર ભાખ,

એટલા સઘંવી ભૂપતિ થયાં, સગર ચક્રવર્તિ વારે કહ્યાં,

વ્યંતરેન્દ્ર આઠમો સુચંગ, અભિનંદન ઉપદેશ ઉત્તંગ,

વારે શ્રી ચંદ્રપ્રભતણે, ચંદ્રશેખર સુત આદરઘણે,

ચંદ્રયશા રાજા મનરંજ, નવમો ઉદ્ધાર કર્યો શેત્રુંજ,

શ્રી શાંતિનાથ સોલમાં સ્વામી, રહ્યાં ચોમાસુ વિમલગિરિ ઠામ,

તસસુત ચક્રાયુધ રાજીયો, તેણે દશમો ઉદ્ધારજ કીયો,

કીયો શાંતિ પ્રાસાદ ઉદ્દામ, હવે દશરથ સુત રાજારામ,

એકાદશમો કર્યો ઉદ્ધાર, મુનિસુવ્રત વારે મનોહાર,

નેમિનાથ વારે જો ધાર, પાંડવ પાંચ કરે ઉદ્ધાર,

શ્રી શત્રુંજયગિરિ પુગીરલી, એ દ્વાદશમો જાણો વલી,

ઢાળ – આઠમી

(રાગ વેરાડી)

પાંડવ પાંચ પ્રગટ હુવા, ખોઇ અક્ષૌહિણી અઢારરે,

પોતાની પૃથ્વી કરી, માયને કીધો જુહાર રે

કુંતારે માતા ઇમ ભણે, વત્સ સાંભળો આપરે,

ગોત્ર નિકંદન તુમે કર્યો, તે કેમ છૂટશો પાપ રે ? કુંતા – ૧ –

પુત્ર કહે સુણો માવડી, કહો અમ સોય ઉપાય રે,

તે પાતક કીમ છુટીએ, વળતું પભણે માયરે, કુંતા – ૨ –

શ્રી શત્રુંજય તીરથ જઇ, સૂરજ કુંડે સ્નાન રે,

ઋષભજિણંદ પૂજા કરો, ધરો ભગવંતનું ધ્યાન રે કુંતા – ૩

માતા શિખામણ મનધરી, પાંડવ પાંચે તામ રે,

હત્યા પાતક છુટવા, પહોંચ્યા વિમલગિરિ ઠામરે, કુંતા – ૪ –

જિનવર ભક્તિ પૂજા કરી, કીધો બારમો ઉદ્ધાર રે,

ભવન નિપાયો કાષ્ઠમય, લેપમય પ્રતિમા સારરે, કુંતા – ૫ –

પાંડવ –વીર વચ્ચે આતરૂ, વરસ ચોરાશી સહસ્સરે,

ચિંહુસય સીત્તેરવર્ષે હુવો, વીરથી વિક્રમ નરેશ રે, કુંતા – ૬ –

ઢાલ - નવમી

(પુર્વલી - દેશી)

ધન્ય ધન્ય શત્રુંજય ગિરિવરૂ, જિહાં હુવા સિદ્ધ અનંત રે,

વળી હોશે ઇણે તીરથે, ઇમ ભાખે ભગવંત રે - ધન્ય -૧ -

વિક્રમથી એકસોને આઠે, વરસે હુવો જાવડ શાહ રે,

તેરમો ઉદ્ધાર શેત્રુંજે કર્યો, સ્થાપ્યા આદિ જિન નાહરે, -ધન્ય - ૨ -

પ્રતિમા ભરાવી રંગશું, નવા શ્રી આદિ જિણંદરે,

શ્રી શત્રુંજય શિખરે સ્થાપિયા, પ્રાસાદે નયનાનંદરે - ધન્ય - ૩ -

પાંડવ જાવડ આંતરે, પચીસકોડી મયાલરે,

લાખ પંચાણું ઉપરે, પંચોતેર સહસ્સ ભૂપાલરે - ધન્ય - ૪ -

એટલા સંઘવી હુવા હવે, ચૌદમો ઉદ્ધાર વિશાલરે,

બાર તેરોત્તેર વર્ષે કરે, મંત્રી બાહડદે શ્રીમાલ રે - ધન્ય - ૫-

પ્રતિમા ભરાવી રંગશું, નવી શ્રીઆદિ જિણંદરે,

બીજે શિખરે સ્થાપિયો, પ્રાસાદ નયનાનંદરે -ધન્ય- ૬-

બાર છ્યાસીએ મંત્રી વસ્તુપાલે, યાત્રા શત્રુંજય ગિરિસાર રે,

તીલક તોરણ શું કરે, શ્રી ગિરિનાર અવતાર રે - ધન્ય -૭-

સંવત તેર ઇકોતરે, શ્રી ઓસવંશ શણગાર રે,

શાહ સમરો દ્રવ્ય વ્યય કરે, પંચ દશમો ઉદ્ધાર રે - ધન્ય - ૮

શ્રી રત્નાકર સૂરીશ્વરૂ, વડ તપગચ્છ શણગાર રે,

સ્વામી શ્રી ઋષભજી સ્થાપિયા, સમરા શાહે ઉદાર રે, - ધન્ય - ૯

ઢાળ – દશમી

(ઉલાલાની દેશી)

જાવડ – સમરા ઉદ્ધાર, એહ વિચે ત્રણ લાખ સાર,

ઉપર સહસ્સ ચોરાશી, એટલા સમકિત વાસી – ૧ –

શ્રાવક સંઘપતિ હુવા, સત્તર સહસ્સ ભાવસાર,

ક્ષત્રી સોલ સહસ્સ જાણું, પંદર સહસ્સ વિપ્ર વખાણું – ૨ –

કુણબી બાર સહસ્સ કહીયે, લેઉઆ નવ સહસ્સ લહીયે.

પાંચ સહસ્સ પિસ્તાલીશ, એટલા કંસારા કહીશ – ૩ –

સવિ જિનમતિ ભાવ્યા, શ્રી શત્રુંજય યાત્રાએ આવ્યા

અવરની સંખ્યા નજાણું, પુસ્તક દીઠે તે વખાણું –૪ –

સાત સહસ્સ મેહર સંઘવી, જાત્રા તલહટીયે તસહવી,

બહુશ્રુત વચને એ રાચું, એ સવિ માનજો સાચું – ૫ –

ભરત સમરાશાહ અંતરે, સંઘવી અસંખ્યાત ઇણીપરે,

કેવલી વિણ કોણ જાણે ? કીમ છદ્મસ્થ વખાણે ? – ૬ –

નવલાખ બંધી બંધ કાપ્યા, નવ લાખ હેમટકા તસ આપ્યા,

તો દેશલ હમીરે અન્ન ચાખ્યું, સમરાશાહે નામ રાખ્યું – ૭ –

પંદર સત્યાશીએ પ્રધાન, દીયો બાદશાહે બહુમાન

કરમા શાહે જસ લીધો, ઉદ્ધાર સોલમો કીધો. – ૮ –

ઇણ ચોવીશએ વિમલગિરિ, વિમલવાહન નૃપ આદરી,

દુપ્પસહગુરુ ઉપદેશે, ઉદ્ધાર છેલ્લો કરશે. – ૯ –

એમ વળી જે ગુણવંત, તીરથ ઉદ્ધાર મહંત,

લક્ષ્મી લહી વ્યય કરશે, તસ બહુભવ કારજ સરશે. – ૧૦ –

ઢાળ – અગ્યારમી

(માઈ ધન્ય સુપનનું એ દેશી)

ધન્ય ધન્ય શત્રુંજયગિરિ, સિદ્ધક્ષેત્ર એ ઠામ,

કર્મક્ષય કરવા, ઘરે બેઠા જપો નામ – ૧ –

ચોવીશીએ ઇણગિરિ, નેમ વિના ત્રેવીશ,

તીરથ ભૂમિ જાણી, સમોસર્યા જગદીશ. –૨ –

પુંડરીક પંચ કોડીશું, દ્રાવિડ વારિખિલ્લ જોડ,

કાર્તિક પૂનમે સિધ્યાં, મુનિવરશું દશ કોડ – ૩ –

નમિ – વિનમી વિદ્યાધર, દોય કોડી મુનિ સંયુત,

ફાગણ સુદિ દશમી, ઇણગિરિ મોક્ષ પહુંત – ૪–

શ્રી ઋષભવંશી નૃપ, ભરત અસંખ્યાતા પાટ;

મુક્તે અને સર્વાર્થે, એહ ગિરિ શિવપુર વાટ – ૫ –

રામ મુનિ ભરતાદિક, મુનિ ત્રાણ કોડીશું એમ,

નારદ એકાણું લાખ, મુનીશ્વર સાથે તેમ – ૬ –

મુનિ સાંબ પ્રદ્યુમ્ન, સાડી આઠ કોડી સાધ,

વીશ કોડીશું પાંડવા, મુક્તિ ગયા નિરાબાધ, – ૭ –

વળી થાવચ્ચાસુત , શુક મુનિવર ઈણેઠામ,

એમ સહસ્સશું સિદ્ધ્યાં, પંચશત શૈલગ નામ – ૮ –

ઈમ સિદ્ધ્યા મુનિવર , કોડા કોડી અપાર,

વળી સિદ્ધશે ઈણગિરિ, કુણ કહી જાણે પાર – ૯ –

સાત છઠ્ઠ દોય અઠમ, ગણે એક લાખ નવકાર;

શત્રુંજય ગિરિ સેવે, તેહને દોય અવતાર – ૧૦ –

ઢાળ – બારમી

(વધાવાની દેશી)

માનવભવ મેં ભલે લહ્યો, લહ્યો તે આર્ય દેશ,

શ્રાવક કુળ લાધ્યું ભલે, જો પામ્યારે વહાલો ઋષભ જિનેશ કે.

ભેટ્યોરે ગિરિરાજ, હવે સિધ્યારે મારા વંછિત કાજ કે

મને ત્રુઠ્યો રે ત્રિભુવનપતિ, આજ કે ભેટ્યો રે,

ધન્ય ધન્ય વંશ કુલગસ્તાણો, ધન્ય ધન્ય નાભી નરિંદ;

ધન્ય ધન્ય મરુદેવા માવડી, જેણે જાયોરે વહાલો ઋષભ જિણંદ કે.

ધન્ય ધન્ય શત્રુંજય તીરથ, રાયણ રૂખ ધન્ય ધન્ય,

ધન્ય પગલાં પ્રભુજી તણાં, જે પેખી રે મોહ્યું મુજ મન કે,

ધન્ય ધન્ય તે જગ જીવડાં, જે રહેશે શત્રુંજય પાસ,

અહોનિશ ઋષભ સેવા કરે, વળી પૂજે રે મનને ઉલ્લાસ કે.

આજ સખી મુઝ આંગણે, સુરતરૂ ફળીયા સાર,

ઋષભ જિનેશ્વર વંદીયો, હવે તરીઓરે ભવજલ નિધિ પાર કે.

સોલ આડત્રીશે આસોમાસે, સુદિ તેરસ કુજવાર,

અમદાવાદ નયરમાંહે, મેં ગાયો રે શત્રુંજય ઉદ્ધાર કે.

વડ તપગચ્છ ગુરુ ગચ્છપતિ, શ્રી ધન્ન રત્ન સૂરિંદ,

તસ શિષ્ય તસપટ જયકરું, ગચ્છપતિરે અમર રત્ન સૂરિંદ કે.

વિજયમાન તસ પટધરું, શ્રી દેવરત્ન સૂરિશ,

શ્રી ધન્ન રત્ન સૂરિશનાં, શિષ્ય પંડિત ભાનુ-મેરુ ગણીશ કે,

તસ પદ કમલ ભમર ભણે, નયન સુંદર દે આશિષ,

ત્રિભુવન નાયક સેવતો,હવે પુગિરિ શ્રી સંઘ જગીશ કે.

કળશ

ઈમ ત્રિજગનાયક મુક્તિ દાયક, વિમલગિરિ મંડણ ધણી,

ઉદ્ધાર શત્રુંજય સાર, ગાયો થુણ્યો જિન ભક્તે ઘણી,

ભાનુ મેરુ પંડિત શિષ્ય, દ્યેય કર જોડી કહે નય સુંદરો,

પ્રભુ પાય સેવા નિત્ય કરેવા, દેજો દર્શન જય કરો

શ્રી આદિનાથપ્રભુને વિનંતિ રૂપ શ્રી શત્રુંજય સ્તવન

પ્રણમી સયલ જિણંદ પાય, મનોવાંછિત કામી;

સકલ તીરથનો રાજીઓ, પ્રણમું શિરનામી;

જસ દરિશન દુર્ગતિ ટળે,નાસે સવિરોગ;

સ્વજન કુટુંબ મેળો મલે, દીએ મનોવાંછિત ભોગ – ૧ –

બધા જિનેશ્વરોનાં ચરણકમલને નમીને મનનું ઇચ્છિત આપનાર જેનાં દર્શનથી દુર્ગતિ ટળે છે. જેના સેવનથી સર્વરોગો નાશ પામે છે. જેની આરાધનાથી સ્વજન અને કુટુંબનો મેળો મલે છે.એવા સકલ તીરથના રાજા શ્રીશત્રુંજયતીર્થને મસ્તક નમાવી પ્રણામ કરું છું. (૧)

નાભિકુમાર જગ જાણીએ, મરુદેવાનો નંદ,

વદન કમળ દીપે અતિભલું, જાણે પૂનમ ચંદ,

શત્રુંજય કેરો રાજીઓ, સોવનમય કાયા,

ઊંચપણે સતધનુષપંચ, પ્રણમે સુરરાયા, – ૨ –

જેનું મુખ રુપી કમલ અત્યંત દીપે છે. અને જેનું મુખ પૂનમના ચંદ્રનીજેમ શોભે છે.અને જે શ્રી શત્રુંજય તીર્થના રાજા છે. જેના શરીરની કાંતિ સુવર્ણના રંગ જેવી છે. જેના શરીરની ઊંચાઇ ૫૦૦, ધનુષ્યની છે. જેને દેવતાઓના સ્વામી ઇન્દ્રો નમે છે. તેવા મરુદેવાના પુત્ર શ્રી નાભિકુમાર છે. એમ જગતમાં જાણો. (૨)

ચોસઠ ઇન્દ્ર આદે મલી, સુર સેવા સારે,

ત્રિભુવન તારણ વીતરાગ, ભવપાર ઉતારે,

ચાલોને શેત્રુંજે જઇએ, હરખે કીજે જાત્ર,

સૂરજ કુંડે સ્નાન કરી, કીજે નિર્મલ ગાત્ર, – ૩ –

ત્રણે ભુવનના લોકોને તારનાર વીતરાગ પરમાત્મા છે. એ જ પ્રભુ બધાને ભવપાર ઉતારે છે. તેવા પ્રભુની ચોસઠ ઇન્દ્રો વગેરે દેવો મલીને સેવા કરે છે. ચાલો આપણે શ્રી શત્રુંજય તીર્થમાં જઇએ ને આનંદથી જાત્રા કરીએ.. સૂરજ કુંડમાં સ્નાન કરીને અંગોને પવિત્ર કરીએ. (૩)

ખીરોદક સમ ધોતિયાં, ઓઢણ બાદર ચીર,

કનક કળશ સાથે લઇ, ભરીએ નિર્મલ નીર,

બાવના ચંદન ઘસી ઘણું, કચોલા ભરીએ,

યુગાદિદેવ પૂજા કરી, ભવ સાગર તરીએ. – ૪ –

(પ્રભુની પૂજા કરવા માટે) સ્નાન કરીને ક્ષીર સાગરનાં પાણી જેવાં ઉજ્જવલ ધોતિયાં પહેરીએ ને તેના ઉપર ખેસ-ઉત્તરાસંગમાં સુંદર ઝીણું વસ્ત્ર પહેરીએ સોનાના કળશો લઇ તેમાં અભિષેક માટે નિર્મલ પાણી ભરીએ. બાવના ચંદન (એક જાતનું અત્યંત કીમતી અલભ્ય ચંદન) ને ઘસીને તેની વાટકીઓ ભરીએ અને પછી યુગાદિદેવ – આદીશ્વરની પૂજા કરીને ભવસાગર તરીએ. (૪)

ચંપો, કેતકી, માલતી, માંહે ડમરો સોહે;

કુસુમમાળ કંઠે ઠવો, ભવિયાણના મન મોહે,

કર જોડીને વીનવું, સુણો સ્વામી વાત,

ધર્મ વિના નરભવ ગયો, નવિ જાણ્યો જાત. – ૫–

ચંપાનું ફૂલ-કેતકીનું ફૂલ, માલતીનું ફૂલ, અને જેની વચમાં ડમરો શોભે છે તેવા પ્રકારની ફૂલની માલા પ્રભુના કંઠમાં ચઢાવો, જેથી પ્રભુનું દર્શન કરતાં ભવ્યજીવોનું મન એકદમ આનંદિત બનીજાય, હે સ્વામી ! હું તમોને કરજોડીને વિનંતિ કરું છું કે તમે મારી વાત સાંભળો. મારો અબોય આ નરભવ (મનુષ્ય જન્મ) ધર્મવિના નકામો ગયો છે. એળે ગયો છે. તે એવી રીતેનકામો ગયો છે કે જેથી મારી જાતને હું જ જાણી શક્તો નથી. (૫)

કામ-ક્રોધ-મદ-લોભવશે, જે મેં કીધાં પાપ;

પ્રેમ ધરીને મુક્તિ દ્યો, હે આદીશ્વર બાપ,

શાંતિનાથ મરુદેવી ભવન, બેઉ જમાણાં સોહે,

આગળ અદ્‌ભુત વંદતાં, ભવિજનનાં મન મોહે. – ૬ –

કામ–ક્રોધ–મદને લોભના વશે મેં જે પાપો કર્યા છે. તો હે આદીશ્વર ! ધર્મપિતા ! તમે મને તેમાંથી માફી આપો, મુક્તિ આપો, શ્રી શાંતિનાથ ભગવાનનું અને મરુદેવા માતાનું મંદિર આ બેય જમણી બાજુ શોભે છે.આગળ અદ્‌ભુત – આદિનાથને વંદન કરતાં ભવિજીવોનાં મન મોહે છે. (૬)

પૂરવ એક વડ છેઠે છે પાસે પાંચ દેહરી,

ઈન્દ્રથંભ આગે નીરખતાં,ટાલે ભવફેરી,

કુંતાસર કોડે કરી, લલિતાસર જોડ,

નીર વિના શોભે નહિ, એતો મોટીખોડ. – ૭–

પૂર્વ દિશામાં એક વડના ઝાડ તળે – (પાસે) પાંચ દેહરી છે. અને આગળ ઈન્દ્રસ્તંભ જોતાં ભવનો ફેરો ટળી જાય છે. કુંતાસર અને લલિતાસર આ બે સરોવરોની જોડ છે. પણ સરોવરો પાણી વગર શોભતાંજ નથી. આ મોટીખોડ છે. (૭)

તે આગળ રામપોળ દીસે છે અભિરામ;

પાસે વાઘણ તપ તપે, તસ સીધ્યાં કામ,

ખરતરવસહીને વિમલવસહી, બેહુ પહેલાં આદીશ્વર દેખો – ૮ –

તેની આગળ રામપોળ અત્યંત શોભે છે. તેની પાસે વાઘણપોળ છે. તેમાં જઈને જે પ્રભુજીનાં દર્શન કરે છે. તેનાં કામો જરુર સિદ્ધ થાય છે. ખરતરવસહી અને વિમલ વસહીમાં દર્શન કરતાં સહુ પ્રથમ આદીશ્વર ભગવાનનાં દર્શન કરો. (૮)

ડાબે પાસે જમણે પાસે, પ્રતિમા અતિ દીપે,

પુંડરીક બિંબ અતિભલું, રૂપે ત્રિભુવન ઝીપે,

મોટી પ્રદક્ષિણા દેહરે, એકસો જાણું,

તેમ નાની હરખે કહું, પચાસ વખાણું – ૯ –

તે ભગવાનની ડાબી બાજુ અને જમણી બાજુએ પ્રતિમાઓ અત્યંત દીપે છે. તે શ્રી પુંડરીક સ્વામીનુંબિંબ અત્યંત કલ્યાણકારી છે. જે બિંબ રૂપવડે કરીને ત્રણે ભુવનને જીતી જાય છે. મોટી પ્રદક્ષિણામાં દેહરાં એકસો છે. એમ હું જાણું છું. અને નાની નાની પચાસ દેરીઓનું વર્ણન કરું છું. (૯)

ક્વડ યક્ષ ગોમુખ ભલો, ચક્કેસરી દેવી,

શત્રુંજય સાંનિધ્ય કરે, સંઘ વિઘ્ન હરેવી,

રાયણ હેઠે પગલાં જે, છે આદીશ્વર કેરાં,

ભાવે ભવિ પૂજા કરો, ટાલો ભવ ફેરી.– ૧૦ –

ક્વડયક્ષ – ગોમુખયક્ષ – ને ચક્કેસરી દેવી હંમેશાં શ્રી શત્રુંજયનું સાંનિધ્ય કરે છે. અને સંઘનાં વિઘ્નોને દૂર કરે છે. રાયણના વૃક્ષની નીચે જે આદીશ્વર ભગવાનનાં પગલાં છે. તેની હે ભવિજીવો ! તમે ભાવથી પૂજા કરો અને તમારા ભવની પરંપરાને – ફેરાને ટાળી દો. (૧૦)

શત્રુંજય બિંબ સંખ્યા સુણો, પનરશેને પાંસઠ,

નાનાં મોટાં દેહરાં દેહરી, ત્રણસેને છાસઠ,

સીત્તરસિય જિનવર તણાં, રૂપ પાટિયે દીસે,

ખરતર વસહીમાં પેસતાં, જોતાં મન હીસે, – ૧૧ –

શ્રી શત્રુંજય પર્વત ઉપર દેરાસરોમાં રહેલાં શ્રી જિનબિંબોની સંખ્યા ગણીને કહું છું તે સાંભળો, પંદરસોને પાંસઠ (૧૫૬૫) જિનબિંબો છે. નાનાં મોટાં – દેરાં ને દેરી ત્રણસોને છાસઠ (૩૬૬) છે. ઉત્કૃષ્ટા એકસોને સિત્તેર (૧૭૦) જિનેશ્વરનાં રૂપો (મૂર્તિઓ) આરસના પાટિયામાં પટરૂપે રહેલાં છે, તે ખરતર વસહીમાં પેસતાં દેખાય છે. અને જેને જોતાં મન આનંદિત થઇ જાય છે. (૧૧)

એકાવન ઓરીસા ભલા, જેણે સુખડ ઘસિયે,

આદિદેવ પૂજા કરી, જઇ શિવપુર વસિયે,

દેહરાં ઉપર ગોમતીએ, સંખ્યા સુણો.વાત,

એકસો એકસઠ મેં ગણી, મૂકી પરની તાંત – ૧૨ –

એક જમાનામાં ભગવાનની પૂજા કરવા માટે જેના ઉપર કેશર ને સુખડ ઘસાય છે તેવા ઓરસિયા એકાવન હતા,તેના ઉપર સુખડ ઘસીને શ્રી આદિદેવની પૂજા કરીને કર્મ ખપાવીને શિવપુર – મોક્ષમાં જઈને વસિયે,દેરાસર ઉપર ગોમતી (ઘુંમટી) કેટલી હતી ? તેની સંખ્યાની વાત સાંભળો, તે ઘુંમટીઓ એકસોને એકસઠ હતી. આ ગણતરી પારકાની પંચાત મૂકીને મેં જાતે જ કરી છે. (૧૨)

જિનભુવન શિર ઉપરે, પાંચ ચોમુખ સોહે,

સુર નરનારી સહુતણું, દીઠે મન મોહે,

ત્રણ કોટ અતિ મનોહરું જાણે ત્રિગડું દીસે,

ખરતરવસહી માંહે ભલા, જોતાં મનડું હીસે, – ૧૩ –

શ્રી જિનેશ્વર ભગવાનના મસ્તક ઉપર એટલે ઉપલા માલમાં ચૌમુખ જિનેશ્વરો પાંચ શોભેછે. જેને જોતાં– દર્શન કરતાં દેવ મનુષ્ય અને સ્ત્રી વગેરે સહુનું મન મોહી જાય છે. ત્રણ કોટવાલું અત્યંત મનોહર ત્રિગડું ખરતરવસહીમાં જોતાં મનડું આનંદિત થઇ જાય છે. (૧૩)

પાંચ મૂર્તિ પાંડવતણી,જોતાંઅભિરામ,

ચૌમુખ પ્રતિમા શોભતી, સુર કરે ગુણગ્રામ ,

ઉલખાજલ ચિલ્લણ તલાવડી, સિદ્ધશિલા ત્યાં રૂડી

સિદ્ધવડ સિદ્ધતણું ઠામ, નહીં વાત જ કૂડી, – ૧૪ –

પાંડવોની પાંચ મૂર્તિ જોતાં સુંદર લાગેછે . ને ચૌમુખ પ્રતિભા શોભી રહી છે . ને દેવતાઓ જેનાં ગુણગાન કરી રહ્યા છે. ઉલખાજલ ચંદન તલાવડી ને શિદ્ધશિલા ત્યાં સુંદર છે. સિદ્ધવડ સિદ્ધિ પામેલા જીવોનું સ્થાન છે. એ વાત ખોટી નથી જ – (૧૪)

આદીશ્વરની મૂળ પ્રતિમા, ભરતેશ્વરે કીધી,

પાંચશે ધનુષ્યની રત્નમય, કરી મુક્તિ જ લીધી,

તે પ્રતિમા શેત્રુંજે છે, પણ કોઇ ન પેખે,

ભવ ત્રીજે મુક્તિ લહે, નર તેહી જ દેખે, - ૧૫ -

શ્રી આદીશ્વર ભગવાનની મૂલ પ્રતિમા ભરત રાજાએ ભરાવેલી હતી.તે પ્રતિમા - ૫૦૦, ધનુષ્યના પ્રમાણ વાલી છે. ને રત્નમય છે. જેને ભરાવીને ભરત રાજાએ મુક્તિ મેળવી હતી. તે મૂળ પ્રતિમા અત્યારે શ્રીશત્રુંજયમાં જ છે. પણ કોઇ જોઇ શકતાં નથી. જે મનુષ્ય ત્રીજાભવમાં મુક્તિએ જવાનો હોય તેજ આત્મા આ પ્રતિમાનાં દર્શન કરી શકે છે. - (૧૫)

આદીશ્વરને મૂળ દેહ રે, પાવડીઓ બત્રીશ, (૧)

નાગ મોરનાં રૂપ દેખી, નવિ કીજે રીશ,

રાયણ - વડ - પીપલ કહું, આંબલીય જગીશ,

ત્રણ કોટ માંહે મોટા, ઝાડ છે એકવીશ, - ૧૬ -

શ્રી આદીશ્વર ભગવાનના મૂળ દેહરામાં જવા માટે (ત્રણે બાજુના થઈને)

બત્રીશ પગથિયાં પહેલાનાં જમાનામાં હતાં . જે પગથિયાં કાલક્રમે નવાં નવાં મંદિરો બનતાં તળિયું સરખું કરવા માટે પુરાઇ ગયાં . રાયણ પગલાંની પાસે સર્પ અને મોરનાં રૂપ જોઇને તમે રીસ ન કરતાં કે આવા રૂપો અહીં કેમ મૂક્યાં છે .? તેની પાછળ એક વાર્તા સમાયેલી છે. આ શ્રી શત્રુંજયના ત્રણ કોટની ભૂમિમાં રાયણ -વડ -પીપલો - આંબલી વગેરે મોટાં મોટાં એકવીસ વૃક્ષો હતાં . (૧૬)

(૧) (એક સમયે મુખ્ય દેરાસરમાં ચઢવા માટે બે બાજુ દશ- દશ પગથિયાં હશે અને સન્મુખથી ચઢવા માટે બાર પગથિયાં હશે. આ રીતે બત્રીશ પગથિયાંની ગણતરી બેસી શકે છે. જે પાછલથી પુરાઇ ગયાં.)

કોટ દેહરાના કાંગરા, બારસેને બાંસઠ,

સ્તંભ અગ્યારસે મેં ગણ્યા, તે ઉપરે પાંસઠ;

ઇસર કુંડને ભીમ કુંડ -સૂરજકુંડ વખાણું,

ખોડિયાર કુંડ શિલાર કુંડ, તેહનો પાર જાણું, - ૧૭ -

કોટ અને દેરાસરના કાંગરા (૧૨૬૨)બારસો ને બાસઠ હતા. અને બધાંય દેરાસરોના થાંભલા મેં ગણ્યા હતા ત્યારે અગિયારસોને પાંસઠ (૧૧૬૫) હતા. ઈશ્વરકુંડ – ભીમકુંડ – સૂરજકુંડ –ખોડિયારકુંડ – શિલારકુંડ તેવાં નામના ઘણાય કુંડો છે. આપણે જેનો પાર ન પામી શકીએ. (૧૭)

સોવન સિદ્ધરસ કુંપિકા, ચોખા સ્ફટિકની ખાણ,

ચાર પાજ (ગ) શત્રુંજય ચઢી, કીજે કર્મની હાણ,

નીલી ધોલી પરબ બેહુ, હોવે તેહી જ નામ

સંઘયાત્રા કરી તિહાં મિલે, વિસામાનો ઠામ, – ૧૮ –

આ શ્રી શત્રુંજયમાં સુવર્ણને બનાવનાર સિદ્ધરસની કુંપિકાઓ રહેલી છે. સ્ફટિકના ચોખાની ખાણો છે. શ્રી શત્રુંજય તીર્થમાં ગિરિરાજ ઉપર ચઢવા માટે ચાર પાજ (પાગ)છે. તે પાગદ્વારા ઉપર ચઢી કર્મનો ક્ષય કરો .નીલીપરબ અને ધોળીપરબ આ બે નામની પરબ છે. ત્યાં આરામ કરવા માટે વિસામા પણ છે. તેથી સંઘના યાત્રિકોને ત્યાં વિસામો પણ મલી શકે છે.

આદિપરું રળિયામણું, દીઠા પાપ જ નાસે,

શેત્રુંજી ભલી નદી વહે, શત્રુંજય ગિરિ પાસે,

ઈન્દ્રપુરી સમોવડએ, પાલિતાણું (ણા) નયર

ઉત્તંગ પ્રાસાદ જિહાં જિનતણા, દીઠે નાસે વયર, – ૧૯ –

આદિપરું નામનું ઘેટી ગામનું એક પરું હતું. જેને આપણે અત્યારે આતપર – આતપુર કહીએ છીએ.જેને જોવાથી આપણાં પાપો નાસી જાય છે. શ્રીશત્રુંજય ગિરિવરની પાસે શેત્રુંજી નામની સુંદર નદી વહી રહી છે. ઈન્દ્રના નગર જેવું પાલિતાણા નગર છે. જે નગરમાં મોટાં મોટાં દેરાસરો જોતાં મનુષ્યોના વૈરો ચાલી જાય છે. (૧૯)

માનસરોવર સમોવડ એ, લલિતા સર સોહે,

વનવાડી આરામ ઠામ, ઈન્દ્રાદિક મોહે,

શેત્રુંજા શિવપુર સમો, જ્ઞાની એમ બોલે,

ત્રિભુવન મહિ તીરથ નહિ, શત્રુંજયગિરિ તોલે, –૨૦ –

આ પાલિતાણા નગરમાં માન સરોવર જેવું લલિતા સરોવર શોભે છે.તેમાં વન –વાડીઓ અને સુંદર બગીચાઓ પણ છે. જેથી ઈન્દ્ર વગેરે દેવતાનું પણ મનમોહી જાયછે. અને આ શ્રી શત્રુંજય શિવનગર સરખું છે. એમ જ્ઞાનીઓ

(કેવલ જ્ઞાનીઓ) બોલે છે. અને તેઓ એમ કહે છે કે ત્રણે ભુવનમાં આ શ્રી શત્રુંજયની તોલે કોઇ નથી. (૨૦)

એ તીરથ સંખ્યા મેં કહી, શત્રુંજયગિરિ કેરી,

જે નર નારી ભણે ગુણે, તસ ટાલે ભવ ફેરી,

સંકટ વિકટ સવિ ટલે, શત્રુંજય ગિરિ નામે

સકલ કર્મનો ક્ષય કરી, તે શિવપુરી પામે, –૨૧ –

આ તીર્થ શ્રી શત્રુંજયમાં પ્રતિમા – મંદિરો – દેરીઓ – થાંભલાઓ ઘુંમટીઓ વગેરેની સંખ્યા મેં કહી છે. તેને જે પુરુષ અથવા સ્ત્રી રોજ ભણશે અથવા સાંભળશે તેના ભવનો ફેરો ટળી જશે .શ્રી શત્રુંજય તીર્થના નામે બધાં સંકટો ને દુઃખો ટળી જાયછે. બધાં કર્મોનો ક્ષય થઇ જાય અને તે જીવ શિવનગરને પામે છે. (૨૧)

તપગચ્છનાયક ગુણનીલો, ગુરુ હીરજી રાયા,

મનમોહન વિજયસેન સૂરિ, તેહના પ્રણમું પાયા,

વિમલ હરખ શિષ્યપ્રેમ વિજય, કહે નિસુણો દેવ,

ભવ ભવ શત્રુંજય ગિરિતણી, મુજને દેજો સેવ. – ૨૨ –

તપગચ્છ નાયક ગુણનીલા ગુરુ મહારાજ શ્રી હીરસૂરજી .મ. તેમના શિષ્ય (જે) મનમોહન વિજય અને વિજયસેન સૂરી.મ. છે. તેમનાં ચરણ કમલને હું વંદન કરું છું. તેમના શિષ્ય વિમલહર્ષ અને તેમના શિષ્યપ્રેમવિજયજી કહે છે કે હે વીતરાગ !પરમાત્મા દેવ !તમે મારી વિનંતી સાંભળો. મને ભવો ભવમાં શ્રી શત્રુંજયગિરિની સેવા મલો. (૨૨)

કળશ

ઇમ થુણ્યો સ્વામી મુક્તિગામી, આદિજિન જગદેવ એ,

નિત્ય નમે સુરનર અસુર વ્યંતર, કરે અહોનિશ સેવ એ,

જે ભણે ભક્તે ભલી યુક્તે, તસઘર જય જયકારએ,

કહે કવિયણ સુણો ભવિયણ, જિમ પામો ભવપાર એ, – ૨૩ –

આ રીતે મુક્તિને પામેલા એવા આદિ જિનેશ્વરની સ્તુતિ કરી.જે પ્રભુને હંમેશાં દેવતા –મનુષ્યો –અસુરો ને વ્યંતરો નમે છે. અને તેમની સેવા કરે છે. જે ભાવિક આત્મા સુંદરભાવ ને ભક્તિપૂર્વક આ સ્તવન ભણશે તેના ઘરે જય જયકાર થશે. આ સ્તવનના કર્તા કવિ કહે છે કે હે ભવિ જીવ ! તમે સાંભળો ને ભવના પારને પામો. (૨૩)

કવિઓ કૃત – શ્રી શત્રુંજયની – ઉપમાઓ

૧ – **અનંત સિદ્ધનો ઠામ** :– અનંતાનંત જીવો અહીંથી સિદ્ધિપદને પામ્યા છે. પ્રેમી કે સ્નેહી જીવ આપેલા ઠેકાણે – સરનામે અવશ્ય આવી મલે છે.તેમ અહીં આવનાર સાધક – ભવિ આત્મા કર્મ ક્ષયથી જરૂર સિદ્ધિપદને પામે છે.

" શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે

ભાવ ધરીને જે ચઢે, તેને ભવપાર ઉતારે, ।।૧ ।।

આ શ્રી શત્રુંજય સિદ્ધિનું ક્ષેત્ર એવું આશ્ચર્યકારી સ્થાન છે કે જેના જોવા માત્રથી દુર્ગતિ ટળી જાય છે .અને જે ભાવધરીને તેના ઉપર ચઢે છે. તેને ભવ પાર ઉતારે છે .

૨ – **સકલ તીરથનો રાય** : – દરેક તીર્થમાં પૂજ્યાતિપૂજ્ય –એવા બધા તીર્થંકર ભગવંતો પધાર્યા હોય તેવું નથી. ત્યારે આ તીર્થમાં શ્રી નેમિનાથ ભગવાન સિવાય – બધાય – (૨૩) તીર્થંકરો અહીં પધાર્યા છે. માટે આ તીર્થ સર્વતીર્થોમાં રાજા કહેવાય છે.

" પંચમે આરે રે પાવન કારણે રે, એ સમો તીરથ ન કોય;

મોટો મહિમા જગમાં એહનોરે, આ ભરતે ઇહાં જોય, ।।૧ ।।

પાંચમા આરામાં આ શ્રી શત્રુંજય પવિત્રતા કરનાર હોવાથી આના જેવું બીજું એકય તીર્થ નથી. આ ભરત ક્ષેત્રમાં આ તીર્થનો સહુથી વધુ મહિમા છે. ભરતક્ષેત્ર સિવાયના ચૌદ ક્ષેત્રમાં (એટલે બાકીની ચૌદ કર્મભૂમિમાં) આના જેવું તીર્થ નથી માટે તીર્થોના રાજા આ તીર્થ છે .

૩ – **માનું હાથ એ ધર્મનો –શિવતરુ– ફળલેવા** : – આ પર્વત એ કાંઇ પર્વત નથી પણ ખુદ ધર્મરાજાએ મોક્ષરૂપી ફળ લેવા માટે લંબાવેલો હાથ છે, તેવો તે પર્વત દેખાય છે. જેમ કોઇ માણસ કેરી તોડવા હાથ લંબાવે છે તેમ.

૪ – **માનું હિમગિરિ વિભ્રમે – આઇ અંબર ગંગા**:– શું આ શત્રુંજય પર્વત હિમગિરિ પર્વત તો ન

હોય ? તેવા ભ્રમમાં આકાશગંગા નીચે ઊતરી હોય તેવાં જિનમંદિરો શોભે છે.

૫ – **ભવજલ તરવા જહાજ : –**

" કલિકાલે એ તીરથ મોટું, પ્રવહણ જેમ ભરદરિયે વિમલગિરિ જાત્રા નવ્વાણું કરિયે "

સંસાર સમુદ્ર –ભવ સમુદ્રને તરવા માટે આ તીર્થ મોટું જહાજ નહિ હોય ? તેમ આ તીર્થ શોભે છે. કલિકાલમાં આ તીર્થ ખૂબજ મોટું છે. ભર દરિયે રહેલા માણસને જેમ વહાણ પાર ઉતારે તેમ આ તીર્થ છે.

આ શ્રી શત્રુંજયનામનો પર્વત સદાકાલ માટે સ્થિર ને શાશ્વત છે. સંસાર સમુદ્રમાં ડૂબતાં પ્રાણીઓને તરી જવા માટે હોડી (નૌકા) જેવો છે.

જલચર – ખેચર – સવે, પામ્યાં આતમ ભાવ,

તે તીર્થેશ્વર પ્રણમિયે, ભવજલ તારણ નાવ,

જેના પ્રતાપે જલચર જીવો, ખેચર જીવો, તિર્યંચ જીવો વગેરે સર્વે પોતાના આત્મભાવ પામ્યા છે. માટે ભવજલ તરવા નાવડી જેવા તીર્થને નમીએ.

૬ – **આનું તીરથ એ થંભ** : –જગતનાં બધાંય તીર્થોમાં આ તીર્થ ખૂબજ મોટું છે .એટલે આ તીર્થને તીર્થ સ્તંભ કહેવાય છે.

૭ – **શિવ મંદિર ચઢવા કાજે, સોપાનની પંક્તિ બિરાજે** : – આ ગિરિરાજ પર ચઢવાનાં પગથિયાં એ કાંઇ પગથિયાં નથી, પણ એતો મોક્ષ મંદિરમાં ચઢવામાટે– જવા માટે ગોઠવેલાં પગથિયાં છે.જેના દ્વારા ઉપર ચઢી આરાધના કરતાં કર્મ ખપાવી આત્મા સિદ્ધિસ્થાનમાં જઇ શકે છે.

" મુક્તિ – મંદિર સોપાનસમ, સુંદર ગિરિવર પાજ, "

તે તીર્થેશ્વર પ્રણમિયે, લહિયે શિવપુર રાજ ॥

આ ગિરિવરની સુંદર પાજ –પાગ –પગદંડી –મુક્તિ મંદિરના સોપાન જેવી છે. તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ ને શિવપુરનું સામ્રાજ્ય મેળવીએ .

જાણે સદગતિની નિસરણી ન હોય તેવા એ ગિરિરાજ પર પુંડરીક વગેરે ભવિ આત્માઓ ચઢે છે. ને સદગતિને પામે છે.

૮ – **સંસાર તાપ તપ્ત જંતુ – જાત છાયા કરું, છત્રાકૃતિ સિદ્ધાચલે.**

સંસારના ત્રિવિધિ તાપથી તપેલા જીવોને છાયડો કરનાર છત્ર જેવો અથવા ઘટાદાર વૃક્ષો જેવો રમણીય આ ગિરિરાજ પર્વત છે.

છત્રાકૃતિ સિદ્ધાચલે , ઋષભઈશ કલશ મનોહરું

જસશિર મુકુટ મનોહરું, મરુદેવીનો નંદ,

છત્ર આકૃતિવાલા અથવા શિખરની આકૃતિવાલા શ્રી સિદ્ધાચલ ઉપર અથવા માનવની આકૃતિવાલા શ્રી સિદ્ધાચલ ઉપર કળશ જેવા કે મનોહર મુગુટ જેવા મરુદેવામાતાના પુત્ર શ્રી આદિનાથ છે.

૯ – **માનું ગગને સૂર્ય – શશી, દિયે પ્રદક્ષિણા નિત,**

તે તીર્થેશ્વર પ્રણમિયે, મહિમા દેખણ ચિત્ત ॥

આકાશમાં જે સૂર્ય અને ચંદ્ર નિયમિત પોતાના સ્વભાવથી જ ફરીને જગતને અજવાળું આપે છે.તેમાં હું એમ માનું છું કે આ સૂર્ય – ચંદ્ર અજવાળું આપવા માટે નહિ પણ શ્રી સિદ્ધાચલનો – મહિમા – પ્રભાવ જોવા માટે જ આકાશમાં હંમેશાં પ્રદક્ષિણા ફરી રહ્યા છે.

૧૦ – **પ્રિયમેલક ગુણગણ તણું, કિરતિ કમલા સિંધુ;**

તે તીર્થેશ્વર પ્રણમિયે, **કલિકાલે જગ બંધુ ॥**

આ શ્રી શત્રુંજય તીર્થ ગુણોના સમૂહને મેળવી આપનાર પ્રિય મેલકતીર્થ જેવું છે. કીર્તિરૂપ લક્ષ્મીને ઉત્પન્ન કરવામાં સમુદ્ર જેવું છે. અને જે તીર્થ કલિકાલમાં સુખ દુ :ખના પ્રસંગે જગતના બંધુ જેવું છે. તે તીર્થેશ્વરને પ્રણામ કરીએ..

સદાય સાથે રહે અને સહાય કરે તે ભાઇ, તેમ આ શ્રી શત્રુંજય પણ પાપી–ને પુણ્યશાલી –ધર્મીઅને અધર્મી –પશુ કે પક્ષી –નર કે દેવ સહુને સુખી કરે છે. માટે ભાઇ છે.

૧૧ – **" શ્વેત ધજા જસ લહકતી, ભાખે ભવિને એમ; "**

તે તીર્થેશ્વર પ્રણમિયે, ભમણ કરો છો કેમ ?

જ્યાં મંદિરો ઉપરની ધજાઓ હવાથી હાલતી હાલતી ભવિજીવને પાસે બોલાવીને પૂછે છે કે હે ભાઇ ! તમે ઠેકાણે ઠેકાણે કેમ ભમો છો ? ફરો છો ? તમારે જે " કર્મક્ષય " જોઇએ છે તે મારી પાસે આવવાથી જરૂર થશે. માટે મારી પાસે જ આવો. હવે બીજે ક્યાંય જવાની જરૂર નથી.

૧૨ – **ચૌમુખ – ચઉગતિ દુઃખ હરે,** સોવનમય સુવિહાર,

તે તીર્થેશ્વર પ્રણમિયે, અક્ષય સુખ દાતાર, ॥

જે તીર્થની ચૌમુખ પ્રતિમા ચાર ગતિના દુઃખને હરે છે. અને જેની ઉપર રહેલાં સુવર્ણનાં મંદિરો છે તે અક્ષય સુખને આપનાર છે. તે તીર્થને પ્રણામ કરો .

૧૩ – **કર્મકાટ સવિ ટાળવા, જેહનું ધ્યાન હુતાશ;**

આપણા આત્મા ઉપર અનાદિકાળથી કર્મરૂપી કાટ ચઢી ગયો છે. તેને જડમૂલથી કાઢવા માટે જે ગિરિરાજનું ધ્યાન અગ્નિ સમાન છે. તેવા ગિરિરાજને પ્રણામ કરો .

૧૪ – **ભવ મકરાકર સેતુ :** – ભવ એટલે સંસાર , એ સંસાર રૂપી સમુદ્રને પાર કરવામાટે જે તીર્થ પુલ સમાન છે. તે શ્રી શત્રુંજયને હે ભવિ ! તમે ભાવથી ભજો – આરાધના કરો .

૧૫ – **કુમતિ – કૌશિક જેહને – દેખી ઝાંખા થાય,**

તે તીર્થેશ્વર પ્રણમિયે, સવિ તસ મહિમા ગાય,

જે તીર્થ સૂર્ય જેવું છે. જેમ સૂર્યને દેખીને ઘુવડો ઝાંખા થાયછે . તેમ આ તીર્થરૂપી સૂર્યને જોઈને કુમતિ રૂપી – ઘુવડો ઝાંખા થાયછે . જેથી બધા તેનો મહિમા ગાય છે. તેવા તીર્થેશ્વરને પ્રણામ કરીએ.

૧૬ – **શિવવહુ વરવા મંડપ એ ગિરિ** :–મોક્ષરૂપી સ્ત્રીને વરવા માટે આ ગિરિરાજ લગ્નના મંડપ જેવો છે.

॥ વંદે શત્રુંજયાખ્યં ક્ષિતિધરકમલા કંઠ શૃંગાર હારમ્ ॥

૧૭ – પર્વત રૂપી સ્ત્રીના કંઠની શોભારૂપ હાર જેવા શ્રી શત્રુંજય નામના ગિરિને હું વંદન કરું છું .

૧૮ – ઊંચાં શિખરોરૂપી કમળોથી યાત્રિકોનો જાણે **ઊંચા યશનો કોશ –સમૂહ નહોય** ! તેવો શ્રી શત્રુંજય શોભે છે.

૧૯ – પૃથ્વીરૂપી ભામિનીના (સ્ત્રીના) મસ્તકનું જાણે અમૂલ્ય **આભૂષણ – તિલક** ન હોય ! તેવો શ્રી શત્રુંજય શોભે છે.

૨૦ – આ પર્વત – **દુર્ગ કિલ્લા જેવો** છે. કિલ્લામાં રહેલા મનુષ્યને બહાર રહેલા શત્રુઓ જેમ પરાભવ કરી શક્તા નથી. તેમ શત્રુંજયરૂપી કિલ્લામાં રહેલા મનુષ્યને અનન્ત ભવથી પાછળ પડેલા ક્રૂર કર્મરૂપી શત્રુઓ પરાભવ કરી શક્તા નથી .

સંસારથી ભય પામેલાં પ્રાણીઓને રહેવા માટે જાણે કિલ્લો ન હોય ! તેવો શ્રી શત્રુંજય શોભે છે.

૨૧ – **મુક્તિરૂપી સુંદરીનો ક્રીડા કરવાનો જાણે દડો – કંદુક ન હોય** તેવો જાણાતો આ શ્રી શત્રુંજય શોભે છે .

૨૨ – આ શ્રી શત્રુંજયગિરિ **મોક્ષનો નિવાસ–** ઘર છે .કારણ કે આ ગિરિરાજ પર આરોહણ કરનાર પ્રાણીઓ અતિ દુર્લભ એવા લોકાગ્રને જલદી મેળવી શકે છે. માટે આ ગિરિવર મોક્ષનો નિવાસ છે.

૨૩ –શ્રી શત્રુંજય માહાત્મ્યના કર્તાએ શ્રી શત્રુંજયને **ઐરાવણ** હાથીની ઉપમા આપી છે. ઇન્દ્રના હાથીને ઐરાવણ કહેવાય છે. કારણ કે ઐરાવણ હાથી કોઇનાથી પણ પરાભવ પામી શક્તો નથી.તેથી શ્રી શત્રુંજયને ઐરાવણ હાથીની ઉપમા આપેલી છે.

૨૪ – **સુરતરુ – સુરમણિ – સુરગવિ –સુરઘટ્સમ** જસ ધ્યાવ;

તે તીર્થેશ્વર પ્રણમિયે, પ્રગટે શુદ્ધ સ્વભાવ ॥

આ તીર્થ કલ્પવૃક્ષ –ચિંતામણિ રત્ન – કામધેનુ ગાયને કામકુંભ જેવું છે. તેના ધ્યાનથી આત્માનો શુદ્ધ સ્વભાવ પ્રગટે છે. તેથી તે તીર્થને નમીએ.

૨૫ – મુક્તિરૂપી સ્ત્રીનું પાણિગ્રહણ કરવા માટે **વેદિકાજેવો** પર્વતોનો મહારાજા શ્રી શત્રુંજય ગિરિરાજ અદ્ભુત પણે વિજય પામે છે.

૨૬ – આ સંસારરૂપી સાગરમાં ડૂબતાં પ્રાણીઓના સમૂહને આશ્રયરૂપ અને **મુક્તિરૂપી તટવાળો** (કિનારાવાળો) એ વિમલગિરિ એક દ્વીપ – બેટરૂપે શોભે છે.

૨૭ – આ શ્રી શત્રુંજય ગિરિરાજ મોક્ષલક્ષ્મીનો સંગમ કરવાના **એક ચોકરૂપે** છે.

૨૮ – **કીર્તિસ્તંભ એ જૈનનો** લલના,

લલહો શિવમંદિર સોપાન એ ગિરિ,

જૈનોએ જે ધર્મનાં કાર્યો કર્યા તેનો આ ગિરિ **કીર્તિસ્તંભ** છે. અને શિવમંદિરમાં ચઢવા માટેના આ પગથિયાં છે.

૨૯ – જાણ્યા જગદીશ્વર જિનરાયા, **સિદ્ધાચલ દરબારે,**

મોક્ષમહેલ ચઢવા નિસરણી, સંકટ-કષ્ટ નિવારે મન.

જગદીશ્વર આદીશ્વર ભગવાન સિદ્ધાચલરૂપી દરબારમાં જિનરાયા – જિનરાજા છે. અને આ ગિરિરાજનાં પગથિયાં મોક્ષરૂપી મહેલમાં ચઢવા માટેની નિસરણી છે.

૩૦ – **એ તો મોક્ષ વધુ વરવાની પીઠ વખાણિયે ગિરિરાજ**

ગિરિરાજ ઉપરની જગ્યાએ કાંઇ ખાલી જગ્યા નથી. એતો મોક્ષરૂપી સ્ત્રીને વરવા માટે બનાવેલી પીઠિકા (બેઠક) છે.

૩૧ – અદ્‌ભુત એવો આ શત્રુંજય સિદ્ધોના લક્ષ્યરૂપ આ ક્રીડાશૈલ છે. કારણ કે અહીંયાં આવેલા મનુષ્યોને તે તુરત જ મોક્ષમાં લઇ જાય છે.

૩૨ – આ પવિત્ર તીર્થ મોક્ષલક્ષ્મીનો સંગમ કરવાના **ચોકરૂપે પૃથ્વીના લલાટમાં તિલક જેવું જયવંતુ વર્તે છે.**

૩૩ – એહ ગિરિશિવપુરવાટ – મુક્તિતણી એ વાટરે, આ ગિરિરાજ મોક્ષપુરીનો ધોરી માર્ગ છે.

૩૪ – અઢીય દ્વીપમાં એ સમો, તીર્થ નહિ ફલદાય,

કલિયુગ કલ્પતરુ લહી, મુક્તા ફળશું વધાય. (૩)

અઢીદ્વીપનાં બધાંય ક્ષેત્રોમાં ફલને દેનાર તીર્થોમાં આના જેવું બીજું એકેય તીર્થ નથી. માટે આ પંચમ **કલિકાલમાં કલ્પવૃક્ષ** જેવા આ તીર્થને મોતીડે વધાવો.



શ્રી શત્રુંજય - ગિરિરાજ ઉપર વર્તમાન ચોવીશીમાં મોક્ષે ગયેલા આત્માઓની ટૂંક નોંધ.

(ચાલુ પુસ્તકોમાં હોય છે તેના આધારે.)

૧ કાર્તિક પૂર્ણિમાના દિવસે આ ગિરિરાજ ઉપર દ્રાવિડ તથા વારિખિલ્લ રાજપુત્રો અનશન કરી – ૧૦ – ક્રોડ મુનિઓ સાથે મોક્ષે ગયા.

૨ ફાગણ સુદિ – ૧૦ – ના દિવસે નમિ અને વિનમિ આ બન્ને વિદ્યાધરો બે ક્રોડ મુનિઓ સાથે સિદ્ધિપદને પામ્યા હતા.

૩ ફાગણ સુદિ –૧૩– ના દિવસે કૃષ્ણ રાજાના પુત્ર શાંબ અને પ્રદ્યુમ્નકુમાર ૩ ॥–કરોડ (મતાંતરે –૮ ॥ કરોડ) મુનિઓ સાથે સદ્‌ભદ્ર નામના શિખરઉપર મોક્ષપદને પામ્યા હતા.

૪ ચૈત્રી પૂર્ણિમાના દિવસે શ્રી પુંડરીક સ્વામી ગણધર –૫–ક્રોડ મુનિઓ સાથે ગિરિરાજના પ્રભાવે ગિરિરાજ ઉપર જ મોક્ષે ગયા.

૫ શ્રી અજિતનાથ પ્રભુના ૧૦ હજાર સાધુઓ પણ ચૈત્રી પૂર્ણિમાના દિવસે મોક્ષે ગયા હતા.

૬ ચૈત્ર વદિ – ૧૪ – ના દિવસે નમિવિદ્યાધરની ચર્યા વગેરે ૬૪– પુત્રીઓ મોક્ષે ગઇ હતી.

૭ આસો સુદિ પૂનમના દિવસે પાંચ પાંડવો ૨૦ – ક્રોડ મુનિઓ સાથે મોક્ષે ગયા હતા.

(આ સિવાય પણ ભરત ચક્રવર્તીની પાટે અસંખ્ય રાજાઓ ગિરિરાજ ઉપર મોક્ષે ગયા હતા.)

૮ નારદજી મુનિ – ૯૧ – લાખ સાથે આ ગિરિરાજ ઉપર મોક્ષે ગયા હતા.

૯ રામ અને ભરત – ૩ – ક્રોડ સાથે મોક્ષે ગયા હતા.

૧૦ બાહુબલી પુત્ર – સોમયશા– ૧૩ ક્રોડ સાથે મોક્ષે ગયા હતા.

૧૧ ભરત એક હજાર સાથે મોક્ષે ગયા હતા.

૧૨ વસુદેવની પત્ની ૩૫ – હજાર સાથે શ્રી સિદ્ધાચલગિરિ ઉપર મોક્ષે ગયાં હતાં.

૧૩ સોલમા શ્રી શાંતિનાથ પ્રભુના ચોમાસામાં ૧, ૫૨, ૫૫, ૭૭૭, સાધુઓ ગિરિરાજ પર મોક્ષે ગયા હતા.

૧૪ શ્રી સાગરમુનિ – ૧ –ક્રોડ સાથે ગિરિરાજ પર મોક્ષે ગયા હતા.

૧૫ શ્રી ભરતમુનિ – ૫ – ક્રોડ સાથે આ ગિરિરાજપર મોક્ષે ગયા હતા.

૧૬ શ્રી આદિનાથ પ્રભુના ઉપદેશથી શ્રી અજિતસેન મુનિ – ૧૭ – ક્રોડ સાથે આ ગિરિરાજપર મોક્ષપદને પામ્યા હતા.

૧૭ શ્રી શાંતિનાથ પ્રભુના પરિવારના – ૧૦ – હજાર સાધુઓ આ ગિરિરાજ ઉપર મોક્ષે ગયા હતા.

૧૮ શ્રી સારમુનિ – ૧ – ક્રોડ સાથે આ ગિરિપર મોક્ષે ગયા હતા.

૧૯ પ્રદ્યુમ્નની પ્રિયા વૈદર્ભી ૪૪૦૦ – સાથે આ ગિરિરાજ પર મોક્ષે ગયાં હતાં.

૨૦ ભરત ચક્રવર્તીના પુત્ર – આદિત્યયશા – ૧ – લાખ સાથે આ ગિરિરાજ ઉપર મોક્ષે ગયા હતા.

૨૧ શ્રી બાહુબલીના પુત્રો – ૧૦૦૮ સાથે આ ગિરિપર મોક્ષે ગયા હતા.

૨૨ શ્રી દમિતારિ મુનિ – ૧૪ હજાર સાથે આ ગિરિરાજ પર મોક્ષે ગયા હતા.

૨૩ અતીત ચોવીશીના – ૨૪ મા તીર્થંકર શ્રી સંપ્રતિજિનના થાવચ્ચા ગણધર – ૧ –હજાર સાથે આ ગિરિરાજ પર મોક્ષે ગયા હતા.

૨૪ શુકપરિવ્રાજક – શુકાચાર્ય –૧– હજાર સાથે આ ગિરિપર મોક્ષે ગયા હતા.

૨૫ શ્રી કાલિક મુનિ –૧– હજાર સાથે આ ગિરિપર મોક્ષે ગયા હતા.

૨૬ ગત ચોવીશીના નિર્વાણી નામના બીજા તીર્થંકરના કદંબ નામના ગણધર આ ગિરિરાજ ઉપર –૧– ક્રોડ મુનિઓ સાથે મોક્ષપદને પામ્યા હતા.

૨૭ શ્રી સુભદ્ર નામના મુનિ – ૭૦૦ સાથે આ ગિરિપર નિર્વાણપદને પામ્યા.

૨૮ શ્રી શૈલકમુનિ – ૫૦૦ મુનિ સાથે આ ગિરિપર નિર્વાણપદને પામ્યા.

૨૯ આ સિવાય ભરતના પુત્ર–બ્રહ્મર્ષિ, ચાર પુત્ર સાથે શાંતનુ રાજા, ચંદ્રશેખર રાજા, શ્રી ઋષભસેન જિન – દેવકીના છ પુત્રો – જાલિ – મયાલિ અને ઉવયાલિ – સુવ્રત શેઠ – મંડુક મુનિ – આનંદ ઋષિ – સાતનારદ –અંધક વૃષ્ણિ = ધારણી તેમજ તેના અઢાર પુત્રો. સુકોશલ મુનિ – અઈમુત્તા મુનિ વગેરે અનંતાનંત આત્માઓ આ ગિરિરાજ પર નિર્વાણપદને પામ્યા હતા.

શ્રી શત્રુંજય પર – મોક્ષે ગયેલાની નોંધ.

(મોક્ષે ગયેલા આ જીવોની જાણ માટે શ્રી શત્રુંજય કલ્પમાં આવતી ૨૧ – નામોની – ૨૧ – કથાઓનું ભાષાન્તર અવશ્ય વાંચવું જ જોઈએ ત્તો જ તેનો સાચો ખ્યાલ આવશે.)

૧ સૂર નામના રાજા કેવલજ્ઞાન પામી ત્રણ હજાર સાધુઓ સાથે શ્રી વિમલગિરિ નામના પર્વતપર મોક્ષે ગયા.

૨ વીરસેન નામના રાજાએ દીક્ષા લઇ વિમલાચલ તીર્થમાં આવી. ધ્યાન કરતાં કેવલજ્ઞાન મેળવ્યું અને પછી સર્વકર્મના ક્ષયથી ઘણા સાધુઓ સાથે નિર્વાણપદ = મોક્ષને પામ્યા.

૩ શ્રી શુકરાજા–શુક્યતીશ્વર ૨૦૦૦/ રાજાઓ સાથે અભિનંદન સ્વામીના સમયમાં દીક્ષા લઇ શ્રી શત્રુંજય પર આવી એક ક્રોડ સાધુઓ સાથે શ્રી શત્રુંજય ગિરિપર મોક્ષે ગયા હતા.

૪ શ્રી દંડવીર્ય રાજા સંઘ લઈને શ્રી શત્રુંજય તીર્થ ઉપર આવેલા ત્યારે તેમના સંઘમાં રહેલાં સાત ક્રોડ સ્ત્રી અને પુરુષોને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું હતું. અને તેઓ મોક્ષે ગયાં હતાં. દંડવીર્ય રાજા પણ પાછલથી શ્રી શત્રુંજય તીર્થપર આવીને મોક્ષે ગયા હતા.

૫ ધર્મઘોષ નામના ગુરુ મહારાજ બે કરોડ સાધુઓની સાથે ત્યાં રહેલા કેવલજ્ઞાન પામ્યા. અને પછી થોડાક જ દિવસમાં તેમુનિઓની સાથે મોક્ષે જતાં જોઇને રાજાએ તે તીર્થનું નામ સિદ્ધશેખર એવું પાડયું.ત્યારે ત્યાં રહેલા રાજાને હૃદયમાં ભાવના ભાવતાં કેવલજ્ઞાન થયું, અને સર્વકર્મના ક્ષયથી મોક્ષે પણ ગયા.

૬ કેવલીની પાસે પોતાની મુક્તિનું સ્થાન શ્રી શત્રુંજયપર્વત છે. એમ જાણી બે દેવતાઓએ તેનું "સિદ્ધપર્વત" એવું નામ પાડયું અને પછી ત્યાંથી ચ્યવી મનુષ્યભવ મેળવી દીક્ષા લઇ કર્મ ખપાવી આજ સિદ્ધપર્વત પર મોક્ષે ગયા.

૭ કેલિપ્રિય રાજાના પુત્ર બાહુબલી રાજપુત્રે એક કરોડ મુનિઓ સાથે કેવલજ્ઞાન પામી – કર્મ ખપાવી – શ્રી સિદ્ધાચલ ઉપર મોક્ષે ગયા.માટે રાજાએ આ પર્વતનું "બાહુબલી" એવું નામ પાડયું હતું.

૮ મરુદેવયતીશ્વર ૫૦૦, સાધુઓ સાથે આવીને પ્રથમ કેવલજ્ઞાન પામ્યા અને પછી ૫૦૦ સાધુઓને કેવલજ્ઞાન થયું. પછી તેઓ સર્વે મોક્ષે ગયા. તેથી તેમના પુત્ર ચંદનરાજાએ આ પર્વતનું "મરુદેવ" એવું નામ પાડયું.

૯ સગર ચક્રવર્તીના સમયમાં તેમનો પુત્ર ભગીરથ અહીં યાત્રા કરવા માટે આવ્યો. તે સમયે કોટાકોટી સાધુઓને ધ્યાન ધરતાં કેવલજ્ઞાન થયું અને પછી તેઓ મોક્ષે ગયા. એટલે તેણે ત્યાં કોટાકોટી નામનું જિનમંદિર બનાવરાવ્યું. અને પછી પોતે પણ પાછળથી કેવલજ્ઞાન પામી શ્રી શત્રુંજય પર આવીને મોક્ષે ગયા. ત્યાં બીજા રાજાઓ પણ મોક્ષે ગયા.

૧૦ સહસ્ર પત્ર રાજાએ ૨૦૦, પત્નીઓ સાથે દીક્ષા લઇ આચાર્ય પદ મેળવી શ્રી સિદ્ધાચલ પર આવી કેવલજ્ઞાન મેળવી મોક્ષે ગયા.તેથી ઇન્દ્રે શ્રી શત્રુંજયનું સહસ્રપત્ર એવું નામ પાડયું. પાછળ તે ૨૦૦, સાધ્વીઓને પણ કેવલજ્ઞાન થયું. અને મોક્ષે પણ ગયાં.

૧૧ સોમદેવ રાજાએ આઠ હજાર સેવકો અને ૫૦, રાજાઓ સાથે દીક્ષા લઇ શ્રી શત્રુંજય પર આવીને જિનેશ્વર પ્રભુનું ધ્યાન ધરતાં કેવલજ્ઞાન પામી તેઓ એક લાખ–૧૦૦૦૦૦, સાધુઓ સાથે મોક્ષપદ પામ્યા.

૧૨ વીરરાજા દીક્ષા લઇને શ્રી શત્રુંજયપર આવીને કેવલજ્ઞાન પામે છે. ને ત્યાં ૩૦૦૦૦૦, ત્રણ લાખ સાધુઓને શ્રીવીરકેવલીના ઉપદેશથી કેવલજ્ઞાન થાય છે. ને ત્રણ લાખની સાથે મુક્તિપદને પામ્યા.

૧૩ દેવલોકમાંથી તીર્થનો મહિમા જોવા આવેલ સ્વયંપ્રભ દેવે.

- પહેલે દિવસે –૧– લાખ સાધુઓને મોક્ષ પામતા જોયા.
- બીજે દિવસે –૧– ક્રોડ સાધુઓને મોક્ષ પામતા જોયા.
- ત્રીજે દિવસે પાંચ હજાર સાધુઓને મોક્ષ પામતા જોયા.
- ચોથે દિવસે એકસોને પાંચ સાધુઓને મોક્ષ પામતા જોયા.

ફ છઠે દિવસે દસ સાધુઓને મોક્ષ પામતા જોયા.

ફ સાતમે દિવસે૮૦૦ સાધુઓને મોક્ષ પામતા જોયા.

ફ આઠમે દિવસે ૬૨૮, સાધુઓને મોક્ષ પામતા જોયા.

૧૪ રણવીર નામના રાજા દીક્ષા લઇ ૩૦૦૦૦૦, ત્રણ લાખ સાધુઓ સાથે કેવલજ્ઞાન પામી કર્મના ક્ષયથી શ્રી શત્રુંજય પર મોક્ષે ગયા.

૧૫ ધર્મરાજર્ષિ શ્રી શત્રુંજય પર કેવલજ્ઞાન પામીને મોક્ષે ગયા.

૧૬ લૌહિત્ય વગેરે યતિઓ શ્રી સિદ્ધાચલગિરિપર મોક્ષે ગયા.

૧૭ ધરાપાલ રાજા ચાર ક્રોડ મનુષ્યો સાથે સંઘપતિ થઈને શ્રી શત્રુંજયગિરિપર આવે છે. તે સંઘમાંથી એક લાખ મનુષ્યો શ્રી જિનેશ્વર ભગવંતનું ધ્યાન ધરતાં કેવલજ્ઞાન પામી શ્રી શત્રુંજય ગિરિપર મોક્ષે જાય છે.

૧૮ પછી ધરાપાલ રાજાપણ સંયમ લઇ કેવલજ્ઞાન પામી શ્રી શત્રુંજય ગિરિપર મોક્ષે જાય છે.

૧૯ કદંબસૂરિ વગેરે લાખ સાધુઓને શ્રી શત્રુંજય પર કેવલજ્ઞાનની પ્રાપ્તિ અને મોક્ષની પ્રાપ્તિ થઇ હતી.

૨૦ સોમ અને ભીમ નામના બન્ને ભાઇઓ ચારિત્ર લઇ. શ્રી શત્રુંજયમાં આવી કર્મ ખપાવીને મોક્ષે ગયા.

૨૧ ભીમનામનો રાજપુત્ર દીક્ષા લઇ શ્રી શત્રુંજયમાં આવી કેવલજ્ઞાન પામીને મોક્ષે જાય છે.

શ્રી તીર્થંકર ભગવંતોની હાજરીમાં (શાસનમાં) મોક્ષે ગયેલા જીવોની ટૂંક નોંધ.

(શત્રુંજય કલ્પવૃત્તિ ભાષાન્તરના આધારે.)

૧ શ્રી ઋષભસેન નામના જિનેશ્વર પ્રભુ ઘણા સાધુઓની સાથે આયુષ્યના અંત સમયે શ્રી શત્રુંજય પર આવીને મોક્ષે ગયા.

૨ ચંદ્રધન નામના જિનેશ્વર પણ ઘણા સાધુઓ સાથે શ્રી શત્રુંજય પર આવીને મોક્ષે ગયા.

૩ શ્રી અનંત નામના જિનેશ્વર પ્રભુ આયુષ્યના અંત સમયે શ્રી શત્રુંજય તીર્થપર આવીને મોક્ષે ગયા.

૪ ગઇ ચોવીશીના સંપ્રતિ નામના જિનેશ્વરના પ્રથમ ગણધર શ્રી કદંબ સ્વામી એક ક્રોડ મુનિઓ સાથે શ્રી શત્રુંજયમાં આવી મોક્ષે ગયા.

૫ એકવાર શ્રી આદીશ્વર પ્રભુની હાજરીમાં શ્રી શત્રુંજય પર –૧– લાખ સાધુઓ કેવલજ્ઞાન પામીને મોક્ષે ગયા. બીજીવાર પણ ભવ્યજીવોના કલ્યાણ માટે શ્રી શત્રુંજય તીર્થપર પધાર્યા ત્યારે ૫૦,૦૦૦, પચાસ હજાર સાધુઓ જ્ઞાન પામીને મોક્ષે ગયા. આ પ્રમાણે અસંખ્યવાર – પૂર્વ નવ્વાણુંવાર શ્રી આદીશ્વર પ્રભુએ શ્રી શત્રુંજયતીર્થ ઉપર પધારી દેશના દઇ અનેકાનેક ભવ્ય જીવોને મોક્ષ પમાડ્યા.

૬ શ્રી અજિતનાથ ભગવાને જ્યારે ધર્મ દેશના આપી ત્યારે ત્રણ લાખ સાધુઓ આ સિદ્ધપર્વત પર મોક્ષે ગયા હતા.

૭ ચંદ્રાવતી નામની શ્રેષ્ઠી પુત્રી પ્રભુની સન્મુખ સતત તપ ને ધ્યાનથી કેવલજ્ઞાન પામીને મોક્ષપુરીમાં ગઇ અને શ્રી સંભવનાથ પ્રભુની વાણી સાંભળી ક્ષીણ કર્મવાલા બની બીજા ઘણા જીવો પણ મોક્ષે ગયા.

૮ મંડન નામના શ્રેષ્ઠી શ્રી શત્રુંજયમાં શ્રી આદિનાથ પ્રભુને નમન કરવા આવ્યા. ત્યાં પ્રભુની પૂજા કરતાં કેવલજ્ઞાન મેળવીને આ ગિરિના શિખર ઉપર કર્મના ક્ષયથી મોક્ષે ગયા.

૯ ચંદ્ર નામનો વણિક માથા પર ભાર ઊંચકીને જીવનનિર્વાહ કરતો હતો. તે મસ્તક વડે પ્રભુને પ્રણામ કરીને અચલ એવા શ્રીશત્રુંજયમાં ક્ષીણ કર્મવાલો બની મોક્ષ નગરીમાં જાય છે.

૧૦ વીર શ્રેષ્ઠી બુદ્ધિથી જુદા જુદા પ્રકારની રચના વડે ભગવાનની પૂજા કરતો શ્રી શત્રુંજયમાં આવીને પંચમ કેવલજ્ઞાન પામીને ઘણા જીવોને ધર્મમાં જોડતાં ઘણા તપસ્વીઓ સાથે શ્રી શત્રુંજયમાં મોક્ષે ગયા. આ પ્રમાણે શ્રી અભિનંદન સ્વામી પાસે દેશના સાંભલીને ઘણા ભવ્ય જીવો શ્રી સિદ્ધપર્વતના શિખર ઉપર મોક્ષે ગયા.

૧૧ હર નામનો ભારવાહક મસ્તક વડે ઉપાર્જન કરેલી લક્ષ્મીને ધર્મકૃત્યમાં વાપરતો સર્વજ્ઞ એવા અભિનંદન સ્વામીની સેવા કરતાં દીક્ષા લીધી અને સર્વકર્મના ક્ષયથી શ્રી સિદ્ધપર્વતપર મોક્ષે ગયા.

૧૨ શ્રી સુમતિનાથ ભગવાન શ્રી સિદ્ધાચલ પર સમવસર્યા અને ત્યાં સ્થિરતા કરી તે દરમ્યાન બે લાખ સાધુઓ આઠ કર્મ ખપાવી મોક્ષમાં ગયા.

૧૩ હસ્તિ નામનો વણિક પુત્ર પ્રભુ પૂજાના નિયમના ફલમાં મળેલા વરદાનથી બુદ્ધિશાલી બનતાં રાજાનો

મુખ્યમંત્રી બની અને આ જ ગિરિરાજ પર શ્રી સિદ્ધ ભગવંતનું ધ્યાન કરતાં કેવલજ્ઞાન પામી મોક્ષે જાય છે. શ્રીસુમતિનાથ પ્રભુ હજારેવાર ભવ્ય પ્રાણીઓના બોધને માટે શ્રી સિદ્ધાદ્રિપર્વત પર સમવસર્યા હતા.

૧૪ ધર્મ શ્રેષ્ઠીને દેવનીપૂજા કરીને ધ્યાન કરતાં કેવલજ્ઞાન થાય છે. ને તેમને દેવતાઓએ સાધુવેશ આપ્યો. તેઓએ ગ્રહણ કર્યો. ને પછી સુવર્ણના સિંહાસનપર બેસી ધર્મોપદેશ આપ્યો. તે ધર્મ કેવલી પૃથ્વી પર વિચરતા ઘણા જીવોને બોધ કરતા અનુક્રમે તેઓ શ્રી શત્રુંજયતીર્થમાં પધાર્યા પછી અનુક્રમે તે ધર્મકેવલી હજાર સાધુઓ સાથે શ્રી શત્રુંજય પર મોક્ષે ગયા. આ પ્રમાણે પદ્મપ્રભ સ્વામીની દેશના સાંભળીને અનેક ભવ્ય જીવો સ્વર્ગમાં અને મોક્ષમાં ગયા.

૧૫ શેઠ ને પુત્રવધૂ મરીને પહેલાં દેવલોકમાં દેવ થયાં. ત્યાંથી ચ્યવી ધરા નગરીમાં ભીમરાજાના પુત્રો થયા. પરસ્પર પ્રીતિવાલા બન્ને ભાઈઓએ ગુરુપાસે જઈ દયામય ધર્મ સાંભળી સંયમ ગ્રહણ કરી ઘણાં વર્ષો સુધી ચારિત્રપાળી કેવલજ્ઞાન પામી બન્ને ભાઈઓ મોક્ષમાં ગયા.

૧૬ જ્ઞાની વૈદ્યમુનિના ઉપદેશથી તેમના ગુરુ વગેરે ઘણા સાધુઓ કેવલજ્ઞાન પામી અનુક્રમે મુક્તિ નગરીમાં ગયા.

૧૭ કાલ નામના વણિક પુત્ર આઠ વણિકપુત્રો સાથે દીક્ષા લઈ સિદ્ધાંત ભણી આચાર્ય પદ પામ્યા. અને અનુક્રમે એક હજાર સાધુઓ સાથે ભવ્યોને પ્રતિબોધ કરતા શ્રી શત્રુંજય પર આવ્યા. ને ત્યાં કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન પામી ઘણા સાધુઓ સહિત મોક્ષે ગયા.

૧૮ શ્રી વિમલનાથ પ્રભુ જ્યારે શ્રી સિદ્ધાચલ ઉપર બિરાજમાન હતા ત્યારે એક લાખ સાધુઓ કર્મના ક્ષયથી મોક્ષે ગયા હતા.

૧૯ રામ નામના યતિ છઠ્ઠ– અઠ્ઠમ વગેરે તપ કરતા, આ તીર્થના પ્રભાવે કેવલજ્ઞાન પામીને મોક્ષે જાય છે.અને શેઠના ચારે પુત્રો–સોમ – ભીમ– ધન અને રામ પણ અનુક્રમે અહીંયાં આવી દીક્ષા લઈ કેવલજ્ઞાન પામીને મોક્ષે જાય છે.

૨૦ – સોમ નામનો મિત્ર (ચારમાંનો પહેલો) દીક્ષા લઈ, કર્મ ખપાવી, કેવલજ્ઞાન મેળવીને શ્રી શત્રુંજય પર મોક્ષે ગયો.

૨૧ અનેક સાધુઓની સાથે કુંભકાર કેવલી અનુક્રમે અહીં આવી આયુષ્યના ક્ષયે શ્રી સિદ્ધપર્વતપર મોક્ષે ગયા.

૨૨ મદન નામના શ્રેષ્ઠીપુત્ર દીક્ષા લઇ શ્રી શત્રુંજય પર આવી તપતપીને કેવલજ્ઞાન પામીને મોક્ષે ગયા.

૨૩ ધન નામનો મંત્રી પાંચસો ભટો સાથે શ્રી શત્રુંજયમાં શ્રી આદીશ્વર ભગવાનને નમન કરવા માટે આવે છે ત્યારે તેમાંથી ૫૦૦, ભટોને પહેલાં અને પછી મંત્રીને કેવલજ્ઞાન થાય છે. અને આ જ શ્રી શત્રુંજય ગિરિપર તે સર્વે મોક્ષે જાય છે. શ્રી મલ્લિનાથ ભગવાનના આઠ–અયુત એટલે આઠ હજાર સાધુઓ કર્મના ક્ષયથી મોક્ષે ગયા.

૨૪ રૂપ નામનો રાજપુત્ર જેનું બીજું નામ લાડવા ખાવાથી મોદકપ્રિય એવું પડ્યું તે વૈરાગ્ય પામી દીક્ષા લઇ અવધિજ્ઞાન મેળવીને શ્રી સિદ્ધાચલ પર આવી કેવલજ્ઞાન મેળવી મોક્ષે જાય છે.

૨૫ શત્રુંજય પર રહેલા શ્રી મુનિસુવ્રત સ્વામીના ત્રણ લાખ સાધુઓ કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા.

૨૬ મંડન નામના શ્રેષ્ઠીપુત્રે ગુરુ પાસે દીક્ષા લઇ ઘણા કાલ સુધી દીક્ષા પાલીને ચોથું મનઃપર્યવજ્ઞાન મેળવ્યું, અને પછી ઘણા દેવતાઓ અને મુમુક્ષુઓ સાથે શ્રી શત્રુંજય પર આવ્યા. ને ત્યાં તેમને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. અનેક જીવોને ઉપદેશ આપીને શ્રી પુંડરીક ગિરિ ઉપર મોક્ષે ગયા.

૨૭ શ્રી શત્રુંજય પર્વત પર શ્રીપાર્શ્વનાથ ભગવાનના ત્રણસો શિષ્યો કેવલજ્ઞાન પામીને મોક્ષે ગયા.

૨૮ શ્રી મહાવીર સ્વામી પ્રભુએ શ્રી શત્રુંજય પર સમવસરણમાં લેપ શ્રેષ્ઠીનું દૃષ્ટાંત ગૌતમ વગેરેને કહ્યું. તેને હમણાં જ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે. આ સાંભળીને ઘણા સાધુઓને કેવલજ્ઞાન થયું અને શ્રી શત્રુંજય પર મોક્ષે ગયા.

શ્રી શત્રુંજય કલ્પમાં આવતી કથાઓમાંથી શ્રી શત્રુંજયમાં મુક્તિએ ગયેલા જીવોની નોંધ.

૧ આ ચોવીશીથી ચોથી ચોવીશીના ચંદ્રવેગ નામના જિનેશ્વર પ્રભુ શ્રી શત્રુંજય પર બે ક્રોડ સાધુઓ સાથે મોક્ષે ગયા હતા.

૨ તપમાં તત્પર એવા પુણ્યપાલ મુનિ (રાજા) અનુક્રમે શ્રી શત્રુંજયમાં જઈને પુણ્ય પાપના ક્ષયે ઘણા સાધુ સહિત મોક્ષે ગયા.

૩ ત્રિવિક્રમ યતીશ્વરે આદરથી શ્રી શત્રુંજયનું ધ્યાન કરતાં સર્વકર્મના ક્ષયથી જલદી મુક્તિનું સુખ પ્રાપ્ત થયું. તે વખતે ત્યાં સિદ્ધ પર્વતપર કર્મના ક્ષયથી ઘણા સાધુઓ મોક્ષ પામ્યા ને સ્વર્ગે પણ ગયા.

૪ ધરાપાલ રાજા પણ રાજ્યનો ત્યાગ કરી ક્ષણવારમાં વ્રત ગ્રહણ કરી અનુક્રમે સર્વ કર્મ – ખપાવી શ્રી શત્રુંજય ગિરિ ઉપર મુક્તિ પામ્યા.

૫ રવિમલ્લ રાજા સંયમનું પાલન કરતાં શ્રી શત્રુંજય ગિરિ ઉપર ગયા. અને સકલ કર્મનો ક્ષય કરી મોક્ષ નગરીમાં પહોંચ્યા.

૬ શ્રી જિનેશ્વરે કહેલા ધર્મમાં ઘણા ભવ્યજીવોને પ્રતિબોધ પમાડી ધરાપાલ રાજપુત્ર (જ્ઞાની) શ્રી શત્રુંજય ગિરિ ઉપર મોક્ષ પામ્યા.

૭ ભીમરાજાનો જિન ધર્મને કરનારો પુત્ર મદન શ્રી શત્રુંજય ઉપર જઈને શ્રી ઋષભદેવ પ્રભુની આગળ ધ્યાન કરતાં સર્વકર્મ અને આયુષ્યનો ક્ષય થવાથી મોક્ષ પામ્યા.

૮ શાન્તન રાજા પત્ની અને ત્રણ પુત્રો સહિત દીક્ષા લઈ ચારિત્રનું સુખપૂર્વક પાલન કરતાં શ્રી શત્રુંજય ગિરિ ઉપર ગયા. અને ત્યાં એક લાખ વર્ષને અંતે તપમાં તત્પર એવા તે અનશન લઈ પાલન કરતાં સર્વકર્મનો ક્ષય કરી મોક્ષ નગરીમાં ગયા.

૯ શ્રી શત્રુંજયના દેવશિખર ઉપર ભીમ વગેરેએ ઉત્તમ ધ્યાનથી યુક્ત તીવ્ર તપ કર્યું. જેથી તેઓના સર્વકર્મનો ક્ષય થવાથી તેમને જ્ઞાન ને મોક્ષ પ્રાપ્ત થયાં તે સ્થાનમાં ભરત ચક્રવર્તીએ "તાપસ" નામનું જિનમંદિર બનાવરાવ્યું.

૧૦ ક્ષીણ કર્મવાલા શ્રેયાંસ કુમાર (મુનિ) મોક્ષમાં ગયા ત્યારે ત્રણસો સાધુઓ પણ મોક્ષપુરીમાં ગયા.

૧૧ શ્રેયાંસના પાંચ પુત્રોએ શ્રી જિનેશ્વરની પાસે દીક્ષા લઈ કર્મ ખપાવી શ્રી શત્રુંજય ગિરિપર મોક્ષે ગયા.

૧૨ શ્રેયાંસના બીજા પુત્રો અને પૌત્રો મદન વગેરે વીશ શત્રુંજયગિરિ ઉપર યાત્રા કરી દશ પુત્રો મોક્ષમાં ગયા ને દશ –સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ગયા.

૧૩ વજ્રશ્રી વિદ્યાધર ચારિત્રની સંપત્તિ પામીને સર્વ કર્મનો ક્ષય થવાથી ત્રણ લાખ સાધુઓથી આશ્રય કરાયેલા તેઓ સિદ્ધ થયા.

૧૪ બે કરોડ મુનિઓ સહિત નમિ અને વિનમિ આ બન્ને મુનિઓ આયુષ્યનો ક્ષય થવાથી શ્રી સિદ્ધગિરિ ઉપર મુક્તિ નગરીને પામ્યા.

૧૫ નમિ રાજાની ચર્ચા વગેરે – ૬૪ – પુત્રીઓ દીક્ષા લઇ શ્રી સિદ્ધગિરિ ઉપર ચૈત્રવદિ-૧૪-ના દિવસની રાત્રિમાં એકી સાથે મોક્ષમાં ગઇ. આથી તે શિખરનું ચર્યાગિરિ નામ જગતમાં પ્રસિદ્ધ થયું.

૧૬ સૂર્યયશા રાજાએ આરીસાભુવનમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરી ઇન્દ્ર દ્વારા સાધુવેશ પામી, પૃથ્વી પર વિહાર કરતાં, ઘણા ભવ્યોને પ્રતિબોધ કરતાં શ્રી શત્રુંજય પર જઇને આયુષ્યના ક્ષયે સર્વ કર્મનો ક્ષય કરી મુક્તિમાં ગયા.

૧૭ વીર્યસાર રાજાએ દીક્ષા લઇ એક કરોડ પ્રમાણવાલા મુનિઓ સાથે શ્રી શત્રુંજય પર જઇ. કર્મનો ક્ષય કરી, કેવલજ્ઞાન પામી. એક કરોડ સાધુસહિત પોતાના આયુષ્યના ક્ષયે મુક્તિપદને પામ્યા.

૧૮ સગર મુનિ(ચક્રવર્તી) અજિતનાથ પ્રભુની પેઠે ઘણા ભવ્યોને પ્રતિબોધ કરતાં ઘાતી કર્મનો ક્ષય થવાથી કેવલજ્ઞાન પામી શ્રી સિદ્ધગિરિ પર મોક્ષપદને પામ્યા.

૧૯ શ્રી વજ્ર દંષ્ટ્ર ઋષિ સર્વ કર્મનો ક્ષય થવાથી સિદ્ધપર્વત એવા મનોહર શ્રી શત્રુંજય ગિરિપર મુક્તિ નગરીમાં ગયા.

૨૦ કાર્તિક માસની પૂર્ણિમાના દિવસે દ્રાવિડ અને વારિખિલ્લ મુનિ ૧૦– કરોડ મુનિઓ સાથે શ્રી શત્રુંજય ગિરિપર મોક્ષપદને પામ્યા.

૨૧ દ્રાવિડ અને વારિખિલ્લના ઘણા પુત્રોએ રાજ્ય પામી. રાજ્ય છોડી સંયમ લક્ષ્મીને ગ્રહણ કરી અનુક્રમે શ્રી શત્રુંજયગિરિ ઉપર જઇ બાકીનાં કર્મના સમૂહનો ક્ષય થવાથી મોક્ષ નગરીના સુખને પામ્યા.

૨૨ જ્ઞાની એવા રામ મુનિ – ત્રણ કરોડ સાધુથી યુક્ત શ્રી સિદ્ધગિરિ ઉપર આઠ કર્મના સમૂહનો ક્ષય કરી મુક્તિ નગરીને શોભાવી.

૨૩ તેમના પુત્રો અંકુશ ને લવ પણ પાપોનો ક્ષય કરી ઘણા સાધુઓ સાથે સિદ્ધગિરિ ઉપર કેવલજ્ઞાન પામીને મુક્તિ પામ્યા.

૨૪ એકાણું લાખ મુનિ સાથે નવે નારદો શ્રી શત્રુંજયતીર્થ ઉપર અનુક્રમે સર્વ કર્મના ક્ષયથી મોક્ષ પામ્યા.

૨૫ આ તીર્થ ઉપર મહાપાપી એવા ચંદ્રસેન રાજાએ સુગંધી પુષ્પો વડે તેવી રીતે પૂજા કરી કે જેથી નરકની ઉત્પત્તિના કારણ રૂપ ઉપાર્જન કરેલ સર્વ કર્મને છેદીને ગૃહસ્થ હોવા છતાં પણ કેવલજ્ઞાન પામીને મોક્ષે ગયા.

૨૬ શ્રી શાંતિનાથ પ્રભુની પાસે એક વખત મેઘવાહન રાજા ધ્યાન કરતાં સર્વ પાપની પરંપરાનો ક્ષય થવાથી મોક્ષ પામ્યા.

૨૭ ઉત્તમ સદાચારના આદરવાલા સાત હજાર સાધુઓ સાથે નંદિષેણ મુનીશ્વરે (આચાર્ય ભગવંતે)અનશન કર્યું. ને કર્મનો ક્ષય થવાથી પ્રથમ તેઓ કેવલજ્ઞાન પામી અનુક્રમે મોક્ષમાં ગયા, બીજા સાધુઓ પણ કેવલજ્ઞાન પામી પોતપોતાના આયુષ્યના ક્ષયે સમાધિવાલા મોક્ષે ગયા.

૨૮ પ્રદ્યુમ્ન વગેરે સાડા ત્રણ કરોડ કુમારો સ્વામીની વાણી સાંભળી શ્રી શત્રુંજય ગિરિ ઉપર ગયા. ત્યાં રાયણ વૃક્ષને અને જિનેશ્વરની પાદુકાઓને પ્રદક્ષિણા કરીને રૈવતાચલની પાસે સાતમા શિખર પર રહ્યા. શુકલ ધ્યાનવડે શ્રેષ્ઠ એવા તે સર્વે કુમારો મોક્ષમાં ગયા.

૨૯ ઘણા સાધુઓથી સેવાયેલા ચન્દ્રશેખર સૂરિ અનુક્રમે શત્રુંજયમાં પધારી આદરપૂર્વક તપ કરી કેવલજ્ઞાન મેળવી ઘણા સાધુઓ સહિત મોક્ષમાં ગયા;

૩૦ થાવચ્ચા પુત્ર ગુરુએ શ્રી સિદ્ધગિરિ ઉપર જઇ સર્વ જીવોને ખમાવી અનશન સ્વીકારી મહિનાના અંતે કેવલજ્ઞાન પામી પરિવાર સહિત કર્મ ક્ષય થવાથીમોક્ષે ગયા.

૩૧ ધર્મધ્યાનમાં તત્પર અસંખ્ય સાધુઓ સહિત શીતલસૂરિ ઘાતિક કર્મની પરંપરાનો ક્ષય કરી કેવલજ્ઞાન પામ્યા. ત્યાં શુકાચાર્ય સહિત શૈલકસૂરિ સર્વકર્મનો ક્ષય થવાથી મુક્તિનગરીમાં ગયા.

૩૨ કુંતલ નામના રાજાએ પ્રતિબોધ પામી – દીક્ષા લઇ. શ્રી શત્રુંજય ઉપર જઇ અનુક્રમે ધ્યાન કરતાં સર્વકર્મ નો ક્ષય કરી મુક્તિનગરીમાં ગયા. આ પ્રમાણે બીજા પણ અસંખ્ય સાધુઓ શ્રી સિદ્ધગિરિ ઉપર આઠે કર્મનો ક્ષય થવાથી મુક્તિનગરીમાં ગયા.

૩૩ ધન રાજાએ શ્રી શત્રુંજય ગિરિ ઉપર જઇ. ઋષભદેવ પ્રભુની પૂજા કરી ધ્વજ દાન વગેરે કાર્યો કર્યા. બોંતેર દેવમંદિર (દેરીઓ) સહિત જિનમંદિર કરાવી તેમાં ઋષભદેવ પ્રભુના બિંબની સ્થાપના કરી ધન રાજાએ હર્ષવડે દીક્ષા લઇ અનુક્રમે સર્વકર્મનો ક્ષય કરી શ્રી શત્રુંજયમાં મોક્ષે ગયા.

૩૪ હસ્તિસેન રાજાએ શ્રી પાર્શ્વનાથ પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી. તીવ્ર તપ કરતાં શ્રી શત્રુંજયગિરિ પર આવીને અનુક્રમે એક વખત પ્રભુની આગળ ધ્યાન કરતાં કેવલજ્ઞાન થયું. તે વખતે ધ્યાન યુક્ત બીજા મુનિવરોને કર્મનો ક્ષય થવાથી કેવલજ્ઞાન થયું. ત્યાં આયુષ્યનો ક્ષય થવાથી ઘણા સાધુ સહિત હસ્તિસેન રાજર્ષિ મુક્તિ પામ્યા. ત્યારે દેવોએ મહોત્સવ કર્યો.

૩૫ પદ્મ અને ચંદ્ર નામના પુત્રોએ એક વખત ચંદ્રસૂરિ પાસે સર્વજ્ઞનો ધર્મ સાંભળી દીક્ષા લઇ બન્નેએ તીવ્ર તપ કર્યું. પૃથ્વીતલ ઉપર વિચરતા શ્રી શત્રુંજય પર ગયા. ને ત્યાં પ્રભુએ કહેલા ધર્મને કરતાં પોતાનાં કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન પામી આયુષ્યના ક્ષયે બન્ને ભાઇઓ મોક્ષમાં ગયા.

૩૬ દ્વિપ્રહર રામ બ્રાહ્મણ – જૈન ધર્મ પામી. શત્રુંજયનો સંઘ કાઢી વિશાલ જિનમંદિર બનાવી મુક્તિયોગ્ય પુણ્ય ઉપાર્જન કર્યું, પછી અનુક્રમે વ્રત લઈ. સંયમ પાલન કરતા મિત્ર ને પત્ની સહિત મોક્ષે ગયા.

૩૭ કુલ ધ્વજ રાજપુત્ર દીક્ષા લઈ શાસ્ત્રો ભણી આચાર્યપદ પામી. શ્રીશત્રુંજય ઉપર જઈ ઘણા સાધુસહિત ધ્યાનમાં તત્પર થયા. ત્યાં ઘણા સાધુ સહિત કેવલજ્ઞાન પામી કુલધ્વજ યતીશ્વર મોક્ષે ગયા.

૩૮ મદન રાજા પોતાનું રાજ્ય પામી. પોતાના રાજ્યપર પુત્ર મલ્લદેવને સ્થાપન કરી હર્ષ વડે ચંદ્રદેવ સૂરીશ્વર પાસે સંયમ ગ્રહણ કર્યો. ને શત્રુંજય પર્વત પર જઈ ધ્યાન કરતાં સર્વ કર્મની પરંપરાનો ક્ષય કરી મુક્તિને પામ્યા.

૩૯ પાંચ પાંડવોએ માતા કુંતી ને દ્રૌપદી સહિત દીક્ષા લીધી. અગિયાર અંગ ભણી તપમાં તત્પર બન્યા. હસ્તિકલ્પ નગરમાં શ્રી નેમિનાથ પ્રભુનું મોક્ષ ગમન સાંભળી પોતાના કર્મનો ક્ષય કરવા સિદ્ધગિરિઉપર જઈ વિવિધ તપો કરતાં પાંચ પાંડવો માતા સહિત અનશન ગ્રહણ કરી વીશ ક્રોડ મુનિઓ સાથે કર્મક્ષય કરી મોક્ષ પામ્યા.

૪૦ સાડા પાંચસો રાજપુત્રો પણ શ્રી શત્રુંજયગિરિ ઉપર પાંડુપુત્રોની પછી કર્મનો ક્ષય કરી મુક્તિપુરીમાં ગયા.

૪૧ નિષ્પુણ્યકયતિ શ્રી શત્રુંજયમાં આવી ત્યાં કર્મ ખપાવી લાખ સાધુઓ સાથે સારા દિવસે મુક્તિપુરીમાં પહોંચ્યા.



શ્રી કુમારપાળ રાજાનો સંબંધ

क्षेत्रानुभावतो पूज्यैः, मुक्यद्रेर्महिमा स्मृतः ।
ध्रुवं भावौधमुक्त्यर्थं, यात्रा कार्या दयाभृतैः ॥१॥

પૂજ્ય પુરુષોએ આ મુક્તિગિરિનો મહિમા ક્ષેત્રના અનુભાવથી કહેલો છે. તેથી દયાળુ પુરુષોએ આ ભવચક્રમાંથી મુક્ત થવાને માટે અવશ્ય યાત્રા કરવી જોઈએ. આના માટે કુમારપાલ રાજાનો સંબંધ – ખૂબજ પ્રેરણાદાયી છે.

(ઉપદેશ પ્રાસાદ ભાષાન્તર ભાગ ત્રીજો. વ્યાખ્યાન – નંબર – ૧૮૩ માંથી)

પાટણમાં કલિકાળ સર્વજ્ઞ પૂ. શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજની ધર્મવાણીનો પવિત્ર ધોધ વહી રહ્યો હતો. તેઓશ્રીએ ઉપદેશ દેતાં કહ્યું કે " યૌવનમાં અને વૃદ્ધાવસ્થામાં અજ્ઞાનપણે જે પાપ કર્યું હોય તે સર્વ પાપ શ્રી સિદ્ધગિરિના સ્પર્શથી વિલય પામે છે.

એક વખત ભોજન કરનારો, ભૂમિપર સૂનારો, બ્રહ્મચર્ય પાળનારો, ઈન્દ્રિયોને વશમાં રાખનારો, સમ્યગ દર્શનથી યુક્ત અને છ આવશ્યક (પ્રતિક્રમણ) કરનારો, શ્રી સિદ્ધાચલની યાત્રા કરે તો તે સર્વતીર્થની યાત્રાનું ફળ પામે છે.

હે કુમારપાળ ! ત્રણેય જગતમાં આ શ્રી સિદ્ધાચળ જેવું એક પણ મહાન તીર્થ નથી. પ્રથમ તીર્થંકરના પહેલા ગણધરના નામ ઉપરથી તેનું નામ પુંડરીક પડેલું છે. આ અંગે કહ્યું છે કે :-

ચૈત્ર સુદિ પૂનમના દિવસે પાંચ ક્રોડ મુનિઓ સાથે શ્રી પુંડરીક ગણધર જે તીર્થે નિર્મળ સિદ્ધિસુખને પામ્યા. તે પુંડરીક તીર્થ જયવંતુ હો. આથી ચૈત્રી પૂનમના દિવસે. દસ–વીસ–ત્રીસ–ચાલીસ અને પચાસ પુષ્પમાલા જે ચઢાવે છે તે અનુક્રમે એક–બે–ત્રણ–ચાર અને પાંચ ઉપવાસનું ફળ પામે છે.

હે રાજન ! શાસ્ત્રોક્ત વિધિથી ચૈત્રી પૂનમે દેવવંદન અને પુંડરીક ઉદ્યાપન વગેરે ક્રિયા કરવી. યાત્રામાં પણ સંઘવી પદ ભાગ્યથીજ પ્રાપ્ત થાય છે. હે કુમારપાળ ! ઈન્દ્રાદિકની પદવી સુલભ છે. પરંતુ સંઘપતિની પદવી દુર્લભ છે. કહ્યું છે કે, " આ સંઘ પ્રભુને પણ માન્ય અને પૂજ્ય છે. તેવા સંઘનો જે અધિપતિ થાય તેને લોકોત્તર સ્થિતિવાળો જ સમજવો.

આચાર્યશ્રી પાસેથી શ્રીસિદ્ધાચળ તીર્થનો મહિમા સાંભળી કુમારપાળે સંઘ કાઢવાનો નિર્ણય કર્યો. આચાર્યશ્રીએ

આઠ સ્તુતિથી દેવવંદન વગેરે કરાવીને કુમારપાળ રાજાને સંઘપતિની પદવી આપી. શુભ ચોઘડિયે અને શુભ દિવસે હાથી ઉપર સુવર્ણનું જિનાલય મુકાવીને શ્રી કુમારપાળે શ્રી સંઘ સાથે શ્રી સિદ્ધાચલની યાત્રા માટે પ્રયાણ કર્યું. આ સંઘમાં પહેલાં બોંતેર સામંતનાં દેવાલયો હતાં, તે પછી ચોવીશ મંત્રીનાં દેવાલયો હતાં. તે પછી અઢારસો વેપારીઓનાં જિનચૈત્યો અનુક્રમે ચાલ્યાં.

કુમારપાળ રાજા સંઘમાં જોડાયેલા સાધર્મિકોની ભાવથી ભક્તિ કરતો હતો. જેઓ ભાતું ન લાવ્યા હોય તેમને પ્રેમ અને આદરથી ભાતું આપતો હતો. અને સગાભાઈઓ એક સાથે યાત્રાએ જતાં હોય તે પ્રમાણે દરેકની સાર સંભાળ રાખતો હતો.

રસ્તામાં કુમારપાળે આચાર્ય ભગવંતને યાત્રાનો વિધિ પૂછ્યો. આચાર્ય ભગવંતે તેની સમજ આ પ્રમાણે આપી.

सम्यक्त्वधारी पथि पादचारी, सचित्तवारी वरशीलमारी;
भूस्वापकारी सुकृतिस्सदैकाहारी- विशुद्धां विदधाति यात्राम् ।

સમકિત ધારણ કરીને, પગપાળા ચાલીને, સચિત્તનો ત્યાગ કરીને બ્રહ્મચર્યનું પાલન કરીને, પૃથ્વીપર સૂઈને અને એક વખત ભોજન લઈને સુકૃતિપુરુષ વિશુદ્ધ યાત્રા કરે છે. ।। લોકમાં પણ કહેવાય છે કે યાત્રામાં વાહનપર બેસવાથી અર્ધું ફલ નાશ પામે છે. જોડા પહેરવાથી ચોથા ભાગનું ફલ નાશ પામે છે. શુભમાર્ગે ધનનો વ્યય ન કરવાથી ત્રીજા ભાગનું ફળ નાશ પામે છે.

આ સાંભળી કુમારપાળે વાહન અને જોડાનો ઉપયોગ બંધ કર્યો. તેમને પગે ચાલતા જોઈને આચાર્યશ્રીએ કહ્યું કે, " હે રાજન ! વાહન અને જોડાનો ઉપયોગ નહિ કરો તો તમને ઘણી પીડા થશે. "

કુમારપાળે કહ્યું કે હે ભગવંત ! વાહન અને જોડાવગર ચાલવાની ટેવ મારે નવી નથી પાડવાની, હું અગાઉ વાહન વિના ઉઘાડાપગે ઘણુંજ રખડ્યો છું પણ એ બધું રખડવું વ્યર્થ ગયું છે. અને આ તો તીર્થયાત્રા માટે ઉઘાડા પગે ચાલી રહ્યો છું. તેથી તે સાર્થક જ થવાનું છે. અને તેથી મારું ભવભ્રમણ ટળી જશે."

યાત્રાના માર્ગમાં જે જે કોઇ ગામ, નગર આવ્યાં. ત્યાં ત્યાં કુમારપાળે તે ગામમાંની જિનપ્રતિમાને સુવર્ણનાં છત્ર કરાવ્યાં. દરેક જિન પ્રાસાદપર ધ્વજારોપણ કરાવ્યું. સાધર્મિક ભક્તિ ને વાત્સલ્ય કર્યા. અમારિ ઘોષણા કરાવી. બન્ને સમય પ્રતિક્રમણ કર્યું. પર્વતિથિના દિવસે પૌષધ કર્યો. અને યાચકોને દાન પણ કર્યું. આ રીતે ધીમે ધીમે શ્રી સંઘ શ્રી સિદ્ધાચળજી નજીક આવી પહોંચ્યો. તીર્થનાં દર્શન થતાં જ કુમારપાળે પંચાંગ પ્રણામ કર્યા. અને તે દિવસે ત્યાં રહી શ્રી શત્રુંજય તીર્થને વધાવી તીર્થ સન્મુખ સુગંધી દ્રવ્યના અષ્ટ મંગળ આલેખી તીર્થોપવાસ અને રાત્રિ જાગરણ કર્યું.

બીજે દિવસે સવારે દેવગુરુની પૂજા કરી ઉપવાસનું પારણું કર્યું. અને પછી સૌ તળેટીમાં ગયા. તળેટીએ સકલ

સંઘ સહિત ચૈત્યવંદન કર્યું. અને પછી બધી આશાતનાઓથી દૂર રહીને શ્રી સંઘ ગિરિરાજ પર ચઢવા લાગ્યો.

જિન પ્રાસાદની નજીક પહોંચતાં કુમારપાળ રાજાએ તેના દ્વારને સાચા સવાશેર મોતીથી વધાવ્યું. અને પછી અંદર પ્રવેશ કર્યો. પ્રદક્ષિણા કરતી વખતે રાજાએ આચાર્ય મ. શ્રી હેમચંદ્ર સૂરિજીને ભગવાનની સરલ અને અપૂર્વ સ્તુતિ કરવા વિનંતિ કરી.

આચાર્યશ્રીએ " જય જંતુ કપ્પ " ઈત્યાદિ ધનપાલ પંચાશિકાના પાઠવડે ભગવાનની મંગલ સ્તુતિ કરી. એ સાંભળીને કુમારપાળ રાજા અને બીજાઓ બોલી ઊઠ્યા, હે ભગવાન આપ તો સમર્થ કવિ છો છતાંય બીજાએ રચેલી સ્તુતિ આપ કેમ ગાઓ છો ? આચાર્યશ્રીએ કહ્યું કે, 'હે રાજન ! આવી અદભુત ભક્તિગર્ભિત સ્તુતિ રચવી તે મારા ગજા બહારની વાત છે.'

આચાર્ય મહારાજની આવી નિરભિમાનતા જોઈને સૌ ખુશ થયા. પછી સૌ રાયણવૃક્ષ પાસે આવ્યા. તે રાયણ વૃક્ષને જોઈને આચાર્યશ્રીએ કહ્યું કે, 'હે કુમારપાળ ! સિત્તેર લાખ કોટિ અને છપ્પન હજાર કોટિ વર્ષે એક પૂર્વ થાય છે. તે સંખ્યાને નવ્વાણું ગુણા કરતાં ઓગણોતેર કોડાકોડ – પંચાસી લાખ કરોડ અને ચુંમાલીશ કરોડ થાય. તેટલીવાર યુગાદિદેવ શ્રી આદિનાથ પ્રભુ આ રાયણના વૃક્ષ નીચે સમોસર્યા છે.'

ત્યાર પછી આચાર્ય ભગવંતે બતાવેલ વિધિ પ્રમાણે કુમારપાળ રાજાએ રાયણવૃક્ષની નીચે સ્થાપન કરેલી પ્રભુનીચરણ પાદુકાની પૂજા કરી. અને પછી ગર્ભગૃહ – ગભારામાં પ્રવેશ કર્યો.

પ્રભુનાં દર્શન કરી તેનો આત્મા ભાવ વિભોર બની ગયો. રાજા અપલક નજરે હર્ષભીની આંખે પ્રભુના મુખને જોઈ રહ્યો. અને પછી અંતરનાથ અંતરથી ઉલ્લસતા હૈયે ભગવાનની સ્તુતિ કરી અને નવલક્ષ મૂલ્યનાં નવ મહારત્નો વડે નવ અંગે પૂજા કરી. અને મનમાં બોલ્યો.

" આજે હું ધન્ય છું. આ સમગ્ર વિશ્વને પાવન કરનાર શ્રી જિનેન્દ્ર ભગવંતનું શાસન પામીને મારો આ માનવભવ સફળ થયો છે. "

પછી ઈન્દ્રમાળા પહેરાવવા માટે સંઘ ભેગો થયો. તેની ઉછામણી બોલાવવા માંડી. વાગ્ભટ્ટ મંત્રી ઈન્દ્રમાળ પહેરાવવા માટે ચાર લાખ દ્રવ્યની પ્રથમ ઉછામણી બોલ્યા. કુમારપાળે આઠ લાખ દ્રવ્ય કહ્યું. વાગ્ભટ્ટે સોલ લાખ દ્રવ્ય કહ્યું. રાજાએ બત્રીસ લાખ કહ્યું. ત્યારે ત્યાં એક ગૃહસ્થ સવા કરોડ દ્રવ્યની ઉછામણી બોલ્યો.

રાજા આટલો બધો આંક સાંભળી આશ્ચર્ય ચકિત થઇ ગયો ને બોલ્યો. ઈન્દ્રમાળ એ ભાઈને પહેરવા માટે આપો.

આ સાંભળીને અતિ સામાન્ય લાગતો એવો એક ગૃહસ્થ ભીડમાંથી રાજા પાસે આવ્યો. તેને જોઈને

કુમારપાળને વિશ્વાસ ન બેઠો. કે આવો કંગાલ સવા કરોડ દ્રવ્ય કેવી રીતે આપશે ? તેથી તેમણે કહ્યું કે, 'હે જગડુશા ! પહેલાં સવા કરોડ દ્રવ્યની ખાતરી કરાવો. '

જગડુશાને આ વાત સાંભળી દુઃખ થયું. તેથી તેણે કહ્યું હે રાજન ! દેવ – ગુરુ તેમજ સંઘપતિ સમક્ષ કોઇ જૂઠું બોલે નહિ હું અસત્ય બોલતો નથી. અને પછી જગડુશાએ કુમારપાળ રાજાના હાથમાં સવા કરોડની કિંમતનું એક રત્ન મૂક્યું. રત્ન જોઈને કુમારપાળને પોતાની ભૂલ સમજાઇ. પછી તેમણે જગડુશાની ક્ષમા માંગી. અને તેને ભેટીને કહ્યું કે, " જગડુશા ! મારા સંઘના તમેજ સંઘપતિ છો. અડસઠ તીર્થરૂપ ઇન્દ્રમાળને જગડુશાએ પોતાની માતાને પહેરાવી.'

એ પછી કુમારપાળે પૂજાનાં સોનાનાં ઉપકરણો મંદિરમાં મૂકીને પાંચ શક્રસ્તવવડે દેવવંદન કર્યું. ત્યાર પછી સંઘ સહિત શ્રી પુંડરીકગિરિને ચારે તરફ પટકૂળ વગેરે પરિધાન કરાવી અનુક્રમે નીચે ઊતરી પાલિતાણા ગામમાં આવ્યા.

ત્યાં આચાર્યશ્રીએ કહ્યું, 'આ શ્રી શત્રુંજયગિરિનું પાંચમું શિખર ગિરનાર છે. તેને વાંદવાથી પણ શ્રી શત્રુંજયગિરિની વંદના જેટલુંજ ફળ પ્રાપ્ત થાય છે.'

એ પછી કુમારપાળ શ્રી સંઘ સહિત ગિરનાર આવ્યો. ત્યાં તેઓ સૌએ ભક્તિભાવથી જિનપૂજા કરી, ભગવાનશ્રી નેમિનાથની વજ્રમય અને અતિશયવાલી પ્રતિમા જોઈને કુમારપાળે આચાર્યશ્રીને પૂછ્યું, 'આ પ્રતિમા કોણે અને ક્યારે ભરાવી ? '

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે કહ્યું, આ ભરતક્ષેત્રમાં અતીત ચોવીશીમાં ત્રીજા સાગર નામના તીર્થંકરના સમયમાં અવંતી નગરીમાં નરવાહન નામે રાજા થઇ ગયો. તીર્થંકર શ્રી સાગર પ્રભુની દેશના સાંભળી નરવાહને પૂછ્યું, " ભગવાન ! હું ક્યારે કેવળી થઇશ ? ભગવાને કહ્યું કે હે રાજન ! આવતી ચોવીશીમાં બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથના સમયમાં તું કેવળી થઇશ.

નરવાહને તે સાંભળીને દીક્ષા લીધી. ઉગ્ર તપસ્યા કરી અને ઉત્કૃષ્ટ ધ્યાન ધરી કાળક્રમે મૃત્યુ પામીને બ્રહ્મદેવ લોકમાં દશ સાગરોપમના આયુષ્યવાળો ઇન્દ્ર થયો. અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જાણી તેણે શ્રી નેમિનાથ પ્રભુનું વજ્રમય બિંબ કરાવ્યું અને સ્વર્ગમાં પૂજા કરી, પોતાનો અંતસમય નજીક જાણી ઇન્દ્રે આ રૈવતગિરિ ઉપર વજ્રથી કોતરાવીને પૃથ્વીની અંદર પૂર્વાભિમુખે પ્રાસાદ કરાવ્યો. તેમાં રૂપાના ત્રણ ગભારા રચાવ્યા. તેમાં રત્ન–મણિ અને સોનાનાં ત્રણ બિંબ સ્થાપ્યાં, અને તેની આગળ સુવર્ણનું પવાસન કરી, પેલા વજ્રમય બિંબનું ત્યાં સ્થાપન કર્યું. પછી તે ઇન્દ્ર સ્વર્ગથી ચ્યવીને સંસારમાં ભમતો ભમતો ક્ષિતિસાર નગરમાં નરવાહન રાજા થયો. આ ભવમાં તેણે શ્રી નેમિનાથ પ્રભુ પાસેથી પોતાનું પૂર્વ સ્વરૂપ જાણ્યું. આથી તે વજ્રમય બિંબની પૂજા ભક્તિ કરી. તેણે પ્રભુ પાસે સંયમ લીધો. સંયમની રૂડી આરાધના કરતાં તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. અને મોક્ષે ગયા. આ રૈવતગિરિ ઉપર શ્રી નેમિનાથ પ્રભુનાં દીક્ષા – કેવળજ્ઞાન અને નિર્વાણ એમ ત્રણ કલ્યાણક થયાં. ત્યારથી આ ચૈત્ય અને આ લેપ્યમય બિંબ લોકમાં પૂજાય છે.

શ્રી નેમિનાથ પ્રભુના મોક્ષે ગયા પછી નવસોને નવ વરસ બાદ કાશ્મીર દેશથી રત્ન નામે એક શ્રાવક અહીં યાત્રા

કરવા માટે આવ્યો. તેણે જળકળશ ક્યો. આથી બિંબ ગળી ગયું. પોતાનાથીજ પ્રભુની મહાન આશાતના થઇ છે તેમ જાણી શ્રાવકે બે માસના ઉપવાસ ક્યા. બે માસને અંતે અંબિકા દેવી પ્રગટ થયાં. દેવીના આદેશથી પેલા ભોંયરામાં રહેલા પ્રાસાદમાંથી સુવર્ણના પવાસન ઉપરથી વજ્રમય બિંબ લાવીને તેની અહીં સ્થાપના કરી.

ગિરનાર તીર્થનો આવો અદભુત ઇતિહાસ જાણી કુમારપાળ રાજા શ્રી સંઘ સાથે ત્યાં થોડા દિવસ રોકાયો. આ તીર્થમાં પણ શ્રી જગડુશાએ ઇન્દ્રમાળ પહેરી. ત્યાંથી શ્રી સંઘ પાટણ આવ્યો. અહીં પણ જગડુશાએજ ઇન્દ્રમાળ ધારણ કરી.


કુમાર પાળે જગડુશાને રત્નોનો ઇતિહાસ પૂછ્યો. જગડુશાએ ક્હ્યું. મારા પિતા હંસરાજ મહુવામાં રહેતા હતા. પોતાના અંત સમયે મને ક્હ્યું. આ પાંચ રત્ન તને આપું છું. આમાંથી ત્રણ રત્ન અનુક્રમે શ્રી સિદ્ધાચળ – રૈવતગિરિ અને દેવ પાટણમાં આપજે. અને બાકીનાં બે રત્નોથી તારો જીવન નિર્વાહ કરજે. હે રાજન ! મેં આ રીતે પિતાના વચનનું પાલન ક્યું.

પછી એ જગડુશાએ શ્રી સંઘની હાજરીમાં જ પેલાં બે રત્નો કુમાર પાળ રાજાને આપતાં ક્હ્યું. આ બે રત્નો તો તમારા જેવા સંઘપતિ પાસે હોય તે જ યોગ્ય છે.

કુમાર પાળ રાજા તો જગડુશાની ઉદારતા જોઈને આભોજ બની ગયો. ભાવવિભોર હૈયે તેની પ્રશંસા કરતાં કુમારપાળે ક્હ્યું, 'હે શ્રાવકવર્ય ! તમને ધન્ય છે. તમે ત્રણેય તીર્થમાં ઇન્દ્રમાળ પહેરીને ઇન્દ્રપદ પ્રાપ્ત ક્યું છે. તમે તો સૌમાં પ્રથમ પુણ્ય કરનારા છો.' એમ કહીને જગડુશાને પોતાના અર્ધાસન ઉપર બેસાડ્યો. અને તેનો સત્કાર કરી દોઢ કરોડ દ્રવ્ય આપીને બે રત્નો લીધાં. કુમારપાળે એ રત્નોને બે હારમાં વચલા ભાગમાં ચક્તામાં અલગ અલગ મઢાવ્યાં. પછી એક હાર શ્રી શત્રુંજય અને બીજો હાર ગિરનાર તીર્થ ઉપર પ્રભુની પૂજા માટે મોકલ્યો.

આમ ભવ્યજીવોએ કુમાર પાળ રાજાનું જીવનવૃત્તાંત જાણીને ભક્તિભાવથી વિધિપૂર્વક પાપકર્મોનો નાશ કરવા માટે તીર્થ યાત્રા કરવી.





શ્રી શત્રુંજય-સંબંધી-અન્ય-પ્રચલિત વાર્તાઓ.

વીર વિક્રમશી

પાલિતાણા શહેરમાં ભાવસાર જ્ઞાતિનો વિક્રમશી નામનો એક યુવાન પોતાના ભાઈ ને ભાભી સાથે રહેતો હતો.

ઉનાળાના દિવસોમાં એક વખત વિક્રમશી પોતાનાં કપડાં ધોઈને હાથમાં ધોકો અને કપડાં લઈને મધ્યાહનના સમયે ઘેર આવ્યો. ભૂખ પણ ઘણી લાગી હતી, તેથી હાથ પગ ધોઈને રસોડામાં જમવા માટે ગયો. પણ રસોઈને વાર હતી, તેથી તેણે ગુસ્સામાં ભાભીને કહ્યું કે બપોર થઈ ગયો છતાં હજુ પણ રસોઈ કરી નથી ? મારે શું ખાવું ? ઘેર બેઠાં બેઠાં આટલુંયે થતું નથી ?

આવા શબ્દો સાંભળીને ભાભીએ કહ્યું કે રસોઈને થોડી વાર લાગી એમાં આટલો બધો ગુસ્સો કોના ઉપર કરો છો ? હજુ તો તમારા ભાઈ જ કમાય છે, અને તમારે ઠીક છે. બેઠાં બેઠાં તાગડધિન્ના કરવા છે ! બહુ બળ હોય તો શ્રી સિદ્ધાચલની બંધ થયેલી યાત્રા ખુલ્લી કરાવોને ? સિંહને મારો તો ખરા શૂરવીર જાણું.

ભાભીનું મહેણું સાંભળતાંજ ધોકો હાથમાં લઈને ચાલી નીકલ્યો. અને પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી સિંહને મારી ન નાંખું ત્યાં સુધી ઘરમાં પગ ન મૂકવો.

તળેટી પાસે આવીને મિત્રોની વિદાય લીધી, અને કહ્યું કે ઉપર જઈને સિંહને મારીને ઘંટ વગાડું તો જાણજો કે સિંહને માર્યો છે. નહિતર મને મરી ગયેલો જાણજો.

વિક્રમશી ગિરિરાજ ચઢતો ચઢતો સિંહને શોધવા લાગ્યો. એક ઝાડ નીચે સિંહ સૂતેલો હતો. આ યુવાને વિચાર કર્યો કે સૂતેલાને કેમ મરાય ? એટલે અવાજ કરીને સિંહને જગાડયો. સિંહ જેવો ઊંચું જોવા જાય છે, તેવો જ હાથમાં રહેલા ધોકાનો એવો જોરદાર ફટકો લગાવ્યો કે સિંહ તરફડિયાં ખાતો નીચે પડી ગયો અને બેભાન થઈ ગયો.

વિક્રમશી સિંહને મરી ગયેલો જાણી ઘંટ વગાડવા માટે દોડયો. અને જેવો ઘંટ વગાડવા જાય છે. તેટલામાં પાછળથી આવીને સિંહે ઝાપટ મારી ને યુવાન નીચે પડી ગયો. પણ સિંહની ખોપરી તૂટી ગયેલી હોવાથી તે ત્યાં જ મરણ પામ્યો. પછી યુવાનને થયું કે સિંહને તો માર્યો પણ ઘંટ કેવી રીતે વગાડવો ? બધી શક્તિ એકઠી કરી ઘા ઉપર કપડાની મજબૂત ગાંઠ બાંધી દીધી. ને ઊભો થઈ ધીમે ધીમે જોરથી ઘંટ વગાડવા લાગ્યો.

ઉપર આવીને થોડેક દૂર રહીને રાહ જોતાં લોકો ઘંટનો અવાજ સાંભળીને નજીક દોડી આવ્યા. અને આવીને જુએ છે તો એક બાજુ સિંહ મરેલો પડયો છે. અને બીજી બાજુ વિક્રમશીનો મરેલો દેહ પડયો છે. પોતાના પ્રાણનો

ભોગ આપીને પણ યાત્રા ખુલ્લી કરી આથી લોકોએ લીંબડાના ઝાડ નીચે આ વિક્રમશીનો પાળિયો પથ્થરમાં બનાવરાવ્યો. ઉપર યાત્રા કરવા જાવ ત્યારે જો જો કે તે પાળિયો આજે પણ ઊભો છે.

તે દિવસથી એ દરવાજો અને પોળનું નામ વાઘણ પોળ પડ્યું. અને શ્રી શત્રુંજયના પાંચ દરવાજામાં આ ત્રીજો દરવાજો છે. જેને શિલ્પની ભાષામાં સિંહદ્વાર કહેવાય છે.

પુણ્ય પાપની બારી - ધર્મદ્વાર

(આ વાર્તા કોઇ પુસ્તકમાંથી પ્રાપ્ત થતી નથી. પણ પરંપરાએ મૌખિક રીતે સાંભળવા મલે છે. માટે તેને દંતકથા માનવી જોઈએ.)

સિદ્ધપુર પાટણના ગામમાં જ કોઇ શ્રદ્ધાલુ શ્રાવક આત્માએ દરપૂનમે અહી શ્રી શત્રુંજય તીર્થમાં આવીને યાત્રા કરવી તેવો દૃઢ સંકલ્પ કર્યો હતો. તે રીતે તે ભાવિક આત્મા પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરતાં શ્રી શત્રુંજયની યાત્રા કરીને જીવનને ધન્ય બનાવતો હતો. શ્રદ્ધાલુ આત્માની શ્રદ્ધાની કસોટી ન થાય તો કેમ ચાલે ? સોનું ચાર પરીક્ષામાં પાસ થયા પછી જ શુદ્ધ સોનું ગણાય છે ને ?

તે પુણ્યાત્મા શ્રાવક દરપૂનમે અચૂક યાત્રા કરવા માટે સાંઢણી-ઊંટડીઉપર બેસીને આવતો હતો. તેમાં એક વખત વૈશાખ મહિનાની પૂનમે તેને અહીં આવતાં મોડું થઇ જાય છે. આવતાં આવતાં વૈશાખ મહિનાની ગરમી શ્રાવક અને સાંઢણીની આકરી કસોટી કરે છે. શ્રાવકને યાત્રા થયા પછી જ પાણી પીવાનો દૃઢ સંકલ્પ છે. છેવટે બપોરની કાળઝાળ ગરમીમાં તે બન્ને આત્માઓ તળેટીનાં પગથિયાં સુધી આવી ગયા. અને ઊતરતાં પહેલાં જ બન્ને જીવો ગિરિરાજ તરફ મુખ રાખીને પૃથ્વીપર ઢળી પડ્યા. અને બન્નેના પ્રાણો પરલોકમાં સિધાવી ગયા.

તેની યાદગીરીમાં આ ગિરિરાજઉપર સાંઢણી સવારનું પથ્થરનું પ્રતિક મુકાયું પાછલથી તેનું નામ પુણ્યપાપની બારી પડ્યું. મોટા મોટા તીર્થોમાં આવી કંઇક કૌતુક અને આનંદપ્રેરક વસ્તુઓ બનાવવામાં આવે છે. કારણ કે અહી તીર્થમાં દરેક પ્રકારના સ્વભાવવાળા જીવો આવતા હોય છે.અને એ આવેલા જીવો તીર્થના પ્રભાવે કંઇક પામીને જાય.આજ એક શુભ ભાવના સહુની હોય છે.

સવા-સોમાની ટૂકનો ઈતિહાસ

વંથલી (વાગથલી) ગામમાં પ્રમાણિકતા-પ્રતિષ્ઠા અને શુભ નિષ્ઠાના મુદ્રા લેખવાળા સવચંદ શેઠ વેપાર કરતા હતા. શેઠ અને શાહુકારો બધા તેમને પોતાની મિલકત આપતા અને જ્યારે જોઈએ ત્યારે પાછી મેળવતા હતા,

એક વખત એક ઈર્ષ્યાખોર વેપારીએ એક ગિરાસદારના કાન ભંભેરીને કહ્યું કે સવચંદ શેઠ ખોટમાં છે. માટે હવે તમારી મિલકત પાછી મલી રહી !

ગિરાસદારે શેઠ પાસે આવીને પોતાની બધી મૂડી પાછી માંગી. તે ટાઈમે પેઢીમાં એટલી રકમ રોકડ ન હતી. વહાણો આવ્યાં ન હતાં, ઉઘરાણી પણ જલદી પતે એમ ન હતી. પ્રતિષ્ઠાનો સવાલ હતો.જો ના કહે તો આબરૂ જાય તેમ હતું, શેઠને મૂંઝવણ થઈ. થોડીવાર વિચારણા કરી અમદાવાદના પ્રતિષ્ઠિત તે સોમચંદ શેઠ ઉપર મોટી હૂંડી લખી આપી, લખતાં લખતાં આંસુના બે ટીપાં હૂંડીપર પડી ગયાં, તે હૂંડી ગિરાસદારને આપી,

ગિરાસદાર નામ પૂછ્યો સોમચંદ શેઠને ત્યાં ગયો.શેઠ બહાર ગામ ગયા હતા.માણસોએ તેના ઉતારા વગેરેની સરભરા કરી, મુનીમે હૂંડી લીધી, વાંચીને સવચંદ શેઠનું ખાતું શોધવા લાગ્યો. પણ ખાતું મલ્યું નહિ. એટલે ગિરાસદારને કહ્યું કે શેઠ આવે ત્યારે આવજો.

ગિરાસદારને શંકા પડી, લાખ રુપિયાની હૂંડી હતી. બે કલાક ફરીને પાછો આવ્યો. સોમચંદ શેઠ હૂંડી હાથમાં લઈ તપાસવા લાગ્યા ખાતાવહી તપાસરાવી, ત્યારે મુનીમે કહ્યું કે આપણે ત્યાં તેમનું ખાતું નથી. સોમચંદ શેઠની નજર હૂંડીઉપર પડેલાં આંસુઉપર ગઈ. અક્ષરો પણ ધ્રૂજતા હાથે લખાયેલા હોય એમ લાગ્યું શેઠ બધી વાત સમજી ગયા. શેઠે પોતાને ખાતે રકમ લખીને હૂંડીની રકમ ગિરાસદારને ગણી આપી.

થોડા દિવસ પછી સોમચંદ શેઠનું નામ લેતા કોઈ મહેમાન આવ્યા. શેઠે આડતિયા ધારી પોતાને ઘેર લઈ ગયા. જોખમ ગાડીમાંથી પટારામાં મુકાવ્યું. જમ્યા બાદ વાત નીકળતાં શેઠને કહ્યું કે તમારા રૂપિયા વ્યાજ સાથે લઈ ખાતું ચૂકતે કરો.

શેઠને આશ્ચર્ય થયું કે શેના રૂપિયા ? શેની વાત ? મહેમાને યાદી આપી હૂંડીની વાત કરી, આપે હૂંડી સ્વીકારી મારી લાજ રાખી હતી.

સોમચંદ શેઠે કહ્યું કે રૂપિયા તો જમે ખર્ચે નંખાઈ ગયા છે. સંકટમાં આવેલા સધર્મિકને સહાય કરવી તે મારી ફરજ હતી. માટે હવે તે રૂપિયા મારાથી લેવાય નહિ. સવચંદ શેઠ ખૂબ જ આગ્રહ કરવા લાગ્યા. બન્ને જણા રૂપિયા

લેવાની ના પાડે છે. તેથી એ પૈસાનું શું કરવું ?

છેવટે નક્કી કરવામાં આવ્યું કે આ રકમમાં બીજી રકમ ઉમેરીને શ્રી શત્રુંજયઊપર ઊંચામાં ઊંચું મંદિર બંધાવવું તેથી આ ચૌમુખજીની ટૂક સંવત-૧૬૭૫- માં બંધાઇ આને સવચંદ શેઠ-અનેસોમચંદ શેઠના નામથી- સવા સોમાની ટૂક પણ કહેવાય છે. તેનું એક નામ ખરતરવસહી પણ કહેવાય છે.

પોતાના જીવનનું સર્વધન દાનમાં આપી દેનાર ભીમા - કુંડલિયાની વાર્તા.

પિતાની ઇચ્છાનુસાર બાહડ મંત્રીએ સંવત - ૧૨૧૩ ની સાલમાં શ્રી શત્રુંજયનો ચૌદમો ઉદ્ધાર કરાવ્યો. તે સમયની આ વાર્તા છે.

શ્રી શત્રુંજયગિરિની તળેટીમાં શ્રી બાહડ મંત્રીના મુખ્યપણા નીચે શ્રી શત્રુંજયનો ઉદ્ધાર કરવા માટે મંડપમાં શ્રી સંઘ ભેગો થયો છે. બાહડમંત્રી વગેરે ગામે ગામના સંઘપતિઓ મંડપમાં ભેગા થઈને જીર્ણોદ્ધાર માટે થતી ટીપમાં નામ નોંધાવવા પડાપડી કરે છે.આજુબાજુના ગામોમાં ખબર પડતાં દરેક સ્થલના ભાવિકો આવીને ઉદ્ધારના અનુપમ પુણ્ય કાર્યમાં નાણાં આપવા માટે શ્રી બાહડમંત્રીને વિનંતિ કરે છે. મંત્રીશ્વર લેવાની ના પાડે છે. પણ પછી દાક્ષિણ્યતાથી - શરમથી સ્વીકારે છે.

આવા વિશાળ સંઘનાં દર્શનાર્થે તથા ઉદ્ધારમાં પૈસા આપીને લાભ લેનારાઓની ભીડ જામી છે. વિશાલ મંડપમાં ક્યાંય ઊભા રહેવાની જગ્યા નથી.

તે વખતે એક ભીમો કુંડલિયો નામનો વાણિયો જે માત્ર છ દ્રમની મૂડીનું ઘી લઈને ત્યાં આવ્યો હતો. તે ઘી ને બાહડના સૈન્યમાં વેચતાં તેને મૂલ છ દ્રમ ઉપરાંત એક દ્રમ અને એક રુપિયાનો નફો થયો. પછી તેણે એક રૂપિયાનાં પુષ્પો લઈને પૂજા કરી, અને પછી તે ભીમો શ્રાવક તંબુનાં બારણાં સુધી તો આવ્યો, પણ જાડાં અને જરા મલિન કપડાં હોવાથી છડીદાર અંદર પ્રવેશ કરવા દેતો નથી. જેથી તે ઊંચો નીચો થઇ રહેલ છે.

જેની દૃષ્ટિ ચારે બાજુ ફરે છે એવા બાહડ મંત્રીની દૃષ્ટિ બારણાં તરફ ગઇ, ને જોતાં જાણ્યું કે આને અંદર આવવું છે. પરંતુ દ્વારપાળના રોક્વાથી અંદર આવી શકતો નથી. દ્વારપાળને હુકમ કર્યો કે તેને અંદર આવવા દે. જેથી તેણે

તે ભીમા કુંડલિયાને અંદર દાખલ થવા દીધો. સભામાં આવેલો તે પોતાની સ્થિતિને અનુસારે તેમજ બીજે સ્થલે માર્ગ નહિ દેખાવાથી એક બાજુ પ્રથમ આવેલાઓના જોડા પાસે બેઠો,

આ વખતે ઉદાર દિલના મંત્રીશ્વરે પોતાની પાસે ગાદી ઉપર બેસવા કહ્યું. પણ તેને મનમાં સંકોચાતો જોઇ તેનો હાથ પકડી મંત્રીશ્વરે જાતે જાડાંને મેલાં કપડાંવાળા ભીમા કુંડલિયાને પોતાની પાસે મખમલના તકિયાઓ ગોઠવેલી રેશમી ગાદી પર બેસાડયો. સભામાં બેઠેલો ભીમો કુંડલિયો ત્યાં આવેલા સ્વામીભાઇઓમાંના કોઇ પાંચ તો કોઇ દશ તો કોઇ પચ્ચીશ પચાસ હજાર ભરાવતા જોઇને અનુમોદના કરતો વિચારે છે કે ધન્ય છે આવા મહાનુભાવોને કે મહાન તીર્થના ઉદ્ધારમાં ધનનો વ્યય કરી અસાર એવી લક્ષ્મીવડે સાર એવા લાભને ઉપાર્જન કરે છે.

સાચી ભાવનાવાળા એકલી કોરી અનુમોદના કરી બેસી રહેતા નથી પણ શક્તિ અનુસારે અમલમાં મૂકી સાર્થક કરી બતાવે છે. તે પ્રમાણે આ ભીમો શ્રાવક પણ આપવાની ભાવનાથી ખિસ્સામાં હાથ નાંખે છે અને કાઢે છે. વળી વિચારે છે કે આ લાખ્ખો અને હજારોની રકમ આગળ મારા આ પૈસા શા હિસાબમાં ! આ ભાવનાથી તરબતર બનેલા તે ભીમા શ્રાવકને મંત્રીશ્વર પૂછે છે કે " કેમ મહાનુભાવ ! તમારે કાંઇ આપવા ભાવના છે ? "

મંત્રીશ્વરના આ પ્રશ્નથી ઊંડો નિ:શ્વાસ નાંખી વિચાર સાગરમાં ડૂબકી મારતા તે ભીમા શ્રાવકને ફરીથી મંત્રીરાજ કહેવા લાગ્યા, આમાં વિચારમાં પડવા જેવું કશું નથી. જેની જેટલી શક્તિ અને ભાવના હોય તે પ્રમાણે પણ આપી શકે છે. વાત્સલ્ય ભાવનાનાં આ વચનોથી ઉત્સાહિત બનેલા ભીમા શ્રાવકે ખિસ્સામાં જેટલું હતું તેટલું બહાર કાઢીને કહે છે કે :- " આજે કલિયુગમાં કલ્પતરુ સમાન શ્રી સિદ્ધાચલ તીર્થની યાત્રા કરી એક રૂપિયાના ફૂલવડે દાદા શ્રી ઋષભદેવ સ્વામીની પૂજા કરી તલાટીમાં આવતાં પુણ્યોદયથી શ્રી સંઘના દર્શન થયાં, અને મારી પાસે મૂડી-મિલકત-આ ગજવામાંથી નીકળી તે સાત દ્રમ છે. જેથી આ મારી નજીવી (નાની) રકમ સ્વીકારી ટીપમાં લખવા કૃપા કરી સેવકને કૃતાર્થ કરશો.

ભીમા શ્રાવકની આ ઉમદા ઉદારતાથી અતિખુશ થયેલા મંત્રીરાજે તે વખતનું ચાલતું નાણું સ્વીકારી લઇ તે વહીમાં (ચોપડામાં) સૌથી મથાળે (પહેલું) નામ તેનું ચઢાવ્યું. આ બનાવથી મોટી રકમો ભરનારા શ્રીમંતો તો વિચારમાં પડી ગયા કે આ શું ? પણ મંત્રીશ્વરને કહી કોણ શકે ? જેથી બધા એક બીજાના મુખ સામું જુએ છે.

વિચક્ષણ મંત્રી તુરતજ આ વાત જાણીને કહી દે છે કે આ અલ્પ રકમ આપનારના પ્રથમ નામથી તમારાં બધાનાં મન દુ:ખાય છે. પરંતુ મહાનુભાવો ! ન્યાય અને બુદ્ધિથી વિચાર કરાય તો પણ સમજી શકાય છે કે :- હું અને તમે ક્રોડે- લાખો કે હજારો આપીએ તોયે ઘરમાં ઘણું રાખીને થોડું આપીએ છીએ.

(દાન આપવાની સંખ્યા-ઘરમાં રાખ્યું હોય તેના કરતાં ઘણીજ ઓછી હોય છે. રૂપિયામાંથી પૈસા જેટલું)

જ્યારે પુણ્યવાન આ ભાગ્યશાળીએ તો ઘરનું સર્વસ્વ આપી " દરિદ્ર અવસ્થામાં દાન " એ પ્રથમ કલ્પવૃક્ષ હોવાનું દૃષ્ટાંત પૂરું પાડયું છે. તો તેનું નામ પહેલું રહે એ વ્યાજબી જ છે. એમ તમારે સમજી લેવું જોઇએ. હવે પ્રથમ

નામવાળાને પહેરામણી કરાવવાના ક્રમ પ્રમાણે મંત્રીશ્વરે ઉમદા પોષાક તથા અલંકાર (ભંડારી પાસેથી મંગાવી) સ્વીકારવા આગ્રહભરી વિનંતી કરી. ત્યારે નિ:સ્પૃહ એવા તે ભીમા કુંડલિયાએ સાફ ના કહેતાં કહે છે કે " અલ્પ પૈસાવાળો એવો હું આ ઉત્તમ પોષાક વગેરેનો અધિકારી ન હોઈ શકું ! " મંત્રીશ્વરનો અતિ આગ્રહ હોવા છતાં નિ:સ્પૃહ એવા તે ભીમા કુંડલિયાએ તે કશું ન લીધું તે ન જ લીધું. પછી સંઘને તથા સંઘપતિને નમસ્કાર કરી તે શ્રાવક ભીમો કુંડલિયો પોતાના ઘરે ગયો " **ઉત્તમ એવી ઉગ્ર ભાવનાનું તાત્કાલિક ફલ** " આ બાજુ તે ભીમા શ્રાવકના ઘરમાં તેની સ્ત્રી પ્રભાતે પ્રભાતિયાં અને સાંજે સાંજી (કડવા–કઠોર શબ્દ) સંભળાવી ક્લેશ કરવાના સ્વભાવવાળી પ્રતિકૂલ હતી. તે પણ આજે ભીમા કુંડલિયાએ ઉગ્ર ભાવનાથી કરેલા ધર્મના પ્રભાવવડે એકાએક સ્વામીને અનુકૂલ બની. સ્વામીને આવતા દેખી ઊઠી ને ઊભી થઇ અને બહુમાન પૂર્વક મધુરવાણીથી આદર સત્કાર કરી સુખ શાંતિના સમાચાર પૂછી ગરમ પાણીવડે પગને પ્રક્ષાલન કરી આસને બેસાડી પાડોશમાંથી ભોજનની સામગ્રી (ઉધારે) લાવી મિષ્ટભોજન બનાવી પતિને સ્નહેપૂર્વક જમાડયા.

સરલ હૃદયના ભીમા શ્રાવકે સંઘપતિની સભામાં બનેલી હકીકત નિખાલસપણે પત્નીને કહી, તે સાંભળીને જેનો સ્વભાવ એકદમ બદલાઇ ગયો છે તેવી પત્ની આ વાત સાંભળીને આનંદપૂર્વક અનુમોદન કરે છે. પત્નીના આવા પ્રકારના વર્તનથી ભીમો શ્રાવક તો આશ્ચર્ય મુગ્ધ બની જઇ કરેલા સુકૃતની વારંવાર અનુમોદના કરે છે. હવે આ બાજુ તેમના ઘરના આંગણામાં બાંધેલી ગાયે ખીલો ઉખેડી નાખવાથી ખીલાને ફરીથી મજબૂત બેસાડવા માટે જમીનને જરાક ઊંડે ખોદે છે. એટલામાં ૧૦૦૦૦/– દશ હજાર સોના મહોરથી ભરેલો ચરુ નીકળે છે. તે સોના મહોરો લઇ સ્ત્રીની અનુમતિ મેળવી સીધો સંઘપતિના તંબુમાં ગયો. અને તે સઘળી મિલકત ઉદ્ધાર ફંડમાં લેવા માટે મંત્રીશ્વરને આજીજી કરી. ત્યારે મંત્રીશ્વર કહે છે કે હવે ઉદ્ધાર ફંડનું કાર્ય સમાપ્ત થયું હોવાથી જરુર નથી. તેમજ આ લક્ષ્મી પણ તમારા પુણ્ય પ્રભાવથી મલેલી છે. તો તેનો ભોગવટો તમેજ કરો.

મંત્રીએ તે સુવર્ણ લેવાની ના પાડી. ભીમો આગ્રહ કરીને તેને ત્યાં જાય છે. ત્યાં રાત પડી, રાત્રે કપર્દીયક્ષે સ્વપ્નમાં ભીમાને કહ્યું કે હે ભીમા ! એક રૂપિયાનાં પુષ્પ લઇ શ્રી આદીશ્વર ભગવંતની તેં પૂજા કરી, તેથી મેં પ્રસન્ન થઇ તને સુવર્ણનો ચરુ આપ્યો, માટે તું ઇચ્છા મુજબ તેનો ભોગવટો કર.

સવારે ભીમાએ આ વાત મંત્રીને કરી, પછી પ્રભુની સુવર્ણ રત્નો તથા પુષ્પોથી પૂજા કરીને પોતાના ઘેર આવીને પુણ્ય કાર્યમાં પ્રવૃત્તિ કરવા લાગ્યો.



કથા સંબંધ

બે વરસે જ્યારે જીર્ણોદ્ધાર થઇ જવાના સમાચાર મંત્રીને મલ્યા ત્યારે ખબર લાવનારને મંત્રીએ તેને વધામણીમાં બત્રીશ સોનાની જીભો આપી, થોડીવાર પછી બીજા માણસે આવી પ્રાસાદમાં કોઇ કારણથી ચિરાડ (તિરાડ-તડ) પડી ગયાના સમાચાર આપ્યા. ત્યારે મંત્રીએ તેને ચોસઠ જીભો આપી.

પાસે બેઠેલા માણસે વધુ આપવાનું કારણ પૂછ્યું ત્યારે મંત્રીએ કહ્યું કે " મારા જીવતાં પ્રાસાદ ફાટયો તે ઠીક થયું. કેમ કે હું તે ફરીથી બીજીવાર કરાવીશ. મારા મરણ પછી જો દેરાસર તૂટી પડયું હોત તો કોણ કરાવત ? મારા જીવતાંજ ફાટી ગયું તો હું ફરીથી બંધાવી લઈશ.

તરતજ મંત્રીએ શિલ્પીઓને પ્રાસાદ ફાટી જવાનું કારણ પૂછ્યું. શિલ્પીઓએ કહ્યું કે ભમતીવાલા પ્રાસાદમાં પવન પેસવાથી અને પવનને નીકળવાની જગ્યા નહિ મલવાથી પવનના જોરથી પ્રાસાદ ફાટી ગયો. અને જો ભમતી વિનાનો પ્રાસાદ કરવામાં આવે તો કરાવનારને સંતાન થાય નહિ, એવો શિલ્પ શાસ્ત્રનો ઉલ્લેખ છે.

આ સાંભળીને મંત્રીએ કહ્યું કે કોની સંતતિ કાયમ માટે રહી છે ? માટે મારે તો વાસ્તવિક ધર્મ સંતતિ જ હો. પછી બન્ને ભીતોની વચમાં મજબૂત શિલાઓ મુકાવીને તે પ્રાસાદ પૂર્ણ કરાવ્યો ફરીથી જીર્ણોદ્ધારમાં મંત્રીએ બે કરોડ અને સત્તાણું લાખ રૂપિયા ખર્ચ્યા, અને ત્રણ વર્ષે આ કામ પૂર્ણ થયું હતું.

શ્રી હેમચંદ્રાચાર્યજીને બોલાવીને મોટા ઉત્સવ પૂર્વક સંવત-૧૨૧૩-માં પ્રતિષ્ઠા કરાવી. પાંચમા આરાનો આ બીજો ઉદ્ધાર થયો.

(આ કથા શ્રી શત્રુંજય ગિરિરાજ સ્પર્શના નામના પુસ્તકમાંથી લીધી છે)

મંત્રી વસ્તુપાલનો પાંચ શિલા સંબંધી અધિકાર

મંત્રી વસ્તુપાલ શ્રી શત્રુંજય તીર્થ ઉપર સંઘ લઈને આવ્યા હતા. મૂળ નાયક ભગવંતનો સ્નાત્ર મહોત્સવ ચાલી રહ્યો હતો. તે વખતે બીજાં અનેક શહેરોના સંઘો પણ આવેલા હતા, તેથી માણસોની ઘણી ઠઠ (ભીડ) જામી હતી.અભિષેક કરવામાં પણ ઘણા માણસોની ભીડ હતી. માણસોની પડાપડી જોઈને પૂજારીને તે વખતે વિચાર આવ્યો કે આ ધમાલમાં ભગવંતના અંગને કળશ આદિની ઠોકર લાગશે તો ભગવંતની પ્રતિમા ખંડિત થાય તો શું ? આમ વિચાર કરી ભગવંતની મૂર્તિને કાંઇ પણ નુકસાન ન થાય તે માટે પૂજારીએ મૂર્તિ ઉપર ફૂલનો ઢગલો કર્યો.

વસ્તુપાલ મંત્રી રંગમંડપમાં બેઠા હતા. તેમણે આ દૃશ્ય જોયું. અને પૂજારીનો ભાવ સમજી ગયા, તે પછી દીર્ઘદર્શી એવા વસ્તુપાલ મંત્રીએ મોજુદ્દીન બાદશાહની આજ્ઞા મેળવી તેમના તાબાની ખાણમાંથી સુંદર આરસની પાંચ શિલાઓ **(તે સમયે મુસલમાન બાદશાહો પોતાના મહેલો અને મસ્જિદો આરસમાંથી જ બાંધતા હોવાના કારણે આપણને આરસના પથ્થર મલતા નહોતા, તેથી શિલાઓ લાવવી પડી હતી.)** મેળવી,

(એક મૂલનાયક ભગવંતની મૂર્તિ માટે બીજી પુંડરીક સ્વામીની મૂર્તિ માટે ત્રીજી કપર્દીયક્ષની મૂર્તિ માટે, ચોથી ચક્રેશ્વરી દેવીની મૂર્તિ માટે અને પાંચમી – તેજલપુર પ્રાસાદમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ માટે,) આ પાંચેય શિલાઓ ઘણીજ મુશ્કેલીથી શ્રી સિદ્ધાચલજી ઉપર ચઢાવવામાં આવી, તેમાંથી બે મોટી શિલાઓ ભોંયરામાં મુકાવી. કેમકે કોઇ કારણસર મૂળનાયક ભગવંતની મૂર્તિ ખંડિત થઇ જાય કે મ્લેચ્છ આદિ કોઇ નુકસાન પહોંચાડે તો તરતજ આ શિલામાંથી નવી પ્રતિમા બનાવી પ્રતિષ્ઠા કરાવી શકાય.

સંવત–૧૨૯૮–ની સાલમાં વસ્તુપાલનો સ્વર્ગવાસ થયો. તે પછી થોડાંજ વર્ષો બાદ સંવત–૧૩૬૯– માં મ્લેચ્છ લોકોએ શ્રી જાવડશાએ પધરાવેલાં શ્રી આદિનાથ પ્રભુની મૂર્તિ અને બીજી ઘણી મૂર્તિઓ તથા મંદિરો ખંડિત કરી નાખ્યાં હતાં. તેનો ઉદ્ધાર સમરાશાએ સંવત–૧૩૭૧–માં કરાવ્યો હતો. ત્યારે સંઘની આજ્ઞાથી આરસની ખાણમાંથી બીજી નવી શિલા લાવીને પ્રતિમાજી ભરાવવામાં આવ્યાં હતાં. અને પ્રતિષ્ઠા કરાવી હતી. વસ્તુપાલે લાવેલી શિલાઓ એમને એમ વપરાયા વગર ભોંયરામાં પડી રહી હતી. સમરાશાએ પધરાવેલી મૂર્તિ પણ કેટલાંક વર્ષ બાદ મ્લેચ્છોએ હુમલો કરીને ખંડિત કરી નાખી. છતાં ત્યાર બાદ તે ખંડિત થયેલી ભગવાનની પ્રતિમાજી પૂજાતી હતી. તોલાશા વખતે પણ તે ખંડિત થયેલ પ્રતિમાનું જ પૂજન થતું હતું.

વસ્તુપાલે લાવેલી બે શિલાઓ ભોંયરામાં પડેલી છે. આ વાત પણ પ્રચલિત હતી. આથી તોલાશાને મનમાં વિચાર આવેલો કે " ભોંયરામાં રહેલી શિલામાંથી ભગવંતની પ્રતિમાજી ભરાવી તીર્થનો જીર્ણોદ્ધાર કરાવાય અને ખંડિત પ્રતિમાજી ના સ્થાને આ બનાવેલી પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવાય તો સારું "

(ગિરિરાજ સ્પર્શના નામના પુસ્તક પૃ. ૭૦ – ઉપરથી ઉદ્ધૃત અધિકાર)



હિંગલાજના હડા માટેની દંતકથા આ છે.


અંબિકા દેવી હિંગલાજની મૂર્તિ સ્વરૂપે છે. એવી દંત કથા છે.

હિંગુલ નામનો રાક્ષસ સિંધુ નદી તરફથી જતા ને આવતા યાત્રાળુઓને ઉપદ્રવ કરતો હતો. આથી કોઈક તપસ્વી સંત પુરુષે તપ અને ધ્યાનના પ્રભાવે અંબિકા દેવીને પ્રત્યક્ષ કરીને કહ્યું કે આ હિંગુલ રાક્ષસ યાત્રાળુઓને હેરાન કરે છે. તેને તું દૂર કર, જેથી યાત્રાળુઓ સુખેથી યાત્રા કરી શકે. તેથી તે અંબિકા દેવીએ રાક્ષસ સાથે યુદ્ધ કરીને તેનો પરાભવ કર્યો. યાવત (લગભગ) તેને મૃત્યુની અવસ્થાએ પહોંચાડ્યો. ત્યારે રાક્ષસે દેવીના પગમાં પડીને વિનંતિ કરી કે મારી એક પ્રાર્થના સ્વીકારો. આજથી તમે મારા નામે ઓળખાવ. અને આ તીર્થક્ષેત્રમાં મારા નામની સ્થાપના થાય એવું કંઈક કરો. હવે હું ક્દીપણ કોઈનેય પીડા નહિ કરું. તેથી દેવીએ તેની વિનંતિ માન્ય રાખી. તે પછી તે રાક્ષસ અદૃશ્ય થયો (મૃત્યુ પામ્યો)

પછી અંબિકા દેવીએ પોતાના ભક્તોને જણાવ્યું કે હવે મને હિંગલાજ દેવીના નામથી ઓળખજો.

(એમ કહેવાય છે કે આ પ્રસંગ કરાંચી નજીકના ડુંગરોમાં જ્યાં હિંગલાજ યક્ષનું સ્થાન છે ત્યાં બન્યો હતો.)

સૌરાષ્ટ્રના લોકો અંબિકાદેવીને અધિષ્ઠાત્રીદેવી માને છે. તેથી તેઓ અહીંયાં શ્રી સિદ્ધાચલની ટેકરી ઉપર અધિષ્ઠાત્રી દેવી થઈને રહ્યાં. તેથી આ ટેકરીપરનું સ્થાન હિંગલાજ માતાના હડા તરીકે પ્રસિદ્ધ થયું છે.



મોતીશા શેઠની ટૂકની વાર્તા

મુંબઈના શેઠ મોતીચંદ ભાઈને ચીન–જાપાન–ઈંગ્લેન્ડ વગેરે દેશો સાથે કરોડો રૂપિયાનો વેપાર ધંધો ચાલતો હતો. એક વખત પોતાનું વહાણ ચીન તરફ જતું હતું. તેમાં દાણચોરીનું અફીણ છે એવો સરકારને વહેમ પડ્યો. આથી વહાણને પકડવા માટે સરકારે સ્ટીમ લોંચ મૂકી. શેઠને આ વાતની ખબર પડી. તેથી શેઠે મનમાં એવો સંકલ્પ કર્યો કે જો આ વહાણ બચી જાય તો તેની કુલ આવક જે કાંઇ થાય તે શ્રી શત્રુંજય ઉપર ખર્ચી નાંખવી.

પુણ્યયોગે તે વહાણ બચી ગયું આથી બાર–તેર લાખની જે રકમ હતી તે શ્રી શત્રુંજય ઉપર ખર્ચવા માટે જુદી કાઢી. અને શેઠ તે માટે શ્રી સિદ્ધગિરિ ઉપર જાતે જ આવ્યા અને ગિરિરાજ ઉપર ટૂક બાંધવા માટે જગ્યા જોવા લાગ્યા. પણ ટૂક બાંધી શકાય તેવી જગ્યા ન દેખાઈ.

પરંતુ દાદાની ટૂક અને ચૌમુખજીની ટૂક વચ્ચે જે મોટી ખીણ હતી. જેને કુંતારનો ખાડો કહેવાતો હતો તે ખાડો જોવામાં આવ્યો. અને પછી વિચાર કર્યો કે આ ખીણને જ પૂરીને જો ટૂક બાંધવામાં આવે તો સુંદર ટૂક બની શકે તેમ છે. આ ખીણની ઊંડાઈ એટલી બધી હતી કે તેમાં જોતાં આંખે અંધારાં આવી જાય. પણ શેઠે તે ખીણને પુરાવવી અને ટૂક બાંધવી જ એવો નિર્ણય કરી લીધો.

આથી દેશ – વિદેશના મજૂરોને બોલાવ્યા. અને ખાતમુહૂર્ત કર્યું. તે સમયે પાણીના એક હાંડાના ચાર– આના આપવા પડતા હતા. આવી મહેનત અને હિમતથી ખીણ પુરાઈ. પછી જ્યારે તળિયું સરખું થયું ત્યારે તેની ઉપર દેવ વિમાન જેવાં સુંદર મંદિરો બાંધવાનું બન્યું.

એમ કહેવાય છે કે આ કુંતાસરનો ખાડો પૂરવામાં – ૮૦ હજાર રૂપિયાનાં તો દોરડાં વપરાયાં હતાં. પછી દેરાસરનું કામ ધમધોકાર ચાલવા માંડયું. અને આ દેરાસર પૂર્ણ થતાં પ્રતિષ્ઠાનો અવસર આવ્યો. પણ ભાવનાશીલ મોતીશા શેઠ તો તે પહેલાંજ સ્વર્ગે સિધાવ્યા હતા.

પૂર્વે કરેલી શેઠની ભલામણ અનુસાર સંવત– ૧૮૯૩ ના પોષવદ–૧– ના સુરતથી સંઘ પાલિતાણા આવ્યો. આ સંઘમાં – ૫૨ – સંઘવીઓ અને સવા લાખ જેટલા યાત્રાળુઓ હતા. આ બધાની જવાબદારી શેઠના પરમમિત્ર અમરચંદ દમ્માણિયા અને કૂલચંદ કસ્તૂરચંદના માથે હતી. તેઓ તે જવાબદારી ઉપાડતા હતા. અને પછી ઉત્સવની શરૂઆત કરી. ૧૮– દિવસ ઓચ્છવ ચાલ્યો. ગામ ઝાંપે ચોખા મૂક્યા હતા. (એટલે આખાગામને એકજ રસોડે જમાડયું હતું.) ત્યારે એક દિવસનો સંપૂર્ણ ખર્ચ ચાલીસ હજાર રૂપિયાનો હતો. આની પ્રતિષ્ઠા – સંવત – ૧૮૯૩ ના મહાવદ – ૨ – ના દિવસે મોતીશા શેઠના પુત્ર ખીમચંદ ભાઈએ કરી.

આ મોતીશા શેઠની ટૂકની રચના નલિની ગુલ્મ વિમાન જેવી લાગે છે. આખી ટૂકને ફરતો કોટ – કિલ્લો છે. કોટની ચારે દિશાએ ચાર કોઠા છે. અને વચ્ચે બધાં દેરાસરો છે. અને કોટની ભીતે ભીતે દેરીઓ છે.

આ રીતે આ ટૂકમાં –૧૬– મોટાં દહેરાસરો છે. ૧૨૩– દેરીઓ છે અને કુલ– ૩૦૧૧– પ્રતિમાઓ છે – તેમાં– ૧૪૫ – ધાતુની પ્રતિમાઓ છે. રાયણ પગલાં – ગણધર પગલાં વગેરે પગલાં મલીને ૧૪૫૭ – પગલાંની જોડી છે અને શેઠ – શેઠાણીની મૂર્તિ – મૂળ દેરાસરમાં રંગમંડપમાં ગોખલામાં પધરાવવામાં આવી છે.

અત્યારે આ ટૂકનો વહીવટ સ્વતંત્ર રીતે નીચે પાલિતાણા ગામમાં રહેલી મોતી સુખિયાની ધર્મશાળાની પેઢી કરે છે. એ ધર્મશાળા – તેઓનીજ છે. તેનો વહીવટ સુરતની વીશા ઓશવાલ જ્ઞાતિના ભાઈઓ ટ્રસ્ટી થઈને કરી રહ્યા છે.

અત્યારે પાલિતાણામાં જે જે છરી પાલન કરતા સંઘો આવે છે તેનું સામૈયું દિગંબરની ધર્મશાલાથી જ ચઢે તે સામૈયું શરુ થતાં પહેલાં તે સંઘનું માલા પહેરાવીને સ્વાગત કરવામાં આવે છે. તેમાં સહુથી પ્રથમ સ્વાગત મોતી સુખિયાની ધર્મશાલાવાલા કરે છે. પછી આણંદજી કલ્યાણજીની પેઢી કરે. કારણ કે એક જમાનામાં જ્યારે પેઢી નહોતી ત્યારે ધાર્મિક પેઢી આજ હતી. તેથી તે પ્રથમ સ્વાગત કરતી હતી. તે રિવાજ આજે પણ ફેરફાર થયા વગર ચાલે છે.

અંગારશા પીરની વાર્તા

હનુમાન ધારથી નવટૂકને રસ્તે ઉપર જતાં ભીલડીનાં પગલાં આવે છે. ત્યાર બાદ ડાબા હાથે જેના ઉપર લીલી ધજા ફરકે છે. તે અંગારશા પીરની દર્ગા દેખાય છે. તેના માટે જાત જાતની વાર્તાઓ અને માન્યતાઓ પ્રવર્તે છે.

આ પીરની કબર પહેલાના જમાનામાં તીર્થની રક્ષા કાજે સ્થાપન કરવામાં આવી હતી, એક દંતકથા એવી છે કે પૂર્વે મુસ્લિમ બાદશાહોના જમાનામાં તેઓ સૌરાષ્ટ્ર ઉપર વારંવાર ચઢાઇ કરીને હુમલા કરતા હતા. એમાં એક વખત શાહબુદ્દીન ઘોરીના એક થાણેદાર અંગારશાએ શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમા ઉપર હળ માર્યું. પણ તે સમયે પ્રતિમામાંથી ભમરા ઊડ્યા. અને તે થાણેદાર જીવ બચાવવા માટે ત્યાંથી દોડ્યો. ડોળીવાળાના ચોક પાસે આવતાં માર્ગમાં પડીને મૃત્યુ પામ્યો. અને પછી – જન (ઝંડ) થયો. યાત્રાળુઓને ઉપદ્રવ કરવા લાગ્યો. એક આચાર્ય ભગવંતે

તેને પ્રત્યક્ષ કરીને સાધ્યો. ત્યારે તેણે કહ્યું કે જો મારી અહીં કબર કરવામાં આવશે તો હું ઉપદ્રવ નહીં કરું. આથી તેની કબર થઈ. અને તે શાંત થયો.

બીજો મત એવો છે કે જૈન પ્રજા અહિંસક અને બુદ્ધિમાન હોવાથી પીર બનાવીને મુસ્લિમોના હુમલાને બુદ્ધિથી દૂર કર્યો.



પાપોથી છુટકારો

કોઈપણ આત્માએ પોતાના જીવનમાં અજ્ઞાનતા કે કષાયને આધીન થઈને ચોરી વગેરે જે જે પાપો કર્યા હોય તે તે પાપોથી શ્રી સિદ્ધાચલ તીર્થમાં નીચે પ્રમાણે કાર્યો કરવાથી છૂટી જાય છે. ફક્ત શરત એટલી છે કે એ પાપોનો તમને તમારા હૃદયથી અંતરના સાચા ભાવથી પસ્તાવો થયેલો હોવો જોઈએ. અને એ પાપો હવે જીવનમાં પાછાં બીજીવાર નહિ કરું નો દૃઢ સંકલ્પ હોવો જોઈએ.

○ કાર્તિક પૂનમે શ્રી શત્રુંજય ઉપર ચઢીને ઉપવાસ કરે તો નારકીના ૧૦૦, સાગરોપમનાં કર્મોનો નાશ થાય છે.

શેત્રુંજે ગયા પાપ છૂટિયે, લીજે આલોયણ એમજી,

તપ–જપ–કીજે તિહાં રહી, તીર્થંકર કહ્યું તેમજી. શેત્રુંજે – ૧

જિણ સોનાની ચોરી કરી, એ આલોયણ તાસજી,

ચૈત્રી દિન શત્રુંજય ચઢી, એક કરે ઉપવાસોજી. શેત્રુંજે – ૨

વસ્ત્રતણી ચોરી કરી, સાત આંબિલે શુદ્ધ થાયજી,

કાર્તિક સાત દિન તપકિયા, રત્ન હરણ પાપ જાયજી, શેત્રુંજે – ૩

કાંસા – પિત્તલ – ત્રાંબા – રજતની, ચોરી કીધી જેણેજી,

સાત – દિવસ પુરિ મુઢ્ઢ કરે તો, છૂટે ગિરિ એણ પાપજી. શેત્રુંજે – ૪

મોતી – પ્રવાલા – મુંગિયા, જેણે ચોર્યા નર–નારજી,

આયંબિલ કરી પૂજા કરે, ત્રણ ટંક શુદ્ધ આચારોજી. શેત્રુંજે – ૫

ધાન્ય – પાણી – રસ – ચોરિયાં, જે ભેટે સિદ્ધ ક્ષેત્રજી,

શેત્રુંજી તલહટી (તલાટી) સાધુને, પડિલાભે શુભે ચિત્તોજી.શેત્રુંજે – ૬

વસ્ત્રાભરણ જેણે હર્યાં, તે છૂટે ઇણે મેલોજી,

આદિનાથની પૂજા કરે, પ્રહ ઉઠે બહુ વહેલોજી શેત્રુંજે – ૭

દેવ – ગુરુનું ધન જે હરે, તે શુદ્ધ થાય એમજી,

અધિકું દ્રવ્ય ખરચે તિહાં, પાલે પોષે બહુ પ્રેમજી. શેત્રુંજે – ૮

ગાય – ભેંસ – ગોધા – મહીં, ગજ – ગ્રહ ચોરણ હારોજી,

છૂટે તે તપ તીરથે, અરિહંત ધ્યાન – પ્રકારોજી, શેત્રુંજે – ૯

પુસ્તક દેહરાં પારકાં, તિહાં લખે આપણાં નામેજી,

છૂટે છમાસી તપક્યિાં, સામાયિક તિણે ઠામજી, શેત્રુંજે – ૧૦

કુંવારી – પરિવ્રાજિકા સધવ – વિધવ ગુરુનારોજી,

વ્રત ભાંજે તેહને કહ્યું, છ માસી તપ સારોજી. શેત્રુંજે – ૧૧

ગો – વિપ્ર – બાલક – ઋષિ, એહનો ઘાતક જેહજી,

પ્રતિમા આગે આલોચતાં, છૂટે તપ કરી એહજી, શેત્રુંજે – ૧૨

૦ આપના જીવનમાં થઇ ગયેલાં નીચે પ્રમાણેનાં પાપો માટે શ્રી શત્રુંજય તીર્થમાં જઇ તપ કરતાં ત્યાં રહી નીચે પ્રમાણેની આલોયણાં કરતાં પાપથી છૂટી જવાય છે. તેમ તીર્થંકર ભગવાન કહે છે.

o જે જીવે સોનાની ચોરી કરી હોય તે એના પ્રાયશ્ચિત્તમાં ચૈત્રી પૂનમના દિવસે શ્રી શત્રુંજયમાં જઇ એક ઉપવાસ કરી નિર્મલ ભાવથી પ્રભુની પૂજા વગેરે કરે તો તે જીવ તેના પાપથી છૂટી જાય છે.

o જેણે પારકાનાં વસ્ત્રોની ચોરી કરી હોય તે આત્મા સાત આયંબિલ કરવાથી શુદ્ધ થાય છે. અને કાર્તિક માસમાં સાત દિવસ સુધી આયંબિલ અથવા ઉપવાસનું તપ કરતાં રત્ન ચોરવાથી જે પાપ લાગ્યું હોય તેનું તે પાપ ધોવાઇ જાય છે.

o કાંસા – પિત્તલ – તાંબા અને ચાંદીની અથવા તેનાં વાસણોની ચોરી કરી હોય તો શ્રી શત્રુંજય ગિરિમાં રહી સાત દિવસ સુધી પરિમુટ્ઢનું પચ્ચક્ખાણ કરે તો તે તેના પાપથી છૂટી જાય છે.

o જેણે – મોતી – પરવાલાં ને મુંગિયા ચોર્યા હોય તે સ્ત્રી – પુરુષ શ્રી શત્રુંજયમાં જઇ (૧૫) આયંબિલ કરી. ત્રણે ટંક બધા આચારોનું પાલન કરે તો તેના પાપથી છૂટી જાય છે.

o જે આત્માએ કોઇનું ધાન્ય – પાણી અને રસ (ઘી – દૂધ – દહી – તેલ) ચોર્યા હોય તે આત્મા શ્રી શત્રુંજયમાં આવી યાત્રા કરી શ્રી શત્રુંજયની તલેટીમાં શુભ ભાવથી પૂ. સાધુ મહારાજને દાન આપે તો તે પાપથી છૂટી જાય છે.

o જે આત્માએ બીજાનાં વસ્ત્રો અને આભરણો (દાગીનાઓ) ચોર્યા હોય તો તે આત્મા આ સ્થાનમાં આવી વહેલો ઊઠીને શ્રી આદિનાથ પ્રભુની પૂજા કરે તો તેના પાપથી છૂટી જાય છે.

o જે આત્માએ કોઇપણ રીતે દેવ અને ગુરુનું ધન હરણ કરી લીધું હોય તે આત્મા આ તીર્થમાં આવી ચોર્યું હોય તેના કરતાં વધારે દ્રવ્ય ખરચે. અને તે પાત્રોને (મંદિર–ગુરુને) બહુજ પ્રેમથી પાલન – પોષણ કરે તો તે પાપથી છૂટી જાય છે.

o જે આત્માએ –ગાય – ભેંશ – બળદ – પૃથ્વી અને હાથી વગેરે ચોર્યા હોય તે આત્મા આ તીર્થમાં આવી તપ કરતાં અરિહંતનું ધ્યાન ધરતાં તે પાપથી છૂટી જાય છે.

o જે આત્માએ બીજાનાં લખેલાં પુસ્તકો અને બીજાએ બનાવેલાં દેરાસર પોતાના નામે જાહેર કર્યા હોય તે આત્માએ આ તીર્થમાં આવી છ માસી તપ કરતાં ને સામાયિકને કરતાં તે કરેલાં પાપથી છૂટી જાય છે.

o જે આત્માએ કુંવારી કન્યા સાથે – પરિવ્રાજિકા (અન્યમતની સાધ્વી) સધવા સ્ત્રી – વિધવા સ્ત્રી અને ગુરુની પત્ની સાથે મૈથુન સેવ્યું હોય તે આત્માએ આ તીર્થમાં આવી છમાસી તપ કરતાં આ પાપથી છૂટી જાય છે.

o જે આત્માએ ગાય – બ્રાહ્મણ – બાલક અને ઋષિની (મુનિની) હત્યા કરી હોય તે આ તીર્થમાં આવીને પ્રતિમાની આગળ કઠોર મનવડે પશ્ચાત્તાપ કરતાં તપવડે તે આત્મા શુદ્ધ થાય છે.



મૂલનાયક શ્રી આદીશ્વર પ્રભુને આપવાની ત્રણ પ્રદક્ષિણાઓ, અને તેમાં આવતાં જિનમંદિરો

(૧-લી- પ્રદક્ષિણા)

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ શ્રી આદીશ્વર ભગવાનનાં દર્શન કરીને આપણા ડાબા હાથના દરવાજેથી બહાર નીકળીએ. અહીંથી પહેલી પ્રદક્ષિણા શરુ થાય છે.

બહાર નીકળતાં બરોબર સામેજ સહસ્રકૂટનું (૧૦૨૪) પ્રતિમાઓનું મંદિર આવે છે. તેમાં દર્શન કરવાં.

સહસ્ર કૂટ - રચનાની સમજ

૨૪૦ - પાંચ ભરતક્ષેત્રો - અને પાંચ ઐરવતક્ષેત્રો - આ ૧૦ - ક્ષેત્રોમાં વર્તમાન કાળની ચોવીશી.

૨૪૦ - પાંચ ભરતક્ષેત્રો અને પાંચ ઐરવતક્ષેત્રો આ ૧૦ -ક્ષેત્રોમાં ભૂત - ગઇ ચોવીશી. (થઇ ગયેલાં)

૨૪૦ - પાંચ ભરત ક્ષેત્રો અને પાંચ ઐરવત ક્ષેત્રો આ ૧૦- ક્ષેત્રોમાં ભવિષ્ય - આવતી ચોવીશી. (થનારાં)

૧૨૦ - ચોવીશે તીર્થંકર ભગવંતોનાં - ૫ - ૫ - કલ્યાણકો

૧૬૦ - પાંચ મહાવિદેહ ક્ષેત્રના ઉત્કૃષ્ટ કાળના તીર્થંકરો. ૩૨ × ૫ = ૧૬૦

૨૦ - પાંચ મહા વિદેહના જઘન્યકાળે વિદ્યમાન - ૪ × ૫ = ૨૦

૪ - શાશ્વતા જિન એમ કુલ ૧૦૨૪ - પ્રતિમાઓ થાય.

૧૦૨૪

પછી સહસ્રકૂટથી આગલ ચાલતાં દાદાના દેરાસરને ફરતી પ્રદક્ષિણા દેવાની હોય છે. પ્રદક્ષિણામાં ગોખલામાં રહેલા પ્રભુજીનાં દર્શન કરતાં આગલ ચાલતાં રાયણ પગલાં તથા બીજાં પગલાંઓનાં પણ દર્શન થાય છે. રાયણ પગલાંની નજીક દીવાલમાં સર્પ અને મોરની મૂર્તિઓ છે. તેનાં સ્વતંત્ર દૃષ્ટાંતો ઘણાં પુસ્તકોમાં આવે છે. રાયણ પગલાંની

દેરીમાં શ્રી આદીશ્વર ભગવાનનાં પગલાં છે.

તેનાં દર્શન કરી આગળ ચાલતાં– ૧૪૫૨ – ગણધર ભગવંતનાં પગલાંનું દેરાસર છે. ત્યાં દર્શન કરવાં, ત્યાંથી સીમંધર સ્વામીના દેરાસરમાં જઈ દર્શન કરવાં આ પહેલી પ્રદક્ષિણા પૂરી થઈ.

ચોવીશ તીર્થંકર ભગવાનના – ૧૪૫૨ – ગણધરનાં પગલાંની સમજ

તીર્થંકર – ગણધર		તીર્થંકર – ગણધર		તીર્થંકર – ગણધર	
પહેલા પ્રભુના –	૮૪	નવમા પ્રભુના –	૮૮	સત્તરમા પ્રભુના –	૩૫
બીજા પ્રભુના –	૯૫	દશમા પ્રભુના –	૮૧	અઢારમા પ્રભુના –	૩૩
ત્રીજા પ્રભુના –	૧૦૨	અગિયારમા પ્રભુના –	૭૬	ઓગણીસમા પ્રભુના –	૨૮
ચોથા પ્રભુના –	૧૧૬	બારમા પ્રભુના –	૬૬	વીસમા પ્રભુના –	૧૮
પાંચમા પ્રભુના –	૧૦૦	તેરમા પ્રભુના –	૫૭	એકવીસમા પ્રભુના –	૧૭
છઠ્ઠા પ્રભુના –	૧૦૭	ચૌદમા પ્રભુના –	૫૦	બાવીશમા પ્રભુના –	૧૧
સાતમા પ્રભુના –	૯૫	પંદરમા પ્રભુના –	૪૩	તેવીસમા પ્રભુના –	૧૦
આઠમા પ્રભુના –	૯૩	સોળમા પ્રભુના –	૩૬	ચોવીશમા પ્રભુના –	૧૧
				કુલ –	૧૪૫૨

શ્રી આદીશ્વર દાદાની બીજી પ્રદક્ષિણા

જેને આપણે અત્યારે સીમંધર સ્વામીનું દેરાસર કહીએ છીએ. ત્યાં પહેલી પ્રદક્ષિણા પૂરી થઇ. બરોબર તેનીજ સામે નવા આદીશ્વરનું દેરાસર છે. ત્યાંથી બીજી પ્રદક્ષિણા શરુ થાય છે. આ દેરાસર વસ્તુપાલ તેજપાલે બંધાવેલું છે તેવું અનુમાન થાય છે. આ દેરાસરનું નામ " નવા આદીશ્વરનું દેરાસર " એવું નામ કેમ પડ્યું ? તેની કથા પુસ્તકોમાં છે ત્યાંથી વાંચવા મલશે.

અહીં નવા આદીશ્વર પ્રભુનાં દર્શન કરી આગળ જતાં પગલાંઓની દેરીઓ છે. તેની બાજુમાં થઇ પાછળ મેરુ છે ત્યાં જવાય છે. ત્યાં પ્રભુનાં દર્શન કરીને ભમતીમાં આગળ આગળ દર્શન કરતાં આગળ વધાય છે. પછી પ્રભુજીના વરઘોડાનો સામાન રથ વગેરેને મૂકવાની ઓરડીથી નીચે ઊતરીને સમવસરણના દેરાસરે દર્શન કરવાં. તેની જોડે સમ્મેત શિખરજીનું દેરાસર છે. તેમાં આઠ દિશામાં થઈને ૨૦ – પ્રતિમાજીઓ છે. અને પગલાંઓ પાણ છે તેથી તેને સમ્મેત શિખરજીનું દેરાસર કહેવાય છે. ત્યાં દર્શન કરવાં. આ બન્ને દેરાસરો ભેગાં છે.

તેની બાજુમાં પ્રક્ષાલના પાણી માટેનું ટાંકું આવેલું છે. તેના ઉપરની દેરી અને પગલાં નવાં બનાવ્યાં છે. ત્યાંથી આગળ ચાલતાં અને પગલાંઓનાં દર્શન કરતાં રાયણવૃક્ષના પાછલા ભાગમાં આવી જવાય. ત્યાંથી બહાર આગળ આવી શ્રી આદીશ્વર દાદાનાં પગલાંનાં દર્શન કરી આગળ વધવાનું અને પછી – ૧૪૫૨ – ગણધર પગલાંની ઉપર જવા માટે જે પથ્થરની નિસરણી બનાવી છે તેનાવડે ઉપર જઇ મોટા દેરાસરમાં બહાર તથા અંદર દર્શન કરવાં તથા સીમંધર સ્વામીના મંદિરમાં ઉપર રહેલા ચૌમુખજીનાં દર્શન કરી નીચે ઊતરવું અને પછી સહસ્ત્રફણા પાર્શ્વનાથનાં દર્શન કરવાં અહીં બીજી પ્રદક્ષિણા પૂરી થાય છે. પછી ગંધારિયાના દેરાસરની બાજુમાંથી આગળ જવાય.

શ્રી આદીશ્વર દાદાની ત્રીજી પ્રદક્ષિણા

સામે પાંચ ભાઈઓના દેરાસરથી ત્રીજી પ્રદક્ષિણા શરુ થાય છે. આ દેરાસર પાંચ ભાઈઓએ બંધાવેલ છે. અને તેમાં પાંચ પ્રતિમાજી પધરાવેલાં છે. માટે તેનું નામ પાંચ ભાઈનું મંદિર કહેવાય છે. ત્યાંથી આગળ જતાં શ્રી પુંડરીક સ્વામીના દેરાસરના બાજુની ભીતે દેરાસર છે ત્યાં દર્શન કરવાં. ત્યાંથી આગળ ચાલતાં બાજુમાં બાજરિયાનું

દેરાસર છે ત્યાં દર્શન કરવાં. આગળ ચાલતાં દાગીના મૂકવાની સુરક્ષિત તિજોરીની રૂમ આવે છે. પછી ત્યાંથી શ્રી નેમિનાથ ભગવાનનાં દર્શન કરી આગળ વધાય છે. ત્યાંથી દર્શન કરતાં ને આગળ ચાલતાં રથ મૂકવાના ઓરડાના બાજુના દેરાસરમાં દર્શન કરી વીશ વિહરમાત પ્રભુના દેરાસરમાં જવાય છે. આ મંદિરના ગભારામાં વીશ વિહરમાન અને રંગ મંડપમાં – ૨૪ – પ્રભુજી છે. ત્યાં દર્શન કરી આગળની દેરીઓમાં દર્શન કરતાં આગળ જવાય છે. અને પછી દર્શન કરતાં અષ્ટાપદજીના દેરાસરમાં અવાય છે. ત્યાં અષ્ટાપદની રચના કરીને (૪–૮–૧૦–૨–ચત્તારિ–અષ્ટ–દશ–દોય) કુલ ચારે દિશામાં થઈને ચોવીશ તીર્થંકરો બિરાજમાન કર્યા છે. અહીંયાં ઉપરના ભાગમાં રાવણ રાજા અને મંદોદરી રાણીને નૃત્ય કરતાં દેખાડ્યાં છે. તેમજ સૂર્યનાં કિરણોને પકડીને ઉપર ચઢતા ગૌતમ સ્વામીને બતાવ્યા છે. તથા પગથિયામાં કાયાનું કષ્ટ કરતા ૧૫૦૦, તાપસોને પણ બતાવ્યા છે. ગોખલાઓમાં બીજી પણ પ્રતિમાઓ છે તેનાં દર્શન કરીને આગળની દેરીઓમાં દર્શન કરતાં રાયણવૃક્ષ આવે છે. તેની પાસે થઈ બહાર નીકળતાં રાયણ પગલાંની આરસમય દેરી આવે છે. તેમાં શ્રી આદીશ્વર ભગવાનનાં ખૂબજ સુંદર – વિશાલ –લક્ષણો યુક્ત અને ચાંદીથી મઢેલાં પગલાંની જોડી છે. શ્રી આદીશ્વર ભગવાન ઘેટીની પાગથી પૂર્વ નવ્વાણું વાર અહીં રાયણવૃક્ષની નીચે પધારીને સ્થિરતા કરતા હતા. તેથીજ તેની કાયમી યાદગીરી માટે રાયણવૃક્ષ નીચે દેરીમાં તેમનાં પગલાં સ્થાપન કરવામાં આવ્યાં છે.

ત્યાંથી આગળ ચાલતાં એક દેરીના ખૂણા ઉપર દાદાનું નમણ (અભિષેકનું પાણી) નાંખવાની એક નાની બારી છે. તે જલ ત્યાંથી નીચે પડીને છ ગાઉની યાત્રામાં " ઉલખાજલ " નામના સ્થલ પાસે આવે છે. તેનાથી આગળ એક ઓરડીમાં ભરત – બાહુબલી અને નમિ – વિનમિની મૂર્તિઓ છે તેનાં દર્શન કરવાં.

ત્યાંથી દર્શન કરીને આગળ ચાલતાં એક દેરીના ગોખલામાં શ્રાવક અને શ્રાવિકાની ઊભી મૂર્તિ છે. તે મૂર્તિ સમરાશા અને તેમની પત્નીની છે. જેઓએ આ ગિરિરાજનો પંદરમો ઉદ્ધાર કર્યો હતો. પછી દેરીઓમાં દર્શન કરતાં અને આગળ ચાલતાં ૧૪–રત્નનું દેરાસર આવે છે. આ દેરાસર એવી પદ્ધતિથી બાંધવામાં આવ્યું છે કે ગભારામાં અને રંગમંડપમાં થઈને તેમાં ૧૪– પ્રતિમાજીઓ સ્થાપન થઈ શકે. ને તેટલી પ્રતિમાઓ પધરાવી છે. અહીં પ્રતિમાજીને રત્નની ઉપમા આપી છે. માટે તેનું નામ – ૧૪ – રત્નનું દેરાસર એવું પડ્યું છે. ત્યાંથી દર્શન કરીને આગળ ચાલતાં જ્યાં બીજી પ્રદક્ષિણા પૂર્ણ થતી હતી ત્યાંથી એક દેરીને કાઢી નાંખીને એક રસ્તો બનાવ્યો છે. જે રસ્તાથી અંદર નવી ટૂકમાં જવાય છે.

નવી ટૂક

દાદાના દેરાસરવાળી મુખ્યપોળ જે રતન પોળ છે. તેમાંથી જે દાદાના દેરાસરની ભીતે જે નાની દેરીઓ હતી. તે અને બીજા સ્થાનોમાંથી ઉત્થાપન કરેલાં જે નાનાં – મોટાં – ૫૦૦ , પ્રતિમાઓ હતાં તે પ્રતિમાઓને આ નવી ટૂકમાં વચલા ભાગમાં મુખ્ય મંદિર શિખરબદ્ધ બનાવીને દેરીઓ બનાવીને પ્રતિમાજીઓ પધરાવવામાં આવ્યાં. આ નવી ટૂકની પ્રતિષ્ઠા – સંવત – ૨૦૩૨ – માં જુદા જુદા ગચ્છના આચાર્ય ભગવંતોના હાથે થઈ.

(એક વખત આ સ્થાનમાં સ્નાન કરવા માટેનું ધાબું – સ્થાન હતું)

આ નવી ટૂકના દર્શન કરી બહાર આવી આગળ ચાલતાં એક ગોખલો આવે છે તેમાં ૨૪ – તીર્થંકર પ્રભુની માતાઓએ પોતાનાં તીર્થંકર પુત્રોને ખોળામાં લીધેલા છે તેવી આરસની અંદર ઉપસાવેલી કોતરણી કરેલી છે. ત્યાંથી આગળ ચાલતાં છેલ્લે ગંધારિયાનું દેરાસર આવે છે. તેમાં ચૌમુખ પ્રતિમાજી બિરાજમાન કર્યા છે. ઉપરના ભાગમાં પણ પ્રતિમાજી છે. તેનાં – દર્શન કરવાં. આ સમગ્ર દેરાસરને કારીગરે કળા અને શિલ્પની દૃષ્ટિએ એક નમૂના જેવું બનાવ્યું છે.

અહીંથી દર્શન કરીને શ્રી પુંડરીક સ્વામીના દેરાસરમાં જવાય છે. શ્રી પુંડરીક સ્વામીના ગભારામાં અને આજુબાજુના બે ઓરડામાં અને મંડપના બે ઓરડામાં પણ ઘણાં પ્રતિમાજીઓ છે ત્યાં પણ દર્શન કરવાં. આ ત્રણ પ્રદક્ષિણા પૂરી. શ્રી પુંડરીક સ્વામીની મૂર્તિને સોલમા ઉદ્ધારના કર્તા કરમાશાએ સંવત – ૧૫૮૭ – માં ભરાવેલાં છે. તેનો લેખ પણ અત્યારે વિદ્યેમાન છે. શ્રી પુંડરીક સ્વામી ગણધર એટલે ગુરુ મહારાજ કહેવાય. છતાં પણ તેઓની આ પ્રતિમા સિદ્ધ અવસ્થાની સ્થાપન કરેલી હોવાથી પ્રભુની જેમજ પૂજી શકાય છે. તેમાં કોઈ પણ દોષની સંભાવના નથી.

ત્રણ પ્રદક્ષિણા પૂરી



પાંચ – ચૈત્યવંદનો

શ્રી શત્રુંજય તીર્થની યાત્રાએ આવનાર ભાવિક આત્માએ એકયાત્રા દીઠ પાંચ ચૈત્યવંદનો અવશ્ય કરવાનાં હોય છે. તે આ રીતે.

(૧) સહુથી પ્રથમ ચૈત્યવંદન શ્રી ગિરિરાજ તળેટીમાં જયતલાટીએ કરવાનું હોય છે. (ન આવડતું હોય તો ચોપડીમાં જોઈને પણ કરજો)

(૨) બીજું ચૈત્યવંદન શ્રી ગિરિરાજ ઉપર ચઢતાં – પહેલો દરવાજો રામપોળ – બીજો દરવાજો સગાળપોળ અને ત્રીજો દરવાજો વાઘણ પોળ, એ ત્રણ દરવાજા પસાર કર્યા પછી તરત જ આપણા ડાબા હાથે સહુ પ્રથમ શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર આવે છે. ત્યાં કરવાનું હોય છે.

(૩) ત્યાંથી દર્શન કરીને આગળ ચાલતાં હાથી પોળમાં થઇ – રતન પોળમાં આવીને તીર્થાધિપતિ શ્રી આદીશ્વર ભગવાનનાં દર્શન કરીને ત્રણ પ્રદક્ષિણા ફરવી. અને તેમાં – ત્રીજી પ્રદક્ષિણામાં ત્રીજું ચૈત્યવંદન ૐ રાયણ પગલાંનું કરવાનું હોય છે.

(૪) ચોથું ચૈત્યવંદન શ્રી આદીશ્વર ભગવાનના પ્રથમ ગણધર શ્રી પુંડરીક સ્વામીનું કરવાનું હોય છે.

(૫) પાંચમું ચૈત્યવંદન શ્રી આદીશ્વર ભગવાનનું કરવાનું હોય છે. મૂલ–વિધિ પ્રમાણે આ રીતે પાંચ ચૈત્યવંદન કરવાં જોઈએ. ૐ

અત્યારે કેટલાક જીવો ત્રીજું ચૈત્યવંદન શ્રી આદીશ્વર ભગવાનનું, ચોથું રાયણ પગલાંનું અને પાંચમું પુંડરીક સ્વામીનું ચૈત્ય વંદન કરે છે. નવ્વાણું યાત્રા કરનારે પણ એક યાત્રા દીઠ પાંચ ચૈત્યવંદન કરવાનાં હોય છે. પણ ઘેટી પાગની બીજી યાત્રા કરનાર પહેલું ચૈત્યવંદન જયતલાટીને બદલે ઘેટી પાગના પગલે કરે. અને બીજા ચારે ચૈત્યવંદનો જેમ ઉપર કરીએ છીએ તેજ રીતે કરવાનાં હોય છે.

ૐ પણ અત્યારે આચરણ કરાતી પરંપરા પ્રમાણે શ્રી શત્રુંજય તીર્થમાં ત્રીજું ચૈત્યવંદન શ્રી આદીશ્વર પ્રભુનું ચોથું રાયણ પગલાંનું અને પાંચમું ચૈત્યવંદન શ્રી પુંડરીક સ્વામીનું કરાય છે. કારણ કે કેટલાક એવો વિચાર કરે છે કે ત્રણ પ્રદક્ષિણા ફરતાં ને ચૈત્યવંદન કરવામાં સમય વીતતાં ક્દાચ કોઇ અંતરાય–વિઘ્ન આવી જાય તો શું થાય ?શ્રી આદીશ્વર પ્રભુનું ચૈત્યવંદન રહીજ જાય છે. માટે લોકોએ પોતાની સમજણથી જાતેજ તેટલો ફેરફાર કરી લીધો.

શ્રી ગિરિરાજની ત્રણ પ્રદક્ષિણાઓ

દોઢ ગાઉની પ્રદક્ષિણા

દાદાનાં દર્શન કરી – ચૈત્યવંદન કરી રામપોળની બારીથી નીકળતાં જમણી બાજુ બહારના ભાગમાં સોખરી નામની ટેકરી પાસેના રસ્તે થઇ ઘેટી પાગ જવાનો રસ્તો ઓળંગીને હનુમાન–ધાર નજીક એક તલાવડી છે. ત્યાંથી ચૌમુખજીની ટૂક તરફ ચૈત્યવંદન કરીને હનુમાન–ધાર પાસેથી રામપોળના દરવાજેથી ગઢમાં દાખલ થઇ દાદાનાં દર્શન

કરવાથી દોઢ ગાઉની પ્રદક્ષિણા સંપૂર્ણ થાય છે.

છ ગાઉની પ્રદક્ષિણા

(આ છગાઉનો રસ્તો ખૂબજ ઊંચો નીચો ને લાંબો હોવાથી સંભાળીને ચાલવું પડે છે. નહિતર લપસી જવાય છે. આ પ્રથમ સૂચના છે.)

દાદાનાં દર્શન અને ચૈત્યવંદન કરીને રામપોળની બારીથી નીકળતાં આપણી જમણી બાજુએ સોખરી નામની ટેકરી છે. તેના ઉપર દેવકીજીના છ પુત્રોની દેરી છે ત્યાં દર્શન કરીને આગળ ચાલતાં અર્ધો ગાઉ ગયા પછી "ઉલ્બાજલ" નામનું સ્થાન આવે છે. આ સ્થાનમાં ઉપરની બારીમાંથી નાંખેલું દાદાના નવણનું જલ અહીં આવે છે. અહીં એક નાની દેરીમાં શ્રી આદિનાથ ભગવાનનાં પગલાં છે. ત્યાં દર્શન – ચૈત્યવંદન કરીને આગળજતાં પોણો ગાઉ પછી " ચિલ્લણ તલાવડી " (ચંદન તલાવડી) આવે છે. અહીં આ સ્થાનમાં શ્રી અજિતનાથ ભગવાન અને શ્રી શાંતિનાથ ભગવાનનાં પગલાંની બે દેરીઓ છે. તેમાં એવી દંતકથા છે કે શ્રી અજિતનાથ ભગવાન અને શાંતિનાથ પ્રભુ આ સ્થલમાં ચોમાસું રહ્યા હતા. તેની યાદગીરી માટે સામ સામી બે દેરીઓ સ્થાપન કરવામાં આવી હતી. એક વખત નંદિષેણ નામના મુનિ (એક મત જેઓ નેમિનાથ પ્રભુના સાધુ હતા. બીજા મતે શ્રી મહાવીરના સમયમાં થયા છે) આ ગિરિરાજની યાત્રા કરવા માટે આવ્યા ત્યારે આ બન્ને દેરીઓ સામ સામી હોવાથી એકની સામે બેસીને ચૈત્યવંદન કરે તો બીજાને પૂંઠ થાય. જેથી તેઓએ હૃદયની શુદ્ધ ભાવનાથી એવી રીતે બન્ને પ્રભુના નામની સ્તુતિ કરી કે જેથી આ બન્ને દેરીઓ એકજ દિશામાં જોડે જોડે થઈ ગઈ. જેમ શ્રી માનતુંગસૂરિ મહારાજને શ્રી ભક્તામર સ્તોત્રની –૪૪– ગાથાઓ બોલતાં –૪૪– બેડીઓ તૂટી ગઈ હતી તેમ. તે વખતે સ્તુતિરૂપે કરાયેલી જે સ્તુતિ. તે " અજિતશાંતિ " સ્તવન તરીકે પ્રગટ થઈ અને પછી પ્રતિક્રમણમાં સૂત્રરૂપે દાખલ થઈ.

આ બે દેરીઓ પાસે અત્યંત મહિમાવાળી ચિલ્લણ (ચંદન) તલાવડી. તથા કાઉસ્સગ્ગ કરવા માટેની સિદ્ધ શિલા છે. આથી દેરી પાસે ચૈત્યવંદન કરવું અને જ્યાં સિદ્ધ શિલા છે. ત્યાં યથાશક્તિ–૧૦૮–૨૭–૨૧–૯–૮– લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

પછી આગળ બે માઈલ જતાં ભાડવાનો ડુંગર આવે છે. આ શિખર ઉપર શાંબ અને પ્રદ્યુમ્નકુમાર આદિ ફાગણ સુદિ –૧૩– ના દિવસે સાડા આઠક્રોડ મુનિઓ સાથે મોક્ષે ગયા હતા. ત્યાં તેમનાં પગલાંની એક દેરી છે. ત્યાં ચૈત્યવંદન કરીને એક માઈલ નીચે ઊતરતાં " સિદ્ધવડ " (નામની જૂની તળેટી) છે. અહીં વડ નીચે દેરીમાં શ્રી આદિનાથ પ્રભુનાં પગલાં છે. ત્યાં ચૈત્યવંદન કરવું અહીં છ ગાઉની પ્રદક્ષિણા પૂરી થાય છે.

અત્યાર સુધી તો નજીકમાં રહેલા આદપુર ગામની બહાર ખેતરોમાં યાત્રાળુઓની ભક્તિ કરવા માટે જગ્યા ભાડે લઈને મંડપો બંધાતા હતા. હવે તો જ્યાં છ ગાઉની યાત્રા પૂરી થાય છે. ત્યાંની વિશાલ જગ્યા શેઠશ્રી આણંદજી

કલ્યાણજીની પેઢીએ ખરીદી લીધી છે. તેમાં ફાગણ સુદ ૧૩– ના દિવસે પેઢીની હસ્તક જુદા જુદા ગામના સંઘો અને ભાવિક ભક્તો યાત્રાળુઓની ભક્તિ કરવા માટે મંડપ – પાલ બંધાવીને તેમાં જાત જાતની વસ્તુઓ બનાવીને સાધર્મિકોની ભક્તિ કરે છે.

અહીં આ પાલની જગ્યાએથી આદપુર ગામના બસ સ્ટેન્ડ સુધી જવા માટે ટેમ્પા, ગાડાં વગેરે મલે છે. અને પાલિતાણા જવા માટે સરકારી એસ. ટીની બસો ખૂબજ પ્રમાણમાં મલે છે. એ સિવાય ખાનગી વાહનો રિક્ષાઓ ઘોડાગાડીઓ વગેરે બધું જ વપરાય છે. સહુ સહુની અનુકૂલતા પ્રમાણે વાહનોનો ઉપયોગ કરે છે.

બાર ગાઉની પ્રદક્ષિણા

(શેત્રુંજી નદીનો બંધ બંધાઇ ગયેલો હોવાથી હવે ચોક ગામનો રસ્તો બંધ થઇ ગયો છે.)

હવે બાર ગાઉની યાત્રા કરવાની ભાવનાવાળાએ તે યાત્રા ટુકડે ટુકડે કરવી પડે છે.

ભાવિક યાત્રાળુ આત્માએ પાલિતાણામાં દાદાની યાત્રા કરી પાલિતાણાથી નીકળીને બસ દ્વારા ડેમ જવું. ત્યાં યાત્રા – દર્શન કરીને બસ દ્વારા કદંબગિરિ જવું. ત્યાં નીચે અને ઉપર જિનમંદિરમાં દર્શન પૂજા કરીને બસ દ્વારા પાછા પાલિતાણા આવવું. અને પછી અહીંથી – બસ દ્વારા હસ્તગિરિ જવું ત્યાં હસ્તગિરિ ઉપર જૂનાં પગલાંને નૂતન જિનમંદિરનાં દર્શન પૂજન કરીને પાછા આવતાં પાછલના રસ્તે ઘેટી ગામ આવવું. ત્યાં દર્શન વગેરે કરીને બસ દ્વારા પાલિતાણા આવવું. આ રીતે શ્રી શત્રુંજય ગિરિરાજને પ્રદક્ષિણારૂપ બાર ગાઉની યાત્રા થાય છે.

ઉપરની ત્રણે યાત્રાઓમાં દાદાની ટૂકને મધ્યમાં રાખીને પ્રદક્ષિણા કરવાની હોય છે.

(ખાસ નોંધ :– ત્રણ ગાઉની યાત્રા પહેલાં ઘણા જીવો કરતા હતા, પણ તે ઘણીજ કઠિન હોવાથી હાલ કરતા નથી, અને કરવાની ભાવના રાખતા નથી. સીધો રસ્તો કે પગદંડી નથી અને ઊભા ઊભા પથ્થરો ઉપર ચઢ-ઊતર કરવું પડે છે માટે અને તે યાત્રાને છ ગાઉમાં માની લે છે માટે.)



શ્રી ગિરિરાજની પાગો - રસ્તાઓ

શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર ચઢવાના રસ્તાને પાગ-પાજ-પાયગા કહેવાય છે. તેવા રસ્તાઓ મુખ્ય ચાર છે. (૧) પાલિતાણાની પાગ-જ્યા તલાટીએ ચૈત્યવંદન કરીને ઉપર ચઢીએ છીએ તે. તે પાગ ઉત્તર દિશાની છે.

(૨) શ્રી શત્રુંજય નદીની પાગ-પાલિતાણાથી હસ્તગિરિના રસ્તે લગભગ -૪- માઈલ જતાં શ્રી શત્રુંજય નદી આવે છે. તે નદીનું પાણી ગાળીને વાસણમાં લઈને ઉપયોગ - જયણા પૂર્વક સ્નાન કરીને પૂજાનાં કપડાં પહેરીને ત્યાંથી ગિરિરાજ ઉપર ચઢીને દાદાની પૂજા કરવાની હોય છે. જેના માટે દુહામાં લખ્યું છે કે :-

શેત્રુંજી નદી નાહીને, - મુખ બાંધી મુખકોશ;

દેવ યુગાદિ પૂજીએ, આણી મન સંતોષ

શ્રી શેત્રુંજી નદીનો ડેમ બંધાવાના કારણે તે પગલાં મૂળ જગોપરથી ખસેડીને ગામ પાસે સ્થાપન કરાયાં હતાં. પણ હાલ તો તે પગલાં પણ પાણીમાં ડૂબેલાં રહે છે. આ પાગને પૂર્વ દિશાની પાગ અથવા શેત્રુંજી નદીની પાગ એ નામે બોલાય છે.

(૩) રોહીશાળાની પાગ. રોહીશાળા ગામ તરફથી ગિરિરાજ ઉપર ચઢવાનો રસ્તો-પાગ. તેને રોહીશાળાની પાગ કહેવાય છે.

રોહીશાળા ગામ પાસે એક જિનમંદિર હતું. પણ તે મંદિર ડેમ બંધાવાના કારણે તે પાણીમાં જતાં તેમાંથી મૂર્તિઓ ઉપાડી લઈને સરકારે આપેલ જગ્યામાં ડેમ ઉપર નવું જિનમંદિર બાંધવામાં આવ્યું અન ત્યાં તે મૂર્તિઓ પધરાવવામાં આવી.

રોહીશાળા ગામ પાસે એક ગામ છે. ત્યાં શ્રી આદીશ્વર ભગવાનનાં પગલાં છે. ત્યાં દર્શન કરીને ઉપર ચઢવાની શરુઆત કરવી. ઉપર ચઢતાં વચમાં એક કુંડ આવે છે. ત્યાંથી ચાલતાં ને ચઢતાં રામપોળના દરવાજે અવાય છે. છ ગાઉની પ્રદક્ષિણામાં પણ આ રોહીશાળાની પાગથી થોડુંક નીચે ઊતરીને પાછળ તરફ જવાનું હોય છે. આ પાગને દક્ષિણ દિશાની પાગ કહેવાય છે. આ પાગને ત્રણ ગાઉમાં પણ ગણવામાં આવે છે.

(૪) **ઘેટીની પાગ :-**આતપર- (આદિપુર-આદપુર) ગામથી શ્રી ગિરિરાજ ઉપર ચઢવાનું હોય છે. આતપર ગામમાં એક સુંદર -ધર્મશાલા- ભાથાખાતું - દેરાસર વગેરે છે. હાલમાં એક વિશાલકાય પ્રભુની મૂર્તિવાલું એક નૂતન દેરાસર બની રહ્યું છે. ઘેટી ગામ નજીક હોવાથી આ પાગનું નામ ઘેટીની પાગ એમ પાડવામાં આવ્યું છે. અથવા પહેલાના

સમયમાં આ આતપર ગામ ન હોય જેથી નજીકના ગામના નામથી પાગનું નામ ઘેટીની પાગ એમ પડયું હોય એવી ચોકકસ સંભાવના છે.

અહીંથી થોડાંક પગથિયાં ચઢતાં કહેવાતી તલાટીમાં શ્રી ઋષભદેવ આદિ–૨૪– તીર્થંકરોનાં પગલાં છે. ત્યાં ચૈત્યવંદન કરીને ઉપર ચઢતાં અર્ધા રસ્તે એક દેરી આવે છે. ત્યાં પાગ – ૨૪– પ્રભુજીનાં પગલાં છે. ત્યાં તેની બાજુમાં કુંડપાગ છે. ત્યાંથી આગળ ચાલતાં ઘેટીની બારીએથી – દરવાજેથી દાદાની ટૂકમાં જવાય છે.

દાદાની યાત્રા કરી ઘેટીની પાગે ઊતરી નીચે ચૈત્યવંદન કરી ફરીથી ઉપર ચઢી યાત્રા કરતાં બે યાત્રા કરી ગણાય છે.

(અત્યારે વર્તમાન સમયમાં શ્રી સિદ્ધાચલ શાગગાર તથા ઘંટાકર્ણના દેરાસરની પાસે બાંધેલા કંપાઉન્ડમાં જે દેરી છે તેને આપાગે ઘેટી પાગની તળેટી કહીએ છીએ, પાગ ખરેખર તેવું નથી. કદાચ જો તળેટી હોય તો –૪૦૦, પગથિયાં ઉપર ન હોય તેની ખરેખર તળેટી સિદ્ધવડની દેરીછે. ત્યાં હોવી જોઇએ. એકવાર ત્યાં જૂની તળેટી હતી પાગ ખરી. અત્યારે તે સિદ્ધાચલ શાગગારના દેરાસર પાસેથી ત્યાં સુધી જવાનો રસ્તો પાગ છે. પાછળથી આ ફેરફાર થયેલો લાગે છે.

નીચેથી ચારસો પગથિયાં ચઢવાં પડે અને પછી તળેટી આવે આ વાત બરોબર બંધ બેસતી નથી) હાલમાં નીચેથી ઉપર જવા માટે પગથિયાં બંધાઇ ગયાં છે. આ પાગને પશ્ચિમ દિશાની પાગ કહેવાય છે.

આ સિવાય બીજી પાગ પાગો પહેલાં હતી, પાગ અત્યારે આપાગે તેનાં નામો પાગ વીસરી ગયા છીએ. ઘનઘોળ પાગ એવું પાગ એક નામ હતું. જે પાગનો ઘેટીની પાગ અને રોહીશાળાના પાગના વચ્ચેના રસ્તે ચોક ગામ તરફથી આવતાં તેનો ઉપયોગ થતો હતો. આજે પાગ યાત્રાના દિવસોમાં એ બાજુ રહેનારા ગિરિરાજ ઉપર આવવા માટે એ પાગનો ઉપયોગ કરે છે. અત્યારે પાગ આ પર્વતના એ બાજુના રસ્તે હસ્તગિરિ ખૂબજ નજીક પડે છે. તે રસ્તે જનાર અને આવનાર ખૂબજ થોડા સમયમાં જઇ શકે છે. અને આવી શકે છે.

શ્રી શત્રુંજય ગિરિરાજની નવ્વાણું યાત્રા કરવાની વિધિ

નવ્વાણું યાત્રા કરનાર આરાધકે એક યાત્રા દીઠ પાંચ ચૈત્યવંદન અને ત્રણ પ્રદક્ષિણા કરવી જોઈએ.

(૧) પહેલું ચૈત્યવંદન ગિરિરાજની સન્મુખ જય તલાટીમાં, બીજું શ્રી શાંતિનાથ ભગવાનના દેરાસરે, ત્રીજું શ્રી રાયણ પગલાંની સામે, ચોથું શ્રી પુંડરીક સ્વામીના દેરાસરે અને પાંચમું શ્રી આદીશ્વર દાદાની પાસે.

(૨) નવ્વાણું યાત્રા કરનારે ઉપરનાં પાંચ ચૈત્યવંદન કરવાના ઠેકાણે એક એકવાર સ્નાત્ર પૂજા ભણાવવી જોઈએ.

(૩) નવ્વાણું યાત્રા કરનાર આરાધકે દરરોજ-૧૦- બાંધી નવકારવાલી ગણવી જોઈએ. એટલે આ પુણ્યતમ પવિત્રભૂમિમાં જ નવ્વાણું યાત્રા દરમ્યાન આપો-આપ નવલાખ નવકાર ગણાઈજ જાય.

(૪) નવ્વાણું યાત્રા કરનાર આરાધકે રાઇ અને દેવસિ આ બે પ્રતિક્રમણ અવશ્ય કરવાં જોઈએ. સચિત્ત દ્રવ્યનો ખાવામાં ત્યાગ કરવો જોઈએ. બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. શક્તિ હોય તો તપમાં એકાસણું કરવું જ જોઈએ, અપવાદે બેસણું કરવું પણ છૂટા તો ન જ રહેવું. સંથારા ઉપર સૂઈ જવું. અને પગે ચાલીને યાત્રા કરવી.

(૫) ગિરિરાજની ૯૯- યાત્રાઓ કરવા ઉપરાંત ઘેટી પાગની ફ્ર ૯- યાત્રાઓ મલીને ગિરિરાજને કુલ - ૧૦૮ - યાત્રાઓ કરવી.

(૬) શક્તિ હોય તો ગિરિરાજ ઉપર દાદાના ચોકમાં રથયાત્રાનો વરઘોડો ચઢાવવો. નવ્વાણું પ્રકારી પૂજા ભણાવવી અને એકવાર દાદાની આંગી રચાવવી.

(૭) નવ્વાણું યાત્રામાં એકવાર દાદાજીના મંદિરને ફરતી ૧૦૮ - પ્રદક્ષિણા દેવી જોઈએ.

(૮) હંમેશાં - નવખમાસમણ દુહા સાથે દેવાં. નવ સાથિયા કરવા નવ ફળ તથા - નવ નૈવેદ્ય મૂકવાં જોઈએ.

(૯) દરરોજ દિવસમાં એકવાર શ્રી શત્રુંજય તીર્થની આરાધના માટે નવ લોગસ્સનો કાઉસ્સગ્ગ " સાગરવર

ફ્ર કેટલાક અણસમજુ આત્માઓ એમ કહે છે કે નવ્વાણું માં ઘેટી પાગની યાત્રા - નવજ કરવી. વધારે નહિ આ વાત બરોબર નથી. ખરી વાત એ છે કે એ બાજુથી નવ્વાણું થાય તો ધન્ય ભાગ્ય. તે નજ થાય તો છેવટે ઓછામાં ઓછી નવ તો કરવી. જેથી શ્રી આદીશ્વર પ્રભુએ ઘેટી પાગથી નવ્વાણું કરી તે ન ભુલાય.

ગંભીરા " સુધીનો કરવો.

(૧૦) હંમેશાં યથાશક્તિ અષ્ટ પ્રકારી પૂજા કરવી.

(૧૧) એક વખત –૧૦૮– લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

(૧૨) શક્તિ હોય તો ચોવિહારો છઠ્ઠ કરીને ઉપરની સાત યાત્રાઓ કરવી. હંમેશાં મનમાં પુંડરીકગિરિનું ધ્યાન કરવું, ઘેટીની પાગથી – રોહિશાળાની પાગથી – અને શેત્રુંજી નદીની પાગથી એક એકવાર અવશ્ય યાત્રા કરવી.

તેજ રીતે બાર ગાઉ – છ ગાઉ – ત્રણ ગાઉ અને દોઢ ગાઉની યાત્રા પ્રદક્ષિણા કરવી (અત્યારે શેત્રુંજી નદી પર ડેમ થવાથી બાર ગાઉની યાત્રા બંધ થઈ ગઈ છે.)

(૧૩) નવે ટૂકનાં નવ વખત દર્શન કરવાં. અને નવ ટૂકમાં દરેક ટૂકના મૂલનાયક પાસે એક એક ચૈત્યવંદન કરવું જોઈએ

(૧૪) – એક વખત ગિરિરાજની સંપૂર્ણ પૂજામાં તલાટીથી માંડીને રામપોળ સુધીમાં જે જે પગલાંઓ અને પ્રતિમાજીઓ પધરાવેલાં છે. તે બધાની પૂજા કરવી. આપણાથી કંઇ પણ આશાતના થઇ હોય તો તે પૂજાવડે તેનું નિવારણ થઇ જાય છે.



શ્રી શત્રુંજય તીર્થમાં પ્રાપ્ત-થતાં-ફળો

૧.– શ્રી સિદ્ધગિરિને સ્પર્શ કરનાર પ્રાણીઓને રોગ–સંતાપ–દુઃખ–વિયોગ–દુર્ગતિ અને શોક થતાં નથી.

૨ – આ ગિરિરાજનાં દર્શન અને સ્પર્શનથી સંસારમાં ઉત્તમ પ્રકારનાં ભોગસુખો અને અંતે મુક્તિનું સુખ મળે છે.

૩ – તીર્થના પ્રભાવથી ગાઢ અને નિકાચિત કર્મોનો પણ નાશ થાય છે.

૪ – જેઓ અહીં આ તીર્થની યાત્રા–પૂજા–સંઘની ભક્તિ અને સંઘની રક્ષા કરે છે. તેઓ સ્વર્ગલોકમાં પૂજાય છે.

૫ – પ્રભુને શીતળ અને સુગંધી જળથી સ્નાન કરાવનારા શુભ કર્મથી સુગંધિત બને છે.

૬ – પ્રભુને પંચામૃતથી સ્નાન કરાવનારા પંચમજ્ઞાન–કેવળજ્ઞાન પ્રાપ્ત કરી પાંચમી ગતિ મોક્ષને પામે છે.

૭ – પ્રભુને કેશર અને ચંદનથી પૂજનારા અખંડ લક્ષ્મીવાળા થઇ કીર્તિરૂપ સુગંધીના ભાગીદાર થાય છે.

૮ – પ્રભુને બરાસથી પૂજન કરનારા જગતમાં શ્રેષ્ઠ અને શત્રુના ભયથી મુક્ત બને છે.

૯ – પ્રભુને કસ્તુરી–અગરુ અને કેશરથી પૂજનારા જગતમાં ગુરુપદને પામે છે.

૧૦ – પ્રભુનું અર્ચન કરનારા ત્રણે જગતને પોતાની કીર્તિથી વાસિત કરી આ લોકમાં નીરોગી થાય છે.અને પરલોકમાં સદગતિ પામે છે.

૧૧ – સુગંધી પુષ્પોથી પૂજા કરનારા સુગંધી શરીરવાળા બની ત્રણલોકને પૂજવા યોગ્ય બને છે.

૧૨ – સાધારણ ધૂપ કરનારાને ૧૫–ઉપવાસ અને કપૂર વગેરે મોટી સુગંધવાળા ધૂપોથી ધૂપ કરનારને માસ–ખમણનું ફળ પ્રાપ્ત થાય છે.

૧૩ – અખંડ અક્ષત ચઢાવનારને અખંડ સુખસંપત્તિ મળે છે અને સઘળા મનોરથો પૂર્ણ થાય છે.

૧૪ – દીપક પૂજા કરનારાના શરીરની કાંતિ દેદીપ્યમાન થાય છે. અને સંસાર સંબંધી અંધકાર નાશ પામે છે. અને મંગલ દીપકથી માંગલિકો પ્રાપ્ત થાય છે.

૧૫ – નૈવેદ્ય પૂજા કરનારને જીવોની મિત્રતા વધે છે.

૧૬ – ફળપૂજા કરનારને મોક્ષસુખ પ્રાપ્ત થાય છે.

૧૭ – આભૂષણો ચઢાવનાર ત્રણે ભુવનમાં અલંકારભૂત બને છે.

૧૮ – રથયાત્રા માટે રથ આપનારને ચક્રવર્તીની સંપત્તિ પ્રાપ્ત થાય છે.

૧૯ – પ્રભુજીને પોંખણાં કરવાથી કર્મરૂપી રજથી રહિત બને છે.

૨૦ – તીર્થમાં અશ્વ આપનારને સર્વ તરફથી લક્ષ્મી પ્રાપ્ત થાય છે. હાથી આપનારને સારા શિયળવાળી સ્ત્રીઓ પ્રાપ્ત થાય છે. પ્રભુના પખાલ માટે ગાય આપનાર આત્મા રાજા થાય છે.

૨૧ – ચંદરવો–છત્ર–સિંહાસન–ચામર– વગેરે આપનારને બધી વસ્તુઓ ભવાંતરમાં પ્રાપ્ત થાય છે. મહેન્દ્રધ્વજ અથવા ધજા ચઢાવનારા અનુત્તર વિમાનમાં સુખ ભોગવી શાશ્વતપદને પ્રાપ્ત કરે છે.

૨૨ – પ્રભુના મંદિર માટે સોના–રૂપા કે ત્રાંબાના કળશ કરાવનાર સ્વપ્નમાં પણ પીડા પામતાં નથી, અને શાશ્વત મંગલને પ્રાપ્ત કરે છે.

૨૩ – પ્રભુની આંગી કરનારા વિશ્વમાં શૃંગારભૂત બને છે.

૨૪ – પ્રભુની પૂજા માટે ગામ કે વાડી આપનાર ચક્રવર્તી બને છે.

૨૫ – પ્રભુને ૧૦ –માળા ચઢાવવાથી ઉપવાસ, સો માળાથી છઠ્ઠ, હજાર માલાવડે અઠમ, લાખ માલાવડે–૧૫–ઉપવાસ, અને દશલાખ માળાવડે મહિનાના ઉપવાસનું ફળ મળે છે.

૨૬ – શ્રી શત્રુંજયના માર્ગમાં યાત્રાર્થે જતાં સાધુ અને સંઘની–ભક્તિ–પ્રભાવના–વૈયાવચ્ચ વગેરે કરતાં ગિરિરાજ દૂર હોય ત્યાં સુધી ક્રોડગણું અને ગિરિરાજ સાક્ષાત નજરે પડતાં અનંતગણું ફળ પ્રાપ્ત થઈ શકે છે.

૨૭ – જે જે મહાનુભાવ મુનિઓને અહીં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે. તેમજ નિર્વાણ પ્રાપ્ત થયું છે, તેસર્વેને વંદન કરવાનું ફળ શ્રી પુંડરીક ગિરિરાજને ભાવસહિત વંદન કરવાથી પ્રાપ્ત થઈ શકે છે.

૨૮ – અન્ય તીર્થોમાં તપશ્ચર્યા તથા બ્રહ્મચર્યવડે જે ફળ પ્રાપ્ત થાય છે. તે ફળ શ્રી શત્રુંજયગિરિપર પ્રયત્નપૂર્વક વસવા માત્રથી જ પ્રાપ્ત થાય છે. : (તેની સાન્નિધ્યતામાં રહેવાથી)

૨૯ – એક ક્રોડ મનુષ્યને ઇચ્છિત આહારનું ભોજન કરાવવાથી જે પુણ્ય થાય છે. તેટલું પુણ્ય શ્રી શત્રુંજયતીર્થમાં એક ઉપવાસ કરીને મેળવી શકાય છે.

૩૦ – સ્વર્ગમાં–પાતાલમાં– અને મનુષ્યલોકમાં જે કોઇ નામ માત્રથી પણ તીર્થ છે.તે સર્વતીર્થોને માત્ર શ્રી પુંડરીકગિરિને વંદન કરવાથી–જોયા–સમજવા અર્થાત શ્રી શત્રુંજયતીર્થને વંદન કરવાથી સર્વતીર્થોને વંદન કરવાનું ફળ પ્રાપ્ત થાય છે.

૩૧ – આ શાશ્વત તીર્થરાજને વિષે પૂજા કરવાથી એકગણું પુણ્ય થાય . પ્રતિમાનું સ્થાપન કરવાથી (પ્રતિષ્ઠા કરવાથી) સોગણું પુણ્ય થાય છે. અને એ તીર્થનું પાલન કરવાથી (રક્ષણ) કરવાથી અનંગતણું પુણ્ય થાય છે.

૩૨ – જે મનુષ્ય શ્રી શત્રુંજયગિરિના શિખરઉપર શ્રી જિનેશ્વરપ્રભુની પ્રતિમા બેસાડે અથવા ચૈત્ય કરાવે તે ભરતક્ષેત્રને ભોગવીને એટલે ચક્રવર્તીથઈને પછી સ્વર્ગ તથા મોક્ષને વિષે વાસ કરે છે. એટલે સ્વર્ગ અને મોક્ષના સુખને પામે છે.

૩૩ – જે મનુષ્ય શ્રી શત્રુંજયતીર્થઉપર ચૌવિહારો છઠ્ઠ ભક્ત (બે ઉપવાસ) કરીને સાત યાત્રાઓ કરે છે તે ત્રીજે ભવે મોક્ષપદને પામે છે.

૩૪ – અન્ય સ્થાનમાં સુવર્ણ–ભૂમિ કે અલંકારો આપવાથી જે પુણ્ય થાય તેટલું પુણ્ય સિદ્ધગિરિમાં એક ઉપવાસથી થાય છે.

૩૫ – શ્રી અષ્ટાપદ પર્વત– શ્રી સંમેત શિખરજી – શ્રી પાવાપુરી શ્રી ચંપાપુરી– અને શ્રી ગિરનારજી– વગેરે તીર્થોની યાત્રા કરતાં જે પુણ્ય થાય છે તેના કરતાં સો ગણું પુણ્ય શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરવાથી પ્રાપ્ત થાય છે.

૩૬ – સેંકડો સાગરોપમ સુધી નરકગતિમાં દુઃખો ભોગવતાં જે કર્મો ન ખપે તેનાથી અધિક કર્મોનો નાશ કારતક મહિનામાં માસખમણની તપશ્ચર્યા કરવાથી ખપે છે.

૩૭ – કાર્તિકી પૂર્ણિમાના દિવસે માત્ર એક ઉપવાસ કરવાથી આત્મા ચાર હત્યા ના પાપથી મુક્ત થાય છે.

૩૮ – કાર્તિક પૂર્ણિમાએ ભગવંતનું ધ્યાન કરનાર સર્વ પ્રકારનાં સુખો ભોગવીને મોક્ષસુખને પ્રાપ્ત કરનાર બને છે.

૩૯ – કાર્તિક– ચૈત્ર– અને વૈશાખસુદ પૂનમના જેઓ અહી આવી આદરથી દાન અને તપ કરે છે. તેઓ મોક્ષ સુખને પામે છે.

શ્રી સિદ્ધગિરિમાં તપ કરવાથી મળતું ફળ

નવકારશી કરવાથી બે ઉપવાસ કર્યાનું ફળ મલે છે.

પોરસિ કરવાથી ત્રણ ઉપવાસ કર્યાનું ફળ મલે છે.

પુરિમુઢ્ઢ કરવાથી ચાર ઉપવાસ કર્યાનું ફળ મલે છે.

એકાસણું કરવાથી પાંચ ઉપવાસ કર્યાનું ફળ મલે છે.

આયંબિલ કરવાથી પંદર ઉપવાસ કર્યાનું ફળ મલે છે.

ઉપવાસ કરવાથી એક મહિનાના ઉપવાસ કર્યાનું ફળ મલે છે.

* આ રીતે શ્રી શત્રુંજયગિરિરાજમાં જેટલી તપશ્ચર્યા થાય તેનો કઈગુણો લાભ આ તીર્થમાં મલે છે. માટે પ્રમાદ કર્યા સિવાય અને શક્તિને સંતાડયા વગર જેમ બને તેમ વધુ તપ કરવાની ભાવના રાખવી.

* એક વાત ખાસ ધ્યાન રાખવા જેવી છે કે બીજા સ્થાનમાં કરેલાં પાપોને છોડવા માટે આ તીર્થ સ્થાન ઉત્તમોત્તમ છે. પણ જો આ સ્થાનમાં આવી પાપ કરવામાં આવે તો તે પાપ કર્મનો તીવ્ર વિપાક ભોગવવો પડે અને દીર્ઘકાલ સુધી સંસારમાં પરિભ્રમણ કરવું પડે માટે અહી આવ્યા પછી ડગલે ને પગલે સાવચેતીપૂર્વક જીવન જીવવું જોઈએ.

શ્રી શત્રુંજયના-થયેલા-ઉદ્ધારો

(ઉપદેશ પ્રાસાદ ભાષાંતર-ભા-ત્રીજાના આધારે)

(૧)- શ્રી સિદ્ધાચલ તીર્થ શાશ્વત છે. તેમ જાણીને એક દિવસ ભરત ચક્રવર્તી શ્રી સંઘ સાથે તેની યાત્રાએ ગયા. ત્યાં પહોંચીને ઈન્દ્રના વચનથી ચક્રવર્તીએ હીરા-માણેક-મોતી-અને રત્નોથી સુશોભિત ચોરાશી મંડપવાળો ત્રૈલોક્યવિભ્રમ નામે ભવ્ય પ્રાસાદ કરાવ્યો. આ પ્રાસાદ એક કોસ ઊંચો-દોઢકોસ-વિસ્તીર્ણ-અને હજાર ધનુષ્ય પહોળો હતો. આ ભવ્ય પ્રાસાદમાં ભરતે સુવર્ણરત્નમય શ્રી જિનબિંબ સ્થાપન કર્યું. આમ પ્રથમ સંઘપતિ-ભરતચક્રવર્તીએ શ્રી શત્રુંજયતીર્થનો પ્રથમ ઉદ્ધાર કરાવ્યો.

(૨)- તે ઉદ્ધાર થયા પછી છ કરોડ પૂર્વે શ્રી ભરત ચક્રવર્તીની આઠમી પાટે (પેઢીએ) દંડવીર્ય રાજા થયો. તેણે પણ સંઘપતિ થઈને શ્રી શત્રુંજય તીર્થનો બીજો ઉદ્ધાર કરાવ્યો. આ દંડવીર્ય રાજાને પણ આરીસા ભવનમાં કેવળજ્ઞાન થયું હતું.

(૩) – ત્યાર પછી એકસો સાગરોપમનો સમય વીત્યા બાદ મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી જિનેશ્વર ભગવંત પાસેથી આ તીર્થનું વર્ણન અને મહિમા સાંભળીને ઈશાનઈન્દ્રે તેનો ત્રીજો ઉદ્ધાર કરાવ્યો.

(૪) – ત્યાર પછી એક કરોડ સાગરોપમના સમય બાદ માહેન્દ્ર ઈન્દ્રે શ્રી શત્રુંજયનો ચોથો ઉદ્ધાર કરાવ્યો

(૫) – તે પછી દશ કોટી સાગરોપમ ગયા બાદ બ્રહ્મેન્દ્રે શ્રી શત્રુંજયનો પાંચમો ઉદ્ધાર કરાવ્યો.

(૬) – અને તે પછી એક કોટી સાગરોપમ ગયા બાદ ભવનપતિ ચમરેન્દ્રે શ્રી શત્રુંજયગિરિનો છઠ્ઠો ઉદ્ધાર કરાવ્યો.

(૭) – શ્રી આદિનાથ પ્રભુના થઇ ગયા પછી–૫૦–લાખ–કોટી–સાગરોપમના સમયબાદ શ્રી સગરચક્રવર્તી થયા. અને ઇન્દ્રના કહેવાથી પડતો સમય જાણીને શ્રી સગરચક્રવર્તીએ ભરત રાજાએ ભરાવેલા મણિમય જિનબિંબોને ગુફામાં સંતાડી દીધાં અને તેણે આ તીર્થનો સાતમો ઉદ્ધાર કરાવ્યો.

(૮) – તે પછી ચોથા તીર્થંકર પરમાત્મા શ્રી અભિનંદન સ્વામીના સમયમાં વ્યંતરેન્દ્રે આ તીર્થનો આઠમો ઉદ્ધાર કરાવ્યો.

(૯) – શ્રી ચંદ્રપ્રભ સ્વામીના સમયમાં શ્રી ચંદ્રયશા રાજાએ શ્રી શત્રુંજયતીર્થનો નવમો ઉદ્ધાર કરાવ્યો.

(૧૦) – શ્રી શાંતિનાથ પ્રભુના પુત્ર ચક્રાયુધ રાજાએ શ્રી શત્રુંજયનો દશમો ઉદ્ધાર કરાવ્યો.

(૧૧) – શ્રી મુનિસુવ્રત સ્વામીના સમયમાં શ્રી રામચંદ્રજીના હસ્તે શ્રી શત્રુંજયનો અગિયારમો ઉદ્ધાર થયો.

(૧૨) – શ્રી બાવીશમા તીર્થંકર નેમિનાથ સ્વામીના સમયની વાત છે. તે સમયે પાંડવોએ ભયાનક હિંસક યુદ્ધ કર્યું. તેથી તેમણે મહાપાપ બાંધ્યું. પુત્રોને પાપમુક્ત કરવા માતા કુંતીએ કહ્યું કે હે પુત્રો ! ગોત્રદ્રોહ કરીને તમે મહાપાપ બાંધ્યું છે. આથી શ્રી શત્રુંજયની યાત્રા કરીને તમે એ પાપનો નાશ કરો.

માતાની આજ્ઞા માનીને પાંડવોએ આ તીર્થની યાત્રા કરી. ત્યાં તેમણે અમૂલ્ય લાકડાંનો ભવ્ય પ્રાસાદ કરાવ્યો. અને તેમાં લેપ્યમય જિનબિંબને સ્થાપીને શ્રી શત્રુંજયનો બારમો ઉદ્ધાર કર્યો.

(૧૩) – ત્યારબાદ શ્રીવીરપ્રભુના નિર્વાણથી ચારસોને સિતેર વર્ષે વિક્રમાદિત્ય રાજા થયા. આ તીર્થનો સંઘ કાઢી તેઓ સંઘપતિ બન્યા. તે પછી –વિ.સં.–૧૦૮–માં જાવડશા શેઠે આ શ્રી શત્રુંજયતીર્થનો તેરમો ઉદ્ધાર કર્યો.

(૧૪) –પાંડવો અને જાવડશા શેઠના વચલા સમય દરમ્યાન બે કરોડ પંચાણું લાખ અને પંચોતેર હજાર સંઘપતિ બન્યા. તે પછી સંવત–૧૨૧૩–માં શ્રી શ્રીમાળી બાહડદેવે શ્રી શત્રુંજયતીર્થનો ચૌદમો ઉદ્ધાર કર્યો.

(૧૫) ત્યાર બાદ – સં – ૧૩૭૧ – માં શ્રી રત્નાકરસૂરિના ભક્ત અને બાદશાહના પ્રધાન ઓસવાળ શ્રેષ્ઠી સમરાશાએ આ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર કર્યો.

(૧૬) ત્યાર પછી સં – ૧૫૮૭ – માં બાદશાહ બહાદુર શાહના માનીતા શેઠશ્રી કરમાશાહે શ્રી શત્રુંજયનો સોળ મો ઉદ્ધાર કરાવ્યો.

(૧૭) અને છેલ્લો સત્તરમો ઉદ્ધાર શ્રી દુપ્પસહ સૂરિના ઉપદેશથી શ્રાવક વિમળવાહન રાજા કરાવશે.

શ્રી શત્રુંજયના ઉદ્ધારો
શ્રી પદ્મ વિજયજી કૃત – નવ્વાણું અભિષેક પૂજા.
શ્રી વીરવિજયજી કૃત – નવ્વાણું પ્રકારી પૂજાના આધારે

(૧) પ્રથમ ઉદ્ધાર – રાજા ભરત ચક્રવર્તીએ કર્યો. ભરતરાજાના સમયમાં ૯૯– ક્રોડ – ૯૯ – લાખ – ૯૪ – હજાર – સંઘપતિઓ શ્રી શત્રુંજયની તીર્થયાત્રા કરાવવા માટે બન્યા.

(૨) ભરતરાજાની આઠમી પાટે દંડવીર્યરાજા થયો. તેણે શ્રી શત્રુંજયનો બીજો ઉદ્ધાર કરાવ્યો.

(૩) શ્રી સીમંધર સ્વામીના વચનથી શ્રી શત્રુંજયનો અપૂર્વ મહિમા સાંભળીને ઈશાનેન્દ્રે ગિરિરાજનો ત્રીજો ઉદ્ધાર કર્યો.

(૪) એક ક્રોડ સાગરોપમ ગયા પછી. શ્રી શત્રુંજયનો ચોથો ઉદ્ધાર માહેન્દ્રના ઈન્દ્રે કર્યો.

(૫) પછી દશ ક્રોડ સાગરોપમ ગયા પછી પાંચમા દેવલોકના ઈન્દ્ર બ્રહ્મેન્દ્રે – શ્રી શત્રુંજયનો પાંચમો ઉદ્ધાર કર્યો.

(૬) ત્યાર પછી એક લાખ કોટિ સાગરોપમ ગયા ત્યારે અસુરનિકાયના સ્વામી – ચમરેન્દ્રે શત્રુંજયનો છઠ્ઠો ઉદ્ધાર કર્યો.

(૭) સાતમો ઉદ્ધાર – શ્રી અજિતનાથ પ્રભુના ભાઇ શ્રી સગર ચક્રવર્તીએ કરાવ્યો.

(૮) શ્રી અભિનંદન સ્વામીના ઉપદેશથી શ્રી શત્રુંજયનો આઠમો ઉદ્ધાર વ્યંતરેન્દ્રે કર્યો.

(૯) શ્રી ચંદ્રપ્રભ સ્વામીના સમયમાં ચંદ્રશેખર રાજાના પુત્ર શ્રી ચંદ્રયશાએ શ્રી શત્રુંજયનો નવમો ઉદ્ધાર કરાવ્યો.

(૧૦) શ્રી શાંતિનાથ પ્રભુના પુત્ર – ચક્રાયુધ રાજાએ શ્રી શત્રુંજયનો અત્યંત અદભુત દસમો ઉદ્ધાર કરાવ્યો.

(૧૧) શ્રી મુનિસુવ્રત સ્વામીના સમયમાં દશરથરાજાના પુત્ર શ્રી રામચંદ્રજીએ શ્રી શત્રુંજયનો અગિયારમો ઉદ્ધાર કરાવ્યો.

(૧૨) શ્રી નેમિનાથ પ્રભુના સમયમાં પાંચ પાંડવોએ શ્રી શત્રુંજયનો મોટો બારમો ઉદ્ધાર કરાવ્યો.

(૧૩) વિક્રમ સંવત – ૧૦૮ – માં જાવડશાહે શ્રી શત્રુંજયનો તેરમો ઉદ્ધાર કરાવ્યો.

(૧૪) શ્રીમાળી શિરોમણિ એવા બાહડમંત્રીએ શ્રી શત્રુંજયનો ચૌદમો ઉદ્ધાર કરાવ્યો.

(૧૫) સંવત – ૧૩૭૧ – માં ઓસવાલ વંશના શણગારરૂપ એવા સમરાશાહે દ્રવ્યનો વ્યય કરી શ્રી શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર કર્યો.

(૧૬) સંવત – ૧૫૮૭ – માં કરમાશા નામના મનોહર શ્રેષ્ઠીએ શ્રી શત્રુંજયનો સોલમો ઉદ્ધાર કરાવ્યો.

(૧૭) અને છેલ્લો સત્તરમો ઉદ્ધાર શ્રી વિમળવાહન રાજા શ્રી દુપ્પસહ સૂરિના ઉપદેશથી અનેરો લાભ જાણીને કરાવશે. આ અવસર્પિણીમાં થયેલા મોટા મોટા ઉદ્ધારો કહ્યા. વચમાં જે જે નાના ઉદ્ધારો થયા તેની તો ગણતરી જ નથી.

શ્રી શત્રુંજયના થયેલા ઉદ્ધારો - શ્રી શત્રુંજય ઉદ્ધાર રાસના આધારે

(૧) શ્રી ભરતરાજા શ્રી શત્રુંજયની યાત્રા કરવા માટે તેની તૈયારીમાં - ૩૨ - હજાર મુગટબદ્ધ રાજા, ૮૪ - લાખ નિશાન, ૮૪ - લાખ હાથી, ૮૪ - લાખ ઘોડા, ૮૪ - લાખ રથ, સવા ક્રોડ પુત્રો, ૩૨ - હજાર નાટક (નટ મંડળી) ૩ - લાખ દક્ષ મંત્રીઓ, ૫ - લાખ દીવીને ધારણ કરનારા પુરુષો, ૧૬- હજાર યક્ષો, ૧૦ - ક્રોડ ધજાઓને ધારણ કરનારા, ૯૬ - ક્રોડ પાયદલ સૈન્ય, ૬૪ - હજાર રાણીઓ, ૧ - લાખને -૨૮ - હજાર - વારાંગનાઓ, ૩ - ક્રોડ વ્યાપારીઓ, ૩૨ - ક્રોડ સુથાર વગેરે કારીગરો હતા, શેઠ -સાર્થવાહ નાના-મોટા રાજા વગેરેની કોઈ ગણતરી જ નહોતી, નવનિધિ અને ચૌદરત્નો લઈને આ બધો પરિવાર લઈને કપાળમાં સંઘપતિનું તિલક કરાવીને પગલે પગલે કર્મોનું નિકંદન કરતાં શ્રી શત્રુંજય નજીક આવ્યા, અને નજરથી શ્રી શત્રુંજયને જોતાં સોવનફૂલડે અને મોતીડે વધાવ્યો.

રાયણવૃક્ષના તળિયામાં રહેલાં શ્રી ઋષભજિણંદનાં પગલાંને પૂજે છે. પછી ઈન્દ્ર મહારાજાના વચનથી શ્રી ઋષભદેવનું તીર્થ જાણીને વાર્ધકી રત્નને આદેશ આપે છે. તે વાર્ધકીરત્ન શ્રી શત્રુંજયપર સુવર્ણનો ઊંચો પ્રાસાદ બનાવે છે. તે મંદિરની ચારે બાજુના દરવાજા એક કોશ ઊંચા હતા. દોઢ ગાઉના વિસ્તારવાલા અને એક હજાર ધનુષ્ય પહોળા હતા. એક દિશાના બારણે એકવીશ એકવીશ મંડપો હતા. એ રીતે ચારે દિશાના થઈને ચોર્યાસી મંડપવાળું દેરાસર બનાવ્યું. તે મંદિરમાં રત્નમય તોરણ અને મણિમય મૂર્તિ સ્થાપન કરી. બન્ને બાજુ પુંડરીક સ્વામીની મૂર્તિ શ્રી આદિનાથ પ્રભુની કાઉસ્સગ્ગિયા તથા નમિ - વિનમીની પણ બે મૂર્તિઓ મુકાવી. અને પછી મણિ, સુવર્ણ અને રૂપાના ત્રણ ગઢવાળું સમવસરણ બનાવ્યું. અને તેમાં ચારે દિશાએ ચાર પ્રકારના ધર્મને કહેતા ચઉમુખ પ્રભુ સ્થાપ્યા, પછી રાયણની જમણી બાજુ પ્રભુનાં પગલાં સ્થાપ્યાં, મંદિરમાં નાભિરાજા અને મરુદેવી માતાની મૂર્તિ કરાવી. અને હાથી ઉપર મરુદેવા માતા મુક્તિ પામ્યાં તેવી મૂર્તિ કરાવી. પછી સુનંદા સુમંગલા માતા, જગતપ્રસિદ્ધ બ્રાહ્મી અને સુંદરી તથા નવ્વાણું ભાઈઓની મણિમય મૂર્તિ બનાવીને તીરથમાળ પહેરી અને પ્રતિષ્ઠા કરાવી, ગોમુખ યક્ષ અને ચક્રેશ્વરી દેવીને તીર્થનાં રક્ષક તરીકે સ્થાપ્યાં. આ રીતે ભરતરાજાએ પ્રથમ ઉદ્ધાર કર્યો. ભરતરાજાના સમયમાં શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરનારા, કરાવનારા સંઘપતિઓ નવ્વાણું ક્રોડ - નેવ્યાશી લાખ અને ચોર્યાસી હજાર થયા હતા.

(૨) ભરતરાજાની પાટે આદિત્યયશા તેની પાટે મહાયશા, તેની પાટે અતિબલ, તેની પાટે બલભદ્ર, તેની પાટે બલવીર્ય, તેની પાટે કીર્તિવીર્ય, તેની પાટે જલવીર્ય અને આઠમી પાટે દંડવીર્ય નામે રાજા થયો. ભરતરાજા પછી પૂર્વ છ કોટી વર્ષે આઠમી પાટે દંડવીર્યરાજા થયો. તેણે શત્રુંજયનો બીજો ઉદ્ધાર કરાવ્યો. ઈન્દ્રે જેની પ્રશંસા કરી અને જેણે પોતાના પૂર્વજોનું નામ અજવાળ્યું.

(૩) એકસો સાગરોપમ ગયા પછી વિદેહમાં શ્રી તીર્થંકર પ્રભુ પાસે શ્રી સિદ્ધગિરિનો મહિમા સાંભળીને શ્રી શત્રુંજયનો ત્રીજો ઉદ્ધાર કર્યો.

(૪) એક કોડી સાગર ગયા પછી ચૈત્યો જીર્ણ થયેલાં જોઈને ચોથા દેવલોકના ઈન્દ્ર માહેન્દ્રે શ્રી શત્રુંજયનો ચોથો ઉદ્ધાર કર્યો.

(૫) ત્યાર પછી દશ કોડી સાગર ગયા પછી બ્રહ્મેન્દ્રે શ્રી શત્રુંજયનો પાંચમો ઉદ્ધાર કર્યો.

(૬) ત્યાર પછી એક ક્રોડ લાખ સાગરના આંતરે ભવનપતિના ઈન્દ્ર ચમરેન્દ્રે શ્રી શત્રુંજયનો છઠ્ઠો ઉદ્ધાર કર્યો.

(૭) પચાસ લાખ ક્રોડ સાગરોપમનો સમય શ્રી આદિનાથ ભગવાન અને અજિતનાથ ભગવાનના વચલા સમયના આંતરાનો છે. તે સમયમાં જે નાના નાના ઉદ્ધારો થયા તેનો તો કહેતાં પાર પણ નથી આવતો. શ્રી અજિતનાથ ભગવાનના કાકાનો છોકરો સગરનામે બીજો ચક્રવર્તી હતો. તેણે ઈન્દ્રના વચનથી પુત્રના મરણની ચિંતા છોડી દીધી. અને ભરતની જેમ સંઘવી થઈને શ્રી શત્રુંજયગિરિની યાત્રાએ ગયો, ભરતે બનાવેલા સુવર્ણના પ્રાસાદ અને મણિમય બિંબો જોઈને આનંદ પામ્યો. અને પૂર્વજોનું નામ સંભાર્યું. પછી અવસર્પિણીનો પડતો કાલ હોવાથી રખે કોઈ પ્રતિમા વગેરેનો વિનાશ કરે માટે પશ્ચિમ દિશામાં રહેલી સુવર્ણ ગુફામાં તે રત્નબિંબો ભંડારી દીધાં, અને ફરીથી રૂપાનાં મંદિરો કરાવીને સુવર્ણનાં બિંબો સ્થાપીને શ્રી શત્રુંજયનો સાતમો ઉદ્ધાર કરાવ્યો.

સગર ચક્રવર્તીના સમયમાં પચાસ કોડી – પંચાણું લાખ અને પંચોતેર હજાર આટલા રાજાઓ શ્રી શત્રુંજયની યાત્રા કરનારા અને કરાવનારા સંઘપતિ થયા હતા.

(૮) શ્રી અભિનંદન સ્વામીના ઉપદેશથી વ્યંતરેન્દ્રે શ્રી શત્રુંજયનો મનોહર એવો આઠમો ઉદ્ધાર કર્યો.

(૯) શ્રી ચંદ્રપ્રભ સ્વામીના સમયમાં ચંદ્રશેખર રાજાના પુત્ર શ્રી ચંદ્રયશાએ ઘણા આદર અને મનના આનંદ પૂર્વક શ્રી શત્રુંજય તીર્થનો નવમો ઉદ્ધાર કર્યો.

(૧૦) શ્રી શાંતિનાથ પ્રભુના પુત્ર શ્રી ચક્રાયુધ (ચક્રધર) રાજાએ શ્રી શત્રુંજયતીર્થનો દશમો ઉદ્ધાર કર્યો.

(૧૧) શ્રી મુનિસુવ્રત સ્વામીના સમયમાં દશરથરાજાના પુત્ર શ્રી રાજા રામે શ્રી શત્રુંજયતીર્થનો અગિયારમો ઉદ્ધાર કરાવ્યો. તેમાં શ્રી શાંતિનાથ પ્રભુનું મનોહર મંદિર બનાવરાવ્યું.

(૧૨) શ્રી નેમિનાથ ભગવાનના સમયમાં પાંચ પાંડવોએ શ્રી શત્રુંજય તીર્થનો બારમો ઉદ્ધાર કરાવ્યો. તેમાં તેઓએ ઉત્તમ જાતિનાં કાષ્ઠ એટલે લાકડાંનું મંદિર બનાવરાવ્યું હતું. અને લેપ્યમય પ્રતિમા બનાવી હતી. પાંચ – પાંડવો અને વીર ભગવાનના વચલા સમયનું આંતરું ચોરાશી હજાર વર્ષનું હતું. અને વીરભગવાનથી વિક્રમરાજા ચારસોને સિત્તેર વર્ષે થયો હતો.

(૧૩) વિક્રમ રાજા પછી – ૧૦૮ – વર્ષે જાવડશા શેઠ થયા. અને તેમણે શ્રી શત્રુંજયનો તેરમો ઉદ્ધાર કરીને શ્રી આદિનાથ પ્રભુને સ્થાપન કર્યા, પાંચ પાંડવો અને જાવડશાના વચલા સમયમાં પચાસ ક્રોડ – પંચાણું લાખ – પંચોત્તેર હજાર રાજાઓ સંઘવી બનીને શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી અને સાધર્મિકોને કરાવી.

(૧૪) વિક્રમ સંવત – ૧૨૧૩ – માં બાહડ મંત્રીએ શ્રી શત્રુંજયનો ચૌદમો ઉદ્ધાર કરાવ્યો. શ્રી આદિનાથ ભગવંતની નવી મૂર્તિ ભરાવીને સ્થાપન કરી.

(૧૫) વિક્રમ સંવત – ૧૩૭૧ માં ઓસવાલ વંશના શણગાર ભૂત એવા સમરાશાહે શ્રી શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર કરાવ્યો.

જાવડશા અને સમરાશાના ઉદ્ધારની વચલા સમયમાં ત્રણ લાખને ચોર્યાશી હજાર સમકિતથી શોભતા એવા શ્રાવકો સંઘપતિ થયા. ૫ સત્તર હજાર ભાવસારો શ્રી શત્રુંજયના સંઘપતિ થયા. ૫ સોલ હજાર ક્ષત્રિયો શ્રી શત્રુંજયની યાત્રાના સંઘના સંઘપતિ થયા. ૫ પંદર હજાર બ્રાહ્મણો ઉદારતાથી સંઘ કાઢીને સંઘપતિ બન્યા. ૫ બાર હજાર કણબી પટેલ સંઘપતિ બન્યા. ૫ નવ હજાર લેઉઆ પટેલ પણ સંઘપતિ બન્યા હતા. ૫ પાંચ હજારને પિસ્તાલીશ આટલા કંસારાઓએ શ્રી શત્રુંજયનો સંઘ કાઢી લાભ લીધો હતો. આટલા જીવોએ જિનેશ્વર ભગવાનના ધર્મને વિષે આદર–પ્રેમ હોવાથી સંઘો કાઢ્યા હતા. ૫ સાત હજાર – મહેતરે એટલે હરિજનોએ સંઘો કાઢ્યા હતા. અને તેઓએ અહીં આવીને તલાટીની યાત્રા કરી પાછા ફર્યા હતા બીજાઓની સંખ્યાને હું જાણતો નથી. પુસ્તકોમાં વાંચ્યું તે લખ્યું છે. હું તો બહુશ્રુતના વચનને માનું છું. તમે પણ એ વચનને સાચું માનજો.

ભરતરાજા અને સમરાશાના વચલા સમયમાં જે સંઘવીઓ થયા. તે તો અસંખ્યાતા છે તેની સંપૂર્ણ વિગત તો કેવલી ભગવંત જ જાણે. છદ્મસ્થો તો કેવી રીતે જાણી શકે ? સમરાશાહે વધુમાં ધર્મનાં કાર્યોમાં નવલાખ કેદીઓનાં બંધનો કપાવ્યાં હતાં. અને તેઓને નવલાખ સુવર્ણટંક આપ્યા.

(૧૬) વિક્રમ સંવત – ૧૫૮૭ – માં કરમાશાહે બાદશાહનું બહુમાન મેળવીને શ્રી શત્રુંજયનો સોલમો ઉદ્ધાર કરીને ઉદ્ધાર કરાવવાનો જશ લીધો ને પુણ્ય મેળવ્યું.

(૧૭) એ પ્રમાણે આ ચોવીશીમાં વિમલવાહન રાજા શ્રી શત્રુંજયનો છેલ્લો ઉદ્ધાર (સત્તરમો ઉદ્ધાર) દુપ્પસહ ગુરુના ઉપદેશથી કરાવશે. આ રીતે જે પુણ્યવંત આત્મા તીર્થ ઉદ્ધારનું મોટું કાર્ય – લક્ષ્મી મેળવીને કરશે. તેના ઘણા ભવો સફલ થશે.

આ ઉદ્ધારોની ગણતરીમાં જે નાના ઉદ્ધારો થયા તેની ગણના સંખ્યાની દૃષ્ટિએ થઇ નથી. મોટા ઉદ્ધારોજ ગણતરીમાં લેવાયા છે. જેમ જમણવારમાં " લાડવાનું જમણ " શું તે જમણવારમાં દાળ–ભાત–ભજિયાં નહોતાં ? હતાં. પણ જમણમાં મુખ્યવસ્તુ ગણતરીમાં લઈને બોલાય તે રીતે ઉદ્ધારોમાં જાણવું.

આ રીતે ઉદ્ધારોની ગણતરીમાં જુદા જુદા ગ્રંથોના આધારે ઉદ્ધારોની નોંધ લીધી છે. જે ભાવિ આત્માઓને વાંચવાથી આનંદ થશે.



શ્રી શત્રુંજય તીર્થમાં દરેક વસ્તુનાં નામો પાડવાનાં – વિવિધ – કારણો

(નગર – દરવાજા – રસ્તા – પાગ – ટૂક – વિસામા – કુંડો ને – જિનમંદિરો)

પાદલિપ્તપુર – પાલિતાણાનગર : આકાશગામિની વિદ્યાના સ્વામી અને લેપના પ્રભાવે રોજ પાંચ તીર્થની યાત્રા કરનાર પૂ. આચાર્ય મહારાજશ્રી પાદલિપ્તસૂરિ નામના આચાર્ય ભગવંતના નામને આશ્રીને તેમની પાસેથી મંત્ર ને તંત્રના શાસ્ત્રની વિદ્યાને પામેલા તેમના વિદ્યા શિષ્ય નાગાર્જુને પોતાના ગુરુની સ્મૃતિમાં આ ગામની સ્થાપના કરી હતી. તેથી તેનું નામ પાદલિપ્તપુર પાડવામાં આવ્યું હતું. પાછળથી લોકોએ બોલતાં બોલતાં ગુજરાતી ભાષામાં અપભ્રંશ કરીને પાલિતાણા એવું નામ પાડી દીધું.

તલાટી રોડ :– શ્રી શત્રુંજય તીર્થની તળેટીમાં જવા માટેનો જે રસ્તો છે તેનું નામ તલાટીરોડ કહેવામાં આવે છે. તે રોડ પુલથી શરુ કરીને તળેટીના પગથિયા સુધી કહેવાય છે.

આગમ મંદિર :– પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્ય દેવશ્રી આનંદસાગરસૂરિજી મહારાજે.

" વિષમકાલ જિનબિંબ જિનાગમ – ભવિયણ કું આધારા " આ કડીને સહુ પ્રથમ વખત એક સાથે સચિત્ર દેહ આપી સુગંધમાં સોનું ભેળવી દીધું છે. અને આ જમાનાની એક અદભુત કહી શકાય એવી નવીનતા સર્જી છે. તેથી તેનું નામ આગમોનું મંદિર આગમમંદિર પાડવામાં આવ્યું તેમાં ૪૫ આગમને આશ્રીને ચૌમુખ પ્રભુઓ સાથે ની દેરીઓ અને ભીતપર આરસની શિલાઓમાં – ૪૫ – આગમો કોતરાવીને લગાડવામાં આવ્યા છે. તેનાં દર્શન – વંદનને પૂજન કરીને આગળ ચાલતાં જયતલાટી આવે છે.

જયતલાટી :– ભાવિક આત્માઓને જયાંથી ઉપર ચઢવા માટેનાં પગથિયાંની શરુઆત થાય છે. અને જયાં પાંચમાંથી પહેલું ચૈત્યવંદન સાથિયો વગેરે કરાય છે. અને જયાંથી ચઢવાની શરુઆત કરતાં ભક્તજનોના હૃદય અને મુખમાંથી આપોઆપ જય શબ્દ નીકળી પડે છે કે " બોલો આદીશ્વર ભગવાનની જે (જય)." જયાં આગળ આ જય શબ્દ બોલાય છે. તે સ્થલને જય તલાટી કહેવાય છે. અહીંથી જ યાત્રાની શરૂઆત થાય છે.

એક જમાનામાં આ પાગને (ચઢવાના રસ્તાને) " મનમોહન પાગ " એમ કહેવાતું હશે. પાછળથી ભૂલી જવાયું.

ફ્ર શ્રી શત્રુંજય તીર્થનાં –૧૦૮– ખમાસમણના–૩૮–મા દુહામાં આનો ઉલ્લેખ મળે. અને બીજી બાજુની પાગો પ્રસિદ્ધ જ છે. તેથી આ પાગને મનમોહન પાગ માનવી જોઈએ.

ક્ર (પાલિતાણું પુર ભલું - સરોવર સુંદર પાલ ;

તે તીર્થેશ્વર પ્રાગમિયે, જાયે સકલ જંજાલ. -૩૭-

મનમોહન પાગે ચઢે - પગ પગ કર્મ ખપાયે

તે તીર્થેશ્વર પ્રાગમિયે, ગુણ ગુણીભાવ લખાય. - ૩૮ -)

ખોનાનું દેરાસર :- જય તલાટીમાં ચૈત્યવંદન કરી આગળ ચઢતાં ડાબા હાથે બાબુના દેરાસરમાં જતાં સહુ પ્રથમ કચ્છના રહેવાસી શ્રી ગોવિંદજી જેવત ખોનાએ સંપૂર્ણ આરસમાં બનાવેલ નાનું છતાં દેવવિમાન જેવું રમણીય જિનમંદિર આવે છે. તેનાં દર્શન કરો. દેરાસર બંધાવનાર પુણ્યાત્માની ખોના અટક હતી માટે તેને ખોનાનું દેરાસર એમ કહેવાય છે.

ધનવસહી બાબુનું દેરાસર :- કલકત્તાવાળા બાબુ લોકોએ આ દેરાસર બંધાવ્યું હતું. તેથી તેનું એક નામ બાબુનું દેરાસર થયું. અને ધનપતસિંહ બાબુએ આ બંધાવેલું હોવાથી તેનું બીજું નામ ધનવસહિ કહેવાય છે.

૧૦૮ - સમવસરણ - તીર્થ દર્શન મંદિર:- જેનાં ત્રણ નામ છે. ભગવાનના સમવસરણના ત્રણ ગઢ - ચાર દરવાજા - ચૌમુખ પ્રભુ - બાર પર્ષદાઓ - અશોકવૃક્ષ - વગેરેની વિવિધ અને મનોહર રચનાઓ હોવાથી તેનું પહેલું નામ સમવસરણ મંદિર કહેવાય. આ મંદિરમાં ૧૦૮ - પ્રચલિત તીર્થોનાં મંદિરોના ભગવાનની મૂર્તિ અને તેનો ટૂંક ઇતિહાસ એવી સરસ રીતે આરસના પટમાં લેમિનેશન કરાવેલ છે કે જાણે આપણે સાક્ષાત તે તીર્થમાં ઊભા રહીને જ દર્શન કરતાં હોઈએ તેવો આનંદ ને ભાવ પ્રગટ થાય છે. માટે બીજું નામ - **૧૦૮ - તીર્થદર્શન મંદિર,** આ મંદિરમાં નીચે ભોંયતળિયે વચમાં અષ્ટાપદની રચનામાં ચોવીશ તીર્થંકર ભગવંતો બિરાજમાન કર્યા છે અનેતેની સામેજ ગોળાકારમાં નયનરમ્ય - મનોહર દેરીઓમાં ૧૦૮ - પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિઓ પધરાવવામાં આવી છે માટે ત્રીજું નામ **૧૦૮ - પાર્શ્વનાથ મંદિર** પણ કહી શકાય છે.

બહારથી જોતાં સમવસરણ દેખાય છે, અંદર જઈને જોતાં અષ્ટાપદની રચનામાં દેખાય ૨૪ - પ્રભુ. અને ફરીને જોતાં દેરીઓમાં ૧૦૮ - પાર્શ્વનાથ દેખાય છે. ત્યારે બહારની ભમતીમાં આવીને જોતાં ૧૦૮ - તીર્થોના રમણીય પટો દેખાય છે.

જાણે આ મંદિર અવનવીનતાનો ખજાનોજ જોઇ લો. આ નૂતન અદભુત રચનાવાલા શ્રી સમવસરણ મંદિરના પ્રાણદાતા ને પ્રેરક. સૂરિ સમ્રાટના સમુદાયના નેમિ-વિજ્ઞાન કસ્તૂરસૂરિજીના શિષ્યો બાંધવ બેલડી પૂ. આ. મ. શ્રી વિજય ચંદ્રોદયસૂરિજી. મ. તથા પ.પૂ. આ. મ. શ્રી વિજયઅશોક ચંદ્રસૂરિજી. મ. છે જીવનમાં એકવાર જરુર આ મંદિરનાં દર્શન કરજો .

પછી ઉપર ચઢતાં ધોળી પરબ – ભરત રાજાનાં પગલાંની દેરી અને ઇચ્છા કુંડ આવે છે. તે કુંડ સુરતવાલા ઇચ્છાચંદ શેઠે બંધાવેલ હોવાથી તેનું નામ **ઇચ્છાકુંડ** પડ્યું. પછી – લીલી પરબ આવે અને **કુમારકુંડ** આવે. કુમારપાલ રાજાએ આ કુંડ બંધાવેલો તેથી તેનું નામ **કુમારકુંડ** પાડવામાં આવ્યું. પછી ઉપર ચઢતાં હિંગળાજ માતાનો હડો જેને કહીએ છીએ તે આવે છે. આ હડાનું ચઢાણ જરા વધુ કપરું છે. એટલે લોકોએ તેને આનંદથી લઈને ચઢાણને સહેલું કર્યું. તેથી તેઓ બોલે છે કે :–

આવ્યો હિંગળાજનો હડો, કેડે હાથ દઈને ચઢો.

ભર્યો પુણ્યનો પડો, ફૂટ્યો પાપનો ઘડો.

આ હડો ખરેખર તો અંબા માતાને નામે જ છે. પણ હિંગુલ યક્ષની અંત સમયની માંગણીથી અંબિકા દેવી હિંગળાજના નામે પ્રસિદ્ધ થયાં. એટલે તેને હિંગળાજનો હડો કહેવાય છે અહીં સુધી આવીએ ત્યારે ચઢાણનો અર્ધોભાગ થઈ જાય છે. ત્યાંથી આગળ ચાલતાં ને ચઢતાં **પદ્માવતીની ટૂક** આવે છે. જેનું બીજું નામ **શ્રી પૂજની ટૂક** એમ કહેવાય. કારણ કે આની પ્રતિષ્ઠા કરાવનાર સાધુ – શ્રી પૂજ્ય (ગોરજી) હતા માટે.

ત્યાંથી દર્શન કરતાં અને આગળ ચાલતાં છેલ્લે નવટૂક અને દાદાની ટૂકમાં જવાના બે રસ્તા પાસે એક બાજુ પર શ્રી રામભક્ત હનુમાનની દેરી આવે છે. તેથી તેનું નામ – હનુમાન દ્વાર પડ્યું. પણ ખરેખર તેનું નામ હનુમાન ધાર હોવું જોઈએ. કારણ કે જે સમયે મોતીશા શેઠ ની ટૂક બંધાઈ નહોતી. કુંતાસરની ખાઈ પુરાઇ નહોતી. તે વખતે દાદાની ટૂકમાં જવા માટે રામપોળના દરવાજા વાળો રસ્તો જ ન હતો. નવટૂકમાંથી જ જવું પડતું હતું. તેથી અહીં ખીણ હોવાના કારણે પર્વતની ધાર હતી તેથી આ સ્થાનનું નામ **હનુમાન ધાર** એવું ચોકકસ બેસે છે.

૨ – **છીપાવસહી :–** આ નાની ટૂક ભાવસાર ભાઈઓએ વિ. સં – ૧૯૭૧ – માં બંધાવી હતી. મૂલનાયક શ્રી આદીશ્વર પ્રભુ છે. ટૂકમાં ૬ – મંદિરો છે. તેમાં જે બે ચમત્કારી દેરીઓ તરીકે પ્રસિદ્ધ છે તે બન્ને દેરીઓ સામે સામે હતી. એકની સ્તુતિ કરતાં બીજાને પૂંઠ પડતાં આશાતના થાય તેથી શ્રી નંદીષેણ સૂરીશ્વરે – કલ્યાણમંદિર અને ભક્તામર સ્તોત્રની જેમજ ભક્તિ ભરેલા હૈયાંથી અજિત શાંતિનું સ્તવન બનાવ્યું અને બોલ્યા. તેના પ્રભાવે બન્ને દેરીઓ જોડે જોડે થઈ ગઇ.

આ ભાવસાર ભાઈઓને છીપાઓનો ધંધો હતો તેથી તેનું નામ છીપાવસહી પાડવામાં આવ્યું.

૩ – **સાકરવસહી :–** આ ટૂક અમદાવાદના શેઠશ્રી સાકરચંદ પ્રેમચંદે વિ. સં.. – ૧૯૮૩ – માં બંધાવી હતી. તેમાં મૂળનાયક શ્રી ચિંતામણિ પ્રાર્શ્વનાથ પ્રભુ છે. આ મૂર્તિ ખૂબ જ મનોહર છે. તે મૂર્તિ પંચધાતુની છે. અને આ ટૂકમાં પાંચ પાંડવોનું મંદિર પણ છે. સાકરચંદ શેઠે બંધાવેલ હોવાથી તેનું નામ સાકરવસી – સાકરવસહી પડ્યું.

૪ – **નંદીશ્વર દ્વીપ – ઊજમફઈની ટૂક :–** અમદાવાદના નગર શેઠ પ્રેમાભાઇના ફઈ ઊજમ ફઈએ

આ ટૂક વિ. સં. – ૧૮૯૩ – માં બંધાવી હતી. આ ટૂકમાં નંદીશ્વરદ્વીપમાં આવેલાં બાવનજિનાલયોની રચના કરવામાં આવી છે તેથી આનાં બે નામો છે. નંદીશ્વર દ્વીપની ટૂક અથવા ઊજમ ફઈની ટૂક.

૫ – **હેમાવસહી :–** અમદાવાદના નગરશેઠ શ્રી હેમાભાઈએ આ ટૂક– વિ. સં. –૧૮૮૨ – માં બંધાવીને –૧૮૮૬ – માં તેની પ્રતિષ્ઠા કરી હતી. તેમાં મૂળનાયક શ્રી અજિતનાથ પ્રભુ છે તેમાં બીજાં પાંચ મંદિરો પણ છે. હેમાભાઈ શેઠે આ ટૂક બંધાવેલ હોવાથી તેનું નામ હેમવસી – હેમાવસહી પડ્યું.

૬ – **પ્રેમવસી – મોદીની ટૂક :–** અમદાવાદના વેપારી મોદી પ્રેમચંદભાઈ લવજીએ આ ટૂક વિ. સં – ૧૮૩૭ – માં બંધાવી હતી. આ ટૂકમાં મૂળનાયક શ્રી આદિનાથ પ્રભુ છે. તેની સામે સહસ્ત્રફણા પાર્શ્વનાથ પ્રભુનું મંદિર છે. તે મંદિરમાં અત્યંત કારીગરીવાળા વખાણવા લાયક સાસુ–વહુના બે ગોખલા છે આ ટૂકનાં બે નામ છે. એક નામ પ્રેમવસી અને બીજું નામ મોદીની ટૂક. કારણ કે તેમની અટક મોદી હતી માટે. આ મંદિરમાંથી બહાર નીકળી થોડાક પગથિયાં ઊતર્યા બાદ પહાડના પથ્થરમાં કોતરેલી – શ્રી આદિનાથ દાદાની –૧૮ – ફૂટ ઊંચી પ્રતિમાજી છે જેને લોકો અદબદજી દાદાના નામે ઓળખે છે જેનું ખરું નામ અદભુત આદિનાથ છે. વિ. સં. – ૧૬૮૬ – માં ધર્મદાસ શેઠે બનાવીને પ્રતિષ્ઠા કરી હતી. તે પ્રભુની વર્ષમાં એકવાર પૂજા–પ્રક્ષાલ ને આંગી થાય છે.

૭ – **બાલાવસી** – હાલ મુંબઈમાં પ્રસિદ્ધ જે ગોડીજીનું દેરાસર છે. જેનો હમણાં જ જીર્ણોદ્ધાર ને પ્રતિષ્ઠા થઈ છે. તેને બંધાવનાર ઘોઘા નિવાસી શ્રી દીપચંદભાઈએ આ ટૂક. વિ. સં. – ૧૮૯૩ – માં બંધાવી હતી. આ ટૂકમાં મૂળનાયક શ્રી આદિનાથ પ્રભુ છે. તેના માળ ઉપર ચૌમુખજી પ્રતિમા છે. આ દીપચંદભાઈનું હુલામણું નામ બાલાભાઈ હતું. તેથી આ ટૂકનું નામ બાલાવસી અથવા બાલાભાઈની ટૂક એમ બોલાવા લાગ્યું.

૮ – **મોતીવસી – મોતીશાની ટૂક :–** આ ટૂક ને બાંધવાની શુભ શરુઆત મોતીશાહ શેઠે કરી હતી. પણ ટૂક બંધાઈને તૈયાર થતાં પ્રતિષ્ઠા પહેલાં તેમનો સ્વર્ગવાસ થયો. તેથી તેમના પુત્ર શ્રી ખીમચંદ ભાઈએ. વિ. સં. – ૧૮૯૩ – માં તેની ભવ્ય રીતે પ્રતિષ્ઠા કરી. આ મંદિરનો દેખાવ નલિની ગુલ્મ વિમાન જેવો છે આ ટૂકમાંથી દર્શન કરીને દાદાની ટૂકમાં જવાય છે. આ મોતીશા શેઠની ટૂક બંધાઈ નહોતી ત્યારે અહીં મોટી કુંતાસરની ખીણ હતી. તે ખીણ પૂરીને આના પર આ ટૂક બાંધવામાં આવી. મોતીશાહ શેઠે આ ટૂક બંધાવેલી હોવાથી તેનું નામ મોતીશા શેઠની ટૂક એવું પડ્યું.

આ રીતે આપણે નવટૂકમાં દર્શન – પૂજા કરતાં છેલ્લે મોતીશા શેઠની ટૂકમાં થઈ દાદાની ટૂકમાં સગાળપોળ સુધી આવીએ અને હનુમાનધાર આગળથી આગલા રસ્તે ચાલી રામપોળ પાસે આવીએ.

આમ યાત્રામાં દાદાની પાસે જવા માટે પાંચ દરવાજા ઓળંગવા પડે પછી દાદાનાં દર્શન થાય. કુંતારની ખાઈ પૂરીને જ્યારે મોતીશાની ટૂક બંધાઈ અને આ માર્ગ નવો બન્યો ત્યારે તે વખતે મોતીશા શેઠના માણસોમાં એક મુખ્ય માણસ હતો. તેનું નામ રામજી હતું. તેથી તેની યાદગીરીમાં આ દરવાજાનું નામ **રામપોળ** પડ્યું. પછી આવે **સગાળ**

પોળ. તેનું નામ કેવી રીતે પડ્યું તેનો ખુલાસો મળ્યો નથી. પછી આવે **વાઘણપોળ.** જાત્રાળુઓને હેરાન કરનાર વાઘણને વીર વિક્રમશી નામના વણિકપુત્રે અહી મારીને મરતાં મરતાં ઘંટ વગાડીને જાત્રા ખુલ્લી કરી હતી. તેથી તેની યાદગીરીમાં આ પોળ – દરવાજાનું નામ **વાઘણ પોળ** પડ્યું. આજે પણ આ દરવાજા પાસે તે બન્નેની પથ્થરની મૂર્તિઓ છે. ત્યાંથી આગળ ચાલતાં શાંતિનાથ પ્રભુનાં દર્શન કરી આગળ જતાં હાથી પોળ આવે છે. હાથીપોળમાં બન્ને બાજુ હાથીઓની મૂર્તિ હતી. તેથી તેનું નામ **હાથીપોળ** પાડવામાં આવ્યું છે. ત્યાર પછી છેલ્લી અને પાંચમી પોળ આવે રતનપોળ. જે પોળની અંદર રત્ન જેવી કીમતી એવી પ્રભુની પ્રતિમાઓ શોભી રહી છે. માટે તેનું નામ **રતનપોળ** પડ્યું. આ પાંચેય પોળના દરવાજા પેઢીએ જીર્ણોદ્ધારમાં નવા બનાવ્યા છે.

તેની અંદર જઈને શ્રી શત્રુંજયના રાજા દેવાધિદેવ શ્રી આદીશ્વર પ્રભુનાં દર્શન કરીને મનુષ્ય જન્મને સફળ કરીએ. પછી ત્રણ પ્રદક્ષિણા ફરતાં રાયણ પગલાં આવશે. તે પગલાંના સ્થાને શ્રી આદીશ્વર ભગવંત ઘેટીની પાગેથી ચઢીને પૂર્વ નવ્વાણુંવાર ઉપર પધાર્યા હતા. અને અહી રાયણના વૃક્ષ નીચે બિરાજતા હતા. તેથી તેનું નામ રાયણ પગલાં પડ્યું.આ રીતે પ્રદક્ષિણા ફરતાં નવા આદીશ્વરનું દેરાસર આવે છે. એક સમયે કોઈપણ કારણસર શ્રી આદીશ્વર પ્રભુની મૂર્તિની નાસિકા ખંડિત થઈ હતી. તેથી સકલસંઘે ભેગા થઈને નવી મૂર્તિ પધરાવવાનો વિચાર કર્યો. અને તેવી મૂર્તિ શોધતાં સુરતના જિનમંદિરમાં પ્રાપ્ત થઈ. તેને અહી સંઘ કાઢીને લાવ્યા. પણ આ જૂની પ્રતિમા ચલાયમાન ન થતાં તે જૂની મૂર્તિ કાયમ રહી. અને તેમની નાસિકા લેપ દ્વારા પાછી બનાવવામાં આવી. હવે લાવેલા આ પ્રભુને આ દેરાસરમાં જગ્યા કરીને પધરાવવામાં આવ્યા. તેથી તેમનું નામ **નવા આદીશ્વર** એવું પાડવામાં આવ્યું.

હાથી પોળમાંથી બહાર નીકળી આપણા જમણા હાથના નાના રસ્તે પગથિયાં ઊતરતાં જેની સાથે કૂકડે અને ચંદરાજાની વાર્તા સંકળાયેલી છે. તે સૂરજ કુંડ આવે છે. તે સૂરજ કુંડનું પાણી અત્યંત પવિત્ર અને ચમત્કારી તરીકે શાસ્ત્ર ગ્રંથોમાં વર્ણવ્યું છે. શ્રી આદીશ્વર પ્રભુના સમયમાં એક વખત સૂર્યના ઇન્દ્ર મહારાજા સદેહે પ્રભુને વંદન કરવા માટે પધાર્યા હતા. અને વિમાન દ્વારા અહી ઊતર્યા હતા. તેથી આ કુંડનું નામ **સૂરજકુંડ** પડ્યું.

ઘેટી ગામ તરફથી ગિરિરાજ ઉપર ચઢવાનો જે રસ્તો તેને **ઘેટીપાગ** કહેવાય છે. અત્યારે જે આતપર – આતપુર ગામ છે તે પહેલાં નહોતું. એજ રીતે જે બાજુથી ગિરિરાજ ઉપર જવાય અને જે ગામ હોય તે ગામના નામની પાગ કહેવાય છે.



નવે ટૂકોની ટૂંક નોંધ

(નરશી કેશવજીની ટૂક)

(આ નવેટૂકોનું લખાણ સકલચંદ્ર લેખિત શ્રી જય શત્રુંજય નામના પુસ્તકમાંથી લીધેલ છે.)

ચૌમુખજીની ટૂકમાં પ્રવેશતાં જમણી બાજુએ શેઠ નરશી કેશવજીની પહેલી ટૂક આવે છે. આ ટૂકની પ્રતિષ્ઠા સંવત – ૧૯૨૧ – માં થઈ હતી. મૂળનાયક પ્રભુ શ્રી અભિનંદન સ્વામી બિરાજે છે. ભમતીની મનોહારી રચના આંખને ઠારે છે.

શ્રી અભિનંદન સ્વામીના આ મંદિરમાં યક્ષ – યક્ષિણીઓની મૂર્તિઓ સુંદર છે. અને ઉપરના ભાગમાં ત્રણ ચૌમુખજી બિરાજે છે. આ ટૂક અને ચૌમુખજીની ટૂકને જોડની રચનાને " ખરતરવ સી " કહેવામાં આવે છે.

ખરતર વસહીની રચના

આ ખરતર વસહીમાં શ્રી શાંતિનાથ પ્રભુનું દેરાસર ઘણુંજ પ્રાચીન છે. શ્રી સંપ્રતિરાજાએ આ દેરાસર બંધાવ્યું છે એમ કહેવાય છે. બીજું નાનકડું મરુદેવી માતાનું મંદિર છે. તે પણ ઘણું જ જૂનું છે.

આ સિવાય ખરતરવસહીમાં શ્રી ચંદ્રપ્રભુનું દેરાસર શેઠશ્રી નરશી કેશવજીએ બંધાવેલું છે. આ દેરાસરમાં શેઠ શેઠાણીની મૂર્તિ છે. શ્રી ધર્મનાથ ભગવાનનું મંદિર શેઠ દેવશી પુનશી સામંતે બંધાવેલું છે. આ દેરાસરમાં ઉપરના ભાગમાં ચોવીશ તીર્થંકરોની મૂર્તિ છે. અને મધ્યમાં ચૌમુખજી પ્રભુ બિરાજે છે. આ સિવાય પણ ભગવાન શ્રી કુંથુનાથ – ભગવાન શ્રી અજિતનાથ – ભગવાન શ્રી ચંદ્રપ્રભ સ્વામી વગેરેનાં મંદિરો આવેલાં છે. સંવત–૧૯૯૩–માં મુર્શિદાબાદવાળા બાબુ હરખચંદજી ગુલેચ્છાએ બંધાવેલું શ્રી સુમતિનાથ પ્રભુનું મંદિર છે.

શ્રી શાંતિનાથ – શ્રી મરુદેવા માતા – શ્રી ચંદ્રપ્રભુ – શ્રી ધર્મનાથ પ્રભુ – શ્રી કુંથુનાથ સ્વામી – શ્રી અજિતનાથ

પ્રભુ – શ્રી ચંદ્રપ્રભુ – શ્રી આદીશ્વર પ્રભુ – શ્રી ચૌમુખજી – શ્રી સુમતિનાથ – શ્રી સંભવનાથ અને શ્રી ઋષભદેવ પ્રભુ – એમ કુલ – ૧૨ – જિનમંદિરો ખરતરવસહીમાં છે



ચૌમુખજીની ટૂક – સવા સોમાની ટૂક

પર્વતરાજ શ્રી શત્રુંજય તીર્થ ઉપરની આ ઊંચામાં ઊંચી ટૂક છે. આ ટૂકમાં મૂળનાયક પ્રભુ શ્રી આદિનાથની ચૌમુખ પ્રતિમા બિરાજે છે. ચૌમુખજીની મોટી ટૂકના બે વિભાગો છે. બહારના વિભાગને " ખરતરવસહી " તરીકે ઓળખવામાં આવે છે. અને અંદરના વિભાગને ચૌમુખજીની ટૂક અથવા સવા સોમાની ટૂક કહેવાય છે.

વિક્રમ સંવત – ૧૬૫૭ – માં આ ટૂકની રચના થઈ હતી. કલાકોતરણીની દૃષ્ટિએ પણ મનોહર લાગતી આ ટૂકમાં ૬૨ × ૫૭ – ફૂટનો ભવ્ય પ્રાસાદ છે. ને તેનું શિખર – ૯૭ – ફૂટ ઊંચું છે.

મંદિરની ફરસમાં લીલા – શ્વેત અને ભૂરા રંગના સુંદર આરસના કટકાઓ જડેલા છે. ગભારામાં – ૨– ફૂટ ઊંચા અને – ૧૨ – ફૂટ લાંબાને પહોળા સફેદ આરસના પવાસન પર – ૧૦ – ફૂટ – ઊંચી શ્રી આદિનાથ દાદાની ચાર મંગલકારી મૂર્તિઓ સોહે છે.

મુખ્ય મંદિરના રંગ મંડપમાં – ૧૨ – સ્તંભો ઉપર – ૨૪ – દેવીઓનાં મનોહર મંગલકારી ચિત્રો છે. દેવીઓને વાહન સહિત કળામય રીતે ક્રોતરવામાં આવેલ છે. ગભારાની પાસેના એક ગોખલામાં પદ્માવતી દેવીની નાનકડી પણ મનોહર મૂર્તિ બિરાજમાન છે.

વિ. સં. ૧૬૫૭ – માં આ ટૂકની રચના થઈ હતી ત્યારે તેની પાછળ ૪૮ – લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. યાત્રિકોને આ ખર્ચનો અંદાજ જાણીને આશ્ચર્ય થશે કે આ ટૂકની રચના પાછળ પથ્થર વગેરેને ઊંચકવા માટે જે દોરડાં વપરાયાં હતાં તેનો ખર્ચ – ૮૪ – હજાર રૂપિયા થયો હતો.

કુલ – ૧૨૦૦, જેટલી આરસની પ્રતિમાઓ અને જિનબિંબો ધરાવતી આ ટૂકના અધિષ્ઠાતા મૂળનાયક શ્રી આદિનાથ પ્રભુજી છે. ચૌમુખજીની આ ટૂકને સવા સોમાની ટૂક પણ કહેવામાં આવે છે. તેના માટેની જે રસિક વાર્તા બોલાય છે. તે પાછળ આપેલ છે.

ચૌમુખજીની આ ટૂકની પાછળ પાંડવોનું મંદિર – સહસ્ર કૂટમંદિર અને –૧૭૦ – જિનેશ્વર – અને ચૌદરાજ લોકનો પટ આરસમાં કોતરેલો છે. પાંડવોના આ મંદિરમાં પાસેના એક ગોખલામાં કુંતામાતાની મૂર્તિ છે. અને સામેના ગોખમાં દ્રૌપદીજી બિરાજમાન છે.

પાછળના ભાગમાં બીજી એક દેરી આવેલી છે. આ દેરીમાં સહસ્રકૂટનાં – ૧૦૨૪ – પ્રતિમાઓ પાષાણમાં કોતરેલાં છે. અને ભીતને અડકીને આરસમાં પુરુષાકારે ચૌદરાજલોકનું ચિત્ર બનાવેલ છે. બીજી બાજુ સમવસરણ અને સિદ્ધચક્રની રચના છે.

આ ટૂકમાં આવેલાં દેરાસરજીઓમાં શ્રી આદિનાથ પ્રભુ અને પુંડરીક સ્વામીનું દેરાસર શેઠશ્રી સવા સોમાના નામથી બંધાવી સંવત – ૧૬૭૫ – માં પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે. શ્રી શાંતિનાથ પ્રભુનું મંદિર શેઠ સુંદરદાસ રતનજીએ બંધાવેલ છે. શ્રી પાર્શ્વપ્રભુનું મંદિર અમદાવાદવાળા કરમચંદ હીરાચંદે સં – ૧૭૮૪ માં બંધાવેલ હતું.

આ ટૂકમાંઆવેલું શ્રી મરુદેવી માતાનું મંદિર ઘણું જ જૂનું છે. આ સવા સોમાની ટૂકમાં જે જે દેરાસરો છે. તેનાં નામો. (૧) શ્રી આદિનાથ પ્રભુ (૨) શ્રી પુંડરીક સ્વામી (૩) શ્રી શાંતિનાથ પ્રભુ, (૪) શ્રી શાંતિનાથનું બીજું મંદિર (૫) શ્રી પાર્શ્વનાથ પ્રભુ (૬) શ્રી સીમંધર સ્વામી. (૭) શ્રી અજિતનાથ પ્રભુ (૮) શ્રી આદિનાથનું બીજું., (૯) શ્રી શાંતિનાથનું ત્રીજું મદિર, (૧૦) શ્રી પાર્શ્વનાથનું, (૧૧) રાયણ પગલાંઅને ગણધર પગલાંનું. એમ કુલ – ૧૧ – મંદિરો છે.

છીપાવસીની ટૂક

વિક્રમ સંવત – ૧૭૯૧ – માં ભાવસાર ભાઈઓએ ભેગા મલીને આ ટૂક બંધાવેલ હતી.

ગિરિરાજપર આવેલી અન્ય ટૂકોની રચનાની સરખામણીમાં આ ટૂક પ્રમાણમાં નાની છે. આ ટૂકમાં કુલ – 3 – દેરાસર અને ૨૧ – દેરીઓ છે. આરસની કુલ – ૫૨ – પ્રતિમાજીઓ બિરાજમાન છે. નાનકડી આ ટૂકમાં ગભારાની કોતરણી – રચના કલાની દૃષ્ટિએ જોવા લાયક છે. મૂળનાયક તરીકે શ્રી ઋષભદેવ પ્રભુ બિરાજે છે. આ છીપાવસીની ટૂકમાં યાત્રાળુઓનું ધ્યાન ખેંચતી બે ચમત્કારિક દેરીઓ આવેલી છે. આ દેરીઓ માટે એમ કહેવાય છે કે અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઈના કોઈ ઊજમબાઈએ આ ટૂક બનાવેલ હોવાથી તેનું નામ ઊજમ કોઈની ટૂક એ પ્રમાણે પ્રસિદ્ધ થયું છે.

આ ટૂકમાં નંદીશ્વર દ્વીપમાં આવેલાં બાવન જિનાલયોની રચના કરવામાં આવી છે. અને ચારે બાજુ પથ્થરની જાળી બનાવી તેમાં રંગબેરંગી કાચના ટુકડાઓને જડીને ભવ્યતા ખડી કરવામાં આવી છે. આ ટૂકમાં –૨૭૨–આરસની પ્રતિમાજીઓ અને ધાતુની ૪ – પ્રતિમાઓ છે.

શ્રી કુંથુનાથ અને શ્રી શાંતિનાથ એમ બે જિનમંદિરો છે. નંદીશ્વરદ્વીપની રચનાવાળું દેરાસર શેઠાણી ઊજમબાઈએ સંવત – ૧૮૯૩ – બંધાવેલ હતું. જ્યારે કુંથુનાથ પ્રભુનું દેરાસર સંવત – ૧૮૯૩ – માં ડાહ્યાભાઇ શેઠે બંધાવ્યું હતું. અને શ્રી શાંતિનાથ પ્રભુનું દેરાસર પરસન બહેને બંધાવ્યું હતું. આ મંદિરમાં પોતાની ગોત્ર દેવીની મૂર્તિ છે આ ટૂકમાં – નંદીશ્વરદ્વીપ – શ્રી કુંથુનાથ અને શ્રી શાંતિનાથ એમ ત્રણ જિનમંદિરો છે.

હેમાવસહીની ટૂક

મોગલ સમ્રાટ અકબર બાદશાહના ઝવેરી અમદાવાદના નગરશેઠ શાંતિદાસ શેઠના પ્રપૌત્ર (પુત્રના પૌત્ર) શ્રી હેમાભાઈએ વિ. સં ૧૮૮૬ – માં આ ટૂકની રચના કરેલ છે. તેઓના નામે પ્રસિદ્ધ આ ટૂકને હેમવસહી – હેમાવસહી કહેવામાં આવે છે. આ ટૂકના મંદિરોમાં આરસની –૩૨૦– પ્રતિમાઓ અને ધાતુની –૮– પ્રતિમાઓ બિરાજે છે. ત્રણ શિખરવાળા મુખ્ય મંદિરમાં મૂળનાયક શ્રી અજિતનાથ પ્રભુ બિરાજે છે.

આ મુખ્યમંદિર સંવત – ૧૮૮૨ – માં શેઠ હેમાભાઈએ બંધાવ્યું હતું. તેની પ્રતિષ્ઠા આચાર્યશ્રી શાંતિસાગરસૂરિના વરદ હસ્તે સં – ૧૮૮૬ – માં થઈ હતી. અને આ ટૂકમાં જે ચૌમુખજીનું મંદિર છે તે શેઠ શ્રી સાકરચંદ પ્રેમચંદે સં – ૧૮૮૮ – માં બંધાવ્યું હતું. હેમાવસહીમાં (૧) શ્રી અજિતનાથ પ્રભુ – (૨) પુંડરીક સ્વામી. પહેલાં એક સમયે આ બન્ને દેરીઓ સામે સામે હતી. ચૈત્યવંદન કરતાં ચૈત્યવંદન કરનારની પૂંઠ ગમે તે એક દેરીને થાય તેથી નંદિષેણ નામના આચાર્ય મહારાજે હૃદયના સાચા ને શુદ્ધ ભાવથી તેવી રીતે અજિત શાંતિનું સ્તવન બનાવીને બોલ્યા કે જેના પ્રબલ પ્રતાપે બન્ને દેરીઓ જોડે જોડે બની ગઇ. જેમ ભક્તામર સ્તોત્ર બનાવીને બોલતાં માનતુંગસૂરિજી મહારાજની –૪૪–બેડીઓ તૂટી હતી તેમ.

છીપાવસહીમાં આવેલાં દેરાસરોનાં નામો. (૧) શ્રી ઋષભદેવનું મંદિર. (૨) શ્રી શ્રેયાંસનાથનું મંદિર – (૩) શ્રી નેમિનાથનું મંદિર, આ મંદિર હરખચંદ શિવચંદે સંવત – ૧૭૯૪ – માં બંધાવેલ હતું.

સાકરવસહીની ટૂક

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના મુખ્યમંદિરવાળી આ ટૂકની રચના અમદાવાદના ધર્માનુરાગી શેઠ સાકરચંદ પ્રેમચંદે વિ. સં – ૧૯૮૩ – માં કરાવી હતી. ચાર મુખ્ય દેરાસરો અને – ૨૧ – દેરીઓથી મંડિત સુશોભિત આ ટૂકમાં આરસની –૧૭૨– પ્રતિમાજીઓ અને ધાતુની –૫– પ્રતિમાઓ બિરાજમાન છે.

આ ટૂકમાં આવેલ શ્રી પાર્શ્વનાથજીના મુખ્ય મંદિરમાં પંચ ધાતુના મનોહર મૂર્તિવાળા ચિંતામણિ પાર્શ્વનાથ બિરાજે છે. એમની બાજુએ સ્ફટિક રત્નના સાથિયા છે. પદ્મ પ્રભુજીનાં બે મંદિરો છે. શેઠ લલ્લુભાઇ જમનાદાસે સંવત – ૧૯૯૩ – માં એક દેરાસર બંધાવ્યું હતું. અને બીજું મંદિર શેઠ મગનલાલ કરમચંદે એ જ વર્ષમાં બંધાવ્યું હતું.

સાકરવસહીની ટૂકમાં (૧) ચિંતામણિ પાર્શ્વનાથ નું (૨) પદ્મ પ્રભુનું (૩) અને બીજું એક પદ્મપ્રભુનું એમ કુલ –૩– મંદિરો છે.

ઊજમ ફઈની ટૂક

વિક્રમ સંવત – ૧૯૯૩ – માં આ ટૂકની રચના થઇ હતી. શ્રી શત્રુંજય પર નાનામાં નાની આ ટૂકમાં નંદીશ્વર દ્વીપની રચના (૩–૪) ચૌમુખજીનાં બે મંદિર એમ કુલ ચાર જિન મંદિરો છે.

પ્રેમવસહીની ટૂક

વિ. સંવત – ૧૮૩૭ – માં આ ટૂકની રચના અમદાવાદના શ્રીમંત વેપારી મોદી પ્રેમચંદ લવજીએ કરાવી હતી. આ ટૂકમાં મૂળનાયક તરીકે શ્રી આદીશ્વર દાદા બિરાજે છે. ને તેમની સામે જ પુંડરીક સ્વામીનું મંદિર છે.

પ્રેમવસહીની ટૂકમાં – ૧૪૫૨ – ગણધરનાં પગલાં છે. મુખ્ય મંદિરની જમણી અને ડાબી આ બે બાજુ જે મંદિરો છે તેમાં શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ બિરાજે છે. આબુજી ઉપર જેમ દેરાણી જેઠાણીના બે ગોખલા જાણીતા છે. તે જ રીતે આ ટૂકમાં સાસુ–વહુની બે રચનાઓ જાણીતી છે.

પ્રેમવસહીની આ ટૂકમાં – મુખ્ય – ૭ – દેરાસરજી છે, ઉપરાંત ૫૧ – દેરીઓ – ૧૪૫૨ – ગણધરનાં પગલાં છે. આ સાત દેરાસરોમાં સહસ્ત્રફણા પાર્શ્વનાથ પ્રભુનાં બે મંદિરો, સુરતવાળા શેઠશ્રી રતનચંદ ઝવેરચંદ અને પ્રેમચંદ ઝવેરચંદે બંધાવેલાં છે. શ્રી અજિતનાથ પ્રભુનું મંદિર પાલનપુરવાલા મોદીએ બંધાવેલું છે. અને બીજાં બે શ્રી ચંદ્ર પ્રભુજીનાં દેરાસરો મહુધાના નીમા શ્રાવકો અને રાધનપુરવાળા શેઠશ્રી લાલચંદભાઈએ બંધાવેલ છે આ ટૂકમાં નીચે એક કુંડ આવેલો છે. અને આ કુંડનાં પગથિયાં પાસે ટૂકને બનાવનાર મોદી કુટુંબની કુળદેવી ખોડિયાર દેવીની મૂર્તિ છે.

આ પ્રેમવસહીની ટૂકમાં (૧) શ્રી ઋષભદેવ પ્રભુ – (૨) પુંડરીક સ્વામી (૩–૪) શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ (૫) શ્રી અજિતનાથ (૬–૭) શ્રી ચંદ્રપ્રભુનું મંદિર એમ કુલ સાત મંદિરો છે.

અદબદ દાદા

પ્રેમવસહીની ટૂકથી નીચે ઊતરતાં પહાડમાંથી કોતરી કાઢેલી –૧૮– ફૂટ ઊંચી અને – ૧૪॥ ફૂટ પહોળી " અદભુત દાદા " અદબદ દાદા અથવા આદિનાથ દાદાની મૂર્તિ આવેલી છે.

બહારની બાજુએ એક નાનકડી દેરી છે. જેમાં અદબદ દાદાનાં બહેન માણેક બહેન બેઠાં છે. સ્નના હારમાં બહેનને બે મોતી ઓછાં પડ્યાં, તેથી તેઓ રિસાઇ ગયાં, આવા ભાવોને પ્રગટ કરતી માણેક બહેનની મૂર્તિ ખૂબજ મનોહારી છે.

યાત્રિકો અદબદ દાદા પાસે આવે છે. અને બોલે છે કે દાદા ગોળ ખાશો કે ઘી ? ને એના પડઘા મંદિરમાં ઊઠે છે. જાણે દાદા પહાડને ગજવે છે. નાનાં બાળકો અદબદ દાદા પાસે આવીને આવી મોટી મૂર્તિને જુએ છે એટલે આનંદમાં આવી જાય છે. આ પ્રતિમાની પ્રતિષ્ઠા (સ્થાપના) વિ. સં – ૧૬૮૬ – માં શેઠશ્રી ધરમદાસે કરાવી હતી. દાદાની પૂજાવર્ષમાં એક વખત થાય છે. અને ત્યારે પૂજા માટે નિસરણી મૂકવી પડે છે.

બાલાવસહીની ટૂક

ઘોઘા બંદરના રહીશ શેઠશ્રી દીપચંદ કલ્યાણજીએ વિ. સં - ૧૯૯૩ માં આ ટૂકની રચના કરાવી હતી. શેઠશ્રી દીપચંદભાઇ " બાલાભાઇ " ના હુલામણા નામે પ્રસિદ્ધ હતા. એટલે આ ટૂકને " બાલાવસહી " અથવા બાલાભાઇની ટૂક કહેવાય છે. આ ટૂકમાં - ૧૪૫ - આરસની પ્રતિમાઓ અને ૧૩૨ - ધાતુની પ્રતિમાઓ છે. મૂળનાયક શ્રી આદિનાથ પ્રભુજી છે.

મુખ્ય મંદિર ઉપરાંત બીજા પાંચ મંદિરો આ ટૂકમાં આવેલાં છે. દાદા આદિનાથજીનું મંદિર સં -૧૯૯૩-માં શેઠે પોતેજ બંધાવેલું છે. પ્રભુજીની મૂર્તિનું પરિકર ઘણું જ કળામય છે. બીજું પુંડરીક સ્વામીનું મંદિર પણ પોતેજ બંધાવેલું છે. ત્રીજું મંદિર ચૌમુખજીનું છે. આ મંદિર મુંબઇવાળા શેઠશ્રી ખુશાલચંદના ધર્મપત્ની ઊજમબાઇએ સં-૧૯૭૮ - માં બંધાવેલ છે.

વાસુપૂજ્ય સ્વામીનું મંદિર સં - ૧૯૧૬ - માં કપડવંજના રહીશ મીઠાભાઇ ગુલાબચંદે બંધાવ્યું છે. શ્રી અજિતનાથ પ્રભુનું મંદિર ઈલોરવાળા માનચંદ વીરચંદે બંધાવેલું છે. અને શાંતિનાથ પ્રભુનું મંદિર પુનાવાળા શાહ લક્ષ્મીચંદ હીરાચંદે બંધાવ્યું છે.

બાલાવસહીની ટૂકમાં (૧) શ્રી આદિનાથનું મંદિર. (૨) શ્રી પુંડરીક સ્વામીનું મદિર (૩) ચૌમુખજીનું મંદિર (૪) શ્રી વાસુ પૂજ્ય સ્વામીનું મંદિર (૫) શ્રી અજિતનાથનું મંદિર (૬) શ્રી શાંતિનાથનું મંદિર આ ૬ મંદિરો છે.

મોતીશાની ટૂક - મોતીવસહી

શ્રી શત્રુંજયપર બંધાયેલી ટૂકોમાં સૌથી મોટી ટૂક આ મોતીશા શેઠની છે. આ ટૂક આજે જ્યાં બાંધેલી છે ત્યાં પહેલાં એક કુંતાસર નામની મોટી ખીણ હતી. જેને જોતાં ચકકર આવી જાય આવી મોટી - લાંબી અને ઊંડી હતી.

મુંબઇના ધનાઢ્ય વેપારી શેઠ મોતીશાહને એક નિમિત્તથી શ્રી શત્રુંજયપર ટૂક બાંધવાની ઇચ્છા હતી. પણ

ગિરિરાજ પર ટૂક બાંધવા માટેની જગ્યા જોઈએ તેવી જડની ન હતી. ત્યારે તેઓને આ કુંતાસર નામની ખીણ પૂરીને એના ઉપર ટૂક બાંધવાનો વિચાર આવ્યો. વળી આ રીતે જો ખાઈ પૂરીને ટૂક બાંધવામાં આવે તો યાત્રિકોને જે ફરી ફરીને દાદાના દરબારમાં જવું પડતું હતું તે પણ સીધું થઈ જાય. પરંતુ બે પહાડો વચ્ચેની ખીણને પૂરવાનું કામ સહેલું ન હતું. ત્યાં તો લાખો અને કરોડોની વાત થાય. અને ખીણ પુરાયા પછીજ ટૂક બંધાય. છેવટે સાહસિક અને ધર્મની ધગશવાળા શેઠે ખીણને પૂરવાનો વિચાર નક્કી કર્યો. અને લાખોના ખર્ચે પુરાવી. અને તેના પર ટૂકની રચના કરાવી.

૧૬– મોટાં મંદિરો અને ૧૨૩ – દેરીઓથી મંડિત આંખોને ઠારતી ને હૃદયને ઉજજવળ બનાવતી આ ટૂકનો ખર્ચ લાખો અને કરોડોના હિસાબે થયો હતો. (આજની ગણતરીએ તો આંકડા પણ ન મૂકી શકાય) એમ કહેવાય છે કે આ ટૂક બનાવતાં જે દોરડાઓ વપરાયાં હતાં, તેનો જ ખર્ચ લાખોના હિસાબે થયો હતો.

ભવ્ય રંગમંડપ અને વિશાળ પટાંગણમાં બનેલી " મોતીવસહીની " પાછળ શેઠ મોતીશાનો ઉત્સાહ, ધર્મ ભાવના, ધર્મપ્રત્યેની ઊંડી શ્રદ્ધા અને વિશાળ દૃષ્ટિ જણાઈ આવે છે.

મોતીશાની ટૂકના મુખ્ય દેરાસરોમાં મૂળનાયક પ્રભુશ્રી આદિનાથ દાદા બિરાજે છે. આ મંદિરની પ્રતિષ્ઠા વિ. સં. – ૧૮૯૩ માં મહાવદ બીજના દિવસે શેઠ મોતીશાહના પુત્ર શ્રી ખીમચંદભાઈના હસ્તે થઈ.

મોતીશાની આ ટૂકમાં – ૨૭૨૨ – આરસની પ્રતિમાઓ છે. ૧૪૩ – ધાતુની પ્રતિમાઓ અને –૧૪૫૭ – પગલાંની જોડ યાત્રિકોને જોવા મલે છે.

અલૌકિકતાને સાકાર કરતી – નલિની ગુલ્મ વિમાનના આકાર જેવી આ ટૂકની રચના પૂરી કરતાં – ૭ વર્ષ લાગ્યાં હતાં, ૧૧૦૦, સલાટો તથા – ૩ – હજાર મજૂરોએ રાત દિવસ કામ કર્યું હતું,

પરંતુ વિધિની ભવિષ્યતા કંઈક જુદીજ વાત કરી રહી હતી. પ્રાણ પ્રતિષ્ઠા પહેલાં શેઠ બીમાર પડ્યા. અને તેમાંથી તેઓ નજ બચી શક્યા. જે કામ તેઓએ આર્ધ્યું હતું, તે કામ તેમના પુત્ર શ્રી ખીમચંદભાઈ એ પૂર્ણ કર્યું, સવા લાખ માણસોનો સંઘ લઈને ખીમચંદ ભાઈ પાલિતાણા પધાર્યા તે વખતે તેમના સંઘમાં–૫૨–સંઘપતિઓ હતા,

અઢાર દિવસ સુધી આખું પાલિતાણા શહેર ધુમાડા બંધ જમ્યું હતું. એમ કહેવાય છે કે એ સમયે રોજના હિસાબે રસોડાનો ખર્ચ ચાલીશ હજારનો આવતો હતો. સં. ૧૮૯૩–માં દાદાની પ્રાણ પ્રતિષ્ઠા થઈ. શ્રી શત્રુંજયતીર્થપરની હજારો પ્રતિમાજીઓમાં આ ટૂકની દરેક પ્રતિમાજી શિલ્પ–સ્થાપત્યની દૃષ્ટિએ સર્વોત્તમ લેખાય છે.

દાદાનાં દર્શન કરતી શેઠ મોતીશા અને તેમનાં ધર્મપત્નીની મૂર્તિ તથા તેમના માતુશ્રીની મૂર્તિપણ દેરાસરમાં પધરાવેલ છે. મુખ્ય દેરાસરજી સાથે જે–૧૬– દેરાસરો છે તે દેરાસરો શેઠ મોતીશાના મિત્રો–સગાંઓ અને સ્નેહીઓએ બંધાવેલાં છે મોતીશાની ટૂકમાં જે મંદિરો છે તેની નોંધ :–

(૧) અમદાવાદવાળા શેઠશ્રી હઠીસીંગ કેશરીસિંહે શ્રી ધર્મનાથ પ્રભુનું દેરાસર બંધાવ્યું છે. (૨) શેઠશ્રી અમીચંદ દમાણીએ શ્રી ધર્મનાથ પ્રભુનું દેરાસર બંધાવ્યું છે તે. તેઓ શેઠના દીવાન કહેવાતા હતા, તે દેરાસરના ગભારામાં ભીંતે રત્નના બે સાથિયા લગાવેલા છે. (૩) શેઠશ્રી પ્રતાપમલ જોયતાનું બંધાવેલું ચૌમુખજી મંદિર છે. તેઓ શેઠના મામા થતા હતા. (૪) બીજું ચૌમુખજીનું મંદિર ઘોલેરાવાળા શેઠશ્રી વીરચંદ ભાઈચંદે બંધાવેલ છે. (૫) શ્રી ઋષભદેવ પ્રભુનું મંદિર ઘોઘાના શેઠશ્રી પારેખ કીકાભાઇ ફૂલચંદે બંધાવેલ છે. (૬) ત્રીજું ચૌમુખજીનું મંદિર માંગરોલવાળા-નાનજી ચીનાઈએ બંધાવેલ છે. (૭) શ્રી આદીશ્વર પ્રભુનું મંદિર અમદાવાદવાળા ગલાલભાઈનું બંધાવેલ છે. (૮) શ્રી પદ્મ પ્રભુનું દેરાસર પાટણવાલા શેઠશ્રી પ્રેમચંદ રણજીભાઈએ બંધાવેલ છે. (૯) શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર સુરતવાળા શેઠશ્રી તારાચંદ નથ્થુભાઇનું બંધાવેલ છે. (૧૦) શ્રી ગણધર પગલાંનું દેરાસર સુરતવાલા શેઠશ્રી ખુશાલચંદ તારાચંદનું બંધાવેલ છે. (૧૧) શ્રી સહસ્રકૂટનું દેરાસર મુંબઈવાલા શાહ જેઠાલાલ નવલશાહનું બંધાવેલ છે. (૧૨) શ્રી સંભવનાથ ભગવાનનું દેરાસર શેઠશ્રી કરમચંદ પ્રેમચંદે બંધાવેલ છે. (૧૩) શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું દેરાસર ખંભાતવાલા પારેખ સ્વરૂપચંદ હેમચંદનું બંધાવેલ છે. (૧૪) શ્રી મહાવીર સ્વામીનું દેરાસર પાટણવાલા જેચંદભાઇ પારેખનું બંધાવેલ છે.

દાદાનો દરબાર

મોતીશા શેઠની ટૂકમાંથી બહાર નીકલ્યા પછી જાત્રાળુઓ જેના માટે અનિમેષ નયને રાહ જોઈ રહ્યા હોય છે તે દાદાનો દરબાર હવે શરુ થાય છે. શ્રી શત્રુંજયના અધિષ્ઠાતા-દેવાધિદેવ શ્રી આદિનાથ દાદા આ ટૂકમાં બિરાજે છે.

આ દાદાની ટૂકના બે ભાગ છે. તેના પ્રથમ ભાગને " વિમલવસહી " કહેવાય છે. અને બીજા ભાગને હાથીપોળ કહેવાય છે.

વિમલવસહીમાં પેસતાંજ ડાબી બાજુએ શ્રી શાંતિનાથ પ્રભુનું દેરાસર છે. જેમાં આપણે બીજું ચૈત્યવંદન કરીએ છીએ. આ મંદિર દમાણવાલા શેઠ હીરાચંદ રાયકરણે બંધાવેલું છે. તેની બાજુમાં નીચેના ભાગમાં શ્રી શત્રુંજય તીર્થની અધિષ્ઠાત્રી દેવી ચક્રેસરીની દેરી છે.

સં – ૧૫૮૭– માં શેઠશ્રી કરમાશાએ માતાની સ્થાપના અને પ્રતિષ્ઠા કરાવી હતી. બહારના ભાગમાં પદ્માવતી – નિર્વાણી – સરસ્વતી અને લક્ષ્મી દેવીની મૂર્તિઓ આવેલી છે. બાજુની દેરીમાં વાઘેશ્વરી અને પદ્માવતીની સુંદર

મૂર્તિઓ છે.

વિમલવસહીના ડાબીબાજુનાં મંદિરોની નામાવલી

(૧) શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર, (૨) ચક્રેસરી માતાનું મંદિર, (૩) ભુલભુલામણીનું મંદિર, (૪) શ્રી વિમલનાથ પ્રભુનું મંદિર, (૫) શ્રી અજિતનાથ પ્રભુનું મંદિર, (૬) શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથનું મંદિર , (૭) શ્રી આરસનું મંદિર, (૮) શ્રી ધર્મનાથનું મંદિર (૯) શ્રી ચંદ્રપ્રભુનું દેરાસર, (૧૦) શ્રી પાર્શ્વનાથનું મંદિર (૧૧) શ્રી જગતશેઠનું મંદિર, આ મંદિરમાં મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાન છે. (૧૨) શ્રી શાંતિનાથ પ્રભુનું મંદિર, (૧૩) શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથનું મંદિર, (૧૪) શ્રી કુમારપાળનું મંદિર – શ્રી ઋષભદેવનું મંદિર,

વિમલવસહીના જમણી બાજુના મંદિરોની યાદી

(૧) શ્રી પંચતીર્થી મંદિર, (૨) શ્રી પુંડરીક સ્વામીનું મંદિર, (૩) શ્રી પદ્મપ્રભુનું મંદિર, (૪) શ્રી ક્વડયક્ષ મંદિર, (૫) શ્રી મહાવીર સ્વામીનું મંદિર, (૬) શ્રી અમીજરા પાર્શ્વનાથનું મંદિર, (૭) શ્રી ચંદ્રપ્રભુનું મંદિર, (૮) શ્રી સંભવનાથનું મંદિર, (૯) શ્રી સંભવનાથનું મંદિર, (૧૦) શ્રી પાર્શ્વનાથનું મંદિર, આ મંદિર નાનકડું છે પરંતુ ખાસ જોવા લાયક છે. કારણ કે આ મંદિરમાં બે કળામય હાથીઓ શોભે છે. તથા બહારની ભીતે એક બાજુ આરસમાં અષ્ટાપદજીની સુંદર કારીગરીથી બનાવેલો પટ છે. અને બીજુ બાજુ નંદીશ્વર દ્વીપની અનુપમ રચના છે. (૧૧) શ્રી ચંદ્રપ્રભુજીનું મંદિર, (૧૨) શ્રી સંભવનાથનું મંદિર, (૧૩) શ્રી અજિતનાથનું મંદિર, (૧૪) શ્રી પાર્શ્વનાથનું મંદિર, (૧૫) શ્રી આદિનાથ પ્રભુનું મંદિર, (૧૬) શ્રી ધર્મનાથનું મંદિર , (૧૭) શ્રી મહાવીર સ્વામીનું મંદિર, (૧૮) શ્રી શતસ્તંભ મંદિર, શ્રી ચૌમુખજીના આ મંદિરમાં ૧૦૦ સ્તંભો છે. તેથી શતસ્તંભનું મંદિર કહેવાય છે. (૧૯) શ્રી પદ્મ પ્રભુનું મંદિર, (૨૦) શ્રી ધનેશ્વર સૂરિનું મંદિર, (૨૧) શ્રી શ્રેયાંસનાથનું મંદિર , (૨૨–૨૩) શ્રી સંભવનાથનાં બે મંદિરો, (૨૪) શ્રી ઋષભદેવનું મંદિર, (૨૫) શ્રી દિગંબરી મંદિર,

દાદાના દરબારમાં ચારે બાજુ મળીને –૧૯૭૨ – દેરીઓ આવેલી છે. ૨૯૧૩ – આરસની પ્રતિમાઓ–૧૩૧– ધાતુની પ્રતિમાઓ અને –૧૫૦૦, પગલાંની જોડ આવેલી છે.

વિમલ વસહીનાં દેરાસરો – સ્તંભ– દીવાલ – ઘુમ્મટની કોતરણી શિલ્પકલાના અનુપમ નમૂનાઓ પૂરા પાડે છે. હાથીપોળમાં દાખલ થતાં જ સામે મધ્યભાગમાં દાદાના મુખ્ય મંદિરનાં દર્શન થાય છે.

દાદાના દેરાસરની વિશાલતાને અદભુતતા

o આ દેરાસર મૂલ જમીનથી બાવન હાથ ઊંચું પર્વતની જેમ શોભે છે. તે મંદિરની ઊંચાઈ પાછલથી અથવા બાજુથી દેખાશે.

o આ દેરાસરના આગળના શિખરમાં ૧૨૪૫ – કુંભના મંગલ ચિહનો સહુનું મંગલ કરવાની સાક્ષી પૂરે છે.

o આ દેરાસરમાં સિંહના–૨૧– વિજય ચિહનો શોભી રહ્યાં છે. જે ચિહનો તમને સંસારમાં વિજય કરવા માટે મૂક પ્રેરણા આપે છે.

o આ દેરાસરમાં ચારે દિશામાં ચાર યોગિની અને દશદિકપાલો આપણું રક્ષણ કરવા માટે તૈયાર ઊભાં છે.

o આ મંદિરની ચારે તરફ દેવકુલિકાઓ – દેરીઓ છે.

o ચાર ગવાક્ષો – બત્રીશ તોરણો – અને બત્રીશ પૂતળીઓથી મંદિરની શોભા ખૂબજ રમણીય લાગે છે.

o વળી આ મંદિરમાં આરસ પહાણના ૨૪– હાથીઓ ને ૭૨ – આધાર સ્તંભો શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યા છે.

o આ દેરાસરને જ્યારે બાહડમંત્રીએ બનાવેલું ત્યારે તેનું નામ " ત્રિભુવન પ્રાસાદ " હતું. પણ તે જીર્ણ થતાં ખંભાતના વતની તેજપાલ સોનીએ તેનો જીર્ણોદ્ધાર કરાવીને સંવત ૧૬૫૦ – માં બંધાવ્યું. ત્યારે તેનું " નંદિવર્ધન પ્રાસાદ" એવું નામ પાડેલું. અને સંઘના લોકોએ તેની ઉદારતા જોઈને તેને " કુંબેર ભંડારી " નું બિરુદ આપેલ હતું.

દાદાના દેરાસરની બાજુમાં જમણે ડાબે બે પડખે બે ભવ્ય જિનાલયો છે. જેમાંનું એક દેરાસર જમણી બાજુનું કહેવાતું શ્રી સીમંધર સ્વામીનું છે તે આ દેરાસર વસ્તુપાલ–તેજપાલે બંધાવેલું છે. તેમાં મૂળનાયક શ્રી આદિનાથ દાદા બિરાજમાન છે. ડાબી બાજુના દેરાસરજીમાં નવા આદીશ્વર પધરાવેલા છે. તેની કિવદંતી કંઈક આવી છે.

તેથી નવી મૂર્તિ તે સ્થાને બેસાડવા માટે લાવવામાં આવી. પણ જ્યારે કારીગરોએ દાદાની મૂર્તિને ઉત્થાપન કરવા ગયા ત્યારે ભયાનક અવાજો થયા. તેના કારણે શ્રી સંઘે નક્કી કર્યું કે દાદા અત્રેજ બિરાજમાન રહેવા માંગે છે. તેથી તેમના સ્થાને પધરાવવા માટે લાવેલી નવી મૂર્તિ બાજુના મંદિરમાં પધરાવવામાં આવી. ત્યારે તેમનું નામ નવા

ફ વર્ષો પહેલાં દાદાના દેરાસર પર વીજળી પડી હતી તે પડવાના કારણે દાદાની નાસિકા ખંડિત થઇ હતી.

આદીશ્વર એવું પાડવામાં આવ્યું. આ દેરાસર પણ વસ્તુપાલ તેજપાલે જ બંધાવેલ હતું.

દાદાની ટૂકમાં અને દરબારમાં પ્રવેશ કરનાર જાત્રાળુ એક પછી એક દેરાસર, એક પછી એક દેરી. પ્રભુપ્રતિમાઓ, ચરણ–પાદુકાઓ વગેરે જોતાં જોતાં અને પ્રદક્ષિણા દેતાં આશ્ચર્યચકિત બની જાય છે.

મંત્રીશ્વર વિમલશાહે બંધાવેલા મંદિરમાં નેમિનાથની ચોરી, બાજુના ધુમ્મટમાં નેમકુમારના જીવનનાં દૃશ્યો, નેમનાથનાં કલ્યાણકો, જન્મ–લગ્ન–વરઘોડો વગેરે વિવિધ દૃશ્યો આંખને ઠારે છે.

દાદાના દરબારમાં – અમીઝરા પાર્શ્વનાથનું મંદિર, ઉપરાંત સો – સ્થંભવાળું ચૌમુખજીનું મંદિર પણ જોવા લાયક છે. કલ્પવૃક્ષ–નંદીશ્વર–દ્વીપ–અષ્ટાપદજીનું મંદિર – મેરુ શિખર– સંમેત શિખર વગેરેની રચનાનાં મંદિરો પણ એટલાંજ ભવ્ય છે. દાદાના દરબારે પવિત્ર રાયણવૃક્ષ–દાદાનાં પગલાં, ગણધર પગલાં – નવી ટૂક – પાંચ ભાયાનું મંદિર, બાજસ્યિાનું તથા ગંધારિયાનું મંદિર, અને પુંડરીક સ્વામીનું મંદિર જોવા ને દર્શન કરવા લાયક છે, રાયણ પગલાંની ઉત્તરે આવેલી દેરીઓમાં બાહુબલી – નમિ વિનમિ – બ્રાહ્મી અને સુંદરીની મૂર્તિઓ છે.


મહારાજા સંપ્રતિ – મહારાજા કુમારપાળ – મંત્રીશ્વર વિમલ – વસ્તુપાળ તેજપાળ – મંત્રીશ્વર ઉદયનના પુત્ર બાહડ – તેમજ પેથડ શાહ – તેજપાલ સોની અને સમરાશાનાં મંદિરો દાદાના દરબારને શોભાવે છે.

અદભુત–અવર્ણનીય ને ભવ્ય એવી દાદાની પ્રતિમાને જોતાં જ ભાવિક યાત્રિકનું હૈયું આનંદથી નાચી ઊઠે છે. અને પછી પોતે બે હાથ જોડી – માથું નમાવીને હૈયાના ભાવથી સ્તુતિ કરે છે.

" શ્રી તીર્થરાજ વિમલાચલ નિત્યવંદો "

*** વીજળી પડી ને દાદાની નાસિકા જ ખંડિત થઇ એ વાત બંધ બેસતી નથી હરહંમેશ વીજળી સીધીજ પડે. માટે દાદાના મંદિરનું શિખર અને દાદાની પલાંઠીનો ભાગ ખંડિત થવો જ જોઇએ તે નથી થયું માટે નાસિકા ખંડિત થવાનું કારણ બીજું હોવું જોઇએ.**





આવશ્યક - સૂચનાઓ

શ્રી શત્રુંજયતીર્થની યાત્રાએ પધારનાર ભાવિક પુણ્યાત્માને પ્રેમે ભલામણ.
અહીં આવીને આટલું તો જરુર કરજો, તો જ તમારી યાત્રા સફલ બનશે.

૧ – યાત્રાએ આવનાર પુણ્યાત્માએ ધર્મશાલાથી તળેટી સુધી ખુલ્લાપગે ચાલતાંજ જવાનો આગ્રહ રાખવો જોઈએ.

૨ – ન છૂટકે ઘોડાગાડીમાં બેસવું જ પડે તો સમજીને ત્રણચાર જણાએ જ બેસવું. વધુ નહિ. તેમાં લોભ ન કરતાં, આ પણ એક જીવદયાનો પ્રકાર છે.

૩ – તળેટીમાં ચૈત્યવંદન અને સાથિયાની વિધિ જરુર કરજો.

૪ – રસ્તામાં જયણા–જીવદયાપૂર્વક જોઈને ચાલજો, જેથી જીવની વિરાધના ન થાય

૫ – ગિરિરાજ ઉપર ચઢતાં ખુલ્લા પગે જ ચઢવું સર્વોત્તમ ને શ્રેષ્ઠ છે. તે જો શક્ય ન હોય તો છેવટે કપડાં –કંતાન કે રબ્બરનાં સાધનોનો અનિચ્છાએ ઉપયોગ કરજો. પણ ચામડાનાં સાધનો તો ક્દાપિ નહિ.

૬ – ન છૂટકે ડોળી કરવી પડે તો તેના પૈસા–દૂધ–દહીના પૈસા ચાલવાનું આવે ત્યાં ઊતરવાનું છે કે નહિ તે બધું પહેલાં જ નક્કી કરીને તેના મોઢે બોલાવજો. પછી જ ડોળીમાં બેસજો, નહિતર જાત્રાનો આનંદ ઝૂંટવાઇ જશે.

૭ – રસ્તો ખુટાડવા માટે રેડિયો – ટેપ વગેરેને સાથમાં ન લેતાં. તેવાં સાધનો વાતાવરણને ખૂબજ દોષિત ને ઘોંઘાટવાળું કરે છે.

૮ – શ્રી ગિરિરાજના રસ્તે ચાલતાં કે પગથિયાં ચઢતાં મનમાં શ્રી નવકાર મંત્ર – શ્રી આદિનાથાયનમ: કે શ્રી સિદ્ધગિરિવરાયનમ: નો જાપ કરો, ધાર્મિક કથાઓ કહો – સ્તવનો કે ભજનો ગાઓ અને ગવડાવો.

૯ – શ્રી ગિરિરાજ ઉપર ચઢતાં સંસારસંબંધી કે વ્યાપાર સંબંધી વાતો ન કરતાં. અથવા ઠઠ્ઠા મશ્કરી પણ ન કરતાં.

૧૦ – આ આખોય ગિરિરાજ પરમ પવિત્ર છે. માટે તે ગિરિરાજઉપર ક્યાંય પણ ખાવું, થૂંકવું કે ઝાડે–પેશાબ કરવાં નહિ.

૧૧ – પાલિતાણામાં યાત્રાએ પધારીને રાત્રિભોજન – અભક્ષ્ય ભક્ષણ કે કંદમૂલ નજ ખાતાં, પુણ્ય કરતાં પહેલાં પાપથી જરુર બચો.

o અમારી ભલામણ અને તમારો સહકાર એ આપણા બધાંની શોભા છે.

લિ. શાસ્ત્રકાર ભગવંતોની આજ્ઞાથી શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢી – પાલિતાણા

આવશ્યક સૂચનાઓ વિવેચન ને સમજૂતી સાથે

જગતમાં દરેક સ્થલે ને દરેક કાર્યમાં આપણને સૂચનાઓ વગર ચાલતું જ નથી જુઓ મકાનમાં – બજારમાં – રસ્તાપર – પુલપર – ટ્રેનમાં – બસમાં – પ્લેનમાં – સ્કૂલમાં– બોર્ડિંગમાં – ભોજનશાલામાં – સ્નાનગૃહમાં – સંડાસ અને બાથરુમમાં એમ દરેક ઠેકાણે સૂચનાનાં બોર્ડો અવશ્ય મુકાયેલાં હોય છે. તો પછી આપણા આ પરમ પવિત્ર તીર્થમાં ભાવિક આત્માઓને આશાતનાથી બચવા માટે સૂચનાઓ કેમ ન જોઈએ ?

(૧) આપણા ગામથી સેંકડો માઈલની તકલીફવાળી મુસાફરી કરીને અહીં આવ્યા, પછી શું તમે યાત્રા કરવા માટે ગિરિરાજની સન્મુખ એક બે કિલોમીટર પણ નહિ ચાલી શકો ? શું તમારા હૈયામાં ગિરિરાજ માટે એટલો પણ ભાવ નથી ? પિકનિક પોઈન્ટ પર અથવા હરવા ફરવાના સ્થળપર જાઓ ત્યારે બે પાંચ કિલોમીટર નથી ચાલતાં ? માટે આટલું તો જરુર ચાલો જ (અનુભવ મેળવો) જુઓ ભાઈ ! કાયાની તકલીફ વગર ધર્મ નહિ થાય ને કર્મો નહિ ખપે ? તેથી જ તેને યાત્રા કહેવાય છે. યા–જે ત્રા– રક્ષણ કરે, જે ભવથી રક્ષણ કરે તે યાત્રા.

(૨) તમારે બસ સ્ટેન્ડ કે રેલ્વે સ્ટેશનથી ગામમાં કે ધર્મશાલામાં આવવા માટે અને ધર્મશાળાથી તળેટી સુધી જવા માટે જો ઘોડાગાડી વાપરવી જ પડે તો તેમાં બેસતાં પહેલાં ઘોડાગાડીવાલા સાથે ભાવ નક્કી કરીને જ બેસવું. અને તેમાં પણ સમજીને ત્રણચાર જણાએજ બેસવું, વધારે નહિ. તેમાં લોભ ન કરતાં કારણ કે વધારે માણસો બેસતાં તેનો બોજો ખેંચવા માટે ઘોડાને સોટી અને ચાબુકનો માર ખાવો પડે છે. તેમાં આપણે જ નિમિત્તભૂત બનીએ છીએ. તેથી ઘોડાને માર ખાવો ન પડે તે રીતે વર્તવું. કારણ કે આ પણ એક જીવદયાનો જ પ્રકાર છે. અરે ! કેટલાક પુણ્યાત્માઓ તો ઘોડાગાડીમાં બેસતાં પહેલાં ભાઈ ! ઘોડાને મારતો નહિ તે શરત કરીનેજ પછી બેસે છે. અને એક અત્યંત દયાળુ આત્માએ તો રૂ. ૫. ની નોટ આપીને તેના હાથનો ચાબુક જ લઇ લીધેલો.

(૩) તળેટીમાં પહોંચો અને જય તલાટીનો ઓટલો જુઓ એટલે તમારો મન મોરલો એકદમ નાચી ઊઠે. અને

સહજભાવે જીભ બોલી જ ઊઠે કે બોલો ! આદીશ્વર ભગવાનની જે, શ્રી શત્રુંજય તીર્થની જે આ તળેટીમાં પહોંચ્યા પછી જરુર ચૈત્યવંદન કરજો. ન આવડતું હોય તો ચોપડીનો સહારો લેજો, અથવા કોઈ કરતાં હોય તો તેના સથવારે કરજો.. છેવટે ત્રણ ખમાસમણાતો જરુર દેજો જ. કારણ કે આપણી શુદ્ધ પરંપરા પ્રમાણે તળેટીના પથ્થર પાસે પાંચમાંથી એક ચૈત્યવંદન કરવાનું હોય છે. તેમાં મૂર્તિ ન હોવા છતાં આ ચૈત્યવંદનની વિધિ થાય છે. તે એની પૂજ્યતાની સાક્ષી છે. આ ગિરિરાજ આપણા માટે પ્રભુજી જેટલો જ પૂજ્ય છે. છેવટે પુણ્ય પવિત્ર એવા ગિરિરાજને ચોખાથી વધાવીને ચઢવાની શુભ શરુઆત કરજો.

(૪) ગિરિરાજની યાત્રામાં પગલે પગલે જયણા પૂર્વક – જોઈને જ ચાલવાનું શાસ્ત્રકારોનું સ્પષ્ટ વિધાન છે. કારણ કે ધર્મના દરેક કાર્યમાં જીવદયા તો પ્રથમ જ પાલવાની છે. તેના વગર બધું જ નકામું છે. જીવદયાપૂર્વક ચાલતાં, સાથે સાથે આપણી પોતાની પણ બે રીતે દયા પળાય છે. ભાવથી આપણા આત્માને વિરાધનાનું પાપ ન લાગે. અને દ્રવ્યથી આપણને કાંટો – કાંકરો ન વાગે, પગ વાંકો ચૂકો ન પડે, પગ મોચવાઈ ન જાય કે પડવાથી પગ વગેરેમાં ફ્રેકચર ન થાય, કોઈ જમાના કરતાં અત્યારના સમયમાં આ તકેદારી રાખવી ખૂબજ જરુરી છે. કારણ કે અત્યારે હાડકાંઓમાં કેલ્શિયમ ઓછું થઇ ગયું છે.

(૫) ગિરિરાજનો પર્વત ચઢવા માટે " ખુલ્લા પગે " એ સર્વોત્તમ માર્ગ છે. પગના સાધન વગર નજ ચાલી શકાતું હોય તો કપડાં કે કંતાનથી બનેલાં મોજાં અથવા રબ્બર સાધનનો ઉપયોગ કરવો. પણ ચામડાનાં ચંપલ – બૂટ કે મોજડી તો નહિજ વાપરતાં, જગતમાં દરેક સ્થલમાં જવા માટેના સ્વતંત્ર નિયમો હોય છે.

સુવર્ણ મંદિર – મક્કા મદીના – જમશેદપુરનું કારખાનું – ઈલેકટ્રિક સ્ટેશનો – બાગ બગીચા વગેરે આવા આવા દરેક સ્થલમાં તેના સ્વતંત્ર નિયમો હોય છે. તેવા સ્થળમાં આપણે જ્યારે જોવા કે દર્શન કરવાં જઈએ ત્યારે તેના નિયમોનું ફરજિયાત પાલન કરવું જ પડે છે. તો પછી આપણા પરમ પવિત્ર તીર્થમાં નિયમો કેમ ન હોય ? અરે ! આવા નિયમોથી આપણે આનંદ પામવો જોઈએ ને ગૌરવ લેવું જોઈએ.

દુનિયાના દરેક સ્થલ કરતાં વિશેષ સ્વચ્છતા જોવા મલે છે. તે આવા નિયમોના આધારેજ સચવાય છે.

(૬) તબિયત અથવા બીજા કોઈ કારણસર ડોળી કરવાની હોય તો ડોળીવાળાની મજૂરીના અને દૂધ–દહીના પૈસા પહેલાં નક્કી કરજો. સીધું ચાલવાનું આવે તો ઊતરવાનું છે કે નહિ ? તે નક્કી કરીને તેના મોઢે બોલાવજો. નહિતર ઉપર ચઢતાં બોલાચાલી કે ઝઘડો થતાં મનમાં ક્લેશ થઈ જાય અને પછી જાત્રાનો આનંદ ઝૂંટવાઈ જાય. માટે દરેક વાત પહેલાં નક્કી કરવી. આપણને આનંદ થાય તો નીચે ઊતરીને બક્ષિસ આપવાની કોણ ના પાડે છે ?

(૭) કેટલાંક યુવાન ભાઈ બહેનો સાચા વિચારોના અભાવે ગિરિરાજઉપર ચઢતાં રસ્તો કાપવા માટે રેડિયો–ટેપ વગેરે સાધનો સાથે રાખીને વગાડતાં વગાડતાં ચઢે છે. આ રીત કોઈ પણ હિસાબે બરોબર નથી. આવાં સાધનો કદાચ તમને બેત્રણ કે પાંચ જણાનેજ આનંદ આપશે. પણ બીજાની શાંતિ તો જતી જ રહેશે. આવા થતા ઘોંઘાટમાં સામેનો માણસ નવકાર કે પ્રભુનું સ્મરણ શું કરી શકે ? તમે પણ એકવાર મન–વચન ને શરીરથી શાંત અને એકલા પડો. પછીજ

નવા સારા વિચારો આવશે. ધોંઘાટ ગયા વગર શાંતિ ક્યાંથી આવશે ?

(૮) ગિરિરાજના રસ્તે ચાલતાં કે પગથિયાં ચઢતાં તમારા તન–મન અને વચનને પવિત્ર રાખવા માટે મનમાં સતત નવકારમંત્ર કે આદિનાથાય નમઃ શ્રી સિદ્ધગિરિવરાય નમઃ આનો જાપ કરો. તે ન ફાવે તો ધાર્મિક સ્તવનો–ભજનો ગાવ અને ગવડાવો. અથવા નવકાર મંત્રની ધૂન ૐ નમો અરિહંતાણં સહુ સાથે મલીને ગાઓ.

(૯) શ્રી ગિરિરાજ ઉપર ચઢતાં સંસાર સંબંધી કે વ્યાપાર સંબંધી વાતો શરુ ન જ કરતાં. કારણ કે વાતનો રસ બહુજ વિચિત્ર હોય છે. તેનો છેડો પણ ખરાબ હોય છે. અને વાતમાંથી વાત નીકલ્યાજ કરતી હોય છે. માટે માલા ગણવાનું કામ સારું છે. તે ન ફાવે તો મોઢે બોલીને જાપ કરો. અથવા તમને જે ધાર્મિક સ્તોત્રો વગેરે આવડતાં હોય તે ગણો. (સ્મરણ કરો) પણ વાતો તો ન જ કરો. કેટલાક યુવાન કોલેજિયન ભાઇ બહેનો મશ્કરી ઠઠ્ઠા– ગપ્પામાં ચઢી જાય છે. પછી તેમાં કોઇ મર્યાદા રહેતી જ નથી. માટે તમે તેનાથી જરુર બચજો.

આજથી ચાર પાંચ વર્ષ પહેલાં અમે એકવાર સવારના નવ વાગે તળેટીનાં દર્શન ને ચૈત્યવંદન માટે ગયા હતા. ત્યારે ત્યાં એક પંજાબી શ્રાવકનું કુટુંબ પંજાબી ડ્રેસમાં આવેલ હતું. તેને જોતાં એકદમ ફેશનેબલ લાગે. પણ જ્યારે એ કુટુંબના મુખ્ય યુવાન ભાઈએ ગળામાં ઢોલક ભેરવીને ગાવાની શરુઆત કરી. કુટુંબના બધાજ માણસોએ તેને ઝીલીને ગાવાની શરુઆત કરી. આવું સુંદર દૃશ્ય જોઈને આપણને પણ મન થઈ જાય કે ચાલો આપણે પણ આમાં જોડાઈને ભાવનાથી પ્રભુનાં ગીતો ગાતાં ગિરિરાજ ચઢીને યાત્રા સફલ કરીએ, ફક્ત આમાં જરૂર છે તમારા હૈયાના ભાવની. આમેય નવરાત્રીના ઉત્સવમાં યુવક–યુવતીઓ પૈસા આપીને મેમ્બર બનીને ગાવા –નાચવા ક્યાં નથી જતાં ? આતો પ્રભુભક્તિ માટે ગાવાનું છે. આ રીતે ગાતાં ગાતાં જો તમારું હૈયું ભાવનાથી તરબોળ થઈ ગયું તો સમજી લો કે ભવનો બેડો પાર.

(૧૦) આ આખોય ગિરિરાજ પવિત્રમાં પવિત્ર છે. તેના ઉપર ચઢતાં કે ચઢયા પછી ત્યાં રોકાઈએ તેટલો ટાઈમ પેશાબ–સંડાસ–થૂંકવું–નાક સાફ કરવું. વગેરે અશુચિ કરવાની નથી, કારણ કે એક જણ ગંદકી કરે, તેને જોઇ બીજો કરે. એક જણ પેશાબ કરે તો બીજો સંડાસ કરે, આમ થતાં તે પવિત્ર વાતાવરણ – શુદ્ધ પુદ્ગલો ધીમે ધીમે દૂષિત થઈ જાય ને પછી પવિત્રતા – પ્રસન્નતા આપવાનો સ્વભાવ દીનપ્રતિદિન ઘટતો જાય. માટે તેના પર આવાં કાર્યો કરવાનાં નથી. આ આખોય ગિરિરાજ આપણા માટે પ્રભુની જેમ જ પૂજનીય છે.

હમણાં હમણાં કેટલાક અલ્પજ્ઞાની જીવો રામપોળની બહાર બેસતી ભરવાડણ બહેનો પાસેથી દહી વેચાતું લઇને ખાય છે આ વાત એકદમ અયોગ્ય છે. તેની પાછળ બીજી પણ આશાતનાઓ થશે. એક જીવ ખાય તેને જોઇ બીજો ખાવા માટે બેસે, આમ ખાવાની પરંપરા ચાલે. પછી વેચનારા પણ માલ વધુને વધુ લઈને આવે શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીએ પાટિયું માર્યું છે અને વિનંતિ કરી છે પણ ભાવિકો ન જ માને તો લોકશાહીના જમાનામાં હાથ પકડીને રોકી શકાતા નથી અરે ! ભાગ્યશાળીઓ શું તમે ત્રણ ચાર કલાકમાં ભૂખ્યા થઇ ગયા છો ? કેટલાક ભાઇ બહેનો તો પોતાના નાનાં – બાલક બાલિકાને ખાવું છે એમ કહીને પછી પોતે પણ સાથેજ ખાઇ લે આ ઘણું જ ખોટું થાય

છે. આવાં નકામાં પાપોથી કેમ બચવું તે તો આપણા હાથની જ વાત છે.

(૧૧) કેટલાક ભાગ્યશાળીઓ પાલિતાણામાં યાત્રા કરવા પધારીને યાત્રા કર્યા પછી જ્યારે રાત્રે બઝારમાં ફરવા નીકળે અને રેકડીઓ પાસે ઊભા રહીને કુટુંબ સાથે ભેળપૂરી – પાણીપૂરી – રગડો પેટીસ – દાડમનો ચેવડો – ઇડલી ઢોસા વગેરે ખાતાં હોય ત્યારે ત્યાંથી પસાર થતા નિયમ–વ્રતવાળા શ્રાવકભાઈઓનું મસ્તક શરમથી ઝૂકી પડે છે કે આ શું ? શું આ શ્રાવક ભાઇ બહેનોને પાલિતાણા ધર્મનું સ્થાન છે. ધર્મ કરવા આવ્યા છીએ, પાપને છોડવા માટે આવ્યા છીએ અને પાછા ધર્મશાલામાં ઊતર્યા છીએ. આ બધું કેમ ભૂલી જાય છે ? તમને અહીં આવું ખાવું શોભે ખરું ? તમારાં સંતાનોમાં કેવા સંસ્કાર પડશે ? તમારી સાથે યાત્રામાં તમારા જૈનેતર મિત્ર હશે તો તમારા ધર્મના નિયમો માટે કેવી મશ્કરી કરશે ? અહીં આવી મોટી પાયાની ભૂલ ન કરતાં.

અને આમ પણ અત્યારે આરોગ્ય – દૃષ્ટિએ બઝારમાં રોડપર ઊભેલી લારીઓની વસ્તુઓ ખાવામાં સોએ સો ટકા જોખમ છે. આ વાત તમે બરોબર જાણો છો પછી હાથે કરીને શું કામ હેરાન થાવ છો ?

પાલિતાણામાં પધારી આટલું તો જરૂર કરજો.

૧ – પાલિતાણામાં યાત્રા માટે આવીને ધર્મશાલામાં ઊતર્યા છીએ તે ન ભૂલતાં, ધર્મશાલા – એટલે ધર્મ કરવાનું સ્થાન. તેમાં રહીને ધર્મને શોભે તેવાં કામો કરવાં.

૨ – તેમાં રહી રાત્રિભોજન – અભક્ષ્ય ભક્ષણ – કંદમૂલ ભોજન વગેરે ન જ થઇ શકે અને જો આ કાર્યો તેમાં કરો તો તેને ધર્મશાલા કેવી રીતે કહેવી ?

૩ – અહીં આવીને રાતના ફરવા જાવ. અને રાતના –૧૧–૧૨ – વાગે આવો, બંધ થયેલા દરવાજા ખખડાવીને ખોલાવો. સહુને ઊંઘમાં ખલેલ પડે. સાથે સાથે મોટેથી રેડિયો વગાડતાં બીજાની ઊંઘ બગડે, અને બીજા દિવસે યાત્રામાં મોડું થાય.

૪– ગાદલાં કે રજાઈને જમીનપર આખો દિવસ નાંખી રાખવાં, તેના પર બેસી ચા પાણી કરવાં. ઢોળવાં. નાનાં – નાનાં બાલકો પેશાબ વગેરે કરે તો ઉપેક્ષા કરવી. આવું બધું આપણાં ઘરનાં ગાદલાંમાં ચલાવીએ ખરાં ? આપણું ગંદું કરેલું બીજાને મલે. તે રીતે બીજાએ ગંદું કરેલું આપણને મલે, પછી આપણે જ સ્વચ્છતાની ફરિયાદો કરીએ તો

શું વળે ?

એ તો જગતનો સનાતન સત્ય નિયમ છે. જેવું દેશો તેવું જ મલશે. ધર્મશાલામાં ઊતરીને લાઇટ –પંખા – પલંગ – નળ– ગાદલાં – ગોદડાં – મચ્છરદાની – સંડાસ – બાથરુમ એટેચ – ટેબલ ખુરસી વગેરે બધીજ જાતની સગવડો માંગતાં જઇએ અને પછી ફરિયાદ કરીએ કે ધર્મશાલાવાળા આ બધા પૈસા શેના લે છે ? ધર્મશાલા બંધાવનારે ધર્મશાલા બંધાવી. પણ ચલાવવાના મેન્ટેનન્સના પૈસા તો તમારે જ આપવાના છે.

ઘણીવાર એવું બને છે કે આપણે અહીં યાત્રા કરવા આવ્યા છીએ, કર્મો ખપાવવા આવ્યા છીએ. પુણ્ય બંધ કરવા આવ્યા છીએ. આ વાત ભૂલી જઇએ છીએ ને કર્મ છોડવાના સ્થાનમાં નવાં કર્મો બાંધી જઇએ છીએ, માટે તીર્થસ્થાનમાં સાવચેતીથી રહેવું.

શ્રી શત્રુંજયની ભક્તિનાં અમીરસ ઝરણાં

o ગિરિવર દરિશન વિરલા પાવે. પૂરવ સંચિત કર્મ ખપાવે.

સૌ ચાલો સિદ્ધગિરિ જઇયે. ગિરિ ભેટી પાવન થઇયે. સોરઠ દેશે જાત્રાનું મોટું ધામ છે.

o મારું મન મોહ્યું રે, શ્રી સિદ્ધાચળે રે, દેખીને હરખિત હોય ;

વિધિશું કીજેરે, જાત્રા એહની રે, ભવો ભવનાં દુઃખ જાય મારું.

o યાત્રા નવ્વાણું કરીએ વિમલગિરિ યાત્રા નવ્વાણું કરીએ.

કલિકાળે એ તીરથ મોટું – પ્રવહણ જેમ ભરદરિયે,

o મનના મનોરથ સવિ ફળ્યા એ, સિધ્યાં વાંછિતકાજ પૂજો ગિરિરાજને એ.

o ચાલો ચાલો વિમળગિરિ જઇએ રે, ભવજલ તરવાને,

તુમે જયણાએ ધરજો પાયરે, પાર ઊતરવાને.

o શ્રી સિદ્ધાચલ તીરથ કેરો રાજા ઋષભ જિણંદ ;

કીર્તિ કરે માણેક મુનિ તાહરી, ટાળો ભવભય ફંદ ;

o તીરથપતિને તીરથ સેવા એ તો સાચા મોક્ષના મેવા રે ભવજલ તરવાને.

o ઉમૈયા મુજને ઘણી જીહો. ભેટું વિમલગિરિરાય,

o વિમળાચળ વિમળા પ્રાણી, શીતળ તરુ છાયા ઠરાણી,

રસવેધક કંચન ખાણી, કહે ઈંદ્ર સુણો ઈંદ્રાણી સ્નેહી સંત.

o સમકિતદ્વાર ગભારે પેસતાંજી , પાપ પડલ ગયાં દૂર રે,

મોહન મરુદેવીનો લાડલોજી. દીઠે મીઠે આનંદ પૂર રે ; સમ.

o ધન્ય ધન્ય દહાડોરે, ધન્ય વેળા ઘડીરિ, ધરીએ હૃદય મોઝાર ;

જ્ઞાન વિમલસૂરિ ગુણ એના ઘણારે, કહેતાં ન આવે હો પાર. મારું.

o શ્રીરિ સિદ્ધાચળ ભેટવા, મુજમન અધિક ઉમાયો;

ઋષભદેવ પૂજા કરી, લીજે ભવતણો લાહો. શ્રી રે સિ.

o પુરવ પુણ્ય પસાઉલે, પુંડરીક ગિરિપાયો.

કાંતિ વિજય હરખે કરી, શ્રી સિદ્ધાચળ ગાયો. શ્રી રે સિ.

o શિવ મંદિર ચઢવા કાજે, સોપાનની પંક્તિ બિરાજે ;

ચઢતાં સમકિતી છાજે, દૂર ભવ્ય અભવ્ય તે લાજે. સનેહી.

o પ્રણિધાને ભજો ગિરિ સાચો, તીર્થંકર નામ નિકાચો;

મોહરાયને લાગે તમાચો, શુભવીર વિમલગિરિ જાચો. સનેહી.

o દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તારા,

પતિત ઉદ્ધારન બિરુદ તુમારું, એ તીરથ જગ સારારે. ધન.

o વિમળાચળ નિતુ વંદીએ, કીજે એહની સેવા ;

માનું હાથ એ ધર્મનો, શિવતરુ ફળ લેવા. વિ.

o સિદ્ધાચળ શિખરે દીવોરે, આદીશ્વર અલબેલો છે.

જાણે દર્શન અમૃત પીવો રે, આદીશ્વર અલબેલો છે.

o રાજ રાજેશ્વરએ ગિરિ રે, નામ છે મંગલ રૂપ સલૂણા;

ગિરિવરરજતરુ મંજરીરિ, શીશ ચઢાવે ભૂપ સલૂણા ;

o શેત્રુંજા ગઢના વાસીરિ, મુજરો માનજો રે,

સેવકની સુણી વાતોરે, દિલમાં ધારજો રે,

o પ્રભુજી જાવું પાલિતાણા શહેર કે, મન હરખે ઘણું રે લોલ ;

પ્રભુજી સંઘ ઘણેરા આવે કે, એ ગિરિભેટવારે લોલ;

o સિદ્ધાચલનો વાસી પ્યારો, લાગે મોરા રાજીંદા,

ઈણરે ડુંગરિયામાં, ઝીણી ઝીણી કેરણી,

o વિમલગિરિ ક્યું ન ભયે હમમોર,

o વિમલગિરિ વિમલતા સમરીયે,

કમલ દલ નયન જગદીશ રે,

o બાપલડારિ પાતિકડાં તુમે, શું કરશો હવે રહીને,

શ્રી સિદ્ધાચલ નયણે નિરખ્યો, દૂર જાઓ તમે વહીને રે. બાપલડાં,

o તે દિન ક્યારે આવશે, સૂરજકુંડમાં ન્હાશું. તે દિન.

o આંખલડીયેરે મેં આજ શત્રુંજય દીઠોરે,

સવા લાખ ટકાનો દહાડો રે, લાગે મુને મીઠો રે.

શ્રી તીર્થરાજ શત્રુંજયાદિ તીર્થની પ્રાભાતિક સ્તુતિ

(પૂર્વાચાર્યોકૃત સ્તુતિઓ – ઉપદેશ પ્રાસાદ – ભાષાંતર – ભા–૫. પૃ. ૩૦૨)

જે શ્રી સિદ્ધાચળ ઉપર રાયણના વૃક્ષ નીચે દેવેન્દ્રોએ વંદન કરેલું તથા ચક્રવર્તીએ પૂજેલું એવું યુગાદિદેવ શ્રી આદીશ્વરનું ચરણકમળરૂપ (જે) પીઠ રહેલું છે તેનું હું અર્ચન કરું છું. (૧)

જે શ્રી શત્રુંજયગિરિપર શ્રી આદીશ્વર પ્રભુની દક્ષિણ દિશામાં સહસ્રકૂટની અંદર (જે) સૌમ્ય આકૃતિવાળી – ૧૦૨૪ – તીર્થંકરોની મૂર્તિઓ રહેલી છે. તેનું હું પૂજન કરું છું. (૨)

શ્રી ઋષભ સ્વામીના મુખકમળથી નીકળેલી ત્રિપદીને પામીને જેમણે દ્વાદશાંગીની રચના કરી એવા શ્રી શત્રુંજય પર રહેલા શ્રી પુંડરીક ગણધર જયને પામો. (૩)

જ્યાં (પ્રભુની ડાબી બાજુએ) ચૌદસોને બાવન ગણધરોની પાદુકાઓ બિરાજમાન છે. તે શ્રી શત્રુંજયગિરિને હું નિત્ય પ્રણામ કરું છું. (૪)

જે ગિરિપર સૂર્યદેવે નિર્માણ કરેલા સૂર્ય કુંડ (સૂરજ કુંડ) ના જળના પ્રભાવથી કુષ્ટાદિક વ્યાધિઓનો સમૂહ નાશ પામે છે. તેમજ કૂકડાપણું પામેલો જીવ પાછો મનુષ્યપણાને (મનુષ્ય દેહને) પામે છે. (ચંદરાજાની જેમ) તે શ્રી શત્રુંજય ગિરિને હું પ્રણામ કરું છું. (૫)

જે ગિરિઉપર ત્રણ વિશ્વમાં ઉદ્યોતને કરનારા ગુણોના સ્થાનરૂપ અને અમૂલ્ય રત્ન (ઋષભદેવ) ને કુક્ષિમાં ધારણ કરનારા એવા હાથીપર બેઠેલા મરૂદેવી માતા બિરાજે છે. તે ગિરિને હું નમન કરું છું. (૬)

જે પર્વતપર જિતેન્દ્રિય એવા યુધિષ્ઠિર વગેરે પાંચે પાંડવો કુંતા માતાની સાથે વીસકરોડ સાધુઓ સહિત મુક્તિપદને પામ્યા તે પર્વતને હું નમું છે. (૭)

જે ગિરિ પર નમિ અને વિનમિ નામના મુનીન્દ્રો કે જેઓ વિદ્યાધરના રાજાઓ હતા. તથા શ્રી આદિનાથની સેવા કરનારા હતા. તેઓ બે કરોડ સાધુઓ સહિત મોક્ષની લક્ષ્મીને પામ્યા. તે વિમલગિરિ અમને વિમળ (નિર્મળ) બોધની પ્રાપ્તિ અને પુષ્ટિના હેતુરૂપ થાઓ. (૮)

જે ગિરિપર નિર્મળ ગુણોના સમૂહથી જેનો આત્મા પરિપૂર્ણ થયો છે અને જે નિરંતર આત્મિક સુખમાં રમણ

કરનારા અને તેના ભોક્તા છે. જ્ઞાનદર્શનને ધારણ કરનારા છે. સમતારૂપ ધનવાળા છે. એવા રામચંદ્ર ત્રણ કરોડ મુનિઓની સાથે મોક્ષ સ્થાનની સમૃદ્ધિને પામ્યા તે અદ્રિને – પર્વતને હું વંદના કરું છું. (૯)

સૌરાષ્ટ્ર દેશમાં શ્રી શત્રુંજય અને ગિરનાર એ બે તીર્થ અમૂલ્ય રત્ન તુલ્ય વર્તે છે. તેને હું બહુમાનપૂર્વક ભક્તિથી પ્રણામ કરું છું. (૧૦)

જ્યાં અનંત જ્ઞાનવાળા – અનંત દર્શનવાળા – અને અનંતવીર્યવાળા વીસ તીર્થંકરો શિવપદને પામ્યા છે તે સંમેતગિરિની હું સ્તુતિ કરું છું. (૧૧)

નિરંતર પ્રાતઃકાળે દેવેન્દ્રોએ સ્તુતિ કરેલા નાભિરાજાના વંશના અલંકારરૂપ શ્રી ઋષભદેવ જે પર્વતપર સૌભાગ્ય લક્ષ્મીને આપનારા દીપ્તિમાન પૂર્ણ આત્મતત્ત્વને (સિદ્ધિપદને) પામ્યા છે. તે અષ્ટાપદ પર્વતનો હું આશ્રય કરું છું. (૧૨)

કલ્યાણરૂપ કંદને ઉત્પન્ન કરવામાં અદ્વિતીય મેઘ સમાન, સમસ્ત જીવોનો ઉદ્ધાર કરવામાં સમર્થ – સ્ફુરાયમાન પ્રતાપવાળા અને પૂજ્ય મૂર્તિવાળા મરુદેવીના પુત્ર શ્રી ઋષભસ્વામીને હું વંદના કરું છું.

શ્રી શત્રુંજય માટે શ્રી આગમ સૂત્રોના આધારો

ફ્ર છઠ્ઠે અંગે દાખીઓએ, આઠમે અંગ ભાખ, પૂજો ગિરિરાજનેએ;
સારાવલી પયન્ને વરણવ્યોએ, એ આગમની સાખ – પૂજો ગિરિરાજનેએ

ततेणं ते सेलयपामोक्खा पंच अणगार सया बहूणि वासाणि सामन्नं परियागं पाऊणित्ता जेणेव पोंडरीये पव्वए तेणेव उवागच्छंति- २ - जहेव थावच्चापुत्ते तहेव सिद्धा, (श्रीज्ञाताधर्मकथांगम् - प्रथमो विभागः- श्री पंचमशैलकाध्ययनम्)

અર્થ :– ત્યાર પછી તે સેલક વગેરે પાંચસો સાધુઓ ઘણાં વર્ષો સુધી સાધુપણું પાલન કરીને જે પુંડરીક નામનો પર્વત છે ત્યાં આવે છે. અને ત્યાં આવીને જેવી રીતે થાવચ્ચા પુત્ર અણગાર સિદ્ધિપદને પામ્યો તેવી રીતે તેઓ સિદ્ધ થયા.

ફ્ર (છઠ્ઠું અંગ જ્ઞાતા ધર્મકથાંગ – આઠમું અંગ – અંત કૃદશા – અને સારાવલી નામનો પયન્નો છપાયો જ નથી. પણ અમને મલેલ હોવાથી મૂળ મૂકેલ છે.)

तते णं ते जुहिट्ठिल्लपामोक्खा पंच अणगारा बहुजणस्स अंतिए एयमट्ठं सोच्चा अन्नमन्नं सद्दावेंति-२-एवं व - एवं खलु देवाणु. अरहा अरिट्ठनेमी पुव्वाणु. जाव विहरइ, तं सेयं खलु अम्हं थेरा आपुच्छित्ता अरहं अरिट्ठनेमिं वंदणाए गमित्तए अन्नमन्नस्स एयमट्ठं पडिसुणेंति-२-जेणेव थेरा भगवंतो तेणेव उवा.-२- थेरे भगवंते वंदंति णमंसंति-२-त्ता, एवं व. इच्छामो णं तुब्भेहिं अब्भणुन्नाया समाणा अरहं अरिट्ठनेमिं जाव गमित्तए, अहासुहं देवा. ॥

ततेणं ते जुहिट्ठिल्लपामोक्खा पंच अणगारा थेरेहिं अब्भणुन्नाया समाणा थेरे भगवंते वंदंति-णमंसंति-२-थेराणं अतियाओ पडिणि क्खमंति मासंमासेणं अणिक्खित्तेणं तवो कम्मेणं गामाणुगामं दूईज्जमाणा जावजेणेव हत्थकप्पनयरे तेणेव उवा. हत्थकप्पस्स बहिया सहसंबवणे उज्जाणे जाव विहरंति, ततेणं ते जुहिट्ठिल्लवज्जा चत्तारि अणगारा मासखमणपारणए पढमाए पोरसीए सज्झायं करेंति बीयाए एवं जहा गोयमसामी णवरं जुहिट्ठिल्लवज्जा जाव अडमाणा बहुजणसद्दं णिसामेंति, एवं खलु देवा. । अरहा अरिट्ठनेमी उज्जिंत सेलसिहरे मासिएणं भत्तेणं अपाणएणं पंचहिं छत्तीसेहिं अणगारसएहिं सद्धिं कालगए जाव पहीणे, तते णं ते जुहिट्ठिल्लवज्जा चत्तारि अणगारा बहुजणस्स अंतिए एयमट्ठं सोच्चा हत्थिकप्पाओ पडिणिक्खमंति-२-जेणेव सहसंबवणे उज्जाणे जेणेव जुहिट्ठिल्ल अणगारे तेणेव उवा. २-भत्तपाणं पच्चुवेक्खंति-२-गमणागमणस्स पडिक्कमंति-२-एसणमणेसणा आलोएंति-२-भत्तपाणं पडिदंसेंति-२, एवं व. एव खलु देवाणुप्पिया ! जाव कालगए तं सेयं खलु अम्हं देवाणुप्पिया ! इमं पुव्वगहियं भत्तपाणं परिटठवेत्ता सेत्तुज्जं पव्वयं सणियं सणियं दुरूहित्तए संलेहणाए झूसणासियाणं कालं अणवकंखमाणाणं विहरित्तएतिकट्टु अण्णमण्णस्स एयमट्ठं पडिसुणेंति-२-तं पुव्वगहियं-भत्तपाणं एगंते परिट्ठवेंति-२-जेणेव सेत्तुज्जे पव्वए तेणेव उवागच्छइ-२-त्ता-सेत्तुज्जं पव्वयं दुरूहंति-२-जाव कालं अणवकंखमाणा विहरंति ।

तते णं ते जुहिट्ठिल्लपामोक्खा पंच अणगारा सामाइय-मातियातिं चोद्दस पुव्वाइं बहूणि वासाणि दोमासियाए संलेहणाए अत्ताणं झोसित्ता जस्सट्ठाए कीरति णग्गभावे जावतमट्ठमारोहंति-२-अणंते जाव केवलवरणाण दंसणे समुप्पन्ने जाव सिद्धा ॥
(ज्ञाताधर्मकथांगम्-द्वितीयविभागम्-अपरकङ्काज्ञाताध्ययनम्-पाण्डवदीक्षावर्णनसूत्रम् - १३५-पृ-१३२ ॥

અર્થ : ત્યાર પછી તે યુધિષ્ઠિર વગેરે પાંચેય અણગારો ઘણા મનુષ્યોની પાસે આ અર્થને (વાર્તાને) સાંભળીને એક બીજા વિચારે છે. વિચારીને આ પ્રમાણે બોલે છે. ખરેખર નિશ્ચયવડે હે દેવાનુપ્રિય ! અરિહંત શ્રી અરિષ્ટનેમિ ભગવાન એક ગામથી બીજે ગામ વિચરી રહ્યા છે. તે કલ્યાણને માટે છે. ખરેખર આપણે સ્થવિરોને પૂછીને અરિહંત શ્રી અરિષ્ટ નેમિને વંદન માટે જઈએ. આ વાત એક બીજાને પૂછે છે. અને પૂછીને જ્યાં આગળ સ્થવિર ભગવંતો હતા, ત્યાં તેમની પાસે આવે છે. અને આવીને સ્થવિર ભગવંતોને વંદન કરે છે. નમસ્કાર કરે છે. અને નમસ્કાર કરીને એ પ્રમાણે બોલે છે. ઇચ્છા કરીએ છીએ, તમારાવડે આજ્ઞા પામેલા અમે અરિહંત શ્રી અરિષ્ટનેમિને વંદન કરવાની ઇચ્છા કરીએ છીએ, ત્યારે સ્થવિરોએ કહ્યું કે હે દેવાનુપ્રિય ! તમને સુખ ઊપજે તેમ કરો.

ત્યાર પછી તે યુધિષ્ઠિર વગેરે પાંચે અણગારો સ્થવિર ભગવંતો વડે આજ્ઞા પામેલા સ્થવિર ભગવંતોને વંદન કરે છે, નમસ્કાર કરે છે. વંદન અને નમસ્કાર કરીને સ્થવિરો પાસેથી નીકળે છે. અને માસ ક્ષમણના પારણે – માસ ક્ષમણ – આવા નહિ કંટાળેલા તપવડે એક ગામથી બીજે ગામ વિચરતાં જ્યાં હસ્તિકલ્પ નામનું નગર છે ત્યાં આવે છે. અને ત્યાં હસ્તિકલ્પ નગરની બહાર જ્યાં સહસ્રામ્ર નામનું વન – ઉદ્યાન છે ત્યાં આવે છે. અને વિચરે છે. (રહે છે.)

ત્યાર પછી તે યુધિષ્ઠિર સિવાયના ચારેય અણગારો માસક્ષમણના પારણે પહેલી પોરિસીમાં સ્વાધ્યાય કરે છે. અને બીજી પોરિસીમાં જેમ ગૌતમ સ્વામી ગોચરી જતા હતા તેમ યુધિષ્ઠિરને પૂછે છે. અને પછી (ગોચરી) જતાં ઘણા મનુષ્યોનો શબ્દ સાંભળે છે.

એ પ્રમાણે ખરેખર હે દેવાનુપ્રિય ! અરિહંત શ્રી અરિષ્ટ નેમિ પ્રભુ શ્રી ઉર્જિંજત શૈલશિખર ઉપર–ગિરનાર પર્વતપર પાણીવગરના ચોવિહારા માસિકભક્ત કરવાવડે – ૫૩૬ – અણગારો સાથે કાલ પામ્યા. યાવત સર્વદુઃખથી મુક્ત થયા.

ત્યાર પછી તે યુધિષ્ઠિર સિવાયના ચારે અણગારો ઘણા મનુષ્યોની પાસે આ વાર્તાને સાંભળીને (કાલધર્મની વાર્તા સાંભળીને) જ્યાં યુધિષ્ઠિર નામના અણગાર છે ત્યાં આવે છે. અને આવીને ભાત પાણીના પચ્ચકખાણ કરીને ગમણાગમણ–ઇરિયાવહિયંને કરે છે. અને ઇરિયાવહિયં કરીને ગોચરીમાં લાગેલા દોષોને આલોવે છે. અને ભાતપાણીને બતાવે છે. અને બતાવીને આ પ્રમાણે બોલે છે.

(હસ્તિકલ્પ એટલે વર્તમાનમાં અત્યારે આપણે જેને હાથસણી કહીએ છીએ. તે ગામ સંભવી શકે. (સંશોધનમાં તેવા નામનું ગામ ન મલે ત્યાં સુધી)

એ પ્રમાણે નિશ્ચયવડે હે દેવાનુપ્રિય ! શ્રી નેમિનાથ ભગવાન કાલધર્મ – નિર્વાણ પામ્યા છે. માટે હે દેવાનુપ્રિય ! અમોને પણ આ કલ્યાણકારી છે. આ પૂર્વે ગ્રહણ કરેલાં ભાતપાણીને પરઠવીને શ્રી શત્રુંજય પર્વતપર ધીમે ધીમે ચઢવું, સંલેખનાની સેવનામાં તત્પર અને કાલને નહિ ઇચ્છતા એવા વિચરીએ. આ પ્રમાણે અન્યોન્ય આ વાતને સાંભળે છે. અને આ સાંભળીને પૂર્વે ગ્રહણ કરેલાં ભાતપાણીને એકાતમાં પરઠવી દે છે. અને પરઠવીનેજ્યાં શત્રુંજય નામનો પર્વત છે ત્યાં આવે છે. અને ત્યાં આવીને શ્રી શત્રુંજય પર્વતપર ચઢે છે. યાવત સમયની ગણના કર્યા વગર સ્થિરપણે વર્તે છે.

ત્યારપછી તે યુધિષ્ઠિર વગેરે પાંચે અણગારો સામાયિકથી માંડીને ચૌદ પૂર્વોવડે ઘણાં વર્ષો વ્યતીત કર્યા, બે માસિક સંલેખના કરતાં, આત્માને ભાવતાં હેતુ માટે નગ્ન ભાવ – સાધુપણું ધારણ કર્યું છે. તે ભાવને સાધ્યો. (અર્થાત મોક્ષને મેળવ્યો.)

तते णं से थावच्चापुत्ते अणगार सहस्सेणं सद्धिं संपरिवुडे जेणेव पुंडरीए पव्वए तेणेव उवागच्छइ-२-पुंडरीयं पव्वयं सणियं-२-दुरुहति-२- मेघघणसन्निगासं देवसन्निवायं पुढविसिलापट्टयं जाव पाओवगमणं णुवन्ने ॥

અર્થ : ત્યાર પછી તે થાવચ્ચા પુત્ર એક હજાર સાધુઓથી પરિવરેલા જ્યાં પુંડરીક પર્વત છે ત્યાં આવે છે. અને ત્યાં આવીને પુંડરીક પર્વત ઉપર ધીમે ધીમે ચઢે છે. અને ચઢીને વાદળાંના સમૂહના રંગ સરખી દેવસન્નિકા નામના શિલાપટઉપર પાદપોગમન અણસણ સ્વીકારે છે.

तएणं से सुए अणगारे अन्नया कयाइं तेणं अणगार सहस्सेणं सद्धिं संपुखिडे + + + + + + + + + जेणेव पोंडरिए पव्वए जाव सिद्धे ॥
ज्ञाता सूत्र आ-स-५०-१०८-२-॥

ત્યાર પછી તે થાવચ્ચાપુત્ર અન્યદા કોઈક વખત તે હજાર સાધુઓથી પરિવરેલા, જે પુંડરીક પર્વત છે. ત્યાં આવે છે. અને ત્યાં આવીને પુંડરીક પર્વત ઉપર ધીમે ધીમે ચઢે છે. અને ચઢીને વાદળાંના સમૂહના રંગ સરખી દેવ સન્નિકા નામના શિલા પટ ઉપર પાદપોગમન અણસણ સ્વીકારે છે. ત્યાર પછી તે થાવચ્ચા પુત્ર અન્યદા કોઈક વખત તે હજાર સાધુઓથી પરિવરેલા, જે પુંડરીક પર્વત છે ત્યાં સિદ્ધ થાય જાય છે.

ततेणं से गोयमे अणगारे अन्नदा कदाई जेणेव अरहा अरिट्ठनेमी तेणेव उवागच्छइ, उवागच्छित्ता अरहं अरिट्ठेनेमिं तिक्खुत्तो आदाहिणपदाहिणंकरेति, करित्ता एवं वदासी इच्छामिणं भंते ! तुब्भेहिं अब्भुण्णाते समाणे मासियं भिक्खुपडिमं उवसंपजित्ता णं विहरित्तए । एवं जहा खं दओ तहा बारसभिक्खु पडिमातोफासेति, फासित्ता गुणरयणंपि तवोकम्मं तहेव फासेति निरवसेसं, जहा खंदओ तहा चिंतेति, तहा आपुच्छति, तहाथेरेहिं सद्धिं सेत्तुंजं दुरूहति, मासियाए संलेहणाए बारस वरिसाइं परिताते जाव सिद्धे । (सू. १-) श्रीमदन्तकृद्दशा (अष्टमांगसूत्र) प्रथमवर्ग.

અર્થ :- ત્યાર પછી તે -૧- ગૌતમ અણગાર એક વખત જ્યાં અરિહંત શ્રી અરિષ્ટનેમિ ભગવાન હતા ત્યાં આવ્યા. આવીને અરિહંત અરિષ્ટ નેમિ ભગવાનને ત્રણ વાર દક્ષિણ તરફથી આરંભી દક્ષિણ તરફ આવવારૂપ પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને આ પ્રમાણે કહ્યું, "હે ભગવન ! હું ઇચ્છું છું કે - જો તમે આજ્ઞા આપો તો એક માસની (એક માસ વગેરેની બાર) ભિક્ષુ પ્રતિમાને અંગીકાર કરીને હું વિચરું." (ત્યારે ભગવાને તેમ કરવાની આજ્ઞા આપી) એ પ્રમાણે સ્કંદક મુનિની જેમ તે ગૌતમ અણગારે બારે ભિક્ષુ પ્રતિમાઓ વહન કરી, વહન કરીને ગુણરત્ન (સંવત્સર) નામનું તપકર્મ પણ તેજ રીતે સમગ્ર કર્યું. પછી એકદા સ્કંદક મુનિની જેમ તેણે વિચાર કર્યો. તે જ પ્રમાણે ભગવાનને પૂછ્યું., તેજ પ્રમાણે સ્થવિર મુનિઓની સાથે શત્રુંજયગિરિ ઉપર ચઢયા. એક માસની સંલેખના (અનશન) કરી બાર વર્ષનો ચારિત્ર પર્યાય પાલી યાવત સિદ્ધિ પદને પામ્યા.

૧ - શ્રી નેમિનાથ ભગવાનના સાધુઓમાં પણ ગૌતમ નામના સાધુ હતા. તેનો આ અધિકાર જાણવો.

जहा पढमो वग्गो तहा सव्वे अट्ठ अज्झयणा गुणरयण तवोकम्मं सोलसवासाइं परियाओ सेत्तुंजे मासियाए संलेहाए सिद्धी (सू-३)

અર્થ : જે પ્રમાણે પ્રથમવર્ગ કહ્યો, તે પ્રમાણે આ બીજા વર્ગનાં આઠે અધ્યયનો કહેવાં, ગુણરત્ન નામનું તપકર્મ કહેવું, સર્વેનો સોલવર્ષનો ચારિત્રપર્યાય જાણવો, સર્વે એક માસની સંલેખનાવડે શત્રુંજયગિરિઉપર સિદ્ધિપદ પામ્યા.

ततेणं तस्स अणीयस्स तं महा जहागोयमे तहा नवरं सामाइय मातियाइं चोद्दस पुव्वाइं अहिज्जति, वीसं वासातिं परियाओ, सेसं तहेव जाव सेत्तुंजे, पव्वए मासियाए संलेहणाए जाव सिद्धे ।।

અર્થ : ત્યારપછી તે અનિકસેન કુમારને ભગવાનના આગમનની ખબર થતાં તે પાછા ગયો. જેમ ગૌતમનો અધિકાર કહ્યો છે તેમ સર્વ કહેવું. વિશેષ એ કે તેણે દીક્ષા લઈને સામાયિક વગેરે ચૌદ પૂર્વનો અભ્યાસ કર્યો. વીસવર્ષ ચારિત્ર પર્યાય પાલ્યો. બાકીનો વૃત્તાંત તેજ પ્રમાણે કહેવો, યાવત શત્રુંજય પર્વતપર એકમાસની સંલેખનાવડે યાવત સિદ્ધિપદને પામ્યા.

एवं जहा अणीयसे एवं सेसा वि अणंतसेणो जाव सत्तुसेणे छ अज्झयणा एक्कगमा, बत्तीसदो दाओ, वीसं वासा परियातो, चोद्दस सेत्तुंजे सिद्धा ।। छट्ठमज्झयणं समत्तं (सू-४)

અર્થ : આ પ્રમાણે જેમ અનિકસેનનો અધિકાર કહ્યો તેજ પ્રમાણે બાકીના પણ અનંતસેન યાવત (અનિહત–રિપુ–દેવસેન)શત્રુસેન સુધીના છ અધ્યયનોનો એકજ ગમો (આલાવો) જાણવો. સર્વેને બત્રીસ કન્યા ને બત્રીસ કોટિનો દાયજો, વીસવર્ષનો ચારિત્ર પર્યાય, ચૌદપૂર્વનો અભ્યાસ, તથા શ્રી શત્રુંજય પર્વતપર સિદ્ધિવગેરે સર્વે સરખું સમજવું. (આ છએ વાસુદેવ અને દેવકીના પુત્રો હતા, પરંતુ સુલસાએ ઉછેરેલા હતા.)

तेणं कालेणं तेणं समए णं बारवतीए नयरीए जहा पढमे नवरं वसुदेवे राया, धारिणी देवी, सीहो सुमिणे, सारणे कुमारे पन्नासतो दाओ, चोद्दस पुव्वा, वीसं वासा परियातो, सेसं जहा गोयमस्स जाव सेत्तुंजे सिद्धे ।। (सू. ५ ।।)

અર્થ :– તે કાલે તે સમયે દ્વારવતી (દ્વારિકા) નગરી હતી. વગેરે જેમ પ્રથમ અધ્યયનમાં કહ્યું હતું તેમ કહેવું. વિશેષ એ કે વસુદેવરાજા ધારિણી દેવી, સ્વપ્નમાં સિંહનું દર્શન, સારણ નામના કુમારનો જન્મ પચાસ સ્ત્રી, પચાસ કોટિનો દાયજો, દીક્ષા – ચૌદપૂર્વનો અભ્યાસ, વીશવર્ષનો ચારિત્ર પર્યાય, શેષવૃત્તાંત ગૌતમની જેમ કહેવું. યાવત શત્રુંજયપર્વતપર સિદ્ધિપદને પ્રાપ્ત થયા. (સૂ.૫–) સાતમું અધ્યયન.

सारावली प्रकीर्णकं - सारावली पयन्नो.

आरंभेसु निवत्ता, सव्वठाणेसु मुक्कवावारा;
उच्छिन्नरागदोसा, ति देवा देवयाणंपि. ॥१॥

ते अरिहंता सिद्धा, आयरिया नाणदायगा;
साहू देवाण य जे पुज्जा, नमो त्थु देवाहिदेवाणं. ॥२॥

पणिवाय सयजोगा, सगुणेहिं थोउं निम्मलजसा य;
सव्वजगजीवबंधव, इट्ठविसिट्ठा य जेणेय. ॥३॥

देवेहिं पूईय गुणा, गुणाहिया तेण पूइया लोए;
अहभत्ति गुणाणाऊ, लोओ उवहाण गुणगामी. ॥४॥

एए पंच वि गुरुणो, पहाणगुणभूसिया य सव्वेवि;
निम्मल जसाइ निच्चं, सुरनरपुज्जाकयं चेव. ॥५॥

जो जो भूमिपएसो, पंचहिं पुरिसुत्तमेहिंऽइक्कंतो;
सो सो भणिओ पुज्जो, देवाण व माणुसाणंपि. ॥६॥

उप्पण्णो पुंडरीयनगो, तित्थं कयत्थेहिं फासिओ बहुसो;
सुरनरपुज्जो तेणं, साहूहिं निसेविओ निच्चं. ॥७॥

गुणसंथुओ कओ मे, सारगुणेहिं तु पुंडरीयस्स;
जहा उप्पन्नं तित्थं, तित्थफलं दोवि वन्नेमि. ॥८॥

अवरविदेहुप्पन्ने, तित्थयरे पासिऊणं अरिहंतो;
नारयरिसिस्स जायं, धाईय खंडे जओचिअं. ॥९॥

उप्पईया वेगेणं दाहिण भरहस्स मज्झयारंसि;
पासइ देवुज्जोयं, सिहरम्मि पुंडरीयस्स. ॥१०॥

देवो देवीहिं समं, चारणविज्जाहरा य सिद्धा य;
पूयं करंति पुच्छा, केवल नाणिस्स साहुस्स. ॥११॥

भोजयवंसुप्पन्नो, महुरायां अत्थि पासयंगरुहो;
पुत्तो य धारिणीए, अइमुत्तकुमार नामो त्ति. ।।१२।।

अच्छेरय मण्णंतो, नारयरिसी आगओ अ वेगेण;
पासइ अइमुत्तरिसीं चउव्विह देवेहिं परिकिण्णो. ।।१३।।

सिरि नारओ वि वंदइ, थुणमाणो उग्गसेण कुलवंसो;
उज्जो अ तो सव्व, अइमुत्तिकुमार केवलिणो।।१४।।

पुच्छामि अज्ज एयं, अइमुत्तकुमार केवली सच्चं;
किं पुज्जो एस नगो, किं वा नामेण पुंडरीओ. ।।१५।।

साहामि तुम्म नारया, तित्थयर जेण जत्थ तित्थंमि;
तित्थफलं तु असेसं, जस्स य नामेण पुंडरीओ. ।।१६।।

अवसप्पिणीए पढमं, तित्थयरो आसी रिसह देवुत्ति;
तस्सय पुत्तो भरहो, तस्स सुओ पुंडरीओत्ति. ।।१७।।

उप्पण्णंमि अणंते, केवलनाणंमि उसभसामिस्स;
पढमं समोसरणम्मि य, पडिबुद्धो पुंडरीओत्ति. ।।१८।।

होइ तयणु एयं, उत्तमबुद्धीकरेहि तो धम्मं;
पावेइ दुक्ख मज्झो, नत्थि ह सुक्खं तुहीण जणो. ।।१९।।

तिरियाण दुक्खमहियं, अहिययरं होई नरयवासीणं;
होइ कुमाणुसस्स दुहिया, चवणभयं देवयाणंपि. ।।२०।।

पययं नाऊण फुडं, संसारा चउगईय नीसारा;
चिंतिज्जंतो एसो, असारमेसो अ घरवासो. ।।२१।।

सव्वं अणिच्चमेयं, माया य पिया य पुत्तभजा य;
भोमा य सयणवग्गा, मित्ता भिच्चा य सव्वेए. ।।२२।।

धम्मं सोऊण हिओ, पुंडरीओ अज्जयस्स पयमूले;
सावज्ज जोग विरओ, गुत्तो सो साहु धम्मंमि. ।।२३।।

तुरियं वच्चइ चलिओ, मज्जगई वच्चइ लेसाए;
विसमिऊणं वच्चइ, जेण ण मुक्को हवइ पंथो. ।।२४।।

सुयनाणीहिं भणिओ, सउ पुणं पुंडरीय अणगारो;
ताह गुरुणो भणिओ; गच्छं निऊण विहराहि. ।।२५।।

गुरुणाइट्ठं एयं, सोरट्ठ देसंमि पव्वओ तुंगो;
तंमि नगे चडिऊण, होही नाणं अयं तुज्झं. ।।२६।।

गुरुवयणं घित्तूण, आढत्तो विहरिऊण भरहद्धे; ।
संपत्तो सोरट्ठं, अहियं सुयनाण चारित्ती।।२७।।

विहरंता य सुरट्ठं, पासंति नगं तरूण सच्छन्नं;
गुरुवयणं संभरिअं, एस गिरी अज्ज सो दिट्ठो. ।।२८।।

गुरुणाइट्ठो एसो, सोयट्ठ देसंमि पव्वओ तुंगो;
केवलनाणुप्पत्ती, सुहेण सिद्धिं च लब्भामो. ।।२९।।

नवबंभचेरगुत्ता, दसविह धम्मंमि सुट्ठु आउत्ता;
सत्तरस संजम जुआ, छच्च तव सोसिय सरीरा. ।।३०।।

अट्ठारससहस्सा, सीलंगाण जिणेहिं पन्नत्ता;
ते धारंते धारंति, सुविहिया नाण चरण दंसण विसुद्धा. ।।३१।।

सामाईय माईय, अंगसुयं चउदसाईं पुव्वाइं;
एयाइं गुणमाणा, अच्छंति गिरिं पलोअंता. ।।३२।।

कत्थय रुप्पसिलायल, कत्थय वन्निज्ज पुज्ज संकासो;
कत्थय रयणुज्जासो, कत्थइ दिप्पंत दिट्ठिसुहो. ।।३३।।

गोसीस-मलय चंदण, कप्पूरागर तुरुक्क मणितेउ;
एएहिं गिरि रम्मो, कंकिल्ल केलिमाईहिं. ।।३४।।

पुन्नाग नाग-चंपय, केसर कणीयार पाडलदुमेहिं;
जूहेहिं पारजाय, केसूअ जासूयण संकासो. ।।३५।।

अईमुत्तय जाईहिय, मल्लीय कोरिंट जुहिआ पउरो;
दमणो असोक कुंकुम, सुवण्ण आईय कुसुमेहिं. ।।३६।।

दसविह कप्पदुमेहिं, नानाविह खज्जपिज्ज रसिएहिं;
भूसण वत्थ विलेवण, सयणेहिं विविहेहिं. ।।३७।।

देवाण माणुसाण य, निच्चं चिय भूमि भाग रमणिज्जो;
निवत्त गीयवई अई, सुरभोग सुरगणाणं. ।।३८।।

एयरिसो नगवरो, भूमिओ अट्ठ जोयणुत्तुंगो;
दस जोयण विच्छिन्नो, सिहरे मूले च पन्नासं. ।।३९।।

गयरागो होऊणं, आरुढो पव्वयस्स सिहरंमि;
साहूहिं पुंडरीओ, एकोत्तर पंचकोडीहिं. ।।४०।।

चित्तस्स पुण्णिमाए, मासखमणेण केवलं नाणं
उप्पन्ने सव्वेसिं, पढमयरं पुंडरीयस्स. ।।४१।।

केवलिमहिमं दट्ठुं, पुंडरीए सुरगणेहिं कीरंते;
उप्पन्न नाणरयणा, केवली जाया तओ सव्वे. ।।४२।।

मुक्ख सुहसंपत्ता, सित्तुंज गिरिस्स मत्थए सव्वे;
पुंडरीओ साहूविय, सिद्धो बुद्धो य कयउण्णो. ।।४३।।

देवेहिं कया महिमा, सिद्धिं पत्ताण सव्वसाहूणं;
पुंडरीय केवलिस्स च, सरीरपूया कया विहिणा।।४४।।

पूया काऊण तओ, देवा वच्चंति अप्पणो ठाणे;
पुंडरीयकेवलिस्स वि, भरहेण कयं तो जिणभवणं. ।।४५।।

नवनवइ पुव्वाइं, विहरंतो आगओ सित्तुंजे;
उसभो देवेहिं समं, समोसढो पढमतित्थंमि. ।।४६।।

अवसप्पिणीए अहवयं, पढमो तित्थंकरो अ भविआणं;
तित्थं च पुंडरीयं, पढमयरं सव्वतित्थाणं. ।।४७।।

देवेहि इमं फुडं, जिणेण परिसागएणं भवियाणं;
पुण्णो एस नगवरो, नामेण पुंडरीओत्ति. ।।४८।।

से अट्ठेणं पुज्जो, सिद्धिंपत्ताण केवलीणं तो;
उच्छूढा खीरोदे, तेण सुराणं तु सेत्तुंजे. ।।४९।।

नमी विनमी वेअड्ढे, विज्जाहर चक्कवट्टि नरवईणो;
सिद्धिं गया सेत्तुंजे, केवलिणो दोहि कोडीहिं. ।।५०।।

इक्खागवंससंभव, भरहो रामो अ दसरहसुया य;
उप्पन्ननाणविहवा, पुंडरीए सिद्धिं संपत्ता. ।।५१।।

पज्जुन्न संब सहिआ, अद्धुट्ठाउ कुमार कोडीओ;
पुंडरीए सिद्धिगया, केवलनाणे समुप्पन्ने. ।।५२।।

पंडुसुया पंचजिणा, दविड नरिंदाण पंचकोडीओ;
सिद्धिगया सेत्तुंजे, होऊण केवली सव्वे. ।।५३।।

अज्जवि दीसइ लोए, भत्तं चइऊण पुंडरीयनगे;
सग्गे सुहेण वच्चइ, सीलविहूणो वि होऊणं।।५४।।
तेवीस तित्थयरा, समोसढा इंदचक्कि परिवारा;
तेण य पयडं तित्थं, भरहद्धे पुंडरीयं तु. ।।५५।।
बंभण खत्तिअ वइसा, सुद्दा विण्णाण बाहिरा सव्वे;
तित्थफलं पावंति य, मईवंता ते वि सेत्तुंजे. ।।५६।।
जं लहइ अन्नतित्थे, चरण तवेण बंभचेरेण;
तं लहइ पयत्तेणं, सित्तुंज गिरिंमि संपत्तो. ।।५७।।
जं कोडीए दिन्नं, कामीय आहार भोइयाए य;
ते लहइ तित्थपुण्णं, एकोवासेण सेत्तुंजे. ।।५८।।
गावि सुवन्नदाणं, भूमिदाणेण जं तवे पुण्णं;
तं लहइ पयत्तेणं, पूआ करणेण सेत्तुंजे. ।।५९।।
जो पडिमं चेइयहरे, सित्तुंज गिरिस्स मत्थए कुणइ;
भोत्तूण भरहवासं, वसइ सग्गे निरुवसग्गं. ।।६०।।
जो पुण तवं च तप्पइ, उदभूओ एक्क पायनिक्कंपो;
सित्तुंजे चडिऊण, होइ सुरिंदो नरिंदो वा. ।।६१।।
पूयं करेइ विहिणा, सित्तुंजे चेइयाणि सव्वेसिं;
सो पूइज्जइ निच्चं, देवासुर माणुसेहिंपि. ।।६२।।
संभरइ जो तिसंझं, सित्तुंजो जाइ वेदिउं पसरे;
भाव विसुद्धी तहावि, हुंति तित्थफलं सोउ पुंडरीए. ।।६३।।
सट्ठाणे ठविआसे, संभरमाणस्स वट्टइ पुण्णं;
पावइ सो तित्थंफलं, सेत्तुंजे भावसुद्धीए. ।।६४।।
तित्थाणि तित्थजत्ता, सफले होइ माणुसे लोए;
जाव न दिट्ठो विहिणा, पुंडरीयगिरी सुरट्ठाए. ।।६५।।
जं किंचि नामतित्थं, सग्गे पायाले माणुसे लोए;
तं सयलमेव तित्थं, पुंडरीए वंदिए संते।।६६।।
केवल नाणुप्पत्ती, निव्वाणं आसीतहय सव्वसाहूणं,
पुंडरीए वंदित्ता, सव्वे ते वंदिआ तित्था।।६७।।

अट्ठावय संमेए, चंपा पावाइ उज्जल नगेए;
वंदित्ता पुण्णफलं, सयगुणिअं तंपि पुंडरीए. ।।६८।।

पूआ करणेण पुण्णं, एग गुणं सयगुणं च पडिमाए;
जिण भवणेण सहस्सं, अणंतगुणं पालणे होइ. ।।६९।।

छत्तं झयं पडागं, चामर भिंगारन्हवण कलसाइं;
बलि थालं सित्तुंजे, दिंतो विज्जाहरो होइ. ।।७०।।

वेयड्ढे अ गुणड्ढे, दुण्णवि सेढीण होइ सो राया;
रहदाणं दाऊणं, सेत्तुंजे तित्थठाणंमि. ।।७१।।

जो चडई सित्तुंजे, अट्ठमी चाऊद्दसीए पन्नरसीए;
दुण्हवि पक्खाण फलं, सो होइ परित्तसंसारी. ।।७२।।

नवकार पोरिसीए, पुरिमुड्ढेकासणे आयामे;
पुंडरीयं च संभरंतो, फलकंखी जिणइ भवतिण्हं. ।।७३।।

छट्ठ ट्ठम दसम दुवालसाइं, मासद्ध मासखमणाइं;
तिगरण सुद्धो लहइ, सित्तुंजं संभरंतो अ. ।।७४।।

नारय रिसी तित्थफलं, सोऊण रिसीवराण कोडीए;
सम्मत्त लद्ध बुद्धी, आढत्तो चिंतिउं एवं. ।।७५।।

भूमि सिज्जा वक्कल, नियंसणो मूलसाय फलभक्खी;
जूयाहिं सिरखद्धं, जडाकलावं वहन्तस्स. ।।७६।।

निक्कारण कोह समिओ, परछिद्दाइं मणेण चिंतंतो;
पिसुणो नराणुकंपो, आसी अहं सयल लोअस्स. ।।७७।।

पिसुणत्तणेण अहियं, जुज्जंपि जणस्स य अपावस्स;
लोए निद्दय मणसो, हरिसेण पणच्चिओ गयणे. ।।७८।।

एसो निग्घूणमणसो, आसी अहं माणुसंमि लोअंमि;
इण्हं वच्चामि अहं, जिणोवइट्ठेण मग्गेण. ।।७९।।

जह जह वेरग्गमणो, तह तह सुज्झंति नारयलेसा;
सव्वं खवेइ कम्मं, इह भवियं अण्णभवियं च. ।।८०।।

दिक्खाभिमुहो चलिओ, लोचं करेइ अप्पणो सीसे;
उक्खणइ जडाभारं, पंचहिं मुट्ठीहिं सव्वंपि. ।।८१।।

निम्मायंमि वि लोए, विसुद्धलेसस्स नारयरिसिस्स;
तिहुयण सारं दिट्ठं, उप्पन्नं केवलं नाणं. ॥८२॥

एकोत्तराइ कोडी, सित्तुंज गिरिस्स मत्थए सव्वे;
सिद्धिंगया खीणरया, केवलनाणे समुप्पन्ने. ॥८३॥

अद्धुट्ठा कोडीओ, वारिखिल्लाण रिसीगणाणं तु;
आगया खणेण ते वि हु, नहयलमग्गेण तव सिद्धा. ॥८४॥

देवहिं नारयज्जं, केवलमहिमाइं पूईयं दट्ठुं;
सिद्धिगमणं लभन्ते, सिरिवरनाणे समुप्पन्ने. ॥८५॥

नाणवर केवलिस्सवि, अइमुत्तरिसीस्स सव्वहा जेणं;
नारयरिसिस्स कहियं, तित्थफलं पुंडरीयस्स. ॥८६॥

भोगाण होइ भोगी, दाणं दिंतो अ पुंडरीयनगे;
जो पुण तवं च तप्पइ, सो होइ सुराहिवो सग्गे. ॥८७॥

मुक्खं सुहेण वच्चइ, सित्तुंजगिरिस्स मत्थए घित्तुं;
निस्संगो य निरासो य, जायंतो सुक्क जायंतो. ॥८८॥

सारावलीयं नामं, गाहाण भयउ कोइ थोऊणं;
चिंतन्तो अ पढंतो, मुच्चइ सव्वेहिं रोगेहिं. ॥८९॥

कंतार दुग्गमग्गे, भीसणरण्णे मसाण मज्झंमि;
वच्चइ नरो अविग्घं, सरमाणो पुंडरीयं तु. ॥९०॥

हिरन्तो नइमज्झे, समुद्दमज्झे य नावमारुढो;
सित्तुंजं चिंतंतो, खेमेण नरो समुत्तरइ. ॥९१॥

वाहिग्घत्थो पुरिसो, उप्पायहओ य मारीगित्थो वा;
मुच्चइ सो मरणाउ, पुंडरीयं संभरंतो ऊ. ॥९२॥

झीणविहवो मणुसो, ईसरियं पावये स मुहुत्तेणं;
होऊण अणण्णमणो, जो सित्तुंजं सरिज्ज सया. ॥९३॥

लहइ कुमारी सुवरं, मयवच्छा लहइ पुत्तभंडाइं;
दुहगा सुहवा जाइ, पुंडरीयं संभरंतोऊ. ॥९४॥

अणेय गुणा बहवे, नरनारीण भवन्ति निच्चं;
ता पुंडरीयं चिंतणेण य, दिट्ठेण य सव्वसिद्धीओ. ॥९५॥

लहई य उववासफलं, सित्तुंजे पुप्फमाल दस दिंतो;
वीसाए छट्ठफलं, तीसाए अट्ठमं लहइ. ।।९६।।

चत्तालीसे दसमफलं, पन्नासाए उ खवण बारसगं;
पक्खोववासं लहइ, दाणं दाऊण सेत्तुंजे. ।।९७।।

पासक्खमणं तु लब्भइ, कप्पूरागर तुरूक्क धूवेण;
कत्तिय मासक्खमणं, साहूपडिलाहेण लहइ. ।।९८।।

वैसाहे मासखमणं, पुंडरीए जो करेइ जिणभवणे;
सो होइ चक्कवट्टी, चउसट्ठी सहस्सजुवइपई. ।।९९।।

पडिमा ठवणे पुण्णं, सहस्स दाणेण लहइ सित्तुंजे;
जिणभवणे जं पुण्णं, लक्ख पयाणेण सो लहइ. ।।१००।।

सय दाइ सहस्स दाइ, लक्ख-पयाणेण सत्तीणुसारे;
कीवोइ देइ कागिणी, तिन्नि समा हुंति नायव्वा. ।।१०१।।

उत्तम दाणं दिंतो, उत्तम पुरुसो य होइ अन्न भवे;
मज्झेण होई मज्झो, हीणयरे होइ दारिद्दो. ।।१०२।।

दाणेण होइ भोगी, वच्चइ सग्गे तवेण उज्जुत्तो;
नाणागमं करित्ता, भावविसुद्धो लहइ मुक्खं. ।।१०३।।

जीवियदाणं लद्धं, जीवाण मुक्ख निच्छयं नाउ;
सुहकारणं तु पंथो, मयस्स किं दव्वभोगेहिं. ।।१०४।।

जीवन्तो परिभुंजइ, आहारं पुप्फवत्थ गंधाईं;
तंबोल इत्थीसुहं, सयणासण खज्ज पाणाइं. ।।१०५।।

जीवियदाणं दिंतो, देइ सया जीवभोग परिभोगो;
भोगेत्थिणा निरूत्तं, दायव्वं जीविये जीयं. ।।१०६।।

सग्गं अवस्स वच्चइ, तव संजम समिय गुत्ति संजुत्तो;
दसविह धम्मंमि विऊ, वच्चइ सग्गं निरुवसग्गं. ।।१०७।।

सग्गत्थिणा निरुत्तं, सुव्वइ धम्मो जिणेहिं निदिट्ठो;
सग्गं वा तं न लभे, जिणवयणं जं न सद्दहइ. ।।१०८।।

जीवे जिणपन्नत्ते, असद्दहंतो य जो तवं चरइ;
सो अन्नाणी मूढो, कायकिलेसो होइ तवो. ।।१०९।।

परमत्थो नाणाइसओ, नज्जइ लद्धयं तु तं नाणं;
लद्धं जं संचिज्जइ तह, नज्जइ नाणओ सव्वं. ।।११०।।

नाणत्तो किरिया य, किरियत्ता य दंसण विसोही;
नाणं जिणोवइट्ठं, मुक्खंगे साहूगं लहइ. ।।१११।।


एयं तं नाणवरं, सो वच्चइ जेण लद्धेण;
सेसाइ कुनाणाइं, मुक्खपहं ताइ नासंति. ।।११२।।

आभट्ठो य न देइ, हरइ मुहं अन्नओ पलोएइ;
खीणंमि भंडमुल्लो, किं काहीअ अन्न जम्मंमि ? ।।११३।।

सित्तुंज्जंमि चडंतो, दाणं जो देई अत्थिओ पुरिसो;
एयारिसो य लोए, दाणवई दुल्लहो होइ. ।।११४।।

पढमो जो य मणुस्सो, संसारी दुक्खीओ दरिद्दो य;
बीयो य सया सुहिओ, माणुस जम्मेय सग्गोयं. ।।११५।।

मा हवउ तस्स पावं, सारावली पुत्तयं लिहंतस्स;
लहउ य जसो कित्ती, अइरेणं साहु सक्कारं. ।।११६।।



શ્રી શત્રુંજયનાં સ્તવનો, ચૈત્યવંદનો, પૂજાઓ, સ્તુતિઓ અને થોયોની નોંધ

	પ્રથમ કડી – – – – – – – – – – – –	તેના કર્તા શ્રી
o	માતા મરુદેવીના નંદ –.	શ્રી માણેક મુનિ.
o	વિમલાચલ નિત્ય વંદીએ –.	શ્ર જશ વિજયજી.
o	વિમલગિરિ ક્યું ન ભયે હમ મોર. –	શ્રાવક ઋષભદાસજી.
o	તે દિન ક્યારે આવશે ? શ્રી સિદ્ધાચલ જાશું,	શ્રી ઉદયરત્ન.
o	શેત્રુંજા ગઢના વાસી રે – મુજરો માનજો રે. –	શ્રી ઉદયરત્ન.
o	ચાલો ચાલો વિમલગિરિ જઈયેરે ભવજલ તરવાને.	શ્રી રૂપવિજયજી.
o	મારું મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલેરે,	શ્રી જ્ઞાનવિમલસૂરિ.
o	મનના મનોરથ સવિ ફલ્યારે.	શ્રી પ્રમોદવિજય.
o	વિમલાચલ વિમલા પ્રાણી,	શ્રી શુભવીર વિજય.
o	એક દિન પુંડરીક ગણધરુ રે લાલ.	શ્રી જ્ઞાન વિશાલ.
o	સિદ્ધાચલગિરિ – વિમલાચલગિરિ ભેટ્યારે ધન્ય ભાગ્ય હમારાં,	શ્રી ક્ષમારતન.
o	શ્રી રે સિદ્ધાચલ ભેટવા – મુજમન અધિક ઉમાયો.	શ્રી કાંતિ વિજય.
o	સમકિત દ્વાર ગભારે પેસતાંજી.	શ્રી ખીમા વિજય.

ઉમૈયા મુજને ઘણી જીહો.	શ્રી વાચક રામવિજય.
યાત્રા નવાણું કરીયે વિમલગિરિ.	શ્રી પદ્મવિજય.
શ્રી આદીશ્વર અંતરયામી જીવન જગત આધાર,	શ્રી માણેક મુનિ.
નીલુડી રાયણતળે સુણ સુંદરી.	શ્રી જ્ઞાન વિમલ.
શ્રી સિદ્ધાગિરિ ધ્યાવો ભવિકા સિદ્ધગિરિ ધ્યાવો.	શ્રી જ્ઞાનવિમલસૂરિ.
એ ગિરિઓ ગિરિરાજીઓ – પ્રણમીજે ભાવે.	શ્રી જ્ઞાન વિમલ.
તીરથ વારું એ તીરથવારું સાંભલજો સૌ તારું રે.	શ્રી જ્ઞાન વિમલ.
આદીશ્વર ભેટોરે, શેત્રુંજે જઇ, માતા મરુદેવી કેરોનંદરે,	જ્ઞાની.
ભવિ તુમે વંદોરે, સિદ્ધાચલ સુખકારી.	શ્રી ખીમાવિજય.
મનમોહન સાથે મેળ મલ્યો મનરંગે,	શ્રી શુભવીર.
ગિરિવરિયાની ટોચેરે, જગગુરુ જઇ વસ્યા.	શ્રી કાંતિવિજય.
પ્રથમ જિનેશ્વર પૂજવા સૈયર મોરી,	શ્રી ખીમાવિજય.
સુખકર સકલ મંગલ સુખસિંધુ.	શ્રી વાચકઉદય.
પ્રીતલડી બંધાણી રે, વિમલ ગિરિદશું,	શ્રી ધર્મરત્ન.
સૌ ચાલો સિદ્ધગિરિ જઇયે, ગિરિભેટી પાવન થઇયે.	શ્રી કમલસૂરિ.
સિદ્ધગિરિ મંડણ ઇશ સુણો મુજ વિનતિ.	શ્રી મોહનવિજય.
આજ મારાં નયણાં સફલ થયાં,	શ્રી માણેકમુનિ.
સિદ્ધાચલ સિદ્ધા સુહાવે, અનંત અનંત કહાવે,	શ્રી શુભવીર,
તું ત્રિભુવન સુખકાર ઋષભજિન તું ત્રિભુવન સુખકાર,	શ્રી જ્ઞાન વિમલ.

- o યહ વિમલ ગિરિવર શિખર સુંદર, શ્રી જ્ઞાન વિમલ.
- o વિમલાચલગિરિ ભેટો ભવિયણ ભાવશું.
- o શેત્રુંજય જોયાના કોડ રે, મારું મન મોહ્યું. શ્રી કાંતિ વિજય
- o શેત્રુંજા ગિરિના સોયડારે, દેઉ વધાઇ તોયરે, શ્રી ખીમા વિજય.
- o દાદા આદેશ્વરજી દાદા આદેશ્વરજી દૂરથી આવ્યો.
- o ચાલોને પ્રીતમજી પ્યારા – શેત્રુંજ જઈયે, શ્રી દાન વિજય.
- o આંખલડીયેરે મેં આજ શેત્રુંજો દીઠોરે, શ્રી ઉદયરતન.
- o વીરજી આવ્યા રે વિમલાચલ કે મેદાન, શ્રી પદ્મવિજય.
- o તુમે તો ભલે બીરાજો જી, શ્રી સિદ્ધાચલ કે વાસી, શ્રી પદ્મવિજય.
- o જિણંદા તોરે ચરણ કમલકીરે હું ચાહું સેવા પ્યારી. શ્રી આત્માનંદ
- o બાપલડારે પાતિકડાં તમે શું કરશો હવે રહીને રે, શ્રી જ્ઞાન વિમલ.
- o અબ તો પાર ભયે હમ સાધુ શ્રી આત્મારામ.
- o આપો આપોને લાલ. મોંઘાં મૂલનાં મોતી, શ્રી જ્ઞાન વિમલ.
- o સાંભળી જિનવર મુખથી સાચું, પુંડરીક ગણધારે,
- o વિમલગિરિ વિમલતા સમરીયે, શ્રી વિનયવિજય.
- o દ્વૈત સમાનને અસ્ત સમાનરે, શ્રી જ્ઞાનવિમલ.
- o સિદ્ધાચલનો વાસી પ્યારો, લાગે મોરા રાજીંદા, શ્રી જ્ઞાન વિમલ.
- o વિવેકી ! વિમલાચલ વસીયે, તપ જપ કરી કાયા કસીએ, સં –૧૮૮૪
- o પ્રણમો પ્રેમે પુંડરીક ગિરિ રાજિયો, શ્રી દાનવિજય.

o	ચાલો ચાલોને રાજ. શ્રી સિદ્ધાચલ ગિરિએ,	શ્રી દેવચંદ્ર
o	ચાલો સખી જિનવંદન જઈયે.	શ્રી દેવચંદ્ર
o	પ્રભુજી જાવું પાલિતાણા શહેર કે મન હરખે ઘણુંરે લોલ,	વીરવિજય.
o	શોભા શી કહુંરે શેત્રુંજા તણી રે	શ્રી શુભવીર.
o	જ્ઞાન રયણ રયણાયરું રે,	શ્રી ક્ષેમંકર વિજય
o	સુરપતિ આગળ એમ જંપે, શ્રીવીર જિનેસરું ગિરિરાજ–	
o	શત્રુંજય ગિરિભેટવા જાગ્યો અધિક ઉમાહોરે લોલ.	શ્રી રામ વિજય
o	સિદ્ધાચલ વંદોરે નરનારી,	શ્રી જ્ઞાનઉદ્યોગ.
o	શ્રી સિદ્ધાચલ ભેટીએરે મિત્તા, મહિમાનો નહિ પારરે,	શ્રી બુદ્ધિનીતિ.
o	ભવિ આવોજી, શેત્રુંજો ભેટીએ,	કેશરવિમલ.
o	પ્યારી તે પિયુને વિનવે હો રાજ, આપણ જઈયે	શ્રી ઉદય વિજય.
	શેત્રુંજાગિરિ યાત્ર, વારિ મારા સાહિબા,	
o	વિમલાચલ જઇ વસીયે, ચાલોને સખી, વિ.	શ્રી લક્ષ્મી વિજય.
	શ્રી શત્રુંજય મહિમાગર્ભિત નવ્વાણું યાત્રા પૂજા	**પદ્મવિજયજી.**
	અથવા નવ્વાણું અભિષેકની પૂજા.	

૧ – યાત્રા નવાણું કીજીએ, શ્રી સિદ્ધાચળ કેરી,

૨ – બાહ્ય અભ્યંતર શત્રુનો જય થાયે જિણઠામેરે;

૩ – ચક્રી ભરત નરેશ્વરું, સાંભળી દેશના તાત હો.

૪ – મુક્તિપણે પંથે વહતા, પામી કેવળજ્ઞાનરે;

૫ – નેમિ વિના ત્રેવીશ જિના, આવ્યા ઇણ ગિરિરાય.

નવ્વાણું પ્રકારી – શ્રી વીર વિજયજી કૃત

૧ – યાત્રા નવાણું કરીએ સલુણા, કરીયે પંચ સનાત;

૨ – ગિરિવર દરિસણ વિરલા પાવે, પૂરવ સંચિત કર્મ ખપાવે ;

૩ – ધન ધન તે જગ પ્રાણિયા, મન મોહન મેરે, કરતા ભક્તિ પવિત્ર;

૪ – અને હારે વ્હાલો વસે વિમલાચલેરે,

૫ – સંવત એક અઠ્ઠલંતરેરે, જાવડશાનો ઉદ્ધાર ;

૬ – સખરેમેં સરખી કોણ, જગતકી મોહની;

૭ – આવ્યા છું આશભર્યા રે વાલાજી અમે આવ્યાં રે આશ ભર્યા.


૮ – ભરતને પાટે ભૂપતિરે, સિદ્ધિવર્યા એણેઠાય સલૂણા;

૯ – સિદ્ધાચળ શિખરે દીવોરે, આદીશ્વર અલબેલો છે.

૧૦ – એમ કેઇ સિદ્ધિવર્યા મુનિરાયા, નામથી નિર્મળ કાયારે,

૧૧ – તીરથની આશાતના નવિ કરીયે, નવિ કરીયે રે નવિ કરીયે,





સ્તુતિ - થોય

પ્રથમ કડી - - - - - - - - - - - - - - - તેના કર્તા.

- શ્રી શત્રુંજય તીરથસાર, ગિરિવરમાં જેમ મેરુ ઉદાર - શ્રાવક ઋષભદાસ
- શ્રી શત્રુંજય મંડણ - ઋષભ જિણંદ દયાલ, - રવિ - બુધ સાગર
- શ્રી શત્રુંજય મુખ્યતીર્થ તિલકં
- શ્રી શત્રુંજય મંડણ - રિસહ જિણેસર દેવ, - શ્રી જ્ઞાનવિમલસૂરિ
- ત્રેસઠ લાખ પૂરવ રાજકરી, લીયે સંયમ અતિ આણંદધરી, - શ્રી જ્ઞાનવિમલસૂરિ
- શ્રી શત્રુંજય મંડણ-રિસહજિણંદ, પાપતણો ઉન્મૂલે કંદ - શ્રી જ્ઞાન વિમલસૂરિ
- પ્રણમો ભવિયા રિસહ જિણેસર, શત્રુંજય કેરો રાયજી - શ્રી જ્ઞાન વિમલસૂરિ
- ચૈત્રી પૂનમદિન, શત્રુંજયગિરિ અહિઠાણ. - શ્રી જ્ઞાન વિમલસૂરિ
- વંદુ સદા શત્રુંજય તીર્થરાજે, - શ્રી જ્ઞાન વિમલનસૂરિ
- ઋષભદેવ નમું ગુણનિર્મલા, દૂધ માંહે ભેલી સીતોપલા - જ્ઞાન વિમલ
- સવિ મલિકરી આવો, ભાવના ભવ્ય ભાવો. - જ્ઞાન વિમલ
- જિહાં ઓગણ્યોતેર કોડાકોડી, તેમ પંચાશી લાખવળી જોડી - જ્ઞાન વિમલ
- શત્રુંજય સાહેબ પ્રથમ જિણંદ, નાભિ ભૂપ કુલ કમલ દિણંદ, - જ્ઞાન વિમલ
- સકલ મંગલ લીલા મુનિ ધ્યાન, પરભવ ઘૃતનું દીધું દાન,
- પુંડરીક ગણધર પાય પ્રણમીજે, આદીશ્વર જિનચંદાજી - સૌભાગ્યવિજય

- વિમલાચલ મંડણ, જિનવર આદિજિણંદ, – દેવચંદ્ર
- શ્રી શત્રુંજય આદિજિન આવ્યા, પૂરવ નવ્વાણું વારજી.
- સોવનવાટી ફૂલડે છાઇ.

ચૈત્યવંદનો

પ્રથમ કડી – – – – – – – – – – – – – – – તેના કર્તા.

- વિમલ કેવલજ્ઞાન કમલા–કલિત ત્રિભુવન હિતકરં – પદ્મવિજય,
- સિદ્ધાચલ શિખરે ચઢી, ધ્યાન ધરો જગદીશ, શુભવીર વિજય.
- શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિવારે;
- શ્રી શત્રુંજય માહાત્મ્યની, રચના કીધી સાર;
- શત્રુંજય શિખરે ચઢિયા સ્વામી, = નય વિમલ.
- પ્રેમે પ્રણમો પ્રથમ દેવ, શત્રુંજય ગિરિ મંડણ = નયવિમલ.
- ચૈત્રી પૂનમદિને, જે ઇણ ગિરિ આવે, = જ્ઞાન વિમલ
- આદીશ્વર જિનરાયનો, પહેલો જે ગણધાર; = જ્ઞાન વિમલ.
- શ્રી સિદ્ધાચલ તીર્થનાયક, વિશ્વતારક જાણીયે, = માણેક વિજય.
- નમો આદિદેવં – નમો આદિદેવં, = ચિદાનંદ
- શ્રી તરણ તારણ – કુગતિવારણ – સુગતિકારણ જગગુરુ = હંસ વિજય.
- ધુર સમરૂંશ્રી આદિદેવ, વિમલાચલ સોહીયે, = સિદ્ધિવિજય

o કલ્પવૃક્ષની છાંયડી, નાનડીયો રમતો, = ઉદયરત્ન.

o શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, સિદ્ધાચલ સાચો. = દાન વિજય.

o શ્રી શત્રુંજય ગિરિવંદીએ, સકલ તીરથ જગસાર, = રૂપવિજય.

o જય જય નાભિ નરિંદનંદ, સિદ્ધાચલ મંડણ,

o વિમલ ગિરિવર સયલ અઘહર – ભવિકજન મનરંજનો,

o સકલ સુહંકર સિદ્ધક્ષેત્ર, સિદ્ધાચલ સુણીએ, = ધનવિજય.

શ્રી આદીનાથ પ્રભુ શ્રી શત્રુંજયઉપર નવ્વાણું પૂર્વવાર (લખત) સમવસર્યા તેની સમજ.

ઘેટીપાગથી શ્રી શત્રુંજય ઉપર ચઢી રાયણવૃક્ષની નીચે ફાગણ સુદિ –૮– ના દિવસે –૯૯– પૂર્વવાર પધાર્યા – સમવસર્યા તેની ગણતરી.

૮૪ – લાખ વર્ષને –૮૪– લાખ વર્ષે ગુણતાં જે સંખ્યા આવે તેને એક પૂર્વ કહેવામાં આવે છે.

૮૪૦૦૦૦૦ × ૮૪૦૦૦૦૦ = ૭૦.૫૬.૦૦.૦૦.૦૦.૦૦.૦૦. આટલી સંખ્યા એક પૂર્વમાં થાય. એટલે સિત્તેર લાખ ક્રોડ – છપ્પન હજારક્રોડ વર્ષ થાય. સંખ્યાની દૃષ્ટિએ આ એક પૂર્વનું પ્રમાણ થયું.

o આવા –૯૯– પૂર્વવાર સ્પર્શના કરવા માટે શ્રી આદીશ્વર ભગવંત શ્રી શત્રુંજયગિરિપર સમવસર્યા– પધાર્યા. તે એક પૂર્વની સંખ્યાને ૯૯– વાર ગુણતાં નીચે પ્રમાણેની સંખ્યા આવે.

૭૦૫૬૦૦૦૦૦૦૦૦ × ૯૯ = ૬૯૯૫૪૪૦૦૦૦૦૦૦૦

o આ સંખ્યાને શાસ્ત્રીય પરિભાષામાં બોલવી હોય તો આ રીતે બોલી શકાય. અગણોસિત્તેર કોડાકોડી,

પંચાશીલાખ ક્રોડ, અને ચુમ્માલીશ હજાર ક્રોડ થાય, આટલી સંખ્યાને નવ્વાણું પૂર્વ કહેવાય.

૦ ચૈત્રી પૂનમના દેવવંદનમાં – પાંચમા જોડામાં પ્રથમ થોયમાં લખ્યું છે.

ફ્ર જિહાં ઓગણોતેર કોડાકોડી, તેમ પંચાશી લાખવળી જોડી, ચુમ્માલીસ સહસકોડી;

સમવસર્યા જિહાં એતીવાર, પૂર્વ નવ્વાણું એમ પ્રકાર, નાભિ નરિંદ મલ્હાર –૧–

૦ અત્યારની આપણી ભાષામાં બોલવું હોય તો –૬૯– લાખ – ૮૫ – હજાર– ૪૪૦ અબજ એમ બોલી શકાય, આટલીવાર શ્રી આદીશ્વર ભગવાન ઘેટી પાગથી ફાગણ સુદિ–૮– ના દિવસે ગિરિરાજ ઉપર રાયણવૃક્ષની નીચે પધાર્યા હતા.

૦ તે સમયે જીવોનાં આયુષ્ય કેટલાં લાંબાં હશે ? તે ખાસ સમજવા જેવું છે. શ્રી આદીશ્વર ભગવાન ઉપર પધારીને રાયણવૃક્ષની નીચે જ બેસીને ધર્મોપદેશ આપતા હતા,

શ્રી આદીશ્વર ભગવાનનું આયુષ્ય–૮૪– લાખ પૂર્વનું હતું, તેમાંથી તેઓ–૮૩– લાખ પૂર્વ સુધી ગૃહસ્થ અવસ્થામાં (સંસારમાં) રહ્યા અને પછી દીક્ષા લઈને એક લાખ પૂર્વ વર્ષમાં આ બધું થયું. શ્રી આદીશ્વર ભગવંતે ગિરિરાજની પૂર્વ નવ્વાણુંવાર સ્પર્શના કરી, ત્યારે અહીં એમને યાત્રા કરવા માટે (સમવસરવા માટેનો)સમય છે એક લાખ પૂર્વ વર્ષ. એટલે ગિરિરાજ ઉપર પૂર્વનવ્વાણુંવારની ગણતરી બરોબર બંધ બેસી શકે છે.

૦ શ્રી આદીશ્વર ભગવંત પૂર્વ – ૯૯– વાર (વખત) શ્રી શત્રુંજયપર સમવસર્યા હતાં. તેને અનુસરીને આપણું આયુષ્ય ખૂબજ ટૂંકું હોવાથી ફક્ત–નવ્વાણું જ (૯૯) યાત્રા કરીએ છીએ.

૦ શ્રી આદીશ્વર ભગવાન જે પૂર્વ નવ્વાણુંવાર ગિરિરાજ ઉપર પધાર્યા હતા તે ઘેટીની પાગેથી પધાર્યા હતા, અત્યારે તો આપણે પાલિતાણા ગામ આ બાજુ વસી ગયેલું હોવાથી આ બાજુથી જ ચઢીને નવ્વાણું કરીયે છીયે. પણ આપણી મૂળવાત ભૂલી ન જવાય તેથી તેની વિધિમાં લખ્યું છે કે " નવ્વાણું યાત્રામાં ઓછામાં ઓછી નવયાત્રા ઘેટીની પાગની કરવી જ "વધારે થાય તો ધન્ય ભાગ્ય. નહિતર છેવટે નવ તો કરવી જ.

તેનો અર્થ કેટલાક અણસમજુ ભાવિકોએ એવો કર્યો કે " ઘેટી પાગની યાત્રા નવથી વધારે નથાય " પણ આ સમજણ એકદમ ખોટી – અને ભૂલ ભરેલી છે. સમજવાનું એમ છે કે વધારે થાય તો સારું, નહિતર છેવટે નવ તો કરવી જ જોઈએ.. કારણ કે શ્રી આદીશ્વર ભગવાનની મૂળસ્પર્શના તો ત્યાંથી જ હતી. તે વાત ભુલાવી ન જોઈએ.

ફ્ર આપણા પૂર્વ મુનિઓએ કેવો અનુપમ ઉપકાર કર્યો છે કે પૂર્વ નવ્વાણું વારની ગણતરી કરીને આપણને સમજાવવા માટે થોય બનાવી છે.

શું કોઇ ભાવિક આત્મા શ્રાવક – શ્રાવિકા કે પૂ. સાધુ – સાધ્વીજી ભગવંત ત્યાં ઘેટી પાગ તરફ સ્થિરતા કરીને ઘેટી પાગથી નવ્વાણું યાત્રા કરે તો શું ન ચાલે ? ચાલે જ . તે તો સોનામાં સુગંધ ભળ્યા જેવું સુંદર કામ કહી શકાય.



નાનકડા – દેખાતાં ગિરિરાજ એવા શ્રી શત્રુંજયમાં –૨૦ ક્રોડ મુનિઓ કેવી રીતે સમાયા હશે ?

(૧) ગિરિરાજ ૫૦ – યોજન લાંબો અને ૫૦–યોજન પહોળો હોવાથી તેનું કુલ ક્ષેત્રફળ – ૨૫૦૦ , યોજન થાય છે.

(૨) હવે એક યોજનમાં ગણતરી કરતાં કુલ – ૨૫૬૦૦૦૦૦, ૨૫ ક્રોડને ૬૦ – લાખ માણસો સમાઇ શકે.

(૩) આથી – ૨૫૦૦, યોજનની અંદરકુલ ૬૪ – હજાર ક્રોડ માણસો સમાઇ શકે છે.

(૪) તેથી ૨૦, ક્રોડ મુનિઓને સમાવવામાં વાંધો નથી. કારણ કે આટલા મુનિઓ તો ફક્ત બેજ યોજનથી પણ ઓછી જગ્યામાં સમાઇ શકે છે.

(૫) ત્યારે –૨૦– ક્રોડ મુનિઓ સમાવ્યા પછી આપણી પાસે ૨૪૯૮ યોજન જમીન ખાલી જ રહે છે.

(૬) હવે એક યોજનમાં ઉપર કહ્યું તેમ –૨૫–ક્રોડને ૬૦–લાખ માણસો સમાઇ શકે તેનું ગણિત આ રીતે છે.

(૭) ગણતરી શરુ કરીએ.

એક યોજનના ચાર ગાઉ થાય અને એક ગાઉના–૨૦૦૦, ધનુષ્ય થાય. એટલે કે ૨૦૦૦ ધનુષ્યને –૪– ગાઉથી ગુણતાં–૮૦૦૦, ધનુષ્ય એક યોજનના થાય,

(૮) સામાન્ય રીતે મનુષ્ય એક ધનુષ્ય (૪–હાથ) પ્રમાણની કાયાવાલો હોય. એટલે એક યોજનની એક ધનુષ્યની લાઇનમાં –૮૦૦૦, માણસો સહેલાઇથી સૂઇ શકે.

(૯) મનુષ્ય લંબાઈમાં હોય તેના કરતાં પહોળાઈમાં ચોથો ભાગ હોય એટલે આ લંબાઈમાં જેટલા માણસો સૂઈ શકે તેના કરતાં પહોળાઈમાં ચારગણા વધારે સૂઈ શકે છે.

૮૦૦૦ × ૪ = ૩૨૦૦૦ એક યોજનના એક ધનુષ્યની લાંબી અને પહોળી લાઈનમાં હિસાબ કાઢવા માટે – ૩૨૦૦૦ ને ૮૦૦૦ વડે ગુણવા પડશે. ને તે પછી જે જવાબ આવશે તેટલા (સૂતા) માણસો એક યોજનમાં સમાઈ શકે છે.

૩૨૦૦૦ × ૮૦૦૦ = ૨૫૬૦૦૦૦૦૦


(૧૦) ૨૫-ક્રોડને ૬૦ – લાખ માણસો એક યોજનની ભૂમિમાં ઉપરના ગણિત પ્રમાણે સમાઈ શકે છે. હવે ગિરિરાજનું કુલ ક્ષેત્રફલ – ૨૫૦૦, યોજન હોવાથી ૨૫૬૦૦૦૦૦૦ આ સંખ્યાને ૨૫૦૦૦, ગુણતાં ૬૪૦૦૦૦૦૦૦૦૦૦, ચોસઠ હજાર ક્રોડ માણસો ૫૦- યોજનમાં સમાઈ શકે છે. તેનું આ ગણિત બતાવ્યું.

(૧૧) ગિરિરાજમાં ૨૦, ક્રોડ મુનિઓ કેવી રીતે સમાયા ? તેની ગણતરી કરતી વખતે તે વખતના શ્રી શત્રુંજયનું ક્ષેત્રફળ મનમાં નક્કી કરવું અને પછી ઝાડપાનવાલી જગ્યા, લોકોની અવર જવરની જગ્યા. ખાડા-ટેકરાવાલી ભૂમિ-દેરાસરોને દેરીઓની જગ્યા. પગથિયાંની જગ્યા વગેરે છોડી દેતાં પણ આટલા મુનિઓ સમાવવામાં જરાપણ વાંધો નથી. ગણતરી કર્યા વગર કોઇ પણ વસ્તુ યથાસ્થિત ન સમજાય.

(૧૨)આપણે આપણી ટૂંકી દૃષ્ટિએ ગિરિરાજની મૂળ ટેકરીનેજ શ્રી શત્રુંજય માનીને ગણતરી બેસાડીએ છીએ પણ તે વાત બરોબર નથી કારણ કે આ ગિરિરાજની એક સમયમાં -૧૦૮- ટેકરીઓ હતી. અત્યારે વર્તમાન સમયમાં પણ-તળાજા-શિહોર-કદંબગિરિ-હસ્તગિરિ વગેરે ટેકરીઓ પણ શ્રી શત્રુંજયના ભાગ રૂપેજ ગણાય છે. તે રીતે જો ઉપરની ગણતરી કરવા બેસીએ તો જરાપણ શંકાને સ્થાન મલતું નથી.

અરે જરાક આગળ વધીને કહું તો શ્રી ગિરનારને પણ શ્રી – શત્રુંજયની પાંચમી ટૂક કહી છે. એટલે એક સમયે ગિરિરાજનું પ્રમાણ ખૂબજ વિસ્તારવાળું હતું.





શ્રી ગિરિરાજપર ચઢતાં વચમાં આવતી દેરીઓ વિસામા-કુંડો ને પરબો

જયતલાટીમાં દર્શન-ચૈત્યવંદન કરી-ગોવિંદજી જેવત ખોનાના દેરાસરમાં-ધનપતસિંહજી બાબુના દેરામાં અને ૧૦૮-તીર્થદર્શન સમવસરણ મંદિરમાં દર્શન કરી ઉપર ચઢતાં પહેલાં હડાના છેડાઉપર ઘોળી પરબનો વિસામો આવે છે. તેમાં ધોરાજીવાલા અમૂલખ ખીમજીની પરબ છે. તેની સામે એક દેરીમાં ભરત ચક્રવર્તીનાં પગલાં છે.

આગળ વધતાં સીધું ચાલવાનું પૂરું થાય ત્યાં નવો કુંડ- ઇચ્છકુંડ અને વિસામો આવે છે. તેને સુરતવાળા ઇચ્છાચંદશેઠે સં- ૧૮૬૧-માં બંધાવેલો હતો. તેની ઉપર થોડાક પગથિયાં ચઢતાં પગલાં છે.

તેનાથી ઉપર ચઢતાં લીલી પરબનો વિસામો આવે છે. તે પરબ કચ્છના વતની ડાહ્યાભાઇ દેવશીએ બનાવેલ છે. તેનાથી આગળ ચઢતાં ગુજરાતના સોલંકી રાજા કુમારપાલે બંધાવેલો વિસામો અને કુંડ છે. અને તેથી તેને કુમારકુંડ કહેવાય છે. તેની પાસે એક દેરીમાં શ્રી આદિનાથ પ્રભુનાં પગલાં છે. આ વિસામામાં સુરતવાળા તલકચંદભાઇ તરફથી પરબ બેસે છે.

તેનાથી ઉપર ચઢતાં હિંગલાજનો હડો આવે છે. તેનો ચઢાવ જરા ઊંચોને કઠિન છે. તેથી લોકોમાં આ પ્રમાણે કહેવત ચાલી.

હિંગલાજનો હડો, કેડે હાથ દઈને ચઢો;

બાંધ્યો પુન્યનો પડો, ફૂટ્યો પાપનો ઘડો;

આ ઠેકાણે એક દેરીમાં હિંગલાજ દેવીની મૂર્તિ છે. આ સ્થાપના અંબામાતાની છે. તેની વિગત જાણવા માટે હિંગુલયક્ષની વાર્તા વાંચવી જોઇએ., શેઠ કુટુંબના લોકો કર કરવા આવે ત્યારે ખાસ અહીં પગે લાગે છે. અહીં હિંગલાજના હડે આવીએ ત્યારે ગિરિરાજપર ચઢવાનો અર્ધોભાગ ચઢી ગયા એમ કહેવાય છે. અહીથી થોડુંક ચઢતાં હીરજીભાઇ નાગજીભાઇના નામથી પાણીની પરબ ચાલે છે. અને સામેના ભાગમાં દેરીમાં શ્રી કલિકુંડ પાર્શ્વનાથ પ્રભુનાં પગલાં છે. અહીથી જૂનો અને નવો એમ બે રસ્તા છે. તેમાં જૂના રસ્તે ચાલતાં " નાનો મનમોડીઓ " આવે છે. તેની પાસે એક દેરીમાં પગલાંની જોડ છે. ત્યાં દર્શન કરી આગળ ચઢતાં " મોટો મન મોડીઓ " આવે છે.

આ કહેવાતા જૂના રસ્તાને સહુ પ્રથમ વસ્તુપાલ - તેજપાલે બનાવેલ હતો. તે વખતે તેનું નામ "સંચાર પાજા" એમ કહેવાતું હતું. એટલે " ચાલવાનાં પગલાં " આ બન્ને મનમોડીઆ પૂરા થાય ત્યાં જૂનો ને નવો રસ્તો ભેગો થઇ જાય છે. ત્યાં છાલા નામનો કુંડ અને વિસામો આવે છે. ત્યાં સામ સામી બે પરબો ચાલે છે. તેમાં એક કુંડની પાસે પરબ છે તે અમરચંદ ખીમચંદની અને બીજી શેઠ હેમાભાઇ તરફથી ચાલે છે. તેની પાસે એક દેરી છે. તેમાં ચાર શાશ્વતા

જિનનાં પગલાંની ચાર જોડી બિરાજમાન છે.

અહીથી પણ જૂનો અને નવો રસ્તો શરુ થાય છે. તેમાં હાલમાં જૂના રસ્તે લગભગ કોઇ જતું નથી. અને નવા રસ્તે ચઢતાં થોડાંક પગથિયાં પછી તપગચ્છના શ્રી પૂજ્યના નામે ઓળખાતી દેરી આવે છે. તેનું કંપાઉન્ડ ખૂબજ મોટું છે. એક દેરીમાં વિજ્યદેવેન્દ્ર સૂરિનાં પગલાં છે. એક દેરીમાં ધરણેન્દ્ર અને પદ્માવતિની મૂર્તી છે. બાકીની –૧૪– દેરીમાં જુદાં જુદાં પગલાં છે. અને તેમાં વચમાં એક કુંડના આકારની મોટી વાવ છે. તેમાં ચાર ખૂણે દેરીમાં પગલાં છે. અને એક ઓરડામાં શ્રી ગૌતમ સ્વામીની મૂર્તિ ને પગલાં છે.

અહીથી પગથિયાં ચઢયાં પછી સીધું ચાલવાનું શરુ થાય છે. તેમાં થોડું ચાલ્યા પછી એક ઓટલાવાળી દેરીમાં–અઈમુત્તા નારદજી –દ્રાવિડ અને વારિખિલ્લની કાઉસ્સગ્ગિયા પ્રતિમા છે. આ સ્થાને કાર્તિક પૂનમનો મહિમા છે. કાર્તિકી યાત્રા કરનારે અહી અવશ્ય યાત્રા કરવી જોઇએ.

દેરીની બાજુ પરની સામે હીરબાઇનો કુંડ વિસામો અને પરબ આવે છે. ત્યાંથી ખૂબજ સીધું ચાલવાનું છે. અને થોડાંક પગથિયાં ચઢયા બાદ રસ્તાપરનો છેલ્લો કુંડ, ભૂખણ દાસે બંધાવેલો છે. અહીના સ્થાનિક લોકો તેને બાવળ કુંડ કહે છે. આ કુંડને બનાવનારે જ રાણાવાવ બંધાવી હતી. તેની સામેજ ઊંચા ઓટલાપર એક દેરીમાં રામ–ભરત – શુકરાજા–શેલગાચાર્ય અને થાવચ્ચાપુત્રની કાઉસ્સગ્ગિયા પ્રતિમાજી છે. તેનાં દર્શન કરી આગળ જતાં એક દેરીમાં પગલાંની જોડ છે.

ત્યાંથી ઉપર ચઢતાં હનુમાનધાર આવે છે. તેને છેલ્લો હડો કહેવાય છે. ત્યાં એક દેરીમાં હનુમાન વીરની મૂર્તિ છે. તેની સામે વડલાની શીતળ ને વિશાલ છાયાવાળો ઓટલો છે. જેનો સર્વે યાત્રિકો વિસામા તરીકે ઉપયોગ કરે છે. અને પછી નક્કી કરે છે કે નવટૂકમાં થઈને દાદાની પાસે જવું કે સીધા જ દાદાની ટૂકમાં જવું ? અહી ઓટલા પર બે દેરીમાં પગલાં છે. અહી સુરતવાળા તરફથી પાણીની પરબ ચાલે છે. નવટૂકના જમણા રસ્તે ચઢતાં એક બાજુ પરના ભાગમાં અંગારશાની પીર (દરગાહ) આવે છે. તેની વાર્તા આ પુસ્તકમાં આપેલી છે. ત્યાંથી નવટૂકમાં જવાય. તેનો ઇતિહાસ વાંચી લેવો. અને નવટૂકમાં જવું ન હોય તો ડાબા હાથે સીધા જ ચાલતાં આગળ જમણા હાથે પથ્થરમાં પગથિયાં કોતરીને જાલી–મયાલી અને ઉવયાલીની મૂર્તિ કોતરેલી છે. તેનાં દર્શન કરી આગળ જતાં સહુપ્રથમ રામપોળ દરવાજો આવે છે. આ પોળની બહાર કચ્છના વતની અરજણ નરશી તરફથી ઠંડા તથા ઉકાળેલા એમ બન્ને પાણીની પરબ ચાલે છે.

એક સમયમાં જ્યારે મોતીશાની ટૂક નહોતી બંધાઇ ત્યારે આપણે બધા દાદાની ટૂકમાં આવવા માટે નવટૂકનાજ રસ્તે જતા હતા. પણ કુંતાસરની ખીણ પૂરીને મોતીશાની ટૂક બંધાતા આપણા માટે આ રામપોળનો રસ્તો ચાલુ થયો.

રામપોળમાં દાખલ થતાં પંચ શિખરી અને ત્રણ શિખરી જે બે દેરાંઓ છે તેનાં દર્શન કરી મોતીશાની ટૂકમાં દર્શન કરીને પાછળની બારીથી નીકળીને દાદાની ટૂકમાં જઇએ. તે વખતે મોતીશાની ટૂકનો જે પાણીનો વિશાલ કુંડ છે તેને જોઇએ. તેને કુંતાસરનો કુંડ કહેવાય છે. પછી નવટૂકના ઇતિહાસમાં દાદાની ટૂકનું વર્ણન છે તે વાંચવું.

મોતીશા શેઠનો જલ-જાત્રાનો-વરઘોડો

હવે સામગરી સજી કરી, જીએ જલજાત્રાનો વરઘોડો, તિરથ જલ લાવે છે,

લાવે લાવે મોતીચંદ શેઠ, ન્હવણ જલ લાવે છે,

ન્હવરાવે મરુદેવાનંદ, પ્રભુ પધરાવે છે. તિરથ - ૧ -

શહેરાનાં સર્વે વ્યવહારીયાં, વરવેશ ધરી રથ જોડ તિરથ - ૨ -

સાંબેલાં ઘણાં શણગારીયાં, જાણે દેવકુમાર અવતાર, તિરથ - ૩ -

ગાવે ગીત ભલે ગુણવંતીઓ, વલી તોરણ ઘેર ઘેર બાર, તિરથ - ૪ -

અષ્ટમંગલ ધરી આગે ચલે, બોલે જાચક મંગલાચાર, તિરથ - ૫ -

ઊંચી કરી ધજાવે જાવે તિહાં, ચારટ બગીયોનો બનાવ, તિરથ -૬ -

મેલ મોહોલે જોવાને ચઢી, જોવા જેવો બન્યોરે જમાવ, તિરથ - ૭ -

લઘુ હસ્તિ જો ચાલે ચાલંતી, એક મહાવત ર્ક્યો રે અંકુશ , તિરથ - ૮ -

વાજાં વાગેરે વીલાતનાં, ભલી પડેરે નગારાંની ધૂસ, તિરથ - ૯ -

ટઉંકે સોણાઈ આઠે ઉકંતિ, ચાલંતી ભલે ઝલકાર, તિરથ - ૧૦ -

ઝીણાં ઝીણી નીસાણ તે ઝગમઘે, ગારદી તૂરક અસવાર, તિરથ - ૧૧ -

આઠ છત્ર ધરી ચામર ધરે, સજી ઇન્દ્ર ધજા સંગાથિ - તિરથ - ૧૨ -

અલબેલી સાહેલીયો સાથમેં, નમણ દીવો સોગણીને હાથ, તિરથ - ૧૩ -

ભૈરવ ભૂંગળ વેણા વાજંતી, વાજિંત્ર વચન પરકાશ, તિરથ - ૧૪ -

ઘણું ધૂપ ઘટા ગગને ચાલે, વલી નવલાં નવ નવાં વેશ, તિરથ – ૧૫ –

શેઠ સાજન મોટાં સંચર્યાં, બાલોભાઇ– તિકમભાઇ સાથ, તિરથ – ૧૬ –

ચામર ઢલેસી પાલખી, માંહિ બેઠા જગતના નાથ, તિરથ – ૧૭ –

કરજોડિ કરે સહુ વંદના, પ્રભુ રહેજો હઇડા પાસ, તિરથ – ૧૮ –

દેવ દેવી મલી ગગને સવિ, તલ પડવાનો આઠ્સાક, તિરથ – ૧૯ –

હાથી – ઘોડા વલી પાલખી, ગાડાં વેહેલાંનો નહિં પાર, તિરથ – ૨૦ –

ટોપીવાલો હલક જોઇ હરખીયો, વરઘોડો ચાલ્યો પોલબાર, તિરથ – ૨૧ –

વડ શીતલ છાયા ચાલંતા, સહુ પોહોંતા વાડી મઝાર, તિરથ – ૨૨ –

વરઘોડો તિહાં જઇ ઉત્તરીયો, દેવનૂત્તરીયા તેણીવાર, – તિરથ – ૨૩ –

તસ આપે અનુક્રમે બાકુલા, ભાણે મંત્રી આગમ ઉપવાસ, તિરથ – ૨૪ –

વિધિ જાણ્યા શ્રાવક વિધિ સાચવે, નવિ ભૂલ પડે લવ લેશ, તિરથ – ૨૫ –

જલ કુંભ ભરી શ્રીફળ ઠવી, શિર ધરેરે સુહાગણ નાર, તિરથ – ૨૬ –

વલીઓ વરઘોડો શહેરમાં, ઊતરીયો પ્રભુ દરબાર, તિરથ – ૨૭ –

રાત્રિજગો પૂજા પરભાવના – સાચવી સકલ વિવેક – તિરથ – ૨૮

શુભવીર પ્રભુના શાસને, શેઠ ધરતાં ધરમની ટેક, તિરથજલ લાવે છે. ॥ ૨૯ ॥

આ જલજાત્રાના વરઘોડાનું કાવ્ય જૂના હસ્તલેખિત પાનામાંથી પ્રાપ્ત થયેલ છે. અને તે મુંબઈ ભાયખાલાના દેરાસરની પ્રતિષ્ઠા પ્રસંગે બનાવેલ હોય તેમ લાગે છે.



પાલિતાણાનાં - ધાર્મિક - સ્થળો

(મંદિરો - ઉપાશ્રયો - બોર્ડિંગો - ભક્તિ રસોડાં)

શ્રી તીર્થાધિરાજ શત્રુંજયની તળેટીમાં વિસ્તાર અને જૂના દેરાની દૃષ્ટિએ બાબુના દેરાસરનાં દર્શન કરવાં.

૧૦૮ - તીર્થોનું - સમવસરણનું અને અષ્ટાપદનું આ બધાનું એકજ ઠેકાણે દર્શન કરવાનું પુણ્ય પ્રાપ્ત થાય છે તે સમવસરણ મંદિરનાં દર્શન કરીએ. પછી ભાવિક જીવોને વિષમ કાલમાં તરવાનાં સાધન જિનબિંબ અને જિનાગમ આ બેજ છે. તેને સચિત્ર રીતે જયાં દર્શન કરવા મલે તેવા આગમ મંદિરનાં દર્શન કરવાં, પછી જિન શાસનની એક મૌલિક માન્યતા છે કે સૂર્ય - ચંદ્રજ ફરે છે. તેને સચોટ રીતે પુરવાર કરતા શ્રી જંબુદ્વીપ મંદિરનાં દર્શન કરીએ.

અન્ય ક્ષેત્રોમાં સાધર્મિક ભક્તિનું પુણ્યતો છે જ. પણ પાલિતાણાની પુણ્યભૂમિમાં યાત્રા કરીને ઊતરનાર સાધર્મિકની ભક્તિ કરવી એનું કેટલું પુણ્ય તે તો જ્ઞાની જ જાણે આવી ભક્તિ કરવા માટે ભાતાખાતાનું દાન દેનારા પુણ્યાત્માઓને કોટી વંદન. જે ખાતું સેવ મમરાથી શરુ કરીને આજ ચા પાણી ગાંઠિયા-લાડવા વગેરે આપે છે.

વિશાળતા અને ભવ્યતાની દૃષ્ટિએ શ્રી કેશરિયાજી મંદિર પણ ખાસ દર્શન કરવા જેવું છે. અને સર્વોદય સોસાયટીમાં પણ હમણાં જિનમંદિરમાં કાચનું કામ ખૂબજ સુંદર થયેલ છે. જેનાં દર્શન કરવા જેવાં છે. તેજ રીતે સાઢે રાવ ભુવનનું જિનમંદિર દર્શન કરવા જેવું છે.

ગામમાં દાખલ થતાં સહુ પ્રથમ આપણા જૈન સમાજના વિદ્યાર્થીઓ માટે શ્રી યશોવિજયજી ગુરુકુલ છે. તેમાં આપણા બાલકોનું સ્કૂલ - બોર્ડિંગ ને મંદિર દ્વારા જીવન ઘડતર થાય છે ગામમાં શ્રી શ્રાવિકાશ્રમ નામની પુણ્ય - પવિત્ર સંસ્થામાં બાલિકાઓનું જીવન ઘડતર થાય છે. એકવાર અવશ્ય મુલાકાતે જવા જેવું ખરું. આજ રીતે ગામમાં તળાટી પર બાળકોનાં જીવન ઘડતર માટે બાલાશ્રમ નામની એક સુંદર સંસ્થા છે. યાત્રા કરવા જતાં આવતાં આ સંસ્થા રોજ નજર સન્મુખ આવે છે. આમ અહીં " યશો વિજયજી ગુરુકુલ, " બાલાશ્રમ " ને શ્રાવિકા શ્રમ આ ત્રણ સંસ્થાઓ આપણાં બાલક, બાલિકાઓને જ્ઞાન દાન કરી રહી છે.

હમણાંજ જેનું ઉદઘાટન થયું તે 'વિશાલ સંસ્થા'નું કલા મ્યુઝિયમ ખાસ જઈને જોવા જેવું છે. પાલિતાણામાં કંઈક જોવાનું હોય તો અહીંયાં જ છે ત્યાર બાદ પાલિતાણામાં આપણા સહુના માટે પૂજ્ય એવાં સાધુ-સાધ્વી ભગવંતો માટે જે ભક્તિનાં ક્ષેત્રો છે તેને જોઈએ. સહુ પ્રથમ - વર્ષોથી અટક્યા વગર - ભેદભાવ વગર સાધુ-સાધ્વી ભગવંતોની

ભક્તિ કરનાર " શ્રી સિદ્ધક્ષેત્ર જૈન ભોજનશાળા છે. તેમાં દિન પ્રતિદિન સુધારો ને વધારો થાય છે. ત્યારબાદ કલકત્તાવાળા પુણ્યાત્મા તારાબેન કાંકરિયા તરફથી શરુ કરેલ ભક્તિનું રસોડું પણ સુંદર રીતે ચાલે છે. તેમાં લાભલેનારા પુણ્યાત્માઓ – દાન આપી. વહોરાવીને પોતાને ધન્ય માને છે ત્યારબાદ મોતી સુખિયાની ધર્મશાલા પણ ભેદભાવ વગર સાધુ–સાધ્વી અને સાધર્મિકોની ભક્તિ કરે છે. તેજ રીતે ગિરિવિહારની સંસ્થાપણ પૂ. સાધુ સાધ્વી ભગંવતની બધીજ રીતે ભક્તિ ને વૈયાવચ્ચ કરે છે. ભાવિક યાત્રિકો પણ અહીં આવી પોતાની શક્તિ ને સમજ પ્રમાણે ઓછી વત્તી ભક્તિ કરે જ છે.

વધુમાં મુંબઇ પાયધુની ગોડીજીના ઉપાશ્રયના ક્રિયાકારકોનું મંડલ દરવર્ષે ચોમાસામાં ચાર મહિના. થોડાક યાત્રિકો સાથે ચંદ્રદીપક ધર્મશાલામાં ભક્તિનું રસોડું ચલાવે છે તેની ભક્તિ ને વ્યવસ્થા જોવા જેવી છે, જોયા પછી લાભ લેવાનું મન થશે જ. પૂ. સાધુ. સાધ્વી મ. ની ભક્તિ કરનારા ભાવિકોએ અને સંસ્થાઓએ આ ત્રણચાર નિયમો ખાસ પાળ વા જેવા છે.

(૧) રસોડામાં સહુના માટે એકજ રસોઇ બને, મહેમાનો માટે અલગ રસોઇ નજ બનવી જોઇએ.

(૨) પૂ. સાધુ – સાધ્વી ભગવંતને વહોરાવવાની રસોઇ ચાખીને વહોરાવવી જોઇએ.

(૩) પૂજ્ય સાધુ – સાધ્વી ભગવંત ગમે તે ગચ્છ અથવા ગમે તે સમુદાયનાં હોય પણ બધાંને માટે વહોરાવવાનું એક સરખું જ હોવું જોઇએ.

(૪) અને છેલ્લે ખાસ વૃદ્ધ ને સ્થિરવાસ થયેલાં કાયાથી શિથિલ થયેલાં વાપરી શકે તેવો જ આહાર ખાસ વહોરાવવો. આ રીતે ભક્તિ કરતાં બન્ને આત્માઓને આરાધનાનું સુંદર ફળ મળશે.

આપણા વડીલો પહેલાં પાલિતાણા યાત્રા કરવા આવતા હતા ત્યારે ત્રણ દિવસ અચૂક રોકાતા જ હતા તેમાં એક દિવસ ગિરિરાજ ઉપર દાદાની યાત્રા ને પૂજા. એક દિવસ નીચેનાં બધાંજ જિનમંદિરોનાં દર્શન અને એક દિવસ પૂ. સાધુ – સાધ્વી ભગવંતની ભક્તિ કરતા હતા. આમ કરીને તેઓ મુખ્ય બે ક્ષેત્રોની ભક્તિ અચૂક કરતા હતા.

ત્યાર પછી પૂ. સાધુ–સાધ્વી ભગવંત અને સાધર્મિકોની શારીરિક સુખાકારી માટે શ્રી શત્રુંજય હોસ્પિટલ છે. જે હોસ્પિટલ સહુના આશીર્વાદ માટે બનેલ છે. તેજ રીતે ગામમાં સેવા સમાજનું દવાખાનું અને આરીસા ભવનની સામે ચતુર્વિધ સંઘ માટે ફ્રી આયુર્વેદિક ઔષધાલય ચાલે છે. શ્રી શત્રુંજય હોસ્પિટલ મહિનામાં એકવાર રવિવારે દરેક જાતના ડોક્ટરો લાવીને કેમ્પો કરે છે. અને સહુના આશીર્વાદ મેળવે છે.

દરેક ધર્મશાલા પોતાની શક્તિ સગવડ ને નિયમ પ્રમાણે યાત્રાળુઓની સગવડ સાચવે છે. તેજ રીતે શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢી પણ ચતુર્વિધ સંઘની દરેક સુવિધા સાચવવા માટે યથાશક્ય પ્રયત્ન કરે છે.

જીવદયાના પ્રકારમાં કનક બહેન વૈદ્યની ગૌશાળા, ગામની ગૌશાળા અને પેઢી તરફથી ચાલતી પાંજરાપોળ છે. પૂ. સાધ્વીજી મ. ની સ્વતંત્ર સગવડ માટે સઢિરાવભુવનની પાછળ-શ્રમણી વિહાર - અમારિ વિહાર-હોસ્પિટલની પાછળ વલ્લભ વિહાર ને શ્રમણી વિહાર અને ગિરિવિહારમાં સાધ્વીજીના સ્વતંત્ર ઉપાશ્રય છે.

તેજ રીતે પૂ. સાધુ ભગવંત માટે સાઢિરાવ ભુવનની પાછળ અને ગિરિવિહારમાં સ્વતંત્ર ઉપાશ્રય છે. આ રીતે આપણે પાલિતાણાની બધીજ નોંધ લેવા બેસીએ તો છેડો જ ન આવે, છેલ્લે એક વાત ચોક્કસ છે કે કનકબહેને પાલિતાણામાં આવીને ભક્તિની જે જ્યોત જલાવી છે તેનો નમૂનો કદાચ હવે આપણને નહીજ મલે. એમણે એકલા હાથે વલ્લભવિહારનું (ચંદ્રભવનનું) રસોડું - વલ્લભ વિહાર ને શ્રમણી વિહારનો ઉપાશ્રય. ગૌશાળા ને શત્રુંજય હોસ્પિટલની દેખરેખ કરેલ છે આવી શક્તિ ઘણા ઓછા જીવોમાં મલે છે. ઘણીવાર આપણને એમ થાય કે દાન આપનારા ઘણા જ મલશે. પણ કાયાથી પરિશ્રમ લેનારા બહુજ ઓછા જીવો મલશે.

કોઈક વાર જીવનમાં આઠ - દશ દિવસનો ટાઈમ લઇ અહીં આવી યાત્રા કરીને આ દરેક ક્ષેત્રની એકવાર જરુર મુલાકાત લેજો. જીવનમાં ઘણું જાણવા ને જોવા જેવું મલશે.

પાલિતાણા યાત્રા કરવા પધારો ત્યારે પરિચિત ગુરુ હોય તો તેઓની સાથે યાત્રા કરવાનો લાભ લેવો. જેથી તીર્થયાત્રાનો પ્રભાવ અને મહિમા જાણવા મલે તેથી જ લખ્યું છે કે " ગુરુ સાથે ચઢશું ગિરિરાજે, જે ભવોદધિ બૂડતાં તારે રે ; " ॥

તેવો યોગ ન હોય તો કોઈ અનુભવી કે જાણકાર સાથે યાત્રા કરજો. પાલિતાણામાં બારોટ કોમના ખાસ પ્રચલિત ને શિક્ષણ પામેલા, રાજા સાહેબના સમયથી ગાઈડનું કામ કરતા જેનું ગુજરાતી અને અંગ્રેજી ભાષાપર પ્રભુત્વ છે. અને જેમની જીભમાં એકલી મીઠાશ જ ભરેલી છે તેવા બ્રહ્મભટ્ટ - કાકુભાઇ નો સથવારો ને સહાય યાત્રા કરવામાં સોનામાં સુગંધ જેવું થશે. એકવાર જરુર મલજો. ને તેમના મોઢેથી શત્રુંજયનો મહિમા સાંભલજો

બસ આટલું લખાણ પૂરતું છે.





શ્રી શત્રુંજય ગિરિરાજનાં અઢાર અભિષેક

સોહામણા–શત્રુંજયના–અલૌકિક અભિષેકનો–આછો ઈતિહાસ

સૈકડો વર્ષો પછી–સંપૂર્ણ ગિરિરાજનો જે અલૌકિક અભિષેક – વિ. સંવત–૨૦૪૭ પોષ સુદ–૫–૬–૭– તા –૨૨–૨૩–૨૪–૧૨–૧૯૯૦ – ના રોજ થયો. અને પુણ્યાત્માઓએ કર્યો તેની આછી રુપરેખા આ લેખમાં છે.

મૂળ સુરતના વતની પોરવાળ જ્ઞાતિના શ્રાવક રજનીકાંત મોહનલાલ ઝવેરી (દિવડી) નો જન્મ સુરતમાં થયો હતો. તેમની માતાનું નામ ભીખીબેન હતું. કુટુંબ પરંપરાથી ચાલ્યો આવતો તેમનો મોતીનો વેપાર હતો. તેથી તેઓ ઝવેરી કહેવાતા હતા. મોતીનો વેપાર તેઓ મોટા પાયાપર કરતા હતા તેઓની ધર્મપત્નીનું નામ હંસાબેન છે તેમને હરેશ અને નીલેશ નામના બે પુત્રો ને બીના નામની પુત્રવધુ છે. તેમાંનો પહેલો પુત્ર કાર અકસ્માતમાં મૃત્યુ પામ્યો હતો.

મોતીના વેપારીઓમાં કેટલાકની એવી મક્કમ માન્યતા હતી કે રજનીકાંતભાઇ સાથે જે મોતીનો ધંધો કરે તો તેમની પાસેથી લીધેલા માલમાં નફો જ થાય. ખોટ ન થાય. તેઓ તેવી ઉદારતાથી સોદો કરતા હતા.

છેલ્લાં થોડાંક વર્ષોમાં તેમનું જીવન વધુ ને વધુ ધર્મના રંગે રંગાતું જ ગયું. તેમણે તેમના જીવન દરમ્યાન-નામી અનામી-જાહેર ને ગુપ્ત એવાં ધર્મનાં ઘણાં કાર્યો કર્યા હતાં.

ત્રણચાર મિત્રોએ મલીને મુંબઇ ચોપાટી-બાબુલનાથમાં એક નાનકડું છતાંયે રમણીય જિનમંદિર બનાવ્યું હતું. ત્યારબાદ તેજ રીતે જાપાનમાં પણ એક ભવ્ય જિનમંદિર બનાવ્યું હતું. એ સિવાય પણ ધર્મ ભાવનાથી પ્રેરાઈને ધર્મના બીજાં ક્ષેત્રોમાં અને બહારનાં ક્ષેત્રોમાં પણ ઉદારતાથી લક્ષ્મીને છૂટે હાથે વાપરી છે. ઘણાં ઠેકાણે તેઓએ નામ વગરનું દાન આપેલ હતું. જેની ખબર ધીમે ધીમે તેમના દેવગત થયા પછી પડે છે. મુંબઈનાં પરાંઓમાં ૪૦૦ થી ૫૦૦, મધ્યમ કુટુંબોને ૫૦૦ થી ૧૦૦૦, સુધીની નિયમિત સહાય કરતા હતા.

સુરતમાં પોતાની જ્ઞાતિનાં કુટુંબો અને બહેનોને ખૂબ ખૂબ સહાય કરતા હતા. તેની ખોટ હવે સહુને લાગવા માંડી છે. તેઓ પોતે છેલ્લે આવું સુંદરકાર્ય કરવાના છે એની શુભ શરુઆત તરીકે છેલ્લાં થોડાંક વર્ષોમાં શ્રી શત્રુંજય પ્રત્યેની ભક્તિભાવના સ્વયં સ્ફુરિત થવા લાગી હતી.

આ શ્રી શત્રુંજયતીર્થઉપર આવા જ પ્રકારના અભિષેકના બે નાના પ્રસંગો તેઓએ અપૂર્વ ઉલ્લાસ ને આનંદ સાથે ઊજવેલા હતા. એક વખતે દુકાલમાં શ્રી શત્રુંજયતીર્થપર આવો અભિષેક કરતાંની સાથે જ મુશળધાર વરસાદ પડ્યો હતો. અને ખાલી પાણીના કુંડો પાણીથી છલકાઈ ગયા હતા. ત્યારથી જ તેમના હૃદયમાં શ્રી શત્રુંજય પ્રત્યેની ભક્તિનું પૂર વધવા જ માંડયું હતું. જે છેલ્લે ગિરિરાજનો સંપૂર્ણ અભિષેક કરવામાં પરિણમ્યું હતું.

આ ગિરિરાજનો અભિષેક રજનીકાંતભાઈએ પોતે પોતાના હૈયાની શુભભાવનાથી ને પ્રેરણાથી જ કર્યો હતો. તેઓને આમાં કોઈએ પણ પ્રેરણા આપેલ ન હતી. બસ તેના હૈયામાં રોજ રોજ એકજ ગુંજારવ રણકયા કરતો હતો કે હું શ્રી શત્રુંજયના મહિમાને ખૂબ ખૂબ વધારું અને તે મહિમા વધારવા માટે પહેલાં સમગ્ર ગિરિરાજને ઉત્તમ ઉત્તમ દ્રવ્યો અને બધી મોટી મોટી નદીઓનાં જલથી અભિષેક કરું આ વિચાર એમણે મનમાં કર્યો અને પછી પોતાના ધર્મના ભાગીદાર શ્રી શાંતિચંદ બાલુભાઇ ઝવેરીને વાત કરી. અને પછી એમના દરેક ધાર્મિક કાર્યમાં બોડીગાર્ડ જેવા ખાસ સાધર્મિકભાઇ ચંદુભાઇ ઘેટીવાલા સાથે આ કાર્યનો વિચાર વિનિમય કર્યો. ઘણાય ગુરુ ભગવંતો અને સાધર્મિકોની સલાહ લીધી.

ત્યારબાદ તેઓએ પોતાની બધીજ તૈયારીઓ કરીને શ્રી ગિરિરાજના અભિષેક માટે જૈન સમાજમાં અભિષેક સંબંધી વાતોને વહેતી મૂકી. તેના માટેનું સાહિત્ય છપાવી ગામો ગામ રવાના કર્યું. દૈનિક પેપરોમાં જાહેરાતો પણ આપી. અને આ કાર્યમાં સહુનો સાથ સહકાર માંગ્યો. ત્યારે સહુભાવિક ભાઇ બહેનો તે શુભ કાર્યને પોતાની અનુમતિના અક્ષતોથી વધાવતાં જ ગયાં.

પોતે પોતાના હૃદયમાં એવી શુભ ભાવના ભાવી હતી કે નવકારમંત્રના અડસઠ અક્ષરો હોવાથી સમુદાય અને ગચ્છના ભેદભાવ વગર આ પ્રસંગે શ્રી સિદ્ધગિરિમાં - ૬૮ - આચાર્ય ભગવંતો પધારે. તેના માટે તેઓ જાતેજ ગામોગામ વિનંતિ કરવા ગયા હતા. અને જેઓની પાસે વિનંતિ કરવા ગયા તે ગુરુ ભગવંતે તુરત જ આનંદથી હા પાડી દીધી.

કારણ કે આવું કાર્ય ક્વચિત જ જોવા મલે છે.

તેમાંથી–૩૮– આચાર્યભગવંતો તો આ પ્રસંગે પધાર્યા હતા. તેમજ પોતાના પુણ્યના ભાથામાટે અને પ્રસંગને જોવા જાણવા માટે – ૨૦૦૦ થી ૨૫૦૦, પૂ. સાધુ સાધ્વી ભગવંતો પણ પધાર્યા હતાં.

રજનીકાંતભાઈએ સહુ ગુરુ ભગવંતનો આ કાર્યમાં સહકાર માંગ્યો હતો અને મળ્યો હતો. માટે દરેક ગચ્છ અને દરેક સમુદાયના સ્વર્ગસ્થ ગચ્છાધિપતિઓની આશીર્વાદ આપતી પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓ બનાવી હતી. ને ત્યાં મૂકવામાં પણ આવી હતી. અને આ પ્રસંગને જોવા જાણવા ને અનુભવવા માટે ગામોગામથી ૭૦– થી –૭૫ હજાર સાધર્મિક શ્રાવક–શ્રાવિકાઓ પધાર્યા હતાં.

તેમાં કેટલાક જીવોએ અભિષેક કરી લાભ લીધો.

કેટલાક જીવોએ સેવા કરીને સેવા દ્વારા લાભ લીધો.

કેટલાક જીવોએ અનુમોદના કરીને પોતાના જીવનને ધન્ય બનાવ્યું.

કેટલાક જીવો તો પોતાની જીભે એમ બોલ્યા કે જો આપણે ન આવ્યા હોત તો સાંભલ્યા પછી પસ્તાવોજ થાત. અને જેઓ નથી આવી શક્યા તેઓ આજે સાંભળીને મનમાં પસ્તાવો કરે છે કે ખરેખર આપણે રહી ગયા. આમ અહીં પધારેલા પ્રત્યેક પુણ્યાત્માઓ અભિષેકની ભાવનાથી ભીંજાયા.

આ ગિરિરાજના સંપૂર્ણ અભિષેક માટે જે ઔષધિઓ અને જુદી જુદી નદીઓનાં પાણી લવાયાં હતાં તે તો અપૂર્વજ હતાં છતાંય તેને લાવવાની – ભેગી કરવાની ભાવના હતી. તે તો તેના કરતાંય અપૂર્વજ હતી. અને અઢાર અભિષેક કરવા માટે જે કિમતી દ્રવ્યો લાવ્યા હતા તેની કિમત સાંભળતાં આપણાથી અ–ધ–ધ–ધ– થઈ જાય તેવું હતું.

આ બધામાં આપણે નિ:શંક એમ કહેવું જ પડશે કે શ્રી શત્રુંજય પ્રત્યેની ભક્તિમાં રજનીકાંતભાઈનો સમર્પણભાવ એવો ખીલી ઊઠ્યો હતો કે આ બધી વસ્તુઓ તેઓને સામાન્ય જ લાગતી હતી.

તેઓ દરેક કાર્યમાં કાર્યકર ભાઈઓને એમજ કહેતા હતા કે તમે સૌ ઉલ્લાસથી કામ કરો. પૈસાની સામે ન જોશો. તે જ ભાવનાથી આવા અપૂર્વ પ્રકારના કાર્યનું સાંગોપોગ સર્જનને પૂર્ણાહુતિ થઇ. આ કાર્યની જાત દેખરેખ માટે પોતે જાતે –૧૦ –૧૫– દિવસે અચૂક પાલિતાણા પધારતાજ હતા. પછી જેમ જેમ અભિષેકના દિવસો નજીક આવતા ગયા તેમ તેમ રોજ રોજ પેપરો દ્વારા નવી નવીજાહેરાતો મૂકતા જ ગયા. અને સહુ ભાવિકો તેને ઝીલતા જ ગયા. તેનું સાચું પરિણામ આપણે સહુએ છેલ્લા ત્રણ દિવસોમાં જાતે જોયું ને અનુભવ્યું.

પોષ સુદ–૫–૬–૭– ના થનારા આ ગિરિરાજના અભિષેકમાં મારા વીર સૈનિકભાઈઓએ તો રંગ રાખ્યો છે.

તેઓની ભાવના તેઓની કામ કરવાની તમન્ના- તેઓની ભક્તિ અને તેઓની કાર્ય કરવાની ધગશવાળી શક્તિને ધન્યવાદ આપવા ઘટે છે. વીર સૈનિકની સંસ્થાએ આ કાર્ય એવી રીતે કર્યું હતું કે જેના માટે સહુના મોઢેથી એકજ વાત બોલાતી હતી કે ધન્યવાદ છે અમારા વીર સૈનિકોને. ખરેખર તેઓએ આ તીર્થભક્તિનું કાર્ય કરીને પોતાની કાર્યશક્તિનો પરચો બતાવ્યો છે.

તેઓને કાર્ય કરતા જોઈને કેટલાક ભાવિકો તેમને આનંદથી પગે લાગતા હતા. અને મનમાં વિચારતા હતા કે આવો લાભ અમને ક્યારે મળશે ?

શ્રી શત્રુંજયના મહિમા-પ્રભાવને વધારનારો જે અભિષેક થવાનો છે તેની જન સમાજમાં અને જૈન સમાજમાં ભાવનાની એક ચિનગારી પ્રગટી ઊઠે તે માટે તેઓએ મુંબઈ શહેરમાં-૧૦૭૬ ધજાનો ભવ્ય વરઘોડો કાઢયો હતો અને સોમનાથથી અયોધ્યા સુધી જનાર રામ રથયાત્રાની જેમ જૈન સમાજમાં ચિનગારી પ્રગટાવવા માટે ગિરનારના ગજપદકુંડનું પાણી કાવડમાં મૂકીને જમીનપર મૂક્યા વગર સંઘ સાથે વાજતે ગાજતે લાવવામાં આવ્યું. આ અભિષેકમાં આકર્ષણનું એ એક મુખ્ય અંગ હતું. તે કાવડને મારા યુવાન સાધર્મિક ભાઈઓએ ભક્તિ ભરેલાં હૈયાથી ઉપાડી હતી. જેથી ગામોગામ શ્રી શત્રુંજય માટેની ભક્તિ ભાવનાનાં પૂર ઊમટયાં હતાં. આમ પાલિતાણામાં અભિષેકના નામે રોજ રોજ નવા નવા કાર્યક્રમો જાહેર થાય ને ઊજવાય.

અભિષેકમાં લાભ લેનારા માટે વર્ધમાન તપની ૧૦૦, ઓળી- ૯ - ઉપવાસથી -૬૮- સુધીના ઉપવાસો-ચતુર્થવ્રત- વગેરે નિયમો રાખ્યા હતા. તેમાં પણ સાધર્મિકોની પડાપડી થતી હતી. પછી અભિષેકનો સમય નજીક આવતાં બાકી રહેલા સાધર્મિકોની અને બીજા ભાવિકોની માંગણી ચાલુજ હતી કે અમોને પણ આમાં લાભ મળવો જોઈએ. તેના માટે અઠ્ઠમતપ-૯-લાખ નવકાર-એક વર્ષ સુધી બ્રહ્મચર્ય- છેવટે ઓછામાં ઓછા એક લાખ નવકાર આવાં નાના નિયમો સાથે. ભાવનાવાળા ભાવિકોને છગાઉના દરેક સ્થલમાં અભિષેક કરવાના પાસ આપીને તેઓને લાભ આપ્યો.

આ અભિષેકના દિવસે મોટો ગિરિરાજ પણ નાનો લાગતો હતો. જ્યાં જુઓ ત્યાં સાધર્મિકો અભિષેકના ઘડાઓ લઈને ઊભા હોય. જાણે આકાશમાંથી દેવતાઓજ સાક્ષાત આ અભિષેક કરવા પધાર્યા હોય તેવું વાતાવરણ સર્જાયું હતું. આપણે એમ કલ્પના કરી શકીએ કે પ્રભુજીના જન્માભિષેકમાં મેરુપર્વતપર આવુંજ દૃશ્ય સર્જાતું હશે ને ?

અભિષેકનું આવું મોટું કામ કરવા છતાં તેઓમાં જરાપણ અભિમાન નહોતું. કોઈક ભાવિક જઈને કંઈક સૂચન કરે તો હાથ જોડીને કહેતા હતા કે તમારા સૂચન પ્રમાણે કરવા માટે અમે પ્રયત્ન કરીશું.

વિહાર કરીને પધારી રહેલા પૂ. સાધુ-સાધ્વી ભગવંતો માટે સ્થાન-વાસણ વગેરેની યથાશક્ય સગવડો કરી હતી તથા ડોળી - માણસ વગેરેનો પગાર ચૂકવવા માટે - ૮-૧૦- દિવસ પહેલાં ખેતલાવીરમાં એક પેઢી ખૂલી ગઈ હતી ત્યાં જઈને કહેતાં તુરત જ જગ્યા મલી જતી હતી. અને માણસોનો પગાર ચૂકવાઈ જતો હતો. જેનું સફલ સંચાલન

વી. વી. કુમારપાલભાઇ કરતા હતા. શાસનનાં મોટાં કાર્યોમાં કુમારપાલભાઇનો ફાળો અચૂક હોય જ.

પૂ. સાધુ–સાધ્વી ભગવંતો માટે શ્રી શત્રુંજય વિહાર અને ચંદ્રદીપકમાં ભક્તિનું અદભુત રસોડું ચાલુ હતું. અને આ પ્રસંગે પધારેલા મહેમાનો અને સ્વયંસેવકો માટે પન્નારુપામાં મોટા પાયે રસોડું ચાલતું હતું.

દરેક પ્રસંગે રજનીકાંતભાઇ સહુને હાથ જોડીને એમજ કહેતા હતા કે તમે સગવડે કરો. પૈસાની સામે નજ જોશો. આવી ભાવનાથી પ્રેરાઇને સહુએ યથાશક્ય સહાય ને સેવા કરી છે. જે આ પ્રસંગ સહુના માટે ચિરસ્મરણીય બની રહેશે.

અભિષેકના દિવસોમાં વાતાવરણને ગુંજતું કરવા માટે ગામના અને આજુબાજુનાં ગામડાંઓમાંથી ૮૦૦, ઢોલીવાળા ભાઇઓને બોલાવવામાં આવ્યા હતા. જેનું સહુને આકર્ષણ હતું.

અહીં અભિષેકના દિવસોમાં બે મોટા વરઘોડા નીકલ્યા હતા, પહેલા વરઘોડામાં ગજપદકુંડનું પાણી જે કાવડમાં લાવ્યા હતા તે, અને દરેક ગચ્છના સ્વર્ગસ્થ ગચ્છાધિપતિઓના આશીર્વાદરુપ આવેલા વાસક્ષેપના પાંચ રંગના વાટવાઓ. તથા – ૮૦૦, ઢોલીઓ . આ બધી વસ્તુઓ સહુના માટે નહિ જોયેલું – જાણેલું ને સાંભળેલું હતું.

અને બીજો વરઘોડો જે તીર્થ જલો – ઔષધિઓ – અને અભિષેક કરનારા બે પુણ્યાત્માઓ એક રજનીકાંતભાઇ તથા શ્રી શાંતિચંદભાઇનો સહકુટુંબ હતો. તે વરઘોડો સીધો ઉપર જ દાદાના દરબાર સુધી પહોંચવાનો હતો. તે પ્રસંગનું દૃશ્ય અકલ્પ્ય ને અકથનીય હતું.

શ્રી ગિરિરાજના અભિષેક માટે તીર્થો ને નદીઓનાં જલો જે લાવેલાં હતાં. અને અભિષેક માટે જે અમૂલ્ય ઔષધિઓ મંગાવેલી હતી. તે બધી વસ્તુઓને – ૧૦૮ – તીર્થદર્શન સમવસરણ મંદિરના પ્રાંગણમાં એક વિશાળ પદ્મ સરોવર બનાવીને તેમાં ભેગી કરવામાં આવી હતી. આ રીતે અભિષેકનું જલ તૈયાર કરવામાં આવ્યું હતું.

આ તીર્થજલોમાં સુગંધી દ્રવ્યો ભેગાં કરવાથી સાક્ષાત પદ્મસરોવરની ભાવના પ્રગટ થતી હતી. સાથે સાથે છેલ્લો ઉદ્ધાર કરનાર કર્માશાની મનોહર રચના પણ ત્યાં બનાવવામાં આવી હતી.

પદ્મસરોવરમાંથી અભિષેકનું પાણી લઇને તે વરઘોડો જ્યારે ઉપર પહોંચ્યો. ત્યારના આનંદનુંને દેખાવનું વર્ણન થઇ શકે તેવું ન હતું. ફક્ત જોનારા જ અનુભવી શકતા હતા.

આમ આ ગિરિરાજનો સંપૂર્ણ અભિષેક –૧૯૩૯ – વર્ષ પછી થયો. તેટલાં વર્ષો પહેલાં વિ. સં – ૧૦૮ – માં જાવડશાહે શ્રી શત્રુંજયનો ઉદ્ધાર કરાવીને તેવો અભિષેક કર્યો હતો તેવું પ્રાચીન પુસ્તકો બોલે છે.

આમ છેલ્લાં સેંકડો વર્ષોમાં નહિ થયેલા અને નહિ થનાર એવા અભિષેકને કરવાનું પુણ્ય બંધવ બેલડી જેવા

રજનીકાંતભાઇ અને શાંતિચંદભાઈએ સહુના સાથ સહકારથી મેળવ્યું.

અભિષેક કરીને સાંજે જ્યારે નીચે ઊતર્યા. અને પોતાના સ્થાનમાં આવી ગયા ત્યારે પોતાના દરેક ધાર્મિક કાર્યમાં ભાગીદાર શ્રી શાંતિચંદભાઈને પૂછ્યું કે કેમ ભાઇ ! આપણું કામ નિર્વિઘ્ને પાર પડી ગયુંને ? ત્યારે શાંતિચંદભાઇ એ શાસનદેવોની કૃપાથી આપણે પાર ઊતરી ગયા તેમ હા પાડી.

રજનીકાંત ભાઇ અને શાંતિચંદભાઈની ધર્મનાં કાર્યો કરવા માટે એવા સરસ પ્રકારની સાધર્મિક સગાઇ ગોઠવાઇ ગઇ હતી કે જાણે બે સગા ભાઇઓજ જોઇલો. ધાર્મિક કાર્યો કરવામાં આ બંન્ને પુણ્યાત્માઓ સાથે જ હોય. અરે ! એક બીજાના નામે ગમે તેવું મોટું ઘી બોલી દે કે રકમ લખાવી દે તો પણ બન્ને જણા પ્રેમથી આપી દેતા હતા. આવી હતી બન્ને આત્માઓની અખૂટ ઉદારતા.

અભિષેકના ત્રણ દિવસોમાં જે સાધર્મિકોનું સ્વામીવાત્સલ્ય થયું હતું. તેની પ્રશંસા ને વર્ણન સાધર્મિકો પોતાના મુખેજ કરતા હતા. ને બોલતા હતા કે આનું નામ જ કહેવાય સ્વામીવાત્સલ્ય. અને ભાઇ ! આવા અભિષેક પછી આવોજ જમણવાર જોઇએને ? જમ્યા પછી મુખવાસમાં આપવાનો મેવો રસોઇમાંજ પ્રથમથી જ નાખી દીધો હતો.

અભિષેકના દિવસની સાંજે રજનીકાંતભાઈને પોતાની નાત તરફથી માનપત્ર આપવાનું ગોઠવાઇ ગયું હતું. તેઓની ઇચ્છા ન જ હતી. પણ સહુના આગ્રહથી એ સમારંભમાં ગયા બાલિકાઓએ સ્વાગત ગીત ગયું. પછી કાયમના રિવાજ પ્રમાણે શ્રી નવકાર મંત્રના આઠ પદો ગવાયા " પઢમં હવઇ મંગલં " બોલતાં સવા આઠ વાગે પોતે પોતાની ડોક એક બાજુ ઢાળી દીધી. અને તેમનો આત્મા પરલોકનો પ્રવાસી બની ગયો. તેઓનું જીવન ધન્ય ધન્ય બની ગયું. પોતાના જીવનનું છેલ્લામાં છેલ્લું કાર્યપણ સારી રીતે પૂર્ણ કર્યું. આ બધા પ્રસંગો જોતાં આપણે સહુ એમ કહી શકીએ કે એનું મૃત્યુ સમાધિમય થયું. જો મૃત્યુ પામતાં આવા ઉત્તમ સંજોગો મલે તો પછી જોઇએ પણ શું ?

એ આત્માને મૃત્યુ સમયે વિગતિમાં વરસીતપ ચાલુ હતો, અઠ્ઠમતપ હતો., ચોવિહારો બીજો ઉપવાસ હતો. આવા તપમાં ને સિદ્ધગિરિની ગોદમાં શું માંગેલું મૃત્યુ મળે ખરું ? હા રજનીકાંતભાઈને તો મલી ગયું. ને તેઓ ધન્ય બન્યા.

આવા સંયોગોવાળું મૃત્યુ ભલભલા આત્માઓને પણ મળવું અઘરું છે.

એમની વિનશ્વર કાયાને ધર્મકાય ગણીને તેનાપર પૂ. આચાર્ય ભગવંતો– મુનિરાજો – સાધ્વીજી મહારાજો શ્રાવક અને શ્રાવિકાઓએ વાસક્ષેપ નાંખ્યો. પાલખી બનાવીને મુનિરાજની જેમ સ્મશાનયાત્રા પણ નીકળી અને છેલ્લે અગ્નિસંસ્કારની વિધિ પણ થઇ. અને આપણા સહુના માટે રજનીકાન્તભાઇ ઇતિહાસમાં સ્થપાઇ ગયા.

મારી નમ્ર માન્યતા મુજબ એમની કાયાને ધર્મકાય માનવી જોઇએ કારણ કે તેમના કુટુંબીજનોએ શોક કર્યો નથી. શોકનાં કાર્યો કર્યા નથી. અને પાછલનાં અધૂરાં કાર્યો પણ પૂરાં કર્યા જ છે, ખરેખર ૧૯૩૯ – વર્ષે તીર્થના ઉદ્ધારક જાવડશા શેઠની જેમ એ આત્માએ સ્વર્ગસ્થ થવાનું કાર્ય પણ તેજ દિવસે પરિપૂર્ણ કર્યું.

ત્રીજા દિવસે પોષ સુદ – સાતમના જ્યારે બપોરના– ૧૧ા વાગે તેમની સ્મશાન યાત્રા નીકળી ત્યારે રોડની બન્ને બાજુ હજારો ભાવિકો અને લોકો શાંત ચિત્તે – અદબપૂર્વક – ગંભીર પણે – સ્વર્ગસ્થનાં અંતિમ દર્શન માટે ને અંજલિ આપવા માટે લાઈનસર ઊભા હતા. અને બધા મનમાં વિચાર કરતા હતા કે શું શત્રુંજયનો આ અભિષેક કરનારો પુણ્યાત્મા ચાલી ગયો ?

પાલિતાણા ગામના માણસોએ એમ કહ્યું કે આ ગામના રાજાને પણ આવું માન નહોતું મલ્યું. આટલું માણસ કદાપિ પણ જોવા મલ્યું નથી. આ સ્વર્ગસ્થ આત્મા આપણે સહુને આવાં કાર્યો કરવા માટે પ્રેરણા આપી ગયો. એમની યાદગીરીમાં સ્તૂપ રચાશે. અને આ ઉદ્ધારનું સ્વતંત્ર પુસ્તક વિવેચન સાથે લખાશે. આ લેખમાં તો તેની ટૂંક નોંધ જ ઉતારવામાં આવી છે.

શ્રી શત્રુંજય શાશ્વતો છે તેનાં કારણો

૧ – પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાલ અનંત

આ દુહાની પંક્તિમાં જે " અનંત " શબ્દ વપરાયો છે, તેજ એના શાશ્વતપણાની ઝળહળતી સાબિતી છે. જગતમાં રહેલા શાશ્વત પદાર્થોની જેમ આ શત્રુંજયતીર્થ શાશ્વત છે. મેરુપર્વત વગેરે જેમ શાશ્વત છે તેમ.

૨ – અવસર્પિણીના દરેક આરામાં તેનું પ્રમાણ ઘટતું બતાવ્યું છે. તેજ રીતે આવતી ઉત્સર્પિણીમાં તેનું પ્રમાણ વધતું બતાવ્યું છે. પણ તેનો સર્વથા નાશ નથી બતાવ્યો. આજ શ્રી શત્રુંજયના શાશ્વતપણાનું સબળ કારણ ને પ્રમાણપત્રક છે.

ઉત્સર્પિણી વધતો કહ્યો, એ વિમળ ગિરિરાજ;

સુરસરિતા પરે શાશ્વતો, નમતાં અક્ષયરાજ ॥ યાત્રા ॥

ઘટત ષટ અવસર્પિણી આરકે, ચઢત તિમ ઉત્સર્પિણી વારકે;

એ ગિરિ ઋષભકૂટપરે શાશ્વતો, જાસ અભિષેકથી દુઃખ વારતો;

૩ – શ્રી આદીશ્વર પ્રભુ જેવાને પણ આ તીર્થની પવિત્રતા – અને પૂજ્યતા કેટલી બધી લાગી હશે ? કે જેથી તેઓ ઘેટીપાગથી પૂર્વ નવ્વાણુંવાર અહીં ઉપર રાયણના વૃક્ષ નીચે સમવસર્યા હશે ? આ વાતજ તેની પવિત્રતા અને શાશ્વતપણાને સાબિત કરનાર છે.

બીજીવાત – એકવાર શ્રી આદીશ્વર ભગવાન પોતાના પરિવાર (પુંડરીક સ્વામી વગેરે) સાથે અહીં શ્રી શત્રુંજયગિરિપર પધાર્યા છે. પછી આદીશ્વર પ્રભુ જ્યારે વિહાર કરવાની તૈયારી કરે છે. ત્યારે તેમની સાથે શ્રી પુંડરીક સ્વામીજી વિહાર કરવા તૈયાર થાય છે. ત્યારે પ્રભુ ખુદ તેમને કહે છે કે તમે અહીં રોકાઇ જાવ, તમને અને તમારા શિષ્યપરિવારને આ ક્ષેત્રના પ્રભાવે કેવળજ્ઞાન થનાર છે. હવે આપણેજ આમાં વિચારવા જેવું છે કે પ્રભુ જેવા સમર્થ આત્મા પણ જો તે તીર્થના પ્રભાવે તમને કેવળજ્ઞાન થશે. એમ કહે તો તે તીર્થનો પ્રભાવ કેટલો ? શું આ તેના શાશ્વતપણાની સાબિતી નથી ? છે.

૪ – કોઇપણ તીર્થના – (૨૧–૧૦૮–૧૦૦૮) આટલાં બધાં નામો પડયાં હોય તેવું બીજા કોઇ તીર્થ માટે બનેલ નથી. આજ તેના કાયમીપણાની – શાશ્વતપણાની સાબીતી છે.

૫ – મુક્તેષુ તીર્થનાથેષુ, ગતે જ્ઞાને મહીતલે;

લોકોનાં તારક : સોડયં, શ્રવણાદ કીર્ત્તનાદપિ;

તીર્થંકર ભગવંતો મુક્તિમાં ચાલ્યા ગયા હોય – તેમનો અભાવ હોય, વિશિષ્ટ જ્ઞાનીઓનો પણ અભાવ – ગેરહાજરી હોય ત્યારે પણ આ વર્તમાન કાલમાં ભવિજીવોને શ્રવણ કરવાથી – કીર્તન કરવાથી – સ્તુતિ કરવાથી પૂજન કરવાથી – વંદન નમન કરવાથી આ ગિરિરાજ તારનારો બને છે. એના હજારો દાખલાઓ મોજૂદ છે. કોઇકે કષાય છોડયા, કોઇકે સંસાર છોડી દીક્ષા લીધી, કોઇકે દાન દઇને જીવન ધન્ય કર્યું. કોઇક પાપી જીવનનો સાચા દિલથી પસ્તાવો કરીને પુણ્યશાલી બન્યો. અઢીદ્વીપમાં આવું એકેય તીર્થ નથી.

૬ – આ તીર્થના અનેક નાના–મોટા ઉદ્ધારો દેવ અને મનુષ્યોએ કર્યા છે. અને હજુપણ પાંચમા આરાના છેડા સુધી ઉદ્ધારો થતાંજ રહેશે. હવે તમેજ વિચારો શું આવી રીતે બીજાં તીર્થોના ઉદ્ધારો થતા હશે ? ને થાય છે ખરા ? આજ બીના તેના શાશ્વતપણાનો પુરાવો છે.

૭ – આ તીર્થના પ્રભાવે અહીં અનંતાનંત જીવો મોક્ષે ગયેલા હતા. વર્તમાન ચોવીશીમાં પુંડરીક સ્વામી વગેરે અસંખ્યાત જીવો મોક્ષે ગયા છે. અને અહીં ભવિષ્યમાં અનંતાજીવો મોક્ષે જશે.

(આજ પુસ્તકમાં આપેલી મોક્ષ પામેલા આત્માઓની નોંધ વાંચવી ખાસ જરુરી છે.)

આમ આ બધા જીવોને મોક્ષે જવાનું કારણ બનતો શ્રી શત્રુંજય શાશ્વતો કેમ ન હોય ? આત્મા શાશ્વત છે. સિદ્ધપણું પણ શાશ્વત છે. તો પછી શાશ્વતપદને અપાવનાર શ્રી ગિરિરાજ શાશ્વત કેમ ન હોય ? છે જ.

૮ – આપણા ગ્રંથોમાં એવું વાંચવા મલે છે કે આવતી ચોવીશીના ચોવીશે તીર્થંકર ભગવંતો અહીની ભૂમિમાંથી મોક્ષે જવાના છે. આ પણ તેના શાશ્વતપણાની હાજરી પૂરે છે.

૯ – આ વર્તમાન ચોવીશીના ચોવીશે તીર્થંકરો પણ અહી પધાર્યાજ છે. તે પણ તેના પવિત્રપણાની અને શાશ્વતપણાની કબૂલાત છે.

૧૦ – ચૌદે ક્ષેત્રમાં ને ત્રણે ભુવનમાં જે બધાંય તીર્થો છે. તેમાં આ તીર્થ ઉત્તમોત્તમ છે. એમ મહાવિદેહમાં શ્રી સીમંધર સ્વામીએ ઈન્દ્ર મહારાજાને કહ્યું હતું. હવે તમે જાતેજ વિચારો કે જ્યાં સદાય ચોથો આરો વર્તે છે. જ્યાં સદાય–કાયમ માટે તીર્થંકર ભગવંત વિચરતા હોય. જ્યાં કાયમ માટે મોક્ષમાર્ગ ચાલુ છે, એવા મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન એવા શ્રી સીમંધર સ્વામીએ આમ આ તીર્થનો આટલો બધો મહિમા કેમ ગાયો હશે ? તેથી ચોક્કસ આ ગિરિરાજ શાશ્વત હોવોજ જોઈએ.

કોઇ અનેરો જગ નહિં, આ તીરથ તોલે;

એમ શ્રીમુખે હરિ આગળે, શ્રી સીમંધર બોલે ॥

આવાં બધાં કારણો વિચારતાં શ્રી શત્રુંજય તીર્થ હતું – છે – અને સદાને માટે રહેશે. માટેજ શાશ્વત છે. આ રીતે વધુ વિચાર કરતાં શ્રી શત્રુંજય શાશ્વતો છેજ તેવા બીજા પોઈન્ટો જરુર મલશે. એટલે આરાધક આત્માએ જાતેજ ખોજ કરવી. તેથી તેને નવા પોઈન્ટો મલશે. અને તેની શ્રદ્ધામાં પણ જરુર વધારો થશે.

તેં દિન ક્યારે આવશે
શ્રી સિદ્ધાચલ જાશું
ઋષભ જિણંદ જુહારીને
સૂરજ કુંડમાં ન્હાશું.

